
ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુગામી

અક્ષરબ્રહ્મ

શ્રી ગુણાતીતાનંદ સ્વામી

ભાગ-૧





આવરણ :

પોતાના સાક્ષાત્ અક્ષરધામ અને મુક્તો સહિત પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અનંત જીવોનાં કલ્યાણને અર્થે આ પૃથ્વી પર પધાર્યા. પ્રસંગે પ્રસંગે શ્રીહરિએ પોતાના અનન્ય અનુગામી ગુણાતીતાનંદ સ્વામીના દિવ્ય સ્વરૂપની પોતાના સાક્ષાત્ અક્ષરધામ તરીકે ઓળખાણ કરાવી. આ સાક્ષાત્ અક્ષરબ્રહ્મસ્વરૂપ સંતને સેવીને જ બ્રાહ્મીસ્થિતિ પામી શકાશે અને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની ભક્તિના અધિકારી થવાશે - એ વાત એમણે અનેક પ્રસંગોએ વારંવાર સમજાવી. સંવત્ ૧૮૬૬માં ડભાણમાં ભવ્ય વિષ્ણુયાગ કરીને ભગવાન સ્વામિનારાયણે ગુણાતીતાનંદ સ્વામીને ભાગવતી દીક્ષા આપી અને અત્યંત આનંદ પામતાં તેઓનો અપાર મહિમા ભક્તસમુદાયને જણાવ્યો. સંપ્રદાયના ઇતિહાસની એ એક અદ્વિતીય ક્ષણ હતી.

(આવરણ ચિત્ર : મેધાવી)

॥ श्रीस्वामिनारायणो विजयते ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુગામી

અક્ષરબ્રહ્મ

શ્રી ગુણાતીતાનંદ સ્વામી

(વિસ્તૃત જીવન અને કાર્ય)

ભાગ : ૧

: સંપાદક :

હર્ષદરાય ત્રિભુવનદાસ દવે

: પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૪

AKSHARBRAHMAN SHREE GUNĀTITĀNAND SWĀMI - I

(Life sketch of Aksharbrahman Shree Gunātitānand Swāmi)

Compiled by H. T. Dave

Inspirer: HDH Pramukh Swāmi Mahārāj

Presented by:
Bochāsanwāsi Shree Akshar Purushottam Swāminārāyan Sansthā
Shāhibaug, Amdāvād - 380 004. India.

Publishers:
SWĀMINĀRĀYAN AKSHARPITH
Shāhibaug, Amdāvād - 380 004. India.

7th Edition:
March 2000. Copies: 4,000 (Total Copies: 14,000)

ISBN : 81-7526-155-2


રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ - ૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સપ્તમી આવૃત્તિ : માર્ચ ૨૦૦૦, ૪,૦૦૦ (કુલ પ્રત : ૧૪,૦૦૦)

ભાગ-૧ અને ભાગ-૨ની ઘટાડેલી સંયુક્ત કિંમત :
મૂળ કિંમત રૂ. ૨૪૫-૦૦ માંથી રૂ. ૨૦૦-૦૦
(સૌજન્ય : સ્વામિનારાયણ અક્ષરપીઠ)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪



ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુગામી

અક્ષરબ્રહ્મ

શ્રી ગુણાતીતાનંદ સ્વામી

(ભાગ : ૧)

સ્વામીશ્રીજી

નૂતન વર્ષ સંવત ૨૦૨૮
અક્ષર મંદિર
ગોંડળ

આશીર્વાદ પત્ર

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના જીવનના પ્રસંગોનો વિસ્તૃત ગ્રંથ તૈયાર કરી છપાવવાનો બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજનો ઘણા વખતનો સંકલ્પ હતો. પરંતુ સ્વામીના પ્રસંગો સ્વામીના યોગમાં આવેલા સદ્‌ગુરુ પાસેથી મળે તો જ તે પ્રમાણ કહેવાય. જૂનાગઢના સદ્‌ગુરુ શ્રી અક્ષરપુરુષદાસ સ્વામી પાસેથી સ્વામીના જીવનના કેટલાક પ્રસંગો બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજે સાંભળ્યા. સાથે સાથે તેમની પાસેથી જાણવા મળ્યું કે સ્વામીના જીવનમાં આવા અસંખ્ય પ્રસંગો સ્વામીના શિષ્ય સ્વામી માધવચરણદાસજી પાસેથી તેમના જ શિષ્ય સ્વામી કૃષ્ણચરણદાસે સાંભળેલા; તે બધા પ્રસંગો કૃષ્ણચરણદાસ સ્વામી પાસેથી અક્ષરપુરુષદાસ સ્વામી કે જેઓ તેમના શિષ્ય છે, તેમણે સાંભળ્યા હતા અને તે પ્રસંગો તેમણે તેમની રીતે લખી લીધા છે. શ્રી યોગીજી મહારાજ આ જાણી ખૂબ રાજી થયા. સ્વામી અક્ષરપુરુષદાસજીએ આ બધા લેખિત પ્રસંગો અ. નિ. શ્રી રાજારામ માસ્તર દ્વારા શ્રી યોગીજી મહારાજને મોકલી આપ્યા.

શ્રી યોગીજી મહારાજે આ તમામ સાહિત્ય શ્રી હર્ષદભાઈ દવેને આપ્યું. અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જીવનચરિત્રનો વિસ્તૃત ગ્રંથ તૈયાર કરવા તેમને આજ્ઞા કરી અને આશીર્વાદ પણ આપ્યા. શ્રી હર્ષદભાઈ દવેએ આ ગ્રંથ ખૂબ જ મહેનત લઈ ભક્તિભાવપૂર્વક તૈયાર કર્યો છે. આ ગ્રંથના છાપેલા ફરમા બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજ પાસે દરરોજ બ્રાહ્મમુહૂર્તમાં વાંચવામાં આવતા અને તે સાંભળીને પોતે ખૂબ જ રાજી થતા. આવો સુંદર ગ્રંથ તૈયાર કરવા માટે શ્રી હર્ષદભાઈ દવેને અમારા રૂડા આશીર્વાદ છે અને સંપ્રદાયની આવી ને આવી સેવા તેમના દ્વારા હજુ પણ વિશેષ થાય તેવું બળ તેમને મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ આપે તે પ્રાર્થના !

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસના ઘણા જ હેતપૂર્વક
જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

સંપાદકીય

(પ્રથમ આવૃત્તિ પ્રસંગે)

અક્ષરબ્રહ્મ સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના જીવનના પ્રસંગો આલેખવા એ ખૂબ જ કઠિન કાર્ય છે. જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મના મૂળ સમા આ દિવ્ય વિભૂતિના ૮૨ વર્ષના જીવનની યથાર્થ નોંધ લેવી, તેમના અતિ ભક્તિમય અને કલ્યાણકારી કાર્યને મૂલવવું, તેને શબ્દનો દેહ આપવો-આ બધું જ આલેખીને આપણને કદાચ આપણી વામણી બુદ્ધિએ ઘણું કર્યું હોય તેવું લાગે તો પણ અનંતકોટિ બ્રહ્માંડોને પણ નહિવત્ દેખાડનારા તેમના દિવ્ય ધામ-સ્વરૂપ વ્યક્તિત્વ આગળ એ બધું 'રવિ આગળ જેમ તારા રે' એવું દેખાય ! છતાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજની આ ગ્રંથ છપાવી બહાર પાડવાની તીવ્ર ઇચ્છા હોવાથી અને તેમના ઉષ્માભર્યા આશીર્વાદથી આ ગ્રંથનું સંપાદન હું કરી શક્યો છું.

આ ગ્રંથમાંના પ્રસંગોનું આલેખન સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢના સદ્ગુરુ સ્વામી અક્ષરપુરુષદાસજીએ કર્યું છે. આ પ્રસંગો પરંપરાગત તેમના દાદા ગુરુ-સ્વામી માધવચરણદાસજી, જેઓ ગુણાતીતાનંદ સ્વામીના પરમ કૃપાપાત્ર શિષ્ય હતા તેમની પાસેથી તેમના શિષ્ય સદ્ગુરુ સ્વામી કૃષ્ણચરણદાસજી પાસે અને તેમની પાસેથી તેમના શિષ્ય સદ્ગુરુ અક્ષરપુરુષદાસજી પાસે આવ્યા. એટલે આ પ્રસંગોનું પ્રમાણ બીજે શોધવું રહ્યું નહિ.

ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ ધામનો અવતાર હતા. તે ફક્ત જૂનાગઢમાં

જ નહિ પરંતુ સમગ્ર સંપ્રદાયમાં તેમના જ સમયમાં સ્વીકારાયું હતું. જૂનાગઢ મંદિરમાં સ્વામીનો સમાગમ કરવા આવતા ગુજરાત, સૌરાષ્ટ્રના અગ્રગણ્ય હરિભક્તો અને સંપ્રદાયના સંતોની સ્વામીશ્રી પ્રત્યેની દૃઢ આત્મબુદ્ધિથી તે કળાઈ આવે છે.

વરતાલની સભામાં સ્વામીની વાતો સાંભળી ગોપાળાનંદ સ્વામી બોલી ગયા, 'અહો ! સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર એટલે તેમને વેદની તંતી આડી આવે જ નહિ.'

મહુવાના મુક્તરાજ શ્રી પ્રાગજી ભક્તનું મંડળ, ગઢડાના મનજી ઠક્કર, બોટાદના શિવલાલભાઈ, કારિયાણીના નથુ પટેલ, સારંગપુરના વાઘા ખાચર, વસોના વાઘજીભાઈ વગેરે અનેક ગામોના હરિભક્તો જૂનાગઢ સ્વામીશ્રીનો સમાગમ કરવા આવતા. સંતો પણ મહારાજની આજ્ઞાનુસાર વર્ષમાં એકવાર આવીને સ્વામીશ્રીનો સમાગમ કરી બ્રહ્મરૂપ થવાના પોતાના કોડ સિદ્ધ કરતા. આ રીતે જૂનાગઢમાં મોટો અખાડો જામ્યો હતો.

સ્વામીના મહિમાના કીર્તનમાં ખરું જ કહ્યું છે :

એમ માંડ્યો છે મોટો અખાડો રે;
બ્રહ્મ મહોલ જાવા રાત્ય દા'ડો રે.

ગઢડામાં સ્વામીના ચાર પ્રશ્નોના ઉત્તર કરતાં મહારાજે જ્યારે કહ્યું કે "વાતો કરવી એ જ અધિક છે." ત્યારથી સ્વામીશ્રીએ પોતાના આશ્રિતોને વાતો કરી કથાવાર્તામાં સોપો પડવા દીધો ન હતો. સ્વામીશ્રીની વાતો હતી અંગ્રેજના લોઢા જેવી; ખમિયાળાના તીર જેવી, જે અડતાંવેંત જ દેહ ને આત્માને નોંખા કરી નાંખે. સ્વામીની વાતુ સાંભળીને નિત્યાનંદ સ્વામી કહેતા કે 'નિષ્કુળાનંદ સ્વામીએ ગ્રંથો રચીને પંચવિષયનાં મૂળ કાપ્યાં છે અને ગુણાતીતાનંદ સ્વામી વાતો કરીને પંચવિષયનાં મૂળ કાપે છે.'

સ્વામીએ સમગ્ર સંપ્રદાય ઉપર એક મહાન ઉપકાર કર્યો છે અને તે શ્રીજીમહારાજનું સર્વોપરી સ્વરૂપ ઓળખાવવાનો. સ્વામીએ જો શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપને ન ઓળખાવ્યું હોત, તો શુદ્ધ ઉપાસનાનું રહસ્ય કોઈને સમજાત જ નહિ અને આત્યંતિક કલ્યાણનો માર્ગ અળગો રહી જાત. વળી, મહારાજ પણ જો સ્વામીને સાથે ન લાવ્યા હોત, તો સાક્ષાત્ બ્રહ્મના સંબંધે બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિના કોઈ અધિકારી ન થયા હોત. આ રીતે શ્રીજી અને સ્વામીને પરસ્પર અવિનાભાવી સંબંધ છે તે સમગ્ર સત્સંગે પીછાણવું જ રહ્યું. આ રહસ્ય સમજ્યા સિવાય મોક્ષનું દ્વાર ઉઘાડું થાય જ નહિ, કારણ કે મોક્ષની ચાવી સમાન

અક્ષરબ્રહ્મની મોક્ષમાર્ગમાં અત્યંત આવશ્યકતા છે જ.

આ ગ્રંથમાં છપાયેલા છૂટા ફર્મા પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજ પાસે વંચાતા હતા. સ્વામી તે સાંભળી ખૂબ જ રાજી થતા અને કહેતા કે "ગ્રંથ જલ્દી પૂરો થાય તો કથા કરીએ." સ્વામીનો મહિમા વધે એ ભાવની સ્વામી પ્રત્યેની તેમની ભક્તિના સાક્ષી તો મહારાજ સિવાય બીજા કોણ હોઈ શકે ? અર્થાત્ મહારાજ તેમનામાં રહીને સ્વામીની ભક્તિ પ્રવર્તાવતા પણ હોય અથવા સ્વામી-સ્વરૂપ તેઓ જ મહારાજનું ગૌરવ વધારવા આવા ગ્રંથોનું નિર્માણ કરાવતા પણ હોય ! પણ આ રહસ્ય કોણ જાણે ?

અંતમાં સ્વામીશ્રીના અનુગામી પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ)એ આ ગ્રંથની સેવા મને આપી કૃતકૃત્ય કર્યો છે. આવી જ સેવાનો નિત્ય ભાગી મને સદા બનાવે તેવી તેમનાં ચરણકમળમાં પ્રાર્થના !!!

પૂજ્ય સ્વામી સત્યપ્રિયદાસજીએ તથા પ.ભ. વજુભાઈ ટાંકે મને ખૂબ મદદ કરી છે. તેમનો તથા આ ગ્રંથને સુશોભિત બનાવવા પ્રસંગ-ચિત્રોનો કલાત્મક ખ્યાલ આપવામાં તથા તે તૈયાર કરાવવામાં પૂજ્ય શ્રી મહંત સ્વામી કેશવજીવનદાસજીનો પણ હું ખૂબ ઋણી છું.

આવી આત્મીયતા ભરી સહાય સદા મને મારાં કાર્યોમાં મળતી રહે એવી પ્રાર્થના.

નૂતન વર્ષ, સંવત ૨૦૨૮
અક્ષર ભવન-દાદર
મુંબઈ નં : ૧૪

લિ.
હર્ષદરાય ત્રિભુવનદાસ દવેના
જય શ્રી સ્વામિનારાયણ

સંપાદકીય

(બીજી આવૃત્તિ પ્રસંગે)

અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના આ ગ્રંથની બીજી આવૃત્તિ પ્રગટ થાય છે તેમાં આનંદ અનુભવાય છે અને સાથેસાથે ગૌરવ પણ થાય છે. ગૌરવ એ વાતનું કે સ્વામીશ્રીની દિવ્યતા, તેમનું અપ્રતિમ વ્યક્તિત્વ, મહારાજ પ્રત્યેની અપૂર્વ ભક્તિ અને તેમની ગુણાતીત વાર્તાની સમગ્ર સત્સંગ પરની વેધક અસર ! આ બધું જ વાચકોના હૃદયમાં તેમનું અક્ષરબ્રહ્મપણું સ્થાપિત કરી જાય છે. તેથી જ વાચકો આ ગ્રંથ વાંચવા વિશેષ અને વિશેષ આકર્ષાય છે. દિવ્ય પુરુષની દિવ્યતા અછતી નથી રહેતી. તેમનું જીવન વાચા બની મુમુક્ષુ જીવોને પ્રેરણા આપે છે.

ઉતાવળથી કરેલ પ્રથમ આવૃત્તિના મુદ્રણમાં કેટલાક પ્રસંગો બે વાર છપાયા હતા તે ભૂલ સુધારી કેટલાક નવા પ્રસંગો ઉમેર્યા છે. સ્વામીશ્રીના જીવનના નવા નવા પ્રસંગો મળતા જ રહેશે અને નવી ને નવી આવૃત્તિઓ છપાયા જ કરશે, શ્રીજીમહારાજની એ ઇચ્છા છે. સ્વામીશ્રીના મહિમામાં શ્રીજીમહારાજની નિષ્ઠાનાં બીજ છે અને એમાં સંપ્રદાયનું ગૌરવ છે.

અક્ષરભુવન, દાદર, મુંબઈ — લિ.

તા. ૧૯-૧૨-૭૬ — **હર્ષદરાય ત્રિભુવનદાસ દવે**

નવસંસ્કરણ વેળાએ પ્રકાશકીય...

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય અનુગામી, સાક્ષાત્ અક્ષરધામસ્વરૂપ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના વિસ્તૃત જીવનચરિત્રની આ સાતમી આવૃત્તિ - નવસંસ્કરણ આવૃત્તિ પ્રકાશિત કરતાં અત્યંત હર્ષ થાય છે.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સંપ્રદાયમાં વિપુલ સત્સંગ સાહિત્યનું સર્જન કરનાર ભક્તરાજ હર્ષદભાઈ ત્રિ. દવેએ અત્યંત ભક્તિભાવપૂર્વક આ ગ્રંથનું સંપાદન કર્યું હતું. પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થયા પછી અન્ય આવૃત્તિઓ વેળાએ તેમની ઇચ્છા હતી કે નવા મળેલા ઐતિહાસિક પ્રસંગો વગેરે ઉમેરવું અને ક્યાંક પ્રસંગોમાં મળેલી નવી કડીઓ મુજબ સમયાનુક્રમમાં ફેરફાર કરવો. એમાંથી કેટલુંક થયું પણ ખરું, પરંતુ મહદ્ અંશે એ બધું વણસ્પર્શ્યું રહ્યું.

ગ્રંથની આ નવસંસ્કરણ આવૃત્તિ વેળાએ વિવેકસાગર સ્વામી, શ્રીહરિ સ્વામી વગેરે વિદ્વાન સંતો દ્વારા કેટલીક સૂચિત બાબતોને લક્ષમાં રાખીને એવા થોડાક ફેરફાર કરવાનું નિરધાર્યું. આથી આ આવૃત્તિમાં અનિવાર્યતા જણાઈ છે ત્યાં પ્રસંગોના સમયક્રમમાં ફેરફારો કરીને, વધુ પ્રમાણભૂત ક્રમે ગોઠવવાનો પ્રયાસ કર્યો છે.

સૌરાષ્ટ્રમાં મહદ્ અંશે તે સમયે આષાઢી સંવત સવિશેષ પ્રચલિત હતી. તેથી ખાસ નોંધનીય બાબત એ છે કે સ્વામીશ્રીની પ્રાગટ્યતિથિ બાદ કરીને

બાકીની તિથિ-સાલને 'આષાઢી સંવત'(આષાઢ માસથી શરૂ થતા સંવત)માં પ્રસ્તુત કરી છે. 'વચનામૃત', 'ભગવાન સ્વામિનારાયણ' વગેરે ગ્રંથો પણ આષાઢી સંવતને જ અનુસરે છે. આથી આ ગ્રંથમાં પણ આ આવૃત્તિમાં ક્યાંક આષાઢી અને ક્યાંક વિક્રમ સંવતને બદલે બધે જ આષાઢી સંવતની એકસૂત્રતા જાળવવાનો પ્રયાસ કર્યો છે.

આ ઉપરાંત પરિશિષ્ટમાં કેટલીક ઉપયોગી બાબતો-જીવનકથાનકો સમાવેલ છે. ભાગ : ૨ના અંતે સમગ્ર ગ્રંથમાં બંને ભાગોમાં આવતાં સંતો-ભક્તોની વિસ્તૃત પાત્રસૂચિ તેમજ ગામોની સૂચિ આપી છે. અભ્યાસુઓને આ સૂચિ અત્યંત ઉપયોગી નીવડશે. છેલ્લે સ્વામીશ્રીના જીવનની આનુપૂર્વી ઈસવી સનના સંદર્ભ સાથે પ્રસ્તુત કરી છે. અનુક્રમણિકામાં પણ સોપાનોમાં સાલ ઉમેરી છે તેથી અભ્યાસુઓને વધુ સુગમતા રહેશે.

ફૂટનોટમાં શબ્દાર્થો કે જરૂરી વિશેષ સ્પષ્ટતાઓ ઉમેરી છે, જે વાચકોને વધુ ઉપયોગી બનશે.

ઉપરાંત, સ્વામીશ્રીના સાક્ષાત્ અક્ષરબ્રહ્મપણાને કે મૂળ-અક્ષરપણાને પ્રકટ કરતા અસંખ્ય પ્રમાણો શ્રી વરતાલ ગાદીના જ મંદિરોમાં શિલાલેખ કે અન્ય સ્વરૂપે જળવાયેલાં પડ્યાં છે. એ પૈકીનાં કેટલાંક બહુરંગી છબિઓમાં તો કેટલાંક શ્વેત-શ્યામ છબિઓમાં અત્રે રજૂ કર્યાં છે. પરિશિષ્ટમાં કેટલાક સાહિત્યિક પુરાવાઓ પણ અભ્યાસુઓ માટે રસપ્રદ બની રહેશે.

સાથે સાથે, સ્વામીશ્રીના અદ્‌ભુત જીવનપ્રસંગોના બહુરંગી ચિત્રો તેમજ ઐતિહાસિક પ્રસાદીભૂત સ્થાનોનાં ફોટોગ્રાફ્સ ગ્રંથને વિશેષ સમૃદ્ધ બનાવે છે.

ઊંચી ગુણવત્તાવાળા કાગળ, ફોટોટાઈપસેટીંગ તેમજ બહુરંગી છબિઓ સાથે ગ્રંથની કિંમત, સખત મોંઘવારીને લીધે વધુ આવતી હોવા છતાં, સર્વ સત્સંગી જનને આ ગ્રંથ સુલભ બને તે માટે મૂલ્ય ઘટાડીને મૂકવામાં આવ્યું છે.

આ દિવ્ય જીવનચરિત્રના પાઠ દ્વારા સૌનાં જીવનને દિવ્યતા પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના.

- સ્વામિનારાયણ અક્ષરપીઠ

(પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૫૬, માર્ચ ૨૦૦૦)

અનુક્રમણિકા

ચતુર્થ સોપાન (આ.સં. ૧૯૦૮ થી ૧૯૧૨, સને ૧૮૫૨ થી ૧૮૫૫)

• આ.સં. ૧૯૧૫ (સને ૧૮૫૮)

પરિશિષ્ટ

ગુણાતીતોક્ષરંબ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।
જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવ બન્ધનાત્ ॥



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ



શ્રીહરિના સર્વોપરી સ્વરૂપના તથા બ્રહ્મજ્ઞાનના અદ્વિતીય ઉદ્‌ગાતા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી

(આ. સં. ૧૮૪૧ થી આ. સં. ૧૯૨૪, સને ૧૭૮૫ થી સને ૧૮૬૭)



'ધન્ય ધન્ય છે ભાદરા ગામ રે
પ્રગટ્યા અક્ષરબ્રહ્મ...'
સાક્ષાત્ સ્થાન -
અક્ષરબ્રહ્મ પ્રાકટ્યસ્થાન
ભાદરા-ગુણાતીતનગર.



ગુણાતીત પ્રાકટ્ય સ્થાન પર નિર્મિત શિખરબદ્ધ મંદિરમાં બિરાજમાન મનોહર અર્ચા સ્વરૂપો :
ભગવાન સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી (જમણે), મુક્તરાજ ગોપાળાનંદ સ્વામી (ડાબે)




અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્ય સ્થાન પર શોભતું ભવ્ય મંદિર, ભાદરા - ગુણાતીતનગર



ભાદરામાં શ્રીહરિનું પ્રસાદીભૂત સ્થાન : જૂનું સ્વામિનારાયણ મંદિર, અહીંથી શ્રીહરિએ અઢાર હરિભક્તોને પત્ર લખીને પરમહંસ થવા માટે તત્કાલ આદેશ આપ્યો હતો. શ્રીહરિએ અહીં અનેક લીલાઓ કરી છે.




અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમના પ્રતાપે કીડીઓએ દિવ્યગતિ પ્રાપ્ત કરી એ ઐતિહાસિક ભૂમિ, ભાદરા.(પૃ. ૪૯)



મહાપવિત્ર ઊંડ નદી અને પ્રસાદીભૂત વટવૃક્ષ જ્યાં ભગવાન સ્વામિનારાયણે પોતાના લાડીલા ભક્તરાજ મૂળજી શર્મા - ગુણાતીતાનંદ સ્વામી સાથે અનેક જળ લીલાઓ કરી હતી. (પૃ. ૪૮)



'જગતમાંથી બ્રહ્મતેજ સુકાઈ ગયું છે...' દિવ્ય દેહે આ શબ્દો સાથે શ્રીહરિએ મૂળજી શર્માને સંકેત કર્યો અને તરત જ પોતાના આ ખેતરમાં ખેતી કાર્ય કરતાં મૂળજી શર્માએ સંસાર છોડી ત્યાગાશ્રમની વાટ લીધી.



ભવ્ય યજ્ઞોત્સવ કરીને શ્રીહરિએ પોતાના અનન્ય સેવક મૂળજી શર્માને દીક્ષા આપી અને
ગુણાતીતાનંદ સ્વામી નામ આપતાં કહ્યું હતું :
'અમારા મૂર્તિમાન અક્ષરધામ - મૂળજી શર્માને દીક્ષા આપતાં મને અત્યંત આનંદ થાય છે.' (પૃ. ૭૨)



જ્યાં શ્રીહરિએ રંગોત્સવ કરીને ગુણાતીતાનંદ સ્વામીનો 'મૂર્તિમાન અક્ષરધામ' તરીકે મહિમા કહ્યો, પંચાળા. (પૃ. ૧૪૫)



જૂનાગઢમાં ભક્તરાજ ઝીણાભાઈની મેડી, શ્રીહરિએ અહીં બિરાજીને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સમજાવ્યો હતો.




સદ્ગુરુ ખેલે વસંત...

'જુગ જુગ જીવો સો જોગિયા...
કોટી કૃષ્ણ જોડે હાથ, કોટી વિષ્ણુ નમે માથ;
કોટી શંકર ધરે ધ્યાન, કોટી બ્રહ્મા કથે જ્ઞાન...
સદ્ગુરુ ખેલે વસંત...'

સારંગપુરમાં રાસ ખેલતા શ્રીહરિએ કબીરજી રચિત આ પદ ગાઈને મુક્તાનંદ સ્વામીને કહ્યું :
'એવા સદ્ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે અને
અમે તો સર્વોપરી પુરુષોત્તમ ભગવાન છીએ.' (પૃ. ૮૦)



ગઢપુરમાં મધરાતે વરસતા વરસાદમાં ઝબકતી વીજળીના અજ શ્રીહરિનાં દર્શન માટે તલસતા ગુણાતીતાનંદ સ્વામી. (પૃ. ૮૨)



વરતાલમાં અઢાર માંદા સાધુઓની સેવામાં રહેલા ગુણાતીતાનંદ સ્વામી માંદા સાધુઓની ગોદડીઓ તળાવે ધોઈને આવતા હતા ત્યારે હનુમાનવાળા દરવાજે શ્રીહરિ મળ્યા, પરસ્પર વૃત્તિ સાંધી બંને તન્મય થઈ ગયા... શ્રીહરિ બોલ્યા : 'આ સાધુ બહુ સમર્થ છે. અમારી મૂર્તિને ત્રણે અવસ્થામાં ઝાલી રાખે છે...' (પૃ. ૧૪૧)



'આ અમારા તિલક...'

શ્રીહરિએ પંચાળામાં તિલક-ચાંદલાની શરૂઆત કરાવી ત્યારે
ગુણાતીતાનંદ સ્વામીના મસ્તકે જાતે તિલક-ચાંદલો કરીને સૌને આદર્શ ચીંધ્યો અને કહ્યું :
'જુઓ, આ અમારા તિલક !
હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.' (પૃ. ૧૩૧)



સોરઠને કૃષ્ણાર્પણ

ગઢપુરમાં ચૈત્રી પૂર્ણિમાના સમૈયે શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીને ગળામાં હાર પહેરાવીને
જૂનાગઢની મહંતાઈ સોંપી અને પ્રસન્નતા રૂપે
પોતાનો પાઘ પણ સ્વામીના મસ્તકે સ્વહસ્તે મૂકી આશીર્વાદ આપ્યા.
ત્યાર પછી શ્રીહરિએ સોરઠના ભક્તરાજ કુરજી દવેને કહ્યું :
'આ ગુણાતીતાનંદ સ્વામી અમારું અક્ષરધામ છે. તે તમને અમે બક્ષિસ આપીએ છીએ,
તમારા સોરઠ દેશને અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ...' (પૃ. ૧૬૯)



અમારા જેવા ફકીર

મૂર્તિપ્રતિષ્ઠા બાદ જૂનાગઢથી વિદાય લઈ રહેલા શ્રીહરિને જૂનાગઢના નવાબે કહ્યું :
'આપે તો મને વચન આપ્યું હતું કે આપ અહીં કાયમ રહેશો !'

શ્રીહરિએ કહ્યું : 'અમે રહીએ કે અમારા જેવા ફકીરને રાખીએ ?'


નવાબે કહ્યું : 'આપ જૈસા તો આપ હી હૈ, લેકિન આપ જૈસા દૂસરા કોઈ ફકીર હો તો ઉનકો જરૂર રખીએ.'

શ્રીહરિએ કહ્યું : 'આ ગુણાતીતાનંદ સ્વામી અમારા જેવા જ છે. હું જેવો અનાદિ પુરુષોત્તમ છું, તેવા જ આ સાધુ અમારે રહેવાના અક્ષરધામનો અવતાર છે.' (પૃ. ૧૮૨)




ગુણાતીતાનંદ સ્વામીને મહંતપદે સ્થાપીને શ્રીહરિએ સ્વહસ્તે પ્રતિષ્ઠિત કરેલું જૂનાગઢનું સ્વામિનારાયણ મંદિર.





જૂનાગઢ મંદિરની પરિક્રમામાં ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ અને એ પ્રસાદીભૂત દેરી, જ્યાં મૂર્તિપ્રતિષ્ઠા પછી શ્રીહરિએ સભા ભરીને કહ્યું હતું : 'તમામ પરમહંસ, ત્યાગી, હરિજનોએ એક માસ આ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા આવવું. જે આવશે તેની કરોડ જન્મની કસર એક જન્મમાં ટાળી નાંખીશ.' (પૃ. ૧૮૩)



મીઠા વ્હાલા કેમ વિસરું મારું તમથી બાંધેલ તન હો...

પોતાની દેહલીલા સંકેલતાં પહેલાં શ્રીહરિએ સ્વામીને જૂનાગઢથી તેડાવીને દિવ્ય સ્નેહ દર્શાવ્યો.
અંતિમ દિવસોમાં સ્વામીને મળતાં જ શ્રીહરિના મુખેથી સ્વામી પ્રત્યેની અનન્ય પ્રીતિ
આ શબ્દોમાં વહેવા લાગી :

'તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો,
મીઠા વ્હાલા કેમ વિસરું, મારું તમથી બાંધેલ તન હો...'

(પૃ. ૨૦૦)



તમારામાં અખંડ રહ્યો છું...

શ્રીહરિના ઔર્ધ્વદૈહિક સંસ્કાર બાદ લક્ષ્મીવાડીમાં પાણીના ધોરિયે ઊગેલી લીલી ધ્રો જોઈને સ્વામીને વિચાર આવ્યો કે 'આ ધ્રોનું જીવન જળ છે, પણ આપણું જીવન તો મહારાજ હતા, તે હવે ગયા.' આ વિચાર માત્રથી મૂર્છાવશ બનીને ઢળી પડેલા સ્વામીને શ્રીહરિએ દિવ્ય સ્વરૂપે આવી હાથ ઝાલીને બેઠા કર્યા અને કહ્યું :

'હું શું ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું....'

(પૃ. ૨૦૭)





જૂનાગઢના રાધારમણદેવ માટે ગુણાતીતાનંદ સ્વામીને
શ્રીહરિએ પોતાના અંત સમયે આપેલો ધરમપુરનો મુગટ



ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી રાંક
કઠિયારામાંથી બાહોશ દિવાન બનેલ શ્રી
બાઉદ્દીનજી અને તેમના નામને અમર કરતી
આજેય ઊભી રહેલી બાઉદ્દીનજી કૉલેજ,
જૂનાગઢ.

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

પ્રથમ સોપાન



स्थितो मातुर्गर्भे हरिमविरतं
योऽक्षरपरम् ।
चिदानन्दाकारं
ललितवसनालङ्कृतिधरम् ॥
अपश्यत्पुण्याक्षं विधुमिव चकोरः
शुचिरुचिम् ।
गुणातीतानन्दं मुनिवरमहं नौमि
सततम् ॥

જે અક્ષરથી પર છે,
ચિદાનન્દ સ્વરૂપ છે, જેમણે
દિવ્ય વસ્ત્રાલંકાર ધારણ કર્યાં છે,
જે શુદ્ધ કાંતિવાળા છે,
જેમનાં દર્શન પાવનકારી છે,
એવા પૂર્ણ પુરુષોત્તમ
શ્રી સહજાનંદ સ્વામી મહારાજને,
માતાના ગર્ભમાં રહ્યા છતાં પણ
જેમ ચંદ્રને ચકોર દેખે તેવી રીતે
નિરંતર દેખે છે
એવા મહાન મુનિવર
શ્રી ગુણાતીતાનંદ સ્વામીને
હું નમસ્કાર કરું છું.

ભારતનો ઈતિહાસ

પવિત્ર ભારતભૂમિનો સુવર્ણાક્ષરનો ઈતિહાસ એટલે તેમાં પ્રાદુર્ભાવ પામેલી મહાન વિભૂતિઓનાં કાર્ય અને જીવન ! તેમનાં જીવન અને કાર્યનું જેટલું અન્વેષણ, જેટલું મનન અને નિદિધ્યાસન થાય એટલો જ માનવીનો સંસ્કારદીપ વધુ પ્રજ્વલિત થાય, તેનું જીવન ઉન્નત અને જીવનના સાચા આનંદથી સભર બને. ભારતની આ અમૂલ્ય ચૈતન્ય-મૂડી તેમના પુત્રોને પરંપરાગત વારસામાં પરમાત્માની કૃપાથી મળી છે. તે વારસાને અણમૂલું ધન માની સાચવવો એમાં જ પ્રત્યેક ભારતવાસીની સાચી કાર્યશીલતા છે.

જગતમાં પ્રવર્તતાં વિસંવાદી તત્ત્વોથી જ આ જગત પરિણામી બન્યું છે. આ તત્ત્વો વિકારનાં છે અને તેથી જ, શાશ્વત સુખને વરેલા જીવને આવરીને પોતાના પ્રચ્છન્ન અને પ્રબળ પ્રતાપથી તેને શાશ્વત સુખથી રહિત અને મૃગજળસમા સુખના ઝંઝાવાતમાં ઝીંકે છે. દૈવી અને આસુરી તત્ત્વોનો સંઘર્ષ એ આપણા ભારતનો ઈતિહાસ !

અવતારો પરમાત્માની વિભૂતિઓ સ્વરૂપે આવ્યા. તેમણે રાવણ, હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ, કંસ, શિશુપાલ, જરાસંધ વગેરે અસુરોનો નાશ કર્યો. પરંતુ તેમનામાં રહેલાં આસુરી તત્ત્વોનો નાશ ન થયો. તેથી આસુરી તત્ત્વો વિશેષ પ્રબળતાપૂર્વક પ્રવર્તતાં જ રહ્યાં.

પૂર્ણ પુરુષોત્તમના પ્રાગટ્યનો હેતુ

આથી પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા સ્વયં પધાર્યા. અશ્વત્થામાએ તેમના જન્મ પહેલાં તેમને શાપ આપ્યો હતો કે "આ પૂર્ણ પુરુષોત્તમ હથિયાર ધારણ કરશે તો તેમનો પરાજય થશે." તે શાપ તેમણે સ્વેચ્છાપૂર્વક ગ્રહણ કર્યો. તેમને તો શસ્ત્ર પકડવાં જ ન હતાં. પરંતુ બુદ્ધિથી, જ્ઞાનથી એ આસુરભાવનો પરાભવ કરવો હતો. તેમનાં કાર્યોની ઝાંખી કરાવવા પોતાના પરમહંસોને જણાવ્યું કે :-

'જો મૈં પ્રગટ હુવા હૂં તબ સબ લોગુંકું ધ્યાન, ધારણા, સમાધિ તિસકા પ્રગટ દેખ્યાયા હૂં, ઈસ નિમિત્ત મેરા અવતાર હૈ. દૂસરા જીવુંકા કલ્યાણકે

વાસ્તે જો નારાયણ ઐસા જો નામ, સો જો કોઈ આજ જાની કર લેતા હૈ, વા અનજાનસે લેતા હૈ, તબ સબકું અંતકાલ જબ આતા હૈ તબ મેરા ઉનકું દર્શન હોતા હૈ વા મેરે મિલનેવાલેકા[1] દર્શન હોતા હૈ ! તિસ દર્શનસે માયાદિ આવરણકું ભેદી કર મેરે ધામકું પ્રાપ્ત હોતા હૈ ! કલ્યાણકે કરનેકે વાસ્તે મેરા અવતાર હૈ. આજ તો મૈં અવિદ્યારૂપ જો માયા હૈ તિસકે નાશકે વાસ્તે પ્રગટ હુઆ હૂં. જ્યોં વેદોંકો વચન જ્યોં અવિદ્યાકું નાશ કરો ઐસી જો મેરી સ્તુતિ કિયા હૈ સો વચનકું આજ મૈં સત્ય કરતા હૂં. અનંત જીવુંકા જો અવિદ્યારૂપ જો માયા હૈ, તિસકા મૈં નાશ કરતા હૂં. જીસ દિનસું મૈં પ્રગટ હુવા થા તિસ દિનસું અવિદ્યાકે નાશકે વાસ્તે પ્રવર્ત્યા હૂં... આજ તો મેરા પ્રયોજન એહી હૈ જ્યોં અવિદ્યાકું નાશ કરના, જીવકું બ્રહ્મરૂપ કરના.[2]

અનાદિ અજ્ઞાનના નિવારણ માટે તેમણે જ્ઞાનદૃષ્ટિ આપી, ભગવાન પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપે જ્યારે પ્રગટ હોય ત્યારે તેમના સ્વરૂપમાં પૃથ્વી આદિ ચોવીસ તત્ત્વો કે સ્વાભાવિક પ્રકૃતિના ભાવરૂપ માયા કદાપિ હોતાં જ નથી. તે તો કેવળ ચૈતન્યમૂર્તિ હોય છે. વળી બાળ, યૌવન કે વૃદ્ધપણાની અવસ્થાના ભાવથી પણ તે પર હોય છે. એમને વિષે માયાનો ભાવ જે દેખાય છે તે જ માયાનો પ્રચ્છન્ન ભાવ જીવની જ્ઞાનદૃષ્ટિને આવરીને પડેલો હોય છે. કેવળ પરમાત્માની કૃપાથી, એમણે આપેલા જ્ઞાનથી કે એમના સ્વરૂપરૂપ એમના અક્ષરધામના તેના સંબંધથી એ અજ્ઞાન દૂર થાય છે અને પરમાત્માનું પરમ સત્યસ્વરૂપ ઓળખાય છે. તેથી જ ભાગવતકાર ભગવાન વેદવ્યાસ લખે છે કે धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि । આ અનુભવના શબ્દો છે. જેના જીવમાંથી માયાનો ભાવ ટળી ગયો છે તેનો જીવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ બની, મનુષ્યરૂપ છતાં પરમાત્માનાં સર્વાંગ દિવ્ય સ્વરૂપને યથાર્થ ઓળખી શકે છે, જોઈ શકે છે. ઉપનિષદ્ પણ સમજાવે છે કે ऋते ज्ञानान्न मुक्तिः । तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय । પરમાત્માના સ્વરૂપને આવા દિવ્યભાવ સહિત સમજવું તે જ જ્ઞાન. તે જ્ઞાન વિના મુક્તિ નથી જ. પરમાત્માના સ્વરૂપના આ પ્રકારના જ્ઞાન સિવાય મૃત્યુ

---

૧. પોતાના સાક્ષાત્કાર સંબંધવાળા સંતનાં.

૨. 'શ્રીજીના પ્રસાદીના પત્રો' પત્ર ૮, પાન ૧૦, પ્રકાશક : શ્રી માધવલાલ દલસુખરામ કોઠારી, અમદાવાદ. ઈ.સ. ૧૯૨૨.

તરવાનો બીજો કોઈ ઉપાય નથી.

આ દિવ્યદૃષ્ટિના અનુસંધાનથી જીવમાં રહેલી દોષદૃષ્ટિ-માયિકભાવ ટળી જાય છે. જો કે ભગવાન તો સદા દિવ્ય જ છે, नराकृतिस्तथा कृष्णो ज्ञातव्यो दिव्यविग्रहः[3] છતાં નરાકૃતિ હોવાથી મનુષ્યભાવ બતાવે પરંતુ તે ભાવ પોતાની સ્વતંત્ર શક્તિથી ગ્રહણ કરે છે અને મૂકી પણ શકે છે. આ ક્રિયામાં પણ પોતાના આશ્રિતોના જે જે દોષ હોય તે દોષ ટાળવા માટે જ પોતે તે જ પ્રકારનો દોષ ગ્રહણ કરે છે. વચનામૃતમાં[૪] શ્રીજીમહારાજે તેથી સમજાવ્યું છે કે कण्टकं कण्टकेनैव द्वयं चापीशितुः समम् । જે જે દેહે કરીને ભગવાને પૃથ્વીનો ભાર ઉતાર્યો તથા જીવોને દેહાભિમાનરૂપ જે ચૈતન્યમાં કાંટો ખૂંચી રહ્યો હતો તેને કાઢીને તે કાઢવાના કાંટારૂપ જે પોતાનો દેહ તેનો પણ ત્યાગ કર્યો.

પરંતુ પરમાત્માના સ્વરૂપને વિષે આ પ્રકારની નિર્દોષ બુદ્ધિ જીવને બ્રહ્મના સંગ સિવાય પોતાના પુરુષ પ્રયત્નથી કે સાધનથી કદી થતી નથી. તેથી જ શ્રીજીમહારાજ જીવોનાં કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર પોતાનું જે અક્ષરધામ, ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વ ઐશ્વર્ય તે સહિત જ પધાર્યા છે.[૫] અક્ષરધામ અર્થાત્ શુદ્ધ ચૈતન્ય બ્રહ્મના સંબંધ વિના બ્રહ્મરૂપ થવાતું જ નથી, અને બ્રહ્મરૂપ ન થવાય ત્યાં સુધી જીવમાંથી માયિકભાવ ટળી સમ્યક્ નિર્દોષ ભાવ જે બ્રહ્મનો ગુણ છે, તે આવતો નથી. વળી, શુદ્ધ બ્રહ્મરૂપ ન થવાય ત્યાં સુધી પુરુષોત્તમનારાયણની ભક્તિના અધિકારી પણ થવાતું નથી.[૬] બ્રહ્મરૂપ થયા સિવાય દેહાત્મભાવથી જે ભક્તિ થાય છે તે ભક્તિમાં વિઘ્ન છે, કારણ કે તેથી ભગવાનના સ્વરૂપને વિષે માયિકભાવ આવી જાય છે અથવા દેહાત્મભાવથી - પંચ વિષયથી પરાભવ પણ પામી જવાય છે. શુદ્ધ ચૈતન્ય બ્રહ્મસ્થિતિની સિદ્ધિ વિના નારદ, શિવજી, બ્રહ્મા વગેરેને કલંક લાગ્યાં અને વિઘ્નો નડ્યાં.[૭]

---

૩. સત્સંગિજીવન પ્ર. ૩, અ. ૨૯, શ્લોક ૭૬.

૪. લોયા ૧૮.

૫. ગ. પ્ર. ૭૧.

૬. લોયા ૭; ब्रह्मरूपेण ततो भजेताम् - સત્સંગિજીવન. પ્ર. ૪. ૭૨/૪૪.

૭. ગ. પ્ર. ૨૩.

ભગવાનનું સ્વરૂપ સદા નિર્દોષ છે, દિવ્ય છે. પૃથ્વી ઉપર પ્રગટ થતું નરાકૃતિરૂપ ભગવાનનું સ્વરૂપ અને અક્ષરધામમાં વિરાજમાન ભગવાનનું દિવ્ય અને તેજોમય સ્વરૂપ સદા એક જ છે. ભગવાનને આવવું કે જવું હોતું નથી. ભક્તોના મનોરથો પૂરા કરવા અને તેમનું આત્યંતિક કલ્યાણ કરવા ભગવાન પોતે સત્ય-સંકલ્પ હોવાથી જ્યાં જેવે રૂપે દેખાવું ઘટે ત્યાં તેવે રૂપે દેખાય છે.[૮] તે સ્વરૂપમાં દિવ્યભાવ દેખવો તે જ્ઞાનની સ્થિતિ છે. જ્ઞાન કેવું છે તો પ્રકૃતિ પુરુષથી પર છે.[૯] પ્રકૃતિ પુરુષથી પર અક્ષર છે એટલે જ્ઞાન એ અક્ષરનું સ્વરૂપ છે અથવા અક્ષર એ જ પુરુષોત્તમના જ્ઞાનનું સ્વરૂપ છે અર્થાત્ અક્ષર એ પુરુષોત્તમનું સ્વરૂપ સમજવાનું માધ્યમ છે. એ અક્ષરને સમજવાની અને તેનો સંબંધ બાંધવાની, આત્યંતિક કલ્યાણ ઇચ્છતા દરેક મુમુક્ષુને કે સાધકને ખરેખરી જરૂર છે જ.

અક્ષરનો મહિમા

જેમ પૃથ્વીનું કારણ જળ છે. તે જળ પૃથ્વીથી દશગણું છે અને તેથી સૂક્ષ્મ છે તેમજ જળથી તેજ, તેજથી ઉત્તરોત્તર વાયુ, આકાશ, મહત્તત્ત્વ પ્રધાનપુરુષ અને પ્રકૃતિ પુરુષ મોટાં છે, એકબીજાનાં કારણ છે અને પોતાના કાર્યથી સૂક્ષ્મ પણ છે. પ્રકૃતિ પુરુષ આ સર્વે તત્ત્વોના કારણ હોવા છતાં પણ તે અક્ષરના એક પ્રદેશમાં લીન થઈ જાય છે.[૧૦] એટલે એક પછી એક ક્રમશઃ દરેક તત્ત્વનો મહિમા સમજાય તો જ અક્ષરનો મહિમા સમજાય અને અક્ષરનો મહિમા સમજાય ત્યારે જ અક્ષરથી પર અને અક્ષરના આધાર એવા પુરુષોત્તમનો મહિમા સમજાય. પરંતુ અક્ષરની ઉપેક્ષા કરીને પુરુષોત્તમનો મહિમા સમજવાની ઇચ્છા કરે તેને તો સસલાનાં શિંગડાં જ હાથમાં આવે.

આવું જે અક્ષરબ્રહ્મ તે પૃથ્વી ઉપર શ્રીજીમહારાજની સાથે પ્રગટ થયું. વચનામૃતમાં મહારાજે અક્ષરનો ઉલ્લેખ ગ. પ્ર. ૨૧, ૬૩, ૭૧ અને ગ. મધ્ય ૪૨માં કર્યો છે. આથી એટલું તો પ્રતિપાદન થાય છે કે ભગવાનનું ધામ અક્ષર એ વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપધારી છે. અવ્યક્ત સ્વરૂપે

૮. ગ. પ્ર. ૭૮.

૯. ગ. પ્ર. ૨૪.

૧૦. ગ. પ્ર. ૬૩.

પુરુષોત્તમને અને અક્ષરમુક્તોને ધરી રહ્યા છે.[11] તેથી જ અક્ષર એ પુરુષોત્તમને પામવાનું દ્વાર છે. તે સમજવું અત્યંત આવશ્યક છે.

અક્ષરનો ઉલ્લેખ વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્રો અને ગીતામાં છે. પરંતુ વચનામૃતમાં અક્ષરનો મહિમા, પરપણું અને પુરુષોત્તમના ધામરૂપે તેના પૃથ્વી પરના પ્રાગટ્યનું જેટલું સ્પષ્ટ વર્ણન છે તેટલું ઉપરના કોઈ ગ્રંથમાં નથી. આ અક્ષર કયા સ્વરૂપે સત્સંગમાં પ્રગટ થયા તેનો ઉલ્લેખ 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથમાં સ્પષ્ટપણે છે :

मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते ।
भूयान्मेऽत्र समानन्दो यतो धामाऽक्षरं स मे ॥४९॥
मुक्तैरनन्तैः साकं मे यत्राऽखण्डतयोष्यते ।
ऊर्ध्वाधोभागरहितं तन्मूलं धाम चाक्षरम् ॥५०॥

- 'હરિલીલાકલ્પતરુ' સ્કંધ ૭/અ. ૧૭

અર્થ :

આજે ભાદરામાં પ્રગટ થયેલા મૂળજી શર્મા જે અમારું મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ધામ છે તેને દીક્ષા આપતાં મને અત્યંત આનંદ થાય છે. એ અક્ષરબ્રહ્મ ધામ અધોર્ધ્વ અને પ્રમાણે રહિત છે અને તેમાં હું મારા અનંત મુક્તો સાથે અખંડ રહું છું.

આ રીતે અક્ષરબ્રહ્મ એ ગુણાતીતાનંદ સ્વામી સ્વરૂપે સત્સંગમાં પ્રગટ થયા તેનો ઉલ્લેખ સત્સંગના ઉપરના શાસ્ત્રમાંથી ઉપલબ્ધ થાય છે.

આત્માનંદ સ્વામીએ કરેલો અક્ષરનો ઉલ્લેખ

સત્સંગનો ઇતિહાસ જોતાં તો પ્રથમ આત્માનંદ સ્વામીએ હાલાર દેશમાં લતીપુર ગામમાં રહેતા પોતાના શિષ્ય વલ્લભરામ જાનીને વરદાન આપ્યું હતું કે "તારા પુત્ર ભોળાનાથને ત્યાં પ્રગટ પુરુષોત્તમનું અક્ષરધામ પુત્રરૂપે જન્મ લેશે."

તે જ પ્રમાણે સુખદેવ દવેને પણ વર આપ્યો કે "તારી પુત્રી સાકર દ્વારા ભોળાનાથને પુત્રની પ્રાપ્તિ થશે જે અક્ષરબ્રહ્મનો અવતાર હશે. વળી, તારી પુત્રીના હાથનો થાળ પ્રગટ પુરુષોત્તમ તારે ઘેર આવીને જમશે."

---

૧૧. ગ. પ્ર. ૨૧.

જ્યારે અક્ષરબ્રહ્મનો જન્મ ભાદરામાં ભોળાનાથ તથા સાકરબાને ઘેર થયો, ત્યારે રામાનંદ સ્વામી ત્યાં પધાર્યા. પુત્રના જન્માક્ષર જોઈ રામાનંદ સ્વામીએ તેમનું નામ 'મૂળજી' પાડ્યું અને કહ્યું : "આ તમારો પુત્ર પૂર્ણ પુરુષોત્તમને અખંડ ધારી રાખશે અને હજારો જીવોનો ઉદ્ધાર કરશે."

આ પ્રમાણે મૂળજી શર્માના પ્રાદુર્ભાવ પહેલાં અને પછી તેઓ અક્ષરબ્રહ્મનો અવતાર છે એ ઉલ્લેખ થવા લાગ્યો. ત્યાર પછી તો શ્રીજીમહારાજ ભાદરા પધાર્યા ત્યારે તેમણે કહ્યું હતું કે "આ ગામમાં અમારું મૂર્તિમાન અક્ષરધામ અને બીજા મુક્તો રહે છે." પછી ફરીથી ભાદરા પધાર્યા ત્યારે 'મૂળજી શર્મા પોતાનું અક્ષરધામ' છે એવી સ્પષ્ટ વાતો આ પ્રસંગે મહારાજે કરી અને મૂળજી શર્માનું સ્વરૂપ પ્રકટ કરી મહિમા સમજાવ્યો. આ રીતે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના સ્વરૂપનું પ્રાગટ્ય સત્સંગમાં ધીરેધીરે છતું થવા લાગ્યું. સૂર્ય છાબડે ઢાંક્યો રહ્યો નહિ.

✧ ✧ ✧

આટલી પૂર્વભૂમિકા પછી અનાદિ અક્ષરબ્રહ્મનાં દિવ્ય ચરિત્ર, અમોઘ ઐશ્વર્ય, પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી પ્રત્યેની અનિર્વચનીય પરાભક્તિ વગેરેનો આસ્વાદ લેવા તેમના તીર્થસ્વરૂપ પરમ પુનિત ચરણ-કમળોમાં પ્રણિપાત કરી મંગળ પ્રસ્થાન કરીએ !

जनाऽज्ञानध्वान्तक्षपणकरणात्तीक्ष्णकिरणं
ह्रियं निन्ये स्वेक्षादुरितदलनो यो मृदुमनाः ।
महैश्वर्यैर्युक्तो हरिपरतरानुग्रहतया
गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥

અર્થ :

મનુષ્યોના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાથી સૂર્યને પણ જે લજ્જા પમાડે છે, પોતાનાં દર્શન માત્રથી જીવોના અનેક જન્મોનાં પાપોનો નાશ કરે છે, જે અત્યંત મૃદુ છે અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના અનુગ્રહથી જે મહાઐશ્વર્ય યુક્ત છે એવા મુનિઓમાં શ્રેષ્ઠ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને હું નિરંતર નમસ્કાર કરું છું.

✧ ✧ ✧

સૌરાષ્ટ્રની પ્રાણવતી ભૂમિ

સૌરાષ્ટ્રની ધીંગી ધરતીને ખોળે અવતરવાનું કંઈક કેટલીક વિભૂતિઓને મન થયું છે. જ્યાં શૂરાતનની ગાથા ગવાઈ છે, જ્યાં ભક્તિનાં સાચ છતાં થયાં છે, જ્યાં સતીઓનાં સત પ્રગટ્યાં છે, જ્યાં માનવીની મલિનતા ધોવાઈ ગઈ છે અને જ્યાં સ્થાવર અને જંગમ જાણે ચેતનવંતું બની પોતાની ધરતીમાતાની લાજને આભને આંબતી કરી દેવા મથી રહ્યું છે, જ્યાં ગરવો ગિરનાર સતીના શાપથી ખાંગો થયો છે, જ્યાં બ્રાહ્મણ અને તુલસીક્યારાનું સન્માન બહારવટિયાઓ પણ કરે છે, જ્યાં પારકી સ્ત્રીને મા-બહેન જાણનાર બહારવટિયો જોગીદાસ ખુમાણ આંખની છેતરામણથી આંખમાં મરચાં ભરે છે, જ્યાં નદીઓનાં નીર માનવીના દુઃખના નિસાસા સાથે ધબકારા લે છે, જ્યાં ભરવાડને પણ પોતાના ઝોકની લાજની ખેવના રહે છે, જ્યાંના ભોળા માનવીને ઊંચનીચના ભેદની ગમ નથી, જ્યાં 'अतिथिदेवो भव' એ ભાવના ભૂલાઈ નથી અને જ્યાં ધરતીની રજેરજ જાણે માનવી સાથે એકાકાર થઈ ગઈ હોય એવી 'वसुधैव कुटुम्बकम्'ની ભાવના પ્રસરી રહી છે.

તે સૌરાષ્ટ્રની પુનિત ભૂમિમાં ગિરિરાજ રૈવતાચલ (ગિરનાર) શ્રીકૃષ્ણચંદ્રના પાદપદ્મથી પુનિત થઈ સિદ્ધોનું ધામ બની ગયો છે, જ્યાં તીર્થભૂમિ દ્વારિકાનાં દ્વાર પ્રક્ષાલન કરતો મહેરામણ સદા હડૂડ્યા જ કરે છે, જ્યાં એક તરફ સોરઠી સોમનાથ ભગવાન કૃષ્ણની તિરોધાન લીલાનું ધામ બની ગયું છે, જ્યારે બીજી તરફ ઘેલા સોમનાથ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીની મોક્ષપ્રદ ક્રીડાનું પટાંગણ બની મહાતીર્થનું ધામ બની ગયું છે.

એવી આ પુનિત ધરતીએ અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને આકર્ષ્યા, જે ઉત્તર હિંદમાં છપૈયામાં પ્રગટ થયા, અગિયાર વર્ષની વયે જેમણે ગૃહત્યાગ કર્યો, સાત વર્ષ સમગ્ર ભારતમાં તીર્થાટન કર્યું, છેવટે માંગરોળ બંદર પાસે લોજ ગામની ભૂમિને અતિ પવિત્ર જાણીને ત્યાં જઈને સ્થિર થયા. જેમણે સમગ્ર ભારતમાં ભાગવત અથવા એકાંતિક ધર્મની સ્થાપના અને તેનું પ્રસારણ આ ભૂમિમાંથી કરવાનું નક્કી કર્યું, જેમણે એ કાર્યની સિદ્ધિને અર્થે આ ભૂમિમાં જ

કાલવાણી ગામે અષ્ટ પ્રકારે સ્ત્રી અને ધનના ત્યાગી એવા પાંચસો સંતોને, પરમહંસની ભાગવતી દીક્ષા આપી, તેમણે બાર ગામની રિયાસતના ધણી દાદાખાચરના ઘરને પોતાનું ઘર માન્યું અને ગઢપુર(ગઢડા)માં ત્રીસ વર્ષ રહી ગઢપુરને અક્ષરધામ તુલ્ય બનાવી દીધું.

એવી આ ધરતીની ધન્યતાને વધારવા હાલાર દેશમાં પવિત્ર ઊંડ નદીના કિનારા ઉપર વડલા, આંબા અને અન્ય વનરાઈથી ભરપૂર ફળદ્રુપ ધરતીથી સમૃદ્ધ એવા ભાદરા ગામમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું સાક્ષાત્ અક્ષરધામ 'મૂળજી શર્મા' સ્વરૂપે પ્રગટ થયું.

આત્માનંદ સ્વામી

આ પ્રદેશના લતીપુર ગામમાં આત્માનંદ સ્વામીનું શિષ્ય મંડળ રહેતું હતું. આત્માનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ વિશ્વંભર ભટ્ટ હતું. તળાજા પાસે ગોપનાથ મહાદેવના ગોપાલ યોગીને સિદ્ધ યોગી માની તેમણે તેમની પાસે દીક્ષા લીધી અને આત્માનંદ સ્વામી નામ ધારણ કર્યું. ગોપાલ યોગીના તિરોધાન પછી તેઓ ત્યાંથી નીકળી સોરઠમાં ગિરિરાજ શ્રી રૈવતાચલની તળેટીમાં ઘણુંખરું રહેવા લાગ્યા. સોરઠ અને હાલાર પ્રદેશમાં તેમના ઘણા શિષ્યો થયા. આત્માનંદ સ્વામીએ ગુરુકૃપાથી યોગસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. લાંબા સમય સુધી દેહ ધારણ કરી રાખવો કે તત્કાળ દેહ ત્યાગ કરવો એવી સિદ્ધિ પ્રાપ્ત કરી, અખંડ સમાધિમાં રહી બ્રહ્મ સંગાથે એકતા સાધીને, બ્રહ્મસુખનો પણ તેમણે અનુભવ કર્યો હતો.

આ લતીપુર ગામમાં વલ્લભજી જાની, સુખદેવ દવે, રામભાઈ સુથાર, ગગાભાઈ સુથાર, હરિભાઈ ખત્રી અને નાનદાસ પટેલ વગેરે આત્માનંદ સ્વામીના શિષ્યો રહેતા હતા. આત્માનંદ સ્વામી અવારનવાર વિચરણ કરતા આ ગામમાં પધારતા અને પોતાના આ શિષ્ય મંડળને ઉપદેશામૃતનો લાભ આપતા.

એક સમયે આત્માનંદ સ્વામી લતીપુર પધાર્યા તે વખતે વલ્લભજી જાનીએ તેમને એકાંતમાં પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! સંતતિ તો જન્મીને મરી જાય છે. એટલે કાં તો સંતતિ જન્મીને કુશળ રહે અથવા ન જ થાય તેવી કૃપા કરો."

આ સાંભળી આત્માનંદ સ્વામી થોડી વાર આંખો મીંચી ધ્યાનસ્થ થઈ ગયા, પછી આંખો ઉઘાડી કૃપાપૂર્વક બોલ્યા : "વલ્લભજી ! તારા વંશ દ્વારા તો ભગવાનને બહુ મોટાં કાર્યો કરાવવાં છે. એટલે હવે તમો દંપતી એક માસ પ્રભાસક્ષેત્રમાં જઈને રહો, ત્યાં બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી, સોમનાથ મહાદેવનું એક માસ પૂજન કરો. ભોળાનાથ તમારો મનોરથ પૂરો કરશે." એમ આજ્ઞા કરી ત્યાં થોડા દિવસ રોકાઈ ત્યાંથી ચાલી નીકળ્યા.

આત્માનંદ સ્વામીના ગયા પછી વલ્લભજી જાની શ્રાવણ માસમાં તેમનાં પત્નીને લઈ પ્રભાસક્ષેત્રમાં આવ્યા. અહીં આખો શ્રાવણ માસ તેમણે બન્નેએ સોમનાથ મહાદેવનું શ્રદ્ધાપૂર્વક પૂજન કર્યું. શ્રાવણ માસ પૂરો થયો એટલે આજ્ઞા પ્રમાણે વ્રત પૂરું થયું માની આ દંપતી લતીપુર પાછું આવ્યું.

ભોળાનાથનો જન્મ

ત્યાર બાદ લગભગ એક વર્ષ પછી વલ્લભજીને ત્યાં સંવત ૧૮૦૬ના શ્રાવણ માસમાં આત્માનંદ સ્વામીના આશીર્વાદથી અને સોમનાથ મહાદેવની કૃપાથી પુત્ર-પ્રાપ્તિ થઈ. ભોળાનાથની કૃપાથી પુત્રનો જન્મ થયો હતો એટલે બાળકનું નામ પણ 'ભોળાનાથ' જ રાખવામાં આવ્યું.

સંવત ૧૮૧૪માં આઠ વર્ષના ભોળાનાથને ઉપવીત ધારણ કરાવવાનો અવસર આવ્યો. આ પ્રસંગે વલ્લભજી જાનીએ ગુરુ આત્માનંદ સ્વામીને બટુકને આશીર્વાદ આપવા આમંત્ર્યા. યજ્ઞોપવીત વિધિ પૂરો થયા બાદ બટુક ભોળાનાથ, આત્માનંદ સ્વામીને દર્શને આવ્યા અને ભક્તિભાવપૂર્વક તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

પછી આત્માનંદ સ્વામીએ પોતાની પાસે પ્રેમપૂર્વક બટુકને બેસાડી, તેને માથે હાથ મૂકી પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપતાં કહ્યું : "ભોળાનાથ ! તું ભોળાનાથની કૃપાથી જન્મ્યો છું એટલે જ તારી પ્રકૃતિ શાંત અને વિનયી છે. તારામાં જે સંસ્કાર છે તે આ જન્મના નથી. પૂર્વજન્મનાં તારા વ્રત અને તપથી તારી ઉપર ભગવાન શ્રીકૃષ્ણની કૃપા ઊતરી છે."

આત્માનંદ સ્વામીના આ શબ્દોથી આજુબાજુ બેઠેલું ભક્તવૃંદ અત્યંત આતુરતાપૂર્વક ભોળાનાથનું વૃત્તાંત સાંભળવા નજીક આવી ગયું. પુત્રના પૂર્વજન્મના સંસ્કાર કેવા ઉચ્ચ છે, કૃષ્ણકૃપા તેની ઉપર કેવી રીતે ઊતરી છે એ હકીકત જાણવા તો ભોળાનાથના પિતા વલ્લભજી પણ આતુર બની ગયા. તેમણે હાથ જોડી આત્માનંદ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! ભોળાનાથ પૂર્વ- જન્મમાં કોણ હતા, કૃષ્ણકૃપા તેમના ઉપર કેવી રીતે ઊતરી તે વૃત્તાંત આપ અમને કહો !''

આ પ્રશ્ન સાંભળી આત્માનંદ સ્વામી ચમક્યા. તેમને લાગ્યું કે સંસારની સહજ એવી રીતને અનુસરીને યોગી પુરુષોએ રહેવું જોઈએ. એ રીતનું અતિક્રમણ કરીને યોગસિદ્ધિનું પ્રદર્શન કરવામાં ભય રહેલો છે. તેમાં શિષ્યોનું કલ્યાણ નથી અને પોતાનો અહંભાવ વધવાનો અવકાશ છે. પરંતુ એ બન્ને પ્રકારના ભયને વિદારવા પોતે સમર્થ હતા, તેથી નિર્ભયતાપૂર્વક અને પોતાના શિષ્યોના કલ્યાણ માટે જ તેમણે ભોળાનાથનું વૃત્તાંત કહેવાનું શરૂ કર્યું.

ભોળાનાથ અને સાકરબાના પૂર્વ જન્મનો ઈતિહાસ

''વલ્લભજી ! સાંભળ. દક્ષિણમાં તિલંગ દેશમાં વજ્રદંતા ગામમાં સોમદત્ત નામે એક અત્યંત સંસ્કારી બ્રાહ્મણ રહેતા હતા. તેમનાં પત્નીનું નામ હતું ગૌરી. આ પતિપત્નીને તેમના બાલ્યકાળથી જ તપ તરફ અભિરુચિ હતી. તેમનાં લગ્ન થયાં પછી તેમણે શ્રીકૃષ્ણનાં સાક્ષાત્ દર્શન કરવા અને તેમની પ્રસન્નતા માટે બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું. કેવળ ફળફૂલનો આહાર કરી બાર વર્ષ સુધી વનમાં જ ફર્યાં. ત્યાર બાદ યાત્રાનાં સ્થળોમાં ફરતાં ફરતાં તેઓ વૃંદાવન આવી પહોંચ્યાં. તીર્થાટન દરમ્યાન ફક્ત દેહનિર્વાહ માટે રાજગરાની ખીર તેઓ જમતાં; પરંતુ અન્ય આહાર કાંઈ લેતાં જ નહિ.

વૃંદાવનમાં એક વર્ષ રહ્યાં. તેમનાં તીવ્ર તપથી અને અપાર ભક્તિભાવથી, પરબ્રહ્મ પરમાત્મા તેમની ઉપર પ્રસન્ન થયા અને તેમને સાક્ષાત્ દર્શન આપી કહ્યું : ''સોમદત્ત ! હું તારી ઉપર પ્રસન્ન થયો છું. તું ઇચ્છિત વર માગ.''

પરમાત્માની આવી દિવ્યવાણી સાંભળી સોમદત્ત તથા તેમનાં પત્ની ગૌરીએ રોમાંચ અનુભવ્યો. સંસાર સુખથી અત્યંત વિરક્ત અને કેવળ પ્રભુ ભક્તિમાં જ રત રહેવા ઇચ્છતાં આ પતિ-પત્નીએ બે હાથ જોડી વરદાન માગતાં પ્રાર્થના કરી : "હે પ્રભુ ! આપ ખરેખર જો અમારી ઉપર પ્રસન્ન થયા હો, તો આપ જ અમારે ત્યાં પુત્ર રૂપે પધારો અને વસુદેવ-દેવકીને જે સુખ આપ્યું હતું તેવું સુખ અમને આપો."

ભાવિક દંપતીની આ વાણી સાંભળી ભગવાન તેમની ઉપર અત્યંત પ્રસન્ન થયા. પછી વરદ હસ્ત કરી તેમને કહ્યું : "સોમદત્ત ! ગૌરી ! તમો સાંભળો. અસ્ખલિત બ્રહ્મચર્ય પાળી તમોએ મને પામવા સાધના કરી છે તેથી હું ઘણો જ પ્રસન્ન થયો છું. પરંતુ બદરિકાશ્રમમાં દુર્વાસાએ શાપ દીધો હોવાથી ધર્મ અને મૂર્તિને તે શાપથી મુક્ત કરવા મેં તેમને વચન આપ્યું છે કે તમારા પુત્ર રૂપે હું તમારે ત્યાં પ્રગટ થઈશ. એટલે તમારો એ સંકલ્પ પૂરો નહિ થાય, પરંતુ મારા અખંડ નિવાસરૂપ મારું અક્ષરધામ જે મારા પૃથ્વી પરના પ્રાગટ્યની સાથે જ પ્રગટ થવાનું છે તે અક્ષરધામ તમો દંપતીને ત્યાં પુત્ર રૂપે અવતરશે અને તમને દિવ્ય સુખ આપશે."

આટલું કહી પરબ્રહ્મ પરમાત્મા અંતર્ધાન થઈ ગયા. સોમદત્ત અને ગૌરી આ વરદાનથી કૃતાર્થ થયાં અને પોતાનાં તપ અને ભક્તિની સિદ્ધિ થયેલી માની, વૃંદાવનથી નીકળી થોડા સમય બાદ પોતાના ગામ વજદંતા પાછાં આવ્યાં.

પુત્રનું પૂર્વાશ્રમનું આવું ભક્તિભાવ ભરપૂર આખ્યાન સાંભળી વલ્લભજી તો અત્યંત રાજી થઈ ગયા. આત્માનંદ સ્વામી થોડી વાર થોભી ફરી કહેવા લાગ્યા : "વલ્લભજી ! તે સોમદત્ત અને ગૌરી વજદંતા આવ્યાં અને થોડા સમયે બન્નેએ દેહત્યાગ કર્યો. તે સોમદત્ત એ જ તારો પુત્ર ભોળાનાથ."

સ્વામી હજુ આગળ કહે તે પહેલાં તો વલ્લભજીએ પૂછી નાખ્યું : "અને ગૌરી ?" સૌની આતુરતાને થંભાવતાં આત્માનંદ સ્વામીએ હસતાં-હસતાં કહ્યું : "આ સુખદેવની પુત્રી સાકર એ ગૌરી."

સૌ આનંદમગ્ન બની ગયાં. અહો ! આ પવિત્ર દંપતીએ આપણા ગામમાં જ જન્મ લીધો !

આ પ્રસંગ પછી ફરી જ્યારે આત્માનંદ સ્વામી લતીપુર આવ્યા ત્યારે માયાએ જોર કર્યું. વલ્લભજી જાની અને સુખદેવ દવેને ત્યાં જ તિલંગ દેશના બ્રાહ્મણ દંપતીએ જન્મ લીધો અને તેઓ જ સંસ્કારી અને બીજાં બધાં ગમાર ? આવા રાગદ્વેષની આંધીમાં ફસાયેલા ગામલોકોએ આત્માનંદ સ્વામીનું અપમાન કર્યું અને તેમને ગામ બહાર કાઢી મૂક્યા.

આત્માનંદ સ્વામીનું આવી રીતે અપમાન થયું તેથી તેમના શિષ્ય મંડળમાં પણ રોષ પ્રવર્ત્યો અને આ ગામને આસુરી જાણી તેમણે પણ આ ગામનો ત્યાગ કર્યો.

લતીપુરનો ત્યાગ

લતીપુર છોડીને વલ્લભજી જાની તથા ગગાભાઈ સુથાર ભાદરા ગયા. રામભાઈ સુથાર શેખપાટ ગયા. સુખદેવ દવે તથા હરિભાઈ ખત્રી કાળાવડ ગયા અને નાનદાસ પટેલ કાનમદેશમાં ગોરવા ગામે ગયા.[૧૨]

હરિભાઈ ખત્રીના વંશજો જાદવજીભાઈ વગેરે પણ આત્માનંદ સ્વામીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના આશ્રિત થઈ સર્વોત્તમ ભક્ત બન્યા. શેખપાટ ગયેલા સુથાર રામભાઈને પણ આત્માનંદ સ્વામીના આશીર્વાદથી પુત્ર થયો અને તેનું નામ લાલજી રાખ્યું. લાલજી

૧૨. નાનદાસ પટેલ ગોરવા ગામ ગયા ત્યારબાદ તેમને ત્યાં એક પુત્ર થયો. તેનું નામ જીવરાજ પાડ્યું. નાનદાસના દેહ મૂક્યા બાદ જીવરાજ સૌરાષ્ટ્રમાં જસદણ ગામમાં રહેવા આવ્યા. અહીં તેમને બે પુત્રો થયા. આ બન્ને પુત્રો પણ ખૂબ જ સંસ્કારી હતા. તેઓ ચેલા ખાચરના આશ્રયે રહ્યા. અહીં તેમણે શ્રીજીમહારાજનો પ્રતાપ સાંભળ્યો. વળી, આ સમયમાં તેઓ સૌરાષ્ટ્રમાં વિચરણ કરે છે તે જાણી તે બન્ને પુત્રો શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારંગપુર ગયા. ત્યાં મહારાજનાં દર્શન કરી મહારાજના આશ્રિત થયા. પાછળથી આ બન્ને ભાઈઓએ સંસારનો ત્યાગ કરી શ્રીજીમહારાજ પાસે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. મહારાજે તેમનું નામ ભગવદાનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામી રાખ્યું. યોગાનંદ સ્વામીએ સંસ્કૃતનો અભ્યાસ કર્યો અને તત્ત્વજ્ઞાન ભરપૂર પ્રશ્નોત્તર સાથે સવાસો શ્લોકનો 'પ્રશ્નોત્તરસાગર' ગ્રંથ રચ્યો; જે ગ્રંથ 'મણિરત્નમાળા' ગ્રંથની તુલનામાં વિદ્વાનોએ અતિશય શ્રેષ્ઠ ગણ્યો છે. તેમનો બીજો ગ્રંથ 'બુધરઞ્જની' જેમાં 'શ્રીજીમહારાજ'ના નામના અનેક અર્થ અને મહિમાનું વર્ણન છે.

ભક્ત પાછળથી રામાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય થયા અને શ્રીજીમહારાજનો સંબંધ થતાં મહારાજની આજ્ઞા અનુસાર ત્યાગી થઈ ગયા. તેમનું ત્યાગાશ્રમનું નામ નિષ્કુળાનંદ સ્વામી હતું. વલ્લભજી જાની સાથે ભાદરા ગયેલા ગગાભાઈ સુથારના પુત્ર રામભાઈ પણ શ્રીજીમહારાજના આશ્રિત થયા અને મહારાજની અનન્ય ભક્તિ કરી ઉત્તમ ભક્ત બન્યા.

પરમાત્માની ઇચ્છાથી સમય જતાં વલ્લભજી જાનીએ પોતાના પુત્ર ભોળાનાથનાં લગ્ન કાળાવડના સુખદેવ દવેની પુત્રી સાકરબા સાથે કર્યાં. આ પ્રસંગે તેમણે ગુરુ આત્માનંદ સ્વામીને આ દંપતીને આશીર્વાદ આપવા કાળાવડ તેડાવ્યા. આત્માનંદ સ્વામી આજે કાંઈક જુદા જ આનંદમાં હતા તેમ સૌને લાગ્યું. જાણે કંઈક દિવ્ય વાણી ઉચ્ચારવાના હોય તેમ ભોળાનાથ અને સાકરબાને પોતાની પાસે બોલાવ્યાં. બન્નેને માથે આશીર્વાદનો અભય કર મૂકી તેમણે કહ્યું : "ભોળાનાથ ! તારે બે પુત્રો થશે અને તેમને પ્રગટ ભગવાન મળશે; તેમાં મોટા પુત્ર તરીકે અક્ષરબ્રહ્મ પોતે જ અવતાર લેશે. અને તે માટે પુરુષોત્તમ નારાયણ પણ તારે ઘેર આવશે અને તારા હાથથી થાળ જમશે." સૌ સ્વામીની આ વાણી સાંભળીને હરખવા લાગ્યા.

આ પ્રમાણે તે નવદંપતીને તેમણે આશીર્વાદ આપ્યા. સ્વામીએ લગ્નોત્સવ બાદ આ લગ્નપ્રસંગે ત્યાં આવેલા પોતાના તમામ શિષ્યોને ભેગા કરી, તેમને સંબોધીને કહ્યું : "મોક્ષની ઇચ્છાવાળા તમે મારા સર્વે સેવકો હવેથી રામાનંદ સ્વામીના આશ્રિત થઈ રહેજો. અમે તેને મહાદીક્ષા આપી છે. તેમના યોગે કરીને તમને શ્રી પુરુષોત્તમ નારાયણ સાક્ષાત્ મળશે. મેં હવે મારી ધર્મધુરા રામાનંદજીને સોંપી છે. માટે હવેથી તમો સૌ મારી જગ્યાએ તેમનું ગુરુપદ સ્વીકારી, તેમની આજ્ઞામાં રહેશો. રામાનંદ એ ઉદ્ધવનો અવતાર છે. ભગવાનની ઇચ્છાથી જ તેઓ આ પૃથ્વી ઉપર પધાર્યા છે. માટે જેમને મોક્ષની ઇચ્છા હોય, તેમણે અમારા શિષ્ય અને હવે તમારા સૌના ગુરુ રામાનંદ સ્વામીનો આશ્રય કરવો." ગુરુની આ વાણી સાંભળી શિષ્યવૃંદ સ્તબ્ધ બની ગયું. ગુરુ હવે અંતર્ધાન થવા સંકલ્પ કરે છે. હવે આ દર્શન, આ વાતુ નહિ મળે, તે વિચાર આવતાં સૌ શૂન્યમનસ્ક બની ગયા ! આત્માનંદ સ્વામીએ તેમના મનની આ સ્થિતિ જાણી લીધી.

શિષ્યવૃંદને તેમણે રામાનંદ સ્વામીનો આશ્રય કરવા સૂચના કરી.

પોતાના શિષ્યોને ભવિષ્યનું માર્ગદર્શન આ આજ્ઞાથી કરી, પોતે ત્યાંથી તરત ચાલી નીકળ્યા. પોતાને હવે આ ભૌતિક દેહનો ત્યાગ કરવો હતો એટલે પોતે સમુદ્રકિનારે રામપરા ગામ ગયા. અહીં આવી યોગની પ્રક્રિયાથી સ્વતંત્ર રીતે તેમણે દેહત્યાગ કર્યો.

✧ ✧ ✧

ભોળાનાથનું ગાર્હસ્થ્ય જીવન

વલ્લભજી જાનીના દેહાવસાન બાદ ભોળાનાથ અને સાકરબાએ કુટુંબની તમામ જવાબદારી સમજણપૂર્વક ઉપાડી લીધી. ગાર્હસ્થ્ય ધર્મનું સંપૂર્ણપણે અનુશીલન કરતાં ભોળાનાથ અને સાકરબાનું દાંપત્યજીવન સરળતાપૂર્વક ચાલતું હતું. ભોળાનાથ શિવભક્ત હતા અને સાકરબા કૃષ્ણભક્ત હતાં. પરંતુ શિવ અને કૃષ્ણની તાત્ત્વિક એકતા સમજતાં આ દંપતીનાં હૃદય તો કેવળ ભક્તિભાવથી ભરપૂર હતાં. જુદા જુદા પંથની સંકુચિતતા તેમને સ્પર્શી ન હતી. જડતાથી દૂર રહેલાં ભોળાનાથ અને સાકરબા સાથે જ શિવમંદિર અને કૃષ્ણમંદિરે દર્શને જતાં. વળી, રાત્રે પણ ભોજન બાદ શિવ અને કૃષ્ણનાં ચરિત્રોનું પાન કરતાં. પોતાનાં હૃદયમાં એ બન્ને સ્વરૂપોને પામવાની ભાવોર્મિઓનું સદા સેવન કરતાં.

ભોળાનાથ અને સાકરબાનું ગૃહસ્થજીવન તો આનંદ અને ભક્તિભાવપૂર્વક વહી જતું હતું. પરંતુ તેમાં તેમને એક અતૃપ્તિ હતી. ગૃહસ્થ જીવનને ભર્યું રાખનાર, ખોળાના ખૂંદનારની તેમના જીવનમાં ખામી હતી. ભોળાનાથને લગભગ ૩૩ વર્ષ થયાં હતાં એટલે તેમની પુત્રની એષણા તીવ્ર બની. તેઓ બન્નેએ નક્કી કર્યું કે પ્રભાસક્ષેત્રની યાત્રાએ જઈ ભોળાનાથને રીઝવવા.

સંવત ૧૮૩૭ના ચૈત્ર માસ બેસતાં જ ભોળાનાથ અને સાકરબા પ્રભાસક્ષેત્રની યાત્રાએ, ગામના લોકોનો સંગાથ હોવાથી ચાલી નીકળ્યાં. ચૈત્ર સુદ આઠમને દિવસે તેઓ મેખાટીંબી ગામે પહોંચ્યાં. અહીં એક આહીર પટેલના ડેલામાં ઉતારો કર્યો. સીધુંસામાન સાથે હોવાથી રસોઈ કરી સૌ જમ્યા.

રાત્રે પટેલના ફળિયામાં ગામના પટેલિયાઓ જાત્રાળુ સંઘનાં દર્શને આવ્યા. વાત નીકળતાં એક પટેલે ભોળાનાથને પૂછ્યું : "ભોળા શંભુનાં દર્શને જાત્રા નિમિત્તે જાઓ છો કે કાંઈ બીજું કારણ છે ?" એટલે ભોળાનાથે ભોળા ભાવે કહી દીધું : "જઈએ છીએ તો સંતાનની ઇચ્છાથી. પછી તો જેવી મહાદેવજીની મરજી !"

આ સાંભળી ત્યાં બેઠેલ વૃદ્ધ આહીર પટેલ સામત જે આત્માનંદ સ્વામીના ચુસ્ત શિષ્ય હતા અને આત્માનંદ સ્વામીને જ ભગવાન માનતા હતા, તે એકાએક બોલી ઊઠ્યા : "મહારાજ ! ભલે તમે પ્રભાસ જાઓ, પણ અત્યારે પ્રગટ ભગવાન તો આત્માનંદ સ્વામી છે. તેમને સંભારશો તો તમારો મનોરથ પૂરો થશે."

પટેલના આ વચનથી ભોળાનાથના અંતરમાં જાણે પ્રકાશનો ઝબકારો થઈ ગયો હોય તેવું તેમને લાગ્યું. ઉપવીત પ્રસંગે આત્માનંદ સ્વામીએ આપેલ આશીર્વાદ તેમને યાદ આવ્યા. તેમને લાગ્યું કે મોટાપુરુષે આપેલા આશીર્વાદ જરૂર ફળશે. રાત્રે પ્રભુકીર્તન કરી સૌ સૂઈ ગયાં. ભોળાનાથ પણ આત્માનંદ સ્વામીને સંભારતા સંભારતા નિદ્રાધીન થઈ ગયા.

સ્વપ્ન દર્શન-અક્ષરના અવતરણની આગાહી

તે જ રાત્રે સાકરબાને આત્માનંદ સ્વામીએ સ્વપ્નમાં દર્શન દીધાં. પોતે આપેલા આશીર્વાદની સ્મૃતિ કરાવતાં તેમણે સાકરબાને કહ્યું : "તમારો સંકલ્પ આજથી ચાર વર્ષ પછી ફળશે. આવતીકાલે ચૈત્ર સુદ નોમની રાત્રે સરવાર દેશમાં ધર્મદેવને ઘેર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન પ્રગટ થશે. તે પછી એટલે ચાર વર્ષ બાદ તમારે ત્યાં તે ભગવાનનું ધામરૂપ અક્ષર પુત્રરૂપે જન્મ લેશે. માટે તમારે પ્રભાસ જવાની જરૂર નથી."

સાકરબા એકદમ જાગી ગયાં. અંતરીક્ષમાંથી જાણે પડઘા પડતા હોય કે "તમારે ત્યાં ભગવાનના ધામરૂપ અક્ષર પુત્રરૂપે જન્મ લેશે." એ મધુર શબ્દનો રણકાર તેમના અંતરમાં ગુંજવા લાગ્યો. 'ભગવાનના ધામરૂપ અક્ષર પુત્રરૂપે પ્રગટ થશે... ધામરૂપ અક્ષર પુત્રરૂપે... ધામરૂપ અક્ષર... અક્ષર... અક્ષર... પુત્રરૂપે ! તેમના આનંદનો પાર ન રહ્યો. ફરી શબ્દ ગુંજ્યો અક્ષર પુત્રરૂપે... !'

પાસે સૂતેલા ભોળાનાથ આ શબ્દો સાંભળી એકદમ જાગી ગયા. તેમને લાગ્યું કે પત્નીને પુત્ર ઈચ્છાથી કદાચ ઉન્માદ થઈ ગયો હોય. તેમણે તેમને વાંસે હાથ ફેરવતાં કહ્યું : "ભોળાનાથની ઈચ્છા હશે તેમ થશે. અત્યારે તો સૂઈ જાઓ."

તે સાંભળી સાકરબા હસ્યાં. તેમણે કહ્યું : "ભોળાનાથની ઈચ્છા છે જ. આત્માનંદ સ્વામીએ મને સ્વપ્નમાં દર્શન આપી કહ્યું : "ભગવાનના ધામરૂપ અક્ષર તમારે ત્યાં પુત્રરૂપે પ્રગટ થશે... ધામરૂપ અક્ષર પુત્રરૂપે અહાહા ! પ્રભુ ! શું કૃપા !" એમ કહી તેઓ બોલ્યાં : "હવે આપણે પ્રભાસ જવાની જરૂર નથી. કાલે ભાદરા જ પાછાં જઈએ."

ભોળાનાથે સાકરબાના આ શબ્દોને મૂક સંમતિ આપી.

ભાદરાથી સાથે આવેલા સંઘને બીજે દિવસે પ્રભાસ તરફ વળાવી ભોળાનાથ અને સાકરબા ભાદરા પાછાં ગયાં. આત્માનંદ સ્વામીના વચનમાં અડગ વિશ્વાસ હતો તેથી ભાદરા આવ્યા પછી પુત્રેચ્છાની તીવ્રતા મંદ કરી દંપતી પ્રભુભજનમાં ગૂંથાયાં. એ પ્રમાણે લગભગ ત્રણેક વર્ષ વીત્યાં અને અક્ષરબ્રહ્મના અવતરણનાં ચિહ્નો કળાવા લાગ્યાં. ભોળાનાથ અને સાકરબાનું અંતર શાંતિ અને આનંદથી સભર બની ગયું. ભાદરાની ભોળી પ્રજાને પણ આ દંપતી પ્રત્યે કાંઈક અલૌકિક આકર્ષણ થવા લાગ્યું.

અક્ષરબ્રહ્મનું પ્રાગટ્ય

પૂર્ણબ્રહ્મના પ્રાગટ્યનો મંગલ દિવસ આવ્યો. સંવત ૧૮૪૧ના આસો સુદ પૂનમને સોમવારે[૧૩] રાત્રીના ૧૧ ઘડી અને ૪૦ પળ વીત્યા બાદ[૧૪] ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર, ધ્રુવ યોગ અને બવકરણ તેમજ રવિ વગેરે ઉત્તમ

૧૩. તા. ૧૭ ઑક્ટોબર, સને ૧૭૮૫.

૧૪. એક ઘડી એટલે ૨૪ મિનિટ અને એક પળ એટલે એક ઘડીનો ૬૦મો ભાગ અર્થાત્ ૨૪ સેકંડ. આ ગણત્રી મુજબ ૧૧ ઘડી અને ૪૦ પળ એટલે ચાર કલાક અને ૪૦ મિનિટ જેટલો સમય થાય છે. ૧૭મી ઑક્ટોબરે ભાદરા-ધ્રોળમાં સૂર્યાસ્ત ૬-૨૧ મિનિટે થાય છે. તેથી રાત્રિના ૧૧ ઘડી ને ૪૦ પળ વીત્યા બાદનો સમય એટલે રાત્રિના ૧૧-૦૧ વાગ્યા જેટલો થાય છે. જો કે પરંપરાગત રીતે મધ્યરાત્રિએ સ્વામીનો જન્મ થયાનું ચાલતું આવ્યું હોવાથી વર્ષોથી રાત્રે ૧૨-૦૦ વાગે જન્મોત્સવ ઉજવાય છે.

ગ્રહાદિકના બળવાન યોગમાં, ભાદરાની ધરતી પર[૧૪અ] ભોળાનાથને ઘેર સાકરબા થકી અક્ષરબ્રહ્મ સ્વયં બાળસ્વરૂપે પ્રગટ થયા. આ સમયે શરદોત્સવના આહ્‌લાદક ઉત્સવમાં રાત્રી જાણે પ્રભુભજનમાં લીન થઈ ગઈ. જેમ શરદનો ચંદ્ર પૂર્ણ પ્રકાશથી ખીલી રહ્યો હતો તેવા જ આહ્‌લાદક ભાવથી ભાદરાની સમગ્ર પ્રજાનાં અંતર પણ કોણ જાણે આ બાળકના જન્મોત્સવથી ખીલી રહ્યાં. આને ગાર્હસ્થ્ય જીવનની સાંગોપાંગ પૂર્ણતા માનતા ભોળાનાથ પણ જે પ્રસંગની વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા તે પ્રસંગ આજે પ્રાપ્ત થવાથી અત્યંત આનંદમાં હતા.

વહેલી સવારે સ્નાન કરી નિત્યકર્મથી પરવારી તેમણે બ્રાહ્મણોને યથોચિત દાન આપ્યાં. ગામની સ્ત્રીઓ પણ ભક્તિભાવ ભરપૂર સાકરબાને પુત્ર પ્રસવ થયો તે જાણી હરખાતી હરખાતી, કોઈ મીઠાઈ, તો કોઈ વસ્ત્ર, તો કોઈ કાંઈક વાસણ વગેરે ભેટ લઈ બાળકનાં દર્શન માટે આવવા લાગી. અજાણતાં પણ ભોળાનાથનું ઘર તીર્થરૂપ બની ગયું !

બીજે જ દિવસે રામાનંદ સ્વામી શેખપાટથી ભાદરા પધાર્યા અને વસ્તા ભક્તને ઘેર ઉતારો કર્યો. સહુ ભક્તો સ્વામીનાં દર્શને આવ્યા ત્યારે સ્વામીએ પૂછ્યું : "ભોળાનાથ ક્યાં છે ?" એટલે ભોળાનાથને બોલાવવા એક હરિભક્ત ગયા. રામાનંદ સ્વામી પધાર્યા અને તે પણ આવા મંગળ સમયે ! તેથી પોતાનું અહોભાગ્ય માનતા ભોળાનાથ તરત જ રામાનંદ સ્વામીનાં દર્શને આવ્યા. સ્વામીને સાષ્ટાંગ દંડવત્ કરી પોતે સ્વામી સન્મુખ બેઠા.

એટલે સ્વામીએ કહ્યું : "ભોળાનાથ ! તમો આત્માનંદ સ્વામીના શિષ્ય છો તેથી સ્વામીના પ્રતાપે સુખી છો. ગઈ કાલે રાત્રે તમારે ત્યાં પુત્રજન્મ થયો છે તે પુત્ર કાંઈ સાધારણ પુરુષ નથી. પરંતુ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન, જે ચાર વર્ષ પહેલાં સરવાર દેશમાં ધર્મભક્તિને ઘેર પ્રગટ થયા છે, તેમને રહેવાના સાક્ષાત્ ધામ અક્ષરબ્રહ્મનો અવતાર છે. તે પુરુષોત્તમ-નારાયણ તમારે ઘેર થોડા સમય બાદ પધારશે."

એ પ્રમાણે રામાનંદ સ્વામીએ ભોળાનાથનાં અહોભાગ્ય કહ્યાં, તેમના પુત્રને આશીર્વાદ આપ્યા અને બીજે દિવસે કચ્છ તરફ પ્રયાણ કર્યું.

ત્યાર બાદ ભોળાનાથે નિષ્ણાત જ્યોતિષીને બોલાવી પુત્રના જન્માક્ષર

૧૪અ. જુઓ પરિશિષ્ટ : ૧, પૃષ્ઠ ૫૮૧.

કરાવ્યા. સર્વ પ્રકારે ગ્રહોનો ઉત્તમ યોગ જોઈ, જ્યોતિષીએ કહ્યું : "ભોળાનાથ ! આ તમારો પુત્ર કોઈ સાધારણ વ્યક્તિ નથી. ગ્રહો ઉપરથી એમ લાગે છે કે આ કોઈ અવતારી પુરુષ છે, સાક્ષાત્ નારાયણની ઉત્તમ વિભૂતિ છે. આ પુત્ર બહુ જ પ્રતાપી થશે અને પોતાની બ્રહ્મવાણીથી અનેક જીવોનાં અજ્ઞાન હરી, તેમને બ્રહ્મરૂપ કરી દેશે; અનેકનાં કલ્યાણ કરશે; મુમુક્ષુઓનાં ચિત્ત પોતાના સ્વરૂપમાં ખેંચી લેશે. બૃહસ્પતિસમા વક્તા થશે અને ભાગવત ધર્મનું પ્રસારણ કરશે. સંપૂર્ણ જ્ઞાની, ઐશ્વર્યવાન અને પોતાની તીવ્ર સ્મરણશક્તિથી થોડા શબ્દોમાં ઘણું સમજાવી, મુમુક્ષુઓનાં હૃદય ભેદી નાખશે. તેમને વખતોવખત પ્રવાસ કરવો પડશે. સદા અનાસક્ત, વિદ્યાવિલાસી અને નારાયણના સ્વરૂપ સાથે અખંડ સન્નિધિ અનુભવશે. મોટા મોટા મહારાજાઓ, શેઠિયાઓ તેમના શિષ્ય થશે. લોકો તેમનાં ચરણમાં વૈભવ સમૃદ્ધિ ધરશે પરંતુ આ બાળક તે ગ્રહણ નહિ કરે. લાખો મનુષ્યો તેમને નારાયણના સમાન જ પૂજશે. તેમની શરીર સંપત્તિ પુષ્ટ, કાંતિવાન અને નિરોગી રહેશે."

આ પ્રમાણે જ્યોતિષીએ આ બાળકના ઉત્તમ ગ્રહોનું ફળ કહ્યું. ભોળાનાથના આનંદનો પાર ન રહ્યો. તેમને થયું કે ભલે ભગવાને મોડી કૃપા કરી પરંતુ આવી કૃપા કરીને ખરેખર મને કૃતાર્થ કરી દીધો.

અક્ષરનું નામકરણ

થોડા સમય બાદ રામાનંદ સ્વામી કચ્છથી પાછા ફરતાં ફરી ભાદરા પધાર્યા. ભોળાનાથે રામાનંદ સ્વામીને પોતાના પુત્રના જન્માક્ષર બતાવ્યા અને કહ્યું : "સ્વામી ! આપ આ બાળકનું નામકરણ કરો."

ત્યારે સિંહ રાશિ ઉપરથી બાળકના નામનાં અન્ય સૂચનો ઘણાં આવ્યાં પરંતુ રામાનંદ સ્વામીએ તો દૃઢતાપૂર્વક કહ્યું : "આ બાળકનું નામ 'મૂળજી' રાખો. બાળકના ગ્રહો ઘણા જ ઉત્તમ છે. માટે તેનું 'મૂળજી' નામ જ સર્વ પ્રકારે સાર્થક છે."

ભોળાનાથે રામાનંદ સ્વામીની ઇચ્છા મુજબ બાળકનું નામ 'મૂળજી' રાખ્યું. ગામલોકો ત્યારથી તેમને મૂળજી શર્મા[૧૫]ના લાડીલા નામથી સંબોધવા

૧૫. બ્રાહ્મણપુત્રને શર્માથી પણ સંબોધન કરાય છે.

લાગ્યા.

સાકરબાને પણ મૂળજીને જોતાં એમ થતું કે 'આ મારો પુત્ર, આત્માનંદ સ્વામીએ સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું છે તે પુરુષોત્તમનારાયણના ધામ અક્ષરબ્રહ્મનો જ અવતાર છે. તેમને માટે જ પુરુષોત્તમનારાયણ મારે ઘેર પધારશે અને તેમનાં મને દર્શન થશે. હું તેમને થાળ જમાડીશ ! અહો ! ક્યાં પુરુષોત્તમનારાયણ ? ક્યાં તેમના ધામરૂપ અક્ષર અને ક્યાં હું ? મારાં કેવાં અહોભાગ્ય ! આજે હું ધન્ય બની ગઈ છું !'

મૂળજીના વિચારમાં જ સાકરબા તલ્લીન થઈ ગયાં. તેમને થયું કે આ બાળક જરૂર મહાન છે. પારણામાં પણ કેવી સ્વસ્થતાથી સૂવે છે ! જાણે સમાધિમાં ન હોય ! રડતો પણ નથી. મળમૂત્ર પણ નિયમિત, કોઈને પણ તકલીફ આપ્યા સિવાય કરે છે. કોઈ પાસે પણ સેવા ન કરાવવી એવું તો જાણે વ્રત લીધું ન હોય ! ખરેખર મહાન પુરુષો અન્યની સેવા કરીને આનંદ અનુભવે છે. પરંતુ પોતાની સેવા કોઈ કરે તેવું ઇચ્છતા નથી.

આવા અનેક વિચારોમાં સાકરબા તલ્લીન થઈ ગયાં. ત્યાં મૂળજી પારણામાં જાગ્યા એટલે સાકરબાએ તરત જ તેમને તેડીને પોતાની ગોદમાં સમાવી દીધા. જાણે છૂટા પડવું જ નથી એવી અનિર્વચનીય પ્રેમની ભાષા તેમના મુખ ઉપર તરવરી રહી.

બાળલીલા

સંવત ૧૮૪૫માં મૂળજી જ્યારે ચાર વર્ષના થયા ત્યારે એક વખત તેમણે તેમનાં માતુશ્રીને કહ્યું : "મા ! મને દૂધ આપો."

એટલે સાકરબાએ કહ્યું : "બેટા, ઠાકોરજીને ધરાવીને આપું."

તે સાંભળી મૂળજીએ હસતાં હસતાં કહ્યું : "મા ! ઠાકોરજી તો મારા હૃદયમાં અખંડ બિરાજમાન છે. તમારા ઉદરમાં હતો ત્યારે અને તે પહેલાં પણ ઠાકોરજી તો મારી સાથે અખંડ છે જ. હું જમું તો મારી સાથે ઠાકોરજી જમે છે, હું સૂઉં તો ઠાકોરજી મારી સાથે સૂવે છે. માટે હું દૂધ પીશ તો ઠાકોરજી મારી ભેગા દૂધ પીશે. બહારના ઠાકોરજી અને મારા અંતરના ઠાકોરજી એક જ છે."

સાકરબા તો બાળક મૂળજીની આવી જ્ઞાનપૂર્ણ વાણી સાંભળી

આશ્ચર્યમુગ્ધ થઈ ગયાં ! બાળક મૂળજીની આ ભાષા તેમને તો સમજાય તેવી ન હતી. છતાં મૂળજીના ઠાકોરજી સાથેની એકતાના શબ્દો સાંભળી તેમને લાગ્યું કે 'મૂળજી ઠાકોરજીનું નિવાસભૂત ધામરૂપ અક્ષર છે !' તેમણે તરત જ દૂધ લાવીને મૂળજીને આપ્યું. બાળ મૂળજી માતા સામું જોઈ હસતાં હસતાં દૂધ પી ગયા. સાકરબાએ દૂધનો ખાલી વાટકો મૂળજી પાસેથી લીધો. બાળકને દૂધ પાઈ સંતોષપૂર્વક પાછા જતાં સાકરબાએ ઠાકોરજી તરફ દૃષ્ટિ કરી ત્યારે ઠાકોરજીના હોઠ ઉપર દૂધ પીધાની સફેદ ઝીણી રેખા તેમણે જોઈ. તેમના આનંદનો પાર ન રહ્યો.

✧

આ જ વર્ષના ફાગણ સુદ દશમને દિવસે મૂળજીએ એકાએક તેમનાં માતુશ્રીને કહ્યું : "મા, મા ! આજે તો મારા પ્રભુ પુરુષોત્તમનારાયણને અયોધ્યામાં જનોઈ દેવાય છે. માટે આજ તો જનોઈનાં ગીતો ગાઓ."

બાળ મૂળજીની આવી કાલી વાણી સાંભળી સાકરબાને તો આનંદ જ થતો. પરંતુ પરાવાણીના એ શબ્દનો અર્થ તેમને ન સમજાતો. ગામની અન્ય સ્ત્રીઓ તેમને ઘેર આવે કે નદીકાંઠે મળે ત્યારે તેઓ તેમને કહેતાં : "મારો મૂળજી તો એવું એવું બોલે છે કે જાણે મોટો પંડિત ન હોય ! હું તો તે બોલે એમાં કાંઈ ન સમજું. પણ તેનાં વેણ સાંભળવાં બહુ ગમે."

ગામની સ્ત્રીઓને પણ આટલી અવસ્થામાં પણ આ બાળકમાં અપૂર્વ પ્રતિભાનાં દર્શન થતાં. તેથી આ બાળક વિષે કાંઈક કાંઈક અટકળો કરી મનમાં ને મનમાં આ બાળકને અખંડ સંભાર્યાં જ કરતી.

સુંદરજીનો જન્મ

આ જ અરસામાં સાકરબાએ બીજા પુત્રને જન્મ આપ્યો. આ પુત્રનું નામ સુંદરજી રાખ્યું. બાળ મૂળજી તો જાણે સહારો મળી ગયો હોય તેમ નાના સુંદરજી સાથે પોતાની ભાષામાં વાતો કરવા લાગ્યા. સુંદરજી પણ પારણામાં સૂતાં સૂતાં મોટાભાઈ મૂળજીની અગમ્ય વાતો સાંભળતા, મેષોન્મેષ દૃષ્ટિથી તેમની સામું જોઈ રહેતા અને ક્વચિત્ હસતા પણ ખરા, ક્વચિત્ તેમની બાળસુલભ ચેષ્ટાથી મૂળજીના ઉપદેશનો જવાબ આપતા. પરંતુ મૂળજી તો અંતરની વાણી સમજી લેતા એટલે તેમને શબ્દોની જરૂર

પડતી નહિ.

એક પ્રસંગે મૂળજી, નાનાભાઈ સુંદરજીને પારણામાં ઝુલાવતા હતા અને ઘડી-ઘડી પારણું થંભાવી સુંદરજી સાથે વાતો કરતા હતા. માતા ત્યાંથી પસાર થયાં એટલે હસતાં હસતાં તેમણે મૂળજીને પૂછ્યું : "તું સુંદરજીને શી વાતો કરે છે ?"

એટલે મૂળજીએ કહ્યું : "મા, મા, હું તો સાધુ થવાનો છું અને આ સુંદરજીને પણ સાધુ બનાવી દઈશ."

આપણે સાધુ નથી થવું

જાણે આભ પડ્યું હોય એવો આંચકો અનુભવતાં સાકરબાએ તરત જ પારણામાંથી બાળકને તેડી લીધું અને છાતી સરસું દબાવી મૂળજીને કહ્યું : "ના મા, આપણે સાધુ નથી થવું. આવું અમંગળ ન બોલવું."

પરંતુ સાકરબાને કેમ સમજાય કે न हि स्वात्मारामं विषयमृगतृष्णा भ्रमयति । જે કેવળ આત્મારામ હોય તેને આ સંસારના મૃગતૃષ્ણા જેવા સુખનું પ્રલોભન ન હોય. સાકરબાનું જગત એટલે આ નાનકડું ઘર, પતિ અને પુત્રો. જ્યારે વિરક્ત મૂળજીનું જગત એટલે પુરુષોત્તમનારાયણ અને તેમના મુક્તો ! ઉત્તર અને દક્ષિણ ધ્રુવ વચ્ચેના અંતર સમાન આ અંતર કાપવાની બેમાંથી કોઈની પણ તૈયારી ન હતી.

એક વખત મૂળજી એકાંતમાં એક સૂરે રામધૂન લગાવી ભજન કરતા હતા. તેમના પિતા એકાએક તેમની પાસે આવ્યા. પરંતુ ધૂનમાં તલ્લીન થયેલા મૂળજીનું તેમના તરફ લક્ષ્ય ગયું નહિ. ભોળાનાથ થોડો સમય એ પ્રમાણે જ શાંત ઊભા રહ્યા. પણ મૂળજીના ભજનનો તાર તૂટ્યો નહિ. છેવટે થાકીને તેમણે કહ્યું : "મૂળજી બેટા ! અત્યારે શું કરો છો ? આવું ભજન તો ઘરડા થઈએ ત્યારે કરીએ. અત્યારે તો રમો, જમો અને આનંદ કરો."

આ સાંભળી પિતૃભક્ત મૂળજી શાંત થઈ ગયા. પિતાને બે શબ્દ કહેવા તે તેમને વિનયની મર્યાદા બહાર લાગ્યું. એટલે તરત જ પોતે કપડાં પહેરી ગામમાં ફરવા નીકળી પડ્યા. ભોળાનાથને પણ મૂળજીની આજ્ઞા-પરાયણતાથી આનંદ થયો.

મૂળજી ગામમાં ફરીને ઘેર આવ્યા. વાળુ કરીને રાત્રે સૌ સાથે બેઠા

હતા તે વખતે મૂળજીએ પિતાને કહ્યું : "બાપુ ! આપે આજે કહ્યું હતું કે ભજન તો ઘરડાએ કરવાનું હોય પણ હું તો હમણાં ગામમાં ફરીને આવ્યો, ત્યારે મેં જોયું કે ગામના ચોરા પાસે વડ નીચે બધા જ ઘરડા આ જગતની કથામાં જ ગૂંચવાયેલા છે. તેમને ભગવાનની વાત સાંભળવી જ ગમતી નથી તો ભજન કરવું તો ક્યાંથી ગમે ? માટે વૃદ્ધપણાને વાયદે રહીએ તો જુવાનીની કમાણી પણ જાય. આ દેહનો શું નિર્ધાર છે ?"

ભોળાનાથ પુત્રની આવી રહસ્યમય વાણી સાંભળી આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. સિદ્ધોને પણ જે અગમ્ય છે એવી જ્ઞાનની ભાષા બાળક મૂળજીને સુલભ હતી. તેમના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો.

અમે લાડુ જમવા આવ્યા નથી

ભોળાનાથને સહકુટુંબ ગામના વસ્તા પટેલને ત્યાં જમવાનું આમંત્રણ હતું. ભોળાનાથ સવારમાં વહેલા પટેલને ઘેર ગયા અને લાડુ, કઢી, રોટલા, ખીચડી વગેરે રસોઈ તેમણે બનાવી દીધી. પછી જમવાના સમયે બધાને તેડીને પોતે ત્યાં આવ્યા. ઠાકોરજીને થાળ જમાડી સૌને પીરસ્યું, એટલે સૌ જમવા માંડ્યા. પરંતુ મૂળજી તો આંખો મીંચી ધ્યાનસ્થ દશામાં બેસી રહ્યા. ત્યારે ભોળાનાથે તેમને જગાડીને કહ્યું, "મૂળજી ! હવે જમો."

ત્યારે મૂળજીએ પોતાના ભાણામાંથી લાડુ કાઢી નાખી ફક્ત રોટલો અને કઢી રહેવા દીધાં અને બોલ્યા : "હું તો રોટલો અને કઢી જ જમીશ. અમે કાંઈ લાડુ જમવા આવ્યા નથી."

આ સાંભળી દેવા પટેલ બોલ્યા : "સાકરબા ! તમે સાચું કહો છો. તમારા મૂળજીને તો આ સંસારમાં ક્યાંય પ્રીતિ જ નથી."

પછી બહુ રીતે મૂળજીને સમજાવ્યા કે તમો લાડુ જમો. પણ તેમણે ના જ કહી અને ફક્ત કઢી ને રોટલો તે જમ્યા.

જમ્યા બાદ વસ્તા પટેલે ભોળાનાથને તથા મૂળજીને દક્ષિણા આપી. ભોળાનાથે તો આશીર્વાદ આપતાં 'સ્વસ્તિ' કહ્યું, તે સાંભળી મૂળજીએ કહ્યું : "'સ્વસ્તિ' શબ્દ કરતાં પણ અનંતનું શુભ કરનાર પુરુષોત્તમ-નારાયણનો મંત્ર બહુ બળિયો છે. હું તમને તે પુરુષોત્તમનારાયણ આપું." એમ કહીને બે હાથે વસ્તા પટેલને આશીર્વાદ આપ્યા.

હું તો ધામ જોવા ગયો હતો

સાત વર્ષના મૂળજી એક વખત ઘરની ઓસરીમાં બપોરે સૂઈ ગયા. તેમનાં માતુશ્રી ખેતરમાં કામે ગયાં હતાં. તેઓ પાછાં આવ્યાં. પરંતુ મૂળજી તો હજુ પણ સૂતા જ હતા. તેમને લાગ્યું કે કોઈ દિવસ નહિ અને આજે મૂળજી આટલી બધી વાર કેમ સૂઈ રહ્યા છે. તેમણે મૂળજીને જગાડતાં કહ્યું : "મૂળજી ! આજે કાંઈ આટલું બધું સૂઈ રહ્યા છો, તે શરીર તો સારું છે ને ?"

એટલે મૂળજીએ હસતાં હસતાં માને કહ્યું : "મા ! હું ઊંઘતો ન હતો. હું તો ભગવાનનાં વૈકુંઠ, ગોલોક, બદરિકાશ્રમ વગેરે ધામો જોવા ગયો હતો. તે બધાં ધામોના પતિ પોતપોતાના મુક્તો સાથે આ પૃથ્વી ઉપર પુરુષોત્તમનારાયણ પધાર્યા છે તેમની સેવા માટે અવતાર ધરી અહીં આવ્યા છે. હું પણ તે કાર્ય માટે જ અહીં આવ્યો છું."

મૂળજીનો દરેક શબ્દ સમજાય કે ન સમજાય, છતાં સાકરના રસની જેમ મા તે શબ્દો પીતાં હતાં. તેમને લાગતું કે મૂળજી આ લોકની વાણી નથી બોલતા. છતાં તે બોલતા તે એટલું મીઠું લાગતું કે સાકરબા તો મૂળજીની સામું જ જોઈ રહેતાં. મૂળજીને પણ સાકરબાના આ ભાવથી આનંદ થતો. તેમને થતું અક્ષરધામની અગમ્ય વાણી આ ડોશીમા કેમ ઉકેલી શકે ?

એક દિવસ સાકરબા ખેતરમાં જતાં હતાં ત્યારે તેમણે મૂળજીને બોલાવીને કહ્યું : "તમો અને સુંદરજી બન્ને દૂધ પી લેજો." એમ કહીને તેઓ ગયાં.

પછી મૂળજીએ ઠાકોરજીને ધરાવી નાનાભાઈ સુંદરજીને દૂધ આપ્યું અને પોતે પણ થોડું લીધું. સાકરબા જ્યારે ઘેર આવ્યાં ત્યારે મૂળજીને પૂછ્યું : "તમે દૂધ પીધું ?" તે વખતે મૂળજીને ઓડકાર આવ્યો. ગોખલામાં પધરાવેલ બાલમુકુંદની મૂર્તિને પણ તે વખતે ઓડકાર આવ્યો. મૂળજી ભેગા ઠાકોરજી દૂધ પીએ છે તે રહસ્ય માતાને સમજાઈ ગયું.

ફૂલદોલનો ઉત્સવ

આ જ અરસામાં ફૂલદોલનો ઉત્સવ આવ્યો. વશરામ સુથાર મૂળજી

માટે ખજૂર, પતાસાં વગેરે લાવ્યા. ત્યારે મૂળજીએ તેમને કહ્યું : "વશરામભાઈ ! આજે ફૂલદોલનો ઉત્સવ છે. આજે અયોધ્યામાં પુરુષોત્તમનારાયણ ફૂલદોલનો ઉત્સવ કરી પોતાના મિત્રોને પ્રસાદી આપે છે. આપણે પણ આજે આ ઉત્સવ ઊજવીએ."

વશરામ સુથારને આ વિચાર ગમ્યો. તરત જ મિત્રોને ભેગા કરી એક સુંદર હિંડોળો તૈયાર કર્યો. તેને પુષ્પના હારથી શણગાર્યો. પછી તેમાં બાલમુકુંદની મૂર્તિ પધરાવી. પછી તે મૂર્તિની આરતી મૂળજીએ ઉતારી.

તે પ્રસંગે બાલમુકુંદની મૂર્તિમાંથી અતિશય પ્રકાશ નીકળ્યો. સમગ્ર ઓરડામાં પ્રકાશ વ્યાપી ગયો, પછી ધીરે ધીરે તે પ્રકાશ સંકેલાઈને આરતી ઉતારતા મૂળજીના શરીરમાં પ્રવેશ્યો. બાળમિત્રોએ તથા પાસે ઊભેલા સર્વેએ આ ચમત્કાર નજરે જોયો. મૂળજી તો સ્થિર દૃષ્ટિએ બાલમુકુંદની આરતી ઉતારી રહ્યા હતા. તેઓ તો જાણતા જ હતા કે પ્રકાશના પુંજરૂપ જેમનું નિવાસસ્થાન હોય તે બાલમુકુંદ પોતાના પ્રગટ દિવ્ય સ્વરૂપની અથવા પોતાના નિવાસરૂપ અક્ષરબ્રહ્મના પ્રકાશરૂપ સ્વરૂપની ઓળખાણ કરાવવા આટલો સહજ ઈશારો કરે છે. છતાં મનુષ્યની લૌકિક બુદ્ધિમાં આ અલૌકિકતા બંધ નથી બેસતી. તેથી સૌને આવા પ્રસંગો ચમત્કાર જેવા જણાય છે.

પરંતુ પ્રકૃતિથી પર અને તેનું કારણ એવું સચ્ચિદાનંદરૂપ અક્ષરધામ અને તે ધામના પતિ પુરુષોત્તમનારાયણ આજે પોતાનું સમગ્ર ઐશ્વર્ય છુપાવી પૃથ્વી ઉપર મનુષ્યસ્વરૂપે પધાર્યા છે, તે મોટો ચમત્કાર નથી ? ક્યાં પૃથ્વીનો પચાસ કરોડ જોજન પટ અને ક્યાં અધોઊર્ધ્વ અને પ્રમાણે રહિત અક્ષરધામ ! અને તે ધામના પતિ પુરુષોત્તમનારાયણ !

કેવળ જીવો ઉપર દયા કરી તેમનું આત્યંતિક કલ્યાણ કરવા માટે પૃથ્વી ઉપર મનુષ્યરૂપ ધારી પુરુષોત્તમનારાયણ પોતાના અક્ષરધામ સહિત પધારે છે તે દિવ્ય ઘટના જ માનવીના અંતરમાં બેસતી નથી તે પણ મોટો ચમત્કાર છે ! જીવોની જીવદશા કેટલી રૂઢ હશે ?

અમે તો સાક્ષાત્ અક્ષરધામ છીએ

આવા અનેક પ્રસંગોની પરંપરા રચી મૂળજી ભક્ત દિવસો નિર્ગમન

કરતા હતા. જેમ ફૂલનો અકારણ પણ સુગંધ આપવાનો જ સ્વભાવ છે, તેમ મૂળજી ભક્તનું જીવન જ એવું હતું કે સહેજે-સહેજે તેમની દિવ્યતાની ઝાંખી સૌને થયા જ કરે.

મૂળજીને ખભે એક મોટું ગૂમડું થયું હતું. તેની પીડા અસહ્ય હતી. સાકરબા રોજ સારવાર કરતાં. પરંતુ મૂળજીને પીડા થતી હતી તે વિચારથી તેમને દુઃખ થતું હતું. મૂળજી ભક્ત તો પીડાનો લેશમાત્ર ભાવ જણાવા દેતા નહિ. છતાં પીડા અસહ્ય હતી તે સૌ સમજી શકે તેમ હતું. એક રાત્રે મૂળજી ભક્ત ભજન કરતા પથારીમાં બેઠા હતા. તેવામાં અર્ધરાત્રી થતાં પૂર્ણ પુરુષોત્તમનારાયણ પીળું પીતાંબર અને માથે દક્ષિણી પાઘ પહેરી પધાર્યા. લલાટમાં કેસરની સુંદર અર્ચા કરી હતી. પગમાં સુંદર ચાખડીઓ ધારણ કરી હતી. આ દિવ્યમૂર્તિનાં બહાર દર્શન થતાં જ મૂળજી ભક્તની અંતર્મુખ થયેલી સમગ્ર વૃત્તિઓ આ દિવ્ય સ્વરૂપમાં જોડાઈ ગઈ અને મૂળજી કાષ્ઠવત્ પથારીમાં પડી ગયા. માતાપિતા બન્ને એકાએક જાગી ગયાં અને મૂળજીને કાષ્ઠવત્ પથારીમાં પડેલા જોઈ તેમને લાગ્યું કે મૂળજી ભક્ત મૃત્યુ પામ્યા. તેથી અત્યંત શોકાતુર થઈ પતિપત્ની રુદન કરવા લાગ્યાં. થોડીવારે મૂળજી ભક્ત પોતાની સમગ્ર વૃત્તિઓને હૃદયાકાશમાં લીન કરી જાગ્રત થયા. માતાપિતાને રુદન કરતાં જોઈ તેમણે પૂછ્યું : "શા માટે રડો છો ?" આમ, એકાએક મૂળજીને સજીવન થયેલા જોઈ, માતપિતાને અત્યંત આનંદ થયો. તેમણે અશ્રુ લૂછતાં મૂળજીને કહ્યું : "ભાઈ ! તમે તો મૃત્યુ પામ્યા હતા. પરંતુ ભગવાને અમારાં માટે તમને પાછા મોકલ્યા."

માતપિતાની ભોળપ ઉપર મૂળજી હસ્યા. જેમ યશોદાને મુખમાં બ્રહ્માંડ બતાવી શ્રીકૃષ્ણે પોતાના સ્વરૂપની ઝાંખી કરાવી હતી, તેમ ઘડીભર તો મૂળજીને થયું કે આ માતાપિતાને મારા દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવી દઉં. પરંતુ એ ભાવ તેમણે દાબી દીધો. ઐશ્વર્ય બતાવવાથી જ્ઞાન પ્રાપ્ત થતું નથી. પરંતુ જ્ઞાન પ્રાપ્ત થવાથી જ દિવ્યતા સમજાય છે. તેથી શાંત ચિત્તે મૂળજી ભક્તે કહ્યું : "મા ! મનુષ્યને માથે જન્મ અને મરણ છે પણ અમારે માથે જન્મ મરણ નથી. અમે તો ભગવાનને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છીએ."

સાકરબા ચમક્યાં. મૂળજી અક્ષરધામનો અવતાર છે ! આત્માનંદ

સ્વામીના વચનની સત્યતા તેમને સમજાણી. પરંતુ મૂળજીને માતાને પુત્રભાવના લાડકોડનો લહાવો લેવા દેવો હતો. તેથી તરત જ ભાવ દબાવી પોતે બોલી ઊઠ્યા : ''મા, મા ! મને શું થયું હતું ?''

અજ્ઞાનનો અંચળો મા ઉપર ફરી વળ્યો. માએ પુત્રને પાસે ખેંચી ખોળામાં બેસારી દીધો. ''શું થાય બેટા ! અમારા ઘડપણ સામું ભગવાને જોયું. તને સાજો-નરવો પાછો આપ્યો.''

શોકનું વાતાવરણ ઓસરી ગયું. ભગવાન પણ આ લીલા નિહાળતા હસતાં હસતાં અંતર્ધાન થઈ ગયા.

✧

મૂળજીને કોઠાં, બોર, આમલી વગેરે ઉપર ઘણી જ રુચિ હતી. એટલે જ્યારે જ્યારે તેઓ તે ખાતા ત્યારે ભોળાનાથ તેમને ઠપકો આપતા કે ''મૂળજી ! ઘરમાં શું અનાજ, ઘી, ગોળની ખોટ છે તે આવું ખાઓ છો ?''

મૂળજી કશો ઉત્તર આપતા નહિ. મૂળજી ભક્તના આ મૌનમાં ભોળાનાથને તેમની તપસ્વી પ્રકૃતિનાં દર્શન થતાં.

✧ ✧ ✧

ઉપવીત સંસ્કાર

સંવત ૧૮૪૯ના જેઠ સુદ પાંચમના માંગલિક દિવસે મૂળજી ભક્તને યજ્ઞોપવીત ધારણ કરાવવાનો વિધિ કરાવ્યો. આ પ્રસંગે યજ્ઞોપવીત ધારણ કરાવનાર ગુરુ બ્રહ્મચર્ય આશ્રમમાં પ્રવેશ કરતા બટુકને પાળવાનાં વ્રતો સમજાવે છે. તેમાં વિદ્યાભ્યાસ એ પણ આવશ્યક વ્રત હોવાથી ગુરુએ કહ્યું : ''મૂળજી ! હવે વિદ્યાભ્યાસ કરીને આ આશ્રમ શોભાવજો.''

ત્યારે મૂળજી ભક્તે હસતાં-હસતાં કહ્યું : ''પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનાં લીલા ચરિત્રોનું ગાન કરવારૂપ જે બ્રહ્મવિદ્યા, જે વિદ્યાનો લેશ આ બ્રહ્માંડમાં પણ નથી એ પરાવાણી હું ભણ્યો છું. મારે પછી બીજી વૈખરી[૧૬] વાણીરૂપ વિદ્યા ભણવાનું શું પ્રયોજન છે ? છતાં તમારી આજ્ઞા છે તો કાશી જઈશું.''

૧૬. વિરાટના મુખમાંથી નીકળી તેથી વૈખરી સંજ્ઞા પામી, જે અકાર, ઉકાર ને મકાર ત્રણ વર્ણરૂપે થઈને પ્રણવરૂપે થઈ, બાવન અક્ષરરૂપે થઈને ચારવેદરૂપે થઈ. વચ. સારંગપુર ૬.

પછી ગુરુએ માતાને ભિક્ષા પીરસવા આવવા કહેવરાવ્યું. એટલે કાશી વિદ્યા ભણવા જતાં બટુક બ્રહ્મચારી મૂળજી ભક્તને માતાએ ભિક્ષા પીરસી. પછી ગુરુએ મૂળજી ભક્તને કહ્યું : "સ્વસ્તિ તો કહો."

મૂળજી ભક્તને હસવું આવ્યું. તેમને થયું કે આ ગુરુ સમજ્યા વિના કેવળ યંત્રવત્ વિધિ કરાવતાં શીખ્યા છે. આ પ્રસંગે તો માતાના આશીર્વાદ લેવાના હોય. આ કાંઈ દક્ષિણા કે દાન લેવાનો પ્રસંગ નથી કે રિવાજ મુજબ 'સ્વસ્તિ' બોલ્યે જ રાખવું.

પછી બટુકને કાશી જવાનો પ્રસંગ આવ્યો. ગામના ચોક સુધી બટુકને વળાવવા સૌ ગયા. ગુરુએ પાણીના સાત લીટા પૃથ્વી ઉપર કરી "સાત સમુદ્ર ઓળંગીને વિદ્યા પ્રાપ્ત કરવા જવાનું છે. બહુ કઠિન કામ છે માટે હિંમત રાખવી." વગેરે સૂચનો કર્યાં. પછી બટુક તો જળના સાત લીટા ઉપર પગ મૂકીને દોડ્યા. આગળ ઊભેલા વશરામ મામાએ તેમને પકડી લીધા અને ખંધોલે બેસાડીને ઘેર લઈ ગયા. ઘેર સગાં કુટુંબીઓ બધા ભેગાં મળીને બેઠાં હતાં. ત્યારે ગુરુજીએ મૂળજી ભક્તને પૂછ્યું : "કેમ કાશી ન ગયા ?"

ત્યારે મૂળજી ભક્તે કહ્યું : "જેનાં ચરણકમળમાં કોટિ કાશી છે એવા પુરુષોત્તમનારાયણ થોડા સમયમાં અહીં પધારશે. પછી કાશી જવાનું શું પ્રયોજન છે ?"

મૂળજી અગમવાણી બોલે છે એમ સૌ સમજતા, તેથી તેમના આ શબ્દો ઉપર કોઈએ ખાસ ધ્યાન આપ્યું નહીં.

સંપ્રદાયોનું નિરીક્ષણ

મૂળજી ભક્ત જો કે કિશોર વયના હતા છતાં જ્ઞાનની પરિપક્વતા તેમનામાં અપાર હતી. તેમને લાગ્યા કરતું કે કેવળ પરંપરાગત મતમાં કે તેવા પંથમાં રહીને તે જ સાચું માની, બીજા સંપ્રદાય કે જ્ઞાન તરફ ઉપેક્ષા રાખવી તે સર્વગ્રાહ્ય સમજણની દૃષ્ટિએ સંકુચિતતા કહેવાય. તેથી શુદ્ધ વેદાંત મતને અનુસરતા તત્ત્વજ્ઞાન સંબંધી અન્ય વિચારો પણ જિજ્ઞાસા-દૃષ્ટિથી જાણવા જરૂરી છે. એમ વિચારી તેમણે વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય ગોસાંઈ નરસિંહલાલજી જેઓ ઘણુંખરું પોરબંદર રહેતા, તેમની પાસે જઈને પણ શુદ્ધાદ્વૈત સંબંધી તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો જાણી લીધા. એટલું જ નહિ

પરંતુ વૈષ્ણવ સંપ્રદાયમાં પણ તેની નીતિ રીતિ અને રિવાજો જાણવા દાખલ થયા. પરંતુ તેમને તે નીતિરીતિમાં દૂષણ દેખાયું તેથી તેમાંથી છેવટે નીકળી ગયા.

ત્યાર બાદ પ્રણામી-પંથમાં પણ દાખલ થયા. અહીં પણ તેમણે કેટલાંક દૂષણો જોયાં. આ રીતે મૂળજી ભક્તે તીવ્ર બુદ્ધિથી અનેક મતપંથ કે સંપ્રદાયોનું નિરીક્ષણ કર્યું અને તેમાંથી સારતત્ત્વ ગ્રહણ કર્યું. અસાર તત્ત્વને તેમણે ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક ખુલ્લું કર્યું. આ પછી પોતાના પિતાના ગુરુ રામાનંદ સ્વામીએ પ્રવર્તાવેલ શુદ્ધ ભાગવતધર્મમાં તેમને પ્રતીતિ આવી. તેમણે રામાનંદ સ્વામીને ગુરુ તરીકે સ્વીકાર્યા.

મૂળજી સાથે હેત રાખજો

એક સમયે રામાનંદ સ્વામી શેખપાટ પધાર્યા. મૂળજી ભક્તે તે જાણ્યું એટલે પોતે શેખપાટ રામાનંદ સ્વામીનાં દર્શન સારુ ગયા. તેમને જોઈ રામાનંદ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : "ધામ તો આવ્યું પણ ધામના ધણી હજુ આવ્યા નથી." એમ કહી રામભાઈ સુથારના પુત્ર, લાલજી સુથાર સામું જોઈ રામાનંદ સ્વામીએ કહ્યું : "લાલજી ! તમો જો કે આ મૂળજી ભક્ત કરતાં ઉંમરે મોટા છો છતાં તેમની સાથે હેત રાખજો અને તેમની ભગવદ્-વાર્તા સાંભળજો. તમારો જીવ બહુ જ વૃદ્ધિ પામશે."

પછી રામાનંદ સ્વામી ત્યાં થોડા દિવસો રોકાઈને ત્યાંથી સોરઠ દેશમાં પધાર્યા. રામાનંદ સ્વામીની આ આજ્ઞા પછી લાલજી સુથાર રોજ રાત્રે શેખપાટથી નીકળી ત્રણ ગાઉ દૂર શિવના મંદિરે આવે. મૂળજી ભક્ત પણ ભાદરાથી રાત્રે નીકળી શિવના આ મંદિરે આવતા. મોડી રાત્રી સુધી લાલજી સુથાર મૂળજી ભક્તની વાતુ સાંભળે. આ પ્રમાણે ઘણાં વર્ષો સુધી ચાલ્યું. વર્ષો સુધી ઊંઘ, પંથનો થાક વગેરેનો અનાદર કરી સમાગમની આ તીવ્રતા, લાલજી ભક્તની ભક્તિ અને મૂળજી ભક્ત પ્રત્યેના મહિમાનું સૂચક છે.

ઘર બેઠાં ગંગા

ભાદરા ગામમાં કાળાવડના રહીશ પીતાંબર ભટ્ટ ભાગવતની કથા કરતા હતા. મૂળજી ભક્ત રોજ કથા સાંભળવા નિયમિત જતા હતા. કથા

પ્રસંગમાં પરીક્ષિતે કહ્યું : "વિભૂતિ સાથે અવતરેલા જે ભગવાન તેમનાં ચરિત્રો મને કહો."[૧૭]

તે સાંભળી મૂળજી ભક્તે પીતાંબર ભટ્ટને પૂછ્યું : "ભટ્ટજી ! અત્યારે ભગવાન કે ભગવાનની વિભૂતિ પૃથ્વી ઉપર પ્રગટ હોય તો તમે એને ઓળખી શકો ?"

કથાકાર પુરાણી તો આ પ્રશ્નથી ગૂંચવાયા. ભગવાન કે તેમની વિભૂતિ પૃથ્વી ઉપર આજે પ્રગટ હોય તેવી તો તેમને કલ્પના પણ ન હતી. સામાન્ય વિચારસરણીમાં રાચતા આ ભટ્ટરાજ માનતા કે કળિકાળમાં ભગવાન ક્યાંથી હોય ?

તેમને ગૂંચવાયેલા જોઈ મૂળજી ભક્ત હસ્યા અને એટલામાં તો તેમના શરીરમાંથી પ્રકાશનો પ્રવાહ ઝળહળાટ કરતો નીકળ્યો. તે શીતળ સૌમ્ય પ્રકાશમાં તેમને શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. ભટ્ટજી તો દિંગ્મૂઢ બની ગયા !

ધીરે-ધીરે તે પ્રકાશને મૂળજી ભક્તે પોતાના દેહમાં સમાવી દીધો. આવા દિવ્ય અનુભવથી મુગ્ધ બની ગયેલા ભટ્ટજીએ સભાજનોને કહ્યું, "અહો ! આપણે પણ જાદવ જેવા અભાગિયા છીએ કે ભગવાનની વિભૂતિ સ્વરૂપ આ મૂળજીને ઓળખી ન શક્યા. આપણે તો ઘેર બેઠાં ગંગા છે."

એમ કહી વ્યાસપીઠ ઉપરથી ઊઠીને મૂળજી ભક્તને પ્રણામ કરવા ગયા. પરંતુ વિનયમૂર્તિ મૂળજી ભક્ત એકદમ ઊભા થઈ ગયા. ભટ્ટજી તેમને પ્રેમપૂર્વક ભેટ્યા અને તેમના બે હાથ પોતાના મસ્તક ઉપર મૂકી કૃતકૃત્ય થઈ કથા વાંચવા વ્યાસપીઠ ઉપર બેઠા.

કિશોર વયના મૂળજી ભક્તમાં પીઢતા ઘણી દેખાતી. તેમને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સાથેનો અખંડ સંબંધ અને સંલગ્નતા હતી તે ઘણી વખત તેમની વાતમાં બહાર આવી જતી. તેઓ જ્યારે જ્યારે કાંઈ પણ વાત કરતા, ત્યારે લોકોને એમ લાગતું કે આઠ વર્ષના આ બાળકમાં એંશી વર્ષના વૃદ્ધ જેવી ગંભીરતા ક્યાંથી આવી હશે ? તેથી મૂળજી ભક્ત ફક્ત બાળક છે એવો ભાવ તેમના અંતરમાંથી નીકળી ગયો હતો. ઘણી ગંભીર બાબતો માટે પણ મૂળજી ભક્તની સલાહ લેવા તેઓ આવતા.

૧૭. यदोश्च धर्मशीलस्य नितरां मुनिसत्तम ।
तत्रांशेनावतीर्णस्य विष्णोर्वीर्याणि शंस नः ॥ શ્રીમદ્ ભાગવત : ૧૦/૧/૨.

મૂળજી ભક્તના સંકલ્પનું બળ

આ પ્રસંગ પછી થોડા દિવસ બાદ ભોળાનાથ ધામમાં ગયા. પિતાનું ઉત્તર-કાર્ય વગેરે મૂળજી ભક્તે પોતાના કુટુંબની પ્રતિષ્ઠા પ્રમાણે કર્યું, બ્રાહ્મણોને જમાડ્યા. આ પ્રસંગે ભેગાં થયેલાં કુટુંબીઓ પ્રત્યે મૂળજી ભક્તે કહ્યું : "પિતા તો ધામમાં પધાર્યા. મારી ઉંમર હજુ નાની છે. માટે આપ સર્વેએ અમારું ધ્યાન રાખવાનું છે."

આ કિશોરની આવી વિનમ્ર વાણી સાંભળી સૌ રાજી થયાં. तेजसां हि न वयः समीक्षते । તેજસ્વી પુરુષોની કાંઈ વય જોવાતી નથી. તેવા ગુણો તેમની સાથે જન્મેલા જ હોય છે. तस्य ते प्रसवा इव ।

બીજે દિવસે મૂળજી ભક્ત પાસે તે ગામના દેવા પટેલ આવ્યા. તેમણે મૂળજીને કહ્યું : "મૂળજી ! તમે ગઈ કાલે કહ્યું હતું કે પિતા ધામમાં ગયા છે તે અમને કેમ ખબર પડે ?"

મૂળજી ભક્તના પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વથી ગામમાં દરેકને તેમના પ્રત્યે આદરભાવ હતો. તેમનું બોલવું અર્થભરેલું છે એમ સૌ માનતા. દેવા પટેલને પણ મૂળજી ભક્ત પ્રત્યે ખૂબ પ્રેમ હતો. તેમની વાણી તેમને અગમ લાગતી. તેથી કાંઈક કુતૂહલથી તેમણે મૂળજીને આ પ્રમાણે પૂછ્યું.

મૂળજી ભક્તે એટલી જ સરળતાથી કહ્યું : "દેવજી બાપા ! મારા તરફ જુઓ !" એટલે દેવા પટેલે મૂળજી ભક્ત તરફ જોયું કે તરત જ તેમને સમાધિ થઈ. સમાધિમાં તેમણે વૈકુંઠ, ગોલોક, બ્રહ્મધામ વગેરે ધામો જોયાં. પછી કૈલાસમાં આવ્યા. અહીં તેમણે ભોળાનાથને જોયા. તેમને પ્રતીતિ થઈ કે ભોળાનાથ ધામમાં ગયા છે.

જાગ્રત થયા પછી તેમણે મૂળજી ભક્તને કહ્યું : "અહો ! મૂળજી તમે અહીં નાના દેખાઓ છો પરંતુ ભગવાનના ધામમાં તો તમો ધામસ્વરૂપ છો એમ મેં જોયું. તમો આવા સમર્થ અને તમારા પિતા કૈલાસમાં રહે તે ઠીક નહિ."

દેવા પટેલનું કહેવું મૂળજી ભક્તને વાજબી લાગ્યું. તેથી તેમણે કહ્યું : "તમારું કહેવું સાચું છે. પરંતુ, મારા પિતાને શિવજી ઉપર હેત હતું. જો કે આત્માનંદ સ્વામી તથા રામાનંદ સ્વામીના યોગમાં આવ્યા હતા છતાં

શિવજી ઉપર વિશેષ હેત હતું. તેથી તેઓ કૈલાસમાં ગયા છે પણ હવે અમારા સંકલ્પથી તેઓ અક્ષરધામમાં મહારાજની સમીપે બિરાજી જશે."

મૂળજી ભક્તના સંકલ્પમાં આટલું બળ છે તે સાંભળી દેવા પટેલ વિસ્મિત થઈ ગયા !

મૂળજી ભક્ત જ્ઞાની હતા, વૈરાગ્યવાન હતા, અનાસક્ત હતા, પરાભક્તિના ભાવથી ભરપૂર હતા. છતાં કુટુંબ પ્રત્યેની જવાબદારીમાંથી તેઓ વિરક્ત ન હતા. પિતાના અવસાન બાદ કુટુંબના પોષણની સમગ્ર જવાબદારી પોતાને શિરે હતી. તેથી તે જવાબદારી, તેમની સાથેનો લૌકિક સંબંધ જ્યાં સુધી છે ત્યાં સુધી તો બજાવવી જ જોઈએ, એવું તેઓ માનતા અને વાત્સલ્યપૂર્વક નાનાભાઈ સુંદરજી તથા માતા સાકરબાને પ્રેમથી તરબોળ કરી દેતા. તે પ્રેમમાં આસક્તિ ન હતી પરંતુ ધર્મ હતો. તેમનું હૃદય વાત્સલ્ય ભરપૂર હોવાથી તેમના સંબંધમાં જે જે આવતા તેમના તેઓ સદાને માટે પ્રિયપાત્ર બની જતા.

✧ ✧ ✧

હું તો ભગવાનને અખંડ દેખું છું

આ અરસામાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન વનવિચરણ કરતા હતા તે દર્શન મૂળજી ભક્તને રોજ થતાં હતાં. કોઈ કોઈ વખતે એ દર્શનના આનંદમાં તેઓ ઉન્માદ અવસ્થામાં પણ આવી જતા. એક વખત આવા ભાવમાં આવી તેઓ તેમની માતા પાસે ગાવા લાગ્યા :

"વનમાં વહાલો વિચરે તે આવશે આપણે ગામ,
માતા મુજને જાણજો તે જ પ્રભુનું ધામ."

એમ કહીને માતાને કહ્યું : "મા ! મા ! મારો વહાલો અહીં આવશે, તારા હાથનો થાળ જમશે. તારાં તો બહુ મોટાં ભાગ્ય છે, મા." એમ કહીને ફરી પાછા ગાવા લાગ્યા : "વનમાં વહાલો વિચરે તે આવશે આપણે ગામ."

વૃદ્ધ સાકરબા તો પોતાના પુત્રનો આ ઉન્માદ, પ્રેમભક્તિ વગેરે જોઈ વિમાસણમાં પડી જતાં. ભોળી માને મૂળજીના અપૂર્વ ભક્તિભાવની, ભગવાન સાથેના અખંડ સંલગ્ન સંબંધની ક્યાંથી ખબર હોય ! તેને બીક

લાગતી કે મૂળજી ગાંડો તો નહિ થઈ જાય ને ?

માની મમતાને જાણતા, તેના મર્મસ્થાનને હંમેશાં પંપાળતા, મૂળજી ભક્ત માની બીક પારખી ગયા. તેમનો ભાવ બદલી માને કહ્યું : ''મા ! વાઢમાં શેરડી એવી થઈ છે કે જાણે ભગવાને સાકર બધી આપણા વાઢમાં જ મૂકી દીધી હોય ને ?''

સાકરબા આ સાંભળી સ્વસ્થ થઈ ગયાં. તેમને શાંતિ થઈ. મૂળજી એટલું કહી ખેતરે ચાલ્યા ગયા.

મૂળજી ભક્ત આખો દિવસ ખેતીના વ્યવસાયમાં ગૂંચવાયેલા રહેતા. તેમની સાથે તેમની વયના મિત્રો ઘણી વખત ખેતરે જતા. મૂળજી તેમને અનેક પ્રસંગો યોજી જ્ઞાનની વાતો કરતા.

એક વખતે ખેતરે જતાં રસ્તામાં એક કૂવો આવ્યો. એટલે બધાં બાળકો તેમાં પાણી કેટલું ઊંડું છે તે જોવા ગયાં. મૂળજી પણ ભેગા હતા. પછી મૂળજીએ કૂવામાં એક નાનો પથ્થર નાખ્યો. એટલે પાણી ઉપરની લીલ ખસી ગઈ. બીજાં બાળકો પણ પથ્થર નાખવા લાગ્યાં. લીલ ખસી ગઈ. એટલે મૂળજીએ સૌ બાળકોને કહ્યું : ''જુઓ, પાણી કેવું ચોખ્ખું થઈ ગયું ?''

ત્યારે તેમના મિત્રોએ કહ્યું : ''હા, હવે તો આપણાં મોં પાણીમાં દેખાય છે.''

પછી મૂળજીએ સમજાવ્યું : ''પાણી ઉપર લીલ જામી ગઈ હતી તેથી પાણી જેવું છે તેવું દેખાતું ન હતું. તેમ આપણો જીવાત્મા માયાના આવરણથી જેવો છે તેવો જણાતો નથી અને તેથી ભગવાનનો સંબંધ પણ તેને થતો નથી.''

મૂળજીના મિત્રો તેની સામું જ જોઈ રહ્યા. આઠ-દસ વર્ષના આ બાળકોને જીવ, માયા, ભગવાન એવી મૂળજીની અગમનિગમની વાતો સમજાતી નહિ. પરંતુ તે છતાં એક બાળકે પૂછ્યું : ''મૂળજી ! તું ભગવાનની વાત કરે છે પણ ભગવાનને કોઈએ જોયા ?''

ત્યારે મૂળજીએ કહ્યું : ''હું તો ભગવાનને અખંડ દેખું છું. એ ભગવાન હાલ વનમાં ફરે છે અને થોડા સમયે અહીં પધારશે. તમને સૌને દર્શન થશે પણ ઓળખશો તો આનંદ આવશે.''

હેતરૂપી માયાની ગોળી

સંવત ૧૮૫૫ના જેઠ માસની સુદ પાંચમની તિથિ હતી. મૂળજી ભક્ત પોતાના નિત્યકર્મથી પરવારીને ખેતરે જતા હતા. ત્યારે ચોરામાં વશરામ સુથાર, રત્ના ભક્ત વગેરે હરિભક્તો બેઠા હતા. તેમણે મૂળજીને બોલાવ્યા. એટલે મૂળજી ભક્ત તેમની પાસે આવ્યા અને તેમના આગ્રહથી ત્યાં બેઠા. વાતોના અનેક પ્રસંગો નીકળ્યા હતા. તેવામાં મૂળજીને એકાએક ઓડકાર આવ્યો. તેથી રત્ના ભક્તે પૂછ્યું, ''મૂળજીભાઈ ! અત્યારના શું જમીને આવ્યા ?''

એટલે મૂળજી ભક્તે હસીને કહ્યું : ''હમણાં અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ ભગવાન લખુ ચારણને ઘેર લોઢવા ગામે બિરાજે છે. લખુ ચારણ આ ભગવાનને રોજ કઢેલું દૂધ પાય છે. આજે પણ દૂધ આપ્યું. ત્યારે ભગવાને થોડું પીધું અને વધેલી પ્રસાદી મને આપી. તે પ્રસાદીના દૂધનો ઓડકાર છે.''

એમ કહી મૂળજી ભક્ત ઊઠ્યા અને ખેતરે ગયા. તેમને જોઈ રત્ના ભક્તે કહ્યું : ''અહો ! કેવા બાળક જેવા નિર્દોષ અને સરળ છે.''

મૂળજી ભક્ત ખેતરે ગયા ત્યારે તેમના મિત્રો તેમની રાહ જોતા ત્યાં બેઠા હતા. મિત્રોને જોઈ મૂળજી ભક્તે કહ્યું : ''અહો ! બધા આવી ગયા છો ?' એમ કહી સૌને શેરડીના સાંઠા આપ્યા અને આગ્રહપૂર્વક શેરડી ખવડાવી. પછી તે મિત્રો બધા રમવા લાગ્યા અને મૂળજી પોતાના કામે ચઢ્યા. થોડી વારે મૂળજી ભક્ત કામમાંથી પરવારી મિત્રો પાસે આવ્યા ત્યારે તે બધા બંધૂકમાંથી ગોળીઓ છોડવાની રમત રમતા હતા. એરંડાના થંભને પોલો કરી તેની બંધૂક બનાવી હતી અને તેમાં એરંડાના પાનને ટીપણાની જેમ ગોળ વીંટીને તે બંધૂકની નાળમાં ભરાવે અને પછી એક સળિયા વતી તેને ઠેલે. કોઈ વખત પાનની ગોળી ઠેલાય નહિ ત્યારે બીજી ગોળી નાખી તેને ઠેલે. ત્યારે આગલી ગોળી નીકળી જાય.

મૂળજી ભક્તને તેમની રમતમાં રસ પડ્યો. પછી બધાને બેસાડી તેમણે કહ્યું : ''રમત તો બહુ સારી શોધી કાઢી છે. કારણ તમારી રમતમાં પણ સમજવા જેવી વાત છે. જુઓ, આ બંધૂકની જેમ આપણો દેહ પણ

બંધૂકરૂપ છે. તેમાં હેતરૂપી માયાની ગોળી પેસી ગઈ છે તે નીકળતી નથી. તમે જેમ બીજી ગોળી નાખી તેને ઠેલો છો, તેમ વાતોરૂપી ગોળી નાખી સંત-સમાગમરૂપી સળિયાથી તે વાતરૂપી ગોળીને ઠેલશો તો માયાની ગોળી જીવમાંથી નીકળી જશે.''

આમ, રમતના દરેક પ્રસંગમાં પણ જ્ઞાનતત્ત્વ શોધી કાઢવાની મૂળજી ભક્તની બુદ્ધિથી બાળક મિત્રોને તેમના ઉપદેશની અસર થવા લાગી. ધીરે-ધીરે તેમને પણ સમજાવા લાગ્યું કે મૂળજી આપણા જેવડા જ છે છતાં જાણે આપણાથી બહુ મોટા હોય એવી તેમની વાત, એવું બોલવું, એવી રીતભાત બધું દેખાય છે. સરળ બુદ્ધિના આ કિશોરોને આથી આગળ તો બીજું શું સમજાય ?

✧ ✧ ✧

સંવત ૧૮૫૬[૧૮]ના શ્રાવણ વદિ છઠને દિવસે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન માંગરોળ બંદર પાસે લોજ ગામે પધાર્યા.

મૂળજી ભક્તે આ જ સમયે સાકરબાને કહ્યું : ''મા ! વનમાં વિચરણ કરતા ભગવાન આજે લોજમાં પધાર્યા છે. થોડા વખત પછી અહીં પધારશે અને તમારા હાથનો થાળ જમીને આત્માનંદ સ્વામીએ તમને આપેલું વરદાન સત્ય કરશે.''

વર્ણીરાજ પીપલાણામાં

સંવત ૧૮૫૬ના જેઠ માસમાં રામાનંદ સ્વામી કચ્છમાંથી પીપલાણા પધાર્યા. તેમણે તરત જ ત્યાંના કુરજી દવેને લોજ ગામમાં જઈ મુક્તાનંદ સ્વામી તથા સર્વ સંતો તથા નવા આવેલ વર્ણીને પીપલાણા બોલાવવા મોકલ્યા. વળી, પોતાના શિષ્યોને પણ આ વર્ણીનાં દર્શન કરવા માટે પીપલાણા તેડાવ્યા. આ પ્રસંગ ઉપર ભાદરાથી મૂળજી ભક્ત અને શેખપાટથી લાલજી સુથાર પણ આવ્યા. તેઓ બન્નેએ નરસિંહ મહેતાને ઘેર ઉતારો કર્યો. આ વખતે વર્ણીને મહાદીક્ષા પણ આપવાની હતી. એટલે રામાનંદ સ્વામીનું શિષ્યવૃંદ તે પ્રસંગ સુધી ત્યાં રોકાયું.

✧ ✧ ✧

૧૮. અષાઢી સંવતથી વર્ષ ગણવામાં આવ્યું છે.

આ બંને તો અમારા જ છે

સંવત ૧૮૫૭ના કાર્તિક સુદ અગિયારસે રામાનંદ સ્વામીએ વર્ણીરાજને ભાગવતી મહાદીક્ષા આપી અને સહજાનંદ સ્વામી નામ પાડ્યું. તે વખતે સભામાં રામાનંદ સ્વામીએ પોતાના તમામ શિષ્યોને સંબોધીને કહ્યું : “અમો જે અત્યાર સુધી વાત કરતા હતા કે ખરા વેશના ભજવનારા તપસ્વી હજુ હવે આવશે તે આ તપસ્વી પધાર્યા છે.” એટલું કહી તેમણે ભાદરાના મૂળજી ભક્ત તથા શેખપાટના લાલજી સુથારને સહજાનંદ સ્વામીનાં દર્શન કરવા પાસે બોલાવ્યા. પૂર્વનું અત્યંત હેત હોવાથી આ બન્નેની વૃત્તિ સહજાનંદ સ્વામીની દિવ્ય મૂર્તિમાં ખેંચાઈ ગઈ. તે વખતે રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને કહ્યું : “આ ભાદરાના મૂળજી ભક્ત અને આ શેખપાટના લાલજી સુથાર.” એમ કહી તે બન્નેને કહ્યું : “ખરા વેશના ભજવનારા આ તપસ્વી પધાર્યા છે, માટે તેમના શિષ્ય થઈને હવે પછી તેમની ભક્તિ તમો કરજો.”

ત્યારે સહજાનંદ સ્વામીએ કહ્યું : “આ બંને તો અમારા જ છે. આ લાલજી ભક્ત ઘણા વૈરાગ્યવાન છે અને તે અમારાં ચરિત્રોનું વિસ્તારપૂર્વક ગાન કરશે, અને આ મૂળજી ભક્તે તો અમને અખંડ ધારી રાખ્યા છે. તે અમારો મહિમા વિસ્તારશે.”

તે સાંભળી રામાનંદ સ્વામીએ હસીને કહ્યું : “આપ કહો છો તેમજ છે. મૂળજી ભક્ત બહુ પ્રતાપી છે.”

એટલે સહજાનંદ સ્વામીએ કહ્યું : “તે તો અમારે રહેવાનું ધામ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે. એટલે સર્વ પ્રતાપનું મૂળ તો તે જ છે.”

આ પ્રમાણે મૂળજી ભક્તનું, પીપલાણામાં સંતસભામાં, સાક્ષાત્ ધામ અક્ષરબ્રહ્મના અવતાર તરીકેનું પ્રતિપાદન શ્રીજીમહારાજે સ્વયં કર્યું.

આ પ્રસંગે મૂળજી ભક્તને પોતાના ખેતરમાં શેરડીના વાઢમાં પાણી વાળતાં આ વર્ણીના તપસ્વી વેશે અગાઉ દર્શન થયાં હતાં તે સ્મૃતિ થઈ આવી. તે વાત તેમણે રામાનંદ સ્વામીને કહી.

સંવત ૧૮૫૮માં શ્રી સહજાનંદ સ્વામીને રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધુરા જેતપુરમાં સોંપી, ઉનડ ખુમાણને ઘેર મોટો ઉત્સવ કર્યો. આ પ્રસંગે

ભાદરાથી મૂળજી ભક્ત અને શેખપાટથી લાલજી સુથાર જેતપુર આવ્યા.

મૂળજી ભક્તને જોઈ શ્રીજીમહારાજે રામાનંદ સ્વામીને કહ્યું : "આ મૂળજી તો ગુણથી અતીત છે અને અમારે રહેવાનું સાક્ષાત્ ધામ છે."

રામાનંદ સ્વામી એ જાણતા હતા. છતાં મૂળજી ભક્તના અક્ષરબ્રહ્મ સ્વરૂપની વિશેષ પ્રસિદ્ધિ થાય તેવું તેઓ ઇચ્છતા હતા. શ્રીજીમહારાજને આ પ્રમાણે જેતપુરમાં ધર્મધુરા સોંપીને રામાનંદ સ્વામી માગશર સુદ તેરશને સોમવારે ફણેણી ગામે ધામમાં પધાર્યા.

શુદ્ધ એકાંતિક ધર્મ સ્થાપનની વિધિ રામાનંદ સ્વામીએ કરી. પરંતુ તેનું ક્ષેત્ર કેવળ સોરઠ અને હાલારના થોડા વિસ્તારમાં મર્યાદિત રહ્યું. પોતાની ઉત્તરાવસ્થા અને આ વિરાટ કાર્યની યોજના અને સાથે-સાથે સમગ્ર ભારતમાં ઉન્માદપૂર્વક પ્રવર્તેલો તીવ્ર આસુરભાવ - આ બધું જોતાં રામાનંદ સ્વામીને લાગ્યું કે અવતારી પુરુષના પ્રાગટ્ય સિવાય આવો તીવ્ર આસુરભાવ, જે પ્રજાની નસેનસમાં પ્રવર્તી ગયો છે, તેનો નાશ કરી શુદ્ધ એકાંતિક ધર્મની સ્થાપના અશક્ય છે. તેઓ જાણતા હતા કે એવા અવતારી પુરુષ પટાંગણમાં ખેલ ખેલવા આવી રહ્યા છે. તેમને તેમણે આવકાર્યા. પોતે તૈયાર કરેલું ક્ષેત્ર સોંપી દીધું અને પોતે પટાંગણમાંથી હઠી ગયા. જેટલું કાર્ય વિકટ અને વિરાટ હતું, તેટલી જ એ કાર્ય સાધનાર અવતારી પુરુષની શક્તિ પણ અમોઘ હતી. ભાગવત ધર્મના સ્થાપનની સિદ્ધિ એ શ્રી સહજાનંદ સ્વામી માટે તો ફક્ત એક નિમિષનું જ કાર્ય હતું. પરંતુ આ લોકની દૃષ્ટિએ વિરાટ લાગતા આ કાર્યમાં કેવળ અસુરો કે આસુરી તત્ત્વોનો નાશ એ હેતુ ન હતો. સાથે-સાથે ભાગવત ધર્મનું ચિરકાળ માટે સ્થાપન કરી, અનેક મુમુક્ષુ જીવોનું આત્યંતિક કલ્યાણ સાધવાનું પણ મહાન કાર્ય કરવાનું હતું. તેથી જ અક્ષરબ્રહ્મને તથા અક્ષરમુક્તોનાં મંડળોને તેમણે પૃથ્વી ઉપર અવતરવા આદેશ કર્યો.

પગ લાંબો કર ધામમાં પહોંચાડી દઉં

તે આદેશને, શ્રીજીમહારાજની અમોઘ સંકલ્પશક્તિને અનુસરીને જ, અક્ષરબ્રહ્મ ભાદરામાં મૂળજી ભક્ત સ્વરૂપે પ્રગટ થયા હતા. અક્ષરના એક એક રોમમાં અષ્ટ આવરણો સહિત અનંતકોટિ બ્રહ્માંડો ઊડતાં ફરે છે તેવી

અનિવર્ચનીય શક્તિનો સંકોચ કરીને, કેવળ સામાન્ય મનુષ્ય તરીકે વર્તતા મૂળજી ભક્તને હવે પટાંગણમાં પધારેલા શ્રીજીમહારાજ આહ્‌વાન આપતા હતા. એ ભગવાનની અખંડ સન્નિધિ અનુભવતા મૂળજી ભક્ત ક્વચિત્-ક્વચિત્ એવી દિવ્ય મસ્તી પ્રગટ કરતા ત્યારે પોતાના અતુલ સામર્થ્ય જણાવનારા શબ્દો તેમના અંતરમાંથી સરી પડતા. મૂળજીના સામર્થ્યને જાણનારા જ એ શબ્દોનો મર્મ સમજી શકતા.

મૂળજી ભક્ત, હવે જે મંગલ કાર્ય માટે પોતાનું અવતરણ હતું, તેની સિદ્ધિ માટે પોતાના પ્રસ્થાનની પળોની રાહ જોતા હતા. એક વખત આવા જ ભાવમાં ઘેરથી નીકળી ખેતરે ન જતાં તેઓ ચોરા પાસે આવેલ વશરામ સુથારની દુકાને આવ્યા અને ત્યાં તેઓ બેસી ગયા. થોડી વારે એક બાવો ત્યાં આવ્યો. વશરામભાઈને જોઈ તેણે કહ્યું : 'અરે ભાઈ ! મેં દો ચાર દિનકા ભૂખા હૂં. હમારે લિયે કુછ ખાનેકા બંદોબસ્ત કર દો, નહિ તો હમ ધામમેં પહુંચ જાયેંગે.''

બાવાનાં આ દંભી વચન સાંભળી મૂળજી ભક્તે તેને કહ્યું : ''બાવાજી ! ધામમાં જવું હોય તો પગ લાંબો કર. ઘા કરીને ધામમાં તને પહોંચાડી દઉં !''

તે સાંભળી બાવાજી હસ્યા. તેણે વ્યંગમાં કહ્યું : ''ઐસા ક્યા ધામ યહાં ખડા પડા હૈ ?''

ત્યારે મૂળજી ભક્તે કહ્યું : ''બાવાજી ! ધામ અને ધામના ધણી બન્ને અત્યારે પ્રગટ છે. પણ તમને ક્યાંથી ઓળખાય ?''

ત્યારે વશરામભાઈએ કહ્યું : ''બાવાજી ! જોતો ખરો. પગ લાંબો તો કર. મૂળજી ઘા કરીને તને ધામમાં ફેંકી દે !''

બાવાજી ગભરાયા. તેને મૂળજીના સ્વરૂપમાં એવું ઐશ્વર્ય દેખાયું. તેને થયું કે રખે મૂળજી ધામમાં ફેંકી પણ દે ! પરંતુ આ લોકની ક્ષુલ્લક મમતામાં મોહ પામેલાઓને એ અલૌકિક ધામનો સંબંધ શી રીતે થાય ? બાવાજી તો ત્યાંથી ચાલવા માંડ્યા.

જો કે મૂળજી ભક્તમાં જ્ઞાનઅવસ્થાની અપૂર્વ પ્રૌઢતા હતી, છતાં કોઈ કોઈ વખત આવા પ્રસંગે તેમના ઐશ્વર્યના ઓઘ દબાતા નહિ. આવા અલૌકિક પ્રસંગોથી મૂળજી ભક્તનું અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સૌને સમજાતું.

મૂળજીનું દિવ્ય ઐશ્વર્ય

કાળાવડમાં રહેતા મૂળજી ભક્તના નાના સુખદેવ દવેને મૂળજી પ્રત્યે અપાર પ્રીતિ હતી. પુત્રી સાકર સિવાય બીજું કોઈ સંતાન તેમને ન હોવાથી સાકરબાના પુત્ર મૂળજીને તેઓ પોતાનું સર્વસ્વ માનતા. તેમાં વળી, આત્માનંદ સ્વામીનાં આશીર્વચન તેમને યાદ આવ્યાં કે 'મૂળજી તો પ્રભુની વિભૂતિ છે. ભગવાન સાક્ષાત્ તેને ઘેર પધારશે અને સાકરના હાથનો થાળ જમશે.' તે શબ્દોથી તેમને મૂળજી પ્રત્યે પ્રીતિ કરતાં પણ ભક્તિભાવની ભાવના વિશેષ થવા લાગી. મૂળજીને તેઓ અવારનવાર કાળાવડ તેડાવતા. પોતાની સમગ્ર સંપત્તિના વારસ મૂળજીને બનાવી, પોતે સંસાર ત્યાગ કરવાનો વિચાર કરી રહ્યા હતા. પરંતુ તે પહેલાં મૂળજી સાથે થોડા દિવસ રહેવું તે વિચારથી તેમણે મૂળજીને કાળાવડ તેડાવ્યા હતા.

મૂળજી ભક્ત કાળાવડ આવ્યા અને નાના સુખદેવ દવેના આનંદનો પાર ન રહ્યો. તેઓ મૂળજીને એક ઘડી પણ વિખૂટા મૂકતા નહિ. મૂળજી ફરતાં ફરતાં ત્યાંની ધૂડી નિશાળે ગયા. અહીં ભણતા વિદ્યાર્થીઓને તેમણે કહ્યું : "સાંભળો, હું લખાવું તે લખો." એમ કહી મૂળજી ભક્ત બોલ્યા : "લખો, ગોવિંદ ગોપાળ હરે મુરારિ, હે નાથ નારાયણ વાસુદેવ !" વિદ્યાર્થીઓએ આટલું લખ્યું ત્યાં તો તેમને સૌને સમાધિ થઈ ગઈ અને સૌ અચેતન બની પૃથ્વી પર પડી ગયા. આ જોઈ શિક્ષક ગભરાયા.

મૂળજીએ તેમને હસીને કહ્યું : "તમો ગભરાશો નહિ. આ બાળકોને દિવ્ય દર્શન થાય છે." અને ખરેખર, આ બાળકોએ અત્યંત દિવ્ય પ્રકાશમાં મૂળજી ભક્તને ઊભેલા જોયા. થોડી વારે સમાધિમાંથી સૌ જાગ્રત થયા ત્યારે સૌ બાળકો અતિ આનંદપૂર્વક મૂળજી ભક્ત તરફ જોઈ રહ્યા.

શિક્ષકે તેમને પૂછ્યું : "તમને શું થયું હતું ?"

ત્યારે બાળકોએ કહ્યું : "અમે વીજળી જેવું તેજ જોયું અને તે તેજમાં આ મૂળજી ભક્તને ઊભેલા જોયા."

શિક્ષક માટે તો આ નવો અનુભવ હતો. પરંતુ મૂળજી ભક્તનું અલૌકિક વ્યક્તિત્વ જોઈ, તેમને થયું કે કદાચ બાળકોનું કહેવું સાચું હોય. વૃદ્ધ સુખદેવ દવેને તો મૂળજીનું આવું દિવ્ય ઐશ્વર્ય જોઈ આંખમાં હર્ષનાં

આંસુ આવી ગયાં.

ત્યાર બાદ મૂળજી ભાદરા પાછા આવ્યા. સુખદેવ દવેએ પોતાની તમામ સંપત્તિ મૂળજીને સોંપી દીધી હતી. એટલે મૂળજીના ગયા પછી પોતે પણ ગૃહત્યાગ કરી ચાલી નીકળ્યા. ત્રંબા ગામમાં આત્માનંદ સ્વામીની શિષ્યાઓ હરબાઈ અને વાલબાઈનો મઠ હતો ત્યાં જઈ તેમણે દીક્ષા લઈ વાસુદેવાનંદ નામ ધારણ કર્યું. શેષ જીવન તેમણે ત્યાં નિર્ગમન કર્યું.

કારણ શું ને કાર્ય શું ?

ભાદરામાં કોઈ કોઈ વખત ખાખીઓના કે માર્ગીપંથીઓના અખાડાઓ આવતા. આવા અખાડાઓમાં મૂળજી ભક્ત નિ:સંકોચપણે જતા અને પ્રશ્નો પૂછી તેનો તાગ કાઢી લેતા.

માર્ગીપંથનો એક અખાડો ભાદરામાં આવ્યો. તેમાં મૂળજી ભક્ત ગામના બ્રાહ્મણોને લઈને ગયા. માર્ગીના મહંત તંબુમાં બેઠા હતા અને સ્ત્રીઓ તથા પુરુષો ભજનના તાનમાં ડોલતાં હતાં. મૂળજી સાથે આવેલા બ્રાહ્મણો તો તંબુમાં જઈ સૌના ભેગા બેસી ગયા. પરંતુ મૂળજી બહાર ઊભા રહ્યા.

મહંતે અંદર આવવાનું કહ્યું ત્યારે મૂળજીએ કહ્યું : "આમ, સ્ત્રીપુરુષો ભેગાં બેસી ભજન કરતાં હોય ત્યાં ભજનને બદલે વિષયનું ગાન વધુ થાય. માટે સ્ત્રીઓને દૂર ખસેડો તો હું અંદર આવું."

મહંતે મૂળજી ભક્તનું નામ સાંભળ્યું હતું. એટલે સ્ત્રીઓને દૂર કરી મૂળજી ભક્તને સન્માનપૂર્વક તેઓ અંદર લાવ્યા.

પછી મૂળજી ભક્તે તેમને પૂછ્યું : "કાર્ય એટલે શું ? અને કારણ એટલે શું ?"

મહંત તો આ પ્રશ્ન સાંભળી મૂંઝાયા. નાની અવસ્થાના મૂળજી ભક્તનો આવો મોટો પ્રશ્ન મહંતજીને ભારે પડી ગયો. તેમણે હાથ જોડી વિનયપૂર્વક કહ્યું : "મહારાજ ! શાસ્ત્રનું મને જરા પણ જ્ઞાન નથી. પ્રશ્નનો જવાબ તમો જ કરો."

એટલે મૂળજી ભક્તે કહ્યું : "ભગવાન આ જગતનું કારણ કહેવાય અને જગત એ ભગવાનનું કાર્ય કહેવાય."

પ્રશ્નનો આ ઉત્તર સાંભળી મહંતજી તથા ભાદરાના બ્રાહ્મણો વિસ્મય પામ્યા. મૂળજી ભક્તની પ્રતિભા તેમને અગાધ લાગી !

મૂળજી ભક્તના અક્ષરબ્રહ્મ તરીકેના અવતરણની પ્રતીતિ કાં તો મૂળજી ભક્ત પોતે કરાવી શકે અથવા પુરુષોત્તમનારાયણ સ્વયં કરાવી શકે. એટલે એવા પ્રસંગો આવતા ત્યારે સહેજે મૂળજી ભક્તનું ઐશ્વર્ય પ્રગટ થઈ જતું. એક સમયે મૂળજી ભક્ત નથુ વાળંદ પાસે ક્ષૌરકર્મ કરાવતા હતા. ક્ષૌરકર્મ કરતાં કરતાં રામભક્ત નથુ વાળંદે મૂળજી ભક્તને કહ્યું : "મૂળજી ! રામચંદ્ર ભગવાન કેવા જબરા ? આખી અયોધ્યાને વૈકુંઠમાં લઈ ગયા !"

આ સાંભળી મૂળજી ભક્તે કહ્યું : "નથુ ! તું કહે તો આખા ભાદરા ગામને અક્ષરધામમાં હું લઈ જાઉં !"

નથુ વાળંદ આ સાંભળી મનમાં હસ્યો. પરંતુ ત્યાં તો મૂળજીના શરીરમાંથી સૂર્યના પ્રકાશથી પણ અત્યંત અધિક શીતળ અને શાંત પ્રકાશ નીકળ્યો અને તે પ્રકાશ સમગ્ર ભાદરા ગામમાં વ્યાપી ગયો. કોઈ કોઈને દેખી શકે નહિ એવા અપાર તેજમાં સહુ અંજાઈ ગયાં. નથુ વાળંદ તો ઊભો જ થઈ ગયો. તે સૌમ્ય પ્રકાશમાં તેણે મૂળજી ભક્તને હસતા ઊભેલા જોયા. સમગ્ર પ્રકાશ મૂળજીના દેહમાં પાછો લીન થઈ ગયા પછી નથુ મૂળજી પાસે આવ્યો અને પૂછ્યું : "મૂળજીભાઈ ! આવડું મોટું અક્ષર અહીં આવે ?"

તે સાંભળી ત્યાં કાનોજી બેઠા હતા, તેણે નથુને કહ્યું : "નથુ ! બધા કહે છે કે આ મૂળજી જ અક્ષરનો અવતાર છે." નથુ બીચારો 'અક્ષર'માં શું સમજે ? પણ તેને એટલું તો લાગ્યું કે મૂળજીભાઈ બહુ મોટા છે.

દેવો તેમની પ્રસાદી લેવા આવે છે

વશરામભાઈને મૂળજી ભક્ત પ્રત્યે ખૂબ પ્રેમ હતો એટલે પ્રસંગો ઊભા કરી તે તેમને પોતાને ઘેર બોલાવતા. તેણે ભાદરાના બધા બ્રાહ્મણોને પોતાને ત્યાં જમવા નિમંત્ર્યા. મૂળજી ભક્ત પણ જમવા આવ્યા. જમી રહ્યા પછી સૌ પોતપોતાનાં પાત્રોમાંથી અજીઠું એક તરફ ફેંકી પાત્રો સાફ કરતા હતા. મૂળજી ભક્ત પણ પોતાના પાત્રમાં વધેલ અવશેષ ભાગ સાથેનું અજીઠું પાણી જ્યાં નાખવાની જગ્યા હતી ત્યાં નાખવા ગયા, અને જ્યાં એ ફેંક્યું ત્યાં તો તે અદ્ધરથી જ અદૃશ્ય થઈ ગયું ! એટલે મૂળજી ભક્ત

કોઈ ન સાંભળે તેમ બોલ્યા : "અરે, આ તમે શું કર્યું ?"

ત્યારે અંતરિક્ષમાંથી ઉત્તર મળ્યો : "તમારી પ્રસાદીથી અમો ભગવાન પામીશું. આ તમારો પ્રસાદ અમને મળવો બહુ દુર્લભ છે."

મૂળજીને આ પ્રમાણે એકલા વાત કરતા જોઈ અને અંતરિક્ષમાંથી આવતો અવાજ સાંભળી, અન્ય બ્રાહ્મણો આશ્ચર્ય પામ્યા. તેમણે વશરામભાઈને આ વાત કરી.

વશરામભાઈએ તેમને કહ્યું : "તમો મૂળજીનો મહિમા નથી જાણતા પણ દેવો તેમની પ્રસાદી લેવા પધારે છે એવા એ મોટા છે. હું પણ એટલે જ તેમને વારંવાર બોલાવું છું." જેને વશરામભાઈના શબ્દોમાં વિશ્વાસ આવ્યો તેમને મૂળજીની મહત્તા સમજાણી. પરંતુ જે દુષ્ટો હતા તે તો ઊલટી મૂળજી ભક્તની મશ્કરી કરી તેમને જાદુગર કહેવા લાગ્યા.

✧ ✧ ✧

સંવત ૧૮૬૦માં મહારાજ મોડે ગામ થઈ કાર્તિકી પૂર્ણિમાએ અલૈયે પધાર્યા. અહીં મહારાજ પધાર્યા છે તે સમાચાર સાંભળી કેટલાક હરિભક્તો મહારાજનાં દર્શને આવ્યા. શેખપાટથી લાલજી સુથાર પણ આવ્યા. તેમને મહારાજે કુશળ સમાચાર પૂછ્યા. પછી પાસે બોલાવીને પૂછ્યું : "ભાદરા કથાવાર્તા કરવા જાઓ છો કે નહિ ?"

ત્યારે લાલજીભાઈએ હાથ જોડીને કહ્યું : "મહારાજ ! એ કાર્યક્રમ તો ચાલુ જ છે." આ સાંભળી મહારાજ અત્યંત રાજી થયા.

આ પ્રસંગે મહારાજનાં દર્શન કરવા ભાદરાથી પણ હરિભક્તો આવ્યા. તેમની સાથે મૂળજી ભક્ત પણ આવ્યા. તે વખતે મહારાજ મધ્યાહ્ન સ્નાન કરવા નદીએ પધાર્યા હતા. તેથી સૌ હરિભક્તો મહારાજનાં દર્શન કરવા નદી તરફ જવા લાગ્યા. તેટલામાં મહારાજ સ્નાન કરીને પાછા વળતા તેમને સામા મળ્યા. મહારાજને જોઈ સૌ હરિભક્તો કાંટા-કાંકરા કાંઈ પણ જોયા સિવાય પૃથ્વી ઉપર પડી દંડવત્ કરવા લાગ્યા. મહારાજે દરેકને દંડવત્ કરતા ઉઠાડી તેમની સામું કરુણામય દૃષ્ટિથી જોઈને તેમના કુશળ સમાચાર પૂછ્યા. પરંતુ આ દરમિયાન મૂળજી ભક્ત મહારાજને દંડવત્ કરી સૌની પાછળ ઊભા હતા અને ત્યાં જ સ્થિર થઈને મહારાજની મૂર્તિનાં દર્શન કરતા હતા. જાણે અમૃતપાન કરતાં અતૃપ્તિ રહી

હોય તેમ ધારી-ધારીને મહારાજની મૂર્તિને નખથી શિખા પર્યંત પોતાની દૃષ્ટિમાં તે સમાવવા લાગ્યા. મહારાજ પણ બીજા ભક્તો સાથે વાતો કરતાં પોતાના નયન-કટાક્ષથી પોતાના પરમ પ્રિય ભક્તને જરી-જરી વારે નિહાળી રહ્યા હતા. મૂળજી ભક્ત તો આવા દિવ્ય પ્રેમની મસ્તીમાં મસ્ત બનેલા એક કવિના આદેશ અનુસાર 'દૃષ્ટિ સાથે દૃષ્ટિ સાંધીને લિયો દર્શનનો લહાવ' આ દિવ્ય દર્શનનો લહાવો લેતા હતા. થોડી વારે મહારાજ મૂળજી ભક્ત પાસે આવ્યા અને તેમના મસ્તક ઉપર હાથ મૂકી બોલ્યા : "ઓહો ! આ તો અમારા જૂના મિત્ર છે !"

તે સમયે ડોસાભાઈને અલૌકિક દર્શન થયાં, તેથી તે બોલવા માંડ્યા : "જુઓ, જુઓ ! આ પુરુષોત્તમ, આ તેમનું ધામ અક્ષર અને આ સૌ મુક્તો અહીં આવેલ છે. તેમનાં દર્શન કરી લ્યો !"

તે સાંભળીને ત્યાં બેઠેલા કેટલાક હરિભક્તોને શ્રીજીમહારાજના ભગવાનપણાનો નિશ્ચય થયો અને તેઓ સૌ મહારાજના આશ્રિત થયા.

ત્યાંથી સંઘ ગામમાં આવ્યો.

કાળનું તમારી પાસે કાંઈ ઊપજતું નથી

શ્રીજીમહારાજ સુથાર નારણ દેવરાજના ઘરની ઓસરીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા અને તમામ હરિભક્તો મહારાજની સન્મુખ બેસી ગયા. પછી મહારાજે ભાદરાના હરિભક્તોને નામવાર બોલાવી સમાચાર પૂછ્યા. એ સમયે મહારાજની મૂર્તિનાં અનિમિષ દૃષ્ટિએ દર્શન કરતાં મૂળજી ભક્તે મહારાજને વિનયપૂર્વક હાથ જોડી કહ્યું : "મહારાજ ! મેં એક સાખી સાંભળેલી છે તેનો અર્થ બરોબર સમજાતો નથી. આપ કહો તો સાખી બોલું."

ત્યારે મહારાજે હસીને કહ્યું : "બોલો."

મૂળજી ભક્ત સાખી બોલ્યા : "કહત હૈ દીન દરવેશા કાળકુ ગરદન મારતા હૈ."

આ સાંભળી મહારાજ મંદ-મંદ હસ્યા. પરંતુ ઉત્તર આપ્યો નહિ. એટલામાં જમવાનો સમય થયો. સૌ હરિભક્તોને જમવા જવાની મહારાજે આજ્ઞા કરી.

મૂળજી ભક્ત તો મહારાજ પાસે જ બેસી રહ્યા. તેથી મહારાજે તેમને પૂછ્યું : "તમે જમવા ન ગયા ?"

એટલે મૂળજી ભક્તે કહ્યું : "મહારાજ ! હું બ્રાહ્મણ છું. તેથી મને અહીં જમવાનું ખપે નહિ."

મહારાજ આ સાંભળી રાજી થયા અને પોતાની પાસે સાકર હતી તે પોશ ભરી મૂળજીને આપી અને કહ્યું : "આ તમારું ટીમણ. હમણાં આ જમો અને પછી રસોઈ કરજો."

પરંતુ મૂળજી ભક્તને સાકર માફક ન આવી. તેથી એક ગાંગડો જમીને ત્યાં બેસી રહ્યા. એટલે મહારાજે તેમને કહ્યું : "સાકર માફક ન આવતી હોય તો રસોઈ બનાવો."

ત્યારે મૂળજી ભક્તે સંકોચ અનુભવતાં કહ્યું : "મહારાજ ! મને રાંધતાં આવડતું નથી."

તે સાંભળી મહારાજ હસ્યા. પછી ઢોલિયા ઉપરથી ઊઠીને કહ્યું : "ચાલો, હું રાંધતાં શિખવાડું."

એમ કહી મગની દાળ અને ઘઉંનો લોટ મંગાવી પાસે બેસીને બાટી અને દાળ મૂળજી ભક્ત પાસે બનાવરાવ્યાં. પછી દૃષ્ટિ-પ્રસાદી કરી મૂળજી ભક્તને જમવાની આજ્ઞા આપી.

તે જ સાંજે સંધ્યા આરતી સમયે ઝાલર વાગતી હતી. તે સાંભળી મહારાજે મૂળજી ભક્તને પાસે બોલાવી કહ્યું : "તમે આ ઝાલર વાગે છે તેના સ્વરને પકડી લ્યો."

ત્યારે મૂળજી ભક્તે કહ્યું : "મહારાજ ! એ તો કેમ પકડાય ?"

એટલે મહારાજે કહ્યું : "જો ઝાલરનો સ્વર ન પકડાય, તો પછી કાળને પણ કોઈથી ગરદન ન મરાય. ત્યારે બીચારો દીન દરવેશ તે શું કરવાનો હતો ? પરંતુ મૂળજી ! તમારા જેવા સમર્થના સંબંધમાં જે સત્પુરુષો આવ્યા હોય તેવા સત્પુરુષો જેમ હંસ મોતીનો ચારો ચરી જાય છે, તેમ કાળનો ચારો ચરી જાય છે. જેમ ગરુડ સર્પનું ભક્ષણ કરે છે, તેમ તેવા સત્પુરુષો પણ કાળનું ભક્ષણ કરી જાય છે. કાળ તેમની સમીપે પણ આવી શકતો નથી."

એટલું કહીને મહારાજ થોડી વાર મૂળજી ભક્ત તરફ જોઈ રહ્યા અને

પછી કહ્યું : "મૂળજી ! કાળને ગરદન મારવાનો વિચાર તો તમારા જેવા સમર્થને જ આવે. કાળનું તમારી પાસે કાંઈ ઊપજતું નથી. એવા મારા દિવ્યધામરૂપ તમો છો."

ત્યાર પછી મહારાજ તે ઘરના ફળિયામાં લીમડા નીચે ઢોલિયા ઉપર બિરાજ્યા. હરિભક્તો સર્વે મહારાજની સમ્મુખ બેસી ગયા. તે સમયે લીમડાના મૂળમાંથી અસંખ્ય મોટા-મોટા મકોડા નીકળ્યા. તેથી સૌ આઘાપાછા થવા લાગ્યા. તેથી મહારાજે સૌને કહ્યું : "સૌ સ્થિર થઈને બેસો. આ મકોડા કોઈનેય કરડશે નહિ."

પછી તે મકોડા તો દરેકના શરીર પર ચઢે, કોઈને કરડે નહિ, પણ મૂંઝવણ તો કરે. એમ થોડી વાર એ પ્રકારની લીલા બતાવી મહારાજે ચપટી વગાડી તેથી તે મકોડા સર્વે સ્થિર થઈ ગયા. પછી મહારાજે તેમને દિવ્યગતિ આપી.

ભાદરાના હરિભક્તો બે દિવસ અલૈયામાં રોકાયા. પછી મહારાજને ભાદરા પધારવા તેમણે પ્રાર્થના કરી. ત્યારે મહારાજે કહ્યું : "અમારે ભાદરા જરૂર આવવું છે."

તે સાંભળી ભાદરાના હરિભક્તો રાજી થયા. મહારાજ ભાદરા પધારવાના છે તે જાણી શેખપાટના હરિભક્તો પણ ભાદરા જવા તૈયાર થયા. આ વખતે એક રાવળ જ્ઞાતિના હરિભક્તના દીકરા જલાએ, તેના પિતા જામનગરથી પેંડાની માટલી લાવ્યા હતા તે તેણે મહારાજ પાસે મૂકી.

મહારાજે તે લાલજી સુથારને આપી અને કહ્યું : "તમારી પાસે રાખો, રસ્તામાં ટીમણ કરવા કામમાં આવશે."

એટલે તે માટલી લાલજી સુથારે પોતાના લૂગડાને છેડે બાંધી દીધી.

અલૈયાથી ભાદરા જતાં રસ્તામાં એક તલાવડી આવે છે. ત્યાં સૌ મહારાજની આજ્ઞાથી ટીમણ કરવા રોકાયા. સહુ સ્નાન કરી, પૂજાવિધિથી પરવારી, પોતપોતાની પાસે જે ટીમણ હતું તે છોડીને બેઠા.

લાલજી સુથારે પોતાની પાસે પેંડાની માટલી હતી તે મહારાજને આપી. મહારાજે મૂળજી ભક્તને પાસે બોલાવી તે માટલીમાંથી દસ પેંડા તેમને આપ્યા. મૂળજી ભક્તને જમવાની રુચિ ન હતી છતાં મહારાજે પ્રસાદી આપી એટલે થોડા પેંડા જમ્યા અને બાકીની પ્રસાદી મા તથા

સુંદરજી માટે લૂગડાને છેડે બાંધી લીધી. ટીમણ કરીને ત્યાંથી નીકળ્યા અને સૌ ભાદરા પહોંચ્યા.

શ્રીહરિ ભાદરા પ્રથમ વાર જ પધાર્યા હતા. આ રળિયામણું ગામ જોઈને શ્રીહરિ રાજી થયા. ગામના પાદરે વહેતી ઊંડ નદી, તેનાં ખળ ખળ વહેતાં નીર, હાલારની ધરતીને જાણે હાલરડાં ગાતી હિંચોળતી હતી. ઊંડ નદીએ તેના આ પ્રેમાસ્પન્દથી ત્યાંની ધરતીને રસકસથી ભરપૂર કરી દીધી હતી. બંને કિનારાની આજુબાજુનાં ખેતરોમાં શેરડીનો મબલખ પાક ઊભો હતો. પવનની લહેરોથી નમી નમીને જાણે શ્રીહરિના પાદસ્પર્શ કરવા ઉત્સુક એ ઈક્ષુદંડો શ્રીહરિના આગમનથી ઉલ્લસિત દેખાતા હતા. શ્રીહરિ ગામ જોઈને બોલ્યા : "આ ગામમાં તો અક્ષરમુક્તોના ઢગલા છે."[૧૯]

શ્રીહરિ ભાદરામાં થોડા દિવસ રહી ત્યાંથી પાછા અલૈયે પધાર્યા. ત્યારબાદ શ્રીજીમહારાજ સોરઠથી લઈને છેક બોચાસણ સુધી નાના-મોટાં કેટલાંય ગામોમાં ભક્તોના ભાવ પૂરા કરવા વિચર્યા. પુનઃ સંવત ૧૮૬૦નો વસંતોત્સવ કરવા મહારાજ શેખપાટ થઈને ભાદરા પધાર્યા. મૂળજી શર્માના સખા લાલજી સુથારને પણ શેખપાટથી સાથે લઈને શ્રીહરિ પધાર્યા હતા.

ભાદરામાં વસંતોત્સવ : આ. સં. ૧૮૬૦

અહીં શ્રીહરિએ વસંતપંચમીનો ઉત્સવ કરવાનું નક્કી કર્યું તેથી અલૈયા, મોડા તથા શેખપાટ અને આજુબાજુનાં ગામોના ઘણા હરિભક્તો આવ્યા. મૂળજી ભક્ત તથા તેમના ભાઈ સુંદરજી, ડોસા ભક્ત, રત્ના ભક્ત, વશરામ સુથાર અને નાઈ નાથ ભક્ત વગેરે ભક્તો સમૈયામાં આવેલા હરિભક્તોની તથા શ્રીહરિની સેવામાં મંડી પડ્યા. વસંતપંચમીના દિવસે સવારે કુંભનું પૂજન કર્યું, વસંતોત્સવ કર્યો. બપોરે સૌ સંત-હરિભક્તોને જમાડ્યા.

---

૧૯. ભાદરામાં સોળ મુક્તોએ જન્મ લીધો હતો : વસતા સુથાર, રામજી સુથાર, રાજાભાઈ, લાલજી સુથારનાં બહેન રૂડીબાઈ, તેના ચાર પુત્રો વશરામભાઈ, માવજીભાઈ, રણછોડભાઈ, નારણભાઈ અને બે પુત્રીઓ હરબાઈ તથા લાડુબાઈ, ડોસાભાઈ, સમાધિવાળા દેવાભાઈ, સમાધિવાળા રત્નાભાઈ અને રામભંડેરી, વિપ્રકુળમાં મૂળજી ભક્ત તથા તેમના ભાઈ સુંદરજીભાઈ.

સાંજે શ્રીહરિએ સંતો-હરિભક્તોની સભા કરી. સભા મધ્યે સુંદર સિંહાસન ગોઠવ્યું તેમાં શ્રીહરિ બિરાજમાન થયા. સ્ત્રીઓ મર્યાદા અનુસાર બેઠી. શ્રીહરિએ સભાને સંબોધતાં કહ્યું : "ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ છે. તે મુજબ આચરણ કરવાથી એ ત્રણેની સિદ્ધિ થાય છે. પરંતુ તેથી ત્રણ ગુણ - સત્ત્વ, રજ અને તમ - તેના ભાવથી પર થવાતું નથી માટે ગુણથી પર થવું તે મોટો પુરુષાર્થ છે અને તે પુરુષાર્થ એટલે જ મોક્ષ ! તે પુરુષાર્થ તો પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને તેમની ભક્તિથી જ સિદ્ધ થાય છે. મોક્ષની એ અંતિમ દશા છે. અમારા સ્વરૂપની ભક્તિ અમારા પરમ એકાંતિક સંતના પ્રસંગથી જ ઉદય થાય છે. માટે એવા સંતનો સમાગમ કરી મોક્ષ સાધી લેવો. પરંતુ જો ગાફલાઈ રહી અને અસુરોનો સંગ થઈ ગયો, તો જ્ઞાન અને ભક્તિના જે સંસ્કારો પડ્યા હશે, તે પણ નાશ પામી જશે."

શ્રીહરિની આ વાત સાંભળી મૂળજી ભક્તે બે હાથ જોડી પૂછ્યું : "હે મહારાજ ! અસુર કયા લક્ષણે ઓળખાય ?" શ્રીહરિએ તેમનો પ્રશ્ન સાંભળી તેમના પ્રત્યે દૃષ્ટિ કરી. અનાદિ અજ્ઞાનનો નાશ કરવા શ્રીહરિની સાથે જ પ્રગટ થયેલા અક્ષરબ્રહ્મના મૂર્ત સ્વરૂપ મૂળજી ભક્તનો આ પ્રશ્ન, મુમુક્ષુઓને અસુરોને ઓળખાવવા માટે જ હતો. મોક્ષમાર્ગમાં અસુરોનો સંગ એ મહાવિઘ્નરૂપ છે. દાનવોનાં પૌરાણિક સ્વરૂપોની કલ્પના કરતા મુમુક્ષુઓને આ લોકના અસુરોની ઓળખાણ થાય જ નહિ.

શ્રીહરિએ હાસ્ય કરતાં કહ્યું : "તમારો પ્રશ્ન યથાર્થ છે. મનુષ્ય સ્વરૂપમાં જેમ ભગવાન કે તેમના પરમ એકાંતિક સંત ઓળખવા કઠણ છે તેમજ મનુષ્ય સ્વરૂપમાં વિચરતા અસુરો પણ ઓળખવા કઠણ છે. પરંતુ બેઠક-ઊઠક, વાણી કે વિચાર-વિનિમયથી અસુરો ઓળખાય છે. ભગવાન કે ભગવાનના ભક્તના ચરિત્રમાં, માહાત્મ્યમાં દોષ દેખવો અને અન્યને દેખાડવો, આ અસુરનાં લક્ષણ છે. આવા જે હોય, પછી તે સાધુના સ્વાંગમાં હોય કે ભક્ત બની તિલક-કંઠી-માળા ધારણ કરતા હોય, પરંતુ તે અસુર જ છે. વળી, જે જીવહિંસા કરતા હોય, સુરાપાન અને માંસભક્ષણ કરતા હોય, પરદારાનો સંગ કરતા હોય, રસાસ્વાદમાં લોલુપતા રાખતા હોય અને વર્ણાશ્રમના ધર્મનો લોપ કરતા હોય તેવાઓને પણ અસુર

જાણવા.''[૨૦] શ્રીહરિના આ શબ્દો સ્પષ્ટ હતા. સત્સંગમાં આવા સ્વાંગધારીઓને ઉઘાડા પાડવા માટે દર્પણરૂપ હતા. શ્રીહરિએ અસુરોના વિનાશનું પોતાનું અવતાર કાર્ય આરંભ્યું હતું. આ મહાકાર્યમાં પોતાના આ અનાદિ અક્ષરબ્રહ્મ દ્વારા અનેક મુમુક્ષુઓના અંતરમાં પ્રકાશ પાથરવાનો હતો. શ્રીહરિએ મોક્ષમાર્ગની આ સ્પષ્ટતા કરીને જાણે અત્યારથી જ મૂળજી ભક્તને આ ભાવિ કાર્ય કરવાનો નિર્દેશ આપી દીધો.

ઊંડવતી નદીમાં શ્રીહરિની લીલા :

શ્રીહરિ વશરામ સુથારને ત્યાં ઊતર્યા. પછી મહારાજ બધા સખાઓને લઈને નદીએ નાહવા પધાર્યા. ઊંડ નદીમાં પાણી બે કાંઠે ભરપૂર હતું. મહારાજ ભરપૂર નદી જોઈ પ્રસન્ન થયા. પછી સખાઓને કહ્યું : ''તૈયાર થાઓ. આજે તો જળક્રીડા કરવી છે.'' એમ કહીને મહારાજ નદીના કાંઠા ઉપર આવેલા વડ ઉપર ચડ્યા અને ત્યાંથી નદીમાં ધૂબકો માર્યો. સખા પણ સૌ નદીમાં નાહવા પડ્યા. મહારાજે સ્નાન કરતાં કરતાં ડોસાભાઈને કહ્યું : ''ડોસાભાઈ ! આ જગ્યાએ તો બડા તીર્થ થાશે ને આ વડ તથા નદી અમારે જોગે કરીને બહુ પવિત્ર થયેલ છે માટે આગળ જતાં અહીં ઘાટ બંધાશે.''[૨૧]

એટલું કહી મહારાજે લાલજી સુથારને કહ્યું : ''લાલજી ! એક નાવ બનાવી લાવો તો નદીના પાણીમાં વિહાર કરીએ.''

લાલજી આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમણે શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! એમ કાંઈ નાવ બનતી હશે ? લાકડાં જોઈએ, હથિયારો જોઈએ, ખીલા જોઈએ. આ બધી સામગ્રી તૈયાર હોય અને બે-ચાર સુથાર તૈયાર કરે તો પણ નાવ બનતાં ત્રણ-ચાર દિવસ તો લાગે.''

મહારાજ આ સાંભળી રહ્યા. તેમણે કહ્યું : ''એવું કઠણ કામ હોય તો એક ચલાખો[૨૨] લાવો.''

---

૨૦. સત્સંગિજીવન, પ્રકરણ : ૨, અધ્યાય : ૧૭.

૨૧. અત્યારે નદીકિનારે સુંદર ઘાટ બંધાઈ ગયો છે ને ભાદરા મહાતીર્થ ધામ બની ગયું છે.

૨૨. ખાદીનો કટકો, સમચોરસ કપડાનો (જાડો મોટો) કટકો, જે ખેડૂતો પાક બાંધી લાવવા વાપરે છે.

વળી, લાલજી સુથાર ચમક્યા. તેમણે કહ્યું : "ચલાખાનું શું કામ છે ?"

શ્રીહરિએ કહ્યું : "નદીના પ્રવાહમાં મૂકશું અને આપણે બધા તે ઉપર બેસી વિહાર કરીશું."

"અરે મહારાજ ! લૂગડાનો એક જાડો કટકો નદીમાં મૂકવો અને તેની ઉપર આપણે બેસીએ, આ તે કેવી વાત થાય છે ?"

મહારાજને આજે લીલા કરવી હતી. મહારાજની લીલાને સમજતા વિશ્વાસુ ભક્ત લાલજી સુથાર નદીમાંથી નીકળી વડ નીચે મૂકેલા પોતાના ખલતામાંથી ચલાખો લાવ્યા. મહારાજે મૂળજી ભક્તને કહ્યું : "હવે આ ચલાખાને પાણી ઉપર પાથરો એટલે તેના ઉપર ધામ, ધામી અને મુક્ત બેસીને ઊંડ નદીમાં ફરશે." મૂળજી ભક્તે તે નદીના વહેણ ઉપર બિછાવ્યો, સૌના આશ્ચર્ય વચ્ચે ચલાખો તરાપાની જેમ તરવા લાગ્યો. મહારાજ પોતે જ પ્રથમ તે ઉપર બિરાજ્યા અને સૌને પોતાની સાથે બેસવા કહ્યું. સૌ સખાઓ જોઈ રહ્યા. પછી લાલજી સુથાર બેઠા, વશરામભાઈ બેઠા, મૂળજી ભક્ત બેઠા અને નદીમાં વહાણ ચાલે તેમ ચલાખો પાણીમાં ચાલવા લાગ્યો. સૌએ આશ્ચર્યચકિત થઈ ધામ અને ધામીની આ લીલા નિહાળી.

નદીના પાણીમાં આ રીતે વિહાર કરી શ્રીહરિ કિનારે આવ્યા. પછી વસ્ત્ર બદલીને વડની નીચે સૌ બેઠા. શ્રીહરિએ ડોસાભાઈ, વશરામભાઈ તથા દેવભાઈને સંસ્કૃત શ્લોક તથા કીર્તનો બોલતાં શિખવાડ્યું.

કીડીઓ વૈકુંઠમાં જાય છે

તે જ દિવસે સાંજે વશરામ સુથાર પોતાને ખેતરે જરા વહેલા ગયા. ત્યાં એક રાફડામાંથી લાખો કીડીઓ નીકળી. તે જોઈ તેમના મનમાં વિચાર આવ્યો : "ઓહો ! આ બાપડા પ્રલયના જીવોને અત્યારે સાક્ષાત્ પુરુષોત્તમ-નારાયણ તથા તેમનું ધામ અહીં બિરાજમાન હોવા છતાં તેમનો જોગ શી રીતે થાય ? અને તેમનું કલ્યાણ પણ કેમ થાય ?" તેમને આ વિચાર આવ્યો અને વિચારમાં ને વિચારમાં તેમણે આકાશ સામે મીટ માંડી, ત્યાં તો વૈકુંઠમાંથી અનંત વિમાનો, વૈકુંઠનાથ પાર્ષદો સાથે ત્યાં આવ્યાં અને તે વિમાનોમાં કીડીઓ સર્વે ચતુર્ભુજ સ્વરૂપ ધારીને બેસી ગઈ ! વશરામભાઈને આ જોઈ ખૂબ આશ્ચર્ય થયું !

ઘેર આવી તેમણે મહારાજને આ વાત કરી. ત્યાં બેઠેલા સર્વે હરિભક્તો આ વાત સાંભળી ઘણું આશ્ચર્ય પામ્યા. પછી મહારાજે તેમને કહ્યું : "એમાં કાંઈ નવાઈ નથી. અમારે કરોડો જીવનાં કલ્યાણ કરવાં છે એવો સંકલ્પ કરીને જ અમે અક્ષરધામમાંથી અહીં આવ્યા છીએ. અક્ષર અને પુરુષોત્તમના પ્રગટ સ્વરૂપનો આ પ્રતાપ છે. તમારા આ ગામમાં અમારું અક્ષરધામ આ મૂળજી ભક્તરૂપે પ્રગટ થયા છે તેથી તમે જેટલા સંકલ્પ કરશો તે બધા અમે પૂરા કરીશું. આજે તો તમે કીડીઓ માટે આવો સંકલ્પ કર્યો, પરંતુ જો આખા બ્રહ્માંડના જીવો માટે એવો સંકલ્પ કર્યો હોત, તો પણ અક્ષરપુરુષોત્તમનાં પ્રગટ સ્વરૂપોની ઉપાસનાના બળના પ્રતાપે આખા બ્રહ્માંડના જીવોનો પણ મોક્ષ થઈ જાત. તમો સર્વ અમારા ઉપાસક છો તેથી તમારાં કોઈ દર્શન કરે, તમને ભાવે કરીને કોઈ જમાડે કે તમારી કોઈ સેવા કરે તે અમો સાક્ષાત્ સ્વીકારીએ છીએ અને તમારા સૌના સંકલ્પ પ્રમાણે તેમને સુખ આપીએ છીએ."

આમ, શ્રીહરિ ભાદરામાં છ દિવસ રોકાયા. અલૌકિક લીલા કરી ત્યાંથી શેખપાટ પધાર્યા. અહીંથી લાલજી સુથારને ભોમિયા તરીકે સાથે લઈ કચ્છ પધાર્યા. માર્ગમાં તેમને દીક્ષા આપી 'નિષ્કુળાનંદ' નામાભિધાન કર્યું.

✧ ✧ ✧

અનંત જીવોનાં કલ્યાણ કરવા ગામોગામ ઘૂમતા શ્રીહરિ સૌને પોતાનું દિવ્ય સુખ આપતાં આપતાં પુનઃ ભાદરા પધારવાનો સંકલ્પ કર્યો. મોડા થઈને આ.સં. ૧૮૬૪(વિ.સં. ૧૮૬૩)ના આસો સુદિ ત્રીજના દિવસે બપોરે ભાદરા ગામે પધાર્યા.

મહારાજ ભાદરામાં

શ્રીજીમહારાજ ભાદરા પધાર્યા એટલે દરેક હરિભક્ત પોતાને ઘેર મહારાજને જમવા પધારવા આગ્રહ કરવા લાગ્યા. આથી મહારાજે દરેકને ઘેર એક દિવસ વારાફરતી જમવા જવું એમ નક્કી કર્યું. પછી પોતે રોજ સવારે વશરામભાઈને પૂછે : "આજ અમારે જમવાના કેને ઘેર વારા છે ?" એમ જેને ત્યાં જમવાનું હોય ત્યાં જમવા પધારે. બપોરે વશરામભાઈ, ડોસાભાઈ, રાજોભાઈ, રામોભાઈ, રત્નાભાઈ, મૂળજીભાઈ

તથા સુંદરજી વગેરેને સાથે લઈ ઊંડ નદીએ નાહવા પધારે. અહીં નદી કાંઠે મોટો વડ છે. તે વડની નીચે પાણીનો મોટો ધરો છે. મહારાજ વડ ઉપર ચઢીને પાણીના ધરામાં ધૂબકા મારતા. આ રીતે નદીમાં સૌ હરિભક્તો સાથે જળક્રીડા કરી સૌને આનંદ કરાવતા. કોઈ કોઈ વખત જળમાં રમત કરે, કોઈ વખત વડ ઉપર ચઢે ને રમત કરે, કોઈ વખત બધા સખાને સમાધિ કરાવે. કોઈ વખત સહુને ધ્યાન કરતાં શિખવાડે, કોઈ વખત પોતે પાણીમાં ડૂબકી મારી તળીએ ઘણો વખત બેસી રહે અને સખા સર્વે ગોતવા લાગે. એ પ્રકારની અનેક જળક્રીડાઓ મહારાજ સખાઓ સાથે ત્યાં કરતા.

મહારાજ ઊંડ નદીમાં સ્નાન કરી કોરાં સફેદ વસ્ત્રો ધારણ કરી ગામમાં જવા તૈયાર થયા. તેટલામાં વશરામ ભક્ત પોતાની વાડીમાંથી કેટલાંક કૂણાં ચીભડાં લાવ્યા અને ધોઈને મહારાજ પાસે મૂક્યાં. મહારાજે તે ચીભડાં દરેક હરિભક્તને આપ્યાં અને પોતે પણ જમ્યા. ઊંડ નદીનો કાંઠો, લીલી ધ્રોવાળી હરિયાળી જમીન અને વનરાજીથી લચી પડેલી અક્ષરધામ તુલ્ય આ દિવ્ય ભૂમિ, પૂર્ણ પુરુષોત્તમની લીલાથી ધન્ય બની ગઈ ! ઊંડ નદીમાં ઊઠતા ઘેરા તરંગો પોતાના અંકમાં મહારાજને પધરાવીને અતિ ધન્ય બની ગયા હોય તેમ ઉન્માદપૂર્વક નૃત્ય કરતા હતા. ભાદરાના હરિભક્તો કૃતકૃત્ય થઈ ગયા ! મહારાજ બધાને ચીભડાં આપતા હતા તે સૌ ખાતા હતા. ત્યાં રામભાઈના દીકરા ગંગદાસે એકદમ ચીભડું મોંમાંથી થૂંકી નાખ્યું અને વધેલું ફેંકી દીધું.

તેથી મહારાજે તેમને પૂછ્યું : "ગંગદાસ ! ચીભડું કેમ ફેંકી દીધું ?"

ત્યારે તેણે કહ્યું : "ચીભડું કડવું હતું."

મહારાજ હસ્યા અને પછી કહ્યું : "કડવું ચીભડું અમારી કોઈની પાસે ન આવ્યું અને તારી પાસે કેમ આવ્યું ? ચીભડાએ પણ તારો આત્મા ઓળખ્યો ?"

ગંગદાસ શરમાઈ ગયો. તેનું વર્તન સત્સંગને છાજે તેવું ન હતું.

શ્રીજીમહારાજને મૂળજી ભક્ત સાથે એવો ગાઢ સ્નેહ હતો કે તેમને એક ક્ષણ પણ પોતે વિખૂટા મૂકતા નહિ. નાહવા જાય કે શેરડીના વાઢે જાય કે ચીભડાં જમવા જાય કે રાત્રે વાતો કરતા હોય કે નવરાત્રિમાં ગામને પાદર છોકરાઓને અનેક પ્રકારની રમતો રમાડતા હોય, દરેક

ક્રિયામાં મૂળજી ભક્ત તો સાથે હોય જ ! તેમની સાથેનો તેમનો અનાદિનો પ્રેમ દરેક પ્રસંગે સૌને જણાઈ આવતો. વળી, ચીભડાં જમતા હોય કે શેરડીના વાઢે જઈ શેરડી જમતા હોય, પરંતુ મૂળજી ભક્તને પાસે રાખીને પોતાની પ્રસાદી જમાડે એવો ખુલ્લો પક્ષપાત મૂળજી ભક્ત તરફ તેમને હતો એ સૌને જણાઈ આવતું.

મૂળજી ભક્તની પણ શ્રીજીમહારાજ પ્રત્યેની ભક્તિથી સૌને આ બન્ને વિભૂતિનો સંબંધ દિવ્ય અને અનિર્વચનીય લાગતો. તેથી કોઈને પણ આવા કોઈ પણ પ્રસંગોમાં મૂળજી પ્રત્યે ઈર્ષ્યાભાવ રહેતો જ નહિ. વળી, મૂળજી ભક્તની ગેરહાજરીમાં તેમનો અપાર મહિમા મહારાજ પંડે કહેતા, એટલે મૂળજી ભક્ત પ્રત્યે સૌને ભક્તિભાવ થવા લાગ્યો.

અમારી સાથે તેની મૂર્તિ મંદિરમાં સ્થપાશે

એક વખત મહારાજ દેવા કણબીને ત્યાં જમવા જતા હતા. રસ્તામાં મૂળજી ભક્તનું ઘર આવ્યું. એટલે મહારાજ ભક્તમંડળ સાથે તેમને ઘેર પધાર્યા.

મૂળજી ભક્ત આ સમયે અંદર બેસી જારનું ધાન અને દહીં જમતા હતા. તેમને જમતા જોઈ મહારાજે પૂછ્યું : "મૂળજી ! શું જમો છો ?"

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! દહીં અને ધાન જમું છું."

પછી મહારાજે કહ્યું : "સારું, જમો." એમ કહી પોતે ત્યાંથી ચાલતા થયા.

રસ્તામાં પોતાની સાથેના ભક્તમંડળને મહારાજે કહ્યું : "હરિજનો ! જે મૂળજી હાલ આ ઝૂંપડીમાં રહે છે ને જારનું ધાન અને દહીં જમે છે તે એક દિવસ મોટી હવેલીઓ બનાવશે, હવેલીઓમાં રહેશે અને હજારો ભક્તોના નિયંતા થશે. તે પોતે ત્યાગી થશે અને તેમના અનેક ત્યાગી શિષ્યો થશે. તેમનો મહિમા દેશ પરદેશમાં ગવાશે. તેમની વાતોના ગ્રંથો રચાશે. તેમના મહિમાનાં કીર્તનો ગવાશે. અરે ! અમારી સાથે તેમની મૂર્તિ પણ મંદિરમાં સ્થપાશે અને લાખો ભક્તો તે પૂજશે."

આમ, મૂળજી ભક્તના મહિમાની વાતો કરતાં-કરતાં દેવા કણબીનું ઘર આવી ગયું. મહારાજને તો મૂળજી ભક્ત જ અંતરમાં રમતા હતા તેથી

તેમણે પૂછી લીધું : "મૂળજીના ઘર આવી ગયા ?"

ત્યારે સાથેના હરિભક્તોએ કહ્યું : "ના મહારાજ ! આ તો દેવા કણબીનું ઘર છે અને આપને આજે અહીં જમવાનું છે."

તે સાંભળી મહારાજ હસ્યા.

નવરાત્રિના દિવસો પૂરા થયા અને શરદ પૂનમ આવી. એટલે મહારાજે સૌ હરિજનોને કહ્યું : "જોડિયા બંદરે જઈને પૌંવા લઈ આવો."

એટલે હરિભક્તોએ કહ્યું : "હા, આજે શરદ પૂર્ણિમા છે એટલે ઉત્સવ કરીએ."

એટલે મહારાજે કહ્યું : "આજે શરદ પૂર્ણિમા છે અને અમારા અક્ષરધામનો જન્મદિવસ પણ છે. આપણે તો અક્ષરનો જન્મોત્સવ આજે ઊજવવો છે."

તે રાત્રે મહારાજે ભાદરામાં અક્ષર જન્મોત્સવ ખૂબ જ ભવ્યતાથી ઊજવ્યો. આ દિવ્ય દર્શન કરવા અંતરીક્ષમાં દેવો પધાર્યા અને તેમણે મહારાજ અને મૂળજી ભક્ત ઉપર ચંદન અને પુષ્પની વૃષ્ટિ કરી. વળી, અંતરીક્ષમાંથી તેમના ગળામાં પડેલા હાર સૌએ જોયા. તે પ્રત્યક્ષ જોઈ ત્યાંના હરિભક્તોના આનંદ અને આશ્ચર્યનો પાર ન રહ્યો !

મહારાજ મૂળજીને ઘેર જમવા પધાર્યા

ભાદરામાં મહારાજ પધાર્યા તે જાણે મૂળજી ભક્તના અક્ષરસ્વરૂપને ઓળખાવવા જ પધાર્યા હોય તેમ મહારાજ, પ્રસંગે-પ્રસંગે મૂળજી ભક્તનો મહિમા સૌને કહેતા હોય તેમ સૌને લાગતું. વારા પ્રમાણે સૌને ત્યાં જમવાનું હતું તેમ મૂળજી ભક્તને ત્યાં પણ જમવાનો દિવસ આવ્યો.

તે દિવસે મહારાજે સવારે જ વશરામભાઈને પૂછ્યું : "વશરામભાઈ ! આજ અમારે જમવાના કેને ઘેર વારા છે ?"

ત્યારે વશરામ ભક્તે કહ્યું : "મહારાજ ! આજ તો મૂળજી ભક્તના ત્યાં જમવાનું છે."

એટલે મહારાજે કહ્યું : "ચાલો ત્યારે આપણે મૂળજીને ત્યાં જઈએ."

તેથી વશરામભાઈએ કહ્યું : "મહારાજ ! હજુ તો ઘણી વાર છે. રસોઈ પણ તૈયાર નહિ થઈ હોય."

પરંતુ મહારાજને તો ત્યાં જવું હતું. તેથી તેમણે કહ્યું : ''ભલે રસોઈને વાર હોય. આપણે ત્યાં જઈને બેસીશું. તમે પણ અમારી સાથે ચાલો.''

એમ કહી મહારાજ વશરામભાઈ, ડોસાભાઈ, માવજીભાઈ તથા રત્નાભાઈ વગેરે હરિજનોને સાથે લઈ મૂળજી ભક્તને ત્યાં પધાર્યા. મૂળજી ભક્ત તો ઘેર ન હતા. તેમનાં માતુશ્રી સાકરબા, મહારાજ તથા અન્ય હરિભક્તો માટે રસોઈ બનાવતાં હતાં. મહારાજ પધાર્યા એટલે સાકરબા રસોડામાંથી એકદમ બહાર આવ્યાં. તેમણે મહારાજને બેસવા માટે સાંગામાંચી ઢાળી તે ઉપર બેવડું ગોદડું પાથરી દીધું. મહારાજ તે ઉપર વસ્ત્રથી ગોઠણ બાંધી બેઠા અને બીજા સૌ હરિભક્તો મહારાજની સમ્મુખ બેઠા.

મહારાજે કહેલો મૂળજીનો મહિમા

મહારાજે સાકરબાને પૂછ્યું : ''મા, મૂળજી ક્યાં છે ?''

એટલે સાકરબાએ કહ્યું : ''મહારાજ ! એ તો સવારથી ખેતરે ગયા છે તે જમવા ટાણું થશે ત્યારે આવશે.''

મહારાજે આ ભોળી માનો મૂળજી પ્રત્યેનો પુત્રપ્રેમ જોઈ લીધો. પરંતુ મૂળજી તેથી પણ અધિક છે તે તેમને સમજાવવા માટે મહારાજે ફરી પૂછ્યું : ''મા ! તમારા મૂળજી અમને કોઈ દિ' યાદ કરે છે ?''

તે સાંભળી સાકરબાએ કહ્યું : ''મહારાજ ! એ તો આખો દિ' તમારું જ રટણ કર્યા કરે છે. કામકાજ કરતાં, હરતાં-ફરતાં તમને એક ઘડી પણ વિસારતા નથી. મને તો લાગે છે કે મૂળજીને તમારા ઉપર જેવું હેત છે તેવું તો આ જગતમાં કોઈના ઉપર નહિ હોય.''

આ સાંભળી મહારાજ હસ્યા અને કહ્યું : ''મા, મૂળજી તો અમને હમણાં સંભારતા હશે પરંતુ અમો તો જન્મ્યા ત્યારથી મૂળજીને અખંડ સંભારીએ છીએ !''

જેમ અમૃતનો ઓડકાર આવતો જ નથી, તેમ મહારાજને પણ મૂળજી ભક્ત સંબંધી વાતો સાંભળતાં જાણે તૃપ્તિ થતી જ ન હતી.

સાકરબાએ તરત જ કહ્યું : ''મહારાજ ! મૂળજી તો બાળક હતા ત્યારથી આપનું નામ રટ્યા જ કરતા હતા. જ્યારે અયોધ્યામાં આપનો

જનોઈ ઉત્સવ ઊજવાતો હતો, ત્યારે મૂળજીએ મને કહ્યું હતું, 'મા, મા, આજે જનોઈનાં ગીત ગાવો. મહારાજને જનોઈ દેવાય છે. વળી, આપ જ્યારે વનમાં પધાર્યા ત્યારે પણ મૂળજીએ મને કહ્યું હતું કે 'મા, આજે ધામના ધણી વનમાં પધાર્યા છે.' વળી, વનમાં પણ આપ જે જે લીલા કરતાં તેની વાતો મૂળજી મને કરતા. તેમજ આપ જ્યારે લોજ પધાર્યા ત્યારે પણ મૂળજીએ મને કહ્યું હતું કે 'મા, આજે મહારાજ લોજમાં પધાર્યા છે. અને થોડા વખતમાં અહીં પધારશે અને તમારા હાથનો થાળ જમશે.' મહારાજ ! આજે એ વચન સત્ય થયું છે.''

મંદ-મંદ હસતા મહારાજ સાકરબાની આ વાતો સાંભળી બોલ્યા : ''જેમ મૂળજી અમને સંભારે છે, તેમ અમે પણ મૂળજીને રોજ સંભારીએ છીએ. અમારું હેત તો બહુ જૂનું છે. મા ! તમને તો નહિ સમજાય પણ તમારા પુત્ર મૂળજી ભક્ત તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. તમારા ગર્ભમાં આવ્યા ત્યારે અને ગર્ભમાં આવ્યા પહેલાં પણ મૂળજી અમને અખંડ દેખતા. તે અમારી સાથે બંધાયા છે. અમો એમની સાથે સતત બંધાઈ રહ્યા છીએ.

''મૂળજી તો એટલા મોટા છે કે દશ અવતારો, ચાર વ્યૂહ, ચોવીસ મૂર્તિઓ અને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જે એક બ્રહ્માંડમાં રહ્યા છે તેવાં અનંત બ્રહ્માંડોને મૂળજી ધરી રહ્યા છે. મૂળજી ભક્ત તો મૂળ માયા, મૂળ પુરુષ તે સર્વેના ઈશ્વર છે. તે તમારે ઘેર પુત્રરૂપે પ્રગટ થયા છે.''

આ સાંભળી સાકરબાને હર્ષનાં આંસુ આવી ગયાં. પોતાના પુત્ર મૂળજી સંબંધી જે અગમવાણી સાંભળવા મળી હતી, તે સ્મૃતિપટ પર ધીરે ધીરે અંકાવા લાગી.

ધીરે રહીને તેમણે કહ્યું : ''મહારાજ ! મારો તો સ્ત્રીનો દેહ તે ઝાઝું તો હું સમજું નહિ પરંતુ આપ કહો છો તેમજ છે. મૂળજીના જન્મ પહેલાં અમો મહાદેવને પ્રસન્ન કરવા પ્રભાસ જતાં હતાં ત્યારે મેખાટીંબીમાં એક આહીર ભક્તને ઘેર રાત રહ્યાં. તે રાત્રે આત્માનંદ સ્વામીએ મને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું હતું કે તારે ઘેર ભગવાનનું મૂર્તિમાન અક્ષરધામ પુત્રરૂપે જન્મશે. મહારાજ ! તે વચન આપની કૃપાથી સત્ય થયું છે. મૂળજી તો આપ કહો છો તેવા પ્રતાપી છે અને અમને પણ બાળક હતા ત્યારથી ઘણા

ચમત્કારો તેમણે બતાવ્યા છે. મહારાજ ! અમારાં ધન્યભાગ્ય કે અમારે ઘેર એવા પુત્ર પ્રગટ થયા જેને લઈને આપ પુરુષોત્તમનારાયણ સાક્ષાત્ અમારે ઘેર અમને પાવન કરવા પધાર્યા.''

શ્રીજીમહારાજને તો આ નિમિત્ત ઊભું કરી ભાદરાના હરિભક્તોને મૂળજી ભક્તનો મહિમા કહેવો હતો. તેથી મહારાજે સાકરબાને સંબોધતાં કહ્યું : ''મા, તમારા મૂળજીનો મહિમા તો અપાર છે. તેનું સ્વરૂપ અધોઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે. તે સચ્ચિદાનંદરૂપ છે. સર્વત્ર વ્યાપક છે અને સર્વના કારણ અને આધાર છે. અમે તેમના દ્વારા જ સઘળું કાર્ય કરીએ છીએ. અમો તેમના વિના એક ક્ષણ પણ રહી શકતા નથી. જીવ, ઈશ્વર કે મોટા અવતારો પણ મૂળજીના સંબંધથી શુદ્ધ બ્રહ્મરૂપ થાય ત્યારે જ આત્યંતિકી મુક્તિને પામે છે. કારણ મૂળજી શુદ્ધ ચૈતન્યબ્રહ્મ છે. એ અમારા એવા ભક્ત છે તેથી અમે તેમના ભક્ત બનવાને ઇચ્છીએ છીએ.''

સાકરબાને તો જાણે આજે અમૃતની હેલી વરસતી હોય તેમ લાગ્યું. મૂળજી ભક્તનાં બાળચરિત્રો તે સંભારવા લાગ્યાં, કોઈ વખત તેમને વઢ્યાં હશે કે કોઈ વખત બે આકરા શબ્દો કહ્યા હશે તે બધું સાકરબાને સાંભરી આવ્યું. તેમની આંખોથી દડ-દડ આંસુ ચાલવા લાગ્યાં.

તેમણે મહારાજને કહ્યું : ''અહો મહારાજ ! મારો મૂળજી આવો મોટો હશે તેની અમને માયાવી જીવને શી ખબર પડે ? અમે તો તમારી માયામાં મોહ પામીને મૂળજીને પુત્ર જાણી કેટલીય વાર તેમને વઢી તેમની પાસે સેવા કરાવતાં. હવે એ બધાં પાપમાંથી અમે ક્યારે છૂટશું ?''

માતાને સુખ આપવા પુત્રરૂપે પ્રગટ થયેલા મૂળજી ભક્તના મૂળ સ્વરૂપની વિસ્મૃતિ મહારાજની ઇચ્છાથી જ સાકરબાને થઈ હતી. અને તેથી જ દિવ્યભાવ છુપાવી પ્રગટ થયેલા મૂળજી ભક્તમાં પોતાના પુત્રનો ભાવ જોઈ માએ તેમને અનેક પ્રકારના લાડ લડાવ્યા હતા. કોઈ-કોઈ વખત ધમકાવ્યા હતા અને સેવા પણ કરાવી હતી. પરંતુ પોતાના સ્વરૂપના સંબંધથી જ કેવળ પુત્રભાવે પોતામાં હેત કરનાર માતા તો આત્યંતિકી મુક્તિને પામી ગયાં હતાં.

શ્રીજીમહારાજે તેથી તેમને કહ્યું : ''મા, તમારા મહાસમર્થ પુત્ર મૂળજીના સંબંધે તમારું તો કલ્યાણ થઈ ગયું તો પાપ ક્યાંથી રહે ? તમારા

મૂળજીમાં અનેક કલ્યાણકારી ગુણો છે, છતાં પોતે ગુણથી પર ગુણાતીત છે. સૌથી મોટા પણ છે અને સૌથી નાના પણ છે. કર્તા છે છતાં અકર્તા પણ છે. સર્વના કારણ છે છતાં સર્વથી અલિપ્ત છે. વધુ તો શું કહીએ ?

‘‘મા ! પણ આત્યંતિક પ્રલય વખતે જ્યારે અનંત બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય છે ત્યારે મૂળ પુરુષ સહિત મૂળ માયાને આ તમારા મૂળજી પોતાના સ્વરૂપમાં લીન કરી દે છે. છતાં પણ તે મૂળ માયા અને તેનાં કાર્યથી પોતે સદા અસંગી રહે છે. આ મૂળજી સર્વત્ર વ્યાપક છે. છતાં અમારી સમીપે અમારી સેવામાં મૂર્તિમાન સ્વરૂપે સદા રહે છે. શાસ્ત્રોમાં તો બ્રહ્મ જે આ મૂળજી તેનો અપાર મહિમા કહ્યો છે. પરંતુ જેમ તમોને બ્રહ્મ અને પરબ્રહ્મ પ્રત્યક્ષ થયા છે, તેમ હજુ કોઈને થયા નથી. અર્થાત્ જેને અમારા પ્રગટ સ્વરૂપનું જ્ઞાન નથી તે સૌ પરોક્ષભાવે અમારું ભજન કરે છે.

‘‘એ અમારું અનિર્દેશ્ય ધામ છે તેથી જ તે અપાર છે. કોઈ તેનો નિર્દેશ કરી શકતું નથી. જેમ સૂર્ય કે ચંદ્રનો અહીંથી આપણે નિર્દેશ કરી શકીએ પરંતુ સમીપે જઈએ તો તે બન્ને ગ્રહોનું અપારપણું સમજાય અને તે લોકમાં જઈને રહીએ ત્યારે તો તેનો નિર્દેશ ન થઈ શકે, તેમ પરોક્ષભાવે અમારો મહિમા લોકો ગાય; પરંતુ અમારાં સ્વરૂપોનું જ્ઞાન અને તેનો સાક્ષાત્કાર જ્યારે થાય ત્યારે અમારાં સ્વરૂપોનું વર્ણન વાણીથી કરી શકાય જ નહિ. એવા અમે અને તમારા મૂળજી બંને મન અને વાણીથી પર છીએ.’’ શ્રીજીમહારાજ આટલું કહીને અટક્યા.

સાકરબા તો મહારાજની વાણી સાંભળી અત્યંત આનંદ અનુભવતાં હતાં. પોતાના પુત્રની આટલી મોટપ તેમને સમજાણી જ ન હતી. મહારાજે જે કહ્યું, તેમાં પણ તેમને ઝાઝું તો સમજાયું ન હતું. છતાં ‘મૂળજી બહુ મોટા છે, મહાન વિભૂતિ છે’ તે વાત તો તેમના અંતરમાં દૃઢ થઈ ગઈ. પોતાને થયેલી અતિ મહાન પ્રાપ્તિથી આશ્ચર્ય અને આનંદમાં લીન થઈ ગયેલાં સાકરબા બે હાથ લમણે રાખી મહારાજની પરાવાણી સાંભળતાં હતાં. મહારાજ પણ તેમના નિમિત્તે પાસે બેઠેલા હરિભક્તોને મૂળજી ભક્તનો મહિમા સમજાવતાં જાણે થાકતા જ ન હતા.

મહારાજે કહ્યું : ‘‘હે હરિભક્તો ! મારા અંગભૂત આ મૂળજી ભક્તનો મહિમા જ્યારે તમને સમજાશે ત્યારે જ તમે મારો મહિમા સમજી શકશો.’’

અક્ષરનો મહિમા સમજાય પછી જ પુરુષોત્તમનો મહિમા સમજાય

આ વાત સાંભળી વશરામ ભક્તે પૂછ્યું : "હે મહારાજ ! શું અક્ષરનો મહિમા સમજાય તો જ આપનો મહિમા સમજાય ?"

તે સાંભળી મહારાજે મંદ-મંદ હસતાં-હસતાં કહ્યું : "હા, જ્યારે અક્ષરનો યથાર્થ મહિમા સમજાશે અને એ મહિમા સમજીને એ રૂપ થવાશે, ત્યારે જ અમારો મહિમા સમજી શકાશે. જેમ પૃથ્વીથી દસ ગણું જળ છે એમ કહીએ પણ પૃથ્વી જ કેવડી છે તે જાણ્યું ન હોય તો જળની મોટાઈ ન સમજાય. વળી, જળથી તેજ, તેજથી વાયુ, વાયુથી આકાશ, એ સર્વ ઉત્તરોત્તર એક બીજાથી દસ ગણાં મોટાં છે. આકાશથી પર મહત્તત્ત્વ છે, મહત્તત્ત્વથી પર પ્રધાન પુરુષ છે અને તે બંનેથી અનંતગણા પર અક્ષર છે. માટે મૂળપુરુષ અને મૂળ માયાનો મહિમા સમજાય તો અક્ષરનો મહિમા સમજાય. ત્યાર પછી જ અક્ષરથી પણ પર એવા જે પુરુષોત્તમ તેમનો મહિમા સમજાય."

આટલી વાત સાંભળતાં જાણે સોપો પડી ગયો હોય તેમ સર્વત્ર શાંતિ પ્રસરી ગઈ ! પરંતુ મહારાજ તો આજે વાત કરવા જ બેઠા હતા. પોતાના પરમ ભક્તના અગાધ મહિમાનું ગાન કરવું એ તેમને મન પરાભક્તિ હતી. વળી, પોતાને પામવા માટે મોક્ષના દ્વારરૂપ મૂળજી ભક્તના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન સમજવું તે પણ મુમુક્ષુઓ માટે અત્યંત આવશ્યક હોવાથી મહારાજ હવે સાકરબાને સંબોધવાને બદલે ત્યાં બેઠેલા તમામ ભક્તજનોને સંબોધીને કહેવા લાગ્યા : "હે ભક્તજનો ! તમો સાંભળો. આ મૂળજી અક્ષરબ્રહ્મનો અવતાર છે. એ સર્વ કારણોના પણ કારણ છે.[૨૩] તમને તો તે એક સામાન્ય પુરુષ દેખાય છે. પરંતુ તેના અતિ અપાર સ્વરૂપમાં અનંત બ્રહ્માંડો તે તે બ્રહ્માંડના અધિપતિઓની સાથે નિવાસ કરીને રહ્યા છે.[૨૪] તે નિર્દોષ છે, કારણ કે તેના સ્વરૂપમાં માયા છે જ નહિ."[૨૫]

"વળી, ઉપનિષદ વગેરે શાસ્ત્રોમાં એ અમારા ધામનું અમારા સ્વરૂપ

---

૨૩. तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् । શ્રીમદ્ ભાગવત, સ્કંધ-૩, અ-૧૧, શ્લોક-૪૧

૨૪. यस्मिंल्लोका निहिता लोकिनश्च । મુંડકોપનિષદ ૨-૨-૨

૨૫. अपहतपाप्मा ह्येष ब्रह्मलोकः । છાંદોગ્ય ઉપનિષદ ૮-૪-૧

તરીકે જ બહુધા વર્ણન કર્યું છે. એ અક્ષરબ્રહ્મ, અનાદિ, અનંત, અવિચળ અને માયાથી પર છે. તેને પામીને જીવ મૃત્યુ થકી મુકાય છે.[૨૬] જેમાં સૂર્ય, ચંદ્રનો પ્રકાશ પહોંચતો નથી, જેમાં વાયુ નથી, જેમાં સ્વર્ગવાસી દેવતાઓની ગતિ નથી, જેનું પૂજન કરવાથી સર્વ પૂજકોનું રક્ષણ કરનારા અને પોતાની અનંત વિભૂતિઓ સાથે વસનારા સ્વતઃસિદ્ધ પરમાત્માનું[૨૭] પૂજન થઈ રહ્યું છે, એવા એ અક્ષરબ્રહ્મ છે. સર્વથી પર અક્ષર છે. એ અક્ષરને જાણી જે કોઈ જે ઇચ્છે તે તેને પ્રાપ્ત થાય છે.[૨૮] સર્વથી પર એ અક્ષરબ્રહ્મ ભક્તજનોને પ્રાપ્ય છે, અભયરૂપ છે અને સંસારસિંધુને તારે છે.''[૨૯]

શ્રીજીમહારાજના મુખમાંથી વાણીનો પ્રવાહ ગંગાના પ્રવાહ સમાન અવિરતપણે નીકળ્યે જ જતો હતો. વશરામ ભક્ત, ડોસાભાઈ, રત્નાભાઈ વગેરે ભક્તો તો કેવળ મહારાજના મુખકમળનાં દર્શન કરતાં તેમની પરાવાણીના પ્રવાહમાં જાણે તણાતા જ હતા. મૂળજી ભક્તને યથાર્થ સમજવા માટે જે જ્ઞાનદૃષ્ટિ, જે બુદ્ધિયોગની જરૂર હતી તે શ્રીજીમહારાજ તેમને આજે આપતા હતા. મૂળજી ભક્તના અક્ષરબ્રહ્મના સ્વરૂપનો જાણે તેમને સાક્ષાત્કાર થઈ ગયો હોય તેમ તે અક્ષરબ્રહ્મના સ્વરૂપમાં તેઓ તદ્રૂપ બની ગયા હતા.

પછી મહારાજે સાકરબાને પૂછ્યું : ''મા, રસોઈને કેટલી વાર છે ?''

સાકરબા જાણે સમાધિમાંથી જાગ્રત થયાં હોય તેમ ઝબકી ગયાં. તેમણે એકદમ કહ્યું : ''મહારાજ ! રસોઈ તો તૈયાર છે. લ્યો, આપને પીરસું.''

મહારાજે તેમને કહ્યું : ''મા, બેસો મૂળજી આવશે એટલે સાથે જમીશું. એટલો વખત આપણે મૂળજીની વાત કરી લઈએ.''

---

૨૬. तदेतदक्षरं ब्रह्म प्राप्य जन्ममृत्यु मुखात् प्रमुच्यते ।

૨૭. न तत्र चंद्रार्कवपुः प्रकाशते न वान्ति वाताः न च यान्ति देवताः ।
यत्र देवक्रतुभिर्भूतभावनः स्वयं विभूत्या विरजः प्रकाशते ॥
અન્નપૂર્ણોપનિષદ : ૪-૩૦

૨૮. यः सेतुरीजानानामक्षरं ब्रह्म यत्परम् । अभयं तितीर्षतां पारम् ।
કઠોપનિષદ : ૧/૩/૨.

૨૯. एतद्ध्येवाक्षरं ब्रह्म एतद्ध्येवाक्षरं परम् । एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत् ।
કઠોપનિષદ : ૧/૨/૧૬.

એટલું કહી વળી બોલ્યા : "વશરામભાઈ ! મૂળજી ભક્તના સ્વરૂપનું વર્ણન શું કરીએ ? આ લોકના શબ્દોથી તેનું યથાર્થ વર્ણન થઈ શકે તેમ નથી. જેમનામાં અનુભૂતિ સ્વરૂપ વિજ્ઞાન છે, જેમણે મન જીત્યું છે, જે સદા પવિત્ર છે, તે જ તે અક્ષરબ્રહ્મને પામે છે. જેને પામીને ફરી જન્મવું પડતું નથી.[30] જ્યારે મુમુક્ષુના હૃદયમાંથી વાસના નાશ પામે છે, ત્યારે તે શુદ્ધ આત્મસ્વરૂપ થઈ અક્ષરબ્રહ્મમય થઈ જાય છે.[31] આ અક્ષરબ્રહ્મ આ બ્રહ્માંડની ચારે બાજુ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ ભાગમાં વ્યાપી રહ્યું છે. અરે, આ બ્રહ્માંડ બધું અક્ષરબ્રહ્મમય છે. અક્ષરબ્રહ્મ તેમાં સ્વતંત્રપણે વ્યાપી રહેલા છે.[32] જે ધૈર્યવાન પુરુષ નિષ્કામભાવે પુરુષોત્તમનારાયણની ઉપાસના કરે છે, તે જ તે અક્ષરબ્રહ્મને જાણી શકે છે અને તે જ અક્ષરબ્રહ્મમય થઈ શકે છે.[33] જે સર્વથી શ્રેષ્ઠ એવા આ મૂળજી ભક્ત અક્ષરબ્રહ્મ છે એમ જાણે છે તે જ બ્રહ્મરૂપ થઈ શકે છે.'[34]

ડોસાભાઈ, રત્નાભાઈ, વશરામભાઈ વગેરે હરિભક્તો શ્રીજીમહારાજની, મૂળજી ભક્તના માહાત્મ્યની અમૃતવાણી સાંભળી મંત્રમુગ્ધ બની ગયા. ઘડીભર તો તેમને લાગ્યું કે શેરડીના વાઢમાં પાણી વાળતા આ મૂળજી ભક્ત અક્ષરબ્રહ્મનો અવતાર ! પરંતુ મૂળજી ભક્તની અત્યંત સૂક્ષ્મ બુદ્ધિ, વાતવાતમાં પણ પરમાત્માના સ્વરૂપ સંબંધી જ વાતો કરવાની ટેવ, ક્વચિત્ ક્વચિત્ પ્રગટ થતું તેમનું ઐશ્વર્ય, આ બધું વિચારતાં તેમને લાગ્યું કે જરૂર મૂળજી ભક્ત અક્ષરબ્રહ્મનો અવતાર હોવા જોઈએ. શ્રીજીમહારાજના સંબંધથી આજે તેમને મૂળજી ભક્તના અક્ષરસ્વરૂપનું યથાર્થ

---

૩૦. यस्तु विज्ञानवान्भवति समनस्कः सदा शुचिः ।
स तु तत्पदमाप्नोति यस्माद् भूयो न जायते ॥
કઠોપનિષદ : ૧/૩/૮.

૩૧. यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि स्थिताः ।
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥
કઠોપનિષદ : ૨/૩/૧૪.

૩૨. ब्रह्मैवेदममृतं पुरस्ताद् ब्रह्म पश्चाद् ब्रह्म दक्षिणतश्चोत्तरेण ।
अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् ॥ મુંડકોપનિષદ : ૨/૨/૧૧.

૩૩. उपासते पुरुषं ये ह्यकामास्ते शुक्रमेतदतिवर्तन्ति धीराः મુંડકોપનિષદ : ૩/૨/૧.

૩૪. स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति । મુંડકોપનિષદ : ૩/૨/૯.

જ્ઞાન થયું. પરંતુ મહારાજ તો તેમનાં સૌનાં હૃદયોમાં અક્ષરબ્રહ્મના અવતાર મૂળજી ભક્તના તે દિવ્ય સ્વરૂપની દૃઢતા કરાવવા ઇચ્છતા હતા. એટલે તેમણે આ હરિભક્તોને સંબોધતાં કહ્યું : ''જે અક્ષરબ્રહ્મને જાણે છે તે જ બ્રહ્મરૂપ થઈ પરમાત્માને પામે છે.[૩૫] તે અક્ષરબ્રહ્મ સદા સત્ય છે, ત્રિકાલાબાધિત છે, જ્ઞાનનું મૂળ છે અને અનંત છે, જેથી તેનું કોઈ માપ કાઢી શકે તેમ નથી.[૩૬] અક્ષરબ્રહ્મનો આવો અપાર મહિમા છે છતાં કોઈ જો કહે કે અક્ષરબ્રહ્મ નથી જ અથવા તેનો મહિમા કોઈ ન જાણે તો તેવું કહેનારો અસત્ થઈ જાય છે અર્થાત્ તેનો આત્મા જડ જેવો થઈ જાય છે.[૩૭] માટે હે ભક્તો ! અક્ષરનો મહિમા મુમુક્ષુઓએ તો અવશ્ય સમજવો જોઈએ. મૂળજી ભક્ત આ અક્ષરબ્રહ્મનો અવતાર છે. અમો એ અક્ષરબ્રહ્મમાં રહેનારા પુરુષોત્તમનારાયણ છીએ. આટલું જો તમો સમજશો તો જે એકાંતિક ધર્મની સ્થાપના માટે અમો પ્રગટ થયા છીએ તે એકાંતિક ધર્મ તમને સૌને સિદ્ધ થઈ જશે.''

શ્રીજીમહારાજની પરાવાણીનો આ સ્રોત ત્યાં બેઠેલા હરિભક્તોના અંતરમાં સોંસરો ઊતરી ગયો. વશરામ ભક્ત તથા માવજી ભક્ત મહારાજ પ્રત્યે કહેવા લાગ્યા કે 'હે મહારાજ ! આજ તમોએ મૂળજી ભક્તનો અપાર મહિમા અમને સમજાવ્યો. અમોએ આજ સુધી તેમનાં ઘણાં ચમત્કારિક ચરિત્રો જોયાં હતાં. પરંતુ તેમનો આવો મહિમા તો અમે સમજતા ન હતા. આપે આજે અમારા ઉપર ઘણી જ દયા કરી, કારણ કે જો મૂળજી ભક્તનો આવો મહિમા ન સમજાય, તો આત્યંતિક કલ્યાણમાં કસર ઘણી રહી જાય. આજ અમો ખરેખર ભાગ્યશાળી છીએ કે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણના શ્રીમુખે જ તેમના અનાદિ ધામરૂપ મૂળજી ભક્તનો મહિમા અમને સાંભળવા મળ્યો.'

આ મૂળજી ભક્ત તો આશ્રય કરવા યોગ્ય છે

પછી જાણે અધૂરું હોય તેમ મહારાજ ફરી બોલ્યા : ''હે ભક્તો ! આ

---

૩૫. ब्रह्मविदाप्नोति परम् । તૈત્તિરીય ઉપનિષદ : ૨-૧-૧.

૩૬. सत्यं ज्ञानमनन्तं ब्रह्म । તૈત્તિરીય ઉપનિષદ : ૨-૧-૧.

૩૭. असन्नेव स भवत्यसद्ब्रह्मेति वेद चेत् । તૈત્તિરીય ઉપનિષદ : ૨-૬.

મૂળજી ભક્ત તો આશ્રય કરવા યોગ્ય છે, ભવસાગરની દૃઢ નૌકા સમાન તે છે. અનંત ભક્તોને અમારો અસાધારણ મહિમા સમજાવી તે અમારા બનાવશે.''

એટલું મહારાજે કહ્યું ત્યાં સાકરબાએ મહારાજને કહ્યું : ''મહારાજ ! હવે આપ તૈયારી કરો. મૂળજી હમણાં આવશે.'' એમ કહી તેઓ ઊઠ્યાં અને ઠાકોરજીને થાળ ધરાવ્યો.

ત્યાં મૂળજી ભક્ત ખેતરેથી આવ્યા. મહારાજ તેમને જોઈ બહુ રાજી થયા અને કહ્યું : ''અમે તમારી જ વાટ જોતા હતા. હવે તમે આવ્યા એટલે તમે પણ અમારી સાથે જમવા બેસો.''

મૂળજી ભક્તને મહારાજ તથા સૌ હરિભક્તોને પીરસવાની ઇચ્છા હતી. પરંતુ મહારાજનો અતિ આગ્રહ હતો એટલે પોતે સ્નાન કરી રેશમી મુગટો પહેરી મહારાજ સાથે જમવા બેસવા તૈયાર થયા. મહારાજે તેમને પોતાની પાસે જમવા બેસાર્યા. પોતે જમતા જાય અને વાતો કરતા જાય.

જમી રહ્યા પછી મૂળજી ભક્તે મહારાજને મુખવાસ આપ્યો. મહારાજ મંદ-મંદ હસતાં-હસતાં મૂળજી ભક્તના મુખના ભાવ જોઈ મલકાતા જાય અને વારેવારે તેમની સામું જોતા જાય. પછી મહારાજ જવા તૈયાર થયા. મૂળજી ભક્ત ખડકી સુધી વળાવવા ગયા. મહારાજ પોતાને ઉતારે વશરામ સુથારને ઘેર પધાર્યા.

✧

હું દેવીના દેવનો ભક્ત છું

મૂળજી ભક્તે પોતાના ખેતરમાં શેરડીનો વાઢ કર્યો હતો. બે ત્રણ ભાગીદારો પણ તેમાં હતા. શેરડી તૈયાર થઈ અને કોલ ફરતો થયો. તે સમયમાં એક દેવીભક્ત પોતાના કેટલાક શિષ્યો તેમજ ઊંટ, ગાડાં વગેરે લઈને દરેક કોલ ફરતો અને દેવીની ઉપાસનાના બળે સૌને ડરાવી ગોળની બે કડાઈઓ પડાવી લેતો હતો.

મૂળજી ભક્તના ખેતરે આવીને તેણે આંખો લાલ કરીને કહ્યું : ''ગુડકી દો કડાઈઆ હમકુ દો, નહિ તો સારા વાઢ જલા દૂંગા !''

મૂળજી ભક્તે આ સાંભળી બાવાજીને કહ્યું : ''બાવાજી ! ગુડકી એક

કઢાઈ દેંગે. ક્યું કે સબકો એક હી દેતે હૈં. તો તુમકો દો કૈસે દેવે ? આપકો લેનેકા હો તો લે લો, વરના રાસ્તા સીધા પડા હૈ. આપ જા સકતે હૈં.''

મૂળજી ભક્તના આ શબ્દોથી બાવાજીના અંતરમાં તેલ રેડાયું. તે ક્રોધથી ધ્રૂજવા લાગ્યો, લાલચોળ બની ગયો. છેલ્લી વારે તેણે મૂળજીને કહ્યું, 'તુમ જાનતે હો, મૈં દેવી ભક્ત હૂં, તુમ્હારા સારા વાઢ જલા દૂંગા ઔર રસ ઊંચે ચઢાઊંગા ! સબને દો દીયા હૈ તો તુમ ક્યું નહિ દોંગે ?'

મૂળજી ભક્તે એટલી જ શાંતિથી બાવાજીને કહ્યું : ''બાવાજી ! તારી બડાઈ અહીં નહિ ચાલે. તું દેવીભક્ત છો તો હું તે દેવીના દેવનો ભક્ત છું. તને રસ ઊંચે ચઢાવતાં આવડે છે, તો મને તે નીચે ઉતારતાં આવડે છે. તને બાળતાં આવડે છે તો મને ઠારતાં આવડે છે. માટે ખોટી બડાઈ છોડી એક કડાઈ લેવી હોય તો લે, નહિ તો ચાલતો થા.''

બાવાજીને તો મૂળજી ભક્તના આ શબ્દોથી ઝાળ લાગી. શ્રીજીમહારાજે વનવિચરણ દરમ્યાન જેમ પિબેકને પડકાર્યો હતો, તેમ મૂળજી ભક્તે પણ આ બાવાજીને ઉશ્કેર્યા. બાવાજીએ તો મંત્ર ભણી તુંબડીનું પાણી આમતેમ છાંટવા માંડ્યું.

મૂળજી ભક્તના ભાગીદાર બીજા કણબી પટેલિયા તો ધ્રૂજવા લાગ્યા. બાવાજી શું કરી નાખશે ? મૂળજીએ તેમને કહ્યું : ''તમે બીશો નહિ તેનાથી કાંઈ થવાનું નથી.''

બાવાજી તો મંત્ર ભણી પાણી છાંટવા માંડ્યા પણ તેનું પરિણામ કાંઈ આવ્યું નહિ. એટલે મનમાં તો ગભરાયા. તેના અંતરમાં મૂળજી ભક્તના મહિમાની છાપ પડી ગઈ, પરંતુ પરાજય સ્વીકારવા તે તૈયાર ન હતા. તેથી ફરી બળ કરી બોલ્યા : ''અબ તો હમ તીન કડાઈઆ ગુડ લેંગે.'' એમ કહી તેણે ત્યાં જ રાત રહેવા નક્કી કર્યું. મૂળજી ભક્તે પણ ત્યાં જ રાત રહેવાનું નક્કી કર્યું.

રાત્રે બાવાજીએ દેવીની આરાધના કરી. દેવીએ દર્શન દઈ કહ્યું : ''અરે મૂર્ખ ! તું ત્યાં ક્યાં ભરાયો ? એ તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર છે. એની આગળ પતંગિયા જેવા તારું કે અમારું કાંઈ ચાલવાનું નથી. માટે સવારે મૂળજી ભક્તને પગે લાગી તે જે આપે તે લઈને ચાલતો થજે.''

બાવાજી તો આ સાંભળી દિગ્મૂઢ થઈ ગયા ! પોતાનું તો કાંઈ બળ

ન હતું. જે કાંઈ બળ હતું તે તો આ દેવીનું જ હતું. પરંતુ દેવી પણ જો આ મૂળજી ભક્તની દૈવી શક્તિ પાસે લાચાર બની ગઈ, તો હવે તેનો કોઈ ઉપાય ચાલે તેવું રહ્યું નહિ. અજાણતાં પણ તેણે મૂળજી ભક્તનો અપરાધ કર્યો તેથી તેના અંતરમાં પશ્ચાત્તાપ થવા લાગ્યો. સવારની રાહ જોતો તે આખી રાત બેસી જ રહ્યો.

સવાર પડતાં બાવાજી સ્નાન કરી ધોયેલાં વસ્ત્ર પહેરી મૂળજી ભક્ત પાસે આવ્યા. તેમની ક્ષમા માગી અને પ્રણામ કર્યા. પશ્ચાત્તાપથી પરિવર્તન પામેલું બાવાજીનું હૃદય નિહાળી, મૂળજી ભક્ત તેના ઉપર પ્રસન્ન થયા. તેને હવે તેમણે એકને બદલે બે કડાઈ ગોળ આપ્યો. બાવાજી રાજી થઈને ત્યાંથી ચાલી નીકળ્યા.

✧ ✧ ✧

પરમહંસનાં આકરાં વ્રત

સંવત ૧૮૬૪ના આસો માસમાં ત્રણ દિવસ સુધી વરસાદની સતત હેલી થઈ. તેથી હવા ઘણી ઠંડી પડી ગઈ. વળી, શિયાળો બેસતો હોવાથી સવારમાં કડકડતી ટાઢ પડવા લાગી હતી. આ વર્ષમાં ચાતુર્માસના નિયમોમાં શ્રીજીમહારાજે પરમહંસોને વગડામાં વસવાનો નિયમ આપ્યો હતો. તેમાં પણ કોઈ વૃક્ષનો કે ઓઘાનો પણ આશ્રય ન કરવો એવી કડક આજ્ઞા હતી. આ પરમહંસોને રાંધેલ અન્નની જ ભિક્ષા લેવાની આજ્ઞા હતી. તે અન્ન કોઈ જળાશય પાસે જઈ તેના જળથી શુદ્ધ કરી, તેનો પાશેરનો ગોળો કરી ફક્ત એક જ વખત તે અન્નનો ગોળો જમવાની આજ્ઞા હતી. બાકીનો બધો સમય વનમાં બેસી મહારાજનું ધ્યાન કરવું. શ્રીજીમહારાજને પ્રસન્ન કરવા માટે આવા આકરા નિયમો ગ્રહણ કરી પરમહંસો નીકળી પડ્યા હતા.

આવા એક પરમહંસ ભાદરાની સીમમાં તપ કરતા હતા. પરંતુ અતિવૃષ્ટિ અને તેથી પડેલી ટાઢને લઈને આ પરમહંસનું શરીર અચેતન બની ગયું. એવી દશામાં શ્રીજીમહારાજનું ધ્યાન કરતા ધ્યાનસ્થ દશામાં જડ શિલાની જેમ આખી રાત તેઓ બેસી રહ્યા. સવાર થયું, સૂર્યોદય થયો, પરંતુ તેઓ જાગ્રત ન થયા. તે સમયે એક ભરવાડ પોતાનાં બકરાં ચારતો-

ચારતો ત્યાં આવી ચઢ્યો. અચેતન દશાવાળા આ ધ્યાનસ્થ યોગીને જોઈ તેને કુતૂહલ થયું. તે તેમની પાસે આવ્યો. તે સાધુને તેણે આમતેમ હલાવ્યા પરંતુ સાધુ તો જાગ્રત ન થયા. તેથી તેને શંકા પડી. તેને લાગ્યું કે આ તો મૂળજી ભક્તને ત્યાં આવતા સાધુઓ જેવા છે. તેથી તેણે મૂળજી ભક્તને આ ખબર આપવા નક્કી કર્યું. બકરાંને ત્યાં મૂકી તે એકદમ ગામમાં જવા દોડ્યો. મૂળજી ભક્તને ઘેર આવી તેણે બહારથી બૂમ મારી : "અરે મૂળજીભાઈ ! તમારા એક સાધુ નદીને કાંઠે બેભાન થઈ બેઠા છે. બોલતા ચાલતા નથી અને શ્વાસ પણ ચાલતો નથી. માટે કાંઈક તપાસ કરો અને જો ગુજરી ગયા હોય તો તેમની ક્રિયા કરો. બાપડા ઝાડની ઓથ વગર બેઠા છે. એટલે ટાઢથી ઠરી ગયા લાગે છે."

આ સાંભળી મૂળજી ભક્ત એકદમ બહાર આવ્યા. ભરવાડે તેમને બધી વાત વિગતથી કહી. પછી મૂળજી ભક્ત એક મજબૂત ચોફાળ લઈ તે ભરવાડની સાથે નદીને કાંઠે ગયા.

અહીં આવી મૂળજી ભક્તે જોયું તો ખરેખર તે સાધુની દશા ગંભીર હતી. મૂળજી ભક્તનું કોમળ અંતઃકરણ આ સાધુની આ સ્થિતિ જોઈ દ્રવી ગયું. તેમની આંખોમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. પરંતુ આ સમય આવી વિહ્વળ મનોદશા બતાવવાનો ન હતો. તેથી હિંમત રાખી તે સાધુને ચોફાળમાં વીંટી પોતાની પીઠ ઉપર નાખી ઘેર લાવ્યા.

ઘેર આવ્યા પછી તે સાધુને મૂળજી ભક્તે મગની પથારીમાં સુવાર્યા અને ગરમ શેક કર્યો તેથી તે સાધુ કેટલીક વાર પછી સચેતન થયા. થોડી વાર પછી સંપૂર્ણ શુદ્ધિમાં આવ્યા ત્યારે મૂળજી ભક્તે તેમને ભોજનનું પૂછ્યું. શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ ભિક્ષા માગી ભોજન જમી તે સાધુ પાછા વગડામાં ચાલ્યા ગયા.

✧ ✧ ✧

માતાનો અક્ષરવાસ

સંવત ૧૮૬૫માં મૂળજી ભક્તનાં માતુશ્રીને માંદગી આવી. મૂળજી ભક્ત તેમની સેવામાં પ્રવૃત્ત થયા. સાથે-સાથે તેમને આત્મા પરમાત્મા સંબંધી જ્ઞાનોપદેશ પણ કરતા. અલ્પ માંદગી ભોગવી સાકરબા પોતાના

પુત્ર સાક્ષાત્ અક્ષરબ્રહ્મ મૂળજીના સંબંધથી બ્રહ્મરૂપ થઈને ધામમાં પધાર્યાં. માતાના વાત્સલ્યના અનુભવી મૂળજી ભક્તે લોકવ્યવહારની શૃંખલા સ્વેચ્છાએ સ્વીકારી હોવાથી આ પ્રસંગથી શોક વ્યક્ત કર્યો. પરંતુ સાથે સાથે સંસાર ત્યાગમાં વિલંબરૂપ થયેલા વાત્સલ્યના બંધનથી મુક્ત થયા તેથી આનંદ પણ અનુભવ્યો. સંસારમાં સદા વિરક્તપણે રહેવામાં મૂળજી ભક્તના અક્ષરબ્રહ્મ સ્વરૂપમાં માયા કે માયાનાં કાર્યોની કોઈ ઉપાધિ સંભવી શકતી જ નથી. છતાં પૃથ્વી ઉપરના પોતાના અવતરણના નરનાટ્ય-સ્વરૂપમાં તો જગતના સહજ એવા' દરેક ભાવનું દર્શન ભક્તો સાથે સજાતિ થવા માટે કરાવવું એ પણ એક સનાતન પ્રણાલિકા હોવાથી, મૂળજી ભક્તે તે અંગીકાર કરી હતી. પિતાના ધામમાં ગયા પછી વ્યવહારનો બોજો ઉપાડી કુટુંબ પ્રત્યે સંપૂર્ણ વાત્સલ્યભાવથી તેમણે વ્યવહારમાં ચિત્ત જોડ્યું, માતાની ઇચ્છાને પોષવા લગ્ન કર્યાં,[૩૭અ] નાનાભાઈ સુંદરજીને પણ પરણાવ્યા, પોતાના સ્વભાવને સંપૂર્ણ અનુરૂપ બની ગયેલાં પત્નીને જ્ઞાનોપદેશ આપી, યાજ્ઞવલ્કયનાં પત્ની મૈત્રેયી સમાન વિદૂષી બનાવી આ સંસારમાંથી અનાસક્ત બનાવી દીધાં. આ પ્રમાણે સંસારત્યાગ માટેની પૂર્વભૂમિકા તેમણે તૈયાર કરી દીધી હતી અને શ્રીજીમહારાજની પ્રેરણાની રાહ જોઈ રહ્યા હતા.

✧ ✧ ✧

બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે

સંવત ૧૮૬૬ના કાર્તિક સુદ પૂનમના દિવસે મૂળજી ભક્ત પોતાના ખેતરમાં શેરડીનો વાઢ કર્યો હતો. તેમાં એક દિવસ તેઓ પાણી વાળતા હતા. તે જ સમયે શ્રીજીમહારાજે તેમને પ્રત્યક્ષ દર્શન દીધાં. મહારાજે પીળું પીતાંબર પહેર્યું હતું. માથે દક્ષિણી પાઘ મૂકી હતી. મૂળજી ભક્ત પાસે આવી મહારાજે કહ્યું : ''આપણે શું કરવા આવ્યા છીએ અને શું થાય છે ? બ્રહ્મતેજ તો સાવ સુકાઈ ગયું છે. હવે ચાલી નીકળો. મુદત પૂરી થઈ છે.''

મહારાજની આ આજ્ઞા સાંભળી મૂળજી ભક્તે તરત જ પાવડો ફેંકી દીધો અને ત્યાંથી ઘેર ન જતાં સીધા ગઢપુરને રસ્તે ચાલી નીકળ્યા.

૩૭અ. વિશેષ માહિતી માટે જુઓ પરિશિષ્ટ : ૨, પૃષ્ઠ ૫૮૨.

અક્ષરબ્રહ્મના મહાભિનિષ્ક્રમણની કાર્તિકી પૂર્ણિમા ધન્ય બની ગઈ ! પોતે પૂર્ણ બ્રહ્મ હોવાથી પૂર્ણતાને જ પોતાના જીવનમાં સ્થાન આપ્યું હતું. પ્રાગટ્યની પણ પુણ્યતિથિ હતી આશ્વિન પૂર્ણિમા ! મહાપ્રસ્થાનની પુણ્યતિથિ બની કાર્તિકી પૂર્ણિમા !

શ્રીજીમહારાજ આ વખતે ગઢપુરમાં ન હતા. તેથી તેમણે બોટાદમાં નિત્યાનંદ સ્વામીને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું : "ભાદરાના મૂળજી ભક્ત તમારી પાસે આવશે તો તમો તેમને રોકજો. અમો ત્યાં આવીએ છીએ." મૂળજી ભક્ત તો સીધા ગઢપુર ગયા. પરંતુ મહારાજ ત્યાં ન હતા તેથી ત્યાંથી તરત જ નીકળી બોટાદ આવ્યા. અહીં નિત્યાનંદ સ્વામીનાં દર્શન થયાં પરંતુ મહારાજ અહીં પણ ન હતા. તેથી અહીંથી નીકળી મહારાજ જ્યાં બિરાજતા હોય ત્યાં દર્શને જવા ઇચ્છા કરી પરંતુ નિત્યાનંદ સ્વામીએ તેમને કહ્યું : "મહારાજે મને સ્વપ્નમાં દર્શન દઈ તમને અહીં રોકવાનું કહ્યું છે. માટે અહીં રહો અને મહારાજ આજકાલમાં જરૂર પધારશે."

નિત્યાનંદ સ્વામીનું આ વચન અને શ્રીજીમહારાજની આજ્ઞા સાંભળી, મૂળજી શર્મા બોટાદમાં જ રોકાઈ ગયા. શ્રીજીમહારાજ બે દિવસ પછી બોટાદ પધાર્યા. મૂળજી ભક્તને જોઈ ઘણા જ રાજી થયા અને તેમને સાથે લઈ ગઢપુર પધાર્યા. ગઢપુર ગયે બે દિવસ થયા ત્યાં તો ભાદરાથી મૂળજી ભક્તના નાનાભાઈ સુંદરજી એક બ્રાહ્મણ સાથે મૂળજી ભક્તને ગોતતાં ગોતતાં ગઢપુર આવી પહોંચ્યા. અહીં તેમણે મોટાભાઈ મૂળજી ભક્તને જોયા. તેમની આંખોમાંથી અશ્રુ ટપકી પડ્યાં. મહારાજ પાસે જઈ મૂળજી ભક્તને ઘેર મોકલવા તેમણે વિનંતી કરી.

મહારાજે આજ્ઞા કરી : "હમણાં ઘેર જાઓ અને બધાનાં મન શાંત કરી ફરી પધારજો."

અંતરમાં તો બીજું છે જ ક્યાં ?

મૂળજી ભક્ત ઘેર આવ્યા. પરંતુ સંસારમાં તેમનું મન ઉદાસીન હતું. શ્રીજીમહારાજનો પણ આદેશ હતો કે જગતમાંથી અદૃશ્ય થઈ ગયેલા બ્રહ્મતેજને ફરી પ્રજ્વલિત કરવાનું હતું. આત્યંતિક કલ્યાણની વાટ અખંડિત વહેતી મૂકવા માટે, એકાંતિક ધર્મનું પ્રસ્થાપન કરવા મહારાજ

પધાર્યા હતા. તે મહાન કાર્યમાં અવિરતપણે પ્રયત્નશીલ રહેવાનું હતું. આ પ્રકારના મંથનથી તેમને ઘરનો છાંયો હવે જ્વાળાની જેમ બાળવા લાગ્યો. તેમણે થોડા જ દિવસોમાં પોતાના તમામ સંબંધીઓના મનનું સમાધાન કરી દીધું. સૌને શાંતિ પમાડી ભાદરાથી ફરી નીકળ્યા અને શ્રીજીમહારાજ પંચાળા બિરાજતા હતા તે સમાચાર મળવાથી સીધા પંચાળે ગયા. મહારાજ પણ નરાકૃતિ ધારણ કરનાર પોતાના અનાદિ સેવક અક્ષરબ્રહ્મને જોઈ અત્યંત રાજી થયા. મહારાજની પ્રસન્નતા જોઈ મૂળજી ભક્તે વિચારી લીધું કે હવે ઝાઝો સમય ગુમાવવામાં વિઘ્ન છે. તેથી મહારાજને બે હાથ જોડી પ્રાર્થના કરતાં તેમણે કહ્યું : "મહારાજ ! હવે મને આપ દીક્ષા આપી આપની સેવામાં રાખો. હવે વધુ વખત મારે આ આશ્રમમાં રહેવું નથી."

ગૃહસ્થાશ્રમ કે ત્યાગાશ્રમ બન્ને આશ્રમોથી પર, સદા નિર્લેપ, આકાશ સમાન અસંગી, આ અક્ષરબ્રહ્મને તેમના યથાર્થ સ્વરૂપમાં તો મહારાજ જ જાણતા હતા. તેથી લૌકિક વ્યવહારમાં પોતાની ક્રિયા સુસંગત બને એ પ્રમાણે જ હમણાં તો વર્તવાનું હતું. મહારાજે તેથી મૂળજી ભક્તને કહ્યું : "ભલે, તમને સાધુ તો કરીશું પરંતુ તમારું કુટુંબ બાળીને આવ્યા છો કે એમ ને એમ રાખીને આવ્યા છો ?"

સરળ પ્રકૃતિના મૂળજી ભક્તે અત્યંત ભોળપણથી કહ્યું : "મહારાજ ! કુટંબ તો હજુ એમનું એમ જ છે."

ત્યારે મહારાજે કહ્યું : "તો જાઓ અને સૌને બાળીને આવો."

મહારાજની આ આજ્ઞા સાંભળી મૂળજી ભક્ત તો ઊઠ્યા અને સીધો ભાદરાનો માર્ગ પકડ્યો. દીક્ષા લેવામાં એક ક્ષણનો પણ વિલંબ સહન ન થવાથી મૂળજી ભક્ત પવનવેગી પાંખાળી માણકીની ગતિથી ચાલી નીકળ્યા.

અહીં પંચાળામાં મૂળજી ભક્તના ગયા પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! મૂળજી તો સરળ હૃદયના છે એટલે આપની આજ્ઞા પ્રમાણે સૌને બાળીને જ આવશે !"

તે સાંભળી મહારાજ હસ્યા અને કહ્યું : "હા, એ તો એવા જ છે. માટે કોઈકને મોકલો એને પાછા બોલાવી લાવે."

પછી એક સાધુને મૂળજી ભક્તને પાછા બોલાવવા મોકલ્યા. સાધુ પણ ખરા આજ્ઞાપાલક હતા. એટલે તેમણે પણ શીઘ્ર ગતિએ ચાલવા માંડ્યું અને

મૂળજી ભક્તને આંબી ગયા. મૂળજી ભક્ત તેમને જોઈ આશ્ચર્ય પામ્યા !

ત્યારે તેમણે કહ્યું : "મહારાજ તમને પાછા બોલાવે છે. માટે ચાલો."

આ આજ્ઞા સાંભળી મૂળજી ભક્ત તરત જ પાછા ફર્યા. પંચાળામાં આવી મહારાજને દંડવત્ કર્યા અને હાથ જોડી પૂછ્યું : "મહારાજ ! શી આજ્ઞા છે ?"

મહારાજે કહ્યું : "હવે ઘેર જવાની જરૂર નથી. અહીં રહો, તમને સાધુ કરીશું."

પછી મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : "મહારાજે તમને કુટુંબને બાળી નાખવાનું કહ્યું હતું તે તો અંતરમાંથી બાળવાનું કહ્યું હતું, પણ ઘેર જઈને સળગાવી દેવાનું નહોતું કહ્યું."

તે સાંભળી મૂળજી ભક્ત હસ્યા. પછી તેમણે કહ્યું : "અંતરમાં તો મહારાજ સિવાય બીજું છે જ ક્યાં કે બાળવું પડે ?"

ડભાણમાં અપ્રતિમ યજ્ઞ-મૂળજી ભક્તને મહાદીક્ષા

શ્રીજીમહારાજના ઉપદેશથી, તેમના દિવ્ય વ્યક્તિત્વથી અને તેમણે આદરેલી અહિંસક યજ્ઞોની પરંપરાથી, ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં હિંસક યજ્ઞોની પ્રથા નષ્ટપ્રાય થઈ ગઈ હતી. શ્રીજીમહારાજે બ્રાહ્મણોનું બ્રાહ્મણત્વ, તેમનું ગૌરવ અને જનસમાજના ઉપદેષ્ટા તરીકેનું તેમનું પદ સંપૂર્ણપણે વિકસાવવા, તેમને અજ્ઞાનતા, વહેમ અને વ્યસનનાં અનિષ્ટોમાંથી ઉગારવા, અહિંસક યજ્ઞોની પરંપરા આદરી. भूमौ तथापि निखिलं बहुकालनष्टं । यज्ञादिवैदिकपथं परिपोष्टुरेव ॥[૩૮] એ રીતે ભૂમિ ઉપરથી નષ્ટ થયેલા યજ્ઞાદિ વૈદિક માર્ગને સજીવન કરી, તેને પોષવા આવી મહાન પ્રવૃત્તિ આદરી હતી. તેને સહેતુક બનાવવા શ્રીજીમહારાજ અનેક પ્રસંગો ઉપસ્થિત કરતા.

મૂળજી ભક્તને ભાગવતી દીક્ષા આપવાનો પ્રસંગ ભવ્ય રીતે ઊજવાય, ઇતિહાસમાં ચિરસ્મરણીય બને તેવો મહારાજે નિર્ધાર કર્યો. પોતાના આ અત્યંત લાડીલા અને અંગભૂત ભક્તરાજ આધ્યાત્મિક દૃષ્ટિએ તો આશ્રમ-મર્યાદાથી પણ ઉપર હતા, છતાં આ લોકમાં વર્ણ અને

૩૮. હરિલીલાકલ્પતરુ, સ્કંધ ૭-૧૧-૪૯.

આશ્રમ-વ્યવસ્થાને આદર આપવા, સાચો ત્યાગ અને ત્યાગાશ્રમમાં રહેલી ઉચ્ચતમ કર્તવ્યપરાયણતાનું જગતને દર્શન કરાવવા, શ્રીજીમહારાજે તેમને ભાગવતી મહાદીક્ષા આપવાનો આ પ્રસંગ યોજ્યો હતો. સંવત ૧૮૬૬ના પોષ માસમાં અક્ષરબ્રહ્મ અવતાર મૂળજી ભક્તને ડભાણપુરમાં મહાદીક્ષા આપવાનું નક્કી કરી તે પ્રસંગ માટે મહાન યજ્ઞનો આરંભ કરવાનો મહારાજે નિર્ણય કર્યો.

ડભાણપુરના રાજમાર્ગો, શેરીઓ, હવેલીઓ, બજારો, આંગણાં વગેરે સ્વચ્છ કરવામાં આવ્યાં. શ્રીહરિના આગમનના સમાચાર જાણી પુરવાસીજનો અતિ ઉત્સાહમાં આવી ગયા અને રાજમાર્ગો ઉપર સુગંધીમાન ચંદન છાંટી, સમગ્ર પુરને ચંદનની સુવાસથી મઘમઘતું કરી દીધું. દરેક ઘરના દ્વારમાં શેરડીના સાંઠાઓ, ફળો તથા આમ્રપાનનાં તોરણો શોભતાં હતાં. કોઈ કોઈ જગ્યાએ તો સુંદર વસ્ત્રોની કમાનો કરી દ્વારો વિશેષ શોભાયમાન કરવામાં આવ્યાં હતાં. વળી, કેટલીક જગ્યાએ પવિત્ર જળથી ભરેલા, અક્ષત, ચંદન અને પુષ્પોથી છંટકાવ કરેલા ત્રાંબાના ઘડાઓ પણ દ્વાર ઉપર શોભતા હતા.

ઘોડસરના રાજા જાલમસિંહના આમંત્રણને માન આપી શ્રીહરિ તેમના પુરમાં પધાર્યા. તે રાજાના મનોરથ પૂર્ણ કરી ત્યાંના સમગ્ર પ્રજાજનોને ત્રિવિધ તાપ નિવારક અને સંસારસાગર તરાવી દેનારા એવાં પોતાનાં દિવ્યદર્શન આપી, શ્રીહરિ ઘોડસરથી નીકળવા તૈયાર થયા.

તે સમયે જાલમસિંહ રાજાએ પૂછ્યું : "હે પ્રભો ! ડભાણમાં આટલું જલદી શું કામ છે ?"

રાજાનો આ પ્રશ્ન સાંભળી પોતાના અત્યંત લાડીલા ભક્તવર્યને ભાગવતી મહાદીક્ષા આપવાની મહેચ્છાને અંતર્ગત દબાવી પોતે કહ્યું : "ડભાણપુરમાં મારે મહાવિષ્ણુયાગ કરવાની ઈચ્છા છે તેથી ઉતાવળ છે."

શ્રીહરિની ઈચ્છા જોઈ જાલમસિંહે હર્ષપૂર્વક શ્રીહરિને રજા આપી અને પોતે પણ પોતાના ભીલ સેવકોની સાથે આ મહાન યજ્ઞમાં સેવા માટે સાથે જવા તૈયાર થયા.

ડભાણપુરમાં શ્રીહરિએ પોતાના ભક્તજનો કાઠી અસવારો સહિત જ્યારે પ્રવેશ કર્યો, ત્યારે શ્રીહરિના આગમનમાં થતા વિલંબના વિયોગથી

તપ્ત બનેલા પુરજનોનાં અંતર શ્રીહરિનાં દર્શનથી અત્યંત શાંત થઈ ગયાં ! પુરની સ્ત્રીઓ પણ જેમ કુમુદિની ચંદ્રને જોઈ હર્ષ પામે, તેમ શ્રીહરિનાં દર્શનથી આનંદ પામી.

ડભાણપુરમાં શ્રીહરિના પ્રવેશથી દિવ્ય ચેતનાનો સંચાર થયો હોય તેમ સર્વત્ર આ મહાવિષ્ણુયાગની પ્રવૃત્તિનાં મંડાણ મંડાઈ ગયાં. શ્રીહરિએ આ પ્રસંગ માટે ઉમરેઠના વિપ્ર રૂપરામ, પીપળાવના પ્રભાશંકર અને વસોના વાલા ધ્રુવ વગેરે બ્રાહ્મણોને અગ્રેસર કર્યા.

પછી શ્રીહરિએ વિદ્વાન જ્યોતિષી પાસે શુભ મુહૂર્ત જોવરાવી યજ્ઞમંડપની યથાશાસ્ત્ર યોજના કરવા આચાર્ય પ્રાણગોવિંદને આજ્ઞા કરી. શાસ્ત્રવિધિ પ્રમાણે યજ્ઞ માટે નવ કોઠા, વેદી, કુંડો વગેરે કરાવી યજ્ઞની શુભ શરૂઆત કરવાની અનુજ્ઞા લેવા બ્રાહ્મણો શ્રીહરિ પાસે ગયા. આ રીતે યજ્ઞની શુભ શરૂઆત થઈ.

આ પ્રકારે મહાવિષ્ણુયજ્ઞની શરૂઆત વેદજ્ઞ બ્રાહ્મણોએ વેદમંત્રોના ઉચ્ચારણથી કરી, હવિષ્યાન્ન હોમ વગેરે વિધિ પણ થવા લાગી. શ્રીહરિનાં દર્શન કરવા અને પોતાના હોમનો ભાગ ગ્રહણ કરવા, દેવતાઓ પણ અંતરીક્ષમાં આવવા લાગ્યા. આ પ્રમાણે સદ્ધર્મનું રક્ષણ કરનારા, સર્વોત્તમ આનંદના પયોનિધિ, ઈશ્વરના ઈશ્વર, વિઘ્નનાશ કરવામાં ચતુર શ્રીહરિના અતિ મહાન પ્રતાપથી જ આ મહાયજ્ઞ શરૂ થઈ ગયો. આ મહાયજ્ઞની પ્રવૃત્તિ જોઈ મનુષ્યો તથા ઈશ્વરગણો પણ અત્યંત આશ્ચર્ય પામ્યા. ડભાણપુરમાં વાતાવરણ અત્યંત દિવ્ય બની ગયું. રાજમાર્ગોમાં, ચૌટાઓમાં, બજારમાં, પાદરે અને સીમમાં જ્યાં હરિભક્તો ઊતર્યા હતા ત્યાં કાઠી અસવારો, ભીલો વગેરે પોતપોતાનાં શસ્ત્રો લઈ ફરતા હતા. હરિભક્તોને કોઈ પ્રકારે કોઈ ચોરો તરફથી વિઘ્ન ન થાય તેવો પાકો બંદોબસ્ત કરી રહ્યા હતા. બ્રાહ્મણો પણ અવિરત મળતાં પકવાન્નનાં ભોજનથી અને દક્ષિણાની આશાથી આનંદમાં આવી ગયા હતા. આવા સુમંગળ અને દિવ્ય વાતાવરણમાં યજ્ઞની પૂર્ણાહુતિનો શુભ દિવસ પણ આવી ગયો.

સંવત ૧૮૬૬ના પોષ સુદિ પૂનમનો માંગલિક દિવસ આ મહાયજ્ઞની પૂર્ણાહુતિનો દિવસ હતો. પૂર્ણાહુતિના માંગલિક દિવસના મંગળ પ્રભાતે શ્રીજીમહારાજે પ્રથમ પોતાના ધામરૂપ ભક્તરાજ મૂળજી

શર્માને તેડાવ્યા. શિખાવર્જિત મુંડન કરાવી, સ્નાનાદિ ક્રિયાથી પરવારી, શુદ્ધ અને પવિત્ર વસ્ત્રો પહેરી, શ્રીજીમહારાજ સમક્ષ મૂળજી શર્મા આવ્યા. શ્રીજીમહારાજે તેમને આવકારી યજ્ઞમંડપમાં પોતાની સમીપે બેસાર્યા. પછી સમગ્ર સભાને સંબોધતાં શ્રીજીમહારાજે કહ્યું : "આજે ભાદરામાં પ્રગટ થયેલા મૂળજી શર્મા જે અમારું મૂર્તિમાન અક્ષર બ્રહ્મધામ છે તેને દીક્ષા આપતાં મને અત્યંત આનંદ થાય છે. એ અક્ષર બ્રહ્મધામ અધોઊર્ધ્વ પ્રમાણે રહિત છે. અને તેમાં હું મારા અનંત મુક્તો સાથે રહું છું."[૩૯]

એ પ્રમાણે મૂળજી શર્માનો અપાર અને અપરિમિત મહિમા કહીને શ્રીજીમહારાજે તેમને વેદવિધિપૂર્વક ભાગવતી મહાદીક્ષા આપી. ત્રણ ગુણથી પર અને પ્રકૃતિ પુરુષ આદિ કોઈ ઉપાધિ તેમના સ્વરૂપમાં ન હોવાથી શ્રીજીમહારાજે તેમનું 'ગુણાતીતાનંદ' એવું નામાભિધાન કર્યું.

ભારતના આધ્યાત્મિક ઇતિહાસમાં ધર્મના ઉત્થાન માટે અને અસુરોના વિધ્વંસ માટે અંશાવતાર, કલાવતાર, વિભવાવતાર તેમજ અનેક ઋષિ મુનિઓ, ભક્તો આવ્યા. તેમણે પોતે પોતાનું કાર્ય કર્યું, છતાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ સહિત એકાંતિક ધર્મનું સંસ્થાપન તો ન જ થયું ત્યારે એ એકાંતિક ધર્મના સંસ્થાપન માટે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વયં પધાર્યા.

પરંતુ પુરુષોત્તમના એ સર્વોપરી અને દિવ્ય સ્વરૂપનું જ્ઞાન જેવું તેમના ધામ-સ્વરૂપ અક્ષરને હોય તેવું કોઈને પણ ન હોય એ હકીકત છે. એ અક્ષર દ્વારા જ માયાના સર્ગરૂપ કપટને વિદારી, જીવને પુરુષોત્તમના પરમ સત્ય સ્વરૂપનું જ્ઞાન કરાવવા, અક્ષરના અવતરણની અનિવાર્યતા હતી જ. તેથી જ પુરુષોત્તમ પોતે પોતાના ધામ અક્ષર સહિત જ પૃથ્વી ઉપર પધાર્યા. આ રીતે પૃથ્વી ઉપર અક્ષર અને પુરુષોત્તમના દિવ્ય સ્વરૂપોની શુદ્ધ ઉપાસના અને ભક્તિનાં બીજ વવાયાં.

નવદીક્ષિત મૂળજી શર્મા, હવે 'ગુણાતીતાનંદ સ્વામી' સ્વરૂપે સત્સંગના પટાંગણમાં આવ્યા. શ્રીજીમહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપની

---

૩૯. मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते । भूयान्मेऽत्र समानन्दो यतो धामाऽक्षरं स मे ॥
मुक्तैरनन्तैः साकं मे यत्राऽखण्डतयोष्यते । ऊर्ध्वाधोभागरहितं तन्मूलं धाम चाक्षरम् ॥
હરિલીલાકલ્પતરુ; સપ્તમ સ્કંધ, અ-૧૭, શ્લોક ૪૯-૫૦.

શુદ્ધ નિષ્ઠા માટે, તેમણે પોતાના અક્ષરબ્રહ્મના સ્વરૂપની ઓળખાણ કરાવી. મુમુક્ષુઓને અક્ષરરૂપ કરી, પુરુષોત્તમની ભક્તિના અધિકારી કરવા માટે નૈષ્કર્મ્યરૂપ ભક્તિમાર્ગની પ્રવૃત્તિ આદરી.

અક્ષરની તાત્ત્વિક મહત્તા

તાત્ત્વિક દૃષ્ટિએ આત્યંતિક પ્રલય સમયે મૂળ માયા, મૂળ પુરુષ સહિત અક્ષરના સ્વરૂપમાં લીન થઈ જાય છે, જેમ સૂર્યના પ્રકાશમાં રાત્રી લીન થાય છે તેમ. ફરી ઉત્પત્તિ સમયે પુરુષોત્તમની ઇચ્છાથી અક્ષર, મૂળ માયા અને મૂળ પુરુષને જાગ્રત કરી તેમને સૃષ્ટિ ઉત્પન્ન કરવાના કાર્યમાં પ્રેરે છે. આ ઉત્પત્તિ સર્ગમાં પુરુષોત્તમનારાયણની અંતર્યામી શક્તિના અનુપ્રવેશથી જ વૈરાટ પુરુષ દ્વારા અવતારો, વિભૂતિઓ વગેરે પૃથ્વી ઉપર કામ કરવા પધારે છે.

પરંતુ જેવો પુરુષોત્તમનો પ્રવેશ અક્ષરમાં છે, તેવો પુરુષ અને પ્રકૃતિમાં નથી અને જેવો પુરુષ પ્રકૃતિમાં છે, તેવો પ્રધાન પુરુષમાં નથી. વળી, જેવો પ્રધાન પુરુષમાં છે, તેવો મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વોમાં નથી, અને જેવો ચોવીસ તત્ત્વોમાં છે તેવો વિરાટ પુરુષમાં[૪૦] નથી. જેવો વિરાટ પુરુષમાં છે તેવો બ્રહ્મામાં નથી.[૪૧] આ પ્રમાણે ઉત્તરોત્તર પાત્રની તારતમ્યતા પ્રમાણે પુરુષોત્તમની શક્તિનો પ્રવેશ ઘટતો જાય છે.

એટલે અક્ષર સર્વોત્તમ અને સર્વોપરી, સર્વના કારણ છે, ઇન્દ્રિયો અંતઃકરણને અગમ્ય અને અગોચર છે. તે અક્ષર મુમુક્ષુઓને પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવવા માટે ઇન્દ્રિયગમ્ય અને ઇન્દ્રિયોને ગોચર થાય છે તે કાંઈ સામાન્ય વાત ન કહેવાય. વૈરાટનારાયણમાં વાસુદેવના અનુપ્રવેશથી જ જો અવતાર સંભવે[૪૨] ત્યારે વૈરાટમાં વાસુદેવ ભગવાનનો[૪૩] પ્રવેશ તો, અક્ષર,

---

૪૦. એ જ વિરાજ પુરુષના વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ દેહ છે. તે દેહ અષ્ટાવરણે યુક્ત છે ને તે દેહ મહત્તત્ત્વાદિક જે ચોવીસ તત્ત્વ તે દ્વારે થયો છે. તેથી મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વ દ્વારા વિરાટની ઉત્પત્તિ છે. (ગ. મ. ૩૧)

૪૧. ગ. પ્ર. ૪૧.

૪૨. ગ. મ. ૩૧.

૪૩. પુરુષોત્તમનારાયણ.

મૂળ પુરુષ, મૂળ પ્રકૃતિ, પ્રધાન પુરુષ અને મહત્તત્ત્વ કરતાં પણ ઓછો છે. જ્યારે અક્ષરમાં તો પુરુષોત્તમ સમ્યક્ પ્રકારે છે, ત્યારે અક્ષર પાસે અવતારોનું કેટલું સામર્થ્ય ? કેટલી શક્તિ ? તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ વિચાર કરીએ તો અક્ષરબ્રહ્મની, પુરુષોત્તમનારાયણના સંબંધથી, જે અકલ્પ્ય શક્તિ છે તે સમજાય છે. મૂળ માયાનો પરાભવ પણ ફક્ત અક્ષરના સંબંધથી જ થઈ શકે છે, કારણ કે અક્ષર પોતાના અપરિમિત તેજમાં મૂળ માયા અને મૂળપુરુષને લીન કરી નાખે છે.

એટલે આત્યંતિક કલ્યાણ કરવા માટે અને પુરુષોત્તમનારાયણનો સમ્યક્ સંબંધ મુમુક્ષુઓને કરાવવા માટે, અક્ષરબ્રહ્મની અનિવાર્યતા તો છે જ. તે અનાદિ બ્રહ્મ આજે નવદીક્ષિત 'ગુણાતીતાનંદ'નું નામ ધારણ કરી શ્રીજીમહારાજના પરમહંસ મંડળને શોભાવી રહ્યા હતા. તેમની શ્રીજીમહારાજ પ્રત્યેની પરાભક્તિ, અખંડ બ્રહ્મસ્થિતિ અને જીવોને બ્રહ્મરૂપ કરવા માટે અવિરતપણે પ્રયત્નશીલ રહી તેમણે જે અપ્રતિમ કાર્યશક્તિનું દર્શન સમગ્ર સત્સંગને કરાવ્યું છે, તે સર્વ બ્રહ્મરૂપ થવા ઈચ્છતા મુમુક્ષુઓએ તો જાણવું અનિવાર્ય જ છે.

શ્રીજીમહારાજના આદેશને શિરસાવંદ્ય ગણી મૂળજી શર્માએ હવે નવદીક્ષિત 'ગુણાતીતાનંદ સ્વામી' સ્વરૂપે સત્સંગના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. અક્ષરબ્રહ્મનો જે સંબંધ મોટા મોટા અવતારોને પણ નથી, તે સંબંધ આજે મુમુક્ષુઓને થયો એ એક અહોભાગ્ય જ કહેવાય ! નિષ્કુળાનંદ સ્વામીએ યથાર્થ ગાયું છે કે :

જે સુખ અગમ અજ ઈશને, સુર સુરેશને સોય;
તે સુખ દીધું છે દાસને, જે સુખ ન પામે કોય...સુખી કર્યા રે.

ધામી વિના રે એહ ધામનું, કોણ સુખનું દેનાર;
માટે આપે આવી આપિયું, અખંડ સુખ અપાર...સુખી કર્યા રે.

એહ સુખથી જે સુખિયા થયા, રહ્યાં દુઃખ તેથી દૂર;
નિષ્કુળાનંદ નિર્ભય થઈ, રહ્યા હરિને હજૂર...સુખી કર્યા રે.

પ્રથમ સોપાન સમાપ્ત

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

દ્વિતીય સોપાન



શુભાવિર્ભાવાનાં
स्वहृदि सहजानन्दमनिशं
निदानं पश्यन्तं
प्रकृतिपुरुषादेरधिपतिम् ।
हरिं तैलासारप्रतिनिभमथाग्रे
निजदृशो
र्गुणातीतानन्दं मुनिवरमहं
नौमि सततम् ॥

પ્રકૃતિ પુરુષ આદિના અધિપતિ
અને સર્વ અવતારોના કારણ
શ્રી સહજાનંદ સ્વામીને
નિરંતર પોતાના હૃદયને વિષે
અને તૈલધારા વૃત્તિથી
પોતાનાં નેત્રો આગળ
જે જુએ છે
એવા મુનિઓમાં શ્રેષ્ઠ
શ્રી ગુણાતીતાનંદ સ્વામી
મહામુનિને હું નિરંતર
નમન કરું છું.

મુક્તાનંદ સ્વામીના મંડળમાં

સ્વામીશ્રી ગુણાતીતાનંદજી ભાગવતી દીક્ષા ધારણ કરી, ડભાણનો યજ્ઞ પૂરો થયા બાદ શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર, મુક્તાનંદ સ્વામી સાથે દેશમાં ફરવા નીકળ્યા. મુક્તાનંદ સ્વામી ઉપદેશ અર્થે ઘણુંખરું ચારુતર પ્રદેશમાં ફરતા. અમદાવાદમાં અને વડોદરા વચ્ચેના પ્રદેશમાં જે સત્સંગ થયો છે તે વિશેષે કરીને તેમના ઉપદેશનું જ ફળ છે. સ્વામીશ્રી ગુણાતીતાનંદજી, મુક્તાનંદ સ્વામી સાથે ફરતાં ફરતાં જેતલપુર પધાર્યા. અત્રે કેટલોક વખત રહી મુક્તાનંદ સ્વામી પાસે તેમણે ધ્યાનનો અભ્યાસ કર્યો.

અહીં એક દિવસ મોહોલ ઉપર ધાબામાં મુક્તાનંદ સ્વામી સૂવા માટે ગયા. એટલામાં પાછળ સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામી આવ્યા. મુક્તાનંદ સ્વામીને તદ્દન નીચે કાંઈ પણ પાથર્યા વિના સૂતેલા જોઈ પોતે પણ તે પ્રમાણે તૈયારી કરી. તેથી મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : ''સ્વામી ! કાંઈક નીચે પાથરીને પછી સૂવો, કાંકરાવાળી ભોં છે તે તમને ખૂંચશે.''

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''સ્વામી ! તમે કેમ કાંઈ પાથર્યું નથી ?''

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજની આજ્ઞા નથી એટલે. તમે હજુ નવા છો તેથી ધીરે ધીરે ટેવ પાડજો.''

સ્વામીશ્રી, મુક્તાનંદ સ્વામીનું આ વચન સાંભળી ઊંડા ઊતરી ગયા. થોડી વાર પછી તેમણે મુક્તાનંદ સ્વામીને હાથ જોડી કહ્યું, ''સ્વામી ! મહારાજની આજ્ઞા તો બધાને માટે છે ને ? હું પણ કલ્યાણનો ખપ રાખીને જ આવ્યો છું. એટલે મને પણ મહારાજની આજ્ઞા પાળવા દ્યો.''

મુક્તાનંદ સ્વામી તો આ નવદીક્ષિત સાધુની ત્યાગની છટા, કલ્યાણનો ખપ, મહારાજની આજ્ઞા પાળવાની દૃઢતા જોઈ સ્તબ્ધ બની ગયા ! તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સાધુરામ ! તમે બહુ આગળ વધી જશો.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ, પોતે અનાદિ બ્રહ્મ હોવા છતાં, જગતના મંચ ઉપર મહારાજ સાથે પધારી અનેક મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ કરવા માટે, તેમને એ માર્ગે ચાલવાની પ્રેરણા મળે તે માટે, જે સ્વાંગ ભજવવાનો હતો તે નરદેહ ધારી શરૂ કર્યો. સ્વામીશ્રીના અદ્‌ભુત વૃત્તાંતથી

તેમના પ્રસંગમાં ભવિષ્યમાં જે જે આવ્યા તેમના ઉપર તેમના ત્યાગ, વૈરાગ્ય અને ભક્તિની અદ્ભુત છાપ પડી.

આ પ્રમાણે કેટલોક વખત ગુજરાત દેશમાં ફરી, મુક્તાનંદ સ્વામી પોતાના મંડળ સાથે ગઢપુર પધાર્યા. ગઢપુરમાં મહારાજ પ્રથમ જીવા ખાચરના દરબારમાં રહેતા હતા. જ્યારે સંતોનાં મંડળો ગઢપુર આવતાં, ત્યારે શ્રીજીમહારાજ તેમને પોતાની પાસે થોડા દિવસો રાખી પોતે અહોરાત્રી જ્ઞાનોપદેશ કરતા. શ્રીજીમહારાજે આ વખતે એવું પ્રકરણ ચલાવ્યું હતું કે કથાવાર્તાનો અવિરત પ્રસંગ સૌને રહે. પરંતુ જેમને એવો 'ઈશક' અગર શ્રદ્ધા હતી તે જ તેમાં બેસી શકતા. બીજા તો કાંઈક કાંઈક બહાનું કાઢી મહારાજનાં દર્શન અને કથામૃતની રસલહાણનો લાભ, દેહાભિમાનના યોગે જવા દેતા.

સ્વામીએ[૪૪] તો અંતરમાં મહારાજની મૂર્તિ અખંડ ધારી હતી. એટલે દેહાભિમાન કે માયાનો લેશ તેમના અંતરમાં કદી હતો જ નહિ. મહારાજનાં દર્શન કે કથામૃતનો લાભ મળે તેવો એક પણ પ્રસંગ તેઓ જવા દેતા નહિ. મહારાજ પણ રાત્રીના એક પછી એક પ્રહર વીતતા તો પણ કાં તો દૃષ્ટિ માંડીને કે કાં તો અર્ધ મીંચેલાં નેત્રે, વાતોનો પ્રવાહ રેલાવતા જ હતા.

સ્વામીનો 'ઈશક'

આવા એક પ્રસંગે મહારાજ પોતાના ઓરડામાં સંતોની સભા ભરીને બિરાજમાન થયા હતા. આ પ્રસંગે મુક્તાનંદ સ્વામી, શુકમુનિ, ગુણાતીતાનંદ સ્વામી વગેરે બેઠા હતા. મહારાજ જ્ઞાનવાતો કરતા હતા. ત્યાં રાત્રીના ફક્ત બે પ્રહર વીત્યા અને કૂકડો બોલ્યો. તે સાંભળી મહારાજે કહ્યું, ''રાત્રી ઘણી વીતી ગઈ છે માટે તમે સૌ જાઓ અને આરામ કરો.''

આ સાંભળી સ્વામી, જેમને મહારાજની વાતોમાં અપૂર્વ રસ પડ્યો હતો, તેમણે તરત જ કહ્યું : ''કાંઈક અગત્યનું કામ હોય તો તો આવી જ્ઞાનવાતો સાંભળવાનું જતું કરી કદાચ જવું પડે. પરંતુ ફક્ત દેહને આરામ આપવા માટે જ આપ જો સૂઈ જવાની આજ્ઞા આપતા હો તો અમારી પ્રાર્થના છે કે આપનાં દર્શન કરવાં અને વાતો સાંભળવી તેમાં જ અમને

૪૪. સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીને હવે આપણે 'સ્વામી' તરીકે સંબોધીશું.

તો સંપૂર્ણ શાંતિ અને આરામ મળે છે.''

સ્વામીનું આ વચન સાંભળી મહારાજ તો આશ્ચર્યચકિત થઈ બે ક્ષણ તો સ્વામી સામું અનિમિષ દૃષ્ટિએ જોઈ જ રહ્યા ! તે પ્રમાણે સ્વામી પણ મહારાજની દૃષ્ટિમાં દૃષ્ટિ પરોવી, મહારાજ સામું જોઈ રહ્યા. શ્રીજીમહારાજ અને સ્વામીનું આવું દૃષ્ટિમિલન, સૌ અવાચક્ બની જોઈ જ રહ્યા જાણે શાંતિ આકાર ધરીને ત્યાં બેસી ગઈ હોય ને ! ત્યાં બેઠેલા સર્વ સંતો ઘડીક મહારાજ સામું અને ઘડીક સ્વામી સામું જોવા લાગ્યા. દૃષ્ટિના અતૂટ પ્રવાહમાંથી છૂટતી પ્રેમની ધારા જોઈ, સૌ સંતોને આ નવા થયેલા સંતના, મહારાજ સાથેના દિવ્ય સંબંધની કાંઈક ઝાંખી થઈ ! તેટલામાં મહારાજે મંદ હાસ્ય કરી પોતાની દૃષ્ટિ ખેંચી લીધી. પછી મુક્તાનંદ સ્વામી પ્રત્યે જોઈ મહારાજે કહ્યું : ''સ્વામી ! આ સાધુ બહુ સમર્થ છે, એમનું એ સામર્થ્ય આજનું નથી પરંતુ અનાદિનું છે. અમને એ અખંડ ધારી રહ્યા છે.''

નવદીક્ષિત અને વળી યુવાન વયના આ સંત પ્રત્યે ગુરુભાવ રાખતા મુક્તાનંદ સ્વામીને, સ્વામી વિષે પ્રથમથી જ સદ્ભાવ તો હતો જ; મહારાજના આ શબ્દોથી તે સદ્ભાવમાં વિશેષ વૃદ્ધિ થઈ. પરંતુ 'અનાદિના' અને 'અમને અખંડ ધારી રહ્યા છે' એ શબ્દોનું રહસ્ય એ વખતે તો કોઈને પણ યથાર્થ ન જ સમજાયું. શ્રીજીમહારાજે જ્ઞાનવાર્તા ચાલુ રાખી અને સવાર પડી ગયું !

સારંગપુરમાં મહારાજે ફગવા આપ્યા

આ વર્ષનો ફૂલદોલ ઉત્સવ સારંગપુરમાં જીવા ખાચરના દરબારમાં કરવા માટે, મહારાજ દંઢાવ્ય દેશમાં ફરી સારંગપુર પધાર્યા. અહીં આવી પત્રો લખી દેશાંતરથી સંતમંડળો તેડાવ્યાં. જગતનાં અનેક પ્રકારનાં બાહ્ય દુઃખથી સદા અલિપ્ત રહેતા અને મહારાજનાં ચરણારવિંદમાં જ સદા શાંતિ શોધતા આ સંતોનાં મંડળો, મહારાજનાં દર્શનના લોભે સારંગપુર તરફ આવવા માંડ્યાં. ફૂલદોલના દિવસે રંગ, કેસર, કેસૂડો, ગુલાલ વગેરે સામાન તૈયાર કર્યો. મધ્યાહ્‌ને નરનારાયણનો જન્મ ઉત્સવ થયો. પછી મહારાજ ઓરડામાં જમવા બિરાજ્યા. ત્યાં તો હરિજનો તથા સંતો રંગ લઈ તૈયાર થઈ ગયા. મહારાજ ઓરડાની બહાર પધાર્યા એટલે તરત જ સૌ સંતો-હરિભક્તો

મહારાજ ઉપર રંગ નાખવા માંડ્યા. મહારાજે પણ તેમના મનોરથ પૂરા કર્યા. સૌ સાથે ખૂબ રંગે રમ્યા. આભને આંબે એટલો ગુલાલ ઉડાડ્યો.

પછી મહારાજે સૌ સંતોને કહ્યું : "તમો સૌ આ પ્રસંગે ફગવામાં મારી પાસે કાંઈક માગો." એટલે હરિભક્તોએ મહારાજનો રાજીપો જોઈ આશીર્વાદ મેળવવા 'ફગવા'[૪૫] માગ્યા. મહારાજે તેમની અપૂર્વ પ્રેમભક્તિ જોઈ તેમને આશીર્વાદ આપ્યા.

પછી મહારાજ મોટાકુંડે નાહવા પધાર્યા. ત્યાં સ્નાન કરી પાછા વળતાં ખીજડા પાસે આવીને મહારાજે માણકી ઊભી રાખી. એટલામાં ગુણાતીતાનંદ સ્વામી તથા ગોવિંદાનંદ સ્વામી સામા દેખાણા. આ બન્ને સંતો મહારાજને જોઈ દંડવત્ કરવા લાગ્યા. મહારાજની પાસે આવ્યા ત્યારે મહારાજ ઘોડીએથી ઊતરી સ્વામીને મળ્યા અને માથે કરંડિયો જોઈ પૂછ્યું : "આ શું લાવ્યા છો ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "ગઢપુરના હરિભક્તોએ રાધા-બાગમાંથી ફૂલો તોડી તેના શણગાર-હાર, તોરા, ગુચ્છ, કડાં વગેરે આપને માટે ઉકા ભક્ત પાસે તૈયાર કરાવી મોકલ્યાં છે તે લાવ્યા છીએ."

એટલે મહારાજે હસીને કહ્યું : "હમણાં જ શણગાર ધરાવો."

આ પ્રમાણે સ્વામીનો પ્રેમ અને પ્રસંગે-પ્રસંગે મહારાજને સુંદર વસ્તુઓ અર્પણ કરવા રૂપ ભક્તિભાવ જોઈ, મહારાજ સ્વામી તરફ બે ઘડી તો જોઈ જ રહ્યા. સ્વામીને તો આ દૃષ્ટિમાંથી અમૃત પીવું હતું. તે તો તેના જ પ્યાસી હતા. એ અમૃત તેમણે પી લીધું. દૃષ્ટિમાં દૃષ્ટિ મળી ગઈ !

✧ ✧ ✧

એવા સદ્‌ગુરુ કોણ ?

સંવત ૧૮૬૭ના ફાગણ માસમાં શ્રીજીમહારાજે ફૂલદોલનો ઉત્સવ સારંગપુરમાં રાઠોડ ધાધલને ત્યાં કરવાનું નક્કી કર્યું. દેશમાંથી સર્વ સંતમંડળ સારંગપુર તેડાવ્યાં. રાઠોડ ધાધલના ઉત્સાહનો પાર ન હતો. આજે અક્ષરપતિ સંતમંડળ સાથે પોતાના આંગણે પધારે એ પોતાના પરમ ભાગ્યની વાત માની, રાઠોડ ધાધલ સેવામાં લાગી ગયા. ફૂલદોલ ઉત્સવ

૪૫. ભક્તચિંતામણિ, પ્રકરણ ૬૪.

માટે રંગનાં રંગાડાં તૈયાર કર્યાં. અબીલ, ગુલાલ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરે તૈયાર રાખ્યાં. તેમણે મહારાજનું તથા સાથે પધારેલા સદ્‌ગુરુઓનું પૂજન કર્યું. પછી મહારાજે રંગે રમવાની છૂટી આપી. મહારાજ સાથેના આ અલૌકિક અને દિવ્ય રસોત્સવનાં દર્શન કરવા તો આકાશમાં દેવો પધાર્યા.

આ રસોત્સવના પ્રસંગે સંતોને અને સમગ્ર સત્સંગને એક નવીન લહાણ આપવા મહારાજે કબીરની હોરીનાં પદ ઉપાડ્યાં. સ્વામી પ્રત્યેનો મહારાજનો અપૂર્વ પ્રેમ, સ્વામીની અખંડ બ્રહ્મસ્થિતિ અને ધામરૂપે ધારકપણું, આ બધું મહારાજને સૌને સમજાવવું હતું, કારણ કે સ્વામીનો મહિમા પ્રવર્તે તો જ પોતાનો મહિમા તત્ત્વે કરીને[૪૬] સૌને સમજાય. પરંતુ એ કહેવું કઈ રીતે, જ્યાં આજે પોતાનું જ પુરુષોત્તમપણું યથાર્થ સમજવામાં સૌને પુરાણો તથા શાસ્ત્રોમાંથી પોતે કરેલી સમજણ આડી આવતી હતી અને મહારાજને અવતાર કહેતાં પણ સૌ થડકો અનુભવતા હતા ! કેટલાક મહારાજને દત્ત જેવા, કપિલ જેવા તો કેટલાક આચાર્ય જેવા જાણતા હતા. વસ્તુસ્થિતિ આમ હોય ત્યાં પછી મહારાજને વિષે પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપની નિષ્ઠા શી રીતે થાય ? પરંતુ મહારાજને પોતાની સ્વરૂપનિષ્ઠાનું જ્ઞાન પ્રવર્તાવવું જ હતું, કારણ કે તે જ્ઞાન સમજવાથી જ આત્યંતિક કલ્યાણ થાય. એ સિવાય મૃત્યુને તરવાનો કે આત્યંતિક કલ્યાણ માટે બીજો કોઈ ઉપાય જ નથી. તેથી જ મહારાજે વિચાર્યું કે મુમુક્ષુ ભક્તો જો અક્ષરને ઓળખશે તો જ મારા સ્વરૂપનું યથાર્થ અને તત્ત્વે કરીને જ્ઞાન તેમને થશે. બાકી પોતે પોતાના ઐશ્વર્યથી નિષ્ઠા કદાચ કરાવે તો પણ યથાર્થ મહિમા અને જ્ઞાન સિવાય તે નિષ્ઠા ટકે નહિ. આ હેતુથી મહારાજ પંડે કબીરનું પદ બોલવા લાગ્યા :

‘જોગિયા ટાળત જનમ કેરા ફાંસલા રે,
પ્રેમના પ્યાલા જોગિયા, જુગ જુગ જીવો સો જોગિયા...’

એ મહારાજે ગવરાવ્યું અને સૌ સંતો પણ તે ઝીલવા લાગ્યા. એક પછી એક પદ બોલતાં મહારાજે ગવરાવ્યું :

‘કોટી કૃષ્ણ જોડે હાથ, કોટી વિષ્ણુ નમે માથ,
કોટી શંકર ધરે ધ્યાન, કોટી બ્રહ્મા કથે જ્ઞાન;
સદ્‌ગુરુ ખેલે વસંત.

૪૬. વચનામૃત ગ. પ્ર. ૬૩.

એ પદ મહારાજ બોલતા જાય અને પોતાની સાથે રાસ લેતા ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં પોતાના હાથમાં રહેલી છડી અડાડતા જાય. એમ બે-ત્રણ વખત મહારાજ આ પદ બોલ્યા. પછી અટકીને ઊભા રહ્યા અને આનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને પાસે બોલાવી પૂછ્યું : "સ્વામી ! એવા સદ્‌ગુરુ કોણ ?"

ત્યારે આનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને મહારાજે પ્રથમ આવા જ પ્રસંગે[૪૭] આ મર્મ સમજાવ્યો હતો તે પ્રમાણે હાથ જોડીને તેમણે કહ્યું : "મહારાજ ! એવા સદ્‌ગુરુ તો તમે."

ત્યારે મહારાજે કહ્યું : "એ તો સદ્‌ગુરુનો મહિમા કહ્યો છે. અમે તો સર્વોપરી પુરુષોત્તમ ભગવાન છીએ. એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. આ હોરીનાં પદ કબીરજીએ બનાવ્યાં છે. તે કબીર નિરાકાર એકરસ ચૈતન્ય જે અક્ષરબ્રહ્મનું તેજ, તેના ઉપાસક હતા. તે નિરાકાર અક્ષરબ્રહ્મને જ સદ્‌ગુરુ સાહેબ કહીને ભજતા હતા. તે સચ્ચિદાનંદ અક્ષર બ્રહ્મતેજ બ્રહ્મમહોલ-ધામરૂપે અનંતકોટી મુક્તો તથા પુરુષોત્તમને ધરી રહ્યા છે. તે ધામરૂપ અક્ષર બીજા રૂપે પુરુષોત્તમનારાયણની સેવામાં પણ છે. તે ધામરૂપ અક્ષર તે જ આ ગુણાતીતાનંદ સ્વામી છે. તે આજે અમારી સાથે અમારી સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા સારુ સદ્‌ગુરુરૂપે પ્રગટ થયા છે. આ હોરીમાં જે મહિમા કહ્યો છે તે તેમનો છે અને અમે તો તેમનાથી પર અને તેમના સ્વામી અને તેમને પણ ઉપાસના કરવા યોગ્ય, પુરુષોત્તમ ભગવાન છીએ." શ્રીજીમહારાજની આ વાત સાંભળી સૌ સદ્‌ગુરુઓને અત્યંત આશ્ચર્ય થયું. સ્વામી તો સૌથી નાના અને વળી સેવક તરીકે જ સદા વર્તનાર, તેમના આવા અલૌકિક અને સર્વાધાર સ્વરૂપનો મહિમા સૌને શી રીતે અંતરમાં સમજાય ?[૪૮]

---

૪૭. પ્રથમ લોજ અને માંગરોળમાં આ હોરી બોલતાં શ્રીજીમહારાજે આનંદ સ્વામીને ખભે હાથ મૂકી તેમને તથા મુક્તાનંદ સ્વામીને પૂછ્યું હતું કે "એવા સદ્‌ગુરુ કોણ ?" ત્યારે તે બે સદ્‌ગુરુઓએ કહ્યું : "મહારાજ ! એ તો કાંઈ સમજાતું નથી." ત્યારે મહારાજે કહ્યું : "એવા સદ્‌ગુરુ તો અમે છીએ." એ મુજબ આ પ્રસંગે આપેલી આ સમજણ અનુસાર આ બન્ને ભક્તોએ કહ્યું.

૪૮. આ વાત રાઠોડ ધાધલ અને વાઘાખાચરે પરંપરાગત સત્સંગમાં પ્રવર્તાવી છે.

મહારાજનાં દર્શનની આસક્તિ

સંવત ૧૮૬૮માં મહારાજ જીવા ખાચરના દરબારમાંથી પોતાનો ઉતારો ફેરવી દાદાખાચરના દરબારમાં પધાર્યા. એક ઓરડીમાં મહારાજનો ઉતારો હતો;[૪૯] અને જ્યાં હાલ શ્રી ગોપીનાથજી મહારાજનું મંદિર છે ત્યાં દક્ષિણાદા બારના ઓરડા હતા. તેમાં ભણનારા સાધુઓ રહેતા હતા. બીજા સાધુઓ અત્યારે શ્રી ગોપીનાથજીના મંદિરના ઉત્તરાદા ભાગનાં પગથિયાંની સામે જે છત્રી છે તે જગ્યા 'સાધુની જાયગા' નામે ઓળખાતી તેમાં રહેતા. કેટલાક વળી બજારમાં દુકાનોને ઓટલે સૂઈ રહેતા. તો કેટલાક ઉન્મત ગંગાની રેતીમાં અથવા કાંઠે ઝૂંપડીઓ બાંધી રહેતા. આ સૌ સંતો દિવસે સભામાં 'સાધુની જાયગા'માં આવતા. રાત્રે મહારાજની 'અક્ષર ઓરડી'એ મહારાજની વાતુ સાંભળવા જતા. મહારાજ પણ સંધ્યા આરતી પછી સભામાં પધારતા અને સંતોને ભગવદ્‌વાર્તા સંભળાવતા અને ત્યાર બાદ પોઢવા માટે અક્ષર-ઓરડીમાં પધારતા.

ચોમાસાની ઋતુ હતી. ધીરો ધીરો વરસાદ પડતો હતો. શ્રીજીમહારાજ સભામાં વાતો કરતા હતા. સૌ સંતો, મુક્તાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે આ કથાનો લાભ લેતા હતા. કૃષ્ણપક્ષની રાત્રી હતી. મંદ શીતલ હવા પ્રસરી રહી હતી. સર્વત્ર શાંતિ હતી. તેથી શ્રીજીમહારાજના મુખકમળમાંથી ઝરતાં અમૃતનું પાન કરતા શ્રોતાઓ અદ્વિતીય આનંદ અનુભવતા હતા. મહારાજે કેટલોક વખત સભામાં વાતો કરી. પછી કથા પૂરી કરી મહારાજ દરબારમાં બાઈઓને વાતો કરવા પધાર્યા. સંતો સૌ વિખરાયા અને પોતપોતાને સ્થાને જવા લાગ્યા.

શ્રીજીમહારાજના પૂર્ણચંદ્ર સમાન મુખકમળનાં દર્શન ચકોરની જેમ અવિરતપણે કરવા છતાં પણ જે તૃપ્ત થયા ન હતા તે ગુણાતીતાનંદ સ્વામી ભણનારા સાધુઓના ઓરડાની ભીંતે જરા ઓથ હતી ત્યાં વરસાદથી કાંઈક બચી શકાય તે રીતે ઊભા હતા, છતાં પણ નેવાંના પાણીથી લગભગ ભીંજાઈ ગયા હતા. એટલામાં મુક્તાનંદ સ્વામી કોઈ કારણસર ઓરડાની બહાર આવ્યા અને અંધારામાં નેવાં નીચે ઊભેલા કોઈ

૪૯. આ ઓરડી સત્સંગમાં 'અક્ષર ઓરડી' તરીકે જ ઓળખાય છે.

સંત હશે એમ ધારી તેમણે પૂછ્યું : "એ કોણ ત્યાં ઊભું છે ?" ત્યારે સ્વામીએ કહ્યું : "એ તો હું નિર્ગુણાનંદ છું."[૫૦] એટલે મુક્તાનંદ સ્વામીએ ફરી પૂછ્યું : "અત્યારે મોડી રાત્રે ત્યાં કેમ ઊભા રહ્યા છો ? જાઓ હવે સૂઈ જાઓ."

તે સાંભળી સ્વામીશ્રી મુક્તાનંદ સ્વામીની નજીક આવ્યા અને હાથ જોડી કહ્યું : "મહારાજ દરબારમાં વાતો કરવા પધાર્યા છે. હમણાં જ હવે ઉતારે પોઢવા પધારશે, તેથી દર્શન કરવાના લોભથી ઊભો છું."

આ સાંભળી મુક્તાનંદ સ્વામી તો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા ! માથું ડોલાવતાં મનમાં કહેવા લાગ્યા : "અહો ! અતિ શ્રદ્ધાળુ પુરુષ ! નથી દેહની પડી કે નથી નિદ્રાની !" એટલું વિચારી પોતે તો ઓરડામાં પોઢવા પાછા ગયા.

પરંતુ આસને બેસીને વિચાર કરવા લાગ્યા કે "અહો, આ સાધુ મારી પાસેથી થોડા જ સમયમાં ધ્યાનનો પ્રબળ અભ્યાસ કરી, શ્રીજીમહારાજની મૂર્તિનાં અંતરમાં અખંડ દર્શન કરે છે. છતાં પણ પ્રત્યક્ષ મહારાજની મૂર્તિનાં દર્શન માટે કેટલી આતુરતા છે ?" આ પ્રમાણે સ્વામીના જ વિચારમાં મુક્તાનંદ સ્વામીએ રાત્રી વ્યતીત કરી. સ્વામી તો ત્યાં અર્ધભીંજાયેલી સ્થિતિમાં લગભગ બે કલાક ઊભા રહ્યા. મોડી રાત્રે જ્યારે મહારાજ દરબારમાંથી પોઢવા માટે અક્ષર ઓરડીમાં પધારવા નીકળ્યા, ત્યારે અંધારામાં જે રીતે થઈ શકે તેવાં લબકઝબક દર્શન કરી સ્વામી પોતાના આસને ગામ બહાર એક વૃક્ષના થડની ઓથે જઈને પોઢી ગયા.

✧ ✧ ✧

સ્વામી સુરતમાં

સંવત ૧૮૬૯ની સાલમાં ભયંકર દુષ્કાળ થયો. દુષ્કાળની કારમી પરિસ્થિતિને લઈને સાધુઓને કાઠિયાવાડ દેશમાંથી ઝોળી માગતાં પેટ પૂરતું અન્ન મળી શકતું નહિ. આથી શ્રીજીમહારાજે વિચાર કર્યો કે દુષ્કાળની આવી પરિસ્થિતિમાં સાધુઓને જુદા-જુદા દેશમાં ફરવા મોકલી દેવા જોઈએ. તેથી મુક્તાનંદ સ્વામી સાથે લગભગ ૨૦૦ સાધુઓને મહારાજે

૫૦. સ્વામીને મહારાજ 'ભાદરાવાળા નિર્ગુણાનંદ'ના નામથી બોલાવતા.

સુરત મોકલ્યા. આ મંડળમાં આનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે પણ હતા. સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી વગેરે સંતમંડળને નવાનગર તરફ મોકલ્યું જ્યાં દુષ્કાળની પરિસ્થિતિ થોડી હળવી હતી.

મુક્તાનંદ સ્વામીનું મંડળ સુરત આવ્યું ત્યારે ત્યાંના હરિભક્તોએ આ સંતોના ઉતારા માટે એક મકાન રાખી લીધું હતું તે મકાનમાં આ સંતોને ઉતારો આપ્યો હતો. અહીં મુક્તાનંદ સ્વામીએ એવો પ્રબંધ કર્યો હતો કે શહેરમાં બે સાધુ ઝોળી માગવા જાય. ઝોળીના આગળના બે છેડા આગલા સાધુ પકડે અને પાછળના બે છેડા પાછળના સાધુ પકડે. તેમાં એક નિયમ એવો કર્યો હતો કે ઝોળીમાં કોઈ પદાર્થ નાખવા જો કોઈ સ્ત્રી આવે અને તેની સામું જોવાઈ જવાય તો તે સાધુએ તે દિવસ ઉપવાસ કરવો અને બીજે દિવસે તેણે ઝોળી માગવા જવું નહિ. આમ, રોજ પાછળના સાધુ બદલાય પરંતુ સ્વામીની દૃષ્ટિ તો અખંડ નિયમમાં હતી. તેમને તો મહારાજ સિવાય અન્ય વસ્તુ જોવી જ ન હતી. સ્વામીનો આવો મહિમા મુક્તાનંદ સ્વામી જાણતા હતા. તેથી તેમણે પ્રબંધ કર્યો હતો કે સ્વામીને તો રોજ ઝોળી માગવા જવું જેથી ફક્ત એક જ સાધુને ઉપવાસ પડે.

તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ?

એક વખત સ્વામીની સાથે આનંદ સ્વામીનો ઝોળી માગવા જવાનો વારો આવ્યો. 'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...!'ના ઘેરા સાદની આહ્લેક સાંભળી સુરતના પ્રેમી ભક્તો આ સાધુની ઝોળી છલકાવી દેતા. સ્વામી તો સ્થિર દૃષ્ટિ રાખી ચાલતા. આનંદ સ્વામી પાછળ ચાલતા. એ પ્રમાણે શહેરમાં ફરતાં ફરતાં આનંદ સ્વામીને, ગુણાતીતાનંદ સ્વામી સમક્ષ મહારાજ દેખાયા. તેમને આશ્ચર્ય થયું ! આ શું ? ત્યાં તો સ્વામીના શબ્દો સંભળાયા : 'મહારાજ ! આપ પાછે પગે ચાલો છો તેથી વાટમાં ખાડા ટેકરા આવે તે દેખાય નહિ. માટે સામું જોઈને ચાલો તો સારું.'

તે સાંભળી મહારાજ હસ્યા અને કહ્યું : "તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ?"

આનંદ સ્વામીએ આ આખો વાર્તાલાપ સાંભળ્યો. એક તો સ્વામીની સાધુતા, અખંડ બ્રહ્મસ્થિતિ અને સેવકભાવથી જ સદા વર્તવાની તેમની

રીતથી તેમને સ્વામીનો ખૂબ જ મહિમા સમજાયો હતો. તેમાં વળી, મહારાજે સ્વામીને સન્મુખનાં દર્શન આપ્યાં. વળી કહ્યું કે 'તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ?' આ બધું સાંભળીને તેમને સ્વામી પ્રત્યે અગાધ પ્રેમ થયો.[૫૧] મનમાં અને મનમાં સ્વામીનો મહિમા સમજી ઝોળી માગી તેઓ ઉતારે આવ્યા. આનંદ સ્વામીને મનમાં થયું કે મહારાજ તો સ્વામીને નિરંતર પ્રત્યક્ષ જ છે. પરંતુ આજે મને સ્વામીનો મહિમા સમજાવવા મહારાજે પ્રત્યક્ષ દર્શન દીધાં. આ પ્રમાણે સ્વામીએ સુરતમાં છ માસ સુધી શ્રીજીની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખી ભિક્ષા માગી હતી.

સંયમ વૃત્તિવાળા તો તમે એક

આ મકાનની સામે એક હવેલીના કઠોડે એક નીલ વાંદરું બાંધ્યું હતું. સભા પ્રસંગે મુક્તાનંદ સ્વામીએ કેટલીક સંયમ અને નિયમની વાતો કર્યા બાદ સૌ સંતોને કહ્યું : "જુઓ, આપણાં આંખ, કાન, નાક કેટલાં ચંચળ છે ? આપણને સમજણ ન પડે તે પ્રમાણે તે આપણને છેતરી જાય છે."

એટલું કહીને પછી બોલ્યા : "જુઓ, આપણી સામેની હવેલીમાં એક નીલ વાંદરું બાંધ્યું છે. તેના ઉપર અત્યાર સુધીમાં જેની દૃષ્ટિ ન ગઈ હોય તે ઊભા થાઓ. પરંતુ મને ખાતરી છે કે આપણે અહીં આવ્યા ત્યારથી તે આજ સુધીમાં આપણામાંના કોઈ પણ એ વાંદરું જોયા વગર રહ્યા નહિ હોય."

મુક્તાનંદ સ્વામીની આ વાત સાંભળી બસો સાધુની સભા સ્તબ્ધ બની ગઈ ! કોઈ ઊભું ન થયું. છેલ્લે બેઠેલા 'સ્વામી' હાથમાં માળા ફેરવતાં નીચી દૃષ્ટિ રાખી ઊભા થયા. મુક્તાનંદ સ્વામી તેમને ઊભા થયેલા જોઈ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા ! સાથે-સાથે તેમને આનંદ પણ થયો. તેમણે કહ્યું : "શાબાશ સાધુરામ ! તમને ધન્ય છે ! આ બસોમાં આવી સંયમ વૃત્તિવાળા તો તમે એક નીકળ્યા !"

એટલું કહી પોતે ફરી બોલ્યા : "આ રીતે ચંચળ દૃષ્ટિને નિયમમાં રાખવી તે ઘણું જ કઠણ છે. પરંતુ જેમની મહારાજનાં મહિમા અને આજ્ઞા

૫૧. સંવત ૧૯૧૬માં આનંદ સ્વામીએ ધ. ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ નડિયાદ પધાર્યા ત્યારે સભામાં આ વાત પ્રસિદ્ધ કરી હતી.

ઉપર દૃષ્ટિ હોય તે જ આવી સ્થિરતા અને સંયમ જાળવી શકે. મારી દૃષ્ટિ પણ એક વાર તો એ વાંદરા ઉપર પડી છે.''

એમ કહી મુક્તાનંદ સ્વામી ઊઠ્યા અને સ્વામીને માથે બે હાથ મૂકી તેમને ફરી ધન્યવાદ આપ્યા. મુક્તાનંદ સ્વામીને લાગ્યું કે મહારાજ આ સંતનો મહિમા સમજાવવા માટે જ આવા પ્રસંગો ઉપસ્થિત કરી રહ્યા છે. મુક્તાનંદ સ્વામીની અપાર સાધુતાને લઈને તેમણે કોઈ પણ દિવસ પોતાના મંડળના સાધુઓ પ્રત્યે ગુરુભાવ બતાવ્યો ન હતો. પરંતુ સાધુતામાં કે નિયમ- ધર્મમાં વર્તવામાં કોઈ સાધુમાં ગફલત જેવું તેમને જો જણાતું તો તેવા પ્રસંગોએ તેમને ફક્ત શુદ્ધ વર્તાવવાના હેતુથી તેઓ જરૂર કહેતા. તેવા પ્રસંગોમાં ઉપદેશ આપતા. પરંતુ ગુરુભાવ સ્થાપિત કરવાનો ભાવ તેમનામાં લેશમાત્ર જંણાતો ન હતો. સ્વામીની સ્થિતિથી તેમને તેમનો વિશેષ અને વિશેષ મહિમા સમજાતો ગયો.

આ સાધુને બાવીસ વાર મળતાં કઠણ ન પડ્યું

એક વખત મુક્તાનંદ સ્વામી સભા ભરીને બેઠા હતા. સભામાં કથાવાર્તા થતી હતી. તેટલામાં એક હરિભક્તે સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! મહારાજ હમણાં ક્યાં હશે ?''

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજના કોઈ સમાચાર હમણાં જાણવામાં આવ્યા નથી. પરંતુ ઘણુંખરું ગઢડે હશે.''

ત્યારે તે હરિભક્તે કહ્યું : ''મહારાજ જો ગઢડે હોય તો અમારે વાંસ તથા આદું અને તીખાનું અથાણું મહારાજ સારુ મોકલવું છે. અહીંથી કોઈ સાધુ પહોંચાડે તેવા હોય તો અમને જણાવશો.''

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મેં પણ 'સતીગીતા' લખીને પૂરી કરી છે. તે મહારાજ પાસે પ્રસાદીની કરાવવી છે. તે કોઈ ચાલી શકે તેવા સાધુને તૈયાર કરી મોકલીએ, જે મહારાજને અથાણાંની ભેટ પહોંચાડે અને વળી મહારાજના સમાચાર પણ લાવે.''

તે સાંભળી સભામાંથી એક સાધુએ કહ્યું, ''એવા તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. એમને મોકલો તો બધું કામ કરી આવે.''

એટલે મુક્તાનંદ સ્વામીએ સ્વામી સામું જોયું. તેથી સ્વામી તરત જ

હાથ જોડી ઊભા થયા અને કહ્યું, "હું જઈશ."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "બહુ સારું. તમારી જોડ તૈયાર કરો."

એટલામાં સભામાં બેઠેલા ગોદડિયા શાંતાનંદ સ્વામી ઊભા થયા અને તેમણે કહ્યું : "સ્વામી ! ગુણાતીતાનંદ સ્વામી ભેળો હું ગઢડે જઈશ. તમે હા કહેશો તો પણ જઈશ અને ના કહેશો તો પણ જઈશ."

મુક્તાનંદ સ્વામી તે સાધુનું અડબંગીપણું જોઈ હસ્યા અને પછી કહ્યું : "ભલે તમારો એવો આગ્રહ હોય તો અમે શા સારુ ના પાડીએ ?"

આ પ્રમાણે ગઢડે જવા સ્વામી તૈયાર થયા. અથાણાંની ત્રણ મોટી બરણીઓ, 'સતીગીતા'નું પુસ્તક અને એક ઉત્તમ સાદડી એટલું લઈ સ્વામી નીકળવા તૈયાર થયા ત્યારે સુરતના હરિભક્તોએ દરેકે સ્વામીને કહ્યું : "અમારા વતી મહારાજને ભેટજો."

એમ સભામાં બેઠેલા લગભગ બધા હરિભક્તોએ પોતાનો મહારાજ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો. તે ભક્તોના પ્રેમને સાથે લઈ સ્વામી નીકળ્યા. રાતદિવસ ચાલતાં ચોથે દિવસે સ્વામી ગઢડા પહોંચ્યા.

અગણોતેરા કાળના કારમા દુષ્કાળની પરિસ્થિતિને લઈને મહારાજ એકાંતવાસ સેવતા હતા અને સદા ધ્યાનાવસ્થામાં જ ઘણો સમય વ્યતીત કરતા. દાદાખાચરના દરબારમાં કોઈ ઓરડાનું નામ કચ્છ અને કોઈ ઓરડાનું નામ ગુજરાત, એ પ્રમાણે પાડ્યું હતું. એટલે કોઈ સત્સંગી મહારાજના સમાચાર પૂછે તો સેવકો એમ કહેતા કે 'હાલમાં મહારાજ કચ્છમાં પધાર્યા છે.' વળી, કોઈ વખત 'મહારાજ ગુજરાતમાં વિચરે છે' એમ પણ કહેતા. તેથી મહારાજના સાચા સમાચાર કોઈને મળતા નહિ.

સ્વામી ગઢડે પહોંચ્યા અને ઉન્મત્તગંગાની વેળુમાં ઉતારો કર્યો. શ્રીજીમહારાજનાં દર્શન કરી નેત્રને તૃપ્ત કરવા સ્વામી અત્યંત આતુર હતા. પરંતુ મહારાજ એકાંતવાસ રહેતા એટલે તેમની ખોળ કરવી મુશ્કેલ હતી. ઉન્મત્તગંગામાં ઊતરી આવતા-જતા પાર્ષદોને મહારાજના સમાચાર સ્વામી પૂછતા. ત્યારે કોઈ કહેતા કે 'મહારાજ કચ્છ પધાર્યા છે.' વળી, કોઈ જવાબ દેતા કે 'હવે મહારાજને કચ્છમાંથી ગુજરાતમાં જવાનું ટાણું થઈ ગયું છે. એટલે બનતાં સુધી કચ્છમાંથી નીકળી ગયા હશે.' સ્વામી તો આ પ્રકારના સમાચાર સાંભળી કોઈ નિર્ણય પર આવી શકતા નહિ. હૃદયમાં તો તેમને

હતું કે મહારાજ અહીં જ છે. પાર્ષદો આપણને ખોટા ભરમાવે છે.

એવામાં બીજે દિવસે શ્રીજીમહારાજના હજૂરી સેવક નાજા જોગિયા ઉન્મત્તગંગામાં નાહવા જતા હતા, ત્યાં બજારમાં સ્વામીને ભેગા થઈ ગયા. તેમને જોઈ સ્વામીએ તરત જ તેમને ઊભા રાખી મહારાજના સમાચાર પૂછ્યા. એટલે નાજા ભક્તે કાન ઉપર બન્ને હાથ મૂકીને કહ્યું : "મને પૂછશો મા." સ્વામી તો જાણતા જ હતા કે નાજા ભક્ત કદી મહારાજથી નોખા પડતા જ ન હતા. માટે મહારાજ નક્કી અહીં જ છે. પરંતુ મહારાજની આજ્ઞા નહિ હોય એટલે કહેતા નથી. પરંતુ તે દરમ્યાન નાજા જોગિયાએ તો ઉતાવળે પગલે ઉન્મત્તગંગા તરફ ચાલવા માંડ્યું.

બીજે દિવસે ફરી નાજા જોગિયા સ્વામીને ઉન્મત્તગંગામાં જ મળી ગયા. તેમનું કાંડું પકડી સ્વામીએ તેમને ઊભા રાખ્યા અને પૂછ્યું : "નાજાભાઈ ! તમે તો મહારાજની ભેગા જ રહેનારા છો અને છતાં કહો છો કે તમને મહારાજની ખબર નથી ? અમોને તો સુરતથી મુક્તાનંદ સ્વામીએ મોકલ્યા છે અને મહારાજ સારુ ત્યાંના હરિભક્તોએ અથાણું મોકલ્યું છે. તો તેનું શું કરવું ? વળી, અમારી સાથે બરફીની માટલી પણ છે. જો મહારાજ અહીં હોય તો તમને સોંપી દઈએ. આ વસ્તુ કાંઈ ઝાઝો વખત સારી રહે નહિ. તો અમારે શું કરવું ?"

નાજા જોગિયાએ આ સાંભળ્યું. પરંતુ કાંઈ પણ બોલ્યા નહિ. તે તો નાહીને સીધા ચાલવા જ માંડ્યા. સ્વામીને તો ખાતરી થઈ ગઈ કે નાજાભાઈ બોલ્યા વગર ચાલ્યા ગયા માટે મહારાજ અહીં જ છે. માટે સાંજ સુધીમાં કોઈ સારા સમાચાર આવશે. એમ વિચાર કરીને ઉન્મત્તગંગાને તીરે ઝાડ નીચેના પોતાને ઉતારે પધાર્યા.

નાજા જોગિયાને લાગ્યું કે સુરતના પ્રેમી હરિભક્તોએ ભાવપૂર્વક અથાણું, બરફી વગેરે મહારાજ માટે મોકલ્યું છે, માટે તે મહારાજને મળવું જ જોઈએ. જો મહારાજને સાધુ આવ્યાની વાત નહીં કરું, તો આ વસ્તુ બગડી જશે અને હરિભક્તોનો અને આ સાધુનો દાખડો નિષ્ફળ જશે. તેથી તેમણે મહારાજને ધીરે રહીને કહ્યું : "મહારાજ ! મુક્તાનંદ સ્વામીએ બે સાધુને આપને માટે અથાણું તથા બરફીની માટલી લઈને મોકલ્યા છે. બે દિવસથી આવ્યા છે અને ઘેલામાં ઊતર્યા છે. તો તેમનું કેમ કરવું ?"

ત્યારે મહારાજે કહ્યું : "તે સાધુને કહો કે મહારાજ માટે વસ્તુ લાવ્યા છો તે મને આપી દો. હું મહારાજને સાચવીને પહોંચાડી દઈશ. તમારે મહારાજનાં દર્શન કરવાં હોય તો કચ્છ ભણી જાઓ. ત્યાં તમને દર્શન થશે."

મહારાજની આ આજ્ઞા સાંભળી નાજા જોગિયા ઘેલે ગયા. સ્વામી પાસેથી બરણીઓ, બરફી, સાદડી વગેરે લઈ લીધાં અને બધી વસ્તુ લાડુબાને સોંપી દીધી.

બીજે દિવસે મહા સુદ પૂનમ હતી. મહારાજે નાજા જોગિયાને કહ્યું : "ઘોડી તૈયાર કરો આજે કારિયાણી જવું છે અને ત્યાં જમવું છે."

નાજા જોગિયા ઘોડી ઉપર પલાણ નાખી તૈયાર કરવા લાગ્યા. પરંતુ મનમાં થયું કે 'ગુણાતીતાનંદ સ્વામીને મેં કહ્યું છે કે મહારાજ કચ્છમાં બિરાજે છે. જો તેઓ કચ્છ તરફ જશે, તો બાપડા હેરાન થશે અને મહારાજનાં દર્શન નહિ થાય.'

એમ વિચાર કરતા હતા. એટલામાં ત્યાંથી હરજી ઠક્કર નીકળ્યા. તેમને બોલાવી ધીમેથી કહ્યું : "સુરતથી ગુણાતીતાનંદ સ્વામી આવ્યા છે અને ઘેલામાં ઊતર્યા છે. તેમને જરા હળવેકથી કહી દેજો કે મહારાજ આજે કારિયાણી પધારે છે તો દર્શન કરવાં હોય તો કારિયાણી જાઓ."

હરજી ઠક્કર તો તરત જ ઘેલે ગયા અને સ્વામીને આ સમાચાર આપ્યા. સ્વામીને તો મહારાજના સમાચાર સાંભળી આનંદ થઈ ગયો. તરત જ જોડના સાધુને તૈયાર કરી કારિયાણી તરફ ચાલવા માંડ્યું.

મહારાજ કારિયાણી પધાર્યા અને વસ્તા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડામાં ઊતર્યા. હાથપગ ધોઈ પાટ ઉપર જમવા બિરાજ્યા અને થાળ આવ્યો ત્યાં ડેલી ખખડી. એક હરિજને આવી મહારાજને ખબર આપી કે બે સાધુ સુરતથી આવ્યા છે. તે સાંભળી મહારાજ જમવું બંધ રાખી બોલ્યા : "તપાસ કરો કોણ કોણ છે ?"

એટલે નાજા જોગિયા ઊઠ્યા અને ડેલીએ આવ્યા. સ્વામીને જોઈ તરત જ પાછા વળ્યા અને મહારાજને કહ્યું : "સુરતથી મુક્તાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામી અને બીજા એક સાધુને અથાણું લઈ મોકલ્યા હતા તે આવ્યા છે."

તે સાંભળી મહારાજ એકદમ બોલ્યા, ''જાઓ, જાઓ ! એ ભાદરાવાળા સાધુને અહીં અમારી પાસે લાવો. અમારે તેમને જમાડવા જોશે.''

નાજા જોગિયા સ્વામીને બોલાવવા ગયા. સ્વામી ઓરડામાં આવ્યા અને મહારાજને જોઈ દંડવત્ કરવા લાગ્યા.

મહારાજ એકદમ બાજોઠ ઉપર ઊભા થઈ ગયા અને કહ્યું : ''રાખો, રાખો.''

દંડવત્ કર્યા પછી સ્વામી મહારાજની સન્મુખ આવી બેઠા.

મહારાજે તેમને પૂછ્યું, ''ગામમાંથી આવ્યા છો કે પરવાડેથી[૫૨] ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, ''પરવાડેથી.''

તેથી મહારાજ રાજી થયા. મહારાજ જમવા લાગ્યા. થોડી-થોડી વારે પ્રસાદી સ્વામીને આપતા જાય અને સુરતના હરિભક્તોના, મુક્તાનંદ સ્વામીના, બધાના સમાચાર પૂછતા જાય.

નાજા જોગિયા પણ ખડે પગે સેવા કરવામાં તત્પર અને સમયસૂચક હતા. તે બધી બરણીઓ પોતે સાથે લઈ આવ્યા હતા. તેમાંથી મહારાજને તે અથાણું તેમણે પીરસ્યું, બરફી પીરસી. મહારાજ જમતા જાય અને બરફી-અથાણાંનાં વખાણ કરતા જાય અને સ્વામીને પ્રસાદી આપતા જાય. સ્વામીને તો ચાર દિવસની મજલનો થાક આ દર્શન અને પ્રસાદીથી ઊતરી ગયો. નયણાં તૃપ્ત થઈ ગયાં. અંતર શાંત થઈ ગયું. અનિમિષ દૃષ્ટિએ દર્શનનો લહાવ લેતા સ્વામી, મહારાજ સન્મુખ સ્થિર નેત્રે બેસી રહ્યા.

મહારાજ જમી રહ્યા અને ચળુ કરી પાનબીડી જમ્યા. પછી બાજોઠ ઉપરથી ઊભા થયા અને ઢોલિયા ઉપર બિરાજ્યા.

સ્વામીશ્રી મહારાજની સામે નીચે બેઠા. પછી ધીરે રહીને સ્વામીએ મહારાજને કહ્યું : ''મહારાજ ! સુરતના હરિભક્તોએ એમના વતી આપને ભેટવાનું કહ્યું છે.''

ત્યારે મહારાજ હસીને બોલ્યા : ''એમના વતી તમને ભેટવાથી એમને શો લાભ ?''

તદ્દન સરળ અને મહારાજ પાસે કેવળ દાસત્વ ભાવે જ વર્તનારા સ્વામીશ્રીએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! એ તો આપ જાણો. મને તો જે

---

૫૨. ગામ કે શહેરનો છેવટનો ભાગ.

તેમણે કહ્યું તે મેં આપને કહ્યું. પછી જેવી આપની મરજી."

કેવળ નિર્દોષમૂર્તિ સ્વામીશ્રીનાં આ વચન સાંભળી મહારાજ ઢોલિયા ઉપરથી ઊઠ્યા અને કહ્યું : "બહુ સારું સ્વામી ! તમો હરિજનોનાં એક પછી એક નામ બોલતા જાવ અને અમને ભેટતા જાઓ."

પછી સ્વામી એક પછી એક એમ બાવીસ હરિભક્તોનાં નામ બોલીને મહારાજને ભેટ્યા. પછી વિચાર કર્યો કે 'મહારાજ તો દયાળુ છે તે તો ભેટશે જ. પરંતુ હમણાં જ જમ્યા છે તેથી તકલીફ પડશે.' એમ જાણી અટક્યા. મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા.

સ્વામીની સાથે આવેલા શાંતાનંદે મહારાજને કહ્યું, "મહારાજ ! મને મળો."

ત્યારે મહારાજે તેમને કહ્યું, "તમે ક્યાં મુક્તાનંદ સ્વામીની આજ્ઞાથી આવ્યા છો ? તમો તો જોરાવરીએ આવ્યા છો. માટે નહિ મળીએ. આજ્ઞા લોપનારને ભેટતાં અમારાં શરીર બળે છે."

તે સાંભળી તે સાધુ અતિ ઉદાસ થઈ ગયા. પરંતુ દયાળુ સ્વામીએ તરત જ મહારાજને કહ્યું : "કૃપાનાથ ! જીવ તો એવા જ હોય. આપ કૃપા કરો તો જ જીવ સુધરે. આ સાધુએ પણ રસ્તામાં અથાણું ઊંચક્યું હતું અને બહુ મહેનત કરી છે. માટે મળો તો સારું."

સ્વામીનું આ વચન સાંભળી મહારાજ હસ્યા અને ઢોલિયા ઉપરથી ઊઠીને તે સાધુને બોલાવીને કહ્યું, "સાધુરામ ! આવો મળીએ."

એમ કહી પછી કહ્યું : "આ ગુણાતીતાનંદ સ્વામીને બાવીસ વાર મળતાં કઠણ ન પડ્યું અને તમને આ એક વાર મળતાં કઠણ પડે છે."

વચન લોપનાર ઉપર મહારાજને કદી હેત થતું નહિ. આ પ્રમાણે સ્વામી મહારાજ સાથે કારિયાણીમાં પાંચ દિવસ રહ્યા. રોજ મહારાજ વાતો અને પ્રસાદીનું સુખ આપે અને રાજીપો બતાવે. પછી મહારાજે તેમને સુરત જવા આજ્ઞા કરી અને પોતે ગઢડા પધાર્યા.

✧ ✧ ✧

અમારે તમારું દેહ સાચવવું છે

સંવત ૧૮૭૦ની સાલમાં દાદાખાચરના પિતા એભલ ખાચર ધામમાં

ગયા. તેમના કારજ પ્રસંગે શ્રીજીમહારાજે સાધુ તથા બ્રાહ્મણોને ખૂબ જમાડ્યા. સ્વામી તો મહારાજની મૂર્તિ સામું જોઈ જ રહેતા. તેથી જેટલું મહારાજ પીરસતા તેટલું જમી જતા. રોજ જલેબી-સાટાની રસોઈયું ચાલે. તેથી પુષ્કળ ખાંડ ખાવાથી સ્વામીનું શરીર પીળું પડી ગયું. ખાધેલું અન્ન પચે નહિ. ફક્ત દૂધ જ પચે. તેથી મહારાજે હરિભક્તોને આજ્ઞા કરી કે "આ સાધુને ફક્ત દૂધ જ આપવું." સ્વામીને મંદવાડ લાગુ પડ્યો.

આ અરસામાં સ્વામી, કૃપાનંદ સ્વામીના મંડળમાં હતા. તેથી કૃપાનંદ સ્વામી સાથે નાઘેર દેશમાં ઊના-દેલવાડા ફરવા નીકળ્યા. ઊનાના હરિભક્તોએ આગ્રહપૂર્વક સ્વામીને ટોપરાં અને દૂધ જમાડ્યાં. સ્વામીને તો દેહનો અનાદર હતો. એટલે સ્વાસ્થ્યની ઝાઝી ચિંતા તેઓ રાખતા નહિ. આથી કેવળ ટોપરાં ઉપર જ દેહનિર્વાહ કર્યો હોવાથી કેટલેક દિવસે સ્વામીનું પીળું પડેલું શરીર વધુ પીળું થઈ ગયું અને દેહમાં શક્તિ કાંઈ રહી નહિ.

પછી બાબરીઆવાડમાં ફરતાં ફરતાં કોવૈયા ગામે પધાર્યા. તે ગામના પાદરે દક્ષિણ તરફ એક વાવ છે. તે વાવની પાસે આત્માનંદ સ્વામીની દેરી છે. તે વાવમાં સ્વામી નાહવા ગયા અને દેરી પાસે બેઠા. એટલામાં બાળાજોગી વેરાગીને વેશે, માથાના કેશ છૂટા લટકી રહ્યા છે એવા સ્વરૂપે, શ્રીજીમહારાજે ત્યાં દર્શન દીધાં અને કહ્યું :

"બાળાજોગી, વૈદ્ય રોગી, શૂરા વાંસે ઘા - આ ત્રણે અપકીર્તિરૂપ છે. તમે વૈદ્ય છતાં રોગી કેમ બની રહ્યા છો ? આ તમારું પેટ સર્પના પેટાળા જેવું ઝગઝગે છે તેથી સેવકોએ ટોપરાં અને દૂધ બહુ જમાડ્યાં હશે એમ લાગે છે. ઠીક છે, તમારે તો દેહ નથી સાચવવું પણ અમારે તમારું દેહ સાચવવું છે." એટલું કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા.

સ્વામીએ જાણ્યું કે દૂધ ખાવા દેવાની મહારાજની મરજી નથી તેથી આ પ્રસંગ પછી તત્કાળ જીવનપર્યંત સ્વામીએ દૂધનો ત્યાગ કરી દીધો. પછી સ્વામી નાહીને ઉતારે પધાર્યા. અહીં કૃપાનંદ સ્વામીએ ખબર આપ્યા કે મહારાજે સૌ સંતમંડળોને ગઢડા તેડાવ્યાં છે તેવી ખબર આવી છે. ગઢડા જવાનું નક્કી કર્યું.

ગઢપુરમાં મહારાજે જે સંતમંડળો આવે તેમને રોટલા અને અડદની

દાળ જમાડવાનું નક્કી કર્યું હતું. તેમાં દરબારમાંથી રોટલા પૂરા પાડવા અને સંતોએ અડદની દાળ બનાવવી તેવી ગોઠવણ કરી હતી. મહારાજ લીમડા નીચે ઢોલિયો ઢળાવીને બેસતા. સાધુ દેખાય એટલે મોટેથી સાદ પાડીને બોલતા કે 'એ સાધુ આવ્યા.' એમ અલૌકિક લીલા કરતા. તેવામાં કૃપાનંદ સ્વામીનું મંડળ આવ્યું. તેમને સૌને જમાડ્યા. પરંતુ સ્વામી તો અશક્તિને લઈને ધીરે-ધીરે ચાલતા હતા તેથી મોડા પહોંચ્યા.

તેમને આવતા જોઈ મહારાજ એકદમ ઊઠી ગયા અને 'સાધુ આવ્યા-સાધુ આવ્યા' એમ બે વખત ઊંચેથી બોલ્યા. પછી કહ્યું : ''લાવો, રોટલા અને દાળ સાધુને જમાડીએ.''

એટલે દરબારમાંથી લાડુબાએ કહેવરાવ્યું કે 'મહારાજ ! રોટલા તો નથી અને વૈષ્ણવાનંદ સ્વામી પાસે થોડી દાળ રહી છે.'

તે સાંભળી મહારાજે કહ્યું : ''ગમે તેમ કરો પણ આ સાધુને તો જમાડ્યા જોશે. માટે બે રોટલા કરીને લાવો.''

પછી વૈષ્ણવાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : ''દાળમાં થોડું પાણી નાંખી સારી રીતે મરચાંની ભૂકી નાખી ઉકાળીને લાવો !''

મહારાજની આજ્ઞા પ્રમાણે રોટલા અને દાળ આવ્યાં એટલે મહારાજે સ્વામીને પોતાના સન્મુખ જમવા બેસાર્યા. સ્વામી હાથપગ ધોઈ જમવા બેઠા.

મહારાજે સ્વામીના પત્તરમાં એક રોટલો પીરસ્યો અને એક ડંકો દાળ પીરસી. દાળ એકદમ તીખી હોવાથી સ્વામીને જમતાં જમતાં આંખ અને નાકમાંથી પાણી વહેવા લાગ્યું. પરંતુ મહારાજે પીરસેલી પ્રસાદી જમી જવી જોઈએ, એમ વિચારી જમવા લાગ્યા. પીરસેલું ખૂટવા આવ્યું ત્યાં મહારાજે ફરી અર્ધો રોટલો પીરસ્યો, ડંકો ભરી દાળ પીરસી, મરચાંની ચટણી પીરસી અને મરચાંની ભૂકી નાખી.

સ્વામી તો મહારાજ સામું જોઈ જ રહ્યા કે આજે મહારાજે શું ધાર્યું છે. સ્વામીને મરચાં ખાવાની બિલકુલ ટેવ જ નહિ. છતાં મહારાજ આજે આ શું લીલા કરી રહ્યા છે તે તેમને સમજાયું નહિ.

તેમને આ પ્રમાણે પોતાની સામું જોઈ રહેલા જોઈ મહારાજે કહ્યું : ''સાધુરામ ! જમો. શું જોઈ રહ્યા છો ? સાધુ તો શૂરવીર જ હોય.'' એ

સાંભળી સ્વામી મહારાજે જે પીરસ્યું હતું તે બધું ચોળીને જમી ગયા. મહારાજ રાજી થઈ ગયા.

પરંતુ મરચાં પુષ્કળ પ્રમાણમાં ખાવાથી સ્વામીને આખે શરીરે બળતરા ઊપડી. એટલી બધી બળતરા થઈ કે રહેવાય નહિ. તેથી સ્વામી અકળાઈ ગયા અને ઘેલે જઈ પાણીમાં નાહવા પડ્યા. પછી રેચ લાગ્યો એટલે ઘેલાને સામે કાંઠે દેરી છે ત્યાં ગયા. ત્યાંથી ઝાડે ફરવા જાય અને પછી નાહીને ત્યાં જ સૂઈ રહે. ત્રણ દિવસ સુધી સ્વામીને રેચ થયો અને સ્વામી દેરીમાં જ પડ્યા રહ્યા. પરંતુ પુષ્કળ રેચ લાગવાથી સ્વામીના શરીરમાંથી રોગમાત્ર નીકળી ગયો.

ચોથે દિવસે સ્વામીને જરા આરામ જેવું જણાયું એટલે નાહીને મહારાજનાં દર્શને આવ્યા. તેમને જોઈને મહારાજે હસતાં હસતાં કહ્યું : "સાધુરામ ! રેચ ઠીક લાગ્યો ને ? તમે મરચાં નથી ખાતા એ અમે જાણતા હતા. પણ શું કરીએ ? કોવૈયાને પાદર અમે તમને મળ્યા ત્યારે નહોતું કહ્યું કે વૈદ્ય છો તે રોગ કાઢો. પણ તમો તો રોગ લઈને આવ્યા એટલે દર્શનનું સુખ શી રીતે આવે ? વળી, તમારો લાભ પણ બીજાને શી રીતે મળે ? માટે, અમે તો એ ઔષધ તમને જમાડ્યું હતું."

સ્વામી મહારાજના કહેવાનો મર્મ સમજી ગયા.

✧ ✧ ✧

ગઢડામાં મહારાજને પૂછેલા ચાર પ્રશ્નો

સંવત ૧૮૭૧ની સાલમાં મહારાજ વડતાલ બિરાજતા હતા અને ત્યાંથી ગઢડા જવાનું હતું. સાથે લગભગ દોઢસો સાધુઓ હતા. વર્ષ દુકાળિયું હતું. તેથી આવડો મોટો સંઘ લઈને રસ્તામાં ભિક્ષા માગતા જવું અને હરિભક્તોને ભારરૂપ થવું તે ઠીક નહિ એમ વિચારી, મહારાજે સાધુઓને કહ્યું : "તમે તમારામાંથી એકને મોટેરા બનાવી તેમની આજ્ઞા પ્રમાણે તમારો બંદોબસ્ત કરો."

આ સંતોને તો મહારાજ ભગવાન હતા તેવો અટળ નિશ્ચય હતો અને તેથી તેમણે સર્વેએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ કહો તેમને મોટેરા કરીએ."

ત્યારે મહારાજે કહ્યું : "આ ગુણાતીતાનંદ સ્વામીને નીમો."

તે સાંભળી એક સાધુએ પોતાની પ્રકૃતિ અનુસાર શંકા કરી કે "મહારાજ ! એ સાધુ તો આપની મૂર્તિને અખંડ ધારીને વર્તે છે. માટે વ્યવહારમાં કાંઈ ઝાઝું જાણતા નથી."

ત્યારે મહારાજે કહ્યું : "એ તમને આગળ જણાશે."

પછી સૌ સંતોએ સ્વામીને મોટેરા કર્યા.

સ્વામીશ્રીમાં અતિ ઉત્તમ યોજના શક્તિ હતી. તેથી તેમણે આ દોઢસો સાધુઓમાંથી દસ-દસનાં મંડળ બાંધી દીધાં અને દરેકમાં એકને મોટેરા સ્થાપી એ મંડળોને જુદા જુદા રસ્તેથી જુદાં જુદાં ગામોમાં ફરતાં-ફરતાં, આગળ એક જગ્યાએ ભેગા થવાનું નક્કી કરી દીધું. આથી દશ-દશનાં મંડળોને ગામોમાં ભિક્ષા પણ બરોબર મળી રહે અને વળી કોઈને ભારરૂપ પણ ન બને. આ પ્રમાણે પ્રવાસ દરમિયાન સંતોના નિર્વાહની ઉત્તમ વ્યવસ્થા સ્વામીએ કરી દીધી. એ રીતે દોઢસો સાધુઓનો સંઘ નિર્વિઘ્ને ગઢડા પહોંચી ગયો. સ્વામીની યોજના શક્તિથી મહારાજ અતિ રાજી થઈ ગયા.

સ્વામીશ્રી એક ઉત્તમ ઉપદેશક હતા. તેમના ઉપદેશની શૈલી સચોટ અને વેધક હતી. સાંભળનારાના અંતરમાં તેની છાપ સચોટ પડતી. અન્ય સંપ્રદાયના અનુયાયીઓ સ્વામીશ્રીનો ઉપદેશ સાંભળી કૃતાર્થ થતા. પોતાના ઈષ્ટદેવનો અપાર મહિમા, તેમના પ્રત્યેની પરાભક્તિ સિદ્ધ કરવામાં અનિવાર્ય એવા ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યના સંસ્કારની આવશ્યકતા વગેરેનો ઉત્કટ પ્રવાહ ગંગાના અવિરત સ્રોતની માફક તેમના મુખમાંથી વહેતો. વ્યવહારની ઉપેક્ષા કર્યા સિવાય તેને સ્વાભાવિક બનાવી, વ્યાવહારિક પ્રવૃત્તિઓ પણ કેવી રીતે ભક્તિમય બનાવી દેવી, તેવી તેમની વાતો સાંભળી વ્યવહારનિપુણ વિદ્વાનો, તજ્જ્ઞો દિગ્મૂઢ બની જતા. કોઈ પ્રવૃત્તિ ન હોય ત્યારે સાધારણતઃ પોતે ધ્યાનમગ્ન રહેતા.

સ્વામી મહારાજ સાથે ગઢડા પધાર્યા. પછી એક વખત પોતે મહારાજને સભામાં ચાર પ્રશ્નો પૂછ્યા : "(૧) ભગવાનનું અખંડ ધ્યાન કરવું, (૨) આત્મારૂપે વર્તવું, (૩) માંદાની સેવા કરવી અને (૪) વાતો કરવી. આ ચારમાં કયું સાધન સાધક માટે શ્રેષ્ઠ છે ?"

શ્રીજીમહારાજે આ પ્રશ્ન સભામાં સર્વ સંતોને પૂછ્યો. ત્યારે કોઈએ

જ્ઞાન, તો કોઈએ ધ્યાન, તો કોઈએ સેવા ધર્મ શ્રેષ્ઠ છે તે પ્રમાણે કહ્યું. પરંતુ કોઈપણ સ્પષ્ટ નિર્ણય આ પ્રશ્નોના ઉત્તર અંગે આવ્યો નહિ. તેથી મહારાજે નાજા જોગિયાને કહ્યું : "મુક્તાનંદ સ્વામી વંડે છે તેમને બોલાવો. તે ઉત્તર કરશે."

એટલે નાજા જોગિયા મુક્તાનંદ સ્વામીને બોલાવવા ગયા. તેમણે વંડે જઈને સ્વામીને કહ્યું : "સ્વામી ! ચાલો મહારાજ બોલાવે છે. સભામાં કૂટ પ્રશ્ન પુછાયો છે અને કોઈ નિર્ણય થતો નથી. માટે તમને તેડ્યા છે."

પછી મુક્તાનંદ સ્વામી સભામાં આવ્યા. મુક્તાનંદ સ્વામીને મહારાજે ચારે પ્રશ્નો સંભળાવ્યા. તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! મને તો ધ્યાન કરવું એ શ્રેષ્ઠ લાગે છે." તે સાંભળી નાજા જોગિયા વગેરે ધ્યાન કરવાના પક્ષકારો રાજી થયા.

પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! દક્ષના દસ હજાર દીકરા શાથી ત્યાગી થયા હતા ?"

તે સાંભળી મુક્તાનંદ સ્વામી સમજી ગયા કે મહારાજનો મત ઉપદેશનો છે. તેથી એકદમ બોલ્યા : "મહારાજ ! હું ભૂલ્યો."

પછી મહારાજે તે પ્રશ્નનો ઉત્તર કરતાં કહ્યું : 'સાંભળો સંતો ! આ ચારમાં પ્રથમનાં ત્રણ સાધનો તો મુમુક્ષુના પોતાના કલ્યાણ માટે જ છે. પરંતુ વાતો કરવી કે ઉપદેશ કરવો તે પોતાના અને અન્યના એમ ઉભય માટે કલ્યાણકારી છે. દક્ષના દસ હજાર પુત્રો પ્રજોત્પત્તિ માટે ઉત્પન્ન કરાવ્યા હતા. પરંતુ નારદજીના ઉપદેશથી તેઓ વિરક્ત બની પોતાના કલ્યાણ માટે પ્રયત્નશીલ બની ગયા. વળી, બ્રહ્મા સર્વના[૫૩] પિતામહ હતા. પરંતુ સૃષ્ટિની ઉત્પત્તિ કરવા સમયે મૂંઝાયા. ત્યારે આકાશવાણી સંભળાણી કે તપ-તપ, એ પ્રકારના ઉપદેશથી તેમને શાંતિ થઈ અને માર્ગ સૂઝ્યો."

---

૫૩. આદિ દેવ બ્રહ્માજી પોતાના જન્મસ્થાન કમળ ઉપર બેસી સૃષ્ટિ રચવાની ઇચ્છાથી વિચાર કરી રહ્યા હતા. પરંતુ જે જ્ઞાનદૃષ્ટિથી સૃષ્ટિની રચના થઈ શકે તે તેમને પ્રાપ્ત ન થઈ તેથી તેમને મૂંઝવણ થવા લાગી. તરત જ તેમણે આકાશવાણી સાંભળી. 'તપ-તપ'. બ્રહ્માજીને લાગ્યું કે મને તપ કરવાનો આદેશ થયો છે. તેમણે સો વર્ષ તપ કર્યું. તેથી તેમને ચતુર્ભુજ સ્વરૂપે નારાયણનાં દર્શન થયાં. નારાયણે બ્રહ્માજીને ચતુઃશ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો. - શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૨જો, અ. ૯, શ્લોક ૩૨ થી ૩૫.

એટલું કહીને મહારાજ અટક્યા અને વળી ફરી કહેવા લાગ્યા : "જુઓને, અમે પણ તપ કરતાં કરતાં અહીં એકલા જ આવ્યા હતા. જ્યારે રામાનંદ સ્વામીએ અમને સત્સંગ સોંપ્યો, ત્યારે સત્સંગ થોડો જ હતો. અને આજ આટલો પ્રસરી ગયો છે અને હજુ પણ પ્રસરશે જ. આ બધો વાતો અને ઉપદેશનો જ પ્રભાવ છે." પોતાના અનન્ય અને લાડીલા શિષ્યે પૂછેલા પ્રશ્નના ઉત્તરની આજે મહારાજને સ્પષ્ટ છણાવટ કરવી હતી. સાચા ઉપદેશકની અને તેમના ઉપદેશની છાપ જગત કદી ભૂલી નહિ શકે તેથી મહારાજ આ પૃથ્વી ઉપર પોતાના પ્રગટ થવાના હેતુને લક્ષ્યમાં રાખી સંતોને કહેવા લાગ્યા : "હે સંતો ! આ પૃથ્વી ઉપર અમે અક્ષરધામમાંથી તમને સહુને સાથે લઈને આવ્યા છીએ, તેનો હેતુ તો શુદ્ધ સત્સંગ સ્થાપવાનો છે અને તે પ્રકારનો સત્સંગ કરાવી અનેક જીવોને અક્ષરધામના અધિકારી બનાવવાનો છે. વળી, એટલું કરવાથી પણ આપણા કાર્યની પૂર્ણાહુતિ નથી થતી. આપણે તો પાછળથી પણ આ સત્સંગ દ્વારા જ મુમુક્ષુઓ માટે મોક્ષનું દ્વાર સદાને માટે ખુલ્લું મૂકવું છે. આપણે સત્સંગ દ્વારા એકાંતિક ધર્મ સ્થાપવો છે તે હેતુ સદાને માટે સિદ્ધ થાય. એ પ્રકારનો સત્સંગ કરનાર કોઈપણ જીવ અક્ષરધામમાં આવ્યા વિના રહે જ નહિ. આપણે જે કંઈ તપ કરીએ છીએ કે ધર્મ પાળીએ છીએ તે તો અન્યના કલ્યાણ માટે જ છે. ગીતામાં કહ્યું છે :

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥ ગીતા-૩-૨૨

માટે આપણે ધર્મ પાળીને કે ઉપદેશ કરીને પણ જો અન્ય મુમુક્ષુઓને સત્સંગને માર્ગે ન ચઢાવીએ તો આપણો પૃથ્વી ઉપરનો ફેરો વ્યર્થ જાય. માટે આજથી અમારી તમને સૌને આજ્ઞા છે કે જેમ કોઈ વિદ્યાર્થી ભણતો જાય અને પાછળના વિદ્યાર્થીઓને ભણાવતો જાય તે જ પ્રમાણે અમારા આશ્રિત ત્યાગી, ગૃહસ્થ ભાઈ કે બાઈ હોય તેમણે પોતાને જેટલો સત્સંગ દૃઢ થયો હોય તે બીજાને પણ હેત કરીને દૃઢ કરાવવો. જેમ બને તેમ દાખડો કરીને પણ જીવોને અમારો આશ્રય કરાવવો અને એવો આશ્રય કરીને સત્સંગ કરીને જીવો અક્ષરધામના અધિકારી થાય એવા પ્રયાસો સૌએ કરવા."

શ્રીજીમહારાજે આગ્રહપૂર્વક ઉપદેશેલા ચારે પ્રશ્નોના આ ઉત્તરથી સભામાં બેઠેલા સંતોને મહારાજનું રહસ્ય સમજાઈ ગયું. સ્વામીએ તો ત્યારથી જ નિશ્ચય કરી લીધો કે 'વાતો જ કરવી, સોપો પડવા દેવો જ નહિ.'

આ સાધુ તમને આગળ સમજાવશે

એક દિવસ નાજા જોગિયા તથા બીજા કેટલાક મહારાજના અંગત પાર્ષદો ઘેલે નાહતા હતા તેટલામાં મુક્તાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો પણ ઘેલે નાહવા આવ્યા. પાર્ષદો તો નાહી રહ્યા હતા અને ભીનાં કપડાં સુકાતાં હતાં એટલે વાતો કરતા બેઠા હતા. સંતોમાં પરમાનંદ સ્વામી નાહીને એક કોરે બેઠા હતા અને બીજા સંતો પાસે મહારાજની લીલાની વાતો કરતા હતા. મુક્તાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી પણ વાતો સાંભળતા બેઠા હતા. તે વખતે કૃપાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : "પેલા પાર્ષદો ત્યાં નવરા બેઠા છે તેમને બોલાવો. આ વાતો તેઓ પણ સાંભળે." પછી મુક્તાનંદ સ્વામીએ તેમને બોલાવ્યા. તેઓ આવ્યા અને વાતો સાંભળવા બેઠા. પણ તેમાં તેમને કાંઈ સ્વાદ આવ્યો નહિ. તેઓ ઊઠી ગયા.

દરબારમાં મહારાજ પાસે જઈ તેમણે મહારાજને વાત કરી કે "આજ તો મુક્તાનંદ સ્વામીએ અમને બોલાવ્યા. પરંતુ તેમની વાતોમાં તો દાદા ખાચર, ઝીણાભાઈ અને તમારી વાતો હતી. તે તો બધું અમારી નજરે દીઠેલ હતું. તેથી અમને તેમની વાતોમાં કાંઈ સ્વાદ ન આવ્યો અને અમે ઊઠી ગયા." પાર્ષદો મહારાજને આ પ્રમાણે વાતો કરતા હતા. તેટલામાં મુક્તાનંદ સ્વામી વગેરે સૌ સાધુઓ નાહીને દરબારમાં આવતા હતા. મહારાજે તેમને જોયા.

તેઓમાંના ગુણાતીતાનંદ સ્વામી તરફ આંગળી ચીંધી મહારાજે તે પાર્ષદોને કહ્યું : "જુઓ, આ સાધુ તમને આગળ સમજાવશે અને સમાસ કરશે. તેમનો સમાગમ કરશો ત્યારે આજે જેવી વાતો સાંભળી ઊઠી ગયા તે જ વાતોમાં તમને 'સ્વાદ' પડશે અને અખંડ વાતો જાણે સાંભળ્યા જ કરીએ તેવું થઈ જશે."

દાદાખાચરના દરબારમાં મહારાજ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે અઢાર સદ્‌ગુરુઓને દરબારમાં જમવા બોલાવી ઉત્તરાદી ઓસરીએ ગોવાળ મંડળી કરી, સૌને પીરસતા હતા. તે વખતે મહારાજે બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને કહ્યું : "આ ગુણાતીતાનંદ સ્વામી જમે છે તેમ તમે સૌ જમતાં શીખો."

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી મર્મમાં બોલ્યા : "હા, મહારાજ ! એ સાધુ ઠીક જમનારા છે."

મહારાજ તેમનો બોલવાનો મર્મ સમજી ગયા અને બોલ્યા : "તમે સમજો છો તેમ નથી. કાં જે એ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો લે છે અને જેમ કોઠીમાં દાણા ભરે છે તેમ અન્ન પેટમાં ભરે છે."

એટલે બ્રહ્માનંદ સ્વામી સમજ્યા અને પછી બોલ્યા : 'હા, મહારાજ ! એ બહુ મોટા સાધુ છે.'

પછી મહારાજે સ્વામીનો મહિમા સમજાવતાં કહ્યું : "એ સાધુ તો પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તે છે નીકર અમારી પાછળ જેટલા મનુષ્યો ફરે છે તેટલા માણસ તેમની પાછળ પણ ફરે."

આ ગોવાળ મંડળીની લીલા ઉપર બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનો રચ્યાં છે તે સત્સંગમાં પ્રસિદ્ધ છે.

✧ ✧ ✧

આ સાધુ તો અમારા ઘરરૂપ છે

મહારાજે વરજાંગ જાળિયામાં આવી ત્યાંના ભક્તરાજ હીરાભાઈને ઘેર રહી અતિ ઘેરો મંદવાડ ગ્રહણ કર્યો. મહારાજના આ મંદવાડના સમાચાર સાંભળી મહારાજની તબિયત જોવા અને દર્શન કરી શાંતિ પામવા સંતો જાળિયા આવતા. મહારાજ તેમને વારાફરતી એક બે દિવસ રાખી રજા આપી દેતા. તેવામાં મુક્તાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી પણ ત્યાં આવ્યા. મહારાજને દંડવત્ કરી પગે લાગી પાસે બેઠા. મંદવાડ દરમિયાન છેલ્લા કેટલાક દિવસોથી મહારાજે અન્ન લીધું ન હતું. તેથી આજે ત્યાંનાં બાઈ હરિભક્ત રત્નાબાઈએ અંદરના ઓરડામાં રહી મહારાજને પૂછ્યું :

"મહારાજ ! આજે આપ કાંઈ જમશો ?"

ત્યારે મહારાજે રત્નાબાઈને કહ્યું : 'રત્નાબાઈ ! અમારે તો કાંઈ જમવું નહોતું પણ આજે આ સાધુ આવ્યા છે તેમને જોઈને અમારો મંદવાડ કેટલોક મટી ગયો છે, તેથી અમે થોડું જમશું. પણ તમે એ સાધુને જાણો છો ?"

એમ કહી સ્વામી તરફ આંગળી ચીંધી મહારાજ બોલ્યા : "જુઓ રત્નાબાઈ ! આ સાધુ તો અમારા ઘરરૂપ છે, તેને સુખે અમે સુખી અને તેને દુઃખે અમે દુઃખી. આજ અમારાં દર્શન કરીને તેમને સુખ થયું છે એટલે અમને પણ સુખ થયું, એટલે મંદવાડને કાઢ્યો. માટે એ સાધુને જમાડો તો અમે જમીએ."

આ પ્રમાણે મહારાજ વાત કરતાં કરતાં સ્વામી તરફ દૃષ્ટિ કરતા જાય અને સ્વામીનો મહિમા મર્મમાં કહેતા જાય. પછી મહારાજ માટે થાળ તૈયાર થયો. તેમાંથી મહારાજ થોડું જમ્યા અને બાકીની પ્રસાદી સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને આપી.

મહારાજે મંદવાડ દૂર કર્યો અને વરજાંગ જાળિયાથી મહારાજ નીકળ્યા. ઝીણાભાઈનો સંકલ્પ હતો કે મહારાજ પરમહંસોને તેડાવીને પંચાળા પધારે તો સારું. મહારાજ તેમનો સંકલ્પ જાણી પંચાળા પધાર્યા અને અહીં પરમહંસોને તેડાવ્યા.

એક દિવસ મહારાજ પરમહંસોની પંક્તિમાં મોતૈયા લાડુ પીરસતા હતા. મહારાજ પીરસતાં પીરસતાં ભાઈ આત્માનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામીની વચ્ચે સ્વામી જમવા બેઠા હતા, ત્યાં પધાર્યા. સ્વામીને આ બે સદ્‌ગુરુઓ વચ્ચે બેઠેલા જોઈ મહારાજ હસ્યા અને બોલ્યા : "અહો ! આ તો બે વાઘ વચ્ચે બકરી."

એમ બેત્રણ વખત બોલ્યા. પછી ચાર મોતૈયા લાડુ હાથમાં લઈને વંથળીવાળા કલ્યાણભાઈની સામું જોઈ મહારાજે તેમને કહ્યું : "કલ્યાણભાઈ ! આ સાધુને ઓળખો છો ? આ તો અમારું અક્ષરધામ છે. ઓળખી રાખજો." એમ કહી સ્વામીના પત્તરમાં ચાર લાડુ નાખ્યા. મહારાજના શબ્દોથી કલ્યાણભાઈને સ્વામીના સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો.

✧ ✧ ✧

તને એકે રાફડિયો યાદ ન આવે

વરતાલમાં થોડા દિવસો રહીને મહારાજ ગઢડે પધાર્યા. સ્વામી પણ કૃપાનંદ સ્વામીની સાથે નીકળ્યા. તેમને પાણવી ગામે જવું હતું. પરંતુ વિચાર કર્યો કે જો ગામમાં જઈશું તો આણંદજી કોઠારી અને લક્ષ્મીરામ રોકશે અને મહારાજનું ધ્યાન, ભજન સુખે નહિ થાય. તેથી ગામ રોહીશાળાને પાદર પાડલિયો નદીના કાંઠે વડ હેઠે રાત રહ્યા. આ બંને સંતો અહીં વડ નીચે આસન જમાવી મહારાજના ધ્યાનમાં બેસી રહ્યા.

આ વડથી થોડે દૂર અલગોતરાનો ભરવાડ બોઘાનો બકરાં સાચવવાનો ઝોક હતો. બકરાંને રાત્રે ઝોકમાં પૂરી પછી બોઘો ભરવાડ રાફડિયા[૫૪] બોલતો. આજે પણ તેણે રાફડિયા બોલવા શરૂ કર્યા, ત્યારે કૃપાનંદ સ્વામીએ કહ્યું : "આપણે અહીં ધ્યાન કરવા બેઠા પણ આ ભરવાડ આપણને ધ્યાન કરવા નહિ દે."

એમ કહી થોડી વારે બોલ્યા : "જીવ તો જુઓ, કેવા છે ? આવા અક્ષરપતિ પુરુષોત્તમ પ્રગટ થયા અને હજી આ ભરવાડ આવા રાફડિયા બોલે છે ! માટે આપણે સંકલ્પ કરો કે તેને એકેય રાફડિયો યાદ ન આવે અને તે સત્સંગી થાય."

પછી કૃપાનંદ સ્વામીની મરજીથી સ્વામીએ એ પ્રમાણે જ્યાં સંકલ્પ કર્યો કે તે ભરવાડ રાફડિયા બધા ભૂલી ગયો. તેને એકે યાદ જ ન આવે. આખી રાત આંટા મારી મારીને તેણે કાઢી. સવાર પડી ત્યાં તો તેને બે સંતનાં દર્શન થયાં. પાસે આવીને તે ભરવાડ સ્વામીને અને કૃપાનંદ સ્વામીને પગે લાગ્યો. પછી તેણે કહ્યું : "મહારાજ ! તમે ભગવાનના સંત ખરા."

એટલે સ્વામીએ પૂછ્યું : "તેં કેમ જાણ્યું ?"

ત્યારે ભરવાડે કહ્યું : "મહારાજ ! હું ત્રણ રાત અને ત્રણ દિવસ બોલું તો પણ મારા રાફડિયા ખૂટે નહિ. પણ કાલ તો મને એકેય સાંભર્યો નહિ."

તે સાંભળી સ્વામી હસ્યા અને પછી કહ્યું : "તું જ્યારે રાફડિયા ગાતો હતો ત્યારે અમે જ સંકલ્પ કર્યો હતો કે તને એકે રાફડિયો યાદ ન આવે

---

૫૪. રાફડિયા એટલે કાઠિયાવાડમાં સામસામે બોલાતા દોહા-સાખીઓ.

અને તું સત્સંગી થા.'' બોઘો ભરવાડ તો દિગ્મૂઢ બની ગયો ! પછી તેણે સ્વામી પાસે વર્તમાન ધરાવ્યાં અને સત્સંગી થયો.

પાણવીના પૂંજા ડોડિયા

પાણવી ગામમાં રાજપૂત ભક્ત પૂંજા ડોડિયા રહેતા હતા. તેમણે એવો સંકલ્પ કર્યો કે ભગવાન પ્રગટ મળે તો જ જીવતર રાખવું, નહિ તો જળસમાધિ લઈ લેવી. ઘણાં વર્ષ ભજન કર્યું પણ ભગવાન મળ્યા નહિ. તેથી એક દિવસ દેહ પાડી દેવા માટે ગોપનાથ પાસે નકલંક મહાદેવ છે ત્યાં જઈ તેના લિંગને બાઝી પડ્યા. ત્યાં તો સમુદ્રમાં ભરતીની વેળ આવી ને તેમને તો બહાર ઠેલી દીધા. પછી તેમણે વિચાર કર્યો કે આ વખતે તો આવતા પાણીમાં જ પડવું. એમ વિચાર કરે છે ત્યાં આકાશવાણી થઈ : ''અમથો અહીં શા માટે મરે છે ? સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે તેના સંત તને મળશે. માટે તું ઘેર જા.'' પછી પૂંજા ભક્ત ઘેર આવ્યા.

સવારમાં સાંતી લઈ પૂંજા ભક્ત ખેતરે જતા હતા. રસ્તામાં ગામને અવેડે બળદને પાણી પાતા હતા એવામાં બે સંત દેખાયા. એટલે તરત બળદની રાશ પડતી મૂકી, દોડીને તે સંત પાસે આવ્યા અને પગે લાગી બોલ્યા : ''મહારાજ ! મને ભગવાન મેળવી આપો.''

સ્વામી તથા કૃપાનંદ સ્વામીએ તેમનું મુમુક્ષુપણું પારખ્યું. તેઓ પૂંજા ભક્તને ઘેર ગયા, તેમને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા.

શ્રીજીમહારાજના અલૌકિક ઐશ્વર્ય પ્રતાપની સ્વામી પાસેથી વાતો સાંભળી પૂંજા ભક્ત રંગાઈ ગયા. ભગવાન મળ્યાનો આનંદ તેમના મુખ ઉપર તરવરવા લાગ્યો. સ્વામી તથા કૃપાનંદ સ્વામી બે દિવસ પાણવી ગામમાં રોકાઈને ગઢડે આવ્યા.

કારિયાણીમાં માંદા સાધુની સેવામાં

ગઢડાથી સ્વામી મહારાજ સાથે કારિયાણી આવ્યા. અહીં મહારાજ થોડા દિવસ રોકાયા. પછી હરિજયંતીનો સમૈયો આવ્યો. તેથી વરતાલ જવા વિચાર્યું. પરંતુ અહીં ઓગણીસ સંતો માંદા પડ્યા હતા. તેમની સેવામાં રહેવા કોઈ તૈયાર ન હતું. બધાને મહારાજની સાથે વરતાલ સમૈયે જવું

હતું. તેથી મહારાજે સંતોને કહ્યું : "આ માંદા સાધુની સેવામાં જે રહેશે તેને સો સમૈયાનું ફળ હું આપીશ." તો પણ કોઈ સંતે હા પાડી નહિ.

પછી સ્વામીએ કહ્યું : "મહારાજ ! હું સેવામાં રહીશ."

તે સાંભળી મહારાજ અત્યંત રાજી થયા. સ્વામીને માથે બે હાથ મૂક્યા અને કહ્યું : "રંગ છે સ્વામી ! તમે વચન હેઠું પડવા દીધું નહિ." મહારાજ સંતમંડળ સાથે વરતાલ સમૈયે પધાર્યા.

કારિયાણીમાં સ્વામી માંદા સાધુની સેવામાં ખડેપગે મંડી પડ્યા. સૌ સંતોની અત્યંત મહિમાપૂર્વક સ્વામીએ સેવા કરી તેથી થોડા દિવસોમાં સંતો સારા થઈ ગયા. હજુ જયંતીના સમૈયાને આડા ચારપાંચ દિવસ હતા. તેથી સ્વામીએ આ સંતોને કહ્યું : "તમો સૌ રજા આપો તો સમૈયાને આડા ચારપાંચ દિવસ છે તો હું વરતાલ જાઉં."

સૌ સંતોએ રાજી થઈને સ્વામીને રજા આપી અને કહ્યું : "મહારાજને અમારા વતી ભેટજો." સ્વામી કારિયાણીથી વરતાલ પહોંચી ગયા. મહારાજ તેમને જોઈ બહુ જ રાજી થયા અને ઓગણીસ વાર સ્વામીને ભેટ્યા.

સ્વામીશ્રી પ્રથમથી જ મુક્તાનંદ સ્વામીના મંડળમાં હતા; પરંતુ પછી તો કૃપાનંદ સ્વામી, ભાઈ આત્માનંદ સ્વામી, મોટા રામદાસ, બ્રહ્માનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ તેમની માગણી કરતા તેમના મંડળમાં મહારાજ તેમને મૂકતા. સ્વામીશ્રીનો અપૂર્વ સેવાભાવ, નમ્રતા, વિવેક અને કથાવાર્તાના 'ઇશક'થી સૌ તેમને ઇચ્છતા અને પોતાના મંડળમાં રાખતા. તે મુજબ સ્વામીશ્રી હમણાં કૃપાનંદ સ્વામી સાથે ફરતા હતા.

કૃપાનંદ સ્વામી સાથે હાલાર દેશમાં ફરતાં ફરતાં સ્વામી ભાદરાવાળા રત્ના ભગતના ભાણેજની વાડીએ આવ્યા. આ ભક્તે મામાના સાધુ જાણી બન્ને સાધુને એક એક રોટલો આપ્યો. સ્વામી તથા કૃપાનંદ સ્વામી જમ્યા અને પછી ત્યાંથી ચાલી નીકળ્યા. ત્યાર બાદ થોડા વખતે તે ભગતનો અંતકાળ આવ્યો. સ્વામી અને કૃપાનંદ સ્વામી તેને તેડવા આવ્યા. પછી તેને દેવલોકમાં મૂકવા માંડ્યા ત્યારે તેણે કહ્યું : "મને અહીં કેમ મૂકો છો ? મને તમારા ધામમાં લઈ જાઓ." ત્યારે સ્વામીએ તેને કહ્યું : "તેં વર્તમાન ધરાવ્યાં નથી માટે તારા મામા ધોલેરાના મંદિરમાં વિજ્ઞાનદાસજી નામે સાધુ થયા છે. તેમની પાસે જઈ વર્તમાન ધરાવી મહારાજનો આશ્રિત

થા તો તને ધામમાં લઈ જવાય.'' પછી તે સૂક્ષ્મ દેહે ધોલેરા ગયો અને ત્યાં જઈ તેણે વિજ્ઞાનદાસ સ્વામી પાસે વર્તમાન ધરાવ્યાં. પછી તેને સ્વામી અક્ષરધામમાં લઈ ગયા.[૫૫]

આત્માનંદ સ્વામીની સેવામાં

આત્માનંદ સ્વામીની તબિયત બરોબર નહોતી રહેતી અને શરીરે ખસ થઈ હતી. તેથી સ્વામીશ્રી તેમની સેવામાં રહ્યા હતા. સ્વામીશ્રી આત્માનંદ સ્વામી સાથે ફરતાં ફરતાં ભાલ દેશમાં આવ્યા હતા. ત્યાંથી ગઢડા આવી એક દિવસ રોકાઈ ગઢડાથી બીજે ગામ જવાનું હતું. એક હરિભક્તે સ્વામીની ઉંમર અને તબિયત જોઈ પોતાનું ગાડું જોડી આપ્યું હતું. સ્વામી બપોર પછી નીકળ્યા. ગાડાવાળાએ રસ્તો ખરાબ છતાં ગાડું ઉતાવળું ચલાવ્યું. તેથી આત્માનંદ સ્વામીને ફાવ્યું નહિ. એટલે તેમણે ગાડાવાળાને કહ્યું : ''ભા ! ગાડું ઉતાવળું કેમ હાંકે છે ?''

ત્યારે તેણે કહ્યું : ''સ્વામી ! અહીં જતની બહુ બીક લાગે છે. તેથી આપને સામે ગામ પહોંચાડી પાછો વેળાસર મારે ઘેર પહોંચી જાઉં.''

એટલે આત્માનંદ સ્વામી એકદમ બોલી ઊઠ્યા : ''ભા, ત્યારે તો ગાડું ઊભું રાખ.''

પછી તેણે ગાડું ઊભું રાખ્યું અને આત્માનંદ સ્વામી ઊતરી ગયા.

પછી ગાડાવાળાને તેમણે કહ્યું : ''ગાડું હવે પાછું વાળીને ઘેર વયો જા. અમારે બેસવું નથી. એક તો હું આત્માનંદ તે દેહાનંદ થાઉં અને ગાડું ને તું લૂંટાવ તો કહેવાય કે આત્માનંદ સ્વામી બેઠા હતા તે ગાડું લૂંટાયું. તેવું મારે નથી કરવું.''

તે સાંભળી ગાડાવાળાએ ઘણા કાલાવાલા કર્યા પણ સ્વામીએ તો ના કહી જ દીધી અને ચાલવા માંડ્યા. ગાડાવાળાને ઘણો પસ્તાવો થયો. થોડી વાર સાથે સાથે ગાડું ચલાવ્યું પરંતુ આત્માનંદ સ્વામીએ તેને સમજાવીને આશીર્વાદ આપી પાછો વાળ્યો.

આ પ્રમાણે ચાલતાં ચાલતાં આ મંડળ સંધ્યા ટાણે નદી કાંઠે એક ગામ આવ્યું ત્યાં પહોંચ્યું. સાથેના સાધુ બધા ચાલીને થાકી ગયા હતા તેથી

૫૫. નિર્ગુણદાસ સ્વામીની વાતુ. વાત-૪૬૫.

સૌ ઝાડ નીચે સૂઈ ગયા. સ્વામી એક સાધુને લઈ, ગામમાંથી કુંભારને ત્યાંથી માટીનાં વાસણ લઈ આવ્યા અને ઈંધણા ગોતી ચૂલો સળગાવી પાણી ગરમ કરવા મૂક્યું. પછી આત્માનંદ સ્વામીને ગરમ પાણીએ નવરાવ્યા. પછી પોતે ગામમાં જઈ ભિક્ષા માગી આવ્યા. ભિક્ષા પણ સારી મળી. તેથી સૌ સાધુઓને જગાડ્યા અને હાથપગ ધોવરાવી સૌને જમાડ્યા. પછી રાતની સભામાં સ્વામીએ કીર્તન ગાયાં. સ્વામીની આ સેવાથી અને દેહના સંપૂર્ણ અનાદરથી આત્માનંદ સ્વામી બહુ જ રાજી થયા અને પોતાના શિષ્યોને આવો સેવાધર્મ શીખવા અનુરોધ કર્યો. આ પ્રમાણે થોડા દિવસ આત્માનંદ સ્વામી સાથે ફરી તેમની સંપૂર્ણ સેવા કરી સ્વામી ગઢપુર આવ્યા. પછી પાછા કૃપાનંદ સ્વામીના મંડળમાં આવી ગયા.

ઊગા ખુમાણ

સ્વામીશ્રી, કૃપાનંદ સ્વામી સાથે ફરતાં ફરતાં સૌરાષ્ટ્રમાં શેત્રુંજી નદીના કાંઠે સાવર ગામે ગયા. તે સમયે વરસાદ ઝીણાં બુંદે વરસતો હતો. કાંઠે ઉતારો કરી સાધુઓ ગામમાં ઝોળી માગવા ગયા. અહીંના સત્સંગી નારણ સાકરિયા તથા લવજી ગોરે સાધુઓને ભિક્ષા આપી. આ અરસામાં સ્વામિનારાયણના સાધુઓને હલકા પાડવા માટે દ્વેષીઓ તેમને 'મૂંડિયા' કહેતા અને તે જ્યાં જ્યાં જતા ત્યાં તેમનો વિરોધ કરતા. રાજાઓ, સૂબાઓ કે ગામધણીઓને પણ સ્વામિનારાયણના સાધુઓ વિરુદ્ધ ઝેર ફેલાવી, તેઓ ઉશ્કેરતા. શ્રીજીમહારાજે, પૃથ્વી ઉપર પ્રગટ થઈ અધર્મનો ઉચ્છેદ કરવા માટે સાધુસમાગમ જ મોટું સાધન બતાવ્યું. પરંતુ 'સાધુ' એટલે તમામ ભગવાધારી એવું ભોળા લોકો સમજી ન બેસે તે માટે સાચા સાધુની રીત સમજાવી. 'દેહ અને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે.'[૫૬] આવા સાધુ અષ્ટ પ્રકારે સ્ત્રી અને ધનનો સદા ત્યાગ રાખે છે અને વર્ણ કે આશ્રમના માનથી પણ રહિત હોય છે. સાધુનો ઉચ્ચતમ આદર્શ શ્રીજીમહારાજે સૌને સમજાવ્યો અને એવા પાંચસો નંદ સાધુઓ પોતે

૫૬. ગ.પ્ર. ૪૪.

બનાવ્યા. આ સંતોની સાધુતા, તેમનો ભક્તિભાવ, પ્રેમ, નિર્માનીપણું આ બધા વિશિષ્ટ પ્રકારના ગુણોથી સામાન્ય ભેખનું તો પડી ભાંગ્યું. સ્વૈરવિહારી બની વિચરતા, માન, ક્રોધ, લોભ અને કામની લોલુપતામાં રસબસ 'ભેખ'ધારી દ્વેષીઓ સ્વામિનારાયણના સાધુઓની સાધુતા શી રીતે સહન કરી શકે ? તેમની સાધુતામાં તેમને પોતાની માનહાનિ અને આજીવિકાનો નાશ દેખાયો. તેથી સર્વત્ર આ સાચા સાધુ વિરુદ્ધ, વિરોધનો વાવંટોળ તેમણે જગાડ્યો.

સાવર ગામનો ગરાસદાર ઊગો ખુમાણ 'ભેખ'ના શબ્દોથી ભરમાઈને સત્સંગનો કટ્ટર દ્વેષી બન્યો હતો. તેણે જાણ્યું કે સ્વામિનારાયણના મૂંડિયા ગામમાં પેઠા છે. એટલે આ બાવા ગામ બગાડશે એ બીકે તેણે પોતાના નોકરોને હુકમ કર્યો કે "આ બાવાઓને મારીને ગામ બહાર કાઢી મૂકો. છોકરાં ભેગાં કરી તેમની પાછળ વહેતાં મૂકો. ધૂળ, છાણાં, પથરાનો વરસાદ તેમના ઉપર વરસાવો." દરબારનો હુકમ થયો અને નોકરોએ છોકરાંના ધણને ગામમાં ઝોળી માગતા સાધુઓ પાછળ છોડ્યું. સાધુઓની ઝોળીઓ આંચકી લીધી. પથરા, છાણ અને ધૂળનો વરસાદ તેમના ઉપર કર્યો. હાથમાં આવ્યા તેમને નિર્દય રીતે માર્યા પણ ખરા. આ પ્રમાણે મોટું પરાક્રમ કરી જીત કર્યાનો આનંદ માણી, નોકરો દરબારગઢમાં આવ્યા. બાપુને કહેવરાવ્યું : "સ્વામિનારાયણના મૂંડિયાને મારીને કાઢી મૂકયા છે." ઊગા ખુમાણ આંખો ઝીણી કરીને થોડુંક મૂછમાં હસ્યા.

નિર્વૈરી અને કીડી જેવા જીવને પણ કદી ન દુખવતા એવા આ સંતો તો સ્વામિનારાયણનું ભજન કરતાં કરતાં ગામ બહાર નદીના કિનારે પાછા આવ્યા. ભૂખના દુઃખથી અને મારથી ટેવાયેલા આ સંતો, વરસાદથી બચવા ઝાડને ઓથે લપાઈને બેસી ગયા. આ સ્થિતિમાં કોઈના મુખમાંથી મારના દુઃખથી સિસકારા નીકળતા હતા અને કોઈ ઊંચે સાદે ભજન કરતા હતા. તેમનું આ દુઃખ જોઈ, નદીએ ઢોર પાવા આવેલા ભરવાડો અને પાણી ભરતી સ્ત્રીઓ અંદર અંદર બોલવા લાગી : "આ દરબાર કેવો નિર્દય છે ? બીચારા સાધુઓને મારીને કાઢી મૂક્યા. ભિક્ષા પણ લેવા દીધી નહિ. એવાને ત્યાં દીકરો તે ક્યાંથી હોય ?" કાંઠે બેઠેલા સાધુઓએ આ શબ્દો સાંભળ્યા. તેમને થયું કે ગામમાં દૈવી જીવો પણ છે.

સ્વામીએ વિચાર કર્યો, દરબારનો દ્વેષ તો અણસમજણનો છે. માટે આપણે તેને ઘેર દીકરો થાય એવો સંકલ્પ કરીએ. તો તે દીકરાના પ્રસંગથી તે દરબારની ડેલીમાં જ આપણો ઉતારો થાય અને દરબાર સત્સંગી થાય. તેમણે કૃપાનંદ સ્વામી અને સર્વ સંતોને આ વાત કરી. સૌ સાધુઓ સ્વામીનો આ સંકલ્પ સાંભળી રાજી થયા. કૃપાનંદ સ્વામી તથા સૌ સંતોએ સ્વામીની આવી અત્યંત સાધુતા અને સત્સંગની લાજ, પ્રતિષ્ઠા અને મમત્વ જોઈ સંકલ્પ કર્યો કે ઊગા ખુમાણને મહારાજ દીકરો આપે. સ્વામીના સંકલ્પનો કુંવર એટલે અક્ષરધામનો મુક્ત જ હોય ને ! આ પ્રમાણે ઊગા ખુમાણને આશીર્વાદ આપી સંતમંડળ બીજે દિવસે સ્નાનવિધિ, નિત્યકર્મ કરીને બીજે ગામ ગયું.

✧

તમે તો ગુરુ કરવા જેવા છો

સ્વામીશ્રી કોઈપણ પ્રકારનું માન કે મોટપ ઇચ્છતા નહિ. સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીને પોતાના અંતરમાં અખંડ ધારી કેવળ એ જ સ્વરૂપની મોટપ વધારવી તેને જ ભક્તિ માનતા. સ્વામીશ્રી જ્યારે મુમુક્ષુઓને ઉપદેશ કરતા, ત્યારે તેમની વાણી સૌનાં હૈયાં વીંધી પ્રકાશના પુંજ પાથરી તેમાં મહારાજના દિવ્ય સ્વરૂપને પધરાવી દેતી. अज्ञानतिमिरध्वंसभास्कर - અજ્ઞાનરૂપી તિમિરનો ધ્વંસ કરનાર સૂર્ય સમાન પ્રકાશ પાથરતી સ્વામીશ્રીની દિવ્ય વાણી સાંભળી, એક વખત કૃપાનંદ સ્વામીએ સ્વામીશ્રીને એકાંતમાં કહ્યું, ''તમે તો ગુરુ કરવા જેવા છો.''

તે સાંભળી સ્વામીશ્રી એકદમ સંકોચ પામી ગયા અને બોલ્યા : ''એવો મારો શો વાંક છે ?''

ગુરુ થવામાં કે મોટપ લેવામાં જે વિઘ્ન છે તે સારી રીતે જાણતા સ્વામીશ્રીને જાણે વીજળી પડી હોય તેવું લાગ્યું ! પરંતુ કૃપાનંદ સ્વામી, સ્વામીમાં રહેલી અદ્‌ભુત શક્તિને જાણતા હતા. શ્રીજીનું સાન્નિધ્ય અખંડ અનુભવતા આ સંતવર્યને કદાચ ગુરુપદે કોઈ પ્રસ્થાપિત ન કરે તો પણ તેઓ તો અનાદિના ગુરુ છે જ. કૃપાનંદ સ્વામીને સ્વામીશ્રીના સ્વરૂપમાં ઘણું બધું દેખાતું હતું. પરંતુ તે બધા ભાવને દબાવીને તેમણે ફક્ત એટલું જ કહ્યું :

"આટલી સેવા કરે, આટલો ઉપદેશ કરે તેને તો ગુરુ કરવા જ જોઈએ."

શ્રીજીમહારાજે જ્યારથી 'વાતો કરવી એ શ્રેષ્ઠ છે' એ સૂત્ર સમજાવ્યું, ત્યારથી પોતાના ઈષ્ટદેવનો મહિમા સમજાવવો અને જીવના હૃદયમાંથી અજ્ઞાનરૂપી અંધારું કાઢી જીવને શુદ્ધ બ્રહ્મરૂપ કરી, પુરુષોત્તમનારાયણની સેવાના અધિકારી બનાવવા માટે સ્વામી અખંડ વાતો કરતા. વળી, ખાલી પેટે પણ વાતો સાંભળવાની શ્રદ્ધા ન રહે તે સત્ય પણ સ્વામી જાણતા હતા. તેથી જ્યાં જ્યાં પોતે કૃપાનંદ સ્વામી સાથે જતા ત્યાં પ્રથમ પોતે ઝોળી માગવા જતા. ભિક્ષામાં જે કાંઈ અન્ન આવે તેમાંથી સૌ સાધુઓને પહેલાં પોતે જમાડતા, છેલ્લે જે કાંઈ બાકી રહેતું તે પોતે જમતા. કોઈ કોઈ વખત ભૂખ્યા પણ રહેવું પડતું. પરંતુ સ્વામીશ્રી તે કોઈને જણાવા દેતા નહિ.

એક વખત ફરતાં ફરતાં કૃપાનંદ સ્વામીના આ મંડળે એક ગામ નજીક વગડામાં પડાવ નાખ્યો. સાંજનું ટાણું લગભગ થવા આવ્યું હતું. સ્વામી ગામમાં ઝોળી માગવા નીકળ્યા. ગામમાં સત્સંગ હતો એટલે સાધુને જોઈ ગામના હરિજનોએ તરત જ તાજા રોટલા બનાવ્યા અને સ્વામીની ઝોળીમાં નાખ્યા. સ્વામી તો ભિક્ષા માગી મુકામે આવ્યા પછી બધા સાધુને સારી રીતે જમાડ્યા. બે રોટલા વધ્યા. સ્વામી પણ જમ્યા હતા એટલે આ વધેલા રોટલાનું શું કરવું, તે કૃપાનંદ સ્વામીને પૂછ્યું. શ્રીજીમહારાજે અપરિગ્રહ વ્રતનો આદેશ આપ્યો હતો એટલે કોઈ વસ્તુ ઝોળીમાં સંઘરી રખાય નહિ. એટલે કૃપાનંદ સ્વામીએ કહ્યું : "કોઈ સાધુ જમી જાય." પરંતુ કોણ જમે ? બધા તૃપ્ત થઈ ગયા હતા. એટલે છેવટે સ્વામીએ કહ્યું : "લાવો, હું જમી જાઉં." આથી કૃપાનંદ સ્વામીને આશ્ચર્ય થયું. તેમને લાગ્યું કે આ સાધુ આટલી ભૂખ રોજ વેઠતા લાગે છે. સ્વામી બન્ને રોટલા જમી ગયા. સ્વામીશ્રીએ દેહનો સંપૂર્ણ અનાદર કેળવ્યો હતો.

સ્વામીશ્રી કૃપાનંદ સ્વામીના મંડળ સાથે ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા. શ્રીજીમહારાજ ગઢપુર બિરાજતા હતા અને અન્ય પરમહંસો પણ મહારાજે તેડાવવાથી ગઢપુર આવ્યા હતા. પરમહંસો સર્વે મહારાજનાં દર્શન અને ઉપદેશામૃતનો લાભ લેતા હતા. સાથેસાથે મહારાજ પંક્તિમાં પીરસવા પધારે ત્યારે પણ દર્શન અને પ્રસાદીનો લાભ સૌને મળતો હતો. વળી, આવા અવસરે મહારાજના સાન્નિધ્યમાં જ્યારે રહેવાનો લાભ મળતો ત્યારે

સૌ સંતોએ નક્કી કર્યું હતું કે મહારાજ ચળું કરી કોગળા કરે તે અધરામૃત એક તાંસળીમાં ભરી લેવું અને જમતી વખતે સૌ સંતોને પીરસી દેવું.

આ નિયમ અનુસાર એક વખત સ્વામી મહારાજના અધરામૃતની ભરેલી તાંસળી લઈને આવતા હતા. રસ્તામાં ચોક વચ્ચે એક રાડું પડ્યું હતું. તેના એક છેડાને દબાવીને એક હરિભક્ત ઊભા હતા. તેના બીજા છેડા ઉપર સ્વામીનો અજાણતાં પગ પડ્યો. તે ચૈતન્યાનંદ સ્વામીએ દેખ્યું. તેથી તે એકદમ ખિજાયા અને બૂમ મારી : "અધરામૃત અભડાવ્યું !" આથી સ્વામી સ્તબ્ધ બની ગયા અને હાથમાંની તાંસળી નીચે પડી ગઈ !

તે જોઈ મુક્તાનંદ સ્વામીએ ચૈતન્યાનંદ સ્વામીને કહ્યું : "સાધુરામ ! તમે ક્રોધ કર્યો તેથી તે સાધુના હાથમાંથી અધરામૃતની તાંસળી પડી ગઈ. આટલો ક્રોધ તે શું સારો છે ? ઊલટું અધરામૃત ખોયું. સાધુને તો ક્રોધ જીતવો જોઈએ. રાધિકાજીએ ક્રોધ કર્યો તો શું પરિણામ આવ્યું ? વળી, આગળ જેણે જેણે ક્રોધ કર્યો છે તેનાં આખ્યાનો વિચારો." એમ કહી સહેજ ઠપકો દીધો.

આ વાતની મહારાજને ખબર પડી. પછી મહારાજે ક્રોધ જીતવા ઉપર સૌ પરમહંસો ઉપર કાગળ લખાવ્યો.

✧ ✧ ✧

અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે

મહારાજ અક્ષર ઓરડીમાં બિરાજતા હતા. મહારાજ પાસે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મૂળજી બ્રહ્મચારી, શુકમુનિ, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે બેઠા હતા. મહારાજ તેમને વાતો કરતા હતા. આ વખતે સ્વામી તથા કૃપાનંદ સ્વામી ઉન્મત્તગંગામાં નાહવા ગયા હતા. ત્યાં પુરુષોત્તમ ઘાટે (ખળખળિયે) સ્નાન કરતાં સ્વામીનો એક પગ ભેખડની બખોલમાં પેસી ગયો. સાંકડી બખોલમાં પગ એવો સજ્જડ પેસી ગયો કે જો જોરથી કાઢવા જાય તો પગ ભાંગી જાય. સ્વામી મૂંઝાયા. તરત જ મહારાજે દર્શન દીધાં અને કહ્યું : "ધીરા રહીને કાઢો, નહિ તો પગ ભાંગી જશે."

'અક્ષર ઓરડી'માં સભામાં વાત કરતાં કરતાં પ્રસંગ વિના મહારાજને

આ પ્રમાણે બોલતા પાસે બેઠેલા સંતોએ સાંભળ્યા. તેથી સૌને આશ્ચર્ય થયું. પછી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું : “હે મહારાજ ! આપ કોને આ પ્રમાણે કહો છો ?”

ત્યારે મહારાજે તે સંતોને કહ્યું : “અમારા પગ કાઢો, નહિ તો ભાંગી જશે.” એટલે મૂળજી બ્રહ્મચારી એકદમ ઊઠ્યા. પરંતુ મહારાજ તો ઢોલિયા ઉપર બિરાજ્યા હતા. પછી તેમણે ધીરે રહીને કહ્યું : “મહારાજ, આપ તો ઢોલિયા ઉપર બિરાજો છો તો અહીં ક્યાંથી પગ ભાંગશે ?”

એટલે મહારાજ હસ્યા. પછી કહ્યું : “અમારા ધામનો પગ ખળખળિયાની બખોલમાં આવી ગયો હતો. તે માંડ કાઢ્યો.” આ પ્રમાણે ‘સ્વામી’ એ પોતાનું ‘ધામ’ છે - એ નિર્દેશ કરી મહારાજે તેમની સાથેની પોતાની તાત્ત્વિક એકતા બતાવી.

✧ ✧ ✧

સ્વામી શેર મઠ જમી ગયા

સ્વામીને દેહનો દૃઢ અનાદર હતો એટલે દેહને કષ્ટ આપવામાં ટેવાઈ ગયા હતા. પોતે સદા અર્ધી ભૂખ તો વેઠતા જ પરંતુ પોતાના સંગી જે સાધુઓ તેમને પૂરતું પોષણ મળે તેની ખાસ કાળજી રાખતા. સ્વામી કેડ ઉપર એક દોરો બાંધી રાખતા અને શરીર માપી લેતા. કદાચ શરીર સહેજ પુષ્ટ થયેલું જણાય તો ઉપવાસ કરી નાખતા.

રામાનંદ સ્વામીના શિષ્ય મોટા રામદાસજીએ ફરવા જતાં સ્વામીની માગણી કરી. એટલે મહારાજે તેમને કૃપાનંદ સ્વામીના મંડળમાંથી બોલાવી રામદાસજી સાથે મોકલ્યા. આ મંડળ ફરતું-ફરતું એક ગામમાં આવ્યું. અહીં બે-ત્રણ સંતોને તાવ આવતો હોવાથી એક-બે દિવસ રોકાવાનું નક્કી કર્યું. આ સંતોથી અનાજ કાંઈ લઈ શકાતું ન હતું. તેથી ગામના હરિભક્તો મઠ શેકી રામદાસ સ્વામી પાસે લાવ્યા. ફરસા મઠ જરા સ્વાદુ લાગે અને ખવાય તેથી રામદાસજીએ માંદા સંતોને આપ્યા. પરંતુ મઠ તો ઘણા વધ્યા. તેથી સૌ સંતોને પણ મૂઠી મૂઠી આપ્યા. છતાં મઠ વધ્યા. સૌ સંતો તૃપ્ત હતા એટલે કોઈને વિશેષ ખાવાની શ્રદ્ધા ન હતી. રામદાસ સ્વામીએ તો કહી દીધું : “કોઈ સાધુને આપી દો, તે ખાઈ જાય.”

ઝોળીમાં તો મઠ સંઘરાય તેવું ન હતું. તેથી સ્વામી ઊઠ્યા અને કહ્યું : ''આપની આજ્ઞા હોય તો લાવો હું શેર મઠ જમી જાઉં.''

રામદાસ સ્વામી તો આ સાંભળી આશ્ચર્ય પામ્યા. તેમને લાગ્યું કે આ સાધુ રોજ શેરની ભૂખ વેઠતા લાગે છે. સ્વામીનો તેમને મહિમા સમજાયો કે ખરા તપસ્વી પુરુષ છે ! સ્વામીને તો તપ બહુ પ્રિય હતું. તપથી જ દેહ કૃશ કરી બ્રહ્મસ્થિતિની સાધનામાં અનિવાર્ય એવા બ્રહ્મચર્યની સિદ્ધિ છે તેવું તેઓ સદા માનતા.

✧ ✧ ✧

અક્ષર તો આ લોકમાં પણ અમારી સેવામાં છે

મહારાજ ગઢપુરથી નીકળી વરતાલ પધારતા હતા. સાથે સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, બીજા ભણનારા સાધુઓ, સુરા ખાચર તથા અન્ય કાઠી ભક્તો હતા. રસ્તે જતાં એક વાડી આવી. ત્યાં એક બાઈ કોસ હાંકતી હતી. તે જોઈ મહારાજે સુરા ખાચરને કહ્યું : 'બાઈ માણસ કોસ હાંકે તે ઠીક નહિ. તમે જઈને પૂછો તો ખરા કે બાઈ કેમ કોસ હાંકે છે ?' ત્યારે સુરા ખાચર તે બાઈ પાસે ગયા અને તેને પૂછ્યું : ''બહેન ! તમારે કેમ કોસ હાંકવો પડે છે ?''

''શું કરીએ ? ઘરનું મનુષ્ય મરી ગયું છે, છોકરા નાના છે અને ભગવાને મે વરસાવ્યો નહિ.''

આ સાંભળી સુરા ખાચરે મહારાજ પાસે આવી રમૂજ કરતાં કહ્યું : ''ભણે મહારાજ ! આમાં તો તમણો વાંક છે.''

મહારાજ આ સાંભળી હસ્યા. પછી પૂછ્યું : ''પણ... કહો તો ખરા કે અમારો શો વાંક છે ?'' એટલે સુરા ખાચરે વિગતે વાત કરી.

ત્યારે મહારાજે કહ્યું : ''લ્યો, અમારો વાંક હોય તો મિટાવીએ.''

એમ કહીને ભણનારા સાધુઓ તથા કાઠીઓને કહ્યું : ''તમે બધા ગામમાં જાઓ.''

એટલે તે બધા ગામમાં પટેલની ડેલીએ ગયા અને મહારાજ, સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી તથા સુરા ખાચર ત્યાં રહ્યા. એટલામાં વરસાદ વરસવા માંડ્યો. ત્યારે સ્વામી પાસે મહારાજનો આપેલ એક ધાબળો હતો. તેના બે

છેડા સ્વામીએ પકડ્યા અને બીજા બે છેડા નિષ્કુળાનંદ સ્વામીને ઝાલવા આપ્યા. એમ સ્વામીએ મહારાજ ઉપર ધાબળો ધરી દીધો.

તે જોઈ મહારાજ બોલ્યા : "અહો ! અક્ષર તો આ લોકમાં પણ અમારી સેવામાં જ છે અને ધામમાં પણ અમને અખંડ ધારી રહ્યા છે."

ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! તમારી સેવામાં કોણ નથી ? બધા તમારી સેવામાં છે."

એટલે મહારાજ મંદમંદ હસવા લાગ્યા પછી કહ્યું : 'સેવામાં તો બધા છે. પણ જેવી અમારી સેવા અક્ષર કરે છે અને મહિમા સમજે છે તેવું બીજું કોઈ કરી શકતું નથી. તે તો અમારા અનાદિના સેવક છે."

એટલામાં વરસાદ ખૂબ વરસીને બંધ રહ્યો. વરસાદ બંધ રહ્યો એટલે ભણનારા સાધુઓ અને કાઠી હરિજનો પણ પટેલની ડેલીએથી મહારાજ પાસે આવ્યા. કોસ હાંકતી બાઈ પણ માથે કોસ મૂકીને ઘેર ચાલી.

તેને જોઈ મહારાજે કહ્યું : "જુઓ, હવે કોસ માથે લઈને જાય છે. વરસાદ થયો પણ જીવને ક્યાં સુખ છે ?"

એમ કહી મહારાજ અને સૌ આગળ ચાલવા માંડ્યા.

ઉમરેઠમાં 'આજ તો રસરોટલી ખૂબ જમો'

શ્રીજીમહારાજ વરતાલ પધાર્યા. અહીં સમૈયો કરી મહારાજ સંતમંડળ સાથે ઉમરેઠ પધાર્યા. અહીંના હરિભક્ત નંદરામભાઈ ઠાકર શ્રીજીમહારાજ પ્રત્યે અત્યંત ભક્તિભાવવાળા હતા. સ્વભાવે થોડા લોભી હતા. પરંતુ આજે મહારાજ પોતાને આંગણે સંતો સહિત પધાર્યા છે તેથી પોતાનાં અહોભાગ્ય માની તેમણે ઉત્તમ રસોઈ રસરોટલીની કરાવી. મહારાજ તથા સૌ સંતોને સારી રીતે જમાડવાનો તેમનો સંકલ્પ હતો.

મહારાજે પણ તેમનો મનોરથ પારખ્યો. રસ પીરસવા મહારાજ જાતે જ સંતોની પંક્તિમાં પધાર્યા. સૌ સંતોને સારી રીતે રસ પીરસતા જાય અને કહેતા જાય : "સંતો ! આજ તો રસરોટલી ખૂબ જમો. નંદરામભાઈનો અતિ આગ્રહ છે અને પ્રેમ છે. જુઓ, તમારાં સૌનાં દર્શન કરતાં તેમનું મોં કેવું પ્રફુલ્લિત થયું છે !" એમ કહી વળી પંક્તિમાં ફરી વખત ફર્યા અને સૌને રસ પીરસ્યો.

મહારાજ આજે ખૂબ આનંદમાં હતા અને તેથી રસની છાકમછોળ્ય ઉડાડતા હતા. સંતો ના કહે તો પણ પરાણે પીરસતા જાય અને વળી કહેતા જાય કે 'સંતો, આજે ખૂબ જમો. નંદરામભાઈએ ભલે આજ સુધી લોભ કર્યો પણ આજે છૂટું મૂક્યું છે.'

આમ, સૌ સંતોને હદથી વધુ જમાડી અતિ તૃપ્ત કરી દીધા. સંતોને સારી રીતે જમાડીને પછી મહારાજ હાથપગ ધોઈ પોતે જમવા બિરાજ્યા.

જમી રહ્યા બાદ ગામ બહાર આંબાના ઝાડ નીચે ઉતારો હતો ત્યાં મહારાજ પધાર્યા. અત્રે આંબાની શીતળ છાયા નીચે ઢોલિયા ઉપર મહારાજ બિરાજ્યા, સંતો બધા આજુબાજુ બેસી ગયા. ચૈત્રનો તાપ એટલે ગરમી અસહ્ય હતી. સૌ સંતો પણ અતિ જમવાથી અને અસહ્ય ગરમીથી અકળાયા હતા. ત્યાં મહારાજે કહ્યું : "સંતો ! આજે તો તમો લોભિયાનું અન્ન જમ્યા છો માટે ઊભા ઊભા ઝીલણિયાં કીર્તનો બોલો એટલે અન્ન પચી જાય."

આવી અસહ્ય ગરમી અને અતિ જમવાથી અકળાયેલા સંતોને અત્યારે બેસવું જ કઠણ પડતું હતું, ત્યાં ઊભા રહીને કીર્તનો બોલવાં તે તો ખરેખર મુશ્કેલ હતું. છતાં દેહનો અતિ અનાદર જેમણે દૃઢ કર્યો છે તેવા સ્વામી ઊભા થયા. સાથે તદ્રૂપાનંદ સ્વામી પણ ઊભા થયા. સ્વામીની તીવ્ર સ્મરણશક્તિને લઈને તેમને લગભગ પાંચસો કીર્તનો કંઠે હતાં. એટલે એક પછી એક કીર્તન પોતે તદ્રૂપાનંદ સ્વામીને સાથે રાખી બોલે અને સભા ઝીલે. આમ, લગભગ બે કલાક સુધી કીર્તન ભક્તિ ચાલી. મહારાજની ઈચ્છાથી આ બધો વખત આકાશ વાદળોથી આચ્છાદિત રહ્યું અને કીર્તનભક્તિ સમાપ્ત થઈ એટલે તરત જ વરસાદ પડ્યો. તેથી મહારાજે સંતોને કહ્યું : "જુઓ, તમે કીર્તનભક્તિ કરી તો ભગવાને વરસાદ વરસાવ્યો અને ધરતીને ટાઢી કરી."

પરમચૈતન્યાનંદ સ્વામી ધરમપુરમાં

શ્રીજીમહારાજ અનેક પ્રકારનાં પ્રકરણો (આજ્ઞા-વચનો) પ્રવર્તાવી પોતાના સંતોને દેહનો અનાદર અને આત્મનિષ્ઠા દૃઢ છે કે નહિ તે તપાસતા. એવાં આકરાં આજ્ઞા-વચનો યથાર્થ પાળી શકવા જેવી શ્રદ્ધા કે

શક્તિ ન હોય, તેવા સંતો સત્સંગ છોડીને જતા પણ રહેતા. આવા એક પ્રસંગે પરમચૈતન્યાનંદ સ્વામીને પણ લાગ્યું કે આવાં અતિ આકરાં પ્રકરણોમાં આપણાથી નભાશે નહિ, તેથી તેઓ ગઢપુરથી ચાલી નીકળ્યા. ફરતાં ફરતાં તેઓ દક્ષિણ ગુજરાતમાં ધર્મપુર ગામે આવ્યા. અહીં ગામ બહાર પર્ણકુટી બાંધીને રહેવા લાગ્યા. આ ગામમાં રાણી તરફથી સદાવ્રત ચાલતું હતું. પરમચૈતન્યાનંદ સ્વામી સદાવ્રતમાં ભિક્ષા લેવા આવતા પણ સ્ત્રીઓથી દૂર રહેતા. આથી રાજરાણી કુશળકુંવરબાએ પુછાવ્યું : "આ સાધુ સ્ત્રીઓથી દૂર કેમ રહે છે ?"

પરમચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું : "અમો સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ અને તેમની આજ્ઞાથી અમારે સ્ત્રી અને ધનનો સર્વ પ્રકારે ત્યાગ રાખવો પડે છે."

ભગવાન આ કળિકાળમાં પ્રગટ થયા છે તે જાણી રાણીને આનંદ થયો. પૂર્વના અતિ બલિષ્ઠ સંસ્કારોને લઈને તેમને મહારાજનાં દર્શન કર્યાં વિના જ મહારાજ વિષે ભગવાનપણાની નિષ્ઠા દૃઢ થઈ ગઈ. રાણીએ પરમચૈતન્યાનંદ સ્વામીનો ઉપદેશ અને મહારાજના લીલા પ્રસંગો સાંભળવાની જિજ્ઞાસા બતાવી. આથી પરમચૈતન્યાનંદ સ્વામી રોજ પર્ણકુટીમાંથી હાથી ઉપર બેસી દરબારમાં આવે. રાણી આડો ચક નાખીને સ્વામીની વાતો સાંભળે. આમ, રાણીને સત્સંગ થવા લાગ્યો. ઘણા સમય પછી કોઈ એકડમલ સાધુ ફરતાં ફરતાં ધરમપુર આવ્યા. તેમણે ગઢપુર જઈને મહારાજને વાત કરી કે પરમચૈતન્યાનંદ સ્વામી ધરમપુરમાં છે.

શ્રીજીમહારાજ આ વાત સાંભળી વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે આવા સાધુને સત્સંગમાં રાખવા જોઈએ, પરંતુ હાથી ખૂંત્યો હોય તે તો હાથીથી જ નીકળે. એટલે તેમણે મુક્તાનંદ સ્વામીને બોલાવીને કહ્યું : "સ્વામી ! તમો ધરમપુર જાઓ અને એ સાધુને પાછા બોલાવી લાવો."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "ભલે મહારાજ ! ધરમપુર તો આપની આજ્ઞા પ્રમાણે જઈશ, પરંતુ મારી જોડમાં આપના આ નિર્ગુણાનંદ સ્વામીને મોકલો."

પછી મહારાજે સ્વામીને બોલાવી મુક્તાનંદ સ્વામી ભેગા જવાની આજ્ઞા કરી. મુક્તાનંદ સ્વામી તથા સ્વામી બન્ને ગઢપુરથી નીકળી ધરમપુર

ગયા. અહીં તેઓ પહોંચ્યા તે વખતે પરમચૈતન્યાનંદ સ્વામી પર્ણકુટીમાંથી નીકળી હાથી ઉપર બેસી દરબારમાં જતા હતા. ત્યાં તેમણે સામેથી ગુરુ મુક્તાનંદ સ્વામીને આવતા જોયા. તેમણે એકદમ મહાવતને કહ્યું : "હાથી ઝુકાવો. મારા ગુરુ આવે છે." મહાવતે હાથી ઝુકાવ્યો. પરમચૈતન્યાનંદ સ્વામી એકદમ હાથી ઉપરથી ઊતરી ગયા અને મુક્તાનંદ સ્વામીને દંડવત્ કરવા લાગ્યા. પછી પૂછ્યું : "સ્વામી ! મહારાજની શી આજ્ઞા છે ?"

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ તમને તેડાવે છે."

પરમચૈતન્યાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞા માથે ચઢાવી. પછી મુક્તાનંદ સ્વામીને કહ્યું : "રાણીને મહારાજ ઉપર ખૂબ ભાવ થયો છે. તો આપ અત્રે રોકાવ અને તેમને કથાવાર્તા કરો." એમ કહી, પોતે ત્યાંથી ગઢપુર તરફ જવા ચાલી નીકળ્યા.

આ અરસામાં સુરતમાં હરિભક્ત જાદવજીભાઈને અતિશય મંદવાડ થઈ ગયો. તેમનો અંત સમય આવી ગયો હોવાથી મહારાજ તેમને તેડવા પધાર્યા. મહારાજને જોઈ અત્યંત પ્રસન્ન થતા જાદવજીભાઈએ મહારાજને કહ્યું : "મહારાજ ! આપ તો સૌને તેડવા પધારો છો પણ આપના ધામરૂપ અક્ષર કેમ કોઈને તેડવા આવતા નથી ? માટે જો મને ધામમાં લઈ જવો હોય, તો આપના અક્ષરધામને મોકલો જેથી તેમની સાથે હું ધામમાં આવું. મારી એ ઇચ્છા છે તે કૃપા કરી પૂર્ણ કરો." મહારાજ આ સાંભળી મંદ-મંદ હસતા અદૃશ્ય થઈ ગયા !

સ્વામી આ વખતે ધરમપુરમાં હતા. મહારાજની ઇચ્છા અંતર્યામીપણે જાણી, સ્વામીએ દિવ્યદેહે સુરતમાં જાદવજીભાઈને દર્શન દીધાં. તેમના પગનો અંગૂઠો ઝાલી કહ્યું, "ઊઠો, મહારાજની ઇચ્છા છે તો ચાલો ધામમાં લઈ જઉં."

જાદવજીભાઈ તો સ્વામીને જોઈ અત્યંત રાજી થયા. પોતાને તો ધામમાં જ જવું હતું. એટલે તરત જ તેમણે સ્વામીશ્રીનો હાથ પકડી લીધો અને 'અક્ષરધામ આવ્યું' એમ કહેતાં, 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' મંત્રનો જાપ જપતાં જપતાં તેમણે દેહત્યાગ કર્યો. સ્વામીએ તેમને અષ્ટાવરણ પાર પોતાના દિવ્ય અક્ષરધામમાં પુરુષોત્તમનારાયણની સમીપે બેસારી દીધા.

મુક્તાનંદ સ્વામી તથા સ્વામી દરબારમાં ગયા. અહીં પુરાણી ભાગવતની કથા વાંચતા હતા. તેમાં રુક્ષ્મણીહરણનો પ્રસંગ આવ્યો. ત્યારે રાણીને પ્રગટ ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ હોવાથી તેણે પુરાણીને કહ્યું : "પુરાણી મહારાજ ! તમે કથા કર્યા જ કરશો અને હું તે સાંભળ્યા કરીશ. પરંતુ જ્યાં સુધી રુક્ષ્મણીનું કાંડું ભગવાને પકડ્યું, તેમ મારું કે તમારું કાંડું પ્રગટ ભગવાન આવીને નહિ પકડે ત્યાં સુધી મારું કે તમારું કલ્યાણ થાય તેમ નથી."

પુરાણી તો આ સાંભળી આભા જ બની ગયા ! મુક્તાનંદ સ્વામીએ અને સ્વામીએ પણ આ વાત સાંભળી ને ભગવાનને મળવાની રાણીની તીવ્રતા જાણી મહારાજને અહીં લાવવા વિચાર કર્યો. થોડા દિવસો ત્યાં ઉપદેશ નિમિત્તે રહી આ બે સંતો પાછા ગઢપુર તરફ વિદાય થયા.

રસ્તામાં મુક્તાનંદ સ્વામીએ સ્વામીને કહ્યું, "મહારાજ તમને કોઈ દિવસ વઢતા નથી. વળી, તમે જે કંઈ કહો છો તે ધીરે રહીને સાંભળે છે અને તમારી ઈચ્છા મુજબ વર્તે છે. માટે ધરમપુરનાં બાઈને મહારાજનાં દર્શનનો આગ્રહ છે, તે વાત તમે મહારાજને કરજો."

પછી બન્ને ગઢપુર પહોંચ્યા. મહારાજનાં દર્શન કરી મહારાજ સન્મુખ બેઠા. પછી મહારાજે સર્વ સમાચાર પૂછ્યા અને કહ્યું : "બાઈને અમારા તરફ ભાવ તે સાધુએ કરાવ્યો છે ?"

એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું "હા, મહારાજ ! આપના પ્રત્યે રાણીને ઘણો ભાવ છે."

પરંતુ મહારાજે ફરી પૂછ્યું. મુક્તાનંદ સ્વામીએ ફરીથી તે પ્રમાણે કહ્યું.

એટલે મહારાજે ત્રીજી વાર એ જ પૂછ્યું. ત્યારે સ્વામીએ મુક્તાનંદ સ્વામી તરફ જોયું. એટલે મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : "તમે મહારાજને સમજ પાડો."

એટલે સ્વામીએ મહારાજ પ્રત્યે હાથ જોડી કહ્યું : "મહારાજ ! ભાગવતમાં રુક્ષ્મણીહરણની કથા આવી ત્યારે બાઈએ પુરાણીને કહ્યું : આ રુક્ષ્મણીની જેમ મારું કાંડું પ્રગટ ભગવાન આવીને પકડશે ત્યારે મારું કલ્યાણ થશે અને તારું પણ કલ્યાણ થશે."

તે સાંભળી મહારાજ બહુ જ રાજી થયા અને બોલ્યા, "અહો ! એવો ભાવ છે ? ત્યારે તો જવું પડશે." પછી મહારાજ સૌ સંતોનો સંઘ તેમજ

મુક્તાનંદ સ્વામી તથા સ્વામી વગેરેને લઈને વરતાલમાં પ્રબોધિનીનો ઉત્સવ કરીને ધરમપુર જવા નીકળ્યા.

ધરમપુર તરફ પ્રયાણ

રસ્તામાં સુરત પાસે ઉધના આવ્યા. અહીં દેવાનંદ સ્વામી અચાનક માંદા પડી ગયા. તેમને અતિસાર થયો હતો. તેથી તેમને સુરત મૂકીને ધરમપુર જવાનું હતું. પરંતુ તેમની સેવામાં કોને મૂકવા ? મહારાજનો લાભ મૂકી દેવાનંદ સ્વામીની સેવામાં રહેવા કોઈ તૈયાર થયું નહિ.

મહારાજે છેવટે કહ્યું : ''અમારા નિર્ગુણાનંદ સ્વામી ક્યાં છે ? એમને બોલાવો. એ અમારાં વચન માને એવા છે.'' પછી સ્વામીને બોલાવ્યા. સ્વામી તો મહારાજની આજ્ઞા પ્રમાણે દેવાનંદ સ્વામીની સેવામાં રોકાઈ ગયા. મહારાજ સંઘ સાથે ધરમપુર જવા નીકળ્યા.

સ્વામી, દેવાનંદ સ્વામીની સેવામાં રોકાયા. સારી રીતે સેવા કરી. તેથી થોડા દિવસોમાં દેવાનંદ સ્વામી સાજા થઈ ગયા. સ્વામીની શ્રદ્ધા અને પ્રેમપૂર્વકની સેવાથી દેવાનંદ સ્વામી, સ્વામીશ્રી ઉપર રાજી થઈ ગયા. તેમણે સ્વામીને કહ્યું : ''તમે મારી બહુ સેવા કરી છે. માટે હું રાજી થઈને તમને મહારાજની પ્રસાદીની આ ડગલી આપું છું અને મારી ગાન વિદ્યા પણ તમને શિખવવાની મારી ઈચ્છા છે.''

પરંતુ શ્રીજીમહારાજની પ્રસન્નતા સિવાય બીજા અન્ય પદાર્થોમાં સ્વામી સદા નિઃસ્પૃહ હતા. તેથી તેમણે વિનયપૂર્વક દેવાનંદ સ્વામીને કહ્યું : ''મેં આપની સેવા ડગલી માટે નથી કરી. મેં તો મહારાજને રાજી કરવા આપની સેવા કરી છે. માટે પ્રસાદીની ડગલી આપની પાસે રાખો.''

એમ કહીને ડગલી સ્વામીને પાછી આપતાં કહ્યું : ''સ્વામી, મારે તો સવારે વહેલા ઊઠીને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવાનો અભ્યાસ છે. તેથી તે છોડીને સવારમાં ગાનવિદ્યાના સૂરો છેડવા મને ન ગમે.'' એમ કહી ખૂબ જ વિનયપૂર્વક બન્ને વચનો પાછાં ઠેલ્યાં. પછી ત્યાંથી નીકળી બે સંતો ધરમપુર પહોંચી ગયા. અહીં મહારાજનાં દર્શન કર્યાં અને સ્વામીને અત્યંત શાંતિ થઈ.

✧ ✧ ✧

સંવત ૧૮૭૬નું વર્ષ પણ દુષ્કાળનું વર્ષ હતું. આ વર્ષે પણ મહારાજે છાના રહેવાનું પસંદ કર્યું અને સંતોને જુદે જુદે ઠેકાણે મોકલી દીધા. મુક્તાનંદ સ્વામીને મહારાજે સુરત મોકલ્યા. તેમની સાથે સ્વામી પણ હતા. મુક્તાનંદ સ્વામી સુરતમાં પધાર્યા અને થોડો સમય વીત્યો. ત્યાં મહારાજનાં દર્શન વિના તેમને અકળામણ થવા લાગી. એક દિવસ સભામાં સૌ બેઠા હતા. ત્યાં મુક્તમુનિએ વાત કરી : "મહારાજના કાંઈ સમાચાર નથી. હમણાં ક્યાં બિરાજતા હશે ?"

તે સભામાં એક બ્રાહ્મણ હરિભક્ત બેઠા હતા. તે સારા જ્યોતિષી હતા. તેથી તેમણે તે સમય જોઈ ગણિત ગણી કુંડળી મૂકી. પછી હાથ જોડી કહ્યું : "સ્વામીજી ! મહારાજના સમાચાર તમને આજે જ મળવા જોઈએ."

મુક્તાનંદ સ્વામી આ સાંભળી રાજી થયા. પછી કથા ચાલી. તે વખતે એક કાઠિયાવાડી હરિભક્ત સભામાં આવ્યા અને દંડવત્ કરી સ્વામીને પગે લાગ્યા. પછી કહ્યું : "સ્વામી ! હું હાલ જ કાઠિયાવાડથી આવું છું. મહારાજ હમણાં ગઢડા બિરાજે છે અને આપને બહુ જ સંભારે છે."

મહારાજના આ સમાચાર સાંભળી મુક્તમુનિ તથા સર્વે સંતો અને હરિભક્તો રાજી થયા. મુક્તાનંદ સ્વામીએ વિચાર કર્યો કે બે સાધુઓને ગઢપુર મોકલીએ.

બીજે દિવસે ત્યાંના એક શેઠની રસોઈ હતી. શેઠે સૌ સંતોને ભાવથી જમાડ્યા અને પછી દરેક સાધુને એક સુંદર રેશમી રૂમાલ ભેટ આપ્યો. સ્વામીને પણ સુંદર રૂમાલ મળ્યો. પરંતુ તેમણે સંકલ્પ કર્યો કે ત્યાગીને આવા રૂમાલ રાખવા યોગ્ય નથી. માટે આ રૂમાલ મહારાજને આપીશું. એમ કહી તે રૂમાલ ઝોળીમાં સાચવીને મૂકી દીધો.

તે પછી મુક્તાનંદ સ્વામીએ સ્વામીને તથા એક સાધુને ગઢપુર જવા આજ્ઞા કરી. મહારાજ માટે મેવો, બરફી, વાંસનું અથાણું વગેરે મોકલ્યાં. સ્વામીશ્રી સવારે સ્નાનપૂજા આદિ નિત્યકર્મથી પરવારીને ચાલ્યા. તે સાંજે કમીઆળા પહોંચી ગયા.[૫૭] સ્વામી એટલું એકધારું અને ઝડપભેર ચાલ્યા

૫૭. સ્વામીશ્રી જ્યારે જૂનાગઢ બિરાજતા ત્યારે આ પ્રસંગની કોઈ કોઈ વખત વાત કરતા અને કહેતા કે અમે મૂર્તિ સંભારીને ચાલી નીકળ્યા હતા, તે વચ્ચે કોઈ ગામ જ આડું ન આવતું.

તેથી તેમની જોડેના સાધુ તો થાકી ગયા. આગળ ચાલી શકાય તેવી શ્રદ્ધા તેમને રહી નહિ.

આ સમયમાં અહીં નિષ્કુળાનંદ સ્વામી હતા. સ્વામીએ તેમને કહ્યું : "અમારી સાથેના સાધુ થાકી ગયા છે અને આ અથાણું તથા મેવો બગડી જશે. માટે મારે ઉતાવળથી મહારાજ પાસે જવું છે. તમને હરકત ન હોય તો સાથે ચાલો."

તરત જ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું, "ચાલો, સાથે આવું." પછી સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામી ગઢડા આવ્યા. અહીં આવી મહારાજનાં દર્શન કર્યાં. મહારાજ પણ તેમને ખૂબ ભેટ્યા. પછી મુક્તાનંદ સ્વામીના સર્વ સમાચાર કહ્યા. ત્યારબાદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામી ગામમાં ઝોળી માગી આવ્યા અને જમ્યા. પછી મહારાજે તેમને કહ્યું : "તમો સોરઠમાં ફરવા જાઓ અને અમો હવે ગુજરાતમાં જઈશું."

બોટાદમાં મહારાજનો ગુપ્તવાસ

મહારાજે આ પ્રમાણે આ બે સંતોને આજ્ઞા આપી પોતે ગઢપુરથી નીકળ્યા અને બોટાદ પધાર્યા. અહીંના હરિભક્તો દાહાખાચર તથા ભગા દોશીને મહારાજે ખાનગીમાં બોલાવી કહ્યું : "અમારે અહીં છાના રહેવું છે તો છાના રહેવાય એવું સ્થાન હોય તો રહીએ."

ત્યારે તેમણે કહ્યું : "બહુ સારું મહારાજ ! આપને એવું સ્થાન આપીએ." એમ કહી બે બાજુ ઓશરીવાળો ઓરડો મહારાજને છાના રહેવા માટે આપ્યો. તેમાં પાછળ ઉગમણી બાજુની ઓશરી તરફ વાડો હતો એટલે મહારાજને આ ઉતારો ગમી ગયો.

બીજે દિવસે મહારાજ પાસે હરિભક્તો બેઠા હતા ત્યારે તેઓએ કહ્યું : "મહારાજ ! સાધુ હોય તો સારું. આપ આજ્ઞા આપો તો સાધુને તેડાવીએ."

એટલે મહારાજે કહ્યું : "સાધુનું શું કામ છે ?"

તેથી તે હરિભક્તોએ કહ્યું : "મહારાજ ! સાધુ વિના અમને ઠીક ન પડે માટે હોય તો સારું."

એટલે મહારાજે કહ્યું : "ભલે, બોલાવો." એમ કહીને થોડી વારે કહ્યું : "કાલે બે સાધુ સુરતથી ગઢડા આવ્યા છે તેમને અમારે નામે કાગળ

લખી બોલાવો.'' મહારાજની આજ્ઞા પ્રમાણે ગઢડા માણસ મોકલ્યો. આ વખતે સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામી જમીને બેઠા હતા અને ગોષ્ઠી કરતા હતા. તેમને જ તે માણસે કાગળ આપ્યો. કાગળ વાંચીને તરત જ આ બે સંતો નીકળ્યા અને મધ્યાહ્‌ન પછી બોટાદ પહોંચી ગયા.

આ વખતે મહારાજ વાડામાં લીમડા નીચે ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા હતા. ઉનાળો હોવાથી ઠંડા પાણીનો ઘડો મહારાજ પાસે પડ્યો હતો. આ બે સંતો સીધા અહીં આવ્યા અને મહારાજને દંડવત્ કરી પગે લાગીને પાસે આવીને બેઠા. પછી મહારાજે કહ્યું : ''લ્યો, ટાઢું પાણી પીવો.'' એમ કહી પોતે લોટા વડે પાણી પાયું. પરંતુ સ્વામીની તરસ છીપી નહિ. પછી મહારાજ, સ્વામીની ઇચ્છા જાણી આડો હાથ રાખી સ્વામીને પાણી પાવા લાગ્યા. તે પ્રસાદી જળ પીતાં જ સ્વામીની તૃષા શાંત થઈ ગઈ.

શ્રીજીમહારાજ બોટાદ થોડા દિવસ રહી કારિયાણી પધાર્યા. કારિયાણીના માંચા ભક્તને તો મહારાજ પધાર્યા તેથી અત્યંત આનંદ થયો. વળી, સાથે સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી હતા. એટલે પોતે બધા હરિભક્તોને કહ્યું : ''ભાઈઓ ! જુઓ આ પુરુષોત્તમ, અક્ષર અને વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી આપણે ઘેર પધાર્યા.''

એમ મહારાજ અને સ્વામીની તત્ત્વ સહિત નિષ્ઠાનું પ્રકરણ સત્સંગમાં પ્રવર્તવા લાગ્યું.

તમારાથી પૂરું ન થાય તો સાધુ ગામમાં ઝોળી માગી જમશે

ત્યાર પછી મહારાજ કારિયાણીથી નીકળી ફરતાં ફરતાં કચ્છમાં પધાર્યા. અત્રે ગામ ધમડકામાં મહારાજ આવ્યા અને પોતાની પાછળ આવતા સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીની રાહ જોવા લાગ્યા. આ બન્ને સંતો ફરતાં ફરતાં બે-ત્રણ દિવસે ધમડકા પહોંચ્યા. તેઓ મહારાજ પાસે દર્શને આવ્યા. ત્યારે મહારાજે તેમને પૂછ્યું : ''જમ્યા છો કે જમવું છે ?''

ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! જમ્યા નથી. હજુ જમવું છે.''

એટલે મહારાજે તેમને ગામમાં જઈ ઝોળી માગી જમવાનું કહ્યું.

તે સાંભળી ગામધણી રાયધણજીએ મહારાજને કહ્યું : ''મહારાજ !

અમારે ઘેર આવ્યા અને ગામમાં જઈ ઝોળી માગી જમે તો તો અમારી લાજ જાય.''

તે સાંભળી મહારાજ હસ્યા. અને પછી બોલ્યા : ''પણ તમારાથી એનું પૂરું નહિ થાય. માટે ઝોળી માગવા જવા દો.''

તે અરસામાં ઝોળી માગીને જમવાનું પ્રકરણ હતું. મહારાજની એ આજ્ઞા હતી, મરજી હતી. પરંતુ રાયધણજી ન સમજ્યા અને સાધુને ઘેર જમાડવાનો આગ્રહ રાખ્યો. મહારાજને તેમણે કહ્યું : ''મહારાજ ! અમારું ખોટું દેખાડવું છે ?''

તેથી મહારાજે કહ્યું : ''ભલે, તમે તેમનું પૂરું કરી શકો તો જમાડો.''

પછી તો રાયધણજીએ હુકમ છોડ્યો. પોતાને ઘેર, બાપુને ઘેર અને ભાયાતોને ઘેર રોટલા ઘડાવા માંડ્યા. બધાને લાગ્યું કે કેટલા સાધુ હશે ?

પછી સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીને જમવા બેસાર્યા. ચારે ઘેરથી રોટલા આવવા માંડ્યા. પણ સાધુ તો ના પાડે જ નહિ. પછી સૌ થાક્યા એટલે પૂછ્યું : ''હવે જોશે ?''

ત્યારે સાધુ કહે : ''હા, લાવો.''

વળી ફરી પૂછ્યું : ''હવે ધરાયા ?''

ત્યારે બન્ને સાધુ કહે : ''ના, હજુ નથી ધરાયા.''

પછી તો છાશ, માખણ, ઘી, દૂધ બધું ખૂટ્યું. તો પણ આ સાધુ તો ના કહે જ નહિ. ત્યારે બાઈઓ કંટાળીને બોલવા લાગી : ''સાધુ તે કેટલું ખાતા હશે ?''

તે સાંભળી મહારાજે કહેવરાવ્યું : ''બાઈઓને કહો કે તમારાથી પૂરું ન થાય તો સાધુ ગામમાં ઝોળી માગીને જમી લ્યે.''

ત્યારે બાઈઓએ હાથ જોડ્યા અને કહ્યું : ''મહારાજ ! હવે લાજ રાખો. અમારાથી તો પૂરું થાય તેમ નથી.''

પછી મહારાજે તે સાધુ તરફ દૃષ્ટિ કરીને કહ્યું : ''બાઈઓને કહો કે સાધુ ધરાઈ રહ્યા.''

એમ કહીને મહારાજે સાધુઓને પૂછ્યું : ''કેમ સાધુરામ ! હવે જોશે ?''

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : ''ના, મહારાજ.''

એટલે મહારાજે હસીને ફરી કહ્યું : ''ધરાયા કે અમથા જ ના કહો છો ?''

ત્યારે બન્ને સાધુઓએ કહ્યું : ''ધરાઈ ગયા છીએ.''

એમ મહારાજે દરબારની લાજ રાખી.

આ જ વર્ષે ચૈત્રી પૂનમના સમૈયા પછી મહારાજ સંજાયા પધાર્યા. ત્યાં સ્વામીને બોલાવીને કહ્યું : 'મંડળ બાંધી, દેશમાં ફરી મુમુક્ષુ જીવોને ઉપદેશ કરો.'

સ્વામી તો મહારાજની આ આજ્ઞા સાંભળી રહ્યા. પરંતુ કાંઈ બોલ્યા નહિ. તેથી મહારાજે ફરી કહ્યું : ''મંડળમાં સાધુ પાંચ, દશ, વીસ, પચાસ, સો કે બસો રાખીએ અને ઉપદેશ આપીએ એ આપણું કર્તવ્ય છે. માટે મંડળ બાંધો અને ફરો.'' મહારાજની આ આજ્ઞાથી સ્વામીએ ચાર સાધુનું મંડળ બાંધ્યું. તે વખતે સાધુઓ એકલા ફરતા પણ જોડનો કોઈ નિયમ ન હતો. છતાં સ્વામી તો હંમેશાં જોડ રાખવાનો જ આગ્રહ રાખતા અને કદાચ એકલા રહેવાયું હોય તો મહારાજની આજ્ઞા પ્રમાણે ઉપવાસ કરી નાખતા.

મહેમદાવાદમાં વેદાંતીઓનો પરાજય

આ સમૈયા ઉપર આવેલા હરિભક્તો ધીરે-ધીરે વિખરાવા લાગ્યા. મહેમદાવાદના હરિભક્તો મહારાજ પાસે રજા લેવા ગયા. તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! અમારા ગામમાં વેદાંતીઓનું જોર બહુ છે અને તે બધા કોઈને સત્સંગી થવા દેતા નથી. દંભથી અહં બ્રહ્માઽસ્મિ કહીને બધાને ભરમાવે છે. માટે કોઈ ભણેલા શાસ્ત્રી કે પુરાણીને મોકલો તો તેમને સમજણ પાડી પાછા પાડે એટલે અમને આડા આવતા બંધ થાય.''

તે સાંભળી મહારાજે ભણેલા અને ભણતા સાધુઓને બોલાવી મહેમદાવાદ જવા આજ્ઞા કરી. પરંતુ કોઈ તૈયાર થયું નહિ. એટલે મહારાજે સ્વામી ઉપર દૃષ્ટિ કરી કહ્યું : ''અરે, અમારા અનાદિના શાસ્ત્રી તો અહીં જ બેઠા છે. ઊઠો સ્વામી ! તમે આ મહેમદાવાદના હરિજનો ભેળા જાઓ અને વેદાંતીઓનો પરાજય કરો.''

એટલે સ્વામી ઊઠ્યા. પછી હાથ જોડી સ્વામીએ કહ્યું : ''મહારાજ ! હું તે શી રીતે કરી શકીશ ?''

ત્યારે મહારાજે કહ્યું : ''તમે નહિ કરી શકો તો પછી કોણ કરી શકે તેમ છે ? માટે જાઓ એ કામ તમારાથી જ થશે.''

પછી સ્વામીશ્રી પોતાના ચાર સાધુનું મંડળ લઈને મહેમદાવાદના હરિજનો સાથે મહેમદાવાદ ગયા.

અહીં મંદિરમાં સ્વામીએ ઉતારો કર્યો. બીજે દિવસે ગામના વેદાંતીઓને ખબર પડી કે સ્વામિનારાયણના શાસ્ત્રી ચર્ચા કરી તેમનો પરાજય કરવા આવ્યા છે. તેથી સૌ ભેગા મળી ટીખળ કરતા મંદિરમાં આવ્યા. સ્વામી તે વખતે સભામાં વાતો કરતા હતા. વેદાંતીઓને જોઈ સ્વામીએ તેમનું સન્માન કર્યું અને પોતાની સામે બેસાર્યા. આ પંડિતો પણ સ્વામીશ્રીની ભવ્ય મુખમુદ્રા, બ્રહ્મના પ્રકાશનો અસ્ખલિત પ્રવાહ અને દિવ્યતા જોઈ ઝાંખા પડી ગયા. છતાં શાસ્ત્રવિદ્યાના અભિમાનથી પોતાની ભીરુતા છુપાવી તેમણે ચર્ચા કરવાનું નક્કી કર્યું.

એટલામાં તો સ્વામીએ જ તેમને સંબોધીને કહ્યું : ''આજકાલ વિદ્વાનો માત્ર શબ્દના જ્ઞાનથી જ अहं ब्रह्माऽस्मि એમ કહે છે. પરંતુ તેમને નથી બ્રહ્મભાવની ખબર કે નથી પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન. સાચા બ્રહ્મભાવને તો શુકદેવજી પામ્યા હતા. તેમને સ્ત્રી-પુરુષનું જ્ઞાન જ ન હતું. તેમના પિતા ભગવાન વેદવ્યાસે તેમને બોલાવ્યા ત્યારે વૃક્ષમાં રહીને તે દ્વારે પોતે જવાબ આપ્યો હતો. એમ ખરેખર જે બ્રહ્મસ્વરૂપ હોય તે તો ભગવાન વેદવ્યાસ કે શુકદેવજીની જેમ વ્યાપક સ્વરૂપે પણ રહી શકે. માટે બ્રહ્મના જ્ઞાનનું મિથ્યા અભિમાન છોડી બ્રહ્મરૂપ થવા માટે દાસપણું ગ્રહણ કરવું જોઈએ. તમે સર્વે પંડિતો જો ખરેખર બ્રહ્મરૂપ થયા હો તો આવો આ થાંભલામાં પ્રવેશ કરો !''

સ્વામીનો એકધારો વાક્પ્રવાહ સાંભળી પંડિતો તો મુગ્ધ થઈ ગયા. તેમને લાગ્યું કે અહીં શાસ્ત્રચર્ચા થાય તેમ નથી. પરંતુ ખરી સ્થિતિની કસોટી છે અને તેમાં પાર પડવાનું છે. તેમનાં અંતર ધબકવા લાગ્યાં. ત્યાં તો સ્વામીનો ઘેરો બુલંદ અવાજ ફરી સંભળાયો : ''જ્યાં સુધી સંસારમાં આસક્તિ છે, એક દમડી માટે પણ પ્રપંચ કરવા પડે છે અને અનેક સાથે

શત્રુ-મિત્રભાવ કરવો પડે છે, પંડિતાઈનું અભિમાન પ્રચંડ છે, સ્વાદમાં લોલુપતા છે, રૂપમાં ઈન્દ્રિયો તણાય છે, ત્યાં સુધી કેવળ 'अहं ब्रह्माऽस्मि' કહેવાથી બ્રહ્મરૂપ થઈ જવાતું નથી. જે આત્મારામ હોય તેને તો મૃગજળરૂપી વિષયો કદી સ્પર્શી શકતા જ નથી. એવી સ્થિતિ જ્યારે થશે ત્યારે કહેવું નહિ પડે કે 'હું બ્રહ્મ છું.' જગતને એની મેળે જ જણાશે. શુકજી કે જડભરત કોઈને કહેવા નહોતા ગયા પણ જગતે તેમને એવા જાણી લીધા હતા.''

સ્વામીનો ઘેરો ગંભીર શબ્દ, પ્રણવના ટંકાર સમો, અર્જુનના ગાંડિવની જેમ અનેક નિશાન વેધી અક્ષરબ્રહ્મનો નાદ, આ પંડિતોના અંતરમાં પેસી ગયો. તેમના મિથ્યા અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા. તેમને મન તો સ્વામિનારાયણના સાધુ એટલે ભિક્ષા માગી ખાનારા અભણ બાવા ! તેઓ બધા વિચારમાં પડી ગયા. સ્વામીની વાણીને કયા શબ્દોથી, શાસ્ત્રના કયા પ્રશ્નથી થંભાવવી ? અહીં તો બ્રહ્મસ્થિતિની, સાધુતાની જ વાત થાય છે. તેમને એ રીતે વિચાર કરતા કરી સ્વામીએ તો એ દિવ્ય વાણીનો પ્રવાહ ચાલુ જ રાખ્યો.

''વિદ્વાનો ! આપણે સમજવું જોઈએ કે 'अपूर्णकुम्भो हि करोति शब्दम्' અપૂર્ણ ઘડો જ ઝાઝો અવાજ કરે છે. અપૂર્ણતા હોય તેને અહંકાર હોય જ. માટે જ્યાં સુધી 'अहं ब्रह्माऽस्मि' એ શબ્દો બોલાય છે, ત્યાં સુધી અપૂર્ણતા જ છે અને કેવળ શબ્દમાત્રની જ આપણે ઉપાસના કરીએ છીએ એમ માનવું. ગીતામાં કહ્યું છે :

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥[૫૮] (૬/૩૨)

એવા તમે થયા છો ? સૌનાં સુખદુઃખમાં ભાગ લેવાની વૃત્તિ રહે છે ? માટે પંડિતાઈનો દંભ છોડી દેવો જોઈએ. આજે પરબ્રહ્મ પરમાત્મા સ્વામિનારાયણ પ્રગટ થયા છે, તેમને ભજીને અનેક બ્રહ્મરૂપ થયા છે. તો તમો પણ તેમનો આશ્રય કરો. એ સિવાય તો તમો બ્રહ્મરૂપ શી રીતે થવાના છો ? ''અનાદિ બ્રહ્મ તો હું છું અને અનંત બ્રહ્માંડોને આઠ આઠ આવરણે સહિત હું ધારી

૫૮. જે પોતાનાં સુખદુઃખના વિચાર સાથે અન્યનાં પણ સુખદુઃખનો વિચાર કરે છે. સર્વત્ર જેની એવી સમભાવની દૃષ્ટિ છે, તે જ હે અર્જુન ! પરમ યોગી છે.

રહ્યો છું.'' એટલું સ્વામીશ્રી બોલ્યા ત્યાં તો તેમના શરીરમાંથી અનેક સૂર્યોને નિસ્તેજ કરે તેવો શીતળ પ્રકાશ નીકળ્યો. વેદાંતીઓ સર્વ આ પ્રકાશથી અંજાઈ ગયા. મકાન પણ જાણે ધરતીકંપનો આંચકો લાગ્યો હોય તેમ હાલવા માંડ્યું. સૌને થયું હમણાં આ મકાન પડશે. બધા બીવા માંડ્યા. એટલે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : ''બીશો નહિ. મકાન પડશે નહિ. પણ હવે તમે જો બધા બ્રહ્મ હો તો આ પ્રકાશને સમાવી દો.''

બીચારા પંડિતો ! એ તો ક્યાંથી કરી શકે ? તેમણે તો હાથ જોડી સ્વામીને પ્રાર્થના કરી : 'સ્વામી ! તમે જ તે શમાવી દો.'

એટલે તે પ્રકાશ તરત જ સ્વામીના દેહમાં શમી ગયો. વેદાંતીઓ સ્વામીશ્રીના ચરણમાં નમી પડ્યા. કેટલાક વર્તમાન ધરાવી સત્સંગી પણ થયા. તેમને પ્રતીતિ થઈ કે સ્વામિનારાયણના સંતમંડળમાં અદ્‌ભુત વિભૂતિઓ છે. આ પ્રસંગ પછી મહેમદાવાદમાં સત્સંગ વધવા માંડ્યો.

સ્વામીશ્રી મહેમદાવાદથી નીકળી પોતાના ચાર સાધુના મંડળ સાથે ફરવા નીકળ્યા. પરંતુ આ ચારે સાધુ અડબંગ હતા અને મન ફાવે ત્યાં એકલા ફરવા ટેવાયેલા હતા.

તમને એવા સાધુ આપીશ કે તમારાથી છૂટા નહિ પડે

એક દિવસ સ્વામી ધ્યાનમાં બેઠા હતા ત્યારે ચારે સાધુ સ્વામીને એકલા મૂકી ચાલ્યા ગયા. સ્વામી જ્યારે ધ્યાનમાંથી જાગૃત થયા, ત્યારે કોઈ સાધુને ન જોયા તેથી મૂંઝાયા. એકદમ મહારાજને સંભાર્યા એટલે તરત જ મહારાજે દિવ્ય દેહે દર્શન આપ્યાં. પછી મહારાજે તેમને કહ્યું : ''ગભરાશો નહિ. તમને હું એવા સાધુ આપીશ કે જે જીવનપર્યંત તમારાથી છૂટા નહિ પડે.'' સ્વામીને મહારાજનાં દર્શનથી શાંતિ થઈ. પરંતુ એકલા હોવાથી તરત જ ચાલી નીકળ્યા અને વરતાલ મહારાજ પાસે આવી ગયા. અહીં મહારાજે રામાનુજાનંદ સ્વામી, કેવળાત્માનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી તથા તત્ત્વાનંદ સ્વામી આ ચાર સાધુ તથા જોરાભાઈ એ પાંચને સ્વામી સાથે રહેવા આજ્ઞા કરી. વળી, ગોપાળાનંદ સ્વામીને પણ બોલાવી મહારાજે કહ્યું : ''તમારે સ્વામીની મદદમાં રહેવું.''

સ્વામીશ્રી મહારાજ સાથે ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા. અહીં નિયમની

એકાદશી(આષાઢી એકાદશી અથવા દેવપોઢણી એકાદશી)ના પારણાના દિવસે શ્રીજીમહારાજ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં પીળું પીતાંબર પહેરી બેઠા હતા. મહારાજની સન્મુખ થોડા મોટેરા સંતો બેઠા હતા. તે વખતે મુક્તાનંદ સ્વામી તાસમાં ખીચડી અને દહીં લાવ્યા. મહારાજ ખીચડી અને દહીં જમવા લાગ્યા. આ વખતે સ્વામી સિવાય ત્યાં બેઠેલા દરેક સંતે સંકલ્પ કર્યો કે 'મહારાજ પ્રસાદી આપે તો સારું.' અંતર્યામી ભગવાન તો સૌના સંકલ્પ જાણી ગયા. પરંતુ જેમણે કેવળ મહારાજનાં દર્શનમાં જ આનંદ અનુભવ્યો છે અને મહારાજની મૂર્તિ સિવાય બીજો કોઈ સંકલ્પ જેમના અંતરમાં નથી તે સ્વામીને મહારાજે પાસે બોલાવી પ્રસાદી આપી. સર્વ સંતો મહારાજનો સ્વામી પ્રત્યેનો આવો અપૂર્વ પ્રેમ જોઈ વિસ્મિત થઈ ગયા.

✧ ✧ ✧

આ ગુણાતીતાનંદ જેવા તો એ એક જ

સંવત ૧૮૭૭માં મહારાજ ગઢપુર બિરાજતા હતા. તે વખતે દેશ દેશાંતરથી હરિભક્તો મહારાજનાં દર્શન કરવા ગઢપુર આવતા હતા. આ પ્રસંગે ગંગારામ મલ્લ તથા તેમનું મંડળ પણ આવ્યું હતું. મહારાજ પોતાની અનેક પ્રકારની દિવ્ય લીલામાં સમગ્ર સત્સંગીઓને રંગીને તેમને જગતનું ભાન ભુલાવી દેતા. તેમની દરેક ક્રિયા પોતાની મૂર્તિનું સુખ દેવા માટેની જ હતી.

અષાઢ બેઠો હતો. મહારાજ પૂનમને દિવસે ઘોડી ઉપર બેસી લક્ષ્મીવાડીએ પધાર્યા. સંતો-હરિભક્તો પણ મહારાજની પાછળ લક્ષ્મીવાડીએ ગયા. અહીં મહારાજ પોતાની ઘોડીને અતિ વેગમાં ફેરવવા લાગ્યા. મહારાજની આ સમયની રમણીય મૂર્તિનાં દર્શન કરતાં સ્વામીએ જોયું કે મહારાજની પાઘમાંથી એક તોરો છૂટો પડી જમીન ઉપર પડી ગયો છે. તે પ્રસાદીનો તોરો લેવા સ્વામી દોડ્યા. ગંગારામ મલ્લે પણ એ તોરો જોયો. તે પણ તે લેવા દોડ્યા. મહારાજ આ લીલા જોઈ રહ્યા. સ્વામીની કૃશ અને તપસ્વી કાયા અને ગંગારામ મલ્લની પહેલવાન કાયા ! બન્નેમાંથી કોણ તોરો લે છે તે જોવા મહારાજે પણ ઘોડી થંભાવી. સૌ સંત

હરિભક્તો પણ જોઈ રહ્યા. સ્વામી અને ગંગારામ મલ્લ એકી શ્વાસે તોરા તરફ દોડતા હતા. ગંગારામને મનમાં જરા કાયાનું અભિમાન હતું કે તપસ્વી સાધુને તો હમણાં આંબી જાઉં અને તોરો હું જ લઈ લઉં. બન્ને તોરા પાસે પહોંચી ગયા. મલ્લ જરા પાછળ રહ્યા પણ હાથ લંબાવી તોરો લેવા જાય છે ત્યાં સ્વામીએ પોતાના પગે કરીને તેના પગને આંટી મારી. મલ્લ પડી ગયા ! તોરો સ્વામીએ લઈ લીધો. આશ્ચર્યમુગ્ધ બની સૌ આ તપસ્વી સંતનું આત્મબળ જોઈ રહ્યા. સ્વામીશ્રીને મહારાજની મૂર્તિનું જ ફક્ત આકર્ષણ હતું. તેથી લૌકિકભાવે પણ તેમની સમગ્ર ઈન્દ્રિયો મહારાજના સ્વરૂપમાં જ આંતર અને બાહ્ય બન્ને પ્રકારે કેન્દ્રિત રહેતી એટલે તેમનામાં મહારાજનું જ બળ હતું.

પછી મહારાજે હાલ જ્યાં બેઠક છે ત્યાં આંબો હતો ત્યાં સભા કરી. અહીં સભામાં મહારાજે એકાંતિક ભક્તમાં પણ ભેદ છે એ દર્શાવી વાત કરતાં કહ્યું : "સર્વ એકાંતિકોમાં પણ ગુણાતીત એ શ્રેષ્ઠ છે. માટે આ ગુણાતીતાનંદ જેવા તો એ એક જ છે. એ જેવા બીજા કોઈ નથી." સ્વામીની ઘણી પ્રશંસા કરીને મહિમા કહ્યો.

અહો ! શું કથા !

આ અરસામાં મહારાજ રોજ રાત્રે 'અક્ષર ઓરડી'માં ગીતા ઉપરના રામાનુજ ભાષ્યની કથા કરાવતા હતા. પહેલે દિવસે જ કથાકાર પુરાણીએ સુંદર વિવરણ કરી કથા કરી.

એટલે મહારાજ કથાકાર ઉપર રાજી થયા અને કથાની સમાપ્તિ પછી પ્રેમપૂર્વક કથાકાર પુરાણીને મહારાજ ભેટ્યા, પોતાની પ્રસાદીનો હાર પણ આપ્યો. એટલે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! અમે કાલથી કથામાં નહિ આવીએ."

ત્યારે મહારાજે પૂછ્યું : "શા સારુ નહિ આવો ?"

બ્રહ્માનંદ સ્વામી હસ્યા અને પછી કહ્યું : "મહારાજ ! તમે એકલા પુરાણીના દાખડા સામું જોઈને તેમને મળો અને અમને ન મળો તે કાંઈ ઠીક કહેવાય નહિ !"

બ્રહ્માનંદ સ્વામીની મીઠી વાણીને અમૃતસમ માની પાન કરતા

મહારાજ, સૌ સંતો જે કથા સાંભળવા આવ્યા હતા તેમને બધાને મળ્યા.

બીજા દિવસની કથામાં તો કીડિયારું ઊભરાય તેમ સંતો ઊભરાયા. સૌને લોભ હતો મહારાજને ભેટવાનો. મહારાજ તો આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા. મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું : ''આટલા બધા કથામાં આવ્યા છે તે પૂછો તો ખરા કે કથામાં સમજો છો કે એમ ને એમ આવ્યા છો ?''

કથાની સમાપ્તિ પછી નિત્યાનંદ સ્વામીએ એક પછી એક બધા સંતોને પૂછ્યું. જેમને કથા નહોતી સમજાતી તેમને બીજે દિવસે કથામાં આવવાની ના કહી.

સ્વામીને જ્યારે પૂછ્યું, ત્યારે સ્વામીએ કહ્યું : ''અહો ! શું કથા ! 'न भूतो न भविष्यति''

એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''સ્વામી, આ સાધુ સમજે છે. માટે કથામાં આવવા દો.''

નિત્યાનંદ સ્વામીએ તેમને કહ્યું : ''તમે આવજો.''

પછી મુક્તાનંદ સ્વામીએ સ્વામીને પૂછ્યું : ''તમે કથામાં ખરેખર સમજો છો ?''

ત્યારે સ્વામીએ હસીને કહ્યું : ''સ્વામી ! મારે તો મહારાજનાં દર્શન થાય એ જ મુદ્દો.''

મુક્તાનંદ સ્વામી તો તેમનો ભક્તિભાવ જાણતા હતા. કથા સાંભળીને પણ જે સિદ્ધ કરવાનું હતું તે તો આ સાધુને સિદ્ધ હતું જ. મુક્તાનંદ સ્વામીએ તેથી તેમને કથામાં આવવાની રજા અપાવી. બીજા જે કથામાં સમજતા ન હતા તેમને મુક્તાનંદ સ્વામીએ મહારાજની આજ્ઞાથી બીજી સેવામાં જવા આજ્ઞા કરી. આ રીતે પ્રસંગે પ્રસંગે સ્વામી કેવળ મહારાજમય જ હતા તેની સૌને પ્રતીતિ થવા લાગી.

આ અરસામાં વિશ્વરૂપાનંદ સાધુ અચાનક માંદા થઈ ગયા. ઉત્તર હિંદુસ્થાનના આ સાધુ મહારાજ પાસે આવ્યા અને મહારાજની મૂર્તિ જોઈને જ રડી પડ્યા. સ્વભાવે બહુ આકરા પરંતુ ક્રિયાશીલ જબરા. તેમની આવી આકરી પ્રકૃતિને લઈને કોઈ સાધુ તેમની સેવામાં એક-બે દિવસથી વધુ ટકી શકતો નહિ. છેવટે મહારાજે સ્વામીને બોલાવીને કહ્યું : ''વિશ્વરૂપાનંદની આકરી પ્રકૃતિને લઈને તેમની સેવામાં કોઈ ટકી શકતું

નથી. માટે હવે તો તમે સેવામાં રહો. એમની સેવા પણ થશે અને વળી મહિમા સમજી ભગવાનમાં જોડાશે, તેથી તેમનું કલ્યાણ પણ થશે.''

જેમ અર્જુન પોતાનાં બધાં બાણ નિષ્ફળ જતાં બ્રહ્માસ્ત્ર છોડતા, તેમ મહારાજ પણ વખત આવે સ્વામી તરફ જ દૃષ્ટિ કરતા.

પારેવાકા પીછ બના દિયા !

સ્વામી તો વિશ્વરૂપાનંદ સ્વામીની સેવામાં તન્મય બની ગયા. મહારાજની આજ્ઞા એ જ તેમનું નિશાન હતું. એ આજ્ઞામાં તેમને મહારાજની મૂર્તિના અખંડ સંબંધનું અનુસંધાન દેખાતું. તેથી સમગ્ર ક્રિયા - પછી તે સેવાની હોય કે ભક્તિની હોય - પરંતુ મહારાજને અનુલક્ષીને જ તેઓ સદા કરતા. સ્વામીશ્રીની અત્યંત પ્રેમપૂર્વકની સેવા છતાં પણ તે સાધુની માંદગી વધવા લાગી. ધીરે ધીરે તેમને દેહની વિસ્મૃતિ થઈ ગઈ. પરંતુ અક્ષરબ્રહ્મ એવા સ્વામીના સંબંધથી તેમને પોતાના આત્માના સ્વરૂપનું જ્ઞાન થવા લાગ્યું. પોતાના પૂર્વ સ્વરૂપને તેમણે જોયું. તેઓ એકદમ બોલી ઊઠ્યા : ''અહોહો, જિસને બ્રહ્માંડ બનાયા ઉસકો સહજાનંદ સ્વામીને ઈસ દેહમેં ડાલ દિયા ! પારેવાકા પીછ બના દિયા !''

સ્વામી આ સાંભળી થોડું હસ્યા. પછી કહ્યું : ''સ્વામી ! સૂઈ જાઓ. તમારાથીયે ઘણા મોટા આ સત્સંગમાં આવ્યા છે. માટે એ બધું ભૂલીને મહારાજની મૂર્તિ સંભારો !''

એક બ્રહ્માંડની ઉત્પત્તિ કરનાર અનંત બ્રહ્માંડોને ધારનારની પ્રભાથી દબાઈ ગયા. પોતાની મહત્તાનું અભિમાન છોડી મહારાજની મૂર્તિ ધારી અંતર્વૃત્તિ કરી, વિશ્વરૂપાનંદ સ્વામીએ તરત જ દેહ છોડી દીધો અને મહારાજના ધામને પામ્યા. આમ, મહારાજે આ લોકમાં ભૌતિક દેહે પણ તેમને પોતાના ધામનો સંબંધ કરાવી દીધો અને દિવ્યદેહે પણ તે ધામમાં પ્રવેશ કરાવ્યો.

મહારાજનાં દર્શન સારુ પાછે પગે દોડ્યા

મહારાજ ગઢપુરથી સંતો તથા કાઠી અસવારો સાથે નીકળ્યા. રસ્તામાં હરિભક્તોનું ગામ આવ્યું. તે ગામના હરિભક્તોને દર્શન દેવા મહારાજ

ત્યાં થોડો સમય રોકાયા. પછી ચાલવા તૈયારી કરી. ત્યારે હરિભક્તોએ મહારાજને આગ્રહપૂર્વક કહ્યું : 'મહારાજ ! જમવાનું ટાણું થઈ ગયું છે. માટે રસોઈ કરાવીએ અને સૌ જમીને પધારો.'

પરંતુ મહારાજને તો ઉતાવળ હતી. એટલે કહ્યું : "ઉતાવળ છે, માટે રોકાવાશે નહિ. રસોઈને બદલે કાંઈ નાસ્તા જેવું કોરું કરાવો તો સાથે લઈને જઈએ." પછી તે હરિજનોએ તરત જ પાકના લાડુ કરાવ્યા. મહારાજે સૌ સાધુઓને તથા હરિજનોને એક એક પાકનો લાડુ આપ્યો. સ્વામીને પણ તેમના ભાગનો પાકનો લાડુ મળ્યો.

અંતરમાં મહારાજને અખંડ ધારી રાખ્યા હોવા છતાં બહાર પણ મહારાજની પ્રગટ મૂર્તિનાં દર્શનની તેમને તીવ્ર આસક્તિ અને ઝંખના રહેતી. પરાભક્તિનાં અતિ ઉત્તમ લક્ષણ સમાન પ્રગટ ભગવાનના અખંડ અને અવિરત સંબંધથી જ કૃતકૃત્યતા માનવામાં જ ભક્તની સિદ્ધિ છે. તે જ એકાંતિક ભક્તિ છે અને તે જ આત્યંતિક મુક્તિ છે. 'શિક્ષાપત્રી'નું આ વચન तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् । બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ પરમાત્માની સેવામાં અખંડ રહેવું તે જ મુક્તિ ! સ્વામી તો સ્વયં અનાદિ બ્રહ્મ હતા. મહારાજની મૂર્તિને અખંડ ધારી રાખવી તે તેમનું ધામ તરીકેનું પણ એક કાર્ય હતું. એવો અખંડ અને અવિરત સંબંધ મહારાજ સાથેનો તેમને હોવા છતાં, પૃથ્વી ઉપર એકાંતિક ભક્તિનો અતિ ઉચ્ચતમ આદર્શ પ્રવર્તાવવા અને પ્રગટ ભગવાનનું અખંડ અનુસંધાન એ જ ભક્તિ, એ જ મુક્તિ, તે સિદ્ધાંત સમજાવવા માટે જ સ્વામીશ્રીનું પૃથ્વી ઉપર મહારાજ સાથેનું વિચરણ છે. આ સત્ય સદા લક્ષ્યમાં રાખી જો સ્વામીશ્રીના જીવન પ્રસંગો તપાસીએ અને તે પ્રમાણે તે માર્ગને અનુસરીએ, તો જ આત્યંતિક મુક્તિ સિદ્ધ થાય.

સ્વામીશ્રીને તો પોતાની ભૂખ કાંઈ લાડુ જમવાથી જ જાય એવું નહોતું. તે તો સદા મહારાજની મૂર્તિનાં દર્શનના જ ભૂખ્યા હતા. તેથી તેમણે એક સાધુને કહ્યું : "મારી સાથે તમો દોડો તો મારા ભાગનો આ પાકનો લાડુ હું તમને આપું." સ્વામીને મહારાજનાં દર્શનની તાણ હતી. મહારાજ ઘોડી ઉપર બિરાજતા હોય અને સ્વામીને મહારાજનાં દર્શન કરવાં હોય તો સાથે દોડવું જ પડે. વળી, જોડ વગર ચલાય નહિ. તેથી જોડમાં

સાધુ રાખવા પોતાના ભાગનો લાડુ તેમણે જોડમાં આવતા સાધુને આપી દીધો. સ્વામી મહારાજની ઘોડીની સાથે સાથે પાછા પગે દોડતા જાય અને મહારાજની મૂર્તિનાં દર્શન કરતા જાય. જોડનો સાધુ પણ સાથે સાથે દોડતો જાય અને પાકનો લાડુ જમતો જાય. એકને મૂર્તિનું સુખ લેવું હતું, બીજાને પાકના લાડુનું સુખ લેવું હતું. આમ, સ્વામી કેટલોક વખત આડે રસ્તે ખેતરોમાં, કાંટાઓમાં, શરીરની દરકાર રાખ્યા સિવાય, મહારાજનાં દર્શન માટે દોડ્યા. એ દિવ્યતમ મૂર્તિનાં દર્શનના સુખનો લહાવ લેતા સ્વામીશ્રીની અતુલ શ્રદ્ધા જોઈ મહારાજ પણ તેમના તરફ મંદ મંદ સ્મિત કરતા દૃષ્ટિપાત કરતા હતા. આમ, બીજું ગામ આવ્યું ત્યાં સુધી સ્વામી, મહારાજનાં દર્શન માટે દોડ્યા.

જુઓ, અમારા તિલક

મહારાજ ફરતાં ફરતાં પંચાળા પધાર્યા. ઝીણાભાઈની વિનંતીથી તેમણે અહીં ફૂલદોલનો ઉત્સવ કરવાનું નિરધાર્યું. તેમણે તમામ સંતમંડળોને અહીં ફૂલદોલનો ઉત્સવ કરવા તેડાવ્યા. સ્વામીશ્રી પણ કૃપાનંદ સ્વામી સાથે ફરતાં ફરતાં પંચાળા પધાર્યા. અહીં મહારાજે સૌ સંતો પોતાનું તિલક કરતા થાય તે માટે ત્યાંની ચંદન જેવી પીળી માટીના ખડા કરાવી સૌ સંતોને આપ્યા અને કહ્યું : "આવતીકાલથી સૌ નાહીને તિલક કરજો." બીજે દિવસે મહારાજે સૌ સંતોનાં કપાળ સામું જોયું પણ કોઈએ તિલક નહોતું કર્યું તેથી પૂછ્યું : "કેમ તિલક નથી કર્યાં ?"

એટલે સંતોએ કહ્યું : "મહારાજ ! શેના વતી તિલક કરીએ ?'

મહારાજને આ સાંભળી આશ્ચર્ય થયું ! પછી હળવેકથી કહ્યું : "અમે ગઈ કાલે ખડા નહોતા આપ્યા ?"

સંતોને આ સાંભળી આશ્ચર્ય થયું. તેઓ તો મહારાજની પ્રસાદી જાણી ખાઈ ગયા હતા. પરંતુ મહારાજને હવે કહેવું શી રીતે ? પરંતુ એક સંતે હિંમત કરી. તેણે કહ્યું : "મહારાજ ! અમે તો સાંઠિયું સૂડતા આવ્યા છીએ. ઝાઝી ગતાગમ અમને પડતી નથી. અમે તો આપની પ્રસાદી જાણી ખડા ખાઈ ગયા."

મહારાજ આ સાંભળી ખૂબ હસ્યા. ફરી ખડાના બીજા ગાંગડાઓ

આપ્યા અને કહ્યું : "હવે કાલે તિલક કરજો."

બીજે દિવસે સૌ સંતોએ તિલક કર્યાં હતાં. પરંતુ મહારાજ તિલક જોઈ ખૂબ હસ્યા. પછી કહ્યું : "આવાં ભેંસ-ભડકામણાં તિલક કેમ કર્યાં ?"

પરંતુ જેમણે કેવળ મહારાજને જ અંતરમાં રાખ્યા છે અને બહારનાં ઉપકરણોથી જે અલિપ્ત રહ્યા છે તેવા આ સંતોને તિલકનાં પ્રદર્શન નહોતાં કરવાં. પરંતુ મહારાજને તો પ્રસંગને નિમિત્ત બનાવી આ પોતાનું તિલક ઓળખાવવું હતું. તેથી સ્વામીના કપાળમાં પોતે જાતે તિલક કર્યું. પછી સ્વામીને સાથે લઈ સૌ સંતોની સભામાં મહારાજ ફર્યા અને સ્વામીને બતાવીને સૌને કહ્યું : "જુઓ, અમારા તિલક."

એમ કહીને થોડી વાર પછી મહારાજે કહ્યું : "હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી." એમ પોતાના પુરુષોત્તમ સ્વરૂપની અદ્વિતીયતા અને સ્વામીના અક્ષરસ્વરૂપની વિશિષ્ટતા મહારાજે સૌને સમજાવી. જે અત્યંત સંસ્કાર બળવાળા હતા તે મહારાજના આ શબ્દોનું રહસ્ય સમજી ગયા.

સાધુની ઝોળીમાં કિંમતી રૂમાલ

મહારાજ થોડો વખત ફરીને ફરી ગઢપુર પધાર્યા. અત્રે સ્વામી કૃપાનંદ સ્વામીની સાથે તેમના મંડળમાં ફરી પાછા આવ્યા હતા. મહારાજ ગઢપુરમાં બપોરે દાદાખાચરના દરબારમાં નિંબતરુ નીચે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. સર્વે સંતો તથા હરિભક્તો મહારાજ સન્મુખ, જેમ ચકોર ચંદ્રને જોઈ રહે, તેમ દર્શન કરતા બેઠા હતા. તે વખતે મહારાજને સખત શરદી થઈ હોવાથી વારંવાર છીંકો આવતી હતી. જાડા રૂમાલથી નાક લૂછી લૂછીને મહારાજનું નાક લાલ લાલ થઈ ગયું. તેથી મહારાજે કહ્યું : "કોઈની પાસે કોમળ વસ્ત્ર હોય તો લાવો !"

આથી સ્વામી એકદમ ઊઠ્યા અને સુરતના હરિભક્તે રેશમી રૂમાલ આપ્યો હતો, તે પોતાની ઝોળીમાં સાચવીને મહારાજને દેવા સારુ રાખી મૂક્યો હતો, તે લેવા ગયા. થોડી વારે સ્વામી રૂમાલ લઈને આવ્યા અને મહારાજને આપ્યો. મહારાજે તે રૂમાલ પહોળો કર્યો અને સભા સમક્ષ રૂમાલ ધરીને મહારાજ બોલ્યા : "અહો ! જે રૂમાલ મુંબઈની કે સુરતની બજારમાં

પણ ન મળે તેવા કિંમતી રૂમાલ મારા સાધુની ઝોળીમાંથી મળે છે !''

સ્વામી આ સાંભળી શરમાઈ ગયા. ત્યાર પછી સ્વામીએ કોઈ દિવસ બીજા માટે પણ ઝીણા પોતનું વસ્ત્ર પોતા પાસે રાખ્યું ન હતું.

આ સાધુ અમારા અંતરનું જાણી ગયા

સ્વામી મહારાજની મરજીને અંતર્યામીપણે સદા જાણતા છતાં આ લોકની દૃષ્ટિએ સ્વામી પ્રસંગ અનુસાર મહારાજના આંખના ઈશારામાં સમજી જઈ મહારાજની રુચિ અનુસાર સદા વર્તતા.

એક દિવસ ગામ મેથાણના પટેલનો પુત્ર ગઢડા આવ્યો. મહારાજનાં દર્શન કરી તે પાસે બેઠો. તે વખતે સ્વામી મહારાજ પાસે બેસી, 'રે સગપણ હરિવરનું સાચું' એ કીર્તન બોલતા હતા. તેવામાં મહારાજની દૃષ્ટિ સ્વામી ઉપર પડી. એટલે સ્વામીએ તરત જ કીર્તન બદલ્યું અને 'ઓરા આવો મારા લેરખડા લહેરી...' એ કીર્તન બોલવા લાગ્યા. આથી મહારાજ રાજી થયા. પછી મેથાણના તે ભક્ત બહાર ગયા ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''આ સાધુ અમારા અંતરનું જાણી ગયા. આ પટેલના દીકરાને ઘેર જવું ન હતું અને આ સ્વામી વૈરાગ્ય પદ બોલતા હતા. જો તે સાંભળે તો ઘેર ન જાય. અમારે તેને ઘેર મોકલવા હતા એટલે અમે તેમના તરફ જોયું ત્યાં તેમણે અમારો ભાવ જોઈ કીર્તન બદલ્યું.'' આમ, સ્વામીને મહારાજ સાથે અખંડ એકતા હતી તેની પ્રતીતિ તો આવા પ્રસંગોથી જ થતી.

મોટાની ટોકણીમાં આવીએ તો મોટાના ગુણ આવે

સ્વામીશ્રીને કૃપાનંદ સ્વામીના મંડળમાં જ રહેવું વિશેષ ગમતું. અતિ ધૈર્યશાળી, ગુણગ્રાહક અને વિનમ્ર સ્વભાવવાળા સ્વામીશ્રી, કૃપાનંદ સ્વામીની આકરી પ્રકૃતિનું એક જબ્બર મારણ હતા. કૃપાનંદ સ્વામીને પણ સ્વામી સાથે ગમતું. તેમની હાજરીમાં પોતાનો ક્રોધ ઓસરી જતો. ક્રોધ ઉત્પન્ન થાય એવો એકેય પ્રસંગ સ્વામી મંડળમાં બનવા દેતા જ નહિ. દરેક સાધુને સ્વામી સંભાળી લેતા. આથી સ્વામી, કૃપાનંદ સ્વામીના અતિ કૃપાપાત્ર બની ગયા હતા.

સ્વામીશ્રીને એક વખત એક સાધુએ પૂછ્યું : ''કૃપાનંદ સ્વામી

અતિશય આકરા છે તો તમને તેમની સાથે કેમ ફાવે છે ?''

સ્વામીએ હસીને કહ્યું : ''જ્યાં સુધી મોટાની ટોકણીમાં આવીએ નહિ, ત્યાં સુધી મોટાના ગુણ આપણામાં આવે નહિ. ગુરુ કહે તે પ્રમાણે જે વર્તે તેનામાં જ મોટાના ગુણ આવે. કૃપાનંદ સ્વામી દોષ સ્પષ્ટ બતાવે છે એટલે મને તેમની સાથે રહેવું વિશેષ ગમે છે.''

એક દિવસ શ્રીજીમહારાજે સાધુઓનાં મંડળોને જુદે જુદે ગામ ફરવા મોકલ્યાં. તેમાં એક મંડળ કારિયાણી તરફ ગયું. કારિયાણીની આજુબાજુનાં ગામોમાં ફરી આ મંડળ કારિયાણી આવી રહ્યું. એક દિવસ આ મંડળના કેટલાક સાધુઓએ ત્યાંના હરિભક્તોને કહ્યું : ''અમારે પુસ્તક લાવવું છે માટે રૂપિયા ૧૦૦ અમને આપો.''

વિષમ દેશકાળને લઈને આ હરિભક્તોની એટલી શ્રદ્ધા ન હતી એટલે કાંઈ રકમની ગોઠવણ થઈ શકી નહિ. તેથી તે સાધુઓએ ફરી રૂપિયાની માગણી કરી. આથી હરિભક્તોને ખોટું લાગ્યું અને સાધુઓને કહ્યું : ''તમો કોઈ વાતો કે ઉપદેશ તો કરતા નથી અને રૂપિયા માગ માગ કરો છો. તમો માગો તેટલી રકમ આપવાની અમારી શ્રદ્ધા નથી.''

આ જવાબથી સાધુઓ ગુસ્સે થયા અને હરિભક્તોને કહ્યું : ''તમો સાધુઓનો મહિમા સમજતા નથી અને સેવા કરતા નથી માટે જાઓ વિમુખ છો.'' એમ કહી ત્યાંથી નીકળી બીજે ગામ ગયા.

સાધુઓના આ અકારણ ક્રોધથી તે હરિભક્તો ઉદાસ થઈ ગયા. તે ઉદાસીનતા ટાળવા અને સાધુઓનો કદાચ અપરાધ થઈ ગયો હોય તો શ્રીજીમહારાજ પાસે ક્ષમા માગવા તે બધા હરિભક્તો ગઢડા આવ્યા. અહીં આવી મહારાજનાં દર્શન કર્યાં. પરંતુ મહારાજે તેમના મુખ ઉપરની ઉદાસીનતા જોઈ તેમને પૂછ્યું : ''તમો બધા ઉદાસ કેમ છો ?''

ત્યારે તે હરિભક્તોએ કહ્યું : ''મહારાજ ! અમારાથી સાધુઓનો અપરાધ થઈ ગયો છે એટલે અમને મનમાં ઉદ્વેગ રહ્યા કરે છે. તે ઉદ્વેગ ટાળવા અને આપની માફી માગવા અમે આપનાં દર્શને આવ્યા છીએ.''

આ સાંભળી મહારાજે પૂછ્યું : ''શું અપરાધ થઈ ગયો છે ?''

પછી તે હરિભક્તોએ બધી વાત વિગતથી કહી. તે સાંભળી મહારાજે કહ્યું : ''તમે કોઈ અપરાધ કર્યો નથી. સાધુઓથી સીધા તમારી પાસે

રૂપિયા મગાય જ નહિ.''

એમ કહીને મહારાજે મુક્તાનંદ સ્વામી તથા બીજા સદ્‌ગુરુઓને બોલાવ્યા. પછી મહારાજે તે સભામાં સૌ સાધુઓને ઉદ્દેશીને કહ્યું : ''હરિભક્તો દેવને માટે શ્રદ્ધાથી જે દશમો કે વીસમો ભાગ આપે તે રાજીપાથી લેવો. પણ તે ઉપરાંત હરિભક્તો પાસે કોઈ કાંઈ પણ માગશે તો તે વચનદ્રોહી અને ગુરુદ્રોહી ગણાશે. માટે વગર વિચાર્યું માગી હરિભક્તોને પીડવા નહિ. વળી, સદ્‌ગુરુઓએ પણ પોતાના મંડળના સાધુઓને જે વાજબી વસ્તુઓ જોઈતી હોય તે અપાવવી. તેમાં સંકોચ કે પક્ષપાત કરવો નહિ. છતાં તે પ્રમાણે જે કોઈ કરશે તો તે પણ વચનદ્રોહી અને ગુરુદ્રોહી ગણાશે.'' એ પ્રમાણે સાધુઓને મહારાજે શિક્ષાવચન કહ્યાં. પછી કારિયાણીના તે હરિભક્તોને આશીર્વાદ આપ્યા અને કહ્યું : ''તમારે ત્યાં અમે બીજું મંડળ મોકલીએ છીએ. તે તમને શાંતિ કરશે.'' એમ કહી મહારાજે સ્વામી, કૃપાનંદ સ્વામી અને રામાનુજાનંદ સ્વામીને આજ્ઞા કરી એટલે આઠ સાધુનું મંડળ તેમની સાથે કારિયાણી ગયું.

ગુણ વિના મોટાઈ કે ગુરુપણું આવતું નથી

આ સાધુનું મંડળ કારિયાણી આવ્યું. તેઓ રોજ સવારે ઝોળી માગવા આસપાસનાં જુદાં જુદાં ગામોમાં જતા. પછી બપોરે આવી જમતા. ત્યારબાદ રાત્રે મોડે સુધી કથાવાર્તા, ધ્યાન, કીર્તન વગેરે કરતા. તેથી હરિભક્તો ખૂબ રાજી થયા. ઝોળી માગી અને જમવાના સમય સિવાય રાત્રી-દિવસ હરિભક્તો પાસે કથા-કીર્તનની પ્રવૃત્તિથી અને સેવાભાવથી કારિયાણીના હરિભક્તોને બહુ જ સંતોષ થયો. તેમને થયું કે આવા સંતો હોય તો જ સમાસ થાય. પછી અન્નકૂટનો સમય આવ્યો એટલે તે હરિભક્તોએ સંતોને કહ્યું : ''હવે આપણે બધા ગઢપુર મહારાજનાં દર્શને જઈએ.'' પછી સૌ ગઢડા આવ્યા. અહીં આવી મહારાજનાં દર્શન કર્યાં, ત્યારે મહારાજે હસીને તેમને પૂછ્યું : ''આજે તો તમે આનંદમાં જણાઓ છો !''

એટલે તે ભક્તોએ કહ્યું : ''મહારાજ ! અમને તો સાક્ષાત્ અક્ષરનો આનંદ આપવા આપે સંતમંડળ મોકલ્યું હતું. તે મંડળે અમને કૃતાર્થ કરી દીધા.''

પછી તેમણે સૌએ મહારાજની પૂજા કરી. ત્યારબાદ તેમણે મહારાજને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! અમારે રસોઈ આપવી છે.''

તે સાંભળી મહારાજ બોલ્યા : ''જુઓ, પહેલા ગયા હતા તે પણ સાધુ હતા અને પાછળથી મોકલ્યા તે પણ સાધુ. પણ કેટલો તફાવત ! પહેલા મંડળે હરિજનોને ઉદાસી કર્યા અને આ મંડળે તેમને રાજી કર્યા. મોટાઈ અને સદ્‌ગુરુપણું સૌને લેવું છે. પણ ગુણ વિના મોટાઈ કે ગુરુપણું આવતું નથી. માટે સૌને સમાસ થાય તેમજ વર્તવું જોઈએ. આ મંડળે કેટલો સમાસ કર્યો ? જો કાંઈ પણ હરિજનો પાસે ન માગ્યું તો તેઓ જાતે રસોઈ દેવા અહીં આવ્યા.''

આમ, મહારાજે સ્વામીના વર્તનની પ્રશંસા કરી, સૌને તેવા થવા ઉપદેશ કર્યો.

સૌથી વધુ માન અમને છે

એક દિવસ શ્રીજીમહારાજે સભામાં દરેકના અંતરમાં રહેલા માનરૂપી શત્રુનો નાશ કરવા બહુ જ યુક્તિપૂર્વક વાત કરી. મહારાજે સભામાં સૌને પ્રશ્ન પૂછ્યો : ''આજે જ અમને એક વિચાર આવ્યો કે સૌથી વધારે માન કોને હશે ?'' તે સાંભળી કોઈ કંઈ બોલ્યા નહિ. પછી પોતે જ કહ્યું : ''સૌથી વધારે માન રાજાને હોય, કારણ કે તેને બધી પ્રજા માન આપે.'' એટલું કહીને ફરી પોતે જ કહ્યું : ''રાજાને માન તો ખરું છતાં તે પણ બ્રાહ્મણને નમે છે. માટે બ્રાહ્મણને માન વધુ હોય.'' એમ કહીને વળી થોડી વારે કહ્યું : ''બ્રાહ્મણો પણ સાધુને નમે ખરા. માટે સાધુને માન વધુ હોય.''

એટલે સૌ સાધુઓ વિચારમાં પડી ગયા. તેમને તે પ્રમાણે વિચારતા જોઈ મહારાજે ફરી કહ્યું : ''સાધુ પણ અમને નમે છે. માટે સૌથી વધુ માન અમારે છે.'' પછી ફરી કહ્યું : ''અમારે એ માનને ટાળવા માટે આજે એવાં વ્રત લેવાં છે કે સાધુ આવે ત્યારે અમારે ઊભા થવું.'' એ પ્રમાણે મહારાજે તો વ્રત લીધું.

તે પછી જ્યારે જ્યારે સાધુ પોતાનાં દર્શને આવતા ત્યારે મહારાજ એકદમ ઊભા થઈ જતા. એક દિવસ સ્વામી એક સાધુને લઈને મહારાજનાં દર્શને ગયા. આ વખતે મહારાજ થાળ જમતા હતા. સ્વામીને

જોઈને મહારાજ એકદમ ઊભા થઈ ગયા. ત્યારે સ્વામીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! શા માટે આપ ઊભા થયા ?"

એટલે મહારાજે કહ્યું : "સ્વામી ! અમે એવા નિયમ લીધા છે. અમારે સૌથી વધુ માન છે. એટલે તે ટાળવા માટે જ્યારે સાધુ આવે ત્યારે ઊભા થઈ જવું. તેથી તે માન ટળી જાય."

તે સાંભળી સ્વામીની આંખમાંથી એક અશ્રુ સરી પડ્યું. હાથ જોડી સ્વામીએ મહારાજને કહ્યું : "હે મહારાજ ! આપ તો દિવ્યમૂર્તિ છો. આપને વળી માન કેવું ?"

એટલે મહારાજે કહ્યું : "અમારે માન નહિ ? સભામાં તો એવું અમને કોઈએ કહ્યું નહિ."

પછી સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ સ્વયં પુરુષોત્તમનારાયણ આ રીતે સાધુ આવે ત્યારે ઊભા થાઓ તેમાં તો સાધુને દોષ લાગે. માટે હવેથી ઊભા ન થાઓ તો સારું."

તે સાંભળી મહારાજે કહ્યું : "ભલે ત્યારે, હવેથી અમે ઊભા નહિ થઈએ."

મહારાજને તો સૌનું માન કાઢવું હતું તેથી પ્રથમ પોતે જ આ પ્રકારે નિર્માનીપણું બતાવ્યું. પછી બીજાનું માન કેમ રહે ?

'જેના નિર્માની ભગવાન, તેના જનને જોઈએ કેમ માન !'

સ્વામીએ કૃપાનંદ સ્વામીને સમાધિમાંથી જગાડ્યા

મહારાજ ગઢપુરમાં થોડા દિવસો સુધી રહીને ફરીથી દૂરદૂરનાં ગામોમાં લાભ આપવા નીકળ્યા. મહારાજની સાથે કેટલાક સંતો તથા કાઠી અસવારો પણ હતા. મહારાજને વળાવવા માટે સૌ સાધુ તથા હરિજનો ગામની ભાગોળ સુધી આવ્યા. પછી મહારાજે તેમને સૌને પાછા વળવા કહ્યું. તેથી સર્વે પાછા વળી ગયા. પરંતુ સ્વામી, કૃપાનંદ સ્વામી તથા તેમના મંડળના દસ સાધુઓને તો મહારાજનાં દર્શનનો લોભ એવો હતો કે 'હજુ દર્શન કરી લઈએ.' એમ મહારાજ પાછા વળવાનું કહે છતાં હમણાં જઈએ છીએ એમ કરતાં ઠેઠ માંડવધાર સુધી ગયા. અહીંથી મહારાજે તેમને સમ દઈને પાછા જવા કહ્યું. એટલે તે બધા સાધુ ત્યાં ઊભા રહ્યા અને

મહારાજે માણકી દોડાવી મૂકી. આ બારેય સાધુ ત્યાં ઊભા રહ્યા. મહારાજ દેખાતા બંધ થયા. મહારાજની પાઘનું ફરકતું છોગલું દેખાતું બંધ થયું. ઊડતી રજ દેખાતી બંધ થઈ. ત્યાં સુધી આ સાધુઓ ત્યાં જ ઊભા રહ્યા. બધું જ દેખાતું બંધ થયું એટલે કૃપાનંદ સ્વામીના અંતરમાંથી એક ચીસ પડી અને તે ત્યાં જ ઢળી પડ્યા. કૃપાનંદ સ્વામીને મહારાજની મૂર્તિના વિયોગથી, તે મૂર્તિ સાથેની અદ્‌ભુત તન્મયતાથી ત્યાં જ સમાધિ થઈ ગઈ. પગકેડી ઉપર કૃપાનંદ સ્વામીને આ પ્રમાણે સમાધિસ્થ સ્થિતિમાં પડેલા જોઈ, ત્યાં જો કોઈ બાઈ આવે તો ઉપવાસ પડે એમ માની, સાધુઓ કૃપાનંદ સ્વામીને ઉઠાડવા લાગ્યા. પરંતુ સમાધિમાંથી તો મહારાજની ઈચ્છા હોય ત્યારે જ પાછા નીકળાય. પછી તે સાધુઓએ સ્વામીને કહ્યું : "સ્વામી ! કૃપાનંદ સ્વામીને જગાડો !" એટલે સ્વામીએ કૃપાનંદ સ્વામીના કાનમાં 'સ્વામિનારાયણ' મંત્ર ફૂંક્યો અને કૃપાનંદ સ્વામી તરત જ બેઠા થઈ ગયા. સમાધિમાં ભક્તને ભગવાનની મૂર્તિનું અતિ દિવ્ય સુખ મળે છે છતાં સમાધિમાંથી પણ દેહમાં પાછું અવાય છે. તેમાં કાં તો ભગવાનની ઈચ્છા, અગર સંસારની વાસના અથવા તો કોઈ અતિ સમર્થ હોય તે પાછા લઈ આવે, એમ ત્રણ કારણ હોય છે.[૫૯] સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર અને મહારાજની મરજીને સંપૂર્ણ જાણનાર, કૃપાનંદ સ્વામીને પોતાની શક્તિથી સમાધિમાંથી જાગૃત કરીને પાછા દેહમાં લાવ્યા.

✧ ✧ ✧

તમને સ્ત્રીયું બાધ કરનાર નથી

શ્રીજીમહારાજે ગ. મ. ૩૦ના વચનામૃતમાં કહ્યું છે કે "સોનું અને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે અને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય જો જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને અને તે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરે.... તેને સોનું અને સ્ત્રી બંધન ન કરે અને બીજાને તો જરૂર બંધન કરે."

સ્વામી પોતે જ તે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ હતા. એટલે તેમને તો સોનું કે સ્ત્રી

૫૯. ગ. પ્ર. ૭૩.

શી રીતે બંધન કરે ? શ્રીજીમહારાજે સ્વામીને આજ્ઞા કરી કે તમારે કૃપાનંદ સ્વામીના મંડળમાં તેમની સાથે બુરાનપુર જવું અને ત્યાં બાઈઓની સભામાં વાતો કરવી. શ્રીજીમહારાજની બુરાનપુર જવાની આજ્ઞા તો સ્વામીના અંતરમાં ઊતરી ગઈ. પરંતુ અષ્ટ પ્રકારે સ્ત્રી, ધનના ત્યાગીને બાઈઓને ઉપદેશ આપવો તે યોગ્ય નથી જ અને છતાં પણ મહારાજે આજ્ઞા કરી તેથી સ્વામીને અત્યંત મૂંઝવણ થઈ. સ્વામીની મૂંઝવણ જાણી મહારાજે તેમના બાળમિત્ર નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું : "તમે સ્વામીને સમજાવો કે બુરાનપુર જાય અને ત્યાં બાઈઓની સભામાં વાતો કરે."

સ્વામીને નિષ્કુળાનંદ સ્વામીએ આ વાત કરી, તે સાંભળી સ્વામી અતિશય રોવા લાગ્યા. જ્યારે મહારાજને આ ખબર પડી એટલે મહારાજે સ્વામીને પોતાની પાસે તેડાવ્યા અને તેમની પાસે બેસાર્યા. પછી મુક્તાનંદ સ્વામીનું કીર્તન મહારાજ બોલ્યા કે :

'સદ્‌ગુરુકી ભક્તિ કરે સોઈ,
જાકે ધડ પર શીશ ના હોઈ.'[૬૦]

એ કીર્તન બોલી સ્વામીને પોતાની છાતી સરસા દાબી મહારાજે સ્વામીને આ વચનમાં પોતાનો અત્યંત રાજીપો બતાવ્યો. પછી કહ્યું : "નિર્ગુણાનંદજી ! તમને સ્ત્રીયું બાધ કરનાર નથી. હજારું સ્ત્રીયું હશે તો પણ તમે નહિ લેવાવ. હું તમારી ભેળો જ છું."

પછી સ્વામી, કૃપાનંદ સ્વામીના મંડળમાં બુરાનપુર ગયા. અહીં બે માસ રોકાયા અને સ્ત્રીઓની સભામાં બે માસ સુધી અંતર્વૃત્તિ કરી સ્વામીએ વાતો કરી અને પોતાનું શુદ્ધ ચૈતન્ય બ્રહ્મસ્વરૂપ સિદ્ધ કર્યું.[૬૧]

૬૦. સદ્‌ગુરુકી ભક્તિ કરે સોઈ, જાકે ધડ પર શીશ ના હોઈ. ટેક.
અતિ કરડા મારગ ન ચલે કોઈ, કાયર ડરી ભાગે દેવે રોઈ.
મરજીવાકે મન આનંદ, કાટે ભવફંદ. ૧
મુનિ ચારણ સિદ્ધ લોક, સો તો ગુરુકી ભક્તિ બિન પાવે શોક;
ભવ ભટકે પટકે કાલ પાશ, સો તો હોઈ શકે નહિ ગુરુ કે દાસ. ૨
જબ તન મન ધનકી તજે આસ, હોઈ ગુણાતીત કરે વચન વાસ;
મુક્તાનંદ સો સદ્‌ગુરુ કે બાલ, જિન મરમ જાણી તજી ભ્રમજાલ. ૩

૬૧. આ પ્રમાણે ખાનદેશમાં પણ સ્વામીશ્રી મુક્તાનંદ સ્વામીના મંડળમાં ગયા હતા અને મહારાજની આજ્ઞાથી સ્ત્રીઓની સભામાં વાતો કરી હતી.

આ અરસામાં એક દિવસ ત્યાંના દાદા દીવાને ચોરાસી કરાવી હતી. તેથી કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતમંડળને પણ જમવાનું આમંત્રણ હતું. આ સંતો આ ચોરાસીમાં જમ્યા. પછી જ્યારે દાદાએ દેહ મૂક્યો ત્યારે તેને યમદૂત તેડવા આવ્યા. એટલે તેણે પોતાના જે જે ઈષ્ટદેવ હતા તે બધાને સંભાર્યા. પણ કોઈએ રક્ષા કરી નહિ. પછી સ્વામી અને કૃપાનંદ સ્વામીએ દિવ્ય દેહે યમપુરીમાં જઈ તેને જમના મારથી મુકાવ્યો. દાદાની પાછળ તેમની સ્ત્રી પણ સતી થઈ હતી. તેથી તે બન્નેના જીવને યમદૂતો યમરાજ પાસે લઈ ગયા. સાથે આ બે સંતો પણ ગયા. યમરાજાએ સાધુનું સન્માન કર્યું. દાદાએ સાધુને જમાડ્યા હતા તેથી તે પુણ્યના ફળનો નિર્ણય કરવા તે બન્ને જીવોને યમદૂતોની સાથે ગઢડા મોકલ્યા. મહારાજે તેમને અંતરીક્ષમાં જોયા અને કહ્યું : "દાદો અને તેમની સ્ત્રી નવ વર્ષ પછી સત્સંગમાં જન્મ લેશે." મહારાજની આ ઈચ્છાનુસાર દાદા દીવાને વડોદરામાં બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ લીધો. તેમનું નામ કાશીનાથ હતું. તેમની સ્ત્રી સતી થઈ હતી તેણે પણ ત્યાં જ જન્મ લીધો. આ પ્રમાણે અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની સેવાનું ફળ તેમને મળ્યું.[૬૨]

મહારાજ વરતાલ બિરાજતા હોવાથી કૃપાનંદ સ્વામી સાથે સ્વામી વરતાલ આવ્યા. તે દિવસે સાંજે સ્વામી ગોમતીમાં નાહવા ગયા હતા. ત્યાં પગ લપસ્યો અને પગે મરડ થયો. પગે દુખાવો શરૂ થયો અને ચાલવામાં મુશ્કેલી પડવા લાગી. એટલામાં વળી બુરાનપુર સાધુ મોકલવાની વાત મહારાજે કરી એટલે કેટલાક સદ્‌ગુરુઓએ સ્વામીને બુરાનપુર જવાનું કહ્યું. સ્વામીએ તેમને કહ્યું : "હું તો કાલે જ બુરાનપુરથી આવ્યો છું. વળી, મને પગે વાગ્યું છે."

આ વાત સદ્‌ગુરુઓએ મહારાજને જઈને કહી કે ભાદરાવાળા નિર્ગુણાનંદ બુરાનપુર જવાની ના કહે છે. એટલે મહારાજે કહ્યું : "તે વિમુખ છે. તેમની સાથે બોલે કે તેમને કોઈ અડે તો તે સ્ત્રી સાથે બોલ્યો કહેવાય."

સ્વામી તો મહારાજની આ લીલા અતિશય શાંત હૃદયથી નિહાળી રહ્યા હતા. પોતે જોબનપગીના ઘરના થડમાં થોરની વાડ હતી ત્યાં પોતાને આસને જઈને બેઠા. જ્યારે મહારાજ પોતાના ઉતારાની બારીએ બેસે ત્યારે

૬૨. 'ભક્તચિંતામણિ' પ્ર. ૧૫૨; 'હરિલીલાકલ્પતરુ' સ્કંધ ૧૧.

પોતાને મહારાજનાં દર્શન થાય એ હેતુથી તેમણે ઉતારો અહીં રાખ્યો હતો.

અઢાર માંદા સાધુની સેવામાં

થોડા દિવસો પછી રોગચાળાને લઈને અઢાર સાધુ માંદા થયા. તેમની ચાકરી કરવા કોઈ તૈયાર થયું નહીં. પછી મહારાજે કહ્યું : "પેલા ભાદરાવાળા સાધુને બોલાવો તો એ સાધુઓની ચાકરી કરશે."

પછી સાધુએ કહ્યું, "એમને કેમ બોલાવાય ? ઉપવાસ પડે."

પછી મહારાજે બે હરિભક્તોને મોકલ્યા. ત્યારે સ્વામીએ કહ્યું : "અમે આવીએ તો સાધુને ઉપવાસ પડે."

તે હરિભક્તોએ મહારાજ પાસે જઈને આ વાત કરી. ત્યારે મહારાજે ફરી કહેવરાવ્યું : 'તેમને કહો કે સાધુને ઉપવાસ નહિ પડે."

મહારાજનાં આ આજ્ઞાવચન સાંભળી, સ્વામી મહારાજ પાસે ગયા અને દંડવત્ કરી પાસે ઊભા રહ્યા. પછી મહારાજે તેમને પૂછ્યું : "આ માંદા સાધુની સેવામાં રહેશો ?"

ત્યારે સ્વામીએ કહ્યું : "હા મહારાજ ! સેવા તો કરીશ પણ તેમને ઉપવાસ પડશે તો ?" તે સાંભળી મહારાજ મંદ મંદ હસવા લાગ્યા.

પછી મહારાજે સ્વામીને પૂછ્યું : "તમને સદ્ગુરુઓએ બુરાનપુર જવાનું કહ્યું હતું તેની કેમ ના પાડી ?"

એટલે સ્વામીએ વિસ્તારીને વાત કરતાં કહ્યું : 'મહારાજ ! મેં ના નહોતી પાડી. મેં તો તેમને કહ્યું હતું કે હું તો હજી કાલે જ બુરાનપુરથી આવ્યો છું. વળી, તલાવડીમાં પગ લપસી ગયો છે. તેથી પગે ચલાતું નથી."

સ્વામીની વાત સાંભળી મહારાજને ઘણું દુઃખ થયું. તેમણે સદ્ગુરુઓને બોલાવ્યા અને ઠપકો આપતાં કહ્યું : "તમને આવો અન્યાય કરવા મોટેરા કર્યા છે ? આ સાધુ તો બે દિવસ પહેલાં જ બુરાનપુરથી આવ્યા છે. અને તેમને પાછા ફરી મોકલવા માંડ્યા ?" સદ્ગુરુઓ કાંઈ બોલી શકયા નહિ. સ્વામી તો તરત જ માંદા સાધુની સેવામાં જોડાઈ ગયા.

સ્વામી આ અઢાર માંદા સાધુની સેવા હંમેશાં કરતા. જેને જે જોઈએ તે જમવાનું કરી આપે. વળી, તેમને નવરાવે, તેમની ગોદડીઓ ધૂએ. એમ અનેક પ્રકારે સેવા કરે.

એક વખત સ્વામી ગોમતીમાં ગોદડીઓ ધોઈને આવતા હતા. તેવામાં મહારાજ પણ વાસણ સુથારને ઘેરથી જમીને હનુમાનવાળે દરવાજેથી આવતા હતા. મહારાજ અને સ્વામી બન્ને ત્યાં ભેગા થઈ ગયા. સ્વામીએ મહારાજને વૃત્તિ દ્વારા ખેંચ્યા. એટલે મહારાજ ત્યાંના ત્યાં જ ઊભા રહ્યા. પછી સ્વામી મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું : ''સાધુરામ ! હવે જઈએ ?''

એટલે સ્વામીએ હાથ જોડી કહ્યું : ''હા મહારાજ ! પધારો.'' એમ વૃત્તિ ખેંચી લીધી એટલે મહારાજ ચાલ્યા.

ચોકમાં સભાજનો સૌ મહારાજને આવતા જોઈ ઊભા થઈ ગયા હતા પરંતુ મહારાજને તો સ્વામીએ વૃત્તિ દ્વારા ખેંચ્યા હતા. તેથી મહારાજ ચાલી શક્યા નહિ અને સભાજનો પણ આ લીલા જોઈ રહ્યા. પછી મહારાજ સભામાં પધાર્યા. પરંતુ બહુ જ અકળાઈ ગયા હતા તેથી ભગુજી તથા બાપુ રતનજી મહારાજને પંખો નાખવા લાગ્યા. મહારાજ તે બંધ રખાવીને એકદમ અકળાઈ જઈને બોલ્યા : ''મારે કશાયનું કામ નથી. ઓલ્યા સાધુએ મારે માથે ભાર મૂક્યો છે તે લઈ લ્યો.''

તે સાંભળી ભગુજી તરત દોડ્યા અને સ્વામીના બન્ને ખભા ઉપરથી ધોયેલી ગોદડીઓ લઈ લીધી અને મહારાજ પાસે લાવીને મૂકી, પછી મહારાજે કહ્યું : ''જાઓ, ધર્મશાળામાં જઈને કહો કે જેની ગોદડીઓ હોય તે અહીં આવીને લઈ જાય.'' તેથી માંદા સાધુ તો એક પછી એક આવીને પોતાની ગોદડી લઈ ગયા. પરંતુ જે સાજા સાધુઓએ ધોવા આપી હતી તે મૂંઝાયા; શું મોઢું લઈને ગોદડી લેવા આવે ?

પછી મહારાજે સ્વામીને મુક્તાનંદ સ્વામી પાસે બેસાર્યા, અને તેમને તથા બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું : ''આ સાધુ કેવા છે ?''

ત્યારે તે બન્ને સદ્‌ગુરુઓએ કહ્યું : ''એ તો બહુ સારા સાધુ છે. કીર્તનો બહુ જ કંઠે છે. અને વાતું પણ બહુ કરે છે. સેવા પણ સૌની કરે છે. અને ખરેખરા તપસ્વી છે.''

તે સાંભળી મહારાજ થોડું હસ્યા અને પછી કહ્યું : ''એ તો તમે એમના ઉપલ્યા ગુણ કહ્યા પણ એમના ખરા ગુણ તો હજુ તમેય નથી જાણતા.'' એમ કહીને ફરી બોલ્યા : ''આ સાધુ તો બહુ સમર્થ છે. કાં જે

જેમ સાણસામાં સાપ પકડે તેમ આ સાધુ અમારી મૂર્તિને માતાના ગર્ભમાં આવ્યા પહેલાં, ગર્ભમાં હતા ત્યારે અને અત્યારે પણ ત્રણે અવસ્થામાં ઝાલી રાખે છે.''

તે સાંભળી સભામાં બેઠેલા મહાનુભાવાનંદ સ્વામી એકદમ બોલી ઊઠ્યા : ''બેટીકા બાપ ! મહારાજકો ક્યું પકડા હૈ ? છોડ દો !''

મહારાજ આ અડબંગી શબ્દો સાંભળી હસ્યા પછી બોલ્યા : ''સ્વામી ! તેનું અમને દુઃખ નથી. એ તો અમને એમ અખંડ દેખે છે. પરંતુ બીજાને અમારી મૂર્તિ તે પ્રમાણે અખંડ દેખવી તે કઠણ છે. આ સાધુ તો અમારા અનાદિના સેવક મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે. તેથી, આજ અમારી કેડે જેટલા મનુષ્ય ફરે છે તેટલા મનુષ્ય આ સાધુ કેડે ફરશે અને આ સાધુ દ્વારા જ અમારી સર્વોપરી ઉપાસના આખા સત્સંગમાં પ્રવર્તશે. આ સાધુ જેવો અમારો અદ્‌ભુત મહિમા જાણે છે તેવો બીજા કોઈ જાણતા નથી, માટે આવા સર્વોપરી સાધુ પાસે સાજા સાધુ સેવા કરાવે તે કેવું કહેવાય ?''

આ પ્રમાણે સ્વામીનો અદ્‌ભુત મહિમા મહારાજે સભામાં કહ્યો. મુક્તાનંદ સ્વામી વગેરે સંતો આ સાંભળી ઘણા જ રાજી થયા. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : ''હે મહારાજ ! આ સાધુ મારી સાથે ઘણા વખતથી રહે છે. મારી સેવા કરે છે પણ તેમની આવી મોટપ મેં જાણી નહોતી. આપે આજે દયા કરીને એમની મોટપ જણાવી તે બહુ ઠીક કર્યું. કારણ અમે તો તેમને સેવક જાણીને તેમની પાસે અત્યાર સુધી સેવા કરાવતા.'' પછી મહારાજે બીજી કેટલીક વાતો કરી સભા વિસર્જન કરી.

બીજે દિવસે મુક્તાનંદ સ્વામી જમવા બેઠા હતા. ત્યાં પાસે બેઠેલા સ્વામી તેમની પાસે પત્તર લઈને આવ્યા અને મુક્તાનંદ સ્વામી પાસે પ્રસાદી માગી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''ભા, બહુ દિવસ છેતર્યા. હવે એ દિવસ ગયા, હવે પ્રસાદી ન અપાય.'' એમ સ્વામીનો મહિમા સમજીને પ્રસાદી ન આપી.

✧ ✧ ✧

પંચાળામાં રંગોત્સવ

સંવત ૧૮૭૯ના ફૂલદોલનો ઉત્સવ મહારાજે ઝીણાભાઈના આગ્રહથી

પંચાળામાં કરવાનું ઠરાવ્યું. દેશદેશાવરમાં ફરતાં સંત મંડળોને મહારાજે કંકોત્રીઓ લખી પંચાળા તેડાવ્યાં. ઝીણાભાઈએ મહાન સમારંભ આરંભ્યો. રંગોત્સવ માટે તેમણે ગાડેગાડાં ભરી અબીલ, ગુલાલ, કંકુ, કેસર, કેસૂડો, ચંદન, પુષ્પ વગેરે તૈયાર કર્યું. સંત મંડળો તમામ આવી ગયાં. હરિભક્તો પણ દૂર દેશથી આ ઉત્સવમાં ભાગ લેવા અને મહારાજનાં દર્શનનો લાભ લેવા અહીં પહોંચી ગયા.

પૂનમના દિવસે રંગોત્સવ સંપૂર્ણ ધામધૂમથી મહારાજે આદર્યો. સંતો, હરિભક્તોને રંગે રમી રોળી નાખ્યા. સંતો-હરિભક્તોએ પણ મહારાજને રંગે રમાડી અકળાવી દીધા. અબીલ, ગુલાલ, કંકુ, કેસર અને ચંદન વિવિધ રંગોએ જાણે આકાર લઈને આકાશમાં મેઘધનુષની રંગોળી પૂરી હોય તેવું આકાશ દેદીપ્યમાન બની ગયું. મહારાજ રંગોત્સવ કરી મઘરીએ આરે નાહવા પધાર્યા.

આ વખતે મઘરીએ આરે સ્નાન કરતાં કાશીદાસે કહ્યું : "આ સમે આ ઉત્સવનાં જેણે દર્શન કર્યાં હશે તેને અક્ષરધામ મળશે."

તે સાંભળી સ્વામીશ્રી તરફ જોઈ સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા : "અરે ભાઈ ! આટઆટલો સાક્ષાત્ આ અક્ષરના હાથની પિચકારીઓથી ઊડેલો રંગ ઊડ્યો. આપણા બધાનાં શરીરને પાવન કર્યાં તો ય હજુ અક્ષરધામમાં હવે પછી જવા વિચાર કરો છો ? અક્ષરધામ અહીં નથી દેખાતું ?" કાશીદાસ સચ્ચિદાનંદ સ્વામીની આ અગમવાણી ન સમજ્યા. પણ અક્ષર આજે પૃથ્વી ઉપર આવ્યું છે તે નિર્દેશનો પડઘો તેમના અંતરમાં પડી ગયો. મહારાજે તો વચનામૃતમાં સ્પષ્ટ કહી દીધું છે, 'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એમ વાતો કરવી.'[૬૩] વળી, 'જ્યાં પુરુષોત્તમની મૂર્તિ છે, ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે.'[૬૪] છતાં આ શબ્દોનું જાણપણું નથી રહેતું અને અક્ષરની ઓળખાણ થતી નથી. પછી જીવને આવરીને રહેલું માયાનું કપટ શી રીતે કપાશે ? અનાદિ અજ્ઞાન કેમ ટળશે ? અક્ષરના સ્વરૂપના જ્ઞાન વિના અક્ષરધામમાં શી રીતે જવાશે ? निजात्मानं

૬૩. ગ. પ્ર. ૭૧.

૬૪. ગ. મ. ૪૨.

બ્રહ્મરૂપં એ મહારાજની આજ્ઞા પાળવા માટે અનાદિ બ્રહ્મની જ જો ઓળખાણ નહિ થાય તો આત્માની બ્રહ્મ સંગાથે શી રીતે એકતા થશે ? અને બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમની ભક્તિનો અધિકાર કેમ પ્રાપ્ત થશે ? આ બધા જ પ્રશ્નોનો શુદ્ધ સત્ત્વગુણમાં રહીને જો વિચાર કરવામાં આવે તો મહારાજે વચનામૃતમાં ઉદ્‌બોધેલાં બ્રહ્મ-પરબ્રહ્મનાં અનાદિ સ્વરૂપો, તે સ્વરૂપનો ભેદ તથા તે સ્વરૂપોની તાત્ત્વિક દૃષ્ટિએ ઉપાસના કરવાની આવશ્યકતા સમજાશે. આત્યંતિક કલ્યાણ માટે અક્ષર અને પુરુષોત્તમની શુદ્ધ ઉપાસના એ અત્યંત આવશ્યક અને અનિવાર્ય સાધન છે.

મહારાજ મઘરીએ આરે સ્નાન કરવા પધાર્યા. પરંતુ સૌની ઇચ્છા હોવાથી મહારાજ અહીં સૌ સંતોને ભેટ્યા. સ્વામીને ભેટતાં મહારાજે કહ્યું : “આ અમારા મૂર્તિમાન અક્ષરધામ છે.”

“મોટા પુરુષોનાં તો સૂત્રો જ હોય... તે ઉપર ભાષ્ય તો શિષ્યોએ કરવાનું હોય.” મહારાજના વચનમાં જેમને વિશ્વાસ હતો તે આ શબ્દોનો મર્મ સમજી ગયા.

મહારાજે ચાર પરમહંસોની વિશેષતા છતી કરી

બીજે દિવસે મહારાજે બધા પરમહંસોને ભેગા કરી પ્રશ્ન પૂછ્યો : “હે પરમહંસો ! તમારા સૌમાં જે વિશેષ સામર્થ્ય હોય તે કહો.”

ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રથમ કહ્યું : “હે મહારાજ ! ગમે તેવો મનુષ્ય ક્રોધ કરીને મારવા આવતો હોય તેને હું સહજ વાતમાં શાંત કરી દઉં, એવો ગુણ આપના પ્રતાપે મારામાં છે.”[૬૫]

૬૫. કહેવાય છે કે મુક્તાનંદ સ્વામીની સાધુતા અને અતિ પ્રેમાળ સ્વભાવથી ગમે તેવો ક્રોધે ભરાઈને મારમાર કરતો આવ્યો હોય તો પણ તે શાંત થઈ જતો. ગઢપુરમાં એક વખત નાગડા વેરાગીઓની જમાત આવી હતી. તેમણે દૂધપાક અને માલપુઆની રસોઈ માગી. અત્યંત ક્રોધે ભરાયેલા આ નાગડા બાવાને શાંત કરવા મહારાજે મુક્તાનંદ સ્વામીને બોલાવ્યા. મુક્તાનંદ સ્વામી આવ્યા. આ જમાતને જોઈ એકદમ તેમનાથી બોલાઈ ગયું : “અહો ! આ તો વૈકુંઠનાથના પાર્ષદો !” મુક્તાનંદ સ્વામીના આ શબ્દોથી તે વેરાગીઓ બધા શરમાઈ ગયા અને શાંત થઈ જે રસોઈ તૈયાર પડી હતી તે જમીને ચાલ્યા ગયા. પછી મહારાજે કહ્યું : ‘મુક્તાનંદ સ્વામીની વાણી અને સ્વરૂપનો આ પ્રભાવ છે.’

પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "હે મહારાજ ! ગમે તેવો કવિ આવે પરંતુ રસ, અલંકાર તેમજ ઝડઝમક વગેરે જે કાવ્યની ખૂબીઓ છે તેવાં કાવ્યો બનાવવામાં મને કોઈ પહોંચે નહિ, એવો આપના પ્રતાપથી મારામાં ગુણ છે."

મહારાજે કહ્યું : "સાચું, તમારામાં એ ગુણ છે તેની ના નહિ."

ત્યાર બાદ નિત્યાનંદ સ્વામીનો વારો આવ્યો. તેમણે કહ્યું : "સાક્ષાત્ બ્રહ્મા જેવા પંડિત આવે તો પણ શાસ્ત્રચર્ચામાં મને કોઈ જીતી શકે નહિ, એવો ગુણ આપના પ્રતાપથી મારામાં છે."

મહારાજે તે સાંભળી કહ્યું : "ખરું છે, અત્યારે તમારા જેવો કોઈ વિદ્વાન આ પૃથ્વી પર નથી." પછી ગોપાળાનંદ સ્વામીને મહારાજે કહ્યું : "યોગીરાજ ! તમે તો કંઈક કહો."

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપની ઇચ્છા હોય તો સમગ્ર બ્રહ્માંડનાં નાડી-પ્રાણ હું ખેંચી લઉં એવી શક્તિ આપને પ્રતાપે મારામાં છે."

આ પ્રમાણે મોટેરા પરમહંસોએ કહ્યું. સ્વામી પણ આ સભામાં બિરાજમાન હતા. પરંતુ તેઓ તો કશું બોલ્યા નહિ. પછી બ્રહ્માનંદ સ્વામીએ સ્વામી સન્મુખ જોઈ કહ્યું : "સ્વામી ! તમે કેમ તમારું સામર્થ્ય બતાવતા નથી ? મહારાજ તો તમારાં બહુ વખાણ કરે છે."

પરંતુ સ્વામી તો કંઈ બોલ્યા નહિ. તેથી મહારાજે કહ્યું : "સ્વામી ! એમનું સામર્થ્ય તો અપાર છે. તે અમે જ્યારે નહિ હોઈએ, ત્યારે તમોને જણાશે. જેમ અમારી પાછળ લાખો મનુષ્યો ખેંચાય છે, તેમ તેમની પાછળ પણ ખેંચાશે." આ પ્રમાણે મહારાજે સ્વામીનો અતિ અપાર મહિમા આ પ્રસંગે કહ્યો હતો.[૬૬]

મહારાજે રોઝા ઘોડાનો મદ ઉતાર્યો

ફૂલદોલ ઉત્સવ કરી મહારાજ પંચાળેથી ગઢડા પધાર્યા. અહીં થોડા દિવસો રહી મહારાજ ચૈત્રી પૂનમનો સમૈયો કરવા વરતાલ જવા નીકળ્યા. સાથે સંતો તથા કાઠી અસવારોને પણ લીધા. આ વખતે મહારાજ માટે

૬૬. ગોપાળાનંદ સ્વામીની વાતો.

રોઝો ઘોડો નવીન લીધો હતો. ઘોડો બહુ જ ઉન્મત્ત અને તેજ હતો. કાઠીઓએ મહારાજને કહ્યું : "મહારાજ ! આને હજુ બરોબર ચડાઉ કર્યો નથી માટે હમણાં અહીં રાખી મૂકો."

મહારાજે કહ્યું : "ના, આ ફેરે જ એને ચડાઉ કરી દેવો છે." એમ કહીને મહારાજે નાજા જોગિયાને આ રોઝા ઉપર જ પલાણ નાખવાનું કહ્યું. મહારાજ તૈયાર થઈ ગયા.

કાઠી સવારો સાથે મહારાજ ઘોડા ખેલાવતાં ખેલાવતાં ચાલ્યા જાય છે. એક પછી એક હરિભક્તોનાં ગામો આવે છે. ત્યાં વિસામો લઈ આગળ વધે છે. મહારાજ રોઝા ઉપર ધીરે-ધીરે જાય છે. તેથી કાઠીની તેજીલી જાતને એમ થયું કે 'મહારાજ પણ સાવચેતી રાખી ઘોડો ચલાવે છે.'

એટલે એક કાઠી હરિભક્તે મહારાજને કહ્યું : "મહારાજ ! હરિભક્તો તથા સાધુઓનો સંઘ ઘણો આઘે નીકળી ગયો છે. માટે જો ઘોડા દોડાવીએ તો સંઘને આંબી જવાય. વળી, ખબર પડે કે કોણ આગળ નીકળી જાય છે."

મહારાજ આ કાઠી હરિભક્તોના કહેવાનો મર્મ સમજી ગયા. થોડું મીઠું હસ્યા અને પછી બોલ્યા : "લ્યો, ત્યારે થાવ સાબદા." એમ કહીને મહારાજે રોઝા ઘોડાની સરક ખેંચી અને પેટમાં પેંગડું માર્યું અને રોઝો ઊછળ્યો.

કાઠીઓને લાગ્યું : "રોઝો મહારાજને પાડી દેશે", પણ ત્યાં તો જોતજોતામાં રોઝો ધૂળની ડમરી ઉડાડતો અદૃશ્ય થઈ ગયો ! સંઘમાં જતા સંતો તથા હરિભક્તો મહારાજને રોઝા ઉપર આવતા જોઈ એક બાજુ તરી ગયા. અને છેટેથી મહારાજનાં દર્શન કરવા લાગ્યા.

પરંતુ સ્વામીશ્રી તો મહારાજની પાછળ દોડ્યા. સ્વામીશ્રી રોઝા ઘોડાની પાછળ એટલી જ ઝડપથી દોડવા લાગ્યા. મહારાજની આગળ જઈ સ્વામી એક ઝાડ નીચે ઊભા રહ્યા. પછી પોતાનું વસ્ત્ર નીચે પાથરી દીધું. મહારાજ ઘોડા ઉપરથી ઊતરી સ્વામીએ જે વસ્ત્ર પાથર્યું હતું તે ઉપર પોઢી ગયા. સ્વામી બીજા વસ્ત્ર વડે મહારાજને પવન નાખવા લાગ્યા. મહારાજે રોઝાને છૂટો મૂકી દીધો હતો. અતિશય દોડવાથી હાંફી ગયેલો ઘોડો પોતાની ઉન્મત્તાઈ છોડી શ્વાસ લેતો સ્થિર થઈ ગયો હતો. તેના પરસેવાથી

તે જ્યાં ઊભો હતો તે બધી જમીન પલળી ગઈ હતી. થોડી વાર પછી બીજા અસવારો આવ્યા. મહારાજને અહીં પોઢેલા જોઈ સૌ ઘોડા ઉપરથી અહીં ઊતરી ગયા. એટલામાં મહારાજ જાગ્યા. પછી તે અસવારોએ મહારાજને કહ્યું : ''મહારાજ ! આપને તો અમે આંબી શકીએ નહિ.''

મહારાજ હસ્યા. પછી કહ્યું : ''એ તો ઘોડાનો ગર્વ ઉતારવો હતો અને ડાહ્યો કરવો હતો એટલે દોડાવ્યો. હવે જુઓ, પહેલાં જેવો ઉન્મત્ત છે ?''

એમ થોડી વાર ગોષ્ઠિ કરતા હતા. ત્યાં સંઘ પણ આવી પહોંચ્યો.

પછી મહારાજે કહ્યું : ''હવે આપણે બધાએ સંઘની સાથે જ ચાલવું.'' એમ, સૌને આનંદ કરાવતા વરતાલ પહોંચ્યા.

વરતાલ મંદિરનો પ્રારંભ

સંવત ૧૮૮૦માં મહારાજે વરતાલ મંદિરનો પ્રારંભ કરાવ્યો. પાયા બધા ગળાઈ ગયા હતા અને ભક્તિપ્રિયાનંદ સ્વામી પાયા પૂરવા ગારો કરાવતા હતા. બીજા કેટલાક સાધુઓ તેમને મદદ કરતા હતા. મહારાજ પણ ત્યાં તેમને દર્શન દેવા ખુરશી નાખીને વિરાજમાન થયા હતા. શ્રીજીમહારાજ આ સર્વ સંતોની સેવાથી અતિશય પ્રસન્ન થયા. તેથી તેમણે ભક્તિપ્રિયાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમે તથા આ બધા સાધુઓએ ખરેખરો દાખડો કર્યો છે. માટે આવો મળીએ.''

ત્યારે ભક્તિપ્રિયાનંદે કહ્યું : ''મહારાજ ! મારું શરીર ગારાવાળું છે.''

મહારાજે હસીને કહ્યું : ''એ ગારો નથી પણ ચંદન છે. માટે આવો.'' એમ કહી મહારાજ તેમને મળ્યા. પછી કહ્યું : ''જેમનાં ગારાવાળાં શરીર હોય તે બધા આવો, મળીએ.''

એટલે જે સાધુઓ ત્યાં કામ કરતા હતા તે બધા આવ્યા. મહારાજ તેમને સૌને અત્યંત હેતથી મળ્યા.

મહારાજ સૌને મળે છે એમ ધારી, કેટલાક સાધુઓ શરીરે ગારો ચોપડીને મહારાજને મળવાના લોભથી આવ્યા. તેમને આવતા જોઈ મહારાજે તેમને છેટે જ ઊભા રાખ્યા અને કહ્યું : ''તમારાં બધાનાં શરીર ગારાવાળાં છે અને અહીં જે સાધુઓ કામ કરતા હતા તેમનાં શરીર તો

ચંદનવાળાં હતાં એટલે અમે તેમને મળ્યા.'' એટલું કહીને પછી કહ્યું : ''શું અમે નથી જાણતા કે તમો બધા ગારો ચોપડીને આવ્યા છો ?'' એટલે તે બધા સાધુ ત્યાંથી ચાલ્યા ગયા.

આ વખતે સ્વામી પણ ત્યાં હતા. પરંતુ સ્વામી થોડા દૂર ઊભા હતા. મહારાજે તેમને બોલાવ્યા અને કહ્યું : ''સ્વામી ! આવો, તમને મળીએ.''

એટલે સ્વામીએ જરા અચકાઈને કહ્યું ''મહારાજ ! આપે તો ગારાવાળાં શરીર જેનાં હોય તેને જ મળવાનું કહ્યું હતું. એટલે હું અહીં છેટો જ ઊભો રહ્યો. આજ્ઞા વિરુદ્ધ કેમ અવાય ?''

મહારાજ તો સ્વામીની અતિ સરળ પ્રકૃતિ જાણતા હતા. સ્વામી બનાવટ કરીને બીજાની જેમ કદી ન આવે તે પણ જાણતા હતા. તેથી સ્વામી પ્રત્યે મહારાજને વિશેષ પ્રેમ હતો.

મહારાજે ધીરેથી કહ્યું : ''બીજા અમને છેતરવા આવે છે જ્યારે તમો અમારી મરજી જાણી આજ્ઞા પાળવામાં તત્પર રહો છો. એટલે તમને પરાણે મળવાનું મન થાય છે. માટે આવો મળીએ.''

એટલું કહી મહારાજ સ્વામીને ખૂબ ભાવથી ભેટ્યા અને પોતાના દિવ્ય સ્વરૂપના અનિર્વચનીય આનંદનો મહારાજે સ્વામીને અનુભવ કરાવ્યો.

લ્યો, અમારા જડભરત !

સંવત ૧૮૮૦ના માગશર માસમાં મહારાજ ગઢપુરમાં બિરાજતા હતા. તે વખતે મહારાજને એક હરિભક્તે એક જાડો ધાબળો ભેટ આપ્યો હતો. તે ધાબળો એટલો જાડો અને બરછટ હતો કે સામાન્ય રીતે કોઈ ઓઢી શકે જ નહિ; પરંતુ મહારાજે તેને ખૂબ જ પ્રેમથી સાચવ્યો હતો. પોતે ઘણી વખત ટાઢમાં તે ઓઢીને જ બેસતા. જડભરત જેવી દશાવાળાને લાયક આ ધાબળો કોઈ માગતું તો પણ મહારાજ આપતા નહિ અને કહેતા કે તમને સારી કામળી અપાવીશ. કોઈ વખત કોઈ હરિભક્ત અતિ ઝીણી અને કોમળ કામળી મહારાજને ઓઢાડતા તો પાછળથી તે કામળી બીજા સાધુને આપી દેતા પરંતુ પોતે રાખતા નહિ. કદાચ સાધુ એમ કહે : ''મહારાજ ! મને આપનો જાડો ધાબળો આપો અને આ કામળી આપ

રાખો.'' તો પણ મહારાજ તે ન જ આપતા. આ પ્રમાણે કેટલોક સમય મહારાજે તે ધાબળો પોતાની પાસે રાખ્યો.

માગશર સુદ પૂનમની શુભ તિથિ હતી. તે પ્રસંગે સવારના એક હરિભક્તે મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! મારે આ ઝીણી કામળી મહારાજને ઓઢાડવી છે.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''બહુ સારું.''

પછી ગુણાતીતાનંદ સ્વામીને બોલાવી મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : ''મહારાજ પાસે જાડો ધાબળો છે તે કોઈને આપતા નથી. તમો તે માગો અને આપે તો લઈ લો. ચામડી લોહીવાળી કરે તેવો બરછટ છે.''

તે સાંભળી સ્વામીએ કહ્યું : ''ભલે, હું માગીશ.''

પછી સ્વામી મહારાજ પાસે આવ્યા અને દંડવત્ કરી સન્મુખ ઊભા રહ્યા. પછી મહારાજને કહ્યું, ''મહારાજ ! આપની પ્રસાદીનો આ ધાબળો મને આપો. મારી પાસે ઓઢવાનું કાંઈ નથી.''

એટલે મહારાજે કહ્યું : ''એ તો અમારા માટે રાખ્યો છે. તે ન અપાય. એ તો એક જ છે. એવો બીજો નથી.''

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આ તમારા નિર્ગુણાનંદજી જડભરત જેવા છે. અને તે ધાબળો તેમને પસંદ છે. માટે આપો તો સારું.''

એટલે મહારાજ રાજી થયા. અને ઊભા થઈને બોલ્યા : ''લ્યો, અમારા જડભરત !'' એમ બોલીને તે ધાબળો સ્વામીને ઓઢાડ્યો.

✧ ✧ ✧

મહારાજના પરમહંસોની સાધુતા

સંવત ૧૮૮૧ના વર્ષમાં દુષ્કાળ જેવું હતું. તેથી મહારાજે સઘળા પરમહંસોને ફરવા જવાની બંધી કરી હતી અને ગઢપુરમાં પોતાની પાસે જ રાખ્યા હતા. પરંતુ હરિભક્તોને તો સાધુ સમાગમ અને સેવા વિના ચેન પડે જ નહિ. તેથી એક પછી એક ગામના હરિભક્તો મહારાજ પાસે સાધુઓની માગણી કરવા આવવા લાગ્યા. મહારાજ તો કહેતા કે દુષ્કાળ જેવું છે માટે સાધુઓને લઈ જવાનો આગ્રહ રાખશો નહિ. પરંતુ

હરિભક્તોની શ્રદ્ધા અને પ્રેમ જોઈ મહારાજ તેઓ જેટલા સાધુઓની માગણી કરે તેથી અર્ધા સાધુઓ તેમને ગામ મોકલે.

સુરા ખાચરે, સાધુઓને લોયા લઈ જવા મહારાજ પાસે પચાસ સાધુઓની માગણી કરી. મહારાજે તેમને પચ્ચીસ સાધુઓનું મંડળ આપ્યું અને સૂચના આપતાં કહ્યું : "સાધુઓને ઘઉં અને બાજરો ખવરાવજો. પણ જાર ન ખવરાવશો. જો જાર ખવરાવશો તો સાધુ પાછા આવતા રહેશે." સુરા ખાચરે તે આજ્ઞા કબૂલ રાખી અને સાધુ મંડળને લઈને લોયા ગયા.

પછી ગામ બારપટોળીના કાળુ વાવડિયા તથા ગામ સમઢીઆળાના વીરો શેલડિયો તથા પીઠવાજાળના ખીમો ડોબરીઓ પણ સાધુની માગણી કરવા આવ્યા. ત્યારે મહારાજે તેમને ત્યાં પણ સાધુમંડળ મોકલવાની હા કહી. પરંતુ એક જ મંડળ વારાફરતી ત્રણે ગામમાં આવશે એમ કહી તેમને રજા આપી. પછી મહારાજે ગુણાતીતાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, રામાનુજાનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી વગેરે બાર સાધુઓને પ્રથમ ગામ બારપટોળી જવાનું કહ્યું.

આ સંતમંડળ બારપટોળી જતું હતું ત્યાં રસ્તામાં ખારા ગુંદરણામાં ખારો આવ્યો. ત્યાં બાવાના બે છોકરા ખરપડા વડે ઘાસ ખોદતા હતા. સાધુઓને દેખીને તે એકદમ તેમને મારવા દોડ્યા. શ્રીજીમહારાજની આજ્ઞા હતી કે ગાળ દે, મારે તો પણ તે સહન જ કરવું પણ સામો પ્રતિકાર ન કરવો. તે છોકરાઓ મારવા આવ્યા એટલે સ્વામી એકદમ ઊભા રહ્યા. એટલામાં તે છોકરાઓ કૃપાનંદ સ્વામી તરફ દોડ્યા અને તેમને મારવા ખરપીઓ ઉગામ્યો. પણ સ્વામી એકદમ દોડ્યા અને પોતાની ગોદડી આડી ધરી દીધી એટલે કૃપાનંદ સ્વામીને વાગ્યું નહિ. પછી સ્વામી તરફ તેમણે ખરપીઓ ઉગામ્યો. ત્યાં બે-ત્રણ જણા નીકળ્યા. તેમણે છોકરાઓને પકડ્યા અને ધમકાવ્યા કે "આવા ગરીબ સાધુને કેમ મારો છો ?"

ત્યારે તેમણે કહ્યું : "આ જીવનમુક્તાના સાધુને હમારા બોત શિષ્યોને લે લિયા હૈ."

પરંતુ આમણે તો કાંઈ તેમની વાત સાંભળી નહિ અને ડારો દીધો એટલે તે છોકરા ભાગી ગયા. પછી આ સંતમંડળ બારપટોળી પહોંચી ગયું.

અહીં આ સંતમંડળ હરિભક્તોને રાત્રે બબ્બે વાગ્યા સુધી કથાવાર્તા

ઉપદેશ કરવામાં પ્રવૃત્ત રહેતું. તેથી ગામમાં નવા સત્સંગી પણ ઘણા થયા. નિઃસ્પૃહ અને અપરિગ્રહવ્રત ધારણ કરનાર આ સંતોના પ્રસંગથી તેમની સાધુતાની સૌરભ સારા ગામમાં પ્રસરી ગઈ. ગામના હરિભક્તો પણ દુષ્કાળની કઠણ પરિસ્થિતિ હોવા છતાં પણ આ સંતો વિશેષ રહે તેવું ઈચ્છતા હતા.

એક દિવસ સાધુઓ નાહીને આવતા હતા. ત્યાં રસ્તામાં કાળુ ભગત પાડાને દોરી આવતા હતા. તે ભેગા થઈ ગયા. કૃપાનંદ સ્વામીએ તેમને પૂછ્યું : ‘‘ભગત ! ક્યાં ગયા હતા ?’’

ત્યારે તેમણે કહ્યું : ‘‘રાજુલા દાણા લેવા ગયો હતો.’’

આ સાંભળી કૃપાનંદ સ્વામીને થયું કે અહીં હરિભક્તોના ઘરમાં દાણા ખૂટ્યા લાગે છે. તેથી ઠેઠ રાજુલા દાણા લેવા જવું પડે છે. તેમણે વિચાર કરી લીધો કે અહીંના હરિભક્તોને હવે તકલીફ ન આપવી અને હવે બીજે ગામ જવું. તે જ દિવસે સાંજે તેઓ ચાલી નીકળ્યા અને ઓઢાને સમઢિયાળે આવ્યા.

અહીંના હરિભક્તો પણ મહારાજે સાધુઓ મોકલ્યા તેથી રાજી થયા. હરિભક્તો બધા સેવામાં જોડાઈ ગયા. અહીં કથા પ્રસંગે એક વખત વીરા શેલડિયાના દીકરા લક્ષ્મણને સ્વામીએ કહ્યું : ‘‘તારે મને હંમેશાં એક પ્રશ્ન પૂછવો.’’

તેથી તે હંમેશાં સ્વામીને એક પ્રશ્ન પૂછતો અને સ્વામી તેનો બરોબર ઉત્તર કરીને તેને રાજી કરતા. અહીં હરિભક્તોને ઘણુંખરું સ્વામીશ્રી જ ઉપદેશ કરતા. કૃપાનંદ સ્વામી તથા રામાનુજાનંદ સ્વામી ઘણોખરો વખત ધ્યાનમાં જ વ્યતીત કરતા.

લક્ષ્મણને સ્વામીમાં મહારાજ દેખાયા

એક વખત સ્વામી લક્ષ્મણના પ્રશ્નનો ઉત્તર કરતાં મહારાજના અતિ અપાર મહિમાની વાતો કરતા હતા. સ્વામીશ્રી વાતો કરતાં કરતાં મહારાજની મૂર્તિમાં તન્મય બની ગયા. તેટલામાં સ્વામીશ્રીના દેહમાંથી એટલો બધો પ્રકાશ નીકળ્યો કે લક્ષ્મણ તો ‘અહો’, ‘અહો’, કરવા મંડ્યો. તે પ્રકાશમાં તેણે સ્વામીને ન જોયા પરંતુ મહારાજની મૂર્તિ જોઈ. તેથી

લક્ષ્મણ મહારાજનાં ચરણારવિંદ લઈ પોતાની છાતીમાં અડાડવા લાગ્યો. ત્યાં એકદમ સ્વામી બોલ્યા : "અલ્યા લક્ષ્મણ ! આ શું કરે છે ?"

એટલે લક્ષ્મણે કહ્યું : "એ તો હું શ્રીજીમહારાજનાં ચરણારવિંદ છાતીએ અડાડું છું. હું તો મહારાજને જ દેખું છું. તમને દેખતો નથી."

ત્યાં બેઠેલા હરિજનો આ સાંભળી આશ્ચર્યમુગ્ધ થઈ ગયા ! પરંતુ તેમને કાંઈ સમજાયું નહિ. પછી લક્ષ્મણને તેમણે પૂછ્યું, ત્યારે લક્ષ્મણે કહ્યું : "સ્વામીની વાતો સાંભળતાં સાંભળતાં મને સ્વામીની મૂર્તિમાંથી અતિશય તેજ નીકળતું દેખાયું. એ તેજમાં મેં મહારાજની મૂર્તિ જોઈ, તે મહારાજનાં ચરણારવિંદ હું છાતીએ અડાડતો હતો."

આમ, સ્વામીમાં મહારાજ અખંડ બિરાજમાન છે તે સત્યની પ્રતીતિ, તે હરિભક્તોને આ પ્રસંગથી થઈ.

આ અરસામાં વીરો શેલડિયો તથા લક્ષ્મણ બન્ને ગઢપુર મહારાજનાં દર્શને ગયા. સાધુ મંડળ તો ત્યાં જ રોકાયું. ગઢપુરમાં હાલ જ્યાં ગોપીનાથજીનું મંદિર છે તે ઠેકાણે દાદાખાચરના દક્ષિણાદા બારના ઓરડા હતા. તે ઓરડા પાડવાનું કામ ભીમ ડાભી કરતા હતા. એકલી માટીનું ચણતર લોઢા જેવું થઈ ગયું હતું તેથી કોદાળી તેમાં કોઈ રીતે ખૂંપતી જ નહોતી. મહારાજે તેથી કહ્યું : "કણબીને અને કોદાળીને બહુ બને. માટે આ લક્ષ્મણને કોદાળી આપો."

તેથી ભીમ ડાભીએ કોદાળી લક્ષ્મણને આપી. તેણે ભીંતના મૂળમાં જ થોડું થોડું કોરી નાખ્યું. પછી થોડા માણસો બોલાવી ભીંતને જોરથી ધક્કો માર્યો તેથી આખી ભીંત પડી ગઈ. મહારાજ લક્ષ્મણ ઉપર બહુ જ રાજી થયા અને પોતાના ગળામાં ગુલાબનો હાર હતો તે તેને આપ્યો.

તે દિવસે વીરા શેલડિયાએ થાળ કર્યો હતો. મહારાજે પૂછ્યું : "કેના થાળ છે ?"

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : "મહારાજ ! સમઢિયાવાળા વીરા શેલડિયાનો થાળ છે."

તેથી મહારાજે તે બન્ને બાપ-દીકરાને બોલાવ્યા. પોતે જમતા જાય અને સમાચાર પૂછતા જાય : "તમારે ત્યાં સાધુ આવ્યા છે ને ?"

ત્યારે લક્ષ્મણે કહ્યું, "હા મહારાજ ! સાધુ સારા છે અને અમને વાતો

બહુ કરે છે.''

પછી મહારાજે જમીને પોતાની પ્રસાદી હતી તે સાધુ સારુ એક ટોપલામાં બંધાવી આપી અને તેમને ભલામણ કરી કે આ પ્રસાદી સાધુઓને જમાડજો. પછી વીરા ભક્તે મહારાજની ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી. મહારાજે પોતાનાં બે ચરણારવિંદ તેમની છાતીમાં આપ્યાં. પછી તે પ્રસાદી લઈને તેઓ સમઢિયાળા ગયા.

પીઠવાજાળથી ખીમો ડોબરીઓ સાધુને તેડવા આવ્યા. તેથી સાધુઓ તેમની સાથે પીઠવાજાળ ગયા. અહીં તૈયાર રોટલા હરિભક્તો પોતાને ઘેરથી લઈ આવે તે સાધુ જમે અને દિવસરાત કથાવાર્તા કરે. સવારે શેત્રુંજી નદીમાં સ્નાન કરવા જાય. ત્યાં નાહીને નદીની રેતીમાં ધ્યાન કરવા બેસે. કોઈ કોઈ વખત નદી કાંઠે વાડીઓમાં કોસ ફરતા હોય ત્યાં જઈને તે કોસવાળાને કે હળ ખેડતા ખેડૂતને ઉપદેશ પણ કરે. ખેડૂતો અપમાન કરે, તિરસ્કાર કરે તે સહન કરે પણ તેની સાથે-સાથે ફરે અને વાતો કરે. એમ ઘણો આગ્રહ કરી વાતો કરી, તેથી ત્યાં સત્સંગી ઘણા થયા.

લાખો દેસાઈ સાધુની પરીક્ષા કરે છે

તે ગામમાં લાખો દેસાઈ હતો. તેણે વિચાર કર્યો કે સ્વામિનારાયણના આ સાધુઓ સ્ત્રી-ધનના ત્યાગી છે એમ તેઓ કહે છે તો આપણે પરીક્ષા કરવી. તેથી જે રસ્તે સાધુઓ રોજ નીકળતા ત્યાં એક સ્ત્રીનું લૂગડું નાખ્યું અને થોડે દૂર થોડા રૂપિયા નાખ્યા. પછી તે સંતાઈ ગયો. થોડી વારે સાધુ નીકળ્યા. તેમણે સ્ત્રીનું લૂગડું નીચે પડેલું જોયું તેથી તરી ગયા. આગળ ગયા ત્યાં રૂપિયા પડેલા જોયા એટલે એકદમ બાજુએ ખસી ગયા. લાખા દેસાઈએ આ જોયું. તેને ખાતરી થઈ કે આ સાધુ ખરા સ્ત્રી-ધનના ત્યાગી છે. પછી તે નમી પડ્યો અને વર્તમાન ધરાવી સત્સંગી થયો. આ પ્રસંગની વાત કરતાં સ્વામી ઘણી વખત કહેતા કે 'અમે અને કૃપાનંદ સ્વામીએ ખેતરોમાં ફરી ફરીને પરાણે સત્સંગ કરાવ્યો છે. જ્યાં જ્યાં અમે ફર્યા છીએ અને સત્સંગ કરાવ્યો છે ત્યાં કોઈ દિવસ ડાકલું કે દોરો પેસવા પામ્યો નથી.'

✧ ✧ ✧

ભણે, ભગવાનને તો કોઈ પૂગતો હશે ?

સુરા ખાચરને ત્યાં મહારાજે સાધુઓને મોકલ્યા હતા. તેમને તેઓ ઘઉં, બાજરો ખવરાવતા હતા. કોઈ કોઈ વખત જાર પણ આપતા હતા. મહારાજ તો આ જાણતા હતા છતાં સુરા ખાચર સાધુઓને શું ખવરાવે છે તે જાણવા પોતે લોયા પધાર્યા. સુરા ખાચરને તો મહારાજ પધારે તેવી ઈચ્છા હતી જ. તે જાણતા હતા કે સાધુને મિષે મહારાજ પધારશે. એટલે મહારાજ પધાર્યા તેથી તેમને અત્યંત આનંદ થયો.

મહારાજે સાધુઓને પૂછ્યું : "સુરા ખાચર તમને શું ખવરાવે છે ?"

ત્યારે તે સાધુઓએ તો જેવું હતું તેવું કહ્યું. "મહારાજ ! ઘઉં બાજરો આવે છે અને કોઈ કોઈ વખત જાર પણ આવે છે."

એટલે મહારાજે સુરા ખાચરને બોલાવ્યા અને તેમને કહ્યું : "તમને ના પાડી હતી છતાં સાધુઓને જાર કેમ જમાડો છો ?"

એટલે સુરા ખાચરે કહ્યું : "મહારાજ ! એ ત્રણેય વાનાં ઘરમાં સરખાં છે, તેમાં જો ઘઉં, બાજરો ખવાય જાય તો પછી એકલી જાર જ ખાવી પડે, માટે ત્રણેય વારાફરતી આપું છું."

પરંતુ મહારાજ એમ શેના માને ? તેમણે કહ્યું : "ઘઉં કેટલા છે ?"

ત્યારે સુરા ખાચરે કહ્યું : "ઘઉં બે કળશી છે."

ત્યારે મહારાજે કહ્યું, "વેપારીને બોલાવી મપાવો જોઈએ."

પછી વેપારીને બોલાવી ઘઉં મપાવ્યા તો ચાર કળશી થયા. એટલે મહારાજે કહ્યું, "આમ કેમ ? ફરી મપાવો." એટલે ફરી મપાવ્યા તો છ કળશી થયા. પછી બાજરો મપાવ્યો તો તે પણ ચાર કળશી થયો.

ત્યારે મહારાજે કહ્યું : "આ વેપારીને બરાબર ભરતાં આવડતું નથી માટે ફરી ભરાવો." એટલે ફરી ભરાવ્યો ત્યારે બાજરો પણ છ કળશી થયો.

એટલે મહારાજે સુરા ખાચરને કહ્યું : "સાધુને જાર ખવરાવવા માટે આમ ખોટું બોલતા હતા ? બે કળશી છે એમ કહેતા હતા અને આ તો છ છ કળશી નીકળ્યાં."

ત્યારે સુરા ખાચરે હાથ જોડી કહ્યું : "ભણે મહારાજ ! ભગવાનને તો કોઈ પૂગતો હશે ખરો ?"

મહારાજ હસ્યા. પછી કહ્યું : "હવે સાધુને જાર ખવરાવશો તો ગઢડા વયા આવશે." આમ, મહારાજે સુરા ખાચરનો મનોરથ પૂરો કર્યો અને પછી ગઢડા પધાર્યા.

✧ ✧ ✧

જૂનાગઢમાં મંદિર માટે ઝીણાભાઈ જમીન અર્પણ કરે છે

આ. સં. ૧૮૮૨નું વર્ષ બેઠું અને ઠાકોર ઝીણાભાઈ ગઢપુર પધાર્યા. મહારાજે તેમને કહ્યું, "બાપુ ! આવ્યા છો તો હવે અહીં રોકાઈ જાઓ. અમે જન્માષ્ટમી વગેરે ઉત્સવો અહીં કરવાના છીએ."

દરબારે હાથ જોડ્યા. પછી કહ્યું, "મહારાજ ! મને એક સંકલ્પ રહે છે. આપે અમદાવાદ, ભૂજ અને વરતાલમાં મંદિરો કર્યાં તો હવે જૂનાગઢમાં પણ આપ મંદિર કરો તો સોરઠ દેશમાં સત્સંગનો વિકાસ થાય. સ્થાન વગર લોકો પ્રભુ ભજી શકતા નથી."

મહારાજ તેમનો સંકલ્પ જાણી પ્રસન્ન થયા. પછી ઝીણાભાઈએ કહ્યું, "મહારાજ ! જૂનાગઢમાં અમારા ઉતારાની જે જગ્યા છે તે બધી જ મંદિર માટે અર્પણ કરી દઈશ. તે ઉપરાંત વધારાની જગ્યાની જરૂર પડશે તો અમારી વાડી પણ ત્યાં જ છે. તે પણ અર્પણ કરી દઈશ."

મહારાજ તેમની ભક્તિભાવનાથી અત્યંત પ્રસન્ન થયા અને જૂનાગઢમાં મંદિર કરવા માટે પોતે વચન આપ્યું. ઝીણાભાઈ અત્યંત રાજી થઈ ગયા.

સાંજે મહારાજ લિંબતરુ નીચે ઢોલિયો ઢળાવી તે ઉપર વિરાજમાન થયા અને મોટા મોટા સંતોને તે સભામાં તેડાવ્યા. પછી સભામાં મહારાજે વાત કરી, "જૂનાગઢમાં આપણે મંદિર કરવું છે. ઝીણાભાઈએ જગ્યા આપી છે. તો હવે ત્યાં મંદિર કરી શકે એવા સંતો તૈયાર થાવ."

મહારાજની આ વાત સૌએ સાંભળી પરંતુ કોઈ જૂનાગઢ જવા તૈયાર ન થયું. તેથી મહારાજે કહ્યું : "જો મોટા મોટા અને ડાહ્યા સદ્‌ગુરુઓ કોઈ જવા તૈયાર ન હોય, તો હવે અમે જાતે ત્યાં મંદિર કરવા જઈશું અને તમો સર્વે અહીં રહેજો."

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ અહીં રહો.

આપની આજ્ઞા હોય તો હું ત્યાં જઉં.''

એટલે મહારાજે તેમના તરફ કરુણાકટાક્ષે જોઈને કહ્યું : ''સ્વામી ! તમારું એ કામ નહિ. એક તો તમને ક્ષયનો રોગ અને હવે અવસ્થા પણ થઈ. એ તો અમારા નિર્ગુણાનંદ જેવા બળિયાનું કામ.''

તે સાંભળી સ્વામીશ્રી તે સભામાં છેટે બેઠા હતા તે ઊભા થઈ ગયા અને હાથ જોડી મહારાજને કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞા હોય તો હું જાઉં. પરંતુ ત્યાં રાજ્યની મદદ મેળવી શકે એવા કોઈ મોટા સદ્‌ગુરુ હોય તો મહેનત કરવા હું તૈયાર છું.''

તે સાંભળી મહારાજ સ્વામી પ્રત્યે જોઈ જ રહ્યા. મહારાજની આંખોમાંથી નીકળતો પ્રકાશ સ્વામીએ ઝીલ્યો.

તે પ્રકાશ સર્વત્ર પાથરવા, અક્ષર અને પુરુષોત્તમનાં સ્વરૂપોની નિષ્ઠા પ્રસારવા અને અનેક મુમુક્ષુઓને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવી ધર્મવંશ, ધર્મકુમારના સાચા વંશજો, એકાંતિક ધર્મ સિદ્ધ કરેલા, વડવાનળ જેવા સત્પુરુષનો વેલો અખંડિત રાખવા સ્વામી તત્પર થયા. અનંતકોટી બ્રહ્માંડો જેમના એક રોમ પાસે અણુવત્ ભાસે છે તેવી અપાર અનવધિકાતિશય શક્તિના ધારક, શ્રીજીનું સાક્ષાત્ ધામ, અનંત ઐશ્વર્યના નિધિ એવા સ્વામીશ્રી આ સભામાં સંતસ્વરૂપે તો એક સેવક જેવા જ દેખાતા હતા. મોટા મોટા સદ્‌ગુરુઓ આગળ એમની તુલના એક સારા સાધુ કે સેવક તરીકે જ હતી. પરંતુ પોતાની સાથે પૃથ્વી ઉપર અનંત જીવોનાં કલ્યાણ કરવા પધારેલા આ અક્ષરબ્રહ્મની શક્તિનો શ્રીજીમહારાજને સૌને પરિચય કરાવવો હતો. જૂનાગઢના મંદિરમાં રાખી તેમની કાર્યશક્તિને વેગ આપવો હતો. મહારાજને કેવળ સાધુતા જ નહોતી ખપતી. એવી સાધુતાના તો ઢગના ઢગ તેમના પરમહંસોમાં તથા હરિભક્તોમાં હતા. પરંતુ જે અન્યને એવી સાધુતા શીખવી શકે અને પોતાની મૂર્તિ બીજાના અંતરમાં પ્રગટ કરાવી શકે એવા સંતવર્ય, એવા શુદ્ધ ચૈતન્ય ગુણાતીત, મહારાજને ખપતા હતા. તે માલ આ પૃથ્વી ઉપર નહોતો. તેથી જ અનંત મુક્તોના પણ શિરોમણિ, પોતાના અંગભૂત સાક્ષાત્ અક્ષરધામને મહારાજ પોતાની સાથે લાવ્યા. સાધુ સ્વરૂપે અક્ષરધામ પ્રગટ થયું.

સ્વામીએ પણ વાતુમાં કહ્યું છે, ''આ તો પરદેશી સાધુ છે. મહારાજ

પધાર્યા ત્યારે આ સાધુ અહીં આવ્યા, નહિ તો આ સાધુ અહીં હોય જ નહિ.'' બાહ્ય દૃષ્ટિએ સેવક જણાતા નિર્ગુણાનંદ સેવા કરવા, મહેનત કરવા જવા તૈયાર થયા તેથી મહારાજ રાજી થયા.

પછી મુક્તાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ''મહારાજની ઇચ્છા છે તેથી સ્વામી ! તમો જાઓ. આ સાધુ તમારી મદદમાં આવે છે.'' એટલે બ્રહ્માનંદ સ્વામી પણ જવા તૈયાર થયા. પોતાની સાથે મહારાજના અતિ લાડીલા સંતવર્ય આવે છે તેથી બ્રહ્માનંદ સ્વામીને પણ હિંમત આવી.

આ સંતોની સાથે મંદિરનું અને શિખરનું કલાત્મક કામ કરી શકે તેવા શિલ્પીની પણ જરૂર હતી. તેથી ગોંડલના મિસ્ત્રી રત્નાભાઈને મહારાજે બોલાવ્યા. તે આવ્યા. તેમને મહારાજે કહ્યું : ''આપણે જૂનાગઢમાં મંદિર કરવું છે અને તે તમારે કરવાનું છે, માટે બ્રહ્માનંદ સ્વામીની ભેગા તમો જૂનાગઢ જાઓ.''

રત્નાભાઈ તો એકાએક થયેલી આ આજ્ઞાથી મૂંઝાયા. તેમણે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! મેં બીજાં ઘણાં કામો કર્યાં છે પણ શિખરનું કામ હજુ સુધી કર્યું નથી. આપ આજ્ઞા કરો છો એટલે જાઉં તો ખરો પણ મને આવડશે કે કેમ તે શંકા રહે છે.''

મહારાજે તેને હસીને આશીર્વાદ આપ્યા અને કહ્યું : ''જાઓ, આવડશે. મંદિર સર્વોપરી થશે.''

પરંતુ મહારાજના આ શબ્દોથી કાંઈ મિસ્ત્રીની શંકાનું સમાધાન થયું નહિ. તેમણે ભારે હૈયે હા પાડી.

રત્ના મિસ્ત્રીને જૂનાગઢનું મંદિર દેખાય છે

રાત્રે મિસ્ત્રીને મહારાજની ઇચ્છાથી સ્વપ્નમાં જૂનાગઢનું ભવ્ય મંદિર દેખાયું. ત્યાં મહારાજનાં તેમને દર્શન થયાં. મહારાજે તેમને કહ્યું : ''રત્ના મિસ્ત્રી ! જુઓ, આવાં મંદિર અમારે જૂનાગઢમાં કરવાં છે. માટે આ બરાબર જુઓ અને આવું મંદિર બનાવો.''

રત્નાભાઈ એકદમ જાગી ગયા. આ સ્વપ્નદર્શનથી તેમને અત્યંત આનંદ થયો. સવારે નાહી નિત્યકર્મથી પરવારી તે મહારાજ પાસે આવ્યા અને પગે લાગીને મહારાજને કહ્યું : ''મહારાજ ! આપે અક્ષરધામ જેવું

મંદિર મને બતાવ્યું. માટે હવે જૂનાગઢમાં આપના સંકલ્પ પ્રમાણે અક્ષરધામતુલ્ય મંદિર હું કરીશ.''

મહારાજ રાજી થયા અને તેમને આશીર્વાદ આપ્યા.

પછી મહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા સ્વામી અને તેમની સાથે જનારા સંતોને બોલાવ્યા. બધાને આશીર્વાદ આપ્યા અને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : ''જ્યાં દાદાભાઈની વાવ છે તેની પાસે ત્રણ શિખરનું ઉત્તમ મંદિર કરજ્યો.''

બ્રહ્માનંદ સ્વામી અને સંતમંડળ જૂનાગઢ આવ્યું. મંદિર માટેની જગ્યા તૈયાર હતી. મૂડીમાં મહારાજના આશીર્વાદ અને સત્ય સંકલ્પ હતા અને ઉપાધિમાં શિવપંથી નાગરોનું વર્ચસ્વ અને રાગદ્વેષ હતાં. પરંતુ આ સંતો કંઈ ઉપાધિથી ડરે તેવા ન હતા. મહારાજની આજ્ઞારૂપી અમોઘ શક્તિથી ઉપાધિના ચૂરેચૂરા કરી નાખવાની તેમનામાં હિંમત હતી.

થોડા સમય બાદ ગોપાળાનંદ સ્વામી પણ પધાર્યા. પછી ખાતમુહૂર્તનો સમય આવ્યો. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ સ્વામીને કહ્યું : ''જુઓ, તમારે અહીં રહેવાનું છે અને તમારે માથે જ આ જવાબદારી છે. માટે મંદિરનું ખાતમુહૂર્ત તમે જ કરો.''

આ પ્રમાણે સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ ત્રીજના શુભ મુહૂર્તમાં જૂનાગઢમાં અનાદિ બ્રહ્મના નાદબ્રહ્મને વહેતું મૂકવા, શુદ્ધ ઉપાસનાનું રહસ્ય યથાર્થ સમજાવવા, બ્રહ્મવિદ્યાના કેન્દ્ર સમા અક્ષરધામતુલ્ય ભવ્ય મંદિરનું ખાતમુહૂર્ત સ્વામીશ્રીના વરદ હસ્તે થયું.

જૂનાગઢના મંદિર માટે મહારાજે એવો પ્રબંધ કર્યો હતો કે બ્રહ્માનંદ સ્વામી ત્યાં કાયમ રહે અને બીજા સાધુ અવારનવાર આવે અને જાય. પરંતુ કાંઈક કારણસર મહારાજને બ્રહ્માનંદ સ્વામીને ગઢપુર બોલાવવાની ઈચ્છા થઈ. તેથી મહારાજે સભામાં આનંદ સ્વામીને બોલાવીને કહ્યું : ''તમો મહાનુભાવાનંદ અને થોડા સાધુઓ જૂનાગઢ જાઓ અને બ્રહ્માનંદ સ્વામીને અહીં મોકલો.''

તે આજ્ઞા પ્રમાણે આનંદ સ્વામી જવા તૈયાર થયા. એટલામાં સચ્ચિદાનંદ સ્વામી સારામાં સારો અઢી મણ ગોળ, જે મહારાજ માટે હરિજનોએ મોકલ્યો હતો તે, સભામાં માથે ઉપાડી લાવ્યા. મહારાજ ગોળ

જોઈ ખૂબ જ રાજી થયા અને સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું : "આ સાધુઓ જૂનાગઢ જાય છે માટે આ ગોળ તેમને આપી દો. સાથવો કરવામાં તેમને કામમાં આવશે."

મહારાજ માટે જ મોકલાવેલ આવો સરસ ગોળ સાધુઓને આપી દેવો ! સચ્ચિદાનંદ સ્વામી મૂંઝાયા. પરંતુ મહારાજની આજ્ઞા હતી તેથી તે ગોળ તેમને આપી દીધો.

આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી તથા અન્ય સાધુઓ જૂનાગઢ ગયા. ત્યાં મંદિરમાં ચાલતા કામની પ્રવૃત્તિ શરૂ રાખી. બ્રહ્માનંદ સ્વામીને થોડા દિવસ પોતાની સાથે રાખીને મહારાજે તેમને જૂનાગઢ પાછા મોકલ્યા. અહીંથી આનંદ સ્વામીનું મંડળ પણ પુષ્પદોલનો ઉત્સવ કરી, એક માસ ને ચાર દિવસ રોકાઈ ગઢપુર જવા રવાના થયું.

આનંદ સ્વામી ગઢપુર પહોંચ્યા અને મહારાજનાં દર્શને ગયા. તે વખતે મહારાજ પાંચુબાને ઓરડે સભા કરીને વિરાજમાન થયા હતા. મહારાજ તેમને જોઈ બહુ જ રાજી થયા અને પાસે બેસારી જૂનાગઢના સર્વ સમાચાર પૂછ્યા.

સ્વામીને મહારાજ ભાતું બંધાવે છે

બીજે દિવસે મહારાજે સવારમાં સભામાં મોટા મોટા સદ્‌ગુરુઓને બોલાવ્યા. જૂનાગઢ જવા કોણ તૈયાર છે તે પૂછ્યું. પરંતુ શ્રીજીમહારાજની સાથે રહેવાનો લોભ અને જૂનાગઢ જવાનો વિકટ કેડો, હિંસક પશુઓની બીક અને જૂનાગઢના પથ્થરિયા પાણીથી સુદામા જેવા થઈ જવાનો ડર - આ બધું વિચાર કરતાં કોઈ તૈયાર ન થયું. સ્વામી પણ આ સમયે આનંદ સ્વામીના મંડળની સાથે આવ્યા હતા અને સભામાં બેઠા હતા. મહારાજે ફરી તેમના ઉપર દૃષ્ટિ કરી અને કહ્યું : "સ્વામી ! તમે જાઓ."

મહારાજનાં દર્શનનો લોભ તો સ્વામીને પણ હતો. પરંતુ સાથે-સાથે મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન ન જ થાય એવી અનન્ય ભક્તિ પણ તેમના હૃદયમાં હતી. મહારાજની મૂર્તિનું અખંડ અનુસંધાન, અખંડ દર્શન તેમના અંતરમાં થતું હતું. છતાં પણ પ્રગટ મૂર્તિનાં દર્શન, સંબંધ, તેની પણ તીવ્ર ઇચ્છા તેમના અંતરમાં વર્તાતી હતી. મહારાજે તત્ત્વાનંદને સ્વામીની જોડમાં

આપ્યા.

સ્વામી બધી તૈયારી કરી જૂનાગઢ જતાં પહેલાં મહારાજની આજ્ઞા લેવા મહારાજ પાસે આવ્યા. તે સમયે મહારાજ ક્ષૌરકર્મ કરાવતા હતા. મહારાજને દંડવત્ કરી સ્વામીએ કહ્યું : "મહારાજ ! હું જૂનાગઢ જઉં છું."

મહારાજે સ્વામીને જોયા એટલે ક્ષૌર કરાવવું થંભાવી એકદમ ઊભા થઈ ગયા. પછી સ્વામીને મળ્યા અને કહ્યું : "તમો જૂનાગઢ જાઓ છો તો લ્યો, તમને ભાતું બંધાવીએ." એમ કહીને મહારાજ સાખી બોલ્યા :

'નિર્ગુણ બ્રહ્મ સુલભ અતિ, સગુણ ન જાણે કોઈ,
સગુણ ચરિત્ર નાનાવિધિ, સુની મુનિ મન ભ્રમ હોય.[૬૭]
દંડ યતિન કર ભેદ જહાં, નર્તક નૃત્ય સમાજ,
જિતહુ મનહિં સુનિય અસ, રામચંદ્રકે રાજ.[૬૮]
ઉમા ! અવધવાસી નરનારી કૃતારથ હોય,
બ્રહ્મ સચ્ચિદાનંદ રૂપ, રઘુનાયક જહાં ભૂપ.'[૬૯]

પછી મહારાજે કહ્યું : "જૂનાગઢ તમારી ભેગા કે તમારી મદદમાં કે તમારાં દર્શન સમાગમ માટે જે આવશે તેની કરોડ જન્મની કસર હું એક જ જન્મમાં ટાળી દઈશ." એમ કહી મહારાજે પોતાની પાઘ મંગાવીને સ્વામીને પહેરાવી. તે જ દિવસે આ પ્રમાણે સ્વામીને મહારાજે ભાતું બંધાવ્યું.

સ્વામી જેઠ સુદ પૂનમને દિવસે મહારાજની મૂર્તિ ધારી તત્ત્વાનંદ સ્વામીની સાથે જૂનાગઢ જવા નીકળ્યા.

જૂનાગઢ પહોંચ્યા પછી સ્વામી ત્યાંના કામમાં જોડાઈ ગયા. અહીં

૬૭. નિર્ગુણ એવું જે બ્રહ્મ તે આજે અત્યંત સુલભ થયું છે. પરંતુ તેના પ્રકટ (સગુણ) સ્વરૂપને માયિક જીવો ઓળખી શકતા નથી. કારણ તેમનાં મનુષ્યચરિત્રો સાંભળીને-જોઈને મોટા-મોટા મુનિઓનાં મનમાં પણ ભ્રમ થાય છે.

૬૮. રામચંદ્રજીના રાજમાં દંડ તો કેવળ સંન્યાસીના હાથમાં જ રહી ગયો હતો. પ્રજાની ઉપર દંડ ન હતો; તથા ભેદ, જે તાલ સ્વરનો ફરક, નાચવાવાળાઓના સમાજમાં જ રહી ગયો, પણ પ્રજામાં ભેદ ન હતો, તેમ જ જીતવાનું કેવળ મન જ હતું; બીજો કોઈ જીતવા જેવો શત્રુ ન હતો.

૬૯. શિવજી કહે છે, 'હે ઉમા ! જ્યાં સચ્ચિદાનંદ બ્રહ્મના સ્વરૂપ સમા રઘુનાથ રાજા હોય અર્થાત્ જ્યાં પ્રકટ ભગવાન બિરાજે છે એ અવધવાસી મનુષ્ય, પ્રાણી, સર્વે કૃતાર્થ થઈ જાય છે.

બ્રહ્માનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીએ પાયાનું કામ પૂરું કરી પરથાર તૈયાર કરી દીધો હતો. કામ ઝડપભેર ચાલતું હતું. તેથી દ્વેષી નાગર અમલદારોએ જાણ્યું કે 'સ્વામિનારાયણવાળાને જો અટકાવશું નહિ તો થોડા વખતમાં મંદિર પૂરું કરી દેશે.' તેથી તેમણે આ કામમાં વિઘ્ન નાખવા અનેક યુક્તિઓ શોધવા માંડી.

નાગરોની ઉપાધિ

આ અરસામાં એવું બન્યું કે વરસાદ ખેંચાયો અને સર્વત્ર પાણી અને ઘાસની ખેંચ જણાવા લાગી. દ્વેષી નાગરોને લાગ્યું કે 'આ લાગ સારો છે.' નવાબ સાહેબ[૭૦] પાસે જઈ તેમણે દાદ કરી : "સરકાર ! આ સ્વામિનારાયણવાળાએ મંદિરના પાયા પૂરી પરથાર તૈયાર કરી દીધો છે પણ તેમાં હાડકાનો રેંટિયો કરી મંત્રીને નાખ્યો છે, તેથી વરસાદ આ વરસે તો શું પણ ત્રણ વરસ સુધી નહિ આવે."

નવાબ તો આ સાંભળી અવાચક્ થઈ ગયા. તેમણે હુક્કો પીતાં પીતાં પૂછ્યું, "સ્વામિનારાયણના સાધુ તો ફકીર જેવા છે. લોકોને દુઃખ થાય તેવું શા સારુ કરે ?"

અમલદારોને તો એક જ ધ્યેય હતું. નવાબના જીવમાં વિષ રેડવું. તેથી તેમણે કહ્યું : "સરકાર ! વરસાદ જો ન થાય તો મજૂર સોંઘા મળે અને તેમનું મંદિર ઝટ પૂરું થાય."

સરકારને ગળે આ વાત ઊતરી ગઈ. તેમણે હુક્કો ગગડાવતાં ફરી

---

૭૦. આ સમયે જૂનાગઢના તખ્ત પર નવાબ બહાદુરખાનજી (બીજા) રાજ્ય કરતા હતા. સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં પરંપરાગત રીતે નવાબ હામિદખાનજીનો ઉલ્લેખ મળે છે. પરંતુ હામિદખાનજી પહેલા સને ૧૮૧૧માં મૃત્યુ પામ્યા હતા. ત્યારબાદ તેમના શાહજાદા બહાદુરખાન (બીજા) ગાદીએ બેઠા. ૧૭મી મે, ૧૮૪૦ના રોજ બહાદુરખાનજીના અવસાન પછી તેમના પુત્ર હામિદખાન (બીજા) ગાદીએ બેઠા હતા અને ૧૮૫૧માં ક્ષય રોગમાં તેમના મૃત્યુ પછી તેમના નાનાભાઈ મહોબતખાનજી ગાદીએ બેઠા હતા. મહોબતખાનજી સગીર હતા એટલે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની એજન્સીએ મંત્રીમંડળની યોજના કરી હતી. તે ઈ.સ. ૧૮૫૯ સુધી કામ કરતી રહી હતી. (સંદર્ભ : 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', લે. શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ, ત્રીજી આવૃત્તિ, ૧૯૯૦, પૃષ્ઠ ૭૪૬-૭૪૮.)

પૂછ્યું : "તો ઉપાય શું ?"

બસ આ જ વસ્તુ અમલદારોને જોઈતી હતી. તેમણે તરત જ કહ્યું : "તેમનો એ પરથાર બધો ખોદાવી નાખો."

નવાબે તરત જ બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા. બ્રહ્માનંદ સ્વામી સ્વામીશ્રીને લઈને દરબારમાં ગયા.

નવાબ સરકારે બ્રહ્માનંદ સ્વામીને બધી વાત કહી, ત્યારે સ્વામીએ વિવેકપૂર્વક કહ્યું : "સરકાર ! અમે જો હાડકાને અડીએ તો અમારે વસ્ત્ર સહિત સ્નાન કરવું પડે. માટે આપને જે વાત કહી છે તે જૂઠી છે. એમ છતાં પરથાર બધો ખોદાવી નાખો. પણ જો મંત્રેલો રેંટિયો તેમાંથી ન નીકળે તો ખોદાવવાનો અને ફરી ચણતરનો તમામ ખર્ચ તમને રાવ કરનારા અમલદારોએ આપવો પડશે. તમને એ મંજૂર હોય તો આવો હમણાં !"

બ્રહ્માનંદ સ્વામીની સ્પષ્ટ અને વાજબી વાત સાંભળી નવાબે તરત જ રાવ કરનાર અમલદારોને બોલાવ્યા અને કહ્યું : "ઓટો ખોદાય અને મંત્રેલો રેંટિયો જો ન નીકળે તો ખોદામણનો તથા ફરી ચણામણનો ખર્ચ તમારે આપવો પડશે. જો તમો તે આપવા તૈયાર હો તો જાઓ, હમણાં કામ શરૂ કરો."

અમલદારો તો મૂંઝાયા. તેમને બ્રહ્માનંદ સ્વામીની ચાણક્ય નીતિની ખબર ન હતી. સ્વામિનારાયણના મૂંડિયા એટલે ભીખ માગતા બાવા, એવો તેમને ખ્યાલ હતો. તેમણે અચકાતાં અચકાતાં કહ્યું : "અમે શા માટે એવો ખર્ચ આપીએ."

તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "સરકાર ! જુઓ, આમનો આશય જ મલિન છે. તેમને આ મંદિર થાવા દેવું નથી. એટલે આવા કાવાદાવા કરે છે. પરંતુ ધાર્યું કેનું થાય છે ? મંદિર તો થશે અને આ બધા તેમની સગી આંખે જોશે."

નવાબને પણ ખાતરી થઈ કે અમલદારોએ દ્વેષને લઈને જ આવું તૂત શોધી કાઢ્યું છે. બ્રહ્મમુનિને તેમણે કહ્યું : "તમો સુખેથી જાઓ અને મંદિરનું કામ ચાલતું રાખો." બ્રહ્માનંદ સ્વામી તથા સ્વામી પછી ઉતારે આવ્યા.

ગઢપુરમાં પોતાના ભક્ત ઉપર આવી પડેલી ઉપાધિને અંતર્યામીપણે

જાણીને શ્રીજીમહારાજે તરત જ બ્રહ્માનંદ સ્વામી ઉપર પત્ર લખાવ્યો. તેમાં જણાવ્યું : ''તમો નવાબ સરકારને જઈને કહેજ્યો કે આજથી ત્રીજે દિવસે વરસાદ થશે અને જયજયકાર થઈ જશે.''

તે પત્ર મળ્યો એટલે તરત જ બ્રહ્માનંદ સ્વામી નવાબ સરકાર પાસે ગયા. તેમને મહારાજના પત્રની વાત કરી અને કહ્યું : ''મહારાજના આશીર્વાદ છે તે ત્રીજે દિવસે વરસાદ થશે.''

નવાબ સરકાર આ સાંભળી રાજી થયા. તેમણે કહ્યું : ''ખુદાને કેટલી ફિકર છે ?''

ત્રીજે દિવસે મુશળધાર વરસાદ થયો અને દ્વેષીઓના હાથ હેઠા પડ્યા.

પરંતુ દ્વેષનો ભાવ તો આ પ્રસંગથી બમણો વધ્યો. સારો, ઊંચો અને સુંદર પરથાર જોઈ નાગરો બધા કહેવા લાગ્યા : ''સ્વામિનારાયણવાળાએ સુંદર ઓટો બનાવ્યો છે. તે આપણાં છોકરાંને રમવા સારુ બનાવ્યો છે. તેમની પાસે ક્યાં નાણાં છે ? અને વળી રહેવાનું અને ખાવાનું પણ ઠેકાણું નથી. એટલે ભાગી જશે અને છોકરાંને રમવાના કામમાં આ ઓટો આવશે.'' આવી આવી અનેક વાતો તેમણે વહેતી મૂકી.

આ બધી વાત સ્વામીને કાને આવી. ત્યારે સ્વામીએ હસીને કહ્યું : ''અહીં તો દ્વારકા ખડી કરીશું અને મૂર્તિમાન સિદ્ધેશ્વરને પધરાવીશું. એટલે નાગરો બધા માથાં ઘસવા અહીં આવશે. આ તો પાતાળે પાયા નાખ્યા છે. એટલે સૂર્ય, ચંદ્ર તપશે ત્યાં સુધી અહીં દેવની આરતીની ઝાલરું વાગશે.'' રાગદ્વેષની આંધીમાં સપડાયેલાને આવા સંતની શી રીતે ઓળખાણ થાય ? તેમનો મહિમા પણ શી રીતે સમજાય ?

આ મંદિરની જગ્યા પાસે એક બાવાની જગ્યા હતી. તે પણ દ્વેષી હતો. તેથી તેણે નાગર અમલદારો પાસે જઈ ફરિયાદ કરી કે ''મારી જગ્યા પાસે સ્વામિનારાયણના બાવા ટાંકણાં લઈને પથ્થર ઘડે છે તેથી મારી છાતીમાં શૂળો ભોંકાયા જેવું દુઃખ થાય છે. માટે તમો તેમને કાઢો તો સારું.''

ત્યારે તે અમલદારો તેને આશ્વાસન દેતા કે ''બાવાજી ! જરા ધીરજ રાખો. સ્વામિનારાયણના મૂંડિયાને અહીં નથી રહેવાનું ઠેકાણું કે નથી ખાવાનું ઠેકાણું. માટે એ તો વગર કહ્યે થોડા દિવસમાં બધું પડ્યું મૂકીને રવાના થઈ જશે.'

બાવાને આ સાંભળી આનંદ થયો. પરંતુ દ્વેષના ફળથી તે જ થોડા દિવસો પછી વગર મોતે મૂવો.

જૂનાગઢના મંદિરની આ પ્રમાણે શરૂઆત થઈ ગઈ. વિઘ્નોની પરંપરાને જડમૂળથી ઊખેડી નાખી બ્રહ્માનંદ સ્વામી તથા સ્વામી ઝપાટાબંધ કામ કરવા લાગ્યા. એટલામાં ગઢપુરમાં પ્રબોધિનીનો સમૈયો આવ્યો અને બ્રહ્માનંદ સ્વામીએ તથા સ્વામીએ ગઢપુર જવા નક્કી કર્યું.

✧ ✧ ✧

સ્વામીના અમે નિરંતરના જામીન છીએ

સંવત ૧૮૮૩ના પ્રબોધિની ઉત્સવ ઉપર બ્રહ્માનંદ સ્વામી તો ગઢપુર પહોંચી ગયા. પરંતુ સ્વામીશ્રી કાંઈક કામ અંગે પાછળ રોકાઈ ગયા. એટલે સમૈયા પછી એક-બે દિવસે ગઢપુર પહોંચ્યા. અહીં સમૈયો પૂરો થયો અને હરિજનો વિખરાયા. પછી એક દિવસે મહારાજે પોતાની અક્ષર ઓરડીએ બધા પરમહંસોને બોલાવ્યા. તેમને સહુને મહારાજે કહ્યું : "તમો સૌને અમે પંચવર્તમાન પાળવાનાં કહ્યાં છે. તે પ્રમાણે સૌએ પાળવાં અને તેમાં કાંઈ ફેર પડવા દેવો નહિ. પરંતુ તેમાં ફેર નહિ જ પડે એવા તમો અમને અંદરોઅંદર એકબીજાના જામીન દો." પછી સૌ સંતોએ જેને જેની સાથે મેળ હતો તેમણે અરસપરસ એકબીજાના જામીન દીધા. સૌ એકબીજાના જામીન થઈ ગયા.

તે વખતે સ્વામીશ્રી પધાર્યા અને મહારાજનાં દર્શન કરવા સીધા અક્ષર ઓરડીએ આવ્યા. મહારાજને દંડવત્ કરી પગે લાગી એક કોરે દૂર જઈ બેઠા. એટલામાં બ્રહ્માનંદ સ્વામી એકદમ બોલ્યા : "મહારાજ ! લ્યો, આ ગુણાતીતાનંદ સ્વામી પણ આવી ગયા. પણ હવે એમના જામીન કોણ થશે ? દરેક અરસપરસ એકબીજાના જામીન થઈ ગયા છે. હવે કોઈ બાકી રહ્યું નથી."

મહારાજ તે સાંભળી હસ્યા અને પછી બોલ્યા : "સ્વામી ! એમના તો અમે નિરંતરના જામીન છીએ." આ સાંભળી આખી સભા સ્તબ્ધ થઈ ગઈ ! સૌને લાગ્યું કે મહારાજને આ સાધુ ઉપર વિશેષ હેત છે અને તેમનો પક્ષ પણ ખરેખરો છે. મહારાજ જેમના નિરંતરના જામીન હોય તે

સાધુની સાધુતા અને મોટપ કેટલી હશે તેનો સૌ વિચાર કરવા લાગ્યા. ત્યાર બાદ બ્રહ્માનંદ સ્વામી થોડા દિવસો રોકાઈને જૂનાગઢ ગયા અને સ્વામીને મહારાજે પોતાની પાસે રાખ્યા. થોડા દિવસો સ્વામી મહારાજ પાસે રહ્યા. એટલામાં જૂનાગઢથી જોરા ભક્ત તથા સંતમંડળ આવ્યું. એટલે મહારાજે સ્વામીને જૂનાગઢ જવાનું કહ્યું. મહારાજે સભા ભરી અને સૌ સંતોને કહ્યું : "હવે જૂનાગઢ જવા કોણ તૈયાર છે ?"

સ્વામી તો મહારાજની આજ્ઞા પ્રમાણે ઊભા થયા પરંતુ કહ્યું : "મહારાજ ! મારે જોડ જોઈએ."

ત્યારે મહારાજે કહ્યું : "આ મહાસુખાનંદ સ્વામી તમારી જોડે આવશે."

ત્યારે તેમણે ઊભા થઈને કહ્યું : "મહારાજ ! જૂનાગઢ જાઉં તો દો બેડિયા લાડુ ખોટા થાય."

તે સાંભળી મહારાજ હસ્યા અને પછી તેમને કહ્યું : "રોજ કેટલા લાડુ ખાઓ છો ?"

મહાસુખાનંદ સ્વામીને કાંઈ એવી ગણતરી નહોતી અને એવી તેમને સમજણ પણ પડતી ન હતી. તેથી તેમણે કહ્યું : "મહારાજ ! મુને એમાં કાંઈ ખબર ન પડે. હું તો સૌ ભેગો બેસું અને સૌ ભેગો ઊઠું. પણ લાડુની ના ન કહું." મહારાજ આ સાંભળી ખૂબ હસ્યા.

મહાસુખાનંદ સ્વામીએ આ કારણસર જૂનાગઢ જવાની ના કહી દીધી. બીજા સાધુઓને પૂછ્યું ત્યારે કેટલાકે કહ્યું : "મારા ગુરુ ના પાડે છે." કેટલાકે કહ્યું, "મારો જોડિયો ના પાડે છે."

એમ બહાનાં બતાવી ના કહી પણ કોઈ તૈયાર થયા નહિ. પછી મહારાજે કહ્યું : "લાવો કાગળ, નામ લખીએ."

તેમાં પ્રથમ નામ સ્વામીનું લખ્યું. બીજું આનંદ બ્રહ્મચારીનું. ત્રીજું પુરુષોત્તમદાસનું લખ્યું. પછી પૂછ્યું, "હવે ચોથો કોણ જશે ?" પણ કોઈ બોલ્યું નહિ. ત્યારે મહારાજે કહ્યું : "લખો જોરા ભગતનું નામ."

ત્યારે એક સાધુએ કહ્યું : "તે તો ઘેલે નાહવા ગયા છે અને હજુ હમણાં જ જૂનાગઢથી આવ્યા છે."

ત્યારે મહારાજે કહ્યું : "ભલે હમણાં આવ્યા હોય. તેમનું નામ લખો. અમારે એનો વિશ્વાસ છે." એમ કહી જોરા ભગતનું નામ લખ્યું.

મહારાજ જોરા ભગતની જોડ બને છે

જોરા ભગત નાહીને આવ્યા ત્યારે મહારાજે કહ્યું : "જોરા ભગત ! જૂનાગઢ જનારાઓમાં તમારું નામ લખ્યું છે."

ત્યારે તેમણે કહ્યું : "ભલે મહારાજ ! પણ મારી જોડ નથી."

ત્યારે મહારાજે તેમને આશીર્વાદ આપતાં કહ્યું : "તમારી જોડ અમે. જ્યારે કામ પડે ત્યારે સંભારજો." પછી શ્રીજીમહારાજે આ બધા સંતોને ભાતું બંધાવ્યું. રાજીપાથી મળ્યા અને પોતાની પ્રસાદી આપી.

એ વખતે એક નારણદાસ સાધુએ સભામાં ઊઠીને મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ કહો તો હું જૂનાગઢ જાઉં ?"

તે સાંભળી મહારાજ રાજી થયા અને તેમને પૂછ્યું : "ત્યાં જઈને તમે શું કરશો ?"

ત્યારે તેણે કહ્યું : "આ ગુણાતીતાનંદ સ્વામી જે કહેશે તે સેવા કરીશ. સૌને પાણી પાઈશ અને લૂગડાં સાચવીશ."

તેમનું આવું સરળ બોલવું સાંભળી મહારાજે તેમને કહ્યું : "ભલે, બહુ સારું, ખુશીથી જાઓ. પણ હવે અમારી પાસે કાંઈ પ્રસાદી આપવાની નથી. પણ આવો મળીએ." એમ કહીને, મહારાજ તેમને બાથમાં ભીડીને મળ્યા અને ખૂબ રાજીપો બતાવ્યો. આખા શરીરે હાથ ફેરવ્યો અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં અને કહ્યું : "જાઓ, સેવા કરો. આ તમને અમે રાજીપાની પ્રસાદી આપી."

પછી મહારાજે સ્વામીને પાસે બોલાવી આશીર્વાદ આપતાં કહ્યું : "સ્વામી ! જૂનાગઢનાં મંદિર તો અમારાં છે એમ અમે માનીએ છીએ." આ પ્રમાણે મહારાજ સ્વામી ઉપર અતિશય પ્રસન્ન થઈ ગયા અને અપાર આશીર્વાદ આપ્યા.

✧

એક સમયે નાજા જોગિયાએ શ્રીજીમહારાજને કહ્યું : "મહારાજ ! આ ગુણાતીતાનંદ સ્વામી તો અખંડ તમને સંભાર્યા જ કરે છે."

ત્યારે મહારાજે તેને કહ્યું : "નાજા ! એ તો અમારે રહેવાનું અક્ષરધામ છે. એટલે અમને સંભાર્યા કરે જ ને ! જેટલો અમારે અને

એમને સંબંધ છે એટલો બીજાને નથી. તે અમારી સમીપના છે અને સદા અમારી સમીપે[૭૧] રહી અમારી સેવા કરે છે."

પછી વળી નાજા જોગિયાએ પૂછ્યું : "મહારાજ ! સૌ સંતો-હરિભક્તો તમારી માળા ફેરવે છે પણ તમે કેની માળા ફેરવો છો ?"

ત્યારે મહારાજે કહ્યું : "અમે આ ગુણાતીતાનંદ સ્વામી જેવા ભક્તોની માળા ફેરવીએ છીએ."

✧ ✧ ✧

જૂનાગઢના મહંત વિચારીને નીમજો

સંવત ૧૮૮૩ પ્રબોધિનીનો સમૈયો કરી મહારાજ વરતાલ પધાર્યા હતા. જૂનાગઢથી બ્રહ્માનંદ સ્વામી પણ વરતાલ આવ્યા હતા. એક સાંજે જોબનપગીની મેડીથી ઉત્તરમાં સૌ પરમહંસો તથા હરિભક્તોની સભા ભરીને બેઠા હતા. તે વખતે મહારાજ જોબનપગીની મેડીએ પોઢ્યા હતા. પછી સભા થયાના ખબર જાણી મહારાજ સભામાં આવી બિરાજ્યા. પછી સૌ હરિભક્તોએ મહારાજની પૂજા કરી. હાર ધરાવ્યા. ત્યાર બાદ સૌને શાંત પાડી મહારાજે સભાને સંબોધીને કહ્યું : "આપણે જે જે મંદિરો કર્યાં છે, તે તે મંદિરોના એક એક મહંત આપણે નીમવા જોઈએ. તેથી તે મહંત પોતાના કબજાનું મંદિર સાચવે. અમે દરેક મંદિરના મહંતોનો નિરધાર કરી રાખ્યો છે. તે તમને કહીએ છીએ."

એમ કહી, મહારાજે આગળ વાત કરતાં કહ્યું : "જુઓ, આ વરતાલ મંદિરના મહંત અક્ષરાનંદ સ્વામી, ભૂજ મંદિરના વૈષ્ણવાનંદ સ્વામી, ગઢડાના વિરક્તાનંદ સ્વામી, અમદાવાદ મંદિરના સર્વજ્ઞાનંદ સ્વામી, ધોલેરાના અદ્‌ભુતાનંદ સ્વામી અને ધોળકાના અનિરુદ્ધાનંદ સ્વામી. આ પ્રમાણે નક્કી કર્યું છે."

પછી બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "તમો હવે મૂળીમાં મંદિર કરજો અને ત્યાં તદ્રૂપાનંદ સ્વામીને મહંત નીમજો."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! તમોએ બધાં

૭૧. જેવા પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર બિરાજે છે અને જેવા તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે છે... ગ. પ્ર. ૩૭

મંદિરોના મહંતો નીમ્યા પણ જૂનાગઢના મહંત વિચારીને નીમજો, કારણ કે ત્યાં મુસલમાની રાજ્ય છે. વળી, નાગર અમલદારો શિવપંથી છે. એટલે સાધારણ મહંતનું ત્યાં કામ નથી. દેશ પણ નિર્ધન અને જાડો છે તેથી હરિજનોની અનુકૂળતા સાચવી નહિ શકે તો વખતોવખત મહંતની ફેરવણી કરવી પડે તે ઠીક નહિ."

એટલે મહારાજે કહ્યું : "સ્વામી ! જૂનાગઢના મહંત તો અમે એવા નીમશું કે ફેરવણી કરવી પડશે જ નહિ અને હરિજનોને પણ સાચવશે અને રાજી રાખશે." એટલે બ્રહ્માનંદ સ્વામી રાજી થયા.

સ્વામીને જૂનાગઢ મંદિરના મહંત નીમ્યા

તે જ વર્ષે ચૈત્રી પૂનમનો સમૈયો મહારાજે ગઢપુરમાં કર્યો. આ સમૈયા ઉપર જૂનાગઢથી સ્વામી પધાર્યા હતા. બ્રહ્માનંદ સ્વામી પણ હતા. આ પ્રસંગે મહારાજને વરતાલમાં બ્રહ્માનંદ સ્વામીએ કહેલી વાત યાદ આવી. એટલે મહારાજે પરમહંસોની સભા ભરાઈ હતી તે પ્રસંગે કહ્યું : "સ્વામી, આપણે વરતાલમાં જૂનાગઢના મહંત નીમવાની વાત થઈ હતી. તો લ્યો, આજે જૂનાગઢના મહંત નીમીએ." પછી મહારાજે કહ્યું : "નિર્ગુણાનંદ સ્વામીને બોલાવો." એટલે નિત્યાનંદ સ્વામીના મંડળમાં એક ભણનારા નિર્ગુણાનંદ સ્વામી હતા તેમને બોલાવ્યા.

ત્યારે મહારાજે કહ્યું : "આ નહિ, ઓલ્યા ભાદરાવાળા નિર્ગુણાનંદ, જે ત્રણે અવસ્થામાં અમારી મૂર્તિ દેખે છે તેમને બોલાવો !"

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! તેમનું નામ તો ગુણાતીતાનંદ સ્વામી છે."

એટલે મહારાજ હસ્યા અને કહ્યું : "હા, તે જ, તેમને બોલાવો." પછી સ્વામી સભામાં પધાર્યા. સ્વામી સભામાં આવ્યા એટલે મહારાજ તરત જ ઊઠ્યા અને સભામાં બધે ફર્યા. પછી મુક્તાનંદ સ્વામી પાસે બેઠેલા સ્વામીને જોઈ મહારાજે પોતાની કોટમાં જેટલા હાર હતા તે બધા કાઢીને સ્વામીને પહેરાવ્યા અને કહ્યું : "આ જૂનાગઢના મહંત."

ત્યારે સ્વામી તો સ્તબ્ધ થઈ ગયા. પછી હાથ જોડી કહ્યું : "મહારાજ ! મહંતાઈ બીજાને આપો તો ઠીક. મને એ ઉપાધિ ફાવશે નહિ."

તે સાંભળી મહારાજે કહ્યું : "આ સભામાં મહંતાઈનો જે હાર લે તેને તમે પહેરાવો અને તમે આળસો. અમે તો જૂનાગઢની મહંતાઈ ચલાવે તેવા બીજાને દેખતા નથી. તેથી તમને હાર આપ્યો છે."

એટલે સ્વામી તો કાંઈ બોલી શક્યા નહિ. પછી સ્વામીના પરમસ્નેહી ગોપાળાનંદ સ્વામી સભામાંથી ઊઠીને સ્વામી પાસે આવ્યા અને સ્વામીને કહ્યું : "મહારાજે રાજી થઈને હાર આપ્યો છે તો રાખો."

મહારાજ પણ સ્વામીની મૂંઝવણ પારખી ગયા અને કહ્યું : "આ ગોપાળાનંદ સ્વામી તમારું કામ ચલાવશે. રાજા તો આવા જ જોઈએ ને કારભારી કામ ચલાવી લે." એમ કહી ગોપાળાનંદ સ્વામી, અખંડાનંદ બ્રહ્મચારી તથા પરમાનંદ સ્વામી એ ત્રણેને બતાવી મહારાજે કહ્યું : "આ ત્રણ તમારા કામદાર."[૭૨]

પછી મહારાજે પોતાનો સઘળો પોશાક સ્વામીને આપ્યો અને પોતાને હાથે સ્વામીને માથે પોતાની પાઘ મૂકી આશીર્વાદ આપ્યા.

તે વખતે સભામાં પીપલાણાના કુરજી દવે બેઠા હતા. તેમને મહારાજે કહ્યું : "કુરજી ! જ્યારે રામાનંદ સ્વામી ભૂજથી પીપલાણા પધાર્યા તેનો સંદેશો મુક્તાનંદ સ્વામીને કહેવા માટે તમે લોજ આવ્યા હતા. વધામણી આવી એટલે મુક્તાનંદ સ્વામીએ તમને પોતાના માથાનો તરફાળ ભેટ આપ્યો હતો તે યાદ છે ને ?"

એટલે કુરજી દવેએ કહ્યું : "હા મહારાજ ! યાદ છે."

દવે તો રાજી થઈ ગયા. તેમને એમ કે મહારાજ હમણાં મને કાંઈક આપશે. પછી મહારાજે કહ્યું : "અમે પણ તમને કહ્યું હતું કે અમારી પાસે હમણાં કાંઈ નથી પણ જાઓ, અમે તમને અમારું અક્ષરધામ આપીશું, તે સાંભરે છે ને ?" ફરી કુરજી દવેએ કાંઈ ન સમજતાં ડોકું હલાવ્યું.

મહારાજ હસવા લાગ્યા. પછી મહારાજે તેમને કહ્યું : "લ્યો, આ ગુણાતીતાનંદ સ્વામી અમારું અક્ષરધામ તે તમને અમે બક્ષિસ આપીએ છીએ. સોરઠ દેશના સત્સંગીઓને અમારું સુખ અમે યથાર્થપણે આપી શક્યા નથી તેથી આ સાધુ જે અમારું સર્વસ્વ છે, અમારું અક્ષરધામ છે, તે તમારા સોરઠ દેશને અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ. માટે તેમની સેવા અને

૭૨. સ્વામીની વાતો, પ્રકરણ ૪, વાત ૧૪૪.

સમાગમ કરશો તો તમારું કામ થઈ જશે.''

એટલું કહીને મહારાજ સ્વામી તરફ ફર્યા અને કહ્યું : ''સ્વામી ! સાધુ તો પાંચ રાખીએ, પચ્ચીસ રાખીએ, પચાસ રાખીએ, સો રાખીએ અને સાધુ તો બસો રાખીએ, તેમનું અને સૌનું રૂડું થાય.''

પછી મહારાજે અગાઉ સ્વામીને જૂનાગઢ જતી વખતે કોલ આપ્યો હતો તે આશીર્વાદના શબ્દો ફરી કહેતાં કહ્યું : ''જે જૂનાગઢ આવી તમારી અનુવૃત્તિ સાચવી સેવા કરશે, તેની કરોડ જન્મની કસર હશે તે અમે આ જન્મે જ ટાળી નાખીશું. એટલું તમારું કામ કરીશું.''

આ પ્રમાણે મહારાજે સંવત ૧૮૮૩ની ચૈત્રી પૂનમે સ્વામીને જૂનાગઢની મહંતાઈ સોંપી અને પોતાનો અતિ અપાર રાજીપો બતાવી આશીર્વાદ આપ્યા.

આ તારો રંગીલદાસ[૭૩]

જૂનાગઢમાં મંદિરનું કામ ધમધોકાર ચાલવા માંડ્યું. કોઠલા સુધી કામ આવ્યું ત્યારે બ્રહ્માનંદ સ્વામી, સ્વામી વગેરેને થયું કે હવે મહારાજ પધારે તો મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી લઈએ. પરંતુ ઉપાધિનો અતિરેક ઘણો હતો એટલે આ વાત બહાર ન પાડી. છતાં વાએ વાતને ઉપાડી અને નાગર અમલદારોને લાગ્યું કે જો મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ જશે તો પછી મંદિર ઉખેડી નાખવું મુશ્કેલ બનશે.

તે સમયે ત્યાંનો મજમુદાર રંગીલદાસ ત્રિકમદાસ કામ પ્રસંગે વડોદરા ગયો હતો. તેને સર્વ અમલદારોએ મળીને કાગળ લખ્યો. 'તમે ત્યાં જઈને બેઠા અને અહીં તો સ્વામિનારાયણનો મૂંડિયાનો મઠ ચાલતો જ રહ્યો છે. માટે જો કાંઈક ઉપાય કરો તો જ તેમનું પડી ભાંગે. નહિ તો ખાધાપીધા

૭૩. રંગીલદાસ દીવાન હતો તેમ સંપ્રદાયમાં પરંપરાગત રીતે ઉલ્લેખ મળે છે. પરંતુ તે મજમુદાર હતો. તે જૂનાગઢના પરગણાંઓનો કર વસૂલ કરવાનો અમલદાર હતો. ઈ.સ. ૧૮૦૨માં સૌરાષ્ટ્રનાં રાજ્યો પાસેથી ખંડણી વસૂલ કરવા ગાયકવાડના સેનાપતિ બાબાજી આપાજી એક મોટી સેના લઈને આવ્યા હતા ત્યારે રંગીલદાસે તેની સાથે રહીને ખંડણી ઉઘરાવવાનું ખૂબ મોટું કામ કર્યું હતું. શક્ય છે કે પાછળથી તેની કામગીરીને લક્ષમાં લઈને તેને દીવાનપદું સોંપ્યું પણ હોય.
- 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', લે. શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ, ત્રીજી આવૃત્તિ, ૧૯૯૦, પૃષ્ઠ ૭૧૬.

વિના મૂંડિયા દિવસરાત કામ કરે છે. માટે મંદિર તૈયાર થઈ જશે, પછી બંધ કરવું મુશ્કેલ પડશે.'

આ પ્રમાણે પત્ર લખી રંગીલદાસને મોકલ્યો. રંગીલદાસ તો આ વાંચી અત્યંત ક્રોધે ભરાયો અને પત્રનો ઉત્તર તરત જ લખી દીધો : "તમે કોઈ ચિંતા કરશો નહિ, મઠની કાંકરે કાંકરી ઉખાડીને કાળવામાં નાખી દઈશ અને મૂંડિયાઓને ભગાડી દઈશ." આ પ્રમાણે ઉત્તર લખીને તેણે મોકલી આપ્યો. નાગર અમલદારો પત્ર વાંચી ઘણા જ રાજી થયા. પણ આ વાત રૂપશંકર કીકાણીને કાને આવી. તેઓ સત્સંગી હતા અને સત્સંગ પરત્વે પૂરી આત્મબુદ્ધિ હતી. તેમણે મંદિરમાં આવીને ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "રંગીલદાસ મજમુદાર મંદિર તોડવા આવવાનો છે."

ગોપાળાનંદ સ્વામીએ હસીને કહ્યું : "ધાર્યું કોનું થાય છે ?"

પરંતુ બ્રહ્માનંદ સ્વામીને સંતોષ ન થયો. બીજે દિવસે ગોપાળાનંદ સ્વામી પૂજા કરવા બેઠા હતા. પૂજામાંની ઠાકોરજીની મૂર્તિ ઉપર તુલસીની માંજર ચઢાવતા હતા. પાસે બેઠેલા બ્રહ્માનંદ સ્વામીને તેમણે કહ્યું : "સ્વામી ! આમ, આ મંદિરનાં શિખર તૈયાર થઈ જશે."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "તમે તો રમૂજ કરો છો પણ પેલો રંગીલદાસ તો મંદિર તોડવા આવી રહ્યો છે. માટે કાંઈક એનો ઉપાય કરો. આ રૂપશંકર પણ ઉદાસ થઈ ગયા છે અને મંદિરના બધા સાધુઓ પણ ઉદાસ થઈ ગયા છે."

આ વખતે સ્વામી પણ ગોપાળાનંદ સ્વામી પાસે બેઠા હતા. ગોપાળાનંદ સ્વામીએ સ્વસ્થ ચિત્તે બ્રહ્માનંદ સ્વામીની વાત સાંભળી. પછી તેમને કહ્યું : "સ્વામી ! તમે ચિંતા કરશો નહિ. રંગીલદાસ તુચ્છ જીવ શ્રીજીની શક્તિ આગળ શું કરી શકવાનો હતો ?" એટલું કહી સ્વામીએ પોતાની કાખનો એક મુવાળો તોડ્યો અને બોલ્યા : "આ તારો રંગીલદાસ."

બ્રહ્માનંદ સ્વામી તથા સૌ સંતો રાજી થયા.

આ વખતે ગોપાળાનંદ સ્વામીના શિષ્ય બાલમુકુન્દાનંદ ધ્યાનમાં બેઠા હતા. તે જ્યારે ધ્યાનમાંથી જાગ્રત થયા, ત્યારે એક સંતે તેમને કહ્યું : "સ્વામી ! આ રંગીલદાસની ઉપાધિથી સૌનાં હૈયાં ફફડી ગયાં પણ તમને તો કાંઈ થાતું નથી. સુખે ધ્યાન ધરી શકો છો."

ધીરગંભીર સ્વભાવ અને ગોપાળાનંદ સ્વામીની કૃપાથી સ્થિતપ્રજ્ઞ સ્થિતિ બાલમુકુન્દાનંદ સ્વામીએ પ્રાપ્ત કરી હતી. તેથી અત્યંત શાંતિથી તેમણે કહ્યું : "સ્વામી, બીજા તો આ બેલાં હૈયામાં ખડકે છે અને હું તો બેલાં બહાર ખડકું છું. અને હૈયામાં તો મહારાજની મૂર્તિ જ રાખું છું."

બાલમુકુન્દાનંદ સ્વામીની આવી ગંભીરવાણી સાંભળી તે સાધુને તેમના પ્રત્યે ખૂબ જ માન થયું. બે-ત્રણ દિવસ બાદ ખબર આવી કે રંગીલદાસ વડોદરાથી જૂનાગઢ આવવા નીકળી ગયો છે. સૌનાં હૈયાં તો ફફડતાં હતાં. પરંતુ ગોપાળાનંદ સ્વામીના ધીર વચનથી સૌને શાંતિ હતી. કર્તા મહારાજ છે એ સમજણના બળથી શું થાય છે તે જોવા સૌ આતુર હતા.

રંગીલદાસ તો મારતે ઘોડે નીકળ્યો. વડાલ જ્યારે તેણે વટાવ્યું, ત્યાં રસ્તામાં એક તેતર જોરથી નીકળ્યો. તેને જોઈ રંગીલદાસનો ઘોડો ભડક્યો અને ચાર પગે ઊલળ્યો. તેથી તે હેઠો પડી ગયો. તેના હાથમાં તેની રૌદ્ર મૂર્તિને અનુરૂપ ઉઘાડી બરછી હતી. તે બરછી તેના શરીરમાં સોંસરી ઊતરી ગઈ અને પેટમાં વાગતાં હોજરી તોડીને સોંસરી નીકળવાથી તે ત્યાં જ મરણ પામ્યો. યમરાજાના સેવકો તેનું સ્વાગત કરવા તૈયાર હતા.

મજમુદાર રંગીલદાસના અચાનક મૃત્યુના સમાચાર નવાબ સાહેબને જૂનાગઢ મળ્યા એટલે નવાબે સામૈયું કરવા જતા સેવકોને પાછા વાળ્યા અને મૈયતને ગામમાં પેસવા ન દેવાય તે કાયદાની રૂએ તેના દેહને સીધો જ દામોદર કુંડે લઈ જવા આજ્ઞા કરી. દામોદર કુંડે રંગીલદાસને અગ્નિસંસ્કાર કર્યો. આ સમાચાર વાયુવેગે ગામમાં ફરી વળ્યા.

રૂપશંકર પણ હર્ષ-ઘેલા બની ઉતાવળા મંદિરે આવ્યા. અહીં આવી બ્રહ્મમુનિને સમાચાર તેમણે આપ્યા. બ્રહ્માનંદ સ્વામી તરત જ ગોપાળાનંદ સ્વામી પાસે ગયા. સ્વામી પણ તે વખતે ત્યાં જ બેઠા હતા. બ્રહ્માનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું : "રંગીલદાસ તો મૂઓ."

ત્યારે ગોપાળાનંદ સ્વામી હસ્યા અને બોલ્યા : "અમે તો એને વડોદરાથી નીકળ્યો ત્યારથી જ મરેલો જાણતા હતા."

આ પ્રમાણે મંદિરનો દ્રોહ કરનારને તેનું ફળ મહારાજે આપ્યું. 'આદર્યાં અધૂરાં રહે, હરિ કરે સો હોય.' - એ મર્મ તો જે શ્રીજીમહારાજને જ કર્તા સમજતા હોય તે જ સમજી શકે. દ્વેષીઓ અને આસુરી બુદ્ધિવાળા

તો પોતાના સંકલ્પ અને શક્તિ ઉપર જ રાચતા હોય !

✧ ✧ ✧

ઝીણાભાઈ ધામમાં જાય છે[૭૪]

આ અરસામાં ઝીણાભાઈની તબિયત એકદમ કથળી. મહારાજને સમાચાર મળ્યા એટલે મહારાજ તાત્કાલિક જૂનાગઢ પધાર્યા. મહારાજનાં

૭૪. સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં ઝીણાભાઈનો અક્ષરવાસ આ.સં. ૧૮૮૨ની આસપાસમાં વર્ણવ્યો છે. વળી, રાજકવિ ભક્તરાજ માવદાનભાઈ રત્નુએ લખેલા પુસ્તક 'ઠાકોર ઝીણાભાઈ'માં આ.સં. ૧૮૮૨ માગશર સુદ દશમની તિથિએ ઝીણાભાઈ ધામમાં પધાર્યા એવો ઉલ્લેખ છે.

પરંતુ ગઢડા અંત્યનું પહેલું વચનામૃત, જે આ.સં. ૧૮૮૨ વૈશાખ વદ એકાદશીના દિવસનું છે, તેમાં મહારાજ કહે છે : 'તે જ્ઞાનના અંગવાળા તો ઝીણાભાઈ, દેવરામ અને પ્રભાશંકર છે' અને વળી, આ.સં. ૧૮૮૪ના ભાદરવા વદ ચોથના દિવસના વચનામૃત ગઢડા અંત્ય ૨૨માં પણ મહારાજ કહે છે કે 'એવું તો ઝીણાભાઈનું અંગ છે તથા પર્વતભાઈ અને મૂળજી એમનાં પણ એવાં અંગ હતાં...' આથી સ્પષ્ટ જણાય છે કે આ સં. ૧૮૮૪ ભાદરવા વદ ચોથ સુધી તો ઝીણાભાઈ હતા. વળી, સંપ્રદાયમાં પ્રચલિત પ્રસંગ છે કે શ્રીહરિના નાના ભાઈ ઇચ્છારામ આ.સં. ૧૮૮૩ પોષ સુદ આઠમના ધામમાં પધાર્યા ત્યારે એમની નનામી શ્રીહરિએ ઊંચકી ન હતી અને ઝીણાભાઈની નનામી ઊંચકેલી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ એ અંગે પ્રશ્ન પૂછેલો કે "તમારા ભાઈની નનામી ન ઊંચકી અને ઝીણાભાઈની ઊંચકી એનું રહસ્ય શું ?"

આથી આ. સં. ૧૮૮૨ માગશર સુદ દશમની તિથિ શંકાસ્પદ જણાય છે. વળી, હરિલીલામૃત તથા સત્સંગિજીવનમાં ઝીણાભાઈ જૂનાગઢની મંદિરની પ્રતિષ્ઠા સમયે (આ.સં. ૧૮૮૪ વૈશાખ વદ બીજ) હાજર હતા એવો ઉલ્લેખ મળે છે. પરંતુ આટલા ભવ્ય પ્રતિષ્ઠા પ્રસંગનાં વર્ણનો જોતાં એ આશ્ચર્ય થાય છે કે તેમાં ક્યાંય મંદિરના મુખ્ય સૂત્રધાર સમા ઝીણાભાઈનું કોઈ મહત્ત્વનું કાર્ય કે મહત્ત્વનો કોઈ વાર્તાલાપ પણ મળતો નથી. તેમનું અગ્રેસરપણું પણ ઊપસતું નથી. ઝીણાભાઈ જેવા મહારાજના લાડીલા ને અગ્રણી ભક્તરાજ સમગ્ર ઉત્સવમાં સાવ મૂક પ્રેક્ષક બની રહે તે માન્યામાં આવે તેવું નથી. શક્ય છે કે કેટલાક ગ્રંથકારોએ ઝીણાભાઈના મંદિરનિર્માણના મૂળ સંકલ્પને લક્ષમાં લઈને તેઓની પ્રતિષ્ઠા પ્રસંગે હયાતી કલ્પી હોય. આમ, આ અને અન્ય તમામ પરિપ્રેક્ષ્યનો વિચાર કરતાં એમ ચોક્કસ લાગે છે કે ઝીણાભાઈનો અક્ષરવાસ પ્રતિષ્ઠા પૂર્વે ૧૮૮૪ની સાલમાં જ થયેલો હોવો જોઈએ. એટલે આ પ્રસંગ આ. સં. ૧૮૮૪માં લીધો છે અને માગશર સુદ દશમની તિથિ એની એ રાખી છે.

દર્શનથી ઝીણાભાઈ કૃતાર્થ થઈ ગયા. તેમને હવે કોઈ અભિલાષા નહોતી રહી. મંદિરનું કાર્ય જોઈ તેમને સંતોષ થયો હતો. મહારાજે તેમને હવે પોતાના અનિર્દેશ ધામમાં બેસી જવાનો સંકેત કરી દીધો હતો.મહારાજે ઝીણાભાઈને કહ્યું, 'તમારે કાંઈ હઠીસિંહની ભલામણ કરવી છે ?' ઝીણાભાઈએ તરત જ આંખ મીંચી દીધી. પછી કહ્યું : "મહારાજ ! હઠી જો તમારો ભગત રહેશે તો મારી ભલામણ વગર પણ તમે તેનું ધ્યાન રાખશો અને એ જો ભગત મટી જશે તો હું તમને કહીશ તો પણ તમે તેનું ધ્યાન રાખવાના નથી. માટે એ સત્સંગી રહે એવી દૃષ્ટિ કરજો." મહારાજ ઝીણાભાઈની સમજણ જોઈ અત્યંત પ્રસન્ન થઈ ગયા.

પછી મહારાજે તેમનાં માતુશ્રી ગંગામાને કહ્યું, "મા ! હવે અમે ઝીણાભાઈને અક્ષરધામમાં મોકલી આપીએ છીએ." એટલું કહીને મહારાજે ચપટી વગાડી અને તરત જ ઝીણાભાઈએ આંખ ઢાળી દીધી ! ઝીણાભાઈ આ. સં. ૧૮૮૪ના માગશર સુદ દશમને દિવસે ધામમાં બેસી ગયા ! પરંતુ મહારાજના સાક્ષાત્ સંબંધથી, તેમના સાન્નિધ્યમાં અને તેમની જ ઇચ્છાથી ઝીણાભાઈ અક્ષરધામમાં બિરાજી ગયા તેથી કોઈના અંતરમાં શોકની છાંય સરખી પણ વ્યાપી નહીં.

ઝીણાભાઈના દેહને ષોડશોપચારે સ્નાન કરાવ્યું, કપાળમાં ચંદનની અર્ચા કરી, મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. પછી સૌએ આરતી ઉતારી. પછી અગ્નિસંસ્કાર વિધિ કરવા દામોદર કુંડ જવા તૈયારી કરી. મહારાજે સ્વયં ઝીણાભાઈની નનામી ઉપાડી અને થોડાં ડગલાં ચાલ્યા.[૭૫] પછી મહારાજના

૭૫ મુક્તાનંદ સ્વામીએ મહારાજને આ વાતનું રહસ્ય પૂછ્યું, "મહારાજ ! આપે ઝીણાભાઈની નનામી ઉપાડી એ તો બહુ મોટી વાત કહેવાય ! આપના ભાઈ ઇચ્છારામભાઈની નનામી પણ ઉપાડી નહોતી તો ઝીણાભાઈનાં એવાં કયાં સત્કર્મ હશે કે જેથી આપે સ્વયં એમની નનામી ઉપાડી ?" ત્યારે મહારાજે કહ્યું, "એ તો સાવ નાની વાત છે. ઝીણાભાઈ અમારા ભક્ત કમળશી વાંઝાનો ખાટલો ખભે ઉપાડીને ચાલ્યા, તે જેટલાં ડગલાં તેમણે ભર્યાં તેથી બમણાં અમે ભર્યાં. અમારા ભક્ત કમળશીની સેવા કરીને ઝીણાભાઈએ અમારા માથે બહુ મોટું ઋણ મૂકી દીધું હતું. તેનો બદલો તો અમે વાળી શકીએ તેમ નથી." સૌ સમજી ગયા કે મહારાજ તો ભક્તના પણ ભક્ત છે. પોતાના ભક્તનો જે પક્ષ રાખે તેની સેવા કરે, તે ઉપર મહારાજ સદા પ્રસન્ન રહે છે.

ખભા ઉપરથી નનામી લઈ લીધી. મહારાજ ઠેઠ દામોદર કુંડ સુધી સાથે ગયા.

મહારાજે ઝીણાભાઈની નનામી ઉપાડી અને જ્યાં ગઢ પાસે નનામી આવી ત્યારે ઝરૂખામાં બેઠેલા નવાબે તે દર્શન કર્યાં. તે બોલી ઊઠ્યા : ''અહો ! સ્વામિનારાયણ ખરેખર ખુદા છે કે પોતાના ભક્તની નનામી આપ પોતે ઉપાડીને જાય છે. તેના રૂહને ધામમાં મોકલી દીધો પરંતુ દેહને પણ પાક બનાવી દીધો.''

ઝીણાભાઈ તો મહામુક્ત હતા

બીજે દિવસે માગશર સુદ એકાદશીએ મહારાજની આજ્ઞાથી મોટી સભા ભરવામાં આવી. જેટલા હરિભક્ત તથા ઝીણાભાઈના સંબંધીઓ, ભાયાતો આવ્યા હતા તે તમામ આ સભામાં આવી ગયા. વચ્ચે મહારાજ માટે પાટ ગોઠવી હતી. મહારાજ પધાર્યા અને તે પાટ ઉપર બિરાજ્યા. ઝીણાભાઈના કુટુંબના મોટેરા એમના સગા કાકાના દીકરા સૂરજસિંહ જે દાદાભાઈના નામે ઓળખાતા હતા, તે પણ આવ્યા.

ઝીણાભાઈને અંજલિ આપીને મહારાજે દાદાભાઈ પર સ્નેહ વરસાવ્યો. દાદાભાઈ ગદ્‌ગદ થઈ ગયા હતા. તેઓ પૂર્વની સ્મૃતિઓ વાગોળવા લાગ્યા. મહારાજે અહીં ઝીણાભાઈને મંદિર કરવાનું વચન આપ્યું ત્યારે તેમણે હાથ જોડી મહારાજને કહ્યું હતું : ''મહારાજ ! મને તમારો જ ગણજો અને જેમ ઝીણાને સેવા બતાવો છો તેમ મારા લાયક સેવા ફરમાવજો.''

ત્યારે મહારાજે કહ્યું હતું : ''અમે ઝીણાભાઈને વચન આપ્યું છે કે તમારી જગ્યામાં અમે મંદિર કરીશું. પણ એ જગ્યા બહુ નાની છે. તેથી ત્યાં મંદિર કરવાનું મન થતું નથી. પણ ઝીણાભાઈએ તો કહ્યું છે કે મેડી પાડીને પણ મંદિર અહીં જ કરજો.''

એટલે દાદાભાઈએ કહ્યું હતું, ''મહારાજ ! આપ અહીં મંદિર કરતા હો તો હું આજ જ મારી વાડી આપને અર્પણ કરી દઉં.''

મહારાજ તેમના ભાવથી બહુ જ રાજી થયા અને ઊભા થઈને તેમને માથે બે હાથ મૂકેલા.

દાદાભાઈ હજી પૂર્વની સ્મૃતિ વાગોળતા હતા. મહારાજે લાધા ઠક્કરને

કહ્યું : "લાધા ઠક્કર ! દાદાભાઈની વાડીનો લેખ તૈયાર કરો."

એટલે દાદાભાઈએ કહ્યું : "વાડી તો આપે સંકલ્પ કર્યો ત્યારથી જ હું દઈ ચૂક્યો છું. માટે લેખ નિરાંતે કરાવજો."

લાધા ઠક્કર મહારાજ સામું જોઈ રહ્યા. મહારાજે કહ્યું, "બાપુ ! ધરમના કામમાં ઢીલ ન કરાય. લેખ તો આજે જ કરી લઈએ. આજે એકાદશીનો ભારે પુણ્યશાળી દિવસ છે એટલે લેખ થઈ જાય તો મોટું સત્કર્મ થયું ગણાય."

દાદાભાઈએ તરત જ કહ્યું હતું, "ભલે મહારાજ ! લેખ તૈયાર કરાવો, હું સહી કરી આપું." લાધા ઠક્કરે તરત જ લેખ તૈયાર કર્યો. તેમાં દાદાભાઈએ સહી કરી.

બીજે દિવસે મહારાજ કેટલાક સંતો, હરિભક્તોને લઈને દાદાભાઈએ જે વાડી અર્પણ કરી હતી તેમાં બધે ફર્યા હતા. પછી એક જગ્યાએ આવી તેના છેડાથી સાધુના ભંડારના ખૂણા સુધી પગની મોજડીથી લીટો તાણી મહારાજ એમ બોલ્યા : "નાગરવાડામાં મંદિર કરવું અને બોરીયામાં સાધુઓ માટે ધર્મશાળા કરવી." એમ કહી ત્યાં રેતીનો ઢગલો હતો તે ઉપર મહારાજ આવીને સૂઈ ગયા અને બોલ્યા કે "સાધુઓને તો આવી રીતે જડભરત દશા વર્તવી જોઈએ."[૭૬]

દાદાભાઈના માનસપટ પર ભૂતકાળનાં આ એક પછી એક કડીબદ્ધ દૃશ્યો ઉપસવા લાગ્યાં. મહારાજે પૂર્વની સ્મૃતિમાં ઊંડા ઊતરી ગયેલા દાદાભાઈને ઢંઢોળ્યા. દાદાભાઈ મહારાજને પગે લાગ્યા : "મહારાજ ! મારી સેવા અંગીકાર કરી મને કૃતાર્થ કરી દીધો."

મહારાજ ત્યાર બાદ જૂનાગઢથી નીકળી ગઢપુર પધાર્યા.

જૂનાગઢના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠોત્સવ

જૂનાગઢના મંદિરનું કામ ધમધોકાર ચાલતું હતું. થોડા સમયમાં જ મંદિરના કોઠલા પૂરા થઈ ગયા અને ઠાકોરજીની પ્રતિષ્ઠા થઈ શકે એટલું કામ પૂરું થઈ ગયું. એટલે બ્રહ્મમુનિએ આ. સં. ૧૮૮૪ના વૈશાખ વદિ

૭૬. જે સ્થળે રેતીના ઢગલા ઉપર મહારાજ સૂઈ ગયા હતા ત્યાં સ્મૃતિ માટે છત્રી કરાવી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.

બીજનું પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કર્યું અને મહારાજને તેડવા માટે ઝીણાભાઈના ભાઈ દરબાર અનુપસિંહજીને ગઢપુર મોકલ્યા. દરબાર અનુપસિંહ ગઢડા આવ્યા અને મહારાજને બ્રહ્મમુનિનો સંદેશો કહ્યો.

પોતાના તરફથી પણ મહારાજને સર્વ સખા તથા દાદાખાચર તથા તેમનું કુટુંબ અને સમગ્ર ભક્તગણને આમંત્રણ આપ્યું : "જીર્ણદુર્ગના સમગ્ર હરિભક્તો આ પ્રસંગની અને આ પ્રસંગે આપનાં દર્શનની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે માટે સર્વેનો મનોરથ આપ પૂરો કરો."

આ પ્રમાણે દરબાર અનુપસિંહજીએ વિનયપૂર્વક મહારાજને પ્રાર્થના કરી. મહારાજે હર્ષપૂર્વક સ્વીકારી અને બીજે દિવસે જીર્ણદુર્ગ જવાનું નક્કી કર્યું.

મહારાજ જીર્ણદુર્ગ પધારે છે એ જાણી ત્યાંના હરિભક્તો રામજીભાઈ, કુરજીભાઈ, વૃંદાવનભાઈ, માણેકલાલ, દ્વિજ હરિરામ, ક્ષત્રિય ભક્ત ઉમેદજી, દાદાભાઈ, ભાટ માનસિંહ, વૈશ્ય ચોપસી, વીરજી, મંગળજી, ગોકુળ ભાટિયા, લુહાર ભક્ત લક્ષ્મણ, હીરાભાઈ, મૂળજી, રામજી, જેરામ લુવાણા, કૃષ્ણ નાઈ, ઓઘો, ગોલો રાણો, દેવરામ તથા છાપ કરનાર નારણભાઈ, નાગર રૂપશંકર તથા પાંચીબા વગેરે હરિભક્તોએ મહારાજનું સન્માન કરવા સામૈયાની તૈયારી કરી. શરણાઈ, ત્રાંસા વગેરે વાજિંત્રો વગાડનારા મીરોને બોલાવ્યા. પરંતુ તેમને તો દ્વેષ હતો એટલે વાજિંત્રો લઈને આવવાની ના કહી. પરંતુ એક લંગડો મીર હતો તેણે હા પાડી.

ત્યારે તેને બીજા મીરોએ કટાક્ષમાં કહ્યું : "તારા વગર તેમનું સામૈયું અટકી પડશે. માટે તું તો જા. તને તો સ્વામિનારાયણ પાઘ બંધાવશે."

પોતાને પાઘ બંધાવશે એવો તો કોઈ સંકલ્પ આ લંગડા મીરને ન હતો. પરંતુ આવા શુભ કાર્યમાં જો પોતાની સેવા કામમાં ન આવે તો વાજિંત્રો કટાઈ જાય.

શ્રીજીમહારાજ પોતાના કાઠી ભક્તો તથા સંતો સાથે જીર્ણદુર્ગ પધાર્યા. ગામના હરિભક્તો સામૈયું લઈને સામા આવ્યા. જૂનાગઢની વિષમ પરિસ્થિતિમાં નાગરોના દ્વેષ અને ઉપાધિમાં પણ આટલા મુઠ્ઠીભર સત્સંગીઓએ શિર સાટે સત્સંગ રાખ્યો; મંદિરનું કામ પૂરું કર્યું તે ન ગણતાં લંગડા મીરને સામૈયામાં જોઈ કાઠી હરિભક્તોને થયું : "વાહ,

જીર્ણદુર્ગ ! તમારો દુર્ગ જીર્ણ અને માણસો પણ જીર્ણ."

પરંતુ અંતરતલના ભાવને ન સમજી શકતા અને મશ્કરી કરવાના સ્વભાવવાળા આ ભક્તો, જ્યારે મહારાજે મીર ઉપર દૃષ્ટિ કરી ત્યારે સ્થિર થઈ ગયા ! મહારાજ તેમનો મનોભાવ સમજી ગયા. તેથી મહારાજે કહ્યું : "એ આવો છે એટલે જ આંહીં સામૈયામાં આવ્યો છે. જે આ લોકોમાં સારા અને ગુણવાન કહેવરાવે છે તેવા તો આપણા કામમાં ન આવ્યા."

એમ વાતો કરતા મહારાજ ઉતારે પધાર્યા.

પછી મહારાજે તે મીરને બોલાવ્યો અને રાજી થઈને પોતે પોતાને માથે પહેરેલી સોનેરી પાઘ તેને આપી. મીર તો આથી રાજી રાજી થઈ ગયો. પોતાના સંબંધીઓએ તેને મે'ણું માર્યું હતું પણ હવે આ પાઘ જોઈને બધા ટાઢા થઈ જશે. મહારાજની આ અતિ કૃપાથી તેનો આનંદ માતો ન હતો. પછી તેણે હાથ જોડી મહારાજને કહ્યું : "હે મહારાજ ! આપ ભગવાન કહેવાઓ છો તો મને તમારો આશ્રિત કરો. આપ કહેશો તે સેવા હું કરીશ."

તેનો ભાવ જોઈ મહારાજ રાજી થયા.

વળી, દીન ભાવે એ બોલ્યો : "મહારાજ ! કદાચ મારા મને બાઈયુંને જોઈ ભૂંડા ઘાટ કર્યા હશે પણ દેહે કરીને તો હું ભ્રષ્ટ થયો નથી."

મહારાજ તેની નિષ્કપટ વાત સાંભળી રાજી થયા. કાઠીઓને મહારાજે કહ્યું : "કેવો નિષ્કપટ છે ! તેના મનનાં પાપ તો બધાં આજ બળી ગયાં."

કાઠી ભક્તોને લાગ્યું કે જીવનો ઉપરનો દેખાતો દેહભાવ જોઈ ભલું કે ભૂંડું પરઠવું તે ખોટું કહેવાય. તેમને પણ પશ્ચાત્તાપ થયો.

શ્રીજીમહારાજ ઝીણાભાઈના દરબારમાં પૂર્વ દ્વારની અક્ષર ઓરડીમાં ઊતર્યા. મહારાજના આગમન સાથે જયનાદોના ઉદ્‌ઘોષથી અને દેશદેશના સત્સંગીઓના ઊમટેલા પૂરથી ગામમાં પણ આનંદ વ્યાપી ગયો. ગામના તથા દેશાંતરના આવેલા તમામ હરિભક્તોને જમાડ્યા. પછી ગામના હરિભક્તો પોતાને ઘેર ગયા અને દેશાંતરથી આવેલા સૌ પોતપોતાને ઉતારે ગયા.

બીજે દિવસે વૈશાખ સુદ પૂનમની પ્રભાતે શ્રીજીમહારાજ મંદિર જોવા પધાર્યા. મંદિર જોઈ મહારાજ બહુ જ પ્રસન્ન થયા. પછી આસોપાલવનાં તોરણોથી શણગારેલા ભવ્ય મંડપમાં મહારાજ પધાર્યા. પાટ ઉપર

ગાદીતકિયા બિછાવેલા તે ઉપર બિરાજ્યા. મંડપમાં સભા ચિક્કાર ભરાઈ ગઈ. પછી શ્રીજીમહારાજે સભામાં વાત કરતાં કહ્યું : "આવું રૂડું મંદિર બહુ થોડા વખતમાં તૈયાર કરી દીધું માટે આજે તો સ્વામીનો સત્કાર કરીએ."

એમ કહી સભામાં ગાદીતકિયો નખાવી, સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને પોતાના કોટમાં જે હાર હતા તે તમામ સ્વામીને પહેરાવી પોતાની સન્મુખ ગાદીતકિયા ઉપર સ્વામીને બેસાર્યા. પછી સભામાં પોતે ફરી વાત કરી : "આ સ્વામીને તો અમે અક્ષરધામમાંથી અમારી સાથે લાવ્યા છીએ. અમારું સાક્ષાત્ અક્ષરધામ આ સાધુરૂપે આજે અહીં છે અને તમને સૌને સેવા-સમાગમનું સુખ મળે તેટલા માટે જીવનપર્યંત અહીં જ રહેશે. અમને અહીંના નવાબ સાહેબે કહ્યું હતું કે 'કાં તો તમે અહીં સદાને માટે રહો અને કાં તો તમારા જેવા ફકીર અહીં રાખો.' તેથી આ અમારા જેવા જ, અમારું સ્વરૂપ આ સાધુરૂપે અહીં છે તેમને અહીં રાખ્યા છે. માટે દર્શન, સેવા અને સમાગમનો લાભ લેશો તો કૃતાર્થ થઈ જશો."

આ પ્રમાણે સ્વામીનો મહિમા સૌને સમજાવી મહારાજ યજ્ઞનો પ્રારંભ કરવા યજ્ઞશાળામાં પધાર્યા. વેદવિધિથી મૂર્તિઓની પૂજા કર્યા પછી મૂર્તિઓ તેમના સ્થાનકે સંતોએ પધરાવી અને મહારાજે પોતે આરતી ઉતારી.

આવી રીતે પ્રતિષ્ઠાવિધિ સંપૂર્ણ થયો. ત્યાર બાદ 'વાસુદેવ હરે' થયા ત્યારે મહારાજ પોતે પંગતમાં પીરસવા પધાર્યા. મોતૈયા લાડુ સંતોનાં પત્તરમાં ખૂબ પીરસીને સૌ સંતોને મહારાજે તૃપ્ત કરી દીધા. પછી મહારાજે સંતોને કહ્યું : "સંતો ! આ લાડુ ઉપર લાડુ ચડાવીને તમને હું પીરસું છું અને તમો સૌ ઉત્સાહથી જમો છો તેથી આ મંદિરનાં શિખર થઈ ગયાં એમ જાણજો." આ પ્રમાણે સૌને તૃપ્ત કરી મહારાજ આરામ કરવા પધાર્યા.

સાંજે ચાર વાગે સભા થઈ. હાલ પ્રદક્ષિણામાં જ્યાં ઓટો કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે તે જ જગ્યાએ મહારાજ સભા કરી બિરાજમાન થયા. આ પ્રસંગે ઊનાના શેઠ ગણેશજીએ મહારાજનું પ્રથમ પૂજન કર્યું. મહારાજને વસ્ત્રો, અલંકારો તથા થાળ ભરીને રૂપિયા ભેટ ધર્યા. ગગાભાઈ દરબારે, ઝીણાભાઈના પરિવારે અને અન્ય ભક્તોએ મહારાજનું પૂજન કર્યું. થાળ ભરીને રૂપિયા ભેટ આપ્યા. વસ્ત્રો અને અલંકારોનો ઢગલો થઈ ગયો !

બીજે દિવસે નવાબ સરકારે મહારાજને પોતાના દરબારમાં પધરાવવા આમંત્રણ મોકલ્યું. બ્રહ્માનંદ સ્વામીએ તરત જ મહારાજને પૂછ્યું. મહારાજે કહ્યું, "નવાબ સરકારને કહેવરાવો કે આજે સાંજે અમે આવીશું."

સાંજે મહારાજ મોટા સદ્‌ગુરુઓ, બ્રહ્મચારીઓ, કાઠી દરબારો, ઝીણાભાઈ, દાદાખાચર, ગગાભાઈ તેમજ સ્થાનિક મુખ્ય હરિભક્તોને લઈને નવાબ સાહેબના રાજમહેલમાં પધાર્યા. નવાબે મહારાજનો સત્કાર કર્યો. મહારાજને પોતાની કચેરીમાં સ્વચ્છ, સુંદર અને સુશોભિત આસન ઉપર પધરાવ્યા. અન્ય સદ્‌ગુરુઓ તથા કાઠી દરબારોને પણ યથાસ્થાને બેસાર્યા. બ્રાહ્મણ પાસે મહારાજની પૂજા કરાવી. પછી મહારાજ સન્મુખ, શેલાં, શાલ, દુશાલા, પાઘ, સુવર્ણના અલંકારો, કોરીઓ વગેરેના થાળ ભેટ તરીકે મૂક્યા. સદ્‌ગુરુઓનું પણ ચંદનની અર્ચા કરી પૂજન કરાવ્યું અને તેમને સૌને પણ ધોતિયાં ઓઢાડ્યાં. પછી મહારાજના ચરણ પાસે કુર્નિશ કરી નવાબ બેઠા અને મહારાજને પ્રાર્થના કરતા કહ્યું, "આપ તો સાક્ષાત્ ખુદા છો તો અમારા ઉપર રહેમ નજર રાખજો. આપના દિદાર આજે થયા એટલે મને બહુ જ શાંતિ થઈ છે." મહારાજે પોતે પહેરેલો પ્રસાદીનો હાર નવાબ સાહેબને પહેરાવ્યો ને આશીર્વાદ આપ્યા.

નવાબ સાહેબને ત્રણ કુંવર થશે

તે વખતે નવાબના ખાનગી કારભારીએ મહારાજને કહ્યું, "મહારાજ ! નવાબ સાહેબને કુંવર નથી એ ખોટ છે." મહારાજે તરત જ આશીર્વાદ આપતાં કહ્યું, 'નવાબ સાહેબને ત્રણ કુંવર થશે. તેમાંથી બે કુંવર રાજગાદી ભોગવશે અને મંદિરની સેવા પણ કરશે.'[૭૭]

મહારાજ વૈશાખ વદ એકાદશી સુધી જૂનાગઢમાં રહ્યા. બારસના પારણાં કરી મહારાજે નીકળવાની તૈયારી કરી. નવાબ સાહેબ પણ

૭૭. મહારાજના આશીર્વાદથી નવાબ સાહેબને ત્રણ કુંવર થયા. તેમાં પ્રથમ નવાબ હામદખાન બીજાએ સને ૧૮૪૦ થી ૧૮૫૧ સુધી રાજ્ય કર્યું. ત્યાર બાદ નવાબ સર મહોબ્બતખાને સને ૧૮૫૧ થી ૧૮૬૨ સુધી રાજ્ય કર્યું. ત્રીજા શેરખાન ફટાયા કુંવર તરીકે હતા. પહેલા કુંવરને તથા શેરખાનને પ્રજા થઈ ન હતી. મહોબ્બત ખાનને ત્રણ કુંવર થયા હતા. સર બહાદુરખાન, સર રસુલખાન અને એદલખાન.

મહારાજનાં દર્શન કરવા આવી ગયા. મહારાજને નીકળવાની તૈયારી કરતા જોઈ નવાબ સાહેબે મહારાજને પૂછ્યું, "મહારાજ ! આપે તો મને વચન[૭૮] આપ્યું હતું કે આપ અહીં કાયમ રહેશો અને આપ તો નીકળવાની તૈયારી કરી રહ્યા છો !"

મહારાજ આ સાંભળી હસ્યા. જવાબ આપતાં તેમણે નવાબ સાહેબને પૂછ્યું, "અમે રહીએ કે અમારા જેવા ફકીરને રાખીએ ?"

એટલે નવાબ સાહેબે કહ્યું, "મહારાજ ! આપ જૈસા તો આપ હી હૈ, લેકિન આપ જૈસા દૂસરા કોઈ ફકીર હો તો ઉનકો જરૂર રખીએ."

મહારાજે કહ્યું, "આ ગુણાતીતાનંદ સ્વામી અમારા જેવા જ છે. હું જેવો અનાદિ પુરુષોત્તમ છું તેવા જ આ સાધુ અમારે રહેવાના અક્ષરધામનો અવતાર છે, અમારા અનન્ય સેવક છે. એટલે એમને અમે અહીં રાખીને જઈએ છીએ." નવાબ આ સાંભળી ખુશ થયા.

---

૭૮. મંદિર માટે જ્યારે વાડીનો લેખ કર્યો, ત્યારે તે ઉપર રાજ્યની મહોર છાપ મરાવવા માટે મહારાજ પંડે નવાબ સાહેબની કચેરીમાં ગયા હતા. ત્યારે નવાબ સાહેબે મહારાજને કહ્યું હતું, "આપ જો અહીં રહો તો મહોરછાપ મારી આપું." મહારાજે તે વખતે જૂનાગઢમાં રહેવાનું વચન આપ્યું હતું. ત્યારે નવાબે કહ્યું : "મહારાજ ! આપ અહીં મંદિર કરો તો હું જીવાઈમાં એક ગામ આપું."

મહારાજ નવાબનો ભાવ જોઈ બહુ જ રાજી થયા. પછી કહ્યું : "ગામ તો અમારે નથી જોઈતું પરંતુ તે લેખ ઉપર તમે સહી કરી આપો એટલે અમે અહીં મંદિરનો આદર કરીએ."

એટલે નવાબે તરત જ એ લેખ ઉપર સહી કરી આપી અને રાજ્યનો સિક્કો ઉપર મારી દીધો. પછી તેમણે કહ્યું : "મહારાજ ! મંદિરનાં ચણતર માટે જે જે વસ્તુઓ આવશે તે ઉપર દાણ માફ."

મહારાજ આથી ખૂબ રાજી થયા અને નવાબને આશીર્વાદ આપ્યા. પછી નવાબે ફરી મહારાજને કહ્યું : "મહારાજ ! આપ અહીં મંદિર કરો પણ આપને પોતાને અહીં રહેવું પડશે."

નવાબનો પોતા પ્રત્યેનો આવો પ્રેમ અને ભક્તિભાવ જોઈ મહારાજ બહુ જ રાજી થયા. ત્યારબાદ મહારાજે રજા લીધી. નવાબે પણ ભાવપૂર્વક મહારાજને વિદાય આપી. મહારાજ ત્યાંથી નીકળી દીવાનને ત્યાં પધરામણીએ પધાર્યા. અહીં મહારાજે લેખ ઉપર દીવાનની પણ સહી લીધી. દીવાને હર્ષપૂર્વક સહી કરી આપી. તેથી મહારાજ તેમના ઉપર રાજી થયા અને આશીર્વાદ આપ્યા કે 'તમારો મોક્ષ થશે.'

સૌ સંત-હરિભક્તોએ દર વર્ષે એક માસ અહીં આવી સ્વામીનો સમાગમ કરવો

મહારાજે જૂનાગઢથી નીકળતાં પહેલાં મંદિરની સેવા વ્યવસ્થિત રીતે થાય તે જોયું. વાઘા, આભૂષણો ભેટમાં આવ્યાં હતાં તે બધાં ઠાકોરજી માટે આપી દીધાં. સ્વામીશ્રીની વિનંતીથી મહારાજે વાસુદેવાનંદ બ્રહ્મચારીને ઠાકોરજીની સેવામાં રાખ્યા. મંદિરનો તમામ કારભાર સ્વામીશ્રીના માથે હતો. એટલે તે સંબંધી મહારાજને કાંઈ ચિંતા ન હતી. પછી મહારાજે સૌ સંતો, હરિભક્તોની સભા કરી. સૌને ઉદ્‌બોધન કરતાં મહારાજે કહ્યું, "અહીં ઝીણાભાઈના આગ્રહથી જ આ મંદિર અમે કર્યું છે. તેમને ભાવ હતો કે અહીં મંદિર થાય તો સોરઠના તમામ સત્સંગીઓને પોષણ મળે. વળી, નવાબ સાહેબને પણ મંદિર પ્રત્યે મમત્વ છે. એટલે રાજ્યનો સહકાર પણ સારો મળશે. આજે અમે નવાબ સાહેબને કહ્યું કે અમે અહીં અમારા જેવા જ સાધુ રાખી જઈએ છીએ. આ મંદિરના મહંત સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી એ અમારા અક્ષરધામનો અવતાર છે. તેમનો સંબંધ જો મન, કર્મ, વચને રાખશો તો બ્રહ્મરૂપ થઈ અક્ષરધામના અધિકારી થશો. નવાબ સાહેબને અમારા વચનમાં વિશ્વાસ છે એટલે તે તેથી રાજી થયા. માટે હવે તમને બધાને સૌ સદ્‌ગુરુઓ, સંતો અને સમગ્ર સત્સંગના તમામ હરિભક્તોને અમે આજ્ઞા કરીએ છીએ કે દર વર્ષે એક માસ આ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા માટે આવવું.[૭૯] અહીં

---

૭૯. શ્રીજીમહારાજનાં આજ્ઞાવચન સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તેમણે રચેલા 'પુરુષોત્તમપ્રકાશ'માં લખી દીધાં છે.

ચોપાઈ

સુંદર મંદિર કરાવ્યું મહારાજે રે, સર્વે જીવોના કલ્યાણ કાજે રે;
કોઈ આવીને દર્શન કરશે રે, તે તો અપાર સંસાર તરશે રે;
એહ મોટો કર્યો ઉપકાર રે, બહુ જીવ તારવા આ વાર રે;
પશ્ચિમ દેશ કરવા પુનિત રે, કર્યું મંદિર સારું શોભિત રે;
વળી સંતને આપી આજ્ઞા રે, રહેવું નહિ અહીં આવ્યા વિના રે;
વરસોવરસ એક માસ રે, કરવો આ મંદિરમાં નિવાસ રે.

- પુરુષોત્તમ પ્રકાશ, પ્રક. ૩૨

સ્વામીનો સમાગમ કરવા જે આવશે તેની કરોડ જન્મની કસર હું એક જન્મમાં ટાળી નાંખીશ.''

એટલું કહીને પછી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! તમારે તો આ ગુણાતીતાનંદ સ્વામી સાથે હેત છે અને તમો તો તેમને યથાર્થ ઓળખો છો. માટે તમારે પણ દર વરસે એક માસ અહીં આવીને રહેવું અને કદાચ એક વરસ ન અવાયું તો બીજે વરસે આવીને એક સામટા બે માસ રોકાવું.'' મહારાજની આજ્ઞા ગોપાળાનંદ સ્વામીએ તરત જ ઝીલી.

મહારાજ સૌ સંતો, હરિભક્તોની સદ્‌રુચિ જોઈ ખૂબ પ્રસન્ન થયા.

જૂનાગઢથી નીકળતાં છેલ્લા દિવસે સવારે મહારાજે સૌ સંતોને કહ્યું : ''ચાલો, દામોદર કુંડે સ્નાન કરી દત્તાત્રયને પગલે જઈએ.'' એમ સખા સંગે મહારાજ નીકળ્યા. દામોદર કુંડે સ્નાન કરી ચડાણની વાવે ગયા. અહીં બ્રહ્માનંદ સ્વામીએ સૌ સંતોને સુખડીનું ટીમણ કરાવ્યું. પછી વાવનું પાણી મંગાવી સૌએ પીધું. પછી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : ''સૌ સંતો ગિરનાર ચઢશે તો મંદિરમાં રસોઈ કોણ કરશે ? ત્યાં તો સ્વામી એકલા છે.''

એટલે મહારાજ ઊઠ્યા અને પોતાના હાથમાં સોટી હતી તે વતી એક લીટો કરીને કહ્યું : ''આ લીટાની ઉગમણીકોર જે સંતો ઊભા હોય તે બધા ગિરનાર ચઢવા જાય અને આથમણી બાજુના બધા સંતો મંદિરે પાછા જાય.''

મહારાજની આ આજ્ઞા સાંભળી આથમણી બાજુ જે સંતો હતા તે સૌ મંદિરે ગયા. બીજા ગિરનાર ચઢવા ગયા. મહારાજ ત્યાં થોડી વાર બ્રહ્મમુનિ સાથે વાતો કરતા બિરાજયા.

તે વખતે એક વૈકુંઠાનંદ સાધુ ગિરનાર ચઢવાના લોભે ઝાડીમાં સંતાઈ ગયા હતા. પરંતુ મહારાજ ત્યાં બેઠેલા એટલે શી રીતે બહાર આવી ઉપર ચઢી શકે ? મહારાજ ત્યાંથી મંદિર જવા રવાના થયા એટલે તે સાધુ ગિરનાર ચઢવા ગયા. પરંતુ મોડું બહુ થયું હતું અને ગિરનાર ચઢવા ગયેલા સંતો પાછા વળતા હતા.

મહારાજ મંદિરે પધાર્યા અને થોડી વારે સંતો પણ ગિરનાર ચઢીને આવી ગયા. 'વાસુદેવ હરે' થયા અને મહારાજ સૌને પીરસવા પધાર્યા. સૌ સંતોને સારી રીતે જમાડી તૃપ્ત કર્યા. પછી પોતે જમ્યા. ત્યાર બાદ મહારાજ

સંતો તથા સખાઓને સાથે લઈ ધોરાજી તરફ જવા જીર્ણદુર્ગથી નીકળ્યા.

ધોરાજીની ધાબળી

વૈકુંઠાનંદ સાધુ ગિરનાર ચઢીને મંદિરે આવ્યા પરંતુ મહારાજ તો નીકળી ગયા હતા. એટલે દર્શન થયાં નહિ. વળી, રસોઈ પણ બધી ખલાસ થઈ ગઈ હતી; તેથી ભૂખ્યા પણ રહ્યા. પછી મહારાજ કઈ તરફ પધાર્યા છે તે પૂછીને તેમણે પણ ધોરાજીની વાટ પકડી. અહીં આવ્યા; પરંતુ અહીંની ધાબળીની પ્રખ્યાતિ સાંભળી બજારમાં ધાબળી લેવા રોકાયા. ગાંઠેથી પાંચ રૂપિયા કાઢીને સરસ મુલાયમ ધાબળી[૮૦] ખરીદી, ગામમાં મહારાજની તપાસ કરી પરંતુ મહારાજ તો મળ્યા નહિ. આમ, આજ્ઞા લોપતાં જે દુઃખ અને મુશ્કેલી આવે છે તેનો સાક્ષાત્ અનુભવ તેમને થયો.

શ્રીજીમહારાજ સ્વામીને જૂનાગઢનું મંદિર સોંપી ધોરાજી થઈ, ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા. અહીં આવીને મહારાજે જૂનાગઢના મંદિરની તથા સ્વામીનાં કાર્યની અતિશય પ્રશંસા કરી. સભામાં પણ મહારાજે સર્વે પરમહંસો તથા હરિભક્તોને આજ્ઞા કરી કે બાર માસમાં એક માસ સૌએ જૂનાગઢ જવું. ગોપાળાનંદ સ્વામીને પણ ખાસ આજ્ઞા હતી જ. આ આજ્ઞા પ્રમાણે જ્યારે ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ આવતા ત્યારે સ્વામી મંદિરનો વ્યવહાર તેમને સોંપી દેતા અને પોતે કથાવાર્તા કરતા. મહારાજે કરેલી આ આજ્ઞાનુસાર સ્વામી જૂનાગઢના મંદિરમાં ચાલીસ વર્ષ રહ્યા ત્યાં સુધી તેમનો સમાગમ કરવા સદ્‌ગુરુઓ હરિહર્યાનંદ સ્વામી, ઉપેન્દ્રાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, કૃષ્ણચરણદાસજી, મુકુન્દચરણદાસજી, ધર્મપ્રસાદદાસજી, નિર્ગુણદાસજી, વ્રજવલ્લભદાસજી, વૃંદાવનદાસજી, બાપુ રતનજી, કાશીદાસ, હસનજી, રઘુવીરજી મહારાજ, હરજી ઠક્કર, શિવલાલભાઈ, પાળિયાદવાળા ભાણજીભાઈ, મહુવાના પ્રાગજી ભક્ત, કારિયાણીના નથુ પટેલ, દેવરાજભાઈ, જીવરાજ શેઠ, ઉમેદરામ હરગોવિંદ,

---

૮૦. કહેવાય છે કે શ્રીજીમહારાજે ગઢપુરમાં તેમની પાસેથી ધાબળી લઈ લીધી અને તેમના દેખતાં જ બાળી દીધી હતી. આ વખતે તેમણે મહારાજને ઘણા કાલાવાલા કર્યા કે "મહારાજ ! પુસ્તકો વેચીને ધાબળી લીધી છે માટે બાળી ન દેશો." પરંતુ મહારાજને તો તેનો ફરી સંકલ્પ ન થાય તેમ કરવું હતું. તેથી જ ધાબળી બાળી દીધી હતી.

પીતાંબરદાસ, વસોના વાઘજીભાઈ, કાશીરામ, જગુભાઈ, જેભાઈ શેલત, કરસનજીભાઈ, કપડવંજના ભૂધરભાઈ વગેરે સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવતા. આમ, તેમને સૌને ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી મહારાજના સર્વોપરી પુરુષોત્તમસ્વરૂપની તથા સ્વામી મહારાજને રહેવાનું મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે તેવી નિષ્ઠા થઈ ગઈ હતી.

સ્વામીશ્રીએ જૂનાગઢમાં સાધુની ધર્મશાળા કરાવવાનો આરંભ કર્યો. એક બાજુ મંદિરનું કામ ચાલતું હતું. બીજી તરફ ધર્મશાળાનું કામ પણ શરૂ કર્યું. આ પ્રમાણે ધમધોકાર કામ ચાલતું કર્યું. અવધૂતાનંદ સ્વામી તથા હરિભજનાનંદ સ્વામી પાણા કાપતા. કેટલાક સંતો ચૂનાનાં તગારાં ઉપાડતા, પાણા લાવતા, ખડ કાપવા જતા, વાસીદાં વાળતા. આ પ્રમાણે સ્વામીની અનુવૃત્તિ સાચવી સૌ કઠણમાં કઠણ સેવા કરતા. સાંજે સ્વામી બાજરો પલાળી રખાવતા તે સવારે સૌ સંતોને આપતા. બપોરે દાળ-રોટલા આપતા અને સાંજે તો જમવાનું નામ જ નહિ. કથાવાર્તા જ ભોજન રહેતું ! આમ, કઠણ કસોટી સૌની થતી. પરંતુ પ્રાપ્તિ બહુ જ મોટી હતી એટલે સંતોને કસોટીમાં પણ આનંદ થતો. શ્રીજીમહારાજ ખરા વૈરાગ્યવાળાઓને જ અહીં મોકલતા. તે પ્રમાણે સુજ્ઞાનંદ, શિવાનંદ, વ્રજાનંદ, વલ્લભાનંદ, પાર્ષદ જોરા ભગત, કાના ભગત, રામ ભગત, રણછોડ ભગત, રેવા ભગત, શ્યામ ભગત વગેરે સંત-પાર્ષદો અહીં રહેતા અને સેવા કરતા.

✧ ✧ ✧

સંવત ૧૮૮૪ની શરૂઆતમાં ગિરમાં દાતારના ડુંગરની પાછળ બોરિયાના જંગલમાં એક વખત કેટલાક સંતો અને પાર્ષદો વાંસ કાપવા ગયા હતા. તેમને આવતાં વાર થઈ એટલે સ્વામી તેમના પ્રત્યેના અત્યંત પ્રેમને લીધે ચિંતા કરતા તેમની શોધમાં નીકળ્યા. દાતારનો ડુંગર ટપીને કાળવા તરફ જ્યાં સાધુઓ હંમેશાં વિસામો ખાવા બેસતા ત્યાં સ્વામી આવીને તેમની રાહ જોતા બેઠા. એટલામાં થોડી વારે સાધુઓ માથે વાંસના ભારા લઈને આવ્યા. પછી ભારા ત્યાં ઉતારીને સૌ કાળવામાં પાણી પીવા ગયા. પરંતુ શિવાનંદ સ્વામી[૮૧] આત્મનિવેદી હતા અને શ્રીજીમહારાજની

૮૧. આ શિવાનંદ એટલે ભાદરાના સુંદરજી. ગુણાતીતાનંદ સ્વામીના નાના ભાઈ.

ચરણરજ જમવામાં કે પાણીમાં નાખીને પછી જ જમતા કે પાણી પીતા. સ્વામીએ તેમને પૂછ્યું : "શિવાનંદ ! તારે પાણી નથી પીવું ?"

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! મનેય તરસ તો બહુ લાગી છે. ગળું સુકાય છે. પણ મહારાજની ચરણરજ લાવતાં ભૂલી ગયો છું એટલે શી રીતે પાણી પિવાય ?"

એટલે સ્વામીએ તેને કહ્યું : "ચાલ, તને ચરણરજ બતાવું." એમ કહી પોતે કાળવાના પાણીમાં ઊભા રહ્યા અને શિવાનંદને કહ્યું : "જો, કોટી ગંગા અને જમુના જેના ચરણમાં આળોટે છે તે મહારાજ સાક્ષાત્ અંગોઅંગમાં રહ્યા છે, માટે અહીં મહારાજની ચરણરજ બધે જ છે. માટે પાણી પી લે." શિવાનંદને સ્વામીને વિષે વિશ્વાસ હતો એટલે તેણે પાણી પી લીધું. પછી સૌ સંતો સાથે મંદિર પધાર્યા.

સ્વામીએ આ પ્રમાણે ચરણરજ કરી આપી અને શિવાનંદ સ્વામીને પાણી પાયું તે એક સાધુને ન રુચ્યું. તે વખતે તો તે કાંઈ બોલ્યા નહિ, પણ જ્યારે ગઢડા ગયા ત્યારે મહારાજને ફરિયાદ કરતાં કહ્યું : "ગુણાતીતાનંદ સ્વામીએ તમારી ચરણરજ ન હોવાથી પોતાની ચરણરજનું પાણી પાયું."

તે સાંભળી મહારાજે કહ્યું : "અહો, ત્યારે તો બહુ સારું કર્યું. પાણી પાઈને સાધુને જીવતા રાખ્યા તે તો ઘણું સારું કર્યું. પૂર્વે વામનજીના પગના અંગૂઠાના સામર્થ્યથી ગંગાજી તીર્થરૂપ બની ગયાં. ત્યારે આ તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. માટે તેમનાં ચરણોમાં તો કોટી ગંગા, કોટી કાશી અને અનેક તીર્થો રહ્યાં છે."

તે સાધુ સ્વામીનો આવો મહિમા સાંભળી સ્થિર થઈ ગયા !

✧ ✧ ✧

આ વર્ષે ઠંડી જરા વધુ પડી એટલે સ્વામી સગડી પાસે રાખીને તાપતા હતા. તાપતાં તાપતાં વધુ પડતા તાપને લઈને સ્વામીને ગરમી થઈ. આ વખતે મહારાજ ગઢપુરમાં અક્ષર ઓરડીમાં બિરાજતા હતા. સ્વામીને અતિશય ગરમી થઈ ગઈ. તેથી મહારાજે એકદમ મોટીબાને કહેવરાવ્યું કે "અમને ગરમી થાય છે, માટે નાહવું છે. તો ટાઢાં પાણી લાવો." શિયાળાની સખત ઠંડીમાં પણ મહારાજને ગરમી થાય છે તે જાણી મોટીબાને આશ્ચર્ય થયું. તેથી મહારાજને પુછાવ્યું : "આટલી ટાઢમાં ટાઢું

પાણી નાહવા કેમ મંગાવ્યું ? આપનું આ અલૌકિક ચરિત્ર હોય તેમ અમને લાગે છે.''

ત્યારે મહારાજે કહ્યું : ''અમારાં શરીર તપી ઊઠ્યાં છે.''

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આપ અહીં ઓશરીમાં છાયામાં બેઠા છો. વળી, આગળ સગડી પણ નથી તો શરીર શી રીતે તપી ગયું ?''

ત્યારે મહારાજે કહ્યું : ''અમારું અક્ષરધામ તપવાથી અમે તપી ગયા.''

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''અક્ષર તો શીતળ અને શાંત છે તે તપે કેમ ?''

એટલે મહારાજ હસ્યા. પછી કહ્યું : ''સ્વામી ! જૂનાગઢમાં અમારું મૂર્તિમાન અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામી સગડીથી તાપે છે અને વધારે પડતો તાપ થવાથી તપી ગયા એટલે અમે પણ તપી ગયા.''

મુક્તાનંદ સ્વામી તથા સૌ સંતો અને હરિભક્તો આ સાંભળી મહારાજ શાથી તપી ગયા એ રહસ્ય સમજ્યા. પછી ઠંડું પાણી મંગાવી મહારાજને સ્નાન કરાવ્યું. પછી મહારાજે કહ્યું, ''હવે અમને સુવાણ્ય થઈ.''

આ પ્રસંગ બાદ થોડા દિવસો પછી મહારાજ કારિયાણી પધાર્યા. અત્રે માંચા ખાચરને ત્યાં મહારાજ ઊતર્યા. બરાબર આ જ વખતે જૂનાગઢથી સ્વામીશ્રી કેટલાક સંતો સાથે નીકળી વંથળી જતા હતા. રસ્તામાં સ્વામીને પથ્થરની ઠેસ જોરથી વાગી. આથી સ્વામી એકદમ 'સ્વામિનારાયણ' એમ ઊંચેથી બોલ્યા.

તે વખતે મહારાજ કારિયાણીમાં માંચા ખાચરને ઘેર પલંગમાં પોઢ્યા હતા. મહારાજ એકદમ ઝબકીને જાગી ગયા અને 'હં' એમ મોટેથી બોલ્યા અને એક હાથ અદ્ધર કર્યો.

આથી પાસે બેઠેલા સેવકો એકદમ ઊભા થઈ ગયા અને મહારાજને પૂછવા લાગ્યા, ''મહારાજ ! આમ કેમ ઝબકી ગયા ? અને હાથ કેમ અદ્ધર રાખ્યો છે ?''

એટલે મહારાજે કહ્યું : ''અમારું મૂર્તિમાન્ અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી વંથળી જાય છે. તેમને ઠેસ વાગી અને અમારું નામ

લીધું એટલે અમે ઝબકીને જાગી ગયા. તે અત્યારે ખોડંગાતા ચાલે છે. એટલે તેમને ટેકો દેવા અમે હાથ અદ્ધર કર્યો છે.''

આ પ્રમાણે મહારાજે પોતાને અક્ષરધામ સાથે અખંડ એકતા છે એ રહસ્ય સૌને સમજાવ્યું અને અક્ષરને પુરુષોત્તમનું અખંડ સ્મરણ છે તે પણ સમજાવ્યું.

જૂનાગઢમાં મંદિરનું તથા ધર્મશાળાનું કામ ધમધોકાર ચાલતું હતું. સ્વામીએ પણ કારખાનાના કામની સાથે સાથે કથાવાર્તાનો પણ એવો કાર્યક્રમ ગોઠવી દીધો હતો કે જેથી કારખાનાના કામથી સૌ નવરા થાય એટલે સ્વામીની વાતુ સાંભળવા આવે. વાતુ સાંભળી સૌને મહારાજ તથા સ્વામીના સ્વરૂપના મહિમાની ખુમારી અખંડ રહેતી. તેથી સ્વામીની અનુવૃત્તિ સાચવવા સૌ તત્પર રહેતા. આ અરસામાં સાધુ તથા પાર્ષદો રાત્રે ત્રણ વાગે ઊઠીને ડુંગરામાં વાંસ કાપવા જતા. એક વખત એક સાધુ સ્વામી પાસે આવ્યા અને વાત કરી : ''સ્વામી ! અમને ડુંગરામાં પાણી પીવાની બહુ અડચણ પડે છે. ક્યાંય શોધ્યું પાણી જડતું નથી.''

એટલે સ્વામીએ કહ્યું : ''ચાલો, હું સાથે આવું.'' એમ કહી સ્વામી સૌ સાધુ તથા પાળા સાથે ડુંગરામાં ગયા. અહીં આવી સ્વામીએ કહ્યું : ''ઓહો ! આંહીં તો આખો ડુંગરો પાણીથી ભરેલો છે.''

ત્યારે તે સાધુઓએ કહ્યું : 'એ તો ખરું, પણ કાંઈ તરસ લાગે ત્યારે ઓછો ડુંગરો ખોદવા જવાય છે ? તે વખતે તો જાણે પાણી વિના જીવ જતો રહેશે એમ અમને થાય છે.''

આ સાંભળી સ્વામી હસ્યા અને કહ્યું : ''લાવો કુહાડી.''

એટલે સ્વામીને કુહાડી આપી. તે લઈને સ્વામીએ કાળા પથ્થર ઉપર મારી, ત્યાં તો તેમાંથી પાણીની સેર ઊછળી. પછી બધા સાધુઓએ તેમાંથી પાણી પીધું. થોડી વાર થઈ એટલે વાંસ કાપીને સાધુઓ સ્વામી પાસે આવ્યા. વાંસ કાપી અને ભારા ઊંચકીને સૌ થાકી ગયા હતા. તેમને જોઈ સ્વામીએ પૂછ્યું : ''ભૂખ લાગી હશે ?''

એટલે સાધુઓએ કહ્યું : ''સ્વામી ! ભૂખ તો એવી લાગી છે કે ઊભા રહેવાતું નથી અને ફેર આવે છે.''

એટલે સ્વામીએ ઊંચે આકાશમાં જોયું. એટલે એક લંગડો બ્રાહ્મણ

ટોપલો લઈને આકાશમાંથી આવ્યો. તેમાં બરફી, કેળાં અને પેંડા હતા. સાધુઓ તો ખાવાનું જોઈ રાજી થયા. પરંતુ બીજી મૂંઝવણ તેમને થઈ. ત્યારે સ્વામીએ તેમને પૂછ્યું : "હવે કેમ મૂંઝાઓ છો ?"

એટલે તેમણે કહ્યું : "પૂજા મંદિરમાં રહી ગઈ છે એટલે મહારાજનાં દર્શન કર્યાં વિના શી રીતે ખવાય ?"

તે સાંભળી સ્વામી હસ્યા, પછી બોલ્યા : "લ્યો, પ્રાર્થના કરીએ કે દર્શન દેવા પધારો." એમ સ્વામીએ સંકલ્પ કર્યો ત્યાં મહારાજ દિવ્ય દેહે પધાર્યા અને પૂછ્યું કે "કેમ અમને બોલાવ્યા ?"

એટલે સ્વામીએ કહ્યું : "આ સાધુ સૌ ભૂખ્યા છે તે દર્શન દો એટલે સૌ જમે." એટલે મહારાજે સૌ સાધુને દર્શન દીધાં અને બરફી, પેંડા, કેળાં વગેરે પ્રસાદીનાં કરી આપ્યાં.

પરંતુ કેટલાક સાધુઓને મહારાજનાં દર્શન થયાં તોય મનાયું નહિ. તેમણે શંકા કરી કે મહારાજ તો ગઢડા છે તે અહીં હોય નહીં. આમ, મહારાજને નજરે દીઠા તો પણ માન્યું નહિ અને જમ્યા પણ નહિ. જેને સ્વામીનો વિશ્વાસ હતો તે સૌ જમ્યા. પછી સૌ મંદિરે આવ્યા.

થોડા દિવસ પછી જે સાધુઓને સ્વામીનો વિશ્વાસ ન હતો તે બધાએ મહારાજને ફરિયાદ કરી કે "સ્વામી તો તમારાં દર્શન કરાવે છે અને પૂજા કરાવ્યા વિના ખવડાવે છે."

આ સાંભળી મહારાજે તેમને ઠપકો આપતાં કહ્યું : "તમો બધા આંધળા હતા ? હું જાતે આવ્યો હતો તે નહોતા દેખતા ? મારો પણ વિશ્વાસ તમને ન આવ્યો ?" એમ કેટલુંક વઢ્યા પછી બોલ્યા : "એ સાધુ તો અમારે રહેવાનું અક્ષરધામ છે અને અમે તેમનામાં અખંડ વાસ કરીને રહ્યા છીએ. માટે હવે સ્વામી કહે તેમ કરજો અને તેમની આજ્ઞામાં રહેજો. સ્વામીને રાજી કરશો તો અમે રાજી થઈ જશું." એ પ્રમાણે શિખામણની વાત કરી સ્વામીનો મહિમા સમજાવી તેમને બધાને જૂનાગઢ મોકલ્યા.

આસનથી મોટપ નથી

સંવત ૧૮૮૫ના શ્રાવણ માસમાં કૃષ્ણ જયંતીના સમૈયા ઉપર સ્વામી ગઢડા ગયા. બરોબર શ્રાવણ સુદ પૂનમના દિવસે સ્વામી ગઢપુર પહોંચ્યા

અને સીધા મહારાજનાં દર્શને અક્ષર ઓરડીએ ગયા. અહીં મહારાજને દંડવત્ કરી પગે લાગ્યા. તે વખતે શુકમુનિ મહારાજ પાસે બેઠા હતા અને પત્ર લખતા હતા. સ્વામી હવે જૂનાગઢના મહંત હતા એટલે તેમને બેસવા માટે શુકમુનિ ઊભા થઈને આસન શોધવા લાગ્યા એટલે મહારાજે તેમને પૂછ્યું : "શું ખોળો છો ?"

ત્યારે શુક સ્વામીએ કહ્યું : "આ જૂનાગઢના મહંત માટે આસન શોધું છું."

તે સાંભળી મહારાજ હસ્યા અને બોલ્યા : "આસનની એમને જરૂર નથી. એમની મોટપ કાંઈ આસનથી કે મહંતાઈથી નથી. એ તો જેમ અમારી મોટપ અનાદિની છે, તેમ એમની મોટપ પણ અનાદિની છે. શાસ્ત્રમાં ચોથો ભેદ બ્રહ્મનો કહ્યો છે. તે જ અનાદિ બ્રહ્મ આ સ્વામી છે. માટે તેમની મોટપ પણ અનાદિની જ છે. આસનથી જેણે મોટપ માની હોય તે મોટપ તો ચલિત છે. એટલે ટળી પણ જાય. વળી, જે સાધન દશાવાળા હોય તે જ તેવી મોટપને ઇચ્છે. જ્યારે આ તો અનાદિ સિદ્ધ, શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ છે જેને જીવ, ઈશ્વર અને માયા સદા આધીન રહે છે."

અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી ગુણાતીતાનંદજીનો આવો મહિમા શ્રીજીમહારાજના શ્રીમુખે સાંભળી શુકમુનિ તો સ્તબ્ધ બની ગયા.

પરંતુ હજુ જાણે અધૂરું હોય તેમ શ્રીજીમહારાજ ફરી કહેવા લાગ્યા : "શુકમુનિ ! તમને હું શું કહું ? આ સ્વામી જે અક્ષરબ્રહ્મનો અવતાર છે તેમને અમારી સાથે એકતા છે અને છતાં સેવ્યભાવ પણ છે. અમારી મરજી પ્રમાણે જ તે બોલે છે. સદા અમારા ધ્યાનમાં જ મગ્ન રહે છે. જગતની ગંધ લેશમાત્ર જેમનામાં નથી એવા આ સ્વામી દ્વારા જ અમે અમારું સર્વ કાર્ય કરીએ છીએ. તેનો મહિમા તો કો'ક જ જાણી શકે !"

એટલું કહીને મહારાજ અટક્યા, પણ જાણે હજુ કાંઈક અધૂરું હોય તેમ ફરી બોલ્યા : "શુક સ્વામી ! પ્રકૃતિ-પુરુષ સુધીના લોકની મોટપ તો આવે અને ટળી જાય તેવી છે. એ તો માયિક મોટપ છે. કલુષિત અને અંતે બંધનકારી છે. માટે જ્યારે આ અક્ષરના સંબંધે અક્ષર થશો, ત્યારે અમારો મહિમા જેવો છે તેવો સમજાશે. એક અક્ષર જ અમારો મહિમા યથાર્થ જાણે છે. અમારો મહિમા તો શાસ્ત્રમાં લખી શકાય તેવો નથી

તેમજ મુખેથી કહી શકાય તેવો પણ નથી. અમારા અતિ અપાર મહિમાના દિવ્ય શબ્દો આ સ્વામી થકી સાંભળી મોટા મોટા પંડિતો પણ અંતરમાં ઊંડા ઊતરી ગયા છે.''

આ બધું સાંભળી શુકમુનિને સ્વામીની મોટાઈ અંતરમાં સમજાણી.

'ભક્તચિંતામણિ' પ્રસાદીભૂત

એટલામાં ત્યાં નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણિ'નું પુસ્તક લઈને આવ્યા. સો પ્રકરણો લખાયાં હતાં તે મહારાજને બતાવી પ્રસાદીનાં કરાવી પ્રમાણભૂત કરવાં હતાં. મહારાજને પગે લાગી પાસે બેઠા અને 'ભક્તચિંતામણિ'નું હાથે લખેલું પુસ્તક મહારાજના કરકમળમાં તેમણે મૂક્યું.

મહારાજ પુસ્તક જોઈને બહુ જ રાજી થયા. તે વખતે ત્યાં મુક્તાનંદ સ્વામી બેઠા હતા. તેમને મહારાજે કહ્યું : ''સ્વામી ! આપણે હરિયાનંદ, ગોતીતાનંદ, વૈરાગ્યાનંદ જેવાને સંસ્કૃત ભણાવ્યું પણ તે તો કાંઈ આપણા કામમાં આવ્યા નહિ. પરંતુ આ ગુણાતીતાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીને સંસ્કૃત ભણાવ્યું હોત તો સત્સંગમાં બહુ સારો સમાસ થાત. વળી, દીનાનાથ ભટ્ટનું પણ કામ ન પડત અને અમારાં સ્વરૂપનો મહિમા અને ઐશ્વર્ય છે તેવાં યથાર્થ લખત.''

મુક્તાનંદ સ્વામી મહારાજનો અભિપ્રાય સમજી ગયા અને બોલ્યા કે ''હા, મહારાજ ! આમને સંસ્કૃત ભણાવ્યું હોત તો ગ્રંથો સારા બનાવત. ઘરના વિદ્વાન હોય તે તો ધાર્યું કામ કરે જ ને ! પરંતુ જેમ આપની મરજી હશે તેમ થયું.''

તે સાંભળી મહારાજ રાજી થયા. પછી સભા વિસર્જન કરી મહારાજ જમવા પધાર્યા.

જમતાં જમતાં મહારાજે ભગુજીને કહ્યું : ''ભાદરાવાળા નિર્ગુણાનંદને બોલાવો.'

એટલે ભગુજી સાધુની જાયગામાં આવ્યા. અહીં સ્વામી પંક્તિમાં જમવા જવાની તૈયારી કરતા હતા ત્યાં આવી તેમને કહ્યું : ''મહારાજ તમને બોલાવે છે.''

એટલે સ્વામી તરત જ મહારાજ પાસે આવ્યા. મહારાજે જમતાં જમતાં ફરી જૂનાગઢના મંદિરની વાત પૂછી. ત્યારે સ્વામીએ કહ્યું : "મહારાજ ! નવાબ તરફથી તો બધી સગવડતા મળે છે પણ નાગરો ઉપાધિ બહુ કરે છે. વળી, 'મંદિર' થાય છે તેમ નથી બોલતા પણ 'મઠ' કહે છે."

તે સાંભળી મહારાજે કહ્યું : "ભલે હમણાં તેઓ દ્વેષ રાખે પણ પાછળથી ભૂંડી વલે થાશે, માટે તેની ચિંતા કરશો નહિ."

એટલું કહી મહારાજે ચળું કર્યું. પછી પ્રસાદીનો થાળ સ્વામીને આપ્યો અને કહ્યું : "સ્વામી ! અહીં આ થાળ જમો. અમો તમારા ઉપર બહુ જ રાજી છીએ."

પછી મહારાજ અક્ષર ઓરડીએ પધાર્યા અને સ્વામી થાળ જમીને સાધુની જાયગામાં પધાર્યા.

✧ ✧ ✧

આ.સં. ૧૮૮૬ના પોષ માસમાં મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો. જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા હતા. તેઓ પણ મહારાજના મંદવાડને લીધે અહીં જ રહ્યા. ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ વગેરે સંતો તો મહારાજની સાથે જ હતા. એવામાં પુષ્પદોલોત્સવ આવ્યો. પુષ્પદોલોત્સવ ઊજવતાં મહારાજે કહ્યું : "આ છેલ્લો ફૂલદોલ છે !" એમ કહીને મહારાજે ઘેરો મંદવાડ ગ્રહણ કરીને સૌને ચિંતાગ્રસ્ત કરી દીધા. એક દિવસ સ્વામીને બોલાવીને મહારાજે કહ્યું : "સ્વામી ! હવે તમે જૂનાગઢ જાઓ અને ત્યાંથી બ્રહ્માનંદ સ્વામીને અહીં મોકલો."

મહારાજનું આ આજ્ઞાવચન સાંભળીને સ્વામીના અંતરમાં અતિશય વેદના થઈ. મહારાજને આવા મંદવાડમાં મૂકીને સ્વામીને જૂનાગઢ જવું ગમતું ન હતું. મહારાજ પણ સ્વામીની મૂંઝવણ સમજી ગયા અને સ્વામીને પોતાની પાસે બોલાવી પૂછ્યું, "સ્વામી ! અમે તમને જૂનાગઢ જવાનું કહ્યું ત્યારે તમે કેમ મૂંઝાયા ?"

એટલે સ્વામીશ્રીએ કહ્યું, "મહારાજ ! આપનો મંદવાડ જોઈ મને લાગ્યું કે આપ આ લોકમાંથી ઉદાસ થયા છો તેથી મારું હૃદય આપને છોડીને જૂનાગઢ જવા ઇચ્છતું નથી."

તે સાંભળી મહારાજ મંદ મંદ હસવા લાગ્યા. પછી મહારાજે કહ્યું, "સ્વામી ! સમય આવશે ત્યારે હું તમને બોલાવી લઈશ, માટે હમણાં તો તમો જૂનાગઢ જાઓ અને બ્રહ્માનંદ સ્વામીને અહીં મોકલો."

એમ કહી મહારાજે કહ્યું, "અમારે નાહવું છે તો ઊનાં પાણી કરીને લાવો."

સ્વામી તો તરત ગયા અને ઊનું પાણી તૈયાર કરી લાવ્યા. મહારાજને સ્વામીએ પોતે નવરાવ્યા. મહારાજે પણ સ્વામીને એ સેવાનું સુખ આપ્યું અને વિદાયનું દુઃખ ભુલાવી દીધું. આ પ્રસંગે મહારાજે સ્વામીને એટલું બધું સુખ આપ્યું કે મહારાજના મંદવાડ સંબંધી સ્વામીને તદ્દન વિસ્મૃતિ જ થઈ ગઈ. પછી મહારાજ અક્ષર ઓરડીમાં પધાર્યા.

સ્વામી જૂનાગઢ જવા તૈયાર થઈ મહારાજનાં દર્શને અક્ષર ઓરડીએ આવ્યા. તે વખતે મહારાજ પાસે એક ચોપડો પડ્યો હતો, તે લઈ સ્વામીએ મહારાજને પૂછ્યું, "આ શાનું પુસ્તક છે ?" એમ કહી સ્વામીશ્રી તે પુસ્તક જોવા લાગ્યા. પછી મહારાજને કહ્યું : "મહારાજ ! અમારે જૂનાગઢમાં ઓચ્છવનાં કીર્તનનો ચોપડો નથી."

ત્યારે મહારાજે કહ્યું, "તમારે જોઈતો હોય તો આ ચોપડો જ તમે લઈ જાવ."

એટલે સ્વામીશ્રી "બહુ સારું." એમ કહી ચોપડો બગલમાં નાખી મહારાજની રજા લઈને નીકળ્યા.

સ્વામી લીમડા નીચે આવ્યા ત્યાં સામેથી નિષ્કુળાનંદ સ્વામી આવતા હતા તે મળ્યા. તેમણે પૂછ્યું : "આ શું લીધું ?"

ત્યારે સ્વામીએ કહ્યું, "એ તો ઓચ્છવનાં કીર્તનનો ચોપડો છે તે મહારાજે આપ્યો છે."

તે સાંભળી નિષ્કુળાનંદ સ્વામી ચમક્યા. તેમણે કહ્યું : "સ્વામી ! તમે ખરો ઘા માર્યો. આ તો ધોલેરાના મંદિર માટે લખાવ્યો હતો, પણ હવે મહારાજે તમને આપ્યો એટલે શું કહેવું ?"

એ ચોપડો શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીના કહેવાથી શુકમુનિ પાસે લખાવ્યો હતો અને તેમાં મુક્તાનંદ સ્વામીનાં રચેલાં ઉત્સવનાં પદો હતાં. પરંતુ સ્વામીશ્રીએ માગ્યો એટલે મહારાજ શી રીતે ના પાડે ? વળી,

સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી બન્ને બાળસ્નેહી એટલે નિષ્કુળાનંદ સ્વામી પણ શું કહી શકે ? આમ, ઉત્સવનાં કીર્તનનો ચોપડો લઈ સ્વામી ગઢપુરથી નીકળ્યા અને જૂનાગઢ આવ્યા. હાલ પણ આ ચોપડામાંથી જ જૂનાગઢ મંદિરમાં ઉત્સવનાં પદો બોલાય છે. સ્વામીએ અહીં આવી બ્રહ્માનંદ સ્વામીને મહારાજનો સંદેશો કહ્યો. તેથી બ્રહ્માનંદ સ્વામી તરત જ ગઢપુર જવા રવાના થયા.

મહારાજ બ્રહ્માનંદ સ્વામીને મૂર્તિનું સુખ આપે છે

બ્રહ્માનંદ સ્વામી ગઢડા આવ્યા. મહારાજ તેમને જોઈ બહુ જ રાજી થયા. રોજ બ્રહ્માનંદ સ્વામીને પોતાની પાસે બેસાડે, વાતો કરાવે અને પ્રસાદીનો થાળ આપે. એમ લગભગ બે માસ સુધી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પોતાની મૂર્તિનું સુખ આપ્યું અને પ્રસાદીના થાળ આપ્યા. બ્રહ્માનંદ સ્વામી પણ ખરા બુદ્ધિશાળી હતા. તે સમજી ગયા કે મહારાજે આટલો રાજીપો બતાવ્યો અને બે માસ સુધી પ્રસાદીનો થાળ મને જ દરરોજ આપ્યો છે એટલે નક્કી મહારાજને મારી પાસે કોઈ કામ કરાવવું હશે. એટલામાં એક દિવસ મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બોલાવ્યા. બ્રહ્માનંદ સ્વામી પાસે આવ્યા એટલે તેમને કહ્યું : "સ્વામી ! જૂનાગઢથી કાગળ આવ્યો છે કે અહીં શિખર વગેરેનું કામ કરવા બ્રહ્માનંદ સ્વામીને મોકલો. તેથી તમે જૂનાગઢ જાઓ અને મંદિરનું કામ પૂરું કરો અને ત્યાં જે સાધુ છે તેમને અહીં મોકલો."

બ્રહ્માનંદ સ્વામી તો મહારાજનાં આ આજ્ઞાવચન સાંભળી સ્થંભી ગયા ! તેમને લાગ્યું કે મહારાજે ખરે ટાણે આ વચન છોડ્યું. આવો ઘેરો મંદવાડ અને હવે મહારાજને છોડીને શી રીતે જવું ? વળી, જો આજ્ઞા લોપું તો બે મહિના જે સુખ આપીને રાજીપો બતાવ્યો છે તે ટકે નહિ. આમ, વિચારમાં પડી ગયા. એક-બે દિવસ તેમણે વચન ઠેલ્યું. તેથી મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : "સ્વામી ! મહારાજ તમને બે દિવસથી જૂનાગઢ જવાનું કહે છે. તમે કેમ જતા નથી ? હું તો માંદો છું, છતાં મને જો જવાનું કહે તો હું હમણાં જ જાઉં. તમને કહે છે અને તમે આજ્ઞા માનતા નથી તે ઠીક ન કહેવાય."

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, "સ્વામી ! તમે કહો છો તે સાચું છે. મને પણ મહારાજની આજ્ઞા પાળવામાં વિલંબ થયો તેથી દુઃખ થાય છે. મહારાજનું એક પણ વચન આજ સુધી મેં હેઠે પડવા દીધું નથી. પરંતુ મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો છે અને કદાચ દેહ મૂકી દે તે બીકે કરીને જવાનું મન થાતું નથી."

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "એ કંઈ તમારા કે મારા રાખ્યા રહેશે નહિ. એ તો સ્વતંત્ર મૂર્તિ છે, તે જેમ એમની ઇચ્છામાં આવશે તેમજ કરશે. માટે હવે જ્યારે મહારાજ જૂનાગઢ જવાનું કહે ત્યારે તૈયાર થઈ જજો."

બ્રહ્માનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું : "ભલે સ્વામી ! આપ કહો છો તેમજ કરીશ."

તે જ દિવસે બપોરે બ્રહ્માનંદ સ્વામી મહારાજનાં દર્શને આવ્યા. તેમને જોઈ મહારાજે તરત જ કહ્યું : "તમે જૂનાગઢ જાઓ અને ત્યાંથી સાધુને અહીં મોકલો."

એટલે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "ભલે મહારાજ !"

પછી મહારાજે લાડુબાને કહેવરાવ્યું : "થાળ તૈયાર કરો, અમારે આજ જમવા છે."

છેલ્લા કેટલાક દિવસથી મહારાજે અન્ન છોડી દીધું હતું. આજે જમવાની રુચિ બતાવી તેથી દરબારમાં સૌ રાજી થયા અને મહારાજ માટે સારામાં સારો થાળ તૈયાર કરીને મોકલ્યો. મહારાજ થોડું થોડું જમ્યા અને બાકીનો પ્રસાદીનો થાળ બ્રહ્માનંદ સ્વામીને તથા તદ્રૂપાનંદ સ્વામી જે તેમની સાથે જવાના હતા તેમને આપ્યો. થાળ જમ્યા પછી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજની રજા માગી. આંખમાંથી આંસુ ટપકી પડ્યાં.

મહારાજ તે જોઈ રહ્યા. પરંતુ કઠણ હૈયે તેમને આશીર્વાદ આપ્યા, મળ્યા અને અંતિમ વિદાયનું સુખ આપ્યું.

બ્રહ્માનંદ સ્વામીને આ લાભ તો થયો. પરંતુ હવે જે વિષમ પ્રસંગ આવવાનો હતો તે તેઓ જાણતા હતા. તેમના હૃદયમાં તેનું દુઃખ હતું. પરંતુ મહારાજની આજ્ઞા હતી એટલે ઊપડતે હૈયે પોતાના સાધુમંડળને લઈને નીકળ્યા. નીકળતાં નીકળતાં પણ તેમણે તેમના સાધુઓને કહ્યું :

"જુઓ ભાઈ, જેમને રોકાવું હોય તે અહીં રોકાજો. પાછળથી કોઈ કહેશો નહિ કે મારે નહોતું આવવું અને અમને પરાણે લીધા. મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો છે અને મને લાગે છે કે કદાચ દેહ નહિ રાખે." એટલું કહેતાં તો તેમની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા માંડ્યો. મૂક વદને તેમના મંડળના સૌ સાધુ પોતાના ગુરુની આ વ્યથા અને મહારાજના થનારા વસમા વિયોગની વાત સાંભળી રહ્યા. તેમને પણ એ દુઃખ તો હતું જ. પરંતુ જે ગુરુએ પોતાને પાળ્યા, પોષ્યા, વાતો કરી માણસના નોરમાં મૂક્યા, સાધુતા શીખવી તે ગુરુના દુઃખે દુઃખી અને સુખે સુખી થવા તેઓ તૈયાર હતા. તેથી તેમણે સૌએ કહ્યું : "સ્વામી ! મહારાજને તમે જમાડ્યા અને મહારાજ રાજી થયા છે એટલે અમે સૌ સાથે જ આવશું."

પછી સૌ તૈયાર થઈને મહારાજનાં દર્શન કરીને ચાલ્યા.

પોતાની શંકા દૂર કરવાને બ્રહ્માનંદ સ્વામીએ વિચાર્યું 'શુભ શુકન જોઈને ચાલીએ.' એટલે દરવાજે ઊભા રહ્યા. પરંતુ ન તો ગાય સામે આવી કે ન તો કુંવારી કન્યા સામી મળી. પછી મહારાજની ઇચ્છા જાણીને થોડું આગળ ચાલ્યા ત્યાં તો ઊલટા અપશુકન થયા. એટલે બ્રહ્માનંદ સ્વામી દિલગીર થઈ ગયા. થોડી વાર ઊભા રહ્યા અને પોતાના સાધુઓને કહ્યું : "નક્કી મહારાજ દેહ નહિ રાખે. માટે જેને છેલ્લી વારનાં દર્શન કરવાં હોય તે કરી આવો. વળી, જેને રોકાવું હોય તે રોકાઈ પણ જાઓ. મને તો આજ્ઞા થઈ છે એટલે ગયા વિના છૂટકો નથી."

ગુરુનું આ વચન સાંભળી કેટલાક સાધુ ફરી મહારાજનાં દર્શન કરવા પાછા ગયા. ત્યાં સુધી બ્રહ્માનંદ સ્વામી ભાંગેલા હૈયે લાકડીનો ટેકો લઈને ઊભા રહ્યા. સાધુઓ દર્શન કરી પાછા આવ્યા. પછી થોડુંક ચાલ્યા ત્યાં હરણિયાં આડાં ઊતર્યાં અને અપશુકન થયા ! ગજબ થઈ ગયો !

બ્રહ્માનંદ સ્વામીનું હૈયું હવે હાથ ન રહ્યું. ગાડામાંથી ઊતરી પડ્યા. પાછળ આવતા પોતાના સાધુઓને તેમણે કહ્યું : "નક્કી મહારાજ દેહ મૂકી દેશે. આ હરણિયાં આડાં ઊતર્યાં. મારું ડાબું અંગ ફરકવા માંડ્યું છે અને પગ પાછા પડે છે. માટે છેલ્લીવારનાં મહારાજનાં દર્શન જેમને કરવા જવું હોય તે સુખેથી જાઓ અને વળી જેને રહેવું જ હોય તે રોકાઈ જાઓ."

તે સાંભળી સાધુઓએ કહ્યું : "સ્વામી ! અમને મહારાજે રજા આપી છે

એટલે રોકાશું તો નહિ, પણ દર્શન કરી આવીએ.''

એટલે તે સંતો દર્શન કરવા ગયા. બ્રહ્માનંદ સ્વામીનું હૈયું હાથ ન રહ્યું. ચોધાર આંસુએ રડી પડ્યા. તદ્રૂપાનંદ સ્વામીએ શાંત કર્યા. થોડી વારમાં સાધુઓ આવ્યા તેથી હતોત્સાહ થઈ ગઢપુરની સીમ છોડી દીધી.

બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે હતા ત્યાં સુધી રોજ મહારાજને નિત્ય નવીન વાતો કરી હસાવતા અને ગમ્મત કરાવતા. પછી રુચિ પ્રમાણે મહારાજને ખીર કે બાજરાની રાબ વગેરે પણ જમાડતા. પરંતુ જે દિવસે બ્રહ્માનંદ સ્વામી ગયા તે રાત્રે મહારાજે વાળું ન કર્યું અને માથે ઓઢીને સૂતા અને સવાર થયું તો પણ ઊઠ્યા નહિ એટલે કેટલાકે કહ્યું : ''બ્રહ્માનંદ સ્વામી હતા ત્યાં સુધી તો મહારાજને વાતુ કરતા અને હસાવતા. વળી, મહારાજ પણ રુચિ પ્રમાણે થોડું જમતા પણ ખરા. પણ હવે મહારાજ પાસે કોણ જાય ?''

તેથી કોઈકે કહ્યું : ''આ નિત્યાનંદ સ્વામી છે ને ? શું ચિંતા કરો છો ? તે ઉઠાડાશે.''

એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : ''ઘઉંનો લોટ શેકીને રાબ કરો; હું મહારાજ પાસે જાઉં અને મહારાજને જમાડું.''

પછી રાબ બનાવી રૂપાના વાડકામાં ભરી લાવ્યા. તે વાટકો નિત્યાનંદ સ્વામીને આપ્યો. એટલે તે લઈ મહારાજ પાસે ગયા. મહારાજ તો પોઢ્યા હતા. કોઈ વખત મહારાજ માથે ઓઢીને પોઢતા નહિ, પરંતુ આજ તો માથાથી તે ઠેઠ પગ સુધી ચોફાળ દબાવીને મહારાજ પોઢ્યા હતા. નિત્યાનંદ સ્વામીએ પાસે જઈને મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું : ''મહારાજ ! હે મહારાજ ! ઊઠો અને દર્શન દો.'' એમ બે-ત્રણ વખત કહ્યું, પરંતુ મહારાજ ઊઠ્યા નહિ અને કાંઈ બોલ્યા પણ નહિ.

પછી નિત્યાનંદ સ્વામીએ મહારાજના માથેથી ચોફાળ ખસેડ્યો અને કહ્યું : ''મહારાજ ! ઊઠો અને સૌને દર્શન દો, આપ ક્યાં માંદા છો ? આપે કાલે રાત્રે વાળું નથી કર્યું એટલે કોઈએ નથી કર્યું. માટે બેઠા થાઓ અને દર્શન દો અને સહુને બોલાવો તો આનંદ થાય.''

પરંતુ મહારાજ તો કાંઈ બોલ્યા નહિ. પછી નિત્યાનંદ સ્વામીએ મહારાજની ડોક નીચે હાથ નાખી બેઠા કર્યા. પછી હાથમાં રાબનો વાટકો

હતો તે પાસે લાવી કહ્યું : "લ્યો મહારાજ ! રાબ પીઓ. તમે ક્યાં માંદા છો ? જો આમ કરવું હતું તો પ્રથમ સૌનાં નાડી-પ્રાણ ખેંચી લેવાં હતાં ને ? હેત નહોતું કરવું અને આ બ્રહ્માંડમાં પણ આવવું નહોતું." એમ કહી રાબનો વાડકો મહારાજના હાથમાં આપ્યો અને કહ્યું : "મહારાજ ! થોડી રાબ પીઓ."

પણ મહારાજે વાટકો હોઠે અડાડી તરત જ રાબનો વાટકો નિત્યાનંદ સ્વામીને પાછો આપ્યો.

એટલે નિત્યાનંદ સ્વામીને શંકા થઈ. અધીરા બની ગયા અને વાટકાનો ઘા કર્યો તે આઘે જઈને પડ્યો અને પોતે રોવા મંડ્યા. તેથી દાદા ખાચર વગેરે બહાર બેઠા હતા તે બધા પણ રોવા મંડ્યા. દરબારમાં પણ બધાને આ જાણ થઈ એટલે સૌ રોવા મંડ્યા.

આવી રોકકળ થઈ તેથી મહારાજ પોઢી ગયા હતા તે ખાટલામાં બેઠા થયા અને નિત્યાનંદ સ્વામીને પૂછ્યું : "આ બધા શીદ રોવે છે ? કોઈ મરી ગયું છે ?"

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "શું કરીએ મહારાજ ! આપ કાંઈ બોલો નહિ, જમો નહિ એટલે અમને દુઃખ તો થાય ને ?"

એટલે મહારાજે કરુણા કરી કહ્યું : "જાઓ, પાણી ઊનાં કરો, અમારે નાહવા છે. થાળ પણ કરો અમે જમીશું."

પછી નિત્યાનંદ સ્વામીએ પાણી ઊનું કરી મહારાજને નવરાવ્યા. એટલામાં થાળ તૈયાર થઈ ગયો એટલે મહારાજને જમાડ્યા. સાંજે મહારાજ સભામાં પધાર્યા. એટલે નગારાં વગડાવ્યાં અને દાદાખાચરે સૌને સાકર વહેંચી. એમ મહારાજ સાજા થઈ ગયા અને સૌએ ધામધૂમ કરી.

તેથી બેત્રણ સાધુઓએ કહ્યું : "બ્રહ્માનંદ સ્વામી ગયા પરંતુ નિત્યાનંદ સ્વામીએ મહારાજને બોલાવ્યા ખરા."

પરંતુ તે જ રાત્રે પ્રથમની પેઠે મહારાજ ફરી ચોફાળ ઓઢીને સૂઈ ગયા.

બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢ પહોંચ્યા તે વખતે સ્વામીશ્રી સવારે ઠાકોરજીનાં દર્શન કરી પ્રદક્ષિણા કરતા હતા. એટલામાં ઉપરથી શિખરનો એક ભાગ પડ્યો એટલે સ્વામીશ્રી ચમક્યા. એક હાથ પાછા હઠી ગયા.

ત્યાં બ્રહ્માનંદ સ્વામી ઉપર આવી તેમને મળ્યા અને કહ્યું : "સ્વામી ! મહારાજ તમને હાલ ને હાલ તેડાવે છે."

બ્રહ્માનંદ સ્વામીની આંખમાંથી અશ્રુ ટપકતાં જોઈ સ્વામીશ્રી પરિસ્થિતિ સમજી ગયા. શિખરનું ઈંડું પડ્યું અને જે વહેમ તેમને પડ્યો હતો તે સાચો ઠરશે એમ બીક લાગી. તરત જ સભામંડપમાં જઈ ઝોળી ખીંટીએથી લઈ પોતાના જોડીઆ સાધુની સાથે સ્વામી ચાલી નીકળ્યા.

અક્ષરબ્રહ્મનાં તમામ ઐશ્વર્ય, જ્ઞાનસ્વરૂપતા અને પ્રકાશને દાબી દઈને સંપૂર્ણ મનુષ્યભાવ દર્શાવતા સ્વામીશ્રી ઊપડતા હૈયે જૂનાગઢથી નીકળ્યા. મહારાજનાં દર્શનની તાલાવેલી હતી. સાથે સાથે અંતરમાં બીક પણ હતી મહારાજ રખે સ્વધામ પધારી જાય ! જળમાંથી બહાર કાઢતા માછલા જેવી, અંતર વલોવી નાખે તેવી, વિષમ વેદના હૈયે ભરીને સ્વામીશ્રી નીકળ્યા. પવનપાવડી કે ઊર્ધ્વગતિની સાંઢણી પણ ન ચાલી શકે તેમ એક દિવસમાં ચાલીસ ગાઉની મજલ કાપતા સ્વામીશ્રી જેઠ સુદ છઠ્ઠની સવારે ગઢપુરની સીમમાં પહોંચી ગયા અને શ્વાસોચ્છ્વાસે 'મહારાજ, મહારાજ'ના ભજન સાથે ધરતી ફંગોળતા દાદાના દરબારમાં પ્રવેશ્યા.

મીઠા વહાલા કેમ વીસરું ?

આ જ સમયે મહારાજે ગંભીર મંદવાડ જણાવ્યો હતો. સુરા ખાચર આદિ હરિભક્તોને પોતાના ઓરડાની પાસે ચોકી કરવા બેસાર્યા હતા અને કોઈને પણ અંદર પ્રવેશ કરવાની મનાઈ કરવામાં આવી હતી. પરંતુ સ્વામીશ્રી પધાર્યા તેથી સુરા ખાચરે મહારાજે અગાઉ આપેલી સૂચના અનુસાર, અંદર જઈ મહારાજને સ્વામી પધાર્યાના સમાચાર આપતાં કહ્યું : "મહારાજ ! જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા છે."

આ સાંભળી મહારાજ એકદમ ઢોલિયામાં બેઠા થઈ ગયા અને બોલ્યા : "સ્વામી આવ્યા ? તેમને અહીં લઈ આવો."

સુરા ખાચરે બહાર આવી સ્વામીશ્રીને અંદર જવા કહ્યું. સ્વામીશ્રી અંદર પધાર્યા. મહારાજનાં દર્શન કરી આંખમાં અશ્રુ આવી ગયાં. દંડવત્ કર્યા. મહારાજે તેમને અત્યંત વહાલથી પાસે બોલાવ્યા અને પછી બેઠા બેઠા મળ્યા. મહારાજને બહુ તકલીફ ન પડે તેથી સ્વામીશ્રી તરત જ નીચે બેસી

ગયા. આ બન્ને દિવ્ય વિભૂતિઓનાં આધ્યાત્મિક ઐક્યનાં સાક્ષી પૂરતાં બન્નેનાં નયનો એકબીજા પ્રત્યે મેષોન્મેષ જોઈ રહ્યાં. આ દૃષ્ટિમાં વાચા હતી. પરંતુ એ અગમ્ય શબ્દોનું રહસ્ય એ બન્ને સિવાય બીજું કોઈ ઉકેલવા સમર્થ ન હતું. થોડી વારે એ જ પ્રેમલ દૃષ્ટિથી સ્વામીશ્રી સામું જોતાં મહારાજ બોલ્યા :

"મીઠા વ્હાલા કેમ વીસરું, મારું તમથી બાંધેલ તન હો,
તરસ્યાને જેમ પાણીડું વહાલું, ભૂખ્યાને ભોજન હો... મીઠા."

આ પંક્તિઓ મહારાજ બોલતા હતા ત્યારે સ્વામીશ્રીના અંતરમાંથી પણ એ જ આર્તનાદ આવતો હતો. એકાએક મહારાજ અટક્યા અને સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! સુખી છો ને ? રાધારમણ આદિ સૌ સુખી છે ને ? તેમને વસ્ત્ર ઘરેણાં સૌ ઠીક થઈ રહ્યાં ?"

ત્યારે સ્વામીશ્રીએ હાથ જોડી કહ્યું : "હા, મહારાજ ! આપની કૃપાદૃષ્ટિથી સૌ સુખી છીએ. એક સિદ્ધેશ્વરને મુગટ નથી. તે આપની કૃપાથી થઈ રહેશે."

તે સાંભળી મહારાજે પાસે બેઠેલા મૂળજી બ્રહ્મચારીને કહ્યું : "બ્રહ્મચારી ! ઓલ્યો ધર્મપુરવાળો મુગટ લાવો."

બ્રહ્મચારી તે મુગટ લઈ આવ્યા એટલે મહારાજે તે મુગટ સ્વામીશ્રીને આપ્યો અને કહ્યું : "લ્યો, આ મુગટ સિદ્ધેશ્વર મહાદેવને ધરાવજો."

પછી બ્રહ્મચારી થાળ લાવ્યા. તેમાંથી મહારાજ થોડું જમ્યા અને પ્રસાદી સ્વામીશ્રીને આપી દીધી. હવે મહારાજ આરામ કરે તે વિચારથી સ્વામીશ્રી ઊઠ્યા એટલે મહારાજ પણ તરત જ માથે ઓઢી પોઢી ગયા.

ત્યાર બાદ બે દિવસ સુધી રોજ શીરાપૂરીનો થાળ મહારાજ માટે બ્રહ્મચારી બનાવતા અને મહારાજ તેમાંથી થોડું જમીને પ્રસાદીનો થાળ સ્વામીશ્રીને આપી દેતા.

મહારાજે ધામમાં પધારવાનો દૃઢ નિશ્ચય કરી લીધો હતો. પરંતુ પોતાની પાછળ કોઈ દેહત્યાગ ન કરે તે હેતુથી મહારાજે અત્યંત પ્રેમલક્ષણા ભક્તિના અંગવાળા હરિભક્તો, સાધુઓ વગેરેને દેશપરદેશ મોકલી દીધા હતા.

તે અરસામાં આસુરભાવવાળો પીતાંબર નામે ધૂર્ત, પ્રભુ થઈ પૂજાતો

હતો. તેને કેટલાક શિષ્યો પણ હતા. તે પીતાંબર મરી ગયો ત્યારે તેમની પાછળ તેમના કેટલાક શિષ્યોએ પણ દેહત્યાગ કર્યો હતો.

માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિમાં આ પ્રકારનું અજ્ઞાન કે 'ભગવાન હવે પૃથ્વી ઉપરથી અંતર્ધાન થઈ ગયા.' એ સમજણ કદી ન સંભવે. પરંતુ જ્ઞાન વિનાના પ્રેમી ભક્તો કદાચ આવું કરી બેસે તે વિચાર લક્ષ્યમાં રાખી ગોપાળાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીને બોલાવીને મહારાજે આ વાત કરી.

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! આ ગુણાતીતાનંદ સ્વામીને પણ આપના ઉપર અત્યંત પ્રેમ છે અને તેથી આપનો વિરહ તે સહન નહીં કરી શકે. માટે તેમને પણ ક્યાંક મોકલી દો તો સારું."

આ સાંભળી મહારાજ મંદ મંદ હસ્યા. પછી કહ્યું : "સ્વામી ! એ ગુણાતીતાનંદ સ્વામી તો ગુણાતીત એવું અમારું અક્ષરધામ છે. તે તો દિવ્ય રૂપે આવી નિત્ય આ લોકમાંથી હવે અંતર્ધાન થવાની અમને પ્રાર્થના કરે છે. તેને હું શી રીતે દૂર કરી શકું ? જ્યાં તે છે ત્યાં જ હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે. અમારાથી એ કઈ રીતે જુદા થઈ શકે ?" ગોપાળાનંદ સ્વામીને સ્વામીની મહત્તાનો ખ્યાલ હતો. પરંતુ પરાત્પર એવા સાક્ષાત્ પુરુષોત્તમનારાયણનું ધામ જ મૂર્તિમાન્ આજે ગુણાતીતાનંદ સ્વામી સ્વરૂપે પૃથ્વી ઉપર પ્રગટ છે. એ ખ્યાલ ન હતો. મહારાજે આજે એ સ્વરૂપ ઓળખાવ્યું.

ગોપાળાનંદ સ્વામીએ સ્વામીશ્રી માટે મહારાજે કહેલા આ દિવ્ય શબ્દોને અંતરમાં ઉતારી દીધા. સાથે સાથે મહારાજના અંતર્ધાન થયા પછી તેમના પુનઃ પ્રાગટ્યનું પાત્ર પણ ઓળખી લીધું. મનોમન સ્વામીશ્રીને તેમણે પ્રણિપાત કરી લીધા.

પછી મહારાજે સૌને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું : "અમો હવે અમારા ધામમાં જવાના છીએ, માટે અમારી પાછળ કોઈ આત્મહત્યા કરશો નહિ અને જે કરશે તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી ગણાશે. અમે એવા જીવને ધામમાં પેસવા નહિ દઈએ." એટલું કહી પોતાના ચરણસ્પર્શ કરાવી સૌને આત્મહત્યા ન કરવાના સમ ખવરાવ્યા.

ત્યાં એક હરિભક્ત મહારાજની પૂજા કરવા અને ભેટ ધરવા આવ્યા. તેને મહારાજે પોતાની પાસે બોલાવ્યા અને હસીને પૂછ્યું : "તમો અમને કેવા ધારીને પૂજા કરવા આવ્યા છો ?"

ત્યારે તે ભક્તે બે હાથ જોડી કહ્યું : "મહારાજ ! હું તમને અક્ષરધામના પતિ પૂર્ણ પુરુષોત્તમ જાણું છું."

એટલે મહારાજે કહ્યું : "તો તો ધામ વગર એકલા ધામીની પૂજા અધૂરી ગણાય. માટે આ ગુણાતીતાનંદ સ્વામી અમારા અક્ષરધામ છે તેમની પણ પૂજા કરો."

આ સાંભળી તે ભક્તે કહ્યું : "બહુ સારું, મહારાજ ! એમની પણ હું પૂજા કરીશ."

એમ કહી મહારાજની પૂજા કર્યા પછી તે ભક્તે સ્વામીની પણ પૂજા કરી. આ પ્રમાણે મહારાજે પોતાના શ્રીમુખે તે સભામાં ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સંતો સમક્ષ ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે તેમ જણાવ્યું.

જેઠ સુદ નોમની સવારે મહારાજે ગોપાળાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને છેલ્લા સાંકેતિક શબ્દોમાં કહ્યું : "સ્વામી ! તમને અમે બન્ને દેશના મોટેરા કર્યા છે. બન્ને દેશ તમને સોંપ્યા છે. પણ આજે મારી છેલ્લી ભલામણ છે કે અમારા અક્ષરધામ આ ગુણાતીતાનંદ સ્વામી અને અમારે વિષે અત્યંત પ્રીતિવાળા રઘુવીરજી, એ બેનું તમે વિશેષ ધ્યાન રાખજો."

મહારાજની આજ્ઞાને પોતાનું પરમ શીલ માનનારા ગોપાળાનંદ સ્વામીએ મહારાજની આ આજ્ઞા શિરોમાન્ય કરી. પછી મહારાજે મોટેરાઓને બોલાવ્યા અને છેલ્લી ભલામણ કરતાં કહ્યું : "તમો બધા મળી આ મંદિર પૂરું કરાવજો."

તે સાંભળી લાધા ઠક્કરે મહારાજને કહ્યું : "મહારાજ ! આ મંદિર માથે તો રૂપિયા પંદરસોનું દેવું છે."

ત્યારે મહારાજે કહ્યું : "તે તો હમણાં ચુકાવી દઈશું. તમે ફિકર કરશો નહિ."

એટલામાં ત્યાં ઝાલાવાડ દેશમાં આવેલા ખોલડીઆદ ગામના ખેંગાર ભક્ત આવ્યા. તેમણે મહારાજના ચરણ પાસે રૂપિયા બે હજારની કોથળી

ભેટ મૂકી.

તે જોઈ મહારાજે લાધા ઠક્કરને કહ્યું : 'ઠક્કર ! લ્યો, આ રૂપિયા, દેવું ચૂકવી દો.'

તેમાંથી પાંચસો રૂપિયા વધ્યા તેની મહારાજે જલેબી-સાટાની રસોઈ કરાવી. જમતી વખતે મહારાજ પોતે સાધુની પંક્તિમાં પીરસવા પધાર્યા. સૌને સારી રીતે જમાડતાં કહ્યું : "સૌ આનંદમાં રહેજો અને સુખેથી જમજો. અમને કોઈ પ્રકારે માંદગી નથી."

આ પ્રમાણે મહારાજે પોતાના વિયોગની આવતી ઘડીનું દુઃખ સૌને પોતાનાં દર્શન આપી તેમજ પ્રસાદી જમાડી વીસરાવી દીધું.

સાંજની સભામાં ખેંગાર ભક્તને મહારાજની પૂજા કરવાની ઇચ્છા હતી. તેથી તેઓ ચંદન ઘસીને વાટકો ભરી લાવ્યા હતા. મહારાજે તેમનો સંકલ્પ જાણી પાસે બોલાવ્યા અને કહ્યું : "તમારે પૂજા કરવી હોય તો કરો."

એટલે તેઓ મહારાજને ચંદનની અર્ચા કરવા પાસે આવ્યા, ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેમને કહ્યું : "ભગત ! મહારાજને શરીરે શરદી જેવું છે એટલે ચંદનનો કપાળમાં થોડો લેપ કરજો."

તે સાંભળી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! અમારે શરદી જેવું કાંઈ નથી. નખશિખા પર્યંત ચંદનનો લેપ ભલે કરે."

પછી ખેંગાર ભક્તે મહારાજને નખશિખા પર્યંત ચંદનનો લેપ કર્યો છતાં વાડકામાં ચંદન વધ્યું. તે જોઈ મહારાજે તેમને કહ્યું : "આ ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીની પૂજા કરી ચંદન ચોપડો." એટલે તે ભક્તે સ્વામીની તથા ગોપાળાનંદ સ્વામીની પણ ચંદન વડે અર્ચા કરી. પછી સભામાં બેઠેલા પરમહંસોની પણ પૂજા કરી.

પૂજાવિધિ પૂરો થયા પછી મહારાજે સભામાં સૌને કહ્યું : "તમો સૌ હવે ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો અને અમારો મહિમા સમજવો હોય તો જૂનાગઢ જઈ આ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરજો."

મહારાજે લીલા સંકેલી

જેઠ સુદ દશમની સવારે મહારાજે ગોપાળાનંદ સ્વામીને બોલાવી કહ્યું : "સ્વામી ! અમારે હવે આ લોકમાં રહેવું નથી અને આ કોઈ રજા

આપતા નથી. પરંતુ અમારે હવે આ લોકમાંથી જરૂર જવું છે.''

તે સાંભળી ભગ્ન હૃદયે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''એ તો સૌને પ્રેમ છે એટલે એમ કહે. પરંતુ જેમ આપની મરજી હોય તે પ્રમાણે કરો.''

પછી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા. તેમની સાથે એકાંત કરી અને પોતાનો અભિપ્રાય જણાવતાં કહ્યું : ''સ્વામી ! અમારે હવે આ લોકમાં રહેવું નથી. પરંતુ તમો અમારા સ્વરૂપનો પૂર્ણ મહિમા ફેલાવજો. અવતાર-અવતારીનો ભેદ સૌને સમજાવજો અને સૌ સત્સંગીઓને અલૌકિક આનંદ કરાવજો. સોરઠ દેશના હરિભક્તોને અમારી મૂર્તિનું સુખ મળ્યું નથી તે હવે તમ દ્વારા આપશું.''

આટલું કહી મહારાજ એકદમ અંતર્વૃત્તિ કરી ગયા અને સૌ કંઈ પણ વિચાર કરે તે પહેલાં યોગકળાથી સ્વતંત્રપણે જેઠ સુદ દશમની સવારે ધામમાં પધારી ગયા.

આ રીતે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ પૃથ્વી ઉપરથી પોતાની લીલા સંકેલી. જે એકાંતિક ધર્મની સ્થાપના માટે પોતે આ પૃથ્વી ઉપર પ્રગટ થયા હતા, તે એકાંતિક ધર્મનું દૃઢ સ્થાપન તેમણે ત્રીસ વર્ષના ટૂંકા સમયમાં કરી દીધું, એટલું જ નહિ પરંતુ એ એકાંતિક ધર્મનું સદાય પોષણ થાય અને મુમુક્ષુઓ માટે મોક્ષનું દ્વાર સદા માટે ખુલ્લું રહે તેવા પરમ એકાંતિક સંતવર્ય અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પોતાનું પ્રાગટ્ય પણ અખંડિત રાખ્યું.

આર્ષદૃષ્ટિવાળા મુમુક્ષુઓ આ રહસ્ય સમજી શક્યા. બીજા અજ્ઞાન દશાવાળા તો મહારાજ હવે અંતર્ધાન થઈ ગયા એમ સમજી અનાથ બની ગયા !

પૂર્વ દેશમાં પ્રગટી, પશ્ચિમને પોતાની લીલા ભૂમિ બનાવી. પશ્ચિમમાં મુમુક્ષુઓ નિહાળ્યા. વનવિચરણ દરમ્યાન પોતાના સંબંધમાં જે જે આવ્યા તેમને પશ્ચિમમાં જન્મ ધરવાનો આદેશ આપ્યો. ગઢપુરને પોતાનું ઘર બનાવી તેનો અક્ષરધામતુલ્ય મહિમા પ્રવર્તાવ્યો. વરતાલમાં જળ-છાયાની જુક્તિ જોઈ, જોબનની મેડીને બ્રહ્મમહોલ તુલ્ય બનાવી તેને પરમ શ્રેષ્ઠ તીર્થધામ બનાવી દીધું અને જૂનાગઢમાં પોતાના સ્વરૂપરૂપ સંત, અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને રાખી આત્યંતિક કલ્યાણનો માર્ગ

ત્યાંથી સદાને માટે ચાલુ કર્યો. આ રીતે ગુજરાત અને સૌરાષ્ટ્રની ધરતીને પોતાના પુનિત પાદારવિંદથી પરમ પવિત્ર બનાવી શ્રીજીમહારાજે સમગ્ર વિશ્વમાં, કેવળ આ પ્રદેશને જ આત્યંતિક મુક્તિ માટેના કેન્દ્ર તરીકે સદાને માટે નિયુક્ત કરી દીધો. ગુજરાતની ભક્તિની વિડંબના કરતાં સૂત્રોની શબ્દજાળને તોડી ગુજરાતના આધ્યાત્મિક ગૌરવને ઉન્નત કર્યું.

શ્રીજીમહારાજના જ સ્વરૂપમાં આકર્ષાયેલા, સમગ્ર ભારતના જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા પરમહંસોએ ગુજરાતની ભૂમિને, ગુજરાતના વાસીઓને ધન્ય માન્યા. જેમણે પૂર્ણ પુરુષોત્તમનારાયણને ઓળખ્યા, તેમની લીલા નિહાળી, તેમના પરમહંસોની ત્યાગ-વૈરાગ્યની છટા જોઈ તેમણે ભાવવિભોર બનેલા ભક્તજનોનાં વૃંદોને સમૈયાઓમાં ઊમટતાં જોયાં. ધન, ધાન, કુટુંબ અને પરિવાર સહિત જેમણે સત્સંગના ગહેરા જળમાં પાવન થવા સદાને માટે ડૂબકી મારી દીધી, એવી ગુજરાતની સમગ્ર જનતા શ્રીજીના સત્સંગરંગે રંગાઈ ગઈ હતી. માણકીના પગના ડાબલા ખખડે ત્યાં 'મહારાજ પધાર્યા.' કહી, જેઓ દર્શન કરવા ઘર બહાર નીકળી જતા, જેમની પાઘના કેવળ છોગલાનાં દર્શનથી જ જેમનું ચિત્ત ચગડોળે ચઢતું, જેમના પરમહંસોનાં દર્શનથી અને તેમની 'નારાયણ હરે... ! સચ્ચિદાનંદ પ્રભો...!'ની આહ્‌લેકથી તેમને ભિક્ષામાં સર્વસ્વ આપી દેવા જેઓ થનગની રહેતા, 'જય સ્વામિનારાયણ'ના સૂત્રથી જ અંતરના વહાલા સગાને સદા આવકારતા એવા ગુજરાત અને સૌરાષ્ટ્રના સપૂતો શ્રીજી અને તેમના પરમહંસોના સંગથી ભક્તિભાવ ભરપૂર બની ગયા હતા.

શક્તિપંથી અને માર્ગીપંથીની નાગચૂડમાંથી ગુજરાતને ઉગારી પોતાનો દિવ્ય સંબંધ કરાવી આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ત્યાં જ સ્થાપી, શ્રીજીમહારાજે ખરેખર ગુજરાત સૌરાષ્ટ્રની ધરતીને અતિ અતિ ધન્ય બનાવી દીધી. એ શ્રીજીમહારાજની તિરોધાનલીલાનાં દર્શન તેમના ભક્તો કઈ ધીરજથી, કઈ છાતીથી સહન કરી શકે ? પ્રેમાનંદ સ્વામીના 'વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ રસિક જોઈને જીવે રે લોલ.' - શબ્દો આજે અનુભવગમ્ય બન્યા. એ મૂર્તિનાં દર્શન વિના જેને જીવતર જીવવા જેવું જ લાગતું નથી એવા રસિકભક્તોના અંતરનો વલોપાત તો ધરતીની ધીરજને પણ થંભાવી દે તેવો હતો.

શ્રીજીમહારાજના સ્થૂળ દૃષ્ટિએ દેખાતા ભૌતિકદેહની ષોડશોપચારે પૂજા-આરતી કરી, તેને પાલખીમાં પધરાવી, સૌ સંતો, હરિભક્તો લક્ષ્મીવાડીએ લાવ્યા. અહીં પણ ભક્તોના આક્રંદથી વનરાઈઓ સ્થિર બની ગઈ.

છેવટે ગોપાળાનંદ સ્વામી આગળ આવ્યા અને સ્વામીશ્રીને બોલાવીને કહ્યું : ''આ તો સૌ એમના બાપને મરેલા દેખે છે તે રોયા જ કરશે. પણ આપણે ચાલો, દેહક્રિયા કરીએ.''

પછી આ બન્ને સદ્‌ગુરુઓએ સૌને ધીરજ આપી, આચાર્યેન્દ્ર શ્રી રઘુવીરજી મહારાજ પાસે શ્રીજીમહારાજના દેહની અંતિમ ક્રિયા કરાવી, અગ્નિસંસ્કાર કર્યો.

હું તમારામાં અખંડ રહ્યો છું

અગ્નિસંસ્કારવિધિ પૂરો થયા બાદ સ્વામીશ્રી બહિર્ભૂમિ જવા તુંબડી લઈને નીકળ્યા. ત્યાં લક્ષ્મીવાડીના પાણીના ધોરિયાના કાંઠા ઉપર કોમળ લીલી ધ્રો જોઈ એકાએક સ્વામીને વિચાર આવ્યો કે 'આ ધ્રોનું જીવન જળ છે, તેથી તે આનંદથી પ્રફુલ્લિત બની રહી છે. પણ આપણું જીવન તો મહારાજ હતા, તે હવે ગયા.' આ વિચાર માત્રથી જ સ્વામીશ્રી એકદમ મૂર્છાવશ બની પૃથ્વી ઉપર ઢળી પડ્યા. તુંબડી પણ દૂર પડી ગઈ. તરત જ શ્રીજીમહારાજે દિવ્ય સ્વરૂપે પધારી સ્વામીશ્રીનો હાથ ઝાલી તેમને જાગ્રત કર્યા. સ્વામીશ્રી તો મહારાજને જોઈ અત્યંત આનંદમાં આવી ગયા. મહારાજે તેમને કહ્યું : ''સ્વામી ! આ શું ? હું શું ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું. તમે તો મારું સ્વરૂપ છો, અનાદિ અક્ષરધામ છો. હું અને તમે તો કદી જુદા પડતા જ નથી. તમે શા માટે મૂંઝાઓ છો ?'' એમ સાંત્વન આપી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

સ્વામીશ્રી પણ આ લોકમાં પધારી પોતાના અક્ષરધામ સ્વરૂપનું અનવધિકાતિશય ઐશ્વર્ય છુપાવી સામાન્ય સાધુ તરીકે જ સત્સંગમાં રહ્યા હતા. એ જ ભાવથી તેમના આ મનુષ્યચરિત્રમાં શ્રીજીમહારાજ પ્રત્યેના પોતાના અપૂર્વ ભક્તિભાવનું દર્શન હતું. શ્રીજીમહારાજના સાંકેતિક

શબ્દોને લક્ષ્યમાં રાખી; સમગ્ર સત્સંગની ધુરા હવે પોતાને જ આધારે છે, એ વિચારથી પોતે ધીરજ રાખી ઊભા થયા અને શૌચવિધિ કરી, સ્નાન કરી, સૌની સાથે દાદાખાચરના દરબારમાં પધાર્યા.

બ્રહ્માનંદ સ્વામી ગઢપુર આવે છે

શ્રીજીમહારાજ ધામમાં પધાર્યા છે એ સમાચાર જૂનાગઢમાં બ્રહ્માનંદ સ્વામીને મળ્યા. એટલે બ્રહ્માનંદ સ્વામી તરત જ મંદિરનું ચાલતું કામ પડતું મૂકીને ગઢપુર જવા તૈયાર થયા. બ્રહ્માનંદ સ્વામીએ પદ્મશિલાની આજુબાજુનું શિખરનું કામ શરૂ કર્યું હતું તે કામ પડતું મૂકી દીધું. ગઢપુર જવા તૈયાર થયા અને જતાં જતાં કહ્યું : "હવે આ પદ્મશિલા ઉપર કામ કરનાર હું કોઈને જોતો નથી. મહારાજ મને અમદાવાદ દેશ સોંપી ગયા છે તેથી હું તે તરફ જઈશ એટલે આ કામ રખડી જશે. અહીંના મહંત તો જડભરત સ્થિતિવાળા છે. આચાર્ય પણ ગરીબ છે, નિત્યાનંદ સ્વામી તો કેવળ વિદ્વાન છે. તેથી કોઈ પણ આ મંદિરનું કામ પૂરું કરી શકશે નહિ. પણ હું શું કરું ? મહારાજને ગમ્યું તે ખરું !" એમ કહી ગઢડે જવા તૈયાર થઈ ગયા. સાથે સૌ સંતો પણ તૈયાર થઈ ગયા પરંતુ મંદિર સાચવવા રહેવા માટે કોઈ તૈયાર ન થયું.

આ મંદિરના કામમાં શરૂઆતથી જ આગેવાન રહી કામ કરનારા અને મહારાજે જ જેમને ખાસ અહીં આ મંદિરનું કામ શરૂ કરવા મોકલેલા, ગોંડલના કડિયા રત્ના ભગતે થોડા સંતોને રહેવા કહ્યું.

પણ કોઈએ તેમનું સાંભળ્યું નહિ. એટલે તેમણે તેમની સાથે કામ કરનારા બીજા કડિયાઓને અને પોતાના પુત્ર જેઠાને બોલાવી કહ્યું : "ભલે એ બધા જતા. આપણે મંદિર સાચવીશું."

પછી બ્રહ્માનંદ સ્વામીએ થોડા સાધુઓને સમજાવી ત્યાં રાખ્યા અને પોતે ગઢપુર જવા નીકળી ગયા.

દ્વિતીય સોપાન સમાપ્ત

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

તૃતીય સોપાન



हरिर्यस्योदार -
प्रणयरशनाबद्धचरणो ।
यतो नैतिप्रेष्ठात्क्वचिदपि
पृथग्भावमजितः ॥
यथा शब्दादर्थो
निजविमलचित्तादिव वियत् ।
गुणातीतानंदं मुनिवरमहं
नौमि सततम् ॥

અત્યંત સ્નેહરૂપી દોરીવતે
બંધાયેલાં છે ચરણકમલ
જેમનાં એવા, સર્વથા
અજિત ભગવાન પોતાને
અત્યંત પ્રિય એવા સ્વામીશ્રીથી
જેમ શબ્દ અને અર્થ
તથા શુદ્ધ ચિત્ત અને આકાશ
કદી જુદાં પડી શકતાં નથી,
તેમ કદી જુદા નથી,
એવા શ્રી ગુણાતીતાનંદ મુનિને
હું નિરંતર નમસ્કાર
કરું છું.

સ્વામીશ્રી રાધા ભક્તને રાળ ઉઘરાવવા બારપટોળી મોકલે છે

શ્રીજીમહારાજનું ઉત્તરકાર્ય સમાપ્ત થયા પછી સ્વામીશ્રી ગઢપુરથી જૂનાગઢ પધાર્યા. અહીં આવી મંદિરનાં શિખરોનું અધૂરું રહેલું કામ ચાલતું કર્યું. કામ તો ચાલતું થયું પરંતુ કડિયાઓને પગાર ચૂકવવાની રકમ કોઠારમાં ન હતી. તેથી સ્વામીશ્રીએ બારપટોળીના હરિભક્તો પાસેથી રાળ મંગાવવા વિચાર કર્યો. રાત્રે સ્વામીશ્રીએ રાધાભક્તને બોલાવ્યા અને કહ્યું : “તમો બારપટોળી જાઓ અને ત્યાંના હરિભક્તોમાં ફરી, હજારેક રાળ ઉઘરાવી લાવો.”

રાધાભક્ત તો સ્વામીશ્રીની આજ્ઞામાં તત્પર જ હતા એટલે હાથ જોડીને કહ્યું : “ભલે સ્વામી ! હું સવારે વહેલો ચાલીશ.” સ્વામીએ રાધાભક્તને રસ્તાના ભાતા માટે ગોળ નાખી બે રોટલા તૈયાર કરાવી આપ્યા.

મંદિરની ચોકી કરવામાં સંપૂર્ણતઃ પોતાની ભક્તિ છે એવું માનતા રાધાભક્ત મંદિરની દક્ષિણમાં આવેલા ઓરડાની ઓસરીએ હાથમાં બરછી, કેડે તલવાર, વાંસે ઢાલ અને જંતરડા રાખી હંમેશાં બેસી રહેતા અને રાત્રે ખડી ચોકી કરતા. તે રાત્રે ચોકી કરતાં કરતાં તેમને વિચારો આવવા લાગ્યા : ‘બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, સ્વામીશ્રી વગેરેએ અપાર દાખડો કરી આ મંદિર તો મોટું કર્યું, પણ અહીંના અમલદારો, નાગરો બહુ જ દ્વેષી છે અને મંદિર થવા ન દેવાની પ્રવૃત્તિમાં જ મંડ્યા છે. હવે કેમ થશે ? વળી, સ્વામીશ્રી મને રાળ લેવા મોકલે છે, પણ ગૃહસ્થના ઘરમાં કેટલા રાળ હોય ? તેને પણ વહેવાર સાચવવો હોય ને ? આ મંદિરનો ખર્ચ પણ ઘણો છે તે કેમ પૂરો થશે ?’ આવા આવા અનેક સંકલ્પોથી તેમનું અંતર વ્યગ્ર થઈ ગયું.

એટલામાં એકાએક મહારાજે તેમને દર્શન દીધાં અને કહ્યું : “રાધાભક્ત ! શું સંકલ્પ કરો છો ?” એ સાંભળી રાધાભક્ત એકદમ ભાનમાં આવી ગયા. તેઓએ પોતાની તમામ મનોવ્યથા મહારાજને કહી.

તે સાંભળી મહારાજે કહ્યું : “ભગત ! આમ જુઓ, મંદિર ક્યાં અધૂરું છે ?”

એમ કહી મહારાજે મંદિર તરફ હાથ કરી રાધાભક્તને મંદિર બતાવ્યું.

રાધાભક્તે મંદિર જોયું તો સોનાના કળશ અને ધજા સહિત મંદિર સંપૂર્ણ થયેલું જોયું. જાણે સાવ સોનાનું હોય તેમ ઝગમગાટ કરતું આ મંદિર જોઈ રાધાભક્તના અંતરમાં આનંદ છવાઈ ગયો.

પછી મહારાજે કહ્યું : "રાધાભક્ત ! અમારા ભક્તના સંકલ્પો પૂરા કરવા અમે આવાં ને આવાં મંદિરો પૃથ્વીના પેટાળમાંથી કાઢીએ. પણ બીજા મુમુક્ષુઓને સેવા મળે એટલે જગતની રીતે કરીએ છીએ."

એટલું કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

રાધાભક્તને દિવ્ય દર્શન

આ દિવ્ય દર્શનથી રાધાભક્તના અંતરની તમામ વ્યગ્રતા દૂર થઈ ગઈ. સર્વ કર્તા મહારાજ જ છે તેવી દૃઢ નિષ્ઠાના ભાવથી તેમનું હૈયું આનંદથી ભર્યું-ભર્યું બની ગયું. તેઓ તરત જ સ્વામીશ્રી પાસે આ વાત કહેવા આવ્યા. ત્યાં તો તેમને જોઈ સ્વામીશ્રીએ સામેથી તેમને પૂછ્યું : "રાધાભક્ત ! મહારાજે તમને શું બતાવ્યું ? હવે તો સંકલ્પ શાંત થયા ને ? મહારાજે જે કરવા ધાર્યું હોય તેમાં આ લોકની દૃષ્ટિએ અગવડો દેખાય પણ અંતે તો બધું સાનુકૂળ થઈ જાય." પછી રાધાભક્તે તો રાત્રીએ જ ચાલવાનું નક્કી કરી દીધું. સ્વામીશ્રીએ કહ્યું : "સવારે જજો." પરંતુ તેમના ઉત્સાહનો પાર ન હતો, એટલે સ્વામીશ્રીએ જે ભાતું આપેલ તે લઈ ચાલવા માંડ્યા. રાધાભક્ત બારપટોળી પહોંચ્યા. ત્યાં જુદા જુદા હરિભક્તને મળી, મળ્યા તેટલા રાળ ભેગા કર્યા. પછી ત્યાંથી ઊને ગયા. ત્યાંથી પણ રાળ લીધા. આમ, હજાર રાળ લઈને જૂનાગઢ આવ્યા અને સ્વામીશ્રીને રાળની થેલી આપી. સ્વામીશ્રી તેમનો વિશ્વાસ અને શ્રદ્ધા જોઈ ખૂબ રાજી થયા. કડિયાના ચઢેલા પગારની રકમ ચૂકવી દીધી. વધેલી રકમમાંથી શિખરોનું કામ આગળ ચાલતું કર્યું. થોડા સમયમાં શિખરો પણ પૂરાં થયાં.

હનુમાનજીએ મંદિરના શિખર ઉપરનું ઈંડું ચડાવ્યું

મધ્ય મંદિરના શિખર ઉપર પથ્થરનું ઈંડું ચઢાવવાનું હતું તે ઈંડું ઘડાઈને તૈયાર થયું ત્યારે સૌ પૂછવા લાગ્યા : "આવડું મોટું ઈંડું શી રીતે ચઢાવશો ?"

સ્વામીશ્રીએ હસીને જવાબ દીધો : "ભાઈ ! રાત્રે ઈંડું ચડાવીએ ત્યારે જોવા આવજો." પછી તે ઈંડું ચઢાવવા માટે કંપો બાંધ્યો. ત્યાર બાદ ઈંડું રાત્રે ચઢાવવાનું શરૂ કર્યું. ઘણા માણસો ઈંડું ખેંચવા લાગ્યા. પરંતુ ઘુંમટની ઉપર ઈંડું ચઢાવવું બહુ જ મુશ્કેલ લાગ્યું. સૌ મૂંઝાવા લાગ્યા. તેથી સ્વામીશ્રી ત્યાં પધાર્યા. હનુમાનજીને આ સેવા કરવાની ઈચ્છા થઈ છે તે સ્વામીશ્રીએ અંતર્યામીપણે જાણ્યું અને પોતાની અનુમતિ આપી. એકાએક એક વાંદરો ઈંડાની આજુબાજુ આમથી તેમ કૂદવા લાગ્યો.

તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "ઈંડું જરા ઘુંમટ ઉપર સ્થિર કરો." એટલે ઈંડું ઘુંમટ ઉપર સ્થિર કર્યું. ત્યાં તો તે વાંદરાએ પોતાના પૂંછડા વતી ઈંડાને પકડ્યું.

સ્વામીશ્રીએ સૌને કહ્યું : "દોરડાં ઢીલાં મૂકી દેજો." એટલે દોરડાં ઢીલાં મૂકી દીધાં.

ત્યાં તો ઈંડું ઊપડ્યું અને જે જગ્યાએ તે મૂકવાનું હતું તે જગ્યાએ તે વાનરે ઈંડું બરોબર ગોઠવી દીધું. આ આશ્ચર્ય જોઈ સૌના આનંદનો પાર ન રહ્યો. પછી કેટલાક જણ સ્વામીશ્રીને પૂછવા લાગ્યા કે "સ્વામી ! આ વાનર કોણ હતો ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ભાઈ ! એ કાંઈ વાનર ન હતો, પણ એ તો હનુમાનજી હતા. ઘણા વખતથી સેવા કરવાનું કહેતા હતા પણ અમે ના પાડતા હતા. બીજા દેવો પણ આ મંદિરની સેવા કરવા તત્પર થઈ રહ્યા છે પણ અમે ના કહીએ છીએ. અમે તો અવશ્ય હોય તો જ સેવા બતાવીએ. દેવો સેવા કરે તેમાં આપણને શો લાભ ? માટે આપણે આ કર્મક્ષેત્રમાં આવી, ભગવાન અને ભગવાનના ભક્તની જેટલી સેવા બની આવે તેટલી કરવી જ." એમ કહી સ્વામીશ્રી પોઢવા પધાર્યા.

✧ ✧ ✧

ગોરવીઆવીમાં બે મુક્તો

ગિરનારની છાયામાં ગોરવીઆવી ગામ છે. ત્યાં શ્રીજીમહારાજના આશ્રિત ભાયો અને રૂડો બે કણબી ભાઈઓ રહેતા હતા. તેમનાં બહેનને ખારી પાસે ખીજડિયા ગામે પરણાવ્યાં હતાં. તેને બે પુત્ર થયા પછી તે

બાઈ અને તેનો પતિ બંને ગુજરી ગયાં. આ અરસામાં ભાયા અને રૂડાએ ગોરવીઆવી ગામ છોડી દીધું અને સાવરકુંડલા પાસે પીઠવડી ગામે તેઓ રહેવા ગયા. બહેન અને બનેવી ગુજરી ગયાં એટલે નિરાધાર થયેલા બંને ભાણેજને તેઓ પીઠવડી ગામે લઈ આવ્યા.

સંવત ૧૮૮૧માં શ્રીજીમહારાજ જ્યારે દાદાખાચરને પરણાવવા ભટવદર જાન લઈને જતા હતા, ત્યારે મહારાજ પીઠવડી ગામે રાત રહ્યા હતા. આ વખતે આ બંને ભાણિયાને મામાના પ્રસંગથી શ્રીજીમહારાજનાં દર્શન થયાં હતાં. મહારાજના આશીર્વાદથી કંઠી પહેરી તેઓ સત્સંગી થયા હતા. ત્યાર બાદ થોડાં વર્ષો ગયાં અને મહારાજ ધામમાં પધાર્યા. આ બંને ભાણિયા પણ મોટા થઈ ગયા.

એક વખત ભાયા તથા રૂડાએ આ બંને ભાણિયાને બોલાવીને કહ્યું : "શા માટે સંસારમાં હેરાન થવા ઇચ્છો છો ? સાધુ થઈને મહારાજની સેવા કરોને, જીવતર તો સફળ થાય." આ શબ્દો સાંભળી આ બંને સંસ્કારી ભાઈઓને ચોટ લાગી ગઈ. તેમની મુમુક્ષુતા ઉદય થઈ.

તેમણે તરત જ પૂછ્યું, "અમારે શું કરવું ?"

ત્યારે ભાયાએ કહ્યું : "ગઢડે જાઓ અને ભગવાન ભજો."

મામાની આ શિખામણ સાંભળી બંને ભાઈઓ ગઢડે આવ્યા. આ વખતે ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ જવા માટે વરતાલથી અહીં આવ્યા હતા. સભામાં સ્વામી બેઠા હતા તે વખતે આ બંને ભાઈઓ આવ્યા અને સ્વામીને મોટા જાણી દંડવત્ કરી પાસે બેઠા. એટલે સ્વામીએ તેમને પૂછ્યું : "તમે કોણ છો અને કેમ આવ્યા છો ?"

ત્યારે તે ભાઈઓએ હાથ જોડી કહ્યું : "અમે કણબી છીએ અને સાધુ થવા આવ્યા છીએ."

આ બંને ભાઈઓનો નિર્દોષ ભાવ અને મોં ઉપર વૈરાગ્યની રેખા જોઈ ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું : "તમે મારી ભેળા જૂનાગઢ આવો. ત્યાં એક મોટા જોગી રહે છે. તેમની પાસે રહેજો."

ત્યાર બાદ થોડા દિવસો પછી ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા ત્યારે બંને ભાઈઓને પોતાની સાથે લાવ્યા. અહીં સ્વામીશ્રીને આ બંને ભાઈઓની સોંપણી કરતાં તેમણે કહ્યું : "સ્વામી ! આ બંને ભાઈઓ ખરા

મુમુક્ષુ છે. માટે આપની પાસે તેમને રાખો.''

સ્વામીશ્રીએ તેમના ઉપર વહાલભરી દૃષ્ટિ કરી. તે જ વર્ષે ચોમાસામાં સ્વામીશ્રીએ તેમને આચાર્ય મહારાજ પાસે દીક્ષા અપાવી. મોટા ભાઈનું નામ રઘુવીરચરણદાસ પાડ્યું અને નાનાનું નામ નીલકંઠદાસ પાડ્યું.

સ્વામીશ્રીએ ત્યાર બાદ રઘુવીરચરણદાસ તથા નીલકંઠદાસને ભણાવવા માટે વિશુદ્ધાત્માનંદ સ્વામીને કહ્યું. નીલકંઠદાસ ભણવામાં બહુ જ હોશિયાર હતા. પરંતુ તેમનું આયુષ્ય ઓછું હતું. એટલે સ્વામીશ્રીએ એક દિવસ રઘુવીરચરણદાસને પૂછ્યું, ''આ તમારા ભાઈ નીલકંઠદાસને રોગ થયો છે તે કદાચ ધામમાં જાય તો તમને કાંઈ દુઃખ થાય ?''

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી ! એમાં મારે દુઃખ શાનું ? હવે કાંઈ ભાઈનો સંબંધ તો રહ્યો નથી. વળી, કોઈના ભાઈઓ કાયમ બેસી રહેતા હશે ? શું નહિ મરતા હોય ? આપે જ સમજાવ્યું છે કે આ લોક જ મૃત્યુલોક છે તો મૃત્યુ તો આવવાનું જ છે. આપ માવતર પાસે છો એટલે મને કાંઈ તેની ચિંતા કે દુઃખ નથી.''

સ્વામીશ્રી તેમની સમજણ જોઈને ઘણા જ રાજી થયા.

સ્વામીશ્રીની દૃષ્ટિથી રઘુવીરચરણદાસ સારા એકાંતિક સાધુ થયા. વળી, વિદ્યા ભણ્યા એટલે પુરાણી પણ થઈ ગયા. સ્વામીશ્રી પ્રત્યે તેમને અનહદ પ્રેમ હતો. સ્વામીશ્રી જ્યારે વરતાલ જતા ત્યારે રાત્રીના અંધારામાં બાજરીના સાંઠાની દીવી કરી, સ્વામીશ્રીની ગાડીની આગળ ચાલતા. આમ, સ્વામીશ્રીની દરેક પ્રકારે સેવા કરતા.

વિશુદ્ધાત્માનંદ સ્વામીને કાંઈક મનદુઃખ થવાથી તેમણે વરતાલ જવાનું નક્કી કર્યું. ત્યારે તેમણે રઘુવીરચરણદાસને પોતાની સાથે વરતાલ આવવા કહ્યું. પરંતુ સ્વામીશ્રી પ્રત્યે અતૂટ સ્નેહની ગ્રંથિથી બંધાયેલા હોવાથી રઘુવીરચરણદાસે તેમને કહી દીધું : ''હું તો સ્વામીનો શિષ્ય છું. તેમણે મને દીક્ષા આપી છે અને મારા ઉપર તેમની મોટી કૃપા છે. તેમને મૂકીને હું તમારી સાથે નહિ આવું.'' વિશુદ્ધાત્માનંદ સ્વામી આ સાંભળી ટાઢા થઈ ગયા.

સ્વામીશ્રી પ્રત્યે રઘુવીરચરણદાસને આવો ભક્તિભાવ હતો.

✧ ✧ ✧

સ્વામીશ્રીએ ગઢડામાં અક્ષરધામ દેખાડ્યું

સંવત ૧૮૮૭માં શ્રીજીમહારાજની સંવત્સરી પ્રસંગે સ્વામીશ્રી ગઢડા પધાર્યા હતા. બોટાદના ભગા દોશીએ આ પ્રસંગે મોતૈયા લાડુની રસોઈ કરાવી હતી. જમવા સમયે દાદાખાચરના દરબારગઢમાં સંતો હરિભક્તોની પંક્તિ થઈ હતી. તે સમયે વાંસના ટોપલાઓમાં લાડુ લઈ સ્વામી પીરસવા પધાર્યા. પ્રેમાનંદ સ્વામી આથમણા બારના ઓરડાની ઓશરીમાં સાધુઓથી જુદા જમવા બેઠા હતા. સ્વામીશ્રી સૌ સંતોને પીરસતાં પીરસતાં પ્રેમાનંદ સ્વામી જ્યાં જમવા બેઠા હતા ત્યાં તેમને પીરસવા પધાર્યા. તેમના પત્તરમાં સ્વામીશ્રીએ અધ્ધરથી લાડુ નાખ્યા. તે જોઈ ઘેલો ધાધલ તથા બોટાદના હરિભક્તો એકદમ બોલી ઊઠ્યા : "સ્વામી ! આ પ્રેમાનંદ સ્વામીને તમે અક્ષરધામમાં પણ વેગળા રાખશો ?"

તે સાંભળી સ્વામીશ્રીએ હસીને કહ્યું : "તમે સૌ સંતો તથા હરિજનો જુઓ, આ રહ્યું અક્ષરધામ ! તેમાં સૌ જુઓ કે પ્રેમાનંદ સ્વામી જુદા બેઠા છે કે સૌ અક્ષરમુક્તોની ભેગા બેઠા છે ?"

એટલું કહી સ્વામીશ્રીએ જમવા બેઠેલા સૌ સંતો-હરિભક્તોને પ્રત્યક્ષ અક્ષરધામ બતાવ્યું. પ્રેમાનંદ સ્વામી સંતોને પીરસતા હોય અને જમાડતા હોય તેવું દર્શન સૌને થયું.

અનંત મુક્તોથી વીંટાયેલા અને દિવ્ય સિંહાસન ઉપર વિરાજેલા શ્રીજીમહારાજે પણ સૌ સંતોને ઉદ્દેશીને કહ્યું : "આ પ્રેમાનંદ સ્વામી પણ અનાદિ મુક્ત જ છે. આ લોકમાં બ્રાહ્મણ કુળમાં તેમનો જન્મ થયો હતો. પરંતુ કાળબળથી તાઈ કુળમાં જઈ પડ્યા અને તે જ કુળમાં ઊછર્યા. માટે આપણે તો શાસ્ત્રમાં કહ્યા એવા વર્ણાશ્રમના ધર્મ પાળવા સારુ તેમને માટે જુદી વ્યવસ્થા કરીએ છીએ. પરંતુ આ લોકનો ત્યાગ કર્યા પછી તેમનામાં અને બીજા મુક્તોમાં કાંઈ પણ ભેદ રહેવાનો નથી. અમે તો મોટીબાને કહી જ રાખ્યું છે કે વાસુદેવનારાયણની જે પ્રસાદી હોય, તે તેમના થાળમાં પૂરીને હંમેશાં તેમને મોકલવી."

મહારાજના આ શબ્દો સાંભળી સભામાં બેઠેલાં મોટીબાએ તરત જ કહ્યું : "હા મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે મારો દેહ રહેશે ત્યાં સુધી હું

તેમને થાળ મોકલતી રહીશ.''

એટલે મહારાજ ફરી બોલ્યા : ''હજુ તો ગોપીનાથજીના મંદિરમાં અમારી પંચધાતુની મૂર્તિ મોટીબાનાં ઘરેણાં ભંગાવીને કરાવવાની છે. તે પછી તેમને ત્રણ દિવસ સમાધિમાં રાખીને ધામમાં તેડી જઈશું.''

આ પ્રમાણે સૌ સંતો હરિભક્તોએ સ્વામીશ્રીની ઇચ્છાથી પ્રત્યક્ષ અક્ષરધામ જોયું અને શ્રીજીમહારાજની દિવ્ય વાણી પણ સાંભળી. સૌની શંકાઓ દૂર થઈ ગઈ. સાથે સાથે એ પણ સમજાયું કે મુમુક્ષુઓના કેવળ હિત માટે જ શાસ્ત્રોએ ઉદ્‌બોધેલો ધર્મ, સમાજ અને સંપ્રદાયની પ્રતિષ્ઠાને વધુ દૃઢતર કરે છે. શ્રીજીમહારાજે સ્પષ્ટપણે સમજાવ્યું છે કે 'જે હરિભક્તને ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઇચ્છા હોય તો ભગવાનને પ્રસન્ન કરવાનો ઉપાય તો એ છે કે પોતપોતાના વર્ણાશ્રમના ધર્મ વિષે અચળ નિષ્ઠા કરવી તથા આત્મનિષ્ઠાની અતિશય દૃઢતા કરવી સાથે સાથે એક ભગવાન વિના બીજા સર્વ પદાર્થને વિષે અરુચિ તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામ ભક્તિ કરવી. આ ચાર સાધને કરીને ભગવાનની અતિ પ્રસન્નતા થાય છે.'[૮૨] મોટા પુરુષોએ જે ધર્મમર્યાદા બાંધી હોય છે તે અનુસાર જ વર્તવું એ જ વ્યક્તિ અને સમષ્ટિરૂપ સમાજ બંને માટે હિતકર છે.

લોઢવામાં સ્વામીશ્રીની મૂર્તિમાં નીલકંઠનાં દર્શન

સંવત ૧૮૮૯માં સ્વામીશ્રી લોઢવે પધાર્યા હતા. તે વખતે ધામણેજના લાખો પટેલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમણે સ્વામીશ્રીને મહારાજની પ્રસાદીની જગ્યા બતાવીને કહ્યું : ''આ જગ્યાએ મહારાજ બહુ રહ્યા હતા.''

તે સાંભળી સ્વામીશ્રી જ્યાં બેઠા હતા ત્યાંથી ઊઠીને મહારાજની પ્રસાદીની જગ્યા ઉપર આવી બેઠા. પછી બે હાથ ઊંચા કર્યા અને ત્યાંથી ઊઠ્યા. તેટલામાં સ્વામીશ્રીની મૂર્તિમાંથી એકાએક તેજ નીકળ્યું અને તે તેજની અંદર તપસ્વીરૂપે શ્રીજીમહારાજની મૂર્તિનાં ગામના લોકોને દર્શન થયાં. તે મૂર્તિ જોઈ ગામના લોકો 'આ તપસ્વી તો અહીંની લખુ ચારણને ત્યાં રહ્યા હતા તે જ છે.' એમ કહી સ્વામીશ્રીનો અદ્‌ભુત

૮૨. ગ. પ્ર. ૨૧.

પ્રતાપ જોઈ સૌ સ્વામીશ્રીને પગે લાગવા માંડ્યા. ત્યાર બાદ તે મૂર્તિ અને તેજ અદૃશ્ય થઈ ગયાં.

આ પ્રકારે સ્વામી અને મહારાજની આધ્યાત્મિક એકતા હતી. જેમ દેહ અને જીવને એકત્વપણું થઈ ગયું છે છતાં બંને તત્ત્વો જુદાં છે, તેમ સ્વામી અને મહારાજ જુદા છે છતાં સ્વરૂપ સ્વભાવે બંનેને અવિચ્છિન્ન એકતા છે, એટલે જ સ્વામી મહારાજનું શરીર અથવા ધામ કહેવાય છે. મહારાજની મૂર્તિ સિવાય પ્રકૃતિનો લેશ પણ જેમનામાં નથી એવા શુદ્ધ ચૈતન્ય અનાદિ બ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, પોતાના ઈષ્ટદેવ પુરુષોત્તમનારાયણની યથાર્થ ઓળખાણ મુમુક્ષુઓને કરાવવા અને પોતાના સંબંધે જીવોને બ્રહ્મરૂપ કરી, તેઓ મહારાજની સેવામાં તત્પર રહી શકે, તે કાર્ય કરવા જ પૃથ્વી ઉપર પધાર્યા હતા.

સ્વામીશ્રીનું આવું ઐશ્વર્ય જોઈ એક બાવો સેવાદાસ સ્વામીશ્રી પાસે આવ્યો અને સ્વામીશ્રીને પગે લાગીને કહ્યું : "મહારાજ ! હું બહુ દુઃખી છું. માટે મને કાંઈક પૈસા મળે તેવો ઉપાય બતાવો."

સ્વામીશ્રીએ તેની આવી ક્ષુલ્લક માગણી સાંભળી કહ્યું : "તમે કોનું ભજન કરો છો ?"

ત્યારે તેણે કહ્યું, "મહારાજ ! હું શિવનો ઉપાસક છું."

એટલે સ્વામીશ્રીએ ફરી પૂછ્યું : "શિવજી તમારે ત્યાં છે ?"

ત્યારે તે બાવાએ કહ્યું : "હા મહારાજ ! મારા ઘરના ફળિયામાં જ એક ઓટો છે તે ઉપર શિવનું બાણ છે. હું એ શિવલિંગની નિત્ય પૂજા કરું છું."

સ્વામીશ્રીએ તરત જ તેને કહ્યું : "હવે તારે ત્યાં જે શિવનું બાણ છે તેની નીચે ધન હોય તો તું લે ખરો ?"

બાવાજી મૂંઝાયા. ધનની આસક્તિ અને શિવપૂજા આ બંનેમાં હવે કોને રાખવા અને કોનો ત્યાગ કરવો તે તેને સૂઝ્યું નહિ. તેણે તરત જ કહ્યું : "મહારાજ ! શિવના બાણ નીચે ધન નથી અને જો હોય તો પણ શિવને તો ખસેડાય નહિ !"

સ્વામીશ્રી હસ્યા. બાવાજીના અંતરમાં ધનની લોલુપતાની પ્રબળતા સ્વામીશ્રી પિછાણી ગયા હતા. તેથી સ્વામીશ્રીએ હસીને તેને કહ્યું : "શિવના બાણ નીચે જ ધન છે. હવે લેવું ન લેવું તે તારી ખુશીની વાત છે."

એમ કહી સ્વામીશ્રી ત્યાંથી ઊઠ્યા. બાવાજી પણ મૂંઝવણ ભરેલી પરિસ્થિતિમાં સ્વામીશ્રી આગળ હિંમતથી બોલ્યા તો ખરા, પરંતુ તેમના અંતરમાં તો ધનના સંકલ્પના લોઢ ઊછળવા લાગ્યા.

બાવાજીએ શિવલિંગ ખસેડ્યું

રાત્રે બાવાજીએ શિવલિંગ ખસેડ્યું. ઓટો ખોદ્યો. સ્વામીશ્રીના વચન મુજબ તેમાંથી પુષ્કળ ધન નીકળ્યું. બાવાજી રાજી થઈ ગયા. બધું લઈ લીધું. પરંતુ તેમને બીક પેઠી કે ગામના લોકો જો જાણશે કે બાવાજીએ ધન માટે ઓટો ખોદી નાખ્યો છે અને શિવજીને ખસેડ્યા છે તો તેની આજીવિકા ટળી જશે. તેથી તેણે જળાધારી સાથે શિવલિંગ, રાત્રે કોઈ ન જાણે તેમ નદીના ઊંડા જળમાં પધરાવી દીધું. પછી નિરાંતે ઘેર આવ્યો અને મળેલા ધનની વ્યવસ્થા કરી સવાર પડતાં ગોકીરો કર્યો કે રાત્રે ચોરલોકોએ ધનની આશાથી આ શિવલિંગ ખસેડી ઓટો ખોદી નાખ્યો છે. ગામના લોકોએ તે જોયું. બાવાજીના કલ્પાંતથી લોકોના અંતરમાં બાવાજીની શિવભક્તિનો ઊંડો પ્રભાવ પડ્યો.

લોકમાં ભેખ આવા હોય છે અને ઉપાસ્ય સ્વરૂપના મહિમા વિનાની ભક્તિ પણ આવી હોય છે !

સ્વામીશ્રીના જીવનના દરેક નાના મોટા પ્રસંગમાં તેમના શુદ્ધ આત્મસ્વરૂપની ઝાંખી સૌને થતી. એક વખત સ્વામીશ્રી કાળવા નદીની સામે પાર બ્રહ્મકુંડ તરફ બહિર્ભૂમિ ગયા હતા. સ્વામીશ્રી સાથે તત્ત્વાનંદ હતા તે કાળવાના કિનારે બેઠા હતા. સ્વામીશ્રી બહિર્ભૂમિ જઈ નદીએ પધાર્યા અને હાથ ધોઈ દાતણ કરવા બેઠા. તેવામાં એક દીપડો સ્વામીશ્રી સામે આવી આગળના બે પગ ઊભા રાખી જાણે દર્શન કરતો હોય તેમ શાંત ચિત્તે બેઠો. સ્વામીશ્રી દાતણ કરતા જાય અને તેના સામું થૂંકતા જાય. એ વખતે તત્ત્વાનંદ બહિર્ભૂમિ ગયા હતા. તે બહિર્ભૂમિ જઈને આવ્યા અને સ્વામીશ્રી સામે બેઠેલા દીપડાને જોઈ ગભરાયા. છેટેથી જ તેમણે બૂમ મારી : "સ્વામી ! દીપડો સામે બેઠો છે."

સ્વામીશ્રી તો સ્થિતપ્રજ્ઞતાથી દાતણ કરતા જાય અને દીપડા સામે વારંવાર દૃષ્ટિ કરતા જાય. સ્વામીશ્રીએ ગંભીરતાપૂર્વક તત્ત્વાનંદને કહ્યું :

"તમે ગભરાશો નહિ. અહીં આવો. અત્યારે તેનાં નાડી-પ્રાણ તેના હાથમાં નથી." એટલું કહી સ્વામીશ્રીએ દાતણની બે ચીરો કરી ગામ તરફ ફેંકી. તેટલામાં દીપડો પણ માથું નમાવી ઊઠીને નદીના ઉપરવાસના પ્રવાહ તરફ ચાલ્યો ગયો. તત્ત્વાનંદ સ્વામીશ્રી સાથે જ રહેતા. એટલે આવા ઘણા પ્રસંગોમાં સ્વામીશ્રીની અદ્‌ભુત ધીરજનાં તેમને દર્શન થતાં. પણ આજે દીપડાનાં નાડી-પ્રાણને ખેંચી તેને સામાન્ય પશુ જેવો બનાવી દેનાર સ્વામીશ્રીનો મહિમા તેમને અધિકપણે સમજાયો.

✧ ✧ ✧

લોજમાં કાના વાળંદને સ્વામીશ્રીના ચરણમાં બ્રહ્માંડ દેખાયું

એક વખત સ્વામીશ્રી સાઠ સાધુનું મંડળ લઈને લોજપુર પધાર્યા. ત્યાં ગામના લગભગ દોઢસો જેટલા હરિભક્તોને ભેગા કરીને શ્રીજીમહારાજની પ્રસાદીની ધર્મશાળામાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો. પછી સર્વેને સાથે લઈને મહારાજની પ્રસાદીની વાવનાં દર્શને પધાર્યા. ત્યાં દર્શન કરી ગામને ગોંદરે આવ્યા. ત્યારે કૃષ્ણજીભાઈ તથા કાનો વાળંદ બોલ્યા : "સ્વામી ! આ ઠેકાણે મહારાજે છાણના પોદળા નીચે બ્રહ્માંડ બતાવ્યું હતું અને છાણ લેવા આવતી કેટલીક બાઈઓને સમાધિ કરાવી હતી."

તે સાંભળી સ્વામીશ્રી મંદ મંદ હસવા લાગ્યા. પછી બોલ્યા : "ભગવાન અને ભગવાનના એકાંતિક ભક્તને સદા એકતા જ હોય છે. તેથી ભગવાન જે કરી શકે તે ભગવાનના ભક્ત પણ ભગવાનના પ્રતાપે કરી શકે." એટલું કહી સ્વામીશ્રીએ ચપટી વગાડી અને સૌનાં અંતર ખેંચી લીધાં. સૌને દિવ્ય દૃષ્ટિ આપી કહ્યું : "જુઓ, આંહીં શું દેખાય છે ?" તે સાંભળી સૌ જોવા લાગ્યા. ત્યાં તો જાણે શ્રીજીમહારાજની સાથે સૌ નાહવા જતા હોય તેવાં દર્શન સૌને થયાં.

પછી સ્વામીશ્રીએ કાના વાળંદને કહ્યું : "કાના ! તારી પાસે નેરણી હોય તો મારા પગમાં ફાંસ વાગી છે તે કાઢ." એમ કહી લાકડીના ટેકે ઊભા રહી એક પગ સ્વામીશ્રીએ ઊંચો કર્યો. કાનો નેરણી લઈ પગના તળિયામાંથી ફાંસ કાઢવા જાય છે ત્યાં તો તેને બ્રહ્માંડ દેખાયું. કાનો તો ઝળહળ ઝળહળ થતું તેજ જોઈને 'અહો, અહો,' કરવા માંડ્યો. આ શું ?!

ચૌદ લોક સહિતનું સમગ્ર બ્રહ્માંડ આ અક્ષરબ્રહ્મ સ્વામીશ્રીનાં ચરણકમળ ચૂમે છે ! એમ કહી કાનો આશ્ચર્યવત્ બની ગયો !

તે જોઈ સ્વામીશ્રી હસ્યા. એટલામાં તો સૌ સંતો તથા હરિભક્તો પણ ત્યાં આવી પહોંચ્યા. કાનાને જે દર્શન થયું તે તેમને સૌને થયું. બાસઠ તસુની સ્વામીશ્રીની દિવ્ય દૈહિક મૂર્તિ હજુ પણ લાકડીને ટેકે એક પગ અધ્ધર રાખી ઊભી હતી. એક ક્ષણ દરેકને આશ્ચર્યમાં લીન કરીને સ્વામીશ્રીએ ચપટી વગાડી એટલે સૌ પોતાના દેહમાં આવ્યા. સ્વામીશ્રીની મનુષ્યમૂર્તિ જોઈ, સૌ તેમાં સંલગ્ન થઈ ગયા. સ્વામીશ્રીએ સૌ સંતો સાથે તે મહાપ્રસાદીની વાવમાં સ્નાન કર્યું. સ્વામીશ્રી સ્નાન કરી વસ્ત્ર બદલી શ્રીજીમહારાજના પ્રસાદીના પથ્થરને પગે લાગી બાજુમાં બેઠા. સૌ સંતો-હરિજનો પણ ધીરે ધીરે સ્નાનવિધિથી પરવારી સ્વામીશ્રીની સન્મુખ આવી બેસી ગયા.

સ્વામીશ્રીએ અહીં વાત કરી : "ભગવાન કે ભગવાનના સંત વિના ક્યાંય શાંતિ નથી."

એટલામાં એક લુહાર ભક્ત આવ્યા. તેમને સ્વામીશ્રીએ બોલાવ્યા : "આવો, તેજાભાઈ !"

અવસ્થાએ વૃદ્ધ અને સ્થિતિએ ગરીબ એવા આ ભક્તને સ્વામીશ્રીના શબ્દોમાં અમૃતની મીઠાશ લાગી. સ્વામીશ્રીને દંડવત્ કર્યા અને પછી પગે લાગીને કહ્યું : "સ્વામી ! તમે બહુ મીઠાશથી બોલાવો છો અને અમારા જેવા ગરીબ ઉપર પણ નજર રાખો છો."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "અમારો એવો સહજ સ્વભાવ જ છે. સૌને હેત કરીએ છીએ અને સૌને માન દઈ મહેમાની કરીએ છીએ, તો પણ જીવને ઘણી વાર ધોખા થાય છે. પરંતુ વૃદ્ધ, નિર્ધન, રોગી, ભિક્ષુક અને કલંકવાળા એ પાંચ પ્રકારના મનુષ્યોનું જગતમાં સદાય અપમાન જ થાય છે. આપણું પણ એમાં જો પાનિયું પડ્યું હોત તો આપણે પણ સત્કારની આશા રાખવી એ વૃથા હતું. માટે કોઈ આપણો સત્કાર ન કરે તો રાજી થવું અને જાણવું કે વાસના ઓછી થતી જાય છે. એમ સમજી આ લોકના સુખથી ઉદાસ થવું અને મહારાજના સ્વરૂપમાં વૃત્તિ જોડી દેવી. જો પૂરી આજીવિકા ન મળે કે પુત્ર ન હોય કે શરીરમાં રોગ કે ભૂંડો સ્વભાવ હોય અથવા ઢેઢ ભંગી જેવી હલકી જાતિમાં જન્મ થયો હોય, તો તેને પૂર્વનું પાપ સમજી તે

પ્રારબ્ધ ભોગવી લેવું. પરંતુ ફરીથી તેવું પાપ થવા દેવું નહિ. વળી વૈદ્યના પૈસા, થાપણનાં નાણાં, પંચનાં નાણાં, દીકરીનાં નાણાં કે ધર્માદાનાં નાણાં - આ પાંચ પ્રકારના ધનને તો ઝેર જેવું કરી દેવું. એવી રીતની જેને સમજણ હોય તે જ સુખી થાય છે અને ભગવાન કે સંતની પ્રાપ્તિ પણ એવાને જ થાય છે અને એમને જ એવા સાધુનો સમાગમ મળે છે !''

એટલું કહીને વળી બોલ્યા : ''આ સાધુને પણ ઓળખી રાખજો અને જેટલો લેવાય તેટલો દર્શન સમાગમનો લાભ લઈ લેજો. પછી મળશે નહિ. માટે પસ્તાવો થાય તેવું ન કરશો.'' આ પ્રમાણે વાતો કરી સ્વામીશ્રી ધર્મશાળામાં પધાર્યા.

✧ ✧ ✧

નિન્દત નહિ કોઈ દેવકો

સ્વામીશ્રી કોઈપણ દેવની નિંદા, હાંસી કે વિડંબના સહન કરી શકતા નહિ. પૂર્ણ પુરુષોત્તમનારાયણની શક્તિના, પાત્રના તારતમ્ય પ્રમાણેના આવિર્ભાવથી, સર્વ દેવો કાર્ય કરી રહ્યા છે. આ રીતે તેઓ વિશ્વના સંચાલનમાં અંગભૂત છે. તેથી તે દેવની નિંદા કે હાંસી તે સ્વયં પુરુષોત્તમનારાયણની જ નિંદા છે એમ સમજી સ્વામીશ્રી સર્વ દેવો પ્રત્યે આદરભાવ કરાવતા.

એક વખત સ્વામીશ્રીએ ધોલેરામાં એક બાવાને તેલની ઊકળતી કડાઈમાં શાલિગ્રામ નાખતાં જોયો. તેથી સ્વામીશ્રીનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. અલ્પ જેવા પ્રાણીનું પણ જે દુઃખ સહન ન કરી શકે તે દયાળુ સ્વામીશ્રી, વિષ્ણુ ભગવાનના સ્વરૂપની આવી વિડંબના જોઈ કંપી ઊઠ્યા. અત્યંત આર્દ્ર સ્વરે સ્વામીશ્રી બોલી ઊઠ્યા : ''જગતમાં ભેખનું હવે આવી રહ્યું. આવી નાસ્તિકતા !''

સ્વામીશ્રી આ પ્રમાણે બોલ્યા તે સાંભળી ત્યાં ઊભેલા એક જૈન વણિક બેચરભાઈ બોલ્યા : ''સ્વામી ! જેના ભગવાનમાં જેવું બળ હોય, તેના સેવકમાં તેવું જ બળ આવે છે.''

સ્વામીશ્રીએ આ સાંભળ્યું. તેમને થયું કે આ જૈન મતના છે છતાં ભગવાનમાં આસ્થાવાળા છે. તેથી સ્વામીએ તેના સામું જોઈ કહ્યું : ''તમે

મંદિરમાં આવજો." સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

બેચરભાઈ જૈન પદનો ત્યાગ કરી સત્સંગી બને છે

સાંજે બેચરભાઈ મંદિરે ગયા અને સ્વામીશ્રીને પગે લાગી સન્મુખ બેઠા. સ્વામીશ્રીના મુખમાંથી ઝરતી અમૃતવાણીનું પાન કરીને બેચરભાઈનું અંતર શુદ્ધ થઈ ગયું. ભક્તિના સંસ્કારો ઉદય થયા. પરંતુ જૈન સાધુને ખબર પડી ગઈ કે બેચરભાઈ સ્વામિનારાયણના મંદિરે ગયા હતા. બીજે દિવસે બેચરભાઈ ઉપાશ્રયે ગયા ત્યારે તે જૈન સાધુએ તેમને કહ્યું : "બેચરભાઈ ! બે વાત બનશે નહિ. કાં તો આ રાખો અને કાં તો એ રાખો."

ત્યારે બેચરભાઈએ કહ્યું : "મહારાજ ! તેઓ કાંઈ આપણું ખંડન કરતા નથી અને બહુ સારો ઉપદેશ કરે છે. એટલે હું તો તે સાંભળવા ગયો હતો. તેમાં મારો શો વાંક થયો ?"

પરંતુ તે સાધુને તો એ કાંઈ સાંભળવું જ ન હતું. તેમણે અતિ આગ્રહથી ફરી કહ્યું : "ગમે તેવો સારો ઉપદેશ કરતા હોય તો પણ તમારે ત્યાં જવું નહિ, બે વાત નહિ બને !"

આ સાધુની આવી અસહિષ્ણુતા અને અન્ય ધર્મ પ્રત્યેના રાગદ્વેષ જોઈ બેચરભાઈને ખોટું લાગ્યું. તેમણે તરત જ કહ્યું : "એમ હોય તો, મહારાજ ! તમારો અપાસરો તમારી પાસે રહ્યો." એમ કહી ઊઠી ગયા. બેચરભાઈ ફરી પાછા ઉપાશ્રયે ગયા જ નહિ.

✧ ✧ ✧

ભાડેર ગામની સીમમાં હિમ નહિ પડે

સંવત ૧૮૯૧ના માગશર માસમાં સ્વામીશ્રી જૂનાગઢથી નીકળી ભાડેર પધાર્યા. અહીં ગામના ચોકમાં રાત્રે સભા કરીને વિરાજમાન થયા હતા. દરબારો તથા ગામના હરિભક્તો પણ સૌ આવી, સભામાં બેઠા હતા, તે વખતે ઠંડો પવન વાતો હતો. તેથી સ્વામીશ્રીએ કહ્યું : "આજ તો હિમ પડે એવું લાગે છે."

ત્યારે ત્યાં બેઠેલા દરબારોએ સ્વામીશ્રીને કહ્યું : "મહારાજ ! એ તો આપના હાથમાં છે. આપ દયા કરો તો ગામની સીમમાં હિમ ન પડે."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "મહારાજ સારું કરશે." એમ કહી સભામાં વાતો કરી સ્વામીશ્રી પોઢવા પધાર્યા.

બીજે દિવસે સવારે હિમ પડ્યું. પરંતુ ભાડેરની સીમમાં હિમ ન પડ્યું. આમ, સ્વામીશ્રીના વચને હરિભક્તોની રક્ષા થઈ અને વિપરીત દેશકાળમાંથી સૌ ઊગરી ગયા.

હામાપરના કરસન બાંભણિયાની સેવા

આ વરસ વરસાદની અછતને લઈને મોળું હતું. પરંતુ સોરઠ દેશના હરિભક્તોને સ્વામીશ્રી પ્રત્યે અપાર પ્રેમ હતો. તેમણે પોતાનું સર્વસ્વ સ્વામીશ્રીને સમર્પણ કરી દીધું હતું. આવું નબળું વરસ હોવાથી મંદિરમાં સાધુ-સમાગમ કરવા આવતા હરિભક્તોના નિભાવના ખર્ચની, હામાપરના કરસન બાંભણિયાને ચિંતા થઈ. એટલે પોતાના ઘરમાં જેટલાં ઘરેણાં હતાં તે તમામ ડબરામાં ભરી, તે જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી સન્મુખ બેઠા અને પછી ઘરેણાંનો ડબરો સ્વામીશ્રીનાં ચરણકમળ આગળ મૂકી તેણે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! દયાળુ ! આ વરસ જરા મોળું છે તેથી સાધુ દેશમાં ફરવા જઈ શકશે નહિ. વળી, હરિભક્તો પણ ઊપજ વિના ધર્માદો આપી શકશે નહિ. માટે ઘરેણાંનો ડબરો આપને અર્પણ કરું છું. આપ તેમાંથી સાધુઓને જમાડજો."

તેમનો આવો ભક્તિભાવ જોઈ સ્વામીશ્રી અત્યંત રાજી થયા. પછી ધીરે રહીને કહ્યું : "કરસન ભગત ! મહારાજના પ્રતાપે તો અહીં બાજરાના કોઠાર ભર્યા છે અને કોઈ વાતની ખોટ નથી. માટે ઘરેણાંનો ડબરો ઘેર લઈ જાઓ."

કરસન બાંભણિયાને આ વાત સાંભળી આઘાત લાગ્યો. તેને લાગ્યું કે મારી સેવા સ્વામીશ્રીએ ન સ્વીકારી. તેની આંખમાં આંસુ આવી ગયાં. તેની આવી અપૂર્વ ભક્તિ જોઈ સ્વામીશ્રી બહુ જ રાજી થયા. મનમાં થયું કે સોરઠ દેશના હરિભક્તો મંદિર માટે પ્રાણ આપે તેવા થયા છે. પછી સ્વામીશ્રી બોલ્યા : "કરસન ભગત ! ઓછું ન આણશો. તમારી સેવા અમે સ્વીકારીશું." એમ કહી સ્વામીએ તે ડબરો લઈને કોઠારીને આપ્યો. કરસન ભગત રાજી થયા. પોતાને કૃતાર્થ માની બે દિવસ રહી ઘેર ગયા.

સ્વામીશ્રીએ તેનાં ઘરેણાંનો ડબરો કોઠારમાં અનામત રખાવ્યો. બીજું વરસ સારું આવ્યું ત્યારે સ્વામીશ્રીએ કરસન ભગતને જૂનાગઢ બોલાવ્યા. થોડા દિવસ દર્શન-સમાગમનું સુખ આપી, સ્વામીશ્રીએ સમજાવીને તેનાં ઘરેણાંનો ડબરો તેને પાછો આપ્યો. આમ, જેમ સોરઠ દેશના હરિભક્તો સ્વામીશ્રી માટે સર્વસ્વ અર્પણ કરવાની ભાવનાવાળા હતા, તેમ સ્વામીશ્રી પણ તેમના વ્યવહારને યથાર્થ જાળવતા પણ હતા. માબાપ કરતાં પણ અધિક જતન સ્વામીશ્રી પોતાના હરિભક્તોનું કરતા અને તેમની દરેક પ્રકારે સંભાળ રાખતા.

કરસન બાંભણિયાના ખેતરમાં બાજરો બહુ સારો પાકતો. તેથી દર વર્ષે એક ખાંડી (૨૦ મણ) બાજરો ગાડામાં ભરીને તેઓ જૂનાગઢ જઈને આપી આવતા. સ્વામીશ્રી પણ તેમનો બાજરો નોખો રખાવતા. બ્રહ્મચારી પાસે તે બાજરાનો રોટલો કરાવી, ઠાકોરજીને થાળ ધરાવી, સ્વામીશ્રી ગાયની તાજી છાશ અને આ બાજરાનો રોટલો રોજ જમતા.

એક દિવસ બ્રહ્મચારી ઠાકોરજીના થાળનો રોટલો અને ગાયની તાજી છાશ લઈને સ્વામીશ્રીને જમાડવા આવ્યા. સ્વામીશ્રીએ છાશમાં સારી રીતે પાણી નાખ્યું ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : "સ્વામી ! આમાં પાણી કાં રેડો ?"

ત્યારે સ્વામીશ્રી હસ્યા અને બોલ્યા : "તમે તાલ કરીને લાવો તે તમારો તાલ અમારે વીંખી નાખવો જોઈએ ને ?"

અનાદિ બ્રહ્મ હોવા છતાં સ્વામીશ્રી પંચવર્તમાનના નિયમો યથાર્થ પાળતા અને સૌની પાસે પળાવતા. મહારાજની આજ્ઞામાં રંચ માત્ર પણ ફેર ન પડવા દેવો એવો સ્વામીશ્રીનો સિદ્ધાંત હતો. સ્વામીશ્રીના આવા કડક વર્તનથી, ત્યાગ-વૈરાગ્યના આગ્રહથી અને ગુણાતીત વાતોથી જૂનાગઢના સાધુઓએ સમગ્ર સત્સંગમાં ત્યાગ, વૈરાગ્ય અને સર્વોપરી શુદ્ધ ઉપાસનાની નિષ્ઠામાં અનોખી ભાત પાડી હતી.

✧ ✧ ✧

માણાવદરના નવાબ મંદિર બાંધવાની યાચના કરે છે

સંવત ૧૮૯૨માં સ્વામીશ્રી સંત મંડળને લઈ જૂનાગઢથી નીકળી માણાવદર પધાર્યા. અહીં મયારામ ભટ્ટને ઘેર ઊતર્યા. માણાવદરના નવાબ

ગજેફરખાનજી પાક મુસલમાન હતા. સર્વ ધર્મ પ્રત્યે તેમને ખૂબ આદર હતો. તેમને કોઈ હરિભક્તે વાત કરી કે 'ગામમાં સ્વામિનારાયણના બહુ મોટા ફકીર પધાર્યા છે.' તે સાંભળી નવાબ સાહેબે વિચાર કર્યો કે આવા ઓલિયા જો આપણા ગામમાં પધાર્યા હોય તો તેમના દીદાર કરવા જવું જોઈએ. પછી કચેરીના અમલદારોને લઈને નવાબ સાહેબ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને બે હાથ જોડી તેણે નમસ્કાર કર્યા. સ્વામીશ્રીએ પણ પ્રેમપૂર્વક નવાબને છાજે તેવું તેમનું સન્માન કર્યું. ત્યારે નવાબે ફરી બે હાથ જોડી કહ્યું : ''આપ તો ખુદાના ફકીર છો અને આપની પાસે તો હું અનાથ જેવો છું. તમારા દીદારથી જ આજે હું નિષ્પાપ થયો છું. આપ સમર્થ પુરુષ છો અને હું તો આપનો દાસ છું.''

નવાબનાં આવાં ભક્તિભાવનાં વચન સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા અને નવાબને ઉપદેશવચનો કહેવા લાગ્યા. સ્વામીશ્રીની દિવ્ય વાણી સાંભળી નવાબનું અંતઃકરણ ભેદાઈ ગયું. સંશય માત્ર છેદાઈ ગયા અને અંતરમાં થયેલા જ્ઞાનના પ્રકાશથી સ્વામીશ્રીના સ્વરૂપમાં અત્યંત પ્રકાશ તેમને દેખાવા લાગ્યો. સ્વામીશ્રીએ ત્રણ પડવાળી ગોદડી ઓઢી હતી. ગોદડી જૂની હતી અને કેટલીક જગ્યાએ તો ફાટી પણ ગઈ હતી. તે ફાટેલી ગોદડીના લીરે લીરે નવાબને અનંત સૂર્યનો પ્રકાશ દેખાવા માંડ્યો.

એવાં અલૌકિક દર્શન કરતાં કરતાં નવાબ સાહેબ 'અહો, અહો' બોલવા લાગ્યા. તેમને આશ્ચર્ય થયું કે આ સાક્ષાત્ ખુદા છે કે ખુદા જેવા ફકીર છે ! ખુદાનું આવું નૂર જોઈ તેઓ ગદ્ગદ થઈ ગયા. થોડી વારે સમાધિમાંથી તેઓ જાગ્યા ત્યારે સન્મુખ બેઠેલા સ્વામીશ્રીની સૌમ્યમૂર્તિ જોઈ તેઓ તરત જ પગમાં પડી ગયા. તેમની સાથે આવેલા અમલદારો મુસલમાન નવાબની હિન્દુ સંત પ્રત્યેની આવી ભાવના જોઈ આશ્ચર્યમુગ્ધ બની ગયા. નવાબે તેમનો ભાવ પારખી લીધો. પછી તેમને કહેવા લાગ્યા : ''આવા ફકીર તો આખી દુનિયામાં દેખ્યા નહિ. આ ફકીર જેને ફરમાન કરશે તેને જ અલ્લા બહિશ્તમાં લઈ જશે.'' એટલું કહી ફરી સ્વામીશ્રીનાં ચરણોમાં નમસ્કાર કર્યા.

પછી બે હાથ જોડી સ્વામીશ્રીને કહ્યું : ''અહીં તુમારા અચ્છા દેવસ્થાન બનાવો ઔર કન્હૈયાલાલકુ પધરાવો.''

સ્વામીશ્રી નવાબની માગણી સાંભળી હસ્યા. પછી ધીરે રહીને કહ્યું : ''અમે અહીં દેવસ્થાન કરીએ, કનૈયાલાલને પણ પધરાવીએ પણ તેમાં ખર્ચ થાય. વળી, થાળ માટે પણ આજીવિકા જોઈએ.''

તે સાંભળી નવાબ સાહેબે કહ્યું : ''આપ કહો તેટલું ભૂમિદાન આપું, કોરી આપું અને આજીવિકા માટે પણ માણામાપ બાંધી દઉં.''

સ્વામીશ્રી તેમનો આવો ભાવ જોઈ બહુ જ રાજી થયા અને કહ્યું : ''આપની ઇચ્છા છે તો જરૂર કરીશું.'' પછી નવાબ સાહેબ સ્વામીશ્રીને પ્રણામ કરી પોતાના દરબારગઢમાં પધાર્યા. સ્વામીશ્રી થોડા દિવસ માણાવદરમાં રહીને જૂનાગઢ પધાર્યા. જૂનાગઢ આવી સ્વામીશ્રીએ થોડા સંતોને માણાવદર મોકલ્યા અને ત્યાં મંદિર કરવાનો આરંભ કરાવ્યો.

તે જ વર્ષે ચૈત્ર સુદ નવમી(હરિનવમી)ના સમૈયા ઉપર સ્વામીશ્રી વરતાલ પધાર્યા. અહીં સમૈયો વીત્યા બાદ સ્વામીશ્રીએ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને વાત કરતાં કહ્યું : ''માણાવદરના નવાબ ગજેફરખાનજીને આપણા પ્રત્યે ભાવ સારો છે. ત્યાં મંદિર કરાવવાનો તેમનો વિચાર છે એટલે જૂનાગઢથી સાધુઓ મોકલ્યા છે. માટે આપ મૂર્તિપ્રતિષ્ઠા કરવા પધારો.''

તે સાંભળી રઘુવીરજી મહારાજ બહુ રાજી થયા. સ્વામીશ્રીને તેમણે કહ્યું, ''આપ જ્યારે તેડાવશો ત્યારે જરૂર અમો આવીશું.''

સ્વામીશ્રી હરિનવમીનો સમૈયો વરતાલમાં કરી જૂનાગઢ પધાર્યા. માણાવદરમાં મંદિર પૂરું થવા આવ્યું એટલે સ્વામીશ્રીએ વરતાલ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને પત્ર લખ્યો. સ્વામીશ્રીનો પત્ર મળ્યો એટલે આચાર્યશ્રીએ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, બ્રહ્માનંદ સ્વામી વગેરેને બોલાવ્યા અને કહ્યું : ''માણાવદરમાં પ્રતિષ્ઠા પ્રસંગે સૌએ આવવાનું છે માટે તૈયારી કરો.'' પછી આચાર્યશ્રી સંત મંડળનો સંઘ લઈને જૂનાગઢ પધાર્યા અને ત્યાંથી માણાવદર ગયા.

માણાવદરમાં મંદિરમાં લાલજીની પ્રતિષ્ઠા

આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા સ્વામીશ્રી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, બ્રહ્માનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ પધાર્યા

છે તે જાણી ગામના હરિભક્તોએ ખૂબ જ ધામધૂમથી સામૈયું કર્યું અને સૌને ગામમાં પધરાવ્યા. પછી આચાર્યશ્રી તથા સદ્‌ગુરુઓને ઉતારા કરાવ્યા.

બીજે દિવસે યજ્ઞવિધિની શરૂઆત કરી. શ્રીજીમહારાજે મયારામ ભટ્ટને જે લાલજી આપ્યા હતા તે લાલજીની મૂર્તિ યજ્ઞશાળામાં પધરાવી અને વેદોક્ત સર્વ વિધિ કરી. ત્યાર બાદ તે લાલજીની મૂર્તિ મંદિરમાં પધરાવી અને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે આરતી કરી. બ્રાહ્મણોએ ઉચ્ચારેલા વેદમંત્રોથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. સૌના અંતરમાં અપાર શાંતિ અને આનંદ વ્યાપી ગયાં. આ પ્રમાણે શ્રીજીમહારાજના પ્રસાદીના લાલજી, ગજેફરખાનજીના અંતરમાં પ્રવેશ કરીને સંવત ૧૮૯૨ના વૈશાખ સુદિ ત્રીજના માંગલિક દિવસે માણાવદરમાં બિરાજ્યા. ગજેફરખાનજી અત્યંત રાજી થયા. વિપ્રોને તથા હરિભક્તોને સારી રીતે જમાડ્યા અને સૌને રાજી કર્યા.

તે દિવસે બપોરે સભા થઈ. આચાર્યશ્રી અને સૌ સદ્‌ગુરુઓ સભામાં પધાર્યા. નવાબ સાહેબ પણ આવ્યા. આ પ્રસંગે નવાબ સાહેબે ઠાકોરજીની આજીવિકા માટે માણું-માપ બાંધી દીધું. તેથી સ્વામીશ્રી બહુ જ રાજી થયા અને નવાબ સાહેબને આશીર્વાદ આપ્યા.

જ્યારે નવાબનો અંત સમય નજીક આવ્યો, ત્યારે સ્વામીશ્રી તેને દિવ્ય સ્વરૂપે તેડવા પધાર્યા. નવાબ એકદમ સ્વામીશ્રીને જોઈ પલંગમાં બેઠા થઈ ગયા અને હાથ જોડવા લાગ્યા. એટલે તેમના સંબંધીએ તેમને પૂછ્યું : ‘‘આમ એકાએક બેઠા થઈ હિન્દુની રીતે હાથ કેમ જોડો છો ?’’

ત્યારે નવાબે કહ્યું : ‘‘મને કંથાવાળા સ્વામી દર્શન દે છે. મોટું વિમાન લઈને મને બહિશ્તમાં લઈ જવા આવ્યા છે.’’ એટલું કહી સ્વામીશ્રી તરફ જોઈ નવાબે દેહ મૂકી દીધો.

જ્ઞાનબાગમાં બે પ્રસાદીના આંબાનો ઈતિહાસ

સંવત ૧૮૯૩ના હરિનવમીના સમૈયા ઉપર સ્વામીશ્રી સંતપાર્ષદો સહિત વરતાલ પધાર્યા. સમૈયામાં શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી સૌને ઉપાસનાનું રહસ્ય સમજાવ્યું. દશમને દિવસે સ્વામીશ્રી જ્ઞાનબાગમાં દર્શને પધાર્યા અને બે આંબા વચ્ચે હિંડોળો બાંધી મહારાજ ઝૂલતા ત્યાં સ્વામીશ્રી પધાર્યા. બંને આંબાને જોઈ સ્વામીશ્રી

બોલ્યા : "અહો ! આ તો મહારાજના સાક્ષાત્ સંબંધ પામેલા." એમ કહી બંને આંબાને પ્રદક્ષિણા કરી, ત્યાં સભા કરી સ્વામીશ્રી બિરાજ્યા. સભામાં વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : "આ બંને આંબાને શ્રીજીમહારાજનો સંબંધ થયો તેથી દિવ્ય ગતિ પામીને અક્ષરધામના અધિકારી બન્યા." તે સાંભળી એક હરિભક્તે પૂછ્યું : "સ્વામી ! આ બંને આંબાએ એવાં કયા સત્કર્મ કર્યાં હશે જેથી તેમને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણનો સંબંધ થયો ?" સ્વામીશ્રી તે સાંભળી મંદ મંદ હસ્યા.

પછી બોલ્યા : "આ બંને આંબા પૂર્વ જન્મમાં તૈલંગ દેશના રાજા હતા. તે બંને ભાઈઓ હતા. બંને સારા ધર્મિષ્ઠ અને આસ્તિક હતા. તેથી પોતાના મોક્ષ માટે સંન્યાસીઓ સાથે બાર વર્ષ રહી, કેવળ ફળાહાર કરી તીર્થાટન કર્યું. કેવળ મોક્ષ માટે જ તેમને તપ કરતા જોઈ, તેમની સાથેના સંન્યાસીઓ રાજી થયા. તેમણે તેમને કહ્યું : "તમે મોક્ષ માટે તપ કરો છો તેથી અમો તમારા ઉપર પ્રસન્ન થયા છીએ માટે કાંઈક વર માગો."

તેથી તે બંને ભાઈઓએ હાથ જોડી નમ્રતાપૂર્વક કહ્યું : "તમો અમારા ઉપર પ્રસન્ન થયા હો તો ભગવાન અમને મળે એવો વર આપો. કારણ પ્રગટ ભગવાનના સંબંધ વિના મોક્ષ થતો જ નથી એવું તમારી સાથે રહીને અમોએ જાણ્યું છે."

તેમનો ભક્તિભાવ અને તપ જોઈને તેમાંના એક સંન્યાસીએ તેમને કહ્યું : "આ જન્મમાં તો તમારે હજુ તપ જ કરવાનું છે. પરંતુ આવતે જન્મે તમો બંને ચરોતરમાં આંબાનાં વૃક્ષો થશો અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન તમારી ડાળે હિંડોળો બાંધી ઝૂલશે. ભગવાનના સંબંધથી તમારો તે છેલ્લો જન્મ થશે અને મોક્ષ થશે." ઝાડના સ્વરૂપમાં પણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનો સંબંધ થશે અને મોક્ષ થશે તે જાણી તે બંને ભાઈઓ રાજી થયા અને સંન્યાસીઓને નમસ્કાર કરી, તીર્થાટન કરીને પોતાને દેશ પધાર્યા.

સ્વામીશ્રીની વાત સાંભળી એક હરિભક્તે કહ્યું : "શ્રીકૃષ્ણે જેમ યમલાર્જુનનો મોક્ષ કર્યો, તેમ મહારાજના સંબંધથી આ બંને આંબાનાં વૃક્ષોનો મોક્ષ થયો."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : "યમલાર્જુન તો કુબેરના નળકુબેર અને મણિગ્રીવ બે પુત્રો હતા. તેઓ તો ભોગી હતા અને

વિષયભોગની લાલસાથી નારદજી જેવા સંતની પણ મર્યાદા તેમણે ન રાખી. એટલે નારદજીએ તેમને શાપ આપ્યો. પરંતુ પાછળથી કરુણા કરી કહ્યું : "તમો બંને ગોકુળમાં વૃક્ષ થશો અને શ્રીકૃષ્ણના સંબંધથી તમારો મોક્ષ થશે." જ્યારે આ બંને તો રાજા હોવા છતાં તપસ્વી હતા અને મોક્ષ માટે જ ભક્તિમય જીવન જીવતા હતા. તેથી મહારાજના સંબંધથી તેમનું તો આત્યંતિક કલ્યાણ થયું." સ્વામીશ્રીની આ વાત સાંભળી મોક્ષ અને આત્યંતિક[૮૩] કલ્યાણનો અર્થ સૌને સમજાયો.

જોબન પગીની મેડીએ

આટલી વાત કરીને સ્વામીશ્રીએ મહારાજના સંબંધવાળા મહાપ્રસાદીભૂત બનેલા તે બંને આંબાની પ્રદક્ષિણા કરી. એટલામાં તો ત્યાં સૌને બંને આંબા વચ્ચે મહારાજ ઝૂલતા હોય તેવાં સાક્ષાત્ દર્શન થયાં. પછી સ્વામીશ્રી ત્યાંથી સૌ સંતો હરિજનો સાથે ગામમાં પધાર્યા. રસ્તામાં જોબન પગીની મેડી આવી એટલે ત્યાં દર્શન કરવા પધાર્યા. સ્વામીશ્રી ત્યાં વિરાજ્યા એટલે સૌ સંતો-હરિભક્તોની ત્યાં સભા થઈ ગઈ. તે વખતે સભામાં જોબન પગીના દીકરા જગમાલ પગી હતા તે બોલ્યા : "સ્વામી ! આ મેડી તો અક્ષરધામ જેવી બની ગઈ છે."

તેનું આવું ડહાપણભરેલું વચન સાંભળી સ્વામીશ્રી રાજી થયા અને કહ્યું : "આ છોકરાને સારું જ્ઞાન છે. કારણ અહીં મહારાજ ઘણી વાર ઊતર્યા છે અને આ મેડીમાં જ રહેતા, પોઢતા, બેસતા, જમતા. તેથી આ મેડી તો સાક્ષાત્ અક્ષરધામ તુલ્ય જ કહેવાય." સ્વામીશ્રી એટલું બોલ્યા ત્યાં તો ત્યાં બેઠેલા સર્વ સભાજનોને સમાધિ થઈ ગઈ. સમાધિમાં સૌને મહારાજ, અનંત અક્ષરમુક્તો અને અક્ષરધામ દેખાયાં.

સમાધિમાંથી સૌ જાગ્રત થયા. ત્યારે સભામાં બેઠેલા અને સૌની સાથે સમાધિસ્થ અવસ્થા પ્રાપ્ત કરેલા, મોડા ગામના હરિભક્ત જલા રાવળે સૌને

---

૮૩. મોહનો ક્ષય થાય એ જ મોક્ષ. તેમાં આત્મસ્વરૂપનું જ્ઞાન થાય. પરંતુ શુદ્ધ ચૈતન્ય બ્રહ્મના સંબંધે બ્રહ્મરૂપ થઈ પુરુષોત્તમનારાયણની સેવામાં રહેવું તે આત્યંતિક કલ્યાણ અથવા મુક્તિ.

तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥

સંબોધીને કહ્યું : "ભાઈઓ ! સાંભળો, સમાધિમાં જે અક્ષરધામ આપણે સૌએ જોયું, તે તો આ મૂર્તિમાન ગુણાતીતાનંદ સ્વામી જ છે." તેમની આ વાત સાંભળી સૌને ખૂબ આનંદ થયો અને સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે તેવી, તેમના પ્રૌઢ પ્રતાપથી સૌને પ્રતીતિ થઈ. પછી શ્રીજીમહારાજની જય બોલાવી સૌ ઊઠ્યા અને સ્વામીશ્રી તથા સંતો મંદિરે પધાર્યા.

સ્વામીશ્રી વરતાલ સમૈયો કરી ત્યાંથી નીકળ્યા. રસ્તામાં અમદાવાદ રોકાયા. અમદાવાદમાં મંગળા આરતી પછીની સભામાં સદ્‌ગુરુ બ્રહ્મચારી વાસુદેવાનંદજીએ સ્વામીશ્રીને પૂછ્યું, "સ્વામી ! કેવા સાધનથી આ જીવ અક્ષરધામને પામે ?"

બ્રહ્મસ્વરૂપ વાસુદેવાનંદનો ભક્તિભાવ જોઈ સ્વામીશ્રીએ પોતાના સ્વરૂપનું અત્યંત સ્પષ્ટ જ્ઞાન સૌને થાય અને આત્યંતિક કલ્યાણનો માર્ગ સૌને હાથ આવે તે હેતુથી કહ્યું : "બ્રહ્મચારી મહારાજ ! ભાવે કરીને જેણે અમારાં દર્શન કર્યાં છે તે તો વગર સાધને અક્ષરધામને પામી ગયા છે અને હજુ પણ ઘણા પામશે."

સ્વામીશ્રીનો આ સ્પષ્ટ ઉત્તર સાંભળી બ્રહ્મચારી મહારાજ અને સમગ્ર સભાને અત્યંત આનંદ થયો. બ્રહ્મચારી મહારાજે તો સ્વામીશ્રીનો મહારાજ પ્રત્યેનો ભક્તિભાવ, મહારાજ સાથેનો એકાત્મભાવ નિહાળ્યો હતો. એટલે સ્વામીશ્રી એ મહારાજનું અંગ છે, છાયા છે, શરીર છે એમ તેમને નિશ્ચય હતો જ. પરંતુ આજે સ્વામીશ્રીએ જે વાત કરી તેથી તેમને પ્રતીતિ થઈ કે સાચે જ સ્વામીશ્રી એ મહારાજને રહેવાનું અક્ષરધામ સ્વયં છે.

ગઢડાવાળા ઠક્કર નારણ પ્રધાને પણ સ્વામીશ્રીને આ પ્રશ્ન પૂછ્યો હતો ત્યારે સ્વામીશ્રીએ ઉત્તર કર્યો હતો કે "આત્યંતિક જ્ઞાન થાય તો વિષય ટળી જાય. તે આત્યંતિક જ્ઞાન તો આ સાધુને ઓળખ્યા તે જ છે."[૮૪]

✧ ✧ ✧

આખાના સવજી મહેતા સત્સંગી થાય છે

સાચા સત્પુરુષની દૃષ્ટિ જે જીવ ઉપર પડે છે તે જીવના ગમે તેવા મલિન સંસ્કારો હોય તો પણ તે શુદ્ધ થઈ જાય છે અને તેની મનોવૃત્તિ

૮૪. સ્વામીની વાતુ, પ્ર. ૫/૭.

બદલાઈ જાય છે. સ્વામીશ્રીએ કેવળ દૃષ્ટિ કરીને આવા કંઈક જીવોને આધ્યાત્મિક સ્થિતિની ટોચ ઉપર મૂકી દીધા હતા. સ્વામીશ્રી આખા ગામે પધાર્યા હતા. ગામમાં પધરામણીએ નીકળતાં સ્વામીશ્રીની દૃષ્ટિ બજારમાં બેઠેલા ઉનેવાલ બ્રાહ્મણ સવજી મહેતા ઉપર પડી. સ્વામીશ્રીની આ કૃપાદૃષ્ટિથી તેનું અંતર શુદ્ધ થયું અને તેણે સ્વામીશ્રીને બે હાથ જોડી નમસ્કાર કર્યા. સ્વામીશ્રી તેના સામું જોઈ હસ્યા અને કહ્યું : "મે'તા ! મંદિરે વાતો સાંભળવા આવજો."

એટલે તે હાથ જોડી બોલ્યા : "બહુ સારું, મહારાજ ! જરૂર આવીશ."

રાત્રે સવજી મહેતા મંદિરે આવ્યા. સ્વામીશ્રી પાસે આવીને માથું નમાવી પગે લાગવા જાય છે ત્યાં તેમની પાઘડીમાંથી સૂંઘવાની તમાકુની ડાબલી નીચે પડી ગઈ. સ્વામીશ્રીએ ઊભા થઈને તે ડાબલી લીધી અને મે'તાને આપી. મહેતા તો ડઘાઈ જ ગયા. હાથ જોડી બોલી ઊઠ્યા : "અરે મહારાજ ! આપે તસદી લીધી." એમ કહીને લખણ ઝળકાવનારી ડાબલીનો તેમણે ઘા કરી દીધો. તે જ ક્ષણથી તેમણે તમાકુનું બંધાણ છોડી દીધું અને તે બળ કાયમ ટકે એટલા માટે સ્વામીશ્રી પાસે નિયમ લીધું. પછી સ્વામીશ્રીની વાતો સાંભળવા બેઠા તે બે કલાક થઈ ગયા તેની પણ તેમને ખબર રહી નહિ.

પંચવિષયના ખંડનની, મનુષ્યદેહની દુર્લભતાની અને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની સ્વામીશ્રીની અતિ અદ્‌ભુત વાતો સાંભળી સવજી મહેતાએ હાથ જોડી સ્વામીશ્રીને કહ્યું : "મહારાજ ! અહીં તમારા સ્વામિનારાયણ ભગવાન આવતા ત્યારે અમે લૂગડું માથે ઓઢી લેતા અને તેમના સામું ન જોતા. આજે સમજાય છે કે એ વખતે એ સ્વરૂપનાં દર્શન થાય એવા અમારા સંસ્કાર ન હતા. આજે આપે કૃપાદૃષ્ટિ કરી ત્યારે અહીં અવાયું. આવા કળિયુગમાં ભગવાનનો અવતાર થયો અને અમે તેમને ન ઓળખી શક્યા એ અમારું કેટલું દુર્ભાગ્ય કહેવાય ! માટે હવે આજ તો આપ મને વર્તમાન ધરાવો અને સત્સંગી કરો. જેથી પ્રગટ ભગવાનનો આશરો કરી ભવસાગર તરી જઈએ."

સવજી મહેતાની આવી મુમુક્ષુતા જોઈ સ્વામીશ્રી તેમના ઉપર પ્રસન્ન

થયા અને તેમને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા.

ત્યાર પછી કેટલાક દિવસો બાદ સ્વામીશ્રી આખા ગામે ફરી પધાર્યા. રાત્રે હરિભક્તોની સભામાં શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોની ઘણી વાતો સ્વામીશ્રીએ કરી.

બીજે દિવસે સાંજે ઓઝત નદીને ધોબીઆરે જ્યાં શ્રીજીમહારાજ ઘણી વાર નાહ્યા હતા ત્યાં સ્વામીશ્રી નાહવા પધારતા હતા. માર્ગમાં ઓઝતિયો વોંકળો આવે છે તે ઊતરીને સ્વામીશ્રી થોડું ચાલ્યા, ત્યાં સામે ઉનેવાળ બ્રાહ્મણોની ભેંશોનું ખાડું સામું મળ્યું. તેમાં સારી ભેંશો જોઈ સાધુ વિષ્ણુપ્રિયદાસજીએ કહ્યું : "સ્વામી ! આ ભેંશો બહુ સારી છે. આવી એક ભેંશ જો મંદિરમાં હોય તો ઠાકોરજીને દૂધ ધરાવાય."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "આમાંની એક ભેંશ આપણને આપેલી છે." એમ કહી એક ખડાઈ ભેંશ હતી તે ઉપર હાથ મૂકીને સ્વામીશ્રીએ કહ્યું : "આ ભેંશ રાધારમણદેવને દૂધ પીવા માટે અર્પણ કરી છે."

આ વાત ભેંશોની સાથે ચાલતા વિપ્ર સુંદરજી મહેતાએ સાંભળી. ગામમાં આવી તેણે તે ભેંશના માલિક સવજી મહેતાને પૂછ્યું : "તમે તમારી ખડાઈ ભેંશ મંદિરમાં ભેટ આપી છે ?"

ત્યારે તેણે કહ્યું : "હા, એ જ્યારે નાની હતી ત્યારે એને શીળી નીકળ્યા હતા, ત્યારે મેં સંકલ્પ કર્યો હતો કે ભેંશ જો સાજી થાય તો જૂનાગઢ મંદિરમાં અર્પણ કરી દેવી. પણ આ વાત મેં કોઈને કહી નથી. તમને આ કોણે કહ્યું ?"

એટલે જીવા મહેતાએ કહ્યું : "આજે હમણાં સ્વામી ઓઝતે નાહવા જતા હતા તે વખતે ભેંશો જોઈને તારી ખડાઈ ઉપર હાથ મૂકીને બોલ્યા હતા કે રાધારમણદેવને આ ભેંશ અર્પણ કરી છે." સવજી મહેતાને આ સાંભળી આશ્ચર્ય થયું.

સ્વામીશ્રી પ્રસાદીને આરે નાહીને ધ્યાન કરીને મંદિરે પધાર્યા ત્યારે સવજી મહેતા દર્શને આવ્યા. તેમણે પૂછ્યું : "સ્વામી ! મેં ભેંશ આપવાની વાત તો આપને કરી નથી તો આપે તે કેમ જાણ્યું ?"

ત્યારે સ્વામીશ્રી હસ્યા અને કહ્યું : "મે'તા ! એ તો તમે જ્યારથી સંકલ્પ કર્યો હતો ત્યારથી અમે જાણતા હતા. વળી, સંકલ્પ કર્યા પહેલાં

પણ જાણીએ છીએ કે આમ થવાનું છે, પણ કોઈને કહેતા નથી.'' સવજી મહેતાને આ સાંભળી બહુ જ આશ્ચર્ય થયું. સ્વામીશ્રીનો મહિમા આ પ્રસંગથી તેને વિશેષ સમજાયો.

✧ ✧ ✧

આખાના જીવા મહેતાને સંતતિ માટે ગોપાળાનંદ સ્વામીનો આશીર્વાદ

સંવત ૧૮૯૫માં સ્વામીશ્રી તથા ગોપાળાનંદ સ્વામી આખા ગામે પધાર્યા. આ પ્રસંગે ગામના હરિભક્તોને કથા-વાર્તા કરી શ્રીજીમહારાજની સર્વોપરી દૃઢ નિષ્ઠા સૌને કરાવી દીધી. સત્સંગસેવાપરાયણ ઉનેવાળ બ્રાહ્મણ હરિભક્ત જીવા મહેતાએ આ પ્રસંગે આ બંને સદ્‌ગુરુઓ તથા સંતમંડળની ખૂબ સેવા કરી. ગામના હરિભક્તોને પણ તેમના પ્રત્યે ખૂબ જ સદ્‌ભાવ હતો. તેથી તેમણે સૌએ મળીને સ્વામીશ્રીને વિનંતી કરી કે આ જીવા મહેતાને વ્યવહારમાંથી નિવૃત્ત કરનાર સંતતિ પ્રાપ્ત થાય તો તેઓ સત્સંગની સેવા અધિક અને અધિક કરી શકે.

તેમની આ વિનંતિ સાંભળી સ્વામીશ્રીએ રાજી થઈને આશીર્વાદ આપતાં કહ્યું : ''તેમને બે પુત્ર અને બે પુત્રીઓ થશે. તેમાં એક પુત્ર અમારો છે.'' સ્વામીશ્રીનાં આ આશીર્વચન સાંભળી સૌ હરિભક્તો રાજી થયા. જીવા મહેતાને પણ આનંદ થયો કે વ્યવહારનો ભાર કોઈ માથે લે તો મન મૂકીને સ્વામીશ્રીની અને સત્સંગની સેવા કરી શકાય. સ્વામીશ્રી ત્યાં થોડા દિવસ રહી ત્યાંથી જૂનાગઢ પધાર્યા.

✧ ✧ ✧

અક્ષરધામને ગ્રહણ નડશે નહિ

સંવત ૧૮૯૬ના માગશર માસમાં સ્વામીશ્રી વડોદરા પધાર્યા હતા. તે વખતે ગોપાળાનંદ સ્વામી પણ ત્યાં હતા. સ્વામીશ્રી પધાર્યા તેથી શોભારામ શાસ્ત્રી મંદિરે આવ્યા અને ગોપાળાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! આવતી કાલે મારે ત્યાં સૌ સંતોને જમવાનું આમંત્રણ આપવા આવ્યો છું.''

તે સાંભળી ગોપાળાનંદ સ્વામીએ હસીને તેમને કહ્યું : ''શાસ્ત્રી !

તમે શાસ્ત્રી થઈને કેમ ભૂલી ગયા કે આવતી કાલે તો પૂનમનું ગ્રહણ છે ?''

શોભારામ શાસ્ત્રી આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમને આ ખ્યાલ રહ્યો ન હતો. પરંતુ પછી તેમણે સહેજ રમૂજ કરતાં કહ્યું : ''સ્વામી ! શું અક્ષરધામમાં પણ તમને ગ્રહણ નડશે ખરું ?''

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''શાસ્ત્રી ! જુઓ, આ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ અહીં પધાર્યા છે. તેમને ગ્રહણ નડતું નથી. માટે તેઓ કહે તો અમો જમવા આવીએ.'' ગોપાળાનંદ સ્વામીની વાત સાંભળી સ્વામીશ્રીએ શાસ્ત્રીને કહ્યું : ''શાસ્ત્રીજી ! અક્ષરધામમાં તો ગ્રહણ હોય જ નહિ. આ બધું અહીં જ છે. તેમ છતાં તમારે જો જમાડવાનો આગ્રહ હોય તો અહીં પણ અક્ષરધામને ગ્રહણ નડશે નહિ. ગ્રહણ પોષ મહિનાની પૂનમે થશે.''

શાસ્ત્રી તો સ્વામીશ્રીના આ દિવ્યભાવના શબ્દો સાંભળી અત્યંત રાજી થઈ ગયા. સ્વામીશ્રી આવતી કાલનું ગ્રહણ કઈ રીતે ફેરવે છે તે જોવા તેમણે સૌ સંતોને બીજે દિવસે પોતાને ઘેર જમવા પધારવાનું આગ્રહભર્યું આમંત્રણ આપ્યું. પછી પોતે ઘેર ગયા.

બીજે દિવસે સ્વામીશ્રી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને સૌ સંતો શોભારામ શાસ્ત્રીને ત્યાં જમવા પધાર્યા. ગ્રહણ ન થયું. સૌને અતિ આશ્ચર્ય થયું. બરાબર એક મહિના પછી પોષ સુદ પૂનમના દિવસે ગ્રહણ થયું. ગ્રહો, તારા, સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રો ઉપરની સ્વામીશ્રીની નિયામક શક્તિ જોઈ સાચે જ સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એમ સૌ માનવા લાગ્યા.

સ્વામીશ્રીને ઉદરનો રોગ - રઘુવીરજી મહારાજની ચિંતા

આ વર્ષના ચૈત્રી પૂનમના સમૈયા પર સ્વામીશ્રી વરતાલ પધાર્યા. શ્રીજીમહારાજ ધામમાં પધાર્યા પછી સ્વામીશ્રીએ દૂધ, ઘી વગેરેનો ત્યાગ કર્યો હતો. દૂધ, ઘી વિનાના શુષ્ક ખોરાકથી અને દેહ પ્રત્યેની બેદરકારીથી સ્વામીશ્રીને ઉદરનો રોગ થયો હતો. સ્વામીશ્રી એ રોગ પ્રત્યે પણ એટલા જ બેદરકાર હતા. સ્વામીશ્રીનું ક્ષીણ થયેલું શરીર જોઈ ઘણાને એમ લાગતું કે કદાચ સ્વામીશ્રી હવે વધુ સમય દેહ નહિ રાખે. સ્વામીએ દેહ પ્રત્યે ઉદાસીનતા કેળવી હતી.

સમૈયા પછી એક દિવસે મહારાજે સ્વામીશ્રીને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. સ્વામીશ્રીનું શરીર જોઈ મહારાજે તેમને કહ્યું : "સ્વામી ! તમો ઉદાસ થશો નહિ. હજુ તમને આ લોકમાં વધુ રાખવા છે. આપણે ધામમાંથી જે વાત ધારીને આવ્યા છીએ તે વાત ખૂબ પ્રવર્તાવવી છે." એટલું કહી મહારાજ સ્વામીશ્રીને મળ્યા અને પછી તરત જ અંતર્ધાન થઈ ગયા.

સ્વામીશ્રીની દેહ પ્રત્યેની ઉદાસીનતા છાની રહી ન હતી. આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને પણ સ્વામીશ્રીને થયેલા ઉદરના રોગથી ચિંતા થવા લાગી કે કદાચ સ્વામીશ્રી પણ વિશેષ દેહ ન રાખે. આથી બીજે દિવસે નિયમ પ્રમાણે સવારે ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી આચાર્ય મહારાજનાં દર્શન કરવા પધાર્યા, ત્યારે આચાર્ય મહારાજે પાસે બેઠેલા સ્વામી રામદાસજીને કહ્યું : "સ્વામી ! આ ગુણાતીતાનંદ સ્વામીને ઉદરનો રોગ થયો છે તો તમો કંઈ દવા કરો."

રામદાસજી પૂર્વાશ્રમમાં રવજી સુથાર હતા. રામાનંદ સ્વામીના તેઓ શિષ્ય હતા. રામાનંદ સ્વામીની ઈચ્છાથી તેઓ વૈદું શીખ્યા હતા. રામાનંદ સ્વામી એવા વિચારના હતા કે બહારના વૈદ્ય પાસેથી દવા લેવા કરતાં સંપ્રદાયમાંથી જ જો કોઈને સારા વૈદ્ય બનાવ્યા હોય તો સંપ્રદાયના નિયમ મુજબ દવા લઈ શકાય. તેથી રવજી સુથારને તેમણે વૈદું શીખવાની આજ્ઞા કરી હતી. પાછળથી તેમને શ્રીજીમહારાજે દીક્ષા આપી સ્વામી રામદાસજી નામ રાખ્યું હતું.

રામદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : "તમો એક માસ મારી પાસે બરવાળા રહો. તમારે મને વાતો કરવી અને મારે તમારી દવા કરવી."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "હું એક માસ બરવાળા રહું તો આખો સોરઠ દેશ બરવાળા મારો સમાગમ કરવા આવે તે પોસાય નહિ. માટે તમો મને દવા આપો અને હું જૂનાગઢ જઈને દવા લઈશ."

રામદાસ સ્વામીને આ વાત વાજબી લાગી. વળી, તેમને પણ બરવાળાનું જ પાણી માફક આવતું હતું તેથી બરવાળા છોડી બીજે જવાની તેમની ઈચ્છા ન હતી. તેથી સ્વામીશ્રીને તેમણે બાજરાના દાણા જેવડી ત્રીસ ગોળી આપી અને કહ્યું : "એક ગોળી નિત્ય લેવી. એક ગોળીથી નિત્ય અઢાર વખત રેચ થશે. ફક્ત ખીચડી જમજો."

સ્વામીશ્રીએ દવા લીધી. સ્વામીશ્રી વરતાલથી નીકળ્યા અને ગામેગામ ફરીને મહારાજના અદ્‌ભુત મહિમાની વાતો કરી, બરાબર એક મહિનો થયો ત્યારે જૂનાગઢ પહોંચ્યા. વરતાલથી નીકળ્યા પછી તરત જ દવા લેવાની શરૂઆત કરી હતી. જૂનાગઢ પહોંચ્યા ત્યારે એક ગોળી રહી હતી અને રોગ પણ સંપૂર્ણ મટી ગયો હતો.

આ પ્રમાણે શ્રીજીમહારાજના સંકલ્પથી આ લોકમાં વિચરણ કરી, એકાંતિક ધર્મ અને મહારાજના પુરુષોત્તમ સ્વરૂપની શુદ્ધ ઉપાસનાની વાતો કરી, એકાંતિક ધર્મની વિશેષ પુષ્ટિ કરી, મુમુક્ષુ માટે આત્યંતિક કલ્યાણનો માર્ગ સદાને માટે ખુલ્લો કરી દીધો.

જૂનાગઢમાં રામપ્રતાપભાઈને રણછોડરાયનાં દર્શન

સ્વામી વરતાલ ચૈત્રી પૂનમનો સમૈયો કરી જૂનાગઢ પધાર્યા. ત્યારબાદ શ્રીહરિના મોટાભાઈ રામપ્રતાપભાઈ દ્વારિકાની જાત્રા કરવા જૂનાગઢ આવ્યા. તેમણે અગાઉ મહારાજ છતાં બે વખત તો દ્વારિકાની જાત્રા કરી હતી છતાં તે તીર્થનો અતિ મહિમા જીવમાં હોવાથી ત્રીજી વખત જાત્રા કરવા ફરીથી આવ્યા.

સ્વામી તેમને જોઈ બહુ જ રાજી થયા. સારો ઉતારો આપ્યો અને સરભરા કરી. ત્રીજે દિવસે તેમણે સ્વામીને કહ્યું : "સ્વામી ! દ્વારિકામેં રણછોડરાય બિરાજતે હૈં, વાસ્તે દર્શન કરનેકો જાના હૈ."

સ્વામી તેમની ભોળપનાં આ વચન સાંભળી હસ્યા. પછી કહ્યું : "મોટાભાઈ ! તમારા જે ભાઈ છે તે જ મહાપ્રભુ છે. તેમણે રણછોડરાયને અહીં પધરાવ્યા છે. માટે ત્યાં શું કામ જવું પડે ?"

સ્વામીનાં આવાં પ્રેમભર્યાં વચન સાંભળી તે વખતે તો તેમણે કહ્યું : "ભલે." પરંતુ બીજે દિવસે ફરી ભેટ બાંધીને તૈયાર થયા અને સ્વામી પાસે આવ્યા. ત્યારે સ્વામીએ તેમને કહ્યું : "ભલે, તમારે દ્વારકા જવું હોય તો ખુશીથી જાઓ. પરંતુ શણગાર આરતી હમણાં થશે તે દર્શન કરીને જજો. અહીં રણછોડજીની મૂર્તિમાં તમારા ભાઈ હરિકૃષ્ણ અખંડ રહ્યા છે. માટે પ્રથમ તેમનાં દર્શન કરીને પછી દ્વારકા જજો. તમે જેમનાં દર્શન માટે દ્વારકા જાઓ છો તે તમને અહીં દર્શન દેશે."

એટલે રામપ્રતાપભાઈએ કહ્યું : "તબ તો બોત અચ્છા."

એટલામાં શણગાર આરતી થઈ. મોટાભાઈ સ્વામી સાથે દર્શન કરવા ગયા. રણછોડજીની મૂર્તિનાં બહુ જ ધારી ધારીને તેમણે દર્શન કર્યાં. ત્યાં તો તે મૂર્તિમાંથી ઘનશ્યામ મહારાજ પ્રગટ થયા અને મોટાભાઈને ભેટ્યા. પછી તેમણે કહ્યું : "મોટાભાઈ ! અમે તો અહીં રહ્યા છીએ અને તમે ત્યાં ક્યાં જાઓ છો ?"

પરંતુ રામપ્રતાપભાઈ તો સ્થિર દૃષ્ટિએ દર્શન કરતા જ રહ્યા. તેમનાં નેત્રમાંથી આંસુની ધારા ચાલી. ગદ્‌ગદ કંઠે મહારાજની સ્તુતિ કરવા લાગ્યા.

સ્વામી આ બધું હસતાં હસતાં જોઈ રહ્યા હતા. પછી મહારાજ અદૃશ્ય થઈ ગયા ત્યારે રામપ્રતાપભાઈ ભાનમાં આવ્યા. તેમણે સ્વામી તરફ જોઈને કહ્યું : "સ્વામી ! હમકું દર્શન હો ગયા. ઘનશ્યામ ભેટ્યા. માટે દ્વારિકાકી યાત્રા અહીં માનકે હમ તો યહાં રહેંગે." એમ કહી આનંદમાં આવી જઈ ભેટ છોડી નાખી.

પછી સ્વામીએ તેમને ધીરે રહીને સમજાવ્યું, "મોટાભાઈ ! આપણે તો બધું અહીં જ છે. માટે બીજે ફાંફા મારવા જવાની જરૂર નથી. સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન આપણને મળ્યા તે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ મળ્યા છે. બીજા જે અવતારાદિક છે તે તો તેમની આજ્ઞામાં રહ્યા છે અને તેમનું આપેલું ઐશ્વર્ય ભોગવે છે." ઘનશ્યામ મહારાજના મહિમાની આ વાત સાંભળી રામપ્રતાપભાઈ અત્યંત રાજી થયા.

પછી તેમણે કહ્યું : "સ્વામી ! ઘનશ્યામકા મહિમા હમ આવા નો'તા સમજતા. તમે આજ બહુ દયા કરી મહિમા સમજાવ્યો." એમ કહી રંગમાં આવી ગયા.

તે વખતે ઘુંમટમાં ધ્રાબો દેવાતો હતો. સંતો કીર્તનો ગાતાં ગાતાં ધ્રાબો દેતા હતા. રામપ્રતાપભાઈ પણ ઢોલકી લઈને કીર્તનો ગાવા માંડ્યા અને નાચવા લાગ્યા. સ્વામીએ જાણ્યું કે મોટાભાઈનું હૈયું હવે હેઠું બેઠું છે અને ઘનશ્યામનો મહિમા સમજાયો છે. હવે કસર ગઈ છે માટે ધામમાં જશે.

ત્રણ વર્ષ બાદ સંવત ૧૮૯૯ના આસો વદિ દશમને દિવસે રામપ્રતાપભાઈ ધામમાં પધાર્યા.

મહારાજ નિરંતર અમારી પાસે જ છે

સ્વામીશ્રી બાબરિયાવાડમાં ફરતાં ફરતાં એક સમયે દાડમા ગામે પધાર્યા. અહીં નથુ ભટ્ટને ઘેર સ્વામીશ્રી ઊતર્યા. એક દિવસ સ્વામીશ્રી પૂજા કરી ધ્યાનમગ્ન બની ગયા. ઘણો સમય આ પ્રમાણે ધ્યાનસ્થ અવસ્થામાં બેસી રહ્યા તેથી નથુ ભટ્ટને બહુ જ આશ્ચર્ય થયું. સ્વામીશ્રી જાગ્યા ત્યારે નથુ ભટ્ટે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! આમ એકાગ્ર બની મહારાજને સંભારતા હતા ?"

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : "શું અમારે બીજાની જેમ મહારાજને સંભારવા પડે છે ? અમને તો ત્રણેય અવસ્થામાં મહારાજ સાંભરે છે. એક નિમિષ પણ મહારાજ અમારાથી છેટા નથી. નિરંતર અમારી પાસે જ છે. અમારી વાંસે મહારાજ ફરે છે એવું પણ નથી. મહારાજ તો સદા અમારી સન્મુખ જ છે."

આ પ્રમાણે સ્વામીશ્રીએ નથુ ભટ્ટને કહ્યું. તે સાંભળી તેમને ખૂબ આશ્ચર્ય થયું. એટલું જ નહિ પરંતુ મહારાજ સાથે જેમને અખંડ સંબંધ છે તેવા સંત પોતાને આંગણે પધાર્યા તેથી અંતરમાં આનંદ પણ થયો.

✧ ✧ ✧

દત્તાત્રેયે બાવાજીને અક્ષરધામ ઓળખાવ્યું

એક બાવો ગિરનારની તળેટીમાં ઘણાં વર્ષોથી તપ કરતો હતો. તેના તપથી દત્તાત્રેય તેના ઉપર પ્રસન્ન થયા અને તેને પ્રત્યક્ષ દર્શન દીધાં. દત્તાત્રેયે તેને કહ્યું : "તેં ઘણાં વર્ષો સુધી તપ કર્યું છે તેથી હું તારા ઉપર પ્રસન્ન થયો છું. માટે તું વર માગ્ય !"

આ દર્શનથી બાવાજી ઘણા જ આનંદમાં આવી ગયા. આજે પોતાનું ઈચ્છિત મળશે તેવી આશાથી તેમણે હાથ જોડી દત્તાત્રેય ભગવાનને કહ્યું : "મહારાજ ! ગીતામાં કહ્યું છે કે 'यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः । यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं सङ्ग्रहेण प्रवक्ष्ये ॥[૮૫] જેને વેદવિદો અક્ષર કહે છે અને સંસારનો રાગ જેનો નાશ થયો છે એવા

૮૫. ગીતા, અધ્યાય ૮/૧૧.

યોગીઓ જ જેમાં પ્રવેશ કરી શકે છે. વળી, જેની પ્રાપ્તિ માટે આ લોકમાં અનેક મુમુક્ષુઓ બ્રહ્મચર્યવ્રત ધારણ કરે છે એવું અક્ષરનું અવિનાશી સુખ મને તમો આપો."

બાવાજીની આવી શુભ માગણીથી દત્તાત્રેય ભગવાન તેના ઉપર અતિ પ્રસન્ન થયા. સચ્ચિદાનંદમય એવું અક્ષરનું અવિચળ સુખ બાવાજીને જોઈએ છે. પરંતુ અક્ષરનાં સાક્ષાત્ દર્શન અને સંબંધ વિના એ સુખ તેને શી રીતે મળે ? તેના તપથી, મુમુક્ષુતાથી અતિ પ્રસન્ન થયેલા દત્તાત્રેય ભગવાને તેને કહ્યું : "તને જે અક્ષરનું સુખ જોઈએ છે, તે અક્ષર સ્વયં મૂર્તિમાન સ્વરૂપે આજે જૂનાગઢમાં બિરાજે છે. એમનાં દર્શન માટે તો હજારો મુમુક્ષુઓ દેશપરદેશથી અહીં આવે છે. માટે તું તેમનાં દર્શન કરી તેમની પાસેથી એવું સુખ પ્રાપ્ત કર." એટલું કહી દત્તાત્રેય અદૃશ્ય થઈ ગયા !

તે જ દિવસે સાંજે ચાર વાગે સ્વામીશ્રી, સ્વામી રામદાસજી[૮૬], સ્વામી વિષ્ણુવલ્લભદાસજી[૮૭], રામાનુજાનંદ સ્વામી, કેવળાત્માનંદ સ્વામી વગેરે દીપડા વાવે નાહવા ગયા. સ્વામીશ્રી બહિર્ભૂમિ જઈ આવી, નાહીને વાવને કાંઠે બેસીને ધ્યાન કરતા હતા. આ જ સમયે એક સિંહ આવીને સ્વામીશ્રીની સન્મુખ બેઠો અને સ્વામીશ્રી સન્મુખ સ્થિર નજરે જોઈ રહ્યો. આ વખતે સાથે આવેલા સાધુઓ વાવમાં નાહતા હતા. તેઓ નાહીને બહાર આવ્યા ત્યારે તેમણે સ્વામીશ્રી સન્મુખ સિંહ બેઠેલો જોયો. તે જોઈ તેઓ એકદમ બૂમ પાડી બોલી ઊઠ્યા : "સ્વામી ! ઊઠો, ઊઠો, સામે સિંહ બેઠો છે."

તેમની આ બૂમ સાંભળી સ્વામીશ્રી ધ્યાનમાંથી જાગ્રત થઈ ગયા. નેત્ર ઉઘાડી જોયું તો સામે સિંહ બેઠેલો જોયો. પરંતુ સ્વામીશ્રી ત્યાંથી ઊઠ્યા નહિ.

ફરી સાધુઓએ બૂમ પાડી, એટલે સ્વામીશ્રીએ કહ્યું : "તમે ફિકર કરો નહિ. એ સિંહ અમને કાંઈ નુકસાન નહિ કરે. એ તો અમારાં દર્શન કરવા આવ્યો છે."

સ્વામીશ્રીએ એટલું કહ્યું ત્યાં તો સિંહ એકદમ ઊઠ્યો અને સ્વામીશ્રી સન્મુખ બેત્રણ વાર લોટી, મસ્તક નમાવીને ગિરનાર તરફ ચાલ્યો ગયો.

૮૬ તથા ૮૭. જુઓ પરિશિષ્ટ : ૩/૧-૨, પૃષ્ઠ ૫૮૩ તથા ૫૮૬.

જતાં જતાં વારંવાર સ્વામીશ્રી સન્મુખ જોતો જતો હતો. તેની આંખોમાંથી આંસુઓ દડ દડ વહેતાં હતાં. થોડી વારમાં તો ગિરનારની ઝાડીમાં તે અદૃશ્ય થઈ ગયો !

સ્વામીશ્રી ત્યાંથી ઊઠ્યા એટલે સૌ સંતો સ્વામીશ્રી પાસે આવ્યા. રામદાસજીએ સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! એ કોણ હતો ? આપને વિષે તેને બહુ ભાવ હોય તેમ તેના હાવભાવથી જણાતું હતું."

તે સાંભળી સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "એ તો એક યોગભ્રષ્ટ જીવ હતો અને દત્તાત્રેયના કહેવાથી અમારાં દર્શને આવ્યો હતો."

વિષ્ણુવલ્લભદાસજીને આ સાંભળી આશ્ચર્ય થયું. એટલે તેમણે પૂછ્યું : "એ સિંહને આપનું એવું માહાત્મ્ય શી રીતે સમજાયું કે દત્તાત્રેયને છોડીને એ અહીં આપનાં દર્શને આવ્યો ?"

પછી સ્વામીશ્રીએ બધી હકીકત વિસ્તારથી કહેતાં કહ્યું : "જે ઉત્તમ મુમુક્ષુ હોય તે બીજે જોડાય જ નહિ. વળી, મહારાજ પણ તેમને બીજે જોડાવા દે નહિ. તેને અમારાં દર્શન થયાં, હવે તે દેહ મૂકીને સત્સંગમાં જન્મ ધરશે અને સત્પુરુષમાં દૃઢ પ્રીતિ કરીને અક્ષરધામમાં જશે."

આ સાંભળી સૌને આશ્ચર્ય થયું.

✧ ✧ ✧

ગોપાળાનંદ સ્વામી મહારાજની આજ્ઞા અનુસાર દર વર્ષે જૂનાગઢ પધારતા અને એક માસ રહેતા. કોઈ વર્ષે કદાચ ન આવી શકાયું હોય તો બીજે વર્ષે આવી બે માસ રહેતા. ગોપાળાનંદ સ્વામી જ્યારે પધારતા ત્યારે સ્વામીશ્રી તેમને મંદિરનો તમામ વ્યવહાર સોંપીને અખંડ વાતો કરતા. આ પ્રમાણે દર વર્ષે ગોપાળાનંદ સ્વામી તથા અન્ય સંતો અને હરિભક્તો ચાતુર્માસમાં જૂનાગઢ આવતા. ગોપાળાનંદ સ્વામી મંદિરનો તમામ વહીવટ પોતે કરતા અને અવકાશના સમયે સ્થાનિક સંત મનોહરદાસજીના ઓરડામાં બેસી ધ્યાન કરતા.

વળી, સોરઠના હરિભક્તો મયારામ ભટ્ટ, વાણિયાની વંથળીના શ્રીમાળી બ્રાહ્મણ બેચર ભટ્ટ, વંથળીના કલ્યાણભાઈ, માંગરોળ બંદરના મૂળચંદભાઈ, માણેકચંદ શેઠ, પર્વતભાઈના દીકરા મેઘાભાઈ, ગોવિંદરામ ભટ્ટ, ઉપલેટાના લાલાભાઈ તથા અરજણભાઈ, અરજણ બાબરિયો,

ભાયાવદરના ભોજાભાઈ, ઊનાના ગણેશજી શેઠ અને તેમના ભત્રીજા કલ્યાણજી શેઠ, વલ્લભજી શેઠ, જેઠા શેઠ વગેરે હરિભક્તો તો અવારનવાર જૂનાગઢ આવી સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમનો લાભ લેતા.

આ વર્ષે ચાતુર્માસમાં જૂનાગઢમાં સ્વામીશ્રીનો સમાગમ કરવા આવવાના નિયમ અનુસાર મૂળી મંદિરના મહંત તદ્રૂપાનંદ સ્વામી જૂનાગઢ આવ્યા હતા. સ્વામીશ્રીને અને તદ્રૂપાનંદ સ્વામીને અત્યંત હેત હતું. તદ્રૂપાનંદ સ્વામીએ એક દિવસ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આપની પાસે ઘણા લહિયા શિષ્યો છે તેથી અમારા મૂળીના મંદિર સારુ ભક્તચિંતામણિની એક પ્રત લખાવી આપો."

તેમની આ માગણી સાંભળી સ્વામીશ્રીએ તેમને તરત કહ્યું : "આ અમારી પ્રત છે તે તમો લઈ જાવ. અમો બીજી લખાવી લઈશું. પરંતુ બદલામાં તમે અમને શું આપશો."

સ્વામીશ્રીની આ માગણી સાંભળી તદ્રૂપાનંદ સ્વામી મૂંઝાયા. તેમણે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! આપ તો અતિ સમર્થ છો તે આપી શકો. હું આપને શું આપી શકું ?"

એટલે સ્વામીશ્રીએ હસીને કહ્યું : "તમે પણ આપી શકો તેમ છો. અમને બ્રહ્માનંદ કાવ્યની એક પ્રત મોકલાવી આપજો."

આ સાંભળી તદ્રૂપાનંદ સ્વામી રાજી થયા. તેમણે તરત જ કહ્યું : "ભલે સ્વામી ! મૂળી જઈને તરત જ મોકલી આપીશ."

આમ, સ્વામીશ્રીની સેવા કરવાનો તેમને અવસર મળ્યો તેથી તેઓ બહુ રાજી થયા.

ઠાકોરજીના ખડ માટે સ્વામીશ્રીએ વરસાદ અટકાવ્યો

એક દિવસ સ્વામીશ્રીએ પાળાઓને બોલાવીને કહ્યું : "જુઓ, ઠાકોરજીના બળદ માટે ઘાસ થઈ રહ્યું છે. માટે ડુંગરામાં જઈને લીલું ઘાસ કાપી લાવો."

આ વખતે યોગેશ્વરદાસ સ્વામી પાર્ષદ તરીકે હતા. તેઓ પણ ઘાસ કાપવા જવા તૈયાર થયા. અગાઉ જ્યારે જ્યારે સ્વામીશ્રી પાર્ષદોને ઘાસ કાપવા મોકલતા ત્યારે યોગેશ્વરદાસ સ્વામી પણ સૌની સાથે ઘાસ કાપવા

જતા. પાર્ષદો બધા તૈયાર થઈને જવા નીકળ્યા. તેમને જતા જોઈ ગોપાળાનંદ સ્વામીએ તેમને પૂછ્યું : "તમે બધા ક્યાં જાઓ છો ?"

એટલે તેમણે કહ્યું : "અમે ડુંગરામાં ઘાસ કાપવા જઈએ છીએ."

તે સાંભળી ગોપાળાનંદ સ્વામીએ આકાશ સામી દૃષ્ટિ કરી, પછી કંઈક વિચારીને કહ્યું : "જુઓ, ભેંસલા ડુંગર ઉપર વાદળ બેઠાં છે. માટે આજે ઘાસ કાપવા જશો નહિ. વરસાદ બહુ થશે અને તમે બધા પલળી જશો."

ગોપાળાનંદ સ્વામીનું આ આજ્ઞા વચન સાંભળીને બધા પાર્ષદો દાતરડાં મૂકીને પોતપોતાને આસને જવા લાગ્યા. તેટલામાં ફરતાં ફરતાં સ્વામીશ્રી ત્યાં આવ્યા. તેમણે પાર્ષદોને બેઠેલા જોઈ પૂછ્યું : "કેમ ખડ લેવા ગયા નથી ?"

ત્યારે તેમણે કહ્યું : "ગોપાળાનંદ સ્વામીએ અમને હમણાં જ ના પાડી અને કહ્યું કે ભેંસલા ડુંગર ઉપર વાદળ બેઠાં છે તે વરસાદ ઘણો થશે. માટે આજે ન જશો."

સ્વામીશ્રી તેમનું આ વચન સાંભળી હસ્યા. પછી મસ્તક ધુણાવતાં બોલ્યા : "તમને ખબર નથી કે આપણા ભગવાન બહુ જ લાડકા છે. તેમને રોજ ગાયનું દૂધ પીવા જોઈએ છે. આપણે ગાયોને લીલું ઘાસ ખવરાવીએ તો જ દૂધ મળે; માટે ભગવાનને દૂધ પીવું છે એટલે વરસાદ નહિ વરસે અને વળી જો વરસવું હશે તો તમો આવ્યા પછી વરસશે. માટે હમણાં જ જાઓ."

સ્વામીશ્રીની આ આજ્ઞા થતાં સૌ પાર્ષદો તૈયાર થઈ નીકળ્યા. પાર્ષદો બધા ડુંગરામાં પહોંચ્યા અને ખડ વાઢી રહ્યા ત્યાં સુધી આકાશ વાદળાંથી આચ્છાદિત રહ્યું પણ વરસાદ વરસી શક્યો નહિ.

અહીં મંદિરમાં ગોપાળાનંદ સ્વામી વારંવાર આકાશ તરફ જોવા લાગ્યા. પરંતુ વાદળોથી ઘટાટોપ બનેલું આકાશ વરસાદનો એક છાંટોય વરસાવતું ન હતું. તેમને સંકલ્પ થયો કે વાદળાંથી આકાશ ભરાઈ ગયું છે છતાં વરસાદ કેમ વરસતો નથી ? તેટલામાં પાર્ષદો ઘાસની ગાંસડીઓ લઈને મંદિરે પહોંચ્યા. તેમને જોઈ ગોપાળાનંદ સ્વામી તેમની પાસે આવ્યા અને તેમને પૂછ્યું : 'મેં તમને ઘાસ કાપવા જવાની ના કહી છતાં તમે કેમ

ગયા ?'

ત્યારે પાર્ષદોએ કહ્યું : "અમને સ્વામીશ્રીએ કહ્યું કે ઠાકોરજી વરસાદ નહિ વરસાવે, માટે જાઓ. તેથી અમો ગયા હતા."

આ સાંભળી ગોપાળાનંદ સ્વામી હસ્યા અને પછી માથું હલાવતા બોલ્યા : "અહો ! આ તો જોગીનું કામ છે. મારું કહ્યું તો એ જ ફેરવી શકે."

એમ કહી સભામંડપમાં પધાર્યા. ત્યાં તો મુશળધાર વરસાદ ત્રાટક્યો. સ્વામીશ્રીના દિવ્ય પ્રતાપની ઝાંખી પાર્ષદોને પણ આ પ્રસંગથી થઈ !

જૂનાગઢમાં સ્વામીશ્રીએ ગુણાતીત વાતુનો અખાડો જમાવ્યો હતો. સ્વામીશ્રીને તો ફક્ત એક જ તાન હતું કે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનો સૌને નિશ્ચય કરાવી દેવો. અનાદિ બ્રહ્મના સંગે જ બ્રહ્મરૂપ થવાય અને બ્રહ્મરૂપ થયા પછી જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય.[૮૮] સ્વામીશ્રીની વાતુમાં એવો જાદુ હતો કે જે સાંભળે તેને પંચવિષયનો સહેજે અભાવ થઈ જાય. સ્વામીશ્રી તેથી જ વાતોનો સોપો પડવા દેતા નહિ. ગુજરાત અને સૌરાષ્ટ્રના હરિભક્તોને જૂનાગઢમાં પોતે વાતો કરી સુખ આપતા. સોરઠ દેશના હરિભક્તો માટે તો શ્રીજીમહારાજે પોતાનું સર્વસ્વ જે આ સાધુ તે સોરઠ દેશને કૃષ્ણાર્પણ કર્યા હતા. તેથી જ સ્વામીશ્રી વારંવાર સોરઠ દેશમાં વિચરણ કરતા.

સ્વામીશ્રી પ્રત્યે સમગ્ર સત્સંગને પ્રેમ

ભગવાન અને આ સંત, જીવો ઉપર અતિ કરુણા કરી તેમના કલ્યાણ માટે પોતાની મૂર્તિનો સંબંધ કરાવવા સદા પ્રયત્નશીલ જ રહેતા હોય છે. તેથી મહારાજના ધામમાં પધાર્યા પછી સ્વામીશ્રી વરતાલના સમૈયે પધારતા અને પોતાની ગુણાતીત વાતુ અને મહારાજના અખંડ સંબંધે યુક્ત પોતાના સ્વરૂપનું સૌને સુખ આપતા. વરતાલ જતાં ગઢડા દેશના સાવરકુંડલા, ગઢડા, સારંગપુર, કેરિયા, કારિયાણી, બોટાદ, બગડ વગેરે ગામોના હરિજનોને પોતાના સમાગમનો લાભ આપતા. આ હરિભક્તોને પણ સ્વામીશ્રી પ્રત્યે એવો પ્રેમ હતો કે સ્વામીશ્રી તેમના ગામ પધારવાના હોય

૮૮. વચ. લોયા ૭.

ત્યારે બે ગાઉ સામે આવતા અને પોતાના ગામમાંથી સ્વામીશ્રી જ્યારે બીજે ગામ પધારે ત્યારે પણ બે ગાઉ સુધી વળાવવા જતા. સ્વામીશ્રી જ્યારે વરતાલની નજીક મહેળાવ પહોંચે ત્યારે વરતાલથી નંદ સાધુઓ, આચાર્ય મહારાજ તથા હરિજનો મહેળાવ સ્વામીશ્રીનું સન્માન કરવા આવતા. સમગ્ર સત્સંગને સ્વામીશ્રી પ્રત્યે આવો પ્રેમ હતો.

વરતાલમાં સમૈયાની સભામાં ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી, સ્વામીશ્રી પાસે જ વાતો કરાવતા. જે દિવસે સ્વામીશ્રી મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરતા તે દિવસે ગોપાળાનંદ સ્વામી બહુ જ રાજી થતા અને કહેતા : "અહો ! સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર એટલે તેમને વેદની તંતી આડી આવે જ નહિ." વળી, જે દિવસે સ્વામીશ્રી ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ, શિક્ષાપત્રી, વચનવિધિ, ચોસઠપદી વગેરે ગ્રંથોનાં પ્રમાણ લઈ ત્યાગ, વૈરાગ્ય અને ધર્મનિયમની આકરી વાતો કરતા ત્યારે કેટલાક સાધુઓને ત્યાગની ખુમારી ચઢી જતી અને ખટરસનો તેઓ ત્યાગ કરી દેતા. તેથી નિત્યાનંદ સ્વામી બહુ જ રાજી થતા અને કહેતા કે "નિષ્કુળાનંદ સ્વામીએ ગ્રંથો રચીને પંચવિષયનાં મૂળ કાપ્યાં છે અને ગુણાતીતાનંદ સ્વામી વાતોએ કરીને પંચવિષયનાં મૂળ કાપે છે."

આમ, સ્વામીશ્રી સમગ્ર સત્સંગમાં શ્રીજીમહારાજની નિષ્ઠા પ્રવર્તાવવામાં, તેમજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સહિત એકાંતિક ધર્મ પ્રવર્તાવવામાં સૌને અજોડ જણાવા લાગ્યા. સ્વામીશ્રીની અપ્રતિમ બ્રાહ્મી સ્થિતિ અને શ્રીજીમહારાજના અખંડ સંબંધથી, તેમના દિવ્ય વ્યક્તિત્વનો પ્રભાવ સમગ્ર સત્સંગમાં ધીરે ધીરે પ્રવર્તવા લાગ્યો. શ્રીજીમહારાજના સ્વરૂપની ઝાંખી સ્વામીશ્રીના સ્વરૂપમાં ઘણાંને થવા લાગી.

કબા વાણિયાને ગોલોકમાં મોકલ્યો

આ જ અરસામાં સ્વામીશ્રી કંઈક કામ પ્રસંગે માંગરોળ પધાર્યા. સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમ માટે માંગરોળના હરિભક્તો આવ્યા અને સૌ સ્વામીશ્રીની સન્મુખ બેઠા. તે વખતે એક હરિભક્તે સ્વામીશ્રીને હાથ જોડીને કહ્યું : "સ્વામી ! મહારાજ ! કબો વાણિયો બહુ દુ:ખી છે માટે આપ કાંઈક દયા કરો તો એનો દેહ છૂટી જાય." તે સાંભળી સભામાં

બેઠેલા સૌ હરિભક્તોએ પણ તેમાં સૂર પુરાવ્યો અને કહ્યું : ''સ્વામી ! કબો બીચારો બહુ દુઃખી છે. માટે કાંઈક દયા કરો.''

તેમની સૌની વિનંતી સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તેને અહીં લાવો.'' એટલે હરિભક્તો કબાને ઘેર જઈ તેને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા અને સ્વામીશ્રીનાં ચરણારવિંદ પાસે તેને બેસાર્યો. કબાને જોઈ સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ''કબા ! તારે ક્યાં જવું છે ?''

એટલે તેણે કહ્યું : ''મહારાજ ! મને ગોલોક ધામમાં મોકલો.''

આ સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી પોતાના ડાબા ચરણનો અંગૂઠો કબાને અડાડ્યો. એટલામાં તો ઝળહળાટ કરતો પ્રકાશ ત્યાં થઈ ગયો. સાક્ષાત્ ગોલોકધામ ત્યાં બેઠેલા સૌએ દેખ્યું. તે ધામમાં લખુ ચારણને ગાયો દોહતી જોઈ. એક ક્ષણમાં તો આ દિવ્ય દર્શન અદશ્ય થઈ ગયું. સૌ આશ્ચર્ય પામી ગયા !

પછી સ્વામીશ્રીએ કહ્યું : ''હવે આ કબાને તેને ઘેર મૂકી આવો. હમણાં જ એનો દેહ છૂટી જશે.''

એટલે હરિભક્તો કબાને ઊંચકીને તેને ઘેર મૂકી ગયા. થોડી વાર પછી કબો દેહ મૂકી ગોલોક ધામમાં ગયો. સભામાં ખબર આવ્યા કે કબાએ દેહ મૂકી દીધો. સ્વામીશ્રીના અદ્‌ભુત પ્રતાપનો અનુભવ કરતાં સૌ આશ્ચર્યવત્ બની સ્વામીશ્રીનો મહિમા વિચારવા લાગ્યા.

થોડી વારે સભામાંથી કોઈએ સ્વામીશ્રીને પૂછ્યું : 'સ્વામી ! લખુ ચારણને તો મહારાજનાં દર્શન થયાં હતાં. વળી, મહારાજને રોજ દૂધ પાતી છતાં તે ગોલોકધામમાં કેમ ગઈ ?''

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : ''એને ગાયોમાં બહુ હેત હતું. મહારાજ ઉપર પણ તેને હેત હતું પણ પોતાનાથી મહારાજને તે નાના સમજતી, એટલે સર્વોપરી નિષ્ઠાના અભાવથી અક્ષરધામ તો ન જ પમાય.'' આ રીતે સ્વામીશ્રીએ મહારાજની સર્વોપરી નિષ્ઠાની દૃઢતા કરાવવાની વાર્તા કરી, હરિભક્તોને સાચા સત્સંગની દિશા બતાવી દીધી.

મીઠા ઠક્કરનો ક્ષય રોગ મટાડ્યો

આ જ અરસામાં માળિયા હાટીનાના મીઠા ઠક્કરને ક્ષયનો રોગ થયો

હતો. તેમના સંબંધીઓ તેમને મંત્રેલો દોરો બાંધવાનું કહેતા ત્યારે તેઓ કહેતા કે મંત્ર તો એક સ્વામિનારાયણનો ! બીજા મંત્રોથી રોગ મટાડી મારે કલ્યાણ બગાડવું નથી. તેમને ખબર પડી કે સ્વામીશ્રી માંગરોળમાં વિરાજે છે. એટલે તેમણે દેવજી ઠક્કરને કહ્યું : "તમે ગાડું જોડી માંગરોળ જાઓ અને સ્વામીશ્રીને મારા વતી પ્રાર્થના કરજો કે દર્શન દેવા પધારે."

દેવો ઠક્કર ગાડું લઈને માંગરોળ આવ્યા અને સ્વામીશ્રીને વાત કરી કે "મીઠા ઠક્કરને ક્ષય થયો છે ને બહુ પીડાય છે. આપનાં દર્શન ઝંખે છે તો પધારો."

દયાળુ સ્વામીશ્રી એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં, એકદમ તૈયાર થઈ ગયા અને દેવા ઠક્કરની સાથે માળિયા આવ્યા. સ્વામીશ્રી સીધા મીઠા ઠક્કરને દર્શન દેવા તેને ઘેર પધાર્યા. સ્વામીશ્રીનાં દર્શન કરી મીઠા ઠક્કરને બહુ જ શાંતિ થઈ ગઈ. તેણે હાથ જોડી સ્વામીશ્રીને પ્રાર્થના કરી : "દયાળુ ! હવે ધામમાં લઈ જાઓ."

સ્વામીશ્રી તેની પ્રાર્થના સાંભળી હસ્યા. એટલામાં તેના સંબંધી મેઘા ઠક્કરે સ્વામીશ્રીને સંબોધીને કહ્યું : "સ્વામી ! આ મીઠો વૈદું કે દોરો કાંઈ કરવા દેતો નથી, પછી દરદ શેનું મટે ? માટે કોઈક આજ્ઞા કરો તો માને."

સત્સંગ વિના મનુષ્ય સદા ભાઉડા જેવા જ હોય છે. સ્વામીશ્રીએ મેઘા ઠક્કરની એ સ્થિતિ જોઈ લીધી. પછી બોલ્યા : "વૈદ્યો નારાયણો હરિઃ । ભાઈ, સાચા વૈદ્ય તો એક સ્વામિનારાયણ ભગવાન જ છે. મીઠાએ તે ભગવાનનું શરણું લીધું છે. બાકી દોરા તો આ ખાટલાની પાટીમાં ને લૂગડામાં ઘણા છે. તેથી એનું દરદ મટ્યું ? પછી સ્વામીશ્રીએ મીઠા ઠક્કરને કહ્યું : "મીઠાભાઈ ! વૈદું કરાવીશું ?"

ત્યારે તેણે સજળ નેત્રે સ્વામીશ્રી સામું જોયું અને હાથ જોડી કહ્યું : "જેવી આપની મરજી. મને તો મહારાજ ધામમાં તેડી જાય તો હું રાજી."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "હમણાં તો સત્સંગનો રંગ ચઢતો જાય છે. માટે આ લોકમાં રહો. અમે જૂનેગઢ જઈને વૈદ્ય મોકલીશું. તો તેની દવા લેજો." એટલું કહી સ્વામીશ્રી તેને આશીર્વાદ આપી ત્યાંથી ચાલ્યા. થોડા દિવસે ફરતાં ફરતાં સ્વામીશ્રી જૂનાગઢ પહોંચ્યા.

સ્વામીશ્રીના સંકલ્પથી ધન્વંતરી ભગવાન વૈદ્ય બની માળિયા આવ્યા.

તેમણે ગામના લોકોને કહ્યું : "ભાઈ ! માંદાની દવા કરવા આવ્યો છું." ત્યારે લોકોએ મશ્કરી કરતાં કહ્યું : "એને મોકલો પેલા મીઠાને ઘેર, સાચો હશે તો ઈ મડાને બેઠો કરશે."

આમ, લોકોએ વૈદ્યને મીઠા ઠક્કરને ઘેર ધકેલ્યા. અહીં આવી વૈદ્યે કહ્યું : "હું જાતે લુવાણો છું. કચ્છમાં રહું છું. જૂનેગઢ સ્વામીનાં દર્શને ગયો હતો ત્યાંથી સ્વામીએ મને તમારી દવા કરવા અહીં મોકલ્યો છે."

તે સાંભળી મીઠા ઠક્કરને વિશ્વાસ આવ્યો કે આ સ્વામીનો મોકલેલો વૈદ્ય છે. તેથી તેણે દવા શરૂ કરી. થોડા દિવસમાં મીઠા ઠક્કર સાજા થઈ ગયા. એટલે વૈદ્ય ત્યાંથી "હવે હું ગણોદર જાઉં છું." એમ કહી નીકળી ગયા.

બીજે દિવસે વૈદ્યનું કામ પડવાથી ગણોદર માણસ મોકલ્યો પણ વૈદ્યનો પત્તો લાગ્યો નહિ. આજુબાજુનાં ગામડાંઓમાં પણ તપાસ કરી પણ વૈદ્ય મળ્યા નહિ. એટલે માણસ પાછો આવ્યો. ત્યારે સૌએ જાણ્યું કે સ્વામીશ્રીની ઇચ્છાથી સાક્ષાત્ ધન્વંતરી ભગવાન વૈદ્યરૂપે આવ્યા હતા અને આ અસાધ્ય રોગ થોડા સમયમાં મટાડી ચાલ્યા ગયા.

મુકુન્દ બ્રહ્મચારી ગઢડાનું મંદિર છોવરાવે છે

સ્વામીશ્રી સંવત ૧૯૦૨ની ચૈત્રી પૂનમનો સમૈયો વરતાલ કરી ગઢડે પધાર્યા. મુકુન્દ બ્રહ્મચારી ગઢડાનું મંદિર છોવરાવતા હતા તે જોઈ સ્વામીશ્રી અત્યંત રાજી થયા.

પછી સભામાં સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : "આ ગોપીનાથજીના મંદિરમાં એકે એક પાણો અને રજે રજ મહારાજની પ્રસાદીની છે. એટલે આજ તો આ મંદિર ઉપર ફક્ત ચૂનાની ગાર્ય કરી છે પણ કાળે કરીને રૂપાની ને સોનાની ગાર્ય આ મંદિર ઉપર થશે. સિંહાસન, કળશ વગેરે સોનાનાં થઈ જશે. આ બધું થશે પરંતુ જે પુરુષોત્તમનારાયણે આ મંદિર કરાવ્યું છે તે પુરુષોત્તમનારાયણ મળશે નહિ. વળી, રઘુવીરજી મહારાજ જેવા આચાર્ય નહિ મળે, મૂળજી બ્રહ્મચારી જેવા સેવક નહિ મળે, ગોપાળાનંદ સ્વામી જેવા સાધુ નહિ મળે અને દાદાખાચર જેવા હરિભક્ત નહિ મળે. બધુંય મળશે, સમૃદ્ધિ વધશે પણ આવા સાધુ અને આવો સમાગમ નહિ મળે. શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન હતા તો તેમણે

મંદિરો સર્વોપરી કર્યાં, આચાર્ય સર્વોપરી કર્યા, સાધુ સર્વોપરી કર્યા અને હરિભક્તો સર્વોપરી કર્યા. આમ, જ્ઞાન દૃષ્ટિએ મહારાજનું કાર્ય જોઈએ તો પણ મહારાજ સર્વોપરી છે તે સમજાય.'' આ પ્રમાણે સ્વામીશ્રીએ સભામાં પરોક્ષપણે સર્વોપરી સાધુનો સમાગમ કરવાનું કહ્યું.

પરંતુ જેને એ મર્મ સમજતાં આવડે, તેને જ સ્વામીશ્રીનો મહિમા સમજાય. બીજાને તો આવા પરભાવના શબ્દો સાંભળી 'અહો ! અહો !' એમ થાય, ''બહુ સારી વાતો થઈ !'' એમ પણ સમજાય પરંતુ તે વાતો પાછળનો મર્મ કે સ્વામીશ્રીનો જે રહસ્ય સમજાવવાનો હેતુ છે તે ન સમજાય.

ગઢડામાં સ્વામીશ્રી મળસ્કે થાળ જમીને ચાલ્યા

સ્વામીશ્રી વરતાલ સમૈયેથી પાછા વળતાં દર વર્ષે ગઢપુર પધારતા. તે મુજબ સંવત ૧૯૦૨માં સ્વામીશ્રી વરતાલથી ગઢપુર પધાર્યા. આ વખતે સ્વામીશ્રીએ વાતુનું અલૌકિક સુખ આપ્યું. વળી, દાદાના દરબારમાં, લક્ષ્મીવાડીએ, રાધાબાગમાં અને ભક્તિબાગમાં સ્વામીશ્રી મહારાજનાં પ્રસાદીનાં સ્થાનોએ દર્શને ગયા અને ત્યાં પણ મહારાજનાં દિવ્ય લીલાચરિત્રોના ઘણા પ્રસંગો કહી, સભાજનોને શ્રીજીમહારાજનો અલૌકિક મહિમા સમજાવ્યો. બે-ત્રણ દિવસ ગઢપુરમાં રહીને સ્વામીશ્રીએ બીજે દિવસે નીકળવાનો વિચાર જણાવ્યો.

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : ''સ્વામી ! જમીને ચાલજો.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''અમારે તો મળસ્કે વહેલું ચાલવું છે. એટલે જમવા રોકાઈએ તો મોડું થાય.''

પરંતુ બ્રહ્મચારીને તો સ્વામીશ્રીને જમાડીને જ મોકલવાનો વિચાર હતો. તેથી તેમણે કહ્યું : ''ઠાકોરજીનો થાળ વહેલો કરીશું. માટે જમીને જ ચાલજો.'' સ્વામીશ્રી બ્રહ્મચારીનો ભાવ જોઈ બોલ્યા : ''સારું.''

બીજે દિવસે બ્રહ્મચારીએ વહેલા ઊઠી, ઠાકોરજીની મંગળા આરતી કરી. પછી શણગાર આરતી કરી. ત્યાં તો રસોઈ તૈયાર થઈ ગઈ એટલે ઠાકોરજીને થાળ ધરાવી, રાજભોગ આરતી કરી ઠાકોરજીને પોઢાડી દીધા. પછી સ્વામીશ્રી તથા તેમની સાથેના સૌ સંતોને જમવા બેસાર્યા.

સ્વામીશ્રી જમ્યા પછી તરત જ નીકળ્યા. બ્રહ્મચારી મહારાજ તથા

બીજા સંતો સ્વામીશ્રીને માંડવધાર સુધી વળાવવા ગયા. ત્યાંથી સ્વામીશ્રીએ સૌને પાછા વાળ્યા. સૌ પાછા વળીને ગામમાં આવ્યા ત્યાં કૂકડા બોલ્યા. તે સાંભળી સૌને આશ્ચર્ય થયું. તેમને તો એમ હતું કે રોજના કરતાં થાળ થોડો વહેલો કર્યો છે, પરંતુ હજુ તો થોડું થોડું અજવાળું થયું છે એટલે મંગળા આરતીનો જ વખત થયો છે અને આપણે તો ઠાકોરજીની ત્રણ આરતી કરી, ઠાકોરજીને પણ પોઢાડી દીધા.

આમ, સ્વામીશ્રીએ સૌનાં અંતઃકરણ ખેંચી લીધાં તેથી દિવસ કે રાતનું કોઈને ભાન રહ્યું નહિ !

સ્વામી અને મહારાજની એકતા

સ્વામીશ્રી ગઢડાથી નીકળી ફરતાં ફરતાં નથુ ભટ્ટને ઘેર દાડમા પધાર્યા. અહીં વચલા ઓરડામાં સ્વામીશ્રીનો ઉતારો હતો. સ્વામીશ્રી કથાવાર્તાનું સૌને સુખ આપી, ઠાકોરજીને જમાડી પોતે બપોરે પોઢી ગયા. સાંજ થવા આવી પણ સ્વામીશ્રી જાગ્યા નહિ તેથી નથુ ભટ્ટને મૂંઝવણ થઈ. સ્વામીશ્રીને જગાડવાનો સૌ સંકલ્પ કરતા હતા ત્યાં તો સ્વામીશ્રી જાગ્યા. એટલે નથુ ભટ્ટે પૂછ્યું : ''સ્વામી ! આજ તો બહુ પોઢી રહ્યા !''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. મનુષ્યને જેમ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણ અવસ્થા છે, તેમ સાક્ષાત્ અક્ષરધામ સ્વામીશ્રીમાં પણ નથુ ભટ્ટને અવસ્થાઓનો ભાવ દેખાયો. આથી સ્વામીશ્રીને હસવું આવ્યું.

અજ્ઞાન દશાના આવરણથી આવા શુદ્ધ ચૈતન્ય બ્રહ્મના સ્વરૂપને સમ્યક્ પ્રકારે સમજવું મુશ્કેલ છે. એ અજ્ઞાન દશા ટાળવાનું બીજું કોઈ સાધન નથી. વ્રત, તપ કે યોગથી તે અજ્ઞાન ટળતું નથી. પરંતુ શુદ્ધ ચૈતન્ય બ્રહ્મનો પ્રગટ સંબંધ અને તેમને વિષે અત્યંત પ્રીતિ અને આત્મબુદ્ધિ એ જ એ અજ્ઞાનનું આવરણ ટાળીને બ્રહ્મરૂપ થવાનું એક માત્ર સાધન છે. નથુ ભટ્ટને સ્વામીશ્રી પ્રત્યે આવી પ્રીતિ હતી અને તેથી જ સ્વામીશ્રીએ તેને પોતાનું સત્ય સ્વરૂપ સમજાવતાં કહ્યું : 'નથુરામ ! અમે તો આજે ધામમાં ગયા હતા. ત્યાં ગોવિંદરામને દીઠા એટલે તેમને પ્રશ્ન પૂછ્યો કે 'કુશળ છો ને ?'

ત્યારે ગોવિંદરામે કહ્યું : ''સ્વામી ! કુશળ તો છું પણ મયારામ વગર સોરવતું નથી, એ અહીં આવે તો ઠીક.''

એટલે અમે કહ્યું : "સારું, અમે એને અહીં મોકલીશું."

એમ અમે વાત કરતા હતા એટલામાં મહારાજ અમારી પાસે પધાર્યા અને અમને કહ્યું : "સ્વામી ! આ ગોવિંદરામની પેઠે અમને પણ તમારા વગર સોરવતું નથી. તેથી અમે તમારી સાથે ને સાથે હંમેશાં રહીએ છીએ અને એક ક્ષણ પણ તમારાથી વેગળા પડતા નથી." એટલું કહેતાં તો મહારાજ અદૃશ્ય થઈ ગયા અને અમારી આંખ ઊઘડી ગઈ.

સ્વામીશ્રીની મહારાજ સાથેની અખંડ એકતાની વાત સાંભળી નથુ ભટ્ટને અત્યંત આશ્ચર્ય થયું. સ્વામીશ્રીની મહત્તા તો તેમના અંતરમાં હતી જ પરંતુ શ્રીજીમહારાજ સાથેનું સંપૂર્ણ એકત્વ તો એક અક્ષરને જ હોય છે તે સમજણ તેમને ન હતી. એટલે આ પ્રસંગથી સ્વામીશ્રી અક્ષરનો અવતાર છે એ વાતની પ્રતીતિ તેમને હવે ધીરે-ધીરે થતી ગઈ.

મયારામ ભટ્ટ ધામમાં જાય છે

આ વર્ષના ચૈત્રી સમૈયા ઉપર સ્વામીશ્રી વરતાલ પધાર્યા. અહીં સમૈયો કરી ઉમરેઠના હરિભક્તોના અતિ આગ્રહથી સ્વામીશ્રી ઉમરેઠ પધાર્યા. સાથે ગોપાળાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ પણ હતા. અહીં સભામાં સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની વાતો કરી. શુદ્ધ ઉપાસનાની આવી સ્પષ્ટ વાતો શ્રીજીમહારાજના પ્રસંગોનાં પ્રમાણોથી સ્વામીશ્રીએ કરી તેથી સભાજનો મુગ્ધ થઈ ગયા. સ્વામીશ્રીની વાતો એટલે અંગ્રેજની તોપુના ભડાકા ! તેમની વાતો આગળ બીજી વાતો ફટાકિયા જેવી લાગે. વરતાલના સમૈયાની સભામાં તેમજ સ્વામીશ્રી જ્યાં જ્યાં જતા ત્યાં, એક જ પ્રકારની વાતો કરતા અને તે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની. આથી કેટલાક મુમુક્ષુ જીવોને આ વાતથી ખૂબ આનંદ થતો. જ્યારે જવાસા[૮૯] જેવા જે અન્ય જીવો હતા તે આ વાતો સાંભળી બળતરા અનુભવતા. સ્વામીશ્રીનો એક જ ઉદ્દેશ હતો, સ્વરૂપનિષ્ઠાની આ વાતો જે સાંભળશે તેના સંસ્કાર ઊગી નીકળશે અને જે નહિ સાંભળે તે વેરાન ભૂમિ જેવા રહેશે. સ્વામીશ્રીની આવી અદ્‌ભુત વાતો સાંભળી ગામેગામથી હરિભક્તો સ્વામીશ્રીને તેડવા માટે ઉમરેઠ આવ્યા. પરંતુ આ

૮૯. એક તુચ્છ વનસ્પતિ.

જ વખતે શ્રીજીમહારાજે સ્વામીશ્રીને પ્રત્યક્ષ દર્શન દીધાં અને કહ્યું : "આજે અમો મયારામ ભટ્ટને ધામમાં તેડી જઈએ છીએ."

આ સમાચારથી સ્વામીશ્રી ઉદાસ થઈ ગયા અને બીજાં ગામોમાં ફરવા જવાનું માંડી વાળી સીધા જૂનાગઢ પધાર્યા.

ઘોઘલાના શિવશંકરની રક્ષા

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા તે સાંભળીને ઘોઘલા પાસેના ગામના વિપ્ર શિવશંકર સ્વામીનાં દર્શને ઘોડી ઉપર બેસી જૂનાગઢ આવવા નીકળ્યા. જંગલમાંથી રસ્તો જતો હતો એટલે શિવશંકર સાવચેતી રાખી ઘોડી ચલાવતા હતા. પોતે પગે અપંગ હતા તેથી ઘોડી ઝડપથી ચાલે તે તેમને ફાવતું ન હતું. એટલામાં જંગલી જાનવરના અવાજથી ઘોડી ભડકી અને બે પગે ઝાડ થઈ ગઈ. શિવશંકરના હાથમાંથી ચોકડું છૂટી ગયું અને નીચે પડી ગયા. ઘોડી તો બીકની મારી દોડી. શિવશંકરને પણ વાગ્યું. પરંતુ આ સમયે દુ:ખનું નિવારણ થાય તેમ ન હતું. એટલે દુ:ખ ભૂલી મનમાં તેઓ વિચાર કરવા લાગ્યા કે આ નિર્જન અરણ્યમાં જો જંગલી જનાવર આવશે તો મને મારી નાખશે. ઘોડીને પણ એનો ભેટો થઈ જશે તો તેના પણ એ જ હાલ થશે. તેની ચિંતા વધવા લાગી.

પણ અચાનક તેમને સ્વામીશ્રી સાંભર્યા. પછી તો સ્વામીશ્રીને યાદ કરીને પ્રાર્થના કરવા લાગ્યા : "હે સ્વામી ! હે દયાળુ ! આ નિર્જન અરણ્યમાં હું અપંગ એકલો પડ્યો છું. ઘોડી પણ ચાલી ગઈ. મારી રક્ષા કરો અને આપનાં દર્શને સુખરૂપે અવાય તેવી દયા કરો !" આમ, મનમાં ને મનમાં એકાગ્રચિત્તે અતિ વિહ્વળતાથી ગદ્ગદ કંઠે તેણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ તેની પ્રાર્થના સાંભળી દિવ્ય સ્વરૂપે ત્યાં પધાર્યા. શિવશંકરને આખે શરીરે હાથ ફેરવ્યો. એટલે તેમનું તમામ દર્દ મટી ગયું. આ દિવ્ય દર્શનથી અત્યંત શાંતિ થઈ ગઈ. પછી સ્વામીશ્રીએ તેમને ઊભા કર્યા અને બાજુમાં તેમની ઘોડી બતાવી. ઘોડી જોઈને શિવશંકર રાજી થઈ ગયા. સ્વામીશ્રીએ તેમને ઘોડી ઉપર બેસાર્યા અને જૂનાગઢનો માર્ગ બતાવી પોતે અદૃશ્ય થઈ ગયા. શિવશંકરે પાછું વાળી જોયું તો સ્વામીશ્રી ન દેખાયા.

શિવશંકર થોડી વારે જૂનાગઢ પહોંચી ગયા. મંદિરમાં આવી ઉતારો

કરી તે સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રી સભામાં વિરાજમાન થયા હતા. સ્વામીશ્રીને દંડવત્ કરી પોતે સભામાં બેઠા. ત્યારે સ્વામીશ્રી તેમની સામું જોઈ હસ્યા અને પછી કહ્યું : "શિવશંકર ! રસ્તામાં ઘોડી ભડકીને ભાગી ગઈ હતી છતાં કેમ કરીને આવ્યા ?" શિવશંકરને તો સ્વામીશ્રીના અંતર્યામીપણે કહેલા, આ શબ્દોથી ખૂબ જ આનંદ થયો. દયાળુ સ્વામી સદા ભક્તોની રક્ષામાં જ બેઠા છે.

એટલે તેમણે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! માબાપ ! આપે જ મારી રક્ષા કરી અને મને બચાવ્યો. નહિ તો આજે તો હું અને ઘોડી બંને મોતના પંજામાં હતાં. આપ દિવ્ય સ્વરૂપે પધાર્યા અને મારી ઘોડી લાવી આપી તે ઉપર મને બેસારી, મને આપે જીવતો રાખ્યો અને આપનાં દર્શનનો લાભ આપ્યો."

શિવશંકરની આ વાત સાંભળી સભાજનો સર્વે આશ્ચર્ય પામ્યા.

પછી સ્વામીશ્રીએ વાસુદેવાનંદ બ્રહ્મચારીને કહ્યું : "આ બ્રાહ્મણ બે દિવસથી ભૂખ્યો છે. માટે તેને જમાડો. ભાવે કરીને દૂર દેશથી દર્શને આવ્યો છે તો આપણેય તેનું રાખવું જોઈએ ને ?"

એટલે બ્રહ્મચારી શિવશંકરને જમાડવા ભંડારમાં લઈ ગયા.

શિવશંકર જૂનાગઢમાં થોડા દિવસો રોકાયા અને સ્વામીશ્રીની વાતુ સાંભળી તેને શ્રીજીમહારાજ સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે એ નિશ્ચય થયો. વળી, સ્વામીશ્રી પણ મહારાજને રહેવાનું જે અક્ષરધામ તેનો અવતાર છે એ વાત પણ સમજાણી. શુદ્ધ ઉપાસનાનાં બે અનાદિ સ્વરૂપો - અક્ષર અને પુરુષોત્તમ - એ જ સ્વામી અને નારાયણ સ્વરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થયા છે એ નિષ્ઠા તેમના અંતરમાં સચોટ બેસી ગઈ.

સાધારણ રીતે બ્રાહ્મણો તો જન્મથી જ શંકરના ઉપાસક હોય અને શિવલિંગની પૂજાથી જ પોતે પોતાને કૃતાર્થ માનતા હોય. તેથી પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનું પ્રગટ સ્વરૂપ તો તેમને સમજાય જ નહિ. વળી, કેટલાકને દેવી પણ પ્રધાન હોય છે. પોતે વિદ્યાગુરુ હોવા છતાં પણ અનાદિ ભગવાન કોણ છે એ તત્ત્વજ્ઞાનમાં ઊંડા ઊતરતા નથી. કેટલાક અંધશ્રદ્ધાળુ વિહળોપીર પૂજે છે અને સતાધારે પણ જાય છે. આમ, અજ્ઞાનનો અંચળો ઓઢી જ્યાં ત્યાં ફાંફા મારે છે, પરંતુ અનાદિ અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મનાં

સ્વરૂપોની ઓળખાણ થતી નથી અને મોક્ષ માર્ગમાં ભૂલા પડે છે.

✧ ✧ ✧

દાડમામાં નથુ ભટ્ટને અક્ષરધામનાં દર્શન

સંવત ૧૯૦૩ના વર્ષમાં સ્વામીશ્રી જૂનાગઢથી મંડળ સહિત દાડમા ગામે નથુ ભટ્ટને ઘેર પધાર્યા. નથુ ભટ્ટને સ્વામીશ્રી વિષે હેત ઘણું હતું, પરંતુ યથાર્થ મહિમા સમજાયો ન હતો. તેથી 'સ્વામી અક્ષર છે' એ મહિમાના શબ્દોમાં તેમને સમજણ પડતી ન હતી. સ્વામીશ્રી તેને ત્યાં પધાર્યા તેથી તેને આનંદ થયો. સ્વામીશ્રી અને સંતોની સેવામાં તેઓ જોડાઈ ગયા.

બીજે દિવસે સવારે ફળિયા વચ્ચે માંચી નાખી સ્વામીશ્રી સ્નાન કરવા બેઠા. પાસે તાંબાકુંડીમાં ઊનું પાણી હતું. સ્વામીશ્રી લોટે લોટે સ્નાન કરતા હતા અને નથુ ભટ્ટ સ્વામીશ્રીનું શરીર ચોળતા હતા. શરીર ચોળતાં ચોળતાં તેને વિચાર થયો કે 'બધા કહે છે કે સ્વામીના રોમે રોમે અનંત કોટી બ્રહ્માંડો ઊડતાં ફરે છે ! પણ અહીં મને તો ફક્ત રૂંવાડાં જ હાથમાં આવે છે અને બ્રહ્માંડો દેખાતાં નથી.' તેથી તેણે સ્વામીશ્રીને નવરાવતાં નવરાવતાં પૂછ્યું : "સ્વામી ! આપને બધા અક્ષરધામ કહે છે. પણ અક્ષરમાં તો મહારાજ અને મુક્તો અખંડ વિરાજમાન હોય છે તેનું કેમ સમજવું ?"

નથુ ભટ્ટનો પ્રશ્ન સાંભળી સ્વામીશ્રી હસ્યા અને પછી પોતાની છાતી ઉપરથી ધોતિયું ખસેડીને બંને હાથ પહોળા કર્યા. નથુ ભટ્ટે સ્વામીશ્રી તરફ જોયું અને સ્વામીશ્રીની મૂર્તિમાંથી ઝળહળાટ કરતો પ્રકાશ નીકળ્યો. નથુ ભટ્ટ તથા બીજા જે હરિભક્તો સામે ઊભા હતા તે સૌ તેજમાં અંજાઈ ગયા. નથુ ભટ્ટ તો ખડકી સુધી દોડી ગયા. તે તેજમાં મહારાજ અને અનંત કોટી મુક્તો વિરાજમાન છે તેવાં સાક્ષાત્ દર્શન સૌને થયાં. સ્વામીશ્રીના અક્ષર સ્વરૂપનો મહિમા સૌને સમજાયો અને સૌની સંશયગ્રંથિ ટળી ગઈ. આ રીતે સ્વામીશ્રીએ પોતાના અક્ષર સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. બે દિવસ ત્યાં રહી, સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા.

✧ ✧ ✧

વરતાલમાં પ્રાગજી ભક્ત ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછે છે

સંવત ૧૯૦૪ના હરિનવમીના સમૈયે સ્વામીશ્રી વરતાલ પધાર્યા હતા. સ્વામીશ્રી જ્યારે જ્યારે વરતાલ પધારતા ત્યારે ગોપાળાનંદ સ્વામીના આસને જ તેઓશ્રીનું આસન રહેતું. આ સમૈયામાં સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી. તે વાતો સાંભળી ગોપાળાનંદ સ્વામીના શિષ્યો - મહુવાના પ્રાગજી ભક્ત તથા આંબરડીના જાગા ભક્ત સાથે સમૈયે આવેલ મહુવાના રાઠોડ હરિભક્ત ઝીણાભાઈને ખૂબ જ આનંદ થયો. તેમને થયું કે આવા સર્વોપરી શ્રીહરિની ભેળા અખંડ કેમ રહેવાય ? ત્રણેયે મળીને આ પ્રશ્ન ગોપાળાનંદ સ્વામીને પૂછવાનું નક્કી કર્યું. આ પ્રશ્ન એકાંતમાં રાત્રે પ્રાગજી ભક્તે ગોપાળાનંદ સ્વામીને પૂછવો એમ ગોઠવી, નિયમ ચેષ્ટા કરી સૌ સૂઈ ગયા.

રાત્રે બે વાગે ગોપાળાનંદ સ્વામી લઘુ કરવા ઊઠ્યા. તેમની ઢોલણીની બાજુમાં જ સૂતેલા પ્રાગજી ભક્ત તરત જ જાગી ગયા અને સ્વામીનો હાથ પકડી લઘુને ખાડે લઈ ગયા. સ્વામી લઘુ કરી આવ્યા એટલે પ્રાગજી ભક્તે હાથપગ ધોવરાવ્યા. પછી સ્વામી ઢોલણી ઉપર બેઠા. પ્રાગજી ભક્ત પાસે બેઠા. જાગા ભક્ત તથા ઝીણાભાઈ રાઠોડ પણ જાગી ગયા હતા એટલે તેઓ પણ ત્યાં આવીને બેઠા. થોડીવારે અંતર્યામીપણે જાણે જાણી ગયા હોય તેમ પ્રાગજી ભક્તને સ્વામીએ કહ્યું : "કાંઈ પૂછવું છે ?"

ત્યારે પ્રાગજી ભક્તે હાથ જોડી પૂછ્યું : "સ્વામી ! અક્ષરધામમાં મહારાજ તથા આપ જેવા સાધુ સાથે ત્યાગી થઈએ તો સદા રહેવાય કે ગૃહસ્થ રહીએ તો રહેવાય ?"

આવો મુદ્દાનો પ્રશ્ન સાંભળી ગોપાળાનંદ સ્વામી રાજી થઈ ગયા. પછી ઉત્તર આપતાં કહ્યું : "શ્રીજીમહારાજને સર્વોપરી, સર્વ અવતારના અવતારી જાણીને તથા આ સામે સૂતા છે તે ગુણાતીતાનંદ સ્વામી, શ્રીજીમહારાજને રહેવાનું અનાદિ અક્ષરધામ છે એમ સમજી તેમનામાં જીવ જોડો તો ત્યાગી થાવ અથવા ગૃહસ્થ રહો તો પણ, અમારી ભેગા અખંડ રહેવાશે."

આમ, ગોપાળાનંદ સ્વામીએ પોતાના લાડીલા આ ત્રણેય શિષ્યોને સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એ ઓળખાણ કરાવી, તેમનામાં જ

જીવ જોડવાની આજ્ઞા કરી.

✧ ✧ ✧

આખામાં કૃષ્ણસ્વરૂપાનંદ બ્રહ્મચારીનો જન્મ

આ જ વર્ષે ધર્મધુરંધર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા. તેમની સાથે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ પણ પધાર્યા હતા. દર વર્ષે જૂનાગઢ આવી સ્વામીશ્રીનો સમાગમ કરવાની શ્રીજીમહારાજે આજ્ઞા કરી હતી તે ગોપાળાનંદ સ્વામી કદી ચૂક્યા ન હતા. અહીં થોડો વખત રહી રઘુવીરજી મહારાજે પંચતીર્થની યાત્રાએ જવાનો વિચાર કર્યો. તેથી સ્વામીશ્રીને સાથે લઈને સંઘ નીકળ્યો. પંચતીર્થની યાત્રા કરતાં કરતાં સંઘ આખા ગામે પહોંચ્યો. આ પ્રસંગે આખાના ઉનેવાળ બ્રાહ્મણ હરિભક્ત મુક્તરાજ જીવા મહેતાએ આચાર્ય મહારાજ તથા સર્વે સદ્‌ગુરુઓની પોતાને ઘરે પધરામણી કરી.

સ્વામીશ્રી અગાઉ સંવત ૧૮૯૫માં આખા પધાર્યા હતા ત્યારે જીવા મહેતાને આશીર્વાદ આપ્યા હતા કે "તમારે ત્યાં બે પુત્ર ને બે પુત્રીઓ થશે."

તે આશીર્વાદના પરિપાકરૂપે સંવત ૧૯૦૩માં તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. જીવા મહેતાએ આ પ્રસંગે પોતાના નાના બાળકને આચાર્ય મહારાજ તથા સર્વે સદ્‌ગુરુઓને પગે લગાડી, તેને પોતાના ખોળામાં લઈ સામે બેઠા. આ નાનો પુત્ર સર્વે સદ્‌ગુરુઓ સામે અનિમિષ દૃષ્ટિએ જોવા લાગ્યો. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "મે'તા ! આ તમારો પુત્ર અતિ સુંદર છે માટે તેનું નામ સુંદરજી રાખો."

એટલે જીવા મહેતાએ હાથ જોડી કહ્યું : "સ્વામી ! આપના આશીર્વાદનો આ પુત્ર છે. તેથી આપે નામ પાડ્યું તે યોગ્ય જ છે."

પછી સ્વામીશ્રીએ તે બાળકના મસ્તક ઉપર હાથ ફેરવતાં કહ્યું : "આ તો અમારો જ છે."

આ પ્રમાણે જીવા મહેતાના બાળકને આશીર્વાદ આપી, સ્વામીશ્રી તથા સર્વે સંતો અને આચાર્ય મહારાજ આખાથી નીકળી, પંચતીર્થની યાત્રા પૂરી કરી જૂનાગઢ પધાર્યા.

✧ ✧ ✧

ગોપાળાનંદ સ્વામીને ઉપાધિ

સંવત ૧૯૦૫ના ફાગણની આસપાસ વરતાલમાં કેટલીક ખટપટ ઊભી થઈ અને તેમાંથી ગોપાળાનંદ સ્વામીને ઉપાધિ કરવાની પ્રવૃત્તિ શરૂ થઈ. આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના મોટાભાઈ - ગોપાળજી મહારાજ - કેટલાકની શિખવણીથી રઘુવીરજી મહારાજની વિરુદ્ધ વર્તવા લાગ્યા. તેમના આવા વર્તન માટે તેમને કોઈ શિખામણના બે શબ્દો કહેતું તો પણ તેઓ માનતા નહિ. ગરીબ પ્રકૃતિના રઘુવીરજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને આ વાત કરી અને કહ્યું : "સ્વામી ! આ ઉપાધિ મટાડો."

તેથી સ્વામીએ તેમના સાધુ કેશવજીવનદાસને સમાધિ કરાવી. આ સમાધિથી કેશવજીવનદાસમાં શ્રીજીમહારાજનો સાક્ષાત્ પ્રવેશ થયો. એટલે કેશવજીવનદાસ દ્વારા મહારાજ કેટલાયના સંકલ્પો કહેવા લાગ્યા અને ચમત્કારો પણ જણાવવા લાગ્યા. આ પ્રમાણે કેટલોક વખત ચાલ્યું.

તેથી કેટલાક સાધુઓ મૂંઝાયા. પોતાના મનના સંકલ્પો, વિચારો વગેરે ગોપાળાનંદ સ્વામીના સાધુ બહાર પાડે છે તેથી તેમને ગોપાળાનંદ સ્વામી પ્રત્યે દ્વેષ બંધાયો. ગોપાળાનંદ સ્વામી જે બંને દેશના મોટેરા હતા અને આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પણ તેમની આજ્ઞામાં સદા રહેતા, તેમને ઠપકો કોણ આપે ? તેથી સાધુઓએ અમદાવાદથી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા ત્યાંના કેટલાક મોટેરા સંતોને વરતાલ તેડાવવા નક્કી કર્યું અને ચૈત્રી પૂનમના સમૈયા ઉપર ગોપાળાનંદ સ્વામીને સભામાં જ ઠપકો આપવો તેવો ઠરાવ કર્યો.

સ્વામીશ્રી જો કે દર વર્ષે વરતાલ જતા ન હતા છતાં જૂનાગઢમાં તેમને આ વાતની ખબર પડી એટલે આ વર્ષે તેમણે વરતાલ જવાનું નક્કી કર્યું અને પોતાના મંડળ સાથે નીકળ્યા. સ્વામીશ્રી વરતાલ પહોંચ્યા કે તરત જ ઠાકોરજીનાં દર્શન કરી, સીધા રઘુવીરજી મહારાજના મેડે પધાર્યા. સ્વામીશ્રી પધાર્યા તેથી રઘુવીરજી મહારાજ ઘણા જ રાજી થયા.

પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "આ વાતનું કેમ છે ? ગોપાળાનંદ સ્વામીને મહારાજે બંને દેશના મોટેરા કર્યા છે અને આવા મોટા સદ્‌ગુરુ આ ઉપાધિથી જો ઉદાસ થઈ જશે તો રાંકનાં હાંડલાં ફૂટી જશે અને

મહારાજ સ્વામીને ધામમાં તેડી જશે. માટે આ ઉપાધિ બંધ કરો."

તે સાંભળી રઘુવીરજી મહારાજે કહ્યું : "સ્વામી ! સાધુઓએ ઉપાધિ બહુ ઉપાડી છે. તેમાં મારું કાંઈ ચાલે તેમ નથી. તમો નિત્યાનંદ સ્વામીને પૂછો."

તેથી સ્વામીશ્રી નિત્યાનંદ સ્વામી પાસે આવ્યા. આ વખતે નિત્યાનંદ સ્વામી માળા ફેરવતા હતા. સ્વામીશ્રીને જોઈ નિત્યાનંદ સ્વામીએ માળા પડતી મૂકી અને તરત જ ઊભા થઈને સ્વામીશ્રીને મળ્યા અને આસન આપી બોલ્યા : "अकाले जलदोदयः कथम् ?"

સ્વામીશ્રીનો આ ફેરે વરતાલ આવવાનો વારો ન હતો, કેમ કે જ્યાં સુધી વરતાલમાં ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી હતા, ત્યાં સુધી સ્વામીશ્રી દર વર્ષે વરતાલ સમૈયે આવતા ન હતા. એટલે નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું : "સ્વામી ! આ વર્ષે આપને સમૈયે આવવાનો વારો ન હતો અને શાથી આવ્યા ?"

એટલે સ્વામીએ કહ્યું : "ઓલ્યા દેશમાંથી મહારાજ તથા સાધુઓને તેડાવી ગોપાળ સ્વામીનું અપમાન કરવાનો ઠાઠ રચ્યો છે તેથી હું આવ્યો છું. મોટા સાધુનું અપમાન થાય તે ઠીક નહિ. સ્વામી ! ધણીનાં ખમાય પણ શોક્યનાં ન ખમાય. ઠપકો દેવો હોય તો આપણે દઈએ, પણ ઓલ્યા દેશવાળા પાસે કહેવરાવવું રહેવા દ્યો."

સ્વામીનો પ્રભાવ અને ગોપાળાનંદ સ્વામી પ્રત્યેનો મહિમા જોઈ નિત્યાનંદ સ્વામી શાંત થઈ ગયા. તેમણે સામે બેઠેલા પવિત્રાનંદ સ્વામીને પૂછ્યું : "પવિત્રાનંદ ! આ સ્વામી શું કહે છે ?"

ત્યારે પવિત્રાનંદ સ્વામીએ કહ્યું : "ઠીક કહે છે, કારણ કે ઓલ્યા દેશના સમોવડિયા તે આપણા દેશમાં આવીને આપણી મારફત ગોપાળ સ્વામીનું અપમાન કરાવીને ચાલ્યા જાય તે તો આપણું હીણું કહેવાય."

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! હું તો કાંઈ નહિ બોલું ને હું સભામાં આવીને હાથમાં માળા લઈને બેસીશ એટલે કોઈ બોલાવશે નહિ; કેમ જે, માળા ફેરવતાં હું બોલતો નથી એમ સૌ જાણે છે પણ ભગવદાનંદ બહુ ફફડ્યો છે તેને સમજાવો."

નિત્યાનંદ સ્વામીને લેશમાત્ર પણ આગ્રહ નથી તે જાણી સ્વામીશ્રીને

અત્યંત આનંદ થયો. પછી તેઓ ત્રિખૂણિયા બુરજમાં, જ્યાં ભગવદાનંદ સ્વામી ભણતા હતા ત્યાં ગયા. સ્વામીશ્રીને આવતા જોઈ ભગવદાનંદ સ્વામીએ સ્વામી સારુ ધાબળી પાથરી દીધી. પરંતુ સ્વામીશ્રીએ પગની ઠોકર મારી તે ધાબળી ફગાવી દીધી. તેથી ભગવદાનંદ સ્વામીએ હાથ જોડી પૂછ્યું : "સ્વામી ! આવડો કોપ શું ?"

એટલે સ્વામીએ કહ્યું : "આ શું ઠાઠ લઈને બેઠા છો ? ઓલ્યા દેશના આચાર્યને તેડાવ્યા છે અને અહીંના સાધુઓને પણ ભરમાવ્યા છે."

તે સાંભળી ભગવદાનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! એ તો કહ્યા વિના ચાલે તેમ નથી, કારણ કે ગોપાળાનંદ સ્વામીએ કોઈનો ભાર રહેવા દીધો નથી. વળી, કેશવજીવનદાસને સમાધિ કરાવી તેથી લોકોમાં કેટલુંય ખોટું દેખાયું છે અને સ્વામિનારાયણને ભૂત ઠરાવ્યા જેવું થયું છે. માટે એ તો કહેવું જ પડશે."

ભગવદાનંદ સ્વામીનો આવો આગ્રહ જોઈ, સ્વામીશ્રી કચવાયા. પછી કહ્યું : "ગોપાળાનંદ સ્વામી એકલા છે એમ જાણશો નહિ. માટે બોલવું રહેવા દ્યો."

એટલું કહી સ્વામીશ્રીએ કહ્યું : "મોટાનું અપમાન કરવા આ ઠાઠ રચીને બેઠો છું તે આંહીં તું મોટો છું પણ અક્ષરધામમાં હું મોટો છું. માટે જો આંહીં કાંઈ ઉન્મત્તાઈ કરીશ તો અક્ષરધામમાં તડકે ઊભો રાખીશ."

તે સાંભળી ભગવદાનંદ સ્વામીએ હસીને કહ્યું : "સ્વામી ! અક્ષરધામમાં તો તડકો જ નથી."

એટલે તરત જ સ્વામીશ્રીએ કહ્યું : "ભગવાન અન્યથાકર્તું છે તે તારા સારુ નવીન કરીશ."

સ્વામીશ્રીનો પ્રભાવ જોઈ ભગવદાનંદ સ્વામી નરમ પડી ગયા. પછી હાથ જોડી કહ્યું : "સ્વામી ! આપની શી મરજી છે ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "કાલે તમારે સભામાં આવવું નહિ, કેમ કે સભામાં આવશો તો બોલ્યા વિના રહેવાશે નહિ."

સ્વામીશ્રીની આ આજ્ઞા સાંભળી ભગવદાનંદ સ્વામીએ કહ્યું : "બહુ સારું. હું સભામાં આવીશ જ નહિ." આ પ્રમાણે સ્વામીશ્રીએ ગોપાળાનંદ સ્વામી ઉપર ઊપડેલી ઉપાધિ હળવી કરી.

પછી પોતે ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. તેમને બધી વાત કરી અને પછી કહ્યું : "તમે કાલે સભામાં આવશો નહિ." આટલું કહી પોતે આસને પધાર્યા.

બીજે દિવસે સવારે મંગળા પછી સભા થઈ. સૌ કોઈ અમદાવાદના આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને તેમના સાધુઓના આવવાની રાહ જોવા લાગ્યા, કારણ કે તેમના સિવાય સભામાં ગોપાળાનંદ સ્વામી જેવા મોટા સદ્‌ગુરુને કહે કોણ ? અયોધ્યાપ્રસાદજી મહારાજના સિગરામનું પૈડું રસ્તામાં નીકળી ગયું હોવાથી તેમને રસ્તામાં જ રોકાઈ જવું પડ્યું. અહીં સભામાં તેમની રાહ જોઈ સૌ થાક્યા. નિત્યાનંદ સ્વામી સભામાં પધાર્યા. પરંતુ માળા લઈને બેસી ગયા એટલે સૌએ જાણ્યું કે સ્વામી માળા ફેરવતાં બોલતા નથી એટલે નિત્યાનંદ સ્વામી હવે બોલશે નહિ. ભગવદાનંદ સ્વામી તો સભામાં આવ્યા જ નહિ એટલે છેવટે મંજુકેશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે "ધર્મદેવને પુત્ર કેટલા ?"

તે વખતે નિત્યાનંદ સ્વામી માળા ફેરવતા હતા એટલે તે બોલ્યા નહિ. ત્યાં ગુણાતીતાનંદ સ્વામી સભામાં પધાર્યા અને પૂછ્યું : "શું પ્રસંગ ચાલે છે ?"

એટલે કહ્યું : 'ધર્મદેવને પુત્ર કેટલા ?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ધર્મદેવના ત્રણ પુત્રો છે એ કોણ નથી જાણતું ?" એટલામાં અમદાવાદના આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા ત્યાંના સંત સહુ આવ્યા. આચાર્ય મહારાજ સભામાં પાટ ઉપર રઘુવીરજી મહારાજ પાસે બેઠા અને સંતો સૌ પોતપોતાની જગ્યાએ બેઠા. એટલે સ્વામીશ્રીએ વાતનો પ્રસંગ બદલતાં કહ્યું : "હજુ તો ધર્મામૃતના કરનારા બેઠા છે અને કહેનારા પણ છે, છતાં વધુ પદાર્થ રાખી ચોરીઓ કરે છે અને ધર્મામૃત લોપે છે. માટે તમો આદિ આચાર્ય છો અને અમે પણ શ્રીજીના મૂંડેલા સાધુઓ છીએ છતાં સાધુઓએ આજ્ઞા લોપવા માંડી એ કેવું કહેવાય ? માટે તમે ધર્મના આચાર્ય છો તે શુદ્ધ ધર્મ પ્રવર્તાવો. ત્યાગીને ધર્મામૃત પ્રમાણે ન વર્તાવો તો તમને ખોટ અને અમે તે પ્રમાણે ન વર્તીએ તો અમને ખોટ." એ પ્રમાણે સ્વામીશ્રીએ આખો પ્રસંગ બદલી નાખ્યો.

પરંતુ અયોધ્યાપ્રસાદજી મહારાજે તરત જ કહ્યું : "સ્વામી ! એ તો

સાચું, પણ તમે ઉપાસનાની બહુ આકરી વાતો કરો છો તેથી અવતાર માત્રને ઘસારો આવે છે.''

આ સાંભળી અમદાવાદ દેશના સાધુઓ પણ બોલી ઊઠ્યા : ''નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ અને શ્રીજીમહારાજ એ સહુ એકના એક જ છે. છતાં તમે તેને નોખા પાડો છો તે તમને કોણે કહ્યું ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''સ્વામિનારાયણે કહ્યું, બીજો કોણ કહેશે ? અમે તો પ્રથમથી જ જાણીએ છીએ અને કહીએ છીએ કે શું બાદશાહ અને ચાકર એ કાંઈ એક ગણાય ?''

એટલું કહી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું : ''આ તમારો જ દાખલો જુઓને. આ સાધુઓ સૌ તમને ધર્માદો લાવી આપે છે અને વળી અમારી સાથે પણ તમારે હેત છે. તો પણ ખજાનાની કૂંચી તો તમે કેશવપ્રસાદજીને સોંપી છે. તેમ સહજાનંદ સ્વામીએ પુરુષોત્તમપણાની કૂંચી તો અમને સોંપી છે. તેથી સર્વોપરી અને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને પૂર્વે થયા જે રામકૃષ્ણાદિક અવતાર, તેમજ સર્વે ઈશ્વરો, પ્રધાનપુરુષ અને મૂળ પ્રકૃતિપુરુષ વગેરે, સર્વના કારણ, સર્વના નિયંતા અને સર્વ થકી પર જે અક્ષરધામ તેના પતિ, અનાદિ સ્વયં પુરુષોત્તમ ભગવાન છે, તે જ ભક્તિ-ધર્મના પુત્રરૂપે પ્રગટેલા આ શ્રી સહજાનંદ સ્વામી છે. આ વાત અનંત જીવોને સમજાવી પ્રગટ પુરુષોત્તમના સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય કરાવવો, એ પુરુષોત્તમપણાની કૂંચી છે. બાકી તમને તો પૂજાવાની અને મનાવાની કૂંચી સોંપી છે તેથી પૂજાઓ છો.''

એ પ્રમાણે સ્વામીશ્રીની સપ્રમાણ અને સચોટ વાતો સાંભળીને સર્વ સભા આશ્ચર્યચકિત થઈ ગઈ. મહારાજનો મહિમા સાંભળી સૌ રાજી થયા.

તે સમયે તે સભામાં એક વિદ્વાન બ્રાહ્મણ બેઠો હતો. તેણે સભામાં ઊભા થઈને કહ્યું : ''આવી વાતો કરો છો તેથી સંત્સગિજીવનનો ગ્રંથ અને બીજાં શાસ્ત્રો ખોટાં થાય છે.''

તે સાંભળી નિત્યાનંદ સ્વામીએ માળા પડતી મૂકી કહ્યું : ''ભાઈ ! તું સાંભળ. નરનારાયણ, વાસુદેવનારાયણ, લક્ષ્મીનારાયણ અને રાધાકૃષ્ણ એ ચાર નિર્ગુણ સ્વરૂપ છે; અને બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ - એ છ સગુણ સ્વરૂપ છે. એ ચાર નિર્ગુણ અને છ સગુણ

મળીને દસ મૂર્તિઓ થઈ. એવી દસ દસ મૂર્તિઓ દરેક બ્રહ્માંડમાં છે. એવાં અસંખ્ય બ્રહ્માંડો અક્ષરબ્રહ્મના એક એક રોમ પ્રત્યે અણુની પેઠે ઊડતાં ફરે છે. એવું તો એ પુરુષોત્તમનારાયણનું ધામ છે. માટે કોટાનકોટી બ્રહ્માંડો અને કોટાનકોટી ભગવાન થયા. પણ તે સર્વેના ભગવાન શ્રી સહજાનંદ સ્વામી એક જ છે. માટે તે સહજાનંદ સ્વામી અને બીજા રામકૃષ્ણાદિક અવતારોને જે સરખા કહે છે તેને તો મહારાજના સ્વરૂપનું જ્ઞાન જ નથી. બીજા અવતારોને ભગવાન કહે છે તે તો અનાદિ ભગવાન સહજાનંદ સ્વામીને લઈને કહે છે. સર્વ અવતારના અવતારી અને અનાદિ સ્વયં ભગવાન તો એક સહજાનંદ સ્વામી જ છે. બીજો એ જેવો કોઈ છે નહિ અને થઈ શકે પણ નહિ.'' આ પ્રમાણે નિત્યાનંદ સ્વામીએ સિંહગર્જના કરી તેથી પ્રતિપક્ષીઓ દિગ્મૂઢ થઈ ગયા. એટલામાં શણગાર આરતીનો ડંકો થયો એટલે સૌ ઊઠ્યા.

ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું : ''આપણે સૌ મળ્યા નથી માટે ચાલો મળીએ.'' એટલે સૌ એકબીજાને મળ્યા અને પછી શણગાર આરતીનાં દર્શને ગયા.

બીજે દિવસે અયોધ્યાપ્રસાદજી મહારાજ અને અમદાવાદના સાધુઓ સૌ અમદાવાદ ગયા. આ પ્રમાણે સ્વામીશ્રીએ સદ્‌ગુરુઓના ટંટાનું સમાધાન કર્યું.

નથુ ભટ્ટને સ્વામીના રૂંવાડે અસંખ્ય બ્રહ્માંડો દેખાય છે

સંવત ૧૯૦૫ના ભીમ એકાદશીના સમૈયા ઉપર હરિભક્તો જૂનાગઢ આવવા લાગ્યા. આ પ્રસંગે દાડમાથી નથુ ભટ્ટ પણ સમૈયે આવ્યા. ઉતારો કરી સ્વામીશ્રીનાં દર્શન કરવા સભામંડપમાં આવ્યા, પરંતુ સ્વામીશ્રી ત્યાં ન હતા. તેથી સ્વામીશ્રીને તે ખોળવા નીકળ્યા. સ્વામીશ્રી તે વખતે વાડીમાં ઘાસના પૂળા પડેલા તેને એક જગ્યાએ નખાવી ગંજી કરાવતા હતા. પોતે પણ તે ઘાસના પૂળા ભેગા કરી ગંજી પાસે નાખતા હતા. એટલામાં નથુ ભટ્ટ ત્યાં આવ્યા. તેમણે સ્વામીશ્રીને અહીં ઘાસના પૂળા ફેરવતા જોયા એટલે આશ્ચર્ય પામી પૂછ્યું : ''સ્વામી ! આપ આ શું કરો છો ?''

તે સાંભળી સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : ''ખડનાં તરણાં ભેગાં

કરીએ છીએ. નથુરામ ! આવાં તરણાંની જેમ અસંખ્ય બ્રહ્માંડો અમારા એક એક રોમે અણુની જેમ ઊડે છે.'' એટલું કહી સ્વામીશ્રી નથુરામ સામે જોઈ રહ્યા.

એટલે તેણે કહ્યું : ''સ્વામી ! એ તો તમે દેખાડો તો મનાય. હું તો તમને મનુષ્યાકૃતિ દેખું છું.''

નથુ ભટ્ટને સ્વામીશ્રી અક્ષરધામનું સ્વરૂપ છે એ નિષ્ઠા હતી. પરંતુ જીવને જ્યાં સુધી અનુભવજ્ઞાન ન થાય ત્યાં સુધી તેની સંશયગ્રંથિ સમ્યક્ પ્રકારે તૂટતી નથી અને પ્રસંગે પ્રસંગે નવું નવું જોવાની ઇચ્છા રહ્યા કરે છે.

સ્વામીશ્રી તેનો મનોભાવ કળી ગયા અને કહ્યું : ''ભગવાન અને મોટા સંત મનુષ્ય જેવા દેખાતા હોય તો પણ તેમને દિવ્ય જાણવા.''

પછી સ્વામીશ્રીએ નથુ ભટ્ટને કહ્યું : ''આ આંબાના ઝાડ સામું જો. કાંઈ દેખાય છે ?''

નથુ ભટ્ટે આંબાના ઝાડ સામું જોયું, ત્યાં તો જેમ અસંખ્યાત અણુ ઊડતાં દેખાય તેમ ચિદાકાશમાં અનંત કોટી બ્રહ્માંડો ઊડતાં દેખાયાં. સર્વત્ર બ્રહ્માંડો જ દેખાયા કર્યાં.

આથી નથુ ભટ્ટ મૂંઝાયા. તેમને થયું 'હવે ક્યાં જવું ?' પછી સ્વામીશ્રીની પ્રાર્થના કરવા લાગ્યા. એટલે સ્વામીશ્રીએ તરત જ દર્શન દીધાં.

સ્વામીશ્રીને જોઈ નથુ ભટ્ટે કહ્યું : ''મહારાજ ! આપનું કહેવું સાચું છે. હવે મને અહીં અકળામણ થાય છે. માટે હું જ્યાં હતો ત્યાં મને પહોંચાડો.''

તેની આવી દીનવાણી સાંભળી સ્વામીશ્રીએ તેને કહ્યું : ''મારી પાછળ પાછળ ચાલ્યો આવ.''

એ પ્રમાણે તે સમાધિમાંથી જાગ્રત થયા અને સ્વામીશ્રીનાં ચરણકમળમાં નમી પડ્યા. તેમણે સ્વામીશ્રીને બે હાથ જોડી કહ્યું : ''મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરજો. આપ જે કરો છો તે સત્ય છે. પણ જીવદશા છે ત્યાં સુધી જીવને સંશય થયા કરે છે.''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા અને સૌ સંતો સાથે ધર્મશાળામાં પધાર્યા.

તે રાત્રે નિયમ, ચેષ્ટા થઈ રહ્યા પછી સ્વામીશ્રી પીલપાયે[૯૦] પોતાના આસન ઉપર બેઠા હતા. સ્વામીશ્રી સન્મુખ હરિભક્તો તથા સંતો બેઠા

૯૦. થાંભલે.

હતા. થોડી વાર સુધી સ્વામીશ્રી ખૂબ જ ગંભીર મુખાકૃતિ કરી જાણે ઊંડા ઊતરી ગયા હોય તેમ કોઈ સાથે કાંઈ પણ બોલ્યા નહિ અને આંખો મીંચી બેસી રહ્યા. પછી જાગ્રત થયા ત્યારે હરિભક્તોએ સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! આપ એવા કયા વિચારમાં ઊંડા ઊતરી ગયા હતા કે કોઈની સાથે કાંઈ બોલતા જ ન હતા ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમો અક્ષરધામમાં ગયા હતા. ત્યાં અમે મહારાજને વિનંતી કરી કહ્યું કે અમારે હવે તમારી પાસે રહેવું છે માટે મૃત્યુલોકમાંથી અમને તેડી જાઓ."

પરંતુ મહારાજે અમને કહ્યું: "હમણાં ધીરજ રાખો. જેમ તમને અમારી પાસે રહેવાની ઈચ્છા રહે છે, તેમ અમને પણ તમારી પાસે જ રહેવાની ઈચ્છા રહે છે. પરંતુ ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીની અરજી વહેલી આવી છે. તેથી હમણાં તો તેમને પહેલાં તેડી જાશું. તમને તો હજુ ત્યાં રાખવા છે."

મહારાજનું આ વચન સાંભળી અમે કહ્યું : "મહારાજ ! નિષ્કુળાનંદ સ્વામી અમારા સંગાથી હતા તેમને તો તમે તેડી ગયા. માટે અમને પણ હવે તેડી જાઓ. આ લોકમાં વધુ રહેવા અમારી ઈચ્છા નથી."

એટલું કહ્યું. પરંતુ મહારાજે તો અમારી વાત સાંભળી જ નહિ અને ઊલટું કહ્યું : "નિષ્કુળાનંદ સ્વામીને ૮૨ વર્ષ સુધી આ લોકમાં રાખ્યા. તો તમો પણ તેટલી ઉંમર થતાં સુધી આ લોકમાં રહો અને અમારા મહિમાનો વિસ્તાર કરો. તમારી વાતોથી સત્સંગમાં સારો સમાસ થાય છે." એમ મહારાજે બહુ જ આગ્રહ કરીને કહ્યું, એટલે અમે અહીં પાછા આવ્યા." સ્વામીશ્રીએ આ પ્રમાણે વાત કરીને પોતાને આ પૃથ્વી ઉપર રહેવાનો હેતુ સૌને સમજાવ્યો.

✧ ✧ ✧

નિત્યાનંદ સ્વામીને સ્વામી વાતુ કરે છે

આ જ વર્ષે ચોમાસામાં નિત્યાનંદ સ્વામી મહારાજની આજ્ઞા મુજબ જૂનાગઢ સ્વામીશ્રીનો સમાગમ કરવા આવ્યા. નિત્યાનંદ સ્વામી આવ્યા એટલે સ્વામીશ્રી સભામાં તેમની પાસે જ વાતો કરાવવા લાગ્યા. તેથી એક

દિવસ નિત્યાનંદ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! અમો અહીં તમારી વાતો સાંભળવા આવ્યા છીએ, પરંતુ તમો તો વાતો કરતા નથી અને મંદિરનું કામ કર્યા કરો છો. માટે આજે તો હવે ખરેખરી વાતો કરો.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''બધાને મારી વાતો સદે તેવી નથી.''

એટલે નિત્યાનંદ સ્વામીએ કહ્યું : ''તમો તો જોગી છો માટે તમારી વાતો તો સૌને સદે જ.'' વાતો સાંભળવાની નિત્યાનંદ સ્વામીની આવી ઉત્સુકતા જોઈ સ્વામીશ્રીએ વાતો શરૂ કરતાં કહ્યું :

ઉપાસનામાં ગુડિયું ન વાળો

''પૂર્વાશ્રમમાં અમો જ્યારે ઘેર હતા ત્યારે અમે શેરડીનો વાઢ કર્યો હતો. તેની ખેતી માટે બળદ ખરીદવા અમે જોડિયા બંદર ગયા હતા. ત્યાં એક ડોશી પાસે બે બળદ હતા. અમે તેની કિંમત પૂછી ત્યારે ડોશીએ એક બળદની કિંમત સાઠ કોરી કહી અને બીજાની કિંમત ત્રીસ કોરી કહી. એટલે અમે તેને પૂછ્યું કે ''આ બંને બળદ પહેલધરા, ધોળિયા, સરખા દાંતવાળા, પૂંછડે અને શિંગડે સરખા છે છતાં કિંમતમાં આટલો ફેર કેમ ?''

એટલે ડોશીએ કહ્યું : ''આ સાઠ કોરી કિંમતનો જે બળદ છે તે તો મારી ગાયનો સામો ધવરાવેલ વાછડો છે. એટલે સાઠ મણ ભાર હશે અને ગમે તેટલો ઢાળ હશે કે નદી આવશે પણ ગુડિયું નહિ વાળે. અને આ ત્રીસ કોરીવાળો બળદ મેં વેચાતો આણ્યો છે તેથી તેનો મને વિશ્વાસ નથી. આ કારણથી કિંમતમાં ફેર છે.''

પછી અમે તે પ્રમાણે કોરી ચૂકવી બંને બળદ ખરીદી લીધા. પછી તે ડોશી તે સામા ધવરાવેલ બળદને છેડો વાળી, પગે લાગી કહેવા લાગી : ''મારો ખીલો લજવીશ નહિ.'' એમ કહી તેની રાશ અમારા હાથમાં આપી.

એટલી વાત કરીને સ્વામીશ્રીએ કહ્યું : ''આ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે કે શ્રીજીમહારાજે આપણને સામા ધવરાવ્યા છે અને અર્ધી રાત આગલી અને અર્ધી રાત પાછલી એમ આપણને વાતો કરી પોતાનો મહિમા સમજાવ્યો છે. વળી, દર્શન અને પ્રસાદીનું સુખ પણ આપ્યું છે. માટે હવે આજ્ઞા ઉપાસનામાં ગુડિયું વાળવી નહિ અને ગુડિયું વાળીએ તો મહારાજનો ખીલો લાજે.''

એ પ્રમાણે ઘણી વાતો કરી. તે સાંભળી નિત્યાનંદ સ્વામી ઘણા જ રાજી થયા. આ પ્રમાણે જે જે સદ્‌ગુરુઓ જૂનાગઢ આવતા તેને સ્વામીશ્રી શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાની વાતો કરતા અને નિષ્ઠા દૃઢ કરાવી દેતા.

એક વખત સભામાં વાતો કરતાં સ્વામીશ્રીએ કહ્યું : ''બ્રહ્માનંદ સ્વામીનો જન્મ ખાણ ગામમાં શંભુદાન બારોટને ઘેર સંવત ૧૮૨૮માં થયો હતો. તેમની માતાનું નામ લાલબાદેવી હતું. સંવત ૧૮૮૮માં જેઠ સુદ દશમને દિવસે તેમણે મૂળીમાં દેહ મૂક્યો. દેહ મૂકતાં પહેલાં તેમણે કહ્યું હતું કે ''મારા અંત સમયે ગોપાળાનંદ સ્વામીને અને જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામીને ખાસ બોલાવશો.''

તે પ્રમાણે અમને ખબર મળ્યા એટલે અમો મૂળી પહોંચી ગયા. પરંતુ ગોપાળાનંદ સ્વામી બહુ વરસાદને લીધે મૂળી આવી શક્યા નહિ. અમને જોઈને સ્વામી બહુ જ રાજી થયા અને કહ્યું : ''સ્વામી ! હું તો ધામમાં જાઉં છું પણ તમો ધામમાં આવવાની ઉતાવળ કરશો નહિ. ધીરા રહેજો. શ્રીજીમહારાજનું પુરુષોત્તમપણું પ્રવર્તાવવા સારુ ગોપાળાનંદ સ્વામી રહ્યા છે અને તમારે પણ તે સારુ રહેવાનું છે. જે વાત પ્રવર્તાવવા સારુ આપણે ધામમાંથી આવ્યા છીએ તે વાત બરોબર પ્રવર્તાવીને પછી તમો ધામમાં આવજો.'' આ પ્રમાણે મોટા મોટા સદ્‌ગુરુઓને શ્રીજીમહારાજનો સર્વોપરી મહિમા પ્રવર્તાવવાનો આગ્રહ છે અને તેથી અમારે આ લોકમાં રહેવું પડે છે.'' એટલી વાત કરી ત્યાં આરતીનો ડંકો થયો એટલે દર્શને પધાર્યા.

ભીમ એકાદશીનો સમૈયો કરી લગભગ એક માસ સુધી નિત્યાનંદ સ્વામી જૂનાગઢ રોકાયા. પછી અષાઢી એકાદશી કરીને વરતાલ જવાનો વિચાર કર્યો ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''ગોપાળાનંદ સ્વામી વરતાલથી થોડા દિવસોમાં અત્રે પધારશે. માટે સ્વામી આવે ત્યાં સુધી રોકાવ.'' સ્વામીનાં અત્યંત પ્રેમભર્યાં વચન સાંભળી નિત્યાનંદ સ્વામીએ વરતાલ જવાનો સંકલ્પ બંધ કરી દીધો અને ત્યાં રોકાયા.

ગઢડાની સભામાં ગોપાળાનંદ સ્વામીનો પ્રશ્ન

ગોપાળાનંદ સ્વામી પણ નિયમની એકાદશી કરી વરતાલથી નીકળી

ગઢપુર પધાર્યા. ગોપાળાનંદ સ્વામી અહીં સભામાં હંમેશાં સવાર-સાંજ વાતો કરતા. એક દિવસ બપોરની સભામાં સ્વામીએ વાતો કરતાં કહ્યું : "શ્રીજીમહારાજે વરતાલના મહંત અક્ષરાનંદ સ્વામીને કર્યા, ધોલેરાના મહંત અદ્‌ભુતાનંદ સ્વામીને કર્યા અને પૂજાજીને મંદિરનો વ્યવહાર સોંપ્યો. અહીં ગઢડાના મહંત વિરક્તાનંદ સ્વામીને કર્યા. ભૂજમાં વૈષ્ણવાનંદ સ્વામીને મહંત કર્યા, અમદાવાદમાં સર્વજ્ઞાનાનંદ સ્વામીને મહંત કર્યા અને જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને કર્યા, પણ એ સૌમાં મંદિરનો ખરો વહેવાર કરતાં કોને આવડ્યો ?"

ગોપાળાનંદ સ્વામીનો આ પ્રશ્ન સાંભળી કોઈકે અક્ષરાનંદ સ્વામીનું નામ કહ્યું અને કોઈકે પૂજાજીનું નામ કહ્યું. એમ, સૌએ પોતપોતાની સમજણ પ્રમાણે કહ્યું.

તે સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "એ બધાને શું ધૂળ વહેવાર કરતાં આવડ્યો ? ખરો વહેવાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો કહેવાય, કેમ જે એમણે નાગરોની આટલી ઉપાધિમાં પણ મંદિર પૂરું કર્યું. મંદિરનો વહેવાર સુધાર્યો, આખા સોરઠ દેશમાં સત્સંગ ફેલાવ્યો, સાધુઓને ધર્મનિયમમાં વર્તાવ્યા, આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને રાજી કર્યા અને સાથે સાથે અખંડ કથાવાર્તા કરીને એક ક્ષણ પણ મહારાજની મૂર્તિને ભૂલ્યા નથી. માટે એવા સદ્‌ગુરુ તો આખા સત્સંગમાં નથી. તે તો સર્વજ્ઞ છે. સર્વદક્ષ છે અને ધન્વંતર વૈદ્ય જેવા છે."

આ પ્રમાણે ગઢપુરમાં સભામાં ગોપાળાનંદ સ્વામીએ સ્વામીશ્રીનો અપાર મહિમા કહ્યો.

ગોપાળાનંદ સ્વામી ગઢડાથી નીકળી અષાઢ ઊતરતાં જૂનાગઢ પહોંચી ગયા. અહીં સ્વામીશ્રીના આગ્રહથી તેમણે એક માસને બદલે વધુ રહેવા કબૂલ્યું. સ્વામીશ્રીનું અતિ હેતનું વચન ગોપાળાનંદ સ્વામી કદી ઉલ્લંઘતા નહિ. સ્વામીશ્રી પણ ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી જેવા બંને સદ્‌ગુરુઓ જૂનાગઢ રોકાયા તેથી અત્યંત રાજી થતા.

અહીં જન્માષ્ટમીનો સમૈયો દર વર્ષે અદ્‌ભુત થતો. આ વર્ષે પણ સમૈયા ઉપર દેશદેશના હરિભક્તો આવવા લાગ્યા. ભાદરાથી ડોસાભાઈ, રત્નાભાઈ, વશરામ સુથાર વગેરે મંડળ પણ આવ્યું હતું. ગોપાળાનંદ

સ્વામી ભાદરાના આ ભક્તમંડળને જોઈ અત્યંત રાજી થયા. સમૈયામાં આવેલા હજારો હરિભક્તોને ગોપાળાનંદ સ્વામીએ તથા સ્વામીશ્રીએ વાતો કરી, રાજી કરી દીધા. નિત્યાનંદ સ્વામી પણ સ્વામીશ્રીની શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની વાતો સાંભળી મણિધર નાગની જેમ ડોલતા અને અત્યંત રાજી થતા.

જૂનાગઢમાં ગોપાળાનંદ સ્વામી ભાદરાના ભક્તો પાસે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહેવરાવે છે

નવમીનાં પારણાં કરી સૌ હરિભક્તો વિખરાવા લાગ્યા. ભાદરાના હરિભક્તોને ગોપાળાનંદ સ્વામીએ રોક્યા. પછી ગોપાળાનંદ સ્વામીએ સભામાં સ્વામીશ્રીના અતિ અપાર મહિમાની વાતો કરી અને પાસે બેઠેલા જૂનાગઢના સાધુ સ્વામી રામદાસજી, માધવદાસજી, કેશવજીવનદાસજી, કેશવ ભગત, રણછોડ ભગત તેમજ કલ્યાણભાઈ, દેવજીભાઈ, લીલાભાઈ, અરજણભાઈ વગેરેને કહ્યું : "તમો બધા ગુણાતીતાનંદ સ્વામી ભેગા રહો છો, પણ તેમને જેવા છે તેવા ઓળખતા નથી. એ તો બહુ જ સમર્થ છે અને શ્રીજીમહારાજે શ્રીમુખે તેમનો મહિમા ઘણી વાર કહ્યો છે. અમને પણ એકાંતમાં મહારાજે કહ્યું છે કે "આ ગુણાતીતાનંદ સ્વામી મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે. વળી, આજે જેટલા મનુષ્યો અમારી કેડે ફરે છે તેટલા તેમની વાંસે ફરશે. માટે તમો સૌ આજથી આ પ્રમાણે સમજજો."

આ સાંભળી ભાદરાવાળા ડોસાભાઈએ કહ્યું : "મહારાજ જ્યારે ભાદરા પધાર્યા હતા, ત્યારે સ્વામીનો મહિમા તેમણે શ્રીમુખે કહ્યો હતો તે વાત હજુ સત્સંગમાં પ્રસિદ્ધ થઈ નથી."

તે સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજે સ્વામીનો જે મહિમા કહ્યો હોય તે વાત સભામાં કરો."

ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી ડોસાભાઈ, રત્નાભાઈ તથા વશરામ સુથારે, શ્રીજીમહારાજ ભાદરામાં એક માસ રોકાયા હતા અને દિવાળીનો ઉત્સવ ત્યાં કર્યો હતો તે પ્રસંગની વાત કરતાં કહ્યું કે ભાદરાના હરિભક્તોએ શ્રીજીમહારાજને જમાડવાના વારા કર્યા હતા. એક વખત સ્વામીશ્રી, જેમનું પૂર્વાશ્રમનું નામ મૂળજી મહારાજ હતું તેમને ત્યાં,

મહારાજ જમવા પધાર્યા. ત્યારે મૂળજી મહારાજનાં માતુશ્રીએ મહારાજને કહ્યું : "હે મહારાજ ! આ મૂળજી તો અખંડ તમને જ જોયા કરે છે અને તમ વિના બીજા કોઈની સામું જોતા પણ નથી."

તે સાંભળી મહારાજ મંદ મંદ હસવા લાગ્યા, પછી કહ્યું : "ડોશીમા ! આ મૂળજી જે તમારા પુત્ર રૂપે પ્રગટ થયા છે, તે તો અમારે રહેવાનું અક્ષરધામ સાક્ષાત્ છે. એ તો તમારા ગર્ભમાં આવ્યા પહેલાં, ગર્ભમાં આવ્યા ત્યારે અને હમણાં પણ અમારી મૂર્તિને ત્રણે અવસ્થામાં તૈલધારાવત્ અખંડ દેખે છે. અમારી મૂર્તિને એ ધારી રહ્યા છે. મનુષ્યોને તો ઠીક, પણ મોટા મોટા દેવોને પણ એ પ્રાપ્ત થવા દુર્લભ છે."

આ પ્રમાણે શ્રીજીમહારાજે મૂળજી મહારાજનો અપાર મહિમા તેમનાં માતુશ્રીના મિષે અમને બધાને કહ્યો હતો તે આજ આપની મરજી જોઈ આપની આગળ અમોએ કહ્યો.

આવી રીતે ગોપાળાનંદ સ્વામીએ પ્રથમ વાર જ સભામાં સ્વામીશ્રીના અક્ષરબ્રહ્મપણાની સૌને ઓળખાણ કરાવી. શ્રીજીમહારાજ પાસેથી દીક્ષા ગ્રહણ કરેલા, દાસપંક્તિના સાધુ સ્વામી રામદાસજી તથા માધવદાસજીએ એ વાતોનો પ્રચાર કર્યો. સ્વામી બાલમુકુન્દદાસજી તે વખતે રામદાસ સ્વામી સાથે રહેતા હતા. તેમણે પણ રામદાસ સ્વામી પાસેથી સ્વામીના અક્ષરબ્રહ્મપણાની આ વાતો સાંભળી સત્સંગમાં પ્રવર્તાવી છે.

આ વર્ષે ગોપાળાનંદ સ્વામી જૂનાગઢમાં લગભગ બે અઢી માસ રોકાયા. પછી જૂનાગઢથી નીકળી સ્વામી મેવાસા પધાર્યા. અહીં ઈન્દ્રજી વ્યાસને ઘેર ઉતારો કર્યો. ઈન્દ્રજી વ્યાસે સ્વામીને ભાવપૂર્વક રસોઈ કરી જમાડ્યા. આ અરસામાં તેમના બે પુત્રો - હરજીવનભાઈ તથા કૃષ્ણજી મહારાજ - વીરપુર હતા. સ્વામી પોતાને ઘેર પધાર્યા તે ખબર તેમને મળ્યા એટલે તરત જ તેઓ મેવાસા આવી ગયા. અહીં સ્વામીનાં દર્શન, સમાગમ અને સેવાનો લાભ લીધો. પરંતુ બે દિવસ મોડા અવાયું તેથી અફસોસ રહી ગયો. સ્વામીએ તેમને કહ્યું : "ફરી વખત લાભ મળશે." પછી સ્વામી મેવાસાથી નીકળી પાછા જૂનાગઢ પધાર્યા.

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો પ્રતાપ સૂર્યના પ્રકાશની જેમ વિસ્તાર પામતો ગયો અને સત્સંગના મોટા મોટા સદ્‌ગુરુઓ પણ

સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવવા લાગ્યા. દર વર્ષે મહારાજની આજ્ઞા અનુસાર જૂનાગઢ એક માસ રહીને ગોપાળાનંદ સ્વામી જ્યારે વરતાલ જતા ત્યારે સ્વામીના મહિમાની ત્યાં વાતો કરતા. આથી નિત્યાનંદ સ્વામી, શુકમુનિ વગેરે પણ જૂનાગઢ આવવા લાગ્યા. આ વર્ષે નિત્યાનંદ સ્વામી અગાઉથી આવ્યા હતા અને લગભગ એક માસ રહ્યા પછી વરતાલ જવાનો વિચાર કરતા હતા; એટલામાં ગોપાળાનંદ સ્વામીના આવવાના સમાચાર સાંભળી તેઓ રોકાઈ ગયા. ગોપાળાનંદ સ્વામી ગઢડા થઈને જૂનાગઢ પધાર્યા.

ત્યાર બાદ લગભગ એક માસ પછી વરતાલથી શુકમુનિ પણ સ્વામીશ્રીનો સમાગમ કરવા અને સોરઠ દેશમાં સ્વામીશ્રીએ પ્રવર્તાવેલ પ્રૌઢ પ્રતાપની ઝાંખી કરવા આવી ગયા. તેમને જોઈ સ્વામીશ્રીને અત્યંત આનંદ થયો. સ્વામીશ્રી જ્યારે જ્યારે વરતાલથી મોટા સદ્‌ગુરુઓ જૂનાગઢ આવતા ત્યારે તેમને લઈને સોરઠમાં ફરવા નીકળતા. સોરઠ દેશના હરિભક્તોને તેથી શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોની વાતો પણ સાંભળવા મળતી.

સ્વામીનું સોરઠ દેશમાં વિચરણ

આ પ્રસંગે પણ સ્વામીશ્રી સોરઠ દેશમાં ફરવા જવાનો વિચાર કરતા હતા તે દરમ્યાન વંથલીના હરિભક્તો કલ્યાણભાઈ તથા તેમના ત્રણ પુત્રો ડાહ્યાભાઈ, દેવજીભાઈ, શામજીભાઈ તથા લક્ષ્મીદાસ પટેલ વગેરે આ સદ્‌ગુરુઓને પોતાને ગામ પધારવા આમંત્રણ આપવા આવ્યા. તે વખતે સ્વામીશ્રી અને આ સદ્‌ગુરુઓ સભામાં વિરાજ્યા હતા.

વંથલીના હરિભક્તોએ ત્યાં આવી દંડવત્ કર્યા અને સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : "દયાળુ ! અમો આપને વંથલી આવવા આમંત્રણ આપવા આવ્યા છીએ. ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુક સ્વામી વગેરે સદ્‌ગુરુઓનાં દર્શન સમાગમનો આવો લાભ અમને ક્યારે મળે ?"

સ્વામીશ્રીએ તેમનો ભાવ જોઈ આમંત્રણ સ્વીકાર્યું અને બોલ્યા : "અમે સૌ સંતો હરિભક્તો મળી ૮૦૦ માણસો આવીશું તો ઉતારા-પાગરણ વગેરેની વ્યવસ્થા બરાબર રાખશો." કલ્યાણભાઈ આ સાંભળી

બહુ જ રાજી થયા અને તરત જ વંથલી જવા રવાના થયા.

બીજે દિવસે સ્વામીશ્રી ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુક સ્વામી વગેરે સૌ સંતમંડળ સાથે અને હરિભક્તોના સંઘ સાથે વંથલી જવા નીકળ્યા. બરાબર બાર વાગે સંઘ વંથલી પહોંચી ગયો. કલ્યાણભાઈએ તથા ગામના હરિભક્તોએ ધામધૂમથી સ્વાગત કર્યું. સ્વામીશ્રી તથા ત્રણ સદ્‌ગુરુઓ અને થોડા સાધુ મંદિરમાં ઊતર્યા, બીજા સંતો તથા હરિભક્તોને ગામમાં ઉતારો આપ્યો. તરત જ 'હરે' કર્યા અને સૌને જમવા બેસાડી દીધા. જમ્યા પછી સૌએ થોડો આરામ લીધો.

સાંજે ચાર વાગે સભા થઈ. તે સભામાં સ્વામીશ્રીએ શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોની અને સર્વોપરી સ્વરૂપની વાતો કરી.

એટલામાં આખાથી લાડુમાના બે દીકરા નરસી તથા માધવજી ત્યાં આવ્યા અને સભામાં દંડવત્ કરવા લાગ્યા. પછી સ્વામીશ્રી પાસે આવીને બે હાથ જોડી તેમણે કહ્યું : "સ્વામી ! માએ કહેવરાવ્યું છે કે આપ સંઘ લઈ આખા પધારો. અમે લોટ, દાળ, ખીચડી વગેરે તૈયાર રાખ્યાં છે. વળી, ઉતારાની સગવડતા પણ કરી છે. માટે, અહીંથી પરબારા આપ આખા પધારો."

લાડુમાનો અત્યંત ભાવ હતો એટલે આખા ગયા સિવાય છૂટકો ન હતો. સ્વામીશ્રી તેમને જવાબ દેવાનો વિચાર કરતા હતા ત્યાં માણાવદરથી ૫૦ ગાડાં લઈને હરિભક્તો સ્વામીશ્રીને તેડવા આવ્યા.

એટલે ગોપાળાનંદ સ્વામીએ તે બન્ને ભાઈઓને કહ્યું : "તમે આખા જાઓ અને લાડુમાને કહેજો કે અમો માણાવદર જઈને ત્યાંથી આખા આવીશું."

ગોપાળાનંદ સ્વામીની આ આજ્ઞા સાંભળીને બંને ભાઈઓ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરતા આખે ગયા. ત્યાં જઈને લાડુમાને બધી વાત કરી.

એટલે લાડુમાએ કહ્યું : "હું આંહીં બેઠાં બેઠાં બધાં લીલાચરિત્ર જોઉં છું. તમો સૌ સીધાસામગ્રીની ગોઠવણ કરો. લગભગ એક હજાર હરિભક્તો તથા સંતોનું રસોડું કરવાનું થશે." એ પ્રમાણે બધી તૈયારી આખામાં સૌ કરવા લાગ્યા.

મેઘપર ઉપર સ્વામીની કૃપા

સ્વામીશ્રી તથા સદ્‌ગુરુઓનો સંઘ માણાવદર જવા નીકળ્યો. રસ્તામાં મેઘપર આવ્યું એટલે સ્વામીશ્રીએ દયા કરી ત્યાં થોડીવાર રોકાવાનું નક્કી કર્યું. મેઘપરમાં શ્રીજીમહારાજનો અનન્ય શિષ્ય મૂળજી ભક્ત ત્યાંના બારોટોને હાથે જે દિવસે મરાયો તે દિવસથી જ શ્રીજીમહારાજે આ ગામનું પાણી હરામ કર્યું હતું. મૂળજી જેવા ભક્તની હત્યા થવાથી મહારાજની આ ગામ ઉપરથી રુચિ ઊતરી ગઈ હતી. ત્યારથી ગામમાં સૌનાં નૂર-તેજ ઊડી ગયાં હતાં. જમીનમાં પણ કાંઈ પાકતું ન હતું. વરસાદ પણ ગામની આજુબાજુ પડે પણ આ ગામની સીમમાં વરસાદનું એક ફોરું પણ પડતું ન હતું. આવી ભયંકર પરિસ્થિતિથી ગામના લોકો ત્રાસી ગયા હતા. તેથી તેઓએ બેત્રણ વાર જૂનાગઢ જઈ સ્વામીશ્રીને પ્રાર્થના કરી હતી કે "માબાપ ! અમારા ગામ ઉપર કાંઈક દૃષ્ટિ કરો તો અમારો દિનમાન સુધરે."

સ્વામીશ્રીએ તેમની આ અરજી ધ્યાનમાં રાખી હતી અને આ પ્રસંગે સૌ સદ્‌ગુરુઓ સાથે હતા એટલે મેઘપર ઉપર દૃષ્ટિ કરવા થોડી વાર રોકાવાનું નક્કી કર્યું.

સ્વામીશ્રી ગામમાં પધાર્યા છે તેવા સમાચાર મળતાં ગામના દરબાર અને ભાટ લોકો બધા એકદમ સ્વામીશ્રી પાસે આવ્યા. સૌ સદ્‌ગુરુઓને દંડવત્ કરી સ્વામીશ્રીને તેમણે પોતાનું દુઃખ નિવેદન કર્યું.

સ્વામીશ્રીએ તરત જ નિત્યાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ લોકોનું દુઃખ હવે ટાળો."

ત્યારે નિત્યાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ તો મારું દીક્ષાસ્થાન છે માટે આ ધરતી ઉપર કૃપા કરો. આપ અનુગ્રહ કરો એટલે શાપનું નિવારણ થાય અને લોકો બધા સુખી થાય."

તે સાંભળી ગોપાળાનંદ સ્વામીએ હસતાં હસતાં કહ્યું : "તમારે જે કહેવું હોય તે આ ગુણાતીતાનંદ સ્વામીને કહો. તેઓ દૃષ્ટિ કરશે તો સૌનું દુઃખ ટળી જશે."

એટલે નિત્યાનંદ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ ધરતી ઉપર આપ દૃષ્ટિ કરો એટલે શ્રીજીમહારાજ રાજી થાય અને આ ગામના

લોકો સુખી થાય. મારું આ દીક્ષાસ્થાન છે એટલે મારી ખાસ આગ્રહભરી આપને વિનંતી છે.''

સ્વામીશ્રીએ તેમની વાત સાંભળી બે હાથ ઊંચા કરીને સૌને આશીર્વાદ આપતાં કહ્યું : ''જાઓ, આ ધરતીમાં જે વાવશો તે ઊગશે. રસકસથી ધરતી ભરપૂર બનશે. વરસાદ સારા થશે. અને તમો સૌ સુખી થશો. કાળ, કર્મ અને માયા તેમજ દેશકાળનું વિપરીતપણું હવે ટળી જશે.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા અને મેઘપરવાસીઓનું ઘણાં વર્ષોનું દુઃખ ટાળ્યું. પછી તમામ સંઘ માણાવદર પહોંચ્યો. માણાવદરના હરિભક્તોએ પણ સમગ્ર સંઘ સારુ તમામ તૈયારીઓ કરી રાખી હતી.

આખાનાં લાડુમાનું સ્વામીને આમંત્રણ

અહીં ફરી લાડુમાએ પોતાના બે દીકરાઓને, સ્વામીશ્રી તથા સદ્‌ગુરુઓને આખા પધારવા આમંત્રણ આપવા મોકલ્યા. નરસી તથા માધવજીએ સભામાં આવી સ્વામીશ્રી તથા સદ્‌ગુરુઓને દંડવત્ કરી કહ્યું : ''સ્વામી ! લાડુમાએ કહેવરાવ્યું છે કે આપ હવે આખા પધારો.''

તેમની આ પ્રાર્થના સૌએ સાંભળી, પરંતુ આ જ વખતે પંચાળા દરબાર દાદાભાઈએ પોતાના કારભારીને સ્વામીશ્રી તથા સંતમંડળને પંચાળા પધારવા આમંત્રણ આપવા મોકલ્યા હતા, તે ત્યાં સભામાં આવ્યા. તેમણે દરબાર દાદાભાઈ તરફથી સંઘને પંચાળા પધારવાનું આમંત્રણ આપ્યું.

આથી સ્વામીશ્રી તો કાંઈ બોલ્યા નહિ. પરંતુ સૌએ સર્વાનુમતે નક્કી કર્યું કે પ્રથમ પંચાળા જવું અને પછી આખા જવું. તે પ્રમાણે નરસી તથા માધવજીને કહ્યું. તેથી તે બંને ભાઈઓ નિરાશ થઈ ગયા.

તેઓ આખા આવ્યા અને લાડુમાને સર્વ હકીકત નિવેદન કરી. આ સાંભળી લાડુમાને દુઃખ થયું. પરંતુ ધીરજ રાખી તેમણે તરત જ કહ્યું : ''કાંઈ નહિ. મહારાજની ઇચ્છા હશે તેમ થાશે. આપણે તો કાલે ઉપવાસ છે માટે એક ખાંડી રતાળુ મંગાવો અને દૂધ, દહીં અને સાકરનો ભૂકો વગેરે તૈયાર રાખો. મહારાજ આપણી અરજી સાંભળશે.'' લાડુમાના વચનમાં સૌને વિશ્વાસ હતો એટલે તે પ્રમાણે બધો સામાન તૈયાર રાખ્યો.

બીજે દિવસે સવારે રતાળુ બફાવ્યાં. દસ મણ દૂધ તથા દહીં વગેરે

પણ મંગાવી લીધાં. સાકર ખાંડીને તૈયાર રાખી. લાડુમા તો સ્નાન કરી તરત જ મંદિરમાં આવ્યાં અને અહીં મહારાજની મૂર્તિ સામે બેસી, મહારાજને અરજ કરતાં કહ્યું : "કૃપાનાથ ! આપ ધામમાં પધાર્યા પછી અમારા જેવા ગરીબ સત્સંગીઓનું હવે કોઈ રહ્યું નથી. માટે આપ કૃપા કરો તો અમારા મનોરથો પૂરા પડે."

લાડુમાની અરજી મહારાજે સાક્ષાત્ સાંભળી અને મંદ મંદ હસતા મહારાજે કહ્યું : "મા ! તમારું ધાર્યું થશે." લાડુમાને શ્રીજીમહારાજનાં કૃપા વચનથી શાંતિ થઈ.

માણાવદરથી ૫૦ ગાડાં પંચાળા જવા વહેલી સવારે ત્રણ વાગે નીકળ્યાં. દિવસ ઊગતે સૌ બાલાગામ પહોંચ્યા. અહીંથી પંચાળા જવાનો રસ્તો જુદો પડતો હતો. બળદો પંચાળાને રસ્તે જવાને બદલે આખાના રસ્તે ચાલવા લાગ્યા. તરત જ બળદોને પંચાળાના રસ્તે બળજબરીથી ગાડાંવાળાઓ ખેંચવા લાગ્યા. તો તે રસ્તે બળદો એક તસુ પણ ખસ્યા નહિ. એટલે સ્વામીશ્રી હસવા લાગ્યા.

તેથી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું : "સ્વામી ! કેમ હસો છો ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "આખામાં લાડુમાએ આપણે માટે એક ખાંડી રતાળુ, દૂધ, દહીં, ખાંડેલી સાકર વગેરે ફરાળ તૈયાર રાખ્યું છે અને સમાધિમાં મહારાજને અરજી કરી છે. એટલે આપણે હવે પંચાળા જઈ શકશું નહિ."

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! પ્રથમથી જ કહ્યું હોત તો આપણે પંચાળા પછી જાત."

પછી સ્વામીશ્રીએ ગાડાંવાળાને કહ્યું : "તમે બળદની રાશ છૂટી મૂકી દ્યો. તેમને જે રસ્તે જવું હશે તે રસ્તે જશે."

આ પ્રમાણે બળદની રાશ છૂટી મૂકી દીધી એટલે બળદ એની મેળે આખાને રસ્તે ચાલવા લાગ્યા. લગભગ નવ વાગે સંઘ આખે પહોંચ્યો.

સ્વામીએ ગામના પાદરમાં ગાડાં રોકીને ભાયાવદરવાળા કેશવ ભગતને કહ્યું : "તમે લાડુમાને ઘેર જઈને તેમને દંડવત્ કરવા માંડજો. લાડુમા ગમે તેટલું બોલે, તમને વઢવા માંડે તો પણ તમારે બોલવું નહિ. દંડવત્ કર્યા કરવા."

તે આજ્ઞા થતાં કેશવ ભગત લાડુમાને ઘેર આવ્યા અને માને દંડવત્ કરવા માંડ્યા. લાડુમા તેને જોઈને એકદમ વઢવા માંડ્યાં : "તમે બધા હવે અમારું કાંઈ રાખતા નથી. અમારે ઠેઠ અક્ષરધામમાં શ્રીજીમહારાજને ફરિયાદ કરવા જવું પડે તે ઠીક નહિ."

આમ, લાડુમા ઘણું વઢવા માંડ્યાં. પણ કેશવ ભગત તો હસતા જાય અને દંડવત્ કરતા જાય. ત્યારે લાડુમાએ જાણ્યું કે ભગતને સ્વામીશ્રીએ શીખવીને મોકલ્યા લાગે છે, એટલે એકદમ શાંત થઈ ગયાં. પછી ભગતને કહ્યું : "ઉતારા પાગરણનો બંદોબસ્ત કર્યો છે. ફરાળ પણ તૈયાર છે. માટે સ્વામીશ્રીને કહો કે હવે ગામમાં પધારે."

તે પ્રમાણે કેશવ ભગતે સમાચાર આપ્યા એટલે સૌ સંઘ ગામમાં આવ્યો. ઉતારા કર્યા. ફરાળની આવી મોટી તૈયારી જોઈ સૌ સદ્ગુરુઓ રાજી થયા. નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકમુનિ વગેરે સૌ રાજી થયા. સૌએ ફરાળ સારી રીતે કર્યું.

અહીં બપોરે સ્વામીશ્રીએ આખાના મહિમાની ઘણી વાતો કરી. સાંજે ચાર વાગે લાડુમાએ ફરી તેના બંને દીકરાને મંદિરમાં સ્વામીશ્રી પાસે મોકલ્યા અને કહેવરાવ્યું કે "આવતી કાલે સંઘ માટે અમે પાકી રસોઈનો બંદોબસ્ત કર્યો છે એટલે સૌને કાલે જમાડવા છે. ધોતિયાં ઓઢાડવાં છે. ત્યાર બાદ બપોર પછી સંઘને જવાની રજા આપીશું."

સ્વામીશ્રીએ કહ્યું : "બહુ સારું."

સૌ સદ્ગુરુઓ લાડુમાનો આવો ભાવ જોઈ રાજી થયા.

બીજે દિવસે ચૂરમાના લાડુ, અડદની દાળ, ખીચડી વગેરે તૈયાર કરાવી સૌને જમાડ્યા. ઉપર દૂધ, દહીં સારી રીતે પીરસ્યાં. પછી સૌ સંતોની કેસરચંદનથી પૂજા કરાવી, ધોતિયાં ઓઢાડી, સંઘને પંચાળા જવાની રજા આપી. આ પ્રમાણે લાડુમાના અપ્રતિમ પ્રેમનું આ પ્રસંગથી સૌ સદ્ગુરુઓને દર્શન થયું.

✧ ✧ ✧

દાડમાના નથુ ભટ્ટે કપટ કર્યું

સંવત ૧૯૦૬ના કાર્તિક સુદ એકમનો અન્નકૂટનો સમૈયો જૂનાગઢ

કરી સ્વામીશ્રી ત્યાંથી ગામડામાં ફરવા નીકળ્યા. સ્વામીશ્રી બાબરિયાવાડમાં ફરતાં ફરતાં ગામ દાડમાની આજુબાજુનાં ગામડાંમાં ફરવા લાગ્યા. સ્વામીશ્રીનાં દર્શન કરવા દાડમાથી નથુ ભટ્ટ આવ્યા. તેમણે સ્વામીશ્રીને વિનંતી કરી કહ્યું : "દયાળુ ! દાડમા પધારો તો સૌને સેવા સમાગમનો લાભ મળે."

આ ભોળા બ્રાહ્મણનો ભાવ જોઈ સ્વામીશ્રી અંતરમાં તો ખૂબ રાજી થયા. પરંતુ તેના પ્રેમના પૂરને રોકવા થોડો રોષ ગ્રહણ કરી સ્વામીશ્રી બોલ્યા : "તમે પાકી રસોઈ કરાવો છો અને હદ ઉપરાંત પ્રેમ કરો છો માટે રોટલા દાળની સાદી રસોઈ કરાવો તો આવીએ."

આ સાંભળી નથુ ભટ્ટે તરત જ હા પાડી અને કહ્યું : "માબાપ ! આપ જેમ રાજી થશો તેમ કરશું." પછી સ્વામીશ્રી તેની સાથે દાડમા પધાર્યા.

બીજે દિવસે નથુ ભટ્ટે ચાલીસ રોટલા શેર શેરના ફુલાવીને કરાવ્યા અને તેમાં પાશેર પાશેર ઘી નાખી, ઉપર માંડો દાબી દીધો. પછી રોટલા સૌ સાધુને પીરસ્યા. સ્વામીશ્રીના પત્તરમાં રોટલો પીરસ્યો. સ્વામીશ્રીએ તે ભાંગ્યો ત્યાં તો તેમાંથી ઘીની પિચકારી છૂટી.

તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : "કપટી બ્રાહ્મણ ! કપટ કર્યું ને ? આના કરતાં લાડવા શું નરસા હતા ?" પછી સ્વામીશ્રી તેમાં છાશ નાખી ચોળીને જમી ગયા. પરંતુ જમતાં જમતાં પણ વઢતા જાય અને કહેતા જાય કે "આવો પ્રેમ ન કરવો. સાધુને તો સાદું ભોજન જોઈએ."

આ પ્રમાણે નથુ ભટ્ટનો મનોરથ પૂરો કરી સ્વામીશ્રી ત્યાંથી નીકળી બીજે ગામ પધાર્યા.

ગોપાળાનંદ સ્વામી કેશવજીવનદાસને સ્વામી અક્ષર છે તે સમજાવે છે

આ જ વર્ષના ફાગણ માસમાં ગોપાળાનંદ સ્વામી ગુજરાતમાં ફરતાં ફરતાં નાવલી ગામે પધાર્યા. અહીં તેમના શિષ્ય હિંદુસ્તાની સાધુ કેશવજીવનદાસ આવ્યા અને સ્વામીને દંડવત્ કરી પાસે બેઠા. પછી રડતાં રડતાં સ્વામીને તેણે કહ્યું : "સ્વામી ! અમદાવાદ દેશના સાધુ મને કહે છે કે મારું કલ્યાણ નહિ થાય, મને અક્ષરધામ નહિ મળે, કારણ કે હું

અમદાવાદ દેશનો છું છતાં આપની સાથે વરતાલ રહું છુ.''

ગોપાળાનંદ સ્વામી આ સાંભળી હસ્યા. પછી કેશવજીવનદાસને સાંત્વન આપતાં તેમણે કહ્યું : ''કેશવ ! તું શું કામ મૂંઝાય છે ? હું બંને દેશનો મોટેરો છું. માટે તને હું છતી દેહે અક્ષરધામ સાક્ષાત્ આપીશ.'' એમ કહી તેને વાંસે હાથ ફેરવ્યો. પછી સ્વામી સાથે કેશવજીવનદાસ વરતાલ આવ્યા.

અહીં ચૈત્રી પૂનમનો સમૈયો કરવા જૂનાગઢથી દર વર્ષના નિયમ પ્રમાણે સ્વામીશ્રી પધાર્યા. સ્વામીશ્રીના આગમનથી વરતાલમાં જાણે ઉત્સાહનાં પૂર ઊમટતાં હોય તેવો અનેરો ઉમંગ સત્સંગીઓમાં પ્રવર્તી જતો. સ્વામીશ્રી પણ જેટલા દિવસ વરતાલ રહેતા તેટલા દિવસ અખંડ વાતો કરી, શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા સૌને દૃઢ કરાવતા.

એક દિવસ સ્વામીશ્રી સભામાં વાતો કરતા હતા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તેમના સાધુ કેશવજીવનદાસને બોલાવ્યા અને સ્વામીશ્રી તરફ આંગળી ચીંધી કહ્યું : ''કેશવ ! નાવલીમાં મેં તને કહ્યું હતું કે હું તને છતી દેહે અક્ષરધામમાં બેસારીશ તે વાત યાદ છે ને ?''

ત્યારે કેશવજીવનદાસે કહ્યું : ''હા સ્વામી !''

એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''આ ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજના અક્ષરધામનો અવતાર છે. માટે આજથી તું તેમની ભેગો રહેજે. તેઓ તને બરોબર વાતો કરી મહારાજના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન આપશે. વાતો કરતાં તેમનું માથું દુખતું નથી અને મારું તો માથું દુઃખી જાય છે.''

એટલું કહ્યું ત્યાં સ્વામીશ્રીએ વાતો પૂરી કરી. એટલે ગોપાળાનંદ સ્વામી કેશવજીવનદાસને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આ કેશવજીવનદાસ તમને સોંપ્યા. તેને જૂનાગઢ રાખજો અને મહારાજની સર્વોપરી નિષ્ઠા કરાવજો.''

ગોપાળાનંદ સ્વામીની આ કળાથી સ્વામી હસ્યા.

આ રીતે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પોતાના યોગમાં આવેલા ૧૧૦ ત્યાગી-ગૃહીને જૂનાગઢ મોકલ્યા ને ગુણાતીતાનંદ સ્વામીમાં જોડ્યા હતા, ઓળખાવ્યા હતા.

સ્વામીશ્રી ગોપાળાનંદ સ્વામીનો સિગરામ હાંકે છે

ચૈત્રી પૂનમનો સમૈયો કરી સ્વામીશ્રી તથા ગોપાળાનંદ સ્વામી વરતાલથી જેઠ માસમાં નીકળ્યા. વરતાલથી ફરતાં ફરતાં સારંગપુર પધાર્યા. પછી બોટાદ થઈને ગઢડે પધાર્યા. અહીં આવ્યા પછી ગોપાળાનંદ સ્વામીની તબિયત અસ્વસ્થ થઈ ગઈ. પરંતુ સ્વામીશ્રી સાથે જૂનાગઢ જવાનું હતું એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "આ કાઠિયાવાડની પથરાળ ભૂમિમાં ગાડાની મુસાફરી મારાથી ખમાતી નથી. માટે કોઈને ગાડું સારું ચલાવતાં આવડે તો સુખરૂપ જૂનાગઢ પહોંચાય."

એટલે સ્વામીશ્રીએ તરત જ કહ્યું : "સ્વામી ! મને હાંકતાં સારું આવડે છે. માટે આપને સિગરામમાં ગાદલાં પાથરીને બેસાડીશું અને સિગરામ એવું ચલાવીશ કે ખાડા ખડિયા જણાશે નહિ." ગોપાળાનંદ સ્વામી સ્વામીશ્રીનાં આ હેતનાં વચન સાંભળી અત્યંત રાજી થયા.

ભગવાનને પોતાના ભક્ત પ્રત્યેનો અપૂર્વ પ્રેમ દર્શાવતો આવા પ્રસંગનો ઈતિહાસ પ્રથમ શ્રીકૃષ્ણે અર્જુનના સારથિ બનીને સર્જ્યો. પછી શ્રીજીમહારાજે દાદાખાચરનો રથ હાંક્યો અને ભટવદર દાદાખાચરને પરણાવવા પધાર્યા. આજે એ જ ઈતિહાસનું પુનરાવર્તન સ્વામીશ્રીએ પોતાના પરમપ્રિય સખા અને પોતાનો મહિમા પ્રવર્તાવનાર ગોપાળાનંદ સ્વામીના સારથિ બનીને કર્યું. ગોપાળાનંદ સ્વામીને સિગરામમાં સુવાર્યા. સ્વામીશ્રી વાતો કરતા જાય અને સિગરામ ચલાવે. ગોપાળાનંદ સ્વામી પ્રેમપૂર્વક સ્વામીની વાતો સાંભળે અને એ લીલાનું ધ્યાન કરે.

ગઢડેથી નીકળી પ્રથમ મેંગણી પધાર્યા. અહીંના દરબાર માનભાને વાતો કરી. તેમને સત્સંગી કર્યા. પછી મેંગણીથી નીકળી મેવાસા પધાર્યા. અહીંના હરિભક્તો ઈન્દ્રજી વ્યાસ, હરજીવનભાઈ, કૃષ્ણજી વ્યાસ તથા માળિયાવાળા ગોવિંદજી વગેરેએ સામા જઈ સામૈયું કર્યું. બંને સદ્‌ગુરુઓને રોક્યા. આમ કથાવાર્તા, દર્શન અને સેવાનું સંપૂર્ણ સુખ લીધું અને આગળની ખોટ ભાંગી નાખી. મેવાસા થોડા દિવસો રોકાઈને બંને સદ્‌ગુરુઓ જૂનાગઢ પધાર્યા.

અહીં ગોપાળાનંદ સ્વામી ચાતુર્માસ રોકાયા. સ્વામીશ્રીના

અક્ષરબ્રહ્મપણાની ઘણી વાતો કરી. જન્માષ્ટમીના સમૈયાની સભામાં વાતો કરતાં ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "વરતાલમાં ચાર આની અને ગઢડામાં આઠ આની વાતો થાય છે પણ પેટ ભરીને પૂરેપૂરી વાતો તો જૂનાગઢમાં થાય છે." આમ, પ્રસંગે પ્રસંગે ગોપાળાનંદ સ્વામી, સ્વામીશ્રીનું અક્ષરબ્રહ્મપણું ઓળખાવવાનું ચૂકતા નહિ.

લાલાભાઈને ઇન્દ્રે દર્શન દીધાં

જન્માષ્ટમીનો સમૈયો કરી લાલાભાઈ ઉપલેટા પોતાને ઘેર ગયા. એક દિવસ લાલાભાઈ ખેતરે સૂતા હતા. તે વખતે હાથી પર બેસી ઇન્દ્રદેવ આવ્યા અને લાલાભાઈને દર્શન દીધાં. ઇન્દ્રે લાલાભાઈને કહ્યું : "લાલાભાઈ ! અમને ત્રણ વસ્ત્ર તમારે આપવાં."

તે સાંભળી લાલાભાઈએ કહ્યું : "મારી બધી મિલકત જૂનાગઢના ગુણાતીતાનંદ સ્વામીની છે એટલે મારે વસ્ત્ર આપવાનું હોય તો હું ત્યાંના સાધુઓને આપું. પણ સ્વામીને પૂછ્યા વિના તમને મારાથી અપાય નહિ."

આ સાંભળી ઇન્દ્ર ગુસ્સે થયા. તેણે તે જ ભાવમાં કહ્યું : "લાલાભાઈ ! હું ઠીક કહું છું. તમે મને વસ્ત્ર આપો."

પરંતુ લાલાભાઈએ તો તેનું કાંઈ સાંભળ્યું નહિ અને જાણે સૂવાની તૈયારી કરતા હોય તેમ પથારીમાં લંબાવ્યું.

ત્યાં ઇન્દ્રે ફરીથી કહ્યું : "લાલાભાઈ ! પરિણામ સારું નહિ આવે."

એટલે લાલાભાઈએ કંટાળીને કહ્યું : "ધાર્યું તો એક સ્વામિનારાયણ ભગવાનનું થાય છે. માટે અમથી બીક બતાવવાનું રહેવા દ્યો." એમ કહી ફરી કંઈ ન સંભળાય એટલા માટે પથારીમાં સૂઈ ગયા.

ઇન્દ્ર તો કોપ્યો. ત્યાંથી સીધો ઉત્તર દિશામાં ગયો. બીજા સ્વરૂપે પૂર્વ દિશામાં ગયો. બંને દિશામાં ઉપરવાસ દસ ગાઉ ઉપર એવો તો મેઘ મંડાયો કે જાણે આખું ઉપલેટા જળબંબાકાર થઈ જશે.

લાલાભાઈએ મેઘાડંબર જોયો અને તરત જ ગામમાં જઈ સૌને કહ્યું : "હમણાં કોઈ ગામ બહાર જશો નહિ."

પરંતુ લાલાભાઈના બે બળદ ભાદર કાંઠે ચરવા ગયા હતા અને ઈસરા ગામને પાદર કાંપમાં ખૂંતી ગયા હતા. ઇન્દ્રના કોપથી વરસાદ ખૂબ વરસ્યો.

એ વરસાદના પાણીના જોરથી વહેતા પ્રવાહથી કાંપમાં ખૂંતી ગયેલા, લાલાભાઈના બંને બળદ નીકળી ગયા. પણ બંને બાજુની નદીમાં પુષ્કળ પૂર આવ્યું હતું તેથી ઉપલેટા પહોંચવું મુશ્કેલ હતું. ઉપલેટા હમણાં તણાઈ જશે એમ સૌને લાગ્યું.

લાલાભાઈએ સૌને કહ્યું : "કોઈ ગભરાશો નહિ. સ્વામીને સંભારો. મહારાજ રક્ષા કરશે."

ઉપલેટા તણાતું બચી ગયું

બરાબર આ જ સમયે સ્વામીશ્રીએ જૂનાગઢમાં સભામાં સૌ સાધુઓને કહ્યું : "આજે ઉપલેટા તણાવા લાગ્યું છે. આજુબાજુની બંને નદીઓમાં પૂર આવ્યું છે. માટે સૌ ભજન કરો."

શ્રીકૃષ્ણના ઐશ્વર્યથી ઇન્દ્રનો પરાભવ થયો હતો, પરંતુ તેનો મદ ઘવાયો ન હતો. ધૂંધવાયેલા અગ્નિ સમાન ઇન્દ્રને મદનો પ્રકોપ થયો. તેને થયું કે લાલાભાઈનો પરાભવ કરી હું સ્વામિનારાયણની હાંસી કરીશ. પરંતુ પ્રકૃતિ અને પુરુષના ઝંઝાવાતને પોતાના એક પ્રદેશમાં લીન કરી નાખનાર અક્ષરબ્રહ્મના અમોઘ ઐશ્વર્યનો તેને ખ્યાલ ન રહ્યો. તેથી જ અક્ષરના પણ પતિ અને આધાર એવા, પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની વિડંબના કરવાનું તેણે સાહસ કર્યું. સ્વામીશ્રીમાં અમોઘ ઐશ્વર્ય હતું, છતાં સ્વામિનારાયણ મંત્રનો પ્રતાપ દેખાડવા તેમણે સ્વામિનારાયણ મહામંત્રનું ભજન આદર્યું. મેઘના ગડગડાટને પણ લીન કરી નાખે એવો બ્રહ્મનાદ સંતોએ જગાવ્યો. ઇન્દ્રનો ઐરાવત ભાગ્યો. કાકભૂષંડી ઋષિની પાછળ જેમ બાળ ભગવાન રામનો હાથ પડ્યો હતો તેમ સ્વામિનારાયણ મંત્રનો દાવાગ્નિ ઇન્દ્રની પાછળ પડ્યો. ઇન્દ્ર હાર્યો. આકાશ સ્વચ્છ થઈ ગયું. ઉપલેટા તણાતું બચી ગયું.

અમે તને અક્ષરધામનું બારણું બતાવીએ

આ જ અરસામાં મંદિરની 'કોળી'[૯૧] પાસે સ્વામીશ્રીએ મોટી જાળી નખાવી. પરંતુ તેમ કરતાં સુખશય્યાનું દ્વાર જાળીની બહાર રહી ગયું. તેથી

૯૧. મંદિરના ગર્ભગૃહની બહારનો દર્શનાર્થીઓ માટેનો વિભાગ.

બ્રહ્મચારીને સુખશય્યાના ઓરડામાં જવું હોય તો કોળીમાંથી બહાર આવીને જવું પડે. સ્વામીશ્રીને આ ઠીક ન લાગ્યું. બ્રહ્મચારી નિજ મંદિરમાંથી જ સુખશય્યામાં જઈ શકે તેમ થવું જોઈએ. એક દિવસ જામનગરના એક હરિભક્ત પમા કડિયા દર્શને આવ્યા. તેને જોઈ સ્વામીએ તેને કહ્યું : "આ સુખશય્યાનું બહારનું બારણું બંધ કરી જો તું અંદર બારણું મૂકી આપ, તો અમે તને અક્ષરધામનું બારણું બતાવીએ."

આ હરિભક્તે સ્વામીશ્રીનું વચન તરત ઝીલ્યું. બે દિવસ રોકાઈને નિજમંદિરમાંથી સુખશય્યામાં જવાય તે પ્રમાણે બારણું મૂકી દીધું. તેની આ સેવાથી સ્વામીશ્રી બહુ જ રાજી થયા અને તેને આશીર્વાદ આપતાં કહ્યું : "પમા, તેં આ બારણું કરી આપ્યું તેથી અમો બહુ જ રાજી થયા છીએ. તારે હવે અક્ષરધામનું બાર જોવું છે ?"

ત્યારે પમાએ હાથ જોડી કહ્યું : "દયાળુ ! દેખાડો તો જોવું છે."

પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : "મારી સામે જો."

એટલે પમાએ સ્વામીશ્રી સામું જોયું. ત્યાં તો તેજનો સળંગ માર્ગ દેખાયો અને તે તેજમાં તેણે સ્વામીશ્રીને જોયા.

પછી તેણે સ્વામીને પૂછ્યું : "સ્વામી ! મહારાજ ક્યાં છે ?"

સ્વામીએ કહ્યું : "જો, આ સિંહાસનમાં મહારાજ વિરાજેલા છે."

એટલું કહ્યું ત્યાં તો પમાને મહારાજનાં દર્શન થયાં. આ પ્રમાણે સ્વામીશ્રીની કૃપાથી પમાએ અક્ષરધામનું સુખ ઘણી વાર સુધી લીધું. મહારાજનાં પણ સાક્ષાત્ દર્શન થયાં.

પછી તે સમાધિમાંથી જાગૃત થયો ત્યારે તેણે સ્વામીશ્રીને તેની સામે બેઠેલા જોયા. પમાને જોઈ સ્વામીશ્રી હસ્યા. ત્યારે પમાએ હાથ જોડી સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! ધામ તો તમે જ દેખાઓ છો."

એ સાંભળી સ્વામીશ્રી હસ્યા અને કહ્યું : "પમા ! ધામ તો અમે જ છીએ. જો એમ મનાય તો."

પછી સ્વામીશ્રી ઊઠ્યા અને 'પ્રશ્નોત્તરસાગર' નામની એક ચોપડી લઈ સ્વામીશ્રીએ તે પમાને આપી કહ્યું : "પમા ! લે, આ અમારું સંભારણું." બીજે દિવસે સ્વામીશ્રીએ પમાને ઘેર જવાની રજા આપી.

✧ ✧ ✧

શ્રીજીમહારાજની સેવામાં જે પાર્ષદો હતા તેમાંના ઘણાખરાએ મહારાજ ધામમાં પધાર્યા પછી સાધુની દીક્ષા લીધી હતી. શ્રીજીમહારાજની સેવા તો ખૂબ જ ભાવથી તેમણે કરેલ, પરંતુ સંતસમાગમ વિના સમજણની ખામી રહી હતી. મહારાજના સમયમાં પણ જ્યારે કથાવાર્તા થતી હોય ત્યારે તેઓ આનંદપ્રમોદની વાતો કરતા. મહારાજની લીલાની વાતો થતી હોય ત્યારે કહેતા કે "અમે તો મહારાજ ભેગા જ છીએ એટલે અમારી આ બધી નજરે દીઠેલી વાત છે." એમ સર્વ પ્રકારે કથાવાર્તાના કે શ્રીજીમહારાજની લીલા સાંભળવાના પ્રસંગો ઉપેક્ષા કરી, જતા કરતા.

એક વખત કૃપાનંદ સ્વામી ઉન્મત્તગંગામાં સ્નાન કરી ધ્યાન કરવા બેઠા હતા ત્યારે નાજા જોગિયાએ હસતાં હસતાં કહ્યું : "તમારે માથે ઓઢીને સંભારવાના છે, અમો તો નિત્ય ભેગા જ ફરીએ છીએ."

તે સાંભળી કૃપાનંદ સ્વામીએ તેમને કહ્યું હતું, "આગળ કોઈ મોટા સાધુ મળશે ત્યારે તમને સમજાવશે."

એ વખતે તો કૃપાનંદ સ્વામીના આ વચનનો મર્મ નાજા જોગિયાને ન સમજાયો. પરંતુ પોતે રઘુવીરજી મહારાજ પાસે દીક્ષા લઈ 'ઘનશ્યામદાસ' નામે સાધુ થયા, ત્યાર પછી વરતાલમાં ઘણુંખરું રહેતા અને અહીં ચૈત્રી સમૈયા ઉપર સ્વામીશ્રી પધારતા ત્યારે તેમની વાતો બહુ ધ્યાન દઈને સાંભળતા. સ્વામીશ્રીની વાતો સાંભળી તેમને એવી ચોટ લાગી ગઈ કે પછી તો જૂનાગઢ પણ સ્વામીશ્રી સાથે તેમનો સમાગમ કરવા જવા લાગ્યા.

આ વર્ષે તેઓ જૂનાગઢ આવ્યા ત્યારે સ્વામીશ્રીને તેમણે કહ્યું : "સ્વામી ! અમે તો મહારાજ ભેગા રહેતા ત્યારે એમ સમજતા કે અમે તો ચક્રવર્તીના દીકરા છીએ અને તમને સૌને અમે છેટે રહેનારા જાણતા. તેથી તમારો અમારા અંતરમાં અમને જરાય ભાર ન હતો. પરંતુ તમારી વાતો સાંભળી શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનો પાકો નિશ્ચય હવે થયો ત્યારે લાગે છે કે જેમ પાડરડા અને વાછડા સત્સંગમાં હોય છે એવી અમારી સ્થિતિ હતી. જ્યારે તમે તો મહારાજને અખંડ ધારી, મહારાજના સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય સત્સંગમાં સૌને કરાવો છો. માટે ચક્રવર્તીના સાચા દીકરા તો તમે જ છો."

સ્વામીશ્રી તેમની આ વાત સાંભળી હસ્યા, પછી બોલ્યા : "હજુ પણ જેમ ભેગા રહેશો તેમ વધુ ને વધુ મહિમા સમજાશે."

ઘનશ્યામદાસ ધ્યાન કરે છે

એક વખત ઘનશ્યામદાસ સભામંડપમાં ધ્યાન કરવા બેઠા હતા. પાસે સ્વામીશ્રી બેઠા હતા. થોડી વારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ધ્યાન કરો છો કે ગોટા વાળો છો ?"

ત્યારે ધ્યાનમાંથી જાગી તરત જ ઘનશ્યામદાસે કહ્યું : "સ્વામી ! કાણું માથે તૂત નાખો છો ?"

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા અને પછી કહ્યું : "તમે ધ્યાન કરતા હતા કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંશના માથે હાથ ફેરવતા હતા ?"

ઘનશ્યામદાસ તો આ સાંભળી અવાક્ બની ગયા. ખરેખર તેઓ ગઢડા પહોંચી ગયા હતા અને ધોળા તલકાવાળી ભેંશ ઉપર હાથ ફેરવતા હતા. તેઓ ઊભા થઈને તરત જ સ્વામીશ્રીના પગમાં પડી ગયા અને ગદ્‌ગદ કંઠે બોલ્યા : "સ્વામી ! થોડો થોડો પણ મારા અંતરમાં ઊંડો ભાવ હતો કે તમે હજુ ખંડિયા છો, પણ આજે નિશ્ચય થયો કે તમો ખરા ચક્રવર્તી છો અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો. હવે તમે અક્ષર સાચા !"

સ્વામીશ્રી તેમની ભોળી પણ અનુભવની વાણી સાંભળી હસ્યા અને તેમને માથે બે હાથ મૂકી આશીર્વાદ આપ્યા.

ઘનશ્યામદાસ પાસે આ વખતે સાધુ માધવચરણદાસ[૯૨] તેમની વાતો સાંભળવા બેસતા. ઘનશ્યામદાસ ઘણી વખતે તેમને કહેતા કે "માધવ ! આ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે. માટે ઓળખી લેજે."

ત્યારે માધવ કહેતા : "મને તમારો વિશ્વાસ છે. વળી, ગોપાળાનંદ સ્વામીએ પણ મને કહ્યું છે તેથી હું માનું છું. પણ સ્વામીશ્રી પોતે કહે તો આનંદ આવે."

આ સાંભળી ઘણી વાર ઘનશ્યામદાસ વિચારતા કે સ્વામીશ્રી આગળ આ વાત તો મૂકવી.

એક વખત સભામાં સ્વામીશ્રી વાતો કરતા હતા તે પ્રસંગે

૯૨. જુઓ પરિશિષ્ટ : ૩/૩, પૃષ્ઠ ૫૮૬.

ઘનશ્યામદાસે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! આપણામાં કેટલાક કહે છે ને મહારાજ પંડે કહેતા કે શુકમુનિ એ શુકદેવજીનો અવતાર છે, નિત્યાનંદ સ્વામી વ્યાસનો અવતાર છે, રઘુવીરજી મહારાજ રામચંદ્રજીનો અવતાર છે, ગોપાળાનંદ સ્વામી એ શ્રીકૃષ્ણનો અવતાર છે, મુકુંદાનંદ વર્ણી એ હનુમાનજીનો અવતાર છે અને મહારાજ સર્વોત્તમ પૂર્ણપુરુષોત્તમ છે. ત્યારે અક્ષરનો અવતાર કોણ હશે ?"

આ સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : "એ તમારું અજાણ્યું રહ્યું એમાં તો તમારો જ વાંક છે. મહારાજ સાથે તો તમે બહુ રહ્યા છો તો મહારાજને તમે કેમ પૂછી લીધું નહિ ? અમે તો કાંઈ એવું મહારાજને પૂછ્યું નથી."

આ સાંભળી તેમની પાસે માધવચરણદાસ બેઠા હતા તેમને પ્રશ્નનો મર્મ ન સમજાયાથી તરત જ કહ્યું : "સ્વામી ! અક્ષરનો અવતાર કોણ છે એ તમો નથી જાણતા ? મને જ તમે કહેતા હતા કે આ ગુણાતીતાનંદ સ્વામી એ અક્ષરધામનો અવતાર છે."

આ સાંભળી ઘનશ્યામદાસ કાંઈ બોલ્યા નહિ, પરંતુ સ્વામીશ્રી મંદ મંદ હસતાં હસતાં સભામાંથી કાંઈક કામના મિષે ઊઠી ગયા. પછી ઘનશ્યામદાસે માધવચરણદાસને કહ્યું : "હું તો જાણું કે આ સ્વામી એ જ અક્ષરનો અવતાર છે, કારણ કે મહારાજ કો'ક કો'ક વાર એવું કહેતા. પણ અમને તે વખતે અક્ષર શું તે સમજણ હતી નહિ. અમે તો અક્ષરને 'અખ્ખર' કહેતા, પણ સ્વામીશ્રીના સમાગમથી અક્ષર શું છે અને તેનો કેવો મહિમા છે તે સમજાયું. પણ તમે તે દિવસે કહ્યું હતું તેથી મેં પૂછ્યું. વળી, મનેય મનમાં હતું કે સ્વામીશ્રી શું ઉત્તર કરે છે. પણ એ તો જ્યારે ઘેરા ઘા કરે ત્યારે કો'ક માલમી હોય તે સમજી જાય. સાલાપોલાને તેમની વાતુનો મરમ હાથમાં ન આવે."

માધવચરણ આ વાતુ સાંભળી ખૂબ રાજી થયા. તેમને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ પ્રેમ વધતો ગયો.

માધવચરણદાસ જ્યારે પાર્ષદ પંક્તિમાં હતા, ત્યારે સ્વામીશ્રીએ તેમને કારખાનામાં સેવામાં મૂક્યા હતા. પછી જ્યારે તેમને સાધુની દીક્ષા આપી, ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "હવે તમારે ભંડારમાં સેવા કરવી."

ત્યારે માધવચરણદાસે કહ્યું : "સ્વામી ! મને રોટલા ઘડતાં આવડતા નથી."

તે સાંભળી સ્વામીશ્રી તેમનો નિર્દોષભાવ જોઈ હસ્યા. પછી ધીરેથી કહ્યું : "આ ઘંટલો ફરે છે તે સાંભળો છો ?"

ત્યારે તેમણે કહ્યું : "હા."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "તેની વચ્ચે જે ખીલડો છે તેની આજુબાજુ જે દાણા પડે છે તે દળાતા નથી તેમ બધું સુખ આજ્ઞામાં રહ્યું છે. માટે અમે કહીએ એમ કરશો એટલે બધું આવડશે." આ સાંભળી તેમણે ફરી કોઈ વખત સ્વામીશ્રીની આજ્ઞામાં શંકા કરી નથી. તરત જ ભંડારમાં સેવા કરવા જોડાઈ ગયા.

શ્રીજીમહારાજના પૃથ્વી ઉપરના પ્રાગટ્યના છ હેતુ

એક દિવસ સ્વામીશ્રી જૂનાગઢમાં જૂની ધર્મશાળામાં પીલપાયે આસન નખાવીને બિરાજ્યા હતા. સ્વામીશ્રી સન્મુખ બ્રહ્મચારી, સાધુ તથા ગૃહસ્થ હરિભક્તો, પાર્ષદો વગેરેની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે માધવચરણદાસ પાસે સ્વામીશ્રી ગ.મ. ૫૮મું વચનામૃત વંચાવતા હતા. તેમાં 'જે હેતુ માટે પોતાના ઈષ્ટદેવનો જન્મ થયો હોય' એ શબ્દો આવ્યા, ત્યારે કેશવજીવનદાસજીએ સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! આ જે હેતુ કહ્યો તે કયો સમજવો ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "શ્રીજીમહારાજ છ હેતુ સિદ્ધ કરવા આ પૃથ્વી ઉપર પોતાનું અક્ષરબ્રહ્મધામ, ચૈતન્યમૂર્તિ પાર્ષદો તથા સમગ્ર ઐશ્વર્ય લઈને પધાર્યા છે. તે છ હેતુની વાત મહારાજે ગોપાળાનંદ સ્વામીને કારિયાણીમાં કહી હતી તે તમોને કહીએ."

"પહેલો હેતુ તો એ છે કે સ્વયં પુરુષોત્તમ ભગવાન સર્વ અવતારના અવતારી છે, સર્વોપરી છે અને સદા દિવ્ય સાકાર મૂર્તિમાન થકા પોતાના અક્ષરધામને વિષે અનંત મુક્તો સહિત વિરાજમાન છે. તેમના સ્વરૂપની શુદ્ધ ઉપાસના આ લોકમાં પ્રવર્તાવવી."

"બીજો હેતુ એ છે કે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે ચાર નિર્ગુણ અને છ સગુણ એવી દસ દસ મૂર્તિઓ રહી છે તથા ઈશ્વરકોટી, પ્રધાનકોટી, મૂળ

પુરુષકોટી તેમજ તેમના જે જે ભક્તો તે સર્વેને પોતાના સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન આપીને તેમને અક્ષરધામને પમાડવા.''

''ત્રીજો હેતુ એ છે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત પોતાના સ્વરૂપની અનન્ય ભક્તિ - એ ચારે ગુણસંપન્ન એવો જે એકાંતિક ધર્મ તેનું આ પૃથ્વી ઉપર રૂડી રીતે સ્થાપન કરવું.''

''ચોથો હેતુ એ છે જે અક્ષરધામના અધિપતિ અક્ષરધામમાંથી પોતાના સમગ્ર ઐશ્વર્ય સહિત આ લોકમાં ભક્તિ-ધર્મને ઘેર મનુષ્યરૂપે અવતરીને પોતાના ભક્તોને પોતાની મૂર્તિનું સેવન, પૂજન અને દર્શનાદિકનું સુખ આપવું.''

''પાંચમો હેતુ એ છે કે અનંતકાળથી યોગભ્રષ્ટ રહી વારંવાર પ્રગટ ભગવાનને પામવા સારુ નવલખો પર્વત તથા પુલ્હાશ્રમ વગેરે તીર્થોમાં રહી ઉગ્ર તપ કરતા યોગીઓને, પોતાના સ્વરૂપનું સાક્ષાત્ જ્ઞાન આપી તેમને દિવ્ય ગતિ પમાડવી.''

હવે છેલ્લો અને છઠ્ઠો હેતુ જે મહારાજે કહ્યો તે કહીએ જે, ''પોતાના સંબંધથી તથા પોતાના એકાંતિક ભક્તોના સંબંધથી સંસ્કાર પામેલા અનંત યોગભ્રષ્ટ જીવો આ પૃથ્વી ઉપર જન્મ ધારણ કરે, તેમના આત્યંતિક કલ્યાણ સારુ પરમ એકાંતિક ધર્મ ધારણ કરનાર, મોક્ષના દ્વાર રૂપ એવા સાધુ પૃથ્વી ઉપર સદા પ્રગટ રહે તથા મંદિરો કરી તેમાં દેવ પધરાવવા તેમજ એ સર્વેની રક્ષા સારુ આચાર્ય સ્થાપવા.''

એટલું કહી સ્વામીશ્રીએ કહ્યું : ''આ પ્રમાણે શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામી આગળ વાત કરી હતી અને મહારાજે તેમને કહ્યું હતું કે 'આ વાત તમે સત્સંગમાં પ્રવર્તાવજો.'' એટલું કહી સ્વામીશ્રી થોડી વાર બોલતા બંધ રહ્યા.

પછી એકાએક કેવળાત્માનંદ સ્વામી સામું જોઈ તેમને કહ્યું : ''તમે તે દિવસે કુંકાવાવમાં હતા અને કુંકાવાવ કેમ તણાવા દીધું ?'' થોડા દિવસો પહેલાં કેવળાત્માનંદ સ્વામી કુંકાવાવમાં હતા ત્યારે ત્યાં ભારે વરસાદ પડ્યો હતો અને ખારી નદીમાં પ્રચંડ પૂર આવ્યું હતું. આથી ગામનાં ખોરડાં પડવા માંડ્યાં. તે પ્રસંગ એકાએક યાદ કરીને સ્વામીશ્રીએ તેમને પૂછ્યું.

ત્યારે કેવળાત્માનંદ સ્વામીએ કહ્યું : "સ્વામી ! મને હરિજનોએ આવીને એ વાત કરી, પછી ક્યાં ગામ તણાવા દીધું હતું ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "શું હરિજનોના કહ્યા પહેલાં તમે નો'તા જાણતા ? જગતના હિતને અર્થે તો દેશમાં ફરો છો. સાધુઓનું વિચરવું તો સદા જગતના હિતને અર્થે જ હોય છે. परोपकाराय सतां विभूतयः ।"

એ પ્રમાણે કેવળાત્માનંદ સ્વામીને ઉપદેશની મીઠી વાત કરતા હતા ત્યાં આરતી થઈ એટલે માધવચરણદાસનું કાંડું પકડીને સ્વામીશ્રી દર્શને પધાર્યા.

મારવાડના દેહાચારણને સિદ્ધ મળી ગયા

રૈવતાચળને સનાતન અને પવિત્ર જાણી ઘણા સિદ્ધોએ તેને પોતાની સાધનાનું ધામ બનાવ્યું હતું. કાળયવનનો નાશ કરવા અને મુચુકંદ રાજાને તેની ભક્તિના ફળરૂપે દર્શન આપવા, શ્રીકૃષ્ણે પણ આ સનાતન સ્થાનને પોતાના પાદપંકજથી પુનિત કર્યું હતું. સિદ્ધોના તપથી આકર્ષાઈ પૂર્ણ પુરુષોત્તમનારાયણ શ્રી સહજાનંદ સ્વામીએ તો આ ગિરિરાજની ટોચ સુધી પહોંચી, સર્વ સિદ્ધોના મનોરથ પૂરા કર્યા હતા. સ્થૂળ દૃષ્ટિએ અચેતન દેખાતો છતાં પૂર્ણ પુરુષોત્તમનારાયણના સંબંધથી ચૈતન્ય બનેલા, સતીના આક્રંદથી પોતાના અંગને ખાંગો કરનાર આ ગિરિરાજ સિદ્ધોનું ધામ બની ગયો હતો. તપશ્ચર્યા કરતાં, સાધના કરતાં કેટલાય સાધક આ ગિરિરાજની પરિક્રમા કરતા. કેટલાય તેના ઉપર આરોહણ કરી સિદ્ધોને શોધવા આવતા.

એવા કોઈ સિદ્ધની શોધમાં ઠેઠ મારવાડથી અહીં આવેલા દેહા ચારણે અહીં કોઈ સિદ્ધ જડશે એવી આશાથી ગિરનારની તળેટી અને ટોચ ખૂંદી નાખ્યાં. પરંતુ તેને પોતાના સંકલ્પ પ્રમાણેના કોઈ સિદ્ધ મળ્યા નહિ. તે તો પોતાના મનના તાપ સમાવે એવા સિદ્ધની શોધમાં હતા.

અહીં તો તેમને મળ્યા કોઈ ધૂણી તાપતા, કોઈ ચલમ ફૂંકતા, કોઈ ભાંગ્ય, ગાંજો અને ચરસ ઉડાવતા, કોઈ રામકીમાં લટ્ટુ થયેલા, તો કોઈ દામની ગણતરી કરતા.

દેહાચારણ શુદ્ધ મુમુક્ષુ હતા એટલે જે ત્યાગીને ધન અને સ્ત્રીનો સંબંધ હોય, જે ધન અને સ્ત્રીરૂપી માયાના બંધનમાં બંધાયા હોય તેમની પાસે

પરમાત્મા ન જ હોય, શાશ્વત શાંતિ પણ ન જ હોય એવું તેઓ માનતા હતા. તેમને એક મંત્ર મળ્યો હતો - ક્યાંથી એ તેમને ખબર ન હતી, પરંતુ અંતરના ઊંડાણમાંથી કોઈ તેમને કહી ગયું હતું કે 'જે અષ્ટ પ્રકારે સ્ત્રી અને ધનના ત્યાગી હોય તેને જ ગુરુ જાણવા, તેને જ ગોવિંદ જાણવા અને તેને જ હરિ જાણવા.' આ મંત્રનું અનુસંધાન પોતાને ઈષ્ટ એવા સિદ્ધની શોધમાં તેમણે સતત રાખ્યું હતું.

તેમને સિદ્ધ ન મળ્યા તેની તેમને નિરાશા ન હતી, પરંતુ પાણીની માફક વહી જતા આયુષ્યની અંતિમ પળ આવે તે પહેલાં આવા સિદ્ધ શોધવાની તેમને ઉતાવળ હતી. રૈવતાચળને પ્રણામ કરી તેમણે પોતાની મજલ શરૂ કરી.

દેહા ચારણ ચાલતાં ચાલતાં ધોરાજી પહોંચ્યા. અહીં તેમને તરસ લાગી એટલે રસ્તાના કાંઠા ઉપરની એક વાડીમાં પાણી પીવા ગયા. વાડીમાં કોસ ચાલતો હતો. ધોરિયા પાસે જઈ મોં ધોઈ, લોટો વીછળી તેમણે કપડાથી ગાળીને પાણી ભર્યું. ત્યાં તો તેમની નજર બરોબર ધોરિયાની સામે ધ્યાનમાં મગ્ન થઈને બેઠેલા એક પુરુષ ઉપર પડી. નાહીને ધોયેલું ધોતિયું અને તે ઉપર ધોયેલું ઓઢવાનું વસ્ત્ર ઓઢીને, સિદ્ધાસન વાળી ધ્યાનમગ્ન બેઠેલા આ પુરુષને જોઈ તેમને લાગ્યું કોઈ મહાન પુરુષના સંબંધથી પૂર્ણકામ બનેલા અને તેમની કૃપાથી ભક્તિના ભાવથી પોષાયેલા આ પુરુષ છે. નહિ તો આવી સ્થિરતા, આવો આનંદ, આવી નિમગ્નતા સિદ્ધ થઈ શકે જ નહિ. તૃષાની અકળામણને અટકાવી, તે પુરુષ જાગૃત થાય તેમની રાહ જોતા, પાણીનો લોટો પાસે મૂકીને તેમની સન્મુખ તે બેસી ગયા.

થોડી વારે ધ્યાનમગ્ન પુરુષ જાગ્યા. તેમની સામે એક દૃષ્ટિથી જોઈ રહેલા આ અજાણ્યા પુરુષને જોઈ, પ્રથમ તેમણે બે હાથે તેને 'જય સ્વામિનારાયણ' કહ્યા. દેહા ચારણને આ જયધ્વનિ વિચિત્ર લાગ્યો, છતાં વિવેકથી તેમણે પણ બે હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કહ્યા. પછી તેમણે પૂછ્યું : ''આપને કોઈ સિદ્ધ પુરુષ મળ્યા હોય તેમ લાગે છે.''

એટલી જ શાંતિથી તે પુરુષે કહ્યું : ''મને તો સિદ્ધોના પણ સિદ્ધ મળ્યા છે. પરંતુ તમે કોણ છો ?''

દેહા ચારણને ખૂબ આનંદ થયો. તેણે તરત જ કહ્યું : ''ભાઈ ! હું તો

સિદ્ધની શોધમાં ગિરનાર આખો ચઢી આવ્યો પણ નિરાશ થઈને હવે પાછો મારવાડ જાઉં છું.''

દેહા ચારણની આવી મુમુક્ષુતા જોઈ તે પુરુષ મૂછમાં હસ્યા. પછી કહ્યું : ''ભાઈ ! તમે ચડી ગયા ઊંચે પણ સિદ્ધ તો હતા નીચે.''

એમ કહીને તેમણે કહ્યું : ''હું હમણાં જ તેમનાં દર્શન કરીને આવું છું.''

દેહા ચારણને ખરેખરો આનંદ થયો. જીવન કૃતાર્થ થયું. યાત્રા સફળ થતી દેખાઈ. તેણે પૂછ્યું : ''આપની ઓળખાણ આપશો ?''

હું લોધિકાનો દરબાર અભયસિંહ[૯૩] છું. મારા ગુરુ જૂનાગઢના જોગી કહેવાય છે. જૂનાગઢમાં સ્વામિનારાયણ મંદિરના મહંત છે, અનાદિ અક્ષરબ્રહ્મનો અવતાર છે અને સ્વામિનારાયણ ભગવાનના સર્વોત્તમ શિષ્ય છે. તમે તેમની પાસે જશો તો તમારા બધા મનોરથ પૂરા થઈ જશે.''

દરબાર અભયસિંહની વાત સાંભળીને દેહા ચારણના અંતરમાં શાંતિ થઈ ગઈ. તેના સંકલ્પો બધા શમી ગયા. તેને લાગ્યું કે જેમની વાત સાંભળતાં આટલી શાંતિ થઈ ગઈ, તો દર્શન કરતાં કેવો આનંદ અનુભવાશે ? જાણે ભવબંધ તૂટતા હોય તેમ લાગ્યું. તેણે તરત જ અભયસિંહ દરબારને સાષ્ટાંગ દંડવત્ કર્યા અને એક યાચકની જેમ તેમને વિનંતિ કરતાં કહ્યું : ''બાપુ ! મને એક કાગળ લખી આપો તો તમારો ઉપકાર. હું અજાણ્યો માણસ, ત્યાં મને કોઈ ઓળખે નહિ એટલે કદાચ મંદિરમાં દાખલ નહિ થવા દે.''

દરબાર તેની તીવ્ર મુમુક્ષુતા તથા અત્યંત ભોળપ જોઈ હસ્યા. તેમણે કહ્યું : ''ભાઈ ! એ તો પ્રભુનો દરબાર છે. તેમનાં દ્વાર સૌને માટે ખુલ્લાં છે. ત્યાં કાંઈ સ્થૂળ દેહની ઓળખાણની જરૂર નથી. ત્યાં તો સૌ એકબીજાને અંતરથી ઓળખે છે. છતાં તમને હું પત્ર લખી આપું છું.'' પછી દરબારે તેને સ્વામીશ્રી ઉપર પત્ર લખી આપ્યો.

દેહા ચારણ અભયસિંહ દરબાર પાસેથી પત્ર લઈને સીધા જૂનાગઢ ગયા. અહીં સ્વામિનારાયણના મંદિરમાં આવ્યા. સ્વામીશ્રી જાણે તેની રાહ જોઈને જ ઓસરીની જેર પર બેઠા હતા ત્યાંથી તેમને મોં મલકાવી

૯૩. જુઓ પરિશિષ્ટ : ૩/૪, પૃષ્ઠ ૫૮૮.

આવકાર આપતાં બોલ્યા : "આવો, આવો ચારણ, ભવનો ફેરો મટાડવા આવ્યા છો તે અહીં રાખીશું."

પોતાના મનના સંકલ્પો જાણી જનાર સ્વામીનાં દર્શન કરીને દેહા ચારણને અપાર શાંતિ થઈ ગઈ. તેના અંતરમાં કોઈ અનિર્વચનીય આનંદનો ઝરો ઊભરાયો. દરબારે જેવા કહ્યા હતા તેવા જ સ્વામીશ્રી તેને સિદ્ધોના પણ સિદ્ધ જણાયા. જ્યાં ધન અને સ્ત્રીનો સહેજ પણ પ્રસંગ નહિ, જ્યાં આત્મા અને પરમાત્માના સ્વરૂપના ઉપદેશની અખંડ વાતો થતી હોય, ત્યાં ભગવાન સાક્ષાત્ પ્રગટ જ હોય. અંતરના ઊંડાણમાંથી આવેલા મંત્રનું મૂર્તિમાન સ્વરૂપ તેણે અહીં સ્વામીશ્રીમાં જોયું. "આ જ ગુરુ, આ જ ગોવિંદ, આ જ હરિ છે" તેમ તેને પ્રતીતિ થઈ ગઈ !

દેહા ચારણની મુમુક્ષુતા સ્વામીશ્રીથી અજાણી ન હતી. ખૂબ પ્રેમથી તેમને રાખ્યા. દેહા ચારણે પણ હવે 'અઠે દ્વારકા' કર્યાં. સ્વામીશ્રીની વાતો સાંભળે, મંદિરમાં સેવા કરે અને અખંડ ભજન કરે. આમ કરતાં અંતરમાં તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેણે એક દિવસ સ્વામીશ્રીને વિનંતી કરી : "દયાળુ ! મને સાધુની દીક્ષા આપો." તેની પરિપક્વ સ્થિતિ જોઈ સ્વામીશ્રીએ તેને સાધુની દીક્ષા અપાવી અને કૃષ્ણપ્રિયદાસ નામ પાડ્યું.

✧ ✧ ✧

બ્રહ્મકુંડવાળી વાત

એક દિવસ શણગાર આરતીનાં દર્શન કરી સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા. ત્યાં એક હરિભક્તે સ્વામીશ્રીને હાર પહેરાવ્યો. સ્વામીશ્રીએ પ્રસાદીનો તે હાર તેને પાછો આપી, સંતો હરિભક્તોને કહ્યું : "ચાલો, સૌ વાડીએ."

એટલે સૌ સંતો, પાર્ષદો અને હરિભક્તો સ્વામીશ્રી સાથે વાડીએ જવા નીકળ્યા. કાળવો નદી ઊતરી સ્વામીશ્રી આગળ ચાલ્યા. ત્યાં બે આંબા જોયા એટલે સ્વામીશ્રીએ કહ્યું : "અમે અહીં મંદિર કરવા આવ્યા ત્યારે આ બે આંબા નાના હતા. આજે કેટલા મોટા થઈ ગયા છે. આ તો મહારાજ છતાંના આંબા છે."

એટલું કહી સ્વામીશ્રી આગળ ચાલ્યા અને બ્રહ્મકુંડે પધાર્યા. બ્રહ્મકુંડની

દક્ષિણ બાજુ ઊભા રહી સ્વામીશ્રીએ સૌ સંતો, હરિભક્તોને કહ્યું : "આ બ્રહ્મકુંડ બહુ જ પ્રસાદીનો છે. શ્રીજીમહારાજ અહીં ઘણી વાર નાહ્યા છે."

એટલી વાત કરીને પછી સ્વામીશ્રીએ કહ્યું : "આ જીવ જ્યાં જ્યાં જાય અથવા ગતિ કરે ત્યાં તેને અધૂરું જ રહે છે. શુભ કાર્ય કરીને ઈશ્વરકોટીમાં જાય તો પણ જીવને અધૂરું, પ્રધાનપુરુષ કોટીમાં જાય કે મૂળપુરુષ કોટીમાં જાય તો પણ જીવને અધૂરું, જ રહે છે. એ તો જ્યારે અક્ષરમુક્તની સંજ્ઞામાં ભળે ત્યારે તેને પૂરું થાય છે. તે સિવાય તો ગમે ત્યાં જાય પરંતુ દેવતાના લોક કે અન્ય લોકાંતરો કે અવતારોના ધામ - એ કોઈ અખંડ નથી."

સ્વામીશ્રી એકધારી વાત કર્યે જ જતા હતા અને સંતો, હરિભક્તો પણ એકચિત્તે સ્વામીશ્રીની વાતો સાંભળી રહ્યા હતા. તેમની સૌની આવી એકાગ્ર વૃત્તિ જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "રાધિકાજીને પ્રભુ પામવાનો કેટલો ખપ ! ત્રણ જન્મ સુધી તો શ્રીકૃષ્ણની મૂર્તિ સામું જોઈ રહ્યાં અને વૃત્તિ બીજે જવા દીધી નહિ. એમ મટકા રહિત તપ કર્યું ત્યારે શ્રીકૃષ્ણ રાજી થયા અને 'રાધા, રાધા' એમ ભજન કર્યું, એટલું જ નહિ પણ પોતાની સાથે રાધાનું સર્વ ઠેકાણે ભજન પણ કરાવ્યું.

"આવી મોટી પદવી પ્રાપ્ત થઈ. પરંતુ અંતરના દોષ ન ટળ્યા. શ્રીકૃષ્ણ વિરજાને ઘેર ગયા ત્યારે સર્વ સખીઓનો સમાજ લઈ રાધા વિરજાને વઢવા ગયાં. રાધાએ એવો ક્રોધ કર્યો કે વિરજા તો પાણી પાણી થઈ ગઈ. શ્રીકૃષ્ણને પણ રાધાની આ સ્થિતિ જોઈ ધીરજ ન રહી. આમ, મોટી પદવી પ્રાપ્ત થઈ છતાં ગુણના ભાવ ન ટળ્યા અને અધૂરું રહ્યું.

"માટે જેમ શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી'માં લખ્યું છે તેમ પોતાના આત્માને ત્રણ દેહથી જુદો માની બ્રહ્મ સંગાથે તેની એકતા કરી, જો મહારાજની ભક્તિ કરે તો અક્ષરમુક્તની પંક્તિમાં ભળે ત્યારે તેને પૂરું થયું કહેવાય. પરંતુ જ્યાં સુધી ગુણ વ્યાપે છે, ત્યાં સુધી ત્રિગુણાતીત તો ન જ કહેવાય."

આ પ્રમાણે વાતો કરતા, સૌને આનંદ કરાવતા, સ્વામીશ્રી બ્રહ્મકુંડેથી ચાલ્યા ને વાડીએ પધાર્યા. અહીં એક આંબલીના વૃક્ષની છાયા નીચે બિરાજ્યા અને સંતો, હરિભક્તો સૌ સામે બેસી ગયા.

સમાગમનો મહિમા

સ્વામીશ્રી આજુબાજુ સૌ તરફ જોતા હતા. તેમાં ગિરનાર તરફ સ્વામીશ્રીની દૃષ્ટિ પડી. એટલે સ્વામીશ્રીએ તરત જ વાત કરી કે "આ ગિરનારમાં જેટલાં વૃક્ષો છે એટલાં આપણે ઘેર કલ્પવૃક્ષો હોય અને આ ગિરનારમાં જેટલા પથરા છે તેટલી આપણે ઘેર ચિંતામણિયું હોય તો તે સર્વેનો ત્યાગ કરીને પણ આ સાધુનો સમાગમ કરવા જેવો છે. આ સાધુનો એવો મહિમા છે, કારણ કે શ્રીજીમહારાજ અહીં પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે આ સાધુ અહીં આવ્યા છે, નહિ તો આ સાધુ અહીં હોય નહિ. શ્રીજીની સાથે અહીં આવ્યા છે, કારણ કે મહારાજનું તે અનાદિ સનાતન અક્ષરધામ છે.

મહારાજને આ સાધુએ અખંડ રાખ્યા છે. માટે મહારાજને લઈને આ સાધુનો પણ અતિ અપાર મહિમા છે. વળી, 'શિક્ષાપત્રી'માં જે બ્રહ્મ સાથે પોતાના આત્માની એકતા કરવાનું કહ્યું છે તે જ આ અનાદિ અક્ષરબ્રહ્મ છે. એટલે આ સાધુ સાથે એકતા કરવાથી બ્રહ્મરૂપ થવાય છે અને વળી શ્રીજીમહારાજને પણ પમાય છે. એવો અપાર આ સાધુનો મહિમા છે."

સ્વામીશ્રી આમ દિવ્ય ભાવમાં આવીને વાતો કરતા હતા ત્યારે સભાજનો પણ જાણે સ્વામીશ્રીએ તેમને અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ કરાવી દેહભાન વિસરાવી દીધું હોય, તેમ દિવ્ય આનંદમાં સ્થિર થઈ ગયા હતા.

પછી સ્વામીશ્રી ત્યાંથી ઊઠ્યા અને પાળાઓ જ્યાં નીંદતા હતા ત્યાં પધાર્યા. અહીં દાતરડું લઈને પોતે પણ નીંદવા લાગ્યા. તે વખતે કાના ભક્તે સ્વામીશ્રીને પૂછ્યું : "હેં સ્વામી ! અક્ષરધામ કેવું હશે ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "આ તારી ભેગા હાથમાં દાતરડું લઈને નીંદે તેવું !"

એટલે કાના ભક્તે ફરી પૂછ્યું : "અરે, સ્વામી ! ધામ તે એવું હોય ?"

સ્વામીશ્રી તેની ભોળી વાણી સાંભળી હસ્યા અને તેના તરફ દૃષ્ટિ કરી, ત્યાં તેને સમાધિ થઈ ગઈ ! તે સમાધિમાં તેણે તેજનો સમૂહ દીઠો અને તેમાં તેણે સ્વામીશ્રીને જોયા. સમાધિમાંથી થોડી વારે તે બહાર આવ્યા

ત્યારે સ્વામીશ્રીને પગે લાગીને તેણે કહ્યું : "સ્વામી ! તમે તો ત્યાં પણ છો અને અહીં પણ છો !"

એટલે સ્વામીશ્રીએ ધીરે રહીને કહ્યું : "અમે તો સર્વ ઠેકાણે છીએ. ક્યાંય નથી એમ ન જાણવું. એક રજના કોટાનકોટી કટકા કરીએ તેમાં પણ અમે છીએ."[૯૪]

એટલી વાત કરીને ત્યાંથી ઊઠ્યા અને ગાયો માટે ચાર્યના પૂળા સાથે લઈ લેવા સૌ સંતો હરિભક્તોને કહ્યું. એ પ્રમાણે સૌને આનંદ કરાવતા સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

હાટીના માળિયાના બાબુનો વ્યવહાર સ્વામી સુધારે છે

હાટીના માળિયામાં બાબુ હાટી રહેતા હતા. તે હરિભક્ત હતા. પરંતુ પ્રારબ્ધને યોગે કરીને વહેવાર બહુ જ દૂબળો થઈ ગયો હતો અને ગરાસ બધો ભાયાતોમાં વહેંચાઈ ગયો હતો. એટલે બાબુ હાટી ભાડાં કરીને પોતાનો નિર્વાહ ચલાવતા.

એક વખત મીઠો ઠક્કર જૂનાગઢ સ્વામીશ્રીનાં દર્શને આવતા હતા ત્યારે બાબુ હાટીની માએ તેને કહ્યું : "તમે જૂનાગઢ જાઓ છો તો સ્વામીશ્રીને અમારા વતી આટલી પ્રાર્થના કરજો કે બાબુનો ગરાસ બધો દબાઈ ગયો છે અને બાબુ ભાડાં કરીને માંડ માંડ પૂરું કરે છે અને બહુ દુઃખી છે. અમારા ઉપર આપ કૃપા કરો તો અમારો વહેવાર સુધરે."

મીઠા ઠક્કરે કહ્યું : "ભલે માડી ! તમારી વાત સ્વામીને કાને જરૂર નાખીશ." એમ કહી તે જૂનાગઢ આવ્યા.

મીઠા ઠક્કર જૂનાગઢ આવ્યા અને સ્વામીશ્રીને દંડવત્ કરી પાસે બેઠા. એટલે સ્વામીશ્રીએ તેને પૂછ્યું : "બાબુ હાટી મળ્યા હતા ? સુખી છે ને ?"

તે સાંભળી મીઠા ઠક્કરને બાબુની માએ કહેવરાવેલ હકીકત યાદ આવી. એટલે તેણે બધી વાત કરી અને સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે "બાબુનો વહેવાર સુધારો."

સ્વામીશ્રીએ તરત જ ગાદી ઉપર હાથ પછાડી કહ્યું : "રૂપિયાની કયાં ખોટ છે ? એ તો ઢગલા થાય. પણ જીવનું સમું રહેવું કઠણ છે." એ

૯૪. ગ. પ્ર. ૪૬.

પ્રમાણે કહી સ્વામીશ્રીએ કૃપાદૃષ્ટિ કરી આશીર્વાદ આપ્યા કે "જાઓ, બાબુનો વહેવાર સુધરી જશે."

સ્વામીશ્રીના આશીર્વાદથી બાબુ હાટીનું પ્રારબ્ધ ફરી ગયું. ભાયાતોએ દબાવેલો ગરાસ તેને પાછો મળી ગયો અને તેથી વહેવાર પણ સુધરી ગયો. સ્વામીશ્રીના આશીર્વાદથી જ તેનું પ્રારબ્ધ ફરી ગયું હતું તેથી તેણે સ્વામીશ્રીની પ્રસન્નતા માટે પોતાના ભાગમાં આવેલું આંબાવાડિયું રાધારમણદેવને કૃષ્ણાર્પણ લખી દીધું. આ આંબાવાડિયામાં ત્રણસો આંબા હતા. જો કે કેટલાક તો નાના રોપડા હતા પરંતુ તેને જાળવીને મોટા કરવા સ્વામીશ્રી આ આંબાવાડિયાની ખૂબ સંભાળ રખાવતા. થોડા સાધુ અને પાર્ષદોને સ્વામીશ્રી અહીં રાખતા.

✧ ✧ ✧

જીભાઈ શેલત જૂનાગઢ આવે છે

સંવત ૧૯૦૭માં સ્વામીશ્રી અન્નકૂટનો સમૈયો કરી વંથળી પધાર્યા. અહીં મંદિરનો પાયો નાખવાનો હતો. આ સેવામાં ત્યાંના પટેલ લક્ષ્મીદાસ હાથમાં કોદાળી લઈને પાયો ખોદતા હતા. તે જોઈ સ્વામીશ્રી રાજી થયા અને બોલ્યા : "તમે તો ગામના પટેલ કહેવાઓ અને આબરૂદાર માણસ, તે આવું કામ કોઈ દિવસ કરેલ નહિ ને આજે કરો છો તેથી અમો બહુ જ રાજી થયા છીએ. મંદિરની સેવા એ તો સાક્ષાત્ શ્રીજીમહારાજની સેવા છે."

એટલું કહી સ્વામીશ્રીએ તેને આશીર્વાદ આપ્યા. પછી પાયાનું મુહૂર્ત કરી સ્વામીશ્રી ત્યાંથી નીકળી જૂનાગઢ પધાર્યા.

આ વર્ષના કાર્તિકી સમૈયા ઉપર આણંદથી જીભાઈ શેલત વરતાલ આવ્યા હતા. જીભાઈને ગોપાળાનંદ સ્વામી ઉપર અપાર હેત હતું એટલે ગોપાળાનંદ સ્વામીને આસને બેસી તેમની વાતો સાંભળ્યા કરતા. એક દિવસ વાતોના પ્રસંગમાં ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું : "જૂનાગઢ જઈ સૌને એક માસ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાની મહારાજે આજ્ઞા કરી છે. તે પ્રમાણે જે સાધુ હરિભક્ત મહારાજની એ આજ્ઞા નહિ પાળે તેને બહુ ખોટ જશે અને બહુ જ કસર રહેશે, કેમ કે જેણે જેણે મહારાજની આજ્ઞાથી જૂનાગઢ જઈ સ્વામીનો સમાગમ કર્યો છે તેને,

મહારાજની જેવી છે તેવી સર્વોપરી નિષ્ઠા થઈ છે. વળી તપ, ત્યાગ અને વૈરાગ્યના ગુણ પણ સ્વામીની વાતો સાંભળી યથાર્થ આવે છે.'' ગોપાળાનંદ સ્વામીમાં જીભાઈને અસાધારણ હેત હતું. તેમની વાતોથી તેમને સ્વામીશ્રીનો મહિમા સમજાયો.

જૂનાગઢમાં કથાવાર્તાનો અખાડો

સમૈયા બાદ ગોપાળાનંદ સ્વામી વરતાલથી નીકળી ફરતાં ફરતાં ગઢડા પધાર્યા. અહીંથી તેમને જૂનાગઢ આવવું હતું. પરંતુ અહીંના હરિભક્તો તથા સંતોને સમાગમનું સુખ આપવા ગઢડામાં તેઓ રોકાયા.

આ અરસામાં નિત્યાનંદ સ્વામી પણ જૂનાગઢ આવવા ગઢડા આવ્યા. થોડા દિવસ ગઢડા રહીને બંને સદ્‌ગુરુઓ જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રી આ બંને સદ્‌ગુરુઓને જોઈ અતિશય રાજી થયા. હવે મન મૂકીને કથાવાર્તા થશે એ વિચારથી સ્વામીશ્રીને આનંદ થયો.

એક દિવસ નિત્યાનંદ સ્વામી ધર્મશાળાને દરવાજે ઉત્તરાદે પડખે આથમણા દ્વારના ઓરડામાં પોતાના ઉતારામાં પૂજા કરતા હતા. તે સમયે સ્વામીશ્રી સભામાં બળભરી વાતો કરતા હતા. વાતોના પ્રસંગમાં સ્વામીશ્રી નિષ્કુળાનંદ સ્વામીનું કીર્તન બોલ્યા :

શ્રીજી પધાર્યા સ્વધામ રે, મેલી પોતાના મળેલ;
તે પણ તન ત્યાગશે રે, ત્યારે રખે પડતી રેલ....શ્રીજી
મન માને તેમ મા'લશે રે, ચાલશે ચિત્ત અનુસાર;
માથેથી બીક મટી ગઈ રે, જેને કેનો ન રહે ભાર....શ્રીજી
પીશોરી જોડા પહેરશે રે, તેલના ભીંજેલ તૈયાર;
ચટકંતી ચાલે ચાલશે રે, જેને કેનો ન રહે ભાર....શ્રીજી
પનાળાં પોતિયાં પહેરશે રે, લાલ કોરે લીટી લગાર;
પેચે પાટલિયું પાડશે રે, જેને કેનો ન રહે ભાર....શ્રીજી
શાક સારાં વઘારશે રે, મેલી ઘણા ઘીનો વઘાર;
જુક્તે જુદું જુદું જમશે રે, જેને કેનો ન રહે ભાર....શ્રીજી
નારી ધનને નિંદશે રે, વાતમાં વારંવાર;
અંતરે અભાવ નહિ રહે રે, જેને કેનો ન રહે ભાર....શ્રીજી

આ કીર્તન બોલીને સ્વામીશ્રીએ કહ્યું : "હવે તો દહાડે દહાડે આગળ કરતાં કાળ બહુ ઊતરતો આવશે અને કોઈને કોઈનો ભાર નહિ રહે."

સ્વામીશ્રીની આ બળભરી વાતો સાંભળી નિત્યાનંદ સ્વામી પોતાના ઓરડામાં બેઠા બેઠા બોલ્યા : "અહોહો ! સ્વામી તો શ્રીજીમહારાજે જેવા કહ્યા હતા તેવા આજે જ સમજાયા. ઠીક મંડ્યા છે. કેટલા બળથી ઉપદેશ કરે છે ? બીજાથી આવું ન બોલાય. પંડનું વર્તન સારું ન હોય તો શું બોલી શકે ? અને કદાચ બોલે તો કોઈને ભાર પણ પડે નહિ."

એટલું કહીને અંતર્વૃત્તિ કરી ગયા. થોડી વારે જાગૃત થઈ વળી કહ્યું : "સ્વામીનું તો જેવું વર્તન તેવી જ વાણી. વાણીમાં કદાચ સંકોચ રાખે પણ વર્તનમાં તો શ્રીજીની આજ્ઞામાં રંચ માત્ર પણ ફેર પડવા દેતા નથી. આખો સોરઠ ધ્રુજાવી દીધો છે." એમ કહીને બોલ્યા : "શ્રુતિમાં ખરું કહ્યું છે કે 'यमेवैष वृणुते तेनैव लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ॥' જેના ઉપર ભગવાનની કૃપા થાય છે તેને જ તે વરે છે. સ્વામીશ્રી ઉપર મહારાજની અનહદ કૃપા છે એટલે સ્વામીશ્રી મહારાજનું સ્વરૂપ છે. વળી, પોતે પણ જેના ઉપર કૃપા કરે છે તેને પોતાના જેવા કરી દે છે."

એટલું કહીને નિત્યાનંદ સ્વામી દર્શન કરવા પધાર્યા.

માધવચરણદાસ સ્વામી જેઓ અત્યંત ગરીબ પ્રકૃતિના અને નિર્માની સ્વભાવવાળા સાધુ હતા તેમને સ્વામીના સમાગમથી શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા થઈ હતી. મહારાજ સિવાય બીજા કોઈનો તેમને ભાર ન હતો. 'સ્વામી દ્વારા મહારાજ અખંડ પ્રગટ છે.' એ નિષ્ઠા દૃઢ કરી તેઓ સદા ભજનમાં ગુલતાન રહેતા. એક દિવસ તેમણે સ્વામીને કહ્યું : "સ્વામી ! મહારાજનું ધામ બતાવો."

તેમની ઇચ્છા પૂર્ણ કરવા અને પોતાના ધામસ્વરૂપનો નિશ્ચય દૃઢ કરાવવા સ્વામીએ તેને સમાધિ કરાવી. સમાધિમાં તેમણે અક્ષરધામ જોયું. તેજ તેજના અંબાર સમું, તે શીતળ તેજમાં દિવ્ય સિંહાસન ઉપર શ્રીજીમહારાજ અનંતકોટી મુક્તોથી વીંટાયેલા તેમણે જોયા. સ્ત્રી-પુરુષના ચિહ્નરહિત, દિવ્ય, સાકાર અને કેવળ શ્રીહરિમાં જ આસક્ત એવા અસંખ્ય મુક્તો તેમણે જોયા. આ દિવ્ય સુખનો ઉપભોગ કરતા, આ સર્વે મુક્તોને એક શ્રીહરિનો આધાર છે અને એ આધારે જ તેઓ સુખિયા છે તે

અનુભવ પણ તેમણે કર્યો. શ્રીહરિના આ દિવ્ય અક્ષરધામમાં કાળ કે માયાનો પ્રવેશ જ નથી. તેથી સૌ મુક્તોને તેમણે મહારાજના સુખે સુખિયા જોયા. સ્વામીને તેમણે શ્રીજીમહારાજની સમીપે સેવામાં જોયા. વળી, તે જ સ્વામીનું દિવ્ય સ્વરૂપ સમગ્ર ધામરૂપે વ્યાપી, મહારાજ અને અનંતકોટી મુક્તોને ધારી રહેલું તેમણે જોયું. આવાં અનંત આશ્ચર્ય સ્વામીના પ્રતાપે તેમણે જોયાં અને થોડા સમય બાદ સમાધિમાંથી જાગૃત થયા.

અક્ષરધામના આ દિવ્ય સુખનો અનુભવ સ્વામીએ તેમને કરાવ્યો. એ દિવ્ય સુખ તેમના જીવમાં એકરસ થઈ ગયું. તેમણે સભામાં કહ્યું : "મેં જે અક્ષરધામમાં જોયું છે તે તમને કહું છું, અક્ષરધામમાંય આપણા સ્વામીને શ્રીજીમહારાજની સમીપે મહારાજની સેવામાં મેં જોયા અને ધામરૂપે પણ સમગ્ર અક્ષરમુક્તોને તથા મહારાજને ધારી રહેલા જોયા. એટલે સ્વામી એ અક્ષરધામ સ્વયં છે. આ નિશ્ચય આપણે સૌએ દૃઢ કરવાનો છે. સ્વામી આપણને ગોપાળાનંદ સ્વામીનો મહિમા કહે છે. એટલે આપણે સૌએ સમજવાનું કે ગોપાળાનંદ સ્વામી બહુ જ મોટા સંત છે. આવા અતિ મોટા સાધુ અને મહારાજના કૃપાપાત્ર. વળી, બંને દેશના મોટેરા તે પણ, 'સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે' એ આપણને સમજાવે છે. માટે ખોટા પક્ષે કરીને ગોટા વાળશો તો અધવચ્ચે રહી જાશો."

એ પ્રમાણે પોતાને જે દૃઢતા થઈ તે તેમણે સૌને સમજાવી.

ડાંગરાના રવાજીએ ગોપાળાનંદ સ્વામી પાસે વચન માગ્યું

ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ હતા તે દરમ્યાન ડાંગરાના દરબાર રવોજી જૂનાગઢ આવ્યા. ઘણુંખરું તેઓ ગોપાળાનંદ સ્વામી પાસે બેસતા અને તેમને વિષે હેત પણ અતિશય હતું. એક વખત વાતના પ્રસંગમાં ગોપાળાનંદ સ્વામીને તેમણે કહ્યું : "સ્વામી ! આપ ધામમાં પધારો ત્યારે મને પણ સાથે તેડતા જજો."

ગોપાળાનંદ સ્વામીએ હસીને કહ્યું : "સારું, તેડવા તો આવીશ પણ મારું ચાલશે તો તેડી જઈશ."

રવાજી દરબાર આ શબ્દોનો મર્મ સમજી શક્યા નહિ.

આ સમયે એક હરિભક્ત જૂનાગઢ દર્શને આવ્યા. ઠાકોરજીનાં દર્શન

કરી, સભામાં સ્વામીશ્રી પાસે તે આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મારે જાત્રા કરવા જવાનો વિચાર છે."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા અને કહ્યું : "ખુશીથી જાત્રા કરવા જજો. પણ પહેલાં જંગમતીર્થ જે આ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી જેવા અહીં વિરાજે છે તેમનો સમાગમ કરો. સ્થાવર તીર્થ તો પૃથ્વીનું તળ રહેશે ત્યાં સુધી રહેશે. તેથી બે વર્ષ કદાચ મોડા જવાશે તો પણ કાંઈ નુકસાન થવાનું નથી. પરંતુ જંગમતીર્થ કાંઈ આપણા માટે બેસી રહેતા નથી. પછી મળવા દુર્લભ છે. માટે જેટલો બને તેટલો તેમનો સમાગમ કરી લેવો."

આ પ્રમાણે સ્વામીશ્રીએ તેને કહ્યું. પણ તેને વેગ ઊપડ્યો હતો એટલે તેણે સ્વામીશ્રીને કહ્યું : "આપે કહ્યું તે બરોબર છે પણ હું તો એ નિમિત્ત લઈને જ નીકળ્યો છું."

જીવના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધારું એટલું બધું હોય છે કે સત્પુરુષ પ્રકાશ[૯૫] ફેંકે છે તો પણ તે પ્રકાશ ધારી શકતો નથી અને અંધારામાં જ મહાલવું ગમે છે. સ્વામીશ્રીએ જાણ્યું કે આને વેગ છે તે જાત્રામાં ગયા સિવાય રહેશે નહિ એટલે ધીરે રહીને સ્વામીશ્રીએ કહ્યું : "તો પછી સુખેથી જાત્રામાં જાઓ. પણ તે પહેલાં વંથળી બે દિવસ રહીને ત્યાં કલ્યાણભાઈની વાતો સાંભળજો. પછી જ્યાં જવું હોય ત્યાં સુખેથી જજો."

આ હરિભક્ત જૂનાગઢ એક દિવસ રહીને સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે વંથળી આવ્યા. અહીં કલ્યાણભાઈને ઘેર ઊતર્યા અને સ્વામીશ્રીએ તેને જે વાત કરી હતી તે તેણે કલ્યાણભાઈને કહી. કલ્યાણભાઈ સ્વામીના ઉપદેશનો મર્મ સમજી ગયા. પછી તેને કહ્યું : "આ ગુણાતીતાનંદ સ્વામી બહુ મોટાપુરુષ છે અને સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર છે. શ્રીજીમહારાજ તેમનામાં સર્વ પ્રકારે નિવાસ કરીને રહ્યા છે. માટે એમના સમાગમથી જ બ્રહ્મરૂપ થવાય છે અને મહારાજનો યોગ આપણને થાય છે. માટે ગમે તેટલાં તીર્થ કરીએ, પણ આવા મોટાપુરુષના સમાગમ વિના ભગવાન કોણ મેળવી આપે ? ખરી સમજણ પણ કોણ કરાવે ? જુઓને, શાસ્ત્રો પણ કહે છે કે 'તીર્થોને તીર્થત્વ મોટાપુરુષ જ આપે છે. વળી, તીર્થો ઘણા કાળે કલ્યાણ કરે છે, જ્યારે આવા મોટાપુરુષ દર્શનમાત્રે જીવોનું કલ્યાણ કરે છે. માટે તેવા

૯૫. પ્રકાશ = મહિમા.

પુરુષનો સમાગમ કરવાથી જ જન્મ, મરણ અને ચોરાશીમાં આથડવાનું મટી જાય છે અને બ્રહ્મરૂપ થઈને આત્યંતિક મુક્તિ પમાય છે. દેવતાઓ પણ આવા પુરુષનાં દર્શન ઇચ્છે છે. ત્યારે સમીપે રહેનારા મનુષ્યોને આવા પુરુષની અવજ્ઞા રહે છે તે જ માયાનું બળ કહેવાય.''

કલ્યાણભાઈ તો સ્વામીશ્રીની મૂર્તિ ધારીને વાતો કરતા હતા. અને સામે બેઠેલા હરિભક્તોને તો જાણે એક એક શબ્દ અંતરમાં સોંસરો ઊતરી જતો હોય, એવી અગમ્ય અસર સ્વામીશ્રીના મહિમાની આ વાતો સાંભળી થવા લાગી.

સાધુ ભગવાનદાસની અલૌકિક સ્થિતિ

કલ્યાણભાઈએ વાત ચાલુ રાખતાં કહ્યું : ''ભાઈ ! શાસ્ત્રમાં લખેલી વાતો તો આપણે વાંચી હોય પણ કાંઈ નજરે જોઈ ન હોય. પણ સ્વામીશ્રીના અતિ અપાર મહિમાના પ્રસંગો તો અમે નજરે જોયા છે. અહીં હાટીના માળિયામાં જૂનાગઢના મંદિરનું આંબાવાડિયું છે તે આંબાવાડિયું સાચવવા ભગવાનદાસ[૯૬] કરીને એક સાધુ ત્યાં રહેતા હતા. એક રાત્રે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણે દેવ આ આંબાવાડિયામાં વિમાનમાં આવ્યા અને ભગવાનદાસની ઝૂંપડી આગળ ઊભા રહ્યા. ભગવાનદાસે બહાર આવીને જોયું અને ત્રણે અજાણ્યા પુરુષને જોઈ તેમને પૂછ્યું : ''તમે કોણ છો ?''

એટલે તેમણે કહ્યું : ''અમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ છીએ અને ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને જવું છે.''

એટલે ભગવાનદાસને આશ્ચર્ય થયું કે આટલી મોડી રાત્રે આ ત્રણે દેવો અહીં શા માટે આવ્યા હશે ! સ્વામી તો જૂનાગઢ છે તેથી તેણે કહ્યું : ''સ્વામી તો જૂનાગઢ છે માટે ત્યાં જાઓ તો દર્શન થશે.''

એટલે તે ત્રણે દેવોએ કહ્યું : ''તમે સાથે આવો અને અમને દર્શન કરાવો. અમારે તેમની પાસે જવાનો અધિકાર નથી.''

આ સાંભળી ભગવાનદાસને વિશેષ આશ્ચર્ય થયું. મને સ્વામી પાસે જવાનો અધિકાર અને દેવોને નહિ ! દેવકોટી કરતાં મનુષ્યકોટી કેટલી ઉત્તમ !'' થોડી વાર તેણે વિચાર કર્યો. પછી એકાએક કહ્યું : ''ચાલો.''

૯૬. જુઓ પરિશિષ્ટ : ૩/૫, પૃષ્ઠ ૫૯૧.

મોડી રાત્રે ભગવાનદાસ જૂનાગઢના મંદિરના ચોકમાં ત્રણે દેવો સાથે વિમાનમાં ઊતર્યા અને સ્વામીશ્રીના આસને જઈ સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. તેમને આટલી મોડી રાત્રે આવેલા જોઈ સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "ભગવાનદાસ ! અત્યારે મોડી રાત્રે અને એકલા ક્યાંથી આવ્યા ?"

ત્યારે ભગવાનદાસે કહ્યું : "સ્વામી ! આ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આપનાં દર્શને આવ્યા છે, તો આપ આજ્ઞા આપો તો તેડી લાવું."

એટલે સ્વામીશ્રીએ તેને ઠપકો આપતાં કહ્યું : "બોલ મા, બોલ મા, બીજા સાંભળશે તો તેનું ઘર જાશે." એટલું કહીને હાથના ઈશારાથી એમને લઈ આવવા કહ્યું, એટલે ત્રણે દેવોએ આવી સ્વામીનાં દર્શન કર્યાં અને પોતાનાં અહોભાગ્ય માની પોતપોતાને ધામ ચાલ્યા ગયા.

એટલી વાત કરીને કલ્યાણભાઈએ કહ્યું : "જુઓ, આવા દેવો પણ જ્યારે સ્વામીશ્રીનાં દર્શન ઈચ્છે છે અને છતાં સ્વામીશ્રી સમીપ આજ્ઞા વિના આવી શકતા નથી, ત્યારે આપણને તો સ્વામીશ્રી હંમેશાં સમીપમાં જ હોય છે, છતાં મહિમા સમજાતો નથી એ જ અજ્ઞાન છે."

આ પ્રમાણે કલ્યાણભાઈની વાત સાંભળી તે હરિભક્તને સ્વામીશ્રીનો મહિમા સમજાયો. બીજે દિવસે જાત્રામાં જવાનું બંધ રાખી તે જૂનાગઢ ગયા.

✧ ✧ ✧

છત્રાસાના પ્રતાપસિંહનું જમના ત્રાસથી રક્ષણ

જૂનાગઢની બાજુમાં છત્રાસા ગામ છે. ત્યાંના રજપૂત પ્રતાપસિંહ, ગરાસિયાના સ્વભાવ અનુસાર બહુ ફેલી અને વ્યસની હતા. એક રાત્રે તેઓ તેમના ઘેર ફળિયામાં ખાટલો ઢાળીને સૂતા હતા. એટલામાં તેમને સ્વપ્નમાં જમ દેખાયા. જમને જોતાં જ તેને પુષ્કળ બીક લાગી અને ખાટલામાંથી ઊઠવા ગયા ત્યાં તો, તે જમે તેને ગદા ફટકારી. આ મારના ત્રાસથી બૂમો પાડવા લાગ્યા પણ તેમને કોણ બચાવે ? પછી તે ત્યાંથી ઊઠીને મૂઠિયું વાળીને દોડ્યા. તેને થયું કે કોઈ જાત્રાના પવિત્ર સ્થળે જાઉં તો ત્યાં જમ આવશે નહિ. દોડતાં દોડતાં તે જૂનાગઢમાં દામોદર કુંડે આવ્યા. અહીં પણ તેમણે જમને પાછળ જોયા એટલે તે ગિરનાર ચઢવા લાગ્યા. દત્તાત્રેય સુધી પહોંચ્યા તો ત્યાં પણ જમ તેમની પાછળ. પછી

ભાવેશ્વર મહાદેવના મંદિરે ગયા અને શિવલિંગ પાસે જઈને ઊભા. પણ અહીંયે જમ તેમની પાછળ. આથી તે એકદમ મૂંઝાયા. ત્યાંથી તે દોડ્યા અને દોડતાં દોડતાં એક મોટો દરવાજો વાંસની ખપાટોનો બનાવેલ ઉઘાડો જોઈ તેમાં દાખલ થઈ ગયા. જમ આ દરવાજા સુધી આવ્યા પણ અંદર આવી શક્યા નહિ, બહાર જ ઊભા રહ્યા. તે દરવાજાની અંદર બીજો નાનો દરવાજો હતો. તેમાં તે પેઠા. સામે સભામંડપમાં એક થાંભલી પાસે ગાદીતકિયા ઉપર એક સંત ફાટેલ ગોદડી ઓઢી બેઠા હતા. તે સંતનાં દર્શનથી તેમને એકદમ શાંતિ થઈ ગઈ. જમનો ત્રાસ તેમના મનમાં હતો તે ટળી ગયો. તે સંત પાસે તેઓ જવા જાય છે ત્યાં જ તેમની આંખ ઊઘડી ગઈ. પોતે પોતાના ઘરના ફળિયામાં ખાટલામાં સૂતા છે તે દેખ્યું. પરંતુ જમના ત્રાસથી તેમને ખાટલામાં જ ઝાડો, પેશાબ થઈ ગયા હતા. તે ધીરે ધીરે ઊઠ્યા અને નાહીધોઈ સ્વપ્નમાં જોયેલ સંતને યાદ કરવા લાગ્યા.

ત્યાર પછી થોડા દિવસ બાદ જૂનાગઢમાં મેળો ભરાયો હતો; તે પ્રસંગે ગામના કેટલાક લોકો તે મેળામાં જતા હતા. તેમની સાથે તે પણ જૂનાગઢ જવા નીકળ્યા. તેમને તો કાંઈ મેળામાં જવું ન હતું. પરંતુ પેલા સંતને શોધવા હતા. જૂનાગઢ આવી તે બધે ફરવા લાગ્યા. ત્યાં તેમણે નાગરવાડામાં વાંસની ખપાટોનો મોટો દરવાજો જોયો. સ્વપ્નમાં જોયેલ દરવાજો તેઓને યાદ આવ્યો. મનમાં થયું કે દરવાજો તો આ જ. એટલે અંદર ગયા. ત્યાં બીજો દરવાજો આવ્યો એટલે તેઓને ખાતરી થઈ કે બસ આ જ સ્થાન, જ્યાં જમ પ્રવેશ કરી શક્યા ન હતા. તે અંદર ગયા તો સભામાં થાંભલીને ઓઠીંગણ દઈને ગાદીતકિયા ઉપર એક સંત બેઠા હતા. તે સંતને જોઈને તેમને આનંદ આનંદ થઈ ગયો.

સ્વામીશ્રીએ પણ તેમને જોઈને કહ્યું : "આવો દરબાર ! આ તો સ્વપ્નામાં જમ દેખાયા હતા. પણ સાચા આવે તો શી દશા થાય ?"

તેમને આશ્ચર્ય થયું કે આ સ્વામી મારા સ્વપ્નાની વાત શી રીતે જાણી ગયા ! સ્વામીશ્રીને મહાસમર્થ અને અંતર્યામી પુરુષ જાણી તે તેમના ચરણમાં પડી ગયા. સ્વામીશ્રીને હાથ જોડી કહ્યું : "દયાળુ ! આપે મને જમના ત્રાસમાંથી ઉગાર્યો છે તો હવે મારી કાયમ રક્ષા કરો."

સ્વામીશ્રીએ હસીને કહ્યું : "દરબાર ! વર્તમાન ધરાવી સત્સંગી થાઓ

અને સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો તો કાળ, કર્મ અને માયા તથા જમના ત્રાસથી બચી જશો.''

સ્વામીશ્રીની આજ્ઞા માની તેમણે તરત જ વર્તમાન ધરાવ્યાં અને મહારાજનો આશ્રય કર્યો.

પશ્ચાત્તાપથી પાપ બળે છે

સ્વામીશ્રી એક દિવસ સભામાં વિરાજમાન થયા હતા અને સામે સંતો તથા હરિભક્તોની સભા બેઠી હતી. સ્વામીશ્રીની વાતો સાંભળવામાં સહુ તન્મય બની ગયા હતા. એટલામાં ત્યાં જૂનાગઢ રાજ્યના એક મુસલમાન અમલદાર સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમણે કાંઈક પાપ કર્યું હતું તેથી તે પાપની મૂંઝવણથી તેમના અંતરમાં શાંતિ થતી ન હતી. સ્વામીશ્રીનો અદ્‌ભુત પ્રતાપ સાંભળી તે અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

તેમને જોઈ સ્વામીશ્રીએ તેમને સભામાં આસન પાથરી દીધું. નીચે નમીને સ્વામીશ્રીને તેમણે સલામ કરી. પછી સ્વામીશ્રીએ પાથરેલા આસન ઉપર તે બેઠા. સ્વામીશ્રીએ તેમના અંતરની વાત જાણી, તેમને ઉદ્દેશીને કહ્યું : ''દુનિયામાં લોકો અનેક પ્રકારનાં પાપ કરે છે પણ જો તેને કોઈ એવા ફકીર કે ઓલિયા પુરુષ મળે અને તે પાપની તેમના અંતરમાં બળતરા થાય તો તેનાં સર્વ પાપ બળીને ભસ્મ થઈ જાય.''

ત્યારે તે અમલદારે કહ્યું : ''મહારાજ ! અનેક પાપ કર્યાં હોય તે ફક્ત બળતરા કરવાથી બળી જાય ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''મોટાપુરુષના વચનથી અને આશીર્વાદથી ગમે તેટલાં પાપ કર્યાં હોય તે બળી જાય. પણ અંતરમાં તે પાપ માટે પરિતાપ થવો જોઈએ.''

ત્યારે તે જમાદારે ફરી પૂછ્યું : ''પાપ બળી ગયાં તે કેમ જણાય ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''અંતરમાં શાંતિ થઈ જાય અને સુખ વર્તે, બળતરા મટી જાય તો જાણવું કે પાપ બળી ગયાં છે.''

એમ કહી સ્વામીશ્રીએ તે ઉપર એક દૃષ્ટાંત આપ્યું : ''એક ફકીર બહુ જ દયાળુ હતો અને હંમેશાં ખુદાની બંદગી કર્યા કરતો હતો. કોઈને પણ મન, કર્મ કે વચને ન દુખવે એવો તેનો દયાળુ સ્વભાવ હતો. એક

દિવસ તે બીજે ગામ જતો હતો. રસ્તામાં તેને બહુ ભૂખ લાગી, એટલે રસ્તાના કાંઠા ઉપરના એક ખેતરમાં તેણે ઘઉંનાં જાડાં અને ચળકતાં ડૂંડાં જોયાં. તેથી તેણે એક ડૂંડું તોડ્યું અને તેમાંથી ઘઉં કાઢી, હાથમાં મસળી, ફોતરાં ઉડાડી, તે ઘઉં ખાઈ ગયો. પછી તેને અંતરમાં બળતરા થવા લાગી કે કોઈકના ખેતરમાંથી તેના ધણીને પૂછ્યા વિના મેં ઘઉં ખાધા તે ચોરી કરી કહેવાય. પછી તે બળતરા ટાળવા તેણે બે-ત્રણ મણ ઘઉં લઈને ધર્માદામાં આપી દીધા. તેથી તેને કાંઈક શાંતિ થઈ. થોડા દિવસ બાદ તે ફકીરનો દેહ પડી ગયો એટલે યમદૂતો તેના આત્માને લઈને યમરાજા પાસે આવ્યા. યમરાજાએ તે ફકીરના આત્માને દોજખમાં મોકલવા કહ્યું.

એટલે તે ફકીરે પૂછ્યું : "મને શા પાપથી દોજખમાં નાખો છો ?"

એટલે યમરાજાએ કહ્યું : "બીજાં તો કોઈ તારાં પાપ નથી, પણ તેં ઘઉંની ચોરી કરી છે તે પાપને લઈને તને દોજખમાં મોકલીએ છીએ."

ત્યારે તેણે કહ્યું : "પણ મેં તેના બદલામાં બેત્રણ મણ ઘઉં ખેરિયત કર્યા છે ને !"

એટલે યમરાજાએ કહ્યું : "તે સાચું, પણ તે ઘઉંનાં ફોતરાં ઊડી ગયાં તેનું શું ? તે પાપે તારે દોજખમાં જવું પડશે. માટે ગમે તો દોજખમાં જઈ દંડ ભોગવીને પાપનું પ્રાયશ્ચિત્ત કર અથવા મૃત્યુલોકમાં પાછો જા અને તેં ફેંકી દીધેલાં ફોતરાં મેળવી તેનો સદુપયોગ કર."

તે સાંભળી ફકીરે વિચાર કર્યો કે "મૃત્યુલોકમાં જઈ ફોતરાં મેળવી તેનો સદુપયોગ કરવો." એટલે તેણે દેહમાં પાછા જવા કબૂલ્યું.

અહીં તેનો દેહ દફનાવવાની બધી તૈયારી થઈ હતી. એટલામાં તેનો દેહ જરા હાલ્યો એટલે દફનાવવા આવેલા બધાએ જાણ્યું કે ફકીર ચમત્કારી જણાય છે એટલે દેહમાં પાછો આવ્યો છે.

થોડા દિવસ બાદ ફકીર સંપૂર્ણ સાજો થયો એટલે જે ખેતરમાંથી તેણે ઘઉંનું ડૂંડું લીધું હતું તે ખેતરમાં ફોતરાં ગોતવા ગયો. પરંતુ ખેતર તો લણીને સાફ કરી નાખ્યું હતું એટલે તેને ફોતરાં મળ્યાં નહિ. આથી તે બહુ જ નિરાશ થઈ ગયો. એટલામાં તેણે રસ્તા ઉપરથી એક પારધીને જતો જોયો. પારધીએ ગાડામાં મરેલાં પક્ષીઓ ભર્યાં હતાં. આ પારધીને જોઈ ફકીરે માથું હલાવ્યું. તેના મનમાં વિચાર થયો કે 'મને ફક્ત ફોતરાંની

ચોરી માટે જો દોજખમાં નાખતા હતા તો આ પારધીના શા હાલ થશે ?' એટલામાં તે પારધી તેની પાસે આવ્યો અને તેને પૂછ્યું : "મારી સામું જોઈ તમે માથું કેમ હલાવ્યું ?"

ત્યારે તે ફકીરે તેને પોતાને જે વીતી હતી તે વાત કહી અને કહ્યું : "તારા શા હાલ થશે ?"

તે સાંભળીને તે પારધીને અત્યંત ત્રાસ થયો અને બહુ જ ખોટાં કર્મો કરવાથી તેના અંતરમાં અરેરાટી ઉત્પન્ન થઈ. તેથી તેનો દેહ ત્યાં જ પડી ગયો. તે જોઈ ફકીરનો દેહ પણ છૂટી ગયો. બંને જણા બહિશ્તમાં ભેગા થઈ ગયા. આ સાંભળી જમાદારે પૂછ્યું : "મહારાજ ! તે પારધી તો મહાપાપી હતો અને ફકીરને માથે પણ ફોતરાંની ચોરી ઊભી હતી. છતાં બંને બહિશ્તમાં શી રીતે ગયા ?"

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "પારધી પાપી હતો તે વાત ખરી. પણ ફકીરની વાત સાંભળી તેના હૃદયમાં અરેરાટી થઈ અને તે પ્રાયશ્ચિત્તથી તેનાં પાપ બળી ગયાં અને તેનો દેહ છૂટી ગયો. વળી, ફકીરે તે પારધીને વાત કરી એટલે તેને અરેરાટી થઈ એટલે તે પારધીનાં પાપ બાળવાના સત્કર્મથી ફકીરનું ફોતરાં ચોર્યાનું પાપ બળી ગયું. આમ, બંને બહિશ્તમાં ભેગા થઈ ગયા. માટે મોટા પુરુષનો જો જોગ થાય, તો તેઓ આ ને આ દેહે પાપની બળતરા કરાવી, તેનું પ્રાયશ્ચિત્ત કરાવી, જીવને શુદ્ધ કરી દે છે."

એટલી વાત કરી ત્યાં આરતીનો ડંકો થયો એટલે સ્વામીશ્રી ઊઠ્યા. જમાદારને પણ અંતરમાં શાંતિ થઈ ગઈ એટલે પોતાનાં પાપ બળ્યાની પ્રતીતિ તેને થઈ.

ભોયકાના માલજી સોનીને ગોપાળાનંદ સ્વામી અક્ષરધામ ઓળખાવે છે

આ વર્ષના ચૈત્રી પૂનમના સમૈયા ઉપર સ્વામીશ્રી સંતો સાથે વરતાલ પધારવા તૈયાર થયા. આ વખતે માધવચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : "મને એક વખત વરતાલ તેડી જાઓ તો સારું."

ત્યારે સ્વામીશ્રીએ હસીને કહ્યું : "તમને ત્યાંની દેશવાસના પાછી વળગશે તો ?" એટલે તેમણે કહ્યું : "ના સ્વામી ! હવે મને દેશવાસના નહિ વળગે." એટલે સ્વામીશ્રી તેમને વરતાલ તેડી ગયા.

આ સમૈયામાં અમદાવાદથી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ પધાર્યા હતા. એટલે બંને દેશના સત્સંગીઓ વરતાલમાં ભેગા થયા હતા.

પૂનમના દિવસે સવારની સભામાં પ્રથમ ગોપાળાનંદ સ્વામીએ સ્વામીશ્રીને હાર પહેરાવ્યો. ત્યાર પછી બધા સદ્‌ગુરુઓએ પણ સ્વામીશ્રીને હાર પહેરાવ્યો. એટલે સ્વામીશ્રીની કોટ હારથી ભરાઈ ગઈ. આ વખતે સભામાં આચાર્ય મહારાજશ્રીની પાટ પાસે પ્રથમ ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી ગાદીતકિયે વિરાજમાન હતા. ત્યાર પછી ત્રીજા શુકમુનિ અને તેમની બાજુમાં સ્વામીશ્રી ફક્ત ગાદી ઉપર વિરાજમાન થયા હતા. સ્વામીશ્રીને તમામ સદ્‌ગુરુઓએ હાર પહેરાવ્યા એટલે ગોપાળાનંદ સ્વામીની પાછળ બેઠેલા અને તેમને વિષે ગુરુભાવવાળા ભોયકાના માલજી સોનીએ ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! આ સદ્‌ગુરુ કોણ છે ?"

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તેને કહ્યું : "મેં તને એક દિવસ નહોતું કહ્યું કે હું તને અક્ષરધામ બતાવીશ - તે આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે. મહારાજે ઘણી વાર તેમને અક્ષરધામ તરીકે ઓળખાવ્યા છે. માટે તું પણ ઓળખી લે." તે સાંભળી માલજી સોનીને 'સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે' તે નિશ્ચય થયો.

પછી ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : "આજે બંને દેશના સત્સંગીઓ ભેગા થયા છે માટે તમો મહારાજના મહિમાની વાતો કરો."

એટલે સ્વામીશ્રી સભામાં ખુરશી ઉપર વિરાજ્યા અને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની અદ્‌ભુત વાતો બે કલાક સુધી કરી અને સમગ્ર સભાને મુગ્ધ કરી દીધી.

સમૈયા બાદ સ્વામીએ વરતાલથી નીકળવા તૈયારી કરી એટલે માધવચરણદાસ સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મને એક સાધુએ કહ્યું કે તમે અહીં રહો તો કેટલીક પ્રસાદીની વસ્તુઓ તથા શ્રીજીમહારાજનાં ચરણારવિંદની જોડ આપું."

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : "અમે તમને નહોતું કહ્યું કે ત્યાં દેશવાસના વળગશે ? જુઓ, વળગીને ! આમ, પદાર્થ બતાવી મુમુક્ષુઓની વૃત્તિ ફેરવી નાખે એવા પણ સત્સંગમાં પડ્યા છે. તેમાં તેનો અર્થ ન સરે

અને બંનેનું બગડે. પદાર્થમાં લોભાવી, ખાધાપીધાનાં સુખ બતાવી, બીજે રસ્તે ચડાવી દે ત્યારે વાસના ક્યાંથી ટળે ? વાસના તો જ્ઞાન, વૈરાગ્યના વિચારથી જ ટળે. માટે એ રસ્તે કે પદાર્થની લાલચમાં લોભાશો મા.''

માધવચરણદાસને સ્વામીશ્રી સાથે ખરેખરું હેત હતું. તેથી પદાર્થમાં ન લોભાતાં તેઓ વરતાલથી સ્વામીશ્રી સાથે નીકળી ગયા.

મુંજા સૂરુનું પરિવર્તન

ગોંડળ પાસે લીલાખા ગામ છે. ત્યાં મુંજા સૂરુ રહેતા હતા. તેઓ મહાશૂરવીર અને ખરા મુમુક્ષુ હતા. પરંતુ તેમની મુમુક્ષુતા તેમના જીવન વ્યવહારની ક્રિયા પાછળ ઢંકાઈ ગયેલી હતી. તેથી દારૂ અને માંસભક્ષણ એ તેમનો દૈનિક ક્રમ બની ગયો હતો. કોઈ પણ જાતનો શિકાર કરવો - તેમાં તેમણે કદી સંકોચ અનુભવ્યો ન હતો. મેંગણીના દરબાર શ્રી માનસિંહની કચેરીમાં તે મુખ્ય સભાસદ હતા.

એક દિવસ સ્વામીશ્રી તેમને ગામ પધાર્યા અને જાણે મુંજા સૂરુના ભાગ્યનો ઉદય થવાનો હોય, તેમની હિંસક વૃત્તિ પાછળ છુપાયેલી તેની મુમુક્ષુતા જાગ્રત થવાની હોય તેથી સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા. મુંજા સૂરુ સ્વામીશ્રીનું નામ સાંભળી તરત જ દર્શને આવ્યા. તેમને જોઈ તેમના તરફ સ્વામીશ્રીએ કરુણાદૃષ્ટિ ફેંકી. તેમના હૃદયમાંથી જાણે આસુરભાવ નીકળતો હોય તેમ સ્વામીશ્રીની દૃષ્ટિ ઝીલતાં તેમની આંખો ઢળી પડી. સ્વામીશ્રીએ તેમને ઉપદેશ આપતાં કહ્યું : ''જાણો છો, મુંજા સૂરુ ! અફીણ એક કલ્પ સુધી, ભાંગ ત્રણસો કલ્પ સુધી અને દારૂ, માંસ હજાર કલ્પ સુધી તેના પીનારને નરકમાં નાખે છે. બ્રહ્મા પણ જો સુરાપાન કરે તો તે પણ અશુદ્ધ બની જાય.'' એમ કેટલીક દારૂમાંસના નિષેધની વાતો કરી.

પરંતુ મુંજા સૂરુને લાગ્યું કે આવી વાતો તો ભોળા માણસોને બિવરાવવા માટે છે. તેથી તેણે કહ્યું : ''સ્વામી ! અમારો તો ધર્મ છે કે શિકાર કરવો, માંસ ખાવું અને દારૂ પીવો. એટલે આ તમારી વાત કદાચ વાણિયા, બ્રાહ્મણો માટે હશે, અમે તો શાસ્ત્રના પોથાને અદ્ધર લટકાવી રાખીએ છીએ.''

તેમની આ વાત સાંભળી સ્વામીશ્રીને થયું કે ''આને અમારાં

વચનની પ્રતીતિ નથી એટલે ઉપદેશથી નહિ માને." પછી સ્વામીશ્રીએ તેમના તરફ દૃષ્ટિ કરી અને તેમને તરત જ સમાધિ થઈ.

તેમને સમાધિમાં યમના દૂતો યમપુરીમાં લઈ ગયા. અહીં અનેક પ્રકારના નર્કના કુંડોમાં પાપી જીવોને અસહ્ય દુઃખ ભોગવતા જોઈ તેમનું હૃદય પણ ત્રાસ પામી ગયું. તેમના આખા અંગમાં આ ત્રાસથી જ્યારે ધ્રુજારી છૂટી ત્યારે સ્વામીશ્રીએ તેમને સમાધિમાંથી જાગ્રત કર્યા.

નજરે દેખેલ દુઃખના ત્રાસથી તેમનું હૃદય કોમળ બની ગયું. તરત જ તે સ્વામીશ્રીના ચરણમાં પડી ગયા અને ગદ્ગદ કંઠે બોલ્યા : "સ્વામી ! કૃપાળુ ! આ જમપુરીનું દુઃખ સાચું છે. મારે આવી જમપુરીમાં જવું ન પડે તેવી દયા કરો !"

સ્વામીશ્રીએ હસીને કહ્યું : "વર્તમાન ધરાવી શ્રીજીમહારાજનો આશ્રય કરો તો એ દુઃખ ટળે."

એટલે તરત જ તેણે વર્તમાન ધરાવ્યાં અને કંઠી પહેરી. ત્યારથી 'પાપનો પર્વત' કહેવાતા મુંજા સૂરુ સત્સંગી થઈ ગયા.

ભરવાડોનું રોજ એક એક બકરું અને ઘેટું ઉઠાવી જતો મુંજો સૂરુ સત્સંગી થઈ ગયો તેથી ભરવાડોને ઘણો આનંદ થયો.

સ્વામીશ્રી ઉપદેશ અર્થે વિચરણ કરતા હતા અને ફરતાં ફરતાં ધોલેરે જતાં રસ્તામાં વગડામાં રાત રહ્યા. અહીં રાત્રે લાકડાં બાળી તાપણી કરી સ્વામીશ્રી સભા કરતા અને રાત્રે પણ સૌને વાતો કરતા. સ્વામીશ્રીની ધીર ગંભીર વાણીના પડઘા જંગલમાં ગાજી ઊઠતા. આ પડઘાના સૂર સાંભળી દૂરથી એક ભરવાડ સ્વામીશ્રી જ્યાં સભા કરીને વિરાજ્યા હતા ત્યાં આવ્યો. સભામાં બેસી તેણે થોડી વારે પૂછ્યું : "તમે કોના સાધુ છો ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમે સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ."

એટલે તે ભરવાડે પૂછ્યું : "ઓલ્યા મુંજા સૂરુના ગુરુ તમે ?"

સ્વામીશ્રીએ હસીને હા કહી એટલે તે ભરવાડ ઊઠીને તરત જ સ્વામીશ્રીના ચરણમાં પડી ગયો અને બોલ્યો : "તમે તો અમને ન્યાલ કરી દીધા. મુંજો સૂરુ તો જ્યારે બકરાંનાં કે ઘેટાંનાં ટોળાંમાં પડતો ત્યારે પાંચ બકરાં અને પાંચ ઘેટાં ઉપાડી જતો. પણ જ્યારથી તમે એને શિષ્ય મૂંડ્યો

છે, ત્યારથી તે આવતો બંધ થઈ ગયો છે. તમે તો ખરા સાધુ છો. આજથી તમે મારા ગુરુ.''

પછી સ્વામીશ્રીએ તેને વર્તમાન ધરાવ્યાં. તેની જાડી બુદ્ધિ હોવાથી તે 'સ્વામિનારાયણ', 'સ્વામિનારાયણ' એમ બોલી ન શકતો. પણ 'ગુણાનંદ' એમ બોલી માળા ફેરવતો. તેના અંત સમયે સ્વામીશ્રી તેને તેડવા આવ્યા. આમ, મુંજા સૂરુના ત્રાસથી કંટાળેલા આ ભરવાડને પણ સ્વામીનો ગુણ આવ્યો અને તેનું કલ્યાણ થયું.

✧ ✧ ✧

વાલેરા વરુનું પરિવર્તન

બાબરિયાવાડમાં માણસા ગામ છે. ત્યાંના કાઠી દરબાર હતા મામૈયા વરુ. તેમના બે પુત્ર સીદી વરુ અને વાલેરા વરુ. વાલેરાનો અરધો ભાગ ઓરમાન ભાઈ સીદી વરુએ દબાવ્યો હતો. તેથી વાલેરા વરુને તેના ગરાસની કાંઈ ઊપજ મળતી નહિ.

તે બહારવટે નીકળ્યો. આસપાસનાં ગામની વસતિને રંજાડવા લાગ્યો, તેમનાં ઢોર ઉપાડી જાય અને જાસાચિઠ્ઠી નાખે. ખેતરોમાં ચાલતાં હળ અટકાવીને ખેડૂતોને મારી નાખે. આવો ત્રાસ તેણે ગુજારવા માંડ્યો એટલે વસતિ ઉચાળા ભરીને ગામડાં ખાલી કરવા માંડી. વાલેરાને તો તેના ભાઈ સીદી વરુને ત્રાસ પમાડી પોતાનો દબાવેલો ગરાસ પાછો મેળવવો હતો. પણ સીદી વરુ પણ પાકો ભરાડી હતો, તે એમ દાદ દે તેમ ન હતો.

આ અરસામાં સ્વામીશ્રી નાઘેર દેશમાં ફરતાં ફરતાં ભૂલા પડ્યા. જંગલમાં થઈને જતા હતા ત્યાં સાત-આઠ બડકમદાર બંદૂકધારીઓ આડા પડ્યા. તેમને જોઈને સ્વામીશ્રી સાથેના સંઘના માણસો બીવા માંડ્યા. સ્વામીશ્રીએ તેમને કહ્યું, ''તમે શા માટે બીવો છો ? આપણી પાસે શું છે તે લઈ જવાના છે ?'' પણ તેમને તો મોત સામે દેખાતું હતું.

પેલા બહારવટિયાએ બંદૂકની નાળ ધરીને સૌને કહ્યું, ''એ મહારાજો ! હાલો આ તરફ. વાલેરો વરુ તમારી રાહ જુએ છે.''

વાલેરાનું નામ સાંભળીને સૌના પગ ધ્રૂજવા માંડ્યા. બાબરિયાવાડમાં ત્રાસ ફેલાવનાર વાલેરાએ બંદૂકની ગોળીએ કંઈકની છાતી વીંધી નાખી

હતી. તલવારના એક ઝાટકે કંઈકનાં માથાં ઉડાવી દીધાં હતાં. તે જમનો દૂત આજે હવે આપણને કેમ છોડશે ? સૌનાં ગાત્રો ઢીલાં થઈ ગયાં !

સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ચાલો, મહારાજ ભેગા છે. બીવો છો શું કામ ?" સૌ ચાલ્યા, આગળ બડકમદાર આદમીઓ અને પાછળ સ્વામીશ્રી હાથમાં માળા ફેરવતા સ્વામિનારાયણ મંત્રનો જાપ જપતા, તેમની પાછળ સાધુઓ અને હરિભક્તો.

ડુંગરની ઝાડીમાં વાલેરાનો મુકામ હતો. તેણે દૂરથી આ સંઘને આવતો જોયો અને તેના હાથ સળવળ્યા. મૂછ ઉપર તા' દઈને બંદૂકની નાળ નાકની દાંડી ઉપર ગોઠવી તેણે નિશાન તાક્યું. ત્યાં તો તેણે પોતાની જ સામે આવતા કાષાય વસ્ત્રધારી સૌમ્યમૂર્તિ સ્વામીશ્રીને જોયા. તેમને જોતાંવેંત જ તેના હાથમાંથી બંદૂક પડી ગઈ. તે એકદમ ઊભો થઈ ગયો. સ્વામીશ્રી તેની પાસે આવ્યા અને તેને ખભે હાથ મૂકી પૂછ્યું : "તમે જ વાલેરા વરુ ?"

જાણે જાદુ થયો હોય તેમ વાલેરાએ બે હાથ જોડી દીધા. તેણે પૂછ્યું : "મહારાજ ! આ ક્યાંની જમાત છે ?"

સ્વામીશ્રીએ કહ્યું : "આ જમાત નથી પણ સ્વામિનારાયણ ભગવાનનો સંઘ છે. અમે તો ભગવાન ભજીએ છીએ અને બીજાને ભગવાન ભજાવીએ છીએ. જૂનાગઢમાં અમારું મંદિર છે અને હમણાં ઊના જતાં ભૂલા પડ્યા અને તમારા માણસો અમને અહીં લઈ આવ્યા."

સ્વામીશ્રીની સૌમ્ય મુખમુદ્રા, અમૃત સરખી વાણી અને કરુણા ભરપૂર નયનો નિહાળી વાલેરાનું અંતઃકરણ ફરી ગયું. તેના અંતરમાં આ જમાતને રહેંસી નાખવાની ક્રૂરતાના જે સંકલ્પો થતા હતા તે ઓસરી ગયા. તેણે સ્વામીશ્રીને કહ્યું : "મહારાજ ! આપ ભલે પધાર્યા. મારો દિનમાન આજ સુધરી ગયો લાગે છે."

એટલું કહીને તેણે તેના માણસોને કહ્યું : "ઊભા શું રીયા છો. આ ચોખા, આ ખાંડ અને આ દૂધના દેગડા આ જમાતને આપો."

એમ કહીને સ્વામીશ્રીને કહ્યું : "મહારાજ ! આપ દૂધપાક બનાવો. અમારે સામગ્રીની ખોટ નથી. આપ સૌ જમશો તો અમારું સારું થશે."

સ્વામીશ્રીએ તેની ભાવના જોઈ, તેના અંતરની કુમળાશ પારખી. પછી

ધીરેથી તેમણે પૂછ્યું : "દરબાર ! આમ, બા'રવટે ચડવાનું શું કારણ ?"

વાલેરાએ કહ્યું : "મહારાજ ! મારો ગરાસ મારા ભાઈએ દબાવ્યો છે અને કેટલીય વષ્ટિ મોકલી તોય કોઈ રીતે ગરાસ આપતો નથી. તેથી ન છૂટકે આ ધંધો કરવો પડે છે."

સ્વામીશ્રી તેની વિતક સમજી ગયા. તેમણે કહ્યું : "કજિયો ભાઈ સાથે અને રંજાડ વસતિને કરવાની ? આ કેવો ન્યાય ? નિર્દોષ બાપડાં માણસો, પશુઓને રહેંસી નાખવાથી ગરાસ મળશે ?"

વાલેરાને પોતાની કરણી આંખ સામે તરવા લાગી. નિર્દોષ નવો પરણેલો જુવાન, હજુ તો મીંઢળ પણ હાથેથી ઉતાર્યું ન હતું તેને, તેની નવી પરણેલી સ્ત્રીના કાલાવાલા છતાં ગોળીએ વીંધી નાખ્યો. એવી તો કેટકેટલી અરેરાટીઓએ તેના હૈયાને હલાવ્યું ન હતું, તે આજ આ સ્વામીશ્રીના એક એક શબ્દે હલી ગયું. અંતરમાંથી પશ્ચાત્તાપનાં અશ્રુ આંખો વાટે બહાર નીકળવા લાગ્યાં. તેણે હાથ જોડી કહ્યું : "મા બાપ ! પાપ બહુ કર્યાં છે પણ ગરાસ જો મળે તો જ આ ધંધો છૂટે તેમ છે."

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : "દરબાર ! તમારો ગરાસ સાત દિવસમાં મળી જશે. તમારો ભાઈ વષ્ટિ મોકલશે અને બધાં સારાં વાનાં થઈ જાશે."

સ્વામીશ્રીના આ આશીર્વાદથી વાલેરો એકદમ આનંદમાં આવી ગયો. પણ થોડી વારે તેણે કહ્યું : "પણ હેં મહારાજ ! એ સાત દી થાય ક્યારે ?"

આંકડાની ગણતરીના અજાણ આ દરબાર ઉપર આજે સ્વામીશ્રીની કરુણા વરસી હતી. તેમણે કહ્યું : "સીંદરી લાવો."

તરત જ બંદૂક માટેની જામગરીની સીંદરી તેણે સ્વામીશ્રીને આપી. સ્વામીશ્રીએ તેને સાત ગાંઠ વાળી અને પછી દરબારને કહ્યું : "દરબાર ! આ ગાંઠ રોજ સૂરજ દાદા ઊગે ત્યારે છોડજો. સાતે ગાંઠ છૂટી જશે ત્યારે તમારું સમાધાન થઈ જશે."

વાલેરાના આનંદનો પાર ન રહ્યો. હિંસાનાં પાપથી છૂટવાનું, સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવાનું આજે તેને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેણે એક નિર્દોષ બાળકની જેમ ફરી પૂછ્યું : "આ ગાંઠ આજથી છોડવી કે કાલથી ?"

સ્વામીશ્રી તેની ભોળપ ઉપર હસ્યા. તેમણે તેની પાસેથી સીંદરી લઈ લીધી અને એક ગાંઠ છોડી નાખી. પછી કહ્યું : "હવે કાલથી બીજી ગાંઠ છોડજો." વાલેરાને ટાઢક વળી.

એટલામાં થાળ તૈયાર થઈ ગયો એટલે ભંડારી સાધુ સ્વામીશ્રીને બોલાવવા આવ્યા. સ્વામીશ્રી જમવા પધાર્યા. દરબાર તથા તેના માણસોને પણ સાથે જમવા બેસાર્યા. પોતે દૂધપાક જમતા નહિ એટલે બાજરાનો રોટલો લીધો પણ સંઘના માણસોને હસતાં હસતાં કહ્યું : "જુઓ, તમે તો બીતા હતા પણ મહારાજ ભેગા હતા તો દૂધપાક મળ્યો ને ?"

સૌ જમી રહ્યા એટલે સ્વામીશ્રીએ ચાલવાની તૈયારી કરી. વાલેરાએ તેના માણસોને સ્વામીશ્રીને રસ્તો બતાવવા મોકલ્યા. તે પણ વળાવવા થોડે સુધી ગયો. છૂટા પડતાં તેણે સ્વામીશ્રીને કહ્યું : "મારો ગરાસ મળે પછી તમને મારે ક્યાં ગોતવા ?"

સ્વામીશ્રીએ કહ્યું : "જૂનાગઢમાં સ્વામીના મંદિરે આવજો."

સ્વામીશ્રીના આશીર્વાદથી સાત દિવસ પૂરા થયા. વાલેરાના ભાઈ સીદી વરુએ સમાધાનનું કહેણ મોકલ્યું. વાલેરાને સન્માન કરી માણસા તેડી ગયા. તેનો ગરાસ તેને પાછો આપ્યો અને ચડેલા રૂપિયા સાત હજાર પણ આપ્યા. વાલેરાને થયું, 'સ્વામીશ્રીના આશીર્વાદથી જ આ કામ થયું છે.' તેથી તેણે તરત જ તેના સાગરીતોને કહ્યું : "ચાલો, આપણે હમણાં જ જૂનાગઢ જઈએ." એમ કહી રૂપિયા બે હજાર ખડિયામાં ભરી, ગાડામાં પોતાના માણસો સાથે મુકાવી જૂનાગઢ સૌ ગયા. ત્યાં મંદિર શોધી કાઢ્યું.

વાલેરો વરુ જ્યારે મંદિરમાં દાખલ થયો ત્યારે સ્વામીશ્રી સભા મંડપમાં પીલપાયે બેસીને વાતો કરતા હતા. દૂરથી તેમણે દરબારને આવતા જોયા અને સભામાં બેઠેલા સંતોને કહ્યું : "આપણને દૂધપાક ખવરાવ્યો હતો તે દરબાર આવે છે." પછી પોતે ઊઠીને દરબારનું સ્વાગત કર્યું. પાળાને કહી ઘોડા બંધાવ્યા.

સભામંડપમાં આવી વાલેરાએ રૂપિયાનો ખડિયો ત્યાં ખાલી કર્યો અને સ્વામીને કહ્યું : "આ મારી માનતાના રૂપિયા. તમારા આશીર્વાદથી ગરાસનું આજે પાર પડ્યું છે."

સ્વામીશ્રી તેના ભાવથી રાજી થયા. તેમને સૌને ચાર દિવસ રાખ્યા,

જમાડ્યા, રમાડ્યા અને સત્સંગની ખૂબ વાતો કરી. નીકળતી વખતે વાલેરાએ સ્વામીશ્રીને દંડવત્ કર્યા. પછી ઊભા થઈને સ્વામીશ્રીનો હાથ પકડી તેણે કહ્યું : "સ્વામી ! તમારું ઘર મને બતાવો."

એટલે સ્વામીશ્રીએ તેને કોઠાર, ભંડાર વગેરે બતાવ્યું. પણ તેનું મન માન્યું નહિ. તેણે કહ્યું : "સ્વામી ! મારે તો તમે ક્યાંથી આવ્યા છો તે ઘર જોવું છે."

સ્વામી તેની ભક્તિથી રાજી થયા. તેને માથે હાથ મૂક્યો અને વાલેરાને તરત જ સમાધિ થઈ. અક્ષરધામમાં અનંત મુક્તોએ સેવેલા શ્રીજીમહારાજની સમીપે તેણે સ્વામીશ્રીને અપાર તેજોમય દિવ્ય સ્વરૂપે જોયા. થોડી વારે સમાધિમાંથી તે જાગ્યો ત્યારે તેની આંખમાં આંસુ હતાં. સ્વામીશ્રીએ તેને કહ્યું : "વાલેરા ! એ અમારું ઘર. તમને દેહ મુકાવીને એ ઘરમાં અમારી સાથે રાખવા છે."

વાલેરાને નિશ્ચય થઈ ગયો કે સ્વામી શ્રીજીમહારાજને રહેવાનું ધામ-ઘર છે, અક્ષરબ્રહ્મ છે.

આમ, સ્વામીશ્રીના આશીર્વાદથી ભાગ તો મળ્યો, પરંતુ ભાયાતોએ પથરાળ જમીન આપી. તેથી ચાલીસ પચાસ હાથ ખોદે ત્યારે પાણી માંડ નીકળે. વળી, ભાયાતો મોટા માણસામાં કોઈને પાણી ભરવા દે નહિ. ઢોરને પણ પોતાને અવેડે પાણી પીવા દે નહીં. તેથી વાલેરા વરુ મૂંઝાયા. તેમણે વિચાર કર્યો કે સ્વામીશ્રીને ફરી જઈને વિનંતી કરવી પડશે. એટલે તે ફરી જૂનાગઢ ગયા અને સ્વામીશ્રીને બધી વાત કરી, પ્રાર્થના કરી કે "દયાળુ ! આપ માણસા પધારો તો અમારો દિનમાન સુધરે."

દયાળુ સ્વામીશ્રીએ તરત જ માણસા જવાનું કબૂલ્યું.

સ્વામીશ્રી વાલેરા વરુ સાથે માણસા પધાર્યા. હાલ જ્યાં કૂવો છે ત્યાં સ્વામીશ્રી ઊભા રહ્યા અને કહ્યું : "આ ઠેકાણે ૧૫-૨૦ હાથ ખોદશો એટલે પાણી ઘણું થાશે. માટે અહીં કૂવો કરાવજો અને એક કોર દરબારગઢ કરજો અને એક કોરે મંદિર કરજો."

દરબાર તો સ્વામીશ્રીની અપાર કૃપાથી રાજી રાજી થઈ ગયા. પછી બે હાથ જોડી કહ્યું : "દયાળુ ! અમારી સીમમાં પણ પાણીની તાણ છે."

એટલે સ્વામીશ્રીએ સીમ તરફ ચારે કોરે નજર ફેરવી. પછી કહ્યું :

"આમાં બધે પાણી ભર્યું છે. માટે જ્યાં ખોદશો ત્યાં પંદર વીસ હાથે પાણી નીકળશે."

એ પ્રમાણે આશીર્વાદ આપી વાલેરા વરુને રાજી કર્યા.

સ્વામીશ્રીની અનહદ કૃપાથી અને તેમના સત્સંગની સ્વામીશ્રી આટલી બધી જાળવણી કરે છે તેથી વાલેરા વરુ કૃતકૃત્ય થઈ ગયા. તેણે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! ભણે બાબરિયા કાઠીને તો સત્સંગ હોય નહિ તે અમારાં શાં પુણ્ય હશે તે સત્સંગ થયો ?"

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "એક વખત કૃપાનંદ સ્વામી તથા બાર સાધુ મોટા માણસા આવ્યા હતા. તે વખતે મસરી નામનો એક કોળી માણસામાં સત્સંગી હતો. તેણે તાણ કરી કહ્યું : "જમ્યા વગર જાવા નહિ દઉં." પછી અમે ગામમાં ઝોળી માગવા નીકળ્યા. અમને ઝોળી માગવા નીકળેલા જોઈને તમારા બાપુ મામૈયા વરુએ અમને ઝોળી માગવા ન દીધી અને દરબારમાંથી સીધું મોકલ્યું ને રાંધવા માટે વાસણ મોકલ્યાં. પછી અમે રસોઈ કરીને જમ્યા. તે પુણ્યે કરીને તમારો સત્સંગ છે. બીજાં કયાં પુણ્ય હોઈ શકે ?"

એટલું કહીને દરબારને આશીર્વાદ આપીને કહ્યું : "બહુ સુખિયા થઈ જશો." ત્યારબાદ સ્વામીશ્રી માણસાથી નીકળી જૂનાગઢ પધાર્યા.

સ્વામીશ્રીના આશીર્વાદથી વાલેરા વરુનું નાનું માણસા ગામ થોડા સમયમાં લીલુંછમ થઈ ગયું. સીમમાં પાણીને લીધે વાડિયું થઈ ગઈ અને મોલ પણ સારો થવા લાગ્યો. થોડા સમયમાં મોટા માણસા કરતાં નાના માણસાની ઊપજ વધી ગઈ.

✧ ✧ ✧

વાલેરા વરુની અડગ ટેક

સ્વામીશ્રીની કૃપાથી વાલેરા વરુને સત્સંગ દૃઢ થઈ ગયો. શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે અને આજે તેમના ધામ અનાદિ અક્ષર દ્વારા પોતે સદા પ્રગટ છે એવી પ્રગટની નિષ્ઠા પણ તેને પાકી થઈ ગઈ. મહારાજ અને સ્વામી વિના બીજે હવે માથું નમે નહિ એ દૃઢ ગ્રંથિ તેના અંતરમાં બંધાઈ ગઈ. સ્વામીશ્રીના સંબંધે તેને પાકું થઈ ગયું હતું કે

જીવનું આત્યંતિક કલ્યાણ તો પ્રગટના સંબંધથી જ થાય છે, એ સંબંધ થાય તો જ કારણ શરીર ટળે. તે સિવાય કારણ શરીરના ભાવ કદી ટળતા નથી અને આત્યંતિક કલ્યાણ પણ થતું નથી.

વાલેરા વરુને સ્વામિનારાયણ ભગવાનનો આવો દૃઢ નિશ્ચય થઈ ગયો તેથી તેના ન્યાતીલા ઉપાધિ કરવા લાગ્યા. બાબરિયાની બેતાલીસી ન્યાત તો તુલસીશ્યામની જગ્યાને માનતી અને તેના મહંત એ જ તેમના ગુરુ. બાબરિયાની ન્યાતના બધાએ આ મહંતને અનાજનું માપુ બાંધી આપ્યું હતું. તે નિયમિત તેઓ આપતા હતા. આમાં અપવાદ હતા વાલેરા વરુ. પછી મહંતે સૌ બાબરિયાઓને બોલાવીને વાત કરી કે 'વાલેરો માપું આપતો નથી તો તમે સૌ ભેગા મળીને તેને સમજાવો. જો ન માને તો નાતબારો કરો.'

મહંતની આ આજ્ઞા થવાથી સૌ બાબરિયા વાલેરા વરુ પાસે આવ્યા અને પૂછ્યું : "વાલેરા ! તમે તુલસીશ્યામ કેમ છોડી દીધા અને સ્વામિનારાયણમાં કેમ ભળ્યા ? વળી, મહંતને માપું પણ આપતા નથી. માટે હવે આ સત્સંગના ફંદ છોડીને એક નાતનો રંગ રાખો. તમે એક નોખા પડો તે ઠીક ન કહેવાય."

તે સાંભળી વાલેરાએ કહ્યું : "મેં તો સ્વામિનારાયણ ભગવાનનું શરણું લીધું છે. એમના ભજનમાં અવતાર માત્રનું ભજન આવી જાય છે. એટલે પ્રગટ પ્રભુને મેલીને હું પરોક્ષનો ઉધારો રાખતો નથી. તમારે જેમ ફાવે તેમ કરો. તમે બહુ દંડ કરશો તો નાતબારો મને કરશો. તો તેની મને બીક નથી."

બાબરિયા બધા વાલેરાની વાત સાંભળી રહ્યા. વાલેરો તો એકશ્વાસે બોલ્યે જ જતો હતો. બાબરિયાને થયું કે આ છેલ્લે પાટલે બેઠો છે. માટે હવે કજિયો કરવામાં સાર નથી. આ પ્રમાણે વાલેરા વરુએ શૂરવીર થઈ ન્યાતની બીક છોડી સત્સંગ શિર સાટે રાખ્યો. પછી ગાડું ભરીને અનાજ તથા કોથળી ભરી રૂપિયા લઈને તે જૂનાગઢ ગયો. ત્યાં જઈ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ ઠાકોરજીને ધર્માદો અને આ રૂપિયા !" એમ કહી સ્વામીશ્રીના પગ આગળ કોથળી ખાલી કરી.

સ્વામીશ્રી એકદમ ચમક્યા. પગ લઈ લીધો પછી વાલેરાને કહ્યું :

"આ રૂપિયા ન લેવાય."

ત્યારે તેણે કહ્યું : "મેં તો તમને અર્પણ કર્યા, હવે તમારે જેમ કરવું હોય તે કરો. મારે એ ન ખપે."

સ્વામીશ્રી તેમની ભક્તિથી રાજી થયા.

✧ ✧ ✧

ઉમરેઠમાં ગોપાળાનંદ સ્વામી સર્વોપરી નિષ્ઠાની વાત કરે છે

ચૈત્રી પૂનમને સમૈયે સ્વામીશ્રી વરતાલ પધાર્યા. સ્વામીશ્રી સાથે હિંદુસ્તાની સાધુ કેશવજીવનદાસ પણ વરતાલ આવ્યા હતા. તેમને જોઈ ગોપાળાનંદ સ્વામીએ તેને પૂછ્યું : "મહારાજનો નિશ્ચય કેવો થયો ?"

ત્યારે તેમણે કહ્યું : "શ્રીકૃષ્ણ જેવા તમે પોતે છો અને મહારાજ તો તેથી પર છે."

એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "એવું મનમાં સમજી રાખવું પણ ઉઘાડું કોઈને કહેવું નહિ."

સ્વામીશ્રી સાથે આ સમૈયા ઉપર જૂનાગઢથી રાધારમણદાસજી પણ આવ્યા હતા. રાધારમણદાસને હાથધોણું થઈ ગયું હતું. તેથી તે સભામાં જ્યાં સ્વામીશ્રી અને ગોપાળાનંદ સ્વામી બેઠા હતા ત્યાં આવ્યા અને હાથ જોડી કહ્યું : "સ્વામી ! મને શૌચ બહુ જ જવું પડે છે."

તે સાંભળી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "તમારું હાથધોણું અંત અવસ્થાનું છે, તમારો દેહ રહેશે નહિ."

તે સાંભળી સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા. "શું અહીં દેહ પડશે ? અહીં દેહનો ત્યાગ થાય નહિ. જૂનાગઢ ગયા પછી વાત."

એમ કહી પોતાની સાથે આવેલા સાધુને કહ્યું : "જાઓ, આને બાજરાનો ઊનો રોટલો અને દહીં ખવરાવો એટલે એને શૌચ મટી જશે."

પછી તે પ્રમાણે તેમને બાજરાનો ઊનો રોટલો અને દહીં ખવરાવ્યું એટલે તેમને મટી ગયું.

સમૈયા બાદ થોડા દિવસ પછી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી અને સંતમંડળને લઈને ઉમરેઠ પધાર્યા. અહીં નૃસિંહ ચતુર્દશી(વૈશાખ સુદ ચૌદશ)ને દિવસે

ગોપાળાનંદ સ્વામીએ સવારની સભામાં શ્રીજીમહારાજના સર્વોપરી પુરુષોત્તમ સ્વરૂપની વાત કરતાં કહ્યું : "અવતાર માત્ર એક પગે ઊભા રહીને શ્રીજીમહારાજની માળા ફેરવે છે અને તેમને આધીન રહી તેમણે આપેલું ઐશ્વર્ય ભોગવે છે."

આ પ્રમાણે ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના અતિ અપાર મહિમાની વાત નિધડકપણે કહી એટલે અખંડાનંદ બ્રહ્મચારીને તથા બીજા મોળી ઉપાસનાવાળાને બહુ જ વસમું લાગ્યું. અખંડાનંદ બ્રહ્મચારીને તો ઝાડા થઈ ગયા. કેટલાકને તાવ પણ આવી ગયો.

રઘુવીરજી મહારાજને આ ખબર પડી એટલે તેમણે ગોપાળાનંદ સ્વામીને આસને જઈ પૂછ્યું : "સ્વામી ! આજ સભામાં બહુ આકરી વાત કરી ?"

ત્યારે સ્વામીએ હસીને કહ્યું : "તમારા બાપે સ્વપ્નમાં આજ્ઞા આપી હતી એટલે કહી. જે સત્ય છે તે કોઈક દહાડો તો બહાર પડશે."

એટલે રઘુવીરજી મહારાજે કહ્યું : "સ્વામી ! આપણે ઉતાવળા ન થાવું."

એટલે સ્વામીશ્રી ઉદાસ થઈ ગયા. પછી કહ્યું : "ભલે, આપ ના કહો છો તે હવે નહિ કહું."

પછી રઘુવીરજી મહારાજ અખંડાનંદ બ્રહ્મચારીના આસને ગયા. ત્યાં તેમને કહ્યું : "ગોપાળાનંદ સ્વામી તો મહાયોગીરાજ છે. તે કઈ કળામાં ખેલતા હોય તેની બીજાને ગમ ન પડે. માટે તેમનું બોલ્યું આપણે ગણવું નહિ. જેમ તમે સમજો છો એમ અમે બધા સમજીએ છીએ."

એ પ્રમાણે કહ્યું એટલે બ્રહ્મચારીને કળ વળી અને સારું થવા માંડ્યું.

તે જ દિવસે ગોપાળાનંદ સ્વામીના કાનની નીચે રતવાની ફોડલી થઈ અને તાવ આવ્યો. તે દિવસે નંદુભાઈ ઠાકરને ઘેર પધરામણી થઈ તેમાં સ્વામીશ્રી તથા આચાર્ય મહારાજ અને બીજા સદ્ગુરુઓ ગયા. પરંતુ ગોપાળાનંદ સ્વામી ન ગયા. એટલે નંદુભાઈ ઠાકરે સ્વામી માટે મેનો મોકલ્યો. તેનો આગ્રહ જોઈ સ્વામી તેને ઘેર પધાર્યા. નંદુભાઈએ આચાર્ય મહારાજ, સ્વામીશ્રી અને ગોપાળાનંદ સ્વામી તેમજ અન્ય સંતોનું પૂજન કર્યું. પછી નૃસિંહજીના જન્મ બાદ સૌ જમ્યા.

બીજે દિવસે ત્યાંથી સૌ ચાલ્યા અને વરતાલ આવ્યા. સ્વામીશ્રી વરતાલથી જૂનાગઢ જવા નીકળ્યા.

ગોપાળાનંદ સ્વામીએ ગ્રહણ કરેલો મંદવાડ

તે દિવસે પૂનમ હોવાથી ગામોગામના હરિભક્તો વરતાલ દર્શને આવ્યા હતા. ગોપાળાનંદ સ્વામીએ મંદવાડ ગ્રહણ કર્યો છે તે સાંભળી સૌ તેમનાં દર્શન કરવા આવવા લાગ્યા. તેમણે સૌએ પોતપોતાને ગામ જઈ ગોપાળાનંદ સ્વામીના મંદવાડની વાત સૌને કહી. એટલે ગામોગામથી હરિભક્તો તેમનાં દર્શન કરવા વરતાલ આવવા લાગ્યા. બોટાદથી શિવલાલભાઈ પણ આવ્યા. તેમણે ગોપાળાનંદ સ્વામીને એકાંતમાં પૂછ્યું, "સ્વામી ! આપે કોઈ દિવસ નહિ કરેલી, મહારાજના મહિમાની વાત કરી અને વળી મંદવાડ પણ ગ્રહણ કર્યો, જેથી આપ આ લોકમાંથી ઉદાસ થયા હો એવું જણાય છે."

એટલે સ્વામીએ કહ્યું : "શ્રીજીમહારાજે મને ત્રણ વર્ષ ઉપર કહ્યું હતું કે મારું પુરુષોત્તમપણું તમે ખુલ્લે ખુલ્લું સત્સંગમાં નહિ કહો ત્યાં સુધી હું તમને અક્ષરધામમાં લઈ જઈશ નહિ. માટે ગમે તેટલા ઉપવાસ કરશો પણ તે નકામું છે. એટલે તે દિવસે સત્તાવીશ દિવસના ઉપવાસ બાદ હું થોડું અન્ન જમ્યો. ત્યારથી મહારાજના પુરુષોત્તમપણાની વાતો ઉઘાડી કરવા માંડી અને ઉમરેઠમાં તો આડો આંક વાળ્યો. માટે મેં મહારાજની આજ્ઞા બરાબર પાળી છે. એટલે હવે મહારાજ મને ધામમાં લઈ જશે."

ગોપાળાનંદ સ્વામીની આ વાત સાંભળી શિવલાલભાઈ ઊંડા ઊતરી ગયા. તેમને ઉદાસીનતા એટલી બધી વ્યાપી ગઈ કે કાંઈ બોલી શક્યા નહિ. પછી થોડી વારે આંખો લૂછી સ્વામીને પૂછ્યું : "સ્વામી ! હવે અમારો કોઈ આધાર ?"

એટલે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું : "તમારે શું આધાર જોઈએ છે ? વ્યવહાર શીખવો છે કે મોક્ષ શીખવો છે ? જો વ્યવહાર શીખવો હોય તો ગઢડામાં પૂજા શેઠને બહુ સારો આવડે છે, ને વ્યવહાર ને મોક્ષ બંને શીખવાં હોય તો ગુણાતીતાનંદ સ્વામી જેવો વ્યવહાર અને મોક્ષ કરતાં બીજા કોઈને આવડતો નથી. માટે બેય શીખવું હોય તો જૂનાગઢ જજો. સ્વામી જેવા સમર્થ કોઈ સાધુ નથી. એ તો મૂર્તિમાન અક્ષરધામ છે. તેથી તમારે, પ્રાગજીને તથા જાગા ભક્તે ત્રણેએ જૂનાગઢ જવું."

સ્વામીએ આ પ્રમાણે કહ્યું. ત્યાં બેઠેલા વસોના વાઘજીભાઈ તથા મહુવાના શામજીભાઈએ આ વાત સાંભળી. પાછળથી સત્સંગમાં તેમણે આ વાત પ્રસિદ્ધ કરી.

આ વખતે હિંદુસ્તાની સાધુ કેશવજીવનદાસને ઘેર જવાનો સંકલ્પ થતો હતો. સ્વામીએ અંતર્યામીપણે તેમનો તે સંકલ્પ જાણ્યો અને પોતાની પ્રસાદી આપી. સ્વામીની પ્રસાદી કેશવજીવનદાસ જમ્યા એટલે તેમનો ઘેર જવાનો સંકલ્પ ટળી ગયો અને જૂનાગઢ સ્વામીશ્રીની સેવામાં રહેવા ચાલ્યા ગયા.

વૈશાખ વદિ ચોથના દિવસે વડોદરાના હરિભક્તો પ્રેમાનંદ રાયજી તથા બાપુ રાયજી વરતાલ આવ્યા. તેમણે ગોપાળાનંદ સ્વામીની ઉપશમ અવસ્થા જોઈ તેમને પ્રાર્થના કરી : "સ્વામી ! અમે તમારા છીએ."

તે સાંભળી ગોપાળાનંદ સ્વામી ઉપશમમાંથી જાગૃત થઈ બોલ્યા : "કોણ એ ?"

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! અમે વડોદરાના હરિભક્ત છીએ. અમારા વડોદરા સામું હવે દૃષ્ટિ રાખજો."

એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "હવે વડોદરા સામી દૃષ્ટિ હોય ? આ ટાણે તો શ્રીજીમહારાજ સામે દૃષ્ટિ જોઈએ, કાં જૂનાગઢ જ્યાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી વિરાજે છે તેમના સામું દૃષ્ટિ જોઈએ." એટલું કહી સ્વામી ફરી પાછા ઉપશમમાં ઊતરી ગયા.

આ વખતે શિવલાલભાઈ ત્યાં બેઠા હતા. તેમને થયું, અહોહો ! સત્સંગમાં સર્વોપરી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને, ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે કેટલું હેત અને કેટલો મહિમા છે ! માટે ગુણાતીતાનંદ સ્વામી ઘણા જ સમર્થ સાધુ છે, એ નક્કી છે. આમ, તેમને સ્વામીશ્રીના અદ્‌ભુત મહિમાનો સાક્ષાત્કાર ગોપાળાનંદ સ્વામીના વચને ત્યારથી જ થઈ ગયો.

ગોપાળાનંદ સ્વામીના આ શબ્દોથી સ્વામીશ્રીનો મહિમા સત્સંગમાં પ્રવર્ત્યો અને તે જ વર્ષથી શિવલાલભાઈ, પ્રાગજી ભક્ત, જાગા ભગત, શામજીભાઈ, ગઢડાના મનજી ઠક્કર, કારિયાણીના નથુ પટેલ, વસોના વાઘજીભાઈ, સારંગપુરના જેઠા ખાચર, ઝીંઝૂવાડાના જીવરાજ શેઠ, દદુકાના દેવુરાજભાઈ, આણંદના જીભાઈ શેલત, સુરતના કરસનજી દેસાઈ,

ખંભાતના જગુભાઈ, બોચાસણના કાશીદાસ મોટા વગેરે હરિભક્તો તથા સાધુઓમાં હરિહર્યાનંદ સ્વામી, ઉપેન્દ્રાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, વિજ્ઞાનાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણચરણદાસજી, મુકુન્દદાસજી, ધર્મપ્રસાદદાસજી તથા અમદાવાદના નિર્ગુણદાસજી, વૃંદાવનદાસજી, બાપુ રતનજી, બાપુ ભગત વગેરે હજારો સંત-હરિભક્તો સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ જવા લાગ્યા.

ગોપાળાનંદ સ્વામી ધામમાં પધારે છે

પ્રાગજી ભક્તને તો ગોપાળાનંદ સ્વામીએ થોડાં વર્ષો પહેલાં કહ્યું હતું : "પ્રાગજી ! તું જૂનેગઢ જઈશ ?" એમ પૂછીને ફરી કહ્યું : "પ્રાગજી ! તું જૂનેગઢ જરૂર જજે અને મેં તને જે જે કોલ આપ્યા છે તે જૂનાગઢના જોગી બધા પૂરા કરશે."

પ્રાગજી ભક્તને ગોપાળાનંદ સ્વામી પ્રત્યે એટલું હેત હતું કે સંવત ૧૮૯૫ થી સંવત ૧૯૦૮ સુધી લાગટ તેર વર્ષ તેમણે સ્વામીનો સમાગમ કર્યો હતો અને સ્વામીશ્રીથી એક ક્ષણ પણ વિખૂટા પડ્યા ન હતા. ગોપાળાનંદ સ્વામીનો આ અંતિમ મંદવાડ હતો. તેમનો પણ સંકલ્પ આ લોકમાં વિશેષ રહેવાનો ન હતો. વળી, શ્રીજીમહારાજની સર્વોપરી સ્વરૂપ નિષ્ઠા પણ તેમણે પ્રવર્તાવી હતી. તેથી પૂર્ણકામ માની એ સંવત ૧૯૦૮ના વૈશાખ વદિ ચોથને રવિવારે સ્વતંત્રપણે શ્રીજીની સમીપમાં અક્ષરધામમાં પોતે વિરાજી ગયા.

આ સમાચારથી સમગ્ર સત્સંગને ઘણો આઘાત લાગ્યો. સ્વામી ધામમાં પધાર્યાના સમાચાર સાંભળી પ્રાગજી ભક્તને પારાવાર દુઃખ થયું. પોતે મહુવાથી ગઢડે આવ્યા અને સ્વામી જ્યાં બેસતા તે તે સ્થળે, લક્ષ્મીવાડીમાં, ઉન્મત્ત ગંગાને કાંઠે, સ્વામીની સ્મૃતિ કરવા સારુ બધે ફર્યા. જેમ તપાવેલી રેતીમાં શરીર ભારી રાખ્યું હોય તેવું સ્વામીના વિયોગથી તેમનું અંતઃકરણ તપ્ત થઈ ગયું હતું. છેવટે ગોપાળાનંદ સ્વામીના શબ્દો યાદ આવ્યા કે 'પ્રાગજી ! તું જૂનેગઢ જરૂર જજે.' એટલે જૂનાગઢ જવા નક્કી કર્યું.

તૃતીય સોપાન સમાપ્ત

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

ચતુર્થ સોપાન



ગુણાતીતનું ગુણાતીત ઐશ્વર્ય

दिव्यैश्वर्य-समग्रशक्तिनिकरं
पूर्णं च मायापरं
सच्चित्सौख्यमयं सदैव
सहजानन्दान्वितं शाश्वतम् ।
साक्षादक्षरमुक्तकोटि-परमाधारं
च मूलाक्षरं
वन्दे श्रीहरिधाम
साकृतिगुणातीताभिधं सद्गुरुम् ॥

દિવ્ય ઐશ્વર્ય, સમગ્ર શક્તિના
ભંડાર, પૂર્ણ અને માયાથી પર
સત્, ચિત્, આનંદરૂપ,
હંમેશાં ભગવાન સહજાનંદથી યુક્ત,
શાશ્વત, સાક્ષાત્ અક્ષરમુક્તોના
પરમ આધાર, મૂળ અક્ષર,
શ્રીહરિના ધામસ્વરૂપ, મૂર્તિમાન
સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને
હું વંદન કરું છું.

પ્રાગજી ભક્તને સ્વામીનો યોગ

આ અરસામાં સિદ્ધાનંદ સ્વામી પણ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાનુસાર જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જવાના હતા. તેમણે પ્રાગજી ભક્તને કહ્યું : "હું જૂનેગઢ જઉં છું. તારે જો આવવું હોય તો મારી સાથે આવ." પ્રાગજી ભક્તને ગોપાળાનંદ સ્વામીના શબ્દો - "પ્રાગજી ! તું જૂનેગઢ જજે" - એ યાદ આવ્યા. તેમણે પણ સિદ્ધાનંદ સ્વામીની સાથે જૂનાગઢ જવા નક્કી કરી દીધું.

તેઓ જૂનાગઢ આવ્યા અને મંદિરના દરવાજામાં દાખલ થયા. એ વખતે સ્વામીશ્રી જૂની કમાનોવાળી ધર્મશાળામાં બેઠા હતા. ભગતજીને આવતા જોઈને સ્વામીશ્રી અંતર્યામીપણે બોલ્યા : "આ વનનું મૃગલું ક્યાંથી આવ્યું ?"

આ શબ્દો સાંભળી ભગતજી સ્વામીશ્રીનાં ચરણો પકડી રોઈ પડ્યા અને બોલ્યા : "ગોપાળાનંદ સ્વામી બહુ જ ચમત્કારી, સમર્થ અને પ્રતાપી સાધુ હતા. પરંતુ મારાથી તેઓ જેવા હતા તેવા ઓળખી શકાયા નહિ અને સમાગમ પણ થઈ શક્યો નહિ. મને તેમના વિયોગનું ઘણું દુ:ખ થાય છે અને શાંતિ થતી નથી, માટે મને શાંતિ પમાડો. ગોપાળાનંદ સ્વામીએ છેલ્લી વખતે આપનો સમાગમ કરવાનું મને કહ્યું હતું."

તેમનાં આવાં દીન ભાવનાં વચન સાંભળી સ્વામીશ્રીને તેમના ઉપર અત્યંત પ્રેમ થયો. સ્વામીશ્રીએ તેમનો વાંસો થાબડી કહ્યું : "તું કાંઈ ફિકર કરીશ મા. આ સાધુ પણ ગોપાળાનંદ સ્વામીની જેમ શાંતિ કરે તેવા છે."

સ્વામીશ્રીના આ શબ્દો સાંભળતાં જ ભગતજીના અંતરમાં એકદમ શાંતિ થઈ ગઈ. ગોપાળાનંદ સ્વામીના વિયોગનું દુ:ખ ભુલાઈ ગયું. સ્વામીશ્રીને મહાપ્રતાપી અને સમર્થ જાણી તે વખતે એક મહિનો સ્વામીની સેવામાં તેઓ રહ્યા.

અહીં સ્વામીશ્રીનો સમાગમ કરતાં જ તેમને સ્વામીશ્રીનો અદ્ભુત મહિમા સમજાયો. શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા પણ તેમને દૃઢ થઈ ગઈ. તેમને ખાતરી થઈ કે જરૂર ગોપાળાનંદ સ્વામીએ આપેલા કોલ સ્વામીશ્રી પૂરા કરશે. તેમણે મહુવા પોતાના સ્નેહીજનોને પત્ર લખ્યો :

"હું અહીં જૂનેગઢ સ્વામીનો સમાગમ કરવા આવ્યો છું. આ સાધુ તો બહુ સમર્થ છે ને સમાગમ કરી લૂંટવા જેવા છે. માટે જેને સમાગમ કરવો હોય તે આવજો." આ પ્રમાણે ભગતજીએ, ગોપાળાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછી બ્રહ્મસંબંધની જે સાંકળ તૂટી હતી તે જૂનાગઢમાં આવી સ્વામીશ્રીનો સંબંધ કરી, સાંધી દીધી.

જાગા ભક્તને સ્વામીનો યોગ

આ જ અરસામાં જાગા ભક્ત સ્વામી પણ જૂનાગઢ સ્વામીશ્રીના સમાગમ માટે આવ્યા. સંવત ૧૯૦૪માં તેઓ વરતાલ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયા હતા. ત્યારે તેમણે તથા પ્રાગજી ભગતે અને ઝીણાભાઈ રાઠોડે ત્રણેએ મળીને સ્વામીને પ્રશ્ન પૂછ્યો હતો. તે વખતે ગોપાળાનંદ સ્વામીએ સ્વામીશ્રીની ઓળખાણ કરાવી તેમનો અપાર મહિમા કહ્યો હતો.

ત્યાર બાદ ફરી સંવત ૧૯૦૫ની સાલમાં જ્યારે તેઓ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા ગઢડે ગયા હતા ત્યારે ગોપાળાનંદ સ્વામીની વાતોથી તેમને ખૂબ આનંદ થયો હતો. વળી, ત્યાર પછી ફરી તેઓ વરતાલ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયા ત્યારે ધામમાં જતાં પહેલાં ગોપાળાનંદ સ્વામીએ તેમને ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાનું કહ્યું હતું.

જ્યારે ગોપાળાનંદ સ્વામી ધામમાં પધાર્યા, ત્યારે તેમણે જાગા ભક્ત સ્વામીને સ્વપ્નમાં દર્શન દીધાં. એટલે જાગા ભક્તે સ્વામીને પ્રાર્થના કરીને કહ્યું : "તમે તો ચાલ્યા. હવે મારે શું કરવું ? મારું ધાર્યું થતું નથી."

સ્વામીએ તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં અને મળ્યા. પછી સ્વામીશ્રી ચાલવા લાગ્યા. ત્યારે ફરીથી જાગા ભક્ત સ્વામીએ પ્રાર્થના કરી. એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "શું ધાર્યું કરવું છે ?"

એટલે પોતે કહ્યું : "ત્યાગી થવું છે." ત્યારે સ્વામીએ પૂછ્યું : "ત્યાગી થઈને ક્યાં રહેવું છે ?"

એટલે જાગા ભક્ત સ્વામીએ કહ્યું : "જૂનાગઢ જઈ સ્વામીની સેવામાં રહેવું છે."

આ સાંભળી ગોપાળાનંદ સ્વામી બહુ જ રાજી થયા. બે વખત મળ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી કહ્યું : "જૂનાગઢ જઈને સ્વામી પાસે ત્યાગી થઈને રહો, તેમાં મારો બહુ રાજીપો છે." આ પ્રમાણે જાગા ભક્ત સ્વામીને સ્વપ્નામાં ત્રણ વખત મળ્યા અને બે વખત ચરણારવિંદ આપ્યાં. એટલામાં તેઓ જાગી ગયા. તેમણે જાણ્યું કે સ્વામી રજા દઈ ગયા.

આ વખતે તેઓ મંદિરમાં સૂતા હતા, ત્યાંથી ઘેર ન જતાં બારોબાર તેઓ જૂનાગઢ ગયા. ગોપાળાનંદ સ્વામીએ સ્વામીશ્રીની ઓળખાણ કરાવી મહિમા કહ્યો હતો ત્યારથી, અને સાંજે સ્વપ્નમાં દર્શન દઈ જૂનાગઢ જવામાં રાજીપો બતાવ્યો, એટલે જાગા ભક્ત સ્વામીને અંતરમાં સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમની અત્યંત તાલાવેલી થઈ. વળી, જૂનાગઢથી કેવળાત્માનંદ સ્વામી પોતાને ગામ આવ્યા હતા, ત્યારે તેમનું વૃત્તાંત જોઈને પણ તેમને થયું હતું કે આવા તીવ્ર વૈરાગ્યવાન સ્વામીશ્રીના શિષ્યો છે !

જાગા ભક્ત સ્વામી જૂનાગઢ પહોંચ્યા અને સ્વામીશ્રી પાસે આવી દર્શન કર્યાં. સ્વામીશ્રીએ પૂછ્યું : "કેમ આવ્યા ?"

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : "ત્યાગી થઈને આપની સેવામાં રહેવા આવ્યો છું."

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તારે ત્રણ પ્રકારની ઉપાધિ છે તે તું જાણે છે ? એક મનની, બીજી ઘરની અને ત્રીજી ગઢડાવાળાની ?"

એટલે જાગા ભક્ત બોલ્યા : "ઘરની અને ગઢડાવાળાની ઉપાધિ હું ટાળીશ."

એટલે સ્વામીશ્રીએ રાજી થઈને કહ્યું : "મનની ઉપાધિ મારે ટાળવી, લે કોલ." એમ કહી કોલ આપ્યો.

આ પ્રમાણે સ્વામીશ્રીના સમાગમમાં ગોપાળાનંદ સ્વામીના શિષ્યો તેમની આજ્ઞાનુસાર આવવા લાગ્યા.

✧ ✧ ✧

ડાંગરાના રવાજીને ધામમાં જતાં સ્વામીના વચને રાખ્યા

આ જ અરસામાં શ્રીજીમહારાજ, નિત્યાનંદ સ્વામી તથા ગોપાળાનંદ

સ્વામીએ દિવ્ય સ્વરૂપે વિમાનમાં પધારી ડાંગરામાં રવાજી બાપુને દર્શન દીધાં. દરબાર રવાજી આ સમયે નદીને કાંઠે સાંઠીઓનો કડો ગૂંથતા હતા. ત્યાં તેમને આ ત્રણ દિવ્ય મૂર્તિનાં દર્શન થયાં. ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું : "દરબાર ! હું ધામમાં જઉં છું. તમને મેં કોલ આપ્યો હતો એટલે તેડવા આવવાનો છું."

દરબાર પણ શૂરવીર હતા. તેમણે તરત જ કહ્યું : "ભલે સ્વામી ! સુખેથી આવો. હું તૈયાર જ બેઠો છું."

એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "આજથી આઠમે દિવસે તમને તેડવા આવીશું. માટે તમે હવે હમણાં ઘેર જાઓ અને તમારાં સગાંસંબંધીઓને કહેજો કે આઠમે દિવસે ગોપાળાનંદ સ્વામી તેડવા આવશે." એટલું કહીને સ્વામી, મહારાજ તથા નિત્યાનંદ સ્વામી અંતર્ધાન થઈ ગયા.

પછી રવાજી કડો ગૂંથવો બંધ કરી ઘર તરફ ચાલ્યા. પણ ત્યાં તો તેમના બંને ઘૂંટણ ઝલાઈ ગયા અને માંડ માંડ ઘેર પહોંચ્યા. ઘેર આવ્યા પછી તેમને મંદવાડ આવ્યો અને ખાટલે સૂતા. આથી તેમણે પોતાનાં સગાંસંબંધીને કહ્યું કે "મને આઠમે દિવસે ગોપાળાનંદ સ્વામી તેડવા આવવાના છે."

દરબાર રવાજીના પ્રસંગથી ડાંગરા ગામમાં સૌને સત્સંગ થયો હતો અને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય પણ થયો હતો. આથી બધાને લાગ્યું કે જો રવાજી ધામમાં જશે તો ડાંગરાનો સત્સંગ મોળો પડી જશે. એટલે તેમણે સૌએ વિચાર કર્યો કે જૂનાગઢ સ્વામીશ્રીને આ ખબર આપવા. રવાજીના ભત્રીજાને જૂનાગઢ મોકલ્યા.

તેમણે જૂનાગઢ આવી સ્વામીશ્રીને કહ્યું : "મને ડાંગરાના હરિભક્તોએ અહીં મોકલ્યો છે, કારણ કે આજથી છઠ્ઠે દિવસે ગોપાળાનંદ સ્વામી રવાજીને ધામમાં તેડી જશે. પણ રવાજીને હમણાં ધામમાં ન મોકલવા."

તે સાંભળી સ્વામીશ્રીએ તેને ધીરજ આપતાં કહ્યું : "તમે રાખજો. મહારાજ અમને પૂછ્યા વિના તેમને તેડી નહીં જાય. અ ડાંગરાનો સત્સંગ તાજો રાખવો છે. માટે સૌ આનંદમાં ર

ભજનનું બળ રાખજો.'' ત્યાર બાદ તે હરિભક્તને સ્વામીશ્રીએ તરત જ ડાંગરા જવાનું કહ્યું.

બરાબર આઠમે દિવસે શ્રીજીમહારાજ તથા ગોપાળાનંદ સ્વામી અને સ્વામીશ્રી - ત્રણેય વિમાન લઈને પધાર્યા. સ્વામીશ્રીએ મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીને કહ્યું : ''રવાજીને હમણાં રાખી જાઓ. તેનાથી ડાંગરામાં સત્સંગ સારો થાય છે.''

એટલે ગોપાળાનંદ સ્વામીએ રવાજીને કહ્યું : ''રવાજી ! મેં તો તમને કોલ આપ્યો હતો તે મુજબ મહારાજને લઈને હું તમને તેડવા આવ્યો છું. પરંતુ આ ગુણાતીતાનંદ સ્વામી ના કહે છે. માટે હમણાં તેડી નહિ જઈએ.''

એટલું કહીને તે ત્રણેય દિવ્ય સ્વરૂપો અદશ્ય થઈ ગયાં. રવાજી બાપુએ આ હકીકત પાસે બેઠેલા સ્વજનોને કહી. ત્યારથી તેમને વળતાં પાણી થવા માંડ્યાં.

✧ ✧ ✧

રઘુવીરજી મહારાજ આખામાં

સંવત ૧૯૦૯ની શરૂઆતમાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢ દેશમાં ફરવા માટે પધાર્યા હતા. સ્વામીશ્રી સાથે ફરતાં ફરતાં સૌ ગામ આખે આવ્યા. ગામ બહાર તંબુઓ નાખી સૌ ઊતર્યા હતા. ગામના પટેલનો ઉત્સાહ ખૂબ હતો. તેને રઘુવીરજી મહારાજને હાથી ઉપર પધરાવી ગામમાં ફેરવવાની ઈચ્છા હતી અને ઘેર ઘેર પધરામણી પણ કરાવવી હતી.

પરંતુ બીજે જ દિવસે પૂર્વ દિશામાં વાદળાં ઘનઘોર ઘેરાયાં અને માવઠું જબરું થશે એમ સૌને લાગ્યું. આ વાદળાં જોઈ રઘુવીરજી મહારાજને લાગ્યું કે જો ઉપરવાસ વરસાદ થશે અને ઓઝતમાં પૂર આવશે તો ગાડી, તંબુઓ ગેરે સામાન ઓઝતને સામે કાંઠે જઈ શકશે નહિ. તેથી તેમણે પાળાઓને ાવી કહ્યું : ''આ તંબુ બધા પાડી નાખો અને ગાડાંઓમાં ભરી સામે કાંઠે જાઓ. હું પણ હમણાં તૈયાર થઈને સામે કાંઠે બધાની સાથે આવું છું.''

ાચાર્ય મહારાજની આ આજ્ઞાથી પાળાઓ બધા તંબુઓ પાડવા ેટલામાં ગામના પટેલ ત્યાં આવ્યા અને તેમણે અચાનક મુકામ

ફરતો જોઈ સ્વામીશ્રી પાસે આવી પ્રાર્થના કરી : "દયાળુ ! મારી ઇચ્છા આચાર્ય મહારાજને હાથી પર પધરાવી ગામમાં ફેરવવાની છે અને ગામમાં પણ આચાર્ય મહારાજની પધરામણી કરવાની સૌની તાણ છે. પણ આ પાળાઓ તો તંબુઓ પાડી મુકામ ફેરવતા લાગે છે."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા અને કહ્યું : "તમે ધીરજ રાખો. ચાલો, આપણે મહારાજ પાસે જઈએ."

સ્વામીશ્રી તથા તે પટેલ બંને આચાર્ય મહારાજ પાસે આવ્યા. સ્વામીશ્રીને જોઈ આચાર્ય મહારાજ ઊઠ્યા. એટલે સ્વામીશ્રીએ પગે લાગી પૂછ્યું : "મહારાજ ! આ તંબુઓ ઉપડાવી, મુકામ ફેરવવાની તૈયાર કેમ કરવા માંડી ? સત્સંગીઓને આપણે હજુ રાજી કરવા છે અને આપ મુકામ ફેરવવાની તૈયારી કરો છો તેથી સૌ ઉદાસ થઈ ગયા છે."

સ્વામીશ્રીના આ શબ્દો સાંભળી આચાર્ય મહારાજે કહ્યું : "સત્સંગીઓને તો રાજી કરવા છે. પણ આ વરસાદ અંધાર્યો છે અને જો ઓઝતમાં પૂર આવે તો સામે કાંઠે જવું મુશ્કેલ થાય. એટલે બધી તૈયારી કરવા માંડી છે."

આચાર્ય મહારાજની આ વાત સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : "વરસાદ તો આવવાનો નથી. તેને માથે પણ નિયંતા છે ને ? તેને આપણી ચિંતા નહિ હોય કે નદીમાં પૂર આવશે તો આપણે બધા આ કાંઠે રહી જાશું ? માટે એ બધી બીક મૂકીને શાંતિ રાખી આ પટેલની તથા સૌ સત્સંગીઓની ઇચ્છા પૂરી કરો."

સ્વામીશ્રીએ આ પ્રમાણે કહ્યું ત્યાં તો પવન સખત ફૂંકાવા લાગ્યો. વાદળાં નદીની ઉપરવાસ હતાં તે પવનને લઈને હેઠવાસ ખસી ગયાં. વરસાદ ત્યાં પડ્યો. પટેલ તથા ગામના સત્સંગીઓ બધા રાજી થયા. રઘુવીરજી મહારાજને હાથી ઉપર પધરાવી આખા ગામમાં ફેરવ્યા અને સૌ સત્સંગીઓએ પણ પોતાના ઘેર આચાર્ય મહારાજ તથા સૌ સંતોની પધરામણી કરાવી. સત્સંગીઓના મનોરથ પૂરા કરવા સ્વામીશ્રી આવા અનેક ચમત્કારો બતાવતા. રઘુવીરજી મહારાજને પણ સ્વામીશ્રીના અતિ નિકટ પ્રસંગથી સ્વામીશ્રીનો અદ્‌ભુત મહિમા સમજાયો હતો.

✧ ✧ ✧

નથુ ભટ્ટના બાપ વસિષ્ઠ મુનિ છે

સ્વામીશ્રીની પ્રકૃતિ ખૂબ જ દયાળુ હતી. સત્સંગીઓના વ્યવહારની તેઓ ખૂબ જ ચિંતા રાખતા અને કોઈ પણ પ્રકારે તેમને તેમના વ્યવહાર કરતાં વિશેષ ભીડો ન પડે તેની તેઓ ખાસ કાળજી રાખતા. આચાર્ય મહારાજ સાથે ફરતાં ફરતાં સ્વામીશ્રી ગામ દાડમે પધાર્યા. અહીં નથુરામ ભટ્ટે સ્વામીશ્રી તથા સૌ સંતો અને આચાર્ય મહારાજનો સત્કાર કર્યો. તેમને ઉતારો સારો આપ્યો અને સારી રસોઈ પણ કરાવી. સ્વામીશ્રી નથુરામનો વ્યવહાર જાણતા હતા અને સાથે સાથે તેનો ભાવ પણ જાણતા હતા.

આચાર્ય મહારાજ તથા સ્વામીશ્રી અને સૌ સંતોને જમાડ્યા પછી તેમણે પૂજન કર્યું અને આચાર્ય મહારાજને રૂપિયા ૨૦/- ભેટ ધર્યા. પછી ચાળીસ ધોતિયાં ઓઢાડવાનો તેમનો સંકલ્પ હતો તે અંતર્યામીપણે સ્વામીશ્રીએ જાણ્યો એટલે સ્વામીશ્રીએ સભામાં કહ્યું : ''આ બ્રાહ્મણનો ભાવ તો જુઓ ! ઘરના માણસની એંસી ભારની કાંબીઓ વેચી રૂપિયા ૧૦૦/- લાવ્યો. તેમાંથી રૂપિયા ૮૦/-નું ખર્ચ તો રસોઈમાં થયું અને વધેલા રૂપિયા ૨૦/- મહારાજને ભેટ આપ્યા. હવે ચાળીસ ધોતિયાં ઓઢાડવાનો સંકલ્પ કરે છે ને નવું કરજ કરે છે.''

સ્વામીશ્રીની આ વાત સાંભળી રઘુવીરજી મહારાજ એકદમ બોલી ઊઠ્યા, ''અરર, અમારે વાસ્તે આટલું બધું ખર્ચ કર્યું ? હવે અમારી આજ્ઞા છે કે આ રૂપિયા ૨૦/-માંથી રૂપિયા ૧૦/- પાછા લ્યો, અને એ રકમમાંથી વીસ ધોતિયાં ઓઢાડો.''

આ સાંભળી નથુ ભટ્ટે ઘણી આજીજી કરી કે ''મહારાજ ! મારી સેવા રાખો.''

પરંતુ મહારાજે તેમને આશીર્વાદ આપી આજ્ઞા કરી અને સ્વામીશ્રીએ પણ આગ્રહ કર્યો. એટલે રૂપિયા ૫/- તેમણે પાછા લીધા. તેનાં વીસ ધોતિયાં ઓઢાડ્યાં અને બીજાં વીસ ગોદડાં ઓઢાડ્યાં. તેથી સ્વામીશ્રીએ તેને કહ્યું : ''બધાં ગોદડાં અમને ઓઢાડશો તો તમે શું ઓઢશો ?'' એટલું કહી સ્વામીશ્રીએ ફક્ત દસ જ ગોદડાં રાખ્યાં. પછી સ્વામીશ્રી ઊઠ્યા અને આચાર્ય મહારાજની પાટની પાસે નથુ ભટ્ટના બાપ લાલજી બેઠા હતા

તેમને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું :

"નથુ ! આ કોણ ?"

એટલે નથુ ભટ્ટે કહ્યું : "સ્વામી ! એ મારા બાપ છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "આ તો વશિષ્ઠમુનિ દેખાય છે." એમ કહી પોતાના કપાળના ચાંદલાનું કંકુ લઈને લાલજી ભટ્ટને ચાંદલો કર્યો અને પોતાને જે ધોતિયું ઓઢાડ્યું હતું તે સ્વામીશ્રીએ લાલજી ભટ્ટને ઓઢાડ્યું. તેથી તેમને ઘણો ગુણ આવ્યો. નથુ ભટ્ટને તેમણે કહ્યું : "નથુ ! બીજા તો લેવકરણ પણ તારા ગુરુ તો દેવકરણ છે." ત્યારથી પોતે અંબાજીની માળા ફેરવતા તે પડતી મૂકી, 'ગુણાતીત, ગુણાતીત' એમ કહી માળા ફેરવવા લાગ્યા.

સ્વામીશ્રીએ મહારાજશ્રીને કહ્યું : "મહારાજ ! આ દાડમા ડુંગરી ગામ છે તેથી અમારા જૂનાગઢ દેશનું કહેવાય. આમાં ગોપીનાથજીનો તેમજ લક્ષ્મીનારાયણ દેવનો ભાગ ન હોય. એટલે જે આ ગોદડાં આપ્યાં છે તે બધાં રાધારમણ દેવનાં કહેવાય. માટે અમે જૂનાગઢ લઈ જઈશું."

તે સાંભળી મહારાજશ્રીએ કહ્યું : "સ્વામી ! જેવી તમારી ઈચ્છા."

સ્વામીશ્રીએ તે ગોદડાં જૂનાગઢ મોકલી દીધાં.

આ પ્રમાણે સોરઠમાં ઘણાં ગામોમાં સ્વામીશ્રી સાથે ફરી, આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા. ચૈત્રી પૂનમનો સમૈયો પાસે આવતો હોવાથી આચાર્ય મહારાજ વરતાલ જવા તૈયાર થયા. સ્વામીશ્રીને પોતાની સાથે વરતાલ તેડી જવાની તેમની ઈચ્છા હતી.

આ સાધુ રામરોટી ખાય તેવા નથી પણ સોનાના સિંહાસનમાં બેસે એવા છે

સ્વામીશ્રી પોતાના મંડળ સાથે વરતાલ જતાં કેરિયા પધાર્યા. અહીં સત્સંગનો રંગ લોકોને હજુ સુધી લાગ્યો ન હતો, તેથી સ્વામીશ્રી થોડા વિસામા માટે ત્યાં બાવળિયાના ઝાડ નીચે ઊતર્યા. આજુબાજુ સંત-હરિભક્તો પણ બેઠા હતા. આ સમયે સ્વામીશ્રીએ પંચવિષયના ખંડનની અને સત્સંગના મહિમાની અદ્ભુત વાતો કરી. તે સાંભળી ગામમાંથી આવેલા મુમુક્ષુઓ પણ રાજી થઈ ગયા. તેમણે કદી આવી વાતો સાંભળી

ન હતી, આવા સાધુ જોયા ન હતા. સ્વામિનારાયણના નામની તેમને ભણક લાગી ગઈ હતી. તે અણસમજણ આ વાતોથી દૂર થઈ ગઈ. આ ગામના પટેલ ભગુભાઈએ સ્વામીશ્રીને કહ્યું : "મહારાજ ! તમે આમતેમ ફરો છો, ઊતરવાનાં પણ કાંઈ ઠેકાણાં નથી હોતાં; તો જો અહીં રહો તો રામરોટી બાંધી દઉં અને ઘીની હાંડલી અખંડ તમારી સેવામાં રાખું."

સ્વામીશ્રી આ સાંભળી હસ્યા. તેમને લાગ્યું કે લોકોમાં અત્યાર સુધી એવી જ માન્યતા પ્રવર્તે છે કે સાધુ તો ભીખ માગતા ફરતા હોય છે એટલે રામરોટીના લોભે સ્થાનક બાંધી એક સ્થાનમાં સ્થિર થઈ જાય. આવી ક્ષુલ્લક સમજણ લોકોમાં અજ્ઞાનથી પ્રવર્તી હતી. તે અજ્ઞાન હજુ સુધી કોઈએ દૂર કર્યું ન હતું. તેથી સ્વામીશ્રીએ ભગુભાઈને કહ્યું : "જુઓ પટેલ, તમારી રામરોટી કે ઘીની હાંડલીમાં બંધાય એવા આ સાધુ નથી. અમે તો ગામેગામ ફરીને લોકોનું અજ્ઞાન દૂર કરી તેમને સાચો સત્સંગ શું તે સમજાવવા પ્રગટ થયા છીએ. તમને અત્યારે તો અમારો મહિમા ન સમજાય તે સ્વાભાવિક છે પણ આ સાધુ તો ત્રણ શિખરના મંદિરમાં સોનાના સિંહાસનમાં વિરાજી શ્રીજીમહારાજ સાથે સોનાની થાળીમાં પાકા થાળ જમે એવા છે."

ભગુભાઈને આ સાંભળી આશ્ચર્ય થયું. સ્વામીશ્રીની પ્રતિભા જોઈને તેને મનમાં તો થયું કે આ કોઈ સાધારણ સાધુ નથી. એટલામાં સ્વામીશ્રી બોલ્યા કે "ક્યાં અક્ષરધામ અને ક્યાં આ બાવળિયો !" આ બાવળિયાનાં પણ સદ્‌ભાગ્ય બહુ જબરાં હશે કે મોટા મોટા મુનિવરોને જે અક્ષરનો સંબંધ નથી તે આજ તેને થઈ ગયો. પરંતુ આ શબ્દોનો મર્મ તો ત્યાં બેઠેલા સ્વામીશ્રીના સંતો, હરિભક્તો સિવાય બીજા કોને સમજાય ? પછી સ્વામીશ્રી થોડીવાર ત્યાં ઉપદેશની વાતો કરી. ત્યાંથી સંઘ સાથે નીકળ્યા.

✧ ✧ ✧

જાગા ભક્તને ઘેરથી ઉપાધિ આવી

ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી હતા ત્યાં સુધી સ્વામીશ્રી દર વર્ષે પ્રબોધિનીના સમૈયે વરતાલ જતા હતા. હવે ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી ધામમાં પધાર્યા એટલે રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું : "સ્વામી ! મારે આપને એક વાત કરવી છે."

તે સાંભળી સ્વામી હસ્યા અને કહ્યું : "હા, હવે આપની ઇચ્છા મુજબ હું વર્ષમાં બંને સમૈયા ઉપર વરતાલ આવીશ."

સ્વામીશ્રીએ રઘુવીરજી મહારાજનો અંતરનો અભિપ્રાય અંતર્યામીપણે કહી દીધો, તેથી મહારાજ બહુ જ રાજી થયા. તેમણે કહ્યું : "સ્વામી ! આપની વાતોથી હજારો હરિભક્તોને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની દૃઢતા થાય છે. આપનાથી સત્સંગમાં બહુ જ સમાસ થાય છે."

પછી સ્વામીશ્રી તેમની સાથે વરતાલ સમૈયે જવા તૈયાર થયા.

આ જ અરસામાં ગઢડાવાળા મહાપુરુષદાસજીએ જાગા ભક્ત સ્વામીનાં સગાંને ઉશ્કેર્યા. તેથી તેઓ જાગા ભક્તને તેડવા માટે જૂનાગઢ આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રીએ હસીને જાગા ભક્તને કહ્યું : "જાગા ભક્ત ! તમારે તો આણું આવ્યું."

ત્યારે જાગા ભક્તે કહ્યું : "સ્વામી ! મારે ઘેર જવું નથી ને કોટી કલ્પે એ માર્ગે ચાલવું નથી."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "મારે તમને કોટી કલ્પે એ માર્ગે ચલાવવા નથી. પણ એક વાર તો ઘેર જવું પડશે." એટલે જાગા ભક્ત તેમનાં સગાં સાથે ઘેર ગયા. થોડા દિવસ બાદ સૌને સમજાવી ગઢડે આવ્યા.

આ પ્રસંગે સ્વામીશ્રીએ પોતાની સાથે જૂનાગઢથી આવેલા ગોવર્ધન ભગતને દીક્ષા અપાવી, તેમનું નામ બાલમુકુંદદાસજી[૯૭] રાખ્યું. વરતાલમાં ચૈત્રી પૂનમનો સમૈયો કર્યો. પછી સૌ સંતો હરિભક્તોને કથાવાર્તાથી રાજી કરી, સ્વામીશ્રી ત્યાંથી નીકળી ધોલેરા, સારંગપુર થઈને બોટાદ પધાર્યા. અહીંથી શિવલાલભાઈ તથા ઈશ્વર ત્રવાડી પણ સ્વામીશ્રીનો સમાગમ કરવા તેમની સાથે ગઢડા આવ્યા. ગઢડામાં સ્વામીશ્રી બે દિવસ રોકાયા.

મારે એક જીવ હતો એ સ્વામીમાં જોડ્યો છે

સ્વામીશ્રી ગઢડે પધાર્યા તે પહેલાં થોડા દિવસે જાગા ભક્ત પણ જૂનાગઢ જવા ગઢડે આવી ગયા હતા. તેમને ઘેરથી પાછા આવેલા જોઈ મહાપુરુષદાસે તેમને વ્યંગમાં કહ્યું : "અલ્યા જાગા ! તેં તો બહુ ઉપાધિ કરી."

ત્યારે જાગા ભક્તે કહ્યું : "સ્વામી ! મારે તો ઉપાધિ હતી જ નહિ.

૯૭. જુઓ પરિશિષ્ટ : ૩/૬, પૃષ્ઠ ૫૯૩.

પરંતુ તમોએ શીખવીને ઉપાધિનું ઝાડ ઊભું કર્યું છે.''

એટલે મહાપુરુષદાસે હસતાં હસતાં કહ્યું : ''એમ કાંઈ જૂનાગઢ રહ્યે કલ્યાણ થશે ? કલ્યાણ તો જેમ આ ખોડા ભક્તે મારી સાથે જીવ જડ્યો છે, તેમ જીવ જડીને અહીં રહીશ ત્યારે થશે.''

તેમની આ ક્ષુલ્લક મનોદશા અને સ્વામીશ્રી પ્રત્યેનો અસદ્‌ભાવ જાણી જાગા ભક્તે તેમને સ્પષ્ટપણે કહ્યું : ''સ્વામી ! એક જીવ તો ગુણાતીતાનંદ સ્વામી સાથે જડ્યો છે ને જો બીજો જીવ હોત તો તમારી સાથે જડત. અને દેશ તો જૂનાગઢ અને ગઢડા બંને રઘુવીરજી મહારાજના છે. છતાં ગઢડા દેશના હરિભક્તો ગઢડામાં ત્યાગી થાય અને જૂનાગઢ દેશના હરિભક્તો જૂનાગઢમાં ત્યાગી થાય, એમાં જ કલ્યાણ થતું હોય તો તમો જૂનાગઢ દેશના વાંકિયાના છો, તેથી જૂનાગઢ જઈને સ્વામીશ્રીના દાસ થઈને રહો અને ગઢડાની મહંતાઈ મૂકી દ્યો. હું તો ગુણાતીતાનંદ સ્વામીનો થઈ ચૂક્યો છું. તેથી જો કહો તો અહીં રહું અને કહો તો, તેઓ અહીં પધારવાના છે ત્યારે તેમની સાથે જૂનાગઢ જાઉં.''

જાગા ભક્તની આ સ્પષ્ટ વાણી સાંભળીને મહાપુરુષદાસ તો ટાઢા થઈ ગયા. તેમને બીક લાગી કે જાગા ભક્ત જો સ્વામીશ્રીનો મહિમા બીજાને કહેશે તો બીજા પણ જૂનાગઢ જવા માંડશે. તેથી તેમણે જાગા ભક્તને કહ્યું : ''સારું, સારું, અહીં રહેજે, પણ કોઈને જૂનાગઢ જવાનો ઉપદેશ કરીશ નહિ.''

બીજે દિવસે સ્વામીશ્રી સંઘ સાથે ગઢડા પધાર્યા. રાત્રે સ્વામીશ્રીએ મહાપુરુષદાસને બોલતાં સાંભળ્યા કે 'જાગા ભક્ત ! સ્વામીની સેવા કરજો. બળદને નીરણ નાખજો.'

તેથી સ્વામીશ્રીને થયું કે 'આ જાગા ભક્ત કોણ ? 'જાગા ભક્ત જાગા ભક્ત' બોલતાં મહાપુરુષની તો જીભ સુકાય છે.'

એટલી વારમાં જાગા ભક્ત સ્વામીશ્રી પાસે આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''અહો ! તમને તો મહાપુરુષદાસે વશ કરી લીધા છે.''

તે સાંભળી જાગા ભક્તે બધી જ વાત વિગતવાર કહી અને પછી કહ્યું : ''સ્વામી ! હું તો આપનો જ છું, તે જો આપ કહો તો આસન અત્યારે અહીં લાવું અને કહો તો સવારે ભેગો ચાલું.''

એટલે સ્વામીએ કહ્યું : "સવારે ભેગા ચાલજો."

પછી સ્વામીશ્રી સાથે સવારે જાગા ભક્ત નીકળી ગયા. સ્વામીશ્રીની સાથે શિવલાલભાઈ હતા. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "શિવલાલ ! તમારાથી આમ મહોબત મુકાય ખરી ?"

ત્યારે શિવલાલભાઈએ કહ્યું : "ના, સ્વામી ! આવું તો મારાથી ન થાય."

ગઢડાથી નીકળી સ્વામીશ્રી કોટડા થઈને ખારાપાટમાં પધાર્યા.

સ્વામી શિવલાલ શેઠને મહારાજનું સર્વોપરીપણું સમજાવે છે

અહીં સ્વામીએ શિવલાલભાઈને પૂછ્યું : "શિવલાલ ! વરતાલમાં ૭૦૦ સાધુ છે, ગઢડામાં ૨૫૦ સાધુ છે અને ધોલેરામાં ૧૨૫ સાધુ છે અને તે બધામાં ઘણાખરા તો નંદપંક્તિના, મહારાજના મળેલા સાધુઓ છે. છતાં તે બધાને મૂકીને તમે અહીં કેમ આવ્યા ?"

ત્યારે શિવલાલભાઈએ કહ્યું : "સ્વામી ! મને ગોપાળાનંદ સ્વામીએ દેહ મૂકતી વખતે જૂનાગઢ જઈને આપનો સમાગમ કરવાનું કહ્યું હતું. વડોદરાના હરિભક્તોએ જ્યારે સ્વામીને કહ્યું કે 'સ્વામી ! વડોદરા તરફ દૃષ્ટિ રાખજો.' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું કે 'આ ટાણે હવે વડોદરા સામી દૃષ્ટિ ન હોય. આ ટાણે તો કાં મહારાજ સામી દૃષ્ટિ હોય અને કાં જૂનેગઢ આપના તરફ દૃષ્ટિ હોય.' એ શબ્દો કહ્યા હતા અને હું સ્વામીની પાસે ઊભો હતો. એટલે તે શબ્દો મેં સાંભળ્યા હતા. તેથી મને વિચાર થયો કે સત્સંગમાં સર્વોપરી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પણ આપનો આવો મહિમા સમજે છે માટે આપનો સમાગમ કરવો જોઈએ. તેથી જો કે મારા પિતાએ અહીં આવવાના ખર્ચના પૈસા નથી આપ્યા છતાં પણ હું આપનો સમાગમ કરવા આવ્યો છું."

શિવલાલભાઈના આ ઉત્તરથી સ્વામીશ્રી બહુ જ રાજી થયા. તેમની આ વાતથી ત્યાં બેઠેલા તમામ સાધુ તથા હરિભક્તોને પણ સ્વામીશ્રીનો અદ્‌ભુત મહિમા સમજાયો.

આ પ્રમાણે ખારાપાટમાં ફરતાં ફરતાં એક દિવસ સ્વામીશ્રીએ ગ. મ. ૧૩; ગ. અં. ૩૮; લોયા ૧૪ વગેરે વચનામૃતો વંચાવીને શ્રીજીમહારાજના

પુરુષોત્તમપણાની ઘણી જ વાતો કરી. વળી, વચનામૃત ગ.પ્ર. ૨૩; ગ.મ. ૩૦, ૪૫; અમ. ૨, ૩ વંચાવીને બ્રહ્મરૂપ થવાની અદ્ભુત વાતો કરી અને કહ્યું : ''શ્રીજીમહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ અને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ.''

ત્યારે શિવલાલભાઈએ પૂછ્યું : ''મહારાજને પુરુષોત્તમ કેમ જાણવા ? અને બ્રહ્મરૂપ કેમ થવાય ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''શ્રીજીમહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે.'' તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીશમું વચનામૃત વંચાવીને કહ્યું જે, ''આજ તો સત્સંગમાં શ્રીજીમહારાજનાં કાર્ય જે મંદિરો, મૂર્તિઓ, આચાર્ય, સાધુ, સત્સંગી તથા શાસ્ત્રો સર્વે સર્વોપરી છે, તો તેના કારણ શ્રીજીમહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું. અને બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે, આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.'' એમ પોતાની છાતી ઉપર હાથ મૂકી પોતાનું સ્વરૂપ શિવલાલભાઈને સમજાવ્યું. સ્વામીશ્રીની આ વાત સાંભળી શિવલાલભાઈ, ઈશ્વર ત્રવાડી તથા બીજા સૌ સભાજનો અતિશય રાજી થયા.

ઈશ્વર ત્રવાડીનો પ્રશ્ન

સ્વામીશ્રી ત્યાંથી ફરતાં ફરતાં કુંકાવાવ પધાર્યા અને ત્યાંથી જૂનાગઢ આવ્યા. અહીં સ્વામીશ્રીનો સમાગમ કરવા ઉપલેટાથી અરજણભાઈ, લાલાભાઈ તથા વંથલીવાળા કલ્યાણભાઈ વગેરે આવ્યા હતા. સભામાં સ્વામીશ્રી, મહારાજ પુરુષોત્તમ છે અને પોતે અક્ષર છે એવી ઘણી વાતો પ્રગટ તથા ગર્ભિત રીતે કરતા અને નિષ્ઠાવાળાને તે સાંભળી આનંદ થતો.

એક દિવસ સભામાં ઈશ્વર ત્રવાડીએ પ્રશ્ન પૂછ્યો : ''સ્વામી ! શ્રીજીમહારાજને સર્વોપરી ભગવાન કહો છો તે શી રીતે ? કારણ કે બીજા અવતારે વર્તમાન પળાવ્યાં નથી ને કલ્યાણ તો કર્યાં છે અને આજ મહારાજ વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે એમ જોતાં એમાં અસમર્થપણું જણાય છે.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''બીજા અવતારે કલ્યાણ તો કર્યાં છે,

પણ કારણ શરીર ટાળીને કલ્યાણ કર્યાં નથી, ને જો કારણ શરીરના ભાવને ટાળીને કલ્યાણ કર્યાં હોય તો ગૌલોક ને વૈકુંઠલોકમાં કજિયા શા સારુ થાય ? માટે ગૌલોકમાં રાધિકાજીએ શ્રીદામા સાથે વઢવેડ કરી અને વૈકુંઠલોકમાં જય-વિજયે સનકાદિક સાથે વઢવેડ કરી; એમ જાણતાં ત્યાં કારણ શરીર નહિ ટળ્યું હોય ને શ્રીજીમહારાજે તો માયિકભાવ ટાળી, કારણ શરીર કાપીને કલ્યાણ કર્યાં છે એ જ એમનું સર્વોપરીપણું છે. મહારાજ તો કારણ શરીર ટાળવા સારુ સાધુ ને નિયમ તો અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે. તે માટે સાધુ ભગવાનની ઉપાસના કરાવે છે ને નિયમે કરીને ભગવાનની આજ્ઞા પળાવે છે. તેણે કરીને કારણ શરીરનો નાશ થઈ જાય છે.'' તે ઉપર કારિયાણીનું બારનું વચનામૃત વંચાવીને કહ્યું જે, ''આ વચનામૃતમાં મહારાજે સિદ્ધાંત કહ્યું છે. તે સારું વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે, એ હેતુ છે.''

સ્વામીશ્રીનો આ ઉત્તર સાંભળી ઈશ્વર ત્રવાડીને શ્રીજીમહારાજના સર્વોપરીપણાની નિષ્ઠા બેસી ગઈ.

✧ ✧ ✧

મહારાજનાં ચાર સુખ

એક દિવસ જાગા ભક્ત સ્વામીને ઉદાસીનતા થઈ આવી. તેથી તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા અને કહ્યું : ''સ્વામી ! પાછોતરો દેહ આવ્યો તેથી શ્રીજીમહારાજનાં દર્શન અને સંબંધ થયાં નહિ.''

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''શ્રીજીમહારાજનાં દર્શન થયાં હોત તો શું કરત ?''

એટલે જાગા ભક્તે કહ્યું : ''મહારાજનું અખંડ ધ્યાન કરત.''

સ્વામીશ્રી આ સાંભળી હસ્યા. પછી કહ્યું : ''મહારાજનું સુખ લેવાની તમને ખબર છે ?'' એમ કહીને બોલ્યા : ''મહારાજની મૂર્તિનાં ચાર સુખ છે; દર્શન, વાતુ, પ્રસાદી અને મળવું. એ ચારે મહારાજનાં સુખ આજથી મારે તમને આપવાં. બાકી શ્રીજીમહારાજનો આકાર તમને દેખાતો નથી પણ એક રોમનો પણ ફેર નથી એ નક્કી જાણજો.'' શ્રીજીમહારાજ પોતાના સ્વરૂપ દ્વારા અખંડ પ્રગટ છે તેવી સ્વામીશ્રીની વાત સાંભળી જાગા ભક્ત સ્વામીને

અત્યંત આનંદ થયો. તેમને સ્વામીશ્રીનાં વચને સમજાઈ ગયું કે મહારાજ અખંડ પ્રગટ જ હોય છે, કદી પરોક્ષ થતા જ નથી.

આ જ વર્ષના ચોમાસામાં પ્રાગજી ભક્ત, દામા શેઠ, વિઠ્ઠલભાઈ, લીલાધર, ઝીણાભાઈ રાઠોડ, ફૂલચંદભાઈ, ગીગાભાઈ તથા ભવાનીશંકર વગેરે મહુવાનો આખો સંઘ, પ્રાગજી ભક્ત થકી સ્વામીશ્રીના મહિમાની વાતો સાંભળી, સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યો. અહીં સ્વામીશ્રીનાં દર્શન તથા સમાગમ કરી, સ્વામીશ્રીનો જેવો મહિમા ભગતજી મહારાજે કહ્યો હતો તેવો યથાર્થ તેમને સમજાયો અને અંતરમાં ઘણી જ શાંતિ થઈ.

✧ ✧ ✧

સ્વામીશ્રીનો વિદ્યા પ્રત્યે પ્રેમ

સ્વામીશ્રી પોતે વિદ્યાવ્યાસંગી હતા. તેમની વાતોમાં પણ ઘણાં શાસ્ત્રોનાં પ્રમાણો આવે છે. સ્વામીશ્રી સમજતા કે સારા ઉપદેશક થવા માટે વિદ્યાભ્યાસની જરૂર છે. જે સંપ્રદાયમાં વિદ્વાનો ઓછા થતા જાય, તે સંપ્રદાય ધીરે ધીરે ઘસાઈ જાય. એટલે શ્રીજીમહારાજે પણ સંપ્રદાયમાં વિદ્વાનો વધારવાનો આગ્રહ રાખ્યો હતો અને 'શિક્ષાપત્રી'માં પણ મહારાજે એ આજ્ઞા કરી છે કે

संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च ।
प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥

આ આજ્ઞાના પરિપાલનમાં મહારાજની અત્યંત પ્રસન્નતા છે. સ્વામીશ્રીને પણ શ્રીજીમહારાજની આ આજ્ઞાનું યથાર્થ પરિપાલન કરાવવાની મહદ્ ઇચ્છા હતી. તેથી ઘણા ત્યાગીઓને સ્વામીશ્રી ભણાવવાની સગવડતા કરી આપતા. જેઓ ભણતા તેમના ઉપર પોતે અત્યંત રાજી પણ થતા. કેટલાક બ્રાહ્મણ બાળકોને ભણવા માટે પુસ્તકો વગેરે પણ અપાવતા. એ પ્રમાણે વિદ્યાર્થીઓને ઉત્તેજન આપી વિદ્યાભ્યાસની પ્રવૃત્તિને તેઓ સદા વેગ આપતા.

ગણોદના બ્રાહ્મણ હરિભક્ત ભીમજી પંડ્યાના પુત્ર હરિરામને સ્વામીશ્રી બહુ જ હેત કરી પોતાની પાસે રાખીને ભણાવતા. તેને માટે સ્વામીશ્રીએ ખાસ એક શાસ્ત્રીને પણ રોક્યા હતા. હરિરામને એ રીતે

મદદ કરી સ્વામીશ્રીએ વિદ્વાન બનાવ્યા. આ વિદ્યાભ્યાસ દરમિયાન સ્વામીશ્રીના યોગમાં તેઓ રહ્યા એટલે સ્વામીશ્રીના ઉપદેશની ચોટ તેમને લાગી અને અંતરમાં તીવ્ર વૈરાગ્ય ઉદય થયો. તેથી ગૃહસ્થાશ્રમ કરવાનો તેમણે વિચાર માંડી વાળ્યો. ત્યાગી થવાનો પોતાનો વિચાર સ્વામીશ્રીને જણાવ્યો. તેથી જ્યારે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા, ત્યારે તેને દીક્ષા આપી અને ઈશ્વરાનંદ નામ પાડ્યું. બ્રહ્મચારી ઈશ્વરાનંદજી ઉપર સ્વામીશ્રીને અતિશય હેત હતું. બ્રહ્મચારી પણ સ્વામીશ્રીની આજ્ઞા યથાર્થ પાળતા. આ સમયમાં જૂનાગઢમાં સાત વૃદ્ધ બ્રહ્મચારી રહેતા હતા. તેમની સેવા કરવા માટે સ્વામીશ્રીએ ઘણા બ્રાહ્મણપુત્રો રાખ્યા હતા. પરંતુ સંપ્રદાયના ત્યાગીઓનું અસિધારાવ્રત આ બ્રહ્મચારીઓ પાળતા એટલે સહજ સહજમાં આ બ્રાહ્મણ સેવકો ભૂલ કરી બેસતા. તેથી આ વૃદ્ધ બ્રહ્મચારીઓને કાં તો ઉપવાસ કરવા પડતા કે કાં કોઈ બીજી મુશ્કેલીઓ ભોગવવી પડતી. છેવટે બ્રહ્મચારી ઈશ્વરાનંદજીને સ્વામીશ્રીએ આ વૃદ્ધ બ્રહ્મચારીઓની સેવામાં મૂક્યા. તેમની સેવા આ વૃદ્ધોને ફાવી ગઈ. ઈશ્વરાનંદજીને તો ગમે તે પ્રકારે સ્વામીને પ્રસન્ન કરવા હતા એટલે તેઓ સેવામાં તન્મય બની આ વૃદ્ધ બ્રહ્મચારીઓની તમામ અનુકૂળતા સાચવતા.

સ્વામીશ્રીને જેવો વિદ્યા ઉપર અનુરાગ હતો તેવો સ્વધર્મ, સત્સંગ અને સાહિત્ય ઉપર પણ હતો. સત્સંગના સાહિત્ય ઉપર સ્વામીશ્રી અધિક લક્ષ્ય આપતા અને તેનો કેમ વિકાસ થાય તે વિચારતા. श्रीवासुदेव-विमलामृतधामवासम् એ શ્લોકથી લઈને धर्मस्त्याज्यो न कैश्चित् । શ્લોકો સ્વામીશ્રી બહુ જ બોલતા. પોતે ઘણી વખત કહેતા કે આખા સત્સંગિજીવનના સારરૂપ श्रीवासुदेवविमलामृतના શ્લોકો છે અને તેના પણ સારરૂપ धर्मस्त्याज्यो न कैश्चित् એ શ્લોક છે. આ શ્લોકોનો ગુજરાતી અર્થ કરવાનું સ્વામીશ્રીએ ખાસ શુકમુનિને કહ્યું હતું. શુકમુનિએ સ્વામીશ્રીની આજ્ઞાથી તે શ્લોકોનું ગુજરાતી ભાષાંતર કર્યું. ત્યારબાદ बुद्धिप्रदीप ગ્રંથનું પણ ગુજરાતી ભાષાંતર સ્વામીશ્રીએ શુકમુનિ પાસે કરાવ્યું હતું.

વરતાલમાં શાસ્ત્રી બળરામદાસજી બહુ જ વિદ્વાન શાસ્ત્રી હતા. તેમણે विवेकचन्द्रोदय નામનો એક મોટો ગ્રંથ રચ્યો હતો. ચૈત્રી પૂનમ ઉપર

સ્વામીશ્રી જ્યારે વરતાલ પધાર્યા ત્યારે તેમણે બળરામદાસજીને કહ્યું કે "તમોએ સંસ્કૃતમાં એક મોટો ગ્રંથ રચ્યો છે. એ ગ્રંથ બહુ જ સારો છે એમ સાંભળ્યું છે. પરંતુ તેનું જો ગુજરાતી ભાષાંતર થાય તો આખા સત્સંગમાં સહુને તેનો લાભ મળે. નહિ તો ફક્ત સંસ્કૃત ભણેલાઓને જ તેનો લાભ મળે પણ બીજાને એ લાભ ન મળે."

ત્યારે શાસ્ત્રીજીએ કહ્યું : "સ્વામી ! એ ગ્રંથ તો બહુ જ મોટો છે. પરંતુ તેનો સાર કાઢી તેનું ગુજરાતી ભાષાંતર આપની આજ્ઞા પ્રમાણે હું કરીશ." ત્યારબાદ શાસ્ત્રીજીએ સ્વામીશ્રીને પ્રસન્ન કરવા 'વિવેકસાર' નામે એક ગ્રંથ ગુજરાતી ભાષાંતર સાથે તૈયાર કર્યો.

✧ ✧ ✧

બાલમુકુન્દદાસ સ્વામી સ્વામીશ્રીની સેવામાં

સ્વામીશ્રીએ બાલમુકુન્દદાસને સ્વામી રામદાસ પાસે રાખ્યા અને તેમને દેશમાં ફરવા માટે મોકલ્યા. બાલમુકુન્દદાસને આ રીતે રામદાસ સ્વામી સાથે અત્યંત હેત થઈ ગયું.

એક વખત જૂનાગઢમાં સ્વામીશ્રીને બાલમુકુન્દદાસજી સ્નાન કરાવતા હતા. તે વખતે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે હવે અમારી પાસે રહો."

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! મારે રામદાસજી સાથે બહુ હેત થઈ ગયું છે."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "અમારી સેવા કરવા માંડશો એટલે અમારામાં પણ હેત થશે."

એટલું કહીને પછી બોલ્યા : "અમારા માટે લાકડાની થાળીમાં દાળ ઠારતા જજો, ખીચડી પણ ઊની હોય તે ઠારવી ને પછી અમને આપવી. એમ સેવા કરશો એટલે હેત થશે." ત્યારે બાલમુકુન્દદાસજીએ મૂંઝાતાં મૂંઝાતાં કહ્યું : "સ્વામી ! આ પડખાવાળાને ઠીક નહિ લાગે તો ?"

સ્વામીશ્રી આ સાંભળી હસ્યા પછી કહ્યું : "તમે સેવા કરશો તેમાં કોઈ નહિ કોચવાય."

બાલમુકુન્દદાસજીને સ્વામીશ્રીનાં વચનથી શાંતિ થઈ ગઈ. સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર સ્વામીશ્રીની સેવામાં તેઓ જોડાઈ ગયા.

તેમને સ્વામીશ્રી પ્રત્યે હેત થવા લાગ્યું. સ્વામીશ્રી તેમને તથા યોગેશ્વરદાસ સ્વામીને ભંડારમાં રોટલા ઘડવા મોકલતા અને કહેતા : "રોટલા કરો, લોટ બાંધો – તે તમામ ક્રિયા મહારાજની મૂર્તિ સંભારીને જ કરવી." આ પ્રમાણે મહારાજની મૂર્તિની જ અખંડ સ્મૃતિ રખાવવાનો સ્વામીશ્રીનો આગ્રહ હતો. તે બંને અગિયાર વાગ્યા સુધી રોટલા ઘડતા. પછી સ્વામીશ્રી બંનેને ખળીમાં તડકે ધ્યાનમાં બેસારતા. બાર વાગે તાપ પડે ત્યારે તેમને બોલાવે. પછી 'હરે' કરે. એ પ્રમાણે એક મહિના સુધી તડકે ધ્યાન કરવા બેસાર્યા હતા.

એક વખત સ્વામીશ્રીએ તેમને કહ્યું : "મેં એક મહિના સુધી તમને તડકામાં ધ્યાનમાં બેસાર્યા તો પણ તમે ના કેમ પાડી નહિ ?"

ત્યારે બાલમુકુન્દદાસજીએ કહ્યું : "અમે બંનેએ એમ નક્કી કર્યું છે કે આપ જેમ કહો તેમજ અમારે કરવું."

તે સાંભળી સ્વામીશ્રી પ્રસન્ન થયા અને બોલ્યા : "તમારાં શરીર જરા ધોળાં અને રૂપાળાં છે તે કાંઈક કાળાં પડે તો ઠીક, એમ ધારી તમને તડકે બેસાર્યા હતા."

સ્વામીશ્રીના આવા સૂક્ષ્મ રહસ્યની કોને ખબર હોય ?

બાલમુકુન્દ સ્વામીએ લીધેલા વિશેષ નિયમ

ચાતુર્માસ, નિયમની એકાદશી (અષાઢ સુદ એકાદશી) આવી એટલે સ્વામીએ સૌ સંતોને ચાતુર્માસના વિશેષ નિયમો આપ્યા. સ્વામી બાલમુકુંદદાસજીને પૂછ્યું : "તમે શું નિયમ ધારશો ?"

ત્યારે તેમણે કહ્યું : "આપ વિશેષ નિયમ આપો તે. તે સિવાય તો ચાતુર્માસ દરમ્યાન દિવસે ન સૂવાનું નિયમ રાખવાનું મેં નક્કી કર્યું છે. આપ દૃષ્ટિ કરો એટલે તે નિયમ પળાય."

સ્વામી તેમનો આવો આકરો નિયમ સાંભળી એકદમ રાજી થઈ ગયા અને બોલ્યા : 'અહો, બાલમુકુન્દ ! આવો નિયમ તો કોઈથી બને નહિ. પરંતુ તમે જો શ્રદ્ધાથી નિયમ રાખ્યો છે તો જરૂર પળાશે. વળી, તમે જ્યારે આકરો નિયમ લીધો ત્યારે અમારે પણ કાંઈક નિયમ લેવો જોશે ને ?' એમ કહી બોલ્યા કે "જાઓ, અમારે તમને શ્રીજીમહારાજની નિત્ય નવી લીલાની વાતુ રોજ કરવી."

આ પ્રમાણે સ્વામીશ્રીએ બાલમુકુન્દદાસ સ્વામી પ્રત્યે પોતાનો રાજીપો બતાવ્યો.

સ્વામી બાલમુકુન્દદાસજીનો એવો સ્વભાવ હતો કે કોઈ દિવસ દિવસે સૂતા નહિ. એટલે બે આરતી વચ્ચે થતી સભામાં પોતે બેઠા હોય ત્યારે ઝોલાં આવતાં. તેથી સ્વામીશ્રીએ તેમને એક વખત કહ્યું : "આ વખતે તમારે મંદિર ઉપર જાગવાના વારાનું કહેવા જવું." પછી એ પ્રમાણે તેઓ કરવા માંડ્યા એટલે ઝોલાં આવતાં બંધ થયાં. રાત્રે બાર પછી સૂતા અને સવારે ચાર વાગે ઊઠી જતા. તેઓ હંમેશાં સ્વામીશ્રીની પાસે જ સૂતા, સ્વામીશ્રી પાસે કથા વાંચતા અને તેમની સેવા કરતા. તે સિવાય મંદિરની પણ ક્રિયા કરતા. 'વચનામૃત'નાં રહસ્યો સ્વામીશ્રી પાસેથી સમજતા. જ્યારે સ્વામીશ્રી પાસે ગોપાળાનંદ સ્વામીની વાતો પોતે વાંચતા, ત્યારે તે વાતોના પણ સૂક્ષ્મ અર્થ સ્વામીશ્રી તેમને સમજાવતા.

એક વખત સ્વામીએ બાલમુકુન્દદાસ સ્વામીને કહ્યું : "તમે સંસ્કૃત ભણો."

ત્યારે તેમણે કહ્યું : "સંસ્કૃત ભણું તો તમારાથી જુદા પડવું પડે અને સેવાનો લાભ ન મળે."

ત્યારે સ્વામીએ કહ્યું : "જુદા ન પડવું પડે, સેવા મળે અને ભણી શકાય એવી ગોઠવણ કરીએ તો ભણો કે ?"

ત્યારે તેમણે સ્વામીની મરજી જોઈ સંસ્કૃત ભણવાની હા પાડી.

પછી સ્વામીએ અચિંત્યાનંદ બ્રહ્મચારીને કહ્યું : "આ બાલમુકુન્દ-દાસને તમે પાઠ આપજો." એ પ્રમાણે બાલમુકુન્દદાસ સ્વામીએ ભણવાનું શરૂ કર્યું. થોડા સમયમાં ત્રણ વૃત્તિ પોતે ભણી રહ્યા પછી સ્વામી આગળ 'વાસુદેવમાહાત્મ્ય'ની કથા કરી.

તે સાંભળી સ્વામી બહુ જ રાજી થયા અને કહ્યું : "અમારો તમને સંસ્કૃત ભણાવવાનો સંકલ્પ હતો તે આજે પૂરો થયો."

ત્યારે બાલમુકુન્દદાસ સ્વામીએ કહ્યું : "સ્વામી ! મારો પણ સંકલ્પ આજે પૂરો થયો." તે દિવસથી તેમણે આગળ ભણવાનું બંધ રાખ્યું અને સ્વામીની સેવામાં તેઓ જોડાઈ ગયા.

✧ ✧ ✧

જાગા સ્વામી સાંખડાવદરના[૯૮] બીડમાં જાય છે

સંવત ૧૯૧૦ના શિયાળામાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા. આ અરસામાં સાંખડાવદરના બીડમાં એંસી હજાર પૂળા ખડ તૈયાર પડ્યું હતું. સ્વામીશ્રીને આ ખડ સાચવવાની ચિંતા હતી. એટલે તેમણે વારાફરતી ઘણાને પૂછ્યું કે "તમે સાંખડાવદરના બીડમાં જશો ?"

પરંતુ રઘુવીરજી મહારાજ પધાર્યા હતા તેથી મંદિરમાં રસોઈઓ ચાલતી હોય અને કથાવાર્તા થતી હોય એટલે બીડમાં જવા કોણ તૈયાર થાય ?

છેવટે સ્વામીશ્રીએ સ્વામી જાગા ભક્તને પૂછ્યું : "તમે સાંખડાવદરના બીડમાં જશો ?"

ત્યારે તેમણે હાથ જોડી ગદ્ગદ કંઠે કહ્યું : "સ્વામી ! માબાપ ! આપ મને આમ કેમ પૂછો છો ? મને તો જા એમ જ આપે કહેવું. હું તો આપનો

૯૮. જૂનાગઢના નવાબ સરકારે પોતાના સંબંધીઓને એક, બે કે પાંચ ગામ ભેટ આપ્યાં હતાં. તેમાં એક જમાદારને સાંખડાવદર ગામ આપ્યું હતું. સ્વામીશ્રી વરતાલ સમૈયેથી જૂનાગઢ પાછા આવતા હતા ત્યારે આ જમાદાર સ્વામીશ્રીને સામા મળ્યા. તે જમાદારના પૂર્વના સંસ્કારના યોગે સ્વામીશ્રીએ તેને ખુદાતાલારૂપે દર્શન દીધાં. એટલે તે તરત જ સ્વામીશ્રી પાસે આવીને પગે લાગ્યા. પછી હાથ જોડી સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં તેણે કહ્યું : "આપ તો ઓલિયા પયગંબર છો."

સ્વામીશ્રી તેની વાત સાંભળી હસ્યા. તેનું ચિત્ત સ્વામીશ્રીની મૂર્તિમાં તણાઈ ગયું હતું એટલે તે સ્વામીશ્રીની સાથે સાથે મંદિરે આવ્યો. સ્વામીશ્રી મંદિરે પધાર્યા અને હાથ, પગ, મોં ધોઈ, ઠાકોરજીનાં દર્શન કરવા પધાર્યા. દર્શન કરી ધર્મશાળામાં પોતાના આસને પધાર્યા ત્યારે આ જમાદાર ધર્મશાળામાં આવ્યા. તે તો સ્વામીશ્રીની મૂર્તિને અતિશય તેજોમય અલ્લા સ્વરૂપે દેખતો હતો. એટલે ફરી અહીં સ્વામીશ્રીને હાથ જોડી તેણે પ્રાર્થના કરી : "મહારાજ ! આપ તો ઓલિયા છો, પયગંબર છો, ખુદાતાલા છો, આપને કોઈ કામકાજ હોય તો મને કહેશો."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "અમારે મંદિરની ગાયો ચરાવવા માટે કાંઈ સગવડ નથી."

ત્યારે તેણે તરત જ કહ્યું : "મહારાજ ! સાંખડાવદર મારું ગામ છે. ત્યાં ગાયો ચરે અને જે ખડ વાઢીને લાવો તે ગાયો ખાય." આ પ્રમાણે સ્વામીશ્રીને તેણે કહ્યું અને પછી બીજે જ દિવસે તે બસો વીઘાના બીડનો દસ્તાવેજ કરી લાવી તેણે મંદિરમાં અર્પણ કર્યો.

સેવક છું. તેથી મારે તો આપની આજ્ઞા એ જ સમૈયો છે.''

સ્વામીશ્રી તેમનું આ ભક્તિભાવનું વચન સાંભળી ઘણા જ રાજી થયા. પછી એક સેવકને તેમની સાથે મોકલ્યો. આ પ્રમાણે સ્વામી જાગા ભક્ત સાંખડાવદરના બીડમાં ગયા. શ્રીજીમહારાજની મૂર્તિ પણ તેમની ભેગી ગઈ.[૯૯]

જૂનાગઢમાં આચાર્ય મહારાજ ત્રેવીસ દિવસ રહ્યા. ત્યાં સુધી સ્વામી જાગા ભક્ત પણ સ્વામીશ્રીની અનુવૃત્તિ પ્રમાણે બીડમાં રહ્યા. ત્યાં તેમને શ્રીજીમહારાજ અખંડ દર્શન દેતા ને ભેગા રહેતા. આ પ્રમાણે ઘણો આનંદ તેમને આપ્યો. પછી સ્વામીશ્રીએ બે પાળા મોકલી જાગા ભક્તને જૂનાગઢ તેડાવ્યા. તે જ દિવસે શ્રી રઘુવીરજી મહારાજ જૂનાગઢથી વરતાલ જવાના હતા. જાગા ભક્ત જૂનાગઢ આવ્યા અને મહારાજશ્રીનાં દર્શન કરવા ગયા. મહારાજ નીકળવાની તૈયારી કરતા હતા. સ્વામીશ્રી પણ તેમની સાથે તેમની ગાડીમાં વિરાજ્યા હતા. જાગા ભક્તને જોઈને સ્વામીશ્રીએ મહારાજને કહ્યું : ''આ જાગા ભક્ત અમારી આજ્ઞાથી આપ અહીં રહ્યા ત્યાં સુધી સાંખડાવદરનું બીડ સાચવવા રહ્યા. પરંતુ સમૈયાનો લોભ તેમણે રાખ્યો નથી.''

તે વાત સાંભળી આચાર્ય મહારાજ બહુ જ રાજી થયા. તેમની છાતીમાં ચરણારવિંદ આપી તેમને મળ્યા અને કહ્યું : ''સ્વામીની આજ્ઞા તે શ્રીજીમહારાજની આજ્ઞા છે ને સ્વામીનો રાજીપો તે શ્રીજીમહારાજનો રાજીપો છે. એ બેમાં ફેર સમજવો જ નહિ. સ્વામી તો મહારાજનું અંગ જ છે.''

આ પ્રમાણે સ્વામીશ્રીના મહિમાની વાત જાગા ભક્તને કહી. તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''આ જાગા ભક્ત તો ખરેખરા અક્ષરધામથી જ આવેલા મુક્ત છે અને અમારા ખૂબ મહિમાવાળા પરમ સેવક છે. નહિ તો આવી આજ્ઞા સાધારણથી તો પળાય જ નહિ.''

તે સાંભળી રઘુવીરજી મહારાજ આશ્ચર્ય પામી રાજી થયા. પછી સ્વામીશ્રી તથા રઘુવીરજી મહારાજ અને સઘળો સંઘ ત્યાંથી આગળ ચાલ્યો. સૌ સાધુઓ મંદિરમાં પાછા ફર્યા.

સ્વામીશ્રી રઘુવીરજી મહારાજ સાથે ચાલ્યા. તે પ્રથમ બગસરા પધાર્યા.

૯૯. સ્વામીની વાતુ. પ્રકરણ-૩, વાત ૨૪.

ત્યાંથી કુંકાવાવ થઈને ગોખરવાળા આવ્યા. સ્વામીશ્રી ગોખરવાળા પધાર્યા છે તે સમાચાર મળતાં દાડમાથી નથુ ભટ્ટ પણ ત્યાં આવ્યા. સ્વામીશ્રીને દાડમા પધારવા આગ્રહ કર્યો. તેમનો અત્યંત ભાવ જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તું વરસમાં બે વખત સાધુને ઘેર પધરાવે છે પણ અમારે તો તારી સ્થિતિ સામું જોવું જોઈએ ને ?"

એટલે નથુ ભટ્ટે હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમારે ઘેર આપ પધારો એ જ અમારી સ્થિતિ સુધરી, નહિ તો લાખો રૂપિયા હોય તો પણ સ્થિતિ બગડેલી જ છે."

સ્વામીશ્રી તેની સમજણ જોઈ રાજી થયા અને ગોખરવાળામાં બે દિવસ રોકાઈ દાડમે પધાર્યા.

બેચર પંડ્યાને સ્વામી ધામ બતાવે છે

અહીં કાચરડી ગામના બેચર પંડ્યા પણ આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શન કરી તેને અત્યંત શાંતિ થઈ ગઈ. સ્વામીશ્રી પાસે વીસ પચ્ચીસ હરિભક્તોની સભા અખંડ ભરાયેલી જોઈ. એક વખત તેમણે કહ્યું : "સ્વામી ! મેં ઘણા સંન્યાસીઓને પૂછ્યું હતું કે પ્રભુ ભજે છે તે ભગવાનના ધામમાં જાય છે એમ સૌ કહે છે, તે ધામ કેવું હશે ? ગોલોક, વૈકુંઠ, અક્ષરધામ-આટલાં બધાં ધામ છે પણ મને કોઈએ એકે ધામ દેખાડ્યું નથી. માટે તમે મને દેખાડશો ?"

તેની આ વાત સાંભળી સ્વામીશ્રી હસ્યા અને બોલ્યા : "બેચર પંડ્યા ! આ મારી સાથળમાં ગૂમડું થયું હતું તેનું આ ચિહ્ન છે. પણ અમે ઉતાવળા ચાલીએ છીએ ત્યારે અહીં તમતમે છે. તમે તેની કાંઈ દવા જાણો છો ?"

એટલે બેચર પંડ્યાએ કહ્યું : "સ્વામી ! ત્યાં ગોપીચંદન ચોપડો તો ઠરશે. એટલે બળતરા ઓછી થઈ જશે."

પછી સ્વામીશ્રીએ કહ્યું : "લાવો ગોપીચંદન. હમણાં જ ચોપડીએ."

પછી વૈકુંઠચરણદાસજી ગોપીચંદન ઘસીને વાટકામાં લાવ્યા. એટલે સ્વામીશ્રીએ સાથળ ઉઘાડી કરી. બેચર પંડ્યા પાસે જ બેઠા હતા. તેમણે ગૂમડાનું ચિહ્ન જોયું, તેમાંથી તેને પ્રકાશ નીકળતો દેખાયો. તે પ્રકાશમાં તે અંજાઈ ગયા અને એકદમ મૌન થઈ ગયા. જ્યારે જાગ્યા ત્યારે તેમણે

સ્વામીશ્રીને હાથ જોડી કહ્યું : ''સ્વામી ! તમે જ ગુણાતીત અક્ષરધામ છો.''

પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : ''પંડ્યા ! જુઓ આ ગોપીચંદન ચોપડ્યું છે.''

એટલે બેચર પંડ્યાએ કહ્યું : ''સ્વામી ! હું સમજી ગયો. મને અક્ષરધામ બતાવવા સારુ જ આપે આ ચરિત્ર કર્યું છે.''

તેની સમજણથી સ્વામીશ્રી રાજી થયા. બે દિવસ દાડમામાં રહી, સ્વામીશ્રી ત્યાંથી ફરતાં ફરતાં જૂનાગઢ પધાર્યા. સ્વામીશ્રીને ચૈત્રી પૂનમ ઉપર વરતાલ પધારવાનું આમંત્રણ આપી, આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વરતાલ પધાર્યા.

✧ ✧ ✧

ભજન કરતાં ક્રિયા કરો

એક વખત જાગા ભક્ત સ્વામી ધ્યાન કરતાં કરતાં ઊંડા ઊતરી ગયા. તે ધ્યાનમાંથી પાછું નીકળાયું જ નહિ. કલાક પછી રાત્રે અગિયાર વાગે ધ્યાનમાંથી ઊઠ્યા. આ પ્રમાણે જ્યારે જ્યારે તેઓ ધ્યાનમાં બેસતા ત્યારે ઊંડા ઊતરી જતા. તેથી માનસી પૂજાનું સુખ આવતું નહિ. એટલે તેમણે કૃષ્ણસ્વરૂપદાસજી મારફતે સ્વામીશ્રીને કહેવરાવ્યું.

તેથી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''કોણે ધ્યાન કરવાની આજ્ઞા આપી છે ? માટે ધ્યાન છોડીને સાંખ્ય શીખો પછી યોગની વાત. પહેલાં અમારી આજ્ઞાએ પથ્થર ઘડતાં શીખો. એમ કરતાં અંતર્વૃત્તિ થશે પછી ધ્યાનનું સુખ આવશે.''

ત્યારથી જાગા ભક્તે વાડીમાં પથ્થર ઘડવાની સેવા કરવાનું શરૂ કર્યું. અહીંયાં સ્વામીશ્રી ઘણી વખત પધારતા અને તેમને પૂછતા : ''ભજન કરતાં ક્રિયા કરો છો કે ભગવાનને ભૂલીને ?''

એમ દરેક ક્રિયામાં મહારાજની મૂર્તિનું અખંડ અનુસંધાન રખાવવાનો સ્વામીશ્રીને આગ્રહ હતો.

છાજના કૂબાની વાત

એક વખત સભામાં સ્વામીશ્રીએ વાત કરતાં પૂછ્યું : ''કામાદિક

દોષનું જોર ઓછું ક્યારે થાય ?'' પછી પોતે જ ઉત્તર કરતાં કહ્યું : ''એક વખત ઉંદરિયું વરસ આવ્યું તેથી છાજના કૂબામાં ઉંદર બહુ પડ્યા. તે કૂબામાં એક સાપ રહેતો હતો. તે જ્યાં મોઢું નાખે ત્યાં ઉંદર મોંમાં આવે. એમ કરતાં ઉંદર ખૂટ્યા. પછી તો તે સાપ ભૂખ્યો ડાંસ જેવો થઈ ગયો. એટલે કૂબા વચ્ચે પડ્યો. તે કૂબામાં પછી કોઈથી પેસાય ? એમ જ્યાં સુધી ઈન્દ્રિયોને પોતપોતાનો આહાર મળતો રહે, ત્યાં સુધી કામાદિક વિષયનું જોર ઓછું થાય નહિ. એ આહાર મળતો બંધ થાય એટલે વિષયનું જોર વધે. જેમ સરપને આહાર ન મળ્યો એટલે ભૂખ્યો ડાંસ થઈ ગયો. પછી જે કોઈ કૂબામાં પેસે તેને કરડે જ. પણ જો તેનું માથું કાપી નાખ્યું હોય તો તે જીવે નહિ અને તરફડિયાં મારીને મરી જાય. તેમ આપણે કામાદિક દોષનું માથું કાપી નાખવું જે 'કોટી કલ્પે એ મારગે ચાલવું જ નથી' એમ દૃઢ આંટી પાડી દઈએ તો થોડા દિવસોમાં તે દોષ મોળા પડી જાય. પરંતુ જો દશ પંદર દિવસે કટકો રોટલો નાખીએ તો તો તે દોષ કોઈ દિવસ આળસે જ નહિ. માટે પંચવિષય તો ભોગવવા જ નથી એમ દૃઢ સંકલ્પ કરી, હરામ કરી નાખીએ, તો તે ટળી જાય.''

એટલી વાત કરીને સ્વામીશ્રી ગાદી ઉપર પડખાભેર થયા. એટલે જાગા ભક્ત સ્વામીએ પૂછ્યું : ''સ્વામી ! મચ્છર તે ગરુડની ગતિ કેમ કરે ? વળી, દૃષ્ટિ દ્વારા ઈંડાં સેવાય અને વૃત્તિ દ્વારા ઈંડાં સેવાય તેમાં શો ભેદ રહે ? અને રાખનાં પડીકાં પટારામાં ભરી રાખ્યાં હોય તેનો શો મર્મ છે ?''

સ્વામીશ્રીએ આ ત્રણે પ્રશ્નોના ઉત્તર કર્યા પછી કહ્યું : ''બહુધા તો સભાની વાત લાગે નહિ. માટે એકાંતે પ્રશ્ન-ઉત્તર કરવાનો અભ્યાસ રાખવો.''

✧ ✧ ✧

સ્વામીશ્રી ભીંચરી પધારે છે

ચૈત્રી પૂનમ ઉપર સ્વામીશ્રી વરતાલ પધાર્યા. આ સમૈયામાં સ્વામીશ્રીએ ઉપાસના સંબંધી ઘણી જ વાતો કરી. તેથી વરતાલના ઘણા ત્યાગી સાધુ, બ્રહ્મચારી વગેરેને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠાની ઘેડ બેસી ગઈ. તેમને સૌને સ્વામીશ્રીનો વિશેષ સમાગમ કરવાની તત્પરતા થઈ. રઘુવીરજી મહારાજને પણ થયું કે સ્વામીશ્રી જો વરતાલ વધુ રહે તો સંત

હરિજનોમાં સમાસ બહુ થાય. પરંતુ સ્વામીશ્રી વિના જૂનાગઢનું મંદિર કોણ ચલાવે ? છેવટે તેઓશ્રીએ નક્કી કર્યું કે સત્સંગિજીવનની પારાયણ નિમિત્તે સ્વામીશ્રી વરતાલ પધારે અને ચાર પાંચ મહિના રહે તો હજારો હરિભક્તોને કથાવાર્તાનો લાભ મળે. તેમણે સ્વામીશ્રીને વિનંતી કરી કે છ સાત મહિના વરતાલ રહેવાય તેમ પરવારીને પધારો.

સ્વામીશ્રીએ તેમનો આગ્રહ જોઈ બીજે વર્ષે છાવણી કરવાનું નક્કી કર્યું.

સ્વામીશ્રી વરતાલથી નીકળી ગઢપુર પધાર્યા. અહીં બે દિવસ રોકાઈ સ્વામીશ્રી રાજકોટ જવા તૈયાર થયા. સ્વામીશ્રીએ સાથેના વધારાના સાધુઓને કહ્યું : "તમો સૌ અહીંથી જૂનેગઢ જાઓ અને અમે બે ચાર સાધુઓ અહીંથી રાજકોટ તરફ થઈને પછી જૂનેગઢ આવીશું."

સ્વામીશ્રીની આ આજ્ઞા સાંભળીને સ્વામી રામદાસજી વગેરે સંતો જૂનાગઢ જવા તૈયાર થયા. આ વખતે બાલમુકુન્દદાસજી સ્વામી રામદાસજીની સાથે રહેતા એટલે તેઓ પણ રામદાસજી સાથે જૂનાગઢ જવા તૈયાર થયા. સ્વામીશ્રીનો વિચાર તેમને પોતાની સાથે રાખવાનો હતો. જ્યારે બીજા સાધુઓને જૂનાગઢ જવા કહ્યું ત્યારે રામચરણદાસજીએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ બાલમુકુન્દદાસનો પગ દુખે છે તેથી એ ભલે જૂનેગઢ જાય. હું આપની સાથે આવીશ."

પરંતુ સ્વામીશ્રીને તો બાલમુકુન્દદાસને જ પોતાની સાથે લેવા હતા. તેથી કથા વાંચવાનું નિમિત્ત ઊભું કરી સ્વામીશ્રીએ કહ્યું : "અમારે કથા વંચાવવી હોય એટલે બાલમુકુન્દદાસ ભલે અમારી ભેગા આવે. તમે જૂનેગઢ જાઓ."

સ્વામીશ્રી આ પ્રમાણે ચાર પાંચ સાધુઓને લઈને ગઢડાથી નીકળી ફરતાં ફરતાં રાજકોટ પાસે ગામ ભીંચરી પધાર્યા. ત્યાં થોડા દિવસ રોકાઈને રાજકોટ પધાર્યા.

સ્વામીશ્રી રાજકોટમાં

સ્વામીશ્રી રાજકોટમાં જૂના ઉત્તરાદાબારના મંદિરમાં ઊતર્યા. મંદિરના ફળિયામાં કરસન ઠક્કરે નવો કૂવો ગાળ્યો હતો. એટલે સ્વામીશ્રીએ ત્યાં

પ્રાતઃસ્નાન કર્યું અને પછી પૂજા કરી. બપોરે જમીને કથા કર્યા પછી સ્વામીશ્રી ઓશરીમાં આથમણી તરફ આસન નખાવીને સૂતા. બાલમુકુન્દદાસજી તે વખતે સ્વામીશ્રી પાસે બેઠા બેઠા વાંચતા હતા અને પાસે બેઠેલા હરિભક્તોને વાતો કરતા હતા. તેવામાં સ્વામીશ્રી જરા જાગ્યા. એટલે બાલમુકુન્દદાસજી વાતો કરતા હતા તે એકદમ શરમાઈ ગયા અને વાતો કરવી બંધ કરી. તે જોઈ સ્વામીશ્રીએ મોં ઉપર ઓઢેલું વસ્ત્ર જરા દૂર કરી કહ્યું : "ભગવાન અને મોટા સાધુને સંભારીને ઉપદેશની વાતો કર્યા જ કરવી, દબાવું નહિ અને શરમાવું નહિ. અમે પણ મુક્તાનંદ સ્વામી બેઠા હોય તોય વાતો કરતા."

સ્વામીશ્રીએ એટલી વાત કરી ત્યાં માંડણ મિસ્ત્રી તેના દીકરા કાળાભાઈને લઈને આવ્યા. કાળાભાઈને સ્વામીશ્રીને પગે લગાડીને માંડણ મિસ્ત્રીએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આના માથા ઉપર હાથ મૂકો એટલે સારો થાય."

તેથી સ્વામીશ્રીએ તેના માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપતાં કહ્યું : "આ કાળોભાઈ તો બહુ સારો સત્સંગી થશે."

તે વખતે ત્યાં નારણપ્રેમી હરિભક્ત બેઠા હતા તેમણે સ્વામીને કહ્યું : "સ્વામી ! અમારે કાનજી નાનો છે પણ બહુ રજોગુણી થયો છે."

એટલે સ્વામીએ હસીને કહ્યું : "એને તો અમે પાંશરો કરશું."

એટલું કહી સ્વામીશ્રી ઊઠ્યા.

પછી સ્વામીશ્રી કરસનભાઈની વાડીએ નાહવા પધાર્યા. ત્યાં સ્નાન કરી થોડી વાર ધ્યાન કરવા બેઠા. પછી શ્રીજીમહારાજની પ્રસાદીની બેઠક છે ત્યાં પધાર્યા. અહીં સ્વામીશ્રીએ કહ્યું : "પોલિટિકલ એજન્ટ અને ગવર્નર માલ્કમ સાહેબે શ્રીજીમહારાજને મળવા માટે બોલાવ્યા હતા ત્યારે મહારાજ આ ચાર બોરડી વચ્ચે તંબુ નાખીને ઊતર્યા હતા." મહારાજની તે સમયની લીલાની ઘણી વાતો કરી સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

રાજકોટમાં બે દિવસ રહી સ્વામીશ્રી લોધિકા જવા નીકળ્યા. રાજકોટના સૌ હરિજનો સ્વામીશ્રીને વાડી સુધી વળાવવા આવ્યા હતા. સ્વામીશ્રીએ સૌને પાછા વાળવા સારુ ઊભા રાખ્યા. પછી કોઈને સ્વામીશ્રી મળ્યા, કોઈના માથે હાથ મૂક્યો. એ પ્રમાણે સ્વામીશ્રી સૌને આશીર્વાદ

આપતા હતા, તેટલામાં ગોવિંદ મિસ્ત્રીના બે દીકરા-મૂળજી અને જેઠો-ત્યાં આવ્યા અને સ્વામીને પગે લાગ્યા. તેમના માથા ઉપર હાથ મૂકતાં સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા ગોવિંદ મિસ્ત્રીને કહ્યું : "ગોવિંદભાઈ ! આ તમારે બે દીકરા તો છે અને હવે તમારી અવસ્થા પણ થઈ છે તો પણ હજુ તમને બેલડાના બે દીકરા આપીશું અને તે પંદર વરસના થશે ત્યાં સુધી આ લોકમાં રાખીશું." એટલું કહીને સ્વામીશ્રીએ સૌને પાછા વાળ્યા અને પોતે લોધિકા પધાર્યા.

લોધિકા થઈને ફરી ભીંચરીમાં

સ્વામીશ્રી લોધિકા એક દિવસ રોકાઈને ત્યાંથી ભીંચરી પધાર્યા. અહીં આવ્યા પછી સ્વામીએ જૂનાગઢ કાગળ લખાવ્યો અને ત્યાંથી જાગા ભક્ત સ્વામીને તથા રણછોડ ભક્તને સમાગમ કરવા માટે ભીંચરી તેડાવ્યા. પત્ર મળ્યો કે તરત જ તેઓ બંને ભીંચરી આવ્યા અને સ્વામીને દંડવત્ કરી પાસે બેઠા. સ્વામીશ્રીએ તેમને કુશળ સમાચાર પૂછ્યા અને કહ્યું : "અહીં એકાંત સ્થાન છે. બહુ ભીડો નથી એટલે તમને અમારા સમાગમનું સુખ દેવા તેડાવ્યા છે."

સ્વામીની આવી કૃપાવાણી સાંભળી બંને ખૂબ જ રાજી થયા. તેમણે વિચાર કર્યો કે સ્વામીશ્રીની આપણા ઉપર કૃપાદૃષ્ટિ છે એટલે જ આ લાભ આપવા તેડાવ્યા છે. માટે આપણે હવે એક ક્ષણ પણ સ્વામીથી જુદા પડવું નહિ અને માછલી જેમ સ્વાતિનાં બિંદુ ઠેકીને અદ્ધર ઝીલે તેમ આપણે પણ સ્વામીશ્રીનાં વચનામૃત ઝીલવાં. સ્વામીશ્રી પણ તેમને હેત કરીને બોલાવતા, દર્શન દેતા, પ્રસાદી દેતા, મળતા, વાતો કરતા - એમ અનેક પ્રકારે સુખ આપતા.

એક દિવસ સ્વામીશ્રી બપોરની કથા થયા પછી પોતાના આસને જરા આડે પડખે થયા. તે વખતે જાગા ભક્ત સ્વામી તથા રણછોડ ભક્ત બંને સ્વામીશ્રી પાસે બેઠા હતા. તે બંને તે દિવસ ઉપવાસી હતા. સ્વામીશ્રી પોઢી ગયા છે જાણી તેઓ આજી નદીએ નાહવા ગયા. તેમના ગયા પછી સ્વામીશ્રી તરત જ જાગ્યા, પાણી મંગાવી, મોં ધોઈ સ્વામીશ્રીએ પાણી પીધું. પછી ચોસઠપદી ગવરાવવાનું શરૂ કર્યું. તે ઉપર સ્વામીશ્રી વાતો

કરવા માંડ્યા. પછી આજુબાજુ જોઈ બોલ્યા : "જૂનાગઢથી સમાગમ કરવા આવ્યા છે અને છીપની પેઠે અદ્ધર વચનના ઝીલનારા છે તે ક્યાં ગયા ?"

એટલે પાસે બેઠેલા સાધુએ કહ્યું : "એ બંને તો આજે ઉપવાસી છે તે નાહવા ગયા છે."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "એ તો દેહમાં પ્રાણ છે તેને આહાર ન આપ્યો તેથી ઉપવાસી ને તેને કોરા કડાકા છે." એટલું કહીને પોતે વાતુ કરવા મંડ્યા.

એટલામાં તે બંને ભક્તો નાહીને આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : "કેમ નાહી આવ્યા ?"

ત્યારે તેમણે કહ્યું : 'હા સ્વામી !'

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "અમે તો તમારા માટે ચોસઠપદી વંચાવી વાતો કરવા માંડી હતી. આ ઉપદેશ પછી કયાં સાંભળશો ?"

એમ કહી થોડી વાર વાતો કરી, સ્વામીશ્રી નાહવા પધાર્યા. પછી તે બંને ભક્તો ધ્યાન કરવા બેઠા. પરંતુ ધ્યાનમાં પણ કાંઈ સુખ આવ્યું નહિ. તેમને મનમાં પરિતાપ થવા લાગ્યો કે સ્વામીશ્રીએ ખાસ આપણા માટે જ ચોસઠપદી કઢાવી વાતો કરી અને આપણે તો નાહવા ગયા તે બહુ જ ખોટું કર્યું. એમ મનમાં વિચાર કરતા હતા.

પછી શામજીભાઈને કહ્યું : "તમે વચનામૃત વાંચો તો શાંતિ થાય."

એટલે શામજીભાઈએ વેદાંતનાં અને મહિમાનાં વચનામૃતો વાંચવાં શરૂ કર્યાં. એટલામાં સ્વામીશ્રી ત્યાં પધાર્યા. વેદાંતનાં અને મહિમાનાં વચનામૃતો સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "આવા વેદાંતનાં વચનામૃતો વાંચવાની તમને કોણે આજ્ઞા કરી છે ? જુવાનીમાં રહીને આવા વેદાંતનાં અને મહિમાનાં વચનામૃતો વાંચી ઇન્દ્રિયોને મોકળી મૂકવી છે ? એવાં વચનામૃતો અધિકાર વિના ન વાંચવાં. અધિકારી થવા ઇચ્છનાર મુમુક્ષુએ તો પ્રથમ વિષય ખંડનનાં, પછી કર્મકાંડનાં વચનામૃતો વાંચવાં. તે સિદ્ધ થયા પછી વૈરાગ્યનાં અને જ્ઞાનનાં વચનામૃતો વાંચવાં, પછી ભક્તિનાં અને ઉપાસનાનાં વચનામૃતો વાંચવાં અને છેવટે વેદાંતનાં અને મહિમાનાં વચનામૃતો વાંચવાં, જેથી વિઘ્ન ન થાય."

એમ કહી સ્વામીશ્રીએ જાગા ભક્તને પૂછ્યું : "કેમ છે ?"

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! આપની કૃપાદૃષ્ટિથી બધું સારું છે, પરંતુ આપે અમારે માટે ચોસઠપદી વંચાવી વાતો કરી તે વખતે અમે હાજર ન રહી શક્યા. વળી, આ વચનામૃત વાંચ્યાં તેમાં પણ આપ રાજી થાઓ એમ ન વરતાયું તેથી જરા અસુખ વર્તે છે." -

તે સાંભળી કરુણાદૃષ્ટિ વડે જોતાં સ્વામીશ્રીએ કહ્યું : "તમારે એવી કાંઈ ચિંતા કરવાની જરૂર નથી. તમારે તો બ્રહ્મભાવનાં વચનામૃતો વાંચવાં અને સમજવાં. તમારો તે વચનામૃતો માટેનો અધિકાર છે. તમારે કાંઈ ઓછી ઇન્દ્રિયોને મોકળી મૂકવી છે ? તમે તો હજારોને જિતેંદ્રિય કરી મૂકો તેવા છો. એ તો શામજી રજોગુણી છે તે ક્યાંઈ આડે ભામે ચડી ન જાય તે સારુ એમ કહ્યું હતું. તમને શ્રીજીમહારાજનાં ચાર સુખ આપવા સારુ અહીં તેડાવ્યા છે." એટલું કહીને સ્વામીશ્રીએ તેમને કહ્યું : "એક મહારાજનો આકાર દેખાતો નથી એટલો જ ફેર છે. એટલે આ સાધુ મળ્યે મહારાજ મળી રહ્યા એમ જાણો. આ સાધુ તો શ્રીજીમહારાજનું સ્વરૂપ છે. અમને મૂકીને મહારાજ ક્યાં જુદા રહે છે ? અખંડ અહીં ભેળા જ છે."

એમ કેટલીક મુદ્દાની વાતો કરી તેમને શાંતિ પમાડી દીધી.

સ્વામીશ્રી મેવાસામાં

પછી સ્વામીશ્રી દરબારશ્રી માનસિંહજીના દરબારગઢમાં પધરામણીએ પધાર્યા. ત્યાંથી આવી વેકરી ગામે પધાર્યા. વેકરીથી મેવાસા પધાર્યા. મેવાસામાં મંદિર ન હતું. તેથી સ્વામીશ્રીએ ઇન્દ્રજી વ્યાસને ઘેર ઉતારો કર્યો. અહીં સ્વામીશ્રી ત્રણ-ચાર દિવસ રહ્યા તે દરમ્યાન રોજ તે ગામની પાસેની છાપરવડી નદીમાં હેઠવાસ સ્નાન કરવા પધારતા. ત્રણ-ચાર દિવસ મેવાસામાં રહી, સ્વામીશ્રી જેતપુર, વડાલ થઈને જૂનાગઢ પધાર્યા. અહીં ભીમ એકાદશીનો સમૈયો કરી સ્વામીશ્રી સોરઠમાં ફરવા પધાર્યા. પછી જન્માષ્ટમીના સમૈયા ઉપર પાછા જૂનાગઢ આવ્યા.

લાલાભાઈ ભાદર ઊતરે છે

આ સમૈયા ઉપર સોરઠ દેશના ઘણા હરિભક્તો આવ્યા. ગુજરાતમાંથી પણ સ્વામીશ્રીના હેતવાળા અને સ્વામીશ્રીને વિષે અક્ષરબ્રહ્મપણાની

નિષ્ઠાવાળા હરિભક્તો આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમનો એક પણ પ્રસંગ તેઓ ચૂકતા નહિ.

આ સમૈયા ઉપર ઉપલેટાથી લાલાભાઈ જૂનાગઢ આવતા હતા. તેઓ ભાદર નદી પાસે આવ્યા. પરંતુ ભાદર અને મોજ નદીમાં વરસાદને લઈને અતિશય પૂર આવ્યું હતું. એટલે નદી ઊતરી શકાય એવું ન હતું. લાલાભાઈ તો મૂંઝાયા : 'હવે શું કરવું ?' આ પાણી કાંઈ એક બે દિવસમાં ઊતરે તેમ ન હતું. વળી, ઉપરવાસ વરસાદ પણ ચાલુ હતો. તેમણે મનોમન સ્વામીશ્રીને પ્રાર્થના કરી : "દયાળુ ! આપનાં દર્શન અને સમાગમ માટે આવવા દેવો હોય તો કાંઈ સહાય કરો."

તેમની પ્રાર્થના સ્વામીશ્રીએ અંતર્યામીપણે જૂનાગઢમાં સાંભળી. સ્વામીશ્રીએ ઇન્દ્રને આજ્ઞા કરી કે "અમારા ભક્ત લાલાભાઈને ભાદરને આ કાંઠે મૂકી ધો."

અહીં લાલાભાઈ સ્વામીશ્રીને પ્રાર્થના કરતા ધ્યાનમગ્ન બની ભાદરને કાંઠે બેસી ગયા હતા. ત્યાં તેમને કાને અવાજ આવ્યો : 'લાલાભાઈ, લાલાભાઈ !' તેમણે આંખો ઉઘાડી ત્યાં તો ઇન્દ્રનો ઐરાવત હાથી તેમણે દીઠો. ઇન્દ્ર પણ પાસે ઊભા હતા. તેમણે લાલાભાઈને કહ્યું : "આ હાથી ઉપર બેસી જાઓ. તમને સામે કાંઠે મૂકી દઉં. મને સ્વામીશ્રીએ આજ્ઞા કરી છે."

લાલાભાઈના આનંદનો પાર ન રહ્યો. તેમને થયું, 'સ્વામીશ્રીએ આપણી અરજી સાંભળી ખરી.' તરત જ તેઓ હાથી ઉપર બેસી ગયા. ઇન્દ્રે તેમને સામે કાંઠે મૂકી દીધા. પછી લાલાભાઈ જૂનાગઢ પહોંચી ગયા.

લાલાભાઈ મંદિરમાં પહોંચ્યા તે વખતે સ્વામીશ્રી સભામાં બિરાજ્યા હતા. સભા ચિક્કાર ભરાયેલી હતી. લાલાભાઈએ સ્વામીશ્રીને દંડવત્ કર્યા. એટલે સ્વામીશ્રીએ હસીને તેમને પૂછ્યું : "લાલાભાઈ ! ભાદર કેમ ઊતર્યા ?"

એટલે લાલાભાઈએ કહ્યું : "સ્વામી ! એ તો આપની દયા થઈ તો અવાયું, નહિ તો આ સમૈયામાં અવાત નહિ."

પછી તેમણે તમામ વાત સવિસ્તાર સભામાં કહી. આમ, સ્વામીશ્રી પોતાના ભક્તોની સદા રક્ષા કરતા.

સ્વામીશ્રીની દયાળુ પ્રકૃતિ

જન્માષ્ટમીના આ સમૈયા અગાઉ વરસાદ ખૂબ પડવા લાગ્યો હતો. સમૈયે આવતા હરિભક્તોને તો આ કસોટીમાં આનંદ જ આવતો. તેઓ જાણતા હતા કે સ્વામીશ્રી આવી આકરી કસોટી કરી આપણી નિષ્ઠાની દૃઢતા ચકાસે છે. પરંતુ સ્વામીશ્રી પ્રત્યેનો અપાર પ્રેમ અને સ્વામીશ્રીના સ્વરૂપમાં મહારાજનું અખંડ પ્રગટપણું તેમણે જાણ્યું હતું અને અનુભવ્યું હતું. તેથી તેમને આવી કસોટીઓ તો નહિવત્ જેવી જણાતી.

સ્વામીશ્રીની પ્રકૃતિ પણ ખૂબ જ દયાળુ હતી. તેમણે જાણ્યું કે હરિભક્તો આ વરસાદમાં પલળતા આવશે એટલે તેમણે શામજી કોઠારીને બોલાવીને કહ્યું : "કોઠારમાંથી લૂગડાના બે ચાર તાકા લાવો."

કોઠારી સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે તાકા લાવ્યા. એટલે સ્વામીશ્રી તેમાંથી ચાર ચાર હાથનાં ધોતિયાં ફાડવા માંડ્યા.

એટલામાં બોટાદથી શિવલાલભાઈ હરિજનોનો સંઘ લઈને આવ્યા. સ્વામીશ્રીને તેઓ દંડવત્ કરવા લાગ્યા. પરંતુ સ્વામીશ્રીએ જોયું કે તેમનાં તમામનાં બધાં વસ્ત્રો પલળી ગયાં હતાં. તેથી દંડવત્ રખાવી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "આ ભીનાં લૂગડાં કાઢી નાખો અને આ કોરાં નવાં પહેરો."

સ્વામીશ્રીએ પ્રેમપૂર્વક આ આજ્ઞા કરી. પરંતુ હરિભક્તોએ તો ના જ પાડી. છેવટે સ્વામીશ્રીના આગ્રહથી તેમને એ કોરાં વસ્ત્રો પહેરવાં પડ્યાં.

પછી સ્વામીશ્રીએ વિચાર કર્યો કે 'આજે તો જન્માષ્ટમીનું વ્રત છે અને સૌને ઉપવાસ છે. પરંતુ આ હરિભક્તો આટલે છેટેથી આવ્યા છે અને વળી વરસાદમાં પલળ્યા છે,' એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમારું વ્રત અત્યારે પૂરું થઈ ગયું. માટે હમણાં બ્રહ્મચારી ખીચડી કરે છે તે જમી લેજો." પછી સૌ હરિભક્તોને ખીચડી-કઢી જમાડી થાકનું દુઃખ ટાળી દીધું.

આ સમૈયા ઉપર સ્વામીનો સમાગમ કરવા મહુવા, ક્રાંકચ તથા કુંડલાના હરિભક્તો પણ આવ્યા હતા. કુંડલાના હરિભક્તોની સાથે એક વૈષ્ણવનો છોકરો પણ આવ્યો હતો. તેઓ બધા સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગવા ગયા ત્યારે આ છોકરાને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "આને તમે ક્યાં ભેગો લાવ્યા ? તમને વિઘ્ન આવશે અને સમાગમનું સુખ નહિ આવે."

બીજે દિવસે સભામાં સ્વામીશ્રી વાતો કરતા હતા. તેવામાં કુંડલાથી પેલા છોકરા ઉપર કાગળ આવ્યો હતો તે તેને આપ્યો. તે કાગળ વાંચીને તે છોકરો રોવા લાગ્યો. ત્યારે કુંડલાના હરિભક્તોએ તેને પૂછ્યું કે "શું થયું ?"

તેણે કહ્યું : "મારી બહેન મરી ગઈ છે. માટે મારે હવે ઘેર જવું છે."

સ્વામીશ્રીએ પછી તે હરિભક્તોને કહ્યું : "તમને હવે સમાગમનું સુખ નહિ આવે માટે તેને લઈને ઘેર જાઓ."

આમ, સ્વામીશ્રીએ જે તેમને કહ્યું હતું તે સત્ય થયું.

આ સમૈયા ઉપર સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમનો લાભ લેવા ડોસા ત્રવાડી, દામોભાઈ, ગોપાળજીભાઈ, ફૂલચંદભાઈ, લક્ષ્મીચંદભાઈ, વિઠ્ઠલભાઈ તથા પીતાંબર દેવશંકર, ભવાનીશંકર, ભગવાન હરખાભાઈ, લુહાણા વિઠ્ઠલભાઈ, શેલણાના રાઠોડ ધાધલ, ગોપાળગર બાવો અને પીઠવડીના રામજી પટેલ વગેરે ઘણા હરિભક્તો આવ્યા હતા.

મૂર્તિમાન અક્ષર કોણ હશે ?

આ સમૈયામાં સભા પ્રસંગે સ્વામીશ્રીને નાજા કામળીએ પ્રશ્ન પૂછ્યો : "સ્વામી ! શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી, ગોપાળાનંદ સ્વામીને અનાદિ ઉત્તમ મહામુક્ત, ઉન્મત્ત ગંગાને મહાપાવનકારી અને દાદાખાચર તથા ઝીણાભાઈના દરબારને અક્ષરધામ સમાન અમે જાણીએ છીએ. પણ સ્વામી ! એ મૂર્તિમાન અક્ષરને કેમ જાણવા અને સમજવા ?"

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "એ આપણે છેટું છે. તમોને પાસે બેસારીને જે હમણાં વાતો કરે છે તે જ અક્ષર છે."

આ પ્રમાણે સ્વામીશ્રીએ સ્વમુખે પોતાનું સ્વરૂપ સમજાવ્યું.

પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન થશે ત્યારે સત્સંગ થયો જાણવો

એટલું કહી સ્વામીશ્રી સભામાંથી ઊઠ્યા અને ચોકમાં જઈ ઊભા રહ્યા. તેવામાં અમરેલીથી એક અમલદાર સ્વામીશ્રીનો સમાગમ કરવા આવ્યા હતા તે અંદર દાખલ થયા. તેમણે સભામાં તથા ચોકમાં હરિભક્તોની ઠઠ જોઈ કહ્યું : "સ્વામી ! હવે તો સત્સંગ બહુ થયો !"

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "હજુ સત્સંગ કયાં થયો છે ? એ તો

જ્યારે ઝાડને પાંદડે પાંદડે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન થશે, જેમ રામનામ સર્વત્ર બોલાય છે તેમ સ્વામિનારાયણનું નામ સર્વત્ર ગાજતું થશે ત્યારે જાણવું કે હવે સત્સંગ થયો છે.''

સમૈયો પૂરો થયા પછી આજુબાજુથી આવેલા હરિભક્તો બધા પોતપોતાને ગામ જતા રહ્યા. ફક્ત દૂરથી ખાસ સ્વામીશ્રીનો સમાગમ કરવા જ જે આવ્યા હતા તેઓ રહ્યા. શિવલાલભાઈ તો ખાસ સમાગમ માટે જ રોકાયા હતા. એક દિવસ સ્વામીશ્રીએ સભામાં બહુ જ અદ્‌ભુત વાતો કરી. માધવચરણદાસ સ્વામી પાસે બેઠા હતા. તેમણે આવી વાતો કદી સાંભળી ન હતી. તેથી તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : ''સ્વામી ! આજ તો તમે બહુ ભારે વાતો કરી. આવી વાતો તો અમે કોઈ દિવસ સાંભળી ન હતી.''

તે સાંભળી સ્વામીશ્રીએ હસીને કહ્યું : ''તમે સમજ્યા નહિ, જેમ કોઈ મોટો શાહુકાર હોય તેની પાસે કિંમતી દાગીના, ઝવેરાત, હીરા અને મોતી હોય પણ જેવા સામે ઘરાક હોય તે પ્રમાણે તે માલ કાઢે. ભાજીમૂળા લેનાર હોય તેની પાસે કિનખાબ તથા રેશમના તાકા કાઢે તો તે નકામું જાય. પરંતુ જ્યારે કોઈ ધનાઢ્ય ઘરાક હોય અને તે કિંમતી દાગીના લેવા આવ્યા હોય ત્યારે તેને તે માલ બતાવે. તેમ આ શિવલાલ ભારે મુમુક્ષુ છે. તેથી તેમની આગળ આવી વાતો સહેજે નીકળે છે.''

આ જ અરસામાં સમઢિયાળેથી ભોજો ભક્ત સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને જોઈ સ્વામીશ્રી બહુ જ રાજી થયા. પછી તેને બોલાવીને સ્વામીશ્રીએ તેને કહ્યું : ''ભોજા ભક્ત ! અમે અહીં ગાયો રાખીએ છીએ પણ તેનું દૂધ થોડું થાય છે એટલે છાશ ઓછી થાય છે. તમારા દેશમાં ભેંશો સારી હોય છે. માટે એકાદ સારી ભેંશ જો મળે તો વેચાતી લઈએ. એટલે ઠાકોરજીને દૂધ પણ ધરાવાય અને સાધુઓને છાશ પણ મળે !

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી ! અમારા દેશમાં ભેંશો સારી હોય છે તો તેમાંથી એક ભેંશ ઠાકોરજી માટે મોકલીશ.''

થોડા દિવસ બાદ ભોજો ભક્ત ઘેર ગયા. ત્યાં જઈ તેમણે તેના ભાઈ નાજાને કહ્યું : ''નાજા ! તારી રાણ ભેંશ મને દે'શ ? તેના બદલામાં તારે મન ગમે તે એક ભેંશ મારા વાડામાંથી હાંકી જજે.''

તે સાંભળી નાજાએ કહ્યું : ''ભાઈ ! તમે જૂનાગઢથી આવો છો તે

તમારે મંદિરમાં ભેંશ બાંધવી હશે. પણ ભેંશ બાંધવા હું જા'શ."

પછી તે બીજે જ દિવસે રાણ ભેંશ લઈને જૂનાગઢ ગયો અને સ્વામીશ્રીને ભેંશ અર્પણ કરી. આવા નિરક્ષરને પણ સ્વામીશ્રીએ પોતાના દિવ્ય પ્રેમથી વશ કર્યા હતા. સ્વામીશ્રીનાં ચરણોમાં આખો સોરઠ જાણે ઢળી પડ્યો હતો.

ખાનદેશના ભક્તો સ્વામીશ્રીનાં દર્શને

સ્વામીશ્રી ભાદરવા માસમાં જળઝીલણીનો ઉત્સવ કરી દેશમાં ફરવા પધાર્યા. આ વખતે ખાનદેશથી ત્રણ વણિક હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમ માટે ખાસ જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રીનું આકર્ષણ એટલું જબ્બર હતું કે દૂર દૂરના દેશમાંથી પણ સ્વામીશ્રીના સમાગમ માટે હજારો હરિભક્તો ખેંચાઈને આવતા. આ હરિભક્તો જૂનાગઢ આવ્યા પરંતુ સ્વામીશ્રી તો ઊના પધાર્યા હતા અને ત્યાંથી બાબરિયાવાડમાં પધારવાના હતા. સ્વામીશ્રી જૂનાગઢમાં ન હતા તેથી આ ત્રણે ભક્તો ખૂબ નિરાશ થયા. પરંતુ તેમણે નક્કી કર્યું હતું કે સ્વામીશ્રીનાં દર્શન કર્યાં વિના તો પાછું ફરવું જ નથી તેથી તેઓ ઊના ગયા. પરંતુ ત્યાંથી સ્વામીશ્રી નીકળી ગયા હતા. છેવટે સ્વામીશ્રીને શોધતાં શોધતાં બગસરા થઈને ઓઢાને સમઢિયાળે તેઓ ગયા. અહીં તેમને સ્વામીશ્રીનાં દર્શન થયાં. સ્વામીશ્રીને દંડવત્ કરી પાસે આવ્યા એટલે સ્વામીશ્રી ઊભા થઈ તેમને બાથમાં લઈને મળ્યા અને અભયદાન આપતાં પોતાના બંને હાથ તેમના માથા ઉપર મૂક્યા. પછી તેમના ગામના હરિભક્તોનાં નામ પણ પૂછ્યાં. તેમની બબ્બે પેઢીઓનાં નામ સંભારીને તેમના સમાચાર પણ પૂછ્યા.

સ્વામીશ્રીની આવી તીવ્ર સ્મરણશક્તિથી આ વણિક હરિભક્તોને અત્યંત આશ્ચર્ય થયું. પરંતુ અગાઉ સ્વામીશ્રી ખાનદેશમાં પધાર્યા હતા અને દરેક ગામે વિચરણ કર્યું હતું. તેથી ત્યાંના તમામ હરિભક્તોને તેઓ સારી રીતે જાણતા હતા. તે વણિક હરિભક્તોને ત્યાર પછી સ્વામીશ્રીએ પોતાની સાથે જમવા બેસાર્યા અને પ્રસાદી આપી અત્યંત રાજી કર્યા. થોડા દિવસ તે ભક્તોને પોતાની પાસે રાખીને સ્વામીશ્રીએ તેમને રજા આપી ઘેર મોકલ્યા.

સ્વામીશ્રી દેશમાં ફરીને અન્નકૂટનો સમૈયો પાસે આવતો હોવાથી

જૂનાગઢ પધાર્યા.

મહારાજ સ્વામી સાથે વાત કરે છે

જૂનાગઢમાં જૂની ધર્મશાળાને ઉપલે માળે એક લાંબો સળંગ ઓરડો ઓશરીવાળો હતો. સ્વામીશ્રી ઘણી વખત ત્યાં ધ્યાન કરવા બેસતા.

એક વખત માધવપ્રિયદાસ અને બાલમુકુન્દદાસ આ મેડે સ્વામીશ્રીનાં દર્શને ગયા. ત્યાં તો તેમણે અલૌકિક લીલા જોઈ. સ્વામીશ્રી પાછે પગે ચાલે અને હસતાં હસતાં વાતો કરે. સ્વામીશ્રીની આ વાતો સાંભળી તેમને થયું : "સ્વામીશ્રી શ્રીજીમહારાજ સાથે વાતો કરે છે. ફરી પાછા શ્રીજીમહારાજ પાછે પગે ચાલવા લાગ્યા અને સ્વામીશ્રી તેમની સન્મુખ ચાલવા લાગ્યા. આ લીલા જોઈ માધવપ્રિયદાસ અને બાલમુકુન્દદાસને સ્વામીનો અપાર મહિમા સમજાયો અને શ્રીજીમહારાજ સાથે સ્વામીશ્રીને અખંડ એકતા છે એ રહસ્ય સમજાયું. આ પ્રસંગ પછી ઘણી વાર તેઓ ઉપર જતા અને સ્વામીશ્રી અને શ્રીજીમહારાજ વચ્ચેનો વાર્તાલાપ સાંભળતા.

આ અરસામાં વરસાદની હેલી મંડાણી. મંદિરનું કામ ચાલતું હતું. પરંતુ ચાલતે વરસાદે કડિયાઓ કામ કરી શકતા ન હતા. વળી, વારંવાર પાણીમાં પલળવાથી તેમની આંગળીઓ વચ્ચેનો ભાગ પણ સડી ગયો હતો. તેથી તેમણે બાલમુકુન્દદાસ સ્વામીને કહ્યું : "સ્વામી ! અમારી આંગળીઓના ગાળા સડી ગયા છે માટે અમે હવે કામ નહિ કરીએ."

આ વાત બાલમુકુન્દ સ્વામીએ સ્વામીશ્રીને કહી. તેથી સ્વામીશ્રીએ કહ્યું : "કડિયા કામ કરતાં આળસે તો આ બધા માણસો કામ ક્યાંથી કરે ? માટે ચાલો."

એમ કહી કોઠારમાંથી ત્રણ કામળા કઢાવ્યા. તેમાંથી બે કામળા કડિયાઓને આપ્યા અને એક પોતે ઓઢ્યો. પછી સૌ પાટ્યો ચડાવવા માંડ્યા અને બધી પાટ્યો ચઢાવી દીધી. સ્વામીશ્રીની દયાળુ પ્રકૃતિ અને કામ કરાવવાની દક્ષતાને લીધે સ્વામીશ્રીની આજ્ઞા કોઈ લોપતું નહિ અને ખૂબ જ ભાવથી સ્વામીશ્રીને રાજી કરવા સૌ સેવા કરતા.

બીજે દિવસે પમા કડિયાએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મારે ઘેર જવું છે ને વરસાદ સાતેક દિવસથી વરસે છે, તે મારાથી ભાદર શી રીતે

ઊતરાશે ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''અરે, જાલણસરની પેલી બાજુએ જોડા પહેરીને ચાલ્યો જાજેને.'' એટલે પમો જૂનાગઢથી નીકળ્યો. જાલણસર ગયા પછી તો વરસાદ જ ન મળે. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે જોડા પહેરીને સુખેથી પમો ઘેર પહોંચી ગયો.

✧ ✧ ✧

સ્વામીશ્રી સિદ્ધિઓને ગુજરાતમાં મોકલે છે

સંવત ૧૯૧૧ના કાર્તિક માસમાં સ્વામીશ્રી એક વખત વાડામાં બહિર્ભૂમિ પધાર્યા હતા. બહિર્ભૂમિ જઈને પાછા આવતાં પૂર્વ દિશા તરફ સ્વામીશ્રીએ હાથનું લટકું કર્યું. તે વખતે નાગર હરિભક્ત માનપ્રસાદ ત્યાં ઊભા હતા. તેમણે સ્વામીશ્રીનું આ ચરિત્ર જોયું. તેથી હાથ જોડી પૂછ્યું : ''મહારાજ ! આપે એ શું ચરિત્ર કર્યું.''

એટલે સ્વામીશ્રીએ હસીને કહ્યું : ''જોગીનો શે લઈએ નહિ.'

ત્યારે માનપ્રસાદે ફરી વિનંતી કરી : ''કૃપા કરીને કહો.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''સિદ્ધિઓ હમણાં આવી હતી અને સાધુઓની સેવા કરવા ઇચ્છતી હતી. પરંતુ અમે કહ્યું કે તમારી સેવાથી અમારા સાધુ રજોગુણી થઈ જશે માટે તમે ગુજરાતમાં જાઓ. એમ કહી તેમને ગુજરાતમાં મોકલી.'' માનપ્રસાદને આ સાંભળી સ્વામીશ્રીની ત્યાગ-તપની અત્યંત રુચિ સમજાણી.

જૂનાગઢમાં મંદિર કરવા માટે પગની મોજડી વતી લીટો કરી, શ્રીજીમહારાજ પાસે પડેલા રેતીના ઢગલામાં સૂઈ ગયા હતા અને બોલ્યા હતા. ''સાધુને તો આમ જડભરત દશા જોઈએ.'' શ્રીજીમહારાજના આ સ્વભાવની માનપ્રસાદને સ્વામીશ્રીમાં ઝાંખી થઈ !''[૧૦૦]

હરિભક્તોના જીવન સાથે, તેમના વ્યવહાર સાથે, એકરસ થઈ ગયેલા સ્વામીશ્રીને પણ હરિભક્તો અખંડ સંભારતા. અખોદરના બ્રાહ્મણ

૧૦૦. આ પ્રસંગ સંભારી યોગેશ્વરદાસ સ્વામી ઘણી વખત રમૂજમાં કહેતા : ''સ્વામીએ તો સિદ્ધિઓને ગુજરાતમાં મોકલી, પણ રેલગાડી થઈ એટલે સિદ્ધિઓ રેલમાં બેસીને પાછી આંહીં આવી ગઈ !''

હરિભક્ત રાઘવજી અત્યંત નિષ્ઠાવાળા હરિભક્ત હતા. સ્વામીશ્રીના પ્રસંગથી શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા તેમને દઢ થઈ ગઈ હતી. પોતાના વ્યાવહારિક કામ કરતાં પણ 'સ્વામી, મહારાજ' એવું અખંડ ભજન તેમને થતું.

એક વખત રાત્રે તે પોતાને ખળે રખોપું કરવા ગયા હતા. ત્યાં ભજન કરતા સૂઈ ગયા. એટલામાં ચોર પેઠા અને ખળામાંથી દાણા લેવા લાગ્યા. ત્યાં રાઘવજી જાગી ગયા. ચોરને જોઈ તેમણે કહ્યું : "હું તમને ઓળખું છું." એટલે ચોર ભાગ્યા. પણ ભાગતાં ભાગતાં વિચાર કર્યો કે ઓળખે છે એટલે પકડાવી દેશે. તેથી એક ચોર પાછો વળ્યો અને તલવારે કરીને રાઘવજીનું માથું ઉડાવી દીધું. આ ખબર સ્વામીશ્રીને મળ્યા. એટલે સ્વામીશ્રીને અત્યંત દુઃખ થયું. તેઓ બોલી ઊઠ્યા : "જે તલવાર ભગવદીને મારવાના કામમાં આવી, તે તલવાર શા કામની ?" સ્વામીશ્રીના ઉદ્‌ગારોથી તે જ વર્ષે સરકારે હથિયારબંધીનો કાયદો કરી સૌનાં હથિયાર ઝૂંટવી લીધાં.

✧ ✧ ✧

મંદિરના તમામ સાધુઓ અંદર અંદર સુહૃદભાવથી વર્તે, એકબીજાની સેવા કરે અને એકબીજાનો મહિમા સમજે, એવી સ્વામીશ્રીની સદા ઇચ્છા રહેતી. તેથી સ્વામીશ્રી સાધુઓને એકબીજાની જોડે રાખી દરેકને અંદર અંદર સેવા કરવાનું કહેતા, જેથી કોઈ સાધુ માંદા થયા હોય તો પણ તેને અગવડ ન પડે અને મૂંઝવણ ન થાય.

સાધુ હરિપ્રસાદનો ગર્વ ઊતરે છે

એક વખત જૂની ધર્મશાળામાં પીલપાયે સ્વામીશ્રી ગાદીતકિયે વિરાજમાન થયા હતા અને આગળ સંત અને પાર્ષદોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે સ્વામીશ્રીએ સાધુ હરિપ્રસાદદાસજીને કહ્યું : "આ વૈકુંઠચરણદાસજી વૃદ્ધ સાધુ છે માટે તેની તમે જોડ રાખો."

ત્યારે તેણે કહ્યું : "જોડ રાખે શું થાય ?"

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "આ દેહ કોઈ વખત માંદો થાય તેથી એકબીજાની જોડ હોય તો સેવા થાય."

એટલે હરિપ્રસાદે કહ્યું : "સ્વામી ! હું તો કોઈ દિવસ માંદો થાઉં જ નહિ."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી બોલ્યા : "આ દેહ તો પૂર્વ કર્મને આધીન છે ને તેનો એકસરખો નિર્ધાર રહેતો જ નથી. માંદો થાય તો વાર પણ ન લાગે."

પરંતુ હરિપ્રસાદને સ્વામીશ્રીના આ વચનનો મર્મ ન સમજાયો. તેણે તો ઝૂડ્યે જ રાખ્યું : "સ્વામી ! હું તો નિયમિત રહું છું અને શરીરસંપત્તિ સારી છે. માટે મારા માંદા થવાની તમારે કાંઈ ચિંતા કરવી નહિ."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "ભલે, બહુ સારું !"

પછી તે ઊઠીને ભંડાર તરફ ગયો અને ત્યાં બીજા સાધુને કહેવા લાગ્યો : "સ્વામી ! મને પેલા ડોસા વૈકુંઠચરણની જોડ રાખવાનું કહે છે, પણ હું તો તેની સામું થૂંકું પણ નહિ." એમ કહીને હસતો હસતો પોતાને આસને ગયો.

બીજે દિવસે જ તેને સખત તાવ આવ્યો અને ઊલટી થવા લાગી. તેની ઊલટીનો અવાજ સાંભળીને સ્વામીશ્રીએ મુકુન્દપ્રિયદાસને પૂછ્યું : "આ ઊલટી કોને થાય છે ?"

ત્યારે તેણે કહ્યું : "હરિપ્રસાદને ગઈ કાલે રાત્રે સખત તાવ આવ્યો છે તેથી તેને ઊલટી થાય છે."

એટલે સ્વામીએ કહ્યું : "તે તો કાલે કહેતા હતા ને કે હું માંદો ન જ થાઉં ?"

એટલે મુકુન્દપ્રિયને લાગ્યું કે સ્વામીશ્રીની અવજ્ઞા કરી એટલે આ સાધુ માંદા થયા. વૃદ્ધ સાધુ વૈકુંઠચરણદાસજીનું આસન તેમની પાસે જ હતું. તેમની પાસે જ હરિપ્રસાદને પાણી માગવું પડ્યું. વૈકુંઠચરણદાસ તો બહુ જ નિર્માની અને સાધુતાની મૂર્તિ હતા. એટલે હરિપ્રસાદ સાજા થયા ત્યાં સુધી તેમની સેવા તેમણે જ ઉઠાવી. હરિપ્રસાદનો ગર્વ ઊતરી ગયો. સ્વામીશ્રીનાં વચનમાં મર્મ હંમેશાં હોય છે તે રહસ્ય તેને સમજાયું અને સ્વામીશ્રીની માફી માગી.

ગુરુભક્તિનો મર્મ

આ અરસામાં નાઘેર દેશના સમઢિયાળા ગામના ભોજો ભક્ત

સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમની તેમને અત્યંત રુચિ હતી. તેથી તે અલૌકિક લાભ તેઓ લઈ લેતા અને દર્શન-વાતોનો એક પણ પ્રસંગ ચૂકતા નહિ. પોતાના દેહની ક્રિયા ઉતાવળા ઉતાવળા કરી લેતા અને ખાવાપીવાની પણ કાંઈ બહુ ઉપાધિ રાખતા નહિ. છતાં સ્વામીશ્રી તેની હંમેશાં સંભાળ રાખતા. સ્વામીશ્રી પોતે હંમેશાં એક જ વખત જમતા. પરંતુ જ્યારે ગણોદના દરબારશ્રી અભયસિંહજીભાઈ, લોધિકા દરબારશ્રી અભયસિંહજીભાઈ તથા ભોજો ભક્ત - આ ત્રણ હરિભક્તો આવતા ત્યારે સ્વામીશ્રી રાત્રે જમવા ભંડારે જતા અને પત્તરમાં ખીચડી-કઢી લઈ તેમાંથી સહેજ જમી પોતે તમામ પ્રસાદી આ હરિભક્તોને આપી દેતા. એ રીત પ્રમાણે સ્વામીશ્રી આ વખતે પણ હંમેશાં પ્રસાદી ભોજા ભક્તને આપતા.

રોજ આ પ્રમાણે થતું. ધોલેરાથી નિષ્કુળાનંદ સ્વામીના શિષ્ય સ્વામીશ્રીનો સમાગમ કરવા આવ્યા હતા. તેમણે બાલમુકુન્દદાસ સ્વામીને સ્વામીશ્રીની એ લીલા જોઈ કહ્યું : "તમે રોજ સવાર સાંજ સ્વામી માટે રસોઈ કરો છો ને સ્વામી તો જમતા નથી અને બીજાને આપી દે છે તેથી તમને કાંઈ માઠું નથી લાગતું ? હું તો રોજ આવું થાય તો રાંધી ન આપું."

પછી તેમણે પોતાનો પ્રસંગ કહેતાં કહ્યું : "એક વખત એક હરિભક્તે મને કહ્યું : "મારે નિષ્કુળાનંદ સ્વામીને લાડુ જમાડવા છે."

પછી મેં કહ્યું : "સીધું લાવો તો હું લાડુ કરી જમાડું."

પછી તે સીધું લાવ્યા અને મેં લાડુ બનાવ્યા. હું સ્વામીને લાડુ પીરસવા ગયો એટલે સ્વામીએ કહ્યું : "એ લાડુ રહેવા દ્યો અને રોટલો લાવો."

એટલે મેં કહ્યું : "ના સ્વામી ! આજ તો મેં ધાર્યું છે તે તમને લાડુ જ જમાડવા છે."

તે સાંભળી સ્વામીએ કહ્યું : "ત્યારે અમે આજે એમ ધાર્યું છે કે જમવું જ નથી." એમ કહીને ઊઠી ગયા. પછી મેં તો દોઢ મહિના સુધી સ્વામીની સેવા મૂકી દીધી."

એટલે બાલમુકુન્દદાસ સ્વામીએ તેમને કહ્યું : "તમે દોઢ મહિનો સ્વામીની સેવા ન કરી તેમાં સ્વામીને શું ખોટ ગઈ ? એમને તો બીજા ઘણા સેવા કરનારા મળી રહ્યા હશે. પણ ખોટ તો તમને ગઈ કે સ્વામીની

સેવા ખોઈ. મારે તો ભલે સ્વામીશ્રી ન જમે પણ હું તો એમ જ માનું છું કે મારી સેવા તેઓ અંગીકાર કરે છે. મારે તો એમનો રાજીપો મેળવવો છે. એટલે એમનાં વચને હું સેવા કરું છું. પછી ભલે તેઓ જમે કે ન જમે, પણ સેવાનું ફળ દેનાર પણ તેઓ જ છે. એટલે મારે તો સેવા થઈ ચૂકી.''

બાલમુકુન્દદાસ સ્વામીએ આ પ્રમાણે કહ્યું તેથી તે સાધુને તો બહુ જ આશ્ચર્ય થયું. પરંતુ ગુરુભક્તિનો મર્મ ન સમજી શકયા.

✧ ✧ ✧

વરતાલમાં છાવણી

સંવત ૧૯૧૧ના હરિનવમીના સમૈયા ઉપર સ્વામીશ્રી વરતાલ પધાર્યા. તે વખતે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પણ કાનમ દેશમાં ફરીને આવ્યા હતા. પધરામણીની ભેટ સારી આવી હતી. તેથી સમૈયા બાદ આચાર્ય મહારાજે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આ વખતે પધરામણીની ભેટ ઠીક આવી છે. માટે સત્સંગિજીવનની કથા કરાવીએ ને સાડા ચાર મહિના સાધુ-હરિભક્તોનું તમામ ખોરાકી ખર્ચ મારે આપવું.''

તે સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા અને કહ્યું : ''બહુ સારું, મહારાજ ! આપનો એ જ ધર્મ છે. તમારે ધન ભેગું કરીને તેનો બીજો શો ઉપયોગ કરવાનો હતો ? આપને મહારાજે આચાર્ય સ્થાપ્યા છે તે આપનો ધર્મ તો સત્સંગ વધારવો, સાચવવો અને તેની પુષ્ટિ કરવી એ છે.''

એટલે રઘુવીરજી મહારાજે કહ્યું : ''સ્વામી ! આપણે એવું રાખવું કે દરેક મંદિરમાંથી પહેલા અરધા સાધુ કથા સાંભળવા આવે અને તે બધા અઢી માસ રહે. તેઓ જ્યારે જાય ત્યારે બીજા અરધા સાધુઓ આવે. એટલે મંદિરો સચવાય અને કથાનો સૌને લાભ મળે.''

સ્વામીશ્રી સમૈયો કરીને વરતાલથી નીકળ્યા. ફરતાં ફરતાં ઢસા પાસે આંબરડી ગામે પધાર્યા. સ્વામીશ્રી સાથે લગભગ પોણો સો સાધુ તથા હરિભક્તો હતા. તેઓ સૌ શેત્રુંજી નદીમાં એક મોટા વડ નીચે ઊતર્યા. ગામમાં ખબર પડ્યા કે સ્વામિનારાયણના કોઈ મહાન સંત નદીમાં વડ નીચે ઊતર્યા છે. સંત બહુ જ તેજસ્વી અને પ્રભાવશાળી છે. તે સાંભળી ગામના જીવો દેસાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરીને

પાસે બેઠા.

તેમને સ્વામીશ્રીએ પૂછ્યું : "આ ગામમાં પીઠવાજાળનાં અને ઓળીઆના દેસાઈનાં સગાં છે ?"

ત્યારે જીવા દેસાઈએ કહ્યું : "મહારાજ ! એ તો અમારા ભાયાત છે અને અમે પણ દેસાઈ છીએ."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "તમારા ઘેર તમારાં સગાં આવે તો તમે તેમનું સન્માન કરો કે નહિ ?"

આ સાંભળી જીવા દેસાઈએ કહ્યું : "મહારાજ ! સારા માણસે તો સન્માન કરવું જ જોઈએ."

પછી સ્વામીશ્રીએ કહ્યું : "અમે પીઠવાજાળનાં અને ઓળીઆવાળા દેસાઈનાં સગાં છીએ. તેથી તમારે તમારાં સગાંનાં સગાંનું સન્માન કરવું જોઈએ."

સ્વામીશ્રીની આવી વ્યાવહારિક અને અમૃતભરી વાણી સાંભળી જીવા દેસાઈ બોલ્યા : "હા, મહારાજ ! આપ જેવા પવિત્ર સંતની સેવા થાય એવાં અમારાં ભાગ્ય ક્યાંથી ? આજે તો અમારું ભાગ્ય ઉદય થયું જે. આપ જેવા સત્પુરુષની અમને સેવા મળી. અમને તો સહસ્રગણું પુણ્ય થશે. બાકી અહીં તો ભેખધારીની જમાત્યું આવે છે. તે ગાળો દઈને મારપછાડા કરીને સીધું લીએ છે. અમારાં સાંતી પણ બાળી ધે છે. વ્યસની અને એકે નિયમનું ઠેકાણું નહિ, પણ પરાણે પાકાં સીધાં લે. માટે આપની રુચિ પ્રમાણે આપ કહો તે સીધું મોકલી આપીએ."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "બાજરાનો લોટ ને અડદની દાળ લાવો એટલે સાધુ રોટલા કરે."

તે પ્રમાણે જીવો દેસાઈ સીધું લાવ્યા, સાથે છાશ અને અથાણું પણ લાવ્યા. સાધુઓએ રસોઈ કરી. ઠાકોરજીને થાળ જમાડી સ્વામીને પણ જમાડ્યા. પછી સૌ સાધુઓ તથા હરિભક્તો જમ્યા. ત્યારબાદ સ્વામીએ ગામના પટેલિયાઓને સત્સંગની ઘણી વાતો કરી.

તે સાંભળી જીવા દેસાઈએ કહ્યું : "મહારાજ ! અમને હજુ સુધી આપના જેવા ગુરુ મળ્યા નથી. ધર્મની બાબતમાં અમે આજ સુધી અજ્ઞાન હતા. આપે આજે સાચી વાત સમજાવી."

પછી સ્વામીશ્રીએ કહ્યું : "આજે સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે અને ઘણાં જીવોનાં કલ્યાણ કરે છે. માટે જીવનું સારું કરવું હોય તો સત્સંગી થાઓ." તેથી જીવા દેસાઈએ તેમજ નથુભાઈ તથા પૂજાભાઈ વગેરે કેટલાક મુમુક્ષુઓએ વર્તમાન ધરાવ્યાં. સાંજે સ્વામીશ્રી ત્યાંથી વિદાય થયા.

આ પ્રમાણે વરતાલમાં હરિનવમીનો સમૈયો કરી ફરતાં ફરતાં સ્વામીશ્રી વૈશાખ માસમાં જૂનાગઢ પધાર્યા. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞા હતી કે જૂનાગઢમાં તમામ વ્યવસ્થા કરી, છ-સાત મહિના વરતાલમાં રહેવાય તે પ્રમાણે ગોઠવણ કરી, તરત જ પાછા ફરજો. એટલે સ્વામીશ્રી જૂનાગઢ સાત-આઠ દિવસ રોકાયા.

સ્વામીશ્રી વરતાલથી પધાર્યા હતા તે દરમ્યાન જેઠા કડિયાએ હનુમાનજી અને ગણપતિની મૂર્તિઓ તૈયાર કરી રાખી હતી. હનુમાન-ગણપતિની દેરીઓ પણ તૈયાર થઈ ગઈ હતી. એટલે સ્વામીશ્રીએ તેમની પ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું. વેદિયા બ્રાહ્મણોને બોલાવીને યજ્ઞવિધિ શરૂ કર્યો. સ્વામીશ્રી યજ્ઞવિધિનું નિરીક્ષણ કરવા પાટ નાખીને યજ્ઞશાળામાં વિરાજ્યા. યજ્ઞવિધિ પૂરો થયો એટલે સ્વામીશ્રીએ તે બંને મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી પોતે આરતી ઉતારી.

આ પ્રતિષ્ઠાવિધિ જે દિવસે થયો તે જ દિવસે વરતાલમાં સ્વામી વિજ્ઞાનદાસજીને ઘણા હનુમાનજી દેખાયા. આટલા બધા હનુમાનજીને જોઈ વિજ્ઞાનદાસ સ્વામીએ તેમને પૂછ્યું : "તમો આટલા બધા કયા લોકના છો અને ક્યાં જાઓ છો ?"

ત્યારે તેમણે કહ્યું : "અમારો તો આખો લોક છે. તેમાં અમે હજારો વસીએ છીએ. જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી હનુમાનજીની પ્રતિષ્ઠા કરે છે, ત્યાં અમે જઈએ છીએ અને અમારામાંથી જેને આજ્ઞા કરશે તે ત્યાં મૂર્તિમાં રહેશે. બીજા પાછા અમારા લોકમાં જશે."

વિજ્ઞાનદાસ સ્વામીને આ સાંભળી આશ્ચર્ય થયું. તેમણે વિચાર કર્યો : "સત્સંગિજીવનની કથા પ્રસંગે સ્વામીશ્રી જ્યારે અહીં પધારશે ત્યારે તેમને પૂછીશ કે કયા હનુમાનજીની તમે જૂનાગઢના મંદિરમાં પ્રતિષ્ઠા કરી ?"

રામદાસજીને મંદિરનો તમામ વહીવટ સોંપી, સ્વામીશ્રી વૈશાખ વદમાં જૂનાગઢથી વરતાલ જવા નીકળ્યા. સ્વામીશ્રી સાથે સાધુ, બ્રહ્મચારી, પાળા

તથા હરિભક્તો મળી આશરે પોણોસોનો સંઘ હતો. જૂનાગઢથી નીકળી સ્વામીશ્રી ગામ થાણાગાલોલ પહોંચ્યા અને ગામ બહાર નદીકાંઠે વડ નીચે ઉતારો કર્યો. સ્વામીશ્રી સંઘ સાથે પધાર્યા છે તે ખબર ગામમાં પડવાથી હરિભક્ત જસા રાજગોર સ્વામીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેને કહ્યું : "રાંધવા માટે વાસણો લાવો."

એટલે જસા રાજગોરે નવાં વાસણો કુંભારને ત્યાંથી મંગાવી દીધાં. તેમજ અડદની દાળ અને બાજરાનો લોટ પણ લઈ આવ્યા. સંતોએ રસોઈ કરી એટલે ઠાકોરજીને અડદની દાળ તથા બાટિયુંનો થાળ ધરીને સ્વામીશ્રી તથા સૌ સંતો હરિભક્તો જમ્યા. જમીને પછી સ્વામીએ ત્યાંથી નીકળવાની તૈયારી કરી. જસા રાજગોરે સ્વામીને રોકાવાની તાણ કરી. એટલે સ્વામીશ્રીએ કહ્યું : "અમે રોકાશું તો નહિ, પણ તમારે સમાગમની ઈચ્છા હોય તો અમારી ભેગા ચાલો."

પરંતુ તેણે કહ્યું : "સ્વામી ! મારાથી આવી શકાય તેમ નથી." પછી સ્વામીશ્રી ત્યાંથી સંઘ સાથે સવારમાં નીકળ્યા.

સ્વામીશ્રી થાણાગાલોલથી સંઘ સાથે નીકળી બોરડીવાળે સમઢિયાળે પહોંચ્યા. અહીં આવી અહીંના હરિભક્ત સવદાસ પટેલને બોલાવી ગાડાના બળદ માટે ખડ મંગાવ્યું. સવદાસ પટેલ સ્વામીની આજ્ઞા થતાં બે ભર ખડના લઈ આવ્યા. તેમણે પણ સ્વામીશ્રીને રોકાવાની તાણ કરી અને કહ્યું : "સ્વામી ! મહારાજ ! પધાર્યા છો તો જમીને ચાલો."

પરંતુ સ્વામીએ કહ્યું : "રોકાવું નથી." પછી સ્વામીશ્રી ત્યાંથી સંઘ સાથે ચાલ્યા અને ગામ વડિયા પધાર્યા. અહીં નદીમાં ઉતારો કરી સૌએ ટીમણ કર્યાં. ત્યાં તો ગામમાં ખબર પડી કે સ્વામીશ્રી પધાર્યા છે, એટલે હરિજનો સૌ દર્શને આવ્યા. તેમણે સૌએ પણ સ્વામીશ્રીને રોકાવા માટે આગ્રહ કર્યો. પરંતુ સ્વામીશ્રીને તો એક જ તાન હતું કે જલદી વરતાલ પહોંચવું. કેટકેટલા હરિભક્તો ત્યાં તેમની રાહ જોતા હતા ! કથા, વાર્તા અને પોતાના પરમ ઈષ્ટ શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવવાનો આવો અમૂલ્ય અવસર - આવો દિવ્ય પ્રસંગ - આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે અતિ ઉત્સાહથી ઊભો કર્યો તો ત્યાં જલદી પહોંચી જવું. સ્વામીશ્રીનું આ ધ્યેય હતું. સોરઠના હરિજનોને તો પોતાનાં દર્શન સમાગમનો લાભ હતો જ, પણ આ તો સમગ્ર

દેશના હરિજનો માટે ગોઠવાયેલો પ્રસંગ હતો એટલે સ્વામીશ્રી વરતાલ પહોંચવા અધીરા બની ગયા હતા.

સ્વામીશ્રી સમઢિયાળાથી નીકળી ગામ દેરડી પહોંચ્યા. અહીં રાત રોકાયા. બીજે દિવસે સવારે જૂનાગઢ મંદિરનાં ગાડાં સાથે લીધાં હતાં તે ગાડાં જૂનાગઢ પાછાં મોકલ્યાં અને સ્વામીશ્રી ત્યાંથી સંઘ સહિત ચાલ્યા. એકાદશીને દિવસે ગામ દેવળિયા પધાર્યા. અહીં પણ સંઘે નદીમાં ઉતારો કર્યો. રાત્રે ગામના બધા હરિભક્તો દર્શને પધાર્યા. સ્વામીશ્રીને જમીને બીજે દિવસે જવા આગ્રહ કર્યો. પરંતુ સ્વામીશ્રીએ તો તેમને સ્પષ્ટ કહી દીધું : "તમારે જમાડવાનો આગ્રહ હોય તો અત્યારે જ ખીચડીનું સીધું લાવો એટલે સવારે વહેલાં પારણાં કરી અમે ચાલવા માંડીશું."

સ્વામીશ્રીની આ આજ્ઞા સાંભળી હરિજનો તરત જ ખીચડી માટેનો બધો સામાન લાવ્યા. સાધુઓએ સવારે વહેલા રસોઈ કરી, ઠાકોરજીને થાળ ધરાવી, સૌએ પારણાં કર્યાં. પછી ત્યાંથી તરત જ ચાલ્યા. બપોરે માંકા ખાચરને વાંકીએ પહોંચ્યા. ત્યાં સંઘને જમાડ્યો અને પછી ત્યાંથી નીકળી ગામ ખંભાળે પહોંચ્યા. અહીં થોડો આરામ કરી અહીંથી નીકળ્યા અને માંડવધાર રાત રહીને બીજે દિવસે સવારે ગઢડા પહોંચ્યા.

સ્વામીશ્રી ગઢડા પધારવાના છે તે ખબર મળવાથી બોટાદથી શિવલાલભાઈ તથા ઈંગોરાળાથી કુરજી પટેલ વગેરે હરિભક્તો અગાઉથી જ ગઢડા આવી ગયા હતા. તેઓ સૌ સ્વામીશ્રી સાથે વરતાલ કથાવાર્તાનો લાભ લેવા જવાના હતા. આમ, સંઘ વધતો ગયો. હરિભક્તોનો ઉત્સાહ અદમ્ય હતો. સાક્ષાત્ અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી સાથે ફરવાનું, તેમનાં દર્શન, પ્રસંગ અને પોતાના ઈષ્ટદેવ શ્રીજીમહારાજની સર્વોપરી લીલાના પ્રસંગો સાંભળવાનો આવો દિવ્ય પ્રસંગ - એ જીવનમાં એક અમૂલ્ય લહાવો હતો. સ્વામીશ્રી પણ આવા નિષ્ઠાવાળા હરિભક્તોને જોઈને અતિશય આનંદ પામ્યા.

કેરિયાના ભગુભાઈને વરતાલ આવવા સ્વામીશ્રી આગ્રહ કરે છે

સ્વામીશ્રી ગઢડાથી નીકળ્યા અને નિંગાળા થઈને કેરિયા પધાર્યા. અહીં સ્વામીશ્રી સંઘ સાથે રાત રહ્યા. રાત્રે ઘણી વાતો કરી. સભામાં કેરિયાના પટેલ ભગુભાઈ બેઠા હતા. તેમને સ્વામીશ્રીએ કહ્યું : "ભગુભાઈ ! તમે અમારી

સાથે વરતાલ આવો. એક તો અમારો જોગ રહેશે. વળી, કથા સંભળાશે અને મહારાજ સારું કરશે.''

એટલે ભગુભાઈએ કહ્યું : ''સ્વામી ! મને ન ફાવે. મારે નાહવા માટે ઊનું પાણી જોઈએ. ઊની ઊની રોટલી જોઈએ. વળી, ચાકરી કરનારો સેવક જોઈએ. તે સગવડતા ત્યાં ન મળે.''

એટલે સ્વામીશ્રીએ ફરી કહ્યું : ''ભગુભાઈ ! તમને બધી સગવડતા આપીશું. આ અમારી સાથે કુરજી પટેલ છે તેનો વાળંદ તમને ઊનું પાણી કરી આપશે અને ચાકરી પણ કરશે.''

એટલે કુરજી પટેલે પણ બહુ તાણ કરી અને કહ્યું : ''આવો લાભ ફરી ફરી નહિ મળે, માટે ચાલો.''

પણ ભગુભાઈએ હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! મને ન ફાવે. કારણ મને બે ટાણાં ઊનું જમવા જોઈએ અને એવી સગવડ ત્યાં ન મળે. માટે તાણ કરવી રહેવા દ્યો.''

પણ દયાળુ સ્વામીશ્રીને તો જીવની અવળાઈ કાઢવી હતી અને તેને ભગવાન સન્મુખ કરવો હતો. વળી, કોઈક વિઘ્ન આવવાનું હોય તે પણ મોટા પુરુષની આજ્ઞા પાળવાથી ટળી જાય છે. સામાન્ય જીવ મોટા પુરુષની આજ્ઞા પાછળનું આ રહસ્ય ન સમજી શકે. તેવી જ જીવદશામાં ભગુભાઈ સ્વામીશ્રીના આગ્રહને નકારતા હતા. પરંતુ સ્વામીશ્રી તેમને છોડે તેમ ન હતા. તેમણે કહ્યું : ''ભગુભાઈ ! અમારા આ વાસુદેવાનંદ બ્રહ્મચારી તમને બે ટાણાં ઊનું રાંધીને જમાડશે. માટે હાલો.''

પણ ભગુભાઈ ન માન્યા. તેમણે બીજાં બહાનાં કાઢ્યાં. એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''સારું, અમે તો તમારા રૂડા સારુ કહીએ છીએ. પછી તમારી જેવી ઇચ્છા.'' તે જ દિવસે સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા અને ગામ ઝીંઝાવદર પહોંચ્યા.

ઝીંઝાવદરના દરબારોએ સ્વામીશ્રીને આગ્રહ કરી રોક્યા. રાત્રે દરબારગઢમાં સ્વામીશ્રીની પધરામણી કરી. સ્વામીશ્રીએ અહીં શ્રીજીમહારાજની લીલાની ઘણી વાતો કરી. પછી બીજે દિવસે ત્યાંથી જમીને કારિયાણીથી સ્વામીશ્રી સંઘ સાથે નીકળ્યા અને બરવાળા પધાર્યા.

બરવાળામાં સ્વામીશ્રી નદીમાં ઊતર્યા. અહીં નદીમાં સૌએ સ્નાન કર્યું.

પછી પૂજા કરી, ટીમણ કરી ત્યાંથી સૌ ચાલ્યા અને ગામ નાવડે પહોંચ્યા. નાવડામાં સંઘ રાત રોકાયો. બીજે દિવસે જમીને સૌ ચાલ્યા. સ્વામીશ્રીએ સૌને કહી દીધું હતું કે અહીંથી જેમની પાસે તુંબડાં, લોટા જે હોય તે બધા પાણી ભરી લેજો. એટલે સૌએ તુંબડાં, લોટા વગેરે ભરી લીધાં. સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને સોઢીને તળાવે જઈ રાત રહ્યા. બીજે દિવસે સવારે ત્યાંથી નીકળી રાજભોગ આરતી થયા પહેલાં ધોલેરા પહોંચી ગયા.

સ્વામીશ્રી વરતાલ જતાં ધોલેરા પધારવાના છે તે ખબર કેટલાક હરિભક્તોને હોવાથી, તેઓ બધા અગાઉથી ધોલેરા આવી ગયા હતા. તેઓ સૌ સ્વામીશ્રીના આવવાની રાહ જોતા હતા. સ્વામીશ્રી સંઘ સાથે પધાર્યા એટલે જેમ ચાતકને મેઘની પ્રાપ્તિ થાય અને શાંત થાય તેમ સૌને અત્યંત શાંતિ થઈ ગઈ !

ધોલેરામાં સ્વામીશ્રી બે દિવસ રોકાયા. સંઘમાં હરિભક્તો પણ વધવા લાગ્યા. સ્વામીશ્રી ધોલેરાથી નીકળ્યા ત્યારે સંઘમાં લગભગ એક હજાર હરિભક્તો હતા. સ્વામીશ્રી સંઘને લઈને ચાલ્યા અને મોતી તળાવે જઈને રાત રહ્યા. રાત્રે ગાજવીજ સાથે વરસાદના મોટા છાંટા પણ પડવા લાગ્યા. તેથી કેટલાક હરિભક્તો સ્વામીશ્રી પાસે આવ્યા અને કહ્યું : "સ્વામી ! જો વરસાદ આવશે તો સંઘના હરિભક્તો બહુ દુ:ખી થશે. તો આપ આજ્ઞા કરો તો ગામમાં કાંઈક સગવડતા કરીએ."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "તમે કાંઈ ચિંતા કરશો નહિ. આ તો ઈન્દ્રદેવ મેઘ ઉપર બેસીને આ સંઘનાં દર્શને આવ્યા છે. તે હમણાં જ દર્શન કરી ચાલ્યા જશે." સ્વામીશ્રીના આ વચનથી સૌને ધીરજ આવી. થોડી વારમાં વાદળાં વીખરાઈ ગયાં.

બીજે દિવસે સવારે સ્વામીશ્રીએ તથા સંઘે સ્નાન કરી પૂજા કરી. પછી ત્યાંથી ચાલ્યા અને શેળવો તથા ભોગાવો નદી ઊતરીને નાની બોરૂ આવ્યા. અહીંથી સદાવ્રત લીધું. તે જમીને મોટી બોરૂ આવ્યા. ત્યાંથી સાબરમતી પહોંચ્યા. અહીં રસોઈ કરાવી ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. પછી સ્વામીશ્રીએ સંઘના સૌ હરિભક્તોને કહેવરાવ્યું કે "સાબરમતીમાં વેળ આવવાની છે; માટે સૌ સામે કાંઠે જલદી ઊતરી જજો, નહિ તો પછી ઊતરાશે નહિ." તેથી સંઘના સૌ હરિભક્તો સાબરમતી ઊતરવા સામે કાંઠે

જવા ઉતાવળા ચાલવા લાગ્યા. સ્વામીશ્રી પણ સામે કાંઠે પહોંચી ગયા. સૌ સાબરમતી ઊતરીને ચાલ્યા અને ગામ મૈયારી આવ્યા. અહીં રસોઈ કરી સૌ જમ્યા. પરંતુ સંઘમાં સાથે આવેલા દરબાર દાજીભાઈને દૂધ જોઈતું હતું તે ન મળ્યું. તેથી સ્વામીશ્રીએ રામચરણદાસને કહ્યું : ''તમે ગામમાં જઈને દૂધ લઈ આવો.''

ત્યારે તેણે કહ્યું : ''સ્વામી ! અત્યારે દૂધ ક્યાંથી મળે ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''તમે જાઓ તો ખરા, મળી જશે.''

આથી તે ગામમાં ગયા. ગામમાં તપાસ કરતાં એક જગ્યાએ ગયા ત્યારે ભરવાડે કહ્યું : ''મારી ભેંશે આજે દોહવા દીધું નથી. પણ તમારા પરતાપે જો દોહવા દિયે તો હું દૂધ આપું.''

એટલે રામચરણે કહ્યું : ''અમારા સ્વામીશ્રીએ મંગાવ્યું છે એટલે ભેંશ દોહવા દેશે.''

એટલે ભરવાડ ભેંશ દોહવા બેઠો. ભેંશે બોઘરણું ભરીને દૂધ આપ્યું. તે લઈને રામચરણ સ્વામીશ્રી પાસે આવ્યા અને બધી વાત કરી. સ્વામીશ્રી બહુ જ રાજી થયા. દરબાર દાજીભાઈને દૂધ આપ્યું અને તે જમ્યા.

આ પ્રમાણે સ્વામીશ્રી સંઘના નાનામોટા તમામની ખબર જાતે રાખતા અને કોઈને કાંઈ પણ અગવડ ન પડે તે ખાસ ધ્યાન રાખતા. સ્વામીશ્રીના સાધુઓને પણ સંઘના દરેક હરિભક્ત પ્રત્યે પૂર્ણ આત્મબુદ્ધિ હતી એટલે ખડે પગે તેઓ સેવામાં સદા તત્પર રહેતા.

પછી મૈયારીથી સ્વામીશ્રી ચાલ્યા અને સીંજીવાડે પધાર્યા. અહીં ગામને પાદર શ્રીજીમહારાજની પ્રસાદીની જગ્યા છે ત્યાં સૌ ઊતર્યા. ગામના હરિભક્ત બારોટ પ્રભુદાસ તરત જ ત્યાં આવ્યા અને સંઘ માટે તમામ સીધું લઈ આવ્યા. રસોઈ કરી સૌ જમ્યા. જમીને તરત જ ત્યાંથી નીકળ્યા અને સોજીત્રા આવ્યા. સોજીત્રામાં રાત રહ્યા અને વહેલી સવારે ઊઠીને સૌ ચાલ્યા અને મહાપ્રસાદીના ગામ મહેળાવ પધાર્યા.

મહેળાવમાં સ્વામીશ્રીનું સન્માન

મહેળાવમાં સૌ મંદિરે ગયા. અહીં ગોપાળ બ્રહ્મચારી હતા તે સ્વામીશ્રીની વાટ જોઈને જ બેઠા હતા. તેમણે સ્વામીશ્રી માટે સુંદર આસન

બિછાવીને તૈયાર રાખ્યું હતું. તે આસનની આજુબાજુ તેમણે પાકી કેરીના ચોક પૂર્યા હતા. કેરીઓ કલાત્મક રીતે ગોઠવી હતી. ઠાકોરજીના સિંહાસન તરફ તેમજ સ્વામીશ્રીના આસન તરફ જવા માટે કેરીઓ ગોઠવી સુંદર રસ્તો કરી દીધો હતો. સ્વામીશ્રી તેમનો આવો ભક્તિભાવ જોઈ બહુ જ રાજી થયા અને બોલ્યા : "આ તો ગુજરાત સામી આવી અને તેની સિદ્ધિયું પણ સામી આવી." પછી સ્વામીશ્રીએ ઠાકોરજીનાં દર્શન કર્યાં અને ત્યાર બાદ આસને પધાર્યા.

ગુજરાતમાં કેરીઓની આટલી છતને લીધે સ્વામીશ્રીએ તે દિવસે રસરોટલીની રસોઈ કરાવી અને સંઘના તમામ હરિભક્તને રસ અને રોટલી પ્રેમપૂર્વક જમાડ્યા. અહીં વરતાલથી પણ ઘણા હરિભક્તો સ્વામીશ્રીનું સ્વાગત કરવા આવ્યા હતા. તેમને વરતાલના શુભ સમાચાર પૂછ્યા. પછી થોડી વાર આરામ કરી સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને સાંજે વરતાલ પહોંચ્યા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી સ્નાન કરતા હતા તે વખતે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ ત્યાં પધાર્યા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! ઘણા હરિભક્તો કથા પ્રસંગે પધાર્યા છે. પરંતુ નાહવાની પૂરી સગવડ નથી. તેથી જો વરસાદ થાય અને ગોમતીમાં પાણી ભરાય, તો સૌને નાહવાનું સુખ થઈ જાય."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "એ તો એને વખતે થાય. કાંઈ આપણી ઇચ્છા પ્રમાણે ઓછો થાય છે ?"

એટલે રઘુવીરજી મહારાજે કહ્યું : "સ્વામી ! તમો ઇચ્છા કરો તો તરત થાય." એટલું કહીને આચાર્ય મહારાજ તેમના આસને પધાર્યા.

તે જ દિવસે બપોર પછી ઘણો વરસાદ થયો. ગોમતી તળાવ પાણીથી ભરાઈ ગયું અને ગાડાં ચાલી ન શકે એવું થઈ ગયું. તેથી કેરીઓ પણ બહુ જ સસ્તી થઈ ગઈ.

બીજે દિવસે સ્વામીશ્રી સહુ સાધુઓને મળવા તેમના આસને પધાર્યા. તે વખતે વિજ્ઞાનદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! તમારે ત્યાં એટલા બધા હનુમાન આવ્યા હતા તેમાંથી તમે કયા હનુમાનને ત્યાં પધરાવ્યા ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "જે હનુમાને વનમાં શ્રીજીમહારાજની સેવા કરી હતી તેમને પધરાવ્યા છે." એ પ્રમાણે તેમને જવાબ દઈ સ્વામીશ્રી દરેક સંતને મળીને પોતાના આસને પધાર્યા.

કથા સાંભળવા માટે દેશાંતરોથી ઘણા સંતો તથા હરિભક્તો આવ્યા હતા. અમદાવાદથી આચાર્ય મહારાજ તથા આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, જ્ઞાનપ્રકાશાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, બદરીનાથાનંદ સ્વામી, ગુરુચરણરતાનંદ સ્વામી, સ્વામી નિર્ગુણદાસજી, વ્રજવલ્લભદાસજી, વૃંદાવનદાસજી વગેરે ઘણા સાધુઓ આવ્યા હતા. વરતાલ દેશમાંથી શાંતાનંદ સ્વામી, પુરુષોત્તમાનંદ સ્વામી, જગન્નાથાનંદ સ્વામી, હરિહર્યાનંદ સ્વામી, વાસુદેવચરણદાસજી, કૃષ્ણચરણદાસજી, બાપુ રતનજી પાળા, ઠાસરાવાળા લલ્લુભાઈ દેસાઈ, ઉમરેઠના હરિકૃષ્ણ ભટ્ટ, શિવલાલભાઈ, પ્રાગજી ભક્ત, શામજીભાઈ, જાગા ભક્ત, મનજી ઠક્કર, કારિયાણીના નથુ પટેલ, વસોના વાઘજીભાઈ, સારંગપુરના જેઠા ખાચર, ઝીંઝુવાડાના જીવરાજ શેઠ, દદુકાના દેવરાજભાઈ, આણંદના જીભાઈ શેલત, સુરતના કરસનજી દેસાઈ, ઉપેન્દ્રાનંદ સ્વામી, મુકુન્દદાસજી, ધર્મપ્રસાદદાસજી, બાપુ ભગત, કરુણાશંકર, બાપુલાલ ચોકસી, મહીજીદાદા, પીજવાળા શિવલાલભાઈ આદિ હજારો હરિભક્તો આવ્યા હતા.

કથાના મુહૂર્તનો દિવસ આવ્યો ત્યારે સત્સંગિજીવનની કથાનો પ્રારંભ થયો. આચાર્ય મહારાજે સ્વામીશ્રી તેમજ મોટા મોટા સૌ સદ્‌ગુરુઓ સાથે મળીને એવો ઠરાવ કર્યો હતો કે મંગળા આરતી પહેલાં સહુએ નાહી, પૂજા કરી કથા સાંભળવા માટે પરવારી જવું. મંગળા આરતીથી શણગાર આરતી સુધી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞા હતી કે સ્વામીશ્રી સભામાં દોઢ કલાક વાતો કરે. ઠાકોરજીની શણગાર આરતી પછી રાજભોગ સુધી ભોળાનાથ ભટ્ટ કથા વાંચે અને ઠાકોરજીના ઉત્થાપનનાં દર્શન પછી સંધ્યા આરતી સુધી શુકમુનિ કથા વાંચે. રાત્રે સંધ્યા આરતી પછી શયન આરતી સુધી શાસ્ત્રી બળરામદાસજી કથા વાંચે. આ પ્રમાણે કથાનો પ્રબંધ કર્યો હતો. કથાની બે વખત સમાપ્તિ થયા પછી રાત્રે સભામાં સાધુની ધર્મશાળાના વચલા પગથિયા આગળ, સ્વયંપ્રકાશાનંદ સ્વામીના આસન પાસે સ્વામીશ્રી શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની તથા ધર્મામૃત,

નિષ્કામશુદ્ધિ, શિક્ષાપત્રી, ચોસઠપદી વગેરે ઉપર વાતો કરતા. એ પ્રમાણે આચાર્ય મહારાજે નક્કી કર્યું હતું. કોઈ વખત સવારના શણગાર આરતીનાં દર્શન કરી સૌ સંતો આચાર્ય મહારાજના મેડે તેમને પગે લાગવા જતા. સ્વામીશ્રી પણ આચાર્ય મહારાજને પગે લાગવા ત્યાં પધારતા.

હજુ ગુરુ ક્યાં કર્યા છે ?

એક દિવસ કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ વાત કરી કે "હજુ સત્સંગ ક્યાં થયો છે ? અને હજુ ગુરુ ક્યાં કર્યા છે ? આ તો બે અક્ષર ભણ્યા અને બોલતાં આવડ્યું એટલે જાણે કે ગુરુ થઈ ગયા. પણ એમ ગુરુ થવાય નહિ. બદરિકાશ્રમ અને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય અને બ્રહ્માના કલ્પ પર્યંત આયુષ્ય હોય અને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને સ્વરૂપાનંદ સ્વામી જેવાનો સમાગમ હોય ત્યારે સત્સંગ થાય છે. પણ તે વિના સત્સંગ થાય નહિ."

એમ કહીને કહ્યું : "હજુ ગુરુ જ ક્યાં કર્યા છે ? ગુરુ કર્યા હોય તો તેના ગુણ આવવા જોઈએ ને ?

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्स सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥

એમ કોઈએ કર્યું છે ? જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનરૂપી વત્સને ઉપનિષદ્‌રૂપી ગાયોમાંથી દોહન કરીને ગીતામૃત પાયું એમ કોઈ ગુરુને સામા ધાવ્યા છો ? અને જે સામા ધાવ્યા હોય તે તો ગૂડિયું વાળે જ નહિ. ભણ્યા કે ભગવાં પહેર્યાં તેથી કાંઈ સાધુ થવાય નહિ. પરંતુ જ્યારે આવા સાધુ થકી શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજાશે અને મન, કર્મ, વચને આવા સાધુ સાથે જોડાશે ત્યારે જ સાધુ થવાશે અને કામ, ક્રોધ, માન, રસાસ્વાદ વગેરેની ગાંઠ્યું ગળશે."

સ્વામીશ્રીની આવી આકરી વાતો સાંભળી સહુ હેબત ખાઈ ગયા. કેટલાક સાધુ તથા હરિભક્તો ઝાંખા પડી ગયા. તેથી મૂંઝાઈને કેટલાક ગોમતી કાંઠે ભેગા થયા. તેઓ અંદર અંદર વિચારવા લાગ્યા કે 'હજુ આપણે ગુરુ જ કર્યા નથી તો કલ્યાણ ક્યારે થશે ?' એ વાત સાંભળી શાસ્ત્રી ભોળાનાથ ભટ્ટે કહ્યું : "સ્વામીની વાતોથી સમાસ થતો નથી. વળી, સ્વામી

કથા પણ પૂરી વાંચવા દેતા નથી અને એક અધ્યાય વંચાય ત્યાં શ્રીપતિમ્ કરીને વાતો કરે છે. માટે હવેથી શુકમુનિ વાતો કરે. તે શાસ્ત્રના જાણનારા રહ્યા. માટે તેમની વાતોથી સમાસ થશે.'' આ પ્રમાણે સૌ સંતલસ કરી શુકમુનિને આસને આવ્યા અને તેમણે કરેલા નિર્ણયની તેમને વાત કરી.

બીજે દિવસે શુકમુનિ આચાર્યશ્રીને પૂછ્યા વિના સભામાં વાતો કરવા ખુરસી ઉપર બેસી ગયા અને વાતો કરવા લાગ્યા. તેમણે બે દિવસ સુધી વાતો કરી. પરંતુ તેમનો સાદ ઝીણો અને શાસ્ત્રની વાતો એટલે સ્વામીશ્રીની વાતો જેટલો કોઈને રસ ન પડ્યો અને રુચિવાળા સંતો તથા હરિભક્તોને આનંદ પણ ન આવ્યો.

ગુણાતીતાનંદ સ્વામી જ વાતો કરશે

તે જ રાત્રે શ્રીજીમહારાજે રઘુવીરજી મહારાજને દર્શન દઈને કહ્યું : ''ગુણાતીતાનંદ સ્વામીને અહીં કેમ રાખ્યા છે ? તેમની વાતો સાંભળવી હોય તો તેમને રાખો. નહિ તો તેમને જૂનાગઢ જવા દ્યો.'' રઘુવીરજી મહારાજ એકદમ જાગી ગયા અને તરત જ નાહી પરવારીને સભામાં પધાર્યા.

સભામાં મહારાજે કેટલાક સંત-હરિભક્તોને બોલાવીને પૂછી જોયું તેમજ નારાયણદાસ ભંડારીને પણ પૂછ્યું. ત્યારે તેણે કહ્યું : ''ગુણાતીતાનંદ સ્વામી વાતો કરે છે તેથી કેટલાકને ત્યાગ-વૈરાગ્યની ખુમારી ચઢે છે અને પંગતમાં લાડવા પણ લેતા નથી. એટલે બે મણ ઘીની બચત થાય છે.''

તે સાંભળી રઘુવીરજી મહારાજે સભામાં કહ્યું : ''સર્વે સાંભળો ! આ સત્સંગિજીવનની કથા જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી જ વાતો કરશે અને જે ત્યાગીને ન સદે તે ગામડામાં ફરવા જજો.'' એમ કહીને સ્વામીશ્રીને સભામાં ખુરસી ઉપર બેસી વાતો કરવા વિનંતી કરી.

શુકમુનિ સભામાં હતા તેમણે સ્વામીશ્રીને પગે લાગી માફી માગી અને કહ્યું : ''સ્વામી ! હું તો બીજાની શિખવણીથી બેઠો હતો.''

સ્વામીશ્રીએ હસીને કહ્યું : ''એનું તો અમને કાંઈ નથી.''

પછી સ્વામીશ્રીએ સભામાં વાત કરતાં કહ્યું : ''શ્રીજીમહારાજે ગ.મ. ૪૭ના વચનામૃતમાં કહ્યું છે કે 'જે પદાર્થની કે ખાધાપીધાની લાલચે કોઈ મોટા સંત ભેગો રહેતો હોય તેને તો લબાડ જેવો અને કૂતરા જેવો જાણવો.'

એવા પંચવિષયના લાલચુ અને ઈર્ષ્યાવાનને તો પંચમહાપાપીથી પણ ભૂંડો જાણવો. વળી, ગુરુ કરવાનું તો શ્રીજીમહારાજે પણ કહ્યું છે કે 'જન્મ ધર્યાનું કોઈ નિમિત્ત તો નથી, તો પણ કોઈ નિમિત્ત ઊભું કરીને પણ આવા સંતના મધ્યમાં જન્મ ધરવો.' વળી, મહારાજ કહે છે કે 'એવા સાધુનાં દર્શન તો અમે પણ ઇચ્છીએ છીએ અને એમના ચરણની રજને માથે ચડાવીએ છીએ.'[૧૦૧] ત્યારે ગુરુ કરવામાં શો બાધ છે ? જો સર્વોપરી સાધુ મળતા હોય તો ગુરુ કરવા, કારણ કે ગુરુ વિના કોઈ વાત સિદ્ધ થાય નહિ."

આ સમયે અનંત બ્રહ્માંડના દેવતાઓ વિમાન લઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા અને દિવ્યરૂપે સ્વામીશ્રી પર પુષ્પચંદનની વૃષ્ટિ કરી, પૂજા કરી. તે દિવ્ય દર્શન પાળિયાદના ભાણજી પંડ્યાને થયું અને તેણે હેતવાળા સૌને આ વાત કરી. આ પ્રમાણે સ્વામીશ્રીનો અપરિમિત મહિમા સત્સંગમાં પ્રસિદ્ધ થવા લાગ્યો.

શ્રીજીમહારાજના પુરુષોત્તમસ્વરૂપની તેમજ એકાંતિક ધર્મની સ્વામીશ્રીએ સભામાં કરેલી તમામ વાતો, જેમ માછલી સ્વાતિનાં બિંદુ ઠેકીને અદ્ધર ઝીલી લે, તેમ પ્રાગજી ભક્તે ઝીલી લીધી હતી. તેમની અપૂર્વ સ્મરણશક્તિ અને વાતો કરવાની અદ્ભુત શૈલીથી, બાપુ રતનજીને મેડે આ સર્વ વાતો જે ભગતજીએ સવારમાં સાંભળી હોય તે તમામ બાપુ રતનજી તેમની પાસે રાત્રે કહેવરાવતા. ભગતજીની આ વાતો સાંભળવા માટે બાપુ રતનજીને મેડે બાપુ રતનજી, જગન્નાથાનંદ સ્વામી, શાંતાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, વાસુદેવચરણદાસજી, કવિ ઉપેન્દ્રાનંદ સ્વામી, મુકુન્દજીવનદાસજી, કૃષ્ણચરણદાસજી, ઠાસરાના લલ્લુભાઈ દેસાઈ, ઉમરેઠના હરિકૃષ્ણભાઈ, વસોના માન ગઢવી તથા ગિરધર બારોટ વગેરે સાંભળતા. આ પ્રસંગે ભગતજી મહારાજ પણ સ્વામીશ્રી પાસેથી સાંભળેલી તમામ વાતો તેમજ જૂનાગઢમાં પણ જુદા જુદા પ્રસંગે જે જે વાતો સ્વામીશ્રી પાસેથી સાંભળી હોય, તેમજ ગોપાળાનંદ સ્વામી પાસેથી સાંભળી હોય તે તમામ વાતો 'વચનામૃત'ના મુદ્દા ટાંકીને કહેતા. તેથી સર્વે સદ્ગુરુઓ તથા હરિભક્તોને અપાર આનંદ થતો. ભગતજી પાસે લગભગ રોજ રાત્રે સૌ વાતો કરાવતા. આ પ્રસંગથી સ્વામીશ્રીના અનન્ય શિષ્ય તરીકેનો પ્રાગજી

૧૦૧. ગ. પ્ર. ૩૭

ભક્તનો મહિમા પણ સત્સંગમાં સૌને સમજાવા લાગ્યો.[૧૦૨]

આ પ્રમાણે કથાનું નિમિત્ત ઊભું કરી રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીની વાતો જ સૌને સંભળાવી. શ્રોતાઓને પણ શ્રીજીમહારાજની સર્વોપરી સ્વરૂપનિષ્ઠાની સ્વામીશ્રીની વાતો સાંભળી, ખૂબ જ આનંદ થયો અને સત્સંગમાં જાણે જ્ઞાનનું એક નવું જ રહસ્ય જાણવા મળ્યું હોય તેમ સ્વામીશ્રીની વાતો સાંભળી સૌને સમજાવા લાગ્યું. આથી રોજ સ્વામીશ્રી જ વાતો કરે એવો આગ્રહ સૌ કરવા લાગ્યા.

આ અરસામાં કેરીઓ પણ ઘણી જ થઈ હતી. તેથી રઘુવીરજી મહારાજ સૌ સંતો તથા હરિભક્તોને કેરીઓ આપવા માટે સ્વામીશ્રીને ટોપલા ભરીભરીને કેરીઓ મોકલતા. સ્વામીશ્રી આ તમામ કેરીઓ સંત-હરિજનોને વહેંચી દેતા. સ્વામીશ્રીના પ્રસંગથી સૌને સત્સંગ પ્રત્યે વિશેષ અને વિશેષ આત્મબુદ્ધિ થવા લાગી. સાધુઓમાં નોખી રસોઈઓ થતી તે રિવાજ પણ નીકળી ગયો અને સૌ સાધુ ભંડારમાં જમવા જવા લાગ્યા. વળી, કેટલાક સાધુઓએ તો ધારણાં-પારણાં વગેરે વ્રતો પણ ગ્રહણ કર્યાં.

જાદવજી મિસ્ત્રીને સમાધિ થાય છે

આ કથા સાંભળવા માટે રાજકોટથી મિસ્ત્રી જાદવભાઈ સહકુટુંબ વરતાલ આવ્યા હતા. તેમને લીમડાવાળે વંડે ઉતારો આપ્યો હતો. કથા દરમ્યાન તેમને તાવ આવવા લાગ્યો. ઘણા ઘરગથ્થુ ઉપચારો કર્યા પરંતુ તાવ ઊતર્યો નહિ. પછી તેમણે સ્વામીશ્રીને કહેવરાવ્યું કે 'દર્શન આપવા પધારો.' તેથી સ્વામીશ્રી બીજે દિવસે સવારે દસ વાગે મિસ્ત્રીને દર્શન દેવા તેના ઉતારે પધાર્યા. સ્વામીશ્રીનાં દર્શન કરતાં મિસ્ત્રીની આંખમાં આંસુ આવી ગયાં તેથી તેમણે ગદ્ગદ કંઠે હાથ જોડી કહ્યું : "સ્વામી ! આપ તથા રઘુવીરજી મહારાજ, શુક સ્વામી, પવિત્રાનંદ સ્વામી વગેરે મોટા મોટા અહીં વિરાજો છો અને શ્રીજીમહારાજનું મહાપ્રસાદીનું આ ધામ છે, માટે

૧૦૨. આ બધી વાતો ઠાસરાવાળા લલ્લુભાઈ દેસાઈ તથા વસોના માન ગઢવી અને ગિરધર બારોટ તેમણે સાંભળેલી. તેથી તેમણે જ સત્સંગમાં પ્રવર્તાવી છે. ઠાસરાના ગિરધરભાઈને તો લલ્લુભાઈ દેસાઈએ કહ્યું હતું કે "સાધુ થવું હોય તો પ્રાગજી ભક્તને ગુરુ કરજો."

મને અહીં ધામમાં મોકલી દ્યો.''

તે સાંભળી સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : ''અહીં જ અક્ષરધામ છે. તમે ભજન કરો. સારું થઈ જશે અને તમારાં સૌ સગાં દિલગીર થાય છે માટે હમણાં ધામમાં નથી મોકલવા.''

સ્વામીશ્રીએ આ પ્રમાણે કહ્યું. છતાં તેમનો ધામમાં જવાનો આગ્રહ ચાલુ રહ્યો. તેથી સ્વામીએ જાદવ મિસ્ત્રીની છાતી ઉપર હાથ મૂક્યો કે તરત જ તેને સમાધિ થઈ. પછી સ્વામીશ્રી ત્યાંથી પાછા સભામાં પધાર્યા.

જાદવ મિસ્ત્રીને સમાધિ થઈ તેમાં તેણે અતિશય તેજ જોયું અને તે તેજમાં તેણે સ્વામીશ્રીને બેઠેલા જોયા. તેથી તે સ્વામીશ્રી પાસે ગયા અને પગે લાગીને પૂછ્યું : ''સ્વામી ! મહારાજ ક્યાં છે ?''

એટલે સ્વામીશ્રીએ હસીને કહ્યું : ''આ મહારાજ બેઠા.''

એટલે તેને શ્રીજીમહારાજ દિવ્ય સિંહાસન ઉપર વિરાજેલા દેખાયા. પછી ફરી તેણે સ્વામીશ્રીને પૂછ્યું : ''સ્વામી ! મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે ક્યાં છે ?''

એટલે સ્વામીશ્રીએ હાથનો ઈશારો કર્યો તેથી તેને સમગ્ર સભા દેખાણી. પછી તે મિસ્ત્રી શ્રીજીમહારાજ જે દિવ્ય સિંહાસન ઉપર વિરાજેલા હતા તે સિંહાસનનું નકશીકામ જોવા લાગ્યા. એટલે મહારાજે કહ્યું : ''એમાં શું જુઓ છો ?''

પરંતુ તે તો જોવા જ લાગ્યા. તેનાથી તે સુંદર નકશીકામ જોયા વગર રહેવાયું નહિ. પછી મહારાજે સ્વામીને કહ્યું : ''આને ધામની લીલા બતાવો.''

તેથી સ્વામીશ્રીએ તે મિસ્ત્રીને એક મોટો બંગલો બતાવ્યો. ત્યાં શ્રીજીમહારાજ પાટલા ઉપર બેસીને થાળ જમતા હતા. વળી, બીજો બંગલો બતાવ્યો તો ત્યાં મહારાજ હિંડોળા ખાટમાં ઝૂલતા હતા. એમ શ્રીજીમહારાજની લીલાનાં અનેક સ્વરૂપોનાં દર્શન કરાવ્યાં. પછી જાદવ મિસ્ત્રીએ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મને માયા બતાવો.''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. દિવ્ય અક્ષરધામમાં રહ્યા છતાં પણ માયા જોવાનો અંતરમાં જે અવ્યક્ત ભાવ રહે છે તે જ જીવનું કારણ શરીર છે. તે કારણ શરીરના નાશ વિના અક્ષરધામમાં રહી શકાતું જ નથી. સ્વામીશ્રીએ તેને કહ્યું : ''ગાંડા ! માયામાં શું જોવાનું છે ? એ તો અનાદિ

કાળથી જોઈ જ મેલી છે. આ ધામ તો આજે આ સંતના પ્રતાપે તેં દેખ્યું, નહિ તો માયામાં તો ડૂબ્યો જ હતો ને ?''

પરંતુ મિસ્ત્રીએ તો હઠ લીધી. એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''હેઠે જો.''

એટલે મિસ્ત્રીએ નીચે જોયું. ત્યાં તો અતિ અપાર માયાનું તમ તેને દેખાયું. તેને ફેર આવવા લાગ્યા અને જાણે આખું શરીર ખેંચાતું હોય તેવું લાગ્યું. તેથી તેણે સ્વામીશ્રી સામું જોઈને કહ્યું : ''સ્વામી ! આ તો ખેંચે છે.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''ભા, એ તો ભલભલાને પણ ખેંચી જાય એવી છે.''

આ પ્રમાણે મિસ્ત્રી સાંજના ચાર વાગ્યા સુધી સમાધિમાં રહ્યા. સાંજના ચાર વાગે સ્વામીશ્રી ગોમતીએ નાહવા જતા હતા ત્યારે ફરી મિસ્ત્રીને જોવા પધાર્યા. મિસ્ત્રી હજુ સમાધિમાં જ હતા. પછી સ્વામીશ્રીએ તેની છાતી ઉપર પોતાનો હાથ મૂક્યો અને કહ્યું : ''જાદવભાઈ ! જાગો, હવે જાગો. આ તમારાં સૌ સગાં બહુ દિલગીર થાય છે.''

એટલે જાદવભાઈ તરત જ જાગ્યા. સ્વામીશ્રીને સન્મુખ જોઈ એકદમ બેઠા થઈ ગયા અને હાથ જોડી બોલ્યા : ''અહો ! સ્વામીશ્રી તમે તો ધામમાં પણ હતા અને આંહીં પણ છો !''

એમ કહીને પછી બોલ્યા : ''અહો ! સ્વામી, અક્ષરધામનું કાંઈ સુખ, કાંઈ સુખ !''

આ પ્રમાણે જાદવજી મિસ્ત્રીને અક્ષરધામના સુખનો અનુભવ કરાવી સ્વામીશ્રીએ તેને સમાધિમાંથી જગાડ્યા. પછી સ્વામીશ્રી ગોમતીએ સ્નાન કરવા પધાર્યા. સ્વામીશ્રીની કૃપાથી જાદવજી મિસ્ત્રીનો તાવ પણ ઊતરી ગયો.

કથાની સમાપ્તિ થવાના સમયમાં સ્વામીશ્રીએ વિચાર કર્યો કે 'હવે થોડા દિવસોમાં કથાની સમાપ્તિ થશે. અત્યારે જે રિવાજ ચાલુ થયો છે કે શણગારનાં દર્શન કરીને સૌ મારે આસને આવે છે અને ત્યાં કેટલીક કથાવાર્તા થાય છે, તે મારા અહીંથી ગયા પછી બંધ થઈ જશે તે ઠીક નહિ. માટે શણગાર પછી પણ કથા ચાલુ રહે એટલા માટે આજથી જ આચાર્યશ્રીને મેડે બેસવાનો રિવાજ જો રાખ્યો હોય તો શણગારનાં દર્શન પછી સૌ ત્યાં આવે અને આચાર્યશ્રીને મેડે કથાવાર્તા ચાલુ રહે.'

બીજે દિવસે સ્વામીશ્રી શણગાર આરતીનાં દર્શન કરીને સીધા આચાર્ય મહારાજના મેડે પધાર્યા અને ત્યાં વિરાજમાન થયા. બીજા સંતો પણ સૌ દર્શન કરીને ત્યાં આવ્યા. થોડી વારે આચાર્ય મહારાજ પણ દર્શન કરીને મેડે પધાર્યા એટલે સ્વામીશ્રી તથા સૌ સંતો હરિભક્તો આચાર્ય મહારાજને પગે લાગ્યા. ત્યારે આચાર્ય મહારાજે સ્વામીશ્રી સન્મુખ જોઈને કહ્યું : "કેમ સ્વામી ! આસને જાશું ને ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ના, હવે તો અહીં જ બેસવું છે અને અહીં જ હવેથી વાતો કરીશું."

એટલે મહારાજે કહ્યું : "જેવી તમારી ઇચ્છા. અમારે તો તમારી વાતો સાંભળવી છે."

આચાર્યશ્રીને મેડે ગ. મ. ૯મું વચનામૃત વંચાવ્યું

પછી સ્વામીશ્રીએ ગ. મ. ૯મું વચનામૃત વંચાવીને સભામાં વાત કરતાં કહ્યું : "આ વચનામૃતમાં મહારાજે કહ્યું છે જે મને બીજા અવતાર જેવો સમજે તો મારા સ્વરૂપનો દ્રોહ કર્યા બરોબર છે. તે બીજા અવતાર તે આપણે કયા સમજવા ? રામકૃષ્ણાદિક અવતારો કે બીજા ?"

તે સાંભળી સભામાંથી કોઈ પણ બોલ્યું નહિ અને સભા શૂન્ય થઈ ગઈ. એટલે સ્વામીશ્રીએ કહ્યું : "એ ક્યાં પોતાની જાતે સમજાય તેવું છે ? એ તો કોઈ મોટા પાસેથી સમજે તો જ શ્રીજીમહારાજનું પુરુષોત્તમપણું-સર્વ અવતારના અવતારીપણું-સમજાય. આ તો પુરુષોત્તમનો ચાંદલો છે. તેને કોણ પૂગે ? માટે એક શ્રીજીમહારાજની મૂર્તિ સિવાય બીજું બધું હૈયામાંથી કાઢી નાખવું."

તે સાંભળી શુકમુનિએ કહ્યું : "સ્વામી ! આ વચનામૃત મહારાજે મને ઉદ્દેશીને કહ્યું છે અને આ વચનામૃત શોધવામાં કોઈ સદ્‌ગુરુનો ભાગ નથી. પરંતુ તે યથાર્થ તો આજે જ મને સમજાયું. આ મેડાનાં પગથિયાં ચઢ્યો ત્યાં સુધી નહોતું સમજાયું."

આ વાત સાંભળીને રઘુવીરજી મહારાજ હસ્યા.

પછી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યો : "સ્વામી ! મહારાજનાં ચરિત્ર દીઠાં હોય અને સાંભળ્યાં હોય તો પણ જીવ કહેતાં-લખતાં કેમ અટકે છે ?"

આ પ્રમાણે શુકમુનિની સમજણ ઉપર આચાર્ય મહારાજે માર્મિક પ્રશ્ન પૂછ્યો.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "એક ઘોડાને સ્વપ્ન થયું કે તેનો પગ ભાંગી ગયો છે. પછી તે જ્યારે જાગ્યો ત્યારે પણ પગ અદ્ધર તોળીને ઊભો રહ્યો. ઘોડાના ધણીને થયું કે આને શું થયું છે ? પછી તો વૈદ્ય, હકીમોને બોલાવ્યા પણ કોઈ કાંઈ કળી શક્યું નહિ. છેવટે એક હોશિયાર વૈદ્યે કહ્યું : 'આ ઘોડાનો પગ ભાંગ્યો નથી ને કાંઈ માંદો થયો નથી, એને તો સ્વપ્ન થયું છે તે પગ તોળીને ઊભો છે.' ત્યારે પૂછ્યું જે, 'એનું કેમ કરવું ?' ત્યારે એણે કહ્યું જે, 'બસેં ઘોડાં સાબદાં કરો ને તોપુંના ને બંધૂકુંના ભડાકા કરવા માંડો, એટલે ચમકશે ત્યારે સ્વપ્ન થયું છે તે મૂકી દેશે.' તે પ્રમાણે કર્યું એટલે તે ઘોડાએ ભોં ઉપર પગ મૂકી દીધો. આ દૃષ્ટાંતનો સિદ્ધાંત શું છે કે શ્રીજીમહારાજનાં ચરિત્ર દીઠાં હોય અને સાંભળ્યાં હોય છતાં જે કહેતાં લખતાં અટકે છે તેને શાસ્ત્રના શબ્દોની ભ્રાંતિ પડી ગઈ છે માટે. તે આમ ને આમ મહારાજના સર્વોપરી સ્વરૂપની વાતુ કર્યા કરીશું એટલે તેને શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ ટળી જશે અને શ્રીજીમહારાજનું જેવું છે તેવું સ્વરૂપ હૈયામાં સમજાઈ જશે. પછી લખતાં નહિ અટકે." સ્વામીશ્રીની આ વાત સાંભળી સૌ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

એટલામાં રઘુવીરજી મહારાજની ગાદી ઉપર ચંપાનાં ત્રણ ફૂલ પડ્યાં હતાં. તે ગોઠવીને મહારાજે કહ્યું : "સ્વામી ! કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે. અને કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે, પરંતુ આ ફૂલ સુધી કોઈ પૂગતું નથી."

એટલે સ્વામીશ્રીએ તે છેલ્લું ફૂલ લઈ પાસે બેઠેલા અચિંત્યાનંદ બ્રહ્મચારી ઉપર ફેંક્યું અને કહ્યું : "સૌને આ ફૂલ સુધી આ બ્રહ્મચારી પુગાડી દેશે."

તે સાંભળી રઘુવીરજી મહારાજ હસ્યા અને બોલ્યા : "સ્વામી ! પારસાવ્યા કે ?" એટલે સ્વામીશ્રી પણ હસ્યા.

હરિલીલાકલ્પતરુ રચવાની અચિંત્યાનંદ બ્રહ્મચારીને આજ્ઞા

પછી સ્વામીશ્રીએ કહ્યું : "આ સત્સંગિજીવનનો ગ્રંથ બહુ સારો છે.

પણ તે ધર્મગ્રંથ છે. તેમાં શ્રીજીમહારાજની લીલા જે પ્રમાણે લખાવી જોઈએ તે પ્રમાણે લખાણી નથી. માટે જેમાં મહારાજની લીલા મુખ્ય હોય તેવો એક ભક્તિશાસ્ત્રનો ગ્રંથ રચાય તો સારું."

એટલે રઘુવીરજી મહારાજે પૂછ્યું : "સ્વામી ! એવો ગ્રંથ રચે કોણ ?"

ત્યારે સ્વામીશ્રીએ પાસે બેઠેલા અચિંત્યાનંદ બ્રહ્મચારી તરફ આંગળી ચીંધી કહ્યું : "આપની આજ્ઞા થાય તો આ બ્રહ્મચારી એવો ગ્રંથ રચે."

તે સાંભળી બ્રહ્મચારીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! એવો મોટો ગ્રંથ મારાથી ન બનાવી શકાય. બહુ મહેનત લઉં તો આખા દિવસમાં દશ પંદર શ્લોક રચી શકું, તો એવો મોટો ગ્રંથ મારાથી શી રીતે બનાવી શકાય ?"

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "બ્રહ્મચારી ! હા પાડોને, તમારાથી જરૂર બનશે, જરૂર બનશે."

બ્રહ્મચારી પાસે જ ગ્રંથ કરાવવાની સ્વામીશ્રીની રુચિ જોઈ, રઘુવીરજી મહારાજે પોતાના ગળામાંનો હાર લઈ બ્રહ્મચારીને પહેરાવ્યો અને આશીર્વાદ આપતાં કહ્યું : "લ્યો, આ ગ્રંથ રચવાનો હાર."

પછી બ્રહ્મચારીએ ફરી મહારાજને કહ્યું : "મહારાજ ! એવડો મોટો ગ્રંથ મારાથી શી રીતે બનશે ?"

ત્યારે સ્વામીશ્રીએ તેનો વાંસો થાબડીને કહ્યું : "આવા મોટા સાધુ અને શ્રીજીમહારાજને સંભારીને કરજો, તમારાથી ગ્રંથ જરૂર થશે."

એટલું કહીને ફરી પોતાનું રહસ્ય કહેતાં કહ્યું : "તમે ગ્રંથ કરો તેમાં શબ્દ માત્ર આ ફૂલ સુધી પુગાડજો."

આ બધું શુકમુનિ શાંતિથી સાંભળી રહ્યા હતા. પછી તેમણે કહ્યું : "અરે, કાંઈ બીજો ગ્રંથ રચાય ? સત્સંગિજીવન ખોટું પડી જાય ને ? વળી, એ બ્રહ્મચારીને ગ્રંથ રચતાં શું આવડે ? ગ્રંથને બદલે કહાણી થશે કહાણી !" આ સાંભળી બ્રહ્મચારી પણ મૂંઝાયા. ત્યાં રાજભોગ આરતીનો ડંકો થયો એટલે સભા ઊઠી.

રાજભોગ આરતીનાં દર્શન કરીને સ્વામીશ્રી પોતાના આસને પધાર્યા. પાછળ અચિંત્યાનંદ બ્રહ્મચારી આવ્યા. સ્વામીશ્રી તેમને જોઈને હસ્યા. એટલામાં તો બ્રહ્મચારીએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આપ આજ્ઞા કરો છો પરંતુ મારામાં આવડો મોટો ગ્રંથ રચવાની શક્તિ નથી, માંડ માંડ દશ

પંદર શ્લોક રચાય તો આવડો ગ્રંથ શી રીતે થશે ? સહુ ઠેકડી કરશે એમ મને લાગે છે. વળી, શુક સ્વામીની પણ મરજી નથી.''

બ્રહ્મચારીની મૂંઝવણ જોઈ સ્વામીશ્રી હસ્યા. પછી તેમને વાંસે હાથ ઠબકારતાં કહ્યું : ''બ્રહ્મચારી ! તમે તમારી શક્તિ જાણતા નથી. તમારામાં તો શક્તિ છે અને કદાચ ન હોય તો પણ કોઈ મોટા સાધુ હોય તે શક્તિ આપશે માટે ગ્રંથ બનાવો. શુકમુનિની મરજી નથી પણ એમનો સંવાદ નાખશો તો એ રાજી થશે અને બોલશે નહિ.''

બ્રહ્મચારીને સ્વામીશ્રીના આશીર્વાદથી થોડી હિંમત આવી. છતાં તે જ મૂંઝવણના આલોચમાં આખો દિવસ કાઢ્યો. રાત્રે સૂતા ત્યારે શ્રીજીમહારાજે સાક્ષાત્ દર્શન દઈને કહ્યું : ''શું સંકલ્પ કરો છો ? સ્વામીશ્રીએ ગ્રંથ રચવાની આજ્ઞા કરી છે માટે તમે જ ગ્રંથ રચો. તમારાથી તે બનશે જ.'' એમ આજ્ઞા કરી મહારાજ અંતર્ધાન થઈ ગયા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી અને મહારાજ વિરાજતા હતા ત્યાં જઈ બ્રહ્મચારીએ કહ્યું : ''મહારાજ ! આપની આજ્ઞાનુસાર હું ગ્રંથ રચીશ.''

આ પ્રમાણે બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ 'શ્રી હરિલીલાકલ્પતરુ' ગ્રંથ શ્રીજીમહારાજ અને સ્વામીશ્રીની આજ્ઞાથી અને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના આશીર્વાદથી રચવાની શરૂઆત કરી.

તે જ દિવસે આચાર્ય મહારાજે જે જે સદ્‌ગુરુઓ પાસે શ્રીજીમહારાજની લીલાના ખરડા (લખાણો) હોય તે બધા બ્રહ્મચારીને આપવાની આજ્ઞા કરી. એટલે બ્રહ્મચારી મહારાજ પાસે 'શ્રી હરિલીલાકલ્પતરુ' ગ્રંથ માટે મહારાજની દિવ્ય લીલાની સામગ્રીઓ આવવા લાગી. બ્રહ્મચારી મહારાજે પણ તે તમામ ખરડાઓનો સૂક્ષ્મ દૃષ્ટિથી અભ્યાસ કરી, તે ઉપરથી ગ્રંથ રચવાની શરૂઆત કરી દીધી.

બ્રહ્મચારીને શ્લોકો સ્ફુરે છે

બે દિવસ બાદ બપોરે ઠાકોરજીના ઉત્થાપનનાં દર્શન કરીને સ્વામીશ્રી બ્રહ્મચારી મહારાજના આસને પધાર્યા. બ્રહ્મચારી તો નીચું માથું કરીને શ્લોકો લખ્યે જતા હતા. થોડી વાર સ્વામીશ્રી એમ ને એમ ત્યાં ઊભા રહ્યા. એટલામાં બ્રહ્મચારીની નજર સ્વામીશ્રી ઉપર પડી. એટલે તરત જ ઊભા

થઈને સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રીએ દંડવત્ રખાવીને તેમને પૂછ્યું : ''ગ્રંથની શરૂઆત કરીને ?''

ત્યારે બ્રહ્મચારીએ હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! આપના આશીર્વાદથી રોજના બસો શ્લોક ગૂંથાય છે અને એક પછી એક શબ્દો આવ્યે જ જાય છે. મારે કાંઈ વિચાર કરવો પડતો નથી.''

સ્વામીશ્રી તે સાંભળી બહુ જ રાજી થયા. પછી કહ્યું : ''જુઓ, કથાની હવે થોડા દિવસમાં સમાપ્તિ થશે અને અમે જૂનાગઢ જઈશું. પરંતુ તમો અહીં જ રોકાજો અને ગ્રંથ તૈયાર કરજો.'' એટલું કહી સ્વામીશ્રી પોતાના આસને પધાર્યા.

સ્વામીશ્રીની વાતોમાં સંતો-હરિભક્તોને એટલો બધો રસ પડતો કે શણગાર આરતી પછી ભોળાનાથ શાસ્ત્રી કથાનો આરંભ કરતા, પરંતુ સ્વામીશ્રી એક અધ્યાય પૂરો થાય એટલે શ્રીપતિમ્ કરાવતા અને પછી વાતો કરતા. વાતો કરતાં કરતાં કોઈ કોઈ વખત તો બપોરે બાર વાગી જતા. ત્યાર બાદ રાજભોગ આરતીનાં દર્શન કરી આચાર્ય મહારાજ જમવા જતા. એટલે ઘણી વાર તો એટલું બધું મોડું થઈ જતું કે આચાર્ય મહારાજને બપોરે જરા પણ આરામનો સમય રહેતો નહિ.

આથી એક દિવસ કમિયાળાના ચારણ મોડભાઈએ તથા નથુભાઈએ મહારાજશ્રીને કહ્યું : ''આપ વાતુ સાંભળવાનું થોડું ઓછું કરીને બપોરે જરા આરામ કરો તો ઠીક. અમને સૌને પણ થોડો આરામ મળે.''

એટલે શુક સ્વામીએ કહ્યું : ''હમણાં મહારાજશ્રીને વાતો સાંભળવાનો લાગ આવ્યો છે એટલે શાના ઊંઘે ?''

ત્યારે નથુભાઈએ કહ્યું : ''મહારાજ ! પશુપક્ષીને પણ ભગવાને ઊંઘનો આહાર આપ્યો છે. માટે આપ ઊંઘવાનું બંધ કરો તે ઠીક નહિ.''

તે સાંભળી આચાર્ય મહારાજે કહ્યું : ''ઊંઘવા માટે તો ઘણા દિવસો છે. સ્વામીશ્રી કૃપા કરીને અહીં પધાર્યા છે અને વાતો સાંભળવાનો આવો જોગ આવ્યો છે માટે જેટલા દિવસ સ્વામીશ્રી રહેશે એટલા દિવસ ઊંઘવું નથી. ઊંઘ વિના તો ચાલ્યું જાય છે.''

મહારાજની વાતો સાંભળવાની આટલી બધી તત્પરતા જોઈ મોડભાઈ તથા નથુભાઈ પછી કાંઈ કહી શક્યા નહિ. મહારાજશ્રીને સ્વામીશ્રીની

વાતોમાં એટલો બધો રસ પડતો હતો કે ઘણી વખત તો રાજભોગ આરતી પછી સ્વામીને વાતો કરવાનું કહેતા તેથી બપોરે એક દોઢ પણ થઈ જતો. આચાર્ય મહારાજની આવી તીવ્ર શ્રદ્ધા જોઈ સૌ આશ્ચર્ય પામી જતા.

એક દિવસ ઠાકોરજીના ઉત્થાપનનાં દર્શન કર્યાં પછી સ્વામીશ્રી સભામંડપમાં વાતો કરતા હતા. તે વખતે ગામ કેરિયાના ભગુભાઈ પટેલ ત્યાં આવ્યા અને સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રી તેમને જોઈ એકદમ કહેવા લાગ્યા : ''અહો, ભગુભાઈ ! તમે અહીં ક્યાંથી ?''

એટલે ભગુભાઈએ કહ્યું : ''સ્વામી ! હું તો બે મહિનાથી અમદાવાદ હતો.''

તે સાંભળી સ્વામીશ્રી હસવા લાગ્યા અને પૂછ્યું : ''પટેલ, અમદાવાદમાં ઊના પાણીનો અને ગરમ રોટલીનો કેવો જોગ થયો હતો ?''

એટલે પટેલે વીલા બનીને કહ્યું : ''માબાપ ! ત્યાં ક્યાંથી ઊનું પાણી અને ઊની રસોઈ મળે ?''

તેથી સ્વામીશ્રીએ કહ્યું : ''પટેલ ! એટલા માટે તો અમો તમને અમારી સાથે આવવાનું કહેતા હતા. પણ તમે માન્યું નહિ.''

પટેલ સ્વામીશ્રીની આજ્ઞાનું રહસ્ય સમજ્યા અને કહ્યું : ''હા, મહારાજ ! આપની આજ્ઞા ન માની એટલે જ મને ઉપાધિ આવી. તમોએ તો મને એ ઉપાધિમાંથી બચાવવા માટે સાથે આવવા કહ્યું હતું. પરંતુ મારા જીવની અવળાઈને લઈને આપના કહેવાનો મર્મ હું સમજી શક્યો નહિ, પણ મને તેનું ફળ મળ્યું.''

પછી સ્વામીશ્રીએ કહ્યું : ''શું થયું હતું તે વાત તો કરો.''

એટલે પટેલે બધી હકીકત કહી. ''મેં સાથી રાખ્યો હતો, પણ તેણે કોઈની ચોરી કરી હતી એ મને ખબર નહિ. તેથી તે પકડાયો. તેણે ચોરી કરી હતી તેનો માલ મેં રાખ્યો હશે એવી શંકાથી મને પણ પકડી અમદાવાદની જેલમાં લઈ ગયા. પરંતુ આપની દયાથી જ નિર્દોષ છૂટીને આવ્યો છું.''

પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''સારું, હવે થોડા દિવસોમાં કથાની સમાપ્તિ થશે, તો ત્યાં સુધી રોકાજો અને લાભ લેજો.''

એક દિવસ શણગાર આરતી પછી સભામાં સ્વામીશ્રીએ ગ. પ્ર. ૭૧મું વચનામૃત યોગેશ્વરદાસ સ્વામી પાસે વંચાવ્યું. તેમાં આવ્યું કે -

'શ્રીજીમહારાજ જીવોનાં કલ્યાણ સારુ આ લોકમાં પોતાનું અક્ષરધામ, દિવ્ય પાર્ષદો અને સમગ્ર ઐશ્વર્ય લઈને પધાર્યા છે. એમ આપણે સમજવું અને ભગવાનનું સ્વરૂપ સદા અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે એમ બીજા પાસે વાત કરવાની પણ મહારાજે આજ્ઞા કરી છે.'

"હવે આ વચનામૃતમાં મહારાજ સાથે આવેલા અક્ષરધામ તે કોને સમજવા ?" સ્વામીશ્રીનો આ પ્રશ્ન સાંભળી સૌ વિચારમાં પડી ગયા પણ કોઈ કાંઈ બોલ્યું નહિ.

લગભગ છ મહિના સુધી સ્વામીશ્રીની વાતો - ગંગાના પ્રવાહ સમી - સાંભળ્યા પછી પણ, અને તેઓશ્રીનો અપ્રતિમ પ્રતાપ જાણ્યા પછી પણ, અક્ષર કોણ છે એ જો ન સમજી શકાય તો તેમાં મંદ બુદ્ધિ કરતાં પણ રાગદ્વેષની પ્રબળતા વિશેષ પ્રસરેલી દેખાતી હતી. તે પ્રશ્નનું સમાધાન બે દિવસ સુધી થયું જ નહિ અને સ્વામીશ્રી પણ કાંઈ બોલ્યા નહિ.

ત્રીજે દિવસે સભામાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આપે જે પ્રશ્ન 'અક્ષર કોણ ?' બે દિવસ પહેલાં પૂછ્યો હતો તેનો ઉત્તર તો તમથી જ થશે. માટે તમે જ કૃપા કરીને કહો."

તે સાંભળી સ્વામીશ્રી મંદ મંદ હસતાં હસતાં બોલ્યા : "જેની વાંસે ઝાઝા મનુષ્યો ખેંચાતા હોય તેને અક્ષર જાણવા. વળી, જેની વાતોથી જીવનું અજ્ઞાન દૂર થઈ જીવમાં બ્રહ્મભાવ પ્રગટ થતો હોય તેને અક્ષર જાણવા. વળી, જેની વાતોથી શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે તેવો તત્ત્વે કરીને નિશ્ચય જીવમાં દૃઢ થતો હોય તેને અક્ષર જાણવા."

આમ, સ્વામીશ્રીએ ઘેરા ઘા કર્યા પરંતુ સ્પષ્ટપણે કહ્યું નહિ.

તે જ દિવસે કથા પછી સ્વામીશ્રીને આસને સ્વામીશ્રીના હેતવાળા સૌ હરિભક્તો ભેગા થયા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! આજ બપોરની કથામાં આપે ચોખ્ખું કેમ ન કહ્યું ?"

તેમના સૌ પ્રત્યે કરુણાભરી દૃષ્ટિ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : "તમે જેમ સમજો છો તે બરોબર છે. બાકી સભામાં તો ઉત્તર જેમ થાતો હોય તેમ થાય."

અક્ષરના પ્રાગટ્યની આવી સ્પષ્ટ વાતો શ્રીજીમહારાજે વચનામૃતમાં લખી છે. વળી, અક્ષર દ્વારા જ પુરુષોત્તમની સર્વોપરી તત્ત્વે કરીને નિષ્ઠા

દ્રઢ થાય છે તે પણ વચનામૃતમાં[૧૦૩] શ્રીજીમહારાજે સ્પષ્ટપણે સમજાવ્યું છે. વળી, અક્ષરના સગુણ અને નિર્ગુણ સ્વરૂપનું નિરૂપણ[૧૦૪] કરી, મહારાજે કહ્યું છે કે જ્યાં અક્ષરધામનું મધ્ય ત્યાં પુરુષોત્તમની મૂર્તિ છે; અક્ષર એ પુરુષોત્તમની સેવામાં સાકાર સ્વરૂપે રહે છે[૧૦૫], આવો અક્ષર સંબંધી સ્પષ્ટ ઉલ્લેખ મહારાજે વચનામૃતમાં કર્યો છતાં 'અક્ષર કોણ છે ?' એ પ્રશ્નથી સંપ્રદાયના કહેવાતા ધુરંધર વિદ્વાનો, આગેવાન હરિભક્તો પણ અનભિજ્ઞ રહે, તેથી સ્પષ્ટ સમજાય છે કે શ્રીજીમહારાજની દિવ્યવાણીના રહસ્યને, શ્રીજીમહારાજના શબ્દોમાં વિશ્વાસ ન હોવાથી, તેઓ યથાર્થ સમજી શકયા નથી. આ પ્રકારનું અજ્ઞાન હોય તેથી માની શકાય કે તેમનામાં શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠાની જ ખામી છે. આત્યંતિક કલ્યાણ માટે પણ અક્ષરના સંબંધની આવશ્યકતા અનિવાર્ય જ છે - એ સિદ્ધાંત પણ મહારાજે બહુ જ સ્પષ્ટ સમજાવતાં કહ્યું છે : "એ અક્ષરધામને[૧૦૬] પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના[૧૦૭] સાધર્મ્યપણાને[૧૦૮] પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે." અક્ષરધામમાં જવું છે, અક્ષરનું સાધર્મ્યપણું એટલે કે અક્ષરના સમાન ગુણ પામવા છે છતાં અક્ષરને ઓળખવા નથી; અક્ષર કોણ છે એ જ્ઞાન પ્રાપ્ત કરી તેમનો સંબંધ કરવો નથી ! સંપ્રદાયમાં મોટા સત્પુરુષોના યોગે કરીને પારંપરિક જ્ઞાન તો ચાલ્યું જ આવ્યું છે, પરંતુ સાથે સાથે તેજોદ્વેષ પણ પારંપરિક પ્રગટ થતો જ રહ્યો છે. તેથી મોટા પુરુષોનાં વચનોની સત્યતાને ઠેલી, અજ્ઞાન, જડતા અને સંકુચિતપણાની શૃંખલામાં સૌ અટવાયા કરે છે. શ્રીજીમહારાજે પૃથ્વી ઉપર પ્રગટ થઈ, જીવો ઉપર અતિ કૃપા કરી અમૃત વર્ષાવ્યું. અક્ષર અને પુરુષોત્તમનાં સાકાર સ્વરૂપોની સનાતન ઉપાસના, જે મોટા મોટા વિદ્વાનોને પણ હજુ સુધી અજ્ઞેય રહી છે તે, આપણને આપણા આત્યંતિક કલ્યાણ

૧૦૩. ગ. પ્ર. ૬૩.
૧૦૪. ગ. મ. ૪૨.
૧૦૫. ગ. પ્ર. ૨૧.
૧૦૬. નિરવય.
૧૦૭. સાવયવ.
૧૦૮. સમાનગુણ.

માટે ભેટ આપી, છતાં એ દિવ્ય રહસ્ય જેને નથી સમજાયું તેનાં તો અતિ દુર્ભાગ્ય સમજવાં.

જેમ શ્રીજીમહારાજે 'અધિકારી વિના સભામાં વાત કરતાં બીક લાગે છે'[૧૦૯] એમ કહ્યું, તેમ સ્વામીશ્રીએ પણ સભામાં પોતાના સ્વરૂપની સ્પષ્ટ વાત ન જ કરી, પરંતુ જેને જેને એ વાત સમજાણી હતી તેના ભાગ્યનો તો પાર જ ન હતો.

આ પ્રમાણે વરતાલમાં સંવત ૧૯૧૧ના અષાઢની એકાદશીએ આરંભાયેલી ચાતુર્માસની કથાની પૂર્ણાહુતિ સંવત ૧૯૧૧ના કાર્તિક સુદ પૂનમના દિવસે થઈ. ત્યારબાદ આચાર્ય મહારાજે સૌ સંત-હરિભક્તોને પોતપોતાના દેશમાં જવા આજ્ઞા કરી. તેથી કથા પ્રસંગે વરતાલ આવેલા તમામ સંત-હરિભક્તો પોતપોતાના દેશ તરફ રવાના થવા લાગ્યા.

વરતાલમાં સ્વામીશ્રીએ ચાર માસ સુધી વાતો કરી તેના પડછંદા સમગ્ર સત્સંગમાં ગાજવા લાગ્યા. ત્યાર પછી તો સત્સંગમાં જે જે સદ્‌ગુરુઓ વાતો કરતા તે કહેતા કે 'ગુણાતીતાનંદ સ્વામી આમ કહેતા.' એ પ્રમાણે સ્વામીશ્રીની વાતોનું પ્રમાણ સમગ્ર સત્સંગમાં મોટા મોટા સદ્‌ગુરુઓ પણ આપવા લાગ્યા. વળી, સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે તે વાત પણ સત્સંગમાં ધીરે ધીરે ગુપ્તપણે, ગર્ભિતપણે પ્રગટ થવા લાગી.

સ્વામીશ્રીની આજ્ઞાથી શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીએ 'શ્રીહરિલીલા-કલ્પતરુ ગ્રંથ' રચવાની શરૂઆત કરી. તેમાં તેમણે ગોપાળાનંદ સ્વામીની ધ્યાનસ્થ મૂર્તિનું વર્ણન કરતાં લખ્યું છે : 'स गोपालानन्दो मृदुलहृदयः सद्‌गुरुवरः !'[૧૧૦] જ્યારે ગુણાતીતાનંદ સ્વામીની સ્તુતિ કરતાં બ્રહ્મચારીજીના હૃદયમાં અત્યંત મહિમાયુક્ત અક્ષરભાવના શબ્દો સરી પડે છે :

तनुजस्य महापुरुषाऽऽनिलयं कचरन्ध्रमितं महतां च सताम् ।
तदनेकमहाऽक्षरकोटिपदं निलयं प्रतिपत्तिमहाप्रलये ॥

અર્થ : સૂક્ષ્મ પદાર્થોમાં રોમ છિદ્રથી પણ અત્યંત સૂક્ષ્મ, મહાન પદાર્થોમાં મહાપુરુષાદિ જેમાં લીન છે એવા અત્યંત મહાન, અનેક મહાઅક્ષર મુક્તોની કોટીઓના આધાર અને જ્ઞાન-પ્રલયમાં પણ નિત્ય

---

૧૦૯. લોયા ૧૮.

૧૧૦. શ્રીહરિલીલાકલ્પતરુ; સ્કંધ-૨, અધ્યાય ૨-૨.

સ્થિર રહેલા એવા બ્રહ્મધામરૂપ શ્રી ગુણાતીત સ્વામીને હું પ્રણામ કરું છું.

सगुणाद्यमितैश्च भगैः सहितं पुरुषोत्तमदास्यमितं हि परम् ।
प्रणमामि गुणात्परनामधरं क्षरतारहितं मम चेष्टतरम् ॥

અર્થ : મૂર્તિમાન, અસંખ્ય ઐશ્વર્યવાળા, શ્રી પુરુષોત્તમના દાસભાવવાળા, ક્ષરભાવથી રહિત, મને અત્યંત પ્રિય એવા, પરમધામરૂપ શ્રી ગુણાતીતાનંદ સ્વામી નામવાળા અક્ષરબ્રહ્મ ધામને હું પ્રણામ કરું છું.

વળી ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ, આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ વગેરેના મહિમાના શ્લોકો શ્રીજીમહારાજના સમયના સદ્‌ગુરુઓએ રચેલા પ્રસિદ્ધ છે. પરંતુ તેમાં કોઈને પણ અક્ષરબ્રહ્મ તરીકે વર્ણવ્યા નથી. સંપ્રદાયનું સાહિત્ય જેમ જેમ વિસ્તૃત થતું ગયું અને સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એ નિષ્ઠા જેમ જેમ પ્રવર્તતી ગઈ તેમ તેમ સ્વામીશ્રીના અક્ષરધામ સ્વરૂપના મહિમાના શ્લોકો રચાતા ગયા.

લોધિકા દરબાર શ્રી અભયસિંહજીએ 'પુરુષોત્તમ ચરિત્ર' નામનો ગ્રંથ છપાવીને પ્રસિદ્ધ કર્યો છે. આ ગ્રંથ ધર્મધુરંધર આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે તેમજ ધર્મધુરંધર આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે પોતાની સભામાં વંચાવી પ્રમાણ કર્યો છે. એટલું જ નહિ પરંતુ આ ગ્રંથની એક એક પ્રત બંને દેશના સાધુમંડળને ભેટ આપી છે અને ગામોગામ આ ગ્રંથની કથા પણ થાય છે. તેવા આ પ્રમાણભૂત ગ્રંથમાં પણ ગ્રંથકર્તાએ પ્રથમ સર્વ સદ્‌ગુરુઓની સ્તુતિ કરીને પછી સ્વામીશ્રીની સ્તુતિ કરતાં લખ્યું છે :

वंदुं गुणातीतानन्द स्वामी, जेही पर रीझे अंतर्यामी ।
भगवद्‌वार्ता सतत करही, ध्यान धर्मनन्दनको धरही ॥
उत्तम कुलमां धरी अवतारा, श्रीहरिकाज तज्यो संसारा ।
रखे धर्म पुनी धर्म रखावे, आदि हि अक्षर आप कहावे ॥

આ પ્રમાણે આદિ અક્ષર એટલે અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને કહ્યા છે.

ચતુર્થ સોપાન સમાપ્ત

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

પંચરત્ન



માનસ સરોવર અને હંસો

यदुक्तां सद्वार्तां भवभयहरां
श्रोतुमनिशं ।
समायन् सद्व्राता बहुजनपदेभ्यो
हरिजनाः ॥
मराला भूयांसः समुदमिव
सन्मानससरो ।
गुणातीतानन्दं मुनिवरमहं नौमि
सततम् ॥

જન્મ-મરણરૂપ સંસૃતિના ચક્રાવાનો નાશ કરનારી સ્વામીશ્રીની સદ્‌વાર્તા સાંભળવા માટે માનસ સરોવર પ્રત્યે જતા હંસોની પેઠે, દેશદેશાંતરથી ત્યાગીઓ તથા હરિભક્તો જે સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમ માટે આવતા હતા, તે મુનિઓમાં શ્રેષ્ઠ એવા શ્રી ગુણાતીતાનંદ સ્વામીને હું નિરંતર નમસ્કાર કરું છું.

સ્વામી અક્ષર છે એ વાતની જૂનાગઢમાં પ્રવૃત્તિ

વરતાલ છાવણીમાં શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની અદ્‌ભુત વાતો કરી, ઘણાના અંતરમાં એ નિષ્ઠા દૃઢ કરાવી, સ્વામીશ્રી ફરતાં ફરતાં જૂનાગઢ પધાર્યા.

સ્વામીશ્રી વરતાલ છ માસ રહ્યા તે દરમ્યાન જૂનાગઢનું મંદિર તેમણે સ્વામી રામદાસજીને સોંપેલું. તેઓ તથા સમાધિનિષ્ઠ સાધુ માધવચરણદાસજી બંનેએ ગોપાળાનંદ સ્વામીની પાસેથી 'સ્વામી અક્ષર છે' એ સંબંધી જે જે વાતો સાંભળી હતી તે તેઓ સભામાં કરવા માંડ્યા. તેમજ ભાદરાથી અવારનવાર ડોસાભાઈ, રત્નાભાઈ વગેરે ત્યાં આવતા. તેમની પાસે પણ શ્રીજીમહારાજ ભાદરા પધાર્યા ત્યારે સ્વામીના મહિમાની જે વાતુ મહારાજે તેમને કરી હતી, તે બધી વાતુ સભામાં તેઓ કરાવતા. આથી સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે એ નિષ્ઠા સંવત ૧૯૧૨ની સાલથી ધીરે ધીરે જાહેરમાં પ્રવર્તતી ગઈ. સ્વામીના આ સ્વરૂપ જેમણે સંબંધી વાતો સાંભળી હતી તેમણે, સ્વામી જ્યારે વરતાલથી જૂનાગઢ પધાર્યા ત્યારે સ્વામીને પૂછી જોઈ. પરંતુ સ્વામી તો અંતરનું જાણતા તેથી જેઓ તેમની વાત માને તેવા હતા તેમને સત્ય વાત સમજાવી દીધી અને જેમને કાંઈક શંકા જેવું રહેતું તેમને તેમની રુચિ અનુસાર જવાબ આપ્યો.

આ જ અરસામાં જૂનાગઢના દીવાન હરિદાસજી ચાર ધામની યાત્રાએ જવાના હતા તેથી સ્વામીનાં દર્શન કરવા અને આશીર્વાદ લેવા મંદિરમાં આવ્યા. સ્વામીએ તેમને હસતાં હસતાં કહ્યું : "દીવાન સાહેબ ! તમે જાત્રાએ જાઓ ત્યારે તમારાં સગાંવહાલાં માટે કાંઈ લેતા આવો ખરા ને ?"

ત્યારે દીવાન સાહેબે કહ્યું : "હા, મહારાજ ! એ તો રિવાજ થઈ ગયો એટલે કાંઈનું કાંઈ લાવવું જ પડે."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "ત્યારે અમારા માટે કાંઈ ન લાવો ?"

આ પ્રશ્નથી દીવાન સાહેબને આશ્ચર્ય થયું. ધન અને સ્ત્રીના ત્યાગી, અત્યંત અપરિગ્રહવ્રતધારી આ સંત કોઈ દિવસ કોઈ પણ વસ્તુ કે પદાર્થ ન ઇચ્છે તે આજે આમ કેમ લલચાયા ! તેમની મૂંઝવણ જોઈ સ્વામી હસ્યા.

સ્વામીએ તેમને કહ્યું : "દીવાન સાહેબ ! મૂંઝાશો નહિ. અમારે તો

તમે ચાર ધામની જાત્રાએ જાઓ છો એટલે તે જાત્રાના સ્થળમાંથી ધન અને સ્ત્રીનો ત્યાગ કર્યો હોય એવો એક સાધુ જોઈએ છે.''

આ સાંભળી દીવાનનું હૈયું હેઠું બેઠું. તેને સ્વામીની આ માગણી પોતે સંતોષી શકશે એવી હિંમત આવી. તેણે કહ્યું : 'સ્વામી ! એવો સાધુ તો હું જરૂર લઈ આવીશ.'' સ્વામીએ તેમને આશીર્વાદ આપ્યા અને તેઓ જાત્રા કરવા નીકળી પડ્યા.[૧૧૧]

✧ ✧ ✧

રાધારમણદાસ સાધુ સ્વામીશ્રી સાથે અગાઉ વરતાલ ગયા હતા અને ત્યાં તેમને ઘેરો મંદવાડ થયો હતો. તેથી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું કે 'આ સાધુ હવે ધામમાં જશે.' પરંતુ સ્વામીની ઇચ્છા તેમને જૂનાગઢ લઈ જવાની હતી. તેથી તે વખતે સ્વામીના સંકલ્પથી તેઓ સાજા થઈ ગયા. જૂનાગઢ આવ્યા પછી ફરી ત્રણ વર્ષે તેમને મંદવાડ આવ્યો. તેમણે સ્વામી પાસે આવીને કહ્યું : ''સ્વામી ! હવે ધામમાં લઈ જાવ તો સારું.''

સ્વામીએ કહ્યું : ''હવે તૈયારી કરો. મહારાજ જરૂર ધામમાં લઈ જશે.'' ત્યાર બાદ ત્રણ-ચાર દિવસ પછી મહારાજ તેમને ધામમાં તેડી ગયા.

કોવૈયાના રાધા ભગત

સ્વામીશ્રીની ઉપદેશ શૈલી અદ્‌ભુત અને સચોટ હતી. વળી, શ્રીજીમહારાજ સાથેના અખંડ તાદાત્મ્યથી સ્વામીશ્રીના સ્વરૂપમાં ઘણા મુમુક્ષુઓ આકર્ષાતા અને સંસારનો ત્યાગ કરી સાધુ થવા તૈયાર થઈ જતા.

ગામ કોવૈયાના રાધો ભક્ત આવા તીવ્ર મુમુક્ષુ હતા. તેમને સંસાર સાલ બરાબર લાગતો. તેમણે એક દિવસ વિચાર કરીને ઘરના કોઈને કાંઈ કહ્યા સિવાય જૂનાગઢ તરફ પ્રયાણ કર્યું. અહીં આવી સ્વામીને તેમણે

૧૧૧. દીવાનજી જાત્રામાં બધે ફરીને ચાર મહિને જૂનાગઢ પાછા આવ્યા. ત્યારે સ્વામીએ તેમને પૂછ્યું : ''દીવાન સાહેબ ! અમારું સંપેતરું લાવ્યા ?''
દીવાનજીએ કહ્યું : ''સ્વામી ! તમારું સંપેતરું તો તમારે ઘેર જ છે. ચારે ધામ ફર્યો, પણ તમારા જેવા ધન-સ્ત્રીના સંપૂર્ણ ત્યાગી તો કોઈ જગ્યાએ મળ્યા નહિ. આપે આ સંપેતરાના નિમિત્તે મારી પણ રક્ષા કરી, કારણ કે સારાં પ્રવચનો કરનારા અને યોગ સાધવાવાળા ઘણાને મળ્યો, પણ મને તે કોઈનો તેમજ બીજા મતપંથનો ભાર પડ્યો નહિ.''

કહ્યું : ''મારે સંસારમાં રહેવું નથી.''

તે સાંભળી સ્વામી હસ્યા અને કહ્યું : ''રાધા ભગત ! તમારે તો સંસારમાં રહેવું નથી પણ માયા એવી ખીજી છે કે તમને સંસારમાં ફરી ઢસરડી જાશે.'' પરંતુ આ શબ્દોની ગંભીરતા રાધા ભક્તને તે વખતે તો ન સમજાણી.

અહીં તેમના ચાર પુત્રોએ વિચાર કર્યો કે આપણે ચાર દીકરા છીએ, વહેવાર સારો છે, છતાં બાપા મંદિરે જઈ બેસે તો લોકમાં આપણું ભૂંડું દેખાય. તેથી નાજો અને વિસામણ બે ભાઈએ બાપાની ભાળ કાઢવા ઠેઠ જૂનાગઢ જવા નક્કી કર્યું. તે વખતે સ્વામીએ રાધા ભક્તને કહ્યું : ''રાધા ભગત ! તમારે માટે ઘેરથી વહાર ચડી છે.''

એટલે રાધા ભક્તે પૂછ્યું : ''સ્વામી ! હું કોઈ બીજે ઠેકાણે વયો જાઉં ?''

ત્યારે સ્વામીએ હસીને કહ્યું : ''હજુ તો ઘેરથી નીકળ્યા છે, તે અહીં આવતાં બે દિવસ થશે.''

બે દિવસ બાદ નાજો અને વિસામણ જૂનાગઢ પહોંચ્યા. સ્વામી તે વખતે શકરીએ ટીંબે પાણા કપાવવા ગયા હતા. એટલે તે બંને ભાઈઓ મંદિરેથી સીધા ત્યાં ગયા. સ્વામીએ તેમને દૂરથી જોઈ કહ્યું : ''જુઓ, રાધા ભગત માટે વહાર આવી.''

એટલામાં તે બંને ભાઈઓ સ્વામી પાસે આવ્યા અને દંડવત્ કરી પાસે બેઠા. સ્વામીએ તેમને ઘણી વાતો કરી. પરંતુ તે વાતો સાંભળ્યા કેડ્યે નાજાએ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! મારા બાપ ક્યાં છે ? અમારે તેમને ઘેર તેડી જવા છે. લોકમાં અમારું ભૂંડું દેખાય કે ચાર દીકરા છતાં બાપ બાવો થઈ ગયો. માટે મારો બાપ બતાવો. નીકર હું અહીં મરીશ.''

એટલે સ્વામીએ રામચરણદાસને પૂછ્યું : ''આનો બાપ ક્યાં છે ?''

એટલે રામચરણદાસે કહ્યું : ''કાલે રાત્રે વંથળી ગયા છે.''

પછી સ્વામીએ વંથળી માણસ મોકલી રાધા ભગતને જૂનાગઢ બોલાવ્યા.

રાધા ભક્ત જૂનાગઢ આવ્યા એટલે સ્વામીએ તેમને કહ્યું : ''ભગત ! તમે ઘેર રહીને માળા ફેરવજો અને ભજન કરજો.'' એમ કહી સમજાવીને ઘરે મોકલ્યા.

રાધા ભક્તે ઘરે આવ્યા પછી નિયમ લીધો કે ઊભાં ઊભાં શ્રીજીના નામની માળા ફેરવવી પણ બેસવું તો નહિ જ. ભલે દેહ પડી જાય. એમ, ઊભા રહીને માળા ફેરવવા માંડ્યા એટલે થોડા દિવસ પછી લોહી પગમાં ઊતર્યું. પગની ચામડી ફાટી અને ઘારાં પડ્યાં. પરંતુ તે તો આનંદમાં ગુલતાન બનીને શ્રીહરિના મંત્રનો જાપ અખંડ ચાલુ જ રાખતા. દીકરાઓ ઘારાં ઉપરથી માખીઓ ઉડાડતા તો તેઓ કહેતા : "તમે ઉડાડશો મા, ભલે ઠોલે."

આ પ્રમાણે સ્વામી પ્રત્યેની અત્યંત આત્મબુદ્ધિથી જ્ઞાન અને વૈરાગ્યની પરાકાષ્ઠા પામી ગયા. આવા અભણ સમાજમાં પણ સ્વામીશ્રીના અદ્ભુત પ્રતાપથી આવી બ્રહ્મસ્થિતિવાળા ભક્તો પાકતા. ત્યાગ અને વિદ્વત્તાથી જે પુષ્પો પાંગરતાં નથી તે કેવળ આવા મોટા પુરુષની કૃપાથી પાંગરે છે. રાધા ભક્ત એવી અલૌકિક બ્રહ્મસ્થિતિને પામી શ્રીજીના ધામમાં વિરાજી ગયા.

સ્વામીની શુદ્ધ ચૈતન્ય બ્રહ્મસ્થિતિ અને શ્રીજીમહારાજનો અખંડ સંબંધ, આવી તેમની દિવ્યતાથી તેમને વિષે મુમુક્ષુ હરિભક્તોને સહેજે આત્મબુદ્ધિ થઈ જતી. તેમના સમાગમમાં જે કોઈ આવતા તેમને તેમની બ્રહ્મસ્થિતિનાં દર્શન થતાં અને તેથી પોતે પણ એવી સ્થિતિ સહેજમાં પામી જતા.

રેંથળના ગોવિંદ ભગત

રેંથળના લુહાણા ભક્ત ગોવિંદભાઈ સ્વામીનાં દર્શન અને સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા. સ્વામીની વાતો સાંભળી તેમને સ્વામી પ્રત્યે અતિ અપાર દિવ્યભાવ થઈ ગયો. તેમને અંતરમાં નિશ્ચય થયો કે જરૂર સ્વામીશ્રી દ્વારા શ્રીજીમહારાજ આજે સાક્ષાત્ દર્શન સમાગમનું સુખ આપી રહ્યા છે. તેમના જીવમાં આ ગ્રંથિ દૃઢ થઈ ગઈ તેથી તેમને સ્વામી જ્યારે વાતો કરતા ત્યારે જાણે સાક્ષાત્ શ્રીજીમહારાજ જ વાતો કરે છે તેવાં દર્શન થતાં. ધીરે ધીરે સ્વામીની વાતો સાંભળતાં તેમની દૃષ્ટિ નિરાવરણ થઈ ગઈ. સ્વામીના સ્વરૂપમાં તેઓ મહારાજ જ દેખવા લાગ્યા. તેથી બીજા હરિભક્તોને કહેવા લાગ્યા : "જુઓ, આંહીં સાક્ષાત્ મહારાજ વિરાજે છે. દર્શન કરી લ્યો."

પરંતુ જેમને ચર્મચક્ષુ હોય, તેમને આવી દિવ્ય દૃષ્ટિનાં દર્શન ક્યાંથી

થાય ? અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાને દિવ્ય ચક્ષુ આપ્યાં[૧૧૨] ત્યારે જ શ્રીકૃષ્ણમાં તેમને વિશ્વરૂપ દેખાયું. નહિ તો એ જ શ્રીકૃષ્ણને તે સખા, યાદવ માનતા હતા. આ જ્ઞાનચક્ષુ તો ભગવાન અથવા તેમના સ્વરૂપરૂપ સંતની કેવળ કૃપાથી જ આવે છે. જીવ માત્રમાં અંતર્યામીરૂપે રહેલા ભગવાન, જીવાત્મા શુદ્ધ બ્રહ્મસ્થિતિને પામે અને ભગવાનનું શરીર બને ત્યારે તેમાં સાક્ષાત્ નિવાસ કરીને રહે છે. તો જે અનાદિ બ્રહ્મ છે, ભગવાનનું શરીર છે તેમાં ભગવાન સર્વ પ્રકારે હોય તેમાં શું આશ્ચર્ય !

એક દિવસ સ્વામી ઠાકોરજીના સિંહાસન સન્મુખ થાંભલા સમીપે વિરાજમાન થયા હતા અને મહાપૂજા થતી હતી. તે વખતે ગોવિંદ ભક્ત ત્યાં બેઠા હતા. મહાપૂજામાં આરતી થતી હતી તે જોઈ તે એકદમ બોલ્યા : "મને આરતી કરવા દ્યો. અહીં મહારાજ વિરાજ્યા છે."

ત્યારે સ્વામીએ તેમને કહ્યું : "બોલશો નહિ. અમારી આરતી ન ઉતારાય." તો પણ તેમણે તો બોલવાનું ચાલુ જ રાખ્યું અને પૂજારીના હાથમાંથી આરતી લઈ સ્વામીની આરતી ઉતારવા લાગ્યા. તેથી સ્વામીએ પ્રથા વિરુદ્ધ આચરણ ન લાગે એટલે તરત જ પોતાના ખોળામાં મહારાજની મૂર્તિ રાખી.

બપોરે ચાર વાગે સભામાં સ્વામી વિરાજતા હતા તે વખતે ગોવિંદ ભગત ત્યાં આવ્યા અને સહુને કહેવા લાગ્યા : "જુઓ, આ શ્રીજીમહારાજ વિરાજે છે." ત્યારે સ્વામીએ જાગા ભક્ત તથા બીજા હરિભક્તોને કહ્યું : "આ ભક્ત ગાંડાની પેઠે બોલે છે માટે તેને ભંડકમાં પૂરી દ્યો."

પછી તેને ભંડકમાં પૂરી દીધા અને બહાર તાળું વાસી દીધું. પરંતુ બીજી જ ક્ષણે તે ભક્ત ભંડકમાંથી નીકળીને સભામાં સ્વામી સન્મુખ આવીને બેઠા. તેને જોઈ સ્વામીએ બીજા હરિભક્તોને કહ્યું : "આને ભંડકમાં કેમ પૂરી દીધા નથી ?"

એટલે તે હરિભક્તોએ કહ્યું : "સ્વામી ! હમણાં જ ભંડકમાં પૂરીને અમે અહીં આવ્યા. પરંતુ તે તો અમારી મોર અહીં આવી ગયા !" તે સાંભળી સ્વામી હસ્યા.

બીજે દિવસે જેતપુરના હરિભક્તો પોતાને ઘેર જતા હતા, તેમને

૧૧૨. दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥ ગીતા ૧૧-૮.

સ્વામીએ કહ્યું : "આને તમારી સાથે લઈ જશો ?"

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! અમે આ ગાંડાને કેમ સાચવીએ ? અમારે હાથ તે રહે નહિ." તે સાંભળી સ્વામી હસ્યા. લોકોને ગાંડા દેખાતા આ ભક્ત સ્વામીના સ્વરૂપમાં સંલગ્ન થઈ તેમનામાં શ્રીજીને દેખવાની જ્ઞાનદૃષ્ટિ પામ્યા હતા. પરંતુ આ લોકને મળતી ક્રિયા તેમનામાં ન દેખાય એટલે ગાંડા જ કહેવાય ને ?

સ્વામીએ ધીરે રહીને કહ્યું : "આ દરવાજા બહાર તે નીકળશે કે તરત જ તેનું ગાંડપણ મટી જશે." એટલે તે હરિભક્તો તેમને લઈ જવા કબૂલ થયા. પછી સ્વામીના વચન મુજબ મંદિરના દરવાજા બહાર ગયા કે તરત જ તેમની નિરાવરણ દૃષ્ટિ સ્વામીએ ખેંચી લીધી. લોકમાં મળતું રખાવવા માટે, અનેક જીવોને તેની ક્રિયાથી અભાવ ન આવે તે માટે, સ્વામીએ સંકલ્પ કરી, તેમને સાધારણ ભક્ત જેવા બનાવી દીધા.

બાપુ રતનજી સ્વામીના સમાગમમાં

આ જ અરસામાં શ્રીજીમહારાજના અનન્ય સેવક અને પાર્ષદ, બાપુ રતનજી જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા આવ્યા હતા. સ્વામી પ્રત્યે તેમને અતૂટ હેત હતું. એટલે સ્વામીનો સમાગમ કરવાનો લાભ તેઓ જવા દેતા ન હતા. આ વખતે પણ સ્વામીનાં દર્શન અને સેવા-સમાગમનો લાભ તેમણે લીધો. પછી વરતાલ જવા તૈયાર થઈ સ્વામી પાસે આવી સ્વામીને પગે લાગ્યા અને કહ્યું : "ઘણા દિવસનો સંકલ્પ હતો કે આપનાં દર્શન અને સમાગમનો લાભ લેવો તે આ ફેરે પૂરો થયો. જેવો મહારાજે આપનો મહિમા કહ્યો હતો એવા જ આપને મેં જાણ્યા છે. માટે હવે આ છેલ્લીવારનાં દર્શન કર્યાં, લાભ લીધો ને કોઈ ખામી હોય તો ભાંગી નાખજો અને સદા દૃષ્ટિ રાખજો."

તેમની આવી મહિમાપૂર્ણ અને નમ્ર વાણી સાંભળી, સ્વામીએ તેમને કહ્યું : "તમે તો મહારાજની ભેગા બહુ રહ્યા છો અને મહારાજની સેવા કરી રાજી કરી લીધા છે. મહારાજે પણ તમારી માન વિનાની ભક્તિની પ્રશંસા કરી છે. માટે હવે તો તે મૂર્તિ સામું જ જોઈ રહો અને તેમાં જ ચિત્ત ચોડી દ્યો."

ત્યારે બાપુએ કહ્યું : "મહારાજ તો તમારા દ્વારાય અખંડ રહ્યા છે એમ નજરે દેખાય છે. માટે મારી સંભાળ હવે તમે રાખજો." એટલું કહી સ્વામીને પગે લાગી, રજા માગીને ચાલી નીકળ્યા.

સ્વામીને કદી ઓશિયાળા કરશો નહિ

બાપુને વળાવવા કેટલાક હરિભક્તો લોલ નદી સુધી ગયા. તેમને સૌને બાપુએ ત્યાંથી પાછા વાળ્યા. પણ જાગા ભક્ત તો આગળ ચાલ્યા. થોડે દૂર જઈને તેમણે બાપુને હાથ જોડી પૂછ્યું : "બાપુ ! તમે મહારાજ ભેળા બહુ રહ્યા છો અને મહારાજ પાસેથી ઘણી જ્ઞાનવાતો સાંભળી છે તો મને એવી જૂની રહસ્ય વાતો કરો."

તે સાંભળી બાપુ ઊભા રહ્યા. પછી ધીરેથી કહ્યું : "જાગા ભક્ત ! વાતોના કરનારા તો તમારા જૂનાગઢમાં જ છે અને એ વાતોના ઝીલનારા પણ તમ જેવા મુક્તો અહીં જ છે. મેં તો અહીં આવી સ્વામીને જોયા અને જેવા મહારાજે કહ્યા હતા તેવા જાણ્યા. મહારાજ ઘણી વાર કહેતા કે આ ગુણાતીતાનંદ સ્વામી જેવા કોઈ સમર્થ સાધુ નથી. બીજા કેટલાય અનાદિ મુક્તો મહારાજ સાથે પધાર્યા હતા પણ તેમની મોટપ અક્ષર તુલ્ય તો નથી જ. આ સ્વામીની મોટપ તો આગળ જણાશે. માટે સ્વામી કહે છે તે છેલ્લી રહસ્યની વાત સમજી લેવી. મોક્ષની એ જ વાત છે. માટે એમને તમે કદાપિ ઓશિયાળા કરશો નહિ. એમના દાસના દાસ થઈ એમના ઓશિયાળા રહેજો પણ સ્વામીને કદી ઓશિયાળા કરશો નહિ."

એટલી વાત કરીને બાપુ થોડું અટક્યા. પછી વળી બોલ્યા કે "શ્રીજીમહારાજ છતાં સત્યુગ વર્તતો હતો એટલે કામના અને ઊંઘના સંકલ્પો કોઈને થાતા નહિ. સ્વામી પાસે પણ એવો સત્યુગ વર્તે છે એ મેં નજરે જોયું. માટે નિયમ ધર્મ દૃઢ પાળી સ્વામીને રાજી કરશો તે સાક્ષાત્ શ્રીજીમહારાજ રાજી થયા છે એમ માનજો."

એટલું કહીને જાગા ભક્તને આશીર્વાદ આપી પાછા વળવા કહ્યું અને પોતે આગળ ચાલી નીકળ્યા.

✧ ✧ ✧

માણસ છે તે જનાવરનું ખાણું ખાય તે કેવું ?

સ્વામી વસંતનો ઉત્સવ કરી સોરઠમાં ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં સ્વામી માળિયે પધાર્યા. ઘણા હરિભક્તોનો સંઘ સ્વામીની સાથે હતો. વળી, આગલા ગામના હરિભક્તો પણ સ્વામીને વળાવવા આવતા. તેથી હરિભક્તોનો સમૂહ વધતો જતો હતો. સ્વામી ચાલતાં ચાલતાં પણ વાતો કરતા હતા. સ્વામી ગામમાં આવ્યા અને ચોકમાં લીંબડા પાસે આવ્યા ત્યાં રામો હાટી બેઠા હતા.

સ્વામીએ તેને કહ્યું : "રામા હાટી ! મોતૈયા લાડુ અને સાટા જલેબી સાવજને નાખીએ તો તે ખાય ?"

ત્યારે તેણે કહ્યું : "ના, મહારાજ એ એનું ખાણું નહિ. એ તો એનું ખાણું જ ખાય."

ત્યારે સ્વામીએ કહ્યું : "જનાવર છે તે પણ માણસનું ખાણું ન ખાય ને માણસ છે તે જનાવરનું ખાણું ખાય તે કેવું કહેવાય ? વળી ન પીવાનું પીએ અને ન ખાવાનું ખાય તે કાંઈ માણસનાં લક્ષણ કહેવાય ?"

રામો હાટી બધાં લક્ષણે પૂરા હતા. પરંતુ સ્વામીની આ વેધક વાણી તેમના હૃદયસોંસરી એકદમ ઊતરી ગઈ. તેણે તરત જ હાથ જોડી કહ્યું : "સ્વામી ! હું મૂકી દઉં."

તરત જ પ્રતિજ્ઞા લીધી અને ત્યાં જ તેણે સ્વામી પાસે વર્તમાન ધરાવ્યાં.

આપ જેવા ઓલિયા પુરુષ માટે શું આપી ન શકાય ?

સ્વામીશ્રી ફરતાં ફરતાં ધોરાજી પધાર્યા. અહીં મંદિરની નજીક ગામનો ગઢ છે. પાડોશમાં રહેનાર ખીમાણી ગરાસિયાને હલાણનો (ચાલવાનો) બીજો રસ્તો ન હોવાથી તેઓ બધા ગઢ ઉપર થઈને ચાલતા. સાધુઓ મંદિરના ફળીમાં ઊભા હોય અને બૈરાંઓ ગઢ ઉપરથી જાય તે દેખાય તે સ્વામીને ઠીક ન લાગ્યું. તેથી સ્વામીએ કારભારી માધવજીભાઈ દવેને કહ્યું : "આ રસ્તો કોઈ રીતે બંધ થાય તો સારું. કારણ બાઈઓ અહીંથી નીકળે તે સાધુઓ માટે સારું નથી."

એટલે માધવજીભાઈએ તરત જ એ રસ્તો બંધ કરાવી દીધો અને

મંદિરના ભંડારની પાછળ રસ્તો કાઢી આપ્યો.

એક વખત સ્વામી ધોરાજીમાં માધવજીભાઈને ઘેર હતા. ત્યાં એક મુસલમાન આવ્યો. સ્વામીનાં તેણે દર્શન કર્યાં અને તરત જ બોલવા મંડી પડ્યો : ''અરે, આ ઓલિયા પુરુષ છે, ખાસ ખુદાતાલાના હજૂરી છે.''

એમ અનેક શબ્દોથી સ્વામીની પ્રશંસા કરવા લાગ્યો. પછી તે ઘેર ગયો. ત્યારબાદ સ્વામીએ સભામાં વાત કરતાં કહ્યું : ''હવે આ મુસલમાનને કોઈનાં વખાણ કરવાં મટી ગયાં, અર્થાત્ તેનો છેલ્લો જન્મ થઈ ગયો.''

તે સાંભળી માધવજીભાઈ દવેએ સ્વામીને કહ્યું : ''સ્વામી ! એને તો વખાણ કરવાની ટેવ છે એટલે જેનાં તેનાં વખાણ કર્યા કરે છે.''

તે સાંભળી સ્વામી હસ્યા અને કહ્યું : ''ના, એ ઠાલા વખાણ નથી. બીજાનાં વખાણ કરવાની ભલે એની ટેવ હોય પણ આજે તો એને સાચા પુરુષ હાથ આવી ગયા એટલે એની વખાણ કરવાની ટેવ તે કામ આવી ગઈ. આજે એનું કલ્યાણ થઈ ગયું.''

પછી સ્વામી ત્યાંથી મંદિરે પધાર્યા.

બીજે દિવસે સ્વામીએ માધવજીભાઈને બોલાવ્યા અને કહ્યું : ''માધવજીભાઈ ! આ કૂવા પાસે વંડી છે તે કાંઈક નીચી છે એટલે સાધુઓ મંદિરમાં બેઠા, રસ્તે ચાલનાર માણસો દેખાય તે ઠીક નહિ. માટે થોડી ઊંચી કરાવીએ તો ઠીક.''

તે સાંભળી માધવજીભાઈને થયું કે આજે ખરો લાગ આવ્યો છે. કાલે પેલો મુસલમાન સ્વામીનાં વખાણ કરી ગયો તેને જ બોલાવીએ. એમ વિચારી તેમણે કહ્યું : ''સ્વામી ! એ વંડી ઊંચી કરાવીએ પણ ચૂનો અને પથ્થર પેલા મુસલમાન પાસેથી મંગાવીએ. કારણ તેને કારખાનું ચાલે છે.''

એટલે સ્વામીએ તરત જ તેને બોલાવવા માણસ મોકલ્યો. તે મુસલમાન તરત મંદિરે આવ્યો. એટલે સ્વામીએ તેને કહ્યું : ''અમારે થોડાં બેલાં અને ચૂનો આ વંડી ઊંચી કરવા જોઈએ છે તો આપશો ?''

ત્યારે તેણે તરત જ હાથ જોડીને કહ્યું : ''અરે, મહારાજ ! આ શું બોલ્યા ? મારું જે છે તે બધું આપનું જ છે. આપ જેવા ઓલિયા પુરુષ માટે શું ન આપી શકાય ?''

તે સાંભળી સ્વામી તેના ઉપર બહુ જ રાજી થયા. પછી રણછોડ ભક્ત તથા જાગા ભક્ત અને બીજા કેટલાક હરિભક્તોને સ્વામીએ તેને કારખાને માલ લેવા મોકલ્યા. તે માલ આવ્યો એટલે વંડી ઊંચી ચણી લીધી.

પછી સ્વામીએ માધવજીભાઈને કહ્યું : "જુઓ, અમે નહોતા કહેતા કે એ ઠાલાં વખાણ કરતો નથી. એ એના જીવમાં છે."

ત્યારે માધવજીભાઈએ હાથ જોડી કહ્યું : "સ્વામી ! એ તો આપની દૃષ્ટિથી જ જીવ પવિત્ર થઈ જાય છે અને ભગવાનની ભક્તિ તરફ વળે છે."

આ વાગડિયા કણબી પણ સત્સંગી થશે

એક દિવસ સ્વામી ધોરાજીના મંદિરમાં બેઠા હતા તે વખતે હરજીવન દવેએ આવી સ્વામીને કહ્યું : "સ્વામી ! આ ગામમાં કોઈ સારા માણસ નથી, કાંઈ આજીવિકા મળતી નથી. આ ગામના વાગડિયા કણબી અમને પૂરો લોટ પણ નથી આપતા તેથી પૂરું થતું નથી અને મહાદુઃખ જેવું છે."

તે સાંભળી સ્વામીએ કહ્યું : "એવું હોય તો આ ગામમાં તમારે ન રહેવું અને બીજે જ્યાં સારું હોય ત્યાં રહેવા જવું."

આ વાતની તેના ભાઈ હીરજી દવેને ખબર પડી. એટલે તે તરત જ સ્વામી પાસે મંદિરમાં આવ્યા અને કહ્યું : "સ્વામી ! આ ગામ તો બહુ સારું છે અને વાગડિયા કણબી તો અમારા યજમાન જેવા છે. અમને આ ગામમાં બહુ અનુકૂળતા છે."

એ વાત સાંભળીને સ્વામી હસ્યા અને પછી કહ્યું : "એ તો પેલા ડોસાએ અમારી આગળ દુઃખ ગાયું તેથી અમે તેને કહ્યું કે અહીં ન રહેવું. પણ જો તમને સાનુકૂળ હોય તો અહીં જ રહેવું અને બીજે જવું નહિ. અહીં તમે સુખી થશો અને આ બધા વાગડિયા કણબી પણ સત્સંગી થશે અને સુખી થશે." આ પ્રમાણે સ્વામીએ આશીર્વાદ આપ્યા એટલે તે કુટુંબ ત્યાં જ રહ્યું અને સૌ સુખી થયા. તેમને યોગે વાગડિયા કણબીને પણ આશીર્વાદ મળ્યો. તેથી તેઓ પણ સત્સંગી થયા અને સુખી થયા.

બીજે દિવસે હીરજી દવેએ સ્વામીની પધરામણી પોતાને ઘેર કરી. શ્રીજીમહારાજના પ્રસાદીના પીપળાવાળે ઘેર સ્વામી પધાર્યા. ત્યાં સંતો કીર્તનો બોલ્યા. હીરજી દવેએ સ્વામી તથા સૌ સંતોની ચંદન, પુષ્પાદિક વડે

પૂજા કરી અને ધોતિયાં ઓઢાડ્યાં. ત્યારબાદ બીજા હરિભક્તોને ત્યાં પણ સ્વામીની પધરામણી થઈ.

ત્યાર બાદ સ્વામીશ્રી ખીમાણી ગરાસિયાઓની ડેલીએ પધાર્યા. અહીં શ્રીજીમહારાજની લીલાની ઘણી વાતુ કરી. પછી ત્યાંથી નીકળી સૌ સંતો સાથે શ્રીજીમહારાજના પ્રસાદીના લાલ વડે પધાર્યા. અહીં કૂવે સ્નાન કર્યું. પછી લાલ વડ હેઠે બેઠા અને મહારાજની લીલાના અદ્‌ભુત પ્રસંગો કહ્યા, ત્યાર બાદ મંદિરે પધાર્યા.

સ્વામિનારાયણને શા આધારથી ભગવાન કહો છો ?

સ્વામીશ્રી મંદિરે પધાર્યા તે વખતે કેટલાક વિદ્વાન બ્રાહ્મણો સ્વામીશ્રી સાથે ચર્ચા કરવા મંદિરમાં આવ્યા. તેમને સ્વામીએ પ્રેમથી આવકાર આપી બોલાવ્યા અને સામેના આસન ઉપર બેસવા કહ્યું. તેઓ સ્વામી સન્મુખ બેઠા. પરંતુ કોઈક વિદ્વત્તાના અભિમાનમાં અને કોઈક સ્વામિનારાયણના સાધુ પ્રત્યેના રાગદ્વેષના ભાવથી, ઉચ્છૃંખલભાવે સ્વામીને પ્રશ્નો પૂછવા લાગ્યા : ‘‘તમે કોના સાધુ છો ? તમારો કયો સંપ્રદાય છે ? તમે સ્વામિનારાયણને શા આધારથી ભગવાન કહો છો ? તમારે કોની ઉપાસના છે ?’’

આ પ્રમાણે એકધારા પ્રશ્નો પૂછી સ્વામીને મૂંઝવવા તેમણે પ્રયત્ન કર્યો. પરંતુ ક્યાં અક્ષરબ્રહ્મ-બ્રહ્મવિદ્યાના જ્ઞાનનું મૂળ અને ક્યાં આ શુષ્ક જ્ઞાનના અભિમાની બ્રાહ્મણો ! સ્વામીશ્રી તેમના અંતરનો અભિપ્રાય સમજી ગયા. પછી તેમના પ્રશ્નોના ઉત્તર કરતાં સ્વામી હસતાં હસતાં બોલ્યા : ‘‘સાંભળો, વિદ્વાનો ! અમે સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ, અમારો સંપ્રદાય સ્વામિનારાયણે સ્થાપ્યો છે અને તે ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે. અમારી વૈષ્ણવી દીક્ષા છે અને તે પ્રવર્તાવનારા સ્વામિનારાયણ ભગવાન છે. સ્વામિનારાયણ પોતે સ્વયં ભગવાન છે, સર્વ કારણના કારણ છે, સર્વના પ્રેરક અને પ્રવર્તક છે; સર્વોત્તમ અને સર્વોપાસ્ય છે. સદા દિવ્ય સાકાર મૂર્તિ છે અને અક્ષરધામના પતિ છે. એ ભગવાનની અમારે ઉપાસના છે.’’

સ્વામીશ્રીની આવી દૃઢતાપૂર્વકની એકધારી વાણી સાંભળી, બ્રાહ્મણો દબાયા. સ્વામીએ તો તેમના માનને મોડવાનું ચાલુ જ રાખ્યું. તેમણે કહ્યું :

'સ્વામિનારાયણ ભગવાન છે એવા શાસ્ત્રના ઘણા આધારો છે. ભગવાનના અવતાર ચોવીસ અથવા દસ જ હોય એવો કોઈ શાસ્ત્રનો અબાધિત નિયમ નથી. આપણી કે શાસ્ત્રકારોની માન્યતા પ્રમાણે જ અવતાર લેવા ભગવાન કાંઈ બંધાતા નથી. એ તો સ્વતંત્ર છે અને પોતાની ઇચ્છા પ્રમાણે અનેકરૂપે અવતાર ધારણ કરે છે. શ્રીમદ્ ભાગવતમાં સૂતપુરાણીએ શૌનકાદિક ઋષિઓ પ્રત્યે કહ્યું છે : अवतारा ह्यसंख्येया हरेः । અને એ પ્રમાણે દ્વિતીય સ્કંધમાં તથા દશમ સ્કંધમાં બ્રહ્માએ ભગવાનના અવતારો અસંખ્ય કહ્યા છે. શ્રીકૃષ્ણે ગીતામાં પણ કહ્યું છે કે बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन । આ પ્રમાણે ભગવાને પણ પોતાના અવતારો અસંખ્ય હોવાનું કહ્યું છે તો પછી ચોવીસ કે દસ અવતારોનો નિયમ સમજવો એ ભ્રમ છે. માટે એ ભ્રમનો ત્યાગ કરીને, ભગવાનને ઓળખી, મુમુક્ષુઓએ તેમની ઉપાસના કરવી. સ્વામિનારાયણ એ આ સમયમાં સાક્ષાત્ ભગવાન છે અને મુમુક્ષુઓએ પોતાના કલ્યાણ કરવા માટે આશ્રય કરવા યોગ્ય છે. પ્રકટ ભગવાનની ઓળખાણ કે તેમના સંબંધ વિના અનેક જન્મોથી જીવને જે મહામોહ વળગ્યો છે તે છૂટતો નથી. વળી, કેવળ જ્ઞાનથી પણ એ મોહ ટળતો નથી. વલ્લભાચાર્યે પણ કહ્યું છે કે :

भक्तानामेव निस्तारः कृतः कृष्णेन संसृतेः ।
अतो न रोधो भक्तानां प्रपंचस्येति निश्चयः ॥

ભગવાન પણ ભક્તોનો જ ઉદ્ધાર કરે છે. જેઓ તેમનો આશ્રય લે તેમનો જ ભગવાન ઉદ્ધાર કરે છે. જેમ यावद्बह्निः स्थितो वह्निः प्रकटोऽन्तर्विशेन्नहि । तावदन्तः स्थितोऽप्येष नदारुदहनक्षमः ॥ જ્યાં સુધી બહાર રહેલો પ્રગટ અગ્નિ કાષ્ટમાં પ્રવેશ ન કરે, ત્યાં સુધી એ કાષ્ટમાં રહેલો અગ્નિ તે કાષ્ટને બાળી શકતો નથી. એ પ્રમાણે :

एवं सर्गततो विष्णुः प्रकटश्चेन्न तद्विशेत् ।
तावन्न लीयते सर्वमिति कृष्णसमुद्यमः ॥

સર્વાન્તર્યામી એવા વિષ્ણુ ભગવાન સર્વ જીવમાં રહ્યા છે. પરંતુ જ્યાં સુધી પૃથ્વી ઉપર મનુષ્ય જેવા થઈને પ્રગટ ન થાય અને દર્શન ન આપે તથા જ્ઞાન દ્વારા ભક્તોના અંતરમાં પ્રવેશ ન કરે, ત્યાં સુધી તે અંતર્યામી ભગવાન વડે જીવોને વળગેલા અનાદિ અજ્ઞાનનો નાશ થાય નહિ. માટે

ભગવાન મનુષ્યરૂપે થઈને જ્ઞાન આપી જીવનું અજ્ઞાન હરે છે.

શ્રુતિ પણ કહે છે : ऋते ज्ञानान्न मुक्तिः । પ્રકટ ભગવાનના સ્વરૂપના જ્ઞાન વિના મોક્ષ થતો નથી. तमेवविदित्वातिमृत्युमेति नान्यः पन्थाः विद्यतेऽयनाय । પ્રકટ ભગવાનને જાણીને, તેના આશ્રય વિના મોક્ષનું બીજું કોઈ સાધન જ નથી. માટે આજે સ્વામિનારાયણ પ્રકટ થયા છે. તે અનેકના મોક્ષ કરે છે. શ્રીમદ્ ભાગવતમાં ભગવાનના ઓગણચાલીસ કલ્યાણકારી ગુણ બતાવ્યા છે. વાયુ પુરાણમાં છ ગુણ[૧૧૩] બતાવ્યા છે તેમજ अपहतपाप्मः વગેરે છ ગુણો પણ બતાવ્યા છે. તેમજ બીજા પણ शरण्यत्व, ब्रह्मण्यत्व વગેરે ગુણો કહ્યા છે. તે બધા ગુણો જ્યારે ભગવાન પ્રકટ થાય ત્યારે તેમનામાં હોય છે. જે વિદ્વાન હોય તે, તે તે ગુણો ભગવાનમાં જોઈ તેમનો આશ્રય કરે છે.

સ્વામિનારાયણ ભગવાનમાં આ બધા ગુણો છે અને અમે તે પ્રત્યક્ષ જોયા છે અને તમને પણ કહીએ છીએ કે સ્વામિનારાયણ આજે પ્રગટ ભગવાન છે અને જેને મોક્ષ મેળવવાની ઇચ્છા હોય તેણે તેમનો આશ્રય લેવો જોઈએ. સ્વામિનારાયણ ભગવાને પોતે પણ કહ્યું છે કે ‘દૂસરા જો અવતાર હૈ સો કાર્યનિમિત્ત હૈ ને હમારા અવતાર હૈ સો તો જીવુકા અનાદિ અજ્ઞાનકા નાશ કરનેકે વાસ્તે હૈ ને આત્યંતિક મોક્ષ કરનેકે લિયે હૈ.’ માટે પોતે સાક્ષાત્ ભગવાન છે. તેમના આશ્રયથી સેંકડો અને હજારો હરિભક્તોને અષ્ટાંગ યોગના અભ્યાસ વિના સમાધિ થાય છે તે સર્વ બીજા મનુષ્યો પણ દેખે છે. વળી, અંતકાળે પોતાના ભક્તોને સ્વામિનારાયણ ભગવાન પોતાના પાર્ષદો સાથે દિવ્ય વિમાનો લઈ તેડવા પણ આવે છે. તે પણ ભક્તો તથા અભક્તો દેખે છે. માટે સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે.

આ બ્રહ્માંડના અધિપતિ વિરાટ પુરુષે પોતાનાં પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ ચઢતાં સુધી સ્તુતિ કરી ત્યારે આ સ્વામિનારાયણ ભગવાન આ લોકમાં પધાર્યા છે. જે પ્રવૃત્તિધર્મના આચાર્ય હોય છે તે પણ ધર્મનું સ્થાપન કરે છે ત્યારે આ સ્વામિનારાયણ તો સ્વયં ભગવાન છે તે શું ન કરે ? એ તો દીક્ષા આપે અને સંપ્રદાય પણ સ્થાપે.”

---

૧૧૩. सर्वज्ञता[१]तृप्ति[२]रनादिबोधः[३] स्वतंत्रता[४] नित्यमलुप्तदृष्टिः[५] ।
अनंतशक्ति[६]श्च विभोर्विभुज्ञाः षडाहुरङ्गानि महेश्वरस्य ॥

આ પ્રમાણે સ્વામીએ ઘણી વાતો કરી તે સાંભળી સર્વ વિદ્વાનો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. પછી તેમણે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! આપ કહો છો તે બધું સત્ય છે.'' એ પ્રમાણે કહી સ્વામિનારાયણ ભગવાનની જય બોલાવી ઊઠ્યા.

સ્વામીશ્રી ઉપલેટામાં

ધોરાજીથી સ્વામીશ્રી સંતો સાથે નીકળી ઉપલેટા પધાર્યા. અહીં ઉત્તરાદા બારના જૂના મંદિરમાં ઉતારો કર્યો. અહીં મુમુક્ષુ હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવતા અને સ્વામી તેમને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મની તેમજ શ્રીજીમહારાજનાં દિવ્ય લીલાચરિત્રોની ઘણી વાતો કરતા. તે સાંભળી ત્યાંના હરિભક્તો ખૂબ જ રાજી થયા.

એક દિવસ ત્યાંના આહીર ભક્ત લક્ષ્મણભાઈ તથા નારણભાઈએ સ્વામીશ્રીને પોતાના શેરડીના વાઢે પધારવા વિનંતિ કરી. તેમનો શેરડીનો વાઢ ભાયાવદરને માર્ગે હતો. સ્વામીશ્રી સંતમંડળ સાથે પધાર્યા. સ્વામીએ ત્યાં કૂવે સ્નાન કર્યું અને પછી એક પીપરના વૃક્ષ નીચે ધાબળી પાથરી આપી તે ઉપર પોતે વિરાજમાન થયા. તે વખતે હરિભક્તો બાજરાનો પોંક અને ચીભડાં લાવ્યા. ઠાકોરજીને આ મેવો ધરાવી, પોતે થોડું જમ્યા અને પ્રસાદ સૌ હરિભક્તોને વહેંચી દીધો. પછી લક્ષ્મણભાઈ સ્વામી પાસે આવ્યા અને સ્વામીને પ્રાર્થના કરતાં કહ્યું : ''સ્વામી ! માબાપ ! આ વાઢ કર્યો છે પણ કૂવામાં પૂરતું પાણી નથી. એટલે કાંઈક દયા કરો તો પાણી થાય. નહિ તો પાણીની તાણથી વાઢ બગડી જશે.''

એટલે સ્વામીએ કહ્યું : ''વાઢમાં ઠાકોરજીનો ભાગ રાખજો, અને પૃથ્વી કાંઈ પાણી વગરની હોય નહિ.'' એ પ્રમાણે કહી સ્વામી મંદિરે પધાર્યા. સ્વામીએ તેમને આજ્ઞા કરી તેથી તેમણે વાઢમાં ઠાકોરજીનો ભાગ રાખ્યો. સ્વામીના આશીર્વાદથી તેમના કૂવામાં પાણી ઘણું થયું.

ઉપાસના નથી એટલે જ્ઞાન ઊલટું દુઃખરૂપ છે

તે વખતે ભાયાવદરથી નાગર હરિભક્ત મયાશંકરભાઈ સ્વામીને તેડવા આવ્યા. એટલે સ્વામી સંતમંડળ લઈને તેની સાથે ભાયાવદર પધાર્યા. અહીં

મંદિરમાં ઠાકોરજીના સિંહાસનના પૂર્વ ભાગમાં સ્વામીશ્રીએ આસન રાખ્યું. અચિંત્યાનંદ બ્રહ્મચારી પણ સાથે હતા. તે પણ પાસે બેઠા. મંદિરમાં સ્વામિનારાયણના સાધુ આવ્યા છે તે જાણી, ગામનો પટેલ રવજી લાખાણી જે બ્રહ્મજ્ઞાની હતો તે મંદિરમાં આવ્યો. સ્વામીશ્રીને તથા સૌ સંતોને પગે લાગી તે સામો બેઠો. પછી તેણે બ્રહ્મચારીને પ્રશ્ન પૂછ્યો : ''પચીશ તત્ત્વોનાં નામ તથા તેનું પૃથક્ પૃથક્ સ્પષ્ટ વિવેચન કરી બતાવો.''

એટલે અચિંત્યાનંદ બ્રહ્મચારીએ ચોવીસ તત્ત્વ, પચીશમો આત્મા અને છવ્વીશમા પરમાત્મા એમ સમજાવી તેનું પૃથક્ પૃથક્ વિવેચન કરી બતાવ્યું. તે સાંભળી તે પ્રસન્ન થયો અને બ્રહ્મચારી મહારાજની પ્રશંસા કરવા લાગ્યો. ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''પટેલ ! આ તો તમે ધ્રો ખોદીને ખેતર ચોખ્ખું કર્યું. તેમાં હજુ મોલ વાવવો તો બાકી છે. જો મોલ ન વાવો, તો ખેતર ચોખ્ખું કર્યાની મહેનત માથે પડે.'' તે સાંભળી પટેલ હસતાં હસતાં સ્વામીને પગે લાગીને ઊઠી ગયા.

તે ગયા પછી સ્વામીશ્રીએ સૌ ત્યાગી સત્સંગીઓને કહ્યું : ''રવજીના જેવું જ્ઞાન જો ભગવાનના ભક્તને હોય તો તેને ત્રણ દેહ તથા ત્રણ અવસ્થાથી નોખું રહેતાં આવડે, અને સુખિયા રહેવાય ને દેશકાળ પણ ન લાગે. પરંતુ એને ઉપાસના નથી એટલે તે જ્ઞાન તેને તો ઊલટું દુઃખરૂપ છે. આ 'વચનામૃત'માં બધુંય જ્ઞાન ભર્યું છે, પણ પોતાની મેળે ન સમજાય. એ તો મોટાની કૃપા થાય તો સમજાય.''

કોઈ એનું માથું કાપશે તો પાછું સંધાઈ જશે

બીજે દિવસે પટેલ હીરો રામાણી તેના દીકરા ઠાકરસીને તેડીને આવ્યો. સ્વામીશ્રીને પગે લગાડીને તેણે કહ્યું : ''સ્વામી ! આ દીકરાને તાવ આવ્યા કરે છે અને માંદો આળસતો નથી. મારે આ એક જ દીકરો છે, તો કાંઈ દયા કરો તો ઠીક.''

એટલે સ્વામીશ્રીએ તે દીકરા તરફ કરુણા કટાક્ષે જોયું અને તેના માથા ઉપર હાથ મૂકીને કહ્યું : ''જા, આ તારો દીકરો સાજો થઈ જાશે. નેવું વર્ષ સુધી એનું માથું સરખું નહિ દુખે. અરે, એકાદ વખત કોઈ એનું માથું કાપશે તો પણ પાછું તે સંધાઈ જશે.''

આ પ્રમાણે સ્વામીશ્રી તેના ઉપર અતિ પ્રસન્ન થઈ ગયા અને તેને મહામોટો આશીર્વાદ આપી દીધો.

તે દિવસે સાંજ પહેલાં સ્વામીશ્રી ગામમાં પધરામણીએ નીકળ્યા અને સૌ હરિજનોને ઘેર પધાર્યા. જ્યાં શ્રીજીમહારાજ રહેતા ત્યાં જુણાજી દરબારને ઘેર સ્વામીશ્રી પધાર્યા. અહીં મહારાજની લીલાની ઘણી વાતો કરી. વળી, મુક્તાનંદ સ્વામી પણ ત્યાં રહ્યા હતા, તેમના પ્રસંગોની વાતો કરી સૌને આનંદ કરાવ્યો. આ પ્રમાણે સ્વામીશ્રી થોડા દિવસો ભાયાવદરમાં રહીને ત્યાંથી નીકળી જૂનાગઢ પધાર્યા.

અમારી વાતુ, સેવા, સમાગમનો ભાગ લેવો

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા અને ચૈત્રી પૂનમના સમૈયા ઉપર વરતાલ જવાનો સમય આવી ગયો. તેથી કેટલાક સંત-હરિભક્તોને લઈને સ્વામીશ્રી જૂનાગઢથી નીકળ્યા. સ્વામીશ્રી ચાલતાં ચાલતાં ધોલેરે પધાર્યા. અહીંના હરિભક્તોએ મુંબઈ બંદરથી દ્રાક્ષ, કાજુ, જરદાળુ, ચીકુ, સંતરાં, સફરજન વગેરે ચીજો મંગાવી હતી તે સ્વામીશ્રીને ભેટ કરી. એટલી બધી વસ્તુઓ ભેટ તરીકે આવી કે આખું ગાડું ભરાઈ ગયું. પછી ત્યાંથી સ્વામી કમિયાળે પધાર્યા. ત્યાં સાથે આવેલા સંતોને કહ્યું : "ભેટ આવેલી ચીજો સૌ વહેંચી લેજો." એટલે સૌ સંતોએ તે પદાર્થો વહેંચી લીધા.

પછી સ્વામીશ્રીએ સૌને કહ્યું : "આ પદાર્થોના ભાગ પાડી સૌ વહેંચી લ્યો છો, પણ અમારી વાતુ, સેવા, સમાગમ, દર્શનનો લાભ લેવો તેનો કોઈ ભાગ પાડો છો ? એ ભાગ લીધા જેવો છે. આ પદાર્થોમાં શો માલ છે ? એ તો વાંસે ઢસરડાતા આવશે. પરંતુ આ લાભના ભાગની કોઈને ખબર નથી. આ સેવા-સમાગમનો મહિમા સમજાયો નથી ત્યાં સુધી મહિમા જ ક્યાં સમજાયો છે ? પણ જ્યારે મહિમા સમજાશે, ત્યારે કાંઈ બાકી નહિ રહે."

ત્યારબાદ ત્યાંથી સંઘ નીકળ્યો અને ધીરે ધીરે વરતાલ પહોંચી ગયો.

વરતાલમાં ચૈત્રી પૂનમનો સમૈયો ભરપટે ભરાયો હતો. જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી પધારવાના છે તે જાણી હરિભક્તો વિશેષ સંખ્યામાં આવ્યા હતા. છાવણી પ્રસંગે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠાની

વાતો છડેચોક કરી, સૌનાં અંતરમાંથી અવતારાદિક તથા અન્ય દેવોની ઉપાસનાની ગ્રંથિ કાઢી નાખનાર, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળવા આખો ગુજરાત ઊમટ્યો હતો. સ્વામીશ્રીએ પણ સભામાં અદ્‌ભુત વાતો કરી સૌને ઉપાસનાનું રહસ્ય સમજાવી દીધું.

જો ગ્રંથિઓ ગાળીને તમને ગુણાતીત ન કરું, તો હું ગુણાતીત નહિ

સમૈયા બાદ સ્વામીશ્રી વરતાલથી નીકળી આણંદ પધાર્યા. રઘુવીરજી મહારાજ પણ સાથે હતા. અહીં આંબાવાડિયામાં મુકામ કર્યો. રોજ સ્વામી આંબા તળે આવીને બેસે અને અદ્‌ભુત વાતો કરે. આચાર્ય મહારાજ પણ રોજ વાતુ સાંભળવા આવે. શ્રીજીમહારાજના પૂર્ણ પુરુષોત્તમસ્વરૂપની અને એકાંતિક ધર્મની ઘણી જ વાતો સ્વામી કરતા. ત્યાંના જીભાઈ શેલત પણ સ્વામીની વાતો સાંભળવા આવતા. આ પ્રસંગે રઘુવીરજી મહારાજના મનમાં મંથન ચાલતું હતું. છાવણીની કથા પછી પોતે ઘરભંગ થયા હતા અને ફરી લગ્ન કરવા વિચાર ન હતો. વળી, હૃદયમાં ગ્રંથિઓ હતી તે જ્યાં સુધી તૂટે નહિ ત્યાં સુધી સમાગમનું સુખ ન આવે અને શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપનો આનંદ પણ આવે નહિ.

થોડા દિવસો અહીં રહી સ્વામીશ્રીએ ત્યાંથી ચાલવા તૈયારી કરી. ત્યારે રઘુવીરજી મહારાજે સ્વામીને કહ્યું : "સ્વામી ! અહીં આ સિગરામમાં બેસો." સ્વામી તેમને રાજી કરવા તેમની પાસે આવી સિગરામમાં બેઠા. પછી તેમણે પોતાની પાસેના ડબામાંથી એક પેંડો લઈને સ્વામીને આપ્યો. સ્વામી તે પેંડો હાથમાં લઈ થોડી વાર અંતર્વૃત્તિ કરી ગયા. પછી બોલ્યા : "પાંચસો પરમહંસો ગળું ઝાલીને ઊભા છે અને કહે છે, 'ખાઈશ નહિ, ઝેર છે, ઝેર છે, ઝેર છે."

તે સાંભળી રઘુવીરજી મહારાજે હાથ જોડી કહ્યું : "સ્વામી ! આપ આમ વર્તો ત્યારે અમારા શા હાલ થશે ? અમારી ગ્રંથિઓ તો હજુ ગળી નથી."

એટલે સ્વામીએ કહ્યું : "ભગવત્‌પ્રસાદજી મહારાજને ગાદી સોંપી, તીર્થવાસી થઈને જૂનાગઢ આવો તો હું તમારી ગ્રંથિઓ ગાળી નાખું. અને જો ગ્રંથિઓ ગાળીને તમને ગુણાતીત ન કરું, તો હું ગુણાતીત નહિ."

એટલું કહી સ્વામીશ્રીએ કોલ આપ્યો. એટલે રઘુવીરજી મહારાજે

કહ્યું : "સારું સ્વામી ! જો હું તીર્થવાસી થઈને જૂનાગઢ ન આવું, તો હું રઘુવીરજી નહિ."

આ પ્રસંગથી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને સ્વામીનો કેટલો મહિમા હતો તે સમજાય છે. જ્યારે જ્યારે તેઓ સ્વામીની ભેગા થતા ત્યારથી જુદા પડતા સુધી, નિત્ય પોતાના સેવક સાથે સ્વામી માટે જુદી થાળી પોતે તૈયાર કરીને મોકલતા. કોઈ વખત કોઈ સેવક હાજર ન હોય તો પોતે જમતાં પહેલાં સ્વામીશ્રીની થાળી પૂરીને એક બાજુ મૂકી અને પછી જ પોતે જમતા.

ઉપાસના વગર કોઈ વાતની સિદ્ધિ થતી નથી

રઘુવીરજી મહારાજને આવી રીતે કોલ આપી સ્વામીશ્રી ફરતાં ફરતાં જૂનાગઢ પધાર્યા.

જૂનાગઢમાં તો બ્રહ્મજ્ઞાનનો અખંડ અખાડો ચાલતો હતો. સ્વામી વરતાલથી જૂનાગઢ પધાર્યા તે અરસામાં ભીમ એકાદશીનો સમૈયો નજીક આવવા લાગ્યો. આ સમૈયા અગાઉ કેટલાક હરિભક્તો જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા આવી ગયા હતા.

એક દિવસ જૂનાગઢ તળના હરિભક્તો રૂપશંકર, સદાશંકર, ઠક્કર કાનજી, શેઠ કડવાભાઈ, ગોકળ ભાટિયા, રામજીભાઈ, અમરજીભાઈ, ત્રિકમરાય તેમજ બોટાદના શિવલાલભાઈ, વસોના વાઘજીભાઈ, લોધિકા દરબાર તથા ગણોદ દરબારશ્રી અભયસિંહજી, સંત, પાર્ષદો વગેરેની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે સ્વામીશ્રીએ ઉપાસનાની ઉત્તમ વાતો કરતાં કહ્યું : "ઉપાસનાની વાતનું રહસ્ય જ્યાં સુધી સમજાયું નથી ત્યાં સુધી સત્સંગ જ થયો નથી. શ્રીજીમહારાજને સદા દિવ્ય સાકાર[૧૧૪] જાણે અને તે નિષ્ઠા અત્યંત દૃઢ હોય અને કદાચ નિરાકારના ગ્રંથ સાંભળવામાં આવે તો પણ તે સાકાર સ્વરૂપની નિષ્ઠા જાય જ નહિ ત્યારે તે ઉપાસક સાચો કહેવાય.

મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો છે કે "ઇન્દ્રિયો અંતઃકરણ અને પ્રાણ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર એ સર્વ થકી જીવનું સ્વરૂપ

૧૧૪. ગ. પ્ર. ૪૦.

ન્યારું છે. એવું શાસ્ત્રમાંથી સાંભળીને દઢ નિશ્ચય કર્યો છે તો પણ ઇન્દ્રિયો અંતઃકરણ ભેળો ભળીને સુખરૂપ એવો જે જીવાત્મા તે પરમાત્માનું ભજન-સ્મરણ કરતો થકો સંકલ્પને યોગે કરીને દુખિયો કેમ થાય છે ?''[૧૧૫]

પછી શ્રીજીમહારાજે તેનો ઉત્તર કરતાં કહ્યું છે કે ''કોઈ સિદ્ધ થાય છે, કોઈ સર્વજ્ઞ થાય છે અને કેટલાક દેવલોકમાં જાય છે. એ સર્વ પ્રકારની મોટપ મળે, તેમજ પરમપદને પામે અને દુઃખ હોય તો તેનું નિવારણ થાય તે સર્વ પોતાના ઇષ્ટદેવની ઉપાસનાના બળ વડે થાય છે. પરંતુ ઉપાસના વિના કોઈ વાતની સિદ્ધિ થતી નથી. દેહ અને આત્મા જુદા છે એમ શાસ્ત્રમાંથી સાંભળીને કોઈ એ પ્રમાણે દેહ અને આત્માને જુદા રાખવા મથે પણ તેણે કરીને કાંઈ દેહ અને આત્મા જુદા થાય જ નહિ. એ તો એ જીવને જેટલી પોતાના ઇષ્ટદેવને વિષે ઉપાસના અને નિષ્ઠા તેટલો જ તેને આત્મા અને અનાત્માનો વિવેક થાય છે. પરંતુ ઇષ્ટદેવના બળ વગર કોઈ સાધન સિદ્ધ થાતું નથી. માટે આગળ જે જે મોટી પદવીને પામી ગયા છે તે પણ ઉપાસનાના બળથી જ પામ્યા છે એમ નક્કી જાણવું. શ્રીજીમહારાજે આ રહસ્ય મને કહ્યું હતું તે મારા હૃદયે વસી ગયું છે.''

''ઉપાસના તો એમ સમજવી કે સર્વથી પર અધોઊર્ધ્વ અને પ્રમાણે રહિત તેજનો સમૂહ છે. તેમાં દિવ્ય સિંહાસન ઉપર, દિવ્ય તેજોમય અને સાકાર સ્વરૂપે કે જે સ્વરૂપની ઉપમા કોઈને દેવાય નહિ, તેવા શ્રીજીમહારાજ સાક્ષાત્ વિરાજમાન છે. તે સ્વરૂપની ચારે કોરે અનંત મુક્ત બેઠા છે અને શ્રીજીમહારાજનાં દર્શન કરે છે અને મહારાજની મૂર્તિના સુખે સુખિયા છે. એવા સર્વોપરી અને સદા સાકાર અને જેમનો અતિ અપાર મહિમા છે, જેનો કોઈ પાર નથી પામતા અને જેને મુક્તો અને અક્ષર, અપાર અને અનિર્વચનીય કહે છે, તે અક્ષરાતીત ભગવાન આપણને સાક્ષાત્ મળ્યા છે અને તેમની આપણને સાક્ષાત્ પ્રાપ્તિ થઈ છે. જે સર્વોપરી અને સર્વ અવતારના અવતારી છે, જેમની આજ્ઞામાં અનંત અવતારો રહ્યા છે અને જેમનું આપેલું ઐશ્વર્ય તે સૌ ભોગવે છે, તે મહારાજ સદા સર્વોપરી છે. તેમને બીજા જેવા કહેવા તે જ મોટી ખોટ્ય છે. માટે શ્રીજીમહારાજનાં અને બીજા અવતારોનાં ચરિત્રો મેળવી આ નિષ્ઠા દઢ કરવી. સૌનાં જુદાં જુદાં ધામ છે

૧૧૫. ગ. પ્ર. ૫૬.

અને જ્યાં જેને રાખવા ઘટે ત્યાં તેમને રાખ્યા છે.[૧૧૬] પરંતુ પોતાના અક્ષરમુક્તોને તો પોતાની સમીપે જ પોતાની ઉપાસના અને ભક્તિ કરવા રાખ્યા છે." આ પ્રમાણે સ્વામીએ શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાની વાતો કરી સૌને દિવ્ય સુખની ખુમારી ચઢાવી દીધી.

તે સાંભળી માધવચરણદાસે સ્વામીને કહ્યું : "સ્વામી ! તમે ઘણી ઘણી વાતો કરો છો પણ આવી વાતો કોઈ દિવસ કરી નથી."

ત્યારે સ્વામી હસીને બોલ્યા : "આગળ જેવું પાત્ર હોય તેવી વાતુ થાય. જેમ કોઈ મોટો શાહુકાર હોય અને પોતાની દુકાનમાં જુદી જુદી જાતનો માલ રાખતો હોય, ત્યારે જેવું ઘરાક આવે તેવો માલ બતાવે. ખાદી, ગજિયું કે પાણકોરાના ખરીદનારા હોય તેને રેશમી માલ બતાવીને શું મળે ? તેમ આજ અહીં શિવલાલ, વાઘજીભાઈ, બંને અભયસિંહ, હરિશંકર, નારણપ્રધાન વગેરે ભારે મુમુક્ષુ બેઠા હતા તો આવી વાતો નીકળી, કારણ કે આવી વાતોના એ ખરા ઘરાક છે. નાણું હોય તે વાણિયો જીરવી જાણે પણ બીજાથી ન જીરવાય અને સો જન્મનો શુદ્ધ બ્રાહ્મણ હોય તેના પેટમાં જ સોમવલ્લીનું ઔષધ ટકે. તેમ મહારાજનો જે મહિમા અમે કહ્યો તે આજે જેને આ સંતનો મહિમા છે, તેને જ સમજાય. માટે આવું અગાધ જ્ઞાન તો પાત્ર વિના જીરવાય નહિ. જેમ સિંહણનું દૂધ સુવર્ણ પાત્રમાં જ ટકે, તેમ સર્વોપરી મહારાજના સ્વરૂપનું જ્ઞાન તો જે અક્ષરમુક્ત હોય તે જ જીરવી શકે. બીજા તો અનેક પ્રકારના સંકલ્પો કરવા માંડે, કારણ કે તેમને શાસ્ત્રના શબ્દોની ભ્રાંતિ પડી ગઈ હોય છે, તેથી આ શબ્દો સાંભળીને તેમની બુદ્ધિ ભ્રમિત થઈ જાય છે."

---

૧૧૬. બ્રહ્મા રાખ્યા સત્યલોકમાં, શિવને રાખ્યા કૈલાસ,
વિષ્ણુને રાખ્યા વૈકુંઠમાં, એમ આપ્યો જૂજવો વાસ.
ઇન્દ્ર રાખ્યો અમરાવતી, શેષજીને રાખ્યા પાતાળ,
જ્યાં જ્યાં કરી શ્રીહરિએ આજ્ઞા, તિયાં રહ્યા સુખે સદાકાળ.
બદરી તળે રાખ્યા ઋષીશ્વર, નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વીપમાં,
ગોપી ગોપ રાખ્યા ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપમાં.
એમ જેને જેમ રાખ્યા ઘટે, તેમ રાખ્યા છે કરી તપાસ,
જેવો જોઈએ અધિકાર જેને, તેવો આપ્યો છે અવિનાશ.

- વચનવિધિ, નિષ્કુળાનંદ સ્વામી

સમૈયો વીત્યા બાદ સ્વામીશ્રીએ સંતોનાં મંડળોને દેશમાં ફરવા મોકલ્યાં. પરંતુ સાધુઓને સ્વામીશ્રીથી છૂટા પડવું ગમતું નહિ તેથી જ્યારે આવો પ્રસંગ આવતો ત્યારે ફરવા ન જવા માટે કોઈક કહેતું : "સ્વામી ! મારે રૂમાલ નથી." કોઈક કહેતું : "સ્વામી ! મારે ગાતરડું નથી." કોઈક કહેતું : "મારે પુસ્તક નથી."

પરંતુ તેમને સૌને સ્વામી પ્રેમપૂર્વક કહેતા : "આ મારો રૂમાલ, મારું ગાતરડું તમને આપું. પણ તમે દેશમાં ફરવા જાઓ અને હરિભક્તોને ઉપદેશ કરી સત્સંગી કરો."

આ ચાર હરિભક્તોનાં દર્શન કરવા જાવું

સાધુ-મંડળો જ્યારે જ્યારે દેશમાં ફરવા જતાં ત્યારે સ્વામી તેમને શિક્ષાનાં વચન કહેતા કે "આપણે જ્યારે ભેખ લીધો, ત્યારે એ વેશ પૂરેપૂરો ભજવવો, પણ ભેખને લજવવો નહિ. શ્રીજીમહારાજે સત્સંગમાં જે પ્રથા બાંધી છે તે મુજબ જ વર્તવું. પરંતુ મહારાજની પ્રથાને લોપી જે આજ્ઞા બહાર વર્તે છે તે કદી સુખી થતો નથી અને અક્ષરધામમાં તેનો વાસ પણ થતો નથી. માટે આજ્ઞા પાળવા ઉપર સૂરત રાખવી. તમો બધા હવે ફરવા જાઓ છો પણ જ્યાં જ્યાં જાઓ ત્યાં કથાવાર્તાનો આગ્રહ રાખજો. કથાવાર્તા કરવામાં કોઈ દિવસ થાકવું નહિ.

વળી, હરિભક્તો આપણી ક્રિયાથી રાજી થાય તેમજ વર્તવું. આપણે ફરવા જઈએ છીએ ત્યાં બધે જ ઉપદેશ દેવા જઈએ છીએ તેમ ન માનવું. કેટલાક હરિભક્તો પાસેથી આપણે ઉપદેશ લેવાનો પણ હોય, એવું તેમનું ઉત્તમ ચારિત્ર્ય હોય, મહારાજની સર્વોપરી નિષ્ઠા હોય અને નિયમ, ધર્મ અભંગ પાળતા હોય. એવા હરિભક્તો અત્યારે કમીગઢના રયો દેસાઈ, હામાપરના કરસન બાંભણિયો, ચાડિયાના રામભંડેરી અને બગસરાના વેલો સથવારો - આ ચાર હરિભક્તોને મળવાનું થાય તો તેમની પાસેથી વાતો સાંભળવી તો ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થશે. આ ચારે હરિભક્તો અમારા બાળમિત્રો છે અને ખરેખરા સત્સંગી છે તો તેમનાં દર્શન ઇચ્છવાં અને મહિમા સહિત તેમનો સમાગમ કરવો. બીજે તો દર્શન દેવા જાવું પણ આ ચાર હરિભક્તોનાં તો દર્શન કરવા જાવું."

"તમે જ્યાં જ્યાં જાઓ ત્યાં મહારાજનો મહિમા કહેજો અને એ પ્રગટ ભગવાનનું તત્ત્વે સહિત જ્ઞાન સૌને સમજાવજો. મહારાજનો એવો મહિમા સમજાવવો કે પછી જીવ બીજે ક્યાંય બંધાય જ નહિ. તેમજ ડાકલાં, દોરા, મૂઠ વગેરેનાં તૂત લોકોમાં ચાલ્યાં છે. સ્વામિનારાયણનો સત્સંગ હોય ત્યાં તે બધાં તૂત પેસે જ નહિ એવી મહારાજની દૃઢ નિષ્ઠા કરાવી દેવી. જે ખરેખરો સત્સંગી હોય તે તો ફેલ, ફિતૂર, દેવી, પ્રેત, ચુડેલ, ઢોંગ, ધુતારા, ઠગ કે જાદુની મોહજાળમાં ફસાય જ નહિ. માટે મહારાજનો મહિમા સમજશે અને સત્સંગના નિયમ ખરેખરા જે પાળશે તે જ ક્ષેમકુશળ રહેશે. કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા નીકળી જાય માટે નાનામોટા આવા મોસલ બેસાડવા નહિ.

'શિક્ષાપત્રી'રૂપી સુદર્શનચક્ર શ્રીજીમહારાજે ઘેર ઘેર આપ્યું છે તે પ્રમાણે જ સદા વર્તવું. માટે પ્રગટ ભગવાનનું ધ્યાન, ભજન અને મહિમા તેમાં જ સુખ છે, તે મૂકીને જે બીજે વળગશે તેને સુખ ક્યાંથી થશે ? જેને પ્રગટ ભગવાનનું જ્ઞાન અને નિશ્ચય હોય તે આજ્ઞામાં સદા સાવધાન હોય. વળી, 'વચનામૃત'માં જે સંતનાં લક્ષણ કહ્યાં છે તેવા સંતને પ્રગટ સંત જાણવા, કારણ કે તે સંત તો દિવ્ય સ્વરૂપધારી મહારાજના ધ્યાનમાં સદા મગ્ન રહે છે અને તે સ્વરૂપને અખંડ ધારી રહે છે. સાચા સત્સંગી તે છે જેણે આત્માને પરમાત્મા સાથે જોડી રાખ્યો છે. માટે શિર સાટે એવા સત્સંગીનો પક્ષ રાખવો. નિયમ, નિશ્ચય અને પક્ષ - એ ત્રણ જેમાં હોય તે પાકો સત્સંગી કહેવાય."

આ પ્રમાણે સ્વામી સંતોને શિક્ષાનાં વચન કહેતા, તેમને માથે હાથ મૂકતા, દૃષ્ટિ કરતા, કોઈને ફૂલનો હાર આપતા. તેમ બળ આપીને ફરવા મોકલતા.

હરિભક્તોને દુઃખે દુઃખી થવું

આ સંતોનાં મંડળ જ્યારે દેશમાં ફરીને પાછાં આવતાં ત્યારે સ્વામીશ્રી અંતર્યામીપણે તેમને આવતાં જાણીને આસન ઉપરથી ઊઠીને ત્યાં જ તેમને દંડવત્ કરતા. પછી સામા જતા અને ત્યાં તે સંતોને ભેટતા. સ્વામીશ્રીના અંતરમાં તેમનો સૌનો આવો અત્યંત મહિમા હતો. વળી, તેમને સૌને

બેસારી, સ્વામીશ્રી દેશના હરિભક્તોના ખબર પૂછતા. કયે કયે ગામ જઈ આવ્યા, ત્યાં કેટલું રહ્યા તે બધું વિગતવાર પૂછતા. માર્ગમાં કોઈ ગામે ન ગયા હોય તો ત્યાં કેમ નો'તા ગયા ? એમ માર્મિક ઠપકો આપી સ્વામી કહેતા, "આપણે કાંઈ કેવળ ધર્માદો લેવા જતા નથી. એવી બુદ્ધિ રાખવી તે તો સ્વાર્થ બુદ્ધિ કહેવાય. આપણે તો હરિભક્તોના અંતરમાં મહારાજનો નિશ્ચય દૃઢ કરાવવા જઈએ છીએ, તેનો દેશકાળ જાણી જો કંઈ મદદની જરૂર હોય તો મદદ પણ કરવી. એવો ભાવ રાખીએ તો જ સત્સંગ વધે અને તો એના અંતરમાં મહારાજનો નિશ્ચય વધુ દૃઢ થાય. આપણે પીઠવાજાળમાં જારની ખાણ નંખાવી છે તો એવા કોઈ ગરીબ હરિભક્ત હોય તેને આપણે દાણા પણ અપાવવા અને તેને દુઃખે દુઃખી થાવું. હરિભક્તો ઉપર અત્યંત દયા અને પ્રેમ રાખી, તેમને આપણા વહાલા સગા માનવા." સ્વામીશ્રી આ પ્રમાણે સૌ સંતોને સમજાવતા.

આ જ અરસામાં વરતાલથી શુક સ્વામી જૂનાગઢ પધાર્યા. તેમને પણ સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમની ઇચ્છા રહેતી. શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે દર વર્ષે તેઓ એક વાર અચૂક જૂનાગઢ આવતા અને સ્વામીશ્રીની વાતો અત્યંત મહિમાપૂર્વક સાંભળતા.

ગુણાતીતની ઝોક જ જુદી

આ સમય દરમ્યાન જ્યારે જ્યારે કાંઈ ઉત્સવ આવતો ત્યારે સ્વામીશ્રી, શુક સ્વામી તથા સૌ સંતમંડળને લઈને કાળવામાં સ્નાન કરવા જતા. વળી, જ્યાં બે કાળવા ભેગા થાય છે તે નારાયણધરો કહેવાય છે - જ્યાં શ્રીજીમહારાજે અનેકવાર સ્નાન કર્યું છે, ત્યાં પણ સ્વામીશ્રી સંતો સાથે સ્નાન કરવા જતા.

એવા એક મહોત્સવ પ્રસંગે સ્વામી, શુક સ્વામી તથા સૌ સંતો નારાયણધરે સ્નાન કરીને મંદિરે આવ્યા. અહીં આવીને સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપના મહિમાની અદ્‌ભુત વાતો કરી. તે સાંભળી શુક સ્વામી બોલ્યા : "સ્વામી ! ગુણાતીતની ઝોક જ જુદી હોય તેમ લાગે છે. આ ઝોકમાં જે ઊછર્યા હોય એના અંતરમાંથી મહારાજ કદી જાય જ નહિ." સ્વામી તે સાંભળી મર્માળું હસ્યા.

સ્વામીશ્રી રોજ પૂજા કરી પાથરણા ઉપર પ્રદક્ષિણા, દંડવત્ વગેરે કરતા. શુક સ્વામી બેઠાં બેઠાં આ લીલા રોજ જોતા. તેમને મનમાં રોજ શંકા થતી કે 'સ્વામી ! રોજ પાથરણા ઉપર દંડવત્ કરે છે તે ઠીક નહિ.' પરંતુ તે શંકા તેઓ મનમાં જ રાખતા. તેમને આ પ્રમાણે રોજ સંકલ્પો થતા. એક દિવસે તેમણે નક્કી કર્યું કે 'આજ તો સ્વામીને કહેવું કે પાથરણા ઉપર દંડવત્ ન કરાય.' પરંતુ તે દિવસે તેમનો એ સંકલ્પ અંતર્યામીપણે જાણીને દંડવત્ કરતી વખતે સ્વામીશ્રીએ પાથરણું પગ વતે ખેંચીને બાજુએ મૂકી દીધું અને પછી દંડવત્ કર્યા. આ જોઈ શુક સ્વામી તરત જ બોલ્યા : "સ્વામી ! આપે આજે ખરું અંતર્યામીપણું વાપર્યું. મારો સંકલ્પ જાણીને પાથરણું ફગાવી દીધું. માટે આપ ખરેખર મોટા છો જ. શ્રીજીમહારાજે આપની જે મોટપ કહી છે તે તો પ્રસંગે પ્રસંગે સમજાય છે." એમ સ્વામીશ્રીનો મહિમા તેમના અંતરમાં સમજાયો.

શિક્ષાપત્રી પાળવાનું સૌને કહેવું

એક વખત સ્વામી માધવચરણદાસજીએ સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! અમે દેશમાં ફરવા જઈએ છીએ ત્યારે અમને હરિભક્તો વરસાદનું પૂછે છે. તો અમારે શું કહેવું ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "એવું કહેવાનું મહારાજે આપણને ક્યાં કહ્યું છે ? આપણે તો શિક્ષાપત્રીમાં મહારાજે જે કહ્યું છે તે પ્રમાણે સૌને વર્તવાનું કહેવું. તે પ્રમાણે જે વર્તશે તે વરસાદ નહિ વરસે તો પણ સુખી થશે અને જો 'શિક્ષાપત્રી' લોપશે તો વરસાદ વરસશે તો પણ દુઃખી થશે. માટે 'શિક્ષાપત્રી' પાળવાનું સૌને કહેવું. કોઈને વરસાદનું કે દીકરા-દીકરી આપવાનું કહેવું તેવું મહારાજે કહ્યું નથી. આપણું તે કામ નહિ. મહારાજ ધામમાં પધાર્યા પછી કેટલાક સાધુઓ એમ કહેવા લાગ્યા હતા કે 'મહારાજ ધામમાં પધાર્યા છે તે ઓણ સાલ વરસાદ નહિ વરસે.' તે જેનું સાચું પડ્યું તેને હરિભક્તોએ ચઢાવી માર્યા અને જેનું ખોટું પડ્યું તેનો અવગુણ આવ્યો. તેમ જો આપણે કહીએ તે સાચું પડે તો આપણા જીવનું બગડે, કારણ કે લોકો મોટા માનવા લાગે ને ખોટું પડે તો સામાના જીવનું બગડે, કારણ કે તેમને અવગુણ આવે. માટે એવું કહેવાનો વિચાર જ ન

રાખવો.'' આ પ્રમાણે સ્વામીશ્રીએ સાધુઓને કેમ વર્તવું તે સમજાવ્યું. પોતે તો અનંત બ્રહ્માંડની શક્તિના આધાર અને નિયામક હતા, છતાં 'હરિભક્તોના અંતરમાં મહારાજ અને મહારાજની આજ્ઞા સિવાય બીજી વસ્તુની ઇચ્છા ન રહેવી જોઈએ' તે પ્રત્યે તેમને અત્યંત કાળજી રહેતી.

જન્માષ્ટમીનો સમૈયો પાસે આવવા લાગ્યો. ભીમ એકાદશીનો સમૈયો કરી, ઘેર ગયેલા હરિભક્તોને તો જાણે ઘેર આવ્યા જ નથી એવું લાગ્યું અને ફરી સંકલ્પો થવા લાગ્યા કે જૂનાગઢ જઈએ. એ પ્રમાણે સોરઠ દેશના તથા ગુજરાતમાંથી હરિભક્તોના સંઘ જૂનાગઢ આવવા લાગ્યા. તેમના જીવનમાં સ્વામી અને સમૈયા સિવાય બીજી કોઈ સાંસારિક ઈષણાઓને સ્થાન જ ન હતું. સ્વામીશ્રી પણ તેમને જોઈ બહુ જ રાજી થતા. તેમને પોતાના ઇષ્ટદેવ પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપની દૃઢતાની વાતો કરવી અને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવો એવી તેમને ઇચ્છા રહેતી. આટઆટલી વાતો કરવા છતાં, અખંડ કથાવાર્તાનો અખાડો ચલાવ્યો હોવા છતાં, સ્વામીશ્રી ઘણી વખત કહેતા : ''જેમ જબરા ખેડુને વેર અપરવારે ગયું, તેમ અમારું જ્ઞાન અપરવારે ગયું, કારણ કે કારખાને ગળે ઝાલ્યા છે તેથી વાતુ કરવા નવરા થતા નથી.'' હરિભક્તોને વાતો કરવાની સ્વામીશ્રીની કેટલી તીવ્ર ઇચ્છા હશે તે આ શબ્દોથી જણાય છે. એટલે સ્વામીશ્રી તો હરિભક્તોના સંઘ જોઈને રાજી જ થતા.

આ સમૈયા ઉપર માણાવદરના પટેલ અરજણ ઝાલાવાડિયા આવ્યા હતા. ઉપલેટાથી લાલાભાઈ પણ પચીસ હરિભક્તોને લઈને ગાડાં જોડીને આવ્યા હતા. દેશોદેશથી હરિભક્તોના સંઘ આવ્યા હતા. જન્માષ્ટમીનો સમૈયો વીત્યા બાદ નવમીના દિવસે બપોરે સ્વામી ઠાકોરજીના ઉત્થાપન પહેલાં સભામાં ગાદીતકિયે વિરાજમાન થયા હતા. સંતો-હરિભક્તો પણ સભામાં બેસી ગયા હતા. અરજણભાઈ તથા લાલાભાઈ પણ સભામાં બેઠા હતા. તે વખતે સ્વામીશ્રીએ અરજણભાઈ સામી દૃષ્ટિ કરી કે તરત તેને સમાધિ થઈ અને સમાધિમાં તે બદરિકાશ્રમમાં ગયા. અહીં મંદિરમાં ઠાકોરજીના ઉત્થાપનનાં દર્શન ખૂલ્યાં એટલે સહુ દર્શન કરવા ગયા. તેથી સ્વામીશ્રીએ કહ્યું : ''બે સાધુ આ અરજણભાઈ પાસે બેસી રહેજો.'' એમ કહીને પોતે દર્શને પધાર્યા. દર્શન કરીને આવ્યા પછી સ્વામીશ્રીએ પોતે

ઓઢેલ ચાદરની ઝાપટ અરજણભાઈ ઉપર મારી એટલે તરત જ તે સમાધિમાંથી જાગ્યા. તેના હાથમાં લીલાં લવિંગ હતાં અને બદરિકાશ્રમમાં તેણે જાંબુ ફળ ખાધાં હતાં તેનો રસ તેના કેડિયાની ચાળ ઉપર પડ્યો હતો. પછી તેને સ્વામીશ્રીએ પૂછ્યું : "કેમ શું ખાધું ?"

ત્યારે તેણે કહ્યું : "જાંબુ ખાધાં અને આ લવિંગ લઈ આવ્યો છું." તે લવિંગ સૌએ જોયાં.

પછી સ્વામીશ્રીએ ત્રિકમદાસને કહ્યું : "આ લવિંગ સભામાં સહુને વહેંચી દ્યો." એટલે તેણે પ્રસાદીનાં લવિંગ સૌને વહેંચી દીધાં.[૧૧૭]

આ પ્રમાણે સ્વામીશ્રી હજારો ચમત્કાર બતાવતા.

આ આકાર સાધુનો દેખાય છે પણ છે તો મહારાજ

જૂનાગઢ મંદિરની જે ધર્મશાળા-સભામંડપ છે તેની આથમણે મુખે જે દ્વાર છે તેની દક્ષિણ દિશામાં સ્વામીને નાહવાની ચોકડી હતી. એક દિવસ સ્વામીશ્રી નાહીને સભામંડપમાં પધાર્યા. અહીં આવી સ્વામીશ્રી ધોતિયું પહેરતા હતા. તે વખતે બાલમુકુન્દદાસ સ્વામી તથા કોઠારી ત્રિકમદાસ ત્યાં ઊભાં ઊભાં સ્વામીશ્રીનાં દર્શન કરતા હતા. તેમને જોઈ તેમની સામું હસી સ્વામીશ્રી બોલ્યા : "તમને તો પ્રગટ ભગવાન સાક્ષાત્ મળ્યા છે. માટે હવે તમારે કાંઈ કરવાનું રહ્યું નથી. જેમ તમારા દેહમાં જીવ રહ્યો છે, તેમ અમારામાં મહારાજ સાક્ષાત્ રહ્યા છે તે તમારી તરફ દૃષ્ટિ માંડીને જુએ છે, તમારે માથે હાથ મૂકે છે, તમને મળે છે એમ સાક્ષાત્ સુખ આપે છે. માટે ત્રિકમદાસ ! એટલું સમજજો કે આ આકાર સાધુનો દેખાય છે એટલો જ ફેર છે પણ છે તો સાક્ષાત્ મહારાજ. પણ તમે મહારાજના પ્રગટ સ્વરૂપને ઓળખી શકતા નથી."

સ્વામીશ્રીએ આ પ્રમાણે પોતાના આ બંને શિષ્યોને પોતાનું સ્વરૂપ ઓળખાવવા દયા કરીને વાત કરી અને મર્મમાં જણાવ્યું કે પોતે સાક્ષાત્ અક્ષરધામ છે જેમાં મહારાજ સર્વ પ્રકારે રહ્યા છે.

✧ ✧ ✧

---

૧૧૭. આ વાત લાલાભાઈના દીકરા રામાભાઈ કહેતા કે 'મેં એ લવિંગ નજરે જોયાં હતાં અને તે પ્રસાદી પણ ખાધી હતી.'

વ્યવહાર અને કથા : ત્રિકમદાસની મૂંઝવણ

સ્વામીશ્રીનો એવો સ્વભાવ હતો કે જ્યારે કથાવાર્તાનો પ્રસંગ ચાલતો હોય ત્યારે ગમે તેટલું વ્યાવહારિક કામ હોય તો પણ તે કથાવાર્તાનો પ્રસંગ પૂરો ન થાય ત્યાં સુધી તે વ્યાવહારિક કામને ઠેલી દેતા. હંમેશાં સવારે નિત્યવિધિ કરીને દરેક ત્યાગી તથા હરિભક્ત સ્વામીશ્રીની વાતો સાંભળવા સભામાં આવી જ જતા. શણગાર આરતી સુધી સ્વામીશ્રી વાતો કરતા. શણગાર આરતીનાં દર્શન કરીને સૌ પોતપોતાની ક્રિયામાં પ્રવૃત્ત થતા. તે ક્રિયા પણ સ્વામીશ્રી સૌ માટે રોજ ફરતી ફરતી રાખતા, જેથી સવારના કથા પ્રસંગે કોઈને પોતાની ક્રિયાના સંકલ્પો ન થાય.

એક દિવસ સ્વામીશ્રી કથા પ્રસંગમાં અદ્‌ભુત વાતો કરી રહ્યા હતા. તેવામાં પોઠિયા ઉપર ઘીનાં કુલ્લાં મૂકી કોઈ ઘી વેચવા કોઠારે આવ્યો. એટલે કોઠારીએ આવી સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! કોઠારમાં ઘી નથી. આ પોઠિયાવાળો ઘીનાં કુલ્લાં લઈને આવ્યો છે. કહો તો ઘી લઈ લઈએ."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "ભલે, લઈ લ્યો."

એટલું કહી પોતે જ 'હરે' બોલ્યા અને કથા ચાલતી કરી. કોઠારી તો ગયા પણ સ્વામીશ્રી કોઠારે ન આવે ત્યાં સુધી તેમનાથી ઘી કેમ લેવાય ? કોઠારીને એમ કે સ્વામીશ્રીએ હા પાડી છે એટલે હમણાં આવશે. પરંતુ સ્વામીશ્રી તો કથા પૂરી ન થાય ત્યાં સુધી ઊઠે તેમ હતું જ નહિ. એટલે થોડો સમય સ્વામીશ્રીની રાહ જોઈ કોઠારી ફરી સભામાં આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! ચાલો ને, પોઠિયાવાળો ઉતાવળો થાય છે ને કહે છે કે ઘી ન લેવું હોય તો હું જાઉં."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "ભલે તેને જાવું હોય તો જાય. હું શણગાર આરતી થતાં સુધી કથામાંથી ઊઠીશ નહિ." આ પ્રમાણે સ્વામીશ્રીએ કહ્યું તે કોઠારીની પાછળ આવેલા પોઠિયાવાળાએ પણ સાંભળ્યું.

એટલે તેણે કહ્યું : "અરે, મહારાજ ! હું કાંઈ જાવાનું કહેતો નથી. એ તો તમારા કોઠારી ખોટું બોલે છે. હું તો તમારી વાતો સાંભળતો અહીં ઊભો જ છું." સ્વામીશ્રી તેનું કહેવું સાંભળી હસ્યા અને કોઠારી મૂંઝાઈને કોઠારે ચાલ્યા ગયા.

અમે ધામમાં ગયા છીએ પણ સ્વામીમાં અખંડ રહ્યા છીએ

જૂનાગઢના નાગર હરિભક્ત માનશંકરભાઈએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મને અંત સમે તેડવા આવજો."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "અમને સંભારજો." ત્યાર પછી તે થોડા દિવસ બાદ માંદા થયા. એટલે સ્વામીશ્રીને તેમણે સંભાર્યા. સ્વામીશ્રીએ તરત જ તેને દર્શન દીધાં. એટલે માનશંકરભાઈ સ્વામીશ્રી સામું જોઈ રહ્યા. ત્યાં તો તેને મહારાજનાં દર્શન થયાં. મહારાજે તેને કહ્યું : "માનશંકરભાઈ ! જુઓ, અમે આમ સ્વામીમાં રહ્યા છીએ, અમે ધામમાં ગયા છીએ તો પણ સ્વામીમાં અખંડ રહ્યા છીએ. હમણાં અમે તમને તેડવા આવ્યા નથી, પણ દર્શન દેવા આવ્યા છીએ. હજુ તમારું આયુષ્ય છે તે માટે અંત સમે તેડવા આવશું." એટલું કહી મહારાજ તથા સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા.

✧ ✧ ✧

મંદિરની ધર્મશાળામાં ગાર કરી હતી એટલે સ્વામીશ્રી દક્ષિણાદા બારના ઓરડાની ઓશરીમાં ઉત્તર મુખારવિંદે વિરાજતા હતા. કથા પ્રસંગે એક દિવસ સાધુ વામનપ્રસાદે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! તમો વાતુ તો બહુ કરો છો, પણ અમારા હૈયામાં તેનાં ઝાડ કેમ થતાં નથી ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "વડ, પીપળાનાં બીજ કેવડાં નાનાં હોય છે પણ તેમાંથી વીઘા વીઘાનાં ઝાડ થાય છે. તેમ અમે આ વાતુ કરીએ છીએ તે સૂક્ષ્મ થઈને તમારા કારણ શરીરમાં પેસી જાય છે. તે આગળ જતાં મોટાં ઝાડ થશે."

એ પ્રમાણે સ્વામીશ્રીએ ભવિષ્ય ભાખ્યું. આજે ખરેખર, ગુણાતીત જ્ઞાનનાં ઝાડ થયેલાં દેખાય છે. સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'જૂનાગઢનું તો અમારે સર્વોપરી કરવું છે, આજે ગુણાતીતજ્ઞાન સર્વોપરી પાંગર્યું છે તે સ્પષ્ટ દેખાય છે. જઠરાગ્નિમાં, વીજળીના અગ્નિમાં કે પ્રલયકાળના અગ્નિમાં પણ આ જ્ઞાન બળે તેવું નથી.' તે શબ્દો એક વાર સાંભળ્યા હોય તેના જીવમાં જડાઈ જાય છે અને તેના સુષુપ્ત સંસ્કારને જાગ્રત કરી દે છે.

✧ ✧ ✧

સાધુથી ચાંદીના મ્યાનામાં ન બેસાય

સંવત ૧૯૧૩ના કાર્તિક સુદ પૂનમનો સમૈયો કરવા સ્વામીશ્રી જૂનાગઢથી વરતાલ પધાર્યા. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞાથી સ્વામીશ્રી જ્યારે કાર્તિક પૂનમના સમૈયે વરતાલ પધારતા તે પ્રસંગે જુદાં જુદાં ગામડાંઓમાં વિચરણ કરી સત્સંગનો સૌને લાભ આપતા. આ વર્ષે પણ સ્વામીશ્રીએ વરતાલમાં પૂનમનો સમૈયો કર્યો. ખંભાતથી કોઠારી અંબાવીદાસ સ્વામીશ્રીને તેડવા આવ્યા હતા. એટલે સંત હરિભક્તોનો સંઘ લઈને સ્વામીશ્રી વરતાલથી નીકળી પ્રથમ બુધેજ પધાર્યા. ત્યાં એક દિવસ રોકાઈ સ્વામીશ્રી ખંભાત પધાર્યા.

ખંભાતના હરિભક્તોએ સ્વામીશ્રી ખંભાત પધારવાના હતા એટલે ભાવપૂર્વક સામૈયાની તૈયારીઓ કરી. નવાબ સાહેબને બેસવાનો ચાંદીનો મ્યાનો ખાસ સ્વામીશ્રીને બેસારવા માટે લઈ આવ્યા. સ્વામીશ્રી સંઘ સાથે પધાર્યા અને પાદરમાં જ હરિભક્તોએ ઢોલ, ત્રાંસા, શરણાઈ વગેરેના સૂરથી સ્વામીશ્રીનું અદ્‌ભુત સ્વાગત કર્યું. પછી સૌએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે ''સ્વામી ! આપના માટે જ નવાબ સાહેબે આ મ્યાનો મોકલ્યો છે તો આપ તેમાં વિરાજો.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''સાધુથી ચાંદીના મ્યાનામાં ન બેસાય.''

એટલે સૌ હરિભક્તોએ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આપ જો નહિ બેસો તો નવાબને ખોટું લાગશે કે ખાસ મારો મ્યાનો મોકલ્યો અને સ્વામી બેઠા નહિ. વળી, હિંદુઓ ઉપર તેને દ્વેષ પણ છે. માટે તેને સારું લાગે એટલા માટે પણ બેસો. આપને તો કશો બાધ નથી.''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : ''નવાબને અવગુણ આવે કે ખોટું લાગે તે કાંઈ તેના હાથમાં નથી. ધાર્યું તો મહારાજનું જ થાય છે. જીવ શું કરી શકે ? આ તો નિષ્કુળાનંદ મુનિનો દેશ કહેવાય એટલે અમને અત્યારે નિષ્કુળાનંદ મુનિ સાંભરી આવ્યા છે, માટે તેવા વૈરાગ્યમૂર્તિ સાંભરે પછી આવો રજોગુણી ઠાઠ કેમ થાય ?'' ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિને ઉદય થવાનું પોતે જ મૂળ છે છતાં પોતાના તે ગુણોનો બહાર પ્રકાશ ન કરતાં, બીજાને મિષે પોતાને પ્રેરણા થઈ એવી અતિ અપાર સાધુતાનાં

દર્શન આવા કેટલાય પ્રસંગોએ સ્વામીશ્રીમાં થતાં.

હરિભક્તોએ જાણ્યું કે સ્વામીશ્રી મ્યાનામાં નહિ જ બેસે. એટલે સિગરામ તૈયાર હતો તેમાં ગાદલાં પથરાવી સ્વામીશ્રીને તેમાં બેસાર્યા. સ્વામીશ્રી એ વખતે પોતાની ગોદડી ઓઢીને વિરાજ્યા હતા. સંતો સૌ આગળ કીર્તનો બોલતા ચાલતા હતા. કેટલાક વાજિંત્રો વગાડતા હતા. આ પ્રમાણે સ્વામીશ્રી ધામધૂમથી નગરમાં નીકળ્યા. સ્વામીશ્રીનાં દર્શન કરી ત્યાંના નગરજનો બોલતા હતા : "અહો ! મોટા જોગી દેખાય છે. મોટા સિદ્ધ છે, પણ ફાટેલ ગોદડી તેમને શોભવા દેતી નથી."

સ્વામીશ્રી આ સાંભળી મંદ મંદ હસતા. પછી પોતે પણ, પાસે ચાલતા હરિભક્તોને કહેતા : "ભાઈ ! આ તો ચીંથરે વીંટેલ રતન છે." આ પ્રમાણે નગરમાં સૌને દર્શન દેતા દેતા સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

સ્વામીશ્રી નવાબે મોકલાવેલ ચાંદીના મ્યાનામાં ન બેઠા અને સિગરામમાં બેઠા તે વાત નવાબને પહોંચી ગઈ. એટલે નવાબને પણ આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું : "આવા મોટા બાવા તે કોણ છે ?"

ત્યારે તેમના માણસોએ કહ્યું : "બાપુ ! એ તો ગિરનારી સિદ્ધ છે. બહુ મોટા ઓલિયા છે. જૂનાગઢમાં તેમનું મોટું મંદિર છે અને ત્યાંના તે મહંત છે. તે જેને જેને આશીર્વાદ આપે છે તે બહિસ્તમાં જાય છે."

આ સાંભળી નવાબની આતુરતા વધતી ગઈ. તેણે પૂછ્યું : "ઔર કુછ ?"

ત્યારે તેના વજીરે કહ્યું : "બાપુ, એના નૂર અલ્લા જૈસા હૈ ઔર બડે બડે પેગાંબર ઉનકા દીદાર ચાહતે હૈં."

તે સાંભળી નવાબે કહ્યું : "ઐસા જો ઓલિયા હોય તો મારે તેમના દીદાર કરવા જવું પડશે." નવાબ સાહેબને સ્વામીશ્રીનાં દર્શન કરવા જવાની ઇચ્છા થઈ એટલે વજીરે તરત જ માણસ મોકલ્યો. તે માણસે આવીને સ્વામીશ્રીને કહ્યું : "નવાબ સાહેબ આપનાં દર્શન કરવા કાલે પધારશે. પરંતુ તેને આપ 'આ લોક દુઃખરૂપ છે, મરી જવાનું છે. એવી વાતો ન કરશો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ભાઈ, અમારી વાતુ તો ખમિયાળા તીર જેવી છે, તે જો વાગે તો મરણ જેવી પીડા થાય અને બહાર કાઢી નાખે તો

આંતરડાંનો લોચો લઈને નીસરે. એમ એકેય વાતે ઠીક પડે તેવું નથી. આપણે જો સાચી વાત ન કરીએ, દુખવીને જો ન કહીએ તો તેનો મોક્ષ શી રીતે થાય ?''

સ્વામીશ્રીની આવી સત્યનિષ્ઠા અને નીડરપણું જોઈ નવાબના તે માણસે કહ્યું : ''સ્વામી ! આપ તો સમર્થ છો, જેમ કહેવું ઘટે તેમ કહેજો.''

બીજે દિવસે નવાબ સાહેબ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમનું સન્માન કર્યું. હારતોરા કર્યા. પછી કુરાનેશરીફમાંથી મોક્ષ સંબંધી વાતો કરી. સ્વામીશ્રીનું આવું અગાધ જ્ઞાન સાંભળી નવાબ સાહેબ સ્વામીશ્રીનાં ચરણોમાં નમી પડ્યા. તે દિવસે તેમણે સૂતરફેણીની રસોઈ આપી. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી તે દિવસે સૂતરફેણીની રસોઈ જમી ત્યાંથી નીકળ્યા અને ધોલેરે પધાર્યા.

શાંતિ જોઈતી હોય તો જૂનાગઢ આવો

ધોલેરાના મહંત સ્વામી વાસુદેવચરણદાસને દરબારશ્રી પૂજાભાઈ સાથે કાંઈક અણબનાવ જેવું થયું હતું; તેથી તેમને મૂંઝવણ થતી હતી. સ્વામીશ્રી પધાર્યા એટલે તેમને શાંતિ થઈ ગઈ. તેમણે વિચાર કર્યો કે મૂંઝવણ ટાળવાનું ઠેકાણું અહીં આવ્યું છે માટે સ્વામીશ્રીને આ વાત કરવી. પછી તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! મને અંતરમાં બહુ જ ઉદ્વેગ અને અશાંતિ જેવું રહે છે તેથી આ બધું મૂકીને ચાલ્યા જવાનું મન થાય છે. માટે આપ કહો તેમ કરું.''

એટલે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''શાંતિ જોઈતી હોય તો અમારી સાથે જૂનાગઢ ચાલો. પણ જો તમારે જૂનાગઢ આવવાની ઇચ્છા હોય તો અમને બોટાદ ભેગા થજો. અહીંથી અમારી સાથે આવશો તો કોઈ કહેશે કે અહીંના મંદિરના મહંતને ગુણાતીતાનંદ સ્વામી લઈ ગયા.'' તે પછી સ્વામીશ્રી ધોલેરેથી નીકળ્યા અને ફરતાં ફરતાં ગામ બોટાદ પધાર્યા.

સ્વામી વાસુદેવચરણદાસ, સ્વામીશ્રી પહેલાં જ બોટાદ આવી ગયા હતા. સ્વામીશ્રીનાં દર્શન કરીને મળ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને હસીને પૂછ્યું : ''કેમ, આવી ગયા ?''

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી ! ફક્ત ખોખું આવ્યું છે.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "ખોખું આવ્યું છે તે તેમાં જીવ તો અમે મૂકી દઈશું." એટલામાં વામનપ્રસાદ સુધારેલી શેરડી ઠાકોરજીને ધરાવીને લાવ્યા. સ્વામીશ્રીએ તેમાંથી ખોબો ભરીને માદળિયાં વાસુદેવચરણદાસને આપ્યાં અને કહ્યું : "આ તમે જ જમજો. બીજા કોઈને દેશો મા."

સ્વામીશ્રીની પ્રસાદી લઈ વાસુદેવચરણદાસ વાડામાં જઈને બધી પ્રસાદી જમી ગયા. પછી સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "હવે કેમ છે ? કાંઈ ફેર પડ્યો ?"

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! અરધી શાંતિ તો થઈ ગઈ."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "અરધી શાંતિ થઈ તો તો આખી થઈ જશે. જૂનાગઢ આવશો એટલે શાંતિ થઈ જશે." બોટાદમાં એક દિવસ રોકાઈ સ્વામીશ્રી ગઢપુર પધાર્યા.

સ્વામીશ્રી ગઢપુર પધાર્યા છે તે સમાચાર પીઠવડીના હરિભક્તોને મળ્યા એટલે તેઓ સ્વામીને પીઠવડી તેડી જવા ગઢપુર આવ્યા. સ્વામીશ્રી તે હરિભક્તોની સાથે પીઠવડી પધાર્યા.

અહીં હરિભક્તોનો ખૂબ આગ્રહ જોઈ, સ્વામીશ્રી અને સૌ સંઘ ત્યાં જમ્યા. પછી સ્વામીશ્રીની ઘેર ઘેર પધરામણી થઈ. સ્વામીશ્રીને પગે ગૂમડું થયું હતું એટલે પોતે ઘોડી ઉપર જ બેસી રહેતા અને હરિભક્તો સ્વામી પાસે આવી પૂજન કરી ધોતિયાં ઓઢાડતા. એમ ઘણાં ઘરે પધરામણી થઈ. પછી સ્વામીશ્રીએ સાથેના હરિભક્તોને કહ્યું : "માવા ભગતનું ઘર આવે ત્યારે મને કહેજો."

ફરતાં ફરતાં જ્યારે માવા ભગતનું ઘર આવ્યું ત્યારે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! માવા ભગતનું ઘર આવ્યું." એટલે સ્વામીશ્રી ઘોડી ઉપરથી નીચે ઊતર્યા અને તેને ઘેર પધાર્યા. ત્યાં ઓશરીમાં બેસી સ્વામીશ્રી 'अहो नृलोके' એ શ્લોક બોલ્યા અને હસતાં હસતાં કહ્યું : "આ શ્લોકનો મર્મ સમજાય તો કામ થઈ જાય." પછી જેરામે કંકુથી સ્વામીશ્રીને ચાંદલો કર્યો અને ધોતિયું ઓઢાડ્યું. બીજા સંતોની પણ પૂજા કરી અને સૌને ધોતિયાં ઓઢાડ્યાં. આ પ્રમાણે પીઠવડીના હરિભક્તોના મનોરથ પૂરા કરીને સ્વામીશ્રી ત્યાંથી નીકળીને સાવર પધાર્યા.

સ્વામીશ્રી સાવરમાં

અહીં ઊગા ખુમાણના દીકરા જીવણા ખુમાણે સ્વામીશ્રી અને સંતોને જોયા. પોતાને પૂર્વના સંસ્કાર હતા એટલે તરત જ સ્વામીશ્રીનો હાથ પકડીને સ્વામીશ્રીને પોતાના દરબારમાં લઈ આવ્યા. વૃદ્ધાવસ્થામાં ભગવાને મહેર કરી દીકરો આપ્યો હતો તે દીકરો સ્વામિનારાયણના સાધુઓને દરબારમાં લાવ્યો એટલે ઊગા ખુમાણ કાંઈ બોલી શક્યા નહિ. સ્વામીશ્રીને આવકાર આપી દરબારમાં ઉતારો આપ્યો. રસોઈનું સીધું લાવી રસોઈ ચાલુ કરાવી.

દરબારગઢમાં અમારી ઝોળીઓ ટીંગાય

સ્વામીશ્રી દરબાર ઊગા ખુમાણને ઉદ્દેશીને સભામાં વાતો કરતા હતા. તે વખતે સ્વામીશ્રીએ દરબારને કહ્યું : "દરબાર ! તમને સાંભરે છે ? અમે બાર સંતો અગાઉ આવ્યા હતા અને તમે અમારું અપમાન કરીને મારીને કાઢી મૂક્યા હતા ? અમારી રસોઈ પણ તૈયાર હતી, તો પણ જમવા દીધું ન હતું ?"

દરબાર તો આ સાંભળી જ રહ્યા. ભૂતકાળનો પડદો સ્વામીશ્રીએ ખેંચી લીધો હતો. પોતાનાં કૃત્યોની ઝાંખી તેમને થવા લાગી. ચોરી, વ્યભિચાર, દારૂનાં દૂષણોથી ભ્રષ્ટ થઈ ગયેલા તેમના અંતરપટ પર જુવાનીની આંધીએ ચઢેલું જીવન દેખાવા લાગ્યું. સ્વામિનારાયણના મૂંડિયા પ્રત્યેના દ્વેષે તો માઝા મૂકી હતી. કૃપાનંદ સ્વામીના મંડળમાં આવેલા સ્વામીશ્રી અને બીજા દસ સાધુઓને તૈયાર થયેલી ખીચડી જમવા દેવા જેટલી ધીરજ પણ તેમના અંતરમાં ન રહી. તેમણે ઘેરૈયાને જાણે છૂટા મૂક્યા હોય તેમ પથરા, છાણ અને બીભત્સ ગાળોનો વરસાદ વરસાવ્યો. બાવળની કાંટા સોતી સોટીઓથી આ સાધુઓને ઝૂડ્યા અને એમ મારતાં મારતાં ગામ બહાર લઈ ગયા. દરબાર આ દૃશ્યથી કંપ્યા. તેમના અંગમાં ધ્રુજારી છૂટી, આંખમાંથી દડ દડ અશ્રુ સરવા લાગ્યાં.

સ્વામીશ્રીએ તેમને સાંત્વન આપ્યું. પછી કહ્યું : "દરબાર ! મૂંઝાશો નહિ, અમે તમારા ઉપર નારાજ નહોતા થયા. અમે તો ઊલટો તમને શાપ આપ્યો હતો કે આ દરબારને દીકરો નથી તે દીકરો થાય અને

દરબારગઢમાં અમારી ઝોળીઓ ટીંગાય."

દરબાર આ શબ્દો સાંભળી અવાક્ બની ગયા. આટલી નીચતા ઉપર આવી કરુણા ! તેમને થયું કે ખરેખર, સાધુ તો સ્વામિનારાયણના ! સાચા સાધુ તો સ્વામિનારાયણે જ બનાવ્યા છે અને જગતને સાધુતાનો સાચો આદર્શ સમજાવ્યો છે. તરત જ પોતે ઊઠીને સ્વામીશ્રીને પગે લાગ્યા. સ્વામીશ્રીને હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમે તો જીવ તે અવળા જ હોઈએ, પણ આપે દયા કરી તો હવે આવી દયા કાયમ રાખશો."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા અને દરબારને માથે હાથ મૂકતાં કહ્યું : "બાપુ ! અમારે તો દયા રાખવાનો જ ધર્મ છે અને એટલે જ અમારા સંકલ્પ પ્રમાણે મહારાજે તમને આ કુંવર દીધા અને આજ અમારી ઝોળીઓ આ તમારા દરબારગઢમાં ટીંગાય છે. આ લોકમાં આપને હવે કાંઈ અધૂરું નથી. આ તમારા પુત્રથી તમે પ્રભુ સન્મુખ થયા છો અને હવે તેના સંબંધે પરલોક પણ પામશો."

એટલું કહી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "હવે તમે નિત્યે પાંચ માળા સ્વામિનારાયણના નામની ફેરવજો."

દરબારે તરત જ તે નિયમ રાખવાનું વચન આપ્યું અને સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવ્યાં. પછી સ્વામીશ્રીએ તેમના પુત્ર જીવણા ખુમાણને પણ વર્તમાન ધરાવ્યાં અને કહ્યું : "હવે ખબડદાર થઈને સ્વામિનારાયણનું ભજન કરજો અને જૂનાગઢ દર્શન કરવા આવતા રહેજો. આમાં જો ફેર પાડશો તો શ્રીજીમહારાજને તમારે જવાબ દેવો પડશે." આ પ્રમાણે સ્વામીશ્રીએ પિતા-પુત્રને સ્વામિનારાયણ ભગવાનનો મહિમા સમજાવ્યો અને તેમનું શ્રેય કર્યું. પછી સ્વામીશ્રી ત્યાંથી નીકળી ગોખરવાળા પધાર્યા.

નથુરામ ! આ તો વશિષ્ઠ ઋષિ છે

આ જ વખતે દાડમામાં નથુરામ ભટ્ટના પિતા લાલજી ભટ્ટને મંદવાડ આવ્યો. અગાઉ જ્યારે સ્વામીશ્રી તેમને ઘેર પધાર્યા હતા, ત્યારે સ્વામીશ્રીએ પોતાને ઓઢાડેલું ધોતિયું આ લાલજી વિપ્રને ઓઢાડ્યું હતું અને બોલ્યા હતા કે "નથુરામ ! આ તો સાક્ષાત્ વશિષ્ઠ ઋષિ છે." તે પ્રસંગથી લાલજી ભટ્ટને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ જ ભાવ થઈ ગયો હતો. તેમનો

અંતકાળ નજીક આવી ગયો હતો. ત્યાં તેમને સ્વામીશ્રીનાં દર્શન થયાં. તેમણે તરત જ તેમના પુત્ર નથુરામને કહ્યું : "નથુ ! તારા ગુરુ અહીં આવ્યા છે. અહીં ફળીમાં ઊભેલા હું તેમને દેખું છું. વજ્રકછોટો વાળ્યો છે, ઉદર મોટું છે અને કપાળમાં કેસરનું તિલક શોભે છે. તેમની મૂર્તિ અતિશય શોભાયમાન છે. સંતમંડળ સાથે આવ્યા છે અને મને કહે છે કે અમારી સાથે ચાલો." એ પ્રમાણે કહી તરત જ તેમણે દેહ છોડી દીધો.

નથુ ભટ્ટ પિતાની દેહક્રિયાથી પરવારી, સ્વામીશ્રી ગોખરવાળા છે તે સમાચાર મળતાં સીધા ગોખરવાળા ગયા. અહીં આવીને મંદિરના ચોકમાં તેમણે સ્વામીશ્રીને દંડવત્ કર્યા.

તે વખતે કાના ભક્તે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ નથુ ભટ્ટ આવ્યા." એટલે સ્વામીશ્રીએ તરત જ તેમને પાસે બોલાવ્યા.

ત્યારે નથુ ભટ્ટે કહ્યું : "સ્વામી ! અહીં ઠીક છે."

ત્યારે સ્વામીએ હસીને કહ્યું : "નથુરામ ! તારા બાપ ધામમાં ગયા છે તેનું સૂતક તને લાગ્યું છે એમ તું માને છે, પણ તારા બાપને તો અમે પગનો અંગૂઠો પકડીને અક્ષરધામમાં મોકલી દીધા છે તો તું સૂતકી કે હું સૂતકી ?"

એમ કહીને તેને પાસે બોલાવ્યા અને સ્વામીશ્રીએ તેમને માથે બે હાથ મૂક્યા. આ પ્રમાણે સ્વામીશ્રીએ નથુ ભટ્ટને પ્રતીતિ કરાવી કે તેના બાપને તેમણે ધામમાં મોકલી દીધા છે.

સ્વામીશ્રી ગોખરવાળાથી બીજા ગામે ફરતાં ફરતાં જૂનાગઢ પધાર્યા.

સાક્ષાત્ શ્રીજીમહારાજનું દર્શન પણ આ ફૂલમાં આવી ગયું

સ્વામીશ્રી સાથે ધોલેરાના મહંત સ્વામી વાસુદેવચરણદાસ પણ જૂનાગઢ આવ્યા. તેમને સ્વામીશ્રીએ બોટાદમાં પ્રસાદીનાં શેરડીનાં માદળિયાં જમાડીને અરધી શાંતિ કરી દીધી હતી. તેમની મૂંઝવણ સમગ્રપણે ટાળી તેમને હવે સંપૂર્ણ શાંતિ કરાવવી હતી.

અહીં જ્યાં હાલ માંદાની ઇસ્પિતાલ છે, ત્યાં પૂર્વમાં અને પશ્ચિમમાં એમ રાજચંપાનાં બે ઝાડ હતાં. સ્વામીશ્રી હંમેશાં પૂર્વ તરફના વૃક્ષ નીચે ધ્યાન કરવા બેસતા. સામેના પશ્ચિમ તરફના વૃક્ષ નીચે સ્વામી યોગેશ્વરદાસજી બેસતા. એક દિવસ સ્વામીશ્રી ત્યાં બેસી વાતો કરતા હતા

અને વાસુદેવચરણદાસજી સ્વામીશ્રીની વાતો સાંભળતા હતા. તે વખતે તેમના શિષ્ય આવ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! આપણે આ દેશમાં આવ્યા છીએ તો પંચતીર્થ કરી આવીએ તો ઠીક."

તે સાંભળી સ્વામીશ્રીએ વાસુદેવચરણદાસને કહ્યું : "તમે કોઈ વખત પંચતીર્થની જાત્રા કરી છે કે નહિ ?"

એટલે તેમણે કહ્યું : "હા, સ્વામી ! હું તો જઈ આવ્યો છું."

ત્યારે સ્વામીએ કહ્યું : "તો હવે તમારા મંડળમાં જે હોશિયાર સાધુ હોય તેને મોકલો. તે સહુને પંચતીર્થની જાત્રા કરાવી આવે અને તમે અહીં રહો."

એટલું કહી સ્વામીશ્રીએ પોતાના હાથમાં ચંપાનું ફૂલ હતું તે પોતે સૂંઘીને વાસુદેવચરણદાસને આપ્યું અને કહ્યું : "આ ફૂલમાં પંચતીર્થ આવી ગયાં, ઘેલો આવી ગયો અને સર્વ તીર્થમાત્ર આવી ગયાં."

એમ કહી મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી વગેરે પરમહંસોનાં નામ લીધાં અને પછી કહ્યું : "આ સર્વે પરમહંસોનાં દર્શનનું ફળ પણ આ ફૂલમાં આવી ગયું. અરે, રઘુવીરજી મહારાજ અને સાક્ષાત્ શ્રીજીમહારાજનાં દર્શનનું ફળ પણ આ ફૂલમાં આવી ગયું. લ્યો, તમે સૂંઘો !"

એમ કહી તે ફૂલ વાસુદેવચરણદાસને આપ્યું. તે ફૂલ વાસુદેવચરણ-દાસે સૂંઘ્યું અને તરત જ તેમને સ્વામીશ્રીની કૃપાથી પરમ શાંતિ થઈ ગઈ.

તેમના શિષ્યો બધા પંચતીર્થની જાત્રા કરવા ગયા અને પોતે જૂનાગઢમાં સ્વામીશ્રીનો સમાગમ કરવા રહ્યા. સ્વામીશ્રીની કૃપાથી તેમને ફક્ત ફૂલ સૂંઘવાથી જ શાંતિ થઈ ગઈ હતી. ઉપરાંત સ્વામીશ્રીની વાતો સાંભળી - ઉપદેશામૃતનું પાન કર્યું - એટલે તેમનું કલેવર ઘડાઈ ગયું. અંતરમાં શાંતિ અને આનંદનો અનુભવ અખંડ થવા લાગ્યો.

થોડા દિવસ બાદ તેમના શિષ્યો પંચતીર્થની જાત્રા કરીને જૂનાગઢ આવ્યા ત્યાર પછી પોતે તેની સાથે ધોલેરે ગયા.

✧ ✧ ✧

ડુંગરના શેઠની લાજ રાખી

મહુવા પાસે ડુંગર ગામના એક હરિભક્ત વ્યવહારે સુખી હતા અને

સત્સંગ શિર સાટે રાખ્યો હતો. તેથી તેમને ન્યાત બહાર કર્યા હતા. આ દુઃખથી તેમનું અંતર વલોવાઈ ગયું હતું. વળી, ઘેર દીકરી મોટી થઈ હતી, પરંતુ ન્યાતમાં કોઈ પૂછવા ઠેકાણું હતું નહિ તેથી મૂંઝાઈને જૂનાગઢ સ્વામીશ્રી પાસે તે આવ્યા. આધિ, વ્યાધિ અને ઉપાધિનાં દુઃખને દૃષ્ટિમાત્રથી વિદારી દેતા સ્વામીશ્રીનાં દર્શનથી શેઠને અંતરમાં અત્યંત શાંતિ થઈ ગઈ. તેઓ સ્વામીશ્રીને દંડવત્ કરી સન્મુખ બેઠા ત્યારે સ્વામીશ્રીએ તેમને હસીને પૂછ્યું : ''આવો શેઠ ! સુખી છોને ?''

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! આપની કૃપાથી સર્વે પ્રકારે સુખ છે, પરંતુ સત્સંગને લીધે ન્યાત બહાર થયો છું અને કન્યા પરણાવવા જેવડી થઈ છે એ દુઃખ મોટું છે.''

તે સાંભળી સ્વામીશ્રી આંખો મીંચીને ઊંડા ઊતરી ગયા. થોડી વારે આંખો ખોલી કહ્યું : ''અહો, શેઠ ! તમે સત્સંગ શિર સાટે રાખ્યો છે અને મહારાજનો આશરો કર્યો છે તે મહારાજ તમારું દુઃખ નહિ ટાળે ? માટે ચિંતા કરશો નહિ. આ તમારું દુઃખ મહારાજ ટાળી દેશે.''

એટલું કહીને પછી બોલ્યા : ''હમણાં તો થોડા દિવસ અહીં રહો અને સમાગમ કરો. પછી ચાલવા ટાણે રસ્તામાં શેમળા ગામ આવશે. તેના પાદરે તમે રોકાજો. ત્યાં તમને તમારી ન્યાતના જ શેઠ મળશે અને તમને ઘેર તેડી જશે. તે વખતે તમારી કન્યાનું માગું કરે તે તમે વધાવી લેજો.''

સ્વામીશ્રીએ આ પ્રમાણે વાત કરી. શેઠને તો આ વાત સાંભળી અત્યંત આનંદ થયો. તેમને મનમાં થયું કે ''સ્વામીએ આપણી લાજ રાખી.''

થોડા દિવસ શેઠ જૂનાગઢમાં રોકાયા અને વાતો સાંભળી સમાગમ કર્યો. પછી જૂનાગઢથી ઘેર જવા નીકળ્યા ત્યારે સ્વામીશ્રીએ ફરી આશીર્વાદ આપ્યા. જૂનાગઢથી નીકળીને ચાલ્યા અને શેમળા પહોંચ્યા. ત્યાં પાદરમાં આવ્યા એટલે સ્વામીશ્રીની વાત તેમને યાદ આવી. તેથી ત્યાં નાહીને પૂજા કરવા બેઠા. એટલામાં એક શેઠ તેમની પાસે આવ્યા. કોઈ સારા સદ્‌ગૃહસ્થ બેઠા છે એમ ધારી આ શેઠ પણ ત્યાં બેસી ગયા અને પૂજા કરી રહ્યા પછી તેમને પૂછ્યું : ''આપ શી ન્યાતે છો ? ક્યાંથી પધારો છો ?''

ત્યારે તેમણે પોતાની ન્યાત કહી અને કહ્યું : ''જૂનાગઢ અમારા સ્વામીનાં દર્શને ગયો હતો અને હવે ઘેર જાઉં છું.''

તે સાંભળી તેમણે કહ્યું : "તમે તો અમારા મે'માન કહેવાઓ, માટે જમ્યા સિવાય નહિ જવા દઈએ." એમ આગ્રહ કરી તેમને પોતાને ઘેર લઈ ગયા. શેઠને સ્વામીશ્રીના શબ્દે શબ્દ અહીં આકાર લેતા દેખાયા.

ઘેર ગયા પછી જમ્યા. પછી શેઠે પૂછ્યું : "આપને કોઈ સંતાન છે ?"

ત્યારે તેમણે કહ્યું : "આ દીકરો મારો અઢાર વર્ષનો થયો છે. હવે કન્યા ગોતીએ છીએ."

ત્યારે શેઠે કહ્યું : "મારે પંદર વર્ષની જુવાન કન્યા પરણાવવા જેવડી થઈ છે."

તે સાંભળી શેઠને તો આનંદનો પાર ન રહ્યો. તેમણે કહ્યું : "તો આપણે સંબંધ કરી નાખીએ."

એટલે શેઠે કહ્યું : "પણ અમે તો સ્વામિનારાયણ ભગવાનને ભજીએ છીએ."

ત્યારે તેમણે કહ્યું : "અહો, એથી રૂડું શું ? તમારા જેવા ધર્મવાળા ક્યાંથી મળે ? તમારે જો કન્યા આપવાનો વિચાર હોય, તો ન્યાત ભલેને ગમે તે કહે મને વાંધો નથી." આમ, સ્વામીશ્રીના આશીર્વાદથી શેઠની કન્યાનો વિવાહ થઈ ગયો. શેઠ પણ રાજી થઈને બધું પાકું કરીને ડુંગર ગયા. સ્વામીશ્રીના આશીર્વાદથી શેઠની વ્યાવહારિક મૂંઝવણ ટળી ગઈ અને સુખી થઈ ગયા.

✧ ✧ ✧

ઓણ સાલ રૂનો વેપાર કરશો નહિ

બ્રહ્મવિદ્યાના કેન્દ્ર સમા જૂનાગઢમાં સંતો, હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન માટે ચાલ્યા જ આવતા. હરિજનના હિલોળના હિલોળ જૂનાગઢ આવતા-મહારાજનું સ્વરૂપ સમજવા, સ્વામીનું સ્વરૂપ સમજવા અને સત્સંગના અંતરંગ રંગથી રંગાવા. સ્વામીશ્રીની પ્રકૃતિ અતિ દયાળુ હતી તેથી સૌ સૌને તેમના મનોરથ પ્રમાણે આશીર્વાદ આપી સુખી કરતા. તે સાથે સાથે શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપની નિષ્ઠા તેમના અંતરમાં દૃઢ કરાવી દેતા, જેથી સત્સંગ સિવાય તેમના અંતરમાં જગતની બીજી કોઈ વસ્તુ પ્રધાન ન રહેતી.

પંચાળાથી ગોવિંદભાઈ અને બળેજથી મોરારભાઈ ઠક્કર, બંને સાથે સ્વામીશ્રીનાં દર્શન, સમાગમનો લાભ લેવા જૂનાગઢ આવ્યા. અહીં તો મીઠા જળનો મહાસમુદ્ર પડ્યો હતો તેથી જેની ચાંચમાં જેટલી શક્તિ હોય તેટલું પાણી પીવે. જેની જેટલી મુમુક્ષુતા, જગત પ્રત્યેની જેટલી અનાસક્તિ, તે પ્રમાણે તેને સ્વામીશ્રી સમાગમનું સુખ આપતા. સ્વામી તો અખંડ વાતો કરતા, સોપો પડવા દેતા જ નહિ. આ બંને હરિભક્તો પણ સમાગમનો લાભ લેવા આવ્યા હતા. બે દિવસ રહ્યા પરંતુ મોરારભાઈને રૂના વેપારનો વેગ હતો એટલે ત્રીજે દિવસે તેમણે સ્વામીશ્રીની રજા માગી. સ્વામીશ્રીએ તેમને અને ગોવિંદભાઈ બંનેને રજા આપી અને કહ્યું, "સત્સંગ અંતરમાં દૃઢ રાખજ્યો. ઓણ સાલ રૂનો વેપાર કરશો નહિ." મોરારભાઈને ધ્રાસ્કો પડ્યો. પણ છતાં તે વાત વિસારવા તેમણે મનને બીજા કેટલાય ગોટે ચડાવી દીધું. રસ્તામાં મોરારભાઈએ ગોવિંદભાઈને કહ્યું : "ઓણ રૂ લેવું છે કે નહિ ?"

ત્યારે તેમણે કહ્યું : "સ્વામીએ ઓણ રૂ લેવાની ના કહી છે માટે આપણે તે ધંધો ન કરવો."

તે સાંભળી મોરારભાઈ હસ્યા. તેમણે કહ્યું : "ગોવિંદભાઈ ! સ્વામી રૂના ભાવમાં શું જાણે ? એ તો મંદિરમાં બેસી માળા ફેરવી જાણે. ધંધામાં તેમની સલાહ કામની નહિ."

પરંતુ ગોવિંદભાઈએ તો ના જ કહી દીધી. મોરારભાઈને પોતાની બુદ્ધિનો ડોડ હતો તેથી તેમણે સોળ કોરીની ખાંડીના લેખે અગિયારસો ખાંડી રૂ ખરીદ્યું અને સ્વામીની આજ્ઞા લોપી. થોડા દિવસ થયા અને રૂના ભાવ ગગડ્યા. એક ખાંડીની ૬ કોરી થઈ ગઈ. આમ, મોરારભાઈને અગિયારસો ખાંડી રૂમાં ૧૧,૦૦૦ કોરીનું નુકસાન થયું અને દેવાળું કાઢવું પડ્યું. ગોવિંદભાઈએ આજ્ઞા પાળી તો નુકસાનમાંથી ઊગરી ગયા.

✧ ✧ ✧

અમે અક્ષર છીએ તો તમને અક્ષરરૂપ કરીશું

સભામાં સ્વામીશ્રી રોજ નવી નવી વાતો શ્રીજીમહારાજની લીલાની, પંચવિષયના ખંડનની અને એકાંતિક ધર્મ સિદ્ધ કરવાની કરતા. હરિભક્તો

તો જાણે, ચકોર જેમ ચંદ્ર સામું અવિરતપણે જોઈ રહે તેમ, સ્વામીશ્રીની દિવ્ય મૂર્તિનાં દર્શન કરતાં થાકતા જ નહિ અને કથામૃતનો પણ એકેય શબ્દ જવા દેતા નહિ.

એક દિવસ સ્વામીશ્રી નાહીને ધોતિયું પહેરતા હતા. તેવામાં ત્યાં મોરથી ગરકાવ થયેલો લીંબડો, વાયુ આવવાથી હલ્યો અને તેની સુગંધી સ્વામીશ્રીને આવી.

તેથી ધોતિયું પહેરતાં પહેરતાં સ્વામીશ્રી બોલ્યા : "જુઓ, આ લીંબડામાં કેવી સુગંધી છે ? એમાં સુગંધી છે તો તે આપણને આપે છે. તેમ જેમાં જેવા ગુણ હોય તે તેવા ગુણ આપે. જો અમે અક્ષર છીએ, તો તમને સૌને અક્ષરરૂપ કરીશું. આ જોગમાં તમો આવ્યા છો તે તો તમારું મોટું ભાગ્ય છે."

એમ કહી ધોતિયું પહેરી ત્યાંથી ચાલ્યા. પછી દરવાજાના ઉત્તર ભાગે આથમણા બારના ઓરડે જઈ સ્વામીશ્રી વિરાજ્યા. તે વખતે ત્યાં સંત હરિભક્તોની સભા ભરાઈ ગઈ. સ્વામીશ્રી પણ દિવ્યભાવમાં આવી વાતો કરવા લાગ્યા તેથી પાસે બેઠેલા સાધુ માધવદાસને સમાધિ થઈ ગઈ. સમાધિમાં તેમને અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર શ્રીજીમહારાજનાં દર્શન થયાં.

મહારાજે તેમને જોઈને કહ્યું : "જુઓ, આ અમારી પાસે કોણ મૂર્તિ છે તે ઓળખો છો ? ઓળખતા હો તો તેમનું નામ કહો."

ત્યારે માધવદાસે કહ્યું : "મહારાજ ! હું ઓળખતો નથી."

પછી મહારાજે પોતાની પાસે બેઠેલા દિવ્યસ્વરૂપ સ્વામીશ્રી તરફ દૃષ્ટિ કરી એટલે માધવદાસને સ્વામી ઓળખાયા.

મહારાજે તેમને કહ્યું : "આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે. સેવકરૂપે અમારી સેવામાં રહ્યા છે અને સ્થાનરૂપે અનંત કોટી મુક્તોને અને અમને ધરી રહ્યા છે. તેમનાં બે સ્વરૂપ છે : મૂર્તિમાન અને અમૂર્ત."

તે સાંભળી માધવદાસે કહ્યું : "મહારાજ ! સ્વામીનો આવો મહિમા અમે અત્યારે જાણ્યો. અત્યાર સુધી આવો મહિમા અમે સમજ્યા ન હતા."

પછી મહારાજે તેમને કહ્યું : "આજે જે નજરે જોયું તે પ્રમાણે હવે સમજજો."

એ પ્રમાણે કહી તેમને ત્યાંથી મોકલી દીધા.

માધવદાસ જ્યારે જાગ્રત થયા, ત્યારે સભામાં કહેવા લાગ્યા : "આ સ્વામી પંડે અક્ષરબ્રહ્મ છે. મેં ધામમાં જાતે જોયું છે અને મહારાજે પણ મને સ્વામીનો મહિમા સમજાવ્યો છે."

એટલે સ્વામીશ્રી તે સાંભળી બોલ્યા : "આંહીં એ વાત બોલશો મા. હજુ મહારાજનું સર્વોપરીપણું તો ઘણાને સદ્યું નથી ત્યાં અમારા સ્વરૂપની આ વાત કેમ પથ્ય પડશે ? માટે મનમાં સમજી લેવું પણ બહાર બોલવું નહિ."

પરંતુ માધવદાસની આ વાત સાંભળી જેઓ સ્વામીશ્રીને અક્ષરબ્રહ્મ સમજતા હતા તે બધા તો રાજી જ થયા. સ્વામીશ્રી પછી ત્યાંથી ઊઠીને સભામાં પધાર્યા.

માબાપ ! મને તો ગોલોકમાં જ મૂકજો

થોડી વારે જમનાવડના દરબાર દાદાભાઈ ત્યાં આવ્યા અને સ્વામીશ્રીને પગે લાગી સામે બેઠા. પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "દાદાભાઈ ! મંદિર કરવા સારુ તમે આ જમીન આપી તે તો બહુ મોટું પુણ્ય થયું કહેવાય. કારણ સૂર્ય, ચંદ્ર તપશે ત્યાં સુધી અહીં દેવ વિરાજશે. તેનાં લોકો દર્શન કરશે, થાળ કરશે, વસ્ત્ર-ઘરેણાં અર્પણ કરશે, દેવને પાકા થાળ થશે, ત્યાગીઓ અહીં રહીને ભજન કરશે અને તમને આશીર્વાદ દેશે. તેથી તમારા ઉપર મહારાજ બહુ જ રાજી થશે. અમે પણ તમારા ઉપર અત્યંત રાજી થયા છીએ. માટે આજે તો તમારે જે ધામમાં જવું હોય તે માગો."

એટલે દાદાભાઈ હાથ જોડી બોલ્યા : "સ્વામી ! આપે તો મારા ઉપર બહુ દયા કરી માગવાનું કહ્યું પણ બધાં ધામનું વર્ણન કરી બતાવો તો તે ધામ હું માગું."

પછી સ્વામીશ્રીએ બદરિકાશ્રમથી ગોલોક સુધીનાં બધાં ધામોનું વર્ણન કર્યું. તેમાં ગોલોકનો વૈભવ સૌથી વધુ આવ્યો. પછી સ્વામીશ્રીએ કહ્યું : "દાદાભાઈ ! ગોલોકમાં તો કેરીઓ પણ આ અમારા તકિયા જેવડી થાય છે. વળી દૂધ, દહીં, માખણ વગેરે ખાવાનું બહુ સારું, રહેવાનું પણ બહુ સારું."

તે સાંભળી દાદાભાઈએ કહ્યું : "સ્વામી ! મને તો ગોલોક ધામ જ આપો. બીજે મને મોકલશો નહિ."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "હજુ અક્ષરધામનું વર્ણન તો સાંભળો. જ્યાં તેજ તેજના અંબાર છે. તે તેજના મધ્ય ભાગને વિષે દિવ્ય સિંહાસન ઉપર શ્રીજીમહારાજ દિવ્ય સ્વરૂપે વિરાજમાન છે અને અનંત કોટી મુક્તો પણ મહારાજની સેવામાં રહ્યા છે. તે પ્રાપ્તિ બહુ જ મોટી છે. જ્યાં સુખ, સુખ ને સુખ જ છે. જ્યાં કાળ, માયાનો કલેશ નથી અને જ્યાંથી ફરી પાછા આવવાનું નથી એવું એ દિવ્ય અક્ષરધામ છે. માટે મહારાજના એ ધામમાં બહુ સુખ આવશે."

પરંતુ દાદાભાઈને તો ગોલોકનું સુખ ગમી ગયું હતું તેથી તેમણે તો સ્વામીશ્રીને હાથ જોડી કહ્યું : "માબાપ ! મને તો ગોલોકમાં જ મૂકજો."

સ્વામીશ્રી તે સાંભળી હસ્યા, પછી કહ્યું : "ભલે, જેવી તમારી મરજી."

જ્યાં સુધી માયિક સુખમાં જીવને આસક્તિ છે, ત્યાં સુધી અક્ષરધામના અવિનાશી સુખની તેને પ્રાપ્તિ થશે જ નહિ. અનાદિ કાળથી જીવ માયાના બંધનમાં ફસાયો છે તેથી તે બંધન તૂટતું નથી. 'હું બ્રહ્મ છું', એમ બોલવા છતાં પણ વૃત્તિ તો માયામાં રહેલી જ હોય છે. એટલે તેવા વાચ્યાર્થ જ્ઞાનનો ત્યાગ કરી જીવ ત્રણ દેહથી છૂટો પડી, બ્રહ્મરૂપ થયેલા પુરુષમાં જો જોડાય તો જ તેને માયાનું બંધન ટળે અને અક્ષરના અવિનાશી સુખનો આનંદ આવે.

સાંખડાવદરના બીડમાં તૃણોત્સવ

આ જ અરસામાં સ્વામીશ્રી સંતમંડળને સાથે લઈને સાંખડાવદરના બીડમાં ખડ વઢાવવા ગયા હતા. આ ઉત્સવને તૃણોત્સવ કહે છે, કારણ કે સ્વામીશ્રી વિરાજતા હોય એટલે ઉત્સવોની પરંપરા જ હોય. સ્વામીશ્રીના સાન્નિધ્યમાં કથા, વાર્તા, ધ્યાન અને ભજન એ ઉત્સવમાં મુખ્ય ગણાતાં. એટલે જ્યારે એવા પ્રસંગો આવતા, ત્યારે ઉત્સવ ધારી સંત હરિભક્તો દર્શન, સેવા અને સમાગમનો લાભ લેવા આવતા.

વસોના વાઘજીભાઈ પોતાને ખેતરે હતા તેવામાં તેમને એકાએક સ્વામીશ્રીની સ્મૃતિ થઈ આવી. ઘેર કહેવા પણ ન ગયા અને ખેતરેથી સીધો જૂનાગઢનો માર્ગ લીધો. ઘેર સંદેશો કહેવરાવ્યો કે 'હું જૂનાગઢ જાઉં છું. માટે મને ગોતશો નહિ.' એ પ્રમાણે કહેવરાવી પોતે તો ચાલી નીકળ્યા.

ઘેર પિતાને ખબર પડી એટલે એક માણસની સાથે ઘોડી તથા રૂપિયા ૨૦/- ખર્ચીના મોકલ્યા. ત્રીજે દિવસે તે માણસ વાઘજીભાઈને ભેગો થયો. ઘોડી અને રૂપિયા તેમને આપીને તે પાછો વળ્યો. વાઘજીભાઈ જૂનાગઢ મંદિરમાં આવ્યા ત્યારે ખબર પડી કે સ્વામીશ્રી તો સાંખડાવદરના બીડમાં ગયા છે. તેથી ઠાકોરજીનાં દર્શન કરી સીધા સાંખડાવદર ગયા. સ્વામીશ્રીનાં દર્શન કરી બહુ જ રાજી થયા.

સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે અહીં કેમ આવ્યા ? અમે જૂનાગઢ આવત."

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! ઘણા દિવસથી આપનાં દર્શન નો'તાં કર્યાં. તેથી તાણ બહુ હતી એટલે હું અહીં આવ્યો." સ્વામીશ્રી તેમના ભક્તિભાવથી અત્યંત રાજી થયા અને કહ્યું : "ભલે આવ્યા."

બીજે દિવસે લોધિકાથી અભયસિંહ દરબાર આવ્યા, કારિયાણીથી નથુ પટેલ આવ્યા. સૌ રસોઈઓ દેવા માંડ્યા એટલે ખરેખરો ઉત્સવ થવા લાગ્યો. પછી સ્વામીશ્રીએ કહ્યું : "ખડને ગાડે ઘેવરનાં ભાતાં ન હોય."

એટલે સૌ હરિભક્તો બોલ્યા : "સ્વામી ! એ તો આપનો પ્રતાપ છે."

પછી સ્વામીશ્રીએ વિચાર કર્યો કે અહીં જો ઝાઝું રહેવાનું થશે તો હરિભક્તો અહીં આવવા માંડશે. અહીં જંગલ છે તેથી વાઘ-દીપડાની બીક પણ છે તેમાં એકાદાના ઘોડાને જો ઝડપી લીધો તો ભારે મુશ્કેલી થશે. તે પ્રમાણે વિચાર કરીને પછી જૂનાગઢ જવા સૌ નીકળ્યા.

વાઘજીભાઈ ! કઠણ દેશકાળ આવે ત્યારે અમને સંભારજો

વાઘજીભાઈ એક માસ જૂનાગઢ રોકાયા. સમાગમ કર્યો. પછી વસો જવાનું થયું ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "વાઘજીભાઈ ! કઠણ દેશકાળ આવે તો પણ આ ભગવાન અને આ સાધુને મૂકવા નહિ."

એ પ્રમાણે બે-ત્રણ વખત કહ્યું. પછી વાઘજીભાઈ સ્વામીશ્રીને દંડવત્ કરીને ચાલવા તૈયાર થયા ત્યારે સ્વામીશ્રીએ તેમને ફરી વખત કહ્યું : "વાઘજીભાઈ ! કઠણ દેશકાળ આવે ત્યારે મૂંઝાશો નહિ. અમને સંભારજો."

ત્યારે વાઘજીભાઈ વિચાર કરવા લાગ્યા કે અત્યારે મારે તો સર્વ વાતે સાનુકૂળ છે છતાં સ્વામીશ્રી આ પ્રમાણે કહે છે તેનું કેમ સમજવું ? પછી

પોતે સ્વામીશ્રીને કહ્યું : "બહુ સારું, સ્વામી ! આપને સંભારીશ."[૧૧૮]

એમ કહીને સ્વામીશ્રીના આશીર્વાદ લઈને તેઓ વસો જવા નીકળ્યા.

હાલ વૈષ્ણવની વાડી તરીકે ઓળખાય છે, જે વાડી પ્રથમ મંદિરની હતી, ત્યાં એક દિવસ શાસ્ત્રી ધર્મતનયદાસ, જાગા ભક્ત, રણછોડ ભક્ત કાના ભક્ત વગેરેને લઈને સ્વામીશ્રી પધાર્યા. ત્યાં પાળાઓ મંદિરના ઢોર માટે જારની ચાર્ય કાપતા હતા. સ્વામીશ્રી એક આંબા હેઠે વિરાજ્યા હતા અને જાગા ભક્ત સ્વામીશ્રી પાસે બેઠા હતા. થોડી વારે સ્વામીશ્રી લઘુ કરવા ઊઠ્યા. તે વખતે જાગા ભક્તે સ્વામીશ્રી સારુ માટીનાં ઢેફાં બરાબર ગોઠવીને સુંદર આસન કર્યું. સ્વામીશ્રી લઘુ કરીને પાછા આવ્યા ત્યારે આસન વ્યવસ્થિત જોઈ બહુ જ રાજી થયા.

પછી જાગા ભક્તને કહ્યું : "રજોગુણ કાઢ્યો ને ?" એમ કહી આસન ઉપર વિરાજ્યા.

પછી સ્વામીશ્રીએ વાત કરી કે "શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી પધાર્યા ત્યારે આ સાધુ અહીં આવ્યા. નહિ તો આ સાધુ અહીં હોય નહિ. આ સાધુનાં દર્શન બહુ જ દુર્લભ છે પણ તમને આજે સોંઘાં થયાં છે. માટે કરોડ કામ પડતાં મૂકીને પણ આ સાધુનો સમાગમ કર્યા જેવો છે."

આ પ્રમાણે વાતો કરી સ્વામીશ્રી સર્વ મંડળ સાથે મંદિરે પધાર્યા.

---

૧૧૮. આ પ્રસંગ પછી ત્રીસ વર્ષ બાદ બળરામદાસની ઉપાધિ ઊપડી. શાસ્ત્રી બળરામદાસે તેમને પોતાના પક્ષમાં ભળવા માટે ઘણું કહ્યું, પરંતુ સ્વામીશ્રીએ તેમનું બખ્તર ઘડ્યું હતું એટલે તેમણે ચોખ્ખી ના કહી દીધી. તેથી વસોના હરિભક્તોને તેમણે ચડાવ્યા. આ હરિભક્તોએ એટલી ઉપાધિ કરી કે ઘરમાંથી બહાર નીકળાય તેવી તેમની પરિસ્થિતિ રહી નહીં. તેમને મારીને પ્રતિષ્ઠાહીન કરવા સૌએ નક્કી કર્યું. તેમને ખૂબ જ મૂંઝવણ થઈ. કાંઈ સૂઝ્યું નહિ. એટલે છેવટે સ્વામીશ્રીનાં વચન તેમને યાદ આવ્યાં. તરત જ સ્વામીશ્રીને તેમણે સંભાર્યા. સ્વામીશ્રીએ તેમને દર્શન દીધાં. વાઘજીભાઈ સ્વામીશ્રીને જોઈ એકદમ દંડવત્ કરવા લાગ્યા. પછી હાથ જોડી કહ્યું : "હે સ્વામી ! મને તો બહુ દુઃખ આવ્યું છે. માટે રક્ષા કરો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "મને વહેલા સંભાર્યો હોત તો દુઃખ ન આવત. પણ ફિકર કરશો નહિ, કોઈનો ભાર નથી કે તમારો વાંકો વાળ કરી શકે."

સ્વામીશ્રીના આશીર્વાદથી વિરોધીઓનાં અંતઃકરણ ફરી ગયાં. બીજે દિવસે બધું સાનુકૂળ થઈ ગયું.

બળેલું વણ ખોદશો નહિ

આ સાલનો શિયાળો જરા વધુ પડતો આકરો હતો. તેથી સૌને એમ લાગતું હતું કે કદાચ હિમ પડે. એ શંકા સાચી ઠરી અને મહા મહિનામાં હિમ પડ્યું. આથી ખેતરોમાં વાવેલ વણ બધાં બળી ગયાં. જાળિયાવાળા અરજણભાઈએ પણ વણ વાવ્યું હતું તે પણ બળી ગયું. સ્વામીશ્રીને આ વાતની ખબર પડી એટલે બહુ જ દિલગીર થયા. પછી તરત જ જાળિયે બે સાધુ મોકલ્યા અને અરજણભાઈને કહેવરાવ્યું કે "હિમથી જે વણ બળી ગયું છે તેને ખોદશો નહિ. એમ ને એમ ઊભું રહેવા દેજો." બે સાધુ જૂનાગઢથી સ્વામીશ્રીનો સંદેશો લઈને મંગળા આરતી પછી નીકળ્યા અને થોડો દિવસ ચઢ્યો ત્યાં વંથલી પહોંચી ગયા. અહીં આવી અરજણભાઈને મળ્યા અને કહ્યું : "અમને સ્વામીએ મોકલ્યા છે અને કહેવરાવ્યું છે કે બળેલું વણ ખોદશો નહિ."

અરજણભાઈ સ્વામીશ્રીની આ આજ્ઞા સાંભળી રહ્યા. સ્વામીશ્રીના વચનમાં અતૂટ વિશ્વાસ હતો એટલે આ આજ્ઞામાં પણ કાંઈક રહસ્ય છે તે તેઓ જાણતા હતા. તેમણે સાધુઓને કહ્યું : "ભલે સ્વામી ! તમો સ્વામીશ્રીને કહેજો કે વણ નહિ ખોદીએ."

આ પ્રમાણે જવાબ લઈને બંને સાધુ ઉપલેટામાં લાલાભાઈ તથા અરજણભાઈને સ્વામીશ્રીનો સંદેશો કહેવા ગયા. તેમણે પણ વણ ખોદ્યું નહિ અને તેમના સંબંધી એક કણબી પટેલે પણ વણ ન ખોદ્યું. અરજણભાઈનું બળેલું વણ થોડા દિવસો બાદ કોળાઈને નવપલ્લવ થયું અને કપાસ ઘણો ઊતર્યો. એ પ્રમાણે ઉપલેટામાં લાલાભાઈ તથા અરજણભાઈને પણ ઘણો કપાસ ઊતર્યો. તેમના સંબંધી કણબી પટેલને પણ લાભ થયો. વચનમાં જો વિશ્વાસ હોય તો મોટાપુરુષ તો રાજી થવા જ બેઠા છે.

✧ ✧ ✧

સ્વામી ! જીવ શુદ્ધ કેમ થાય ?

એક દિવસ સ્વામીશ્રી બપોરે મંદિરની સામેના વંડામાં બહિર્ભૂમિ જતા હતા. તે વખતે માધવપ્રિયદાસ સ્વામીએ સ્વામીશ્રીની તૂંબડી પકડી હતી.

સ્વામીશ્રી તેમનો હાથ ઝાલીને ચાલતા હતા. વાડામાં દાખલ થતાં કૂવા પાસે કાનો ભગત મળ્યા. તે સ્વામીશ્રીને પગે લાગ્યા અને પછી ઊભા રહીને સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! જીવ શુદ્ધ કેમ થાય ?"

આ પ્રશ્ન સાંભળી સ્વામીશ્રી ઊભા રહ્યા. પછી બાજુના વંડા તરફ હાથથી બતાવી સ્વામીશ્રીએ કહ્યું : "જુઓ, આ બધી જગ્યા પ્રથમ કેવી હતી ? અહીં માણસો જંગલ જતાં અને હાડકાં અને કાંટા અહીં હતાં. અહીં ઊભા રહેવાય એવું ન હતું. પણ જો આપણે આ વંડો વાળ્યો અને ચોખ્ખું કર્યું, તો આ જગ્યા કેવી ચોખ્ખી થઈ ગઈ ! માટે જેમ પૃથ્વી કાળે કરીને શુદ્ધ થાય છે અને દ્રવ્ય દાને કરીને શુદ્ધ થાય છે, તેમ જીવ સત્પુરુષને અર્પણ કરવાથી શુદ્ધ થાય છે."

તે સાંભળી માધવપ્રિયદાસજીએ પૂછ્યું : "સ્વામી ! મોટા સાધુ અને મહારાજ જેવા છે તેવા ઓળખ્યા હોય છતાં જો દેહાત્મભાવ ન ટાળ્યો હોય અને વિષયવાસના ન ટાળી હોય તો તે એ બે દોષ ટાળવા માટે શ્વેતદ્વીપ કે બદરિકાશ્રમમાં જવું પડે. ત્યાંના મુક્તોને તે ધામના અધિપતિ ઉપાસ્ય છે અને આપણે તો મહારાજ ઉપાસ્ય છે. તો ત્યાં તેમની સાથે કેમ બને ? અહીં પણ અંદર અંદર નિષ્ઠામાં જો એકબીજાને ફેર હોય તો બને નહિ તો ત્યાં, ત્યાંના મુક્તો સાથે શ્રીજીમહારાજના ઉપાસક જીવને કેમ બને ? અને જો ન બને તો ત્યાં રહ્યા વિના ખોટ ટળે એમ નથી. માટે એ વાત કેમ બને ?"

માધવપ્રિયદાસનો આ પ્રશ્ન સાંભળી સ્વામીશ્રી મંદ મંદ હસ્યા. પછી કહ્યું : "જેને સ્વામિનારાયણ ભગવાન અને આ સાધુ સાથે હેત થયું છે, તેને તો તે મૂકે તેવા નથી. અહીં અથવા બીજે કોઈ સ્થળે જ્યાં મહારાજ અને આ સાધુ પ્રગટ થયા હશે ત્યાં તેને જન્મ લેવરાવશે અને તેમનો જોગ કરી આપશે. પછી ખોટ ટાળીને ધામમાં લઈ જશે, કેમ કે તે તો બહુ સમર્થ છે." આ પ્રમાણે ઉત્તર કરી સ્વામીશ્રી બહિર્ભૂમિએ જવા ગયા.

બહિર્ભૂમિ જઈ આવ્યા પછી હાથ ધોઈ કૂવે સ્નાન કર્યું. પછી વસ્ત્ર પહેરી ધર્મશાળામાં પોતાના આસને પધાર્યા.

જૂનાગઢમાં સ્વામીશ્રીએ ફૂલદોલનો સમૈયો કર્યો અને પછી ચૈત્રી પૂનમનો સમૈયો કરવા વરતાલ જવા તૈયાર થયા.

✧ ✧ ✧

અમદાવાદની સભામાં પુરુષોત્તમપણાની વાતુ

સંવત ૧૯૧૩ના ચૈત્રી પૂનમના સમૈયે સ્વામીશ્રી વરતાલ પધાર્યા. બાલમુકુન્દદાસ સ્વામી તથા અન્ય સંતો તથા પ્રાગજી ભક્ત, જાગા ભક્ત, શિવલાલભાઈ વગેરે પણ સાથે હતા. પૂનમના દિવસે સભામાં સ્વામીશ્રીએ ઘણી જ વાતો કરી અને સૌનાં અંતઃકરણ પોતાની મૂર્તિમાં ખેંચી લીધાં. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે પણ સ્વામીશ્રીના સમાગમનો ઘણો લાભ લીધો. સ્વામીશ્રી રોજ સવારે શણગાર આરતી થતાં સુધી રઘુવીરજી મહારાજના આસને બેસીને વાતો કરતા. સમૈયો પૂરો થયો અને સ્વામીશ્રી વરતાલથી નીકળવાના હતા તે વખતે અમદાવાદના આચાર્ય અયોધ્યા-પ્રસાદજી મહારાજે કહેવરાવ્યું કે "સ્વામી ! આપ અમદાવાદ પધારો અને અહીં મહારાજના સર્વોપરીપણાની જેવી વાતો કરી તેવી ત્યાં પણ કરો."

તેમનો આગ્રહ જોઈ સ્વામીશ્રી વરતાલથી સીધા અમદાવાદ પધાર્યા.

સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા તેથી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ બહુ જ રાજી થયા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : "અહીં સભામાં આપ મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરો." પછી સભામાં સ્વામીશ્રીને ખુરશી માંડી દીધી. સ્વામીશ્રી ખુરશી ઉપર બેસી મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરવા લાગ્યા. શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની સ્વામીશ્રીએ અદ્‌ભુત વાતો કરી. તે સાંભળી ઉત્તમાનંદ સ્વામી તથા અન્ય સાધુઓએ સભામાં સ્વામીને કહ્યું : "આવી વાતો અમે તો સાંભળી નથી અને તમે ક્યાંથી કરો છો ?"

તે સાંભળી સ્વામીશ્રીએ સભામાં બીજી ખુરશી મંગાવી અને તે ઉપર આનંદ સ્વામીને બેસાર્યા. પછી પોતે કહ્યું : "હું જે વાત કરું તેમાં જો આ આનંદ સ્વામી સાખ પૂરે તો તમે માનશો કે નહિ ? આનંદ સ્વામી વૃદ્ધ અને અનુભવી છે, મહારાજ ભેગા ઘણું રહ્યા છે. વળી, શ્રીજીમહારાજ છતાંની કેટલીક જૂની વાતો જાણે છે. માટે તેમની વાતમાં તમને સૌને વિશ્વાસ છે કે નહિ ?"

એટલે સૌએ કહ્યું : "હા."

પછી સ્વામીશ્રી સભામાં શ્રીજીમહારાજનાં જૂનાં આખ્યાનો કહેવા

લાગ્યા. અને દરેક પ્રસંગમાં આનંદ સ્વામીની સાક્ષી લેવા લાગ્યા. સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું કે મહારાજ પ્રથમ લોજ અને માંગરોળમાં આનંદ સ્વામીને ખભે હાથ મૂકીને કબીરની હોરી બોલ્યા :

'કોટી કૃષ્ણ જોડે હાથ, કોટી વિષ્ણુ નમે માથ;
કોટી શંકર ધરે ધ્યાન, કોટી બ્રહ્મા કથે જ્ઞાન.
સદ્‌ગુરુ ખેલે વસંત.'

પછી મહારાજે આનંદ સ્વામીને પૂછ્યું કે એવા સદ્‌ગુરુ કોણ ?

ત્યારે આનંદ સ્વામીએ કહ્યું કે મહારાજ ! એ તો કાંઈ સમજાતું નથી.

ત્યારે મહારાજે કહ્યું કે એવા સદ્‌ગુરુ તો આ સહજાનંદ સ્વામી છે.

એ વાત કરીને આનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! તમોને મહારાજે આ વાત કહી હતી તે સાચી કે નહિ ?"

ત્યારે સ્વામી બોલ્યા : "હા, શ્રીજીમહારાજે આ વાત મને કહી હતી અને તે મને બરાબર યાદ છે."

વળી, સ્વામીશ્રીએ વાત કરી કે સંવત ૧૮૬૭માં સારંગપુરમાં રાઠોડ ધાધલને ત્યાં મહારાજ હોળી રમ્યા ત્યારે ફરી મહારાજ આનું આ જ કબીરનું પદ બોલતાં બોલતાં અમારી છાતીમાં વારે વારે છડી અડાડતા જાય અને કહેતા જાય - 'કોટી કૃષ્ણ જોડે હાથ... સદ્‌ગુરુ ખેલે વસંત.' પછી મહારાજે પૂછ્યું : "એવા સદ્‌ગુરુ કોણ ?"

ત્યારે આનંદ સ્વામીએ તથા મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું હતું કે 'મહારાજ ! એવા સદ્‌ગુરુ તો તમે.'

એમ પ્રથમ મહારાજે સમજાવ્યું હતું તે પ્રમાણેનું જ્યારે કહ્યું ત્યારે મહારાજે કહ્યું : "એ તો સદ્‌ગુરુનો મહિમા કહ્યો છે. અમે તો સર્વોપરી પુરુષોત્તમ ભગવાન છીએ અને એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે." - એમ કહી અમારી છાતીમાં ફરી છડી અડાડી.

એટલી વાત કરી સ્વામીશ્રીએ કરી આનંદ સ્વામીને પૂછ્યું : "સ્વામી ! આ વાત સાચી કે ?"

ત્યારે આનંદ સ્વામી બોલ્યા કે "સ્વામી ! સાવ સાચી." એમ કહી સંમતિ આપી.

એટલી વાત કરીને સ્વામી બોલ્યા કે નાગડકામાં વ્યાપકાનંદ

સ્વામીના દેખતાં ચોવીસ અવતારોને મહારાજે પોતાની મૂર્તિમાંથી પ્રગટ કરી પાછા પોતાની મૂર્તિમાં લીન કરી દીધા - એ વાત તમામને વ્યાપકાનંદ સ્વામીએ કહી હતી તે યાદ છે ?

ત્યારે આનંદ સ્વામીએ કહ્યું : ''બરાબર યાદ છે.''

પછી સ્વામીશ્રીએ ફરી કહ્યું : ''સાંતી હાંકતાં પર્વતભાઈને મહારાજે પોતાની મૂર્તિમાંથી ચોવીસ અવતારનાં દર્શન કરાવ્યાં અને પાછા તે અવતારોને પોતાની મૂર્તિમાં લીન કરી દીધા તે વાત સાચી કે ?''

ત્યારે આનંદ સ્વામીએ કહ્યું કે ''પર્વતભાઈએ જાતે જ આ વાત કહી છે તે કેમ ખોટી હોય ?''

ફરી સ્વામીશ્રી બોલ્યા : ''આનંદ સ્વામી ! સાંભળો. માંગરોળમાં સ્વરૂપાનંદ સ્વામીને મહારાજ પહેલાં કૃષ્ણરૂપે દેખાયા અને પછી તેમને અક્ષરધામની સમાધિ કરાવી પોતાના પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવ્યો તે વાત જાણો છો ?''

ત્યારે આનંદ સ્વામીએ કહ્યું : ''સ્વામી ! એ વાત પણ જાણું છું. તમે શ્રીજીમહારાજનાં આ બધાં લીલાચરિત્ર સાંભળીને ભેગાં કરી રાખ્યાં છે તે તમને ધન્ય છે કે મહારાજનું સર્વોપરી સ્વરૂપ પ્રવર્તાવવામાં તમે આટલો દાખડો કરો છો !''

પછી સ્વામીશ્રીએ કહ્યું : ''એ તો ઠીક, પરંતુ સ્વરૂપાનંદ સ્વામીને મહારાજે જ્યારે કહ્યું કે સ્વામી ! તમને ગોલોકમાં મોકલીએ ? ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું કે મહારાજ ! ઇસ ખડ્ડેમેં તો પડે જ હૈં. - એ વાત પણ સ્વરૂપાનંદ સ્વામી થકી તમે સાંભળી છે ને ?''

ત્યારે આનંદ સ્વામીએ કહ્યું : ''હા, સ્વરૂપાનંદ સ્વામી ઘણી વાર એ વાત કરતા.''

''હવે છેલ્લી વાત.'' એમ કહીને સ્વામીશ્રીએ આનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! જ્યારે અમદાવાદમાં મહારાજે નરનારાયણ પધરાવ્યા, ત્યારે તમારું કાંડું ઝાલીને ઉત્તરાદિ રૂપચોકીમાં ઊભા રહી, મહારાજે વાત કરી હતી કે 'આ ભરતખંડના રાજા નરનારાયણ છે. તેમની મૂર્તિ કોઈ ઠેકાણે નથી. માટે તેમને અહીં પધરાવ્યા છે. પણ આવા અનંત નરનારાયણ તથા અનંત કૃષ્ણનારાયણ આ પ્રગટ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીનું ભજન કરે છે.' એમ

પોતાની છાતીમાં હાથ અડાડી તમને જ વાત કરી હતી તે યાદ છે ને ?"

ત્યારે આનંદ સ્વામીએ કહ્યું : "હા, આ તો મારી જ વાત. એટલે કેમ ભુલાય ?"

પછી વળી આનંદ સ્વામીએ કહ્યું : "સુરતમાં સ્વામી સાથે હું ઝોળી માગવા જતો. તેમાં એક દિવસ શ્રીજીમહારાજ સ્વામીની આગળ પાછે પગે ચાલતા હતા, ત્યારે આ સ્વામીએ મહારાજને કહ્યું કે 'મહારાજ ! આપ સામું જોઈને ચાલો એટલે ખાડા ટેકરા કળાય.' ત્યારે મહારાજે હસીને કહ્યું : "તમને પૂંઠ કેમ દેવાય ?" આમ, સ્વામીનો મહિમા તો શ્રીજીમહારાજના શ્રીમુખે મેં સાંભળ્યો છે."

આ પ્રમાણે સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરીપણાના પ્રસંગો ઉપર આનંદ સ્વામીની સાક્ષી લીધી. આનંદ સ્વામીનો સાદ ઝીણો એટલે સભામાં છેટે સંભળાતો નહોતો, પરંતુ સ્વામીશ્રી તેમના શબ્દો ફરી વાર સભામાં બોલતા અને કહેતા કે 'સાંભળો ભાઈઓ ! આ આનંદ સ્વામી આ પ્રમાણે કહે છે.'

આ પ્રમાણે સ્વામીશ્રીએ મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરી અને સૌને પ્રતીતિ કરાવી દીધી.

આ સભામાં આ પ્રસંગે મહાનુભાવાનંદ સ્વામી, નિર્ગુણદાસ સ્વામી તથા વૃંદાવનદાસ સ્વામી વગેરે બેઠા હતા. તેઓ બધા શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની સ્વામીશ્રીની વાત સાંભળી મૌન થઈ ગયા. કોઈ કાંઈ બોલી શક્યું નહિ. પછી સ્વામીશ્રીએ બાલમુકુન્દદાસ સ્વામી પાસે ગ.મ. ૯મું વચનામૃત વંચાવ્યું અને બોલ્યા : "આ વચનામૃતમાં પણ મહારાજે કહ્યું છે કે મને બીજા અવતાર જેવો જાણશો તો મારો દ્રોહ કર્યો કહેવાશે. માટે મહારાજને બીજા અવતાર જેવા કેમ કહેવાય ? અને જો કહીએ તો મહારાજના દ્રોહી ઠરીએ." આ પ્રમાણે સ્વામીશ્રીએ વાતો કરી.

તે સાંભળી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું : "સ્વામી ! એ તો બહુ કહેવાય !"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તમારા બાપના ગુણ અને મહિમા કહીએ છીએ. તમારે અમારી સાથે ઘણું હેત છે પણ તમારા ખજાનાની કૂંચી તો તમો કેશવપ્રસાદજીને આપશો કે અમને આપશો ?"

ત્યારે અયોધ્યાપ્રસાદજીએ કહ્યું : ''એ તો એને જ અપાયને !''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી બોલ્યા : ''તેમ અમને મહારાજે પુરુષોત્તમપણાની કૂંચી આપી છે ને તમને તો ગાદી સોંપી છે તે તમો પૂજાઓ, પરંતુ મોક્ષની આ વાત તો તમારે અમારી પાસેથી જ સાંભળવી પડશે.''

આ પ્રમાણે સભામાં સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનિષ્ઠાની અદ્‌ભુત વાતો કરી અને શ્રીજીમહારાજની જય બોલાવી.

એટલામાં શણગાર આરતી થઈ એટલે સૌ દર્શન કરવા જવા ઊઠ્યા. ત્યારે સ્વામીશ્રીનો હાથ આનંદ સ્વામીએ પકડ્યો અને કહ્યું : ''અરે ગુણાતીત ! તમે તો બોત યાદ રાખ્યું છે.''

એમ, આનંદ સ્વામી પણ સ્વામીશ્રીની વાતો સાંભળી બહુ જ રાજી થયા.

સ્વામીશ્રી અમદાવાદમાં થોડા દિવસ રોકાઈ ત્યાંથી ધોળકા, બલોલ, રડાયા, અડવાળ થઈને સારંગપુર પધાર્યા. ત્યાંથી બોટાદ થઈને ગઢડા પધાર્યા. ગઢડા પ્રસાદી સ્થાનનાં દર્શન કરીને ત્યાંથી ગોંડળ થઈને જૂનાગઢ પધાર્યા.

જેને પંચવિષય દુ:ખદાયી છે તે કદી તેની સન્મુખ જાય નહિ

એક દિવસ સ્વામીશ્રી ગામ બહાર જ્યાં વાડી હતી ત્યાં દસબાર હરિભક્તો તથા ચાર સંતો અને પાર્ષદોને લઈને પધાર્યા. કાના ભગતે સ્વામીશ્રી માટે આંબલી નીચે એક ધાબળી પાથરી દીધી. તે ઉપર સ્વામીશ્રી વિરાજમાન થયા. બીજા હરિભક્તો અને સંતો તથા પાર્ષદો સન્મુખ બેઠા. તે વખતે સાથે આવેલા રાજકોટના મૂળજી મિસ્ત્રીનો દીકરો દેવરાજ ત્યાં રમતો હતો તેને સ્વામીશ્રીએ પાસે બોલાવ્યો અને પછી પૂછ્યું : ''દેવરાજ ! પેલો શાનો છોડ છે ?''

ત્યારે તેણે કહ્યું : ''સ્વામી ! એ તો મરચી છે.''

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યુ : ''જા, મરચીના છોડ પરથી બે ચાર મરચાં તોડી લાવ.''

તે બાળક ત્યાં ગયો અને ચાર મરચાં લાવીને સ્વામીશ્રીને આપ્યાં.

એટલે સ્વામીશ્રીએ એક મરચું તેને આપ્યું અને કહ્યું : "આ ખાઈ જા."

આ બાળક તો સ્વામીએ આજ્ઞા કરી એટલે મરચું ખાઈ ગયો. પરંતુ અતિશય તીખું લાગ્યું તેથી આંખમાંથી અને નાકમાંથી પાણી પડવા લાગ્યાં. એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : "જા પેલી ચોળાફળી ખાઈ લે." એટલે તેણે ચોળાફળી ખાધી ત્યારે કાંઈક શાંતિ થઈ.

પછી વળી સ્વામીશ્રીએ તેને બીજું મરચું આપ્યું અને કહ્યું : "આ તું ખાઈ જા."

ત્યારે તેણે કહ્યું : "ના, હવે નો ખાઉં."

સ્વામીશ્રીએ તેને ખૂબ આગ્રહ કર્યો, પણ તેણે તો તે મરચું હાથમાં જ લીધું નહિ.

પછી સ્વામીશ્રીએ વાત કરી : "સંતો, હરિભક્તો ! સાંભળો. આ દેવરાજને મરચું તીખું લાગ્યું એટલે અમે ઘણો આગ્રહ કર્યો તોય બીજું મરચું તેણે લીધું નહિ. તેમ જેને પંચવિષય દુઃખદાયી છે એવો અંતરમાં અનુભવ થયો હોય તે તો કદી પંચવિષય સન્મુખ જાય જ નહિ." આ પ્રમાણે પંચવિષયના નિષેધની ઘણી વાતો કરી સ્વામીશ્રી નાહવા પધાર્યા. સ્વામીશ્રી નાહી રહ્યા એટલે ભીનું વસ્ત્ર કાના ભગતે[૧૧૯] ધોઈ નાખ્યું.

જૂનાગઢમાં સંતો તથા પાર્ષદો ખેતીનું કામ કરતા હતા. એક વખત રામાનુજાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી અને પાર્ષદો વાડીમાં દાણા ચાળતા હતા અને ઊપણતા હતા. તેની રાખ તેમના શરીર ઉપર પડતી હતી. તે જોઈ ત્યાં આવેલા કેટલાક નાગરો મશ્કરીમાં કહેવા લાગ્યા : "જુઓને, સ્વામિનારાયણને ઘેર તો ભૂત રળે છે. નહિ તો જે ત્યાગી થયા તેને શું કાંઈ કામ કરવું જોઈએ ?"

આ સાંભળી શિવાનંદ સ્વામી સમજી ગયા કે નાગરોએ આપણને ભૂત કહ્યા. પછી પોતે પોતાનાં લૂગડાં ઝાટકી તે નાગરોને લઈને મંદિરે આવ્યા. મંદિરમાં બધે દર્શન કરી સિદ્ધેશ્વર મહાદેવ પાસે ગયા ત્યારે શિવાનંદે પૂછ્યું : "આ કોની મૂર્તિ છે ?"

ત્યારે નાગરોએ કહ્યું : "આ તો અમારા ઈષ્ટદેવ શિવજી છે."

૧૧૯. જુઓ પરિશિષ્ટ : ૩/૭, પૃષ્ઠ ૫૯૪.

પછી શિવાનંદ સ્વામીએ તેમને પૂછ્યું : "તમે આ શંકરનું ભજન કરો છો ને ?"

એટલે તેમણે કહ્યું : "હા, એ અમારા ઈષ્ટદેવ છે."

વળી, શિવાનંદે પૂછ્યું : "તો તો તમે શંકર થશો ને ?" ત્યારે તે નાગરોએ કહ્યું : "શંકર તો ન થવાય એ તો એક જ. અમે તો તેમના ગણ થઈશું."

તે સાંભળી શિવાનંદ હસ્યા. પછી ઘુંમટમાં જ્યાં કૈલાસનું ચિત્ર દોરેલું હતું, ત્યાં તેમને લઈ ગયા. અહીં શિવ-પાર્વતીનું ચિત્ર તેમજ આજુબાજુ બેઠેલા શંકરના ગણોનાં ચિત્રો બતાવી પૂછ્યું : "આ બધા બાંડાબોબડા શંકરના ગણ છે તેવા તમે થશો ને ?"

ત્યારે નાગરો સૌ સમજી ગયા કે આ સાધુએ આપણને ભૂત બનાવ્યા. સ્વામિનારાયણના સાધુઓની મશ્કરી કરવામાં પોતે જ હલકા પડ્યા તે વિચારથી નાગરો નીચું મોં કરીને ચાલ્યા ગયા.

સ્વામીશ્રી જ્યારે જ્યારે જૂનાગઢમાં હોય ત્યારે દેશદેશના હરિભક્તો સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવતા. સ્વામીશ્રી જ્યારે ગામડાંઓમાં ફરવા જતા, ત્યારે હરિભક્તો સ્વામીશ્રી સાથે ગામડામાં ફરવા જતા. આ પ્રમાણે દરેક હરિભક્ત જ્યારે એવો અવકાશ મળતો ત્યારે સ્વામીશ્રીના સમાગમનો લાભ લેતા.

અરજણ બાબરિયો

જાળિયાના આહીર ભક્ત અરજણ બાબરિયો સ્વામીશ્રીનાં દર્શને જૂનાગઢ આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમના ઉપર એટલું બધું હેત બતાવ્યું કે તેમના મનમાં થઈ ગયું કે સ્વામીશ્રી આપણા અંતરના સાચા સગા છે. એક દિવસ સ્વામીશ્રી સભામાં વિરાજમાન થયા હતા, ત્યારે સ્વામીશ્રીએ અરજણભાઈ સામું જોઈને કહ્યું : "અરજણભાઈ ! હવે તો તમો અહીં અમારી પાસે રહો."

ત્યારે તેમણે કહ્યું : "સ્વામી ! મને કામવાનો બહુ વેગ છે, કારણ કે કેટલાંક કરજ ભરવાનાં છે. એટલે જો હું કામ ન કરું અને સાથી પાસે કામ કરાવું, તો બાજરો પૂરો થાય નહિ અને રોટલાના વાંધા પડે." ભોળા

ભક્તની આ સરળ વાણી સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી તેમણે કહ્યું : "તમે અહીં રહો. તમને અહીં કામ બતાવશું અને ત્યાંનું કામ સાથી રાખી કરાવો. બાજરો તો અમારાં વચને ઘણો થશે ને કરજ પણ ભરાઈ જશે. તમે આજ સુધી મનધાર્યો વહેવાર કર્યો એટલે કરજ શાનું આળસે ? પણ હવે જો અમારી આજ્ઞા પ્રમાણે વહેવાર કરો, તો તમારું કરજ તો આમ આળસી જશે." એમ કહી હસીને ચપટી વગાડી.

અરજણ ભક્તને સ્વામીશ્રીનાં વચનમાં અત્યંત વિશ્વાસ હતો એટલે તરત જ તેણે કહ્યું : "સ્વામી ! આપ જેમ કહેશો તેમ કરીશ."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "તમારે રામનવમી, જન્માષ્ટમી, અન્નકૂટ અને હુતાશનીના સમૈયા અહીં કરવા. ગમે તેટલું કામ હોય તે પડતું મૂકીને પણ તે વખતે તો અહીં આવી જ જવું. સમૈયો પૂરો થયા પછી આઠ દિવસ રહીને ઘેર જવું." સ્વામીશ્રીએ તેમને ફરી કહ્યું : "જુઓ, અરજણ ભક્ત ! તમારે ખેતીનું કામ જાતે ન કરવું. બે સાથી રાખવા અને તેમની પાસે કામ લેવું. ફક્ત વાવણી અને લણણી ટાણે એમ બે વખત તમારે થોડા દિવસ ખેતરે જવું. વળી, તમે ઢોર બહુ રાખો છો. પણ સારી ચાર ભેંસો અને ચાર બળદ રાખી બીજાં ઢોર વેચી દેજો. આટલી આજ્ઞા તમને તમારો વહેવાર સુધારવા માટે કરી. મોક્ષ માટે તો જ્યારે ઘરના કામથી નવરા પડો ત્યારે અહીં આવી સમાગમ કરવો અને અમારી વાતો સાંભળવી."

અરજણ ભક્તને સ્વામીશ્રી પ્રત્યે અનન્ય નિષ્ઠા હતી, તેથી સ્વામીશ્રીની આજ્ઞા તેમણે શિરે ચઢાવી. તેમનો દેહ રહ્યો ત્યાં સુધી સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર તે ચારે સમૈયામાં તેઓ આગળથી જૂનાગઢ આવી જતા. સમૈયામાં જે હરિભક્તો આવતા તેમને ઉતારા-પાગરણ આપવાં, તેમની સરભરા કરવી, છાણવાસીદું વગેરે તમામ સેવા અત્યંત ભક્તિભાવપૂર્વક તેઓ કરતા. વળી, હરિભક્તો ખાડે જતા તે ખાડા પણ પોતે સાફ કરી નાખતા, વાસણો ઊટકતા. આમ, જીવનભર સેવા કરી અને સ્વામીશ્રીની પ્રસન્નતા મેળવી. વ્યવહારે પણ સ્વામીશ્રીની દયાથી સુખી થઈ ગયા.

મોટાપુરુષના આશીર્વાદથી જીવનો આ લોક અને પરલોક બંને સુધરી જાય છે.

સોરઠમાં વિચરણ

આ વખતે સ્વામીશ્રીને તેડવા માટે ગણોદના દરબાર જ્ઞાની અભયસિંહજીએ પોતાનો માણસ મોકલ્યો. વળી, તે જ દિવસે લોધિકાથી પણ ત્યાંના ધ્યાની દરબારશ્રી અભયસિંહજી બાપુએ પણ સ્વામીશ્રીને તેડવા માટે માણસ મોકલ્યો. પરંતુ સ્વામીશ્રીને તો હનુમાનજી તથા ગણપતિની મૂર્તિની પ્રતિષ્ઠા કરવા ઊના જવાનું હતું. એટલે સ્વામીશ્રી પોતાના સંતમંડળને લઈને ઊના જવા તૈયાર થયા. સ્વામીશ્રી માટે એક નાની ઘોડી લીધી હતી, પરંતુ તે ઉપર પલાણ માંડતાં કોઈ સાધુને આવડતું ન હતું. જાગા ભક્તે બેત્રણ વાર પલાણ માંડવાનું સ્વામી બાલમુકુન્દદાસજીને શિખવાડ્યું એટલે પછી તે સેવા તેમણે માથે લઈ લીધી.

સ્વામીશ્રી જૂનાગઢથી નીકળ્યા અને કાળસરી પધાર્યા. અહીં ઠક્કર શામજીભાઈ તથા ગોવિંદભાઈ કોળી વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીની સેવા કરવાનો લહાવ લીધો. સ્વામીશ્રીએ પણ તેમને દર્શન તથા કથાવાર્તાનો લાભ આપ્યો. કાળસરીમાં એક દિવસ રોકાઈ સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા. સ્વામીશ્રી ઘોડી ઉપર વિરાજ્યા હતા. પ્રભુચરણદાસે એક સોટી કાપી દીધી હતી તે સ્વામીશ્રીએ હાથમાં રાખી હતી. ગીરના જંગલમાં થઈને જવાનું હતું. ગીરમાં 'આંધળાં' નામે જીવડાં થાય છે તે રસ્તામાં આમતેમ ઊડતાં હતાં. સ્વામીશ્રી ઘોડી ઉપર બેઠા-બેઠા હાથમાંની સોટી આમ તેમ ફેરવતા હતા અને વૃક્ષો ઉપર પણ ધીરેથી અફાળતા હતા.

એક હરિભક્તે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આપ આમ કેમ કરો છો ?''

ત્યારે સ્વામીશ્રીએ હસીને કહ્યું : ''આ બધા જીવનો સ્પર્શ કરી સંસ્કારી બનાવીએ છીએ જેથી આવતે જન્મે તે બધા સત્સંગમાં જન્મ લેશે.''

મોટાપુરુષની કોઈ પણ ક્રિયા નિર્હેતુક નથી હોતી તે રહસ્ય સ્વામીશ્રીના આ ઉત્તરથી સમજાયું. આ પ્રમાણે સ્વામીશ્રી માર્ગમાં કેટલાકને દર્શન દેતાં, કેટલાકને સ્પર્શ કરતા, તેમને સંસ્કારી કરતા થોડા દિવસ બાદ ઊના પહોંચ્યા.

અહીં અગાઉથી રઘુવીરચરણદાસ, વિષ્ણુવલ્લભદાસ તથા ગઢડાના પુરાણી રૂગનાથચરણદાસ વગેરે સાધુઓ તથા મહારાજના મળેલા ખીમો સાંખટ, વીરો ભાલિયો, ખીમો ખાંટ, ભોજો ભગત વગેરે હરિભક્તો પણ આવ્યા હતા. સ્વામીશ્રીએ શેઠને બોલાવીને કહ્યું : "અહીં આ પ્રતિષ્ઠાના ઉત્સવ પ્રસંગે ઘણા હરિભક્તો ભેગા થશે. તેમને જમવા વગેરેની શી સગવડ કરવાના છો ?"

ત્યારે શેઠે કહ્યું : "સ્વામી ! કુંભારને ત્યાંથી માટીનાં શકોરાં લાવીશું તેનાથી કામ ચાલશે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "બહુ સારું, એ પ્રમાણે કરજો."

ઊનામાં હનુમાન-ગણપતિની પ્રતિષ્ઠા

હનુમાનજી-ગણપતિની પ્રતિષ્ઠાના દિવસે વલ્લભજી શેઠે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ પ્રતિષ્ઠાનું ફળ મારે બીજા કોઈને લેવા દેવું નથી."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "મારું પણ તેમને એ જ કહેવાનું છે, પરંતુ તમારા જમાઈ પ્રભુદાસને પ્રતિષ્ઠાનું ફળ લેવાની ઇચ્છા છે. દીકરો દીકરી તો એક જ કહેવાય. માટે તમારા જમાઈ પ્રભુદાસને ફળ લેવા દ્યો."

સ્વામીશ્રીનો આગ્રહ જોઈ શેઠે હા પાડી. ત્યાર બાદ ધામધૂમથી હનુમાનજી-ગણપતિની પ્રતિષ્ઠા સ્વામીશ્રીના વરદ હસ્તે થઈ.

પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રીએ કહ્યું : "વામનજીને રાજી કરવા બળી રાજાએ પૃથ્વીનું દાન કર્યું હતું. તેમ અમને રાજી કરવા તમો પૃથ્વીનું દાન કરો."

તે સાંભળી શેઠે પોતાનો વાડો લાલજીને અર્પણ કર્યો. ત્યાર બાદ બીજા હરિભક્તોએ પણ પોતાની શક્તિ અનુસાર પૃથ્વીનું દાન કરી સ્વામીશ્રીને રાજી કર્યા.

પછી સ્વામીશ્રીને શેઠે કહ્યું : "સ્વામી ! ફરીને પરણવા માટે તમે મને કહ્યું હતું. પણ મેં તમારું વચન માન્યું નહિ. હવે આ અમારા મોતીચંદને દીકરા થઈને મરી જાય છે અને મોતીચંદ પણ માંદો રહે છે. માટે કાંઈક સારું થાય એવી દયા કરો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તમે સિદ્ધેશ્વરની માનતા કરો."

એટલે શેઠે હાથ જોડીને કહ્યું : "દયાળુ ! આપ જે કહો તે કરીશ, પણ મોતીચંદને સારું કરો."

પછી સ્વામીશ્રીએ કહ્યું : "આ તમારા મોતીચંદને અમારી ભેળા જૂનાગઢ દર્શન કરવા મોકલો."

શેઠને તો ગમે તે ઉપાયે મોતીચંદને સારું કરાવવું હતું. તેથી તેણે કહ્યું : "બહુ સારું, સ્વામી ! તેને જૂનાગઢ મોકલું. પણ તે માંદા બહુ રહે છે."

સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "તે તો સારા થઈ જશે." શેઠ સ્વામીશ્રીનાં આ આશીર્વચન સાંભળી રાજી થયા.

સ્વામી ! તમે તો અંતરની પકડી

આ પ્રતિષ્ઠા પ્રસંગે પધારેલા હરિભક્તો પણ સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમનો લાભ લેવાના લોભમાં ઘેર જવા ઇચ્છતા ન હતા. તેથી તેઓ બધા પણ સ્વામીશ્રી ત્યાં રોકાયા એટલા દિવસ રોકાયા. તે પ્રસંગે ત્યાં આવેલા મોટા સમઢિયાળાના રાણો વણજર જેઓ આત્માનંદ સ્વામીના શિષ્ય હતા તેમને ઘેર જવાનો સંકલ્પ થયો. તેમને મનમાં થયું : "મારાથી પગે ચાલીને ઘેર કેમ પુગાશે ? જો, આ સ્વામી પોતાની બેસવાની ઘોડી મને આપે તો ઠીક." તેમનો તે સંકલ્પ અંતર્યામીપણે જાણી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "રાણા ભગત ! તમે ચાલી શકશો નહિ માટે અમારી ઘોડી લઈ જાઓ."

આ સાંભળી રાણા ભગતને આશ્ચર્ય થયું. તેણે કહ્યું : "અહો સ્વામી ! તમે તો અંતરની પકડી ! આત્માનંદ સ્વામી પણ આમ અંતરનું જાણતા."

સ્વામીશ્રી હસ્યા. પછી સૌને વાહનની બને તેટલી ગોઠવણ કરાવી સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા.

સ્વામીશ્રી ઊનેથી નીકળી ગામ વાવરડા તથા કાંધી થઈને સમઢિયાળે પહોંચ્યા. અહીં રાત્રે એક હરિભક્તને ઝેરી વીંછી કરડ્યો. આ વીંછીના કરડવાથી તેમને બીક લાગી કે મરી જવાશે, કારણ કે થોડા દિવસ પહેલાં વીંછી કરડવાથી એક માણસ તે ગામમાં મરી ગયો હતો. તેથી તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : "દયાળુ ! આમાંથી ઉગારો." એટલે

સ્વામીશ્રીએ તેમને શાંતિ આપતાં કહ્યું : "તમે ભજન કરો. સારું થઈ જશે." સ્વામીશ્રીનાં વચન ઉપર વિશ્વાસ રાખી તેણે ભજન શરૂ કર્યું. એટલે વીંછીનું ઝેર તેને બિલકુલ ચડ્યું નહિ. સ્વામીશ્રીનાં વચનમાં વિશ્વાસ લાવી ભજન કર્યું તો તેને સારું થઈ ગયું. આમ, સ્વામીશ્રી અનેકનાં કાર્ય કરતા અને સૌને તેના સંસ્કાર પ્રમાણે સુખ આપતા. સ્વામીશ્રી બે દિવસ રોકાઈ ત્યાંથી ચાલ્યા.

રસ્તામાં ઊનાના શેઠના દીકરા મોતીચંદને તાવ આવ્યો. રસ્તો પણ વિકટ હતો. વાંદરા ગાળીમાં થઈને ચાલવાનું હતું. સ્વામીશ્રીએ કહ્યું : "આપણે વહેલા જૂનેગઢ પહોંચી જવું છે પણ માયા આડી ફરે છે." ચાલતાં ચાલતાં પીપળવે પધાર્યા. સ્વામીશ્રીના સંકલ્પથી માયા હઠી ગઈ. મોતીચંદ શેઠને તાવ પણ ઊતરી ગયો. એટલે સ્વામીશ્રીએ ફરી કહ્યું : "હવે માયાનું બળ હઠી ગયું. હવે માયા આપણને નડશે નહિ."

આ પ્રમાણે ચાલતાં રસ્તામાં જે જે ગામમાં ખબર પડતી ગઈ કે સ્વામીશ્રી ઊનેથી જૂનાગઢ પધારે છે તે તે ગામના હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને ગામને પાદર આવવા લાગ્યા. તેમાંના કેટલાક તો સ્વામીશ્રીની સાથે જૂનાગઢ સમાગમ કરવા જવા લાગ્યા. સ્વામીશ્રી સાથે ખીમો વાઘ હતા તે બહુ સારાં કીર્તનો બોલતા. તેથી સ્વામીશ્રી અત્યંત રાજી થતા. થોડા દિવસ બાદ સંઘ જૂનાગઢ પહોંચ્યો.

રઘુવીરજી મહારાજ જૂનાગઢમાં

રઘુવીરજી મહારાજને સ્વામીશ્રીનો સમાગમ કરવાની ઇચ્છા હતી. તેથી તેઓ વરતાલથી નીકળી ધોલેરા થઈને ગઢડા પહોંચ્યા. જૂનાગઢ મહોદય પર્વના સમૈયા ઉપર પોતે પધારશે તેવા સમાચાર વરતાલથી નીકળતી વખતે તેમણે જૂનાગઢ મોકલી દીધા હતા. તેથી સ્વામીશ્રીએ સીધું સામાન તૈયાર કરાવ્યું હતું. તેમજ હરિભક્તોને પણ ખબર આપી હતી. એટલે હરિભક્તો પણ જૂનાગઢ આવવા લાગ્યા. ગઢડામાં મહંત મહાપુરુષદાસે તથા કોઠારી ભક્તિવલ્લભદાસે આચાર્ય મહારાજને કહ્યું : "મહોદય પર્વ અહીં કરો. જૂનાગઢ પછી જવાશે."

પરંતુ મહારાજે કહ્યું : "અમે તો સ્વામીને વચન આપ્યું છે અને

સ્વામીએ પણ ત્યાં બધી ગોઠવણ કરી રાખી છે. આખા દેશમાં ખબર પણ આપી દીધી હશે એટલે હરિભક્તો આવશે. માટે જવું જોઈએ.'' પરંતુ મહંત તથા કોઠારીએ આગ્રહ કરીને રોકી રાખ્યા. મહારાજને તેડવા જૂનાગઢથી સ્વામીએ રણછોડ ભગત તથા કેશવ ભગતને ગઢડા મોકલ્યા હતા. પણ કોઠારીએ તેમને કહી દીધું, ''હાલ મહારાજ અહીં રોકાશે.'' એટલે તેઓ પાછા જૂનાગઢ આવી ગયા.

હાલ, જ્યાં સભામંડપમાં પાણિયારું છે, ત્યાં તે વખતે કેળો હતી અને ત્યાં ચૂનો પીલવાની ચક્કીનું પૈડું પડ્યું હતું. સ્વામીશ્રી તે પૈડા ઉપર બેઠા હતા. પાસે ચતુર્ભુજદાસજી ઊભા હતા. મહારાજ મહોદય પર્વ ઉપર નહિ પધારે તે સમાચાર આ બન્નેએ સ્વામીને આપ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''આપણે તો નવાબ સાહેબની રજા લીધી, સામાન કેટલોક ભેગો કર્યો, ઉતારાની સગવડ કરી અને હરિભક્તો પણ આવવા લાગ્યા. પરંતુ ગઢડામાં આપણું કોઈ નહિ તેથી આપણા પક્ષમાં કોઈ બોલ્યું નહિ. પણ મહારાજ ન પધારે તે ઠીક નહિ. માટે ચાલો હવે હજૂરમાં શ્રીજીમહારાજને અરજી કરીએ.''

તે જ રાત્રે ગઢડામાં શ્રીજીમહારાજે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને દર્શન દીધાં અને કહ્યું : ''જૂનેગઢ જાઓ. ત્યાં સ્વામી તમારી વાટ જુએ છે. સ્વામીને તમે વચન આપ્યું છે અને હવે કેમ જાતા નથી ? માટે સવારમાં કોઈને પૂછવા વાટ ન જોતાં જૂનેગઢ જજો.''

આ પ્રમાણે શ્રીજીમહારાજે દર્શન દઈ ઠપકો આપ્યો. રઘુવીરજી મહારાજ તરત જ જાગી ગયા અને નાહી, પૂજા આદિ નિત્યકર્મથી પરવારી જૂનાગઢ જવાની તૈયારી કરવા લાગ્યા. પાર્ષદોને પણ વહેલા તૈયાર થવા કહી દીધું. આ ખબર કોઠારી ભક્તિવલ્લભદાસને પડી એટલે તે એકદમ આવ્યા અને મહારાજને તાણ કરવા લાગ્યા : ''મહારાજ ! અચાનક આ શું ? સાંજે તો આપ જૂનાગઢ જવાની ના પાડતા હતા ને પાછા કેમ તૈયાર થયા ?''

એટલે રઘુવીરજી મહારાજે કહ્યું : ''અમે વિચાર બદલ્યો. અમે તો હવે જૂનાગઢ જઈશું. તમારે આવવું હોય તો ચાલો.''

રઘુવીરજી મહારાજ જૂનાગઢ જવા તૈયાર થયા, તેથી કોઠારી ભક્તિવલ્લભદાસ પણ બીજા કેટલાક સાધુઓને લઈને મહારાજ સાથે

જૂનાગઢ જવા નીકળ્યા. સંઘ બધો જૂનાગઢ પહોંચ્યો.

અહીં મહારાજ પધારવાના હોવાથી સોરઠ દેશ આખો ઊમટ્યો હતો. સમૈયો બહુ જ સરસ થયો. આઠ દિવસ સુધી હરિભક્તોની સતત જમાવટને લઈને કૂવામાં પાણી પણ ખૂટ્યું. પાણીની તાણ પડવા લાગી. તેથી સ્વામીશ્રીને થયું કે મહારાજ અહીં હશે ત્યાં સુધી કોઈ ખસશે નહિ. પરંતુ મહારાજને 'જાઓ' એમ કેમ કહેવાય ? સ્વામીશ્રીનો આ વિચાર જાણી રાત્રે ફરી શ્રીજીમહારાજે આચાર્ય મહારાજને દર્શન દીધાં અને કહ્યું : ''અહીં કૂવામાં પાણી ખૂટ્યું છે અને પાણીની તાણ પડે છે. માટે હવે તમે જાઓ. સ્વામીની પણ મરજી છે.'' રઘુવીરજી મહારાજ તરત જ જાગી ગયા.

સવારે નાહીને તેઓ પૂજા કરતા હતા ત્યારે સ્વામીશ્રી તેમને પગે લાગવા ગયા. તે વખતે રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : ''રાત્રે આપણે બેઠા હતા તે વખતે તમે અમને કેમ ન કહ્યું અને મહારાજ પાસે કહેવરાવ્યું ? તમે કહો તો અમે શું ન માનીએ ?''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''પરોક્ષપણે જ મનાય.''

પછી મહારાજશ્રી ખીચડી જમીને જૂનાગઢથી નીકળ્યા. રાણપુર રાત રહ્યા અને ત્યાંથી ગઢડે પધાર્યા.

સ્વામીશ્રીને મહારાજ વશ છે અને તેમની મરજી પ્રમાણે મહારાજ વર્તે છે તે પ્રતીતિ રઘુવીરજી મહારાજને આ પ્રસંગથી થઈ !

સોરઠમાં વિચરણ

સ્વામીશ્રી ભીમ એકાદશીનો સમૈયો કરી સોરઠ દેશમાં ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં સ્વામીશ્રી વરજાંગ જાળિયા પધાર્યા. અહીં મંદિરમાં ઉતારો કર્યો. અહીંના આહીર હરિભક્ત અરજણભાઈ, રાણિંગ, સામતભાઈ, કરણાભાઈ તથા લુહાણા હરિભક્તો ભવાનભાઈ વગેરેએ મળી સ્વામીશ્રીની બહુ સેવા કરી અને રાજી કર્યા. સ્વામીશ્રીએ પણ મહારાજની લીલાની તથા જ્ઞાનની વાતો કરી સૌને રાજી કર્યા. હરિભક્તોએ સ્વામીશ્રીને જમાડ્યા અને ઘેર ઘેર પધરામણી કરી અને ધોતિયાં ઓઢાડ્યાં.

તેટલામાં ત્યાં લીલાખાના હરિભક્તો સ્વામીશ્રીને પોતાને ગામ

પધરાવવા તેડવા આવ્યા. સ્વામીશ્રી તેમની સાથે જવા તૈયાર થયા અને ઘોડી ઉપર બેસી ગામના દરવાજા નજીક પહોંચ્યા ત્યાં ગણોદ દરબાર અભયસિંહજી સ્વામીશ્રીને તેડવા આવતા હતા તે સામા મળ્યા. તેમણે સ્વામીશ્રીને દંડવત્ પ્રણામ કરીને ગણોદ પધારવા પ્રાર્થના કરી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "હમણાં તો અમે લીલાખા જઈએ છીએ ત્યાંથી તમારે ત્યાં આવીશું." એમ કહીને સ્વામીશ્રી લીલાખા પધાર્યા અને દરબાર અભયસિંહજી બાપુ પોતાને ગામ પધાર્યા.

લીલાખામાં રાવળ, લોહાણા વગેરે જ્ઞાતિના ઘણા હરિભક્તોએ સ્વામીની સેવા કરી. સાંજે સંધ્યા આરતી પછી સભા થઈ. તેમાં ગામના પણ ઘણા માણસો આવ્યા હતા. સ્વામીશ્રીએ આ પ્રસંગે વાત કરતાં કહ્યું :

"दुर्लभो मानुषो देहो देहिनां क्षणभंगुरः ।
तत्रापि दुर्लभं मन्ये वैकुण्ठप्रियदर्शनम् ॥

દુર્લભમાં દુર્લભ મનુષ્ય દેહ છે. પરંતુ તે ક્ષણભંગુર છે. તેવા દુર્લભ દેહમાં પણ ભગવાનના ભક્તનાં દર્શન થવાં તે અતિ દુર્લભ છે. માટે દેહનો ભરોસો ન રાખતાં ભગવાન ભજી લેવા અને આવા સાધુનો સમાગમ કરી લેવો. દેહ પડતાં તો વાર લાગે તેમ નથી. તેથી જ્યારે મૃત્યુ આવીને ઊભું રહેશે, ત્યારે ભગવાન કે આવા સાધુ સિવાય બીજું કોઈ રક્ષણ કરનાર નથી." "अङ्गं गलितं पलितं मुण्डं" એ શ્લોક બોલીને કહ્યું : "વૃદ્ધપણામાં અંગ ગળી જાય, વાળ ધોળા થઈ જાય, આંખે દેખાય નહિ અને લાકડી લઈને ચાલવું પડે તો પણ આશારૂપી પાશ મૂકી શકાતો નથી. માટે શરીર સારું હોય, દેશકાળ સાનુકૂળ હોય ત્યારે ભગવાન ભજાય અને તે જ અંતકાળે કામમાં આવે. આ તો જેમ વીજળીના ઝબકારામાં મોતી પરોવી લઈએ, તેમ ભગવાન ભજી લેવાના છે અને દેહ પડતાં તો ક્યાં વાર છે ? આ દેહ તો કોઈનો રહ્યો નથી અને રહેશે પણ નહિ." એ પ્રમાણે ઘણી વાતો કરી સૌને આનંદ કરાવ્યો.

એટલામાં ગામ જાળિયાવાળા ડોસા વાળંદે આવીને સ્વામીશ્રીને પ્રાર્થના કરી કહ્યું : "સ્વામી ! ગામ મેલી પધારો."

તે સાંભળી સ્વામીશ્રીએ સાથેના સાધુઓને કહ્યું : "તમે સવારે ગામ ગણોદ જાઓ અને રસોઈ કરો. અમે ગામ મેલી થઈને ત્યાં આવીશું."

સવારે સ્નાન, પૂજા વગેરે નિત્યકર્મથી પરવારી સ્વામીશ્રી ગામ લીલાખેથી ચાલ્યા. રસ્તામાં એક ખેતર આવ્યું. તેમાંથી ડોસો વાળંદ તથા બીજા હરિભક્તો ઘોડી માટે ઘાસ લેવા માંડ્યા. સ્વામીશ્રીએ ઘોડી ઉપરથી ત્યાં કેટલાક લજામણીના છોડ દીઠા. તેથી સાથે બ્રહ્મચારી અચિંત્યાનંદજી હતા તેમને સ્વામીશ્રીએ પૂછ્યું : "તમે શાસ્ત્રમાં લજામણીના છોડનું વર્ણન કરો છો પણ તેને ઓળખી શકો ખરા ?"

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : "ના, મહારાજ !"

પછી સ્વામીશ્રીએ કહ્યું : "આ છોડને અડો." એમ કહી બ્રહ્મચારીને તે છોડ બતાવ્યો. બ્રહ્મચારી તેનાં પાંદડાંને અડ્યા એટલે પાંદડાં બધાં ગોટો વળી ગયાં. તે જોઈ બ્રહ્મચારીએ કહ્યું : "સ્વામી ! આ શું કહેવાય ? આ અડ્યો એટલામાં તો ગોટો વળી ગયાં !"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "એ સ્વભાવ કહેવાય." એ પ્રમાણે વાતો કરતા ચાલ્યા.

ચાલો મેલીને ઊજળી કરીએ

પછી ભાદર નદી ઊતરી સ્વામી ગામ મેલીમાં પધાર્યા. ગામના પાદરમાં આવી સ્વામીશ્રીએ કહ્યું : "ચાલો, આજે મેલીને ઊજળી કરીએ."

એમ કહી ગામમાં પ્રવેશ કર્યો. ગામમાં સ્વામીશ્રી ચોરા પાસે ગયા. ત્યાં ચોરામાં ગામના ઘણા લોકો બેઠા હતા. તેમને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "ડાયરાને રામ રામ !" પણ કોઈ સામું 'રામ રામ' બોલ્યું નહિ. પછી સ્વામીશ્રી ગામમાં ડોસા વાળંદને ઘેર પધાર્યા.

ગામમાં સત્સંગીનું એક જ ઘર હતું. પરંતુ તે દેહ મૂકી ગયા હતા. તેમની વિધવાએ સ્વામીશ્રી પધારવાના છે તે જાણી ચોખ્ખું પાણી, સીધું, સામાન વગેરે તૈયાર રાખ્યાં હતાં. સ્વામીશ્રી રસોઈ જમીને જ જાય એવો એનો ભાવ હતો અને તેથી તાણ પણ ખૂબ કરી. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : "રસોઈ તો ગણોદ થાય છે. એટલે અહીં નહિ કરીએ. પણ તમારો બહુ પ્રેમ છે તેથી પાણી વાપરીશું." એમ કહી, સ્વામીશ્રી પાસેના વાડામાં દિશાએ જઈ આવ્યા. ડોસો ભક્ત પાણીનું બેડું લાવ્યા એટલે સ્વામીશ્રી ફળિયામાં ખાટલા ઉપર બેસીને નાહ્યા. પછી ત્યાંથી ચાલવા તૈયાર થયા

ત્યારે બોલ્યા : “અમારે આ મેલીને ઊજળી કરવી હતી, પરંતુ કોઈમાં મુમુક્ષુતા જ ન મળે. 'રામ રામ' એટલું પણ કોઈ બોલી શક્યા નહિ. ત્યારે 'જય સ્વામિનારાયણ' તો ક્યાંથી બોલે ? જીવનું અજ્ઞાન તો જુઓ ! આવા પ્રગટ સાધુ ઘેર બેઠાં આવે ને બોલાવે તો પણ સામે ન બોલાય અને સામા ઊઠીને હાથ ન જોડાય એ તો એના પૂર્વનાં પાપ આડાં આવીને નડ્યાં કહેવાય. તે એને મોક્ષના માર્ગે ચાલવા ન દે. दुर्भगो बत लोकोऽयं આ લોક જ એવો અભાગિયો છે જે આવા પ્રગટ સાધુને ઓળખી શકતો નથી. આ તો અહીં એક મુમુક્ષુ સારુ આવ્યા, નહિ તો આ ગામમાં તે કોણ આવે ?” એટલું કહી સ્વામીશ્રીએ કહ્યું : “પ્રભુ ભજવા દેહ તો ધર્યા છે, પણ પંચવિષય છે તે દમઘોષના દીકરા જેવા છે, તે ભગવાનને વરવા દેતા નથી એવા ભૂંડા છે.” આમ કહીને સ્વામીશ્રી ચાલ્યા. જાગા ભક્ત સ્વામીશ્રી માથે છત્રી ધરીને ચાલતા હતા.

સ્વામીશ્રીની આ વાત સાંભળી તેમણે પ્રશ્ન પૂછ્યો : “સ્વામી ! નારદજી પાસે રુક્મિણીજી એક વાર ભગવાનના ગુણ સાંભળીને બોલ્યાં જે, 'વરું તો ભગવાનને વરું, નીકર જીભ કરડીને મરું. પણ દમઘોષનો દીકરો જે શિશુપાળ તેને તો ન વરું.' અને આજ તો મહારાજ અને મોટા સાધુ નિરંતર કહે છે તોય ભગવાનને મૂકીને વિષયને કેમ વરાય છે ?”

ત્યારે સ્વામીએ વાત કરી : “આપણે ભગવાનને વરવા દેહ ધર્યા નથી અને રુક્મિણીએ તો ભગવાનને વરવા દેહ ધર્યો હતો. પણ આપણને તો મહારાજનો અને મોટા સાધુનો જોગ થયો છે તે હમણાં તો ભગવાનમાં રહેવું કઠણ પડે છે ને પછી તો નીસરવું કઠણ પડશે એવો સત્સંગનો પ્રતાપ છે.”

ત્યારે વળી પૂછ્યું : “આ દેહ મૂક્યા પછી કેવું થવાશે ?”

ત્યારે સ્વામી બોલ્યા : “કાંઈએ નહિ થવાય તો પણ સ્વરૂપાનંદ સ્વામી જેવા તો થવાશે, એવો મહારાજનો અને મોટા સાધુનો પ્રતાપ છે.” આ પ્રમાણે વાતો કરતાં કરતાં સ્વામીશ્રી ગણોદ પધાર્યા.

ગણોદમાં સ્વામીશ્રી આથમણા બારના મંદિરમાં ઊતર્યા. અહીં દરબાર અભયસિંહજીને નિમિત્તે પોતે પધાર્યા હતા એટલે તેમને નિશાન રાખી ઘણી વાતો કરી. ઉપલેટાથી લાલાભાઈ તથા જાળિયાથી સામત ભગત વગેરે ઘણા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ભીંડોરેથી વીજો ભગત

આહીર પણ આવ્યા હતા. સ્વામીશ્રીને પોતાને ગામ તેડી જવાની તેમની ઇચ્છા હતી. તેથી તેમણે પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ તેનો ભાવ જોઈ પ્રાર્થના સ્વીકારી. બીજે દિવસે સંત હરિભક્તોને સાથે લઈ સ્વામીશ્રી ગામ ભીંડોરે પધાર્યા.

વીજા ભગતને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ જ ભક્તિભાવ હતો. તેથી તેમણે કહ્યું : "સ્વામી ! આપની કૃપાથી ઘેર દુઝાણું સારું છે અને દૂધની છોળ્યું ઊડે છે. માટે આપ દૂધ ખૂબ જમો અને સંતો હરિભક્તોને પણ જમાડો."

સ્વામીશ્રીએ તેનો ભાવ જોઈ કહ્યું : "ભલે, તમારી ઇચ્છા પૂરી કરીશું." પછી રસોઈ તૈયાર થઈ એટલે સ્વામીશ્રી ઉત્તરાદા બારના ભંડારમાં જમવા પધાર્યા. ભંડારી સાધુએ સ્વામીશ્રીના પત્તરમાં દૂધ પીરસ્યું એટલે સ્વામીશ્રીએ પાસે બેઠેલા બાલમુકુન્દદાસજીના પત્તરમાં દૂધ મૂકી દીધું. શ્રીજીમહારાજના સ્વધામગમન પછી સ્વામીશ્રી દૂધ, દહીં, ગોળ, ખાંડ વગેરે કોઈ દિવસ જમતા જ નહિ. કદાચ કોઈ મોટા હરિભક્ત કે આચાર્ય મહારાજ પીરસવા પધારે તો તેમના માનને ખાતર થોડું દૂધ લેતા, પરંતુ તેમાં આંગળી બોળી તરત જ પાસે બેઠેલા સાધુને આપી દેતા. સ્વામીશ્રીએ બાળમુકુન્દદાસજીના પત્તરમાં દૂધ મૂકી દીધું.

તેથી માધવચરણદાસે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! આપ મિષ્ટાન્ન કેમ જમતા નથી ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમને શ્રીજીમહારાજે જ્યારે જમાડ્યા હતા ત્યારે જમ્યા હતા. મહારાજ ધામમાં પધાર્યા પછી કદી મિષ્ટાન્ન અમે જમ્યા નથી. અમે આ નિઃસ્વાદી વર્તમાન તમારા સારુ પાળીએ છીએ." એમ કહીને પછી જમતાં જમતાં વળી બોલ્યા : "જેવું શ્રીજીમહારાજ વર્ત્યા તેવું અમારાથી ન વર્તાય અને તમે વર્તો છો તેવું તમારા શિષ્યોથી નહિ વર્તાય." એ પ્રમાણે કહી પોતે સૂક્ષ્મ જમીને ચળું કર્યું. પછી પોતે સૌ હરિભક્તોને અને સંતોને દૂધ ખૂબ પીરસ્યું અને સૌને સારી રીતે જમાડ્યા. જમ્યા પછી કથા કરી, સ્વામીશ્રીએ થોડો આરામ લીધો. સૌ હરિભક્તોને રાજી કરી સ્વામીશ્રી ત્યાંથી ગાડામાં બેસીને નીકળ્યા.

રસ્તામાં બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! જે ભણે એવા છે તેને તો આપ ભણાવતા નથી."

ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : "કોણ ભણે એવા છે ?"

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : "આ બાલમુકુન્દ ભણે તેવા છે."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "જે ભણે છે તેને તો ભણાવીએ છીએ. આ બ્રહ્મવિદ્યાના ભણનારા થોડા છે. બાકી સંસ્કૃત વિદ્યા તો સૌ ભણે છે. પણ તેથી સત્પુરુષ આગળ જેવી નમ્રતા રાખવી જોઈએ તે નથી રહેતી અને સત્પુરુષનો જેવો વિશ્વાસ આવવો જોઈએ તેમાં પણ ખામી રહે છે. તમારા જેવા સારા તો કો'ક જ નીવડે છે."

પછી સ્વામીશ્રીએ મનજી ઠક્કરને કહ્યું : "ગુજરાતના ગાડામાં પૈડાંના આરા ઠાંસેલા હોય તે આ દેશના સુથારથી ઊખડે નહિ ને તેવાં પૈડાં બને પણ નહિ. તેમ કૃપાનંદ સ્વામી જેવાએ અમને વાતો કરીને ચોકઠાં બેસાર્યાં છે તે હવે ઊખડે તેમ નથી." આ પ્રમાણે વાતો કરતાં કરતાં સંતો તથા હરિભક્તોના સંઘ સાથે સ્વામીશ્રી ફરી પાછા ગણોદ પધાર્યા.

મહારાજ જમવા ગણોદમાં પધાર્યા

બીજે દિવસે બપોરે 'હરે' થયા એટલે સ્વામીશ્રી ભંડારમાં જમવા પધાર્યા. તે વખતે ઉપલેટાના લાલાભાઈ બહાર બેઠા હતા. તે બોલ્યા : "મહારાજ જમવા પધાર્યા." તે સાંભળી જાળિયાના સામત ભગત ભંડારમાં જોવા ગયા. તેમણે ભંડાર પાસે જઈને જોયું અને સ્વામીશ્રીને જમતા જોયા એટલે લાલાભાઈ પાસે આવીને તેમણે કહ્યું : "એ તો સ્વામી જમે છે. મહારાજ તો ત્યાં દેખાતા નથી."

એટલે લાલાભાઈએ કહ્યું : "તમને ન દેખાય પણ મહારાજ સ્વામીની સાથે છે." પછી ફરીને તે ભંડારમાં જોવા ગયા પણ તેને મહારાજ ન દેખાયા. સ્વામીશ્રી ભંડારમાંથી જમીને બહાર પધાર્યા. પછી સર્વે હરિભક્તોને જમાડ્યા.

બપોરે ઠાકોરજી જાગ્યા પહેલાં સ્વામીશ્રી મંદિરની આથમણી ઓશરીએ વિરાજ્યા હતા. સર્વે સાધુ તથા દરબાર અને અન્ય હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે ત્યાં ઈશાનંદ બ્રહ્મચારીના પિતા ભીમજી મહારાજ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને પગે લાગીને પોતે સભામાં બેઠા. તેમને જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : "પંડ્યા ! તમે

કાશી જઈ આવ્યા તે ઠીક કર્યું. તમે કાશીને પાવન કરી.''

ભીમજી મહારાજ તો સ્વામીશ્રીના આ શબ્દો સાંભળી હસ્યા. થોડી વારે તે ઊઠ્યા એટલે અભયસિંહજી બાપુએ સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આ ભીમજી મહારાજ તો અમારા ગોર છે. અમારે લીધે એમને મહારાજનાં દર્શન થયાં છે અને એટલામાં તો તમે એમને 'કાશીને પણ પાવન કરી આવ્યા.' એ કહ્યું તો અમારું કેટલું પુણ્ય ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''તમને જે પ્રાપ્તિ થઈ છે તે કહેવાય તેમ નથી અને જો કહીએ તો પછી તમે એકે વર્તમાન પાળો નહિ. તમને તો આ પ્રગટ પ્રાપ્તિ થઈ છે.'' એટલામાં ઠાકોરજી જાગ્યા એટલે સ્વામીશ્રી, બ્રહ્મચારી અને સાધુ તથા સાથેના હરિભક્તો સૌ ભાદર નદીએ, જ્યાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું તે પ્રસાદીના આરે નાહવા પધાર્યા. સ્વામીશ્રી નાહીને બહાર આવ્યા એટલે સ્વામીશ્રીને પહેરવાનું ધોતિયું આપવા બાલમુકુન્દદાસજી ગયા. ત્યારે સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''તમે નાહ્યા ?''

એટલે તેમણે કહ્યું : ''સ્વામી ! મારે દિશાએ જવું ન હતું એટલે નાહ્યો નથી.''

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''અહીં તો મહારાજ નાહ્યા છે અને અમે તથા બ્રહ્મચારી પણ નાહ્યા છીએ. માટે આ પ્રસાદીના આરે જે નહાય તેનાં અનંત જન્મનાં પાપ ધોવાઈ જાય.''

નાહીને સૌ મંદિરે આવ્યા. અહીં આવ્યા પછી સ્વામીશ્રીએ સભામાં વાતો શરૂ કરી. દરબાર અભયસિંહ સન્મુખ બેઠા હતા. તેમને સંબોધીને સ્વામીશ્રીએ કહ્યું : ''દરબાર ! આ સંસારમાં તો જળકમળ ન્યાયે રહેવા જેવું છે. આ તો ચાર દિવસનું જીવન છે. મોટાપુરુષ મળ્યા છે એટલે કોઈ ચિંતા કરવા જેવું નથી. પરંતુ જીવના મનોરથ તો બહુ જબરા છે જે કોટી ઉપાયે પણ પૂરા થાય તેવા નથી. રાવણ એક લાખ અને એંસી હજાર વર્ષ જીવ્યો, તો પણ તેને રહી ગયું કે મારા સંકલ્પો બાકી રહી ગયા અને મને ઓચિંતાનો માર્યો. માટે

मनोरथानां न समाप्तिरस्ति वर्षायुतेनाप्यथवापिलक्षेः ।
पूर्णेषु पूर्णेषु पुनर्नवानामुत्पत्तयः सन्ति मनोरथानाम् ॥

હજારો તથા લાખો વર્ષે પણ મનોરથો પૂર્ણ થતા નથી. જેમ જેમ જૂના

મનોરથ પૂરા થતા જાય, તેમ તેમ બીજા નવા મનોરથ ઉત્પન્ન થતા જાય. માટે જે કાંઈ મનોરથ કરવા તે ભગવાન તથા ભગવાનના સંતની સેવાના જ કરવા. તે વિના બીજા તો પૂરા થાય નહિ અને ઊલટા બંધન કરીને મોક્ષ બગાડે.''

આ પ્રમાણે સ્વામીશ્રીએ ઘણી વાતો કરી. એટલામાં સંધ્યા આરતીનો સમય થયો. એટલે સૌ ઊઠ્યા. આરતી, ધૂન થઈ રહ્યા પછી પણ સ્વામીશ્રીએ જગતના નાશવંતપણા ઉપર ઘણી વાતો કરી. બીજે દિવસે સ્વામીશ્રી ત્યાંથી નીકળી માણાવદર પધાર્યા.

માણાવદરમાં સ્વામીશ્રી લાલજીના બંગલા પાસે ઉગમણા બારની ધર્મશાળામાં ઊતર્યા. રાત્રે ઠાકોરજીની આરતી થયા પછી ધૂન વગેરે નિત્યવિધિ બાદ સ્વામીશ્રીએ સભામાં વાતો કરવાનું શરૂ કર્યું. સૌ સાધુ તથા હરિભક્તો સન્મુખ બેઠા હતા. સ્વામીશ્રીએ કહ્યું : ''દિવસે એવું કામ કરી લેવું કે રાત્રે સુખે નિદ્રા આવે. અને વર્ષના આઠ મહિના એવું કામ કરી લેવું કે ચોમાસામાં સુખે રહેવાય અને ભગવાનની કથા-વાર્તા સંભળાય. વળી, પહેલી અવસ્થામાં એવું કામ કરી લેવું જેથી વૃદ્ધાવસ્થામાં સુખે ભજન થાય, અને આખી જિંદગીમાં એવું કામ કરી લેવું જેથી ભગવાનના ધામમાં જવાય અને આત્યંતિક મોક્ષ થાય.[૧૨૦] આ સંસારમાં સાચા સગા તો ભગવાન અને સાધુ બે જ છે અને બીજા તો બંધન કરનારા છે. કાળ તથા આયુષ્ય તો ચાલ્યાં જાય છે પણ આ જગતની આશા જતી નથી.[૧૨૧]

માટે ભગવાન ભજી લેવા એ જ સત્ય છે. વળી, સાથે પણ એ જ આવનારું છે. બાકી બધું અહીંનું અહીં રહેશે. કોઈ સાથે આવવાનું નથી.'' એ પ્રમાણે ઘણી વાતો કરી.

બીજે દિવસે સવારે મયારામ ભટ્ટને ત્યાં, અક્ષર ઓરડીએ તથા અન્ય

---

૧૨૦. दिवसेनैव तत्कुर्याद्येन रात्रौ सुखं वसेत् ।
अष्टमासेन तत्कुर्याद्येन वर्षा सुखं वसेत् ॥
पूर्वेवयसि तत्कुर्याद्येन वृद्धा सुखं वसेत् ।
यावज्जीवेन तत्कुर्याद्येन प्रेत्य सुखं वसेत् ॥

૧૨૧. दिनयामिन्यौ सायं प्रातः शिशिरवसन्तौ पुनरायातः ।
कालः क्रीडति गच्छत्यायुः तदपि न मुञ्चत्याशावायुः ॥ भज गोविन्दं... ॥

પ્રસાદીનાં સ્થળે દર્શને પધાર્યા અને ત્યાં શ્રીજીમહારાજની લીલાની ઘણી વાતો કરી. પછી મંદિર આવીને જમ્યા. બપોરે ઠાકોરજી જાગ્યા ત્યારે દર્શન કરી ખારે નાહવા પધાર્યા. ત્યાં નાહીને લક્ષ્મીવાડીએ પધાર્યા. અહીં પ્રસાદીના સ્થાનકે ધ્યાન કરવા વિરાજ્યા. એટલામાં આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ. સ્વામીશ્રી જ્યારે ધ્યાનમાંથી જાગ્યા, ત્યારે કાના ભક્તે પૂછ્યું : ''સ્વામી ! આ પુષ્પવૃષ્ટિ કેમ થઈ ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''એ તો અમે મહારાજનું ધ્યાન કરતા હતા તેથી દેવતાઓ વિમાનમાં આવીને ચંદન પુષ્પથી મહારાજનું પૂજન કરતા હતા.'' આ પ્રમાણે અલૌકિક આશ્ચર્ય બતાવી સ્વામીશ્રી ત્યાંથી નીકળીને મંદિરે પધાર્યા.

માણાવદરથી બીજે દિવસે સ્વામીશ્રી જૂનાગઢ જવા નીકળ્યા. રસ્તામાં ગામ બોડકું આવ્યું. ત્યાંના દેવજી કુંભાર વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીને રોકાવાની બહુ તાણ કરી, પરંતુ સ્વામીશ્રી ન રોકાયા અને મેઘપુર થઈને વંથળી પધાર્યા. અહીં રાત રહીને બીજે દિવસે સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા.

સ્વામીશ્રી ઉપશમમાં

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા એટલે મહુવાથી શ્રી પ્રાગજી ભક્ત તેમજ બોટાદથી શિવલાલભાઈ, વસોથી વાઘજીભાઈ તેમજ અન્ય હરિભક્તો સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા. ચોમાસુ હતું છતાં સ્વામીશ્રીનો સમાગમ કરવા સારુ હરિભક્તોની ઠઠ જામતી જતી હતી. સ્વામીશ્રી પણ સૌ હરિભક્તોને જોઈ આનંદ પામતા અને કથાવાર્તાનું સુખ સૌને આપતા.

એક દિવસ સભામાં મહાપૂજા થતી હતી. તે વખતે સ્વામીશ્રી પણ સભામાં બેઠા હતા. થોડો સમય બાદ સ્વામીશ્રી એકદમ ઉપશમમાં ઊતરી ગયા. કોઈની સાથે બોલે નહિ અને જમવાનું કોઈ પૂછે તો હા કહે પણ જમે નહિ. પોતાની મેળે ક્યારેક ક્યારેક બોલે : ''હે રાજા રહુગણ ! તું અકોવિદ છો.'' સ્વામીશ્રી આ પ્રમાણે એકાએક ઉપશમમાં ઊતરી ગયા તેથી જૂનાગઢના સાધુઓ, બ્રહ્મચારી પાર્ષદો તેમજ ત્યાં આવેલા હરિભક્તો સૌ વિમાસણમાં પડી ગયા.

આ સમાચાર ગામડાંઓમાં પણ ફેલાયા. તેથી સ્વામીશ્રીનાં દર્શન કરવા સારુ ગામડાંમાં ફરવા ગયેલાં તમામ સંતમંડળો જૂનાગઢ આવવા લાગ્યાં. એક-બે દિવસમાં તો ચારેકોરથી તમામ મંડળો જૂનાગઢ આવી ગયાં. સ્વામી યોગેશ્વરદાસજી માંગરોળ હતા. તેઓ તેમના મંડળ સાથે ત્યાંથી નીકળ્યા અને સવારે આખા ગામે આવ્યા.

પીપલાણાવાળા નરસિંહ મહેતાનાં દીકરી લાડકીબા સમાધિનિષ્ઠ હતાં. તે આખામાં રહેતાં હતાં. સમાધિ દ્વારા સંતમંડળને આખા આવતું જાણીને પોતે રસોઈ તૈયાર કરી રાખતાં અને સંતોને જમાડીને પછી જ જવા દેતાં. યોગેશ્વરદાસજી અને તેમના મંડળ માટે પણ તેમણે રસોઈ તૈયાર કરી રાખી હતી. યોગેશ્વરદાસજી મંદિરમાં ઊતર્યા ત્યાં તેમણે કહેવરાવ્યું કે "ઠાકોરજી લઈને જમવા પધારો."

એટલે યોગેશ્વરદાસ સ્વામીએ કહેવરાવ્યું કે "જૂનાગઢ જઈ સ્વામીનાં દર્શન કરી અન્નપાણી લેવાનું નિયમ લીધો છે."

તે સંદેશો મળ્યો એટલે લાડકીબાએ ફરી કહેવરાવ્યું કે "સ્વામી હમણાં દેહ મૂકશે નહિ, કારણ કે હું હમણાં સમાધિમાં જઈ મહારાજને કહી આવી છું કે જો સ્વામીને તેડી જશો તો સોરઠ દેશનો સત્સંગ ભૂંસાઈ જશે. સંવત ૧૮૯૮માં પણ મેં મહારાજને પ્રાર્થના કરી હતી એટલે તે વખતે પણ સ્વામીને મહારાજે રાખ્યા હતા, તેમ આ ટાણે પણ સ્વામીને મહારાજે રાખ્યા છે. માટે તમે જમીને પછી જૂનાગઢ જાઓ."

લાડકીબાની સમાધિ સ્થિતિ વિષે સારો સોરઠ દેશ પરિચિત હતો. તેથી તેમનાં વચનને માન્ય કરી ઠાકોરજીને થાળ ધરાવી, યોગેશ્વરદાસ સ્વામી તથા તેમના મંડળના સૌ સાધુ જમ્યા. જમીને પછી જૂનાગઢ તરફ જવા નીકળ્યા.

લાડુબાની નિરાવરણ દૃષ્ટિ

આ સમયે જોરા ભક્ત હાટીના માળિયામાં હતા. તેમને પણ સ્વામીશ્રીના સમાચાર મળ્યા. એટલે તે પણ જૂનાગઢ જવા નીકળ્યા. સાંજે અજાબ પહોંચ્યા. આખાથી લાડુબા પણ જૂનાગઢ જતાં અહીં રાત રહેવા રોકાયાં હતાં. પોતાની નિરાવરણ દૃષ્ટિથી જોરા ભક્તને આવેલા જાણી, તેમણે તેમને માટે વાળુ તૈયાર કરી રાખ્યું. જોરા ભક્તને વાળુ કરવા

બોલાવ્યા ત્યારે તેમણે કહ્યું : "સ્વામી જૂનાગઢ માંદા છે. તેમનાં દર્શન કરીશ પછી અન્નજળ લઈશ."

ત્યારે લાડુબાએ કહેવરાવ્યું : "સ્વામીએ તો આજે વાડકો ભરીને રાબ પીધી છે. ખોટું હોય તો ત્યાં જઈને પૂછજો. માટે તમે વાળુ કરી લ્યો." તો પણ જોરા ભક્તનું મન માન્યું નહિ. તેથી લાડુબાએ ફરી કહેવરાવ્યું : "હમણાં સ્વામીશ્રી ધામમાં જવાના નથી. મહારાજને મેં સમાધિમાં જઈને પ્રાર્થના કરી છે કે સોરઠ દેશમાં હજુ સત્સંગનો રંગ તાજો લાગ્યો છે. વળી, સ્વામીએ જે નવા સંત-હરિભક્તોરૂપી આંબાના રોપડા રોપ્યા છે તેને મોટા થવા દ્યો, નહિ તો બધા રોપડા સુકાઈ જાશે. માટે સ્વામીને હમણાં રાખો. મહારાજે આ પ્રાર્થના માની છે અને સ્વામીને હમણાં ધામમાં નહિ લઈ જાય. માટે તમે અમારું માનીને વાળુ કરી લ્યો."

લાડુબાની નિરાવરણ દૃષ્ટિ હતી તે સોરઠમાં સૌ જાણતા હતા. વળી, સોરઠના સત્સંગી પ્રત્યે તેમને ખૂબ જ પ્રેમ હતો. તેથી તેમનું વચન જોરા ભક્ત પાછું ઠેલી શક્યા નહિ. વાળુ કરી લીધું. બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે બપોરે ત્રણ વાગે જૂનાગઢ પહોંચી ગયા.

આ વખતે સ્વામીશ્રી પાસે સ્વામી બાલમુકુન્દદાસજી બેઠા હતા. તેમને જોરા ભક્તે સ્વામીશ્રીની તબિયતના સમાચાર પૂછ્યા ત્યારે તેમણે કહ્યું : "સારું છે. કાલે વાડકો ભરીને રાબ પીધી હતી."

જોરા ભક્તને આ સાંભળી પ્રતીતિ આવી કે લાડુબાએ વાત કરી છે તે સાચી છે અને સ્વામીશ્રી હમણાં ધામમાં નહિ પધારે.

બીજે દિવસે સ્વામીશ્રી અંતર્વૃત્તિમાંથી બહાર આવ્યા. પછી બોલ્યા : "આ બધું શું બાંધ્યું છે ? આ ખાટલો કેમ ઢાળ્યો છે ? કોઈ માંદું છે ?" એમ કહી પોતે ઊઠ્યા અને કોઈનો પણ હાથ પકડ્યા સિવાય સભામાં પોતાને આસને પધાર્યા.

બરાબર ચોથે દિવસે સાંજે ચાર વાગે ઠાકોરજી ઊઠ્યા પછી સ્વામીશ્રી પોતાની મેળે ઊઠ્યા. પછી બંને ઢીંચણો કટવેડાથી બાંધીને બેઠા. આ સમયે સર્વે સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો અને હરિભક્તો સ્વામીશ્રીની આસપાસ આવીને બેસી ગયા. એટલે સ્વામીશ્રી સભા તરફ ચારેકોર જોઈ બોલ્યા : "આ વખતે તમારાં સૌનાં મન મારા વિષે સ્થિર થઈ ગયાં છે, તેવાં જો

અખંડ રહે તો તમારે કોઈને કાંઈ કરવું રહેતું નથી. કેમ જે સૌનાં મનમાં એમ થયું કે 'સ્વામી દેહ મૂકી દેશે માટે દર્શન કરી લ્યો.' એમ જાણીને ગામડેથી પણ મંડળો તણાઈને આવ્યાં છે."

એટલું કહી થોડી વાર રહીને સ્વામીશ્રી બોલ્યા : "શ્રીજીમહારાજનો જેવો છે તેવો હૃદગત અભિપ્રાય કોઈ સમજ્યા નહિ. તે ક્યારે સમજાય ? જ્યારે બદરિકાશ્રમ જેવું સ્થાન હોય અને ગોપાળાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામી જેવાનો યોગ હોય અને બ્રહ્માના કલ્પ પર્યંત આવરદા હોય ત્યારે કાંઈક સમજાય. છતાં આપણને જે કાંઈ સમજાય છે તે તો આ મોટા સાધુની દૃષ્ટિ છે ને તેમનો આપણને સમજાવવાનો આગ્રહ છે તેથી સમજાય છે."

જ્ઞાનની ગાંસડિયો પાછી લઈ ગયા

એમ કહી સ્વામીશ્રીએ દૃષ્ટાંત આપ્યું કે 'એક દેશમાં સારાં શાલ-દુશાલા જેવાં અમૂલ્ય વસ્ત્રો બનતાં હતાં અને ત્યાંના વેપારીઓ તે માલ બીજે દેશ વેચવા મોકલતા. પછી તેમણે વિચાર કર્યો કે આપણે એક જ દેશમાં માલ મોકલીએ છીએ તે કરતાં બીજા દેશમાં પણ માલ મોકલીએ તો માલની ખપત વધુ થાય. એમ વિચાર કરી એક દૂરના દેશમાં તેઓ માલ લઈને ગયા. પરંતુ તે દેશ લંગોટિયો હોવાથી ત્યાં કોઈ લૂગડાં પહેરતું જ નહિ. જેથી તેમના માલનો કોઈ ઘરાક મળ્યો નહિ. પછી તે વસ્ત્રો પડતર ભાવે આપવા માંડ્યાં, તો પણ કોઈએ તે લીધાં નહિ. પછી અર્ધી કિંમતે આપવાનું ઠરાવ્યું, પરંતુ કોઈ ઘરાક થયું નહિ. તેથી સર્વ વેપારીઓ પોતપોતાના દેશમાં ગાંસડીઓ બાંધી પાછા ગયા. પરંતુ તે વેપારીઓમાં એક નગરશેઠ હતો. તેણે વિચાર કર્યો કે આપણે ત્યાં નાણાંની ખોટ નથી. માટે આ વસ્ત્રો અહીં વગર મૂલ્યે આપી દેવાં એટલે આ દેશના લોકો જાણશે તો ખરા કે આવાં વસ્ત્રો અમુક દેશમાં થાય છે. એમ વિચારી ગામેગામ ફરી લૂગડાં મફત આપી દીધાં. તે લઈને લોકો રાજી થયા. આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, સંતદાસજી, નિરંજનાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી વગેરે મોટા મોટા સાધુઓ શ્રીજીમહારાજના સ્વરૂપના જ્ઞાનની ગાંસડીઓ લઈ અક્ષરધામમાંથી

આવ્યા હતા. પરંતુ પાત્ર-અપાત્રના વિચારમાં ને વિચારમાં આ જ્ઞાનનો પ્રચાર તેઓ કરી શક્યા નહિ અને જ્ઞાનની ગાંસડીઓ પાછી અક્ષરધામમાં લઈ ગયા. અમે તો એમ વિચાર કર્યો કે આવું સર્વોપરી, પુરુષોત્તમના સ્વરૂપનું અને અક્ષરબ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન - આ લોકમાં મનુષ્યો જાણે કે તે પ્રવર્ત્યું હતું, તેથી પાત્ર-અપાત્રનો વિચાર કર્યા સિવાય અમે કહેવા જ માંડ્યું છે. તેને કદાચ કોઈ સમજશે નહિ તો પણ જાણશે તો ખરા કે આવું જ્ઞાન આ લોકમાં સ્વામીએ પ્રવર્તાવ્યું હતું.''

એટલું કહીને સ્વામીશ્રી અટક્યા. થોડી વાર પછી ફરી બોલ્યા : ''આજે તમે સર્વે તમારી તમામ વૃત્તિઓનો નિરોધ કરી અમને જોઈ રહ્યા છો, પરંતુ એમ ને એમ જો કાયમ રહે તો તમારી સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, મમત્વગ્રંથિ, ઈચ્છાગ્રંથિ, હૃદયગ્રંથિ, અહંગ્રંથિ વગેરે ગળી જાય અને વાસનાનો નાશ થઈ જાય. પરંતુ તમો સર્વ અહીંથી ઊઠશો અને ક્રિયામાં જોડાશો ત્યારે માયાથી પર એવું જે આ બ્રહ્મ તેને જરૂર ભૂલી જવાના. તેથી તમારી સૌની વૃત્તિ જે અત્યારે બ્રહ્માકાર છે તે માયાકાર થઈ જવાની. માટે જો તમારે આવું અને આવું સુખ લેવું હોય, તો સદાય બ્રહ્માકાર વૃત્તિ રાખજો ને પુરુષોત્તમનારાયણની મૂર્તિમાં સંલગ્ન રહેજો. સંસ્કૃતિને પમાડનારી એવી જે માયાની જાળ તેમાંથી મુક્ત થવાય અને હું બ્રહ્મરૂપ છું એવું પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય તેનો નિત્ય અભ્યાસ કરવો.''

એટલી વાત કરીને વળી સ્વામીશ્રી ઊંડો શ્વાસ લઈને અટક્યા. પછી વળી બ્રહ્મજ્ઞાનના મેઘની વૃષ્ટિ કરતાં બોલ્યા : ''આ બ્રહ્મ તે કેવું છે ? જે જગત નહોતું ત્યારે પણ હતું ને જે માયાથી પર છે ને સત્, ચિત્ ને આનંદરૂપ છે. તમારા સર્વના આત્મા પણ તે જ છે ને તે માયાથી પર છે, પણ તે સ્વરૂપનું ભાન ભૂલી જવાથી તમારી સૌની માયાકાર વૃત્તિ થઈ ગઈ છે. તેથી માયા પર જે બ્રહ્મ અને તેથી પર જે પરબ્રહ્મ તે દિવ્ય સ્વરૂપોનો આનંદ તમને આવતો નથી. તેથી માયામાં તમારો જીવાત્મા ભટક્યા કરે છે. માટે તમો સૌ માયામાંથી મુક્ત થાઓ અને બીજાને પણ મુક્ત કરો.''[૧૨૨]

---

૧૨૨. स वै किलायं पुरुषः पुरातनो य एक आसीद् विशेष आत्मनि ।
अग्रे गुणेभ्यो जगदात्मनीश्वरे निमीलितात्मन्निशिसुप्रसक्तिषु ॥
- ભાગવત ૧/૧૦/૨૧.

આત્માનો આશ્રમ તો બ્રહ્મ છે

ત્યાર પછી સૌ હરિભક્તો સામું જોઈને સ્વામીશ્રી બોલ્યા : "હે હરિભક્તો ! તમે ગૃહસ્થાશ્રમી છો પણ તે આશ્રમ આત્માનો નથી. આત્માનો આશ્રમ તો એક બ્રહ્મ છે. તે બ્રહ્મની, હે હરિભક્તો ! તમને સાક્ષાત્ પ્રાપ્તિ થઈ છે. માટે અહંતા-મમતારૂપ જે ગ્રંથિઓ તેને તજીને તમે તમારો આશ્રમ જે બ્રહ્મ તેમાં રહો અને પરબ્રહ્મનું સુખ લ્યો. ગૃહસ્થાશ્રમ તો મોહથી વ્યાપ્ત થયેલો આશ્રમ છે, તો તેમાંથી મુક્ત થાઓ. અત્યારે તમારી સૌની વૃત્તિઓ આ પ્રત્યક્ષ બ્રહ્માકાર થઈ છે તેની હંમેશાં સ્મૃતિ રાખો. સંસારચક્રમાંથી મુક્ત થવાનો તે જ ઉત્તમ ઉપાય છે. આવો સમય બહુ જ દુર્લભ છે. કોઈને આજ સુધી મળ્યો નથી અને હવે પછી મળવાનો પણ નથી. આ તો સર્વ અવતારના અવતારી પુરુષોત્તમનારાયણ પધાર્યા, આ અક્ષરને પોતાની સાથે લાવ્યા અને પોતાનું ઐશ્વર્ય સાથે લાવ્યા. માટે આ દુર્લભ જોગ તમને મળ્યો છે તો તેનો લાભ લઈ લ્યો." આ પ્રમાણે દિવ્યવાણીનો મેઘ વર્ષાવી સ્વામીશ્રીએ સૌને તૃપ્ત કરી દીધા.

પછી ચકુભાઈએ હાથ જોડીને કહ્યું : "સ્વામી ! અમને સૌને તો આપે દર્શન દઈ, કથા કરી, કૃતાર્થ કરી દીધા, પરંતુ બાઈઓને આપનાં દર્શનનો નિયમ છે તેથી તેમણે કોઈએ આપનાં દર્શન વિના આજ ત્રણ દિવસથી અન્ન ખાધું નથી." તે સાંભળી અકારણ દયાસાગર સ્વામીશ્રીનું હૃદય કરુણાથી ભરાઈ ગયું અને તરત જ બોલ્યા : "ચાલો, આપણે ઠાકોરજીનાં દર્શને જઈએ." એમ કહીને ઊઠ્યા ને મંદિર ઉપર દર્શને પધાર્યા. ત્યાં દર્શન કરીને હનુમાનજી તથા ગણપતિ આગળ થઈને નીચે ચોકમાં ગયા. ત્યાં દરવાજા પાસે ભગત રહેતા હતા તેમને જોઈ પૂછ્યું : "ચોક કેમ વાળ્યો નથી ?" એટલું પૂછીને ખળી તરફ ચાલી ધર્મશાળામાં પધાર્યા. પછી ગોવિંદચરણદાસને જમવાનું તૈયાર કરવાની આજ્ઞા કરી. ગોવિંદચરણદાસે સ્વામીશ્રીની રુચિ અનુસાર બાજરાનો રોટલો અને તાંદળજાની ભાજી તૈયાર કર્યાં એટલે સ્વામીશ્રી જમવા પધાર્યા.

સ્વામીશ્રીએ પોતાના તમામ ભક્તોને અપાર સુખ આપી તેમના સૌના મનોરથ પૂરા કર્યા અને સૌને બ્રહ્માકાર થવાની ચાવી બતાવી દીધી.

થોડી વાર પછી સ્વામીશ્રી ફરી બોલ્યા : "અમે તો મહારાજ પાસે ગયા હતા. મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, યોગી ગોપાળાનંદ સ્વામી વગેરે અમને ત્યાં રાખવા તાણ કરતા હતા. અહીંના સર્વે અહીં રાખવા ખેંચ કરે છે. અમે તો મહારાજને કાંઈ કહેતા નથી. જો મહારાજને અમે કહીએ તો મહારાજ અમને જરૂર તેડી જાય. આખાનાં લાડુ ડોશીએ મહારાજને સમાધિમાં જઈને પ્રાર્થના કરી કે સ્વામીને હમણાં તેડી ન જાશો. તેથી મહારાજે અમને રાખ્યા છે. આપણે તો મહારાજની મરજી હોય તેમાં જ રાજી રહેવું."

એટલી વાત કરી એટલામાં લાડુબાના દીકરા કાનજી અને મકનજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને પગે લાગી સભામાં બેઠા. તેમને જોઈ સ્વામીશ્રી મંદ મંદ હસવા લાગ્યા. પછી સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'હવે તમારાં ડોશીને કહેજ્યો કે અમારે ધામમાં જવું હોય ત્યારે આડા ન ફરે, નહિ તો સમાધિ બંધ થઈ જાશે. પછી મહારાજનાં દર્શન કેમ કરશે ?' આ પ્રમાણે સ્વામીશ્રીએ હેતનાં વચનો કહ્યાં.

બંને ભાઈઓએ આ વાત તેમની માને કહી ત્યારે લાડુબા હસવા લાગ્યાં. તેમણે કહ્યું : "સ્વામીની તો હજુ સત્સંગમાં સૌને જરૂર છે અને ઉદાસ થાય તો રાંકનાં હાંડલાં ભાંગી જાય. માટે મોટાપુરુષ તો કહે. આપણે તો મહારાજને પ્રાર્થના કરવી."

સ્વામીશ્રીનો ઘેરો મંદવાડ

ત્યારબાદ થોડા દિવસ પછી સ્વામીશ્રીને ફરી ઘેરો મંદવાડ જણાયો. આ વખતે સાધુ, બ્રહ્મચારી તમામને લાગ્યું કે સ્વામીશ્રી દેહ નહિ રાખે. તેથી ત્રિકમદાસ કોઠારીએ ગામોગામ કાગળો લખ્યા. હરિભક્તો ગામોગામથી સ્વામીશ્રીનાં દર્શને આવવા લાગ્યા. આ જોઈ સ્વામીશ્રીએ એક વખત કહ્યું : "તમે એમ જાણતા હશો કે સ્વામી ધામમાં જશે ત્યારે બહુ માંદા થશે અને ગામેગામથી હરિભક્તો આવશે. પણ અમે તો આમ દેહ મૂકી દઈશું."

એમ કહી પોતાનું વસ્ત્ર ખભેથી ઉતારી દીધું. એટલું કહીને પછી બોલ્યા : "જેમ માથેથી રૂમાલ ઉતારી નાખીએ તેટલી વારમાં અમે દેહ મૂકી દઈએ. માટે દેહ મૂકવામાં કાંઈ વાર નહિ લાગે." સ્વામીશ્રીનાં આ

વચનોથી હરિભક્તોને થડકો લાગ્યો કે રખે સ્વામી બધાને ઘેર મોકલીને ધામમાં ચાલ્યા જાય.

બરાબર આ જ દિવસે આખામાં લાડુબાએ સમાધિમાં જઈ ફરી મહારાજને પ્રાર્થના કરી કે "મહારાજ ! સ્વામીને હમણાં તેડી જશો તો બધા બહુ દુ:ખી થશે અને મંદિરનું પડી ભાંગશે. માટે હમણાં રાખો. સ્વામીશ્રીએ અંતર્યામીપણે જાણ્યું કે ડોશી આ વખતે પણ આડાં ફર્યાં છે, એટલે તેમણે સંકલ્પ કર્યો કે 'હવે ડોશીને સમાધિ ન થાય.' સ્વામીશ્રીના આ સંકલ્પથી ડોશીને સમાધિ બંધ થઈ ગઈ. લાડુબા સમાધિ બંધ થવાથી ખૂબ અકળાયાં. તેથી તેમણે પોતાના બંને પુત્રોને સ્વામી પાસે જૂનાગઢ મોકલ્યા. તેમણે સ્વામીશ્રીને વિનંતિ કરી કહ્યું : "હવે મારાં ડોશી આડાં નહિ ફરે માટે સમાધિ થાય તેવી કૃપા કરો." એટલે સ્વામીશ્રીએ રાજી થઈ આશીર્વાદ આપ્યા અને તેમની સમાધિ પાછી શરૂ થઈ.

આ અરસામાં વરસાદે બહુ ખેંચાવ્યું અને લોકો વરસાદ વિના અકળાવા લાગ્યા. તેથી કેટલાક ભક્તો સ્વામીશ્રી પાસે આવી વિનંતિ કરવા લાગ્યા : "સ્વામી ! વરસાદે બહુ ખેંચાવ્યું છે અને તે વિના લોકો બહુ દુ:ખી થાય છે, માટે કાંઈક દયા કરો તો વરસાદ થાય." એટલે સ્વામીશ્રીએ હસીને કહ્યું : "એ તો લાલાભાઈનું કામ છે. માટે બે સાધુને ઉપલેટે મોકલીએ."

ઈન્દ્ર હંમેશાં તમારાં દર્શને આવે છે

પછી બીજે દિવસે બે સાધુને ઉપલેટા મોકલ્યા. તેમણે ઉપલેટા આવી લાલાભાઈને કહ્યું : "અમને સ્વામીએ મોકલ્યા છે અને કહેવરાવ્યું છે કે તમો મહારાજને કહો તો વરસાદ થાય. હરિજનો વરસાદ વગર બહુ દુ:ખી થાય છે." સાધુનો આ સંદેશો સાંભળી લાલાભાઈ મૂંઝાયા. તેમણે તરત જ કહ્યું : "એ તો સ્વામીએ મને મોટો બનાવવા કહ્યું છે. સ્વામી તો સમર્થ છે અને મહારાજને પ્રત્યક્ષ દેખે છે. પરંતુ મને જ્યારે આજ્ઞા કરી, ત્યારે મારે તેમની આજ્ઞા પાળવી જોઈએ."

પછી લાલાભાઈ ધ્યાનમાં બેઠા. મહારાજે તેમને દર્શન દઈ કહ્યું : "ઈન્દ્ર હંમેશાં તમારાં દર્શને આવે છે. તેને તમો કહેજો એટલે તે વરસાદ

વરસાવશે.'' ત્યારે લાલાભાઈએ આશ્ચર્ય પામતાં કહ્યું : ''મહારાજ ! ઇન્દ્ર ક્યારે આવે છે ? હું તો તેમને દેખતો નથી.'' એટલે મહારાજે હસતાં હસતાં કહ્યું : ''સાંજે આરતી વખતે ઇન્દ્ર તમારાં દર્શન કરવા આવે છે. આજે તમને દેખાશે.''

મહારાજનાં વચન અનુસાર સાંજે આરતી વખતે ઇન્દ્ર આવ્યા અને આરતી થયા પછી લાલાભાઈને પગે લાગ્યા. લાલાભાઈ તેમને ઓળખી શક્યા નહિ એટલે તેમને પૂછ્યું : ''તમે કોણ ?''

ત્યારે તેમણે કહ્યું : ''એ તો હું ઇન્દ્ર છું.''

પછી લાલાભાઈએ કહ્યું : ''મહારાજે કહ્યું છે કે લોકો દુઃખી થાય છે માટે વરસાદ વરસાવો.''

પરંતુ ઇન્દ્ર કાંઈ બોલ્યા નહિ. તેમનો પહેરવેશ અને દાઢી જોઈ લાલાભાઈને બહુ જ આશ્ચર્ય થયું. તેમણે પણ કાંઈ વધુ ન કહ્યું.

બીજે દિવસે લાલાભાઈ ધ્યાનમાં બેઠા અને મહારાજે દર્શન દીધાં. લાલાભાઈએ મહારાજને કહ્યું : ''મહારાજ ! ગઈ કાલે ઇન્દ્ર આવ્યો હતો પરંતુ તેનો વેશ જુદી રીતનો તથા દાઢી જોઈ મને તેને કાંઈ કહેવાનું મન થયું નહિ. વળી, મેં કહ્યું તેનો ઉત્તર પણ આપ્યો નહિ. કર્તાહર્તા તો આપ છો. માટે આપ જ વરસાદ વરસાવો.'' તે સાંભળી મહારાજ હસ્યા. પછી કહ્યું : ''લાલાભાઈ ! આજે ઇન્દ્ર ફરી આવશે. તેને તમો એટલું કહેજો કે તારે વરસાદ વરસાવવો હોય તો વરસાવ. નહિ તો બીજા ઘણા ઇન્દ્ર છે તે વરસાદ કરશે.''

તે સાંજે ફરી ઇન્દ્ર આવ્યો. લાલાભાઈને પગે લાગ્યો. ત્યારે લાલાભાઈએ તેને કહ્યું : ''મહારાજે આજે ફરી કહેવરાવ્યું છે. માટે વરસાદ વરસાવો. નહિ તો બીજો ઇન્દ્ર વરસાવશે અને તમારી સેવા જશે.''

ત્યારે ઇન્દ્રે કહ્યું : ''જે બે સાધુ જૂનાગઢથી આવ્યા છે તેમને સારી રસોઈ કરીને જમાડો તો વરસાદ થાય.''

આ સાંભળી લાલાભાઈ રાજી થયા. તેમણે કહ્યું : ''એ તો બહુ સારું. કાલે જ સારી રસોઈ કરી તેમને જમાડીશું.''

બીજે દિવસે સાધુને પાકી રસોઈ કરાવી જમાડ્યા. જમીને સાધુ જૂનાગઢ જવા નીકળ્યા અને પાછળ વરસાદ શરૂ થયો. આવી રીતે

સ્વામીશ્રીએ પોતાના ભક્ત દ્વારા પોતાનું ઐશ્વર્ય બતાવ્યું અને લોકોને સુખી કર્યા.

વાલજીને પરણાવીશ મા

સ્વામીશ્રી જૂનાગઢ જ્યારે વિરાજતા ત્યારે દેશાંતરના હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવતા. એક વખત આખા ગામના ઊનેવાળ બ્રાહ્મણ મૂળજી શ્રોત્રિય સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી સભામાં વિરાજતા હતા, તેમને દંડવત્ કરી તે સભામાં બેઠા. થોડી વારે સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા અને કહ્યું : 'કેમ સુખી છો ને ? કાંઈ પૂછવું છે ?''

પોતાના અંતરની વાત સ્વામીશ્રીએ જાણી લીધી. તેથી તેને આનંદ થયો. પછી તેણે હાથ જોડી પૂછ્યું : "સ્વામી ! ઓણ સાલ મારા પુત્ર વાલજીનાં લગ્ન થાય તેમ છે, તો કરું કે નહિ ?"

આ સાંભળી સ્વામીશ્રી થોડી વાર આંખો મીંચી ગયા. પછી નેત્ર ખોલીને તેના સન્મુખ દૃષ્ટિ કરી કહ્યું : "મૂળજી ! ઓણ સાલ તારા વાલજીને પરણાવીશ મા. ગમે તેમ કરી આ એક વરસ જાવા દે." મૂળજીને તો તેના પુત્રને પરણાવવાનો આગ્રહ ન હતો. તેમાં વળી, સ્વામીશ્રીએ પણ ઓણ લગ્ન કરવા ના કહી તેથી તેનો સંકલ્પ બંધ જ થઈ ગયો. પરંતુ તેના વેવાઈને ખર્ચ ઉગારવા બે દીકરી સાથે પરણાવવાનો આગ્રહ હતો. મૂળજીને થયું કે વેવાઈને ના કેમ પાડવી ?

મૂળજી આખા ગયા. તેના વેવાઈ તરફથી દબાણ થયું ને વાલજીને પરણાવવાનું તેમણે નક્કી કર્યું. થોડા દિવસ બાદ વાલજીનાં લગ્ન થઈ ગયાં એટલે મૂળજી ફરી જૂનાગઢ સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીને તેણે કહ્યું : "સ્વામી ! આપે ના પાડી હતી પણ વેવાઈના બહુ આગ્રહથી મારે વાલજીનાં લગ્ન કરવાં પડ્યાં છે."

સ્વામીશ્રીને આ ઠીક ન લાગ્યું. સ્વામીશ્રીની આંખોમાં થોડી ગ્લાનિ દેખાઈ. પછી તરત જ સ્વામીશ્રીએ કહ્યું : "મૂળજી ! તેં આજ્ઞા ન પાળી તે ઠીક ન કર્યું. હશે, હવે જે થયું તે ઠીક. પણ તારા વાઢે જ્યાં ચિચોડો ફરતો હોય ત્યાં વાલજીને જાવા દઈશ નહિ." મૂળજી સ્વામીશ્રીની આજ્ઞાનો મર્મ સમજી ગયા. તેના અંતરમાં પણ દુઃખ તો થયું, છતાં જે થવાનું હતું તે થઈ

ગયું. હવે વાલજીને વાઢે ન જવા દેવો. તે આજ્ઞા બરાબર પાળી લેવી જેથી વરસ વીતી જાય. પરંતુ ભાવિ કાંઈ મિથ્યા થતું નથી.

મૂળજીએ શેરડીનો વાઢ કર્યો હતો. જ્યારે ચિચોડો ચાલુ થયો ત્યારે તેણે પૂરી તકેદારી રાખી કે વાલજી વાઢે ન આવે. રોજ તેને માટે શેરડી ઘેર લાવે અને તેને ખવરાવે. ચિચોડો બંધ થવાને એક દિવસ બાકી હતો ત્યારે વાલજી પોતાના કેટલાક મિત્રો સાથે વાઢે ગયો. આ વખતે મૂળજી ત્યાં ન હતા. એટલે વાલજીને પણ ફાવ્યું. તે ચિચોડા પાસે ગયો અને તેમાં શેરડી નાખતાં તેનો આખો હાથ ચિચોડામાં આવી ગયો. તરત તે બેભાન થઈ ગયો. તેને ઘેર લઈ આવ્યા, પરંતુ તેને ચમક લાગતાં તેનો દેહ પડી ગયો. સ્વામીશ્રીના વચનની અવજ્ઞા કરવાથી જે પરિણામ આવવાનું હતું તે આવી ગયું. બ્રાહ્મણ પુત્રીને અકાળે વૈધવ્ય આવ્યું.

આ અરસામાં સાધુ ગોવિંદચરણદાસ, જેઓ ભંડાર કરતા હતા તેમને ગામ હાટીના માળિયા જવાનું થયું. તેથી સ્વામીશ્રીએ સ્વામી બાલમુકુન્દદાસજીને ભંડાર કરવા મૂક્યા. થોડા દિવસ થયા અને હાટીના માળિયાના હરિભક્તો જૂનાગઢ આવ્યા. તેમની સાથે સ્વામીશ્રીએ કહેવરાવ્યું કે હવે ગોવિંદચરણ જૂનાગઢ આવી જાય. સ્વામી બાલમુકુન્દદાસજીને તાવ આવવાનો હતો તે અગાઉથી જાણી સ્વામીશ્રીએ ગોવિંદચરણને જૂનાગઢ તેડાવ્યા. પરંતુ જો ગોવિંદચરણ જૂનાગઢ આવે તો જોરા ભક્તને રસોઈ કરી આપે તેવું કોઈ ન હતું. તેથી તેમને જૂનાગઢ જવા ન દીધા. અહીં બાલમુકુન્દદાસજીને તાવ શરૂ થયો. અહીં પણ ભંડારની સેવા બીજું કોઈ કરે તેવું ન હોવાથી અને ભંડારનું કામ અટકી પડે તેથી સ્વામીશ્રીએ બાલમુકુન્દદાસ સ્વામીનો તાવ તરત જ અટકાવી દીધો. ગોવિંદચરણ આવતાં સુધી બાલમુકુન્દદાસ સ્વામીએ ભંડારનું કામ ચાલુ રાખ્યું. મંદિરની સેવા અને દેવસેવામાં કોઈ વિઘ્ન ન પડે તે પ્રત્યે સ્વામીશ્રીનું ખાસ લક્ષ્ય હતું.

महापुरुषाय नमः

સ્વામીશ્રી જૂનાગઢમાં હોય ત્યારે એક શિવભક્ત, નાગર બ્રાહ્મણ કપાળમાં ત્રિપુંડ્ર કરી, એક છાબડીમાં પુષ્પ અને ચંદન તથા લોટામાં પાણી

લઈ, હંમેશાં મંદિરે આવે. સભામંડપમાં જ્યાં સ્વામીશ્રી વિરાજતા હોય ત્યાં જઈ તેમના કપાળમાં ચંદનની અર્ચા કરી, શિરે ફૂલ ચઢાવી 'महापुरुषाय नमः' એમ બોલી સ્વામીશ્રીને પગે લાગતો. ઉપર ઠાકોરજીનાં દર્શન કરવા તે કદી ન જતો. સીધો ભૂતનાથ મહાદેવની પૂજા કરવા જાય. રોજનો તેનો કાર્યક્રમ જોઈ, એક દિવસ એક હરિભક્તે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! આ એક તમારો જ ભક્ત છે. એ બીજું કાંઈ જાણતો નથી અને નિયમ પણ કાંઈ પાળતો નથી. તો એનું કલ્યાણ થશે કે કેમ ? અને જો કલ્યાણ થશે તો કેવું થશે ?"

આ પ્રશ્ન સાંભળી સ્વામીશ્રી ભ્રૂકુટિ ચઢાવી, ચપટી વગાડી મંદ મંદ હસીને બોલ્યા : "એ ભક્તને તો અમારે મનવારમાં ગારાની જગ્યાએ ભરીને પણ અક્ષરધામમાં પહોંચાડવો છે." આમ, મોટાપુરુષના આશ્રયથી જીવ માયાને તરી શિવ બની જાય છે.

ગ. પ્ર. ૫૪ - આ વચનામૃત નહિ સમજાય તેનાં કરમ ફૂટ્યાં જાણવાં

જૂનાગઢના મંદિરમાં માંદાઓને રહેવાની જગ્યા હતી ત્યાં કેટલાંક ફૂલઝાડ હતાં. તેમાં રાજચંપાનાં બે મોટાં ઝાડ હતાં. તેમાંના એક ઝાડ નીચે સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામી ધ્યાન કરવા બેસતા અને બીજા ઝાડ નીચે સ્વામીશ્રીના શિષ્ય સ્વામી યોગેશ્વરદાસ[૧૨૩] સ્વામી ધ્યાન કરવા બેસતા.

એક દિવસ સ્વામીશ્રી રાજચંપાના ઝાડ નીચે નિત્ય નિયમ મુજબ ધ્યાન કરવા બેઠા હતા. એટલામાં યોગેશ્વરદાસ સ્વામી ત્યાં આવ્યા અને સ્વામી સન્મુખ બેઠા. થોડી વારે સ્વામીશ્રી ધ્યાનમાંથી જાગ્યા એટલે યોગેશ્વરદાસને સામે બેઠેલા જોઈ કહ્યું : "વચનામૃત વાંચો." તેથી તેમણે ગ. પ્ર. ૫૪મું વચનામૃત વાંચ્યું. તે સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા. પછી બોલ્યા : "ફરી વાંચો." એમ આ વચનામૃત પાંચ વખત વંચાવ્યું. પછી અત્યંત રાજી થઈને બોલ્યા : "અહો ! આ વચનામૃત તો જાણે દિવસ બધો સાંભળ્યા જ કરીએ. જુઓને, માંહી મહારાજે મોક્ષનું દ્વાર બતાવી દીધું છે. આ વચનામૃત જેને નહિ સમજાય તેનાં કરમ ફૂટ્યાં જાણવાં."

આ પ્રમાણે કહી સ્વામીશ્રીએ આ પ્રસંગે શ્રીજીમહારાજે વચનામૃતમાં

૧૨૩. જુઓ પરિશિષ્ટ : ૩/૮, પૃષ્ઠ ૫૯૫.

કહેલી ઘણી રહસ્યની વાતો ઉપર વાતો કરી, ત્યાં બેઠેલા સૌને આનંદ પમાડ્યો.

જૂનાગઢનું સર્વોપરી મંદિર

કથાવાર્તાના સમય બાદ મંદિરના વ્યવહાર અંગે સ્વામીશ્રી ઘણી વાર કોઠારમાં આવીને બેસતા. અહીં સ્વામીશ્રી માટે ખાસ ગાદીતકિયો તૈયાર મૂકી રાખ્યાં હતાં. સ્વામીશ્રી તે ઉપર બેસી મંદિરની આવક-જાવકની યાદી તપાસી લેતા. એક દિવસ સ્વામીશ્રી નિયમાનુસાર કોઠારમાં પધાર્યા ત્યારે તે વખતે કોઠારમાં લક્ષ્મીદાસ પટેલ, રૂપશંકરભાઈ અને ત્રિકમદાસ બેઠા હતા. સ્વામીશ્રીને મંદિરના વ્યવહાર સંબંધી બધી વિગત સમજાવી પછી લક્ષ્મીદાસ પટેલે કહ્યું : "સ્વામી ! ઓલ્યા દેશમાં જેવું ભૂજનું મંદિર, તેવું આ દેશમાં આપણું જૂનાગઢનું મંદિર."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "શું આ અમારું મંદિર ભૂજના જેવું ? આ મંદિર તો સર્વોપરી છે અને મહારાજના પ્રતાપે સર્વોપરી કરવું છે." એટલી વાત કરી એટલે ત્રિકમદાસે સરવૈયું બતાવ્યું. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "ભજન કર, ભજન કર, એ તો જેમ મહારાજને ગમે તેમ થાય છે. તેનું આપણે કાંઈ નહિ." નાણાંના વ્યવહારમાં જો કે જૂનાગઢનું મંદિર ભૂજ જેવું હશે, પરંતુ સ્વામીશ્રીના કહેવાનો મર્મ તો એ હતો કે આ જૂનાગઢના મંદિરમાંથી શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની ઉપાસનાની વાતો પ્રવર્તી છે અને વળી અક્ષરબ્રહ્મના સ્વરૂપની નિષ્ઠા પણ અહીંથી જ શરૂ થઈ છે, એટલે જૂનાગઢનું મંદિર સર્વોપરી. જ્ઞાનમાં, નિષ્ઠામાં અને ઉપાસનામાં જૂનાગઢનું મંદિર ખરેખર સર્વોપરી જ છે. શ્રીજીમહારાજે પણ કહ્યું હતું કે 'જે જૂનાગઢ જશે તેની સો જન્મની કસર અમે એક જન્મમાં ટાળશું.'

અમૃત લાવો

એક દિવસ સ્વામીશ્રી ધર્મશાળામાં પોતાના આસને વિરાજ્યા હતા. સ્વામીશ્રી સન્મુખ ગોખરવાળાના અરજણ સુથાર તથા અન્ય હરિભક્તો બેઠા હતા. તે વખતે સ્વામીશ્રીએ કહ્યું : "કોઈક પુસ્તક લાવીને વાંચો."

ત્યારે ધર્મપ્રસાદજીએ પૂછ્યું : "સ્વામી ! કયું પુસ્તક લાવું ?"

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : "અમૃત લાવો, અમૃત. અમારે તો અમૃત પીવું છે."

તે સાંભળી અરજણ સુથારને થયું કે 'સ્વામીશ્રીએ અમૃત લાવવાનું કહ્યું છે તે એ તે કેવું સારું પુસ્તક હશે ?' એટલામાં ધર્મપ્રસાદદાસજી વચનામૃતનું પુસ્તક લાવ્યા. તે જોઈ અરજણ ભગતને વચનામૃતનો મહિમા સમજાયો. તેમને થયું : 'સ્વામીશ્રીએ જે અમૃત કહ્યું હતું તે ખરેખર અમૃત જ છે.' વચનામૃત તો હંમેશાં આપણે પણ વાંચીએ છીએ, પરંતુ સ્વામીશ્રીને તે ગ્રંથનો જેટલો મહિમા છે તેટલો આપણને નથી. આજે સ્વામીશ્રીના વચને વચનામૃતનો મહિમા સમજાયો. મોટાપુરુષના વચને જ તેમના સંબંધવાળી વસ્તુઓ કે પદાર્થોનો મહિમા સમજાય છે.

સોરઠ અને બાબરિયાવાડમાં વિચરણ

જન્માષ્ટમીનો સમૈયો કરી સ્વામીશ્રી જળઝીલણીનો સમૈયો કરવા દર વર્ષના નિયમ મુજબ ઊના પધાર્યા. અહીં નાઘેર દેશના હજારો હરિભક્તો સમૈયા ઉપર આવ્યા. એકાદશીને દિવસે ઠાકોરજીને પાલખીમાં પધરાવી વાજતેગાજતે નદીએ જળ ઝિલાવા સૌ ગયા. ઠાકોરજીને જળ ઝિલાવી પછી સૌ મંદિરે પાછા આવ્યા. સ્વામીશ્રી જેટલા દિવસ ઊનામાં રહ્યા તેટલા દિવસ રોજ સાંજે નદીએ નાહવા પધારતા અને નાહીને પછી ત્યાં જ સભા કરી હરિભક્તોને જ્ઞાનવાતોનો લાભ આપતા. આ પ્રમાણે થોડા દિવસ સ્વામીશ્રી ઊના રહ્યા. પછી બારપટોળીના હરિભક્ત કાળુ ભક્તે તેમજ બીજા ગામના હરિભક્તોએ પણ સ્વામીશ્રીને પોતાના ગામમાં પધારવા વિનંતી કરી એટલે સ્વામીશ્રી ઊનાથી નીકળ્યા.

સ્વામીશ્રી ફરતાં ફરતાં ગામ કોવૈયે પધાર્યા. રાજુલાથી હરિભક્ત વિઠ્ઠલભાઈ તથા જશોધરભાઈ, મેવાડા વલ્લભજીભાઈ વગેરે રોજ સાંજના ચાર વાગે જમીને ઘેરથી નીકળે અને રાત્રે કોવૈયે આવે. રાત્રે સ્વામીશ્રીની વાતો સાંભળી પાછા રાજુલા જાય. આ પ્રમાણે આસપાસનાં બીજાં ગામોના હરિભક્તો પણ સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમનો લાભ લેવા કોવૈયા આવતા. રોજ રોજ ઘણા હરિભક્તો આવવા લાગ્યા એટલે સાધુ ઓશરીમાં

બેસી કથા વાંચે અને હરિભક્તો ફળિયામાં બેસે એવો પ્રબંધ કર્યો.

એક દિવસ રાત્રે કથા વંચાતી હતી તેવામાં દીવો ઓલવાઈ ગયો અને કથા બંધ રહી. ચકમક ખેરવી દીવો કરવાનો રિવાજ હોવાથી કાળુ ભક્તને દીવો કરતાં વાર થઈ. ત્યાં તો ઓશરીમાં સ્વામીશ્રી ગોદડી ઓઢી વિરાજમાન થયા હતા તેમણે પોતાનો જમણો ચરણ બહાર કાઢ્યો; તે ચરણના અંગૂઠામાંથી તેજની શેડ્ય નીકળી. તે તેજ શીતળ, શાંત અને સૌમ્ય હતું. પછી સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "લિયો, હવે કથા વાંચો." પછી સાધુ કથા વાંચવા માંડ્યા અને સ્વામીશ્રી વાતો કરવા લાગ્યા. આ પ્રમાણે કેટલોક સમય થયો ત્યાં કાળુ ભક્ત ચકમકથી તાપ કરીને દીવો કરીને લાવ્યા એટલે સ્વામીશ્રીના અંગૂઠામાંથી નીકળેલો પ્રકાશ પાછો તેમાં સમાઈ ગયો. સ્વામીશ્રીનો આવો ખુલ્લો પ્રતાપ જોઈ, સર્વે સંત-હરિભક્તોને અત્યંત આશ્ચર્ય થયું. તેમને થયું કે 'આ તો સાક્ષાત્ ભગવાનનું ધામ અક્ષરબ્રહ્મ છે. નહિ તો આવો પ્રતાપ હોય નહિ.'

સ્વામીશ્રી થોડા દિવસ બાબરિયાવાડમાં ફરી વિજયાદશમી ઉપર જૂનાગઢ પધાર્યા.

ઝોકની લાજ

જૂનાગઢમાં સ્વામીશ્રીએ એક દિવસ વેરાભાઈ તથા જોરા ભક્તને કહ્યું : 'આલેસના નેસમાં ખીમા ટાલિયાનો દીકરો રહેવા ગયો છે, તેણે બે સારી ગાયો આપવા કહ્યું છે. તો તમે બંને જણા ત્યાં જઈને બે સારી ગાયો લઈ આવો. આપણી ગાયો હમણાં વસૂકવા આવી છે તેથી જો બીજી ગાયો ન લાવીએ તો ઠાકોરજી દૂધ વિના રહે. માટે હમણાં જાઓ." સ્વામીશ્રીની આજ્ઞા થઈ એટલે વેરાભાઈ તથા જોરા ભક્ત ફરતાં ફરતાં આલેસના નેસડામાં આવ્યા. અહીં ખીમા ટાલિયાના દીકરે બે ગાયો તેમને આપી. પછી તે બંને નેસમાંથી ચાલ્યા. તે વખતે ભરવાડણ પાણી ભરવા ગઈ હતી. આ બંને ભક્તો ગાયો લઈને જતા હતા ત્યાં ભરવાડણ તેમને સામી મળી અને પોતાની ગાયોને લઈ જતા જોઈ તેણે કહ્યું : "ભગત ! એ બંને ગાયો મારા ઝોકમાં પાછી લાવો."

આ બંને ભગતો વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું : "અમને આ

ગાયો તમારા ધણીએ જૂનાગઢ મંદિરમાં લઈ જવા સારુ આપી છે.''

છતાં તે બાઈએ તો તેમને ફરી પોતાના ઝોકમાં લઈ જવાનો આગ્રહ રાખ્યો. તેથી તે ગાયોને દોરી બંને ભગતો પાછા વળ્યા અને ઝોકમાં આવ્યા. તે ભરવાડણે પાણીનું બેડું હેઠું મૂક્યું. પછી તે બંને ગાયોને પગે લાગીને તેણે કહ્યું : ''માવડિયું ! શિંગડે, પૂંછડે કે પગે કોઈને મારશો નહિ અને નરવી રહેજો. વળી, ટાણે કટાણે જ્યારે દો'વા માગે ત્યારે દો'વા દેજો, પણ નોંજણું[૧૨૪] માગશો નહિ. આ ઝોકની ગાયોએ ક્યારેય પગ ઊંચો કર્યો નથી અને ક્યારેય આ ઝોકની લાજ જાવા દીધી નથી. માટે એમ વરતજો.'' આ પ્રમાણે બંને ગાયોને શિખામણના શબ્દો કહી તે બાઈ બંને ગાયોને પગે લાગી. પછી તે બંને ભક્તોને કહ્યું : ''મારા વીરા ! હવે તમ તમારે આ ગાયો લઈ જાવ.''

આ બંને ભક્તોને આ બાઈનો ગાયો ઉપરનો પ્રેમ, પોતાના ઝોકની લાજ વગેરે જોઈ અત્યંત આશ્ચર્ય થયું.

જૂનાગઢ આવી તેમણે સ્વામીશ્રીને આ બધી વાત વિસ્તારથી કહી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''સાંભળો ભગત ! ભરવાડણને પણ પોતાના ઝોકની લાજની ખેવના છે તો આપણે તો સ્વામિનારાયણની ઝોકના છીએ. માટે આપણે પણ સ્વામિનારાયણની લાજ રાખવી જોઈએ.''

આ ઉપર સ્વામીશ્રી એક સાખી બોલ્યા :

'લાજે લૂગડાં પહેરીએ, લાજે દીજીએ દાન;
લાજ વિનાના માનવી, તેના લાંબા લાંબા કાન.'

માટે જેને લાજ નથી તે મનુષ્ય કહેવાય જ નહિ. લાજ એ ધર્મની બહેન છે. મહારાજ વાત કરતા કે 'આત્માનંદ સ્વામીનો જેટલો ત્યાગ છે તેટલી મુક્તાનંદ સ્વામીને સત્સંગની લાજ છે.' સ્વામીશ્રી આવા અલ્પ પ્રસંગોમાંથી પણ ઉપદેશનું તત્ત્વજ્ઞાન શોધી કાઢતા.

થોડા દિવસ બાદ લોધિકા દરબાર અભયસિંહજી જૂનાગઢ રસોઈ દેવા સારુ આવ્યા. જલેબી સાટાની રસોઈ કરવાની હતી. જલેબી માટે આથો નાખ્યો પણ આથો આવતાં વાર લાગી ત્યારે કંદોઈએ કહ્યું : ''થોડું દૂધ લાવો તો આથો આવી જાય.''

---

૧૨૪. દૂધ દોહતી વખતે પાછળના બંને પગે બાંધવાનું દોરડું.

ત્યારે રામચરણદાસજીએ કહ્યું : ''આ ટાણે ટાણા વિના દૂધ ક્યાંથી લાવવું ?''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''આલેસના નેસમાંથી ખીમા ટાલિયાના દીકરાએ ગાય આપી છે તે લીલુડી ગાયને દો'વો. તે પગ ઊંચો નહિ કરે અને દો'વા દેશે. તેને તેની ઝોકની લાજ છે.'' એટલે રણછોડ ભક્ત તે ગાયને દોહી આવ્યા અને બોઘરણું ભરીને દૂધ લાવ્યા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''જુઓ, આ ગાયે પણ તેના ધણીનું વચન માની ટાણું-કટાણું જોયા સિવાય દોહવા દીધું અને પોતાના ઝોકની લાજ સાચવી. તેમ આપણે પણ સત્સંગની લાજ વધારવી અને સત્સંગમાં ન શોભે તેવી ક્રિયા કોઈ દિવસ કરવી નહિ. એવી ક્રિયા કરીએ તો સત્સંગ લજવ્યો કહેવાય.''

એક દિવસ સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરી પ્રદક્ષિણા ફરતા હતા. ત્યારે પ્રદક્ષિણામાં ગોવિંદાનંદ બ્રહ્મચારી એક નાના છોકરાનો હાથ પકડી ચાલતો હતો. તેને જોઈ સ્વામીશ્રી બોલ્યા : ''જુવોને, આ પૂતળાં સત્સંગમાં ટકે એવાં છે ?'' ત્યાર બાદ થોડા દિવસ પછી સ્વામીશ્રી દેશમાં ફરવા ગયા અને આ બ્રહ્મચારીએ કાંઈક ચોરી કરી હોવાથી તેને મંદિરમાંથી કાઢી મૂક્યો. સ્વામીશ્રીને શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર સૌને વર્તાવવાની પ્રબળ ઇચ્છા રહેતી. તેથી જ આવી આજ્ઞા વિરુદ્ધ ક્રિયા તેઓ કદી ચલાવી શકતા નહિ.

✧ ✧ ✧

અન્નકૂટનો સમૈયો કરી સ્વામીશ્રી સંવત ૧૯૧૪ના કાર્તિકી પૂનમનો સમૈયો કરવા વરતાલ જવા તૈયાર થયા. સ્વામીશ્રી જ્યારે જ્યારે દેશમાં ફરવા જતા કે વરતાલ સમૈયે જતા ત્યારે સૌ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદોને પોતે મળી લેતા. તેમને પ્રેમથી ખબર પૂછી, દરેક પ્રકારે શાંતિ કરાવી, સૌને આશીર્વાદ આપતા. આ પ્રસંગે પણ ઉત્તરાદા બારના ઓરડામાં નારાયણદાસજી સાધુ માંદા હતા તેમને જોવા સ્વામીશ્રી તેમના ઓરડામાં પધાર્યા. સ્વામીશ્રીને પોતાના આસને આવેલા જોઈ તરત જ નારાયણદાસ સ્વામીશ્રીને પગે લાગ્યા. સ્વામીશ્રીએ તેને માથે હાથ મૂકી પૂછ્યું : ''કેમ છે ?''

ત્યારે તેણે કહ્યું : ''સ્વામી ! મને ધામમાં મોકલી દ્યો.''

ત્યારે સ્વામીશ્રીએ ફરી પૂછ્યું : ''નક્કી ધામમાં જાવું છે ?''

એટલે નારાયણદાસે કહ્યું : "હા, સ્વામી ! જરૂર જાવું છે." એટલું કહી નારાયણદાસ સ્વામીશ્રીના ચરણ પકડી તેમને પગે લાગ્યા. સ્વામીશ્રીએ પણ જોઈ લીધું કે નારાયણદાસ હવે નિર્વાસનિક થઈ ગયા છે તેથી તેમણે સંકલ્પ કર્યો કે 'હવે ભલે તે ધામમાં જાય.' સ્વામીશ્રી જૂનાગઢથી વરતાલ જવા નીકળ્યા ત્યાર બાદ બેત્રણ દિવસ પછી નારાયણદાસ ધામમાં ગયા. પોતાના અનન્ય આશ્રિતોને નિર્વાસનિક કરી, સંકલ્પ માત્રે તેમને ધામમાં મોકલી દેવાની સ્વામીશ્રીની અમોઘ શક્તિનો આ પ્રસંગથી ઘણાને ખ્યાલ આવ્યો.

સ્વામીશ્રી જૂનાગઢથી નીકળી સંત-પાર્ષદોની સાથે ગામ વડાળ પધાર્યા. અહીં મંદિરમાં ઊતર્યા. મંદિરમાં ગાર્ય ઊખડી ગઈ હતી તે જોઈ સ્વામીશ્રીએ ત્યાંના હરિભક્તોને કહ્યું : "આંહીં ગાર્ય કેમ કરી નથી ?"

ત્યારે હરિભક્તોએ કહ્યું : "અમને તો ગાર્ય કરતાં આવડતું નથી. એક બાઈ આંહીં ગાર્ય કરી દેતી પણ તેને આંખે હવે દેખાતું નથી અને બીજી કોઈ બાઈઓને સત્સંગ નથી."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "એ બાઈને હવે દેખાશે. માટે એને કહેવરાવજો કે ગાર્ય કરી જાય." સ્વામીશ્રીએ આ આશીર્વાદ દીધો. પછી ત્યાંથી ચાલ્યા. સ્વામીશ્રીના આશીર્વાદથી તે બાઈને આંખે સારું થઈ ગયું અને તેણે જીવતાં સુધી મંદિરની સેવા કરી.

આ તો કાચું સોનું પાકે એવી જમીન છે

વડાળથી સવારે નીકળી સ્વામીશ્રી થાણાગાલોલ પધાર્યા. અહીં ગામને પાદરે ઊભા રહી સ્વામીશ્રીએ પાર્ષદોને કહ્યું : "આ ગામમાં જસો ભક્ત રહે છે તેને બોલાવો." એટલે તે પાર્ષદો જસા ભક્તને બોલાવી લાવ્યા. જસા ભક્ત આવ્યા અને સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગ્યા. તેને બહુ દિલગીર જોઈ સ્વામીશ્રીએ તેને પૂછ્યું : "ભગત, કેમ છે ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! ગોપાળાનંદ સ્વામીએ મને કહ્યું હતું કે આ ગામ મૂકવું નહીં. કારણ રસ્તાનું ગામ છે એટલે સાધુ આવે ત્યારે જારનો લોટ અને અડદની દાળ આપવી. તે સાધુ જમે અને તને આશીર્વાદ આપે. પણ સ્વામી ! હમણાં મારો વહેવાર બહુ દૂબળો પડી ગયો છે અને

હું બહુ દુઃખી છું.''

તે સાંભળી સ્વામીશ્રીએ તેને કહ્યું : ''તમે સમૈયે આવતા નથી, ધર્માદો આપતા નથી તેથી આ દુઃખ આવ્યું છે. એમાં ગોપાળાનંદ સ્વામી શું કરે ?'' પછી ધીરે રહીને તેને સાંત્વન આપતાં કહ્યું : ''હમણાં તમારા ઘરમાં કેટલાં દાણા છે ?'' ત્યારે તેણે કહ્યું : ''સ્વામી ! ચાર માપ છે.''

પછી પૂછ્યું : ''પાણકોરું કેટલું છે ?''

ત્યારે તેણે કહ્યું : ''સ્વામી ! બે હાથ છે.''

પછી સ્વામીશ્રીએ કહ્યું : ''ચાર માપ દાણા છે તેમાંથી એક માપ લાવો અને બે હાથ પાણકોરું લાવો એટલે તેના રોટલા કરવા ગળણાં કરીશું.''

તરત જ તે ભક્ત એક માપ લોટ, અડદની દાળ અને પાણકોરું લઈ આવ્યા. એટલે સાધુએ બાટી અને દાળ બનાવ્યાં અને પાણકોરાનાં ગળણાં કર્યાં. પછી વડના ઝાડ નીચે ઠાકોરજીને રસોઈ ધરાવી સહુ જમ્યા. ત્યારબાદ સ્વામીશ્રી ઘોડીએ વિરાજ્યા અને જસા ભક્તને ખેતરે પધાર્યા. જમીન જોઈને સ્વામીશ્રી બોલ્યા : ''આ તો કાચું સોનું પાકે એવી જમીન છે. માટે આમાં અઢાર ગણ્યું દેજો અને ઠાકોરજીનો વીસમો ભાગ કાઢજો. મહારાજની આજ્ઞા અણી શુદ્ધ પાળજો.'' એટલું કહી સ્વામીશ્રીએ તેને માથે હાથ મૂક્યો. પછી વળી સૂચના આપતા હોય તેમ બોલ્યા : ''જુવો, તમે જૂનાગઢ સમૈયે આવતા નથી, ધર્માદો કાઢતા નથી તેથી આ દુઃખ આવ્યું છે, માટે હવે નિયમ લેજો.'' એટલું કહીને સ્વામીશ્રીએ તેને પાછા વાળ્યા.

હરિભક્તોના વ્યવહારની રક્ષા કરવી અને તેમને ધર્મ, નિયમ અને ઉપાસનામાં જોડવા એ સ્વામીશ્રીનો મુખ્ય ઉદ્દેશ હતો. હરિભક્તો કદાચ ઉપેક્ષા કરે પરંતુ પોતાના અકારણ દયાળુ સ્વભાવથી સ્વામીશ્રી હરિભક્તોની કદી ઉપેક્ષા કરતા નહિ.

સ્વામીશ્રી થાણાગાલોલથી ચાલ્યા અને ગામોગામ દર્શન દેતા ગામ હળિયાદ પધાર્યા. અહીંના ભક્તો આંબા પટેલ, જીવાભાઈ, ભગાભાઈ તથા ઠાકર નાગજીભાઈ વગેરેએ સ્વામીશ્રીની સેવા કરી, રસોઈ કરાવી જમાડ્યા અને ગામમાં ઘેર-ઘેર પધરામણીએ પધરાવીને ધોતિયાં ઓઢાડ્યાં. પછી સ્વામીશ્રી ઉતારે પધાર્યા. અહીં માવાભાઈ તથા મૂળજી વગેરે નવા

હરિભક્તોને વર્તમાન ધરાવી તેમને ઉપદેશની ઘણી વાતો કરી.

સ્વામીશ્રી હળિયાદથી નીકળી બગસરા પધાર્યા. અહીં સથવારા વેલા ભક્ત, કલા ભક્ત, પૂજા ભક્ત, ડોસા ભક્ત તથા અન્ય કોળી હરિભક્તોએ બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી સ્વામીશ્રી અને સંતપાર્ષદોને જમાડ્યા. પછી પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા. બજારમાં થઈને નીકળ્યા ત્યારે ભગવાનજી વ્યાસના પુત્ર જટાશંકર સામા મળ્યા. તેમણે સ્વામીશ્રીને નમસ્કાર કર્યા. ત્યારે સ્વામીશ્રીએ હસીને કહ્યું : "આ પૂર્વના સંસ્કારી છે. એણે આપણને નમસ્કાર કર્યા માટે એને સત્સંગ થાશે." એમ આશીર્વાદ આપી હામાપર પધાર્યા.

હામાપરમાં કરસન બાંભણિયાએ રસોઈ કરાવી જમાડ્યા. પછી સ્વામીશ્રી તથા સૌ સંતોનું પૂજન કરી તેમને ધોતિયાં ઓઢાડ્યાં. એમ સ્વામીશ્રીની અલૌકિક સેવાનો લાભ લઈ લીધો. સ્વામીશ્રી હામાપરથી નીકળી ગામ ચાડિયે પધાર્યા.

રામભાઈએ ચૂરમું પીરસ્યું

અહીં રામ ભંડેરીના વાડામાં કોઢ હતી તેમાં સ્વામીશ્રી ઊતર્યા. આસપાસનાં ગામોના ઘણા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. પછી સભા થઈ અને સ્વામીશ્રીએ મહારાજના મહિમાની ઘણી વાતો તેમને કરી. રામભાઈએ ચૂરમાના લાડુ દૂધમાં કરાવ્યા હતા. રસોઈ તૈયાર થઈ અને ઠાકોરજીને થાળ ધરાવ્યો. પછી સૌ સાધુની પંક્તિ થઈ. રામભાઈએ સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું : "સ્વામી ! આ ચૂરમાના લાડુ દૂધમાં બનાવ્યા છે. મેં કોઈ દિવસ મારે હાથે પીરસીને સાધુને જમાડ્યા નથી, તો આપની મરજી હોય તો આજે લાડુ પીરસું."

ત્યારે સ્વામીશ્રીએ તેમનો ભાવ જોઈ કહ્યું : "આજ તમારે હાથે પીરસો."

પછી રામભાઈ લાડુ પીરસવા આવ્યા એટલે સાધુ સૌ પત્તર લઈને ઊઠી ગયા. અને બોલ્યા : "એ ચોરણાવાળાના હાથનું પીરસેલું અમે નહિ જમીએ."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "રામભાઈ ! લાવો મારા પત્તરમાં."

એમ કહી રામભાઈ પાસેથી પત્તરમાં એક લાડુ લીધો. પછી સૌ સાધુઓને કહ્યું : "આપણે રાંધેલું અન્ન માગીને જમતા હતા. તો રામભાઈ તો ખરેખરા એકાંતિક ભક્ત છે. તેના હાથથી પીરસેલું જમીએ તેથી આપણે ન અભડાઈએ." પછી સૌ સંતો પત્તર લઈને પંક્તિમાં બેઠા અને રામભાઈએ સૌ સંતોના પત્તરમાં ચૂરમાના લાડુ પીરસ્યા. જમ્યા પછી કથા વંચાવી સ્વામીશ્રી થોડી વાર પોઢી ગયા.

ચાર વાગે રામભાઈની વાડીમાં સ્નાન કરવા પધાર્યા. અહીં બહિર્ભૂમિ જઈ આવી સ્વામીશ્રી માટી વડે હાથ ધોતા હતા અને રામભાઈ પાસે ઊભા હતા. એટલામાં સ્વામીશ્રીની દૃષ્ટિ તેમના ખેતરમાં બાજરાના છોડનું થૂમડું ઊભેલ તે ઉપર પડી. સ્વામીશ્રીએ કહ્યું : "રામભાઈ ! બાજરાનું થૂમડું ભારે થયું છે."

ત્યારે રામભાઈએ કહ્યું : "હા, મહારાજ ! સાત થરા ડૂંડાં થયાં છે."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "સાત થરાં ડૂંડાં છે તેમાં સૌથી ઉપરના ડૂંડામાં જેવા દાણા છે તેવા નીચેનામાં નહિ હોય અને જેવા નીચેનામાં હશે તેવા તેથી નીચેનામાં નહિ હોય. એમ ઉત્તરોત્તર નીચેનામાં નહિ હોય. એમ સત્સંગમાં કલ્યાણનું જાણવું." એટલી વાત કરીને પછી સ્નાન કરી વસ્ત્ર પહેર્યાં. પછી આંબા નીચે બેઠા અને સંત હરિભક્તોને દર્શન અને વાતોનું સુખ આપ્યું. આ પ્રમાણે સૌને આનંદ કરાવી ઉતારે પધાર્યા.

એટલામાં જાળીએથી જેઠા ભક્ત ઘોડી લઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી આગળ મૂકવા રૂપિયો તથા શ્રીફળ તેઓ લાવ્યા હતા. એટલે સ્વામીશ્રીની નજીક આવી દંડવત્ કરી સ્વામીશ્રી સન્મુખ બેઠા. સ્વામીશ્રી ઉભડક બેઠા હતા એટલે રૂપિયો સ્વામીશ્રી આગળ મૂકવા ગયા પણ તે સ્વામીશ્રીના ચરણ ઉપર પડ્યો. સ્વામીશ્રીએ તરત જ નીચે પાડી દીધો. પરંતુ યથાર્થ સમજણ નહિ એટલે એક સાધુ બોલી ઊઠ્યા : "સ્વામીશ્રીને ઉપવાસ પડ્યો." સ્વામીશ્રી તે સાધુની અણસમજણથી હસ્યા.

પછી જેઠા ભક્તને તેમણે પૂછ્યું : "તું શું કામ કરે છે ? સાંતી હાંકતા શીખ્યો છે ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! ઢોર ચારવા જાઉં છું."

પછી સ્વામીશ્રીએ કહ્યું : "છોકરા ઢોર ચારવા જાય. પછી નદીની

રેતીમાં પગ રાખીને કૂબો બનાવે. પછી બન્ને પગ તાણી લે અને કૂબો પડી જાય." એટલી વાત કરીને તે સાધુને કહ્યું : "એમ રૂપિયો અડે તેથી ઉપવાસ ન પડે. એ તો તે રાખે તો ઉપવાસ પડે. આગળ જતાં રાખશે અને ઉપવાસ નહિ કરે."

પછી સ્વામીશ્રીએ જેઠાને પૂછ્યું : "તારે સમૈયે આવવું છે ? અમે વરતાલ સમૈયે જઈએ છીએ."

ત્યારે તેણે કહ્યું : "સ્વામી ! મારો બાપ આવવા દેશે તો આવીશ." એમ કહીને સ્વામીશ્રીને પગે લાગીને તે ઘેર ગયો.

સ્વામીશ્રી ચાડિયેથી નીકળ્યા અને વહેલી સવારે જાળીયા પધાર્યા. સ્વામીશ્રીની સાથે વાંકિયાના વૈજનાથ વ્યાસ તથા ભોળા વ્યાસ હતા. અહીં ખળાવાડમાં અવેડા પાસે ગાડી ઊભી રખાવી. એટલામાં ગામમાં ખબર પડ્યા એટલે વિપ્ર ગોવિંદભાઈ તથા શંકરભાઈ વગેરે આવ્યા. તેમણે સ્વામીશ્રીને દંડવત્ કરીને કહ્યું : "મહારાજ ! રસોઈ તૈયાર છે તે જમવા સારુ પધારો."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "બ્રાહ્મણને ઘેર આ ટાણે શું જમાય ?"

ત્યારે તે બંને બ્રાહ્મણોએ કહ્યું : "સ્વામી ! દયાળુ ! રસોઈ તૈયાર જ છે."

સ્વામીશ્રી થોડું હસ્યા. પછી કહ્યું : "આ ટાણામાં રસોઈ ક્યાંથી તૈયાર હોય ?"

પરંતુ તે વિપ્ર ભક્તો એમ છોડે તેવા ન હતા. તેઓ તો આગ્રહ કર્યે જ ગયા. "સ્વામી ! જરૂર તૈયાર છે માટે ચાલો."

પછી સ્વામીશ્રીએ ભોળા વ્યાસને કહ્યું : "તમે આ વિપ્રને ઘેર જઈ જોઈ આવો કે રસોઈ તૈયાર છે કે નહિ."

ભોળા વ્યાસ તે વિપ્રોને ઘેર ગયા અને થોડી વારે પાછા આવીને કહ્યું : "હા, સ્વામી ! ખરી વાત છે, રસોઈ તૈયાર છે."

એટલે સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : "માંયલા ફૂટ્યા એટલે હવે જમવું પડશે." પછી ખળાવાડમાં ગાડી છોડી. જીવો કુંભાર પાણી ભરી લાવ્યો એટલે સ્વામીશ્રી બહિર્ભૂમિ જઈ આવ્યા અને ત્યાં નાહ્યા. પછી પૂજા

કરી. એટલામાં શંકરભાઈ તથા ગોવિંદભાઈ રોટલા અને કઢી લાવ્યા. ઠાકોરજીને ધરાવી સ્વામીશ્રી તથા સૌ સંતોને તેમણે પીરસ્યું. સ્વામીશ્રી જમતા જાય અને કઢી બહુ વખાણતા જાય. એમ કઢી ખૂબ જમ્યા. પોતાના ભક્તોના મનોરથ પૂરા કરી સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા.

સ્વામીશ્રી સંઘ સાથે દેવરાજિયા, વાંકિયા, પીઠવાજાળ, મોટા ગોખરવાળા વગેરે ગામોમાં થઈને નાના ગોખરવાળા પધાર્યા. અહીં વેલા પટેલને ત્યાં ઉતારો કર્યો. વેલા પટેલે રસોઈ કરાવી સૌને જમાડ્યા. પછી પધરામણીએ પધાર્યા. કાનજી પટેલે સ્વામીશ્રીની ઘેર પધરામણી કરાવી પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામીશ્રીએ તેના ખોરડા સામું જોયું અને બોલ્યા : ‘‘આ ખોરડાં સારાં કરાવતા હો તો ?’’

ત્યારે પટેલે કહ્યું : ‘‘સ્વામી ! કાઠીના બહારવટાના ત્રાસને લીધે અમારે તો સૂંડલામાં ઉચાળા જેવું છે. તેથી ખોરડાં સારાં શી રીતે કરાવીએ ? સારાં ખોરડાં કરાવીએ અને વળી ભાગવું પડે તો ?’’

સ્વામીશ્રીએ આ સાંભળ્યું. હરિભક્તોનું દુઃખ તેમનાથી ન ખમાયું. તેમણે કહ્યું : ‘‘મહારાજ દેશકાળ સારા કરશે અને તમારું કોઈ નામ નહિ લ્યે.’’

પછી નાનજીભાઈનો વાંસો ઠબકારીને કહ્યું : ‘‘સત્સંગ સારો રાખજો. તમારે કાંઈ દુઃખ નહિ આવે, માટે સુખે ભજન કરજો અને નિયમ ધર્મ બરોબર પાળજો. પ્રજા પણ થશે.’’

એ પ્રમાણે હરિભક્તનાં દુઃખનું નિવારણ કરી સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા અને ચાનગઢ પધાર્યા. અહીં વિપ્ર લવજીભાઈ તથા પટેલ મેપાભાઈ ચોડવડિયા વગેરે હરિજનોએ રસોઈ કરાવી જમાડ્યા.

ચાર વાગે મેપાભાઈએ કહ્યું : ‘‘મહારાજ ! મારે ખેતરે પગલાં કરાવવાં છે.’’ એટલે સ્વામીશ્રી તથા સંતો તૈયાર થયા, શેત્રુંજી નદીને કાંઠે તેમના ખેતરે પધાર્યા. અહીં સ્વામીશ્રીએ શેત્રુંજીમાં સ્નાન કર્યું. બીજા સંતો પણ સૌ નાહવા લાગ્યા. એટલે સ્વામીશ્રી નદીને કાંઠે ધ્યાનમાં બેઠા. સૌ સંતો નાહીને પરવાર્યા. થોડી વારે સ્વામીશ્રી પણ ધ્યાનમાંથી જાગ્રત થયા.

પછી મેપાભાઈએ સ્વામીને કહ્યું : ‘‘સ્વામી ! નદીને ઓલે કાંઠે પાણી મીઠું અને આ કાંઠે વીરડો ગાળે તોય પાણી ખારું નીકળે છે.’’

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "એમ તે કાંઈ હોય ? આ ઠેકાણે વીરડો ગાળો જોઉં." પછી ત્યાં વીરડો ગાળ્યો તો પાણી મીઠું નીકળ્યું. તે વીરડા ફરતો બે કોસો કૂવો થોડા વખત પછી કર્યો. અત્યારે પણ આ કૂવામાં પાણી મીઠું છે.

પછી સ્વામીશ્રી ત્યાંથી ચાલ્યા. રસ્તામાં ચાલતાં સ્વામીશ્રીએ હરિજનોને કહ્યું : "આ ગામ સીમાડાનું છે તે સત્સંગ સારો રાખજો અને મહારાજ વિના બીજું કાંઈ પેસવા દેશો નહિ. કારણ જીવ તો ચાળા ચૂંથે એવા છે તે ડાળે ડાળખે વળગે." એમ કહીને સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને ગામ ચરખા પધાર્યા.

સ્વામીશ્રી પધાર્યા તેથી અહીંના હરિભક્તો, વાળા કાઠી દેવદાનવાળો તથા જીવણોવાળો ખૂબ રાજી થયા. રસોઈ કરાવીને સૌને જમાડ્યા. પછી ત્યાંથી ઓળિયા પધાર્યા. ત્યાંથી સાવર થઈ ફરતાં ફરતાં સ્વામીશ્રી ગઢપુર પધાર્યા. ગઢપુર બે દિવસ રોકાઈ ત્યાંથી બોટાદ, અરણેજ, ધોળકા અને અમદાવાદ થઈને સ્વામીશ્રી વરતાલ પધાર્યા.

વરતાલમાં કાર્તિકી સમૈયો

આ જ અરસામાં મહુવાવાળા શામજીભાઈ સ્વામીશ્રી જૂનાગઢ વિરાજતા હશે એમ ધારી મહુવાથી જૂનાગઢ આવ્યા. અહીં આવ્યા એટલે તેમને ખબર પડી કે સ્વામીશ્રી તો વરતાલ સમૈયે પધાર્યા છે. તેથી તેઓ પણ જૂનાગઢ એક દિવસ રોકાઈ વરતાલ જવા નીકળ્યા.

શામજીભાઈ વરતાલ જવા રસ્તે ચાલ્યા જતા હતા ત્યાં રાત પડી ગઈ અને રસ્તો ભૂલ્યા. રસ્તો જ ન દેખાય અને પાણીની તરસ પણ બહુ લાગી. પરંતુ ક્યાંઈ પાણી દીઠું નહિ. ખૂબ થાક લાગ્યો હોવાથી તે તો રસ્તામાં જ બેસી ગયા. આજુબાજુ કોઈ ગામ દેખાય નહિ. વળી, નિર્જન અને વેરાન રસ્તો, રાત્રિનું અંધારું, શામજીભાઈ તો મૂંઝાયા. આંખો મીંચીને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરવા માંડ્યા અને સ્વામીશ્રીને સંભારવા લાગ્યા. થોડી વારે આંખો ઉઘાડી જોયું તો પોતાની પાસે જ પાણીનો વીરડો દીઠો. પાણી સ્વચ્છ અને મીઠું હતું. વીરડો ઉલેચી પોતે ગાળીને પાણી પીધું એટલે કાંઈક સ્વસ્થતા આવી. એટલામાં તો

વીરડાની બાજુમાં તેમણે ગાડાના ચીલા દીઠા. એટલે એકદમ ઊભા થયા અને ચીલે ચીલે ચાલવા લાગ્યા. ત્યાં થોડી વારે ગામ આવ્યું. ગામમાં કોઈ હરિભક્તને ત્યાં રાતવાસો રહ્યા. બીજે દિવસે સવારે ત્યાંથી વરતાલ જવા નીકળ્યા. થોડા દિવસે તેઓ વરતાલ પહોંચી ગયા. અહીં સભામંડપમાં જ સ્વામીશ્રીનાં દર્શન થયાં એટલે એકદમ સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. તેમને જોઈ સ્વામીશ્રીએ હસતાં હસતાં તેમને પૂછ્યું : "શામજીભાઈ ! તમે તો જૂનાગઢ ગયા હતા ને ? અહીં શી રીતે આવ્યા ? રસ્તામાં કાંઈ તકલીફ તો નહોતી પડીને ?"

સ્વામીશ્રીના આ પ્રશ્નો સાંભળી શામજીભાઈની આંખોમાંથી હર્ષાશ્રુ ટપકવા લાગ્યાં. તેમણે સ્વામીશ્રીના ચરણ પકડી સભામાં કહ્યું : "સ્વામી ! માબાપ ! આપે જ મારી રક્ષા કરી છે, નહિ તો જીવતો વરતાલ પહોંચી શકત નહીં." આ પ્રમાણે કહીને રસ્તામાં બનેલી તમામ વાત વિસ્તારથી તેમણે કહી. સભાજનોને પણ લાગ્યું કે ગમે તેવું સંકટ આવે પણ જો શુદ્ધભાવે ભક્ત મહારાજનું કે મહારાજના મોટા સંતનું ભજન કરે તો મહારાજ જરૂર રક્ષા કરે છે. શામજીભાઈને માથે બે હાથ મૂકી સ્વામીશ્રીએ તેમને સદાનું અભયદાન આપ્યું.

સંવત ૧૯૧૪ના કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો વરતાલમાં ભરપટે ભરાયો હતો. સ્વામીશ્રીએ આ સમૈયામાં શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની તેમજ એકાંતિક ધર્મની અને વિષય ખંડનની ઘણી વાતો કરી. સભામાં સ્વામીશ્રીની વાતો સાંભળી સૌને જગત વિસરાઈ ગયું. ગુણાતીતની ગુણાતીત વાતુ માયાને ભેદી સીધી જીવમાં પેસી ગઈ. સૌને એક દિવ્ય અનુભવ થયો કે જાણે સાક્ષાત્ શ્રીજીમહારાજ આ સભામાં પ્રગટ છે !

બીજે દિવસે સાંજે સ્વામીશ્રી કૂવે નાહવા પધાર્યા. તે કૂવામાં એક વાંદરાનું બચ્ચું પડી ગયું હતું તેથી તે કૂવાના કાંઠા ઉપર ઘણા વાંદરા ભેગા થયા હતા અને કિકિયારી કરતા હતા. અંદર પડેલું બચ્ચું પણ એક પથ્થરની કોર ઉપર બેસી ઉપર આવવા કિકિયારી કરતું હતું, તેવામાં એક મોટો વાંદરો કૂવામાં પડ્યો એટલે અંદર પડેલું બચ્ચું તેને બાઝી પડ્યું. તરત જ તે વાંદરો તરાપ મારીને બહાર આવી ગયો. એટલે જે વાંદરા ત્યાં ભેગા

થયા હતા તે બધા વિખરાઈ ગયા. પછી સ્વામીશ્રી તથા તેમની સાથેના સંતો સૌ નાહ્યા. નાહીને સ્વામીશ્રી ત્યાં ઝાડ નીચે થોડી વાર બેઠા એટલે સૌ સંતો આજુબાજુ બેસી ગયા. સ્વામીશ્રીએ તે પ્રસંગે વાત કરી : "આ સંસારરૂપી ઊંડા કૂવામાં જીવમાત્ર પડ્યા છે. તેમાં કોઈ પોતાના બળ વડે બહાર નીકળી શકતા નથી. પરંતુ જો કોઈ મોટાપુરુષ આ લોકમાં પધાર્યા હોય અને તેમને યથાર્થ ઓળખી જો તેમને વળગી પડે અર્થાત્ તેમનું શરણું લે તો આ સંસારરૂપી ઊંડા કૂવામાંથી જીવ બહાર નીકળે."

આ પ્રમાણે આવા અલ્પ પ્રસંગમાંથી પણ તત્ત્વદર્શન બતાવનાર અક્ષરબ્રહ્મ સ્વામીશ્રીની અતિ સૂક્ષ્મ બુદ્ધિની સૌ પ્રશંસા કરવા લાગ્યા. સ્વામીશ્રી ત્યાંથી મંદિરે પધાર્યા.

આ સમૈયે વસોના અમીન વાઘજીભાઈના પિતાશ્રી તુલસીભાઈ આવ્યા હતા. સ્વામીશ્રીની અદ્‌ભુત પ્રતિભા અને વાતો સાંભળી, તેમજ પોતાના પુત્ર વાઘજીભાઈના અંતરમાં અખંડ શાંતિનો અનુભવ તેમણે જોયો હોવાથી, તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આપ જ્યારે અહીં સમૈયે પધારો છો, ત્યારે અનંતના ત્રિવિધ તાપ ટાળી શાંતિ કરી દ્યો છો. પણ આવા સમૈયામાં આપની સેવા અને સમાગમનો લાભ અમને મળતો નથી. તો આપ જો વસો પધારો તો અમને પણ લાભ મળે."

તુલસીભાઈની આ પ્રાર્થના સાંભળી તેમજ તેમનો ભાવ જોઈ સ્વામીશ્રીએ વસો આવવાનું સ્વીકાર્યું.

સ્વામીશ્રી વસોમાં

સમૈયા પછી કાર્તિક વદિ બીજના દિવસે વહેલી સવારે સ્વામીશ્રી તથા તેમના મંડળના સંતો તથા વરતાલના સંતો અને હરિભક્તો વસો જવા નીકળ્યા. બપોરે વસો પહોંચ્યા.

તુલસીભાઈને સ્વામીશ્રી પધાર્યા એટલે બહુ જ આનંદ થયો. સ્વામીશ્રીને તથા સંત મંડળને સારો ઉતારો આપી પોતે પ્રાર્થના કરી : "સ્વામી ! માબાપ ! આપ અહીં બેના ચાર દિવસ રહો, ચારના આઠ દિવસ રહો પણ મારા દીકરા વાઘજી જેવું ટાઢું મને કરી દ્યો."

સ્વામીશ્રી તેમની આ પ્રાર્થના સાંભળી મંદ મંદ હસવા લાગ્યા.

સ્વામીશ્રીએ તો તરત જ સભા કરી સંતોને કીર્તનો બોલવાની આજ્ઞા કરી. તુલસીભાઈ પોતાને ઘેરથી સીધાસામગ્રીની એક એક વસ્તુ જાતે લઈ આવવા લાગ્યા.

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''આમ, અકેકી વસ્તુ લાવો છો અને આટલા ફેરા થાય છે તે કરતાં બધી વસ્તુ સામટી ભેગી કરીને લાવો તો શું ખોટું !''

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી ! એમ કરું તો લવાય ખરું પણ તેમાં અહીં આપનાં દર્શને વારંવાર અવાય અને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે તે લાભ થાય.''

સ્વામીશ્રી તેમની આ ભાવનાથી રાજી થયા. પરંતુ વિચાર્યું કે ''અજ્ઞાન દશામાં અશ્વમેધ યજ્ઞના ફળની અપેક્ષા રહે. પરંતુ જ્ઞાન થાય તો બ્રહ્મરૂપ થઈ મહારાજની સેવામાં રહેવાનો સંકલ્પ થાય.'' પછી સ્વામીશ્રીએ સભામાં કહ્યું : ''જુઓ, આ મોટા અમીન છે પણ સાધુની સેવા જાતે કરે છે. બીજા પાસે વસ્તુ ઉપડાવી લાવે તો તેનો રસોઈમાં ભાગ ગણાય. કેવો મહિમા છે ?''

તુલસીભાઈ થોડી વાર સભામાં બેસે અને સ્વામીશ્રી વાતો કરે ત્યાં ફરી કાંઈક સાંભરે એટલે વસ્તુ લાવવા ઊઠે. વળી, પાછા આવીને સભામાં બેસે અને સ્વામીશ્રીને હાથ જોડી પ્રાર્થના કરે : ''સ્વામી ! મારા વાઘજી જેવું ટાઢું મને કરી દ્યો !'' આમ બોલે અને વળી સભામાંથી ઊઠે એમ વારંવાર આવ-જા કર્યા કરે.

તમારું હૈયું ધગી ગયું છે

એક દિવસ સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તુલસીભાઈ ! તમને કેટલાં વરસ થયાં ?''

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી ! બોંતેર થયાં હશે.''

એટલે સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : ''જુઓ, તુલસીભાઈ ! આ બોંતેર વરસના ચૈત્ર-વૈશાખ માસના તાપથી તમારું હૈયું એટલું બધું ધગી ગયું છે કે એક બે વાતોથી તે શાંત ન થાય. જેમ લાખ મણ લોઢાની લોઢી ધગી હોય પછી તેના ઉપર પાણીના એક બે ઘડા ઢોળીએ તો તે ટાઢી થાય ?''

તુલસીભાઈએ કહ્યું : "ના, સ્વામી ! એમ તો ટાઢી ન થાય."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "એ તો ગંગાના ધરામાં એ લોઢીને રાખીએ અને હવેલી જેટલી છોળ્યું ઊડે ત્યારે માંડ બે મહિને એ લોઢી ટાઢી થાય. વળી, આ તમારા દેશનો દડ (ધૂળ) વૈશાખના તાપે તપ્યો હોય અને તેમાં બે છાંટા વરસાદના પડે તો ઊલટો ધગી ઊઠે અને ઉકળાટ કરે. તેમ તમે ઘડી બે ઘડી બેસો તેથી ટાઢું ન થાય."

એટલું કહીને સ્વામીશ્રીએ કહ્યું : "જુઓ, આ તમારો વાઘજી તો અમારી વાંસે ફરે છે અને વહેવારની ઉથડક રાખતો નથી તો તેને ટાઢું છે. તેમ તમે બે મહિના મારી સાથે ફરશો અને મારી વાતો સાંભળશો ત્યારે આ જગતનો ફેર ઊતરશે અને બીજા બે મહિના વાતો સાંભળશો ત્યારે મારી વાતોનો ફેર ચઢશે." આમ, સ્વામીશ્રીએ ઘણી વાતો કરી.

પછી તુલસીભાઈએ કહ્યું : "તમે કહો છો તે ખરું છે. વાઘજી જેવું તો ન થવાય. એ તો બધું મૂકીને આપની પાસે દોડ્યો આવે છે."

સ્વામીશ્રી તે સાંભળી હસ્યા અને બોલ્યા : "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને."

સ્વામીશ્રી સત્સંગ કરાવવા માટે ગમે તેટલી કડવી વાત હોય તો પણ કહી દેતા. પોતે એમ માનતા કે સાચા મુમુક્ષુને સાચું કહ્યા સિવાય સત્સંગનો રંગ ચઢતો નથી. સ્વામીશ્રી લગભગ આઠ દિવસ વસો રોકાયા. પછી ત્યાંથી નીકળી ધોલેરા, કમિયાળા વગેરે ગામો ફરીને જૂનાગઢ પધાર્યા.

હરજીવન વ્યાસની રક્ષા

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા એટલે ગામોગામના હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને જૂનાગઢ આવવા લાગ્યા. મેવાસાથી હરજીવન વ્યાસ પણ આવ્યા. તેમની સ્થિતિ બહુ દુર્બળ હતી. ઘરમાં દાણા થઈ રહ્યા હતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મોંઘારત બહુ થતી જાય છે અને ઘરમાં ખાવા જેટલાય દાણા નથી તો શું કરવું ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "ગાડું ઊલળી ગયું અને હવે શું પૂછવા આવો છો ?"

હરજીવન વ્યાસ સ્વામીશ્રીના કહેવાનો મર્મ સમજી ગયા. તેમણે

કહ્યું : "સ્વામી ! દાણા તો ઘણા છે પણ ભાવ બહુ ચડી ગયા છે. મને શું ખબર કે આમ થશે ?"

સ્વામીશ્રીએ કહ્યું : "ઠીક." એટલું કહીને પછી કહ્યું : "હરજીવન ! ગીરમાં લીલિયું ગામ છે ત્યાં કાગળ મોકલવો છે તે જાશો ?"

ત્યારે તેણે કહ્યું : "હા, સ્વામી ! જઈશ." પછી તે કાગળ લઈને ગીરમાં લીલિયા ગામે ગયા અને કાગળ આપી પાછા આવ્યા.

પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : "તારા ગામથી ઉગમણે જે ગામ છે ત્યાં દાણા લેવા જજે. તને ત્યાં જાર ઘણી સસ્તી મળશે."

હરજીવન વિપ્ર સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે મેવાસા ગયા. પછી ત્યાંથી ઉગમણી દિશામાં ચાલ્યા ત્યાં વીરપુર ગામ આવ્યું. ત્યાં એક હરિભક્તને ત્યાં રાત રહ્યા. અહીંના દરબારે જારના કોઠારો વેચવા હુકમ કર્યો હતો. પરંતુ અંગ્રેજ સરકારે હુકમ કર્યો કે "દરેક રાજાએ પોતાની રૈયતને જ દાણા વેચવા." તેથી આ જારના કોઠારમાંથી પરગામની રૈયત દાણા લેવા આવી નહિ. આથી કળશીના રૂપિયા ૨૫/-ના સસ્તા ભાવે રાજાએ જાર વેચવા હુકમ કર્યો. હરજીવન વ્યાસે પણ બે કળશી જાર લઈ લીધી. સ્વામીશ્રીના વચન અનુસાર તેને દાણા સસ્તા ભાવે મળી ગયા. બીજે જ દિવસે અંગ્રેજ સરકારનો હુકમ આવ્યો કે પરહદની રૈયતને પણ દાણા આપવા. એટલે જારનો ભાવ એક કળશીના રૂપિયા ૬૦/- થઈ ગયો. હરજીવન વ્યાસ બીજે દિવસે મેવાસા જવા નીકળ્યા ત્યાં તેણે આ વાત સાંભળી. તેને થયું, "અહો ! સ્વામીશ્રીએ મારા માટે જ આ કાર્ય કર્યું !" ભગવાન કે મોટાપુરુષની અનન્ય શરણાગતિ સ્વીકારી હોય તો તેઓ સદા રક્ષા કરે જ !

ઓલ્યા બજારના કાંટા બહુ ભૂંડા !

સ્વામીશ્રી એક દિવસ મંદિરની વાડીએ પધાર્યા. ત્યાં ચોખ્ખી જગ્યા જોઈ સભા કરવાનું નક્કી કર્યું એટલે હરજીવને સ્વામીશ્રીને ત્યાં ગાદી પાથરી દીધી. સ્વામીશ્રી તે ઉપર વિરાજ્યા.

આ વખતે વસોના વાઘજીભાઈ તથા સારંગપુરના જેઠા ખાચર, લોધિકાના અભયસિંહ દરબાર વગેરે મંદિરે દર્શન કરવા ગયા હતા. ત્યાં તેમને ખબર પડ્યા કે સ્વામીશ્રી વાડીએ પધાર્યા છે એટલે તેઓ સીધા

વાડીએ આવ્યા. ખેતરમાં બોરડીનાં ઝાળાં વાઢી લીધાં હતાં તેના કાંટા ખર્યા હતા. વળી, ઢેફાં પણ હતાં. આવી જગ્યામાં આ હરિભક્તો સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા એટલે સ્વામીશ્રીને ગઢડાવાળા રૂગનાથચરણ પુરાણીએ કહ્યું : "સ્વામી ! આ દરબાર દંડવત્ કરે છે તો ના કહો. કાંટા વાગશે."

ત્યારે સ્વામીશ્રીએ હસીને કહ્યું : "પુરાણી ! આ કાંટા કદાચ વાગશે તો તે સોય અથવા નેરણીએ કરીને કાઢી નાખશું. વળી, કાંટો જો વધારે ઊંડો ગયો હશે, તો કેરીનું અથાણું બાંધીને પકવીને પણ કાઢી નાખશું. પણ ઓલ્યા બજારના કાંટા બહુ ભૂંડા ! એ જો વાગે તો એને કાઢવાનો કાંઈ ઉપાય જ નથી." એટલું કહીને પછી સ્વામીશ્રીએ તે હરિભક્તોને કહ્યું : "હવે દંડવત્ રાખો."

એટલે સૌ સ્વામીશ્રી પાસે આવી, પગે લાગીને બેઠા.

પછી સ્વામીશ્રીના સેવક હરજીવને પૂછ્યું : "સ્વામી ! તમે કહ્યું કે બજારના કાંટા બહુ ભૂંડા. પણ બજાર તો નિત્ય વાળીને સાફ કરે છે અને પાણી છાંટે છે. ત્યાં કાંટા ક્યાંથી હોય ?"

તે સાંભળી સ્વામીશ્રી આ ભોળા ભક્તની ભોળપ ઉપર મંદ મંદ હસવા લાગ્યા. પછી બોલ્યા : "તને એ બજારના કાંટાની ખબર ન પડે. એ બજારમાં તો રૂપનો કાંટો આંખમાં, ગાનતાનનો કાંટો કાનમાં, પાપી જીવના સ્પર્શનો કાંટો ત્વચામાં, પાપી જીવના ગંધનો કાંટો નાસિકામાં, સ્વાદનો કાંટો જીભમાં, સંકલ્પ-વિકલ્પના કાંટા મનમાં, નાના પ્રકારનાં ટીખળ પેસી ગયાં હોય તેના ચિંતવનના કાંટા ચિત્તમાં, તે ટીખળના પદાર્થોના નિશ્ચયરૂપ કાંટા બુદ્ધિમાં એમ અનેક પ્રકારના કાંટા છે. તે કાઢ્યા નીસરે નહિ અને એમ ને એમ ખટક્યા કરે. એમાં પણ જો બહુ ઝેરી કાંટા હોય, તો માણસ મરી પણ જાય. માટે એ કાંટા જાળવવા. જગતમાં તો મોટા મોટાને પણ એ કાંટાની ખબર હોતી નથી. તે ઘાયલ થઈને મરી જાય છે. આ તો સ્વામિનારાયણે નવો ઉઠાવ કર્યો છે અને નિયમ તથા આ સાધુ ઠેઠ અક્ષરધામમાંથી લાવ્યા છે. નીકર આવું વર્તવાનું ક્યાંથી હોય ? બીજે તો ઠેઠ પ્રકૃતિપુરુષ સુધી સળગી ઊઠ્યું છે. માટે ગમે ત્યાં જાઓ પણ પ્રત્યક્ષ મહારાજ અને પ્રત્યક્ષ આ સાધુ તે વિના ક્યાંય શાંતિ નથી." એમ

કહીને બોલ્યા :

"સુરપુર નરપુર નાગપુર, યે તીનમેં સુખ નાહીં;
કાં સુખ હરિ કે ચરનમેં, કાં સંતનકે માંહીં.

માટે માયાના ત્રણ ગુણનો જે સર્ગ તેમાં ક્યાંય સ્વાદ લીધા જેવું નથી. ઠેઠ પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસાં જ ભર્યાં છે. એ બધું કાળરૂપી ખૂંટિયાનું ખાજ છે. એમાં કાંઈ ભગવાનના ભક્તને ઉપયોગનું નથી. અખંડ અને અવિનાશી સુખ તો મહારાજે આ સાધુને જ આપ્યું છે અને શાંતિ પણ આ સાધુના સમાગમમાં જ રહી છે. માટે પુરુષોત્તમ ભગવાન જે શ્રીજીમહારાજ અને તેમના ધામરૂપ આ સાધુ, એમની નિરંતર સ્મૃતિ રાખવી. ઇન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓને નિયમમાં રાખવી અને ખરેખરા જે ભગવદી હોય તેને ઓળખીને તેનો નિરંતર જોગ રાખવો. આટલું જો કરશો તો આ લોકના-બજારના કાંટા વાગશે નહિ અને નિર્વિઘ્ને પાર પડાશે."

આ પ્રમાણે સ્વામીશ્રીએ એક નાનકડા પ્રસંગ ઉપરથી સાંખ્યદર્શનની અદ્‌ભુત વાતો કરી. હરિભક્તોને પણ સમજાયું કે શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર ઇન્દ્રિયો-અંતઃકરણના આહાર શુદ્ધ કરવા. નહિ તો ભગવાનથી છેટું પડી જાશે અને ભૂત કે બ્રહ્મરાક્ષસનો દેહ મળશે.[૧૨૫] ત્યારબાદ સ્વામીશ્રી સંધ્યા આરતીનો સમય થયો એટલે મંદિરે પધાર્યા.

બાપુ ! અહીં બેઠા લોધિકાનું કામ નહિ થાય

માગશર સુદ બારસના સવારે પારણાં કરી સ્વામીશ્રી પોતાના આસને પધાર્યા. સ્વામી બાલમુકુન્દદાસજીએ સ્વામીશ્રીને શેકેલ બુંદદાણાનો મુખવાસ આપ્યો હતો તે સ્વામીશ્રી જમતા હતા. સભામંડપમાં લોધિકા દરબાર અભયસિંહજી ધ્યાન કરતા બેઠા હતા. સ્વામીશ્રી સળી વતી દાંત ખોતરતા હતા. પછી પાણી પીને મુખારવિંદ લૂછી દરબાર સામું જોઈને બોલ્યા : "બાપુ ! અહીં બેઠા કાંઈ લોધિકાનું કામ નહિ થાય. લોધિકા તો આંહીંથી પચ્ચીસ ગાઉ છેટું છે, ત્યાંનું કામ તો ત્યાં જશો ત્યારે થશે. માટે અહીં બેઠા એવું તે શું છે કે મહારાજને મૂકીને બીજું સંભારો છો ?"

તે સાંભળી દરબાર એકદમ ધ્યાનમાંથી ઊભા થઈ ગયા. બે હાથ

---

૧૨૫. ગ. પ્ર. ૧૮.

જોડી સ્વામીશ્રીને તેમણે કહ્યું : ''હા, સ્વામી ! મને હમણાં જ લોધિકાના કામ સંબંધી સંકલ્પો થતા હતા તે આપે બહુ કૃપા કરી મારી ભૂલ દેખાડી.'' એટલે સ્વામીશ્રી હસ્યા.

ત્યારે જેઠા ખાચરે કહ્યું : ''દરબાર ! તમારા અંતરની વાત સ્વામીશ્રીએ કહી દીધી.''

એટલે દરબારે કહ્યું : ''અરે, મારા અંતરની જાણે એમાં શું ? પણ સ્વામીશ્રી તો અનંત કોટી બ્રહ્માંડના જીવકોટી, ઈશ્વરકોટી, અવતારકોટી, પ્રધાનપુરુષકોટી અને મૂળપુરુષ એ સર્વેને હસ્તામલકવત્ દેખે છે ને સહુને જાણે છે. આ પુરુષ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણને રહેવાનું જે ધામ-અક્ષરબ્રહ્મ-તે સ્વયં છે.''

દરબારની આ વાત સાંભળી સ્વામીશ્રી મંદ મંદ હસવા લાગ્યા. પછી કથા વાંચનારને કહ્યું : ''વાંચો.'' ત્યારે તેણે મહારાજનાં ચિહ્ન તથા સ્વાભાવિક ચેષ્ટાનું વર્ણન વાંચ્યું. પછી 'વચનામૃત' વંચાવી સ્વામીશ્રીએ ઘણી વાતો કરી સૌને દિવ્ય આનંદનું સુખ આપ્યું.

સાંજે સ્વામીશ્રી સંત-હરિભક્તોને લઈને શ્રીજીમહારાજના પ્રસાદીના નારાયણધરે નાહવા પધાર્યા. સ્વામીશ્રી તથા સૌ સંતો અને હરિભક્તોએ કીર્તન ગાતાં ગાતાં સ્નાન કર્યું. પછી એક આંબલી નીચે સભા કરી. અહીં સાકર તથા શ્રીફળની પ્રસાદી કરી સભામાં સૌને વહેંચી.

સભામાં વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : ''આ નારાયણ હ્રદ છે તેનો મહિમા આપણે સમજવો જોઈએ. અનેક તીર્થો કરતાં આ સર્વોપરી તીર્થ છે. શ્રીજીમહારાજ માણકીને આ આમલીએ બાંધીને આ નારાયણ હ્રદમાં ઘણી વાર નાહ્યા છે. માટે આ તીર્થનું માહાત્મ્ય ખૂબ જ છે. આ ગિરનારની તળેટીમાં અનેક તીર્થો છે. પરંતુ આ તીર્થ સર્વશ્રેષ્ઠ છે. ગિરનાર ઉપર પણ ઘણાં તીર્થો છે. વળી, આ દામો કુંડ પણ તીર્થ ગણાય છે. લોકો ત્યાં શ્રાદ્ધ સરાવે છે, પણ આ નારાયણ તીર્થની તોલે કોઈ ન આવે. જો અહીં કોઈ જોગ સાધે, કોઈ તપસી તપ કરે તો તે તરત સિદ્ધ થાય છે. બધાંય તીર્થો ત્રાજવાના એક પલ્લામાં મૂકો અને આ હ્રદ બીજા પલ્લામાં મૂકો તો પણ બીજું પલ્લું ઉપાડ્યું પણ ઊપડે નહિ. માટે પ્રગટ પ્રભુને પામવું હોય, અક્ષરધામ જો'તું હોય તેમને આ તીર્થમાં સ્નાન કરવું. બીજે લાખ રૂપિયા

વાપરે પણ તેનું ફળ માપમાં મળે જ્યારે અહીં સ્નાન કરવાનું કે અહીં દાન દીધાનું અક્ષય ફળ છે.''

આ પ્રમાણે નારાયણ હૃદનો અપાર મહિમા સ્વામીશ્રીએ કહ્યો.

''હવે તેને લાકડાં કાપવાં નહિ પડે'' - બાઉદીનને આશીર્વાદ

શિયાળાની સાંજ નમતી હતી અને ટાઢ પણ જોર કરતી હતી. સ્વામીશ્રીના શરીરમાં પણ ટાઢના ચમકારાની અસર દેખાવા લાગી. એટલામાં સ્વામીશ્રીની નજર સામે વિસામો ખાતા કઠિયારા ઉપર પડી. તેમણે મનમાં સંકલ્પ કર્યો કે આ કઠિયારાનું દારિદ્રય કાપવું. કરુણાનિકેતન સ્વામીશ્રીના અંતરમાં જ એવી કરુણા હતી કે જેના ઉપર તેમની દૃષ્ટિ પડતી તેનું આ લોક ને પરલોકનું સુધરી જ જતું. આ કઠિયારા તરફ દૃષ્ટિ કરીને સ્વામીશ્રીએ મનજી ઠક્કરને કહ્યું : ''તમે પેલા બે કઠિયારા પાસે જાઓ અને જો ઇંધણાં આપે તો થોડાં લઈ આવો એટલે તાપણી કરી તાપીએ.''

એટલે મનજી ઠક્કરે ત્યાં જઈને તે કઠિયારાને કહ્યું : ''અમારા સાધુ બહુ વૃદ્ધ છે અને ટાઢ ચડી છે તો થોડાં ઇંધણાં આપશો ?''

ત્યારે તે કઠિયારાએ તેની મા સામું જોયું. માએ તરત જ કહ્યું : ''બેટા, ઓલિયા જૈસા ફકીર હૈ તો ભારી આપી દે. આપણને દુવા દેશે.''

એમ કહ્યું એટલે દીકરાએ તેનો ભારો આખો આપી દીધો.

પછી ડોશીએ કહ્યું : ''બેટા ! મારા ભારામાંથી પણ બે ઇંધણાં નાખ. એટલે મારું સારું થાય.'' આ પ્રમાણે લાકડાંની ભારી લઈને મનજી ઠક્કર સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીએ પૂછ્યું : ''કાંઈ લીધું ?''

ત્યારે તેમણે કહ્યું : ''ના, સ્વામી ! કાંઈ લીધું નથી પણ દુવાની આશાએ મફત ભારી આપી છે. ડોશીએ પણ એની ભારીમાંથી બે ઇંધણાં નખાવ્યાં.''

સ્વામીશ્રી આ સાંભળી બહુ જ રાજી થયા અને બોલ્યા : ''હવે તેને લાકડાં કાપવાં નહિ પડે.''

પછી મનજી ઠક્કરે લાકડાં સળગાવી તાપણી કરી. થોડી વારે તાપીને સ્વામીશ્રી ઊઠ્યા અને સૌ સંતો-હરિભક્તો સાથે મંદિરે પધાર્યા.

કઠિયારો બાઉદીન તથા તેની મા શહેરમાં ભારો વેચી ઘેર ગયાં. તે જ

રાત્રે બાઉદ્દીન તેની બહેનને લઈને બજારમાં નીકળ્યો. ત્યાં નવાબ સાહેબની સવારી નીકળી. નવાબે બાઉદ્દીનની બહેનને જોઈ. તેનું રૂપ તથા જુવાની જોઈ તેની સાથે નિકાહ પઢવાની તેને ઇચ્છા થઈ. બાઉદ્દીનને તથા તેની બહેનને દરબારમાં બોલાવ્યાં અને પોતે વાત કરી. બીજે દિવસે પોતાની માની સંમતિ લઈ બાઉદ્દીને તેની બહેનને નવાબ સાથે પરણાવી. ત્યાર પછી બાઉદ્દીન ધીરે-ધીરે ખાનગી કારભારી થઈ ગયા અને છેવટે દીવાન પણ બની ગયા. સ્વામીશ્રીના આશીર્વાદથી જ પોતાની આ સ્થિતિ થઈ છે તેનું અખંડ જાણપણું રાખી પ્રસંગે પ્રસંગે મંદિરમાં પોતે રસોઈઓ મોકલાવે, સંતોને ધોતિયાં ઓઢાડે. આમ, સેવા કરી સ્વામીશ્રીને પોતાના ઇષ્ટ માની તેમની મરજી અનુસાર જ પોતે છેવટ સુધી જીવન જીવ્યા. મોટાપુરુષની દૃષ્ટિ પડે તો રાંક હોય તે રાજા થઈ જાય છે !

બગસરાના સાત-આઠ હરિભક્તો જૂનાગઢ મંદિરમાં સેવા કરવા આવ્યા હતા. આ વખતે સ્વામીશ્રી સાંખડાવદરના બીડમાં ઘાસ કપાવવા પધાર્યા હતા. એટલે એ ભક્તો પણ સાંખડાવદર સેવા કરવા ગયા. આ ભક્તોએ કાંટાના જાળામાંથી પણ ખડ વાઢીને તેના સારા પૂળા બાંધ્યા. તેથી સ્વામીશ્રી તેમના ઉપર પ્રસન્ન થઈ ગયા. તૃણોત્સવ પૂરો થયો ત્યારે તે ભક્તોએ ઘેર જવા માટે સ્વામીશ્રીની આજ્ઞા માગી. ત્યારે સ્વામીશ્રીએ પોતે પીરસીને તેમને સારી રીતે જમાડ્યા અને સાથે પ્રસાદી પણ બાંધી દીધી. પછી તેમાંના એક ભક્ત બેચરભાઈને માથે હાથ મૂકીને સ્વામીશ્રીએ કહ્યું : "જો અક્ષરધામમાં હું મોટેરો છું અને મારું કર્યું થાય છે. વળી, જે અક્ષરધામ કહેવાય છે તે પણ હું જ છું, એમ તું જાણજે. અંતકાળે તને હું તેડવા આવીશ. કાંઈ ફિકર રાખીશ મા."

તે સાંભળી બેચરભાઈએ ભોળાભાવે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! હું સંતાન માટે પ્રભાસ પાટણ જઈ આવ્યો પણ કાંઈ ઇચ્છા પૂરી થઈ નહિ."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : "દીકરા દેવા કે વરસાદ વરસાવવા તે કાંઈ અમારું કામ છે ? અમારું કામ તો જીવનો આત્યંતિક મોક્ષ કરવો અને તેને મહારાજની મૂર્તિમાં જોડવો તે છે. પણ તારી પ્રબળ ઇચ્છા છે તો મહારાજ તે પૂરી કરશે. પણ તે ભક્ત થશે." આ પ્રમાણે સ્વામીશ્રીએ અત્યંત રાજી થઈને બેચરભાઈને આશીર્વાદ દીધો. ત્યાર બાદ

તે ભક્તો બગસરા ગયા.[૧૨૬]

✧ ✧ ✧

૧૨૬. લગભગ એક વરસ પછી સ્વામીશ્રી બગસરા ગયા ત્યારે સથવારા હરિભક્તોનાં ઘર ઉપર નળિયાં ન હતાં. ઘાસનાં છાપરાં હતાં અને દરેક ઘર વચ્ચે વંડીને બદલે હાથિયા થોરની વાડ હતી. તેમાં ઝાંપલીઓ કરી હતી તે ઉઘાડીને સૌ આવ-જા કરતા. સ્વામીશ્રી બેચરભાઈને ઘેર પધરામણીએ પધાર્યા. ઘરમાં આવીને સ્વામીશ્રી આસન ઉપર વિરાજમાન થયા અને સંતો 'હવે મારા વ્હાલાને નહિ રે વિસારું રે.' એ કીર્તન બોલવા લાગ્યા. બેચર ભક્તે સ્વામીશ્રીની પૂજા કરી અને ધોતિયાં ઓઢાડ્યાં. પછી પોતાના દીકરાને લાવીને સ્વામીશ્રીને પગે લગાડ્યો અને કહ્યું : ''સ્વામી ! અમે સાંખડાવદર ગઈ સાલ આવ્યા હતા અને તમે આશીર્વાદ આપ્યા હતા તે આ દીકરો !''

ત્યારે સ્વામીશ્રીએ તેના કપાળમાં કંકુનો ચાંદલો કરી તેને માથે હાથ મૂક્યો અને બોલ્યા : ''ભગત ! આ તો ત્યાગી થશે.''

સ્વામીશ્રીનાં આ વચન અનુસાર આગળ ઉપર તે ત્યાગી થયા અને તેમનું નામ શામજી ભક્ત પાડ્યું; સ્વામીશ્રી ઊઠતાં ઊઠતાં બોલ્યા : ''તમે સર્વ સથવારા હરિભક્તોને નળિયાંવાળાં ઘર થાશે અને તમો સૌ વહેવારે સુખી થાશો. જગતમાં પણ દેશકાળ સારા આવશે. પણ તમો સૌ ભજન કરજો અને સત્સંગ રાખજો.''

ત્યારબાદ કેટલાંક વર્ષે બેચર ભક્ત માંદા થયા ત્યારે 'ગુણાતીત, ગુણાતીત.' એમ ભજન કરવા લાગ્યા. ત્યારે તેના દીકરા શામજીએ કહ્યું : ''ડોસા ! સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કહો.''

ત્યારે બેચરભાઈએ કહ્યું : ''ભાઈ ! મેં સ્વામિનારાયણને ભાળ્યા નથી. મને તો ગુણાતીત મળ્યા છે, તે મને તો તેમણે કહ્યું છે કે 'અંતકાળે હું તને તેડવા આવીશ, તું કાંઈ ફિકર કરીશ મા', એટલે મને તો ગુણાતીત જરૂર તેડવા આવશે. માટે હું ગુણાતીત, ગુણાતીત કહીશ.''

તે અરસામાં તે ગામમાં સ્વામી બાલમુકુન્દદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી નારાયણચરણદાસજી વગેરે સંતો આવ્યા હતા. શામજી ભક્તે પોતાને ઘેર તેમની પધરામણી કરી. સંતોની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં.

સ્વામી બાલમુકુન્દદાસજીને શામજી ભક્તે કહ્યું : ''સ્વામી ! હવે મારા ડોસાને ધામમાં મોકલી દિયો. એ તો 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' નથી કહેતા પણ 'ગુણાતીત, ગુણાતીત' એમ ભજન કરે છે.''

ત્યારે સ્વામી નારાયણચરણદાસે કહ્યું : ''ડોસા ઠીક ભજન કરે છે. સવળું છે અવળું નથી. માટે મૂંઝાઈશ મા.''

પછી સ્વામી બાલમુકુન્દદાસજીએ ડોસાને પૂછ્યું : ''ડોસા ! કયા ધામમાં જાવું છે ?''

વંકા આગળ વાંકડા

મંદિર ઉપર જાગવાના સાધુઓના વારા હતા. તે વારા પ્રમાણે એક સાધુને જાગવાનો વારો હતો. સ્વામીશ્રીએ તેને બોલાવીને કહ્યું : "સાધુરામ ! આજે તમારે મંદિર ઉપર જાગવાનો વારો છે. માટે ખબડદાર રહેજ્યો."

ત્યારે તે સાધુએ કહ્યું : "સ્વામી ! મારાથી ઉજાગરો થાય નહિ."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "ભલે, બીજાને ગોઠવીશું."

પછી બીજા સાધુને ગોઠવી દીધા. જે સાધુએ જાગવાની ના કહી હતી તેને સમીસાંજે વીંછી કરડ્યો. તેથી આખી રાત જાગ્યો અને વીંછીના ડંખની વેદનાથી રાડ્યું નાખી. આમ, મોટાપુરુષના વચને દેહને કારસો ન આપ્યો. એવી અવળાઈ બતાવી ત્યારે મોટાપુરુષે પણ પોતાની આજ્ઞાની અવજ્ઞા કરવાનું ફળ બતાવ્યું. કહ્યું છે કે :

'વંકા આગળ વાંકડા, તરવંકા આગળ ચોવંક;
શીળા આગળ પાધરા, અને રંક આગળ રંક.'

એમ ભગવાન કે મોટાપુરુષ જીવની અવળાઈ કાઢવા અને તેને પોતાના પ્રાગટ્યનું રહસ્ય સમજાવવા વાંકા થાય અને જીવ જો આ મર્મ સમજી જાય તો મોટાપુરુષ આગળ તે રાંક બની જાય.

સ્વામીશ્રીની પ્રકૃતિ અત્યંત દયાળુ હતી. પરંતુ તે દયા જીવ ઉપર હતી. દેહ ઉપર ન હતી. જીવને બ્રહ્મરૂપ થવામાં દેહ આડો આવતો હોય તો સ્વામીશ્રી દેહને દંડ દેતા. સ્વામીશ્રીએ એક દિવસ બે પાળાઓને બોલાવીને કહ્યું : "વાડીમાં હળ હાંકવું છે તે તમે જાશો ?"

ત્યારે ડોસાએ હાથ જોડી કહ્યું : "સ્વામી ! હું ધામબામમાં કાંઈ સમજું નહિ. મારે તો જ્યાં ગુણાતીત હોય ત્યાં જાવું છે."

તે સાંભળી નારાયણચરણદાસે કહ્યું : "જુઓ, ડોસો તો થડે બાઝ્યો છે."

સ્વામી બાલમુકુન્દદાસજીએ પ્રસાદીની સાકરનો ગાંગડો લઈ તે ડોસાના મોંમાં મૂક્યો અને કહ્યું : "હવે જાઓ, મહારાજ અને સ્વામીને અમારા જય સ્વામિનારાયણ કહેજો." એ પ્રમાણે કહીને સૌ સંતો મંદિરે પધાર્યા. થોડી વારે તે ડોસો પ્રસાદીની સાકર ખાઈને ધામમાં ગયા.

આમ, ગુણાતીતના સંબંધથી અનેક મુમુક્ષુઓ શુદ્ધ ગુણાતીત સ્થિતિ પામ્યા છે.

સર્વોપરી પુરુષોત્તમનારાયણનું ધામ અક્ષરબ્રહ્મ આજ સાધુ સ્વરૂપે મંદિરની સેવા કરાવવા ઓશિયાળા થઈને આમ પૂછે ત્યારે અવળા આચરણના જીવ દેહાભિમાનના યોગે દોંગાઈ કરી આવા મોટાની આજ્ઞાની ઉપેક્ષા કરે. તે બેમાંથી એક પાળાએ તો શરમે શરમે હા કહી. જ્યારે બીજાએ ગોઠણે પાટો બાંધી કહ્યું : "મારે પગે વા આવ્યો છે તે મારાથી નહિ જવાય."

આ સાંભળી સ્વામીશ્રી હસ્યા અને બોલ્યા :

"તનકી જાણે, મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી;
ઈનકે આગે ક્યા છિપાઈએ, જિનકે હાથ મેં દોરી."

એટલું બોલીને કહ્યું : "જુઓ તો ખરા. જીવ કેવા ખૂટલ હોય છે. પણ કાંઈ ભગવાનનું કામ ઓછું પડ્યું રહે છે ?"

પછી બીજા બે પાળાને આજ્ઞા કરી તેથી તેઓ બંને હળ હાંકવા ગયા. થોડા દિવસ બાદ પેલા બે પાળાએ સાધુની દીક્ષા લીધી. જેણે કપટ કર્યું હતું તે સાધુને ત્રણ માસ સુધી પેટબેસણું રહ્યું અને હેરાન થયા. કપટનો દંડ તેને ભોગવવો પડ્યો.

દેહાભિમાનને યોગે જીવની આવી અવળચંડાઈ કે સ્વભાવની જડતા, કપટના ફળને મૂર્તિમાન જોવા છતાં જતી નથી. તેમાં શુદ્ધ મુમુક્ષુ હોય તે પણ કોઈ વખત ઝપાટામાં આવી જાય છે અને પછી મોટાપુરુષની આજ્ઞાની અવજ્ઞા કરવાનું ફળ ભોગવે છે. સ્વામીશ્રી મંદિરની ખેતી ઉપર ખૂબ જ ધ્યાન આપતા. તેથી અવારનવાર ખેતીની સેવામાં પાળાઓને મોકલતા.

એક દિવસ ગામ બહાર મંદિરની વાડીમાં કળપું હાંકવું હતું. સ્વામીશ્રીએ એક પાળાને તે હાંકવા જવા કહ્યું. ત્યારે તેના ગુરુએ તેને કહ્યું : "તું જાશ મા, નીકર નળ ચડી જાશે." આમ, અવળાં વચન કહી ગુરુએ પોતાના શિષ્યને સેવામાં જવા ન દીધા. પરંતુ સ્વામીશ્રીની આજ્ઞાની અવજ્ઞા કરવાના અપરાધથી તે પાળો થોડા દિવસ બાદ સંસારની વાસના ઉદય થવાથી ઘેર ગયો. ઘેર ગયા પછી પણ તેને તે જ કામ કરવું પડ્યું. આથી તે પશ્ચાત્તાપના તાપમાં કહેતો કે 'અરેરે, ગુરુ આડા પડ્યા અને સ્વામીનાં વચન માનવા ન દીધાં તો આજે મારે હવે હળ હાંકવાનો વારો

આવ્યો.' આમ, ગુરુએ ચેલાને સાચવવા માટે તેનું જ ભૂંડું કર્યું !

આવો જ એક બીજો પ્રસંગ બની ગયો. પોષ મહિનાની કડકડતી ઠંડી હતી. જૂનાગઢના મંદિરના દરવાજા પાસે એક પાણીની કૂંડી છે. તેમાં પાણી ભરી રાખતા. જેમાંથી ઢોર પાણી પીતાં અને કોઈક વખત આગના અકસ્માતમાં પણ તે પાણીનો ઉપયોગ કરી શકાય એવી ગણતરી પણ હતી. આ કૂંડીમાં પાણી રોજ તાજું ભરાય તે માટે રોજ સવારે તે કૂંડીનું પાણી કાઢી નાખતા. એક દિવસ સ્વામીશ્રીએ એક પાળાને કહ્યું : "દરવાજા પાસેની કૂંડીનું પાણી કાઢી નાખવાનું છે, તે તમે સેવા કરજો."

પરંતુ તે પાળો તેના ગુરુની આજ્ઞા લેવા ગયો. ત્યારે ગુરુએ કહ્યું : "સ્વામી તો કહે, પણ તું કૂંડી ફોડીશ તો ટાઢને લીધે તારા હાથ ફાટી જશે ને હેરાન થાઈશ. સ્વામી ઘરડા છે તેથી તે ભલે કૂંડી ફોડે." આમ, પાળાને સેવા કરવા જતાં અળસાવ્યો. ગુરુને મનમાં એમ કે પોતાના ચેલાને કારસો ન આપે તો પોતાની પાસે રહે અને સેવા કરે. પરંતુ સ્વામીશ્રીની આજ્ઞા પાળવાથી શિષ્યમાં કેટલું દૈવત આવશે તેનું જાણપણું ગુરુને ન રહ્યું અને ચેલાનું કલ્યાણ બગાડ્યું !

થોડા દિવસ બાદ અમદાવાદના પાળા જૂનાગઢ આવ્યા હતા તેના ભેળો તે પાળો પણ અમદાવાદ ચાલ્યો ગયો. પછી ત્યાંથી વરતાલ જઈ સાધુ થઈને રહ્યો. આમ, ચેલો ખોયો અને ચેલાનું કલ્યાણ પણ ખોયું ! પોતાનું મંડળ વધારવા સારુ અહંમમત્વે કરીને જે શિષ્યો કરે છે, અને શિષ્યો પણ માનપાન કે પદાર્થની લાલચે એવા કુગુરુના મંડળમાં ભળે છે તેમાં તો ઉભયભ્રષ્ટ થાય છે. પરંતુ સાચા ગુરુનાં ગુરુત્વાકર્ષણ આથી ઓછાં થતાં નથી. પોતાનું અભિમાન પોષવા, શિષ્યોના ભોળપણનો લાભ લઈ આવા ગુરુઓ પોતાનું મંડળ વધારતા જ જાય છે. આમ, ગાડરિયો પ્રવાહ ચાલુ જ રહે છે.

✧ ✧ ✧

અમારા હૈયાની આંટીયું સ્વામીએ કાઢી નાખી છે

સંવત ૧૯૧૪ના ચૈત્રી પૂનમનો સમૈયો કરવા સ્વામીશ્રી વરતાલ જવા નીકળ્યા. તેમની સાથે કુંકાવાવના નારણ ભગત તેમજ ઉપલેટાના

હરિભક્તો, જાળિયાના અરજણ બાબરિયો વગેરે હતા. ચાલતાં ચાલતાં ગામ વાગડ આવ્યું. ત્યારે પાંચ-સાત સાધુ સાથે નારણ ભગત પણ આગળ ચાલી ગામમાં ગયા. ગામના મંદિરમાં ભાઈ આત્માનંદ સ્વામી વિરાજતા હતા. તેમને સૌએ દંડવત્ કર્યા. નારણ ભગતને જોઈ આત્માનંદ સ્વામીએ ટીખળ કરતાં પૂછ્યું : "અનીડો, આ કયા દેશનો સત્સંગી ?"

ત્યારે તેણે કહ્યું : "સ્વામી ! અમે કાઠિયાવાડમાં સોરઠ દેશના સત્સંગી છીએ."

ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું : "આ આંટી દઈને પાઘડી બાંધી છે અને માથે છોગું મેલ્યું છે તે સોરઠ સાચું. સોરઠ તો ગુણાતીતાનંદ સ્વામીનો દેશ કહેવાય. તે દેશના હરિભક્તોનાં હૈયામાં તો આંટી હોય નહિ."

ત્યારે નારણ ભગતે હાથ જોડી કહ્યું : "સ્વામી ! અમારા હૈયાની આંટીયું બધી સ્વામીએ કાઢી નાખી છે. આ તો અમારા દેશનો પહેરવેશ છે."

આત્માનંદ સ્વામી આ નિર્દોષ ભક્તની વાણી સાંભળી અત્યંત રાજી થયા. સોરઠ દેશના હરિભક્તો ઉપર સ્વામીશ્રીનો કેટલો પ્રભાવ હતો તે આત્માનંદ સ્વામીનાં આ મર્મવચનોથી સમજાય છે. સ્વામીશ્રીની વાતુ જેણે સાંભળી હોય તેમના હૈયામાંથી જગતની કોરનો લોચો નીકળી જ જતો. સ્વામીશ્રીનો એવો અદ્ભુત પ્રતાપ હતો. સૌ સદ્‌ગુરુઓ સ્વામીશ્રીનો આ પ્રભાવ જાણતા હતા. સત્સંગી થવા છતાં પણ જેમના હૈયામાં રજોગુણના ભાવ રહ્યા હોય તેણે સાચા સાધુ સેવ્યા જ નથી.

આ સાધુ ધક્કા મારીને ધામમાં લઈ જશે

આ પ્રમાણે ખારાપાટમાં ફરતાં ફરતાં હરિભક્તોને આનંદ આપતાં આપતાં સ્વામીશ્રી ગઢપુર થઈને કારિયાણી પધાર્યા. અહીં નથુ પટેલના આગ્રહથી એક દિવસ રોકાયા. વાતોના પ્રસંગમાં સ્વામીશ્રીએ સભામાં વાત કરતાં કહ્યું : "આ સાધુ તો ધક્કા મારીને પણ ધામમાં લઈ જાય એવા છે ને બીજા મશરૂના ગાદલામાં સુવાડી મૂકે તો પણ તે નરકમાં નાખે."

ત્યારે નથુ પટેલે પૂછ્યું : "સ્વામી ! ધક્કા તે શું ?"

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "આ લોકના તાલમેલ તોડી નાખે એ

ધક્કા !" એ પ્રમાણે ત્યાં ખૂબ વાતો કરી. પછી નથુ પટેલને સાથે લઈને સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા અને નાવડા થઈને ધોલેરા પધાર્યા.

સાંખ્યદર્શન

સ્વામીશ્રીએ ધોલેરામાં શ્રીજીમહારાજ, ગોપાળાનંદ સ્વામી અને પોતાની આ જગત અને જગતના પંચવિષય તરફ કેવી દૃષ્ટિ હતી તે સમજાવતાં કહ્યું : "શ્રીજીમહારાજ કહેતા કે જેમ વડોદરામાં માંડવીની બજારમાં લોકો બંને બાજુ ઝાડે ફરવા બેસે તે વિષ્ટા વચ્ચેથી પસાર થતાં કેટલો કંટાળો ઊપજે ? ઊલટી થાય તેવા ઊબકા આવે. એમ તે સંભારીને જગતને ખોટું કરવું."

પછી ગોપાળાનંદ સ્વામી સાંખ્યની કેવી વાત કરતા અને જગત પ્રત્યે તેમની કેવી દૃષ્ટિ હતી તે વાત સ્વામીશ્રીએ કરી : "જે આકાર દેખાય તેની વિષ્ટા, પાચ, પરુ, પેશાબ વગેરેનાં કૂંડાં ભરી આખા શરીરે ચોપડીને તેના સબડકા લેવા કે જેથી ઊલટી થઈ જાય અને જગતના રમણીય આકાર પ્રત્યે પણ અત્યંત અભાવ થઈ જાય."

મોટાપુરુષોની જગત પ્રત્યે કેવી દૃષ્ટિ હોય છે તે સાંભળી સભાજનો સ્તબ્ધ બની ગયા. તેમાંના કંઈકને તો ઊબકા આવવા લાગ્યા. પછી સ્વામીશ્રીએ પોતાના સાંખ્યની વાત કરતાં કહ્યું કે "આકાર દેખાય તેના કટકા કરી નાખવા. જેથી ફરી તેનો સંકલ્પ જ ન થાય."

આ પ્રમાણે સ્વામીશ્રીએ સાંખ્ય નિરૂપણ કર્યું. તે સાંભળી સભામાં પોણોસો હરિભક્તોને ઊલટી થઈ ગઈ. જગતના પંચવિષય પ્રત્યેનો તેમનો વિકાર તરત જ ટળી ગયો !

ધોલેરાના હરિભક્તોએ સ્વામીશ્રીને અનેક પ્રકારની મેવા, મીઠાઈ વગેરે ભેટો આપી. ત્યાંથી આગળ ચાલતાં ભેટો તો આવતી જ ગઈ અને એક આખું ગાડું ભેટોથી ભરાઈ ગયું ! ધોલેરાથી થોડે દૂર મોતીતળાવ આવે છે ત્યાં સ્વામીશ્રી રોકાયા. એટલામાં ઠક્કર રણછોડભાઈ જે પાછળ રહી ગયા હતા તેઓ એકદમ દોડતાં દોડતાં આવ્યા. સ્વામીશ્રી પાસે આવી દંડવત્ કરી સાકરનો પડો સ્વામીશ્રીને ભેટ મૂક્યો. સ્વામીશ્રીએ તે સાકર ઠાકોરજીને ધરાવી અને પછી તેમાંથી થોડા ગાંગડા રણછોડભાઈને આપ્યા.

તેમાંથી એક ગાંગડો નીચે પડી ગયો. એટલે સ્વામીશ્રીએ રણછોડભાઈને કહ્યું : "રણછોડ ! આ સાકરનો ગાંગડો નીચે પડ્યો છે તે સામું જો, શું દેખાય છે ?"

રણછોડભાઈએ તે સાકરના ગાંગડા તરફ જોયું. ત્યાં તો જેમ ચક્ર ફરતું હોય તેમ દેખાયું. એટલે તેણે સ્વામીશ્રીને કહ્યું : "આમાં તો જાણે ચક્ર ફરતું હોય તેમ દેખાય છે."

તે સાંભળી સ્વામીશ્રી ગંભીર મુખમુદ્રા કરી બોલ્યા : "રણછોડ ! એ તારા ઉપર કાળચક્ર ફરે છે. માટે હમણાં તું આંહીં જ રોકાજે, હમણાં જ વરસાદ બહુ પડશે !"

એમ કહી ત્યાં ફકીરના ઓરડા છે ત્યાં સહુ ગયા. એટલામાં તો મુશળધાર વરસાદ પડવા માંડ્યો. આમ, સ્વામીશ્રીએ જે આગળ ભાખ્યું હતું તે થયું. રણછોડ ભક્તે[૧૨૭] પણ સ્વામીશ્રીની આજ્ઞા પાળી તો તેના ઉપર ફરતું કાળચક્ર ઊડી ગયું !

આ લોકો અંતરથી ઊજળા છે

પછી સ્વામીશ્રી સંઘ સાથે સાબરમતી ઊતરી સીંજીવાડે પધાર્યા. અહીં

૧૨૭. કેટલાંક વર્ષ બાદ રણછોડ ઠક્કરનો પુત્ર રામજી ઠક્કર અમરેલી રહેવા ગયા હતા. ત્યાં મંદિરમાં રોજ દર્શન કરવા તે જતા. એક દિવસ તે દર્શન કરવા ગયા ત્યારે મંદિરમાં સૌ હરિભક્તો સભા કરી 'સ્વામીની વાતુ' વાંચતા હતા. તેમાં વાત આવી કે 'ભગવાન એવા દયાળુ છે કે ચકલી સારુ પણ બ્રહ્માંડ બોળી નાખે.' એ વાત વાંચી ત્યારે રામજી ઠક્કરે કહ્યું : "આવાં ગપ્પાં શું વાંચો છો ? ચકલી એ ભગવાનનો જીવ અને બીજા જીવ નહિ ? આખું બ્રહ્માંડ બોળે તેમાં કેટલા જીવ મરે ? માટે એવાં ગપ્પાં વાંચશો નહિ." એમ કહી સભામાંથી ઊઠી ગયા.

તે જ રાત્રે શ્રીજીમહારાજે તેને સ્વપ્નમાં દર્શન દઈ ઠપકો આપતાં કહ્યું : "સ્વામીની વાતુમાં કેમ તું શંકા કરે છે ? સ્વામીની વાતોમાં તું શું સમજે ? ભગવાનની ક્રિયાને જીવ શું જાણે ? માટે હવેથી શંકા કરીશ નહિ."

ત્યારે રામજીએ હાથ જોડી કહ્યું : "મહારાજ ! હવે શંકા નહિ કરું. પરંતુ મહારાજ ! આ સત્સંગમાં ક્લેશ છે તે ક્યારે મટશે ?"

ત્યારે મહારાજે કહ્યું : "અમારાથી કાંઈ અજાણ્યું નથી. ફળપ્રદાતા તો અમે છીએ. જે સત્સંગનું બગાડશે તેના જીવનું બગડશે પણ સત્સંગનું નહિ બગડે, પણ તું હવે નામ-ધર્માદો આપતો જજે." એટલું કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

પ્રભુદાસ બારોટ તથા ગામના બીજા હરિભક્તોને વાતો કરી આનંદ કરાવ્યો. સીંજીવાડાથી નીકળી સ્વામીશ્રી નાર પધાર્યા. અહીં શંભુદાસ, ધોરીભાઈ તથા લાલાજી વગેરેએ બહુ સેવા કરી. કાર્તિકના સમૈયે સ્વામીશ્રી સાથે પ્રાગજી ભક્ત પણ હતા. તેઓ હરિભક્તોને સ્વામીશ્રીના મહિમાની અથાગ વાતો કરતા. પ્રાગજી ભગતની આ વાતોથી બનેસિંહ બારોટ વગેરેને નિષ્ઠા થઈ હતી. નારથી નીકળી સ્વામીશ્રી સોજીત્રા પધાર્યા અને ત્યાં બપોરા કર્યા. સ્વામીશ્રી પધાર્યા તે સમાચાર મળ્યા એટલે તરત જ જેઠાભાઈ, ઝવેરભાઈ, તુલસીભાઈ, પ્રાગજીભાઈ, ઉમેદભાઈ વગેરે હરિભક્તો દર્શન કરવા આવ્યા. સ્વામીશ્રીએ તેમને વાતો કરી રાજી કર્યા. ઉપલેટાના અરજણભાઈ તથા લાલાભાઈ પણ સ્વામીશ્રી ભેગા હતા. તેમનો જાડો પહેરવેશ અને જાડી બોલી જોઈ, સોજીત્રાના હરિભક્તો હસવા લાગ્યા. તે જોઈ સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે બધા ઉપરથી ઊજળા છો અને આ લોકો અંતરથી ઊજળા છે. આ લાલાભાઈના ઘરમાં તેની પંદર વર્ષની દીકરી છે પણ તેની નાકની દાંડી પણ તેમણે જોઈ નથી. તો બીજી સ્ત્રી સામું તો જુએ જ શાના ?" તે સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા !

સ્વામીશ્રી બીજે દિવસે સોજીત્રાથી નીકળી મહેળાવ પધાર્યા. અહીં દક્ષિણાદિ ભાગોળે તળાવ ઉપર વડ છે ત્યાં ઊતર્યા. એટલામાં વરતાલથી સંત-હરિભક્તોનો સંઘ તેડવા માટે સામો આવ્યો. તેઓને સ્વામીશ્રીએ આખી રાત વાતો કરી અને આનંદ કરાવ્યો. મહેળાવના હરિભક્તો ખુશાલભાઈ, અજુભાઈ, ધોરીભાઈ, મથુરભાઈ, હાથીભાઈ, દલા શેઠ, વેણીભાઈ તથા પીતાંબર શેઠ વગેરેએ સ્વામીશ્રી તથા સમગ્ર સંઘની ખૂબ જ સેવા કરી. રાત્રે કથાવાર્તાનો પણ આનંદ લીધો.

ચૈત્ર સુદ આઠમની સવારે સ્વામીશ્રી, સંતો તથા હરિભક્તો સાથે વરતાલ જવા નીકળ્યા. કૃષ્ણપ્રસાદજી મહારાજ, નારાયણપ્રસાદજી મહારાજ, પ્રભુદાસજી મહારાજ વગેરે ધર્મકુળ તથા વિજ્ઞાનાનંદ સ્વામી, ઉપેન્દ્રાનંદ સ્વામી, ગોવર્ધનભાઈ કોઠારી વગેરે મહેળાવની ઉગમણી ભાગોળે ભૂત પીપળીના રસ્તે સામા આવ્યા. સૌ સામસામા મળ્યા. મહિમાવાળા સંત-હરિભક્તો સ્વામીશ્રીને દંડવત્ કરીને મળ્યા. આ પ્રમાણે સંઘ વરતાલ પહોંચ્યો.

વિધાત્રાનંદ સ્વામીની વાતુ સાંભળીને ઘેર જજો

સ્વામીશ્રી વરતાલ પધાર્યા. આ સમૈયામાં કથા પ્રસંગે સ્વામીશ્રીએ મહારાજના મહિમાની બહુ જ વાતો કરી. અક્ષરના સ્વરૂપની નિષ્ઠાની પણ ઘણી વાતો થઈ. સ્વામીશ્રીની વાતોથી હરિકૃષ્ણ ભટ્ટ, જીભાઈ શેલત તથા જગુભાઈ વગેરેને સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે તે નિષ્ઠા થઈ ગઈ! વરતાલમાં સમૈયા પછી સ્વામીશ્રી ત્રણચાર દિવસ રોકાવાના હતા. તેથી તેઓશ્રીની સાથે આવેલા ઉપલેટા તથા જાળિયાના હરિભક્તો અરજણ બાબરિયો વગેરે સ્વામીશ્રી પાસે આવ્યા અને દંડવત્ કરી ઘરે જવાની રજા માગી. સ્વામીશ્રીએ હસીને તેમને રજા આપી અને કહ્યું : "ગઢપુર ગોપીનાથજીનાં દર્શન કરતા જજો, ઉન્મત્ત ગંગામાં સ્નાન કરજો અને વિધાત્રાનંદ સ્વામીની વાતુ સાંભળીને પછી ઘરે જજો." સ્વામીશ્રીની આ આજ્ઞા માથે ચઢાવી આ હરિભક્તો વરતાલથી નીકળ્યા.

તેઓ સૌ ગઢપુર પહોંચ્યા. ત્યાં ઉન્મત્ત ગંગામાં સ્નાન કરીને ગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યાં. પછી લક્ષ્મી બાગમાં વિધાત્રાનંદ સ્વામીનાં દર્શને ગયા. સ્વામીને દંડવત્ કરી પગે લાગીને સૌ પાસે બેઠા. એટલે વિધાત્રાનંદ સ્વામીએ પૂછ્યું : "ક્યાં રહેવું ?"

ત્યારે તે હરિભક્તોએ કહ્યું : "સ્વામી ! અમે જૂનાગઢ પાસે ઉપલેટા તથા જાળિયાના છીએ. વરતાલ સમૈયો કરવા ગયા હતા અને ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા હતી કે આપની વાતો સાંભળી પછી ઘેર જવું તેથી આપની વાતો સાંભળવા આવ્યા છીએ, માટે કાંઈક વાતો કરો."

વિધાત્રાનંદ સ્વામી તેમની વાત સાંભળી બહુ જ રાજી થયા. ગુણાતીતના દેશના છે એટલે ગુણાતીતના પંજામાં આવી ગયા હશે. પછી પૂછ્યું : "તમારા ગામમાં મંદિર છે ?"

ત્યારે તેમણે કહ્યું : "હા, સ્વામી ! મંદિર છે."

એટલે ફરી સ્વામીએ પૂછ્યું : "ત્યાં તમે આરતી પછી પ્રથમ 'જે' કોની બોલો છો ?"

એટલે તે હરિભક્તોએ કહ્યું : "સ્વામી ! પ્રથમ આપણા ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીની 'જે' બોલીએ છીએ. પછી બીજા દેવની 'જે' બોલીએ

છીએ.''

તે સાંભળી વિધાત્રાનંદ સ્વામી મંદ મંદ હસ્યા. પછી બોલ્યા : ''ત્યારે તો તમે ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યો ખરા. માટે હવે લ્યો વાત કરું.'' એમ કહીને તેમણે વાત શરૂ કરી.

''એક ગૃહસ્થના દીકરાને પરણાવવા સારુ ગાડાં જોડીને બીજે ગામ જાન લઈને ચાલ્યા. પરંતુ બધાએ ગાડાં બહુ દોડાવ્યાં. તેથી વરનું ગાડું પાછળ રહી ગયું તેની કોઈને ખબર રહી નહિ. વરે પણ જાણ્યું કે જાનૈયાને વહેલા પહોંચવાની હોંશ છે માટે ભલે જાય. આપણે ધીરે ધીરે જાશું. જાનૈયાનાં ગાડાં પહોંચી ગયાં. ત્યાં પાદરમાં વેવાઈ સામૈયું કરવા રાહ જોઈને ઊભા હતા. સાકરનાં પાણી તથા ઉતારા વગેરે તૈયાર રાખ્યાં હતાં. બધાં ગાડાં આવ્યાં પરંતુ વરને ન જોયા એટલે વેવાઈએ પૂછ્યું : ''વર ક્યાં ?''

ત્યારે સૌએ કહ્યું : ''ગાડું પાછળ આવે છે. માટે અમને ઉતારા આપો તથા પાણી પાઓ.''

એટલે વેવાઈ કોચવાઈ ગયા. તેમણે કહ્યું : ''ત્યારે તો હવે આંહીં નિરાંતે બેસો. વર આવશે એટલે બધું થાશે. માટે રાહ જુવો.''

જાનૈયા સૌ પસ્તાયા. પણ હવે શું કરે ?

વરરાજાએ પણ નક્કી કરી રાખ્યું હતું, ''હવે તો ધીરે ધીરે જવું. ભલે બધા રાહ જુએ.''

થોડી વાર થઈ એટલે જાનૈયાએ ફરી કરગરતાં કહ્યું : ''બીજું તો ઠીક, પણ અમને પાણી તો પાઓ.''

ત્યારે વેવાઈએ ફરી કહ્યું : ''એ તો બધું વરની પાછળ છે. વર આવ્યા વિના કાંઈ ન મળે.'' છેવટે ઘોડા દોડાવ્યા અને વરરાજાને વીનવીને લાવ્યા. ત્યારે સૌને સાકરનાં પાણી મળ્યાં અને ઉતારો મળ્યો. આ તો દૃષ્ટાંત છે અને તેનો સિદ્ધાંત એ છે કે આપણે વરને ઠેકાણે શ્રીજીમહારાજ છે અને બીજા અવતારો, દેવો વગેરે જાનૈયા છે. માટે જો વરને મૂકીને જાનૈયા ભેગા જાશું તો ધામ અને ધામના ધણી મળશે નહિ.'' વિધાત્રાનંદ સ્વામીની આ વાત સાંભળી સૌ હરિભક્તો બહુ જ રાજી થયા. સ્વામીશ્રીએ તેમને વિધાત્રાનંદ સ્વામીની વાતુ સાંભળીને પછી ઘેર જવાનું કહ્યું હતું તે આજ્ઞાનું રહસ્ય તેમને

સમજાઈ ગયું ! વિધાત્રાનંદ સ્વામીને પગે લાગી તેમના આશીર્વાદ લઈ તેઓ ત્યાંથી નીકળ્યા અને થોડે દિવસે ઘેર પહોંચ્યા.

સ્વામીશ્રી વરતાલથી નીકળ્યા અને મહેળાવ પધાર્યા. અહીં કાનજી કૂવે ચરામાં સ્વામીશ્રી ઊતર્યા હતા. તેઓશ્રી સાથે ગઢડાના પણ સાધુઓ હતા. મહેળાવ એક રાત રહી સ્વામીશ્રી સીંજીવાડે પહોંચ્યા. અહીં પ્રભુદાસ બારોટ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેને હસતાં હસતાં કહ્યું : ''જેને મરીને પામવા હતા તે સાક્ષાત્ તારે ત્યાં આવ્યા છે, જો ઓળખાય તો.'' એમ, મર્મમાં વાત કરીને સ્વામીશ્રીએ અક્ષર અને પુરુષોત્તમના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરવાની ઘણી વાતો કરી. સીંજીવાડાથી સ્વામીશ્રી ચાલ્યા.

સ્વામીશ્રી ત્યાંથી નીકળી અને વસો પધાર્યા. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પણ સ્વામીશ્રી સાથે વસો પધાર્યા. આચાર્ય મહારાજ સાથે તથા સ્વામીશ્રી સાથે બીજા સંત-પાર્ષદો ઘણા હતા. તેઓ સૌ ગામ બહાર ખેતરમાં તંબૂ ઊભા કરીને તેમાં ઊતર્યા હતા.

સ્વામીશ્રી અહીં સાંજે ચાર વાગે નાહવા જતા હતા. તે વખતે સાધુ કૃષ્ણચરણદાસજીએ કહ્યું : ''સ્વામી ! અહીં પાણીનું બહુ દુ:ખ છે અને વરસાદ થતો નથી.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''વરસાદ તો હમણાં થશે ને પાલ હેઠે પાણી ફરી વળશે. માટે પાલની ફરતી પાળ્યું કરી દ્યો.'' એમ કહી સ્વામીશ્રી નાહવા પધાર્યા.

ગ્રીષ્મનો પ્રચંડ તાપ તપતો હતો. વરસાદની એક વાદળી પણ આકાશમાં દેખાતી ન હતી. પરંતુ કૃષ્ણચરણદાસને સ્વામીશ્રીનો વિશ્વાસ હતો. એટલે તેમણે તરત જ તંબૂની કનાત (કપડાની ભીંત) ખેંચીને આજુબાજુ ધૂળની પાળ કરી દીધી. તે જોઈ તેના ગુરુએ તેમને કહ્યું : ''આ પાળ શું કરવા કરી ? આજ ક્યાં વરસાદ છે ?''

ત્યારે કૃષ્ણચરણદાસે કહ્યું : ''ગુણાતીતાનંદ સ્વામી હમણાં બોલી ગયા છે કે વરસાદ થશે.''

ત્યારે ગુરુએ કહ્યું : ''શું સ્વામી કાંઈ ભગવાન થયા છે ? આકાશમાં તો ક્યાંય વરસાદનું વાદળું દેખાતું નથી અને વરસાદ ક્યાંથી થશે ?'' આ

પ્રમાણે ગુરુએ તો વરાળ કાઢી પણ શિષ્યને સ્વામીશ્રીનો વિશ્વાસ હતો એટલે તેણે તો પાળ કરવાનું કામ ચાલુ જ રાખ્યું.

થોડી વાર થઈ ત્યાં એક નાની વાદળી આકાશમાં દેખાણી, ધીમે ધીમે આકાશ ઘનઘોર વાદળાંથી છવાઈ ગયું અને વરસાદ પડવા લાગ્યો. વરસાદ ખૂબ વરસ્યો અને રઘુવીરજી મહારાજના પાલ નીચે પાણી ભરાઈ ગયાં. એટલે મહારાજનો પલંગ સ્વામીશ્રીના પાલમાં લઈ આવ્યા. પછી અહીં સભા થઈ. સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનિષ્ઠાની અદ્‌ભુત વાતો કરી. આમ, સ્વામીશ્રીએ સહજમાં ઐશ્વર્ય બતાવ્યું. જે સદ્‌ભાવવાળા હતા તેમને સ્વામીશ્રીનો મહિમા સમજાતો. અસદ્‌ભાવવાળા તો આવા પ્રસંગો બનતા ત્યારે સ્વામીશ્રી ચમત્કારો બતાવે છે એવું સમજતા. પરંતુ મહારાજ તેમને વશ વર્તે છે અને તેમના દ્વારા પોતાના કર્તાપણાની પ્રતીતિ સૌને કરાવે છે એવો ભાવ તેમને કદી ન થતો.

આ અક્ષરધામ તારી સામે બેઠું છે

સ્વામીશ્રી ફરતાં ફરતાં ધોલેરા પધાર્યા. અહીં કમિયાળાના મોડભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમણે સભામાં સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : "સ્વામી ! અક્ષરધામ કેવું હશે ?"

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "આ અક્ષરધામ તારી સામે બેઠું છે." એમ કહી પોતાના અક્ષરસ્વરૂપની ઘણી વાતો કરી. ધોલેરાના મંદિરના કોઠારી બેચર ભગતને સ્વામીશ્રીના અક્ષરસ્વરૂપનાં દિવ્ય દર્શન અગાઉ થયાં હતાં. પોતાના અક્ષરસ્વરૂપની વાત સ્વામીશ્રીને સ્વયં કહેતા સાંભળી તે બહુ જ રાજી થયા. આ પ્રસંગથી સ્વામીશ્રીને સાક્ષાત્ અક્ષરધામરૂપે તેમણે ઓળખી લીધા.

સ્વામીશ્રી ધોલેરાથી નીકળી ફરતાં ફરતાં સારંગપુર પાસે ગામ ખાંભડા પધાર્યા. આ વર્ષના ચૈત્ર પૂનમના સમૈયે મહુવાના શ્રી પ્રાગજી ભક્ત જઈ શક્યા ન હતા. તેથી સ્વામીશ્રીનાં દર્શન કરવા તેઓ મહુવાથી નીકળી ગઢડા ગોપીનાથજી મહારાજનાં દર્શન કરી સીધા સારંગપુર સંધ્યા ટાણે પહોંચી ગયા. અહીં સ્વામીશ્રીના સાધુઓ આવ્યા હતા. તેમણે કહ્યું : "સ્વામી થોડા સાધુ સાથે ખાંભડા રોકાયા છે તે સવારના આવશે." તેથી પ્રાગજી ભક્ત

તથા તેમની સાથે મહુવાથી આવેલા જેઠા શેઠ, લીલાનાં પદ તથા ધ્યાન કરીને, મોડી રાત્રે સારંગપુરથી નીકળ્યા. રસ્તામાં વાવાઝોડું તથા વરસાદ થવાથી તેઓ રસ્તો ભૂલ્યા. પ્રાગજી ભક્તે તરત જ સ્વામીશ્રીનું સ્મરણ કર્યું. સ્વામીશ્રીએ દિવ્યરૂપે દર્શન દીધાં અને ભેગા ચાલ્યા.

આ ટાણે મારો પ્રાગજી ક્યાં હશે ?

બરાબર આ જ વખતે ખાંભડાના મંદિરમાં સ્વામીશ્રીએ શિવલાલભાઈને પૂછ્યું : "શિવલાલ ! આ ટાણે મારો પ્રાગજી ક્યાં હશે ?"

એટલે શિવલાલભાઈ સ્વામીની મરજી જાણી બોલ્યા : "સામો માણસ મોકલીએ ? એ આવે છે કે શું ?"

પરંતુ સ્વામીશ્રીએ તરત જ વાત બદલી નાખી અને બોલ્યા : "ના, ના, એ તો મુંબઈ ગયો છે."

એટલામાં પ્રાગજી ભક્ત અને જેઠા શેઠ બંને આવ્યા. તરત જ સ્વામીશ્રીએ પૂછ્યું : "કોણ એ ?"

ત્યારે પ્રાગજી ભક્તે કહ્યું : "સ્વામી ! એ તો હું પ્રાગજી !"

તે સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા અને તરત પથારીમાં બેઠા થયા. પછી બધી ખબર પૂછી. તેમની આવી તીવ્ર શ્રદ્ધા જોઈ સ્વામીશ્રી અત્યંત રાજી થયા. પછી સ્વામીશ્રીએ રામચરણદાસને કહ્યું : "રામચરણ ! કોઈ દિવસ નહિ અને આજે મને ભૂખ કેમ લાગી ?" એટલું કહીને પ્રાગજી ભક્તને પૂછ્યું : "પ્રાગજી ! તું તો ભૂખ્યો નથી ને ?"

ત્યારે પ્રાગજી ભક્તે કહ્યું : "હા, સ્વામી ! ભૂખ્યો છું."

પછી રામચરણ રોટલો લાવ્યા. સ્વામીશ્રી પથારી ઉપરથી નીચે ઊતરી થોડો રોટલો જમ્યા અને વધેલો પ્રાગજી ભક્તને આપી દીધો અને બોલ્યા : "પ્રાગજી ! તારી ભૂખ મને લાગી છે તે તું ખાઈશ એટલે મને ભૂખ મટશે."

જેઠાભાઈ તેમની સાથે થોડી થેક લાવ્યા હતા. સ્વામીશ્રીએ તે થેક પ્રસાદીની કરી જેઠાભાઈને આપી એટલે તે પણ જમ્યા. પછી તેમને બંનેને ત્યાંના હરિભક્તને ઘેર સૂવા જવાની રજા આપી.

પાછલી રાત્રે સૌ ઊઠ્યા અને સારંગપુર જવા તૈયાર થયા. સ્વામીશ્રી

એક સાધુનો હાથ પકડીને પ્રાગજી ભક્તને બોલાવવા જતા હતા. ભગતજી તથા જેઠાભાઈ બંને સામા મળ્યા. સ્વામીશ્રીને સામેથી આવતા જોઈ તેઓ દંડવત્ કરવા લાગ્યા. તેમને જોઈ સ્વામીશ્રીએ કહ્યું : "તમોને બોલાવવા જ આવતો હતો." એમ કહી પોતે ગાડામાં વિરાજ્યા અને ભગતજી તથા જેઠાભાઈ ગાડું ઝાલી સાથે ચાલવા લાગ્યા.

કોઈ શૂરવીર થાય તો આ જ્ઞાન તેને આપીએ

સારંગપુર આવતાં સ્વામીશ્રી ગાડામાંથી ઊતર્યા અને દક્ષિણ દિશામાં આવળોમાં સ્વામીશ્રી બહિર્ભૂમિ ગયા. બહિર્ભૂમિ જઈ આવ્યા એટલે ભગતજી સ્વામીશ્રીના હાથ ધોવરાવવા લાગ્યા. તે વખતે સ્વામીશ્રીએ કહ્યું : "પ્રાગજી ! આજ દિન સુધી તો અમે મોટા મોટા સદ્‌ગુરુઓનું જ્ઞાન સાંભળીને ભેગું કર્યું છે. હવે તો એમ થાય છે કે કોઈ શૂરવીર થાય તો આ જ્ઞાન તેને આપીએ."

તે સાંભળી ભગતજી બોલ્યા : "સ્વામી ! જો મને આપો તો હું લઉં."

એટલે સ્વામીશ્રી મંદ મંદ હસ્યા. પછી કહ્યું : "એમ એ મળે તેવું નથી. એ તો હૈયામાંથી ઘર બાળીને, દેહ-ઇન્દ્રિયોના ચૂરેચૂરા કરીને મારી પાસે રહે તો મળે."

પછી સ્વામીશ્રીએ જેઠા શેઠને કહ્યું : "તું કાંઈ સંકલ્પ કરીશ મા. તું વાણિયો અને વળી સુંવાળો એટલે તારાથી આ જ્ઞાન લેવાશે નહિ. પણ જા હું તને કોલ આપું છું કે તને હું અક્ષરધામમાં લઈ જઈશ. માટે તું 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરજે. આ પ્રાગજીને તો બહુ મોટા મનસૂબા છે અને આગળ ભારે ભારે કામ તેને કરવાનાં છે માટે એને એ જ્ઞાન લેવા દે." એટલું કહીને પછી મોટા કુંડે સ્નાન કરીને સ્વામીશ્રી મંદિરે પધાર્યા.[૧૨૮] સારંગપુરમાં બે દિવસ રહી સ્વામીશ્રી બોટાદ પધાર્યા.

સ્વામી ! શિવલાલને સમજાવો, નારિયેળ પાછાં જાય છે

અહીં સ્વામીશ્રી શિવલાલભાઈને ઘેર ઊતર્યા. ભગા દોશી સ્વામીશ્રીનાં દર્શન કરી પાસે બેઠા. સ્વામીશ્રીએ તેમના અંતરની વ્યથા સમજી તેમને

૧૨૮. આ પ્રસંગના વિસ્તાર માટે જુઓ 'શ્રી પ્રાગજી ભક્ત' પા. નં. ૨૯-૩૦-૩૧-૩૨.

કહ્યું : "શેઠ ! તમારે કાંઈ પૂછવું છે ?"

ત્યારે શેઠે કહ્યું : "સ્વામી ! શિવલાલ ઘરભંગ થયો છે. હજુ ઉંમર નાની છે અને અમારી સૌની મરજી છે કે તે ફરી લગ્ન કરે તો સારું. પણ તે કહે છે કે 'મારે પરણવું નથી.' પછી મેં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાસે કહેવરાવ્યું. આચાર્ય મહારાજે પણ તેને કહ્યું કે "તમારા પિતાનો આગ્રહ છે માટે ફરી લગ્ન કરો."

ત્યારે શિવલાલે મહારાજને કહ્યું : "મહારાજ ! મારે ત્રણ પુત્રો છે. આપ ભગવાનના પુત્ર છો. પણ આપની ગાદીનો કોઈ વારસદાર નથી. માટે આપનું ફરી લગ્ન થવું જોઈએ."

આ પ્રમાણે મહારાજને તેણે કહ્યું. એટલે મને થયું કે શિવલાલને આપની સાથે હેત છે તેથી આપનું માનશે."

પછી સ્વામીશ્રીએ કહ્યું : "કાલે કહીશું" એ પ્રમાણે કહ્યું એટલે શેઠને શાંતિ થઈ.

બીજે દિવસે ભગા દોશી સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! શિવલાલને સમજાવો. નારિયેળ પાછાં જાય છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "શેઠ ! હમણાં એને વેગ છે તેથી નહિ માને. પછી ધીરે રહીને કહેશું. હમણાં એકાદ વરસ જાળવો."

આ પ્રમાણે સ્વામીશ્રીએ દીર્ઘદષ્ટિથી શેઠને સમજાવ્યા. સ્વામીશ્રીના વચનથી શેઠનું મન પણ કાંઈક પાછું વળ્યું. બોટાદથી સ્વામીશ્રી ગઢડે પધાર્યા. ગઢડામાં થોડા દિવસ રોકાઈ સ્વામીશ્રી જૂનાગઢ જવા નીકળ્યા.

રસ્તામાં સ્વામીશ્રીને સામેથી આવતાં એક બ્રાહ્મણ હરિભક્ત મળ્યા. સ્વામીશ્રીને જોઈ તરત જ તેણે દંડવત્ કર્યા. તેનો વાંસો લોહીથી ખરડાયેલો જોઈ સ્વામીશ્રીએ તેને પૂછ્યું : "ભગત ! આ શું ?"

ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! રસ્તામાં એક કોળી મળ્યો તેણે મને લૂંટી લીધો અને કામઠી વડે ખૂબ માર માર્યો તે લોહીલુહાણ કરી નાખ્યો છે."

સ્વામીશ્રીને આ બ્રાહ્મણ હરિભક્તની વાત સાંભળી ધ્રુજારી છૂટી. તેમનું અંતર દ્રવી ગયું. તેમણે તરત જ કહ્યું : "શું એ કામઠીઓ બ્રાહ્મણ હરિભક્તને મારવા સારુ છે ? માટે તે ન હોય તો ઠીક !"

આ પ્રમાણે સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો. પછી તે ભક્તને આશીર્વાદ

આપી સ્વામીશ્રી આગળ ચાલ્યા. સ્વામીશ્રી જૂનાગઢ પહોંચ્યા ત્યાં ખબર મળ્યા કે સરકારે સૌનાં તીરકામઠાં જપ્ત કર્યાં છે અને કોઈ હવે તે રાખશે તો તેને કેદ થશે. આ સમાચાર સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા. સત્પુરુષના હૃદયમાં તો સદા દયા જ હોય ! કોઈનું દુઃખ તેઓ દેખી શકે નહિ અને સૌનું હિત થાય તેમજ ચિંતવન કરે.

તેમાં કાંઈ તમારો હાથ ચીકણો થાય તેમ નથી

સ્વામીશ્રી જ્યારે જૂનાગઢમાં વિરાજતા ત્યારે હરિભક્તો સ્વામીશ્રી સારુ અનેક વાનગીઓ બનાવીને લાવતા. પરંતુ સ્વામીશ્રી ઠાકોરજીને ધરાવી તરત તે વાનગી સભામાં વહેંચી દેતા. પોતાના સારુ બાજરાની ધાણી પડાવી એક ડાબલીમાં ભરી રાખતા. એક દિવસ સ્વામીશ્રી, પાસે બેઠેલા હરિભક્તોને વાતો કરતા હતા અને તકિયા પાસે પડેલી ડાબલીમાંથી બે દાણા ધાણીના જમતા હતા. તેવામાં પાસે બેઠેલા સંતને શંકા થઈ કે 'સ્વામીશ્રી શું જમે છે ? આવા મોટા મંદિરના મહંત છે તે કાંઈ સારું જમતા હશે.' તેથી તેમણે તે ડાબલીમાં હાથ નાખ્યો. ત્યાં સ્વામીશ્રીએ પણ ધાણી લેવા સારુ ડાબલીમાં હાથ નાખ્યો અને તેમના હાથને બીજો હાથ અડ્યો એટલે સ્વામીશ્રીએ પાસે બેઠેલા સાધુ સામું જોયું. તે સાધુ એકદમ શરમાઈ ગયા. પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : "તેમાં કાંઈ તમારો હાથ ચીકણો થાય તેમ નથી." પેલા સાધુને મનમાં થયું કે સ્વામીશ્રી માટે મેં શંકા કરી તે ઠીક ન કર્યું.

સ્વામીશ્રી તો ગળ્યું, ચીકણું, દૂધ, દહીં કે ઘી જમતા જ નહિ. ભંડારમાં ગમે તેવી રસોઈ બનાવી હોય પરંતુ પોતે તો બાજરાનો રોટલો અને છાશ જ જમતા. છતાં જીવ એવી પ્રકૃતિનો છે કે સાક્ષાત્ અક્ષરબ્રહ્મના ચરિત્રમાં પણ શંકા કરે ! સ્વામીશ્રી તો એક મહારાજની મૂર્તિના સુખે જ સુખિયા રહેતા. તેમનો એવો મહિમા સમજી જો તેમને વિષે નિર્દોષ ભાવ દૃઢ થાય તો તરત જ નિર્દોષ થઈ જવાય !

બગલીઓ બળદ

ભગવાન કે મોટા સંત પૃથ્વી ઉપર વિચરતા હોય ત્યારે તેમની સેવાને

અર્થે મુક્ત પણ પૃથ્વી ઉપર જન્મ ધરે છે. તે મુક્તને જે પ્રકારની સેવાનો અવકાશ પ્રિય હોય તેવો દેહ ધરે છે. જૂનાગઢના મંદિરમાં આવા એક મુક્તે જન્મ લઈ સેવા કરવાનું વ્રત લીધું હતું. સ્વામીશ્રી એને બગલીઓ કહેતા. સફેદ દૂધ જેવા વાનનો, ઘટાદાર શિંગડાંવાળો, પાતળું પૂંછડું અને શરીરે ભરાવદાર. આ બગલીઓ બળદ સ્વામીશ્રીને અત્યંત પ્રિય હતો. ગાડે જોડ્યો હોય અને ગમે તેટલો ભાર ભર્યો હોય તો પણ તે ગુડિયું ન વાળે, ઘંટે જોડીને કેશવ ભગત દળણું દળે ત્યારે દળણું દળાઈ રહે ત્યારે જ ઊભો રહે, કાં ઘંટ ખોટકાયો હોય તો ઊભો રહે. પરંતુ અમસ્તો કદી ઊભો ન રહે. એવા આ બળદની બીજી એક વિશિષ્ટતા એ હતી કે જ્યારે જ્યારે સ્વામીશ્રી કથા કરે ત્યારે પોતે નવરો હોય તો ચોકમાં આવીને બેસી જાય અને શાંતિથી કથા સાંભળે. કથાની સમાપ્તિ થાય એટલે ઊભો થાય અને સ્વામીશ્રી તેની પાસે આવીને તેને શરીરે હાથ ફેરવે ત્યારે જ તે ખીલે પાછો જાય. ગાડે જૂતીને આવ્યો હોય ત્યારે પણ તે સ્વામીશ્રીનાં દર્શને અચૂક આવે અને સ્વામીશ્રી પોતાના રૂમાલ વતી તેના શરીર ઉપરની રજોટી ખંખેરીને સાફ કરે પછી જ તે ખીલે જાય. પશુએ પણ સ્વામીશ્રી પ્રત્યે આવી આત્મબુદ્ધિ કેળવી હતી જ્યારે મનુષ્ય પોતાની બુદ્ધિના ડોડમાં અને શાસ્ત્રોના મહાસાગરમાં ડૂબી આ અનાદિ અક્ષરબ્રહ્મને એક સામાન્ય સાધુ તરીકે માપે. તેથી જ આ સાધુ સ્વરૂપમાં અક્ષરની અપરિમિત મોટપ જોવાની જ્ઞાનદૃષ્ટિથી તે સદા વંચિત જ રહે. ભગવાન કે મોટાપુરુષની કૃપાના અભાગી આવા પુરુષોની વિદ્વત્તાની કે કવિત્વની અવહેલના કરતા આદિ શંકરાચાર્યે લખ્યું છે કે ततः किम् ? ततः किम् ? ततः किम् ? આવા અનાદિ ગુરુ - સાક્ષાત્ અક્ષરબ્રહ્મના ચરણકમળમાં જો શિર નમાવ્યું નથી તો વિદ્યાદિક ગુણોથી શું થયું ? અર્થાત્ તે ગુણો કાંઈ કામના નથી !

નાગર ભક્તનો રસાસ્વાદ કાઢ્યો

સ્વામીશ્રીના ઉપદેશથી તો કંઈકનાં અજ્ઞાન જતાં. પરંતુ તેમનાં દર્શન અને ક્રિયાથી પણ પ્રકૃતિના રુક્ષ અને વિકૃત ભાવો ટળી જતા. એક નાગર હરિભક્ત મંદિરમાં રોજ દર્શને આવતા અને સ્વામીશ્રીનાં દર્શન કરીને પછી જ ઘેર જતા. પરંતુ કોઈ દિવસ કથામાં બેસતા નહિ. સ્વામીશ્રી સભા

ભરીને વિરાજ્યા હોય તો દૂરથી દર્શન કરી લે પણ સ્વામીશ્રીની દિવ્ય વાણીનો એક શબ્દ કાને પડવા ન દે. ખૂબ જ રસાસ્વાદી અને ઉત્તમ પ્રકારના ભોજનની રુચિવાળા આ ભક્ત, ભોજનના સ્વાદમાં જો કાંઈક ફેર પડ્યો હોય તો થાળી પછાડી, ભયંકર ગુસ્સો કરી ઘરમાં ગંભીર ક્લેશ કરી મૂકતા. તેમની મા, પત્ની તેની આવી ટેવથી અત્યંત ત્રાસી ગયાં હતાં. તે જમવા બેસે અને બીકથી આ બંનેનાં હૈયાં ધ્રૂજે. રસોઈમાં જો કાંઈ ખામી ન હોય તો તે જમી રહે ત્યારે જ આ બંનેનાં હૈયાં હેઠાં બેસે. પરંતુ એવું ભાગ્યે જ બનતું અને લગભગ રોજ ક્લેશ થતો. તેથી તેની માએ સ્વામીશ્રીને પોતાનું દુઃખ કહેવરાવ્યું. સ્વામીશ્રી તે સાંભળી હસ્યા અને કહ્યું : ''ઠીક છે, આજે તેનો નિકાલ કરી નાખીએ.''

સવારે આ ભક્ત નિયમ પ્રમાણે ઠાકોરજીનાં દર્શને આવ્યા અને પછી સભામાં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીનાં દૂરથી દર્શન કરી ઘેર જવા વિચાર કરતા હતા ત્યાં સ્વામીશ્રીએ તેમને પાસે બોલાવ્યા અને કથામાં બેસાર્યા. અનિચ્છાએ તે કથા સાંભળવા બેઠા. સ્વામીશ્રીની લોહચુંબક શક્તિથી ધીરે-ધીરે તેનું મન સ્થિર થઈ ગયું ! કથા પૂરી થયા પછી 'હરે' થયા એટલે તે ભક્તે વિચાર્યું કે આવા મોટા મંદિરના મહંત શું જમતા હશે ? સારાં સારાં ભોજન, મિષ્ટાન્ન, ફરસાણ વગેરેની મહેફિલો અહીં તો ચાલતી હશે. તેમાં વળી આ સ્વામીશ્રી તો મહંત, તેથી સારી-સારી વાનગીઓ જ જમતા હશે. તેથી તે જોવા માટે તે સ્વામીશ્રીની પાછળ ભંડારે ગયા. દૂરથી સ્વામીશ્રીનાં દર્શન કરતાં સ્વામીશ્રીના પત્તરમાં કાંઈક ભૂકો પીરસાતો જોયો એટલે તેને થયું કે છૂટું ચૂરમું લાગે છે. હવે ઘી પીરસાશે અને પછી ઉપર ખાંડ ! તેના મોંમાં તો પાણી છૂટવા લાગ્યાં. ત્યાં તો સ્વામીશ્રીના પત્તરમાં ભંડારી સાધુએ છાશ રેડી. તે જોઈ તેને થયું કે દૂધપાક કે કઢેલું દૂધ સ્વામીશ્રીએ લીધું. તેનો એ સંકલ્પ જાણીને સ્વામીશ્રીએ ભંડારી સાધુને કહ્યું : ''આમાં મીઠું અને જીરું લાવો.'' ભંડારી સાધુ મીઠું અને જીરું લાવ્યા એટલે સ્વામીશ્રીએ તે પત્તરમાં લીધાં અને થોડું પાણી રેડ્યું. આથી તે ભક્તને થયું કે આ તો દૂધપાક પણ નથી અને દૂધ પણ નથી. પરંતુ છાશ લાગે છે. પછી તે ભંડારમાં આવ્યા અને સ્વામીશ્રીને દંડવત્ કરી પાસે બેઠા અને પૂછ્યું : ''સ્વામીશ્રી ! આપ શું જમો છો ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "મેતા ! અમે તો ખૂરમા અને છાશ જમીએ છીએ."

મેતાને આશ્ચર્ય થયું ! આવા મોટા મહંત અને બાજરાના રોટલાના ખૂરમા અને છાશ જમે છે ? સ્વામીશ્રીનો તેમને બહુ જ ગુણ આવ્યો. સ્વામીશ્રી પાસે તો પકવાન્નના ઢગલા થાય છે અને તે પકવાન્ન સ્વામીશ્રી બધાને જમાડે છે પરંતુ પોતે તો ખૂરમા અને છાશ જમે છે ! સ્વામીશ્રીના આ નિઃસ્વાદી જીવનથી તેના હૃદયના અંકુરો પલટાઈ ગયા ! સ્વામીશ્રીના વિચારમાં જ તે ઘેર ગયા. તેમની મા અને પત્ની રાહ જોતાં હતાં. આજે બહુ મોડું થઈ ગયું. એક વખત થયેલી રસોઈને ફરી ગરમ કરવાથી તેનો સ્વાદ ફરી જાય છે. આજે હવે શું થશે ? છતાં રસોઈ ગરમ કરી તેમની થાળીમાં પીરસી. સ્વામીશ્રીના નિઃસ્વાદીપણાનો વિચાર કરતાં કરતાં થાળીમાં જે પીરસ્યું હતું તે બધું તે જમી ગયા. એક શબ્દ પણ બોલ્યા નહિ. તે દિવસથી તેનું અંતર ફરી ગયું. રસાસ્વાદનાં તેનાં તમામ અંકુરો નિર્મૂળ થઈ ગયાં ! તેમની મા તથા પત્નીને અત્યંત શાંતિ થઈ !

શ્રીજીમહારાજે ગઢપુરમાં સ્વામીશ્રીના ચાર પ્રશ્નોના ઉત્તરમાં કહ્યું હતું કે 'વાતો કરવી એ જ શ્રેષ્ઠ છે. વાતો કરવી એ પોતાના અને બીજાના કલ્યાણને અર્થે છે, જ્યારે ધ્યાન કરવું, આત્મારૂપે વર્તવું કે માંદાની સેવા કરવી એ તો ફક્ત પોતાના કલ્યાણને અર્થે જ છે.' સ્વામીશ્રીએ ત્યારથી અખંડ વાતોનો અખાડો જૂનાગઢમાં શરૂ કર્યો હતો. સ્વામીશ્રીને વાતોનો આવો 'ઈશક' હતો. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તેથી લખ્યું છે :

'એમ માંડ્યો છે મોટો અખાડો રે, બ્રહ્મ મોહોલ જાવા રાત દહાડો રે.'

સ્વામીશ્રીની વાતો ફિરંગીની તોપ જેવી, અંગ્રેજના લોઢા જેવી - અડે ત્યાં અળગું જ કરી દે. સ્વામીશ્રીને વાતો કરવાનો જેટલો 'ઈશક' હતો તેટલી જ તેમને મુમુક્ષુ હરિભક્તો પોતાની આ વાતો સાંભળે અને બ્રહ્મપુરના અધિકારી થાય, તેવી ઈચ્છા પણ રહેતી. એટલે સમાગમ કરવામાં શિથિલતાવાળા કેટલાય હરિભક્તોને સ્વામીશ્રી મીઠો ઠપકો આપતા.

માણાવદરના હંસરાજ પટેલને ઉપદેશ

એક દિવસ સ્વામીશ્રી સભામાં સાંખ્ય, યોગ અને વેદાંતના સૂક્ષ્મ

વિષય ઉપર વાતો કરતા હતા અને તે દ્વારા શ્રીજીમહારાજનું સ્વરૂપ સમજાવતા હતા. તેવામાં માણાવદરના હંસરાજભાઈ કાંઈક સરકારી કામ પ્રસંગે જૂનાગઢ આવ્યા હતા, તે મંદિરમાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમને જોયા એટલે તરત જ પાસે બોલાવ્યા અને પોતાની સન્મુખ બેસાર્યા. પછી તેમને કહ્યું : "પટેલ, તમે લોકવહેવારે મોટા કહેવાવ છો અને પટલાઈ કરો છો પણ તેમાં તમે આ ગુણાતીત વાતો સાંભળવાનો અવસર ગુમાવો છો. પટલાઈમાં જ આવરદા જ્યારે ખોઈ નાખશો ત્યારે આ સમાગમ ક્યારે કરશો ? શ્રીજીમહારાજે તો 'શિક્ષાપત્રી'માં કહ્યું છે કે 'નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો.' પરંતુ તમે તો લોકોના દુનિયાના વાંધા ભાંગવામાંથી નવરા થાતા જ નથી. પણ લોકોનો ન્યાય કરવા જતાં બે પક્ષે એકને તો દુઃખ કરો છો. જેના પક્ષે ગેરલાભ થાય તેને તમારી સાથે વેર બંધાય. એવાં ખોટાં વેર ઊભાં કરી આ લોકમાં દુઃખ શા માટે વહોરો છો ?"

હંસરાજ પટેલ તો સ્વામીશ્રીના આ શબ્દોથી આભા જ બની ગયા ! તેમને થયું કે પોતે ગામના પટેલ છે, વળી નવાબ સાહેબના દરબારમાં પણ તેમની ખુરશી પડે છે, અંગ્રેજ અમલદારો પણ તેમને માન આપે છે છતાં સ્વામીશ્રીને તેમની આ મોટાઈ કેમ નજરમાં આવતી નથી ? પરંતુ સ્વામીશ્રીને તો આજે તેમને ચેતાવી દેવા હતા, તેનું હિત કરવું હતું. પરંતુ મહામોહ જેને વ્યાપ્યો હોય તેને આવી વાત કેમ ગળે ઊતરે ? સ્વામીશ્રીએ તો તેને સારું લાગે કે નરસું લાગે પણ કહેવા જ માંડ્યું : "પટેલ ! અહીંના નવાબ તમારું સન્માન કરે છે, વળી મોટા મોટા પણ તમને બોલાવે છે તેથી એ જગમોટાઈથી તમારું હૈયું અવરાઈ ગયું છે. પણ એટલું તો સમજો કે જગતમાં ડહાપણ ડહોળીને આપણે આપણો મોક્ષ બગાડીએ તે કેવું ડહાપણ ? તમે જુઓ, અહીં તો મોટા મોટા સમાગમ કરવા આવે છે. નવ લાખના આસામી બોટાદના આ શિવલાલ શેઠ, આ કારિયાણીના નથુ પટેલ, ગરાળના આ ભૂધરભાઈ, ગઢડાના દરબાર આ અમરો ખાચર, આ સારંગપુરના દરબાર વાઘા ખાચર, મહુવાના આ પરમ ભક્તરાજ પ્રાગજીભાઈ, વસોના અમીન વાઘજીભાઈ, તળાજાના શામજીભાઈ, કપડવંજના ભૂધરભાઈ, માણસાના નરસિંહભાઈ તથા અમદાવાદ, સુરત

વગેરે ગુજરાતના શહેરના તેમજ ખાનદેશ-બુરાનપુર વગેરેના હરિભક્તો અમારો મહિમા સમજી પોતાના મોક્ષ માટે અહીં વાતો સાંભળવા આવે છે અને તમે નજીકના છો અને આ લાભ ખોવો છો ! પણ જાણો છો કે વહેવારના કામમાં કોઈને લાભ થતો નથી. એવું અવળું કામ કદાચ જો થઈ જાય તો વગર મોતે ઊપડી જવાય. આ તો તમે સોરઠના છો અને સોરઠ દેશના હરિભક્તો ઉપર મારે અત્યંત હેત છે તેથી તમને કહું છું કે આ પટલાઈ છોડો અને આવા જ્ઞાનના અખાડામાં અમૃત પીવા આવો. અહીં તો અક્ષરધામના મુક્તો પણ અંતરિક્ષમાં રહીને વાતો સાંભળી જાય છે. માટે તમે પણ આ લાભ લ્યો અને તમારા સંબંધીને પણ આ લાભ અપાવો.'' સ્વામીશ્રીના આ શબ્દોથી આખી સભા સ્તબ્ધ બની ગઈ !

સ્વામીશ્રીએ આવો આગ્રહ રાખી આજ સુધી કોઈને કહ્યું ન હતું અને આ પટેલને આટલું બધું કહ્યું તેમાં જરૂર કાંઈક મર્મ હોવો જોઈએ, એમ ત્યાં બેઠેલા સૌને લાગ્યું. પટેલને પણ થયું કે સ્વામીશ્રીએ આજે મને ખરા શબ્દો કહ્યા છે. છતાં પટલાઈના મોહમાં આ શબ્દો તેમના અંતરમાં ન ઊતર્યા. તેણે હાથ જોડી કહ્યું : ''સ્વામી ! આપ સાચું કહો છો. હું હવે ઘેર જઈને આવીશ ત્યારે આપના સમાગમનો લાભ લઈશ.'' એટલું કહી હંસરાજ પટેલ ઊઠી ગયા. સ્વામીશ્રીએ તેના તરફ એક સૂચક દૃષ્ટિ નાખી.

હંસરાજ પટેલ માણાવદર ગયા અને સ્વામીશ્રીનો સમાગમ કરવાની વાત વીસરાઈ ગઈ. તેના અંતરમાં પણ એવી ભાવના હતી કે હું આવો મોટો, રાજ્યનાં મોટાં મોટાં કામ કરું, ન ઉકલે તેવી ગૂંચો ઉકેલું તે હું મંદિરમાં જઈને કથા સાંભળું ? સ્વામી તો કહે, એમનો એ ધરમ રહ્યો એટલે ઉપદેશ આપે. તે અરસામાં બ્રિટિશ સરકારે જુદાં જુદાં રાજ્યના સીમાડાઓ નક્કી કરવાનું વિચાર્યું અને પૉલિટિકલ એજન્ટ લાંકસાહેબ જૂનાગઢ આવ્યા. તેમણે કહ્યું : ''હંસરાજ પટેલકુ બુલાવો.''

એટલે હંસરાજ પટેલને તેડવા માણસ મોકલ્યો. લાંકસાહેબનું તેડું આવ્યું એટલે પટેલની તો કસો તૂટવા લાગી. તરત જ તૈયાર થઈને જૂનાગઢ ગયા.

અહીં લાંકસાહેબે તેને કહ્યું : ''આ સીમાડાઓ નક્કી કરવા છે તો તમો મદદ કરો.'' હંસરાજભાઈએ બધો તોડ કાઢી આપ્યો. સીમાડા નક્કી

કરી દીધા. તેના ખૂંટા પણ મારી દીધા. પરંતુ આમાં એક ખેડૂતની આખી જમીન ગઈ. તેને થયું કે હંસરાજે ધાર્યું હોત તો જમીન જાત નહિ. પરંતુ હંસરાજને તો લાંકસાહેબ તથા રજવાડાઓને રાજી કરવા હતા. ગરીબ બીચારા ખેડૂતની તેને શી પડી હોય ? તે ખેડુએ આ વાત મનમાં રાખી. બીજે દિવસે હંસરાજભાઈને તેણે પોતાને ઘેર જમવાનું આમંત્રણ આપ્યું. હંસરાજભાઈને થયું કે આ ખેડુ તેની મોટાઈમાં અંજાઈને તેને રીઝવવા આમંત્રે છે. ખેડુને મનસૂબો જુદો હતો. તેણે હંસરાજભાઈને અન્નમાં વિષ આપી દીધું. હંસરાજભાઈ જમીને ઉતારે ગયા. શરીરમાં અસુખ જેવું જણાયું એટલે તરત જ માણાવદર જવા રવાના થયા. ઘેર પહોંચ્યા અને વિષની અસરથી જીવ ઊડી ગયો. દેહ ગયો અને પટલાઈ પણ ગઈ ! સ્વામીશ્રીનો ભેટો ન થયો ! મોટાપુરુષના વચનની ઉપેક્ષા કરવાથી દેહના દંડ ભોગવવા જ પડે છે !

સ્વામીશ્રીની વાતો સાંભળવા દેશદેશના હરિભક્તો આવતા. સ્વામીશ્રી પણ તેમની મુમુક્ષુતા અને પાત્રતા જોઈ, તેમને પ્રથમ ઉપાસનાની વાત સમજાવતા. એક દિવસ બારાડી પ્રદેશના ત્રધરી અને દેવળિયા ગામના ધણી દરબાર વેરાજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કરી, સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન કરી તેમના અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ ! બે-ત્રણ દિવસ તેઓ રહ્યા. રોજ વાતો સાંભળે અને સેવા કરે. પોતે ખૂબ જ નિર્માની અને વિશ્વાસુ ભક્ત હતા. સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એવી નિષ્ઠા પણ તેમના અંતરમાં દૃઢ હતી.

સો વાતની એક વાત સમજાવી દ્યો

એક દિવસ સ્વામીશ્રી બપોરે ચાર વાગે નિત્યક્રમ મુજબ બહિર્ભૂમિ જવા ગયા. સભામંડપમાંથી બ્રહ્મચારીના ભંડારે જવાનું જે દ્વાર છે તેની ઉત્તર તરફ સ્વામીશ્રી માટે સંડાસ કરાવ્યું હતું. સ્વામીશ્રી ત્યાં બહિર્ભૂમિ જઈ આવીને તેની દક્ષિણ તરફ અને સભામંડપના દ્વારની જમણી બાજુ ચોકડીમાં (અહીં સ્વામી ધામમાં ગયા પછી ઓટો કરી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે) સ્નાન કરવા પધાર્યા. હરજીવને સ્વામીશ્રીના

હાથ ધોવરાવ્યા. તે વખતે વેરાજી પણ ત્યાં ઊભા હતા. તેમણે હાથ જોડી નિર્દોષભાવે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! અમે જાડી બુદ્ધિવાળા કહેવાઈએ. વળી, શાસ્ત્રોમાં પણ કાંઈ સમજીએ નહિ, એટલે અમને તો આપ સો વાતની એક વાત સમજાવી દ્યો."

સ્વામીશ્રી તેમની આ નિર્દોષ વાણી સાંભળી અત્યંત રાજી થયા. પછી તરત જ પોતે ઊભા થયા અને શ્રીકૃષ્ણની પેઠે ત્રિભંગ કરી બંને હાથ ઊંચા કરીને બોલ્યા : "જુઓ વેરાજી ! સો વાતની એક વાત કહું છું." એમ કહી બોલ્યા : "આવું ત્રિભંગ કરીને ઊભા રહેતા કૃષ્ણાદિ સર્વ અવતારો શ્રીજીમહારાજનું સદા ભજન કરે છે અને મહારાજનું આપેલું ઐશ્વર્ય ભોગવે છે. માટે સર્વથી પર શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે તે આપણને મળ્યા છે અને તે આપણા ઇષ્ટદેવ છે. તેમનો દૃઢ આશરો રાખવાથી જ અક્ષરધામ પમાશે. મહારાજ વિના બીજે ક્યાંઈ સાંધા ન રાખવા અને એક મહારાજના જ સાચા ભક્ત થવું." એટલું કહીને સ્વામીશ્રી નાહવા બેસી ગયા.

પછી વેરાજીએ પૂછ્યું : "સ્વામી ! સર્વ વાત આમાં આવી જાય છે ને ?"

ત્યારે સ્વામીશ્રીએ નાહતાં નાહતાં કહ્યું : "સર્વે વાતનો સાર આ એક જ વાત છે. બધી વાત એમાં આવી જાય છે." એમ કહી સ્વામીશ્રી નાહવા લાગ્યા. હરિભક્તો સ્વામીશ્રીને નવરાવવા લાગ્યા. સ્વામીશ્રીને સૌ નવરાવે અને પ્રસાદીનું પાણી શિરે ચડાવે. આમ, સ્વામીશ્રીની મૂર્તિમાં સ્વયં શ્રીજી વિરાજે છે એવો અપાર મહિમા સમજી હરિભક્તો મહારાજના પ્રગટ સ્વરૂપનું સુખ લેતા હતા.

આ બાજરો તો કોદિયાવાળા હીરાભાઈના ખેતરનો છે

આ અરસામાં ગામ આગરિયાના આહીર વસ્તા ભક્ત સ્વામીશ્રીનાં દર્શને જૂનાગઢ આવતા હતા. રસ્તામાં ગામ કોદિયા આવ્યા. ત્યાં હીરા ભક્તને મળ્યા અને તેમને કહ્યું : "હું જૂનાગઢ સ્વામીશ્રીનાં દર્શને જાઉં છું. તમેય સાથે ચાલો."

ત્યારે હીરા ભક્તે કહ્યું : "મારાથી હમણાં સ્વામીશ્રીનાં દર્શને અવાય

તેમ નથી. પણ સ્વામીશ્રી માટે આ બાજરાના પોંકની કોથળી ભરી રાખી છે તે તમે લેતા જાવ.'' એમ કહી પોંકની કોથળી વસ્તા ભક્તને આપી. વસ્તા ભક્ત તો ત્યાંથી ચાલ્યા અને જૂનાગઢ પહોંચ્યા. મંદિરમાં આવી સભામંડપમાં સ્વામીશ્રી વિરાજતા હતા ત્યાં પોંકની કોથળી સ્વામીશ્રી આગળ મૂકી ને દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રીએ તે પોંકની કોથળી હાથમાં લીધી. પછી તેનું મોં છોડીને થોડો પોંક હાથમાં લીધો. પછી બોલ્યા : ''વસ્તા ભક્ત ! આ બાજરો તો કોદિયાવાળા હીરાભાઈના ખેતરનો છે પણ તમારા ખેતરનો નથી.''

આ સાંભળી વસ્તા ભક્તને આશ્ચર્ય થયું. તેઓ બોલ્યા : ''સ્વામી ! તમને કેમ ખબર પડી કે આ બાજરો હીરાભાઈના ખેતરનો છે ?''

એટલે સ્વામીશ્રી હસીને બોલ્યા : ''એ તો દાણા અમે ઓળખીએ ને.'' એમ કહીને વળી બોલ્યા : ''વસ્તા ભગત ! અમે તો જીવને ઓળખીએ છીએ તો દાણા કેમ ન ઓળખીએ ? હીરા ભક્ત અમને આપવા સારુ ડૂંડાં ભાંગીને પોંક પાડતા હતા તે બધું અમે અહીં રહ્યા થકા દેખતા હતા.'' આ પ્રમાણે સ્વામીશ્રીએ અંતર્યામીપણે વાત કરી.

તે સાંભળી વસ્તા ભક્તને તથા સભામાં બેઠેલા સૌને અતિ આશ્ચર્ય થયું. સૌને થયું : 'સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે જ; નહિ તો જીવને ઓળખવાની વાત થાય નહિ.'

છે તો બેઉ કૂવા

એક દિવસ સ્વામીશ્રી સભામાં વિરાજ્યા હતા. ઠાકોરજીના ઉત્થાપનનાં દર્શન કરી સૌ હરિભક્તો સભામાં આવતા હતા. એક હરિભક્ત દંડવત્ કરી સ્વામીશ્રી પાસે બેઠા અને હાથ જોડી પૂછ્યું : ''સ્વામી ! દયાળુ ! હું ઘરભંગ થયો છું. બીજું લગ્ન કરવું છે તેમાં બે કન્યાઓ છે : એક સત્સંગીની અને એક કુસંગીની. તો કેની સાથે લગ્ન કરું ?''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : ''જો ભાઈ ! છે તો બેઉ કૂવા. એક કાંટાળો ભાડિયો કૂવો છે અને બીજો છોબંધ છે. કાંટાળા કૂવામાં પડે તો કાંઈક જાળુંબાળું હાથ આવે પણ કાંટા વાગે અને શરીર છોલાય. તે કાંટાળો કૂવો શું ? સમજ્યા ? કુસંગીની કન્યા લાવીશ તો કોઈ વાસના

રહેવા નહિ દે. સત્સંગીની કન્યા એ છોબંધ કૂવો. સત્સંગીની દીકરી લાવીશ તો તારી ચાકરી કરશે. તેમાં તું બંધાઈ જઈશ. માટે હવે તને સૂઝે તેમ કર." પછી તે હરિભક્તે સ્વામીશ્રીની સલાહ અનુસાર કુસંગીની દીકરી સાથે લગ્ન કર્યાં.

જન્માષ્ટમીનો સમૈયો કરી સ્વામીશ્રી ગામડામાં ફરવા નીકળ્યા. સ્વામીશ્રી ઘોડી ઉપર વિરાજ્યા હતા અને સંતો તથા હરિભક્તોનો સંઘ કીર્તનો ગાતાં ગાતાં ચાલતો હતો. સ્વામીશ્રી ઘોડી ઉપર બેઠાં બેઠાં લીલી વનરાજી જોઈ બોલ્યા : "અહો, આ વૃક્ષોએ શાં પુણ્ય કર્યાં હશે ? આવા સાધુનો વાયરો એને આવે છે તે તો તેનાં મોટાં ભાગ્ય કહેવાય." એમ, વાતો કરતાં કરતાં સૌને આનંદ કરાવતા સ્વામીશ્રી જંગલની વનરાઈમાંથી માર્ગ કાપતાં કાપતાં બહાર નીકળ્યા, ત્યાં એક નેસ આવ્યો. સંઘનાં કીર્તનો સાંભળી તે નેસમાંથી એક નટનો છોકરો નીકળ્યો અને સ્વામીશ્રીને જોઈ તેમની આગળ નૃત્ય કરવા લાગ્યો. તેથી સ્વામીશ્રીએ ઘોડી ઊભી રાખી અને એક હરિભક્તને કહ્યું : "આ છોકરાને પૂછો કે આ શા માટે નાચે છે. તેને કાંઈ જોઈએ છે ?"

હરિભક્તે તે છોકરાને પૂછ્યું. એટલે તે નટના છોકરાએ કહ્યું : "ના, બાપજી ! મારે તો કાંઈ જો'તું નથી. હું તો આમને (સ્વામીશ્રી તરફ આંગળી ચીંધીને) રાજી કરવા નાચું છું. મારા ઉપર રાજી થાય તો મને બધું મળી ગયું એમ હું માનીશ."

તે સાંભળી સ્વામીશ્રી રાજી થયા અને બોલ્યા : "અહો, છે તો નટવો પણ માગતાં કેવું આવડ્યું ? હવે એને નાચવું મટી ગયું !"

સ્વામીશ્રીનાં આ વચન સાંભળી સૌ સંતો તથા હરિભક્તોને આશ્ચર્ય થયું ! મોટાપુરુષની દૃષ્ટિ પડી જાય તો મોજ આપી દે. સ્વામીશ્રીને રાજી કરવા જ તેણે નૃત્ય આદર્યું અને સ્વામીશ્રીની તેના ઉપર દૃષ્ટિ પડી ગઈ. તો જે નિષ્કામ ભાવે આવા મોટાપુરુષને પ્રસન્ન કરવા ભક્તિ કરે તેને મોટાપુરુષ અક્ષરધામ બક્ષિસ આપી દે તેમાં શું આશ્ચર્ય ! પછી સ્વામીશ્રીએ તે છોકરાને દાળિયા તથા ઘસીઓ[૧૨૯] અપાવ્યો. સ્વામીશ્રી ચાલતાં ચાલતાં વડવિયાળે આવી રાત રહ્યા. બીજે દિવસે ત્યાંથી નીકળી

૧૨૯. ઘઉંના લોટને ઘીમાં શેકી તેમાં થોડો ગોળ ભેળવેલી વાનગી.

કાજરડી થઈને તડગામ પધાર્યા.

તડગામમાં રામજી શેઠે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું અને પોતાને ઘેર ઉતારો આપ્યો. પછી રામજી શેઠે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આપ મારે ઘેર પધાર્યા છો તેથી મારાં ધન્યભાગ્ય છે. માટે આજ તો મોતૈયાની રસોઈ બનાવો. બ્રહ્મચારી ભેગા છે એટલે તે કરશે."

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : "મોતૈયા રહેવા દ્યો અને બીજી રસોઈ કરાવો. મોતૈયામાં ચાસણી કરવી પડે તે કોઈને ફાવશે નહિ."

એટલે વિશુદ્ધાનંદ બ્રહ્મચારીએ કહ્યું : "સ્વામી ! ચાસણી મને આવડે છે માટે શેઠનો આગ્રહ છે તો હા પાડો." એટલે સ્વામીશ્રીએ પરાણે હા પાડી.

રસોઈનો સામાન બધો તૈયાર કરાવ્યો. વિશુદ્ધાનંદ બ્રહ્મચારી ચાસણી કરવા બેઠા. ત્રણ વખત ચાસણી કરી, આખી રાત ઉજાગરો કરી મહેનત કરી પણ સ્વામીશ્રીની ઇચ્છા નહોતી તેથી ચાસણી બરાબર થઈ નહિ અને લાડુ વળ્યા નહિ.

બપોરે ઠાકોરજીનો થાળ થયો એટલે રામજી શેઠે સ્વામીશ્રીને વિનંતી કરી કે "દયાળુ ! આજ તો આપ મોતૈયાના લાડુ પીરસો." પંક્તિ થઈ એટલે સ્વામીશ્રી પીરસવા પધાર્યા. પણ ચાસણી ઢીલી થઈ હોવાથી લાડુ વાળી શકાયા ન હતા તેથી સ્વામીશ્રીએ વાડકે વાડકે પકવાન્ન પીરસ્યું. એમ સૌને જમાડ્યા.

ઊનામાં સુંદરજી શેઠને ઉપાધિ

સાંજે ઊનાથી કલા શેઠના પુત્ર સુંદરજી તથા શેઠના જમાઈ પ્રભુદાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી ભેગા સંઘમાં અચિંત્યાનંદ બ્રહ્મચારીને જોઈને સુંદરજી શેઠે વિચાર કર્યો કે સ્વામીશ્રી જ્યારે ઊના પધારશે ત્યારે આ બ્રહ્મચારી પાસે કથા કરાવીશું. એટલે તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! ઊના ક્યારે પધારશો ?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "હજુ ફરતાં ફરતાં પંદર દિવસ લાગી જાશે."

સુંદરજી શેઠે વિચાર કર્યો કે પંદર દિવસમાં તો ઘર છોવરાવી તૈયાર કરી દઈએ તો સ્વામીશ્રીની પધરામણી પણ થાય અને કથાપ્રસંગ

ધામધૂમથી થાય. પછી થોડી વાર થઈ એટલે તેમણે ઊના જવા સ્વામીશ્રીની રજા માગી.

સ્વામીશ્રીએ કહ્યું : "હજુ તો હમણાં આવ્યા છો તે બે દિવસ રોકાઈને પછી જજો."

પરંતુ સુંદરજી શેઠને મનમાં એમ કે પંદર દિવસનો વખત છે એટલે ઘર છોવરાવી લેવું. તેથી આગ્રહ કરી સાંજે ને સાંજે ઘેર જવા નીકળી ગયા.

બીજે દિવસે સુંદરજી શેઠે રંગારી ચૂનારાને બોલાવી કહ્યું : "ચૂનો તૈયાર કેટલો છે ?"

ત્યારે તેણે કહ્યું : "શેઠ ! એક શેર ચૂનોય તૈયાર નથી પણ છાણાં લાવો તો પાડી આપું."

આ સાંભળી શેઠ તરત જ ભાવસારને ઘેર છાણાં લેવા જાતે ગયા. ત્યાં જઈ છાણાંનું પૂછ્યું.

ત્યારે તેણે કહ્યું : "છાણાં મેડે ખડક્યાં છે. નીચે ઉતરાવીને પછી મોકલી આપીશ."

સુંદરજી શેઠને તો ઉતાવળ હતી. એટલે પોતે જાતે મેડે ચઢ્યા. છાણાં લેતાં લેતાં મેડાની કોરે આવી ગયા અને નીચે પડ્યા. નીચે ફળિયામાં ખાટલો હતો તેનો પાયો પેડુમાં વાગી ગયો તેથી પેડુમાં આંટી પડી ગઈ, દુખાવો સખત થવા લાગ્યો. શેઠને તરત જ ઘેર પહોંચાડ્યા. વૈદ્યને તેડવા મોકલ્યા. પરંતુ પ્રભુદાસ વૈદ્ય સ્વામીશ્રીનાં દર્શને તડગામ ગયા હતા.

પ્રભુદાસ વૈદ્યને તેડવા માણસ તડગામ મોકલ્યો. તેણે આવી શેઠ પડી ગયા અને પેડુમાં આંટી પડી ગઈ છે તે વાત કરી. વૈદ્ય હોશિયાર હતા એટલે આટલા સમાચારથી જ સમજી ગયા. પછી સ્વામીશ્રી પાસે જઈ તેમણે કહ્યું : "સ્વામી ! સુંદરજી શેઠ મેડેથી પડી ગયા છે અને પેડુમાં સખત વાગ્યું છે અને આંટી પડી ગઈ છે. તેમની આ પીડા મટાડી શકું એવો હું વૈદ્ય નથી અને મને લાગે છે કે રંગમાં ભંગ પડશે."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "શેઠનો દેહ હવે રહેશે નહિ. તેમનું આયુષ્ય પૂરું થયું છે." તે સાંભળી નિશ્વાસ નાખી પ્રભુદાસ ઊના ગયા.

શેઠની માંદગી ઘણી ગંભીર થઈ ગઈ. તેથી બીજે દિવસે સ્વામીશ્રીને તેડવા માણસ મોકલ્યો. સ્વામીશ્રી ઊના પધાર્યા અને મંદિરમાં ઊતર્યા. રાત્રે

શેઠને પીડા ઘણી વધી ગઈ. એટલે તડગામના માધવજીભાઈ મંદિરમાં આવ્યા. માધવચરણદાસ સ્વામીને ઉઠાડ્યા અને કહ્યું : "સ્વામીને વાત કરો કે શેઠને મંદવાડ બહુ વધી ગયો છે. માટે શેઠનો દેહ રહે તેમ કરો."

માધવચરણદાસે સ્વામીશ્રી પાસે આવીને વાત કરી. પરંતુ સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહિ. ત્યારે માધવચરણદાસે ફરી કહ્યું. એટલે સ્વામીશ્રીએ કહ્યું : "મહારાજે ધાર્યું હશે તેમ થશે." એમ કહીને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલતાં સ્વામીશ્રી પડખું ફરી ગયા. માધવચરણદાસે આવી માધવજીભાઈને કહ્યું : "સ્વામીને વાત તો કરી પણ કાંઈ મરજી બતાવી નથી. એટલે મને લાગે છે કે શેઠ ધામમાં જશે." પછી માધવજીભાઈ સુંદરજી શેઠને ઘેર ગયા ત્યાં થોડી વારે શેઠે દેહ મૂકી દીધો.

દર વર્ષના રિવાજ પ્રમાણે સ્વામીશ્રીએ જળઝીલણીનો સમૈયો ઊનામાં કર્યો. દસ દિવસ રોકાયા અને કથાવાર્તા કરીને શેઠના ધામમાં પધારવાથી તેમના સંબંધીઓને જે દુઃખ થયું હતું તે મટાડી દીધું. પછી સ્વામીશ્રી ઊનાથી નીકળી ગામ ગરાળ પધાર્યા.

ગરાળમાં માલજી તથા ભૂધરભાઈ વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીની સેવાનો લાભ લીધો. સ્વામીશ્રી સાથેના સંઘના હરિભક્તોની પણ સારી રીતે સરભરા કરી. સ્વામીશ્રી ત્યાં એક રાત રહીને બીજે દિવસે સવારે ગામ સીમરે પધાર્યા. સીમરા એક દિવસ રોકાઈ સ્વામીશ્રી ગામ ગાંગડે પધાર્યા. સ્વામીશ્રી અહીં મંદિરમાં ઊતર્યા.

તું જમપુરીને ખોટી જાણી આજ્ઞા લોપે છે

મુસાફરીના થાકને લઈને સ્વામીશ્રી આસન ઉપર જરા તકિયાને અઢેલીને બેઠા. એવામાં ખીમા ભગતનો દીકરો રામ ત્યાં આવ્યો અને સ્વામીશ્રીના પગ દાબવા માંડ્યો. તેને જોઈને સ્વામીશ્રીએ તરત જ બંને પગ ખેંચી લીધા અને ભ્રૂકુટી ચઢાવીને કહ્યું : "તું જમપુરીને ખોટી જાણીને મહારાજની મોટી આજ્ઞા (નિષ્કામ ધર્મ) લોપે છે તે અમે નથી જાણતા ? અમે તો જીવોની તમામ ક્રિયા જાણીએ છીએ. લોકો અમને સામાન્ય માણસ જેવા જાણે પણ અમે તો જૂનાગઢમાં બેઠા બેઠા અનંતકોટિ બ્રહ્માંડના જીવ પ્રાણી માત્રની ક્રિયા હથેળીમાં જેમ જળનું ટીપું જોઈએ તેમ, સાક્ષાત્ દેખીએ

છીએ. તું જાણે છે કે તેં છાની કરેલી ક્રિયા સ્વામી નહિ જાણતા હોય એમ ને ?'' એમ કહી તેણે જે જે પાપ જે જે જગ્યાએ કર્યાં હતાં તે બધાં સ્વામીશ્રીએ તેને કહી દીધાં. આ સાંભળી તે શરમાઈને ઊઠી ગયો.

થોડી વાર થઈ એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''ઓલ્યો રામ ક્યાં ગયો ? તેને મારી પાસે બોલાવો.''

એટલે એક હરિભક્ત રામને બોલાવી લાવ્યા. રામ આવી સ્વામીશ્રીને પગે લાગી સ્વામીશ્રી સન્મુખ બેઠો. એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''તું અમને શું જાણે છે ? આ મારા રૂંવાડે રૂંવાડે અનંતકોટિ બ્રહ્માંડો અણુની પેઠે ઊડતાં ફરે છે. એટલે બ્રહ્માંડુનાં જીવ-પ્રાણીમાત્રની ક્રિયા હું જોઈ શકું છું.''

એટલું કહીને તેના ગળામાંથી સ્વામીશ્રીએ કંઠી તોડી નાખી. પછી પોતાની કંઠી તેના ગળામાં પહેરાવી અને તેને ફરી વર્તમાન ધરાવ્યાં. પછી કહ્યું : ''જો આજે તારાં બધાં પાપ બળી ગયાં. માટે હવે નવાં ન કરીશ.'' આ પ્રમાણે તેને ઉપદેશ આપી તેનું જીવન સ્વામીએ સુધાર્યું. એટલામાં રસોઈ તૈયાર થઈ એટલે ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા.

બપોર પછી સ્વામીશ્રી હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. નમતી સાંજે સ્વામીશ્રી ગાંગડેથી નીકળી ગામ કાંધી પધાર્યા. અહીં રાત રહી બીજે દિવસે નીકળી સમઢિયાળે પધાર્યા. અહીં ભોજા ભક્તના પુત્રે તથા બીજા હરિભક્તે સ્વામીશ્રી તથા સંઘનું ધામધૂમથી સામૈયું કરી સ્વાગત કર્યું. પછી સ્વામીશ્રીને મંદિરમાં ઉતારો આપ્યો.

ક્યાં અક્ષર ને ક્યાં સમઢિયાળું ગામ !

હરિભક્તોને અત્યંત ઉત્સાહ હતો. સ્વામીશ્રી પોતાને ગામ પધાર્યા તેથી પોતાનાં અહોભાગ્ય માની સૌ સેવા-સમાગમનો લાભ લેવા તત્પર થઈ ગયા. દૂધપાક-પૂરીની રસોઈ કરાવી. ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. બપોરની કથામાં શ્રી જાગા ભક્ત સ્વામી ગ.પ્ર. ૨૧મું વચનામૃત વાંચતા હતા. સ્વામીશ્રી બાજુમાં પોઢ્યા હતા. કથા પ્રસંગે ભાયાભાઈએ જાગા ભક્તને પ્રશ્ન પૂછ્યો : ''અક્ષરનાં બે સ્વરૂપ ક્યાં ? મહારાજની સેવામાં જે અક્ષર રહ્યા છે અને આ લોકમાં મહારાજની સાથે જે અક્ષર આવ્યા છે તે અક્ષર કયા ?''

ત્યારે જાગા ભક્તે કહ્યું : "આ સૂતા છે તે જ અક્ષર મહારાજની સેવામાં પણ છે અને મહારાજ સાથે આ લોકમાં પણ પધાર્યા છે."

આ સાંભળી સ્વામીશ્રી પથારીમાં બેઠા થઈ ગયા અને બોલ્યા : "ભાયાભાઈ ! શું પ્રશ્ન પૂછ્યો ?"

ત્યારે ભાયાભાઈએ તેમનો પ્રશ્ન ફરી કહ્યો. એટલે સ્વામીશ્રી મંદ મંદ હસતાં હસતાં ચપળ નયને ભાયાભાઈ સન્મુખ જોઈને અમૃત વર્ષાવતાં બોલ્યા : "તારે હવે બીજે ક્યાં ગોતવા જાવું પડે એમ છે ? આ તારી આગળ બેઠા છે તે જ અક્ષર-મહારાજની સેવામાં રહ્યા છે અને મહારાજ સાથે આ લોકમાં મનુષ્ય દેહ ધારીને આવ્યા છે. આ અમે તારે ગામ આવ્યા તે જ તારું ધન્યભાગ્ય માન ને ! નહિ તો ક્યાં અક્ષર અને ક્યાં આ સમઢિયાળું ગામ !"

સ્વામીશ્રીની સ્પષ્ટ વાણી સાંભળીને ભાયાભાઈને બહુ જ આનંદ થયો. સ્વામી અક્ષરનો અવતાર છે એવો ઉદ્‌ઘોષ થયો હતો પણ આજે તો સ્વામીએ પંડે જ કહ્યું કે પોતે સ્વયં મહારાજને રહેવાનું અક્ષરબ્રહ્મ ધામ છે. ભાયાભાઈને અહો અહો થવા લાગ્યું. જે અક્ષરનો સંબંધ અવતાર કોટિ, પ્રધાન પુરુષ કોટિ કે મૂળ માયા એ કોઈને નથી, એ અક્ષરનો સંબંધ આજે મને થઈ ગયો ! અહો, આ તો પુરુષોત્તમ પધાર્યા ત્યારે તેમનું ધામ આ પૃથ્વી ઉપર આવ્યું, નહિ તો અક્ષરધામ આંહીં ક્યાંથી હોય ? ભાયાભાઈ સ્વામીશ્રીના ચરણકમળમાં પડી ગયા ! આંખમાં અશ્રુ સહિત બંને કર જોડી તેમણે પ્રાર્થના કરી : "સ્વામી ! દયાળુ આપ તો સાક્ષાત્‌ ધામ છો તો મને આપ અંત સમયે તેડવા જરૂર પધારજો."

બીજે દિવસે જમીને સ્વામીશ્રી હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. સમઢિયાળાના હરિભક્તોના મનોરથો પૂરા કરી, સ્વામીશ્રી ત્યાંથી નીકળી વિપ્રના સમઢિયાળે પધાર્યા. અહીં પણ એક દિવસ રહ્યા; રસોઈ જમ્યા અને ગામમાં દરેક હરિભક્તને ઘેર પધરામણીએ પધાર્યા. પછી ત્યાંથી નીકળીને સ્વામીશ્રી માણસા પધાર્યા.

અહીં વાલેરા વરુએ સ્વામીશ્રી તથા સંઘને પોતાના દરબારમાં ઉતારો આપ્યો. ઉત્તમ રસોઈ કરાવી સૌને જમાડ્યા. સાંજે સ્વામીશ્રી માણસાથી નીકળ્યા.

સ્વામીશ્રી માણસાથી ભુંડણી જવા નીકળ્યા. ભુંડણીના હરિભક્તો હાદો ભક્ત, ખીમો ભક્ત, અમરો ભક્ત વગેરે સ્વામીશ્રી તથા સંઘનું સામૈયું કરવા ગયા. આથમણી કોરે ફાસરિયાને કેડે સ્વામીશ્રી અને સંઘ સામો મળ્યો. 'સર્વે સખી જીવન જોવાને ચાલો રે' એ કીર્તન ગાતાં ગાતાં સામૈયું કરીને સ્વામીશ્રીને ગામમાં પધરાવ્યા. સ્વામીશ્રી પણ તેમનો ભાવ જોઈ ખૂબ રાજી થયા. હાદા ભક્તને ઘેર ઉતારો કર્યો. ત્યાં રસોઈ કરી સૌને જમાડ્યા. પછી ઘરોઘર પધરામણી કરી સૌ હરિભક્તોને રાજી કર્યા.

ભુંડણીથી નીકળી સ્વામીશ્રી ગામ બારમણા પધાર્યા. અહીં પણ હરિભક્તોને ઘેર પોતે પધાર્યા અને સૌને રાજી કર્યા. બપોરે રસોઈ જમીને થોડો આરામ કર્યો. તે સમામાં મહુવાના હરિભક્તો દામોદરભાઈ, ફૂલચંદ શેઠ તથા એક જૈન શેઠ ત્યાં આવ્યા. રસ્તામાં આવતાં જૈન શેઠના પગમાં સર્પ વીંટાઈ ગયો પણ તેમને કરડ્યો નહિ. છતાં તેમને થયું કે આવા શુભ કામ માટે જઈએ છીએ તો પણ આમ કેમ થતું હશે ? સ્વામીશ્રી જાગ્યા એટલે તેમણે ત્રણેએ વિનંતી કરી કે ''સ્વામી ! અમારા ગામ મહુવા પધારો.''

પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : ''હવે અમારે જૂનેગઢ જવાની ઉતાવળ છે એટલે મહુવા ફરી આવીશું.'' એટલે તે ત્રણેય હરિભક્તોએ ફરી પ્રાર્થના કરી કે ''સ્વામી ! ભલે જૂનાગઢ જવાનું મોડું થાય પણ મહુવા પધારો.''

તેમનો આગ્રહ જોઈ સ્વામીશ્રીએ મહુવા જવાનું નક્કી કર્યું. તે પ્રમાણે બીજે દિવસે મહુવા જવા નીકળ્યા. પરંતુ ગામ ચોતરા આવ્યું ત્યાં ત્યાંના હરિભક્તો રસો તથા મૂળો આડા ફર્યા અને સ્વામીને ગામમાં પધારવા વિનંતી કરી. તેથી સ્વામીશ્રી ગામમાં પધાર્યા. ત્યાં રસોઈ કરી જમ્યા. ઘેર ઘેર પધરામણી કરી અને પછી ત્યાંથી નીકળી કોવૈયા પધાર્યા.

અહીંના હરિભક્તો રાધા ભક્ત તથા નાજા ભક્ત તરત જ સીધાની તમામ સામગ્રી લઈ આવ્યા. સ્વામીશ્રી પોતાના આસને આડે પડખે થયા હતા. એટલામાં નાજા ભક્તનો પુત્ર દેસુર ત્યાં આવ્યો. તે સ્વામીશ્રીને દંડવત્ કરતો જાય અને બોલતો જાય :

'કોટે બાંધો કેડિયું લ્યો સ્વામિનારાયણ નામ,
હરિ ઝાલે હાથડો પહોંચાડે અક્ષરધામ;

તારી વાડીનો તું ધણી, લીલી રાખે નાથ,
ઓર્યામાંથી ઉગારજો ને આડા દેજો હાથ.'

આ કીર્તન સાંભળી સ્વામીશ્રી પથારીમાં બેઠા થઈ ગયા અને બોલ્યા : "અહોહો ! આ તો પોપટ છે ને શું ? આને તો બહુ આવડશે." એમ કહીને કહ્યું : "એ સાખી ફરી બોલો !" ત્યારે તે ફરી બોલ્યો. પછી સ્વામીશ્રીએ કહ્યું : "અમે તો તમારી સીમમાં જોયું પણ ક્યાંય લીલું ભાળ્યું નહિ !"

ત્યારે નાજા ભક્તે કહ્યું : "મહારાજ ! લીલું કરવું કે નિપજાવવું એ તો તમારા હાથમાં છે."

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : "ઓણ વરસાદની તાણ છે પણ બીજા ગામ કરતાં તમારા ગામમાં સારું નીપજશે."

એટલી વાત કરી ત્યાં 'વાસુદેવ હરે' થયા એટલે સ્વામીશ્રી જમવા પધાર્યા. સાંજે ગામમાં સૌ હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા અને સૌના મનોરથ પૂરા કર્યા. પછી ત્યાંથી નીકળી સ્વામીશ્રી સંઘ સાથે રામપરે પધાર્યા.

આ તો ગોકુળ ગામનો કટકો છે

રામપરામાં કાળુ ભક્તની બહેન ધકુ તથા ભત્રીજી જસુને ઘેર સ્વામીશ્રી પધાર્યા. અહીં બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી સૌ સંતોને જમાડ્યા. પછી સૌ હરિભક્તોને ઘેર સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. સ્વામીશ્રીએ આ ગામના હરિભક્તોના પ્રેમની પ્રશંસા કરતાં કહ્યું : "આ ગામ તો ગોકુળ ગામનો કટકો છે." પછી ત્યાંથી નીકળી સ્વામીશ્રી ગામ ભસાદર પધાર્યા.

સ્વામીશ્રી પધાર્યા તેથી અહીંના હરિભક્તો મેણસી ભક્ત તથા જેઠો વણજર અત્યંત રાજી થયા. રસોઈ જમી સૌને ઘેર સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા. સ્વામીશ્રી જે જે ગામ પધારતા તે તે ગામના હરિભક્તોને સ્વામીશ્રી તથા સંતો અને હરિભક્તો પ્રત્યે એટલી આત્મીયતા થઈ ગઈ હતી કે પોતાને ગામ પોતાના અંતરના સગા પધાર્યા હોય તેવો આનંદ તેમને થતો. તેમની સેવા કરી પોતાને ધન્ય માનતા. મહિમાનો આ અંચળો સ્વામીશ્રીએ તેમને ઓઢાડ્યો હતો. ભલાભોળા આ હરિભક્તો જ્યારે જૂનાગઢ આવતા

ત્યારે સ્વામીશ્રી તેમની સાથે, તેમના વ્યવહાર સાથે, એટલા બધા તન્મય થઈ જતા કે તેમને એમ જ થતું કે સ્વામીશ્રી જ આપણા વહાલા સગા છે. તેમના વ્યવહારની સ્વામીશ્રી અનેક પ્રકારે રક્ષા કરતા, તેમને સાદી-સરળ ભાષામાં જ્ઞાન વાતો પણ કરતા. સ્વામીશ્રીના આવા પ્રેમથી સત્સંગ તેમના અંતરમાં પ્રધાન થઈ ગયો હતો. સ્વામીશ્રી જ પોતાના યોગ અને ક્ષેમના વાહક છે એવી દૃઢ પ્રતીતિ તેમને થઈ ગઈ હતી. તેથી જ્યારે જ્યારે સ્વામીશ્રી પોતાને ગામ પધારતા અથવા તો સ્વામીશ્રીની આજ્ઞાએ કોઈ સેવા કરવાનો પ્રસંગ આવતો, ત્યારે પોતાનું સર્વસ્વ સ્વામીશ્રીના ચરણકમળમાં તેઓ ન્યોચ્છાવર કરી દેતા. ગામડાના ભોળા ભક્તોની આ ભક્તિથી સ્વામીશ્રી પણ તેમના ઉપર અત્યંત પ્રસન્ન રહેતા.

સ્વામીશ્રી ભસાદરથી ગામ ભેરાઈ પધાર્યા. સંત અને હરિભક્તોના સંઘ સાથે, મહુવાના હરિભક્તો પણ હતા. સ્વામીશ્રી એક રાત ભેરાઈમાં રહ્યા. બીજે દિવસે જમીને સ્વામીશ્રી પાટ ઉપર વિરાજ્યા. પછી વાત કરતાં કહ્યું : "જેને સત્સંગનો અને કલ્યાણનો ખપ છે તેવા હરિભક્તો તો પોતાને પગે એરું વીંટાઈ જાય તોય અમારી વાંસે વાંસે ફરે છે." આ સાંભળી મહુવાના જૈન શેઠને મનમાં થયું કે સ્વામી સર્વજ્ઞ હોય તેમ લાગે છે. સાંજે સ્વામીશ્રી ભેરાઈથી નીકળી ગામ દેવડે પધાર્યા.

અહીંના હરિભક્તો કાળુ ભક્તના ભાઈ લુંભા ભક્ત તથા રામ ભક્ત અને કાળુ ભક્તના પુત્ર લાખા ભક્ત વગેરેને સ્વામીશ્રી પ્રત્યે અનન્ય નિષ્ઠા અને પ્રેમ હતાં. પોતાને ઘેર સ્વામીશ્રીની પધરામણી કરી તેમણે સો રાળ ભેટ મૂક્યા. પછી ત્યાંથી સ્વામીશ્રી સામેના ગામ જોલાપર પધરામણીએ પધાર્યા. સ્વામીશ્રી ફક્ત એક જ દિવસ રોકાવાના હોવાથી બંને ગામના હરિભક્તોએ ભેગા મળીને રસોઈ તૈયાર કરાવી હતી. સ્વામીશ્રી તેમનો આવો સંપ અને સુહૃદભાવ જોઈ બહુ જ રાજી થયા અને બોલ્યા : "આજ તો બે ગામની રસોઈ જમ્યા એટલે પેટ ઠરી ગયું." પછી સ્વામીશ્રી ત્યાંથી નીકળી સાંજણવાવ પધાર્યા.

અહીં જમીને ગામમાં સૌ હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. પછી મહુવા જવાનું નક્કી કર્યું. સાંજે મહુવા જવા નીકળ્યા. અર્ધે રસ્તે પહોંચ્યા ત્યારે ઘોડી એકાએક અટકી એટલે સ્વામીશ્રીએ હરિભક્તોને પૂછ્યું :

"અહીં કોઈ જગ્યાએ મહાદેવનું મંદિર છે ?"

ત્યારે હરિભક્તોએ કહ્યું : "હા, સ્વામી ! અહીં નજીક જ મંદિર છે."

એટલે સ્વામીશ્રી તે તરફ પધાર્યા. અહીં આવી મહાદેવના મંદિરમાં બેસી સ્વામીશ્રીએ ઘણી જ્ઞાન વાર્તા કરી. પછી સ્વામીશ્રીએ કહ્યું : "થોડા સમય બાદ આ મહાદેવજીનું માહાત્મ્ય વધી જશે." પછી ત્યાંથી ઊઠીને પોતે ઘોડી ઉપર બેઠા અને સૌ સંઘ સાથે રાત્રે મહુવા પધાર્યા.

પોતાના પ્રિય શિષ્ય શ્રી પ્રાગજી ભક્તનું આ ગામ એટલે સ્વામીશ્રીએ બહુ જ પ્રસન્નતા બતાવી. ભગતજી પણ સાથે હતા. અહીં ગામમાં સૌ ભક્તોને ત્યાં પધરામણીએ પધાર્યા. સૌને રાજી કર્યા. અહીં બે દિવસ રહ્યા અને સૌ હરિભક્તોને ઘણું સુખ આપ્યું. ત્રીજે દિવસે સાંજે ડુંગર પધાર્યા. ડુંગરમાં હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા અને પછી ત્યાંથી નીકળી રાજુલા પધાર્યા.

અહીં સોની હરિભક્ત ભગાભાઈ તથા જેઠાભાઈ, લખમણ સુથાર, ગોબર ભક્ત તેમજ રાજગોર જસાગોર વગેરેએ સ્વામીશ્રી તથા સંઘને રસોઈ આપી જમાડ્યા. પછી સૌને ઘેર સ્વામીશ્રી પધાર્યા. સૌનાં આંગણાં પાવન કર્યાં. એક દિવસ રાજુલા રોકાઈને સ્વામીશ્રી ત્યાંથી નીકળી ગામ આદસંગ પધાર્યા.

અહીંના લુંભો ભક્ત, ભોજો જાંપોદરો, રાહો દરજી વગેરે ખરેખરા નિષ્ઠાવાન હરિભક્તો હતા. સ્વામીશ્રી પોતાના ગામ પધારે છે તે સમાચાર મળ્યા એટલે ગામના તમામ હરિભક્તોને તેડી, વાજિંત્રો લઈ 'રાજે ગઢપુર મહારાજ...' એ કીર્તન ગાતાં ગાતાં આગરીઆને માર્ગે તેઓ સૌ સામા ગયા. ત્યાં સ્વામીશ્રી અને સંઘના આવવાની રાહ જોતા, કીર્તનોની રમઝટ બોલાવતા સૌ ઊભા રહ્યા. થોડી વારે સૌને ઘોડી ઉપર આવતા સ્વામીશ્રીનાં તથા સંઘનાં દર્શન થયાં. એટલે તરત જ સૌ પૃથ્વી ઉપર પડી દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. સાંજનો સમય થઈ ગયો હતો એટલે મશાલો ચેતાવી. સ્વામીશ્રી સૌને મળ્યા. કીર્તનો સાંભળી રાજી થયા. પછી બોલ્યા : "તમારો દીકરો કીર્તનો સારાં ગાય છે. રાગ પણ દૂધમલિયો છે." એમ લાધા ભક્ત સાથે વાતો કરતાં કરતાં ગામમાં પહોંચ્યા અને લાધા ભક્તને ઘેર ઉતારો કર્યો. અહીં સ્વામીશ્રીએ પાટ ઉપર વિરાજી ઘણી વાતો કરી.

પછી રાત્રે નિયમ ચેષ્ટા કરી સૌ પોઢી ગયા.

બીજે દિવસે સવારે પણ સ્વામીશ્રીએ વાતો કરી. પછી રસોઈ થઈ એટલે ઠાકોરજીને થાળ ધરાવી જમ્યા બાદ કથા કરી આરામ કર્યો.

ચાર વાગે હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. પહેલાં મેણસી વાઘને ઘેર પધરામણીએ પધાર્યા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : "ક્યાં છે મેણસી ?"

એટલે તેના સંબંધીએ કહ્યું : "સ્વામી ! એ તો માંદા છે અને બેઠા થઈ શકતા નથી."

એટલે સ્વામીશ્રી તે જ્યાં સૂતા હતા ત્યાં પધાર્યા. મેણસીને જોઈને કહ્યું : "હવે આ તમારા કાંથડની વાસના છોડીને મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડો. મહારાજ તરત તેડવા પધારશે."

એટલે તેણે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! મારે હવે ક્યાંઈ વાસના નથી. માટે મહારાજને કહો કે મને ધામમાં તેડી જાય."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "આજે રાત્રે જ મહારાજ તેડી જશે." એ પ્રમાણે તેને આશીર્વાદ આપી સ્વામીશ્રી ઉતારે પધાર્યા. ત્યાં તો સમાચાર મળ્યા કે મેણસી ભગત ધામમાં ગયા. મહારાજ વિમાન લઈને તેડવા પધાર્યા હતા તે દર્શન ઘણાંને થયાં !

કુંડલામાં હિપા ખુમાણને ત્યાં

અહીં સ્વામીશ્રી જ્ઞાનવાર્તા કરતા હતા એટલામાં કુંડલાથી બુદ્ધિમંત હિપો ખુમાણ સ્વામીશ્રીને કુંડલા લઈ જવા તેડવા આવ્યા. તેનો અત્યંત ભાવ જોઈ સ્વામીશ્રીએ કુંડલા જવાનું નક્કી કર્યું. સ્વામીશ્રી સાવરકુંડલા પધાર્યા તેથી ત્યાંના હરિભક્તોને પણ બહુ જ આનંદ થયો. હિપા ખુમાણના દરબારમાં સ્વામીશ્રી ઊતર્યા. સુંદર રસોઈ બનાવી ઠાકોરજીને ધરાવી સૌ જમ્યા. ત્યાર બાદ સાંજે સ્વામીશ્રી ગામમાં પધરામણીએ પધાર્યા. બીજે દિવસે કુંડલાથી સ્વામીશ્રી નીકળ્યા અને હાથસણી પધાર્યા.

અહીંના હરિભક્તોનો પણ બહુ જ આગ્રહ હતો એટલે સ્વામીશ્રી રોકાયા. રસોઈ માટેની સર્વ સામગ્રી હરિભક્તો લાવ્યા એટલે રસોઈ કરી ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. ત્યારબાદ સૌ હરિભક્તોને ઘેર

પધરામણીએ પધાર્યા. પછી ત્યાંથી નીકળ્યા. રસ્તામાં કંટાળાના ઢુવા જોઈ સ્વામીશ્રી બોલ્યા : "અમે અહીં ગોદડિયું સૂકવતા. હજુ લીરા લટકતા હશે." સ્વામીશ્રી કૃપાનંદ સ્વામીના મંડળમાં ફરતા ત્યારે સંતોની સેવા પોતે કરતા, સૌની ગોદડિયું ધોઈ નાખતા તે પ્રસંગની સેવાની સ્મૃતિ કરી. સૌને એવો સેવાધર્મ શીખવાનું સમજાવ્યું.

બુરાનપુરના હરિભક્તો દર્શને

આ પ્રમાણે રસ્તામાં વાતો કરતાં કરતાં સમઢિયાળા આવ્યું. અહીંના હરિભક્તો હીરજી, પ્રેમજી, રામ વગેરે તમામ ભેગા થઈ ગયા અને સ્વામીશ્રીને સુંદર ઉતારો આપ્યો. અહીં સ્વામીશ્રી સભામાં વિરાજ્યા હતા અને વાતો કરતા હતા ત્યાં બુરાનપુરના હરિભક્તો સભામાં આવ્યા. બુરાનપુરના આ વણિક હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન કરવા જૂનાગઢ ગયા હતા. પરંતુ સ્વામીશ્રી નાઘેર અને બાબરિયાવાડમાં વિચરે છે તે સમાચાર મળતાં તેઓ સ્વામીશ્રીને શોધતાં શોધતાં અહીં ભેગા થઈ ગયા. સ્વામીશ્રીને દંડવત્ કર્યા અને પાસે આવ્યા એટલે તરત જ સ્વામીશ્રીએ તેમને ઓળખી લીધા. ઠેઠ બુરાનપુરથી અહીં આવ્યા તેવી તેમની શ્રદ્ધા જોઈ, સ્વામીશ્રી અત્યંત રાજી થયા. પછી ત્યાંના કેટલાક હરિભક્તોનાં નામ તથા તેમના કુશળ સમાચાર સ્વામીશ્રીએ પૂછ્યા અને કહ્યું : "અમે બુરાનપુરમાં તો ઘણી વખત આવ્યા છીએ અને મહારાજના મહિમાની ઘણી વાતો કરી છે."

એ પ્રમાણે વાતો કરતા હતા ત્યાં 'વાસુદેવ હરે' થયા એટલે તેમને જમવા બેસાર્યા. પોતે જમતા જાય અને તેમને પ્રસાદી આપતા જાય. આ પ્રમાણે આ હરિભક્તો ઉપર પોતાની પૂર્ણ કૃપા તેમણે બતાવી. આ હરિભક્તોને પોતાની અલૌકિક મૂર્તિનું સુખ આપી સ્વામીશ્રીએ તેમને બુરાનપુર જવા રજા આપી.

બીજે દિવસે સ્વામીશ્રી ત્યાંથી નીકળ્યા. ત્યાંના તમામ હરિભક્તો સ્વામીશ્રીને વળાવવા નીકળ્યા. એટલામાં કાળો તથા નાથો બંને ભાઈઓ પોતાના નાના પુત્રોને લઈને દોડતા આવ્યા. સ્વામીશ્રીના પગે પડી તેમણે કહ્યું : "સ્વામી ! આ દીકરાને વર્તમાન ધરાવવાના છે."

એટલે સ્વામીશ્રીએ તરત જ જળ મંગાવ્યું અને તેમના નાના દીકરાને વર્તમાન ધરાવ્યાં. પછી ત્યાંથી સૌ ચાલ્યા અને ગામ આંબરડી પધાર્યા. અહીં સ્વામીશ્રી જીવા દેસાઈને ત્યાં ઊતર્યા. બપોરે રસોઈ જમી, સૌને ઘેર પધરામણીએ પધાર્યા. પછી સ્વામીશ્રી ત્યાંથી નીકળી હામાપર પધાર્યા.

હામાપરમાં સ્વામીશ્રી આહીર દેસુર કરસનને ઘેર ઊતર્યા. કરસન બાંભણિયો, દેસુર બાંભણિયો, પાંચો બાંભણિયો તેમજ બીજા હરિભક્તોના મનોરથો પૂરા કરી, સ્વામીશ્રી હામાપરથી નીકળ્યા અને ગામ બગસરા પધાર્યા.

બગસરામાં માધવચરણદાસજી અને માધવપ્રિયદાસજી ભેગા થયા. આ વખતે સ્વામીશ્રીનું શરીર લાંબો વખત ઘોડી ઉપર બેસીને જકડાઈ ગયું હતું. સ્વામીશ્રી અહીં આવીને તરત જ બહિર્ભૂમિ જઈ આવ્યા. પછી માધવપ્રિયદાસજીએ કૂવાના કાંઠા ઉપર પાટલો નાખી દીધો અને સ્વામીશ્રીને ખૂબ ચોળીને નવરાવ્યા. તે વખતે આંકડિયાના હરિભક્તો ત્રવાડી મકન તથા રૂગનાથ દર્શન કરવા આવ્યા હતા. સ્વામીશ્રી ઊભા થઈને શરીર લૂછતા હતા. આ બંને હરિભક્તોએ સ્વામીશ્રીના શરીર ઉપર ઘણા તલ જોયા. પછી સ્વામીશ્રી કોરાં વસ્ત્ર પહેરી મંદિરમાં પધાર્યા.

અહીં સથવારા હરિભક્તો કલોભાઈ તથા વેલોભાઈ બાજરાના ડૂંડાંનો કૂણો પોંક લાવ્યા. તે સ્વામીશ્રી જમ્યા. પછી સ્વામીશ્રીએ કલાભાઈને કહ્યું : “તમારા છોકરા હવે મોટા થયા છે માટે તમે હવે અમારી સાથે ચાલો.”

ત્યારે તેણે કહ્યું : “સ્વામી ! હું તમારી સાથે આવું તો લોકો કહેશે કે દીકરા ઉપર કરજ મૂકીને વયા ગયા.”

એટલે સ્વામીશ્રીએ કહ્યું : “તમારું કરજ અમે ચુકાવી દઈએ.”

એમ કહી બોલ્યા : “ક્યાં ગયા પુરુષોત્તમદાસ ? લાવો રૂપિયા ! આનું કરજ ચુકાવી દઈએ. એટલે તે આપણી સાથે આવે.”

સ્વામીશ્રીની આવી કૃપા જોઈ કલાભાઈ ગદ્‌ગદ થઈ ગયા. તેમને થયું જીવને ભગવાન ભજાવવાનું અને તેમનું કલ્યાણ કરવાનું સ્વામીશ્રીને કેટલું તાન છે !

પછી તેણે કહ્યું : “સ્વામી ! ઓણ વાઢ કર્યો છે તેથી કરજ દેવાઈ જાશે, ત્યાર પછી હું આવીશ.”

આ બંને સાધુ થાય એવા છે

એટલામાં ત્યાં જાળિયેથી જેઠાભાઈ તથા વાંકિયાથી અરજણભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગ્યા એટલે સ્વામીશ્રીએ તેમને માથે હાથ મૂક્યા. પછી બોલ્યા : "આ બંને સાધુ થાય એવા છે."[૧૩૦] પછી કહ્યું : "છોકરાઓ ! ભણજો."

ત્યારે તે બંનેએ કહ્યું : "સ્વામી ! ભણીએ છીએ પણ કાંઈ આવડતું નથી."

તેથી સ્વામીશ્રીએ અરજણભાઈને વાંસો થાબડીને કહ્યું : "બેય જણા ભણજો, ભણજો, આવડશે. આ છોકરો તો સાધુ થઈને અમારા જૂનાગઢ મંદિરની મહંતાઈ કરશે. બહુ અનુભવી છે."

ત્યારબાદ સ્વામીશ્રી ગામમાં પધરામણીએ પધાર્યા. સ્વામીશ્રીએ બગસરાના હરિભક્તોના મનોરથો પૂરા કર્યા. પોતાની દિવ્યમૂર્તિનું તેમને સુખ આપ્યું અને પછી ગામ જૂની હળિયાદ પધાર્યા.

હળિયાદના હરિભક્તો આંબો પટેલ, ભગાભાઈ, જીવાભાઈ વગેરે સ્વામીશ્રી પધાર્યા તેથી બહુ જ રાજી થયા. બીજે દિવસે સૌએ રસોઈ આપી ઠાકોરજીને જમાડીને ત્યાંના હરિભક્તોને ઘેર સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા.

ભગાભાઈના દીકરા માવા ભગતને સ્વામીશ્રીએ વર્તમાન ધરાવ્યાં અને તેને આશીર્વાદ આપતાં કહ્યું : "આ દીકરો બહુ સારો ભગત થશે, ન્યાતમાં તથા રાજ્યમાં પણ તેનું સન્માન થશે અને ગામમાં પણ લોકો તેની સલાહ લઈ કામકાજ કરશે."

સ્વામીશ્રીના આશીર્વાદ પ્રમાણે માવાભાઈની એવી પ્રતિષ્ઠા જામી ગઈ. જીવાભાઈ સ્વામીશ્રીને પગે લાગવા આવ્યા. વૃદ્ધ અવસ્થા હતી એટલે સંકલ્પ-વિકલ્પ ઘણા થતા હતા. તેથી સ્વામીશ્રીએ તેમને કહ્યું : "જીવાભાઈ ! મૂંઝાશો નહિ. મહારાજ ભેગા અમે તમને તેડવા આવીશું." તેના મનનું સ્વામીશ્રીએ કહી દીધું એટલે જીવાભાઈને પણ શાંતિ થઈ ગઈ !

૧૩૦. સ્વામીના વચન અનુસાર જેઠાભાઈ સાધુ થયા અને તેમનું નામ નિર્ગુણદાસ પાડ્યું અને અરજણભાઈ સાધુ થયા અને નારાયણદાસ નામ ધારણ કર્યું.

મુક્તાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામી પાસે ગીતાનો પાઠ લે છે

સ્વામીશ્રી જૂની હળિયાદથી નીકળી ઓજત નદીને મથાળે ગોરવિયાવી ગામે પધાર્યા. અહીં ઓજત નદીમાં શ્રીજીમહારાજે જ્યાં સ્નાન કર્યું તે જ આરે સ્વામીશ્રીએ સ્નાન કર્યું અને સૌ સંતોને પણ ત્યાં નાહવાની આજ્ઞા કરી. પછી સ્વામીશ્રી ત્યાં સભા કરીને વિરાજ્યા. સભામાં વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : "શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા જીવમાં બેસવી તે કાંઈ જેવું તેવું કામ નથી. એ તો મહારાજની કૃપા થાય અને પૂર્વ સંસ્કાર હોય તો જ બેસે." એટલી વાત કરીને બોલ્યા : "એક વખત શ્રીજીમહારાજે ચાર સદ્‌ગુરુઓ - મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને ચૈતન્યાનંદ સ્વામીને બીજા પચાસ સંતોને લઈને વઢવાણ મોકલ્યા. અહીં મૂળજીભાઈના માળબંધ બે ઓરડા હતા. એટલે નીચેના બે ઓરડામાં બ્રહ્માનંદ સ્વામી અને ચૈતન્યાનંદ સ્વામી તેમના સાધુઓ સાથે ઊતર્યા અને ઉપરના બે ઓરડામાં મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી ઊતર્યા. અહીં મુક્તાનંદ સ્વામી નિત્યાનંદ સ્વામી પાસે રોજ ગીતા ભાષ્યનો પાઠ લેતા. એક વખત મુક્તાનંદ સ્વામી નિત્યના નિયમ પ્રમાણે નિત્યાનંદ સ્વામી પાસે પાઠ લેવા આવ્યા ત્યારે નિત્યાનંદ સ્વામીએ તેમને પૂછ્યું : "સ્વામી ! શ્રીજીમહારાજને આપણે કેવા જાણવા ?"

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ તો વૃષ્ણીકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણ વાસુદેવ છે. આજે તે શ્રીકૃષ્ણ સ્વયં આપણે માટે પ્રગટ થયા છે."

તે સાંભળી નિત્યાનંદ સ્વામી થોડા ઊંડા ઊતરી ગયા. પછી ધીરે રહીને બોલ્યા : "સ્વામી ! શ્રીકૃષ્ણ વાસુદેવથી પર અને તેના પણ કારણ એવા અક્ષરાતીત મહારાજ પોતે પુરુષોત્તમનારાયણ છે. હું તો આમ સમજું છું અને મહારાજે પણ આ પ્રમાણે ઘણી વખત ખુલ્લે ખુલ્લી અને ઘણી વખત ગર્ભિત રીતે વાત કરી છે." પરંતુ મુક્તાનંદ સ્વામીને આ વાત અંતરમાં ન પેઠી.

તે સાંજે મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી બંને બ્રહ્માનંદ

સ્વામી પાસે ગયા અને તેમને નિત્યાનંદ સ્વામીએ આ પ્રશ્ન પૂછ્યો અને કહ્યું : "મારે અને મુક્તાનંદ સ્વામીને આ પ્રમાણે ચર્ચા થઈ છે. પણ હવે તમે એનો ઉત્તર કરો." ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ એવો ઉત્તર કર્યો કે બંનેનો જવાબ સાચો ઠરે. મુક્તાનંદ સ્વામીને તેથી સમાધાન થયું નહિ. તેમણે વિચાર કર્યો કે મહારાજ જ્યારે ભેગા થશે ત્યારે આ પ્રશ્ન પૂછીશું.

થોડા દિવસ બાદ મહારાજ જ્યારે નાગડકા પધાર્યા ત્યારે આ ચારે સદ્‌ગુરુઓને ત્યાં તેડાવ્યા. ચારે સદ્‌ગુરુઓ મહારાજ પાસે આવ્યા. દંડવત્ કરીને પાસે બેઠા. મહારાજે તેમના કુશળ સમાચાર પૂછ્યા. પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને વઢવાણમાં થયેલ પ્રશ્ન પૂછ્યા અને તેનો નિત્યાનંદ સ્વામીએ તથા બ્રહ્માનંદ સ્વામીએ જે ઉત્તર કર્યો હતો તે પણ કહ્યો.

પછી મહારાજે કહ્યું : "જેમ નિત્યાનંદ સ્વામી સમજે છે, તેમ આજથી તમે સમજો."

તે સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આ વાત કોઈ શાસ્ત્રમાં હશે ?"

તે સાંભળી મહારાજ હસ્યા. પછી મહારાજે કહ્યું : "શાસ્ત્રો તો કોઈ મોટાપુરુષોએ રચ્યાં હશે. તે ઋષિ મુનિઓએ જે આગળ લખ્યું હોય તે સત્ય અને અમે કહીએ તે સત્ય નહિ એમ ને ? એટલે હવે જ્યારે શાસ્ત્ર અમને ભગવાન કહે, ત્યારે તમે અમને ભગવાન માનજો."

આ સાંભળી મુક્તાનંદ સ્વામી અવાચક્ બની ગયા ! થોડી વાર પછી બે હાથ જોડી મહારાજને કહ્યું : "મહારાજ ! આપ સાચું કહો છો. અમે શાસ્ત્રની તંતીમાં બંધાયેલા એટલે શાસ્ત્રોનો વિશ્વાસ આવે અને આપ પ્રગટ પ્રમાણ કહો તે ન મનાય. પરંતુ આજથી આપના વચને હું આપને સર્વોપરી સર્વ અવતારના અવતારી પ્રગટ પ્રભુ માનીશ." એટલું કહીને વળી બોલ્યા : "પ્રગટને ઓળખવા તે ઘણું કઠણ છે. આગળ પણ જે અવતારો થયા તેમને તેમના સમયમાં કોઈએ પરબ્રહ્મ નથી કહ્યા. પણ પાછળથી જ્યારે શાસ્ત્રો લખાયાં ત્યારે શાસ્ત્રકારોએ તેમને પરબ્રહ્મ વર્ણાવ્યા." આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીની ભ્રાંતિ મહારાજે ભાંગી.

સ્વામીશ્રીએ આગળ વાત કરતાં કહ્યું : "શ્રીજીમહારાજના સ્વરૂપ વિષે પણ આપણા સદ્‌ગુરુઓએ શાસ્ત્રો લખ્યાં તેમાં કેવું લખ્યું છે તે તો

વિચારો. વચનામૃત વરતાલ ૧૮માં લખ્યું છે કે એ પરોક્ષ જે શ્રીકૃષ્ણ ભગવાન તે જ આ ભક્તિધર્મના પુત્ર શ્રીજીમહારાજ છે એમ ગોઠવી દીધું. સૌએ તે માની પણ લીધું. પરંતુ આ અક્ષરપતિ પુરુષોત્તમ સ્વયં આ બ્રહ્માંડ ઉપર દયા કરીને પધાર્યા અને શુદ્ધ એકાંતિક ધર્મ પ્રવર્તાવવા સારુ પોતાની સાથે અક્ષરમુક્તોને પણ લાવ્યા. જાત અને કુજાત જોયા સિવાય જે જે પોતાના સંબંધમાં આવ્યા તેનું કલ્યાણ કર્યું. કાળ અને માયાને માથે પગ મૂકી મુમુક્ષુઓ માટે અક્ષરવાટ વહેતી કરી દીધી.'' આ પ્રમાણે સ્વામીશ્રીએ ઘણી જ વાતો કરી સૌને અલૌકિક સુખ આપ્યું. ગોરવિયાવીમાં એક રાત રહ્યા. સવારે વહેલા ઊઠી સ્નાનાદિક ક્રિયાથી પરવારી ત્યાંથી નીકળ્યા અને બળિયાવડ થઈને જૂનાગઢ પધાર્યા.

લગભગ દોઢ માસ ફરી સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા એટલે સંતો હરિભક્તોને તો જાણે ઘણાં વર્ષોના વિયોગનો અંત આવ્યો હોય તેવો આનંદ થયો. સ્વામીશ્રી સૌને મળ્યા, સૌના ખબર પૂછ્યા. પછી દેશમાં ફરવા ગયા હતા એ બધી વાતો સ્વામીશ્રીએ વિગતે કરી. એટલામાં આરતીનો ડંકો થયો તે દર્શને પધાર્યા. રાજભોગની આરતીનાં દર્શન કરી સ્વામીશ્રી ભંડારમાં જમવા પધાર્યા.

કાળસરીના હીરા ભક્ત

સ્વામીશ્રી જમીને સભામાં પધાર્યા અને પોતાને આસને વિરાજમાન થયા. પછી એક પાર્ષદને બોલાવી પૂછ્યું : ''કાળસરીના હીરા ભગતને જમાડ્યા ?''

ત્યારે તે પાર્ષદે ભંડારમાં જઈ આવીને કહ્યું : ''હા, સ્વામી ! જમે છે.''

એટલે સ્વામીશ્રી બહુ જ રાજી થયા. પોતાના આશ્રિતની પળે પળની સંભાળ સ્વામીશ્રી રાખતા અને ખાસ કરીને મંદિરમાં જે મહેમાનો આવતા તેમની સંભાવના તો સ્વામીશ્રી અચૂક કરતા. હીરાભાઈ કાળસરીના કોળી હરિભક્ત હતા. સ્વામીશ્રી જ્યારે કાળસરી પધારતા ત્યારે સેવામાં તત્પર થઈ જતા અને કાળસરીથી સ્વામીશ્રીને ઊના જવાનું હોય ત્યારે પોતે કેટલાક કોળી હરિભક્તોને લઈ સાથે જતા. રસ્તો વિકટ અને ગીરના

જંગલમાં થઈને જતો એટલે ઠેઠ ઊના સુધી સ્વામીશ્રીની સાથે જતા. આ વખતે પણ સ્વામીશ્રીની સાથે તે ઊના ગયા હતા અને ત્યાંથી સ્વામીશ્રી તેમને જૂનાગઢ પોતાની સાથે લઈ આવ્યા હતા. તેમની સેવાથી તેમના ઉપર પ્રસન્ન થઈ સ્વામીશ્રીએ ઘણી વાર તેમને માથે બે હાથ મૂક્યા હતા, તેમજ પ્રસાદીના હાર પણ આપ્યા હતા. સ્વામીશ્રીની આ કૃપાથી અને શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠાથી ગામમાં સૌ તેમને 'ભગત' કહીને જ બોલાવતા.

એક વખત તેમના ગામના વાણિયે તેને મશ્કરીમાં કહ્યું : "એલા હીરા ! તને તથા પૂજાને ગામના લોકો ભગત કહે છે તે કાંઈ કોળીમાં તે વળી ભગત હોતા હશે ? ભગત તો નરસિંહ મહેતો ખરા કે જેને ભગવાને હાર આપ્યો."

તે સાંભળી હીરા ભગતે કહ્યું : "એ બાપડા નરસિંહ મહેતાએ તો આખી રાત કાલાંવાલાં કર્યાં ત્યારે તેને એક વાર હાર આપ્યો અને તે પણ અદ્ધરથી પડતો મૂક્યો અને આ ભગતને તો ભગવાને ઘણી વાર હાથોહાથ હાર આપ્યા છે અને માથે હાથ મૂક્યા છે."

હીરા ભગતની આવી દિવ્ય મસ્તી જોઈ તે વણિક મુગ્ધ થઈ ગયા ! તેને પણ અંતરમાં તો હીરા ભક્તની ભક્તિનું અત્યંત ગૌરવ હતું પરંતુ સહેજ મશ્કરીના બે શબ્દોથી હીરા ભગતની ભક્તિના શૂરાતનનું સાચ તેને જોવું હતું !

સ્વામીશ્રી બપોરની કથા પછી પોતાના આસને પોઢ્યા હતા. તે વખતે મહુવાના પ્રાગજી ભક્ત, ફૂલચંદભાઈ, ગોરખવાળાના સુથાર હરિભક્ત લખમણનો દીકરો અરજણ, દેવજી સુથાર વગેરે પાસે બેઠા હતા. તે વખતે સૌ અંદર અંદર વાતો કરતા હતા. એટલામાં દેવજી ભક્તે કહ્યું : "આજે અનંત બ્રહ્માંડોના જીવોની મોક્ષની કૂંચી આ સૂતા છે તે સ્વામી પાસે છે એમ સૌ સમજી લેજો."

તે સાંભળી સ્વામીશ્રીએ મુખ ઉપરથી લૂગડું ખસેડ્યું અને પૂછ્યું : "કોણ વાતો કરે છે ?"

ત્યારે દેવજી ભક્તે કહ્યું : "એ તો સ્વામી હું દેવજી સુથાર."

ત્યારે સ્વામીશ્રી હસ્યા અને બોલ્યા : "મેં જાણ્યું લખમણ સુથારનો

દીકરો અરજણ વાતો કરે છે.''

એટલે દેવજી ભક્તે કહ્યું : ''સ્વામી ! એ અરજણ પણ અહીં બેઠો છે.''

આ પ્રમાણે સ્વામીશ્રીના મહિમાની વાતો ચાલતી હતી ત્યાં પંચાળાના વીરજી ભક્તે કીર્તન ઉપાડ્યું. તેની સાથે સુત્રેજના હરજીવન ઠક્કર પણ કીર્તન બોલવા લાગ્યા 'છોગાળો રસિયો હરિ છેલો, વ્હાલો ધર્મકુંવર રંગરેલો.' એ કીર્તનનાં ચારેય પદ બંને હરિભક્તો બોલ્યા. ત્યારે સ્વામીશ્રીએ ફરી પૂછ્યું : ''એ કીર્તન કોણ બોલ્યું ?''

એટલે જાગા ભક્ત સ્વામીએ કહ્યું : ''એ કીર્તનો તો સુત્રેજના હરજીવન ઠક્કર અને પંચાળાના વિપ્ર વીરજી બોલ્યા.''

એટલે સ્વામીશ્રી બેઠા થઈ ગયા. પછી કહ્યું : ''એ કીર્તનો ફરી બોલો.'' એમ એ કીર્તનો સ્વામીશ્રીએ ચાર વાર બોલાવ્યાં. પછી સ્વામીશ્રી બોલ્યા : ''અહો કેવાં ભક્તિભાવનાં આ કીર્તનો છે ?'' એમ કહી કહ્યું : ''હવે આવતા ક્યું નહિ વે શામલડા...' એ કીર્તન બોલો.''

પછી એ કીર્તન બોલ્યા.

પછી સ્વામીશ્રીએ કહ્યું : ''હવે 'ભજ્યો નહિ ભગવાન' એ બોલો.'' એમ કીર્તન-ભક્તિ થઈ ત્યાં ઠાકોરજીના ઉત્થાપનનાં દર્શન થયાં એટલે સૌ ઊઠ્યા.

✧ ✧ ✧

પ્રભુદાસ બારોટના દીકરાને જીવતો કર્યો

સંવત ૧૯૧૫ના અન્નકૂટનો ઉત્સવ કરી કેટલાંક સંતમંડળને સ્વામીશ્રીએ પ્રસાદી વહેંચવા ગામડાંઓમાં મોકલ્યા અને પોતે કેટલાક સંતો લઈને વરતાલ કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો કરવા પધાર્યા.

સ્વામીશ્રી ફરતાં ફરતાં સીંજીવાડા પધાર્યા, તે વખતે ત્યાંના ભક્ત પ્રભુદાસ બારોટના દીકરાને બહુ જ ગંભીર મંદવાડ થઈ ગયો હતો. એટલે પ્રભુદાસે વિચાર કર્યો કે સ્વામીશ્રીની પધરામણી જલદી કરી લઉં, નહિ તો દીકરો માંદો છે તે મરી જશે તો પછી સ્વામીશ્રી મારે ઘેર આવશે નહિ. એમ મનમાં વિચાર કરીને ઉતાવળા ઉતાવળા સ્વામીશ્રીને તેડવા ગયા.

સ્વામીશ્રી સંતમંડળ સહિત તેને ઘેર પધાર્યા ત્યાં તો દીકરો ધામમાં ગયો. એટલે તેના દેહ ઉપર લૂગડું ઓઢાડી પોતે સ્વામીશ્રીની પૂજા કરવા આવ્યા, પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : "પ્રભુદાસ ! તમારો દીકરો માંદો છે તો તેને અહીં લાવો. ચાંદલો કરીએ !"

ત્યારે તેણે કહ્યું : "સ્વામી ! એ અહીં આવી શકે તેમ નથી."

તરત જ સ્વામીશ્રીએ કહ્યું : "તો ચાલો આપણે તેની પાસે જઈએ."

પછી પ્રભુદાસે કહ્યું : "સ્વામી ! એ તો હમણાં જ ધામમાં ગયો."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "તે ખોટું છે અમે ક્યાં તેને તેડવા આવ્યા છીએ ?" એમ કહી સ્વામીશ્રી તે દીકરાના મૃતદેહ આગળ પધાર્યા અને તેને ઓઢાડેલું વસ્ત્ર ખસેડીને તેની છાતી ઉપર સ્વામીશ્રીએ હાથ મૂક્યો. પછી સ્વામીશ્રીએ કહ્યું : "આને તો શરદી થઈ છે તે મટી જશે. માટે કાંઈ ફિકર કરશો નહિ." પછી પોતે ઊઠ્યા અને ત્યાંથી નીકળ્યા એટલામાં જ તે દીકરો બેઠો થયો. ત્યાર પછી તે ઘણાં વર્ષ સુધી રહ્યો. આમ, ભગવાન કે ભગવાનનું ધામ અક્ષરબ્રહ્મ તેની અમોઘ શક્તિનો સામાન્ય મનુષ્યને ખ્યાલ ક્યાંથી આવે ? એ તો મહિમા સમજાય ત્યારે જ જણાય.

સ્વામીશ્રી કાર્તિક સુદ પૂનમનો સમૈયો કરી દેશમાં ફરતાં ફરતાં જૂનાગઢ પાછા પધાર્યા. સ્વામીશ્રી જ્યારે જ્યારે ગુજરાતમાંથી પાછા ફરતા ત્યારે ગુજરાતના હરિભક્તો મેવા-મીઠાઈ વગેરે સ્વામીશ્રીને આપતા તે તમામ, સ્વામીશ્રી અહીં આવી ઠાકોરજીને ધરાવી સૌ સંતોને વહેંચી દેતા. સૌ સંતો પ્રત્યે તેમને એવી આત્મીયતા હતી. સ્વામીશ્રીના આવા અકારણ સ્નેહને લઈને જૂનાગઢના સંતો પણ સ્વામીશ્રી સાથે સ્નેહના અતૂટ બંધનથી બંધાયેલા હતા.

સ્વામીશ્રીને સંતો પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. ત્યાગી થઈ શ્રીહરિની ભક્તિ અને સેવા અર્થે જીવન સર્વસ્વ અર્પણ કરનાર સંતોની તેઓ કદી ઉપેક્ષા રાખતા નહિ. સ્વામીશ્રી જ્યારે જ્યારે વરતાલ પધારતા ત્યારે ત્યાંના વૃદ્ધ સાધુઓની અસહાય સ્થિતિ જોઈ દ્રવી જતા. તેથી આવા વૃદ્ધ સાધુઓને તેઓ પોતાની સાથે જૂનાગઢ લઈ આવતા. તેમને રસ્તામાં તકલીફ ન પડે તે સારુ ગાડામાં ગાદલાં પથરાવી સાચવીને જૂનાગઢ પહોંચાડતા. તેમની વૃદ્ધો પ્રત્યેની આવી સહાનુભૂતિ જોઈ વરતાલમાં કેટલાક સાધુઓ વ્યંગમાં

તેમને કહેતા "આવા ઘરડા સાધુઓને ત્યાં લઈ જઈને તમે શું કરશો ?"

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહેતા : "વૃદ્ધ છે અને કદાચ ધામમાં જશે તો જૂનાગઢમાં સાગ ઘણો મળે છે, બાળી દેશું અને દામોદર કુંડમાં અસ્થિ પધરાવી દેશું."

આ વૃદ્ધ સાધુઓ જૂનાગઢ આવતા ત્યારે જુવાન સંતો પાસે સ્વામીશ્રી તેમની સેવા કરાવતા, તેમની રુચિ અનુસાર તેમને જમાડતા અને સાજા સશક્ત બનાવી તેમની પાસેથી પણ મંદિરનું કામ લેતા. વૃદ્ધ સાધુઓને પણ સ્વામીશ્રીનો પ્રેમ જોઈ સેવા કરવામાં અત્યંત બળ આવતું. સ્વામીશ્રીની વાતોથી સેવાનો મહિમા સમજાતો અને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા પરિપકવ થઈ જતી.

શું સંકલ્પ કરે છે ? ચાલ જમવા

એક દિવસ સ્વામીશ્રી મંદિરની વાડીમાં સાધુ, પાળા જ્યાં પથ્થરનાં બેલાં કાઢતા હતા ત્યાં કામ જોવા અને તેમની સેવાથી રાજી થઈ તેમને દર્શન દેવા પધાર્યા હતા. તેમને દર્શનનું સુખ આપી, સ્વામીશ્રી એક આસોપાલવના ઝાડ નીચે વિરાજ્યા.

આ સમયે ચુડવા ગામનો એક ખવાસ કંઈક કામ પ્રસંગે જૂનાગઢ આવ્યો હતો. તે પોતાનું કામ પૂરું કરી, મંદિરની આ વાડીમાં આવ્યો. તેને મનમાં એવા સંકલ્પ થતા હતા કે 'સ્વામિનારાયણવાળા કોઈને કાંઈ ખાવાનું દેતા નથી. પોતાના જે સત્સંગી હોય તેની જ ખબર પૂછે છે.' એ પ્રમાણે સંકલ્પ કરતો તે આસોપાલવના ઝાડ પાસે જ્યાં સ્વામીશ્રી વિરાજ્યા હતા ત્યાં આવ્યો. એટલામાં ડંકો થયો અને સાધુ, પાળા વગેરે મંદિરમાં જમવા માટે તૈયાર થવા લાગ્યા. ત્યારે સ્વામીશ્રીએ પાસે ઊભેલા આ ખવાસને કહ્યું : "શું સંકલ્પ કરે છે ? ચાલ જમવા." તેનો સંકલ્પ સ્વામીશ્રી જાણી ગયા તેથી તે તરત જ સ્વામીશ્રીના પગમાં પડી ગયો. પછી સૌની સાથે તે પણ મંદિરે જમવા ગયો.

તે દિવસે કોઈની રસોઈ હોવાથી, ચૂરમાના લાડુ બનાવ્યા હતા. સ્વામીશ્રીએ જાતે તેને પાંચ લાડુ અને રોટલી પીરસ્યાં અને કહ્યું : "ખવાય તેટલા લાડુ ખાજે અને બીજા ઘેર લઈ જાજે."

સ્વામીશ્રીનું આવું હેત જોઈ ખવાસનું અંતર દ્રવી ગયું. જમી રહ્યા પછી તે સભામાં આવ્યો. સ્વામીશ્રીને પગે લાગીને તેણે કહ્યું : ''સ્વામી ! માબાપ ! આજે આપે મારા હૈયાની હામ પૂરી છે. આવા હેતથી આ દુનિયામાં હજી સુધી કોઈએ મને બોલાવ્યો નહોતો, આપે મારા ઉપર બહુ રહેમ કરી છે. જો ખાવાનું મને ન મળ્યું હોત, તો આપ સૌનો મને અવગુણ આવત અને મારા જીવનું ભૂંડું થાત. માટે મારો જેમ આ સંકલ્પ આપે પૂરો કર્યો, તેમ મારા જીવનું પણ આપ રૂડું કરજો.''

તે સાંભળી અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી બોલ્યા : ''મારા હાથની તેં પ્રસાદી ખાધી છે એટલે તારું કલ્યાણ થશે. માટે જ્યારે કોઈ કામ પડે કે દુઃખ પડે ત્યારે અમને સંભારજે. તારી રક્ષા કરીશું.'' પછી તે ખવાસ સ્વામીશ્રીના આશીર્વાદ લઈને ઘેર ગયો.

ઘેર ગયા પછી તે ખેતરે ગયો, ત્યાં તેને ચાર જમ દેખાયા. જમ તેને માર મારવા લાગ્યા. મારતાં મારતાં તેને ચાર ગાઉ સુધી લઈ ગયા. ત્યારે તેણે અચાનક સ્વામીશ્રીને સંભાર્યા. તરત જ જમે તેને મૂકી દીધો અને ચાલ્યા ગયા. આ પ્રસંગ પછી થોડા દિવસ બાદ તે જૂનાગઢ પાછો આવ્યો. તે વખતે સ્વામીશ્રી સભામાં વિરાજતા હતા. તેણે સ્વામીશ્રીને દંડવત્ કર્યા અને પગે લાગીને પાસે બેઠો. પછી પોતાને વીતેલી હકીકત કહી. ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : ''તેં વર્તમાન ધરાવી નિયમ લીધા નથી ત્યાં સુધી તું સત્સંગી કહેવાય નહિ. એટલે જમ તો તને મારે જ ને. માટે હવે વર્તમાન ધરાવી સત્સંગી થા તો જ જમના ફાંસલામાંથી મુકાવીશ.''

તરત જ તે ખવાસે વર્તમાન ધરાવ્યાં અને સત્સંગના નિયમો ધારણ કર્યા.

તે દિવસે રાત્રે સ્વામીશ્રી પોતાના આસને સૂતા હતા અને બાજુમાં પંચાળાના હરિભક્તો જાદવજીભાઈ, ગોવિંદભાઈ, વિપ્ર વીરજી વગેરે બેઠા હતા. ત્યારે સ્વામીશ્રી તેમના સામું જોઈને બોલ્યા : ''તમારામાંથી કોઈ કીર્તન બોલશે ?''

એટલે જાદવજીભાઈએ કહ્યું : ''આ વીરજી કીર્તનિયો છે તે બોલશે.''

પછી સ્વામીશ્રીએ તેને કીર્તન બોલવાની આજ્ઞા કરી. તેથી તે પ્રેમાનંદ સ્વામીનું જાડેજી ભાષા(કચ્છી ભાષા)નું 'અસાંજે મોલ અચીજા' તે કીર્તન

બોલ્યા. તે સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા અને તે કીર્તન ત્રણ વાર બોલાવ્યું પછી બોલ્યા : "તમને જાડેજી ભાષા સારી આવડે છે." એમ કહી તેના ઉપર દૃષ્ટિ કરી.

આને કોઈ દેશકાળ આવે તો જાળવજો

હરિભજનાનંદ સ્વામી અને અવદાતાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામીએ સ્વામીશ્રી પાસે મોકલ્યા હતા. હરિભજનાનંદ સ્વામી માટે ગોપાળાનંદ સ્વામીએ ભલામણ કરી હતી કે "સ્વામી ! આને કોઈ દેશકાળ આવે તો તમે તેને જાળવજો."

હરિભજનાનંદનો સ્વભાવ જરા આકરો હતો. તેથી ઘણી વાર અંદર અંદર સાધુઓ સાથે લડી પડતા. પરંતુ સેવાનું બળ એટલું હતું કે તે તથા અવદાતાનંદ વાડીમાં પથ્થર કાપવા જતા ત્યારે દેહને ગણતા નહિ. પથ્થર કાપી કાપીને તેમના હાથ એવા સખત થઈ ગયા હતા કે મૂઠીઓ પણ વળતી નહોતી. નિષ્કામભાવે સેવા કરવાનું તેમનું આવું અંગ જોઈ અને વળી સ્વભાવની રૂક્ષતા જોઈ, ગોપાળાનંદ સ્વામીએ તેને સાચવવા સ્વામીશ્રીને ભલામણ કરી હતી.

ગોપાળાનંદ સ્વામીએ હરિભજનાનંદ સ્વામી વિષે જે ભવિષ્ય ભાખ્યું હતું તે સત્ય ઠર્યું. બે-ત્રણ વખત સત્સંગમાંથી તેઓ તેમના સ્વભાવને લઈને નીકળી ગયા હતા. પરંતુ ફરી સત્સંગમાં પાછા આવ્યા હતા. જ્યારે પાછા આવતા ત્યારે સ્વામીશ્રીને તેઓ કહેતા : "સ્વામી ! હું જરાયે વટલ્યો નથી. કોઈ બાવાનું મેં ખાધું નથી તેમજ ધર્મ પણ બરાબર પાળ્યો છે. માટે આને આ લૂગડે જો મને પાછો લ્યો અને મારું નામ ન બદલો તો હું પાછો આવું."

ગોપાળાનંદ સ્વામીનું વચન સંભારી સ્વામીશ્રી તેને ફરી પાછા સત્સંગમાં લેતા. ઘણા સાધુઓ કહેતા કે "સ્વામી ! એને ધોળે લૂગડે રાખવો જોઈએ. પ્રાયશ્ચિત્ત કરાવવું જોઈએ."

ત્યારે સ્વામીશ્રી તેમને કહેતા : "મને એનો વિશ્વાસ છે. એણે ધર્મભંગ કર્યો નથી અને અણખપતું ખાધું નથી." એમ, બે-ત્રણ વખત તેમને સત્સંગમાં લીધા હતા.

હરિભજનાનંદને જ્યારે અસહ્ય મંદવાડ આવ્યો અને દેહ રહેશે નહિ એવું જણાયું, ત્યારે સ્વામીશ્રીએ માવા ભક્તને તેમની પાસે મોકલ્યા. માવા ભક્તને સ્વામીશ્રીએ કહ્યું હતું : "હરિભજનાનંદ પાસે મહારાજની લીલાની વાતુ કરજો." તે પ્રમાણે માવા ભક્ત તેમને વાતો કરવા માંડ્યા.

ત્યારે હરિભજનાનંદે અકળાઈને તેને કહ્યું : "માવા ! તું જાણે છે તારા કરતાં અનેક ગણી મહારાજની લીલાની વાતુ હું જાણું છું. પણ અત્યારે તો તું સ્વામી પાસે જા અને સ્વામીને મારા વતી પ્રાર્થના કર કે મને ધામમાં લઈ જાય. આ પીડા હવે સહન થતી નથી. નહિ તો હું કૂવામાં પડીને આપઘાત કરીશ."

તમારા આકરા સ્વભાવથી ઘણા સાધુનો તમે દ્રોહ કર્યો છે

માવા ભક્તે આ વાત સ્વામીશ્રીને કહી એટલે સ્વામીશ્રી તેની પાસે આવ્યા અને હેતથી કહ્યું : "જુઓ, મહારાજ તો તમને ત્રણ-ચાર દિવસમાં તેડી જશે પણ તમે તમારા આકરા સ્વભાવથી ઘણા સાધુનો દ્રોહ કર્યો છે. માટે તેમને આસને જઈને તેમને પગે લાગી માફી માગો અથવા અહીંથી તેઓ નીકળે તો આસને બેસી પગે લાગી માફી માગશો તો જ મહારાજ તેડી જશે. પણ આપઘાત કરશો તો હજાર વરસ સુધી ભૂતની યોનિને પામવું પડશે, અપવિત્ર ખાવું પડશે અને પાણી પણ પીવા મળશે નહિ."

હરિભજનાનંદ સ્વામીશ્રીની આ વાત સાંભળી નરમ થઈ ગયા. પછી દરેક સંતને આસને જઈ તેમને પગે લાગી તેમણે તેમના આકરા સ્વભાવથી તેમનો કોઈ અપરાધ થયો હોય તો તેની માફી માગી. આ પ્રમાણે તેમણે પ્રાયશ્ચિત્ત કર્યું એટલે ત્રીજે દિવસે સ્વામીશ્રીના વચન અનુસાર મહારાજ તેમને ધામમાં લઈ ગયા.

સ્વામી ! રસોળી તો આપના પ્રતાપે બેસી ગઈ

રાધારમણદાસ સાધુ ખેતીનું કામ કરતા. અનાજ જ્યારે ખળામાં આવે, ત્યારે ઊપણતા અને સાફ કરતા. તેમના જમણા હાથમાં રસોળી થઈ હતી એટલે સૂપડું પકડાતું ન હતું. તેથી તેમણે રાત્રે સભામાં નિયમ, ચેષ્ટા થઈ ગયા પછી સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મારા જમણા હાથે રસોળી

થઈ છે તેથી સૂપડું પકડાતું નથી અને દાણા ઊપણવાનું કામ થતું નથી.'' એમ કહી સ્વામીશ્રીને પોતાનો જમણો હાથ બતાવ્યો.

તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : ''આ રસોળી ઉપર કાલે સવારે આપણે બે ડામ દઈશું એટલે તે બેસી જશે.''

એમ કહી રસોળી ઉપર પોતે હાથ ફેરવ્યો. રાધારમણ પછી પોતાના આસને જઈને, શ્રીજીમહારાજના સ્વરૂપનું ધ્યાન કરી, સ્વામીશ્રીને સંભારી સૂતા. બીજે દિવસે સવારે પોતે જાગ્યા અને જમણા હાથમાં જોયું ત્યાં રસોળી દેખાણી નહિ ! તેમને બહુ જ આશ્ચર્ય થયું ! પછી પોતે નાહી, પૂજા કરી સ્વામીશ્રી પાસે આવ્યા અને જમણો હાથ બતાવી સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! રસોળી તો આપના પ્રતાપે બેસી ગઈ.''

સ્વામીશ્રી તે જોઈને રાજી થયા અને કહ્યું : ''જો તમારી સેવા મહારાજને અંગીકાર કરવી છે તો મહારાજે તમારી રસોળી મટાડી દીધી.''

પરંતુ રાધારમણદાસ તો જાણતા હતા કે મહારાજ આજે સ્વામીશ્રી દ્વારા પ્રગટ જ છે. સ્વામીશ્રી પ્રત્યેની આ નિષ્ઠાથી મંદિરના તમામ સાધુઓ સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર વર્તતા. વૃદ્ધ હોવા છતાં પણ મંદિરની સેવામાં સ્વામીશ્રીએ પોતાનું તન અર્પણ કરી દીધું હતું. તેથી જ સૌ સંતોને પણ સેવા કરવાની પ્રેરણા મળતી.

એક દિવસ એક હરિભક્તે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : ''સ્વામી ! આ જૂનાગઢમાં જ અમે તો જોયું છે કે સાધુઓ મંદિરની સેવામાં, ગામડે ફરવામાં, ધર્માદો ઉઘરાવવામાં પોતાનું તન તોડી નાખે છે. બીજે તો ક્યાંઈ આવો ઉત્સાહ સાધુઓમાં અમને દેખાતો નથી.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''સાંભળો, હરકોઈ કામમાં જ્યારે ગુરુ આગળ ચાલે ત્યારે જ શિષ્યો ગુરુને અનુસરે પણ ગુરુ પાછળ રહી શિષ્યોને કામ ફરમાવે તેમાં કોઈ શિષ્ય મન દઈને કામ ન કરે. જ્યારે લડાઈ થાય છે ત્યારે શર્મનો ઢોલ વાગે છે. તે એમ શબ્દ બોલે છે કે 'મરે મોવડી' 'મરે મોવડી.' તેથી સૈન્યનો સેનાપતિ અથવા રાજા આગળ ચાલે અને સેના પાછળ આવે. તેમ મોવડી જ્યારે સેવા કરી દેહને ઘસી નાખે, ત્યારે જ શિષ્યોને સેવા કરવાનું બળ મળે.''

સ્વામીશ્રીના આ ઉત્તરથી તે હરિભક્તને મોટાઈની મહત્તા સમજાણી.

નિર્ગુણમાં દોષ પરઠ્યો

સ્વામીશ્રીનો એવો નિયમ હતો કે સમઢિયાળાના ભોજો ભક્ત જૂનાગઢ આવે કે ગણોદના અભયસિંહ દરબાર આવે કે લોધિકાના દરબાર અભયસિંહ આવે ત્યારે પોતે ત્રણ વખત ભંડારે જાય અને પત્તરમાં થોડો રોટલો અને છાશ લઈ, થોડું જમીને તે ભક્તોને પ્રસાદી આપી દે. આ વખતે પણ ભોજો ભક્ત જૂનાગઢ આવ્યા હતા. સ્વામીશ્રીની વાત એકચિત્તે સાંભળતા અને સ્વામીશ્રી મંદિરની સેવા બતાવતા તે ભક્તિભાવપૂર્વક કરતા. સ્વામીશ્રીને તેમના ઉપર અત્યંત પ્રેમ હતો. એટલે તેઓ લગભગ પંદર દિવસ સમાગમ સારુ આ વખતે જૂનાગઢ રહ્યા તે દરમ્યાન સ્વામીશ્રીએ તેમને પિસ્તાલીસ વખત પ્રસાદી આપી. સ્વામીશ્રી આ પ્રમાણે રોજ ત્રણ વખત ભંડારે જતા. તે જોઈને જે લોટિયા લોટ પીને રહેતા તેમને સ્વામીશ્રીનો અવગુણ આવ્યો. તેમને થયું કે 'આપણે રોજ લોટ પાણીમાં ડોઈને પી જઈએ છીએ, માંહી મીઠું કે બીજો કોઈ મસાલો નાખતા નથી અને આ સ્વામી રોજ ત્રણ વખત ભંડારે જાય છે.'

ત્રણ વખત ભંડારે જવાનો સ્વામીશ્રીનો હેતુ તેમને ન સમજાયો અને પોતાના વૈરાગ્યની તોલે સ્વામીશ્રીના વૈરાગ્યમાં ન્યૂનપણું તેમણે જોયું. નિર્ગુણમાં દોષ પરઠ્યો. પરિણામે આવા કેટલાક લોટિયા સાધુ સત્સંગ મૂકીને જતા રહ્યા.

ભગવાન અને મોટા સંતની ક્રિયા સદા દિવ્ય હોય છે, અન્યના કલ્યાણ માટે જ હોય છે. તેમનું ખાવું, પીવું, જોવું કે ફરવું તે સદા પોતાના ભક્તના મનોરથો પૂર્ણ કરી તેમને પોતા પ્રત્યે હેત કરાવવા માટે જ હોય છે. તેમને તો આ લોક જ જ્યાં ગણતરીમાં નથી હોતો ત્યાં આ લોકના ક્ષુલ્લક પદાર્થોની સ્પૃહા શી રીતે હોય ! પરંતુ તેમની ક્રિયામાં આ પ્રકારનું દિવ્ય રહસ્ય નથી સમજાયું ત્યાં સુધી કહેવાતા બુદ્ધિવાળાને તો હંમેશાં મોટાપુરુષની ક્રિયામાં દોષ જ દેખાય. અંતે એવા સત્સંગમાંથી ભ્રષ્ટ થાય અને બીજાને પણ ભ્રષ્ટ કરે.

શ્રીજીમહારાજનું બિરુદ 'અંતકાળે મારા જનને તેડવા જરૂર મારે આવવું. બિરુદ મારું એ ન બદલે તે મારા જનને જાણવું.' સનાતન સત્યની

પ્રતીતિ હંમેશાં સૌને કરાવી રહ્યું છે એટલું જ નહિ પરંતુ મહારાજનાં આ વચન મોક્ષના પ્રતીતિકર લાગવાથી ઘણાને સત્સંગ પણ થયો છે.

હેમરાજ ! આજથી ત્રીજે દિવસે અમે ધામમાં તને તેડી જઈશું

વડિયાના જેઠા મહારાજ ચુસ્ત શિવ ભક્ત હતા. પીપળિયામાં પોતાના મામાને ઘેર પોતે બાલ્યાવસ્થામાં રહેતા અને ત્યાં અભ્યાસ કરતા. આ ગામના હેમરાજ ઠક્કર તેમના મોટા પુત્રને મળવા મેઘપુર ગયા હતા. અહીં એક દિવસ સવારે પૂજા કરતા હતા ત્યારે તેમને અવાજ સંભળાયો : "હેમરાજ ! તમને આજથી ત્રીજે દિવસે અમે અક્ષરધામમાં તેડી જઈશું." હેમરાજભાઈ આ શબ્દો સાંભળી આડુંઅવળું જોવા લાગ્યા. ત્યારે ફરી અવાજ સંભળાયો "હેમરાજ ! આડુંઅવળું શું જુએ છે ? તું જેની પૂજા કરે છે તે જ પ્રત્યક્ષ બોલે છે."

શ્રીજીમહારાજનાં આ વચન સાંભળી હેમરાજભાઈને આનંદ થયો. મનમાં થયું કે મારાં અહોભાગ્ય કે મહારાજ હવે ધામમાં તેડી જશે. પછી તેણે મોટા પુત્રને કહ્યું : "આજે મહારાજે પૂજા કરતાં મને કહ્યું કે આજથી ત્રીજે દિવસે તને ધામમાં તેડી જઈશું. તો હવે આપણું ગામ પીપળિયું મહારાજની પ્રસાદીનું છે એટલે ત્યાં જઈને જ ધામમાં જવું છે." પછી પોતે તે જ દિવસે પીપળિયા આવ્યા.

અહીં આવી પોતાના નાના પુત્રને બોલાવીને તેમણે કહ્યું : "મહારાજ મને ત્રીજે દિવસે ધામમાં તેડી જશે. માટે બહેનો-દીકરીઓને બોલાવો એટલે આપણે તેમને જે આપવાનું હોય, દાન કરવું હોય તે કરી લઈએ."

ત્યારે તેમના પુત્રોએ કહ્યું : "બાપુ ! તમને નખમાંય રોગ નથી. માટે આવી વાત બહાર પાડવી એમાં તો લોકો ઊલટી મશ્કરી કરશે."

તે સાંભળી હેમરાજભાઈ હસ્યા. તેમણે કહ્યું : "મહારાજના શબ્દોમાં તમને વિશ્વાસ નથી. એ શબ્દો ખોટા પડે જ નહિ !" પછી બન્ને દીકરીઓને બોલાવી. તેમને જે આપવાનું હતું તે આપ્યું. ગોદાન પણ કર્યું. મંદિરમાં રસોઈ આપી. આ બધી ક્રિયા બે દિવસમાં કરી લીધી.

ત્રીજે દિવસે પોતાના નિત્યકર્મથી પરવાર્યા પછી તેમને એકદમ ટાઢ વાવા લાગી. પછી તરત જ તાવ આવ્યો. તેમને શ્રીજીમહારાજે ધામમાં તેડી

જવાનું વચન આપ્યું હતું તે તેમના સંબંધીઓને ખબર પડી હતી. તેથી સૌ એકદમ તેમને ઘેર આવવા લાગ્યા. વડિયાના જેઠા મહારાજ પણ તેમને ઘેર ગયા. પછી હેમરાજ ઠક્કરે 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ શરૂ કર્યો અને કહ્યું : "હવે વખત થયો છે. સંતમંડળને લઈને મહારાજ પધાર્યા છે. માટે ગાયના છાણથી જમીન લીંપો."

તેમના પુત્રોએ કહ્યું : "બાપુ ! આટલા તાવમાં તમે કેમ ગભરાવ છો ?" પરંતુ હેમરાજભાઈએ આગ્રહ કરીને જમીન લીંપાવી ને દર્ભની પથારી ઉપર ધાબળી પથરાવી. પછી પોતે પથારીમાંથી ઊઠીને તે ઉપર બેઠા અને કીર્તન બોલવા લાગ્યા, "અંતકાળે આવીને સંભાળ લેજો શામળા રે." એ કીર્તન ગાઈ સૌને જય શ્રી સ્વામિનારાયણ કહી પોતે તે દર્ભની પથારી ઉપર સૂઈ ગયા અને તરત જ દેહત્યાગ કરી દીધો. જેઠા મહારાજે આ હકીકત પ્રત્યક્ષ જોઈ. પોતે પૂર્વના સંસ્કારી હતા. તેમને થયું : "સ્વામિનારાયણ ભગવાન સાચા, તેમના ભક્તો પણ મહાપ્રતાપી ! આવી રીતે દેહ છોડી દેવો તે કાંઈ જેવી તેવી વાત ન કહેવાય."

ત્યારબાદ થોડા દિવસ પછી તેઓ જૂનાગઢ ગયા. સ્વામીશ્રીને કહ્યું : "મને વર્તમાન ધરાવો."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અહીં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરાજે છે તે તમને વર્તમાન ધરાવશે." આચાર્ય મહારાજ પાસે વર્તમાન લઈ જેઠા મહારાજ સત્સંગી થયા.

પ્રગટ ભગવાન મેળવવા હોય તો જૂનાગઢ જા

જેઠા મહારાજના નાનાભાઈ નારણજી પણ ચુસ્ત શિવભક્ત હતા. બાળપણથી જ તેમને રામાયણ સાંભળવાની ટેવ હતી. કથાપ્રસંગમાં એવા શબ્દો આવે કે 'ભગવાનના ભક્ત પ્રસન્ન થાય ત્યારે ભગવાનની પ્રાપ્તિ થાય અને ત્યારે જ ભગવાન પ્રત્યેની ભક્તિ સિદ્ધ થાય.' તે સાંભળી તેમણે શિવને પ્રસન્ન કરવા માટે બિલખા તરફ ગિરનારના ડુંગરોમાં એકાંત સ્થાનમાં ડુંગરના પેટાળમાં રામનાથનું મંદિર શોધી કાઢ્યું. નાહી-પરવારી ત્રણ દિવસ સુધી અનશન વ્રત આદરી "નમઃ શિવાય"નો મંત્રજાપ તેમણે શરૂ કર્યો. ચોથે દિવસે વહેલી સવારે તેમને સ્વપ્નમાં શિવજીએ દર્શન દીધાં

અને કહ્યું : "પ્રગટ ભગવાનને મેળવવાની ઇચ્છા હોય તો તું જૂનાગઢ જા. ત્યાં 'સ્વામિનારાયણ'નું મંદિર છે. તે મંદિરના મહંત ગુણાતીતાનંદ સ્વામી છે. તેમને તું મળજે એટલે તને ભગવાનનાં દર્શન કરાવશે."

નારણજી તરત જાગી ગયા. અંતરમાં અત્યંત આનંદ થયો ! તરત જ તે ડુંગરો ઊતરી નીચે આવ્યા અને જૂનાગઢ જવા નીકળ્યા.

અહીં જૂનાગઢમાં સ્વામીશ્રીએ કૃષ્ણાનંદ બ્રહ્મચારીને બોલાવીને કહ્યું : "ત્રણ દિવસના ભૂખ્યા એક બ્રાહ્મણ આવે છે. તેને માટે ઠાકોરજીનો થાળ ઢાંકી રાખજો." નારણજીભાઈ જૂનાગઢ પહોંચ્યા અને પૂછતાં પૂછતાં મંદિર શોધી કાઢ્યું. અહીં આવી દરવાણીને પૂછ્યું : "આ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામી છે ?"

ત્યારે દરવાણીએ કહ્યું : "હા, સ્વામી અહીં જ છે. સભામંડપમાં બેઠા છે."

નારણજીભાઈ અંદર આવ્યા અને સભામંડપમાં આવી તેમણે ફરી પૂછ્યું : "ગુણાતીતાનંદ સ્વામી ક્યાં છે ?" એક સાધુએ તરત જ તેમને સ્વામીશ્રી જ્યાં થાંભલાને અઢેલીને બેઠા હતા ત્યાં બતાવ્યું. નારણજીભાઈ ત્યાં ગયા. સ્વામીશ્રીને પગે લાગીને ત્યાં બેઠા. એટલે સ્વામીશ્રીએ કૃષ્ણાનંદ બ્રહ્મચારીને બોલાવી તેમને જમાડવા માટે કહ્યું. નારણજીભાઈ જમીને સ્વામીશ્રી પાસે આવ્યા. તે જ વખતે ઉત્થાપનનાં દર્શન થયાં એટલે સ્વામીશ્રી ઊઠ્યા. નારણજીભાઈનો હાથ પકડી ઉપર દર્શને લઈ ગયા. પછી સુખશય્યામાં મહારાજની મૂર્તિ બતાવી સ્વામીશ્રીએ કહ્યું : "તમને રામનાથ મહાદેવે કહ્યા હતા તે ભગવાન તે આ સર્વોપરી શ્રી સહજાનંદ સ્વામી અને હું ગુણાતીતાનંદ સ્વામી !" સ્વામીશ્રીએ અંતર્યામીપણે તેની સઘળી હકીકત જાણી લીધી તેથી નારણજીભાઈને બહુ જ આનંદ થયો. તરત જ તેમણે વર્તમાન ધરાવી શ્રીજીમહારાજનો આશ્રય કર્યો.

તે જ રાત્રે તેમણે વિચાર કર્યો, 'રામનાથજીએ મને અહીં પ્રગટ ભગવાનનાં દર્શન થશે અને ગુણાતીતાનંદ સ્વામી તને દર્શન કરાવશે એમ કહ્યું હતું તો પછી હવે મારે અહીં જ રહેવું અને શેષ જીવન ભક્તિમાં જ નિર્ગમન કરવું.' સવારે તેમણે સ્વામીશ્રીને આ વિચાર જણાવ્યો.

સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમારા પિતા તમારી શોધમાં છે. માટે

હમણાં ઘેર જાઓ અને તેને શાંતિ આપો.'' તેથી તે જ દિવસે નારણજીભાઈ જૂનાગઢથી નીકળ્યા અને થાણાગાલોળ પહોંચ્યા ત્યાં તેમની શોધમાં નીકળેલા તેમના પિતા તેમને મળ્યા. પછી બંને વડિયા ગયા.

હરિભક્તોના સંકલ્પો પૂરા કર્યા

વડિયા ગયા પછી નારણજીભાઈ તથા તેમના ભાઈ જેઠાભાઈ, શેઠ ગીગાભાઈ, પટેલ માયાભાઈ, પ્રેમજીભાઈ, લુહાર ગોકળભાઈ વગેરે જૂનાગઢ આવતા હતા. રસ્તામાં ચારણિયાને પાદર આળસી ઘાંચી વાડામાં ઊભો હતો. તેણે આ સત્સંગીના સંઘને પૂછ્યું : ''તમે બધા ક્યાં જાવ છો ?''

ત્યારે તેમણે કહ્યું : ''અમે જૂનાગઢ સ્વામીશ્રીનાં દર્શને જઈએ છીએ.''

તેથી તેણે કહ્યું : ''સ્વામીનાં દર્શને જાવ છો તો સ્વામીને મારા દંડવત્ કરીને 'જે સ્વામિનારાયણ' કહેશો.'' તે સાંભળી સંઘ આગળ ચાલ્યો.

સૌ જૂનાગઢ પહોંચ્યા અને સ્વામીશ્રીને દંડવત્ કરી પગે લાગ્યા. પરંતુ આળસી ઘાંચીના 'જય સ્વામિનારાયણ' કહેવાનું ભૂલી ગયા.

એટલે સ્વામીશ્રીએ તેમને હસતાં હસતાં કહ્યું : ''ઓલ્યા આળસીએ બીચારાએ પ્રેમથી 'જય સ્વામિનારાયણ' કહેવરાવ્યા છે તે કહેવા કેમ ભૂલી ગયા ?'' આ સાંભળી સૌને અત્યંત આશ્ચર્ય થયું !

આ સંઘમાં સાથે આવેલા માયાભાઈ પટેલે રસ્તામાં એવો સંકલ્પ કર્યો હતો કે 'સ્વામી મને બોલાવીને કાંઈક જ્ઞાનવાર્તા કરે.' જેઠાભાઈએ એવો સંકલ્પ કર્યો હતો કે 'સ્વામી મને હાર પહેરાવે તો સ્વામી અક્ષર સાચા.' સૌ સભામાં બેઠા, એટલામાં કાના ભક્તે આવીને સ્વામીશ્રીને હાર પહેરાવ્યો. તે હાર તરત જ સ્વામીશ્રીએ જેઠાભાઈને પહેરાવી દીધો. જેઠાભાઈને સંકલ્પ સિદ્ધ થયો એટલે સ્વામી અક્ષરનો અવતાર છે તે તેને નિશ્ચય થયો. એટલામાં સ્વામીશ્રી ઊઠ્યા અને કાંઈક કામ પ્રસંગે ઉગમણે દરવાજે આવ્યા. ત્યાં માયાભાઈ પટેલ પણ આવ્યા. સ્વામીશ્રીએ તેમનો હાથ પકડ્યો અને સભામાં પધાર્યા. પછી તેને પાસે બેસારી કેટલીક જ્ઞાનવાર્તા કરી. તેનો સંકલ્પ પણ સિદ્ધ થયો. ભગવાન કે ભગવાનના સંતનો જન્મ પૃથ્વી ઉપર પોતાના ભક્તના મનોરથ સિદ્ધ કરવા તથા તેમને લાડ લડાવવા અર્થે જ હોય છે. આ

પ્રમાણે સંકલ્પો પૂરા કરી તેમને કલ્યાણને પંથે પ્રગતિ કરાવે છે.

આ પ્રસંગ પછી જેઠાભાઈ વેકરિયા ગામે પોતાના યજમાનોમાં એક મહિનો રોકાયા. ત્યાંથી નીકળી જૂનાગઢ પાસે વધાવી ગામે યજમાનને ત્યાં આવ્યા. અહીં ઊબેણ નદીમાં નાહી, પૂજા કરતાં અરીસામાં પોતાનું મોં જોયું. મોં પુષ્ટ દેખી તેમને સંતોષ થયો. શરીર કંઈક સારું થયું છે. પછી ત્યાંથી જૂનાગઢ આવતાં રસ્તામાં બેત્રણ વખત તેમને ઝાડે જવું પડ્યું અને ઝાડામાં લોહી પડવા લાગ્યું. થોડી અશક્તિ આવી ગઈ પણ ધીરે ધીરે જૂનાગઢ પહોંચી ગયા. અહીં સ્વામીશ્રીનાં દર્શન કરીને પછી કહ્યું : "સ્વામી ! મને લોહીના ઝાડા થયા છે."

ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું : "ઊબેણ નદીમાં નાહીને પૂજા કરતી વખતે તેં મોં અરીસામાં જોયું હતું અને તને સંકલ્પ થયો હતો કે શરીર કાંઈક સારું થયું છે. તેનું આ નિવારણ છે. શરીરમાં તો લોહી, માંસ અને હાડકાં ભર્યાં છે. જ્યારે લોહી વધારે હોય ત્યારે શરીરની ચામડી તંગ બને અને શરીર સારું દેખાય. જ્યારે લોહી ઓછું થાય ત્યારે ચામડી ખળભળે અને શરીર સંકોચાય. માટે આવા વિકારી અને નાશવંત શરીરમાં આસક્તિ રાખવા જેવું નથી."

સ્વામીશ્રીએ અંતર્યામીપણે તેને જે વિચાર આવ્યો હતો તે કહ્યો. તે સાંભળી જેઠા મહારાજ દિગ્મૂઢ થઈ ગયા ! થોડા દિવસ જૂનાગઢ રોકાઈ સ્વામીશ્રીની અલૌકિક વાતોથી શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરી પોતે વડિયા ગયા.

એક વખત સ્વામીશ્રી સભામંડપમાં ધ્યાનમાં વિરાજ્યા હતા. તેવામાં રામચંદ્ર આદિ અવતારો સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રીને નમસ્કાર કરી પાસે બેઠા. પછી તેમણે હાથ જોડી કહ્યું : "સ્વામી ! આપ તો સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનું ધામ છો. આપના ધામમાં અખંડ સુખ અને શાંતિ વર્તે છે. જ્યારે અમારા ધામમાં રજોગુણ, તમોગુણના ભાવ દેખાય છે. માટે હવે અમને સૌને આપ આપના ધામમાં રાખો તો સારું."

તે સાંભળી સ્વામીશ્રી મંદ મંદ હસવા લાગ્યા. પછી ધીરે રહીને બોલ્યા : "જુઓ, આ જગતમાં પણ એક નિયમ છે કે જે ગાદીપતિ રાજા હોય તે જ દરબારગઢમાં રહે અને તેના ભાયાતો બધા જુદાં જુદાં સ્થાનોમાં રહે. તેમ

તમને રહેવા માટે ચિદાકાશમાં[૧૩૧] ધામ છે અને પુરુષોત્તમને રહેવા માટે અક્ષરમાં સ્થાન છે. ત્યાં રહેવાનો તમારો હક્ક નથી.'' સ્વામીશ્રીનાં આ વચન સાંભળી સૌ અવતારો નિરાશ થઈ પોતપોતાના ધામમાં ગયા.

અહીં બધુંય છે પણ અહીં ગુણાતીત છે ?

સ્વામીશ્રી જ્યારે જૂનાગઢ વિરાજતા હોય ત્યારે દેશદેશના હરિભક્તો સ્વામીશ્રીનો સમાગમ કરવા આવતા. ખંભાતના હરિભક્ત જગુભાઈને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત આત્મબુદ્ધિ અને પ્રીતિ હતાં. સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે તે નિષ્ઠા પણ તેમના અંતરમાં દૃઢ હતી. એટલે તેઓ પણ જ્યારે જ્યારે સ્વામીશ્રી જૂનાગઢ વિરાજતા હોય, અગર વરતાલ પધાર્યા હોય ત્યારે સ્વામીશ્રીનો સમાગમ કરવા વરતાલ અથવા જૂનાગઢ આવતા. ઘણી વખત તો વરતાલ સમૈયો કરી સ્વામીશ્રી સાથે ફરતાં ફરતાં જૂનાગઢ આવતા. આ પ્રમાણે લાગટ બેત્રણ મહિના સમાગમનો લાભ લેતા.

આ વખતે પણ પોતે ખંભાતથી નીકળી, વરતાલ દર્શન કરી ગઢપુર પધાર્યા. શ્રીજીમહારાજની પ્રસાદીનું આ મહાધામ શ્રીજીના પાદપદ્મથી અંકિત થયેલું હોવાથી, દરેક હરિભક્તને આ મહાધામમાં આવી દર્શન કરવાની ઇચ્છા મનમાં રહેતી જ. જગુભાઈ પણ ગઢપુર આવ્યા. શ્રીજીમહારાજે સ્વયં પધરાવેલ ગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યાં, શ્રીજીમહારાજની પ્રસાદીનાં લીંબતરુનાં, દાદાના દરબારનાં, અક્ષરઓરડીનાં દર્શન કર્યાં. ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું. લક્ષ્મીવાડીમાં પણ મહારાજની પ્રસાદીનાં સર્વ સ્થળોમાં દર્શન કર્યાં.

આ પ્રમાણે બે દિવસ ગઢપુરમાં રોકાઈને જૂનાગઢ જવા માટે કોઠારીની રજા લેવા તેઓ ગયા. કોઠારીએ હસતાં હસતાં બંને આંખો ઝીણી કરીને જગુભાઈને કહ્યું : ''જગુભાઈ ! આપણે જે છે તે આંહીં જ છે. આંહીં મહારાજ અઠ્ઠાવીસ વર્ષ રહ્યા, આ મહાપ્રસાદીનો દાદાનો

૧૩૧. ચિદાકાશ અધોઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે. બ્રહ્માંડોની ઉપર, નીચે, અડખે, પડખે અને માંહી ચિદાકાશ વ્યાપક સ્વરૂપે રહ્યું છે. તેમાં કોઈપણ સ્થળે અવતારોનાં ધામ નિર્માણ કરેલાં હોય છે.

દરબાર, આ લીંબતરુ, અક્ષર ઓરડી, લક્ષ્મીવાડી, ઉન્મત્તગંગા આ બધું મહારાજના સાક્ષાત્ સંબંધને પામેલું મહાતીર્થરૂપ છે, તે મૂકીને જૂનાગઢ શું કામ ઠેબાં ખાવા જાવ છો ? ત્યાંનો રસ્તો વિકટ, ઘનઘોર ઝાડી, વાઘવરુની બીક, માર્ગમાં લૂંટારાની પણ બીક. માટે ત્યાં જાવું રે'વા દ્યો. ત્યાં તો કાળમીંઢ પથ્થર છે અને અહીં શું નથી ? બધુંય છે !''

જગુભાઈ કોઠારીની વાણી સ્થિરતાથી સાંભળી રહ્યા. તેમને તેમના એક એક શબ્દમાં ખુલ્લો મત્સર દેખાયો. શ્રીજીમહારાજે કહ્યું છે કે 'નિર્મત્સર એવા સંત એ જ ભાગવતધર્મના અધિકારી છે.' અહીં તેમને ભારોભાર જૂનાગઢ પ્રત્યે રાગદ્વેષ, મત્સર દેખાયા. છતાં તમોગુણના એ શબ્દો ગળી જઈ તેમણે ફક્ત એટલું જ કહ્યું : ''સ્વામી ! અહીં બધું છે તેની ના નથી પણ અહીં ગુણાતીત છે ? હું તો ગુણાતીતનો સમાગમ કરવા જૂનાગઢ જાઉં છું. શ્રીજીમહારાજે પણ આજ્ઞા કરી છે કે દર વર્ષે એક માસ સૌ સંત-હરિભક્તોએ જૂનાગઢ જવું અને ગુણાતીતનો સમાગમ કરવો. માટે મારે તો હવે જૂનાગઢ જવું છે.''

જગુભાઈએ કોઠારીને સ્પષ્ટ કહી દીધું. કોઠારી પણ જાણતા હતા કે જેને જેને ગુણાતીતનો સંબંધ થયો છે તે જૂનાગઢ ગયા સિવાય રહેતા જ નથી. કોઈનાય રોક્યા તેઓ રોકાતા નથી અને કોઈની મહોબતમાં પણ બંધાતા નથી. ગુણાતીત જ્ઞાનવાળા સાધુમાં જ બંધાયા છે અને શ્રીજીમહારાજે પણ સાધુમાં જ જીવ જોડવાની આજ્ઞા કરી છે.[૧૩૨] આમ સમજી કોઠારીએ પણ આગ્રહ છોડી દીધો. જગુભાઈ ગઢપુરથી નીકળી જૂનાગઢ આવી ગયા.

અહીં સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમના પ્રસંગથી જગુભાઈને અત્યંત ખુમારી ચડી ગઈ. શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની સ્વરૂપનિષ્ઠા, વળી અનાદિ અક્ષરબ્રહ્મ દ્વારા મહારાજનું અખંડ પ્રગટપણું, બ્રહ્મરૂપ થવાની અને વિષય ખંડનની વાતુ, આ બધી ગુણાતીત પ્રવૃત્તિથી જૂનાગઢ જાણે બ્રહ્મધામ બની ગયું હોય તેમ તેમને લાગ્યું. અખંડ સુખ અને આનંદ, જગતનો કોઈ ઘાટ કે સંકલ્પ પણ અંતરમાં ન ઊઠે, સહજે સહજે અંતર્વૃત્તિ રહે એવું આ ગુણાતીતના સંબંધે ગુણાતીત બનેલું ધામ ! જગુભાઈને તો

૧૩૨. ગ. અં. ૩૮.

શાંતિ શાંતિ થઈ ગઈ. તેથી સ્વામીશ્રીને તેમણે કહ્યું : "સ્વામી ! હું ગઢપુર ગયો અને ત્યાં બે દિવસ રહ્યો. પછી અહીં આવવા માટે કોઠારીની રજા માગી ત્યારે કોઠારીએ મને કહ્યું : 'ત્યાં જાશો તો પસ્તાશો. આખો સત્સંગ અહીં આવે છે. અહીં ગોપીનાથ દેવ વિરાજે છે, માટે ત્યાં અજાણ્યા દેશમાં જાવાનો ધ્રોડ મૂકી દ્યો. આવું સુખ ત્યાં નહિ આવે."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી બોલ્યા : "તમારે કોઠારીને કહેવું'તું ને કે જૂનાગઢમાં તો 'કામિલ-કાબિલ સબ હુન્નર તેરે હાથ' એવા પાકા મુર્શિદ વિરાજે છે. ત્યાં તો સાક્ષાત્ અક્ષરધામ છે જેમાં શ્રીહરિ સદા વિરાજી આખા સત્સંગને પોતાના પ્રગટ સ્વરૂપનું સુખ આપે છે. ત્યાં તો શ્રીજીનું સર્વસ્વ છે જે મહારાજે સોરઠ દેશના હરિભક્તોને પોતાનું સાક્ષાત્ સુખ દેવા કૃષ્ણાર્પણ કરી આપ્યું છે. એમ કહેવું'તું ને; દબાવું નહિ."

એટલું કહીને થોડી વાર પછી બોલ્યા : "જગુભાઈ ! આખો સત્સંગ શિક્ષાપત્રીનો શ્લોક निजात्मानं ब्रह्मरूपं બોલે છે. પણ એ બ્રહ્મ કોણ છે એ કોઈએ જાણ્યું ? નિર્વિકલ્પ નિશ્ચયની માગણી સૌ કરે છે પણ નિર્વિકલ્પ નિશ્ચય કોને કહેવાય એ કોઈ સમજ્યા ? અક્ષરબ્રહ્મ સાથે એકતા કર્યા સિવાય નિર્વિકલ્પ નિશ્ચય થાતો નથી અને ત્યાં સુધી મહારાજની સેવાના અધિકારી પણ થવાતું નથી.[૧૩૩] શ્રીજીમહારાજે તો અક્ષરબ્રહ્મ દ્વારા ગુણાતીત જ્ઞાનની શાળા જૂનાગઢમાં ખોલી છે. માટે જ્યાં ધામ છે ત્યાં ધામી છે, પણ ધામ વિના ધામી રહેતા નથી અને ધામી વિના ધામ રહી શકતું નથી."[૧૩૪]

સ્વામીશ્રીની આ વાત સાંભળી જગુભાઈએ કહ્યું : "સ્વામી ! આપ કહો છો તે ખરું છે. મહારાજનું પુરુષોત્તમપણું તો આપે જ છતું કર્યું છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "અમારો આવરદા તો જન્મોત્રીમાં ૫૮ વર્ષનો હતો. પરંતુ શ્રીજીમહારાજે પોતાની મૂર્તિનું સુખ અમ દ્વારા આ સોરઠ દેશના હરિભક્તોને આપવા પોતાનો આવરદા અમને આપ્યો છે. એટલે અમે મહારાજનું પુરુષોત્તમપણું પ્રવર્તાવતાં ડરતા નથી અને બીજા

૧૩૩. લોયા-૭.

૧૩૪. अतो यत्र भवेत्कृष्णस्तस्य तत्रैव सर्वशः ।
पार्षदाः शक्तयो धाम सन्तीत्येवाऽवगम्यताम् ॥ - શ્રીહરિવાક્યસુધાસિંધુ

તો પોતપોતાની જ્ઞાનની ગાંસડીઓ પાછી લઈને ધામમાં ચાલ્યા ગયા. બધાએ બીક રાખી. અમે તો નીડર થઈને વાતો કરી તો આજે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા સત્સંગમાં ઘણાને થઈ ગઈ. માટે અહીં તો કરોડ જન્મની કસર ટળે છે. શ્રીજીમહારાજ અમારા જમાન થયા છે અને વચન આપ્યું છે કે જે જૂનાગઢ જશે તેની કરોડ જન્મની કસર અમે આ જન્મે કાઢી નાખીશું. જેમ પારસથી પારસ થવાય છે, તેમ બ્રહ્મ થકી બ્રહ્મ થવાય છે. માટે બધી બીક છોડીને જે અહીં આવશે તેનું કામ પાકી જશે.'' સ્વામીશ્રીએ આ પ્રમાણે અદ્‌ભુત વાતો કરી અને જગુભાઈને પોતાના અક્ષર સ્વરૂપના સંબંધનો મહિમા સમજાવ્યો.

સ્વામીએ માવજીને ન્યાલ કરી દીધો

રાજકોટના કડિયા માવજી મિસ્ત્રીની આર્થિક સ્થિતિ અત્યંત દુર્બળ હતી. પાસે નાણું ન મળે એટલે ધંધો થાય નહિ અને કડિયા કામમાં જે રોજી મળે તેમાં પૂરું થાય નહિ. તેણે વિચાર કર્યો કે જૂનાગઢ જઈ સ્વામીશ્રીને મારી પરિસ્થિતિની વાત કરું અને સ્વામીશ્રીને પ્રાર્થના કરું અને જો આશીર્વાદ મળી જાય તો સુખિયા થઈ જવાય. તેથી પોતાના પુત્ર લક્ષ્મણને લઈને તે જૂનાગઢ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

સ્વામીશ્રી સભામંડપમાં વિરાજતા હતા એટલે દંડવત્ કરી પગે લાગ્યા અને સમીપે જઈને બેઠા. ત્યારે સ્વામીશ્રીએ તેનો સંકલ્પ જાણી કહ્યું : ''માવા ! તારા મનોરથ અહીં પૂરા થશે.''

ત્યારે તે હાથ જોડીને બોલ્યા : ''સ્વામી ! તમે દીનબંધુ કહેવાવ છો, બહુ સમર્થ છો અને ઘણા જીવોને તમે દર્શન માત્રથી સુખિયા કરી દીધા છે તો આજે આપનાં દર્શન કરી મારું દુઃખ મૂકવા હું અહીં આવ્યો છું.''

સ્વામીશ્રી તેની દીનવાણી સાંભળી રાજી થયા અને કહ્યું : ''માવજી ! તારું દુઃખ હવે નહિ રહે. જેમ સુદામાનું દારિદ્રય શ્રીકૃષ્ણે ટાળી નાખ્યું હતું, તેમ આજે તારું દારિદ્રય અમે ટાળી નાખીશું.'' એમ કહીને બોલ્યા : ''માવજી ! તારી પાસે કાંઈ પૈસા હોય તો ગામમાંથી બ્રાહ્મણની દુકાનેથી ચોખ્ખા કળીગાંઠિયા, દાળિયા કે મમરા લઈ આવ.'' માવજી તો આ સાંભળી રાજી થયો અને તરત જ ગામમાં જવા ઊઠ્યો. ત્યાં એક સાધુ તેની

આડા ફર્યા અને કહ્યું : "મિસ્ત્રી ! તમે દાળિયા અને મમરા લાવશો પણ સ્વામી તો તે નહિ જમે." આ સાંભળી માવજી અટક્યો.

તે જોઈ સ્વામીશ્રી બોલ્યા, "લૂંટાયો, લૂંટાયો, લૂંટાયો. એ સાધુ એને લાવવા નહિ દે. એનું સર્વસ્વ આજ લૂંટી લેશે."

માવજીએ આ સાંભળ્યું અને સ્વામીશ્રીના વચનનો મર્મ સમજી ગયો. તે તરત જ બહાર નીકળ્યો. મંદિરની બહાર એક મુસલમાન મુસો બેઠો હતો. તેણે માવજીને ઉતાવળે જતો જોઈ પૂછ્યું : "માવાભાઈ ! ઉતાવળા ઉતાવળા ક્યાં જાઓ છો ?"

ત્યારે માવજીએ કહ્યું : "સ્વામીએ દાળિયા મંગાવ્યા છે તે લેવા જાઉં છું."

એટલે મુસાએ ખીસામાંથી એક આનો આપીને કહ્યું : "મારા વતી પણ લાવજો અને સ્વામીને ધરાવજો. સ્વામીની પ્રસાદીમાં મારો અર્ધો ભાગ રાખજો."

માવજીએ તેની પાસેથી એક આનો લીધો અને તરત જ બજારમાં ગયો. બે આનાના દાળિયા અને મમરા લઈને માવજીભાઈ મંદિરે આવ્યા.

માવજીએ દાળિયા તથા મમરા સ્વામીશ્રી આગળ મૂક્યા ત્યારે સ્વામીશ્રીએ ગોવિંદચરણને કહ્યું : "આ દાળિયા અને મમરા ઠાકોરજીને ધરાવીને અમને આપો અને સૌ સંત-હરિભક્તને વહેંચો."

ગોવિંદચરણ સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે ઠાકોરજીને તે ધરાવી સ્વામીશ્રી પાસે લાવ્યા. તેમાંથી સ્વામીશ્રી બે દાણા જમ્યા અને બાકીના સૌ સંતો-હરિભક્તોને વહેંચી દેવા કહ્યું. પછી કહ્યું : "માવાભાઈ ! આ લ્યો પ્રસાદી, તેમાંથી પેલા મુસલમાનને પણ આપજો."

માવાભાઈને આ સાંભળી આશ્ચર્ય થયું !

પછી સ્વામીશ્રીએ તેને કહ્યું : "તમે કરાંચી જાઓ અને ત્યાં કંટ્રાક્ટનો ધંધો કરો. મહારાજની દયાથી તમારો વહેવાર સુધરી જશે અને ખૂબ કમાશો. તમારા ચારે દીકરા બહુ ભાગ્યવાન છે."

તે સાંભળી માવજીભાઈએ કહ્યું : "સ્વામી ! મારી પાસે કરાંચી જેટલે દૂર જવાનાં નાણાં નથી. વળી, ત્યાં કોઈની ઓળખાણ પણ નથી."

એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : "તમારે મારી તો ઓળખાણ છે ને ?

બીજી કઈ ઓળખાણની જરૂર છે ? માટે ત્યાં જાઓ. મહારાજ તમારી સહાય કરશે અને તમને મોટા કંટ્રાટી બનાવી દેશે.''

માવજીભાઈ સ્વામીશ્રીના આ બળભર્યા શબ્દોથી રાજી થયા. મનમાં થયું કે હવે દારિદ્રય ગયું. પણ બીજી મૂંઝવણ ઊભી રહી. નાણાં વિના કરાંચી કેમ જાવું ?

એટલે સ્વામીશ્રીએ તરત જ કહ્યું : ''તમારી માને કહેજો કે નાણાં તમને આપે. તેણે ઘંટી નીચે કુલડીમાં રૂપિયા એકસો એક દાટી રાખ્યા છે. તે આ ટાણે કામ આવી જશે. તમે કહેજ્યો કે સ્વામીએ કહ્યું છે માટે નાણાં આપો.'' આમ, સ્વામીશ્રીએ અતિશય રાજી થઈને માવજીને આશીર્વાદ આપ્યા.

માવજીભાઈના પગમાં જોર આવી ગયું. હૃદય પ્રફુલ્લિત થઈ ગયું. સ્વામીશ્રીને પ્રણામ કરી તે ઊઠ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેના તરફ ઊંચું જોઈને કહ્યું : ''પણ માવજીભાઈ ! પેલા મુસલમાનનોય અડધો ભાગ ધંધામાં રાખજો, તેણેય તમને એક આનો દાળિયા લેવા માટે આપ્યો છે.''

માવજીભાઈ તો અવાચક્ બની ગયા ! સ્વામીશ્રી અક્ષરબ્રહ્મનો અવતાર છે એટલે અંતર્યામી તો હોય જ. પરંતુ આટલા દયાળુ અને તે પણ એક યવન તરફ ! પરંતુ તેને ક્યાં સમજાતું હતું કે સ્વામીશ્રીના મનમાં તો પોતા પ્રત્યે જેને સદ્‌ભાવ હોય તેની જાતિ તરફ ન જોતાં તેનું પણ કલ્યાણ કરવાની તમન્ના હતી ! માવજીભાઈએ સ્વામીશ્રીને હાથ જોડ્યા અને બહાર નીકળ્યા.

માવા મુસાની પેઢી

મંદિર બહાર મુસલમાન મુસો માવજીભાઈ પાસેથી પ્રસાદી મળશે તે આશાએ બેસી રહ્યો હતો. ત્યાં માવજીભાઈ નીકળ્યા. એટલે મુસાએ તેને કહ્યું : ''માવજીભાઈ ! સ્વામીની પરસાદીમાં મારો અર્ધો ભાગ છે. માટે મને આપો.''

તરત જ માવજીભાઈએ સ્વામીશ્રીએ તેને માટે આપેલી પ્રસાદી તેને આપી અને કહ્યું : ''મુસા ! પ્રસાદીમાંય તારો ભાગ અને હું જે ધંધો કરું તેમાંય તારો અર્ધો ભાગ. સ્વામીશ્રીએ એમ આજ્ઞા કરી છે.''

મુસો તો કૃતકૃત્ય થઈ ગયો. તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. એક આનાની અલ્પ સેવામાં સ્વામીશ્રીએ તેના ઉપર આટલી બધી કૃપા બતાવી ! પરંતુ તે ક્યાં જાણતો હતો કે તેના એક આના કરતાંય તેના અંતરનો ભાવ સ્વામીશ્રીને અધિક હતો. આમ, સ્વામીશ્રીએ માવા અને મુસાનો મેળ બેસારી દીધો !

માવજીભાઈ રાજકોટ ગયા. ત્યાં જઈ તેમનાં માતુશ્રીને કહ્યું : "સ્વામીએ આશીર્વાદ આપ્યા છે અને ધંધા માટે કરાંચી જવાની આજ્ઞા કરી છે. માટે કરાંચી જવા તમે મને નાણાં આપો."

ત્યારે ડોશીમાએ દીનતાપૂર્વક કહ્યું : "હું તો દાડી કરીને પેટ ગુજારો કરું છું. તે તને કરાંચી જવાનાં નાણાં ક્યાંથી આપું ?"

માવજીએ તે સાંભળી કહ્યું : "મા ! સ્વામીએ મને કહ્યું છે કે ડોશીએ ઘંટી નીચે કુલડીમાં રૂપિયા એકસો ને એક દાટ્યા છે તે લઈને કરાંચી જજો."

ડોશી તો આ સાંભળી વિસ્મય પામ્યાં. સ્વામીશ્રીએ અંતર્યામીપણે આ વાત જાણી લીધી. તેણે જાણ્યું કે સ્વામીશ્રીની આજ્ઞા છે એટલે રાજી થઈ તેણે કુલડી કાઢી તેમાંથી બધા રૂપિયા માવજીભાઈને આપી દીધા. માવજીભાઈ તે લઈને કરાંચી ગયા.

માવજીભાઈ કરાંચી બંદરે ઊતર્યા. બંદર ઉપર જ તેને એક અંગ્રેજ સાહેબ મળ્યા. સાહેબના અંતરમાં જાણે સ્વામીશ્રીએ પ્રેરણા કરી હોય તેમ માવજીને જોઈ સાહેબે તેને પાસે બોલાવ્યો. તેને તેનું નામ, ઠામ અને ગામ વગેરે પૂછ્યું. પછી કહ્યું : "આ ગોદીના કંટ્રાકટનું કામ તમે રાખો."

ત્યારે માવજીએ કહ્યું : "સાહેબ ! મારી પાસે નાણાં નથી."

તે સાંભળી સાહેબે કહ્યું : "જેટલાં નાણાંની જરૂર કામ માટે પડે, તેટલાં અગાઉથી અમારી પાસેથી લઈ જાવ. પણ કંટ્રાકટ તમે રાખો."

માવજીને લાગ્યું કે આ તો સ્વામીશ્રીના આશીર્વાદનું જ ફળ છે. સાહેબના કહેવાથી માવજીભાઈએ ગોદીના કામનો કંટ્રાકટ રાખ્યો. તેમાંથી સારી રકમ તે કમાયા. પછી તો સાહેબની મહેરબાનીથી બીજાં કામ પણ મળવા માંડ્યાં. આમ, માવા-મુસાની કંપની જામી ગઈ ! મોટાપુરુષ આવી રીતે દષ્ટિમાત્રે દારિદ્રય કાઢી નાખે છે !

ત્યારબાદ કેટલાંક વર્ષે માવજીભાઈ દેશમાં આવ્યા ત્યારે જૂનાગઢ જઈ ત્યાં કથા કરાવી, બંને ગાદીના આચાર્યોને જૂનાગઢ તેડાવ્યા અને પુષ્કળ નાણું વાપર્યું. સદાવ્રત પણ બંધાવ્યાં. પરંતુ આ બધું સ્વામીશ્રીના આશીર્વાદથી જ થયું છે એમ પોતે જીવ્યા ત્યાં સુધી કહેતા અને મંદિરની સેવા કરવા છતાં પણ સ્વામીશ્રીના ઋણાનુબંધ તો સદાને માટે રહ્યા !

✧ ✧ ✧

બગસરામાં મંદિર કરવાની સ્વામીશ્રીએ ત્યાંના હરિભક્તોને આજ્ઞા કરી હતી તેથી તેઓ સૌ આ અરસામાં જૂનાગઢ આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી પાસે બેઠા અને કહ્યું : ''સ્વામી ! આપે મંદિર કરવાની આજ્ઞા આપી પરંતુ અત્યારે અમારી પાસે જે જગ્યા છે તે બહુ સાંકડી છે. આજુબાજુ બ્રાહ્મણોનાં ઘર છે. તે બ્રાહ્મણો વેચાણ આપવા તૈયાર છે. પરંતુ તેમને એ ઘરો દરબાર તરફથી બક્ષિસ મળેલાં હોવાથી દરબાર તેમને એ ઘરો વેચવાની પરવાનગી આપતા નથી. વળી, બીજી દરબારી જમીન બાજુમાં છે તેની માગણી કરી. દરબાર તે જમીન પણ આપવા તૈયાર નથી. સ્વામિનારાયણ પ્રત્યે તેને કાંઈક છાનો દ્વેષ છે.''

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''તેમના સગા કોઈ સત્સંગી હોય તો તેમની મારફત ભલામણ કરી જમીન મેળવી લ્યો.''

ત્યારે તેમણે સૌએ કહ્યું : ''સ્વામી ! એ પણ કર્યું. કુંડલાના દરબાર આલા ખુમાણ તેમના સગા છે તેમણે પણ દરબારને કહ્યું પણ દરબારે માન્યું નહિ એટલે આલા ખુમાણે બગસરાનું પાણી હરામ કર્યું છે.''

સ્વામી આ વાત સાંભળી ગંભીર બની ગયા. પછી કહ્યું : ''સારું, મહારાજ રસ્તો કાઢશે. હમણાં તો અમારે ચૈત્રી પૂનમના સમૈયા ઉપર વરતાલ જવાનું છે ત્યાંથી આવ્યા પછી અમો બગસરા આવીશું.'' એ પ્રમાણે સ્વામીશ્રીએ તેમને આશ્વાસન આપી રવાના કર્યા અને પોતે વરતાલ સમૈયે જવાની તૈયારી કરવા લાગ્યા.

✧ ✧ ✧

સંવત ૧૯૧૫ના ચૈત્રી પૂનમનો સમૈયો કરવા સ્વામીશ્રી વરતાલ જવાની તૈયારી કરતા હતા. તે સમયે ઉત્તરાદા બારના ઓરડામાં એક સંત નારાયણદાસ ગંભીર માંદગી ભોગવતા સૂતા હતા. ઉંમર નાની હતી છતાં

અસાધ્ય માંદગીને લઈને તેમને દેહમાં કોઈ આસક્તિ રહી ન હતી. તેથી તેણે સ્વામીશ્રીને કહેવરાવ્યું કે "મને હવે ધામમાં લઈ જાવ."

આ સંદેશો સાંભળી સ્વામીશ્રી તેમના ઓરડામાં પધાર્યા. નારાયણદાસને જોઈને સ્વામીશ્રીએ તેમને કહ્યું : "ધામમાં જવું છે કે અહીં રહેવું છે ?"

ત્યારે તેણે બે હાથ જોડી કહ્યું : "સ્વામી ! હવે ધામમાં તેડી જાઓ."

એટલે સ્વામીશ્રીએ તેને કહ્યું : "ધામમાં જવું હોય તો અમારા પગ ઝાલો."

એટલે તે સંત ખાટલામાં બેઠા થયા અને સ્વામીશ્રીના પગ પકડી લીધા અને સ્વામીશ્રીને દીનભાવે સ્તુતિ કરતાં કહ્યું : "દયાળુ ! હવે કોઈ ઇચ્છા નથી. આપ જલદી ધામમાં લઈ જાવ."

સ્વામીશ્રીએ પછી તેમને માથે હાથ મૂક્યો અને કહ્યું : "મહારાજ ત્રણ દિવસમાં તમને ધામમાં તેડી જશે." એ પ્રમાણે સ્વામીશ્રીએ તેમને શાંતિ કરી દીધી. પછી સ્વામીશ્રી જૂનાગઢથી વરતાલ જવા સંત પાર્ષદો સાથે નીકળ્યા. સ્વામીશ્રી અને સંઘ ચૈત્ર સુદ આઠમની સવારે મહેળાવ પહોંચી ગયો. ચૈત્ર સુદ નવમીએ આ સંઘ વરતાલ પહોંચ્યો. સ્વામીશ્રી જ્યારે જ્યારે વરતાલ આવવા મહેળાવ પહોંચતા ત્યારે વરતાલથી ઘણા સંતો તથા હરિભક્તો સ્વામીશ્રીનું સામૈયું કરવા ઠેઠ મહેળાવ સુધી સામા આવતા. સ્વામીશ્રી તથા સંતોની ચરણરજથી અંકિત થયેલું મહેળાવ ગામ પણ આ રીતે અત્યંત પ્રાસાદિક બની ગયું હતું.

સ્વામીશ્રી વરતાલમાં આઠ દિવસ રહ્યા અને વાતોનો મેઘ વરસાવી સૌને તૃપ્ત કરી દીધા. હજારો હરિભક્તોએ સ્વામીશ્રીની વાતોનો લાભ લીધો અને સૌ કૃતકૃત્ય બની ગયા.

આ તો વિદ્વાન થશે અને સંપ્રદાયના આચાર્ય બનશે

આ પ્રસંગે કૃષ્ણપ્રસાદજી મહારાજ તથા તેમનાં પત્ની સરવાર દેશમાંથી અહીં આવ્યાં હતાં. સરવાર દેશમાં તેમના સસરાના ગામ બુમોલીમાં તેમને ત્યાં પુત્રનો જન્મ સંવત ૧૯૦૮ના ચૈત્ર વદિ અમાસને દિવસે થયો હતો. તે પુત્ર મોટો થયો એટલે તેમને તેડવા કૃષ્ણપ્રસાદજી

મહારાજ સરવાર દેશમાં ગયા હતા. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી વરતાલ ચૈત્ર સુદ નોમ - હરિનવમીના સમૈયે પધારશે તે સમાચાર મળવાથી તેઓ તેમનાં પત્ની તથા પુત્રને લઈને સીધા વરતાલ આવ્યા હતા. અહીં સ્વામીશ્રી આગળ બાળપુત્ર વિહારીલાલજીને આશીર્વાદ અપાવવા તથા વર્તમાન ધરાવવા તેમના પુરબિયા સેવક વશરામ લઈ આવ્યા. આચાર્ય-પત્નીએ વશરામને કહ્યું હતું કે 'સ્વામીશ્રીને કહેજે કે આ બાળકને માથે હાથ મૂકે, તેમના આશીર્વાદથી આ બાળકનું પ્રારબ્ધ ખૂલી જશે.' વશરામ બાળ વિહારીલાલજીને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા અને બાળકને સ્વામીશ્રીના ચરણ પાસે મૂકી દીધું.

પછી સ્વામીશ્રીને કહ્યું : "આ કૃષ્ણપ્રસાદના લાલજી વિહારીલાલ છે. આપના આશીર્વાદ લેવા સારુ મોકલ્યા છે. માટે આપ આશીર્વાદ આપો અને તેને વર્તમાન ધરાવો."

તે સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા. પછી બાળકને વર્તમાન[૧૩૫] ધરાવી સ્વામીશ્રીએ તેને માથે બે હાથ મૂક્યા અને આશીર્વાદ આપતાં કહ્યું : "આ તો બહુ જ વિદ્વાન થશે અને સંપ્રદાયના આચાર્ય બનશે."[૧૩૬]

ખંભાતમાં સ્વામીશ્રી રઘુવીરજી મહારાજને ચમર ઢોળે છે

સ્વામીશ્રી વરતાલથી નીકળી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ અને સંતો-હરિભક્તોના સંઘ સાથે ખંભાત પધાર્યા. ઉમરેઠના હરિભક્તોએ સ્વામીશ્રી તથા આચાર્ય મહારાજનું ધામધૂમથી સામૈયું કર્યું. આચાર્ય મહારાજને માટે ખાસ શણગારેલો હાથી તેઓ લાવ્યા હતા. આચાર્ય

૧૩૫. આ પ્રસંગનું કીર્તન આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે 'કીર્તન કૌસ્તુભમાળા'માં રચ્યું છે :

'અક્ષરમૂર્તિ ગુણાતીત સ્વામી તેણે આપ્યાં વર્તમાન,
પોતે પાળીને પછી પળાવે જનને દે ઘણું જ્ઞાન રે... આવોજી અવતારિ.

૧૩૬. સ્વામીશ્રીના આશીર્વાદ અનુસાર આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ પછી ત્રીજા આચાર્ય તરીકે તેઓ વરતાલની ગાદીએ આવ્યા. પોતે ખૂબ જ વિદ્વાન હતા. સંપ્રદાયનું સાહિત્ય તેમણે સંશોધન કરાવી પ્રગટ કર્યું. તેમજ 'હરિલીલામૃત' વગેરે ગ્રંથો પણ તેમણે રચ્યા. શ્રીજીમહારાજની પ્રસાદીની વસ્તુઓનો સંગ્રહ તેમણે શરૂ કર્યો.

મહારાજ હાથી ઉપર વિરાજ્યા. પછી તેમણે સ્વામીશ્રીને હાથી ઉપર બેસવા કહ્યું. પરંતુ સ્વામીશ્રીએ ના પાડી. છતાં પણ આચાર્ય મહારાજ અને ખંભાતના હરિભક્તોના અતિ આગ્રહથી સ્વામીશ્રી, શ્રીજીમહારાજે તેમને આપેલી પ્રસાદીની ગોદડી ઓઢીને હાથી ઉપર રઘુવીરજી મહારાજની પાછળ વિરાજ્યા. સ્વામીશ્રીએ ચમર હાથમાં લીધો અને આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને ચમર ઢોળવા માંડ્યા. ત્યારે આચાર્યશ્રીએ સ્વામીશ્રીને કહ્યું : "આપ રહેવા દ્યો."

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : "આજ ખરો લાગ આવ્યો છે. અમથા તો આપ સેવા કરવા નથી દેતા. માટે આજે આપની સેવા અમે કરી લઈએ. આપ તો સાક્ષાત્ શ્રીજીમહારાજના પુત્ર છો એટલે અમારે મન તો શ્રીજીમહારાજને ઠેકાણે આપ છો. તેથી અમે સેવા કરીએ તેમાં કોઈ બાધ નથી." આ પ્રમાણે કહીને સ્વામીશ્રી આચાર્ય મહારાજને ચમર ઢોળવા લાગ્યા. વાજતેગાજતે સૌ મંદિરમાં આવ્યા.

ખંભાતના હરિભક્તોના અત્યંત ઉત્સાહને લઈને આચાર્ય મહારાજ તથા સ્વામીશ્રી અને સંઘ લગભગ છ-સાત દિવસ સુધી ખંભાતમાં રહ્યા. સ્વામીશ્રીએ આટલા દિવસો ખૂબ વાતો કરી સૌના અંતરમાં શ્રીજીમહારાજની નિષ્ઠા દૃઢ કરાવી, જીવમાંથી પંચવિષયના રાગ કાઢી નાખ્યા. ઉપદેશની સરળ શૈલીમાં મહારાજની કહેલી ઘણી વાતો સ્વામીશ્રી કહેતા.

જીવના હૃદયમાં પણ બૂડઠૂંઠાં રહ્યાં હોય છે

એક દિવસ કથા પ્રસંગે સ્વામીશ્રીએ વાત કરતાં કહ્યું : "શ્રીજીમહારાજ એક દિવસ કારિયાણીમાં વિરાજતા હતા. મહારાજ સન્મુખ હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. કારિયાણીના પટેલ પણ તે સભામાં બેઠા હતા. તેવામાં તેનો સાથી હળ લઈને ત્યાંથી નીકળ્યો. તેને પટેલે કહ્યું : "ખેતરમાં બૂડઠૂંઠાં જાળવજે."

ત્યારે તે સાથીએ "હો" એમ કહ્યું.

તે સાંભળી મહારાજે પટેલને પૂછ્યું : "તમે એ બૂડઠૂંઠું કહ્યું તે શું ?"

ત્યારે પટેલે કહ્યું : "ખેતરમાં વચ્ચે બોરડીના કે એવાં બીજાં ઝાડને

કાપી નાખ્યાં હોય તેનાં મૂળિયાં જમીનમાં ઊંડાં રહ્યાં હોય તે બૂડઠૂંઠાં કહેવાય. જ્યાં સુધી કોદાળી લઈને તે ખોદી ન નાખીએ, ત્યાં સુધી તે ખેતરમાં રહે. જો હળ ત્યાં ભરાય તો એ બૂડઠૂંઠાં એટલાં ઊંડાં હોય કે હળ ભાંગી જાય કાં બળદની કાંધ આવી જાય. તેથી તેને કહેવું પડ્યું કે બૂડઠૂંઠાં જાળવજે.''

તે સાંભળી મહારાજ હસ્યા. પછી મહારાજે વાત કરી કે 'જીવના હૃદયમાં પણ આ રીતે બૂડઠૂંઠાં રહ્યાં હોય છે. કામ, ક્રોધ, લોભ, સ્નેહ, રસાસ્વાદ અને માન વગેરે જે દોષો છે તે જીવના હૃદયમાં ઊંડાં મૂળ ઘાલીને રહ્યાં હોય છે અને જીવને ભગવાનના માર્ગથી કાં તો છેટે રાખે અને કાં તો ભગવાનના માર્ગથી પાડી દ્યે.' આ પ્રમાણે મહારાજે કારિયાણીમાં વાત કરી હતી. તેનું રહસ્ય આપણે શું સમજવાનું છે ? જ્યાં સુધી જીવના હૃદયમાં - સંશયગ્રંથિ, મમત્વગ્રંથિ, ઈચ્છાગ્રંથિ, કર્મગ્રંથિ, હૃદયગ્રંથિ અને અહંગ્રંથિ - આ છ ગ્રંથિઓ રહી છે, ત્યાં સુધી જીવને ભગવાનને માર્ગે તે ચડવા દેતી નથી અને નરક ચોરાસીમાં નાખી દ્યે છે. માટે એ ગ્રંથિઓ જો ગળી જાય તો જ ભગવાન ભજવાનું સુખ આવે.''

તે સાંભળી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે પૂછ્યું : ''સ્વામી ! એ ગ્રંથિઓ કેમ ગળે ?''

ત્યારે સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : ''આપને કોલ નથી આપ્યો કે જૂનાગઢ આવો તો ગ્રંથિઓ ગાળી નાખું ?''

રઘુવીરજી મહારાજ આ સાંભળી સજાગ થઈ ગયા ! અહો, સ્વામીશ્રીએ ત્રણ વર્ષ પહેલાં આપેલો કોલ આજે સંભારી દીધો ! હું તો સાવ ભૂલી ગયો હતો ! પરંતુ જીવને ભગવાન ભજાવવાનું સ્વામીશ્રીને કેવું તાન છે ! પળે પળે મુમુક્ષુઓને જાગૃત જ રાખે છે ! રઘુવીરજી મહારાજે કહ્યું : ''હા, સ્વામી ! હવે એનો ઉપાય કરવો પડશે.'' સ્વામીશ્રી પણ તેમની અત્યંત મુમુક્ષુતા જોઈને અંતરમાં રાજી થયા.

ખંભાતમાં લગભગ સાતેક દિવસ રહી આચાર્ય મહારાજ તથા સ્વામીશ્રી વરતાલ પધાર્યા. ત્યાંથી સ્વામીશ્રી શુકમુનિને સાથે લઈને નીકળ્યા. તે વખતે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આ ફેરે જૂનાગઢ આવવું છે.''

ત્યારે સ્વામીશ્રીએ અત્યંત રાજી થઈને કહ્યું : "પધારજો."

પછી સ્વામીશ્રી ત્યાંથી નીકળી ફરતાં ફરતાં વાગડ પધાર્યા. વાગડમાં ભાઈ આત્માનંદ સ્વામી હતા. તેઓ આગલી સાલે ચોમાસામાં જૂનાગઢ આવ્યા હતા. પરંતુ તેમને ત્યાંનું પાણી સદ્યું નહિ તેથી પાછા વાગડ જતા રહ્યા હતા. સ્વામીશ્રી દર વર્ષે એક વાર વાગડ પધારતા. મહારાજને મળેલા અને મહારાજના કૃપાપાત્ર, વચનની મૂર્તિ સમા ભાઈ આત્માનંદ સ્વામી, સ્વામીશ્રી વાગડ પધારતા તેથી બહુ જ રાજી થતા. ઘણી વાર પોતાના પત્તરની પ્રસાદી પણ સ્વામીશ્રીને આપતા અને સ્વામીશ્રી મહિમા સમજી જમી જતા.

આ વખતે સ્વામીશ્રી વાગડ પધાર્યા તે ખબર અગાઉથી સોરઠના હરિભક્તોને મળ્યા. એટલે જાળિયાથી અરજણ બાબરિયો તથા ઠક્કર ભવાનભાઈ તેમજ પીપળીના ગરાસિયા હળધરજીભાઈ અને પંચાળાના દરબાર દાજીભાઈ વગેરે વાગડ આવી ગયા હતા.

હળધરજીએ સ્વામીશ્રીની મૂર્તિમાં તેજનો પ્રવાહ જોયો

સ્વામીશ્રી અહીં ચોકમાં ચંદની નીચે બેસી વાતો કરવા લાગ્યા. જેમ ચકોર ચંદ્રમાને જોઈ રહે, તેમ સમગ્ર સભાજનો સ્વામીશ્રી સન્મુખ જોઈ રહ્યા. શુકમુનિ પણ સ્વામીશ્રીનો આ અદ્‌ભુત પ્રભાવ જોઈ સ્થિર થઈ ગયા ! સ્વામીશ્રી તો અત્યંત બળભરી વાતો કરવા માંડ્યા. તે સમયે હળધરજીભાઈએ સ્વામીશ્રીની મૂર્તિમાંથી તેજનો પ્રવાહ નીકળતો જોયો. એટલે તે 'અહો અહો' કરવા માંડ્યા. તે જોઈ શુકમુનિએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ તમારા દેશના હરિભક્તો ગાંડા જેવા ખરા અને તમારા ઉપર મરી મટે એવું હેત પણ ખરું. પણ તે હેત કાંઈ આમ બતાવવાનું ન હોય. માટે આને કહો કે હવે બોલતા બંધ થાય."

એટલે સ્વામીશ્રીએ પોતાના દિવ્યભાવનો સંકોચ કરી દીધો. હળધરજીને તેજ દેખાતું બંધ થયું એટલે તે બોલતા બંધ થઈ ગયા. પછી થોડી વારે સ્વામીશ્રીએ હળધરજીને કહ્યું : "બાપુ ! આમ કથાપ્રસંગમાં 'અહો અહો' એમ ન બોલવું."

ત્યારે તેમણે બે હાથ જોડી કહ્યું : "સ્વામી ! મને કાંઈ ખબર નથી. હું

તો આપની મૂર્તિમાંથી દિવ્ય તેજ નીકળતું જોતો હતો તેથી મારા અંતરમાં આનંદ સમાતો ન હતો.''

આ સાંભળી શુકમુનિને હળધરજીના શબ્દોનું રહસ્ય સમજાયું. પછી સ્વામીશ્રી ત્યાંથી નીકળી ફરતાં ફરતાં જૂનાગઢ પધાર્યા.

દર વર્ષે શિયાળામાં હરિહર્યાનંદ સ્વામી, કૃષ્ણચરણદાસજી તથા હરિપ્રસાદ મુનિ, નામનો ધર્માદો ઉઘરાવવા કાઠિયાવાડમાં આવતા અને રાજકોટ, નવાનગર, ઊના વગેરે સોરઠના દેશોમાં ફરી જૂનાગઢ આવતા. અહીં સ્વામીશ્રીના સમાગમનો તેઓ લાભ લેતા અને પછી ચૈત્રી પૂનમના સમૈયે સ્વામીશ્રી સાથે વરતાલ જતા. સ્વામીશ્રી એ અક્ષરધામનો અવતાર છે એવી નિષ્ઠા તેમના અંતરમાં હતી. સ્વામીશ્રીનો દિવ્ય પ્રભાવ અને બળભરી વાતોથી ગુજરાતમાંથી કેટલાક સંતો અને હરિભક્તો સ્વામીશ્રીનો સમાગમ કરવા આવતા. તે ઉપરથી જેરામ બ્રહ્મચારીએ કીર્તન રચ્યું છે : 'ચાલો સંતો જાઈએ ગઢ જૂને રે.' આ કીર્તનમાં સ્વામીશ્રીના અક્ષરધામ સ્વરૂપનો અદ્‌ભુત મહિમા ગૂંથી લીધો છે.

જૂનાગઢમાં સંતો-પાર્ષદોને અરસપરસ સુહૃદભાવ

એક દિવસ શણગાર આરતી પછી સ્વામીશ્રી સભામંડપમાં ગાદીતકિયે વિરાજમાન થયા હતા અને આગળ નાગર હરિભક્તો ચકુભાઈ, મોટા માધવરાય, સદાશંકરભાઈ વગેરે બેઠા હતા. સ્વામીશ્રી આ પ્રસંગે દિવ્ય ભાવમાં આવી સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર શાસ્ત્રોનાં રહસ્યની વાતો કરતા હતા. આ વખતે કેશવ ભક્ત દૂર થાંભલાને ઓઠીંગણ દઈને હાથમાં 'શિક્ષાપત્રી' લઈને પાઠ કરતા હતા. સાથે સાથે સ્વામીશ્રીની વાતો પણ સાંભળતા હતા. આ ચારે શાસ્ત્રોની રહસ્યમય વાતોમાંથી શ્રીજીમહારાજના પ્રગટ સ્વરૂપની અદ્‌ભુત વાતો સ્વામીશ્રી કરતા હતા તેથી રામાનુજાનંદ સ્વામી એકદમ કેફમાં આવી ગયા. તેમણે કેશવ ભગતને દૂર બેસી 'શિક્ષાપત્રી'નો પાઠ કરતા જોયા તેથી તેઓ એકદમ અકળાઈ ગયા અને પોતાના આસનેથી ઊઠી તેમની પાસે ગયા. તેમનું બાવડું ઝાલીને તેમને કહ્યું : ''બેટી કે બાપ ! યહાં બૈઠે પાઠ કરતે હો. સ્વામી કી બાત નહિ સુણતે ? તેરા બાપ સદા નહિ બૈઠે રેવે. માટે બાત

સુણ લે. પીછે એ સમય નહિ મિલેંગે અને પસ્તાયેગા.''

કેશવ ભગત તરત જ ઊઠ્યા અને સભામાં સ્વામીશ્રી પાસે આવીને બેઠા. એક ધ્યાનથી સ્વામીની વાતો સાંભળવા લાગ્યા. સ્વામીશ્રીએ વાતો પૂરી કરી એટલે સભા વિસર્જન થઈ. રામાનુજાનંદ સ્વામી પણ એમને આસને આવ્યા. ત્યાં એક હરિભક્ત તેમની પાસે આવ્યા અને તેમને ચાર કેરી આપી. આ ચાર કેરી લઈ રામાનુજાનંદ સ્વામી તરત જ કેશવ ભક્ત પાસે ગયા. કેશવ ભગતને તેમણે ચાર કેરી આપી અને કહ્યું : ''મેં તેરેકુ વઢ્યાતાને તે લે આ કેરી. તેરેકુ રાજી કરના હૈ.''

તે સાંભળી કેશવ ભક્તે કહ્યું : ''સ્વામી ! તમે તો મારા સારા સારુ વઢ્યા'તાને. હું તો તેમાં રાજી છું. આપ રોજ વઢજો.''

રામાનુજાનંદ સ્વામી કેશવ ભક્તનો પોતા પ્રત્યેનો આવો મહિમા જોઈ રાજી થયા. પછી બે કેરી કેશવ ભક્તને તેમણે પરાણે આપી. આ પ્રસંગ બાદ સ્વામીશ્રી સભામાં વાતો કરતા હોય ત્યારે કોઈ દિવસ કેશવ ભક્ત બીજી પ્રવૃત્તિમાં ન ગૂંચવાતાં તરત જ સભામાં વાતો સાંભળવા આવી જતા.

સ્વામીશ્રીના પ્રતાપે જૂનાગઢમાં સંતો અને પાર્ષદોને અરસપરસ આવો સુહૃદભાવ હતો. સૌનું લક્ષ્યબિંદુ સ્વામીશ્રી હતા. તેમનાં દર્શન અને સમાગમ એ જ સૌના જીવનનો હેતુ હતો. તેમાં કોઈને કાંઈ ક્ષતિ રહેતી તો અરસપરસ આવા હેતના શબ્દોથી સૌ એકબીજાને ચેતાવી દેતા.

ગઢડાના ઠક્કર નારણ પ્રધાન સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવતા. સ્વામીશ્રી જે જે વાતો કરતા તે પોતે લખી લેતા. એક દિવસ સ્વામીશ્રી તેમનું કાંડું પકડીને વાડીમાં પધારતા હતા. ત્યાં દક્ષિણાદો જે ફરજો[૧૩૭] છે તેની બાજુમાં એક આંબાનું ઝાડ હતું. તે વૃક્ષ નીચે સ્વામીશ્રી વિરાજમાન થયા અને વાતો કરવા માંડ્યા. ત્યારે નારણ પ્રધાને હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! આપ આવી ઉત્તમ અલૌકિક વાતો કરો છો પણ હૈયામાં એકે ઊગતી નથી.''

તે સાંભળી સ્વામીશ્રીએ સામે ખેડેલી વાડી તરફ નજર નાખી. પછી બોલ્યા : ''નારણ ! આ ખેતરમાં સરસવની કોથળી આ શેઢેથી તે ઓલે

૧૩૭. માળી દીધેલું ઢોર બાંધવાનું ખૂલ્લું મકાન.

શેઢે સુધી ઓરી દીધી હોય તો અત્યારે એકે દાણો દેખાય ?''

ત્યારે નારણ પ્રધાને કહ્યું : ''ના, મહારાજ !''

પછી સ્વામીશ્રીએ કહ્યું : ''પણ વરસાદ વરસે ત્યારે ?'' એમ કહીને પોતે કહ્યું : ''ત્યારે તો પૃથ્વી જ ન દેખાય. તેમ આ તો ગુણાતીત વાતુ છે તે અત્યારે નથી જણાતી પણ આગળ ઉપર આ વાતુનાં મોટાં માટાં ઝાડ થશે. આ ગુણાતીત જ્ઞાન આગળ જતાં બહુ પ્રવર્તશે અને બહુ સમાસ થશે.'' પછી થોડી વાર ત્યાં વાતુ કરીને સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા.

સ્વામીશ્રીની અદ્‌ભુત વાતોથી, અંતર્યામીપણાથી અને સામાનું અંતઃકરણ ફેરવી નાખી તેને પોતાની રીતે વર્તાવવાના દિવ્ય ઐશ્વર્યથી, જૂનાગઢના નાગરો સ્વામીશ્રીને વશ થઈ ગયા હતા. તેમના ન્યાતીલા આ નવો સંપ્રદાય સ્વીકારવા માટે તેમની ટીકા કરતા. પરંતુ જે દિવ્યતાનો અનુભવ તેમણે તેમના અંતરમાં કર્યો હતો, તે અનુભવના બળથી આ ક્ષુલ્લક ટીકાથી તેઓ કદી ડરતા નહિ. શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવી અને તે દ્વારા અનેક જીવોનું આત્યંતિક કલ્યાણ કરવું એ જ હેતુ લક્ષ્યમાં રાખી સ્વામીશ્રી તમામ પ્રવૃત્તિઓ કરતા. ચૈત્રી પૂનમના સમૈયે વરતાલ જતાં પહેલાં બગસરાના હરિભક્તો જૂનાગઢ આવી બગસરામાં મંદિર કરવા અંગેની મુશ્કેલીઓ બતાવી ગયા હતા તે હકીકત સ્વામીશ્રીના ખ્યાલ બહાર ન હતી. તેમણે સ્વામી માધવચરણદાસ તથા સ્વામી માધવપ્રિયદાસને બગસરા મોકલ્યા.

બગસરામાં મંદિર અંગેની પ્રવૃત્તિ

બરાબર આ જ અરસામાં સ્વામીશ્રીની દિવ્ય પ્રેરણાથી કુંડલાથી માંચો ખુમાણ તથા તેમના ભાઈ આલો ખુમાણ, તેમની બહેન કામલબાઈ સાથે સ્વામીશ્રીનાં દર્શન અને સમાગમ માટે જૂનાગઢ આવ્યાં. દર વર્ષે સમાગમ કરવા આવતાં આ ભાઈ-બહેનને આ વર્ષે થોડાં વહેલાં આવેલાં જોઈ સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''કેમ દરબાર ! આ વખતે કાંઈ દર વરસ કરતાં વહેલા આવ્યા ?''

ત્યારે માંચા ખુમાણે કહ્યું : ''સ્વામી ! અંતરમાં આપનાં દર્શનની તાણ બહુ થઈ એટલે વહેલા આવ્યા.''

સ્વામીશ્રી તે સાંભળી હસ્યા. માંચા ખુમાણ તથા આલો ખુમાણ થોડા દિવસ રહ્યા, કથાવાર્તાનો લાભ લીધો અને પછી કુંડલા જવા સ્વામીશ્રીની રજા લેવા આવ્યા. સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "આલાભાઈ ! તમારા સગા બગસરામાં કોઈ છે ?"

ત્યારે તેણે કહ્યું : "હા, સ્વામી ! હરસુરવાળો અમારો મશિયાઈ ભાઈ થાય પણ અમારે તેની સાથે બોલ્યા વહેવાર નથી."

એટલે સ્વામીશ્રીએ કહ્યું : "જો બગસરામાં મોટું મંદિર થાય તો બાબરિયાવાડમાંથી ધર્માદાનો બાજરો આવે છે તેના કોઠાર બગસરામાં કરી શકાય. પછી ત્યાંથી જરૂર પ્રમાણે આપણાં ગાડાં જઈને અહીં લઈ આવે !"

આલા ખુમાણ વિચારમાં પડી ગયા. તેણે હરસુરવાળાને એક વખત જમીન આપવા કહ્યું હતું પણ તેણે ચોખ્ખી ના પાડી હતી. તેથી તેણે બગસરાનું પાણી હરામ કર્યું હતું. તેને આ પ્રમાણે વિચાર કરતા જોઈ સ્વામીશ્રીએ ફરી કહ્યું : "જુઓ, આલાભાઈ ! ભૂમિદાનનું શાસ્ત્રમાં બહુ મોટું પુણ્ય લખ્યું છે. કારણ બીજાં દાન તો થોડો વખત ટકે પણ ભૂમિદાન તો પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી ટકે. જે કોઈ મંદિર બંધાવે, તે ત્રિલોકીનો રાજા થાય. મંદિરમાં મૂર્તિઓ પધરાવે તો તે ચક્રવર્તી રાજા થાય. વળી, મંદિર બંધાવે, મૂર્તિઓ પધરાવે અને મૂર્તિઓની પૂજા માટે બંદોબસ્ત કરે અથવા પોતે પૂજા કરે તો તે ભક્ત ભગવાનના ધામમાં અનેક પ્રકારનાં ઐશ્વર્ય પામે છે. જે કોઈ ભૂમિ અપાવે કે કોઈ ભૂમિ આપે તેમાં રાજી થાય તો તેમને પણ સરખું પુણ્ય મળે છે. માટે તમો જો કાંઈ હિલચાલ કરો તો બગસરામાં જમીન મળે અને ત્યાં મંદિર કરીએ."

સ્વામીશ્રી વાત કર્યે જતા હતા અને આલા ખુમાણના અંતરમાં વિચારોની પરંપરા ચાલતી હતી. એક તરફ ક્ષત્રિયની ટેક હતી - બગસરાનું પાણી હરામ કર્યું હતું - ત્યારે બીજી બાજુ સ્વામીશ્રીની આજ્ઞા અને રાજીપો હતાં. પરંતુ આલા ખુમાણ શૂરવીર હતા. તેણે એક ક્ષણમાં જ વિચાર કરી લીધો. તેણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! હરસુરવાળાએ જમીન આપવા ના કહી છે તેથી જ મેં બગસરાનું પાણી હરામ કર્યું છે. પરંતુ આપની ઇચ્છા છે તો ફરી તેને જઈને મળીશ. આપના સંકલ્પને

ખાળી શકવાની તેની તાકાત નથી !"

સ્વામીશ્રી તે સાંભળી હસ્યા અને કહ્યું : "મહારાજ ! એનું અંતર ફેરવશે. માટે તમે જાવ અને ત્યાં આપણા બે સાધુ માધવચરણ અને માધવપ્રિય છે તે પણ તમારી ભેગા આવશે."

"બહુ સારું" કહી આલા ખુમાણ, માંચા ખુમાણ અને તેમની બહેન કામલ ત્રણે જૂનાગઢથી નીકળી કુંડલા ગયાં.

ભાયાવદરના વસ્તા ભગતને તીવ્ર વૈરાગ્યનો વેગ

સ્વામીશ્રીના સમાગમથી અને ગુણાતીત વાતોથી કેટલાય હરિભક્તોને વૈરાગ્યની ચટકી ચડી જતી અને તેથી સંસાર તેમને ઝેર જેવો થઈ જતો. ભાયાવદરના હંસરાજ પટેલનો પુત્ર વસ્તો સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ આવતો. સ્વામીશ્રી જ્યારે વાતો કરતા ત્યારે તેના મુખ ઉપર દિવ્ય આનંદની રેખાઓ ઊઠી નીકળતી. સ્વામીશ્રી જ્યારે સભામંડપમાં ન હોય, ત્યારે તે શૂન્યમનસ્ક થઈને બેસી રહેતો. સ્વામીશ્રી તેને જૂનાગઢ થોડા દિવસ રાખી ભાયાવદર મોકલી આપતા.

આ વખતે વસ્તાભાઈને સ્વામીશ્રીએ રજા આપી તેથી ભાયાવદર આવ્યા. પરંતુ તીવ્ર વૈરાગ્યને લઈને તેનું અંતર ત્યાં ઠર્યું નહિ. એટલે ઘેરથી ભાગીને જૂનાગઢ આવી ગયા. તેની પાછળ તેમના પિતા હંસરાજ પટેલ પણ આવ્યા. તેમણે વસ્તાને કહ્યું : "ઘેર ચાલો. આપણે મંદિરમાં કાંઈ કાયમ ન રહેવાય."

ત્યારે વસ્તાએ હાથ જોડી કહ્યું : "મારે ઘેર આવવું નથી. મારે તો સાધુ થઈ જાવું છે."

તે સાંભળી હંસરાજ પટેલ ચમક્યા ! પોતે સ્વામીશ્રી પ્રત્યે નિષ્ઠાવાળા હતા, સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે એમ માનતા હતા, નામ ધર્માદો આપતા હતા તો પણ દીકરો સાધુ થાય એ વિચારે તો તેમનું હૈયું ધ્રૂજી ગયું ! દીકરો ખેતી કરે, કમાય, પરણે, છોકરાં થાય, વસ્તાર વધે એ વિચારમાં તેઓ રાચતા અને એ જ સંકલ્પ તેમના અંતરમાં મુખ્ય રહેતો. જેને ખાવા ન મળતું હોય, જેને કન્યા ન મળતી હોય તે સાધુ થાય પણ મારો દીકરો વસ્તો સાધુ થાય ? તેમને આ વાત બહુ જ અજુગતી લાગી.

ઘણી વાર પોતે જ્યારે વાતુ કરતા ત્યારે કહેતા : ''સાધુનો મહિમા બહુ મોટો, સાધુ તો મોક્ષનું દ્વાર કહેવાય, એમના ચરણની રજ આપણે માથે ચડાવીએ તો આપણું કલ્યાણ થઈ જાય.'' પણ આ વખતે પોતાના દીકરાએ સાધુ થવાની વાત કરી ત્યારે તેમનું તમામ જ્ઞાન સ્રવી ગયું ! તેમણે વસ્તાને કહી દીધું : ''આપણે સાધુ-બાધું નથી થાવું. ઘર લાજે, કુટુંબ લાજે, માટે એવી નાખી દેવાની વાત કરીશ મા.'' પણ વસ્તાને તો આ કાંઈ સાંભળવું નહોતું. હંસરાજ પટેલ પરાણે વસ્તાને ઘેર લઈ ગયા.

ઘેર આવ્યા પછી તેમને લાગ્યું કે 'વસ્તો જો વારે વારે જૂનાગઢ ભાગી જાશે, તો આપણે હેરાન થઈ જાશું. માટે તેને હવે હેડ્યમાં પૂરી ઓરડો બંધ કરી તાળું મારી દઈએ. બે ચાર દા'ડા આમ રાખશું એટલે સાધુ થાવાની રઢ્ય મૂકી દેશે.'' એટલે તેમણે સુતારને બોલાવી હેડ્ય બનાવરાવી. તેમાં વસ્તાના બે પગ નાખી, તેને તાળું માર્યું પછી ઓરડાને તાળું માર્યું. આટલો પાકો બંદોબસ્ત કરીને બારણા આગળ ખાટલા ઢાળીને હંસરાજ પટેલ તથા વેલો પટેલ સૂતા. તેમને હવે નિરાંત થઈ.

અંદર વસ્તો 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' નામની ધૂન કરવા માંડ્યો. પછી તેણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી. એટલામાં તો સ્વામીશ્રીએ તેને સાક્ષાત્ દર્શન દીધાં. સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ''વસ્તા ભગત ! અમને કેમ સંભાર્યા ?''

ત્યારે વસ્તા ભગતે કહ્યું : ''સ્વામી ! મને અહીંથી હવે તેડી જાવ.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''ચાલો, અમારી સાથે.''

વસ્તાએ કહ્યું : ''સ્વામી ! આ બંને પગ હેડ્યમાં નાખ્યા છે, બારણે તાળું વાસ્યું છે અને ગામનો આડો ગઢ છે તેના તોતિંગ દરવાજા પણ અત્યારે વાસેલા હશે. કેમ કરીને હું આવું ?''

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી કહ્યું : ''તને કાંઈ પણ આવરણ નહિ નડે. મારી પાછળ ચાલ્યો આવ.''

એ પ્રમાણે સ્વામીશ્રીએ કહ્યું ત્યાં તો બેડી તૂટી ગઈ અને વસ્તા ભગત સ્વામીશ્રી પાછળ ઘરમાંથી બહાર નીકળી ગયા. તે વખતે વાઘેર લોકોની બહુ બીક હતી તેથી ગામના ગઢના દરવાજા સંધ્યાટાણે બંધ થઈ જતા અને સવારે મોડા ઊઘડતા. પરંતુ વસ્તા ભગત તો સ્વામીશ્રીની

પાછળ ચાલ્યા જતા હતા એટલે ગઢનું આવરણ તેમને નડ્યું નહિ. જૂનાગઢનો ગઢ પણ તેમને નડ્યો નહિ. વહેલી સવારે જૂનાગઢના મંદિરના ચોકમાં આવીને તે ઊભા. આ વખતે સ્વામીશ્રી સ્નાન કરીને સભામંડપમાં આવ્યા. તેમણે વસ્તાને જોઈને પૂછ્યું : "વસ્તા ભગત ! આ ટાણે તમે અહીં ક્યાંથી ?"

સ્વામીશ્રીને જોઈને તેણે તરત જ દંડવત્ કર્યા. પછી તેણે કહ્યું : "સ્વામી ! આપ પોતે જ મારે ઘેર પધાર્યા અને મને બંદીખાનામાંથી છોડાવીને અહીં લાવ્યા છો."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા અને કહ્યું : "સારું પણ તમને સખે રહેવા નહીં દે."

હંસરાજ પટેલે સવારે ઓરડાનું તાળું ઉઘાડ્યું ત્યાં તો હેડ્ય એમની એમ તાળું વાસેલી પડી હતી અને વસ્તો દેખાતો નહોતો, બહુ તપાસ કરી. છેવટે તેમણે વિચાર કર્યો કે 'નક્કી વસ્તો જૂનાગઢ ગયો હશે.' તેથી ઘોડી લઈને તેઓ જૂનાગઢ જવા નીકળ્યા. સાંજે પાંચ વાગે જૂનાગઢ પહોંચી ગયા. સભામંડપમાં જ સ્વામીશ્રી વિરાજ્યા હતા. તેમણે દંડવત્ કર્યા પછી વસ્તાની વાત પૂછી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "વસ્તો વહેલી સવારે અહીં આવ્યો છે, હવે એને પરમેશ્વર ભજવા છે તે ભજવા દ્યો. તમારે બીજા ત્રણ દીકરા છે. આ વસ્તો ભગવાન ભજશે તેમાંથી તમનેય ભાગ મળશે."

હંસરાજ પટેલને ધ્રાસકો પડ્યો, તેમણે તરત જ સ્વામીશ્રીને કહી દીધું : "સ્વામી ! એને ઘેર લઈ ગયા વિના ચાલે નહિ. આનો તો વિવાહ કર્યો છે ને અમારે મોઢું શું બતાડવું ? લોકો વેણ મારે તે અમારાથી સહન થાય નહિ."

સ્વામીશ્રી આ સાંભળી હસ્યા !

ખરેખર સાચી સમજણ વિનાનો સત્સંગ જીવ સુધી પહોંચતો જ નથી. શ્રીજીમહારાજે કારિયાણીના ૧લા વચનામૃતમાં કહ્યું છે કે લોઢાના નાંગળ ધરતીમાં નાખીએ અને ધરતી સુધી પહોંચે જ નહિ અને કાઢી લઈએ તો તરત નીકળી જાય. એમ સત્સંગ ઇન્દ્રિયોમાં થયો હોય તો આવા કસોટીના પ્રસંગે ઇન્દ્રિયો વિફરે છે અને સત્સંગથી વિમુખ કરી દે છે. જેમ પીંજણીને માર પડે પણ રૂનું એકેય પૂંભડું તેની તાંત ઉપર ટકે નહિ અને ચિચોડો

ચસ ચસ અવાજ કરે પણ રસ તો કૂંડીમાં જ પડે, તેમ આ પ્રકારના સત્સંગીઓને કદાચ ઉપરથી રંગાયેલા દેખીએ પણ તેમનું અંતર રંગાયું નથી હોતું. એટલે આવા પ્રસંગો આવે ત્યારે સત્સંગનો રંગ ઊતરી જાય છે. હંસરાજ પટેલને પણ અત્યારે એમ જ થયું. તેમને ગમે તે પ્રકારે વસ્તાને ઘેર લઈ જવો હતો.

સ્વામીશ્રીએ વસ્તાને બોલાવ્યો અને કહ્યું : "વસ્તા ભગત ! આ તમારા પિતા તમને તેડવા આવ્યા છે તેની સાથે જશો ?"

ત્યારે તેણે કહ્યું : "સ્વામી ! મારે તો પરમેશ્વર ભજવા છે, બ્રહ્મચર્ય પાળવું છે ને મંદિરની સેવા કરવી છે. ઘેર જવું નથી અને સંસાર કરવો નથી."

તેના બાપ તો દીકરાના આ શબ્દો સાંભળી ઊકળી ઊઠ્યા. વસ્તાએ તેમની આકૃતિ જોઈ લીધી. પછી તરત જ કહ્યું : "અહીં મને રહેવા દેશે તો ઠીક છે અને નહિ રહેવા દે તો પણ પરાણે રહીશ."

પછી હંસરાજ પટેલે સ્વામીશ્રીને જ કહ્યું : "સ્વામી ! એનાં લગન કર્યાં છે. એનું સાસરું ગામમાં જ છે. એટલે એ અહીં રહે તે અમને પાલવે નહિ. લોક વાતુ કરે કે હંસરાજનો દીકરો બાવો થઈ ગયો તે અમારાથી સહન થાય નહિ."

સ્વામીશ્રી તો હંસરાજ પટેલની બધી વાતો સ્વસ્થતાથી સાંભળતા હતા; પછી તેમણે પૂછ્યું : "કદાચ વસ્તો દેહ મૂકી ગયો તો તમે શું કરો ? માટે એમ જાણવું કે એ નહોતો."

જાણે આભ ફાટ્યું હોય તેવો આઘાત હંસરાજ પટેલને થયો ! તેમણે નક્કી જ કરી લીધું કે વસ્તાને ઘેર લઈ જ જવો. તેમણે સ્વામીશ્રીને કહી દીધું : "તેને ઘેર લઈ ગયા સિવાય છૂટકો નથી."

સ્વામીશ્રીએ કહ્યું : "સારું."

બીજે દિવસે શણગાર આરતી પછી હંસરાજ પટેલ સ્વામીશ્રી પાસે આવ્યા અને કહ્યું : "સ્વામી ! વસ્તો ક્યાં છે ? અમારે અત્યારે જવું છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "કાલે રાત્રે તેને તાવ આવ્યો હતો એટલે માંદાની જગ્યામાં તેને સુવાર્યો છે. ત્યાં જાવ."

હંસરાજ પટેલ ત્યાં ગયા. વસ્તો પથારીમાં સૂતો હતો. તેને ઘાણી ફૂટે

એવો તાવ હતો. હંસરાજ પટેલ ત્યાં જ બેસી રહ્યા. પરંતુ ચાર કલાક પછી વસ્તાએ પંચભૌતિક દેહનો ત્યાગ કરી દીધો. હંસરાજ પટેલનું હૈયું ભાંગી ગયું. તેની દેહક્રિયા કરીને પછી રાત્રે તે સ્વામીશ્રી પાસે આવ્યા.

સ્વામીશ્રીએ તેમને કહ્યું : "તમે તેને ઘેર લઈ જવાનો આગ્રહ કર્યો પણ એને તો આંહીં રહેવું હતું. તેથી તે શું કરે ? હવે બીજે દેહે અહીં રહેશે. તમે રહેવા દીધો હોત તો એના એ જ દેહે અહીં રહેત. પણ તમે ઘેર લઈ જવાનો આગ્રહ કર્યો એટલે તેણે દેહ ત્યાગ કરી દીધો." હંસરાજ પટેલ વીલે મોઢે ઘેર ગયા !

અનેક મુમુક્ષુઓના અંતરમાંથી વિષયનો ગંધ કાઢી નાખતા સ્વામીશ્રી સભામાં હંમેશાં એ જ વાત કરતા કે પંચવિષયના ફાંસલામાં ફસાવું નહિ.

એક દિવસ સ્વામીશ્રી આ પ્રસંગ ઉપર વાત કરતા હતા, તે વખતે તળ જૂનાગઢના ભાણો મિસ્ત્રી તથા કરમસી મિસ્ત્રી સભામાં બેઠા હતા. ભાણાએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ કરમસીભાઈ ઘરભંગ થયા છે."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "હશે, મહારાજની મરજી. પણ હવે ફરી ઘર કરવું નહિ." એમ કહી કરમસી પ્રત્યે જોઈને કહ્યું : "તમારે દીકરા મોટા છે તે રોટલા આપશે તે સુખે ભજન કરજો. હવે એ ફાંસલામાં પડવું નહિ. માંડ માંડ નીકળ્યા છો. હવે જો પરણશો તો દુઃખ થશે ને તેની વિષ્ટા તમારે ઉપાડવી પડશે, માટે એમ જાણવું કે ઘણા દેહ ધરીને વિષય ભોગવ્યા છે. પણ એમાં કાંઈ માલ નથી. માટે એથી આઘુંપાછું વળી જાવું. એનો તો પાર આવે એમ નથી."

પરંતુ તે મિસ્ત્રીને પંચવિષયમાં આસક્તિ હતી એટલે સ્વામીએ તો સાધારણ ઉપદેશ નિમિત્તે કહ્યું છે એમ તેણે માન્યું.

થોડા દિવસ પછી તે મિસ્ત્રીએ ફરી લગ્ન કર્યાં. પરંતુ સ્વામીશ્રીનાં વચન કાંઈ મિથ્યા નહોતાં. લગ્ન કર્યાં પછી થોડા મહિના બાદ તેમની સ્ત્રીને લોહીસ્રાવના ઝાડા થવા લાગ્યા. બહુ જ દવા કરી પણ રોગ અસાધ્ય થઈ ગયો અને વધતો જ ગયો. સારવારમાં પણ કોઈની મદદ મળતી નહિ. તેથી સ્ત્રીની વિષ્ટા તેમને ઉપાડવી પડતી, ઘણો વખત આવું ચાલ્યું. એટલે મિસ્ત્રી કંટાળી ગયા. તેમણે સ્વામીશ્રી પાસે આવીને પ્રાર્થના કરી :

"દયાળુ ! હવે દયા કરો, સ્ત્રીની વિષ્ટા ઉપાડવી પડે છે તે હવે કંટાળી ગયો છું."

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "તમારો રાગ હતો તે ધીરે ધીરે ટળે છે. માટે હમણાં તો ઉપાડો."

એટલે મિસ્ત્રીએ રડતાં રડતાં કહ્યું : "દયાળુ ! હવે રાગ ટળી ગયો. માટે આપ દયા કરો. હવે હું બહુ થાક્યો છું."

સ્વામીશ્રીએ કહ્યું : "થોડા દિવસ અહીં મંદિરના કૂવાનો ફાળકો ફેરવ તો તારો છૂટકો થશે."

પછી તે મિસ્ત્રીએ મંદિરના કૂવાનો ફાળકો ફેરવી સાધુને નવરાવવાની સેવા કરવાનું શરૂ કર્યું. થોડા દિવસ બાદ તેમની સ્ત્રી મરી ગઈ. પંચવિષયમાં આસક્તિ હોય ત્યાં સુધી મોટાપુરુષનાં વચન મનાય નહિ. છેવટે દુઃખી થાય ત્યારે મોટાપુરુષનાં વચનની સત્યતાની પ્રતીતિ થાય !

✧

બાલમુકુન્દદાસ સ્વામીએ વાસુદેવ માહાત્મ્યની કથા કરી

એક દિવસ સ્વામીશ્રી સંત-પાર્ષદોને લઈને વાડીમાં ગયા હતા. ત્યાં સંતો તથા પાર્ષદો ઘણ અને હથોડા વતી પાણા ફોડતા હતા, તે સમયે પાંચ-સાત બ્રાહ્મણો મંદિરમાં દર્શન કરવા ગયા. ઠાકોરજીનાં દર્શન કરી, સભામંડપમાં આવ્યા અને પૂછ્યું : "આ મંદિરના મહંત ક્યાં છે ? અમારે એમનાં દર્શન કરવાં છે ને એમની વાતુ સાંભળવી છે."

એટલે સાધુ હરિસેવાદાસજીએ તેમને કહ્યું : "મહંત તો મંદિરની વાડીમાં ગયા છે." પછી એક પાર્ષદને તેમની સાથે મોકલ્યો અને તે બ્રાહ્મણો ત્યાં વાડીમાં પહોંચ્યા.

આ વખતે સ્વામીશ્રી એક ઝાડ નીચે વિરાજમાન થયા હતા અને થોડે દૂર બાલમુકુન્દદાસ સ્વામી ઘણ વડે પથ્થર ફોડતા હતા. આ બ્રાહ્મણો આવી સ્વામીશ્રીને પગે લાગ્યા અને પાસે બેઠા. પછી તેમણે હાથ જોડીને કહ્યું : "સ્વામી ! અમે આપનો ઉપદેશ સાંભળવા આવ્યા છીએ."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. પછી બાલમુકુન્દદાસને કહ્યું : "ચાલો આપણે ધર્મશાળામાં. આ ભૂદેવોને વાતો સાંભળવી છે."

એટલે બાલમુકુન્દદાસજીએ ઘણ હેઠો મૂકી દીધો અને લૂગડાં ખંખેરી સ્વામીશ્રી પાસે આવ્યા એટલે સ્વામીશ્રી તેમનું કાંડું પકડીને ચાલ્યા. ધર્મશાળામાં આવ્યા પછી બાલમુકુન્દદાસ સ્વામીએ હાથપગ ધોયા. પછી શ્રી વાસુદેવ માહાત્મ્યનું પુસ્તક લઈને સ્વામીશ્રી પાસે આવી રોજની ચાલતી કથા વાંચવા લાગ્યા.

તેમને કથા વાંચતા જોઈ બ્રાહ્મણોએ કહ્યું : ''આ સાધુ તો વાડીમાં ઘણ વડે પાણા ભાંગતા હતા તે કથા કેમ કરી શકે ? અમે તો એમ જાણીએ છીએ જે પાણા ભાંગે તે કથા ન કરી શકે અને જે કથા કરે તે પાણા ન ભાંગી શકે.''

તે સાંભળી સ્વામીશ્રી મંદ મંદ હસવા લાગ્યા પછી કહ્યું : ''સ્વામિનારાયણ ભગવાનનો આ જ ચમત્કાર છે.''

પછી બાલમુકુન્દદાસ સ્વામીએ મંગલાચરણ કરી કથા શરૂ કરી. કથાના બે જ શ્લોક શુદ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારણ સાથે સાંભળતાં જ બ્રાહ્મણો આશ્ચર્યચકિત થઈ ગયા ! તેમાંના એક વિદ્વાને હાથ જોડી સ્વામીશ્રીને કહ્યું : ''મહારાજ ! આ બધો તમારો પ્રતાપ છે. તમે અન્યથાકર્તું શક્તિવાળા દેખાવ છો !'' તેમનાં આ પ્રશસ્તિ વચનો અટકાવીને સ્વામીશ્રી વાત કરવા લાગ્યા :

''જેમ દૂધમાં રહેલા પાણીને હંસ જુદું કરી નાખે છે, તેમ વિચક્ષણ મનુષ્યોએ જાણવું કે જગતમાં શાસ્ત્રો તો અનંત છે અને વિદ્યા પણ ઘણી છે. આમ, અનંત શાસ્ત્રો અને અનંત પ્રકારની વિદ્યાની સરખામણીમાં મનુષ્યનું આયુષ્ય અલ્પ છે અને તેમાં પણ બાળ અવસ્થા, જરા અવસ્થા અને ઊંઘનો અને પ્રવૃત્તિનો સમય બાદ કરીએ તો મનુષ્યને શાસ્ત્રો ભણવાનો સમય રહેતો જ નથી. જે રહે છે તે બહુ જ અલ્પ છે. એ અલ્પ સમયમાં પણ શાસ્ત્રોમાં જે સારરૂપ હોય તે ગ્રહણ કરી લેવું અને જગતમાં જે સત્પુરુષ વિચરણ કરતા હોય તેમને ઓળખી લેવા. રામાવતારમાં અને કૃષ્ણાવતારમાં ઘણા ડાહ્યા પુરુષો તે મનુષ્યરૂપ ભગવાનને ઓળખી ન શક્યા એટલે રહી ગયા. તેમ આજે પણ જો રહી જઈએ તો મોક્ષ ક્યારે થાય ? તમે ત્રણે લોકમાં જઈને જુઓ તો આ ભગવત્ વાર્તા, આવો ધર્મ, આવા સાધુ અને આવા નિયમો ક્યાંય નહિ મળે. આ તો સ્વામિનારાયણ

ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થયા ત્યારે આ વાતો, આ સાધુ અને આ નિયમ પૃથ્વી ઉપર આવ્યા. નહિ તો આવું કોને સૂઝે ?''

આ પ્રમાણે સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની અને એકાંતિક ધર્મની ઘણી વાતો કરી. તે સાંભળી તે બ્રાહ્મણો બહુ જ રાજી થયા. સ્વામીશ્રી પાસે તેમણે વર્તમાન ધરાવ્યાં પછી પોતાને ઘેર ગયા.

અફીણનું બંધાણ

ભીમ એકાદશીનો સમૈયો આવ્યો અને હરિભક્તો દેશદેશાંતરથી આવવા લાગ્યા. સ્વામીશ્રી પણ જેમ વિશેષ હરિભક્તો આવે તેમ વધુ રાજી થાય. આ પ્રસંગે સ્વામીશ્રી પાટ ઉપર બેસી વાતો કરતા હતા. એટલામાં ગામ ખારચિયાના લખો રાજગોર આવ્યા. સ્વામીશ્રીને પગે લાગીને તે બેઠા. એટલે સ્વામીશ્રીએ તેનું નામ-ઠામ પૂછ્યું. પછી સ્વામીશ્રીએ તેને પૂછ્યું : ''મહારાજ ! કોઈ વ્યસન રાખ્યું છે ?''

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી ! અફીણનું બંધાણ છે.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''એમાં શું સારું ભાળ્યું ? અફીણ કાળું, કડવું અને મોઘું, ન મળે તો પગ ઘસવા પડે. અફીણ ખાનારની લોકમાં પણ આબરૂ ન રહે. આવાં દુઃખ અફીણના બંધાણમાં રહ્યાં છે. તોય લોકો એને માટે મરી પડે. સાકર ગળી છે, સોંઘી છે અને શ્વેત છે. વળી, સુખદાયક પણ છે પરંતુ એનું બંધાણ કોઈને નથી અને અફીણનું બંધાણ સૌને !''

એટલું કહીને સ્વામીશ્રીએ સભા સામું જોઈને કહ્યું : ''ભગવાન ને સાધુ તો સાકર જેવા સોંઘા અને સુખદાયક છે પણ મનુષ્યોને તેમનો સંગ રાખવો ગમતો નથી અને વિષયો તો અફીણ જેવા મોંઘા અને દુઃખદાયક છે છતાં તેનો સંગ લોકોને બહુ ગમે. વિષય તજવાનું કોઈને ન ગમે.''

પછી સ્વામીશ્રીએ કહ્યું : ''પચ્છમમાં એક બાવે બે ગરાસિયાને અફીણનું બંધાણ કરાવ્યું. તે બંધાણ એટલું બધું રૂઢ થઈ ગયું કે એક ગરાસિયાને તેની બાયડી ખાસડાં મારે ત્યારે અફીણનો કેફ ચઢે અને બીજાને તેની બાયડી બોલે જે 'આયો બા આયો.' ત્યારે અફીણ ચઢે. એમ કરતાં એકની બાયડી મરી ગઈ. પછી અફીણ ખાધું પણ અફીણ ચઢ્યું નહિ. પછી મસાણમાં જઈ જ્યાં તેની સ્ત્રીને બાળી હતી ત્યાં જઈ પોતે જ

બોલ્યો : 'આયો બા આયો.' ત્યારે અફીણનો કેફ ચઢ્યો. પછી તો રોજ મસાણમાં જવું પડતું. આવાં દુઃખ વ્યસનમાં છે. તો પણ લોકો તેને છોડી શકતા નથી.''

પછી વળી હસતાં હસતાં કહ્યું : ''એક ગરાસિયાને તો એવી ટેવ કે અફીણ લઈને ઘોડીએ ચડે અને ઘોડી હણહણે ત્યારે અફીણ આવે. છેવટે અફીણના બંધાણમાં ઘોડી પણ વેચવી પડી. પછી અફીણ લઈને વંડી ઉપર દળી મૂકીને પોતે ચઢે અને સરક હાથમાં રાખી બંને પગ વંડીએ પછાડે અને પોતે ઘોડીની જેમ હણહણે ત્યારે અફીણનો નશો આવે. આવાં વ્યસનનાં દુઃખ છે. અને એવાં જ જીવને પંચવિષયનાં દુઃખ છે પણ જીવને તે સૂઝે નહિ અને છોડી શકે નહિ.'' આ પ્રમાણે ઘણી વાતો કરી.

બીજે દિવસે સભામાં સ્વામીશ્રી વાતો કરતા હતા તે વખતે એક હરિભક્ત તેની સાથે એક વાણિયાને લઈને સભામાં આવ્યો. સ્વામીશ્રીને પગે લાગીને પોતે સભામાં બેઠો. તેણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! આને હું પરાણે અહીં લઈ આવ્યો છું. માટે તેને કાંઈક વાત કરો.''

ત્યારે સ્વામીશ્રી તે વણિક સામું જોઈને બોલ્યા : ''આને શું વાત કરીએ ? તેના હૈયામાં તો ધન મળે, ધન મળે, એમ સંકલ્પ થયા કરે છે. ત્યાં આપણી વાત તેના હૈયામાં શી રીતે ટકે ?''

એટલે તે વણિકે હાથ જોડી કહ્યું : ''હા, મહારાજ ! આપે ખરું કહ્યું છે.''

પરંતુ સ્વામીશ્રીએ અંતર્યામીપણે તેના હૈયામાં થતો સંકલ્પ કહ્યો છતાં તેને મનમાં એમ ન થયું કે 'આવા પ્રતાપી પુરુષ છે માટે જીવના કલ્યાણનું કાંઈક પૂછીએ.' તે તો શુષ્ક મને ત્યાં બેસી રહ્યો અને સભા પૂરી થઈ એટલે સ્વામીશ્રીને પગે લાગ્યા સિવાય ઊઠીને ચાલતો થયો. લોભરૂપી શત્રુએ જેને હરવી નાખ્યા હોય તેને આવા મોટાપુરુષ મળે તો પણ તેમના સમાગમનો લાભ લઈ શકે નહિ.

સમૈયો વેરાયો. બધા હરિભક્તો સ્વામીશ્રીને વિનંતી કરતા ગયા કે ''સ્વામી ! દયાળુ ! વરસાદ વરસાવજો. નહિ તો મોલ પાણી સારાં નહિ થાય અને અમે દુઃખી થઈશું.''

સ્વામીશ્રીએ તેમની આ વિનંતી સાંભળી પણ કાંઈ ઉત્તર આપ્યો ન

હતો. બધા હરિભક્તો સ્વામીશ્રીને વરસાદ માટે પ્રાર્થના કરી છે એવું આશ્વાસન લઈને ઘેર ગયા. પરંતુ મહારાજની મરજી ન હતી એટલે વરસાદ શી રીતે થાય ? આખો અષાઢ ગયો પણ આકાશમાં એકે વાદળું ન દેખાય અને ગ્રીષ્મ તપે એવા ઊના વાયરા વાવા લાગ્યા.

આજ તો સત્સંગમાં કરોડો પ્રહ્લાદ છે

એક દિવસ સ્વામીશ્રી, હરિસ્વરૂપદાસજી તથા રણછોડ ભક્તને સાથે લઈને મંદિરની વાડીએ જતા હતા. રસ્તામાં એક મેમણની વાડી આવી. તેમાં મેમણ કોસ હાંકતો હતો. કોસ કાઢતાં કાઢતાં પયાને નાકે બળદ આવ્યા ત્યારે એક બળદ પડી ગયો. એટલે મેમણ ઊઠીને બળદને ઊભો કરવા જાય છે ત્યાં બળદ પયામાં પાછો તણાણો તે ઠેઠ કૂવાના થાળા સુધી તણાયો. મેમણ આ જોઈ રહ્યો. સ્વામીશ્રીએ પણ છેટેથી આ જોયું. તેમના અંતરમાં દયા આવી ગઈ ! તેમને થયું : 'અરે, આ પશુ બીચારાં વરસાદ વિના દુઃખી થાય છે, આખો અષાઢ ગયો ને વરસાદ નહિ. ઓણ તો ગઈ સાલનો બાજરો લોકોના કોઠારમાં ભર્યો હોય પણ વરસાદ વિના પોર શું થાશે ?' એમ વિચાર કરીને બોલ્યા : "એક પ્રહ્લાદ સારુ ભગવાને અવતાર ધર્યો હતો તો આજે તો સત્સંગમાં કરોડો પ્રહ્લાદ છે. આપણે મંદિરમાં તો કોઠાર ભર્યા છે તે બાજરો ખૂટે એમ નથી પણ હરિભક્તોના દીકરા ભૂખે મરે ત્યારે આપણે ગળે અનાજ કેમ ઊતરે ? માટે વરસાદ થાય તો ઠીક." આ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો. પછી સ્વામીશ્રી વાડીએથી સાંજે મંદિરે પધાર્યા.

ત્રીજે જ દિવસે વરસાદ ઘણો થયો અને બધે વાવણી થઈ ગઈ ! પછી સ્વામીશ્રીએ કહ્યું : "ઓણ વરસાદને નો'તું વરસવું પણ ઓલ્યે બળદિયે વરસાદ વરસાવ્યો. તે હવે વરસ સારું થશે."

આમ, સ્વામીશ્રી કોઈનું દુઃખ સહન કરી શકતા નહિ. સહુનું સારું થાય એમ જ તેમના અંતરમાં ઈચ્છા રહ્યા કરતી. તેથી જ નબળાં વરસોમાં પણ સ્વામીશ્રી જારની ખાણો નંખાવતા. તેમાંથી હરિભક્તોને જાર આપતા અને કોઠારમાંથી વસ્ત્રો તથા કોઈ કોઈ વખત રૂપિયા પણ આપતા. આ પ્રમાણે સ્વામીશ્રી હરિભક્તોની અખંડ સંભાળ રાખતા અને તેમનું દુઃખ

ટાળી નાખતા.

સ્વામીશ્રી અલ્પ પ્રસંગોમાંથી પણ રહસ્યમય ઉપદેશની વાતો શોધી કાઢતા. શ્રીજીમહારાજના સ્વરૂપનું અખંડ અને સમ્યક્ પ્રકારે પ્રાગટ્ય પોતા દ્વારા હતું. વળી, પોતે સાક્ષાત્ મહારાજનું ધામ હતા તેથી શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપનું અનિર્વચનીય સુખ સ્વામીશ્રી અખંડ અનુભવતા. એ સુખ સૌને પ્રાપ્ત થાય એવી તેમના અંતરમાં સદાય ઇચ્છા રહ્યા કરતી. એટલે જ અખંડ કથાવાર્તા કરીને જીવના હૃદયમાંથી માયાના પાશ કાઢી, અંતર શુદ્ધ કરી, માંહી ભગવાન પ્રગટ કરવા એ જ તેમને તાન હતું.

મોટાપુરુષની નિર્દોષ ભાવે જે સેવા કરે છે તેવો જ નિર્દોષ ભાવ તે ભક્તમાં પણ મોટાપુરુષના આશીર્વાદથી આવે છે. આ સિવાય બ્રહ્મરૂપ થવાનું બીજું કોઈ સાધન શ્રીજીમહારાજે બતાવ્યું નથી. પ્રત્યક્ષ ગુરુરૂપ હરિમાં સમ્યક્ પ્રકારે બ્રહ્મભાવ જોવો, તે દ્વારા શ્રીજીમહારાજ સ્વયં પ્રગટ છે એવી જ્ઞાનની નિષ્ઠા દૃઢ કરવી, એ જ બ્રહ્મરૂપ થવાનો એક માત્ર ઉપાય છે. સ્વામી જાગા ભક્તને સ્વામીશ્રી પ્રત્યે આવો જ દિવ્યભાવ હતો અને તેથી જ સ્વામીશ્રીના તેઓ અત્યંત કૃપાપાત્ર બની ગયા હતા.

આ ગિરનારમાં જેટલાં ઝાડ છે તે કલ્પવૃક્ષ હોય તે બાળીને પણ આ સાધુનો સમાગમ કરવા જેવો છે.

સ્વામીશ્રીએ જાગા ભક્ત સામું જોઈને ગિરનાર સામે દૃષ્ટિ કરી. પછી એક હાથ પોતાની છાતીએ મૂકીને બોલ્યા : 'એક ચિંતામણિમાં બધું દ્રવ્ય આવી ગયું. એવી ચિંતામણિઓનો આ ગિરનાર જેટલો ઢગલો આપણા ઘરમાં હોય તો પણ આ મોટાપુરુષ ઉપર વારી ફેરીને નાખી દઈએ અને આ સાધુનો સમાગમ કરીએ એવા આ સાધુ દુર્લભ છે.'' વળી સ્વામીશ્રીએ કહ્યું : 'આ ગિરનારમાં જેટલાં લીલાં ઝાડ ઊભાં છે તે બધાંય કલ્પવૃક્ષ હોય અને તે આપણા ઘરમાં હોય તો પણ તે સર્વેને બાળીને આ સાધુનો સમાગમ કરી લઈએ એવા આ સાધુ દુર્લભ છે. આ સાધુને આ લોકમાં કોઈની ઉપમા દેવાય તેમ નથી. આ સાધુ તો મહારાજ પધાર્યા ત્યારે અહીં આવ્યા છે, નહિ તો આ સાધુ અહીં ક્યાંથી હોય ? આ દર્શન બહુ દુર્લભ છે. કોટિ સાધને પણ આ દર્શન મળે તેમ નથી. તમને તો કેવળ દયાથી જ

આ દર્શન અને આ પ્રાપ્તિ થઈ છે. માટે કરોડ કામ પડતાં મૂકીને પણ આ સમાગમ કરી લેવો. પછીથી આ સમાગમ મળશે નહિ.'' આ પ્રમાણે શ્રીજીમહારાજ પોતાના સ્વરૂપ દ્વારા પ્રગટ છે તે નિષ્ઠા કરાવવા અને તે નિષ્ઠાથી જ જીવોનું આત્યંતિક કલ્યાણ થાય, તે હેતુથી જ સ્વામીશ્રીએ આ રહસ્યમય વાત કરી. જેમ શ્રીજીમહારાજનું સ્વરૂપ સ્વામીશ્રી જ સમ્યક્ પ્રકારે ઓળખાવી શકે, તેમ સ્વામીશ્રીનું સ્વરૂપ પણ શ્રીજીમહારાજ જ ઓળખાવી શકે. એટલે સ્વામીશ્રીની વાતો સાંભળતાં ઘણી વખત સૌને એમ જ થતું કે જાણે સાક્ષાત્ શ્રીજીમહારાજ જ વાતો કરે છે ! એ દિવ્ય સુખનો અનુભવ પણ તેમને થતો !

✧ ✧ ✧

પીઠવડી ગામથી સ્વામીશ્રીનો સમાગમ કરવા લાધો રાઠોડ માબાપની રજા લીધા સિવાય અહીં આવ્યા હતા. પચાસ ગાઉની મજલ પગે ચાલીને કરી એટલો સ્વામીશ્રીનો મહિમા તેમના અંતરમાં હતો. આટલો પંથ કાપ્યો તેથી તેમના પગનાં તળિયાં સૂઝી ગયાં હતાં. પગ ઉપાડે કે દુખે, એવાં તળિયાં થઈ ગયાં હતાં. એક રાત્રે ધર્મશાળાની દક્ષિણ કોરે બે છાણાં સળગાવી તે પગે શેક કરતો હતો. એટલામાં શયન આરતી થઈ એટલે મંદિરમાં સૌ ઠાકોરજીનાં દર્શન કરવા સારુ ગયા. તે ધર્મશાળાને નેવે એક દોરડું પકડીને સ્વામીશ્રી ત્યાં ઊભા રહ્યા હતા. લાધો રાઠોડ છેટે બેસીને સ્વામીશ્રીનાં દર્શન કરતા હતા અને પગે શેક પણ કરતા હતા. એટલામાં તેમને ચારેકોર શીતળ અને શ્વેત તેજ દેખાયું. તે તેજમાં મહારાજ ઊભેલા તેમણે જોયા. સ્વામીશ્રી સન્મુખ મહારાજને જોઈ તેમને અત્યંત આનંદ થયો. એટલામાં મહારાજે સ્વામીશ્રીને કહ્યું : ''તમારા કેશવ ભગત[૧૩૮] અમને કહે છે કે હવે ધામમાં લઈ જાઓ. માટે તમો જો સુખેથી હા પાડો તો તેને ધામમાં લઈ જઈએ.''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : ''મહારાજ ! કેશવ ભગતે સેવા ઘણી કરી છે. માટે આપની મરજી હોય તો તેને સુખેથી ધામમાં તેડી જાઓ.''

સ્વામીશ્રીની સંમતિ જાણી મહારાજ કેશવ ભગતને બીજે દિવસે ધામમાં તેડી ગયા.

---

૧૩૮. જુઓ પરિશિષ્ટ : ૩/૯, પૃષ્ઠ ૫૯૮.

સ્વામીશ્રી બગસરામાં

સ્વામીશ્રીને બગસરાથી સમાચાર મળ્યા કે હરસુરવાળાએ ફરી આલા ખુમાણને મંદિર માટે જમીન આપવા ના પાડી છે. તેથી સ્વામીશ્રી થોડા સંતોને લઈને બગસરા જવા નીકળ્યા. સ્વામીશ્રી બગસરા પધાર્યા. અહીં માધવચરણદાસ અને માધવપ્રિયદાસે સ્વામીશ્રીને કહ્યું : "દરબારે ફરી ના પાડી છે અને આલા ખુમાણે હવે આ ગામનો ત્યાગ કરી દીધો છે."

સ્વામીશ્રીએ કહ્યું : "આલા ખુમાણને આપણે વિષે હેત ખરુંને એટલે એ તો એમ જ કરે. પણ આપણે દરબારને સમજાવીએ !"

ત્યારે માધવચરણદાસે કહ્યું : "સ્વામી ! આપણે ત્યાં જવું નથી. દરબાર અપમાન કરી બેસે તો પછી કાંઈનું કાંઈ થઈ જાય."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા. સ્વામીશ્રીએ કહ્યું : "માધવ ! દરબારના નાડી-પ્રાણ કોના હાથમાં છે ?" માધવચરણ સમજી ગયા. પછી સ્વામીશ્રીએ કહ્યું : "આપણે સાધુને વળી માન-અપમાન શાં ? મહારાજની ઇચ્છા અહીં મંદિર કરવાની છે એટલે દરબારના અંતરમાં પ્રવેશ કરીને પણ જમીન આપણને અપાવશે." એમ કહી માધવચરણ તથા માધવપ્રિયનાં કાંડાં પકડી સ્વામીશ્રી દરબારગઢમાં પધાર્યા.

બગસરાના દરબારનું પરિવર્તન

દરબારગઢની ડેલીએ દરબાર હરસુરવાળો ચોપાટ રમતા હતા. અફીણના નશામાં ચકચૂર બની ઊંધા પગ નાખીને દરબાર એક પછી એક દા' જીતતા હતા. એટલે મૂછમાં હસતાં હસતાં દરબાર વ્યંગમાં બોલતા હતા : "ભા ! આ હરસુરવાળો છે એ કોઈના પેચમાં આવે એવો નથી." ભાયાતો પણ 'રંગ દરબાર રંગ' એમ પાનો ચડાવતા હતા. ત્યાં સ્વામીશ્રી ડેલીએ પધાર્યા. નશામાં ચકચૂર બનેલા દરબારની લાલઘૂમ આંખો જોઈ દરબાર સ્વામીશ્રીનું અપમાન કરશે એવી માધવચરણને બીક લાગી. ત્યાં તો સ્વામીશ્રીએ દરબારને 'જય સ્વામિનારાયણ' કહ્યા. આ શબ્દો કાને પડ્યા અને દરબાર એકદમ હોંશમાં આવી ગયા ! ભાયાતો બધા સ્તબ્ધ થઈ ગયા ! તેમને થયું કે આ સ્વામિનારાયણના બાવા તો બાપુનો કેડો

મૂકતા જ નથી. તેઓ બે આકરા શબ્દો બોલવા જતા હતા ત્યાં તો દરબાર એકદમ નીચે ઊતરી પડ્યા અને સ્વામીશ્રીના ચરણમાં પગે લાગી હાથ જોડી ઊભા રહ્યા. સૌ આશ્ચર્યવત્ આ દૃશ્ય જોઈ રહ્યા ! સ્વામિનારાયણના નામની ભણક વાગતી ત્યાં દરબારના હૈયામાં તેલ રેડાતું, સ્વામિનારાયણના બાવાને જોઈ દરબારની આંખ ઝીણી થતી, તેમના જય શ્રી સ્વામિનારાયણના શબ્દે દરબારના મોઢામાંથી બેફામ ગાળોનો વરસાદ વરસતો, તે દરબાર હરસુરવાળો આજે આ સાધુના પગમાં પડે છે ! સ્વામીશ્રીએ દરબાર તરફ દૃષ્ટિ કરી, તેમને માથે બે હાથ મૂક્યા. દરબારની આંખમાંથી શ્રાવણ-ભાદરવો ટપકવા લાગ્યા.

તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : "સ્વામી ! મારા જેવા રંકની ઝૂંપડી કેમ પાવન કરી ?"

સ્વામીશ્રીએ હસીને કહ્યું : "એક કામે આવ્યા છીએ."

તરત જ દરબારે કહ્યું : "તો દયાળુ ! મને જ બોલાવવો હતો ને. આપે કેમ તસ્દી લીધી ?"

માધવચરણ અને માધવપ્રિય તો આ જોઈ જ રહ્યા. થોડા દિવસ પહેલાં જ આલા ખુમાણની વાત સાંભળી બગસરામાં મંદિર કરવાનો સંકલ્પ જ પડ્યો મૂકવાનો નિર્ધાર કરી, જૂનાગઢ પ્રયાણ કરવાની તૈયારી કરતા આ બંને સાધુઓએ સ્વામીશ્રીના ઐશ્વર્યનું દર્શન કર્યું : 'દરબારનું અંતર ફરી ગયું !'

સ્વામીશ્રીએ દરબારને કહ્યું : "બાપુ ! અમારે અહીં મંદિર કરવું છે તે થોડી જગ્યા વેચાણ આપો એ સારુ અરજ કરવા આવ્યા છીએ."

દરબારે તરત જ બે હાથ જોડી કહ્યું : "અરે દયાળુ ! મંદિર કરવા આપને જમીન વેચાણ જોઈએ છે ? આપ કહો તો મારો દરબારગઢ લખી દઉં." પછી સ્વામીશ્રીને દરબારે ડેલીમાં આસન પથરાવી પધરાવ્યા. પછી વાત કરી : "દયાળુ ! આલા ખુમાણે મને જમીન આપવા માટે કહ્યું હતું. પણ મેં ચોખ્ખી ના પાડી દીધી હતી. આજે આપનાં દર્શન થયાં અને મને પ્રભુનાં દર્શન થયાં ! માટે આપ જેટલી જમીન જોઈએ તેટલી માગી લ્યો." એમ કહીને પછી કહ્યું : "પણ એક શરત છે. આલા ખુમાણને અહીં બોલાવો. તેણે મારા ગામનું પાણી હરામ કર્યું છે. એટલે તેની

રૂબરૂમાં હું જમીન આપને આપું. તે પણ રાજી થાય અને અમારો સંબંધ સંધાઈ જાય.''

સ્વામીશ્રીએ આ કબૂલ્યું.

✧ ✧ ✧

બે-ચાર દિવસ બાદ આલો ખુમાણ તથા માંચો ખુમાણ, સ્વામીશ્રીએ તેડાવ્યા તેથી કુંડલાથી આવ્યા. માંચા ખુમાણને લઈને દરબાર જાતે જમીન જોવા ગયા. સ્વામીશ્રીએ તેમને જમીન બતાવીને કહ્યું : ''અહીં જમીન આપો.''

ત્યારે દરબારે તરત જ દોરી મંગાવી, પોતે એક છેડો હાથમાં લીધો. બીજો છેડો માધવચરણદાસે પકડ્યો. તે વખતે દરબારે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! તમારે જેટલી જમીન જોઈએ તેટલી જમીન લિયો. પછી વધુકી જમીન લેવાની ઈચ્છા તમારે કરવી નહિ અને મારે તમને આપેલી જમીન પાછી લેવી નહિ.'' આ પ્રમાણે કહીને સ્વામીશ્રીએ માગી તેટલી જમીન દરબાર હરસુરવાળાએ ભરી દીધી.

આમ, સ્વામીશ્રીએ દરબારના અંતરમાં પ્રવેશ કરીને જમીન લીધી ! આલા ખુમાણે દરબાર હરસુરવાળા સાથે કસુંબા કર્યા.

✧ ✧ ✧

વરતાલની પદયાત્રા

અન્નકૂટનો સમૈયો કરી સ્વામીશ્રી સંવત ૧૯૧૬ના કાર્તિક સુદ પૂનમનો સમૈયો કરવા વરતાલ પધાર્યા. કાર્તિકી પૂર્ણિમા અને ચૈત્રી પૂર્ણિમા આ બે સમૈયા ઉપર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞા અનુસાર સ્વામીશ્રી વરતાલ પધારતા. તેથી આ બંને સમૈયા પ્રસંગે વરતાલમાં હજારો હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન કરવા અને વાતો સાંભળવા ઊમટતા. સ્વામીશ્રીની મૂર્તિમાં એવું અદ્ભુત આકર્ષણ હતું કે મુમુક્ષુઓ ખેંચાયા વગર રહેતા જ નહિ. સ્વામીશ્રી સાથે પણ લગભગ હજારેક હરિભક્તો તથા સંતોનો સંઘ હોય જ. જૂનાગઢથી નીકળે ત્યારે ૨૫-૩૦ સાધુ-પાર્ષદો અને ૬૦-૭૦ હરિભક્તો સાથે હોય. પરંતુ પદયાત્રા દરમ્યાન સ્વામીશ્રીની સાથે ગામડે ગામડેથી હરિભક્તો જોડાઈ જતા. ગઢડા-ધોલેરાથી સાધુઓ

પણ આવી જતા. એટલે જ્યારે સ્વામીશ્રી મહેળાવ પહોંચતા, ત્યારે લગભગ હજારેક સંતો-હરિભક્તો સંઘમાં થઈ જતા. સ્વામીશ્રીનું સન્માન કરવા વરતાલથી આચાર્ય મહારાજ કોઠારી ગોવર્ધનભાઈને તેમજ બીજા સદ્ગુરુઓને મોકલતા. હરિનવમી ઉપર જે જે સંતો, હરિભક્તો વરતાલ આવ્યા હોય તેઓ બધા પણ ઠેઠ મહેળાવ સ્વામીશ્રીનું સ્વાગત કરવા જતા. આ રીતે મહેળાવમાં લગભગ દસ હજાર સંતો-હરિભક્તો ભેગા થઈ જતા. મહેળાવમાં ગંગા સાગરનો સંગમ થતો !

હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની તૈયારી

સમૈયા પ્રસંગે સ્વામીશ્રી વરતાલ થોડા દિવસ રોકાઈને ત્યાંથી નીકળી ગામડાંઓમાં ફરતાં ફરતાં ગઢપુર પધાર્યા. અહીંના બ્રહ્મચારી અનંતાનંદ તથા બીજા સર્વ સાધુઓ, લાડુબા-મોટીબા વગેરેએ સ્વામીશ્રીને કહ્યું કે "અમારે અહીં શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવવાનો વિચાર છે."

તે સાંભળી સ્વામીશ્રી બહુ જ રાજી થયા અને કહ્યું : "અમારે જૂનાગઢમાં પણ મહારાજની મૂર્તિ પધરાવવી છે માટે બંને મૂર્તિઓ સરખી કરાવજો. તમારી પાસે શ્રીજીમહારાજની પ્રસાદીનાં વાસણો ઘણાં છે અને અમારી પાસે થોડાં છે. પરંતુ બંને ભેગાં કરી, બંને મૂર્તિઓમાં બરાબર અડધે ભાગે નાખજો. જો એમાં ફેરફાર કરશો, તો મૂર્તિ અધૂરી આવશે."

આ પ્રમાણે સ્વામીશ્રીએ સૂચના આપી. જૂનાગઢ જઈ પ્રસાદીનાં વાસણો તરત જ મોકલવા કહ્યું. સ્વામીશ્રી ગઢપુર બે દિવસ રહી ફરતાં ફરતાં જૂનાગઢ પધાર્યા. અહીં આવી તરત જ પ્રસાદીનાં વાસણો કઢાવી ગાડામાં નાખી ગઢપુર મોકલાવી દીધાં.

બંને મૂર્તિઓમાં સરખે ભાગે પ્રસાદીનાં વાસણો નાખજો

ગઢપુરમાં બ્રહ્મચારી અનંતાનંદ બંને મૂર્તિઓ માટે જેટલાં જોઈએ તેટલાં વાસણો લઈને મૂર્તિઓ ઢળાવવા વડોદરા ગયા. જૂનાગઢથી સ્વામીશ્રીએ વાસુદેવાનંદ બ્રહ્મચારીને વડોદરા મોકલ્યા. વાસણો ઓગાળી મૂર્તિઓ ઢળાવવા માંડ્યા. ગઢડાના પ્રસાદીનાં વાસણો વધુ હતાં તે બધાં ગળાવીને ગઢડા માટે તૈયાર થતી મૂર્તિમાં નાખ્યાં અને સ્વામીશ્રીની આજ્ઞા

'બંને મૂર્તિઓમાં અડધે ભાગે પ્રસાદીનાં વાસણો નાખજો' તેની અવજ્ઞા કરી. કારીગરે બીબું કરી, મૂર્તિ તો ઢાળી પણ મૂર્તિ બરાબર આવી નહિ. તેથી ફરી વાર ઢાળી પણ ખંડિત આવી. પછી તે બંને બ્રહ્મચારીઓએ જૂનાગઢ સ્વામીશ્રીને પત્ર લખ્યો કે "અમે બે વખત મૂર્તિ ઢળાવી પણ બરોબર આવતી નથી." તે કાગળ સ્વામીશ્રીને મળ્યો. તે વાંચી સ્વામીશ્રી હસ્યા. પછી જવાબ લખાવ્યો, "અમે કહ્યું છે તેમ બંને મૂર્તિઓમાં સરખા ભાગે પ્રસાદીનાં વાસણો નાખશો તો જ મૂર્તિ આવશે ને તેમ નહિ કરો તો અધૂરી આવશે. માટે કપટ કર્યા વિના અમારી આજ્ઞા પ્રમાણે કરજો."

આ પત્ર વડોદરા પહોંચ્યો. તે વાંચીને અનંતાનંદ બ્રહ્મચારીને પોતાની ભૂલ સમજાણી. મૂર્તિ તો બંને મહારાજની જ કરવાની હતી. પરંતુ એક ગઢપુરની હતી અને એક જૂનાગઢની હતી. તેમાં પણ આટલું બધું મમત્વ ! જૂનાગઢ પ્રત્યે આટલો દ્વેષ ! પરંતુ મહારાજ ક્યાં કોઈનો એવો અહંભાવ રહેવા દે છે !

સ્વામીશ્રીનો પત્ર આવ્યો ત્યાર પછી બંને મૂર્તિઓમાં પ્રસાદીનાં વાસણો સરખાં નાખ્યાં ત્યારે બંને મૂર્તિઓ સરખી અને સુંદર આવી. તરત જ સ્વામીશ્રીને તેઓએ પત્ર લખ્યો કે "બંને મૂર્તિઓમાં સરખે ભાગે પ્રસાદીનાં વાસણો નાખ્યાં એટલે બંને મૂર્તિઓ સુંદર આવી."

સ્વામીશ્રીને આ પત્ર મળ્યો એટલે તે વાંચી રાજી થયા. પછી પાસે હરિભક્તો બેઠા હતા તેમને સ્વામીશ્રીએ વાત કરી કે "જુઓ, આ મૂર્તિ જરાક અધૂરી આવી તો તેને ભાંગીને ફરી ઢળાવવી પડી અને જ્યારે પૂરેપૂરી આવી ત્યારે દાખડો સફળ થયો. તેમ આપણે પણ જરાક જેટલી પણ જો કસર રહેશે તો ફેરો થાશે અને ઘણ તથા હથોડાના ઘા ખાવા પડશે."

સ્વામીશ્રી એક દિવસ સભામાં વાતો કરતા હતા ત્યારે લાખા રાજગરે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! તમારી વાતો તો એવી મીઠી લાગે છે કે જાણે ધરાઈને સાંભળ્યા જ કરીએ. પણ મને બજર, અફીણ, હોકો, લસણ, ડુંગળી વગેરેનું વ્યસન છે તે કેમ છૂટે ?"

ત્યારે સ્વામીશ્રીએ તે બધાં વ્યસનમાં દોષ દેખાડ્યા અને કહ્યું : "જો તું વર્તમાન ધારણ કરી અને શ્રીજીમહારાજનો આશ્રિત થા, તો તારાં બધાં

વ્યસનો ટળી જશે.''

તેને સ્વામીશ્રીનો વિશ્વાસ હતો એટલે તેણે તરત જ વર્તમાન ધારણ કર્યા, કંઠી પહેરી, પૂજા લીધી. પછી સ્વામીશ્રીએ કહ્યું : ''આ વ્યસન તારા મન ઉપર ચડી બેસે ત્યારે આ મૂર્તિ સંભારજે એટલે મન તેને મૂકી દેશે.'' સ્વામીશ્રીનું વચન તેણે ધાર્યું. થોડા દિવસોમાં જ તેનાં બધાં વ્યસનો ટળી ગયાં અને તે એક સારો સત્સંગી થઈ ગયો !

આવી રીતે ગંગા ફરી ક્યાં મળશે ?

મહારાજ જૂનાગઢના જમાન થયા હતા. 'જૂનાગઢ જે જાય તેની કરોડ જન્મની કસર એક જન્મે હું ટાળી નાખીશ.' સ્વામીશ્રીના મહિમાના શ્રીજીમહારાજના શ્રીમુખના આ શબ્દો સાંભળ્યા પછી પણ કેટલાય ત્યાગીઓને સ્વામીશ્રીનો યથાર્થ મહિમા નહોતો સમજાયો. સ્વામીશ્રીની વાતો સાંભળવા જ્યારે દૂર દેશના હરિભક્તો આવતા ત્યારે તળ જૂનાગઢના ત્યાગીઓ મેડે બેસી રહેતા. તેથી સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'મંડળી મેડે બેસી મલકની નિંદા કરે છે તેમાં શું પાક્યું ?'

વળી, સભામંડપમાં ગરમી થતી એટલે કેટલાક તો પવન ખાવા માટે મેડે ચડી બેસતા. ત્યારે પણ સ્વામીશ્રી કહેતા : 'કેટલાક તો આસને બેસી વાહર ખાવા લૂગડાં ઝાપટે છે, જેમ ઘોડિયું પૂંછડાં ઝાપટે તેમ...'

વળી કહેતા કે 'આ ત્રણસેં સાધુમાં અડધા તો પોતાના મનનું ધાર્યું કરે છે !'

આમ, સ્વામીશ્રી જ્યારે ગુણાતીત જ્ઞાનનો ધોધ વરસાવતા હોય, ત્યારે આ ત્યાગીઓ મલકની નિંદામાં રાચતા હોય કાં વાહર ખાતા હોય કે મનધાર્યું કરી ઊંઘી રહેતા હોય. પરંતુ તેમને વિચાર નહોતો થતો કે આવી જ્ઞાનગંગા ફરી ક્યાં મળશે ? તળ જૂનાગઢના હરિભક્તો પણ મોડા મોડા દર્શને આવતા ત્યારે સ્વામીશ્રી કહેતા કે 'મોડા મોડા જાશું. સ્વામી ક્યાં ભાગી જવાના છે ?' એવા વિચારો આ હરિભક્તોને આવે છે. પણ 'સાધુ ક્યાં આખો જન્મારો બેસી રહેવાના છે. નોકરો તો પડ્યો રહેશે અને ચાલ્યું જવાશે !' સાક્ષાત્ ગુણાતીત શ્રીજીમહારાજનું ધામ, મહારાજનું સ્વરૂપ, જે દ્વારા મહારાજ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપતા તેમના સમાગમની

આટલી ઉપેક્ષા ! તીર્થમાં રહેનારને તીર્થનો મહિમા ન હોય તેમ જૂનાગઢ તળના કેટલાક સાધુ તથા હરિભક્તોની આ દશા હતી !

જ્યારે દૂર દેશના હરિભક્તો સ્વામીશ્રીમાં શ્રીજીમહારાજના પ્રગટ સ્વરૂપનાં દર્શન કરતા અને તેઓશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેતા. વળી, ગરીબ કે ધનાઢ્ય સૌ કોઈ સ્વામીશ્રી પાસે આવતા અને પોતાની ઉપાધિનાં પોટલાં એમની પાસે છોડીને એમની મીઠી દૃષ્ટિથી અને આશીર્વાદથી શાંતિ અનુભવતા.

એક દિવસ સ્વામીશ્રી સભામંડપમાં જ્યાં મહાપૂજા થતી હતી ત્યાં વિરાજમાન થયા હતા. તે સમયે રાજકોટના મિસ્ત્રી જેરામભાઈ તેના પુત્ર લીલાને લઈને ત્યાં આવ્યા. સ્વામીશ્રીને દંડવત્ કરી બંને બાપ-દીકરો સ્વામીશ્રી પાસે બેઠા. પછી જેરામભાઈએ સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! આ લીલા ઉપર કોરટમાં કેસ થયો છે તે દોઢ મહિનાથી તેને ઊંઘ નથી આવતી અને સાવ દૂબળો થઈ ગયો છે. માટે તેના ઉપર કાંઈક દયા કરો."

એટલે સ્વામીશ્રીએ તેના તરફ જોઈ કહ્યું : "અરે નિદ્રા ન આવે એવું તે કાંઈ હોય ? બેસ આ થાંભલે !" એટલે જેરામભાઈએ ઊઠી લીલાને તે થાંભલા પાસે બેસાર્યો. તરત જ તેને નિદ્રા આવવા માંડી અને બેઠો બેઠો ત્યાં ઊંઘી ગયો. સાંજ સુધી તે પ્રમાણે તે ત્યાં જ ઊંઘી રહ્યો.

સાંજ સુધી તેને ઊંઘતો જોઈને સ્વામીશ્રીએ જેરામભાઈને કહ્યું : "તું કહેતો હતો કે આને નિદ્રા નથી આવતી પણ આ તો સવારનો સૂઈ રહ્યો છે તે ઊઠતો જ નથી. માટે હવે એને ઉઠાડીને ઉતારે લઈ જા. હવે એને ઊંઘ આવશે. પણ તેને એક મહિના સુધી અહીં અમારી પાસે રહેવા દેવો."

જેરામભાઈએ તે કબૂલ કર્યું. બીજે દિવસે જેરામભાઈ તે દીકરાને ત્યાં મૂકીને રાજકોટ ગયા. લીલો ત્યાં દસ દિવસ રહ્યો અને સારું થઈ ગયું એટલે સ્વામીશ્રી પાસે તે આવ્યો અને સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મને ઘેર જવાની રજા આપો !"

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા પછી કહ્યું : "હાંઉ, એટલું જ કામ હતું ?" એમ કહી તેને એક ચોપડી વાંચવા આપી[૧૩૯] અને આશીર્વાદ આપી ઘેર જવા રજા આપી.

---

૧૩૯. આ ચોપડી હજુ પણ રાજકોટમાં તેમને ઘેર પ્રસાદીની સાચવીને રાખી છે.

ત્રિવિધ તાપથી ઘેરાયેલા હરિભક્તો જ્યારે દુઃખ સહન ન થઈ શકે તેવું થાય અગર બીજો કોઈ ઉપાય ન રહે ત્યારે સ્વામીશ્રી પાસે આવતા. સ્વામીશ્રીના આશીર્વાદથી તેમનું દુઃખ દૂર થઈ જતું. સ્વામીશ્રી પણ ઘણી વખતે કહેતા કે "ભગવાન ભજવામાં ત્રણ વાતે સાનુકૂળતા હોવી જોઈએ : ખાવા અન્ન જોઈએ, પહેરવા લૂગડાં જોઈએ અને ખાવાનું પચે એવી તંદુરસ્તી જોઈએ. આ ત્રણ સિવાય બીજી જે જે ઇચ્છાઓ રહે છે તે મોક્ષ માર્ગમાં વિઘ્નરૂપ છે." આ ત્રણ વાતે તો સ્વામીશ્રી સાનુકૂળતા કરી જ આપતા. શ્રીજીમહારાજ ધામમાં પધાર્યા પછી બંને દેશના હરિભક્તો સ્વામીશ્રી પાસે આવી સર્વ પ્રકારે શાંતિ અનુભવતા એટલું જ નહિ પરંતુ પોતાનો તમામ વ્યવહાર પણ સ્વામીશ્રીને પૂછીને જ કરતા.

ઓઢાના સમઢિયાવાળા મૂળો શેલડિયો અને અરજણ વેકરિયો

ગામ ઓઢાના સમઢિયાવાળા મૂળો શેલડિયો અને અરજણ વેકરિયો સ્વામીશ્રીના શિષ્યો હતા. તેમના ગામથી પૂર્વ દિશામાં થોડે દૂર દેદૂમે નેરાને કાંઠે ખોડી આંબરડીનો ટીંબો હતો. ગાધકડાના કણબીએ તે ટીંબાની આબાદી માટે સરકારમાં રૂપિયા ૨૦૦૦ આપ્યા એટલે તે ટીંબાની આસપાસની આ બંનેની જમીન પણ તે ટીંબાની આબાદી માટે માપણીમાં આવી ગઈ. આથી તેમની જમીન જવાનો વખત આવ્યો. જમીન રાખવી હોય તો તેમને ટીંબે રહેવા ગયા સિવાય છૂટકો નહોતો. પણ ગામ છોડીને જવાની હિંમત નહોતી. આ સંકટમાંથી ઊગરવા તેઓ બંને જૂનાગઢ સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીનાં દર્શન કરી પગે લાગી વિનંતી કરતાં તેમણે કહ્યું : "સ્વામી ! અમારા ગામથી ઉગમણી બાજુ ખોડી આંબરડીનો ટીંબો કહેવાય છે. તેની આબાદી માટે ગાધકડાના કણબીએ રૂપિયા ૨૦૦૦ સરકારમાં ભર્યા છે. તેમાં અમારી જમીન પણ જાય છે. અમારે આ ગામમાં ગલઢેરા છે તેથી રહેવાનું સાનુકૂળ છે ને ત્યાં દદૂમે નેરાને કાંઠે તો અમારાં લૂગડાં પણ લઈ જાય ને ગોરડિયા બહુ છે તે ફાટી પણ જાય."

તે સાંભળી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : "આજીવિકા જશે તો પછી શું કરશો ? વળી, વિસ્તાર વધશે ત્યારે ક્યાં જાશો અને શું ખાશો ? પ્રજા તમારે થાશે. માટે ખોડી આંબરડીના ટીંબે તમે

સુખી થાશો ને તમારું ત્યાં કોઈ નામ નહિ લ્યે, ને સાત દકાળી પડશે તો પણ તે દદૂમે નેરામાં પાણી નહિ ખૂટે. ત્યાં અમે બહુ રહ્યા છીએ અને તે નેરામાં પણ બહુ નાહ્યા છીએ. વળી, અમથી જો અવાશે તો આવશું. નહિ તો દિવ્ય દેહે આવી તમારી નજર રાખશું."

સ્વામીશ્રીનાં આ કૃપાવચન સાંભળી બંનેને અત્યંત શાંતિ થઈ ગઈ ! પછી તે બંને ઘેર ગયા. સ્વામીશ્રીને વચને ખોડી આંબરડીના ટીંબે તેમણે ગામ વસાવ્યું. ત્યાં મંદિર કર્યું. સત્સંગ શિર સાટે રાખ્યો. સ્વામીશ્રીનાં વચને વિસ્તાર પણ વધ્યો અને સુખી થયા ?[૧૪૦]

૧૪૦. આ પ્રસંગ પછી કેટલાંક વર્ષ બાદ અરજણ વેકરિયો માંદા પડ્યા. તેને દેહની વિસ્મૃતિ થઈ ગઈ. અભાન અવસ્થામાં તેને એમ થયું કે મારો દેહ પડી ગયો છે અને મહારાજ તથા સ્વામી વિમાનમાં બેસી પધાર્યા છે. એટલે તે વિમાનને વળગી પડ્યો. વિમાન અદ્ધર ઊડ્યું. ત્યાં મહારાજે સ્વામીશ્રીને કહ્યું : 'કાંઈક ગંધ આવે છે.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : "આ લોક જ ગંધરૂપ છે."

એટલે મહારાજે કહ્યું : "કોઈ વાસનાવાળો ભક્ત આ વિમાનને વળગી પડ્યો લાગે છે એટલે ગંધ આવે છે. માટે તમે છૂટો કરી દ્યો."

પછી સ્વામીશ્રીએ તેને છૂટા કરી દીધા. ત્યાં તો અરજણ વેકરિયો ભાનમા આવ્યો. પછી તેને વિચાર થયો કે આ લોકની ગંધ ટાળવા સારુ જ મહારાજ મને અહીં રાખી ગયા છે. માટે ગંધ ટાળવી અને શુદ્ધ થવું.

પછી તે દૂધમાં બનાવેલી સેવનો ટોપલો, ઘીનું પારિયું અને ગોળનું ભીલું લઈને ગામ માળિયામાં જ્યાં સ્વામી બાલમુકુન્દદાસજી હતા ત્યાં આવ્યા. ત્રણે વસ્તુ તેમણે સ્વામી બાલમુકુન્દદાસ પાસે મૂકી અને તેમને દંડવત્ કરી પગે લાગીને પાસે બેઠા. પછી બાલમુકુન્દદાસ સ્વામીએ પૂછ્યું : "અરજણભાઈ ! કેમ આવવું થયું ?" ત્યારે તેણે બે હાથ જોડી કહ્યું : "સ્વામી ! હું ગંધ કાઢવા આવ્યો છું."

ત્યારે બાલમુકુન્દદાસ સ્વામીએ પૂછ્યું : "ગંધ શું ?" એટલે તેમણે મંદવાડમાં અભાન અવસ્થામાં જે જોયું હતું તે બધું વિસ્તારપૂર્વક કહ્યું. ત્યારે બાલમુકુન્દદાસ સ્વામીએ કહ્યું : "અમારા ભેગા રહો તો અમે ગંધ કાઢી નાખશું." પછી તેઓ સ્વામી બાલમુકુન્દદાસ ભેગા બે માસ રહ્યા. સ્વામીએ તેને વચનામૃત તથા સ્વામીની વાતો વંચાવી. સ્વામી અને મહારાજના મહિમાની વાતો કરી તેથી તેની ગંધ નીકળી ગઈ. પછી તે ઘેર ગયા. થોડા દિવસ પછી તે માંદા થયા ત્યારે પોતાનાં સગાંવહાલાંને બોલાવીને કહ્યું : "શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, રઘુવીરજી મહારાજ તથા મોટા સંતો મને વિમાન લઈને તેડવા આવ્યા છે. તો તેમની ભેગો હું અક્ષરધામમાં જાઉં છું." એટલું કહી તે ધામમાં ગયા.

દેહા ખાચરની ખાનગી વાત

એક દિવસ સ્વામીશ્રી સવારમાં પૂજા વિધિ કરી પરવારીને સભામાં વિરાજ્યા હતા. એવામાં દેહા ખાચર સ્વામીશ્રી પાસે આવ્યા અને સ્વામીશ્રીને દંડવત્ કરી સન્મુખ બેઠા. તેના અંતરની વાત જાણી, સ્વામીશ્રીએ કહ્યું : "તમારે કાંઈ પૂછવું હોય તો સુખેથી પૂછો."

સ્વામીશ્રીએ અંતર્યામીપણે પોતાનો સંકલ્પ જાણ્યો તેથી દેહા ખાચર રાજી થયા પણ તેને વ્યવહારની વાત પૂછવી હતી અને સભામાં સૌને આવવાનો વખત થયો હતો તેથી પૂછતાં અચકાતા હતા. પછી તેમણે સ્વામીશ્રીને કહ્યું : "મહારાજ ! મારે ખાનગી વાત પૂછવી છે પણ બધા સાધુને સભામાં આવવાનો વખત થયો છે."

તે સાંભળી સ્વામીશ્રી હસ્યા પછી કહ્યું : "તમારે જે પૂછવું હોય તે સુખેથી પૂછો. તમામ સાધુનો અહીં આવવાનો સંકલ્પ હું બંધ કરી દઈશ." પછી દેહા ખાચરે તેમની વહેવારની ખાનગી વાત કરી અને સ્વામીએ પણ તમામ વાતના સંતોષકારક ખુલાસા કર્યા. આ વાત દરમ્યાન સભામાં કોઈ આવ્યું નહિ. વાત પૂરી થઈ એટલે સાધુઓ સભામાં આવવા લાગ્યા. આ પ્રમાણે સ્વામીશ્રીએ સૌનાં અંતર ખેંચી લીધાં !

પંચમ સોપાન સમાપ્ત

સ્વામીશ્રીના સંબંધથી આવા નિરક્ષર અને અબુધ જેવા જણાતા ભક્તને પણ જગતની ગંધ કાઢવાની ખેવના રહે છે. આ જીવમાં અનંત પ્રકારની ગંધ છે ત્યાં સુધી તે ભગવાનના ધામમાં જઈ ન શકે. તેથી જ શુદ્ધ ગુણાતીત સત્પુરુષનો સંગ કરી જગતની તમામ ગંધ કાઢી નાખવી. પોતાના જીવાત્માને શુદ્ધ બ્રહ્મસ્વરૂપ માની તે અક્ષરબ્રહ્મ સાથે એકતા કરી બ્રહ્મરૂપ થાય તો જ જગતની ગંધ નીકળી જાય. પરંતુ બ્રહ્મને ઓળખ્યા સિવાય બ્રહ્મરૂપ ક્યાંથી થવાય ? અને બ્રહ્મરૂપ ન થવાય ત્યાં સુધી પુરુષોત્તમની ભક્તિનો અધિકાર પણ પ્રાપ્ત ન થાય. માટે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મને ઓળખી તેમના સંબંધે બ્રહ્મરૂપ થવું એ જ આત્યંતિક કલ્યાણ માટેનું એક માત્ર સાધન છે.

પરિશિષ્ટ : ૧

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી - મૂળજી શર્માનો જન્મ સંવત ૧૮૪૧ના આસો સુદ ૧૫ના મંગલ દિવસે ભાદરાની પુણ્યવતી ભૂમિમાં થયો. જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના આ ગામની વસ્તી લગભગ ૧૨૦૦ની છે.

ગુરુ શ્રી કૃષ્ણજી અદાના મંડળ તરફથી આ જન્મસ્થાન ઉપર એક નાનું મકાન બંધાવવામાં આવ્યું હતું. ત્યારથી આ જન્મસ્થાનમાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ અને સ્વામીશ્રી યોગીજી મહારાજ વારંવાર સંત-હરિભક્તોનાં મંડળને લઈને જતા અને ત્યાં ઉત્સવો કરતા. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે ત્યાંના માંડણ ભક્તને આશીર્વાદ આપીને કહ્યું હતું, 'અહીં શિખરબદ્ધ મંદિર થશે.'

એ સંકલ્પની સિદ્ધિ જાણે જલદી થવાની હોય તેમ સ્વામીશ્રી યોગીજી મહારાજની પ્રસન્નતા માટે પૂજ્ય ફુલીબાની પ્રેરણાથી શેઠશ્રી માસુમલીભાઈએ સારી રકમની સેવા નોંધાવી. જામનગરના શેઠશ્રી હરજીવનદાસ બારદાનવાળાએ હરિભક્તોના ઉતારા માટે દશ હજાર ચોરસવાર જમીન ભેટ આપી.

મંદિરનું તથા ધર્મશાળાનું કામ સાથે ચાલુ થયું. અક્ષરબ્રહ્મના ધામસ્વરૂપ જન્મસ્થાનની સેવા માટે સૌ તત્પર થઈ ગયા. હજારોની રકમ આવતી ગઈ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામીએ પ્રતિષ્ઠા ઉત્સવ ખૂબ જ ભવ્યતાથી ઊજવાઈ જાય તે માટે અથાગ પરિશ્રમ લીધો. બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજ તો સૌની પ્રેરણામૂર્તિ બની ભાદરામાં જ વિરાજ્યા હતા. તેમની દૃષ્ટિથી તમામ કાર્ય ચેતનવંતું બની ગયું.

મકરાણામાં આરસનું સિંહાસન તથા ધામ-ધામી અને મુક્તની મૂર્તિઓ તૈયાર થઈ ગઈ. સંવત ૨૦૨૫ના વૈશાખ સુદ ૬ ને બુધવાર તા. ૨૩-૪-૬૮ મૂર્તિપ્રતિષ્ઠાની વિધિનો મંગલ દિવસ નિશ્ચિત થયો.

બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજના વરદ હસ્તે પ્રતિષ્ઠાનો વિધિ ધામધૂમપૂર્વક થયો ! અક્ષરબ્રહ્મનું ધામરૂપ જન્મસ્થાન પૂર્ણ પુરુષોત્તમનારાયણ તથા તેમના અનાદિ મુક્તનું ધારક બની ગયું. પૃથ્વી પુણ્યવંતી બની ગઈ ! જન્મસ્થાન શ્રીજીનાં ચરણારવિંદથી અંકિત થઈ ગયું !

પરિશિષ્ટ : ૨

ગુણાતીતાનંદ સ્વામી ૧૧ વર્ષના હતા ત્યારે મૂળજી શર્મા તરીકે તેમનાં લગ્ન ડાંગરાના જોષી કુટુંબમાં થયા હતા. એમનાં પત્નીનું નામ સંતોકબેન હતું. તેઓ મૂળ વાગુદડના હતા અને પાછળથી ડાંગરા આવીને રહેલા. તેઓ છ બહેનો હતાં. તેમનાં સૌથી મોટા બહેન ભીમજીભાઈ મહેતા સાથે પરણાવ્યાં હતાં. ભીમજીભાઈ મહેતા મૂળ ડાંગરાના રહેવાસી હતા. ભીમજીભાઈના વડવાઓને જામનગરના રાજ્ય તરફથી પાંચ સાંતી(પાંચસો વિઘા)ની જમીન ગામમાં મળી હતી. તેઓ ત્યાં જ ખેતી કરતા હતા. ભીમજીભાઈના દીકરા હરિશંકર મહેતા અને તેમના પણ દીકરા નવલશંકર મહેતા રાજકોટમાં રહેતા હતા. શ્રી નવલશંકર મહેતાએ આ વિગતો આપીને જણાવ્યું હતું કે તેમના વડવા ભીમજીભાઈ ઉપરાંત, મૂળજી શર્માના બીજા સાઢુભાઈ ભંગાવડી ગામમાં હતા. તે ત્રિવેદી કુટુંબ હતું. એમના પ્રપૌત્ર અમદાવાદમાં ડૉ. કાન્તિભાઈ ત્રિવેદી પોતાનું દવાખાનું ચલાવતા હતા.

મૂળજી શર્માનાં લગ્ન થયાં ત્યારે ડાંગરામાં બ્રાહ્મણવાડા(બ્રહ્મપુરી)માં તેમનું ફૂલેકું નીકળ્યું હતું. માત્ર ૧૧ વર્ષની ઉંમરે લગ્ન કર્યા બાદ એક જ વર્ષમાં તેઓ વિધુર થયા હતા. બાળપણમાં જ વૈરાગ્યની ખુમારી પણ અનેરી હતી અને વળી ઘરભંગ થયા હોવાથી તેમને કોઈ જ સંતાન ન હતું.

(માહિતી : નવલશંકર મહેતા, રાજકોટ)

પરિશિષ્ટ : ૩

૧. રામદાસ સ્વામી

રામદાસ સ્વામીનો જન્મ શિયાણી ગામમાં થયો હતો. શ્રીજીમહારાજ મછિયાવ પધાર્યા અને મહારાજે ફૈબાને તેમના દીકરાની વહુ સાથે રૂસણું છોડી દેવા કહ્યું. પરંતુ ફૈબાએ તે આજ્ઞા ન પાળી. એટલે શ્રીજીમહારાજે તે ગામનું પાણી હરામ કર્યું. તે વખતે આ ભક્ત ત્યાં હતા. મહારાજે તેમને કહ્યું : ''તમે ગામમાં મુક્તાનંદ સ્વામી તથા સાધુમંડળને જઈને કહી આવો કે મહારાજે આ ગામનું પાણી હરામ કર્યું છે એટલે ગામમાં કોઈ રોકાય નહીં.'' એટલું કહી મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા.

આ ભક્તે ગામમાં આવી મુક્તાનંદ સ્વામીને મહારાજની આજ્ઞા કહી સંભળાવી. તે વખતે સાધુઓ શીરો બનાવતા હતા અને ગોળનાં પાણી ગરમ થતાં હતાં. મુક્તાનંદ સ્વામીએ સાધુઓને મહારાજની આજ્ઞા કહી સંભળાવી અને સૌને ચાલી નીકળવાનું કહ્યું. શ્રીહરિની રુચિના એ ભક્ત સાક્ષી બની રહ્યા.

ગઢડામાં ગોપીનાથનું મંદિર થતું હતું તે અરસામાં બારણા ઉપરનો પથ્થર ચડાવતાં ગુણાતીતાનંદ સ્વામીની કોણી પથ્થર નીચે આવી ગઈ. તે જોઈ મહારાજ એકદમ અકળાઈ ગયા અને બોલ્યા : ''લ્યો, લ્યો, આ પથ્થર લ્યો, નહીં તો આ સાધુનો હાથ ભાંગી જશે.'' તે વખતે આ ભક્ત ત્યાં હતા. ઊંચાઈમાં પાંચ હાથ પૂરા અને શરીરે મજબૂત એવા આ ભક્તે તરત જ પછેડીનો ગોટો કરી માથે મૂકી, માથા વડે પથ્થર ઊંચકી લીધો અને સ્વામીએ કોણી બહાર કાઢી લીધી. આ જોઈ શ્રીજીમહારાજ બહુ જ રાજી થયા અને તે ભક્તને આશીર્વાદ આપતાં કહ્યું : ''ધન્ય તારાં માતાપિતાને ! આ તારી ઊંચાઈ અને શરીરની મજબૂતાઈ આજે ખરા કામમાં આવી ગયાં.'' શ્રીહરિના પ્રિય ધામરૂપ સંત સાથેની શ્રીહરિની પ્રીતિના તે ભક્ત અનુભવી બની રહ્યા.

ત્યારબાદ આ ભક્તને પાર્ષદની દીક્ષા આપી. આ ભક્ત ધર્મ, નિયમ પાળવામાં શૂરવીર હતા. વળી, દૃષ્ટિ પણ નિયમમાં હતી. તેમના આવા ગુણથી ધર્મકુળની ગાડી હાંકવાની સેવા મહારાજે તેમને સોંપી.

થોડા દિવસ આ ભક્તે આ સેવા ભક્તિપૂર્વક બજાવી. શ્રીજીમહારાજે તેમના ગુણ જોઈને તેમને ભાગવતી દીક્ષા આપવાનું નક્કી કર્યું અને કહ્યું : ''પેલા શિયાણીના ભક્તને બોલાવો.'' સાથે મુક્તાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! હવે આપણે દીક્ષા આપીને 'નંદ'ને બદલે 'દાસાંત' (જેને છેડે દાસ આવે તેવાં) નામ

પાડવાં.'' એમ કહી મહારાજે કહ્યું :

તે વખતે મુકુંદ બ્રહ્મચારી ત્યાં ઊભા હતા. તેમણે મહારાજને કહ્યું : ''મહારાજ ! એને દીક્ષા આપશો તો પછી ધર્મકુળની ગાડી કોણ હાંકશે ?''

ત્યારે મહારાજે હસીને કહ્યું : ''એ ગાડી હાંકનાર તો ઘણા મળશે. પણ આ ભગતને તો હવે સુખી થવા દ્યો.'' એમ કહી પછી તે ભક્તને મહારાજે દીક્ષા આપી રામદાસ નામ પાડ્યું.

રામદાસ સ્વામી દીક્ષા લીધા પછી ઘણુંખરું સ્વામીશ્રી પાસે જૂનાગઢ રહેતા. સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે વર્તવામાં તેમને આનંદ આવતો. એ રીતે તેમની તપની રુચિ સંતોષાતી. શરીરે ઊંચા, સહેજ શ્યામળા અને રળિયામણા દેખાતા આ સંતની ત્યાગ અને તપની રુચિને લીધે તેમના શરીરમાંથી લોહી સુકાઈ ગયું હતું. એક જ વખત ફળાહાર જમતા. પગરખાં પણ પહેરતા નહીં. આવા નિયમધારી આ સંતને સ્વામીશ્રીની આજ્ઞાથી જામનગર તરફ જવાનું થયું. અહીં ફળાહાર ન મળે. દૂધ-દહીં લેવાય નહીં, તેથી ફક્ત છાશ પીને જ પોતે રહેતા.

સ્વામીશ્રી જ્યારે જૂનાગઢથી ગામડાંઓમાં ફરવા જતા, અથવા વરતાલ સમૈયે જતા ત્યારે રામદાસ સ્વામીને મંદિરનો તમામ વહીવટ સોંપી જતા. આ વહીવટ તેઓ કુશળતાપૂર્વક કરતા. તેથી સ્વામીશ્રીને ચિંતાનું કોઈ પણ કારણ રહેતું નહીં.

એક વખત સ્વામીશ્રીએ તેમને આજ્ઞા કરતાં કહ્યું : ''આ કાગળ વંથળી જઈને કલ્યાણભાઈને આપી આવો અને જતાં-આવતાં અખંડ ભજન કરજો.'' તેથી તે કાગળ લઈને તેઓ ભજન કરતાં વંથળી જવા નીકળ્યા. વંથળી આવ્યું ત્યારે વંથળીના કોટને કાંગરે કાંગરે તેમને શ્રીજીમહારાજનાં દર્શન થયાં. પાછા ફરતાં પણ અખંડ ભજન શરૂ રાખ્યું ! આ પ્રમાણે શ્રીજીમહારાજની મૂર્તિ તેમને દેખાતી થઈ. સ્વામીશ્રીએ વાતોમાં કહ્યું છે : ''અમે દરેક આજ્ઞા કરીએ તેમાં મહારાજની મૂર્તિ આપી દઈએ.'' આ વચન રામદાસ સ્વામી માટે સત્ય થયું. ધામમાં જતાં સુધી એમને મહારાજની મૂર્તિ અખંડ દેખાતી હતી. રાત-દિવસ તેઓ મહારાજની મૂર્તિનું ચિંતવન કર્યા જ કરતા.

જૂની ધર્મશાળાને મેડે ઓરડામાં તેઓ હંમેશાં ધ્યાનમાં બેસતા. પરંતુ સ્વામીશ્રી જ્યારે વાતુ કરતા હોય ત્યારે ધ્યાન મૂકી વાતો સાંભળવા આવી જતા. વાતો સાંભળી ફરી ધ્યાનમાં બેસી જતા. તેમની પાસે બાલમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, માધવપ્રિયદાસ, માધવચરણદાસ, કૃષ્ણસેવાદાસ વગેરે સંતો બેસતા. તે વખતે તેઓ મહારાજની મૂર્તિનું વર્ણન તેમની પાસે કરતા. આ સર્વ સંતો

પણ તેમની પાસે રહી ધ્યાનનો અભ્યાસ કરતા. એક દિવસ તેમણે યોગેશ્વરદાસ સ્વામીને પૂછ્યું : ''તમે ધ્યાન કરો છો ત્યારે મહારાજની મૂર્તિ દેખાય છે ?''

ત્યારે તેમણે કહ્યું : ''મૂર્તિ તો નથી દેખાતી પણ સુખ આવે છે.''

તે સાંભળી રામદાસ સ્વામીએ કહ્યું : ''સુખ આવે છે તો મૂર્તિ દેખાશે. જેમ કૂવો ખોદીએ ત્યારે પ્રથમ ભીની ભોં આવે એટલે નક્કી થાય કે પાણી આવશે, તેમ મૂર્તિ જરૂર દેખાશે.'' આમ, બધાને ઉત્તેજન આપતા.

એક વખત કૃષ્ણસેવાદાસે તેમને કહ્યું : ''સ્વામી ! તમારી પાસે આવીએ છીએ ત્યારે ગુલાબ અને મોગરાની સુગંધ આવે છે.'' તે સાંભળી રામદાસ સ્વામીએ કહ્યું : ''એ તો મહારાજ પધાર્યા હોય એટલે તે સુગંધ આવે.'' આમ, સ્વામીશ્રીની કૃપાથી રામદાસ સ્વામીને, મહારાજનો સાક્ષાત્કાર હતો.

સ્વામીશ્રી સાથે તેઓ વરતાલ સમૈયે ગયા ત્યાં તેમણે સંકલ્પ કર્યો કે 'હવે મહારાજની પાસે ધામમાં જવું.' આ સંકલ્પથી તેઓ અત્યંત માંદા પડી ગયા. સ્વામીશ્રી તેમને જોવા પધાર્યા ત્યારે તેમણે ધામમાં જવાનો સંકલ્પ સ્વામીશ્રીને કહ્યો. ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું : ''અમારે કાંઈ જૂનાગઢનું મંદિર ઉજ્જડ નથી કરવું. માટે હમણાં સાજા થાઓ.'' તેથી થોડા દિવસ બાદ તેઓ સાજા થયા અને સ્વામીશ્રી સાથે પાછા જૂનાગઢ આવ્યા.

અહીં આવ્યા પછી સ્વામીશ્રીએ તેમની ઉદાસીનતા ટાળવા તેમને વંથળી કલ્યાણભાઈ પાસે મોકલ્યા. અહીં તેમણે કલ્યાણભાઈની વાતો સાંભળી. પછી જૂનાગઢ પાછા જવાનો વિચાર કર્યો. એટલામાં સ્વામીશ્રી વંથળી પધાર્યા. અહીં એક-બે દિવસ રહી સ્વામીશ્રી સાથે તેઓ જૂનાગઢ આવવા નીકળ્યા. ખેંગાર વાવે આવ્યા ત્યારે તેમણે સ્વામીશ્રીને કહ્યું : ''સ્વામી ! હવે રજા આપો તો ધામમાં જઉં.''

એટલે સ્વામીશ્રીએ કહ્યું : ''હમણાં એવું બોલશો નહીં.'' પરંતુ સ્વામીશ્રી જાણી ગયા હતા કે એમની ઉદાસીનતા ટળી ન હતી તેથી જૂનાગઢ પહોંચ્યા પછી થોડા દિવસે વળી તેમને સોરઠમાં ફરવા મોકલ્યા.

ફરીને આવ્યા પછી દરવાજાથી દક્ષિણાદા ઓરડામાં તેમણે આસન કર્યું. તેમને પેટનો વ્યાધિ હતો તેથી દુખાવો સખત થતો હતો. સ્વામીશ્રીએ બાલમુકુંદદાસ સ્વામીને કહ્યું : ''તમે રામદાસ સ્વામીને પેટે મધ અને કળી ચૂનો ચોપડી આવો.'' એટલે બાલમુકુન્દદાસ સ્વામી તેમને મધ અને કળી ચૂનો ચોપડવા ગયા. પરંતુ તેમણે તરત જ કહ્યું : ''અહીં રહેવું હોય તો ઔષધ ચોપડવું પડે ને ? માટે હવે એ મૂકી દ્યો.''

બાલમુકુંદદાસ સ્વામીએ તે વાત સ્વામીશ્રીને કહી. સ્વામીશ્રીએ ડોકું ધુણાવ્યું

અને બોલ્યા : ''હવે તેઓ રહેશે નહીં. આપણે બે વાર રોક્યા પણ હવે તેમને જાવા દેવા.''

તે રાત્રે દશ વાગે તેમને સખત પીડા ઊપડી. સ્વામી ગુલાબનો હાર લઈ તેમની પાસે ગયા. તેમને હાર પહેરાવ્યો અને કહ્યું : ''હુતાશનીનો સમૈયો અહીં કર્યો હોત તો સારું હતું.''

એટલે તેમણે કહ્યું : ''સ્વામી ! હવે તે સમૈયો ત્યાં કરીશ.'' પછી સ્વામીશ્રીએ તેમને હાર પહેરાવતાં કહ્યું : ''મહારાજને અમારા જય સ્વામિનારાયણ કહેજો.'' એટલું કહી સ્વામીશ્રી આસને પધાર્યા. પછી મહારાજ તેમને ધામમાં તેડી જવા પધાર્યા. રામદાસ સ્વામીને મહારાજનાં દર્શન થયાં કે તરત જ અશક્ત શરીર છતાં ખાટલામાં બેઠા થઈ ગયા અને મહારાજને તેઓ બથ ભરીને મળ્યા. પાસે બેઠેલાઓએ આ જોયું ! એટલે તેમને પ્રતીતિ થઈ કે જરૂર મહારાજ તેડવા પધાર્યા. આ પ્રમાણે શ્રીજીમહારાજનું ભજન કરતાં કરતાં સંવત ૧૯૧૨માં રામદાસ સ્વામી ધામમાં પધારી ગયા.

૨. સ્વામી વિષ્ણુવલ્લભદાસજી

સ્વામી વિષ્ણુવલ્લભદાસજી ભાદર નદીના કિનારા ઉપરના સતાપર ગામના બ્રાહ્મણ હતા. તેઓ પ્રથમ કચ્છના રણ પાસે આવેલા ભેલા ગામે રહેતા હતા. તે વખતે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી અને તેમના સંતમંડળ સાથે માર્ગદર્શક તરીકે તેઓ કચ્છમાં ગયા હતા. કચ્છનું રણ ઊતરવું તે ઘણું વિકટ હતું. પરંતુ આ ઉસ્તાદ ભોમિયા હતા. એટલે તેમણે કોઈ મુશ્કેલી આવવા દીધી નહીં અને સૌને સહેલાઈથી રણ ઉતારી દીધા. મુક્તાનંદ સ્વામી તેમના ઉપર અત્યંત રાજી થઈ ગયા. તેમણે આશીર્વાદ આપતાં કહ્યું : ''ભક્તરાજ ! તમે અમને રણ ઉતરાવ્યું તો શ્રીજીમહારાજની દયાથી તમોને આ સંસાર સાગર ગાયની ખરી જેવડો થઈ જશે અને તરવો સહેલો પડશે.'' પછી મુક્તાનંદ સ્વામી સાથે તેઓ ભૂજ ગયા. અહીં તેમને શ્રીજીમહારાજનાં દર્શન થયાં !

ભૂજમાં શ્રીજીમહારાજે એક વખત તેમનું મસ્તક પકડી આકાશ તરફ ઊંચું કર્યું અને કહ્યું : ''જુઓ, આ તારો દેખાય છે ને ?'' પરંતુ ભક્તે તો તારાને બદલે અક્ષરધામ જોયું. શ્રીજીમહારાજનો આવો પ્રતાપ જોઈ તેમણે દીક્ષા લીધી.

૩. સ્વામી માધવચરણદાસજી

સ્વામી માધવચરણદાસજીનો જન્મ સંવત ૧૮૭૯ની સાલમાં બોચાસણમાં

થયો હતો. સંવત ૧૮૯૬માં તે વરતાલ દર્શન કરવા આવ્યા. અહીં આવ્યા પછી તેમને લોહીખંડ પેટબેસણું થયું તેથી ત્રણ ખૂણિયાવાળે ખેતરે દિશાએ જતા અને ત્યાં જ બેસી રહેતા. તેમનું આ દર્દ થોડા દિવસો ચાલ્યું. એ અરસામાં જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામી પણ વરતાલ સમૈયે આવ્યા. એક દિવસ તેમણે રેચ લીધો હોવાથી તેઓ પણ ત્રણ ખૂણિયાવાળે ખેતરે દિશાએ ગયા ત્યારે આ ભક્તને તેમનાં દર્શન થઈ ગયાં. વરતાલના વિજ્ઞાનાનંદ સ્વામીએ પછી તેમને સ્વામીશ્રીની ઓળખાણ કરાવતાં કહ્યું : "આ જૂનાગઢના મહંત છે."

આ પ્રસંગ પછી તેમને વૈરાગ્ય થવાથી સાધુ થવા બે-ત્રણ વાર વરતાલ આવ્યા. પરંતુ તેમના પિતા આવીને તેમને પાછા ઘેર તેડી જતા. આમ, થોડાં વર્ષ સુધી એ ઉપાધિ ચાલી. પછી એક દિવસ ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું : "તમને અહીં તમારા સંબંધીઓ સુખે રહેવા દેશે નહીં અને ઉપાધિ ચાલુ રહેશે. માટે તમો જૂનાગઢ જાઓ તો સારું. ત્યાં ગુણાતીતાનંદ સ્વામી ભવમાં ફરી ફેરો ન થવા દે તેવા મોટા સાધુ છે. શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની વાતો કરે છે માટે સમાગમ કરવા જેવા છે. એટલે જૂનાગઢ જાઓ તો ત્યાં તમને બધી વાતે સાનુકૂળ થશે."

ગોપાળાનંદ સ્વામીની આ વાત સાંભળી તેમણે કહ્યું : "બહુ સારું, આપ કહો છો તે પ્રમાણે કરીશ."

આ પછી થોડા સમય બાદ જૂનાગઢના સાધુ હરિદાસજી જે ગરાસિયાના ગુરુ કહેવાતા હતા તે વરતાલ સમૈયા ઉપર આવ્યા. ગોપાળાનંદ સ્વામીએ આ ભક્તને તેમની સાથે જૂનાગઢ જવા કહ્યું. તેથી તે તેમની સાથે જૂનાગઢ જવા ચાલી નીકળ્યા.

હરિદાસજી વરતાલથી ફરતાં ફરતાં મોકા ખાચરના વાંકીએ આવ્યા. સાંજે મોકા ખાચર મંદિરે દર્શને આવ્યા. તેમની ઓળખાણ આપતાં હરિદાસ સ્વામીએ આ ભક્તને કહ્યું : "આ દરબાર શ્રીજીમહારાજના મળેલા છે."

એટલે માધવચરણદાસ તેમને પગે લાગ્યા. તેથી દરબારે હરિદાસજીને કહ્યું : "સ્વામી ! આ ભગત ક્યાં રહે છે ?"

ત્યારે હરિદાસે કહ્યું : "દુઃખપુર રહે છે અને હવે સુખપુર જાય છે."

આ શબ્દોનો મર્મ દરબાર સમજી ગયા : તેમણે પૂછ્યું : "શું ત્યાગી થવા આવ્યા છે ?"

ત્યારે હરિદાસે કહ્યું : "હા."

એટલે મોકા ખાચર તરત જ તેમને પગે લાગ્યા અને બોલ્યા : "તમે તો

ત્યાગી થવા જાઓ છો અને અમારે પગે અડો છો તે ઠીક કહેવાય નહીં. તમારા તો ધન્ય ભાગ્ય કે તમો સાધુ થવા જાઓ છો.'' એમ સાધુની સ્થિતિનો મહિમા કહ્યો. આ સમય એવો હતો કે સત્સંગી-ગૃહસ્થો તથા સાધુઓ -એકબીજાનો અરસપરસ મહિમા બહુ સમજતા, એટલું જ નહીં, પરંતુ પોતાના વહાલા સગા જેવો એકબીજા પર પ્રેમ ધરાવતા. કોઈના કપાળમાં તિલક-ચાંદલો દેખે તો જાણે વહાલા સગા મળ્યા હોય તેમ એકબીજાને પ્રેમથી ભેટતા.

સ્વામી હરિદાસજી આ પ્રમાણે ફરતાં ફરતાં તે ભક્તને લઈને જૂનાગઢ આવ્યા. આ વખતે સ્વામીશ્રી પોતાના આસને સૂતા હતા. હરિદાસજી પરબાર્યા સ્વામીશ્રીને આસને આવ્યા અને સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. આ ભક્ત તો સ્વામીશ્રીના પગ દાબવા માંડ્યા. તેથી સ્વામીશ્રી એકદમ બેઠા થઈ ગયા અને હરિદાસને મળ્યા. પછી તેમની સામું જોઈ પૂછ્યું : ''આ કોણ છે ?''

ત્યારે હરિદાસજીએ કહ્યું : ''સ્વામી ! એ તો બોચાસણના પાટીદારના દીકરા છે અને સાધુ થવા માટે અહીં આપની પાસે આવ્યા છે.''

તે સાંભળી સ્વામીશ્રી એકદમ રાજી થયા અને તે ભક્તનો હાથ પકડી બોલ્યા : ''ઓહો ! આને તો અમે ઓળખીએ છીએ.'' એમ કહી તે ભક્તને પોતાની નજીક લીધા પછી બોલ્યા : ''અમારે પગ દબાવવાની ટેવ તો નથી પણ તમે છેટેથી આવ્યા છો તે દાબો.'' એમ તે ભક્તનો ભાવ જાણી થોડો વખત તેને પગ દાબવા દીધા.

બે વર્ષ સુધી તે ભક્તને પાર્ષદ પંક્તિમાં રાખ્યા અને મંદિરની સેવા કરાવી. પછી રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા ત્યારે તેમને મહારાજ પાસે દીક્ષા અપાવી અને માધવચરણદાસ નામ પાડ્યું.

૪. દરબાર શ્રી અભયસિંહજી

હાલાર દેશમાં પવિત્ર ભદ્રાવતી નદીને કિનારે ગુણજ્ઞ ગણોદપુર નામે ગામ છે. તેના રાજા ભાવસિંહ હતા. તેમને બીજા ત્રણ ભાઈઓ : મૂળજી, દેવાજી તથા હઠીસિંહ. દેવાજી ગોંડળના રાજા હતા. ચારે ભાઈઓને શ્રીજીમહારાજનાં દર્શન થયાં હતાં અને મહારાજની સેવા પણ તેમણે ઘણી કરી હતી. શ્રીજીમહારાજને પોતાના પુરમાં પણ તેમણે પધરાવ્યા હતા.

ભાવસિંહના પુત્ર ખેંગારજી અને તેમના પુત્ર અભયસિંહ. અભયસિંહ મહામુક્ત હતા. અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી તેઓ તેમના શિષ્ય થયા હતા. સ્વામીએ પણ તેમને ઉપદેશ આપી શ્રીજીમહારાજની

સર્વોપરી નિષ્ઠા કરાવી હતી. સ્વામીશ્રીના સમાગમથી તેમનો નિશ્ચય અને પક્ષ અત્યંત દૃઢ થયા.

રાજા અભયસિંહે પોતાના પુરમાં સુંદર મંદિર બંધાવી તેમાં શ્રીજીમહારાજની મૂર્તિ સ્વામીશ્રીના વરદ હસ્તે પધરાવી હતી. 'શિક્ષાપત્રી'માં મહારાજે કહેલી આજ્ઞા અનુસાર રોજ સંધ્યા સમયે પોતે મંદિરે જતા અને આરતી-ધૂન કરી એક પગે ઊભા રહી હંમેશાં સો માળા ફેરવતા. પછી કથાવાર્તા સાંભળી દરબારગઢમાં પધારતા.

અભયસિંહને કોઈ પ્રકારનું વ્યસન ન હતું. વ્યસન હતું કેવળ ભગવાનની કથાવાર્તા સાંભળવાનું અને સંતસમાગમનું. પોતાના નિયમમાંથી તે કોઈ દિવસ ડગતા નહીં.

એક વખત અભયસિંહ જામનગર પધાર્યા અને ત્યાંના રાજા વિભા જામના મહેમાન થયા. રાજા અભયસિંહ ચુસ્ત સત્સંગી છે અને તેમને કોઈ પ્રકારનું વ્યસન નથી તે જાણી ખવાસે કચેરીમાં મહારાજ વિભા જામને કહ્યું : "બાપુ ! અભયસિંહજીને તો આપ હાથોહાથ સુરાપાન કરાવશો તો જ કરશે. અમારા હાથથી તે નહીં પીએ." પછી જામસાહેબે પોતે સુરાની પ્યાલી લીધી અને અભયસિંહને બોલાવી કહ્યું : "લ્યો, આ કસુંબો." અભયસિંહજીએ વિચાર કર્યો કે "જામસાહેબનું અપમાન કેમ કરાય ? વળી, આપણો સત્સંગીનો ધર્મ પણ કેમ તજાય ? ધર્મ તો દૃઢતા વિના ન રહે." અર્ધ ક્ષણમાં એમ વિચાર કરી તેમણે પોતાની ભેટમાંથી કટાર કાઢી અને પછી પોતે કહ્યું : "બાપુ ! હું સ્વામિનારાયણનો આશ્રિત છું અને મારા ગુરુ ગુણાતીતાનંદ પાસે મેં વર્તમાન ધરાવ્યાં છે તેથી સુરાપાન તો હું નહીં કરી શકું. પરંતુ હું મારું ગળું આ કટાર વડે કાપી નાખું પછી આપ તેમાં સુરાની આ પ્યાલી ઠાલવી દેજો."

અભયસિંહજીની દૃઢતાનાં આવાં વચન સાંભળી, તેમની ધર્મમાં અડગ શ્રદ્ધા અને ટેક જોઈ જામસાહેબે સુરાની પ્યાલી ફેંકી દીધી અને કહ્યું : "તમે સુખેથી તમારો ધર્મ સાચવો. તમે ખરા સત્સંગી છો." પછી જામસાહેબે ખવાસને ઠપકો આપ્યો અને કહ્યું : "અભયસિંહ બાપુને નિત્ય બ્રાહ્મણને રસોડેથી થાળી પીરસાવજો." આ પ્રમાણે અભયસિંહજી બાપુએ પોતાનો ધર્મ સાચવવા સાચી શૂરવીરતા બતાવી.

અભયસિંહ બાપુએ ગુણાતીતાનંદ સ્વામીની સેવા કરી તેમને ખૂબ રાજી કર્યા હતા. તેઓ દર સમૈયે જૂનાગઢ આવતા અને સાધુ, બ્રહ્મચારી, પાર્ષદને રસોઈ આપી જમાડતા. દેવ તથા આચાર્યની સેવા પણ ખૂબ કરતા. મોટા મોટા

પરમહંસોને તેમણે રાજી કર્યા હતા. ગઢપુરના ઉત્તમ રાજા, પંચાળાના હિંમતસિંહ, લોયાના સુરા ખાચર, સારંગપુરના જીવો ખાચર, કારિયાણીના માંચો ખાચર વગેરે રાજવીઓ શ્રીજીમહારાજના ઉત્તમ ભક્તો હતા તેવા જ અભયસિંહ રાજા સ્વામીશ્રીના ઉત્તમ ભક્ત હતા. ધ.ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે 'હરિલીલામૃત' ગ્રંથ રચ્યો છે તેમાં અચિંત્યાનંદ વર્ણી અને અભયસિંહ નૃપનો સંવાદ મૂક્યો છે.

એક સમયે અભયસિંહ જૂનાગઢ પધાર્યા ત્યારે તેમણે સ્વામીશ્રીને કહ્યું : "સ્વામી ! મને પૂજા કરવા મહારાજની મૂર્તિ આપો." એટલે સ્વામીશ્રીએ તેમને મહારાજની મૂર્તિ આપી. પછી તેઓ ગણોદ આવ્યા અને મૂર્તિ પટારામાં મૂકી દીધી. મૂર્તિની પૂજા કરવાનું ભૂલી ગયા. બીજે દિવસે તેમનાં કુંવરી ઓરડામાં ગયાં ત્યાં તો ઓરડામાં તેમણે પુષ્કળ તેજ જોયું. તે તેજમાં પટારા ઉપર તેમણે મહારાજને બેઠેલા જોયા. ત્યારે કુંવરીએ પૂછ્યું : "તમે કોણ છો ?"

મહારાજે કહ્યું : "અમે સ્વામિનારાયણ છીએ, તમારા બાપુ જૂનાગઢથી અમને અહીં લાવ્યા છે અને અમને પટારામાં પૂરી દીધા છે, તે ક્યાં સુધી અમને અપૂજ્ય રાખશે ?"

કુંવરીએ તરત જ બહાર નીકળી બાપુને કહ્યું : "બાપુ ! બાપુ ! મહારાજ આપણા ઓરડામાં પટારા ઉપર બેઠા છે અને કહે છે કે અમને પટારામાં કેમ મૂકી રાખ્યા છે ?" બાપુને તરત જ યાદ આવ્યું. પછી પટારામાંથી મહારાજની મૂર્તિ બહાર કાઢી પોતાની નિત્ય સેવામાં તે મૂર્તિ મૂકી. આ મૂર્તિ હાલ જૂનાગઢના મંદિરમાં સુખશય્યામાં પધરાવેલી છે.

અભયસિંહ બાપુને ક્ષય રોગ હતો અને તેથી દૂધ કે ઘી તેમનાથી ખાઈ શકાતાં નહીં. વળી, પોતાને કુંવર પણ ન હતો. તેથી એક દિવસ ચિંતામગ્ન થઈ રાત્રીએ સૂતા હતા, ત્યાં સ્વામીશ્રીએ તેમને દર્શન દીધાં અને ઠપકો આપતાં કહ્યું : "દરબાર ! શું ચિંતા કરો છો ? તમારો રોગ તો ગયો. હવે દૂધ-ઘી બધું જમજો. કાંઈ નહીં નડે ને કુંવર પણ થાશે. માટે જેમ ભજન કરો છો, તેમ ભજન કરજો." એટલું કહી સ્વામીશ્રી અદૃશ્ય થઈ ગયા.

બીજે દિવસે દરબારશ્રીએ જમતી વખતે કહ્યું : "ઘી લાવો."

ત્યારે રાણીએ કહ્યું : "તમને ઘી નડે છે માટે અપાય નહીં." એટલે ફરી કહ્યું : "હવે નહીં નડે." તો પણ ન આપ્યું.

પછી કહ્યું : "મને ગઈ રાત્રે સ્વામીશ્રીએ દર્શન દઈ કહ્યું છે કે હવે તો તમને દૂધ-ઘી વગેરે નડશે નહીં અને રોગ તો ગયો." એટલે તેમને વિશ્વાસ

આવ્યો અને ઘી આપ્યું. આ પ્રમાણે થોડા દિવસે તેમને રોગ પણ મટી ગયો. ત્યારબાદ થોડાં વર્ષે તેમને કુંવર થયો.

સત્સંગીનો પક્ષ તેમના અંતરમાં ખૂબ જ હતો. ત્યાંના અલીભાઈ ખત્રી (જુમો ખત્રી) નામના શ્રીજીમહારાજના એક પરમ ભક્ત હતા. શ્રીજીમહારાજ ભદ્રાવતી નદીને કિનારે આવેલા દરબારી બાગમાં બિરાજતા હતા ત્યારે આ અલીભાઈ પરણવા જતા હતા. શ્રીજીમહારાજનાં દર્શન કરવા તે બાગમાં ગયા. મહારાજને પગે લાગી તે ઊભા રહ્યા અને મહારાજ હમણાં રજા આપશે તે વિચારથી રાહ જોવા લાગ્યા. પરંતુ મહારાજ તો કથાવાર્તામાં નિમગ્ન હતા. એટલે તેની સામું જોયું નહીં. નીચે નદીમાં જાન વાટ જોઈને ઊભી હતી. પછી મયારામ ભટ્ટે મહારાજને કહ્યું : "મહારાજ ! આ અલીની જાન ઊભી છે તો હવે રજા આપો તો પરણવા જાય." પરંતુ મહારાજ તો કાંઈ બોલ્યા નહીં. પછી ભટ્ટજીએ બીજી વાર કહ્યું તો પણ મહારાજ ન બોલ્યા. પછી ભટ્ટજીએ ત્રીજી વાર કહ્યું. ત્યારે મહારાજ તેની સામું જોઈ બોલ્યા : "જાવ, ભાઈ જાવ. પરણેતર કેડે પડ્યું છે તે જીવ શું પ્રભુ ભજશે ? જાવ પરણો ભાઈ પરણો." એમ ત્રણ વાર મહારાજે કહ્યું. આ વચન અલીભાઈના જીવમાં ચોંટી ગયું.

લગ્ન પછી તેમને એક પુત્ર થયો. તે ચૌદ વર્ષનો થયો એટલે તેને છાપકામ શીખવાડી દીધું અને કહ્યું : "જો ભાઈ ! મેં તને મોટો કર્યો છે અને તને આ વહેવાર પણ શિખવાડ્યો છે. તો હવે તારે મને એક વખત ખાવા આપવું. મારે હવે સ્વામિનારાયણનું ભજન કરવું છે." દીકરાએ પણ બાપનું વચન પાળ્યું અને અલીભાઈ જીવ્યા ત્યાં સુધી તેમણે મંદિરને ઓટલે બેસીને ભજન કર્યું. દરબાર અભયસિંહ તેમની પાસે રૂપિયા ૨૦૦ માગતા હતા. પરંતુ તેમને આવા ચુસ્ત સત્સંગી જોઈ તે રકમ તેમણે માફ કરી દીધી. અભયસિંહ બાપુએ નિયમ, નિશ્ચય, પક્ષનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

૫. સાધુ ભગવાનદાસ

સાધુ ભગવાનદાસનો જન્મ વરતાલ પાસે પીપલગ ગામમાં થયો હતો. તેઓ પાટીદાર જ્ઞાતિના હતા. જન્મથી જ તીવ્ર વૈરાગ્યવાન હોવાથી સંસાર પ્રત્યે સદા અનાસક્ત ભાવ તેમને રહેતો. કોઈ પણ પદાર્થમાં ન લોભાતાં મહારાજની મૂર્તિનું ધ્યાન અને મહારાજનું ભજન - આ બે જ નિશાન તેમણે રાખ્યાં હતાં.

એક દિવસ પોતે મામાના ખેતરમાં કામ કરતા હતા. તે વખતે તરબૂચ પાકાં તૈયાર થયાં હતાં તે તેમણે કાપ્યાં. તેમાંનું એક તરબૂચ મહારાજ માટે અને

બીજું મામા માટે, એમ નક્કી કરી તે બંને તરબૂચ તેમણે ભોંયમાં દાટી દીધાં. એકાદ દિવસ પછી તેણે જોયું તો ભોંયમાં દાટેલાં બે તરબૂચમાંથી જે મામાને માટે રાખ્યું હતું તે તરબૂચ શિયાળ ખાઈ ગયું હતું. એટલે તેમણે વિચાર કર્યો કે આ મહારાજ માટે રાખ્યું છે તે તરબૂચ રહ્યું છે, તો હવે તે ગઢડે જઈને મહારાજને આપી આવું. પછી પોતે ખેતરેથી સીધા ગઢપુર જવા નીકળ્યા. બે-ત્રણ દિવસે ગઢપુર પહોંચ્યા. અહીં મહારાજનાં દર્શન કરી તેમણે મહારાજનાં ચરણકમળ આગળ તરબૂચ મૂક્યું. મહારાજ તેમનો ભાવ જોઈ બહુ રાજી થયા. પછી મુકુંદ બ્રહ્મચારીને કહ્યું : "છરી લાવો તો આ તરબૂચ સુધારીએ." એટલે બ્રહ્મચારીએ છરી આપી. મહારાજે તરબૂચની ઉપરની ડગળી કાઢી તે લાલચોળ નીકળી એટલે મહારાજ તે જમવા માંડ્યા. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું : "મહારાજ ! ઉતાવળા કાં થાઓ ? સાકર લાવું છું."

ત્યારે મહારાજે કહ્યું : "અમે ઉતાવળા થતા નથી, પણ આ ભક્તના ભાવ ઉતાવળ કરાવે છે કે મહારાજ ઝટ અંગીકાર કરે તો સારું. એટલે સાકર નાખ્યા વગર પણ સાકર જેવું ગળ્યું લાગે છે." પરંતુ બ્રહ્મચારી તો ધોયેલી સાકર લાવ્યા અને તેમાં નાખી. મહારાજ તે જમ્યા અને તે ભક્તને પણ પ્રસાદી આપી. આ પ્રમાણે તે ભક્તે ઘણી વાર શ્રીજીમહારાજને પોતાના આંબાની કેરી, તરબૂચ વગેરે જમાડી મહારાજની પ્રસન્નતા મેળવી હતી. જ્યારે મહારાજ વરતાલ પધારતા, ત્યારે મહારાજનાં દર્શન સમાગમનો લાભ લેતા. કોઈ વખત મહારાજ તેમને પૂછતા કે "ભગત ! તમે જમ્યા ?" ત્યારે તેઓ ભૂખ્યા પેટે પણ "હા" કહેતા. સત્સંગ માટે તેમને આવો ખપ હતો.

તેમના પિતા ગુજરી ગયા બાદ તેમના મોટાબાપાએ તેમને પરણાવવા માટે વાત વહેતી મૂકી. તેમણે તો ના જ કહી કે "મારે પરણવું નથી અને સંસારમાં રહેવું નથી." પરંતુ તે વાત તે વૃદ્ધને રુચિ નહીં, કારણ કે તેને પરણાવવાથી બે-ત્રણ હજાર રૂપિયા મળે તેમ હતું. તેથી તે વૃદ્ધે પ્રપંચ કરી પોતાના દીકરાનાં લગ્નની સાથે સાથે આ ભક્તનાં લગ્નની પણ તૈયારી કરી દીધી. પછી તે ભક્તને જેમતેમ સમજાવી પરણાવવા લઈ ગયા. પરાણે લગ્નમંડપમાં લઈ આવ્યા અને જ્યાં વિધિ શરૂ થયો અને ચોરીમાં ત્રણ ફેરા ફર્યા ત્યાં તો આ ભક્તને થયું કે 'હવે તો હું ખરેખરો ફસાયો.' એમ વિચાર આવતાંની સાથે જ તેણે પરણાવનાર ગોરમહારાજને કહ્યું : "હવે મારે ચોથો ફેરો ફરવો નથી." એમ કહી ત્યાંથી તરત જ દોડી નીકળ્યા અને સીધા વરતાલ પહોંચ્યા.

પોતે પૂર્વના મુક્ત હતા અને શ્રીજીમહારાજ પ્રત્યે એવો અસાધારણ સ્નેહ

તેમને હતો. એટલે મોટા મોટા મુનિવરો જે માયાની જાળમાં ફસાયા હતા અને જેના બંધનને તોડીને નીકળી શક્યા ન હતા તે માયાનું બંધન તેમણે એક ક્ષણમાં તોડી નાખ્યું અને દરેકની મહોબત છોડી, પોતાનો ત્યાગી થવાનો જે દૃઢ નિશ્ચય તે પાર પાડવા કટિબદ્ધ થઈ ગયા.

વરતાલ આવી તેમણે ગોપાળાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! હું આવી ઉપાધિમાંથી છૂટીને આવ્યો છું. માટે જો મને જલદી તમે ત્યાગી કરી દ્યો, તો મારા સંબંધીઓ મારો કેડો છોડે."

તેમની વાત સાંભળી ગોપાળાનંદ સ્વામીએ તેમને કહ્યું : "તમારું ગામ અહીં નજીક છે તેથી વારંવાર તમને ઉપાધિ થશે. માટે તમો જૂનાગઢ જાઓ ને ત્યાં મોટા જોગી છે તેમનો સમાગમ કરો અને તેમની સેવામાં રહો." ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી તે ભક્ત જૂનાગઢ આવ્યા. અહીં આવ્યા બાદ સ્વામીશ્રીએ તેમને દીક્ષા અપાવી અને 'ભગવાનદાસ' નામ પાડ્યું.

સ્વામી ભગવાનદાસજી સ્વામીશ્રીના અનન્ય શિષ્ય હતા. જડભરત જેવી એમની સ્થિતિ હતી. હાટીના માળિયામાં મંદિરના આંબાવાડિયામાં તેઓ બીજા પાર્ષદો સાથે રહેતા. તેઓ રસોઈમાં અડદની દાળ મૂકતા અને તેના ઢાંકણા ઉપર બાજરાની બાટી મૂકતા. બંને સાથે ચડી જાય એટલે ઠાકોરજીને નેવૈદ્ય ધરીને પોતે ચોળી, પાણી નાખી જમી લેતા. આમ, નિઃસ્વાદી વર્તમાન પાળવામાં શૂરવીર હતા. સ્વામીશ્રીની તેમણે ખૂબ મહિમાપૂર્વક સેવા કરી હતી. એટલે સ્વામીશ્રીના ગુણો તેમનામાં આવ્યા હતા. શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર અગિયાર વસ્ત્રોથી વધુ વસ્ત્રો કે પદાર્થો તેઓ રાખતા નહીં. તેમને ઉપયોગમાં આવે તે કીર્તનના ખરડા, પૂજા અને પ્રસાદીની વસ્તુઓ તથા શ્રીજીમહારાજનાં ચરણારવિંદ - આ બધું તેઓ તુંબડીનો એક ડબ્બો બનાવી તેમાં રાખતા. જમવા માટે પણ તુંબડીનો વાડકો જ તેઓ રાખતા, પરંતુ સુંદર ચકચકિત રંગીન પાત્ર તેઓ રાખતા નહીં.

તેમની ઝૂંપડી નજીક એક રાફડો હતો. તેમાંથી કોઈ કોઈ વખત એક સર્પ નીકળતો. પરંતુ તે ભગવાનદાસને કદી કાંઈ હરકત કરતો નહીં. જ્યારે જ્યારે ભગવાનદાસ ધ્યાનમાં બેસતા ત્યારે તે સર્પ તેમના શરીર ઉપર ચઢી જતો અને યોગીની સ્થિરતા દૃઢ કરતો. ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આવ્યા હતા તે તેમણે નજરોનજર નિહાળ્યું હતું.

૬. સ્વામી બાલમુકુન્દદાસજી

સ્વામી બાલમુકુન્દદાસજીનો જન્મ તેમના પૂર્વાશ્રમના મોસાળ કાલેજ

ગામમાં સંવત ૧૮૮૭ના ચૈત્ર સુદ ત્રીજ, મત્સ્ય જયંતીના શુભ દિવસે થયો હતો. પિતાનું નામ જીવણ શેઠ અને માતાનું નામ મીઠીબા હતું. તેમનું પૂર્વાશ્રમનું નામ ગોવર્ધનભાઈ હતું.

તેઓ પ્રથમ શ્રી ગોપાળાનંદ સ્વામીના પરિચયમાં આવ્યા ત્યારે તેમણે તેમને જોઈને જ ભવિષ્ય કથન કર્યું હતું કે આ ભક્ત શ્રી ગુણાતીતાનંદ સ્વામી થકી દીક્ષા પામીને વડતાલ દેશનો સત્સંગ સાચવશે.

તેમને સંવત ૧૯૦૯માં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે ભાગવતી દીક્ષા આપી અને સ્વામી બાલમુકુન્દદાસ નામ પાડ્યું. દીક્ષા લઈને તરત જ તેઓ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેમનો હાથ જોઈ કહ્યું : 'આયુષ્ય તો એક દિવસનું પણ નથી પણ બીજાના મોક્ષ માટે ઘણાં વર્ષ સત્સંગમાં રાખવા છે.'

બાલમુકુન્દદાસજી છેવટ સુધી સ્વામીશ્રીની સેવામાં રહ્યા હતા. ત્યાર બાદ તેમને સ્વામીશ્રીએ મંડળ બાંધી આપ્યું અને સત્સંગમાં મોટેરા કર્યા. તેમની ગરીબ પ્રકૃતિને લીધે તેમને મંડળ બાંધવાની ઇચ્છા ન હતી. પરંતુ સ્વામીશ્રીનો અતિ આગ્રહ અને આશીર્વાદ હતો તેથી તેમણે તે સ્વીકાર્યું.

તેમનામાં સર્વ પ્રકારની કુશળતા હતી તેથી સ્વામીશ્રીએ તેમને કહ્યું હતું કે 'કોઈ મંદિરના અધિકારમાં પેસશો નહીં ને તમો તો અધિકાર નહીં કરો તો પણ સર્વે મંદિરના અધિકારીઓ તમને પૂછશે. માટે વગર અધિકારે તમારે તો અધિકાર છે.'

સંવત ૧૯૫૧માં ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે તેમને મુંબઈમાં મંદિર કરવા માટે હરિભક્તોના સમૂહને ઉપદેશ આપી તૈયાર કરવા મોકલ્યા હતા. તેમના પ્રયત્નથી અને ઉપદેશથી મુંબઈમાં હરિભક્તોમાં ઉત્સાહ વ્યાપ્યો અને મંદિર માટેની જમીન લેવાઈ ગઈ.

સ્વામી બાલમુકુન્દદાસજીએ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની ખૂબ જ સેવા કરી તેમને રાજી કરી લીધા. તેમના આશીર્વાદથી સત્સંગના ઉત્કર્ષ માટે પણ તેમણે ખૂબ જ સેવા કરી અને સંવત ૧૯૭૨ના મહા સુદિ બીજને શનિવારે સવારે ધામમાં પધાર્યા.

૭. કાના ભગત

સ્વામીશ્રીનો અત્યંત પ્રતાપ હતો એટલે કહેવાતું કે સ્વામીશ્રી તો થોરે કેળાં પકવે છે. કેળે તો કેળાં થાય પણ થોરે કેળાં થાય એ આશ્ચર્ય કહેવાય. તેમ કોળી

જેવી જ્ઞાતિમાં જન્મેલાને એકાંતિક સ્થિતિ સિદ્ધ કરાવી દેવી તે કંઈ સાધારણ વાત ન કહેવાય. કાના ભગત કોળી જ્ઞાતિના હતા. તેમનો જન્મ નાઘેર દેશમાં કારજડી ગામે થયો હતો. બાળપણથી જ તેમની વૃત્તિ ત્યાગ-વૈરાગ્ય તરફ જ રહેતી. બાળપણમાં દઢ કરેલા આ ભાવને લઈને જ્યારે તેઓ મોટા થયા ત્યારે તેમને સંસાર છોડી ત્યાગી થઈ જવાની ઉત્સુકતા જાગી. ત્યારથી તેઓ કોપીન પહેરવા લાગ્યા. પછી તેમણે વિચાર કર્યો કે જૂનાગઢ જઈને સ્વામીશ્રી પાસે જ રહેવું અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું. પછી તેઓ જૂનાગઢ આવવા ઘેરથી નીકળ્યા. જ્યાં ગિરનાર નજીક આવ્યા ત્યાં તેમણે વિચાર કર્યો કે હવે ગિરનારી સિદ્ધ પાસે જઈએ છીએ તો તેમનાથી કદી પણ જુદું પડવું નહીં અને તેમની આજ્ઞામાં જ સમગ્ર જીવન વ્યતીત કરવું. આ પ્રમાણે ઠરાવ કરી મંદિરમાં આવ્યા.

સ્વામીશ્રીનાં દર્શન કરી પછી દેવનાં દર્શન કર્યાં. સ્વામીશ્રી તેમના વિચારો જાણી ખૂબ જ રાજી થયા. પછી સ્વામીશ્રીએ તેમને સેવા સોંપી તે સેવા તેઓ હર્ષપૂર્વક કરવા લાગ્યા. સેવામાંથી પરવારી જ્યારે ધ્યાન કરવા બેસતા ત્યારે મચ્છર કે કાંઈ પણ કરડે તો પણ તે હલતા નહીં. શરીરમાંથી લોહી નીકળે તો પણ મહારાજના સ્વરૂપમાં તેમની વૃત્તિ બહાર નીકળતી નહીં. શરીર ઉપર કેડિયું કોઈ દિવસ પહેરતા જ નહીં, તેથી ઠંડી-ગરમી સહન કરવાનું તેમને સહજ બની ગયું હતું.

જમવામાં પણ પાણી નાખી મેળવીને જ સદા જમતા. આમ, સ્વામીશ્રીના પ્રતાપે ત્યાગ, વૈરાગ્ય, ઉપાસના, ભક્તિ વગેરે ગુણો તેમનામાં વિકસ્યા હતા. સ્વામીશ્રી ધામમાં પધાર્યા પછી પાંત્રીસ વર્ષ સુધી પોતે રહ્યા પરંતુ ભક્તિમય જીવન જ જીવ્યા. ગળ્યું-ચીકણું ન ખાવાનો તેમને નિયમ હતો. તેમજ બાર વર્ષ સુધી લાંબા પગ કરીને પોતે સૂતા ન હતા. સ્વામીના પ્રતાપે કોળી જેવી ઊતરતી જ્ઞાતિના આ ભક્તજનમાં આવો બૃહદ્ વૈરાગ્ય પ્રગટ થયો હતો.

૮. સ્વામી યોગેશ્વરદાસજી

સ્વામી યોગેશ્વરદાસજીનો જન્મ કાઠિયાવાડમાં કેરિયા ગામે (સારંગપુર પાસે) સંવત ૧૮૭૬માં થયો હતો. તેમના પિતાનું નામ કરસન અને માતાનું નામ હરબાઈ હતું. તેમનું પૂર્વાશ્રમનું નામ 'પ્રેમજીભાઈ' હતું. તેમના પિતા રામચંદ્રજીના ઉપાસક હતા. એક વખત શ્રીજીમહારાજ કાઠી અસવારો સાથે કેરિયાને પાદર આવેલા ત્યારે પ્રેમજી ભક્તે મહારાજનાં દર્શન કર્યાં હતાં.

એક દિવસ તેમના ગામમાં ભાણો સગર તેમના સંબંધીને ઘેર આવ્યા હતા.

ભાણો સગર સત્સંગી હતા. સંધ્યા સમયે ગોડીનું પદ બોલતા. ભાણા સગર આ પદ બોલ્યા : 'કોઉ કામ ન આવે પ્રભુ વિના, કોઉ કામ ન આવે પ્રભુ વિના...' તે સાંભળી પ્રેમજી ભક્ત તેમની પાસે ગયા અને કહ્યું : "તમે બોલો છો કે પ્રભુ વિના કોઈ કામ ન આવે એટલે હું પણ રામભજન કરું છું."

તે સાંભળી ભાણા સગરે કહ્યું : "તે ખરું, પણ પ્રગટ ભગવાન ભજો તો આ ને આ જન્મે કલ્યાણ થાય."

ત્યારે પ્રેમજીભાઈએ પૂછ્યું : "પણ આજે ભગવાન પ્રગટ છે ?"

એટલે ભાણા સગરે કહ્યું : "હા, આજે સ્વામિનારાયણ ભગવાન પ્રગટ છે. હું તેમનું ભજન કરું છું. ગઢડામાં અને જૂનાગઢમાં તેમનાં મોટાં ધામ છે. ત્યાં ઘણા સાધુઓ રહે છે અને ત્યાગ વૈરાગ્ય રાખી ભગવાન ભજે છે."

ત્યારબાદ પ્રેમજીભાઈ પોતાના ગામના લોકો સાથે ગિરનારની યાત્રા કરવા જૂનાગઢ ગયા. તે વખતે સ્વામિનારાયણના મંદિરે દર્શન કરવા ગયા. સ્વામીશ્રી સભામંડપમાં બેસી વાતો કરતા હતા. પ્રેમજીભાઈનું મન સ્વામીશ્રીની આ વાતોમાં ખેંચાયું. સ્વામીશ્રીનાં દર્શન કરી સભામાં બેઠા એટલે સ્વામીશ્રીએ તેમના સામું જોઈ વાત કરી : "અરે જુઓને, માણસો કેવા છે ! પ્રભુ મેળવવા સારુ ગિરનાર ચડે છે. પણ પ્રભુ ઉપર છે કે હેઠે છે તે કોઈ જાણે છે ?" એમ કહીને બોલ્યા,

'કોઈ કહે હરિ હો ગયા, કોઈ કહે હોવન હાર;
મુક્ત પ્રગટ કી પ્રીછ બીન ભટકત સબ સંસાર.'

સ્વામીશ્રીની આ વાત સાંભળી પ્રેમજીભાઈને અંતરમાં શાંતિ થઈ ગઈ અને સ્વામીશ્રીમાં પ્રેમ થઈ ગયો. પછી તેમના મનમાં વિચાર આવ્યો કે આપણને અહીં રાખે કે કેમ ? સ્વામીશ્રીએ અંતર્યામીપણે તે જાણ્યું અને કહ્યું : "જેને ભગવાન ભજવા હોય, તેને તો અમે અહીં રાખીએ છીએ."

એટલે પ્રેમજી ભક્તને મનમાં આનંદ થયો. તેણે પોતાની સાથે આવેલા પોતાના ગામના માણસોને કહી દીધું કે "તમારે બધાને જવું હોય તો જજો. હું તો અહીં રોકાઈશ." પછી તે બધા ઘેર ગયા. તેમણે પ્રેમજી ભક્તના પિતાને કહ્યું : "તમારો પ્રેમજી તો સ્વામિનારાયણના મંદિરમાં રહી ગયો." કરસન પટેલને ફાળ પડી !

બીજે દિવસે તેઓ ઘેરથી નીકળી જૂનાગઢ ગયા. અહીં પ્રેમજી ભક્તને મળ્યા અને પરાણે ઘેર તેડી ગયા. તેમનું મન તો સ્વામીશ્રીની મૂર્તિમાં પરોવાઈ ગયું હતું. છતાં પિતાના આગ્રહ પાસે લાચાર બની ઘેર ગયા. અહીં આવ્યા પછી

પણ સ્વામીશ્રીની મૂર્તિ અને વાતો અખંડ સાંભર્યા કરે. તેથી વખત આવ્યો એટલે ઘેરથી છાનામાના નીકળી ગઢડે ગયા. અહીં આવી મૂળજી બ્રહ્મચારીની સેવામાં રહ્યા.

તેમના પિતાને ખબર પડી એટલે આવ્યા અને અહીંથી ફરી પ્રેમજી ભક્તને પાછા ઘેર તેડી ગયા. ત્યારબાદ થોડા દિવસ પછી ફરી તે ઘેરથી નાઠા. આ વખતે વરતાલ આવ્યા જેથી બાપા આટલે દૂર સુધી તેડવા ના આવી શકે. અહીં આવી ગોપાળાનંદ સ્વામીની સેવામાં રહ્યા. ગોપાળાનંદ સ્વામીને તેમણે કહ્યું : ''મારે ત્યાગી થવું છે.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''ત્યાગી થવું હોય તો જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે જઈને રહેજો.'' પ્રેમજી ભક્તને ગોપાળાનંદ સ્વામી પ્રત્યે અનહદ પ્રેમ હતો એટલે દોડી દોડીને સ્વામીની સેવા કરતા. ગોપાળાનંદ સ્વામી તેમને જોઈને કહેતા : ''આ છોકરાની આંખોમાં પ્રેમ બહુ છે.'' થોડા દિવસ બાદ તેમના પિતા તેમને શોધતાં શોધતાં અહીં આવ્યા. અહીંથી પણ પરાણે તેઓ પ્રેમજી ભક્તને ઘેર લઈ ગયા.

ઘેર લઈ જઈ તેમને ઓરડામાં પૂરી એક થાંભલા સાથે બાંધ્યા અને ઓરડો બંધ કરી બહારથી તાળું વાસ્યું. પરંતુ પ્રેમજી ભક્ત તો આ સ્થિતિમાં પણ 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરવા માંડ્યા. મહારાજે તેમની પ્રાર્થના સાંભળી. તેમના બંધ બધા તૂટી ગયા અને નિરાવરણ થઈ ગયા. ઓરડાને બહારથી તાળું વાસેલું રહ્યું અને પ્રેમજી ભક્ત જૂનાગઢ પહોંચી ગયા.

બીજે દિવસે ઓરડો ઉઘાડીને જુએ છે તો પ્રેમજી ભક્ત ત્યાં ન મળે. બંધ તૂટેલાં દોરડાં ત્યાં પડ્યાં હતાં. બાપાને બહુ જ આશ્ચર્ય થયું. છતાં દીકરાનો કેડો મૂકે તેવા ન હતા. એટલે ફરી પાછા જૂનાગઢ આવ્યા. અહીં રાત રહ્યા. સવારે ઊઠીને દાતણ કરતાં બોલ્યા : ''હે સૂરજ નારાયણ ! ભેખની ટેક અને બાનાની પત રાખજો.''

તે સાંભળી સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : ''પટેલ ! કેના ખેતરમાં પાણી વાળ્યું ? ભેખની ટેક અને બાનાની પત રાખે તેમાં તમારે શું ?''

પટેલે કાન પકડ્યા અને કહ્યું : ''હા મહારાજ ! આ તો ભૂલમાં ગયું !'' પરંતુ સ્વામીશ્રીનાં મર્મ વચન ન સમજાયાં. વળી, પુત્રનો વૈરાગ્ય પણ પિછાણી ન શક્યા. પ્રેમજીભાઈને ઘેર લઈ ગયા. વિચાર કર્યો કે આને હવે પરણાવી દઈએ. સંકલ્પ પ્રમાણે તેમનાં લગ્ન કરી દીધાં. પછી રોજ રાત્રે ઓરડામાં તેને તેની સ્ત્રી સાથે પૂરી રાખે. અહીં પ્રેમજી ભક્ત તો ખાટલા ઉપરથી ઊઠીને નીચે

બેસી, પલાંઠીવાળી આખી રાત માળા ફેરવે. આમ, એક મહિનો ચાલ્યું. પરંતુ પોતાની સ્ત્રીનો સ્પર્શ તેમણે કર્યો નહીં. સ્ત્રીને તેમણે કહી દીધું : ''હું મારા ભગવાનનું ભજન કરું છું. તેમાં જો તું આડી આવીશ, તો તને પાપ લાગશે.''

તેથી તેની સ્ત્રીએ પણ તેમનો સ્પર્શ ન કર્યો. પછી તે બાઈએ પોતાની સાસુને કહી દીધું : ''આ કોઈ માણસ નથી પણ દેવ છે. માટે એમને જ્યાં જવું હોય ત્યાં જવા દ્યો. નહીં તો તમને પાપ લાગશે. હું પણ તેમને ખુશીથી રજા આપું છું.'' એટલે પ્રેમજી ભક્તને તેના પિતાએ રાજીખુશીથી રજા આપી.

સંવત ૧૮૯૫માં તે સ્વામીશ્રી પાસે જૂનાગઢ આવ્યા. પાંચ વર્ષ સુધી પાર્ષદ તરીકે તેમણે સેવા કરી. ગિરનારની તળેટીમાં ઘાસ લેવા જતા અને બીજી અનેક પ્રકારની સેવા કરતા.

સંવત ૧૯૦૦માં સ્વામીશ્રી જ્યારે વરતાલ પધાર્યા ત્યારે આ ભક્તને સાથે લઈ ગયા. અહીં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાસે તેમને દીક્ષા અપાવી 'યોગેશ્વર' નામ પાડ્યું.

૯. કેશવ ભગત

વિ. સં. ૧૮૬૨માં કેશવ ભગતનો જન્મ ભાયાવદરમાં કડવા પાટીદાર જ્ઞાતિમાં થયો હતો. તેના પિતા ખેતીનો ધંધો કરતા. પૂર્વના બલિષ્ટ સંસ્કાર અને કુટુંબના પણ શુભ સંસ્કારથી બાલ્યકાળથી જ તેમનું પ્રભુભક્તિ તરફ ચિત્ત વિશેષ હતું. ખેતરમાં જ્યારે નવરાશનો સમય હોય ત્યારે ઊંધે માથે દેહ રાખી, માથા નીચે મૂઠી મૂકીને પોતે હંમેશાં માળા ફેરવતા. તેના બાપે એક દિવસ આ જોયું. પછી તેને કહ્યું : ''ભાઈ ! આ કાંઈ ગૃહસ્થનું કામ નહીં. માટે આ ધંધા છોડી દ્યો.'' પરંતુ તેમને તીવ્ર વૈરાગ્ય હતો, સંસાર પ્રત્યે અનાસક્તિ હતી તે કેમ સંસાર પ્રત્યે વળે ? તેમની માતાને પણ તેમના ઉપર અતિ હેત હતું. તેથી જ્યારે ભાત દેવા આવે, ત્યારે રોટલામાં ઘી-ગોળ સારી રીતે નાખીને લાવે. પરંતુ આ ભક્તનો વૈરાગ્ય તો નિષ્કુળાનંદ મુનિના બૃહદ્ વૈરાગ્યની સ્મૃતિ કરાવે તેવો હતો. તેથી આ મિષ્ટ ભોજનમાં તાંદળજાની તથા ભોંપાથરીની ભાજી લઈ તેનો રસ તેમાં સારી રીતે નાખે અને પછી બધું ચોળીને ખાઈ જતા. પછી ઊલટી કરી નાખતા. માને લાગતું કે દીકરાને પચતું નથી એટલે ઊલટી થઈ જાય છે. તેથી તેમનું ઔષધ કરવાનો વિચાર કર્યો. પરંતુ આ ભક્ત તે શી રીતે લે ?

થોડાં વર્ષ બાદ માતાપિતાએ પુત્રનાં લગ્ન કરી દીધાં. પરંતુ આ બંધન જ જેને સ્વીકાર્ય ન હતું તે વૈરાગી પુત્રને આ સ્નેહના ફાંસલાની કાંઈ અસર ન થઈ.

છ માસ સુધી સ્ત્રીની સાથે ઓરડામાં રહ્યા પરંતુ એક ખૂણામાં ઊભા રહી આખી રાત માળા જ ફેરવ્યા કરી. તેથી તેની સ્ત્રીએ સાસુને કહ્યું : "તમારા આ પુત્રને જગતની કોરનો કોઈ સંકલ્પ જ થતો નથી. જો થાંભલાને સંકલ્પ થાય તો તેમને થાય. માટે એમને ભગવાન ભજવા હોય તો સંસારનાં બંધનમાં નાખી હેરાન ન કરો. ખુશી થઈને જવા દ્યો." પરંતુ અહંમમત્વનો એ ફાંસલો એમ છૂટે ?

કેશવ ભગત એક વખત ઘેરથી ભાગીને જૂનાગઢ ગયા. સ્વામીશ્રી પ્રત્યે તેમને અપાર હેત હતું. પરંતુ તેમના પિતા તેમને તેડી ગયા. આ પ્રમાણે બે-ત્રણ વખત થયું એટલે તેઓ સીધા વડતાલ ગયા. અહીં નિત્યાનંદ સ્વામી પાસે ગયા. તે વખતે નિત્યાનંદ સ્વામી વડોદરા જતા હતા. એટલે તેમની સાથે તેઓ પણ વડોદરા ગયા. અહીં નિત્યાનંદ સ્વામીને તેમણે પોતાના વૈરાગ્યની વાત કહી. તે સાંભળી નિત્યાનંદ સ્વામીએ સભામાં કહ્યું : "ભાઈઓ ! સાંભળો. કોઈએ શૂરવીર ન જોયા હોય તો આ ભક્તનાં દર્શન કરી લ્યો. આ ભક્તનાં જે દર્શન કરશે તેના સર્વ મનોરથ પૂરા થશે. છ મહિના સ્ત્રી ભેગા રહ્યા તો પણ નિષ્કામી રહ્યા." એમ કેશવ ભક્તના મહિમાની ઘણી ઘણી વાત નિત્યાનંદ સ્વામીએ સભામાં કહી.

એટલામાં તે ભક્તના પિતા તેમને તેડવા ત્યાં આવ્યા. નિત્યાનંદ સ્વામીએ તેમને કહ્યું : "અરે પટેલ ! આ તો મુક્ત છે. માટે તેને ભગવાન ભજવા દ્યો. તે તો જરૂર ત્યાગી થશે."

ત્યારે પટેલે કહ્યું : "મારો દીકરો ત્યાગી થાય તો મારી લાજ જાય અને ન્યાતમાં ખોટું દેખાય."

સ્વામીએ તેમને સમજાવ્યું : "આ દીકરો તમારે ઘેર રહેશે નહીં. નક્કી ત્યાગી થશે. માટે ઘેર તેડી જવો રહેવા દ્યો."

પરંતુ પટેલે તો ન માન્યું ને જબરજસ્તીથી દીકરાને ઘેર લઈ ગયા.

ઘેર આવ્યા પછી ફરી ભાગ્યા અને જૂનાગઢ સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીનાં વચને ધોળે લૂગડે રહી તેમણે સેવા કરી.




બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

અક્ષરબ્રહ્મ સાથે એકતા સાધીને પરબ્રહ્મની આરાધના કરવાનો સનાતન વૈદિક મંત્ર લઈને વિશ્વભરમાં આધ્યાત્મિક ચેતના જગાવતી બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે. આંતરરાષ્ટ્રીય સમસ્યાઓના હલ માટે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે - માનવમાત્રનો ઉત્કર્ષ. ભગવાન સ્વામિનારાયણે (સને ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધેલા વૈદિક આદર્શોને વરેલી આ સંસ્થા ૬૫૦ સુશિક્ષિત નવયુવાન સંતો, ૪૭,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવકદળ, કુલ ૬૮૫૦ સત્સંગ કેન્દ્રો(સંસ્કારધામ-મંદિરો, બાળસંસ્કાર કેન્દ્રો, યુવાસંસ્કાર કેન્દ્રો, મહિલા સંસ્કાર કેન્દ્રો, વડીલ સત્સંગ કેન્દ્રો)નો વિશ્વવ્યાપી પરિવાર ધરાવે છે.

સંસ્થાનું સ્વંયસેવકદળ, આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક સેવાપ્રવૃત્તિઓનું વહન કરે છે. ચાહે તે આદિવાસી-ઉત્કર્ષ હોય; ભૂકંપરાહત, વસ્ત્રવિતરણ કે ગામસફાઈ હોય. લંડન અને ગાંધીનગરમાં 'અક્ષરધામ' જેવાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલનું નિર્માણ કરી સંસ્થાએ સંસ્કૃતિ પ્રવર્તનમાં યુગસિદ્ધિ હાંસલ કરી છે.

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં આ સંસ્થાએ, વિશ્વવ્યાપી કક્ષાએ અનેકક્ષેત્રીય સેવાઓ દ્વારા નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.



વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજ

'હું તો ચિરંજીવી છું.' - એમ કહીને પોતાના શાશ્વત અસ્તિત્વનો નિર્દેશ કરનાર અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના ચતુર્થ અનુગામી છે - પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુસ્વામી મહારાજ.

ઉચ્ચ કોટિની આધ્યાત્મિક ગુણાતીત સ્થિતિના ધારક પ્રમુખસ્વામી મહારાજ ભારતના જ નહિ, પરંતુ વિશ્વ સમસ્તના એક વિરલ સંતવિભૂતિ છે. 'બીજાના ભલામાં જ આપણું ભલું છે...!' - આ જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર પ્રમુખસ્વામીજીના સાંનિધ્યમાં શંકાઓ શમે છે, દ્વિધાઓ દૂર થાય છે, આઘાત અદૃશ્ય થાય છે અને મન દિવ્ય શાંતિનો અનુભવ કરે છે.

આદિવાસીઓથી માંડીને અમેરિકાવાસીઓ સુધી સૌ આબાલવૃદ્ધોને તેઓએ સમતાથી ચાહ્યા છે. શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. લોકોના હિત માટે, આ પરોપકારી સંતે ૧૨,૫૦૦ થી વધુ ગામોમાં વિચરણ કર્યું છે, ૨,૫૦,૦૦૦ થીય વધુ ઘરોની મુલાકાત લીધી છે. ૫,૦૦,૦૦૦ થી વધુ પત્રો લખ્યા છે. મહારાષ્ટ્રના ભૂકંપપીડિતોથી માંડી સૌરાષ્ટ્રના દુષ્કાળમાં રિબાતાં પશુઓ સુધી આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, બૌદ્ધ ધર્મના વડા શ્રી દલાઈ લામાથી માંડીને સામાન્યમાં સામાન્ય સુધીના લાખો માણસોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. તેઓની સિદ્ધિઓનું રહસ્ય છે : પરબ્રહ્મનો સાક્ષાત્કાર. અનેક મુમુક્ષુઓએ તેમના સાંનિધ્યમાં ઉચ્ચ આધ્યાત્મિક શિખર પ્રાપ્ત કર્યાં છે.